વીર- વીર એટલે વિશેષથી કર્મોને ફેંકી દેનાર, અથવા તપથી અને બળથી યુક્ત હોવાથી વીર એટલે ચોવીશમા તીર્થંકર. જો કે પૂર્વોક્ત વીર શબ્દની વ્યુત્પત્તિથી સકલ તીર્થંકરની ઉપસ્થિતિનો સંભવ છે, તો પણ 'યોગ કરતાં રૂઢિ બળવાન છે.' અર્થાત્ યોગ વ્યુત્પત્તિલભ્ય અર્થ કરતાં રૂઢિલભ્ય-રૂઢ અર્થ બળવાન છે. આવો ન્યાય હોવાથી વીર નામની વિશિષ્ટ વ્યક્તિ જ વિવક્ષિત (અધિકૃત) છે. નિશ્ચય નયની અપેક્ષાથી (ગુણપ્રધાન દૃષ્ટિથી) એક તીર્થંકર રૂપ આરાધ્યની ભક્તિમાં (અર્હદ્ગુણસંપન્ન એક તીર્થંકરની સેવામાં) એક ગુણવાળા હોવાથી ભાવના ઉત્કર્ષથી સકલ તીર્થંકરની સેવાની સિદ્ધિ છે.

અહીં વિશિષ્ટ વ્યક્તિરૂપ શ્રી મહાવીરદેવની ભક્તિમાં ભાર દેવાનું કારણ એ છે કે-શ્રી મહાવીરદેવની અપેક્ષાએ અન્ય તીર્થંકરો વ્યવહિત પરંપરાથી ઉપકારી છે, જ્યારે અન્ય તીર્થંકરોની અપેક્ષાએ આ જ પ્રભુ શ્રીમહાવીરસ્વામી આસન્ન અવ્યવહિત સાક્ષાત્ ઉપકારી છે. (વ્યવહાર નયની અપેક્ષાએ ઉપકાર પ્રધાન દૃષ્ટિથી ઉપકારી છે.) માટે આજ ભક્તિના તાત્પર્યનો વિષય છે. અર્થાત્ વીર એટલે શ્રી મહાવીરસ્વામી. શ્રીમાન્ વીર રૂપી જિનો (સામાન્ય કેવલીઓ)ના ઈશ્વર-જિનેશ્વરને પ્રતિદિન-હંમેશાં વંદના કરું છું. એટલે કે-સ્તુતિ કરું છું અને પ્રણામ કરું છું, તેમજ વચન અને શરીરના સંકોચ રૂપ પૂજા કરું છું. એવી રીતે પોતાની પણ ભક્તિની અધિકતા દર્શાવે છે.

અહીં 'વન્દ્' ધાતુ સ્તુતિ અને નમસ્કાર રૂપ બન્ને અર્થોના સમાનરૂપે વાચક છે, કારણ કે- કેવલ સ્તુતિબોધક અથવા નમસ્કારબોધક ધાતુઓનું ગ્રહણ કરેલ નથી.

સત્ય પ્રરૂપણા દ્વારા સકલ ચરાચર (જીવ-અજીવ)ના ઉપકારી હોવાથી જગદ્વલ્લભલોકનાથ એવા શ્રીમદ્ વીર જિનેશ્વરને પ્રતિદિન હું વંદન કરું છું. (૧)

પૂર્વપક્ષ- આ (પ્રકૃત) શાસ્ત્ર આરંભયોગ્ય નથી, કેમ કે - અભિધેય (વાચ્યાર્થવિષય)થી રહિત છે. જેમ કે-કાકદન્ત પરીક્ષા. (કાગડાને દાંત છે કે નહિ, એવી નિરર્થક પરીક્ષા-તપાસ કરવી, નિષ્ફળ પ્રયાસ કરવો તે.)

જે ગ્રંથ અભિધેય આદિથી શૂન્ય હોઈ આરંભયોગ્ય નથી અને તેનો જો આરંભ કરવામાં આવે, તો અભિધેય આદિ શૂન્ય-આરબ્ધ આ ગ્રંથ પ્રેક્ષાવંત પુરુષોને ગ્રાહ્ય નહિ જ થાય; કેમ કે- છદ્મસ્થ વક્તા વડે સ્વતંત્રપણાએ તે કહેવાતો છે. જેમ કે- રથ્યાપુરુષ વાક્ય (શેરીમાં રખડતા પુરુષનું વાક્ય) ઇત્યાદિ. આ પ્રમાણે બોલનારા કે સંદેહ કરનારા પ્રેક્ષાવંતોની પ્રવૃત્તિ થાય, માટે અભિધેય-વિષય કહેવો જોઈએ તથા પ્રયોજન કહેવું જોઈએ. એવં સ્વતંત્રતાના પરિહાર માટે પરમગુરુ (અરિહંત-ગણધર આદિ)ના ઉપદેશવચન અનુસારિત્વ રૂપ સંબંધ ગ્રંથની આદિમાં કહેવો જોઈએ.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે-"શાસ્ત્રની આદિમાં સામાન્ય રૂપથી પુરુષાર્થ ઉપકારક અભિધેય (વિષય)ને [illegible]ી વિશેષ રૂપથી તે અભિધેય વિષયક જિજ્ઞાસા આદિથી પ્રેરણાવશ બનેલા પ્રેક્ષાવંતો શાસ્ત્રના શ્રવણ

આદિમાં પ્રવૃત્તિ કરે છે. પરંતુ અભિધેયને સાંભળ્યા વગર કે વિપરીત-ઊલટા અભિધેયને સાંભળી પ્રેક્ષાવંતો કાકદંત પરીક્ષા આદિમાં પ્રવૃત્તિ કરતા નથી, તેમજ પ્રયોજનના ઉદ્દેશ વગર મૂર્ખ પણ પ્રવૃત્તિ કરતો નથી. પ્રયોજન વગર જો પ્રવૃત્તિમાં પરાયણ છે, તો ચેતના-બુદ્ધિ હોય તો શું અને ન હોય તો શું ? અર્થાત્ બુદ્ધિનું ફળ તત્ત્વની વિચારણા છે." આવા ન્યાયથી પ્રયોજન-ફળ પણ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરવું જોઈએ. જો પ્રયોજન અહીં દર્શાવવામાં આવે, તો આ ગ્રંથમાં પ્રેક્ષાવંતોની પ્રવૃત્તિ બંધ થઈ જશે.

જેવી રીતે પ્રયોજનની બાબત છે, તેવી રીતે વાચ્ય-વાચક આદિ સંબંધના અભાવમાં પ્રેક્ષાવંતોની પ્રવૃત્તિનો અસંભવ થવાથી, તે વાચ્ય-વાચક આદિ રૂપ સંબંધ પણ શબ્દોમાં જાહેર કરવો જ જોઈએ.

અભિધેય આદિ ત્રણના કથનના અભાવજન્ય પ્રસંગ પામતી આશંકાના આતંક (રોગ)ના સર્વથા ઉન્મૂલન માટે પરંપરાપૂર્વક વિશિષ્ટ (અસાધારણ) આદર-બહુમાન નિમિત્તે, આ શાસ્ત્ર અર્હન્મૂલક (જેનું મૂલ અરિહંત છે) છે-એમ પ્રગટ કરવા માટે, ગુરુપૂર્વક્રમ રૂપ (પરંપરાથી ઉપદેશ-ક્રમશઃ ગુરુપરંપરા-પરમ ગુરુના ઉપદેશથી અનુસારિત્વરૂપ પરંપરાગમ રૂપ) સંબંધના પ્રદર્શનપૂર્વક અભિધેય આદિ ત્રણને અને પોતાના ગ્રંથના નામને શ્લોક નિબદ્ધ કરે છે.

प्रज्ञावैभवसंमदिष्णुकथकप्रौढोक्तिविद्रावण-
प्रख्यं जीवगणोपजीवकदयादृष्टिप्रकर्षोज्ज्वलम् ।
नत्वा श्रीकमलाख्यसूरिमसकृद्ध्यात्वा च जैनागमं,
तत्त्वन्यायविभाकरं सुललितं ग्रन्थं प्रकुर्वे मुदा ॥

प्रज्ञावैभवेति । प्रज्ञा-विशेषविषयिणी बुद्धिस्तस्याः वैभवेन-नवनवोन्मेषरूपेण सम्यङ्मदिष्णूनां कथकानां-वावदूकानां याः प्रौढोक्तयः सामान्यविद्वद्दुर्भेद्यत्वात् तासां विद्रावणे-भञ्जने प्रख्यः-प्रसिद्धस्तं, एतेन गुरोः प्रतिभातिशयः स्वसमयस्थापनसामर्थ्यञ्चाविष्कृतम् । जीवगणस्योपजीविकायां-परिपालननिदानभूतायां दयायां दृष्ट्या-अवहितचेतसा प्रकर्षेणोज्ज्वलं-निर्मलं, अनेन चानेकनृपतीनामहिंसाधर्मप्रबोधनद्वारा दयाधर्मसंस्थापनकौशल्यं सूचितम् । ध्यानलक्षणकर्त्तव्यापेक्षया पूर्वकालभावित्वात्क्त्वाप्रत्ययान्तं पदमाह-नत्वेति'-नमस्कृतिविषयमारचय्येत्यर्थः । आचारश्रुतशरीरवचनवाचनमतिप्रयोगमतिसंग्रहपरिज्ञालक्षणाष्टविधसम्पदः श्रियस्तासां कमलमिव आश्रयत्वात्कमल इति आख्या सार्थकं नाम यस्य सूरेस्तं, असकृत्-वारंवारं, ध्यात्वा-भक्तिश्रद्धाभ्यां मनोमन्दिरे संस्थाप्य, ग्रन्थरचनापेक्षया पूर्वकालभावित्वात् क्त्वाप्रत्ययः । च पुनरर्थको न पुनः समुच्चायकः, एकक्षणावच्छेदेन नमनचिन्तनात्मकद्विविधक्रियाऽसम्भवेन पौर्वापर्यनैयत्यात्, गुरुपरम्परयैव जैनागमस्यात्मनो लाभेन तन्नमनस्य ध्यानपूर्वकालभावित्वस्यैवोचितत्वाच्च । अनेन गुरुपर्वक्रमलक्षणस्सम्बन्धः श्रद्धानुसारिणः प्रति प्रदर्शितः । जयन्तीति जिना रागद्वेषविजेतारस्तैः प्रोक्तमागमं-शास्त्र-

मनेनागमनमस्कारेण स्वकीयग्रन्थस्य समूलत्वं सूचितं, एतेन छद्मस्थत्वे सति स्वतन्त्रतया-ऽभिधीयमानत्वे हेतावसिद्धतोद्भाविता । तथा गुरोरप्युपास्यतया प्रथमं गुरुतमस्यार्हतस्त-दागमस्य च गुरुद्वारा प्राप्यमाणत्वात्सूरेस्ततो ग्रन्थस्यास्य मूलभूतस्याऽऽगमस्य प्रणामक्रम इत्यपि विनेयाः शिक्षिताः । तत्त्वानि जीवादीनि, न्यायास्तदधिगमकाः प्रमाणनयरूपास्तेषां विशिष्टा भाः स्वरूपप्रकारप्रमाणानि वस्तुयाथार्थ्यप्रकाशकत्वात्, तासामाकर इवाकरस्ताः करोतीति वा तत्त्वन्यायविभाकरस्तम् । एतेन तत्त्वन्याया अभिधेयास्तज्ज्ञानं प्रयोजनं, तर्कानुसारिणः प्रत्युपायोपेयलक्षणस्सम्बन्धश्च प्रदर्शितः, अत्रेदम्बोध्यम्, प्रयोजनं ग्रन्थकर्तृगतं श्रोतृगतञ्चेति द्विविधम्, अनन्तरपरम्परभेदतः प्रत्येकमपि पुनर्द्विविधम्, ग्रन्थकर्तृरनन्तरं प्रयोजनं सत्त्वानुग्रहः सर्वज्ञोदितपदार्थप्रतिपादनात् । परम्परन्तु मोक्षावाप्तिर्भव्यासत्त्वानुग्रह-प्रवृत्तस्य स्वर्गप्राप्त्यादिपरम्परया परमपदस्यावश्यप्राप्तेः । श्रोतृणाञ्चानन्तरं प्रयोजनं ग्रन्थसार-भूतपदार्थयथावत्परिज्ञानं, परम्परन्तु परमपदप्राप्तिरेव, यथावद्विदितपदार्थसार्थानां निःसार-संसारोद्वेगजननात् परमपदप्राप्तयेऽङ्गीकृतप्रयत्नानां निःश्रेयसावाप्तेरिति । सुललितं शब्दतो लालित्यवन्तं, एतेनास्य ग्रन्थस्य बालानामनायासेन बोधजनकत्वमादर्शितम् । ग्रन्थं-वाक्यसन्दर्भरूपं प्रकुर्वे-निबध्नामि । मुदा-आनन्देन नतु क्लेशेनेतिभावः ।

ग्रन्थेनानेन श्लोकद्वयात्मकेनेष्टदेवतागुर्वागमानां नमस्कारोऽभिधेयाद्यभिधानेन शिष्यप्रवृत्ति-प्रतिबन्धकशङ्काशङ्कुसमुद्धरणञ्च कृतम् । अनायासेन बालबोधप्रयोजकत्वोपदर्शकसुललितपदेन तत्त्वन्यायानां महामतिभिः पूर्वसूरिभिर्गम्भीरवाक्यप्रबन्धैर्व्याख्यातत्वेऽपि साम्प्रतकालीनान्ते-वासिनां मतिमान्द्यतया तैर्ग्रन्थैर्यथावदर्थावगमो न भवेदिति मन्वानेन मया मन्दमतिनाऽपि मन्दतरमतीनां शिष्याणामर्थावगमनिमित्तं सरलवचनप्रकारेणामुना ग्रन्थ्यन्ते त इत्यपि भाव आविष्कृतः ॥

ननु मङ्ग्यतेऽधिगम्यते येन हितं तन्मङ्गलं, मङ्गं धर्मं लाति-समादत्त इति मङ्गलं, मां भवात्संसारादालयति-अपनयतीति मङ्गलं, माः-सम्यग्दर्शनादिलक्ष्मीर्गलयति प्रापयतीति वा मङ्गलमितिनिरुक्तिभिर्हितप्रापकत्वधर्मप्रापकत्वसंसारापनायकत्वसम्यग्दर्शनादिप्रापकत्व-रूपार्थानां शास्त्रमात्रेऽस्मिन् सत्त्वेन तदादौ मङ्गलकरणमनर्थकमितिचेन्न मङ्ग्यतेऽलङ्क्रियते शास्त्रमनेन, मन्यते-ज्ञायते निश्चीयते विघ्नाभावोऽनेन, मोदन्ते-शेरते विघ्नाभावेन निष्प्र-कम्पतया सुप्ता इव जायन्तेऽनेन, शास्त्रस्य वा पारं गच्छन्त्यनेन, मा भूद्मलो विघ्नो यस्माच्छास्त्रस्येति वा मङ्गलमिति निरुक्तिलब्धशास्त्रालङ्कारकत्वविघ्नाभावनिश्चायकत्व-

शास्त्रपारप्रापकत्वविघ्ननाशकत्वरूपार्थावलम्बनतः प्रभुप्रभृतिनमस्कारप्रतिपादकश्लोकद्वयस्य मङ्गलत्वाभिधानात्, एतेन शास्त्रस्य मङ्गलस्य वाऽमङ्गलत्वसंशीतिर्निरस्ता, व्युत्पत्तिभेदेनोभयत्रैव मङ्गलत्वाक्षतेः । तदिदं मङ्गलं शास्त्रस्यादौ मध्ये पर्यन्ते च क्रियते, तत्रादौ मङ्गलं शास्त्रस्याविघ्नेन पारगमनाय, निर्विघ्नेन परम्परयोपागतस्य शास्त्रस्य स्थिरत्वापादनार्थं मध्ये, प्रान्ते च स्थिरीभूतस्य शिष्यपरम्परायामव्यवच्छेदनिमित्तं बोध्यम् । यद्यपि क्वचिन्मङ्गलाभावे विघ्नाभावद्वारा समाप्तिर्दृश्यते, तथा तत्सत्त्वेऽपि समाप्त्यभावः । तथापि स्वतः सिद्धविघ्नविरहवता कृतस्य ग्रन्थस्य समाप्त्या मङ्गलस्य विघ्नध्वंसद्वारा समाप्तिं प्रत्यहेतुत्वमेव, विघ्नात्यन्ताभावादपि समाप्त्युदयेन मङ्गलस्य वैयर्थ्यापत्तेः, तत्तत्समाप्तिं प्रति हेतुत्वे गौरवाच्चातो विघ्नध्वंसं प्रत्येव तस्य हेतुत्वं, असम्पूर्णमङ्गलघटितग्रन्थेषु च मङ्गलेन विघ्ननाशेऽपि विघ्नप्राचुर्यान्न समाप्तिः, सम्पूर्णमङ्गलरहितग्रन्थेषु तु निर्विघ्नपरिसमाप्तिदर्शनेन वाचिकमङ्गलाभावेऽपि मानसिकादिमङ्गलमनुमेयमेव, कार्यात्कारणानुमानस्य सर्ववादिसिद्धत्वात् । न च तत्र समाप्तिर्विघ्नध्वंसप्रयुक्ता किन्तु विघ्नात्यन्ताभावप्रयुक्तैवेति चेन्न विनिगमनाविरहात्, न च मङ्गलादर्शनमेव विनिगमकमिति वाच्यम् । पर्वते धूमाद्वह्न्यनुमानानुपपत्तेर्वह्न्यदर्शनात् । न चान्यत्र धूमसत्त्वेवह्नेर्दृष्टत्वादत्र सोऽनुमीयत इति वाच्यम् तुल्यत्वाद् दृश्यते ह्यन्यत्र निर्विघ्नसमाप्तिसत्त्वे मङ्गलमपि । तस्मात्सिद्धं मङ्गलस्य विघ्नध्वंसहेतुत्वमित्यन्यत्र विस्तरः ॥

ભાવાર્થ- "બુદ્ધિની સમૃદ્ધિથી મત્ત-પ્રમત્ત વાચાલ વાદીઓના પ્રૌઢ વચનના ખંડનમાં પ્રસિદ્ધ, ષડ્જીવનિકાયરક્ષક, દયામાં સાવધાન અને મનના ઉત્કર્ષથી ઉજ્જવલ શ્રી કમલ નામક સૂરિને અને જૈન આગમને નમન કરીને તથા ધ્યાન કરીને, સુલલિત 'તત્ત્વન્યાયવિભાકર' ગ્રંથને સહર્ષ-સારી રીતે કરું છું."

વિવેચન- વિશેષ રૂપ વિષયને ગ્રહણ કરનારી બુદ્ધિના નવા નવા ચમત્કારી સ્ફુરણથી સારી રીતે ગર્વીષ્ઠ અને વાચાલ વાદીઓના પ્રૌઢ-પ્રતિભાશાળી વચનોના ખંડનમાં પ્રસિદ્ધ, આ વિશેષણથી ગુરુની પ્રતિભાનો અતિશય અને સ્વ-સિદ્ધાન્તમંડનનું સામર્થ્ય પ્રગટ કરેલ છે.

જીવગણને જીવાડનારી દયામાં રહેલ ઉત્કૃષ્ટ દૃષ્ટિ, સાવધાન- ઉપયોગવાળા મનથી નિર્મળ, આ વિશેષણથી અનેક રાજાઓને અહિંસારૂપી ધર્મના જ્ઞાનદાન દ્વારા દયાધર્મમાં સ્થાપનની કુશળતા સૂચિત કરેલ છે.

પહેલાં **નમન** રૂપ કર્ત્તવ્ય છે અને પછી ધ્યાન કર્ત્તવ્ય છે. અર્થાત્ નમનપૂર્વક ધ્યાન હોઈ કૃત્વા પ્રત્યયાન્ત પદને કહે છે કે - 'શ્રી કમલ નામક સૂરિને નમન કરીને' અર્થાત્ ૧-આચારસંપદા, ૨-શ્રુતસંપદા, ૩-શરીરસંપદા, ૪-વચનસંપદા, ૫-વાચનસંપદા, ૬-મતિપ્રયોગસંપદા, ૭-મતિસંગ્રહસંપદા અને ૮-પરિજ્ઞાસંપદા રૂપ આઠ લક્ષ્મીઓના આધારભૂત હોઈ કમલ જેવા, 'કમલ' એવું નામ સાર્થક કરનારા, તે શ્રી

કમલસૂરિને વારંવાર નમસ્કાર કરીને અને ધ્યાન કરીને-ભક્તિ અને શ્રદ્ધા વડે મન રૂપ મંદિરમાં બિરાજમાન કરીને, અહીં ગ્રંથરચનાકાળની અપેક્ષાએ પૂર્વકાળમાં હોનાર હોવાથી ક્ત્વા પ્રત્યય છે.

અહીં 'ચ' પદ પુનઃ-ફરીને એ અર્થવાળું છે, પરંતુ સમુચ્ચાયક (સમુદાયવાચક) નથી. જેમ કે-'ઘટને અને પટને જો.' અહીં એક કાળમાં ઘટ-પટને જોવાની ક્રિયા છે.

જ્યારે પ્રકૃતમાં એક કાળમાં નમન અને ધ્યાન રૂપ બે પ્રકારની ક્રિયાનો અસંભવ હોઈ પૂર્વ અપરભાવ રૂપ સંબંધનો નિયમ છે.

પહેલાં શ્રી કમલસૂરિને અને જૈનાગમને નમસ્કાર કરીને, તેમજ ફરીને શ્રી કમલસૂરિને અને જૈનાગમને મનમંદિરમાં સ્થાપીને, અહીં આમ પૂર્વ અપરભાવ રૂપ સંબંધનો નિયમ છે.

અને ગુરુપરંપરાથી જ પોતાને જૈનાગમનો લાભ થવાથી ધ્યાનના પૂર્વકાળમાં થનાર હોઈને જ, પહેલાં ગુરુનમન વ્યાજબી છે. આ કથનથી ગુરુપૂર્વક્રમ રૂપ સંબંધ શ્રદ્ધાનુસારી લોક પ્રત્યે પ્રદર્શિત કર્યો છે.

જૈનાગમ- જીતે તે જિનો અર્થાત્ રાગ-દ્વેષવિજેતાઓ વડે કહેવાયેલ આગમ-શાસ્ત્ર રૂપ જૈનાગમને નમન કરીને, આ જૈનાગમના નમસ્કાર દ્વારા પોતાના ગ્રંથનું મૂલસહિતપણું સૂચિત કરેલ છે.

જે અનાદેયત્વ સાધ્યવાળા અનુમાન સ્થળમાં છદ્મસ્થ બની સ્વતંત્રપણાએ અભિધાન વિષયપણા રૂપ હેતુ છે, તે હેતુ સ્વરૂપાસિદ્ધ છે, કેમ કે- ચાલુ ગ્રંથ રૂપ પક્ષમાં અર્હત્પ્રણીત આગમ અનુસારે કથન વિષયપણું છે, માટે આ ગ્રંથ આદેય છે જ.

તેમજ ગુરુદેવના પણ ઉપાસ્ય હોઈ પહેલાં ગુરુ-ગુરુતમ શ્રી અરિહંત ભગવંતને નમસ્કાર, ત્યારબાદ ગુરુ દ્વારા જૈનાગમની પ્રાપ્તિ થતી હોવાથી સૂરિભગવંતને નમસ્કાર અને ત્યાર પછી આ પ્રકૃત ગ્રંથના મૂલભૂત જૈનાગમને નમસ્કાર, એવો પ્રણામનો ક્રમ છે. આવી રીતે પણ શિષ્યજનને શિક્ષા આપેલ છે.

તત્ત્વન્યાયવિભાકર- જીવ આદિ તત્ત્વોના અધિગમક પ્રમાણ નય રૂપ ન્યાયોની વિશિષ્ટ વસ્તુના યથાર્થપણાના પ્રકાશક હોઈ, સ્વરૂપ-પ્રકાર-પ્રમાણ રૂપ ભા-પ્રભાઓના આકર(ખાણ)ની માફક આકર અથવા તાદેશ ભા એટલે પ્રભાઓને કરનાર, તે તત્ત્વન્યાયવિભાકરને હું કરું છું.

આવા વિશિષ્ટ કથનથી આ 'તત્ત્વન્યાયવિભાકર' નામક ગ્રંથમાં વિષય તરીકે તત્ત્વન્યાયો છે અને તે તત્ત્વન્યાયોનું જ્ઞાન પ્રયોજન રૂપે છે. તર્કાનુસારિ પ્રત્યે ઉપાય (ગ્રંથ) અને ઉપેય (તત્ત્વન્યાયનું જ્ઞાન) અર્થાત્ ઉપાય-ઉપેય રૂપ સંબંધ પ્રદર્શિત કરેલ છે. અહીં 'આ' સમજવાનું છે કે-ગ્રંથકર્ત્તામાં રહેલ અને શ્રોતામાં રહેલ-એમ બે પ્રકારનું પ્રયોજન છે.

અનંતર અને પરંપર ભેદથી ગ્રંથકર્તૃગત બે પ્રકારો અને શ્રોતૃગત બે પ્રકારો- એમ પ્રયોજનના ચાર પ્રકારો છે. ગ્રંથકર્ત્તાનું અનંતર (તર્તનું) પ્રયોજન પ્રાણી પ્રત્યે અનુગ્રહ છે, કેમ કે- સર્વજ્ઞકથિત પદાર્થોનું પ્રતિપાદન છે. ગ્રંથકર્ત્તાનું પરંપર પ્રયોજન મોક્ષની પ્રાપ્તિ છે.

કેમ કે- ભવ્ય પ્રત્યે ઉપકારપરાયણ ગ્રંથકર્ત્તાને સ્વર્ગપ્રાપ્તિ આદિ પરંપરાએ પરમપદની અવશ્ય પ્રાપ્તિ છે.

શ્રોતાઓનું અનંતર પ્રયોજન ગ્રંથ પ્રતિપાદિત સારભૂત પદાર્થનું યથાર્થ પરિજ્ઞાન છે, શ્રોતાઓનું પરંપર પ્રયોજન તો મોક્ષપદની પ્રાપ્તિ જ છે; કારણ કે-વસ્તુતઃ તત્ત્વજ્ઞાનીઓને નિઃસાર એવા સંસાર પ્રત્યે

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય અતઃ સંવેગ પેદા થવાથી પરમપદ માટે પ્રતિજ્ઞાપૂર્વક પ્રયત્ન કરનારને અવશ્ય મોક્ષપદની પ્રાપ્તિ છે.

સુલલિતં- શબ્દની અપેક્ષાએ લાલિત્યવાન એવા 'તત્ત્વન્યાયવિભાકર' નામક ગ્રંથને હું કરું છું. આવા કથનથી બાલ જીવોને (જૈન શાસ્ત્રીય બોધહીન જીવોને) ક્લેશ વગર, સરલતાપૂર્વક આ ગ્રંથ બોધજનક છે- એમ દર્શાવ્યું છે. અર્થાત્ 'તત્ત્વન્યાયવિભાકર' નામક સુલલિત ગ્રંથને ક્લેશ વગર ચિત્તની પ્રસન્નતાપૂર્વક કરું છું.

આ પૂર્વોક્ત બે શ્લોક રૂપી ગ્રંથથી ઇષ્ટદેવ-ગુરૂદેવ-જૈનાગમને નમસ્કાર અને મંગલ-અભિધેય-પ્રયોજન-સંબંધરૂપ અનુબંધ ચતુષ્ટયના કથન દ્વારા શિષ્ય અને પ્રેક્ષાવંતની પ્રવૃત્તિમાં પ્રતિબંધક રૂપ શંકાના શંકુ(ખીલા)નો સારી રીતે ઉદ્ધાર કરેલ છે.

આયાસ વગર બાલબોધની કારણતાના ઉપદર્શક સુલલિત પદથી, મહા મતિવાળા પૂર્વાચાર્યોએ અર્થગંભીર વિશિષ્ટ વાક્યપ્રબંધો દ્વારા તત્ત્વન્યાયોનું વ્યાખ્યાન કરેલું હોવા છતાં, આધુનિક અંતેવાસીઓને મતિની મંદતાના કારણે તે તે ગ્રંથોથી સારી રીતે અર્થ બોધ થઈ શકે નહિ-એમ માનનારા મેં (મંદ મતિવાળા મેં) પણ મંદતર મતિવાળા શિષ્યોને અર્થજ્ઞાન સંપાદન કાજે સરલ વચન પ્રકારવાળા આ ગ્રંથદ્વારા તે તત્ત્વન્યાયો રચિત કરેલ છે. આવો પણ ભાવ પ્રકટ કર્યો છે.

મંગલ વાદ

પૂર્વપક્ષ- જેના વડે હિત મેળવાય તે મંગલ. જે મંગલધર્મને લાવે- ગ્રહણ કરાવે તે મંગલ. મને સંસારથી-કર્મસંબંધથી દૂર કરે તે મંગલ. માઃ-સમ્યગ્દર્શન આદિ લક્ષ્મી પમાડે તે મંગલ. આ પ્રમાણે મંગલ શબ્દની વ્યુત્પત્તિ-નિરૂક્તિઓથી હિતસાધકત્વ-ધર્મપ્રાપકત્વ સંસાર અપનાયકત્વ-સમ્યગ્દર્શન આદિ પ્રાપકત્વ રૂપ અર્થોની વિદ્યમાનતા આ શાસ્ત્ર માત્રમાં હોવાથી, તે શાસ્ત્રની આદિમાં મંગલ કરવું નિરર્થક છે.

સમાધાન- જેના વડે શાસ્ત્ર અલંકૃત થાય છે તે મંગલ. જેના વડે વિઘ્નના અભાવનો નિશ્ચય થાય છે તે મંગલ મોદન્તે- સુવે છે વિઘ્નના અભાવથી નિશ્ચલપણાએ અર્થાત્ સૂતેલાની માફક થાય છે તે મંગલ. અથવા જેના વડે શાસ્ત્રના પારને પામે છે તે મંગલ. જેનાથી શાસ્ત્રમાં વિઘ્ન ન આવે તે મંગલ.

આ પ્રમાણેની મંગલ શબ્દ વ્યુત્પત્તિ નિર્યુક્તિઓથી લબ્ધ શાસ્ત્ર-અલંકારકત્વ-વિઘ્નના અભાવ નિશ્ચાયકત્વ-શાસ્ત્રપારપ્રાપકત્વ-વિઘ્નનાશકત્વ રૂપ અર્થની અપેક્ષાએ પ્રભુ વગેરેના નમસ્કાર પ્રતિપાદક બે શ્લોકો દ્વારા મંગલપણાનું કથન છે. અર્થાત્ શાસ્ત્રના આરંભમાં અવશ્ય મંગલ કરવું જોઈએ એ સિદ્ધ થાય છે.

આ કથનથી પૂર્વે રહેલ મંગલની વ્યુત્પત્તિથી અને પછીથી કહેલ મંગલની વ્યુત્પત્તિથી ક્રમસર શાસ્ત્રમાં કે શાસ્ત્રની આદિમાં મંગલમાં અમંગલપણાનો સંદેહ ખંડિત થાય છે.

વ્યુત્પત્તિના ભેદથી શાસ્ત્રમાં-શાસ્ત્રની આદિમાં કરેલ મંગલમાં મંગલપણું અખંડિત છે, તેથી આ મંગલ શાસ્ત્રની આદિમાં, મધ્યમાં અને અંતમાં કરાય છે.

ત્યાં આદિમાં મંગલ નિર્વિઘ્ન શાસ્ત્રના પાર પામવા માટે છે. વિઘ્ન વગર પરંપરાથી આવેલ શાસ્ત્રની સ્થિરતા કરવા માટે મધ્યમાં મંગલ છે. સુસ્થિર બનેલ શાસ્ત્રની શિષ્યપરંપરામાં અવિચ્છિન્નતા બની રહે તેટલા માટે અંતમાં મંગલ કરે છે.

મંગલની સત્તામાં સમાપ્તિ રૂપ કે વિઘ્નધ્વંસ રૂપ કાર્યની સત્તા, એ અન્વયઃ, મંગલ રૂપ કારણના અભાવમાં સમાપ્તિ કે વિઘ્નધ્વંસ કે નિર્વિઘ્ન સમાપ્તિ રૂપ કાર્યનો અભાવ તે વ્યતિરેક, એવં અન્વય વ્યતિરેક દ્વારા કાર્ય-કારણનો નિશ્ચય થાય છે.

જો કે કોઈક ગ્રંથમાં મંગલ રૂપ કારણ નથી, છતાં વિઘ્નના અભાવ દ્વારા સમાપ્તિ દેખાય છે. એટલે વ્યતિરેક વ્યભિચાર (કારણાભાવમાં પણ કાર્યોત્પત્તિ રૂપ) અર્થાત્ કિરણાવલી આદિ ગ્રંથમાં મંગલના અભાવમાં પણ સમાપ્તિ દેખાય છે, માટે વ્યતિરેક વ્યભિચાર છે.

તેમજ કાદંબરી આદિ ગ્રંથમાં મંગલની સત્તા હોવા છતાં સમાપ્તિનો અભાવ છે, અર્થાત્ કારણની સત્તામાં પણ કાર્યની અનુત્પત્તિ રૂપ અન્વય વ્યભિચાર છે, તો સમાપ્તિ પ્રત્યે મંગલની કારણતા નથી. તેમજ સ્વતઃ વિઘ્નના અત્યંત અભાવવાળા પુરુષ વડે કરાયેલ ગ્રંથની સમાપ્તિ હોવાથી મંગલ, વિઘ્નધ્વંસ દ્વારા સમાપ્તિ પ્રત્યે અકારણ છે. અર્થાત્ અમુક સ્થળે સમાપ્તિ પ્રત્યે વિઘ્નધ્વંસ દ્વારા મંગલની અકારણતા છે, કેમ કે-વિઘ્નના અત્યંત અભાવથી પણ સમાપ્તિ રૂપ કાર્યનો ઉદય થવાથી મંગલની વ્યર્થતાની આપત્તિ છે.

અને તે તે વિઘ્નધ્વંસજન્ય સમાપ્તિ પ્રત્યે મંગલની કારણતામાં અનંત કાર્ય-કારણની કલ્પનાનો ગૌરવ હોવાથી, સમાપ્તિ માત્ર પ્રત્યે મંગલનું કારણપણું નહિ હોવાથી વિઘ્નધ્વંસ રૂપ કાર્ય પ્રત્યે મંગલ કારણ છે. વિઘ્નધ્વંસત્વેન મંગલત્વેન કાર્ય-કારણભાવ સમજવો.

ન્યૂન મંગલયુક્ત ગ્રંથોમાં મંગલ દ્વારા વિઘ્નનો નાશ થવા છતાં વિઘ્નની પ્રચૂરતા કે બલવત્તરતાથી સમાપ્તિ નથી દેખાતી, માટે પ્રચૂર-બલવત્તર વિઘ્નના નાશ પ્રત્યે પ્રચૂર બલવત્તર મંગલ કારણ છે એમ માનવું.

સર્વથા મંગલ વગરના ગ્રંથોમાં તો નિર્વિઘ્ન પરિસમાપ્તિ દેખાતી હોઈ ભલે વાચિક મંગલ ન હોય, પણ માનસિક આદિ જન્માન્તરીય મંગલ અનુમાનયોગ્ય છે, કેમ કે-કાર્યનો જોઈ કારણનું અનુમાન સર્વવાદિતંત્રસંમત છે. જેમ કે- ધૂમાડાને જોઈ અગ્નિનું અનુમાન. અતઃ સામાન્યતઃ ગ્રંથસમાપ્તિ પ્રત્યે વિઘ્નધ્વંસ દ્વારા મંગલ કારણ છે, એ માનવું ઉચિત છે.

શંકા- કિરણાવલી આદિમાં સમાપ્તિ વિઘ્નધ્વંસજન્ય નથી પરંતુ વિઘ્નના અત્યંત અભાવ પ્રયુક્ત છે, એમ માનીએ તો શો વાંધો ?

સમાધાન- સમાપ્તિ પ્રત્યે વિઘ્નધ્વંસ કે વિઘ્ન અત્યંત અભાવપ્રયોજક છે. બેમાંથી કોણ પ્રયોજક છે, એના નિર્ણયમાં (એકતરપક્ષ સાધિકાયુક્તિ) વિનિગમનાનો વિરહ છે-એકતરપક્ષપાતી પ્રમાણરૂપ વિનિગમનાનો અભાવ છે.

શંકા- મંગલનું નહિ દેખાવું, એ જ મંગલ વગરના ગ્રંથમાં ગ્રંથસમાપ્તિ પ્રત્યે અને વિઘ્નના અત્યંત અભાવની પ્રયોજકતાની સિદ્ધિમાં એકતરપક્ષસાધક પ્રમાણ રૂપ વિનિગમક છે ને ?

સમાધાન- અગ્નિના અદર્શનવાળા પર્વતમાં, ધૂમદર્શનથી વહ્નિસાધ્યના અનુમાનની અનુપપત્તિ થઈ જશે, કેમ કે-અગ્નિનું અદર્શન છે.

શંકા- પર્વત સિવાયના સ્થલમાં મહાનસ આદિમાં, ધૂમની સત્તામાં વહ્નિનું દર્શન હોવાથી અહીં પર્વતમાં ધૂમથી તે વહ્નિનું અનુમાન થાય છે જ ને ?

સમાધાન- જેમ વહ્નિના અદર્શનવાળા સ્થળમાં ધૂમ રૂપ કાર્યના દર્શનથી વહ્નિ રૂપ કારણ અનુમિત થાય છે, તેમ મંગલ વગરના ગ્રંથમાં નિર્વિઘ્ન સમાપ્તિ રૂપ કાર્યના દર્શનથી વિઘ્નધ્વંસજનક મંગલરૂપ કારણ અવશ્ય અનુમિત થાય છે.

એવં ચ મંગલવાળા ગ્રંથમાં વિઘ્નધ્વંસ અને સમાપ્તિનું સાહચર્ય જોવાથી, મંગલરહિત ગ્રંથમાં વિઘ્નધ્વંસનું અનુમાન અને વિઘ્નધ્વંસજનક મંગલનું અનુમાન નિર્વિવાદ છે, તેથી વિઘ્નધ્વંસ પ્રત્યે મંગલ હેતુ છે. વિઘ્નધ્વંસત્વેન મંગલત્વેન કાર્ય-કારણભાવની સિદ્ધિ સમજવી.

ઉપરોક્ત વિષયનો શબ્દવિસ્તાર રૂપ વિસ્તાર બીજા મુક્તાવલી આદિ ગ્રંથમાં છે.

ઇતિ મંગલ વાદ.

ननु ग्रन्थेऽस्मिन्निरूप्यन्ते तत्त्वानि न्यायाश्च तत्तत्त्वज्ञानायेति तु युक्तं, परं तज्ज्ञानं किं वैषयिकसुखार्थं निर्वाणप्राप्तिलब्धाऽऽत्मसुखार्थं वेत्याशङ्कायां सर्वेषु पुरुषार्थेषु मोक्षस्यैव प्राधान्यतया तत्र च कृतस्यैव यत्नस्य वस्तुतः फलवत्त्वात् तदेवास्य ग्रन्थस्य तज्ज्ञानद्वारा परमं फलम्। तदुपायोपदेशस्यैव वास्तविकहितोपदेशत्वेनोपदेशरूपेऽस्मिन् ग्रन्थे प्रथमं तदुपाय एव वक्तव्य इति मनसि निधायाऽऽह—

सम्यक्श्रद्धासंविच्चरणानि मुक्त्युपायाः । १ ।

सम्यगिति । श्रद्धासंविच्चरणानां द्वन्द्वानन्तरं सम्यगितिपदेन कर्मधारयः, **द्वन्द्वादौ द्वन्द्वान्ते च श्रूयमाणपदस्य प्रत्येकमभिसम्बन्धात्**सम्यक्श्रद्धासम्यक्संवित् सम्यक्चरणानां लाभः । मुक्त्युपायाः-मुक्तेरुपाया इति मुक्त्युपायाः नियतपुंलिङ्गोऽयमुपायशब्दः । मोक्षोपायोद्देशेन सम्यक्श्रद्धादीनि विधीयन्ते । ननु पुरुषार्थेषु प्रधानत्वात् मोक्ष एव प्रथमं प्रदर्शनीयस्तत्कुतस्तदुपायः प्रदर्शित इति चेन्न, उपायोपदेशमन्तरेण भूतार्थकल्पस्य मोक्षोपदेशस्य वैयर्थ्यात्। विषयर्द्धिसंयोगसमुत्थस्य सुखस्य दुःखोत्तरत्वेन क्षणिकदुःखप्रतीकारमात्रत्वेन च तदुद्वेगात्तद्धेतून् परिजिहीर्षन्तं परमसुखानन्दनिमित्ताभिलाषुकं प्रति तदुपदेशस्यैव न्याय्यत्वाच्च। अभ्युदयहेतु धर्मार्थकामोपदेशो हि दुःखनिवृत्त्यर्थिनां न तदत्यन्ताभावप्रयोजक इति तस्य वस्तुतो न हितोपदेशत्वम् । ननु मुक्तिप्रसिद्धौ तदुपायोपदेशस्य युक्तियुक्तत्वेन तस्या एव निरूपणमादावुचितमितिचेन्न जिज्ञासुजिज्ञासाप्रमार्जनाशक्यत्वात्, तथा सति हि मुक्त्युपायजिज्ञासोर्जिज्ञासाया निवृत्तिरकृता भवेत् । न च कथं न तेन जिज्ञासिता मुक्तिरिति वाच्यम्, लोकस्य भिन्नरुचित्वात् कस्यापि मुक्तौ विप्रतिपत्त्यभावाच्च । न च तत्रापि भावाभावादिरूपेणास्त्येव विप्रतिपत्तिर्वादिनामिति वाच्यम् । सर्वेषां साक्षात्परम्परया वा कृत्स्नकर्मविप्रमोक्षात्मिकाया मुक्तेरविगानेनाभिप्रेतत्वात्, न च प्राङ्मुक्त्युपायनिर्देशाद्बन्धकारणनिर्देशो

न्याय्यो बन्धपूर्वकत्वान्मुक्तेरिति वाच्यम्, संसारकारागारावरुद्धस्य विना मोक्षकारणोपदेशमाश्वासनासम्भवात् । कुतीर्थिकप्रणीतमोक्षकारणनिराकरणार्थत्वाच्चेति दिक् ॥

अत एव **सर्वं वाक्यं सावधारणमि**तिन्यायेन सम्यक्श्रद्धासंविच्चरणान्येव मुक्त्युपाया इति मूलार्थः । तत्र चोद्देश्यविधेयभावस्य कामचारतया सम्यक्छ्रद्धादीनामुद्देश्यत्वे तत्रैव कारयोगे सम्यक्श्रद्धादीन्येव मोक्षोपाया नान्य इत्यन्ययोगव्यवच्छेदस्य, विधेयेन सह एवकारस्य च सम्बन्धे सम्यक्श्रद्धादीनि मुक्त्युपाया एवेत्ययोगव्यवच्छेदस्य च लाभः । श्रद्धादौ सम्यक्त्वं यथावदवस्थितार्थपरिच्छेदित्वं, तच्च निसर्गश्रद्धायामधिगमश्रद्धायाञ्च वर्तत एव, आद्यायां निमित्तान्तरनिरपेक्षतया द्वितीयायाञ्च गुर्वाद्युपदेशान्तरसापेक्षतयेति विशेषः । श्रद्धा-आस्थारूपा दृष्टिः, सा चेन्द्रियानिन्द्रियार्थोपलब्धिः सा च सम्यग्रूपाऽव्यभिचारिणी, इदमेव तत्त्वं-परमार्थो न भवतीतर इत्येवंरूपा, नयप्रमाणविकल्पहेतुको जीवादिपदार्थयाथात्म्यावगमः सम्यक्संवित् । अष्टविधकर्मनिवृत्तिं प्रत्युद्यतस्य ज्ञानवतस्सामायिकादिसदसत्क्रिया प्रवृत्तिनिवृत्तिलक्षणं मूलोत्तरगुणशाखाप्रशाखं सम्यक्चरणम् । यस्य जीवस्य मिथ्यादर्शनपुद्गलोदयस्तस्य श्रद्धासंविच्चरणानां मुक्तिं प्रत्यनुपायत्वेन व्यभिचारवारणाय सम्यक्त्वं तेषां विशेषणमुपात्तम् । उत्तरोत्तरस्य सत्त्वे पूर्वपूर्वस्यावश्यम्भावनियमप्रकाशनाय श्रद्धासंविच्चरणानां तथाक्रमविन्यासो विहितः । यत्र च स्वयंबुद्धादीनां झटिति सम्यक्संविदुदयस्तत्रापि निसर्गसम्यग्श्रद्धास्त्येवेति न तत्त्वरुचिलक्षणसम्यक्छ्रद्धाया व्यभिचारः । ननु पूर्वसत्त्वे उत्तरसत्त्वस्यानियमो यथा सम्यग्दर्शनसत्त्वे स्यान्नवा सम्यक्संविदिति, तदनुचितं, अज्ञानपूर्वकश्रद्धानप्रसङ्गात्, अविज्ञातेषु जीवादिषु श्रद्धानासम्भवेन सम्यक्श्रद्धाया अभावप्रसङ्गात् मिथ्याज्ञाननिवृत्तावुत्पन्नायामपि श्रद्धायां ज्ञानालाभे आत्मनो ज्ञानोपयोगाभावप्रसङ्गाच्चेति चेन्न यावति ज्ञाने ज्ञानमित्येतत्परिसमाप्यते तावत एवानैयत्योक्तेः, उपशमक्षयोपशमक्षयात्मककारणत्रयजन्यसम्यक्श्रद्धातः क्षयक्षयोपशमात्मककारणद्वयजन्यसम्यक्संविदो भेदोऽस्त्येव कारणभेदात्, सम्यक्श्रद्धायास्सर्वद्रव्यपर्यायविषयकत्वात्, श्रुतात्मकसम्यक्संविदश्च सर्वद्रव्यविषयकत्वे सति कतिपयपर्यायविषयकत्वादपि तयोर्भेदः । समुदितानामेषां मुक्त्युपायत्वमिति सूचयितुं द्वन्द्वसमासः कृतः । मोचनमष्टविधकर्मभ्यः पृथग्भावो मुक्तिः-मुच्लृ मोचन इतिधातोर्भावे क्तिप्रत्ययात् । तस्या उपायाः साधनानि, सम्यक्छ्रद्धादिभिस्समानाधिकरण्यादुपायशब्दाद् व्यक्तिबहुत्वप्रयुक्तं बहुवचनम् । ननु सम्यक्श्रद्धादिभ्य इतरविनिर्मुक्तेभ्यो मुक्तिर्न भवत्येव, यथाहि भेषजेन, रोगापनयनार्थिनो रोगिणस्तत्र श्रद्धाया

रोगापहारकत्वज्ञानस्य तदभ्यवहारक्रियाप्रवृत्तेश्च विरहे नैव भवति रोगापनयस्तत्कथं त्रिष्वेककारणताबोधकमेकवचनं विहायोपायशब्दाद्व्यक्तिबहुत्वप्रयुक्तं बहुवचनमङ्गीकृतं, तथा च सति प्रत्येकं कारणताप्राप्तिप्रसङ्गः स्यादिति चेत्सत्यम्, प्रोक्तमेव तथा पूर्वाचार्यैः **'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'** इति, अत्र तु समासादेव तत्प्राप्त्या समस्तपद-सामानाधिकरण्यानुरोधाद् बहुवचनमादृतम्, अत एवैकस्यैव सम्यग्दर्शनस्योत्पत्तौ निसर्गाधि-गमयोर्द्वयोर्हेतुत्वं मा प्रसाङ्क्षीदिति मन्वानैरुमास्वातिवाचकमुख्यैर्निसर्गाधिगमाभ्यामित्यनुक्त्वा **'निसर्गादधिगमाद्वा'** इत्युक्तं टीकाकृद्भिरपि समासाकरणस्य प्रयोजनमप्येवमेवोक्तम् । न च तथा सति **'तत्र तत्त्वानि जीवाजीवपुण्यपापाश्रवसंवरनिर्जराबन्धमोक्षा नवे**त्यादावपि समुदायस्यैव तत्त्वप्राप्तिर्न पुनः प्रत्येकमिति वाच्यं, प्रत्येकं तत्प्रापकस्य नवशब्दस्य तत्र सत्त्वात् । समुदायसमुदायिनोः कथञ्चिदभेदात्, कथञ्चिद्भेदेऽपि वा प्रत्येकावृत्तेस्समुदाया-वृत्तित्वेन प्रत्येकमपि कारणता मभ्युपेत्य तथोक्तेः, प्रत्येकं स्वरूपयोग्यतारूपकारणता-सत्त्वादितरविरहे फलोपधायकत्वलक्षणकारणसत्त्वप्रयुक्तकार्योत्पत्तिप्रसङ्गस्यापादयितुमशक्य-त्वात् । फलोपधायकत्वलक्षणकारणत्वाभिप्रायेण मोक्षमार्ग इति त्रित्वावच्छेदेनैककारणत्व-बोधकैकवचनस्यादृतत्वेनाविरोधात् । चरणसत्त्वे ज्ञानदर्शनयोरवश्यम्भावित्वेनानन्यथासिद्ध-नियतपूर्ववृत्तिचरणेनैव कार्यनिर्वाहे श्रद्धासंविदोरन्यथासिद्धिप्रसङ्गपरिहाराय प्रत्येकमपि कारणताबोधकत्वस्यावश्यकत्वात् । सम्पूर्णदर्शनस्यास्य मोक्षासाधारणकारणे रत्नत्रये तात्पर्येण तत्र गुरुत्वाभिमानेन बहुवचनस्योक्तत्वाच्चेति ॥

ननु क्षायिकसम्यक्श्रद्धादीनामेव मुक्तिहेतुत्वं तत्कथं सम्यक्श्रद्धादीनां केवलानां मुक्त्युपायत्वमुच्यते अतएव हि सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षसाधनमित्यनुक्त्वा मोक्षमार्ग इत्युमास्वातिवाचकमुख्यैः सूत्रितम्, व्याख्यातञ्च भाष्यटीकाकृद्भिस्समस्तप्रत्यपायवियुतः पाटलिपुत्रगामिमार्गवदेष त्रिविधः पन्था इति तत्र युक्तम्, एतानि समस्तानि मोक्षसाधनानीति मोक्षमार्गपदस्य स्वयमेव सूत्रकृद्भिर्व्याख्यातत्वात् । साधनत्वातिरिक्तस्य मार्गपदार्थस्य वक्तुम-शक्यत्वाच्च, न च क्षायिकसम्यग्दर्शनाद्यतिरिक्तदर्शनादीनां व्यवहितत्वेनान्यथासिद्धत्वान्न साधनत्वमिति वाच्यम् । व्यवहितस्यापि कारणत्वाक्षतेः, अन्यथा कृत्स्नकर्मक्षयस्यैव कारणत्व-प्रसङ्गात् । विशेषेण सामान्यस्यान्यथा सिद्धत्वासंभवाच्च, नहि नीलदण्डेन दण्डस्यान्यथा-सिद्धत्वं कस्यापि सम्मतम् । न च कृत्स्नकर्मक्षय एव मोक्षस्तं प्रति क्षायिकसम्यक्त्वादी-नामव्यवहितत्वेन कारणत्वं, तदितरेषान्तु व्यवहितत्वेन मार्गत्वमेवेति वाच्यम् । तस्यात्म-

स्वभावरूपत्वेन स्थानत्वाभावात्सम्यग्दर्शनादीनां तं प्रति मार्गत्वेन रूपणाऽसम्भवात् । अत एव च भाष्यटीकाकृद्भिः कर्मक्षयलक्षणमोक्षपदार्थमुक्त्वाप्यथवेति कल्पान्तरावलम्बनेनेषत्प्राग्भागधरणी मोक्षशब्देनाभिधातुमिष्टेत्युक्तमिति दिक् ॥

उपोद्घात

આ 'तत्त्वन्यायविभाकर' નામક ગ્રંથમાં તત્ત્વો અને તત્સાધક ન્યાયો તેના સ્વરૂપજ્ઞાન માટે નિરૂપણ કરાય છે, એ તો બરાબર છે. પરંતુ તે તત્ત્વન્યાય રૂપ વિષયનું જ્ઞાન, શું વૈષયિક સુખને માટે છે કે નિર્વાણપ્રાપ્તિ દ્વારા પ્રાપ્ત આત્માના શાશ્વત સુખ માટે છે ? આવી આશંકાની ઉપસ્થિતિમાં કહે છે કે-

સકલ પુરુષાર્થોમાં મોક્ષપુરુષાર્થનું પ્રધાનપણું હોવાથી, મોક્ષપુરુષાર્થ માટે કરેલ પ્રયત્ન જ વસ્તુતઃ સફલ હોવાથી, તે મોક્ષપ્રાપ્તિ જ આ ગ્રંથ નિરૂપિત તત્ત્વન્યાય વિષયક જ્ઞાન દ્વારા પરમ ફળ છે.

તે મોક્ષપ્રાપ્તિના ઉપાયનો ઉપદેશ જ વાસ્તવિક હિતોપદેશ હોઈ, ઉપદેશ રૂપ આ 'तत्त्वन्यायविभाकर' નામક ગ્રંથમાં પહેલાં તે મુક્તિનો ઉપાય જ કહેવો જોઈએ ! આ વસ્તુ મનમાં ધારણ કરી तत्त्वन्यायविभाकरકાર પ્રથમ સૂત્ર રચે છે.

ભાવાર્થ- 'સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ સંવિદ્ અને સમ્યક્ ચરણ-એ મુક્તિના ઉપાયો છે.'

વિવેચન- શ્રદ્ધા, સંવિદ્ અને ચરણ- આ પ્રમાણે દ્વન્દ્વ સમાસ પછી સમ્યગ્ નામના પદની સાથે કર્મધારય સમાસ થાય છે.

'દ્વન્દ્વની આદિમાં અને અંતમાં રહેલા પદનો દરેક દની સાથે સંબંધ હોવાથી' સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ સંવિદ્ અને સમ્યક્ ચરણનો લાભ થાય છે.

'मुक्त्युपायाः ।' અહીં 'મુક્તિના ઉપાયો'- આ પ્રમાણે વિગ્રહ કરી ષ૦ ત૦ સમાસ છે. 'उपायाः' અહીં ઉપાય શબ્દ નિયત પુંલિંગ છે, માટે 'उपायानी' એમ નહિ બને. અર્થાત્ સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ સંવિદ્ અને સમ્યક્ ચરણ- આ ત્રણ મુક્તિના ઉપાયો છે, કેમ કે- મોક્ષના ઉપાયને ઉદ્દેશીને સમ્યક્ શ્રદ્ધા વગેરે ત્રણ આરાધાય છે.

શંકા-પૂર્વપક્ષ- પુરુષાર્થોમાં મોક્ષ જ મુખ્ય છે, તો પહેલાં મોક્ષ જ દર્શાવવો જોઈએ. એના બદલે મોક્ષનો ઉપાય પહેલાં કેમ દર્શાવ્યો ?

સમાધાન- બંધુ, ઉપાયના ઉપદેશ સિવાય મોક્ષ રૂપ સાધ્યનો ઉપદેશ ભૂતકાળમાં થયેલ પદાર્થની જેમ વ્યર્થ છે. (બીજી વાત એવી છે કે-પ્રેક્ષાપૂર્વકારીઓ પહેલાં કારણને પકડે છે, કેમ કે- કાર્યોની ઉત્પત્તિ કારણને આધીન છે.)

વળી વિષયો અને વિષયવર્ધક ઋદ્ધિ-સિદ્ધિના સંયોગથી પેદા થયેલ વૈષયિક સુખ, પાછળથી દુઃખ આપનાર હોઈ અને ક્ષણવાર દુઃખના પ્રતિકાર માત્ર હોઈ, વૈષયિક સુખથી ઉદ્વેગ થવાથી વૈષયિક સુખના હેતુઓનો પરિહાર કરવાની ઇચ્છાવાળા પ્રત્યે અને અખંડ આનંદના કારણોની ઇચ્છાવાળા મુમુક્ષુ જન પ્રત્યે મુક્તિના ઉપાયનો ઉપદેશ યુક્તિયુક્ત છે.

વિશેષ વાત એવી છે કે- દુઃખની નિવૃત્તિના અર્થીઓ પ્રત્યે સાંસારિક સુખહેતુ, ધર્મ-અર્થ-કામનો ઉપદેશ, દુઃખનો અત્યંત અભાવ નહિ કરનારા હોઈ, તે અભ્યુદયજનક ધર્માર્થકામનો ઉપદેશ વસ્તુતઃ હિતોપદેશ રૂપ ગણાતો નથી.

શંકા- મુક્તિની પ્રસિદ્ધિમાં જ મુક્તિના ઉપાયનો ઉપદેશ યુક્તિયુક્ત છે, માટે તે મુક્તિનું જ આદિમાં નિરૂપણ કરવું ઉચિત છે, તો તેમ કેમ નથી કર્યું ?

સમાધાન- ભાઈ, વાત એવી છે કે- જિજ્ઞાસુને મોક્ષની જિજ્ઞાસા નથી, પરંતુ તેના ઉપાયની જ જિજ્ઞાસા છે. જો પહેલાં મોક્ષ દર્શાવવામાં આવે, તો જિજ્ઞાસુની જિજ્ઞાસાનું પ્રમાર્જન અશક્ય થતું હોઈ જિજ્ઞાસુની જિજ્ઞાસાની નિવૃત્તિ અકૃત બને ! (જિજ્ઞાસાની નિવૃત્તિ અવશ્ય કરવી જોઈએ તે બાકી રહી જાય.)

શંકા- તે જિજ્ઞાસુએ મુક્તિની જિજ્ઞાસા કેમ કરી નહિ ?

સમાધાન- લોક ભિન્ન રૂચિવાળો હોય છે અને મુક્તિ નામક પુરુષાર્થ પ્રત્યે કોઈનો પણ વિરોધ નથી. અર્થાત્ કોઈ પણ વાદીને મોક્ષપુરુષાર્થના અસ્તિત્વ પ્રત્યે વિરોધ નથી, પણ મુક્તિના હેતુઓ પ્રત્યે વિસંવાદ છે. જેમ કે- સાંખ્ય આદિએ મુક્તિના હેતુ તરીકે ફક્ત જ્ઞાન વગેરે માનેલ છે, માટે મુક્તિની જિજ્ઞાસા કરી નથી.

શંકા- અરે ! મુક્તિ પ્રત્યે વાદીઓનો કેમ વિરોધ નથી ? કેમ કે-કોઈ ભાવરૂપ મુક્તિ તો કોઈ અભાવ રૂપ મુક્તિ માને છે.

સમાધાન- ભાઈ, સર્વ વાદીઓને સાક્ષાત્ કે પરંપરાથી સમસ્ત કર્મના આત્યંતિક અભાવ રૂપ મોક્ષ વિરોધ વગર ઈષ્ટ છે.

શંકા- જો તમોએ પહેલાં મુક્તિના ઉપાયનો નિર્દેશ કરેલ છે, તો પહેલાં બંધના કારણનો નિર્દેશ કરવો જ પડશે ને ? કેમ કે-મુક્તિ બંધપૂર્વક હોય છે. અર્થાત્ પહેલાં બંધ છે, તો પછી મુક્તિ સંભવિત છે ને ?

સમાધાન- સંસારરૂપી જેલમાં પૂરાયેલ કેદીને મુક્તિના કારણના ઉપદેશ સિવાય આશ્વાસનનો અસંભવ છે.

વળી કુતીર્થિકોએ કહેલ મોક્ષના કારણ કારણાભાસના નિરાકરણનું પ્રયોજન છે. અર્થાત્ બદ્ધસંસારીઓને સંસારથી મુક્ત કરવાને સર્વજ્ઞપ્રણીત અતએવ સત્ય મોક્ષના ઉપાયો દર્શાવવા અત્યંત ઉપયોગી અને ઉપકારી છે.

અતએવ- આ કારણથી 'સર્વં વાક્યં સાવધારણં.' સઘળાં વાક્યો જકારવાળાં-નિશ્ચયાત્મક હોય છે. આવા ન્યાયથી (જો અવધારણ-નિશ્ચયાત્મક જકારનો પ્રયોગ ન કરવામાં આવે, તો બીજો મુક્તિનો ઉપાય હોઈ ઉપદેશ જ નિરર્થક થઈ જાય ! આ (હેતુથી) 'સમ્યક્ શ્રદ્ધા-સંવિદ્-ચરણો જ મુક્તિના ઉપાયો છે.' આ પ્રમાણે મૂલનો અર્થ સમજવો.

અહીં ઉદ્દેશ્યવિધેયભાવ કામચાર (ઐચ્છિક-વૈકલ્પિક) હોઈ, સમ્યક્ શ્રદ્ધા વગેરેને ઉદ્દેશ્ય માની ત્યાં જ એવકારના યોગમાં, અર્થાત્ સમ્યક્ શ્રદ્ધા વગેરે વિશેષ્ય ગત એવકારના યોગમાં 'સમ્યક્ શ્રદ્ધા વગેરે જ મોક્ષના ઉપાયો છે, બીજા નહિ.'

આ પ્રમાણે અન્યયોગવ્યવચ્છેદ (સમ્યક્ શ્રદ્ધા આદિ રૂપ વિશેષ્યથી ભિન્નમાં ઉપાયત્વ રૂપ વિશેષણ યોગસંબંધનો વ્યવચ્છેદ)નો લાભ અને વિધેયની સાથે એવકારના સંબંધમાં 'સમ્યક્ શ્રદ્ધા આદિ મુક્તિના ઉપાયો જ છે.' આ પ્રમાણે અયોગવ્યવચ્છેદ (સમ્યક્ શ્રદ્ધા આદિ ઉદ્દેશ્યમાં મુક્તિના ઉપાયત્વ રૂપ વિધેયતાવચ્છેદક વિશેષણનો અયોગસંબંધના અભાવનો વ્યવચ્છેદ)નો લાભ થાય છે.

सम्यक् श्रद्धा

વળી શ્રદ્ધા આદિમાં સમ્યક્ત્વ એટલે શ્રી જિનેન્દ્રપ્રણીત સમસ્ત દ્રવ્યપર્યાય વિષયક અપાયઆત્મક પરિચ્છેદ સમજવું. તે સમ્યક્ત્વ નિસર્ગ શ્રદ્ધામાં અને અધિગમ શ્રદ્ધામાં વર્તમાન જ છે.

પ્રથમ નિસર્ગ શ્રદ્ધામાં ક્ષયોપશમ આદિ અંતરંગ નિમિત્ત ભિન્ન બીજા તીર્થંકર આદિના ઉપદેશ, દાન આદિ રૂપ બાહ્ય નિમિત્તોની અપેક્ષાનો અભાવ છે.

બીજા અધિગમ શ્રદ્ધામાં ઉપશમ આદિ અંતરંગ નિમિત્ત ભિન્ન તીર્થંકર આદિના ઉપદેશ, દાન આદિ બાહ્ય નિમિત્તોની અપેક્ષા છે. આવો ભેદ સમજવો.

श्रद्धा

શ્રદ્ધા એટલે આસ્થા રૂપ (મતિજ્ઞાનના અપાયાંશ રૂપ રૂચિ રૂપ) દૃષ્ટિ, (દર્શન) તે સમસ્ત શ્રોત્ર આદિ પાંચ ઇન્દ્રિયો અને અનિન્દ્રિય-મનોવિજ્ઞાન વિષયભૂત અર્થોની ઉપલબ્ધિ-પ્રાપ્તિ અને તે સમ્યગ્ રૂપ એટલે અવ્યભિચારિણી. (વ્યભિચારિણી દૃષ્ટિ એટલે એક નયમતનું અવલંબન કરનારી.) જેમ કે- સામાન્ય જ છે, વિશેષો નથી અથવા વિશેષ માત્ર છે, સામાન્ય નથી, વગેરે રૂપ તે બીજા નયથી ખંડન કરાય છે. અસત્ય હોવાથી વ્યભિચારિણી કહેવાય છે.

'ન વ્યભિચારિણી'- અવ્યભિચારિણી, જે સર્વ નયવાદોને સંપૂર્ણપણે ગ્રહણ કરી પ્રવૃત્ત દૃષ્ટિ, જેમ કે- દ્રવ્યાસ્તિક નયની અપેક્ષાએ કથંચિત્ સામાન્ય, સત્ય છે. વિશેષો, પર્યાય અવલંબન માત્ર સત્યવાળા છે, ઇત્યાદિ વિસ્તારથી અવ્યભિચારિણી કહેવાય છે. અતએવ શ્રી જિનેન્દ્રપ્રણીત-સર્વનયપ્રમાણિત આ વસ્તુ તત્ત્વ-પરમાર્થ રૂપ છે અને બીજું કાંઈ પરમાર્થ નથી, આવી દૃષ્ટિએ સમ્યક્ શ્રદ્ધા સમજવી.

सम्यक् संवित्

નય અને પ્રમાણના વિકલ્પ-વિચારજન્ય જીવ આદિ પદાર્થોનું યથાર્થ જ્ઞાન તથા શ્રી જિનવચનની સાથે સંવાદી અતએવ જ્ઞાન આવરણ કર્મક્ષય-ક્ષયોપશમજન્ય અવિસંવાદી જ્ઞાન 'સમ્યક્ સંવિત્' કહેવાય છે.

सम्यक् चरण

આઠ પ્રકારના કર્મક્ષય પ્રત્યે ઉદ્યમશીલ જ્ઞાનવાન આત્માનું, ચારિત્રમોહનીય કર્મના ક્ષય-ક્ષયોપશમજન્ય, અસત્થી નિવૃત્તિ અને સત્માં પ્રવૃત્તિ રૂપ લક્ષણવાળું સામાયિક આદિ પાંચ ભેદવાળું, મૂલગુણ અને ઉત્તરગુણ રૂપ ભેદ-પ્રભેદવાળું ચારિત્ર 'સમ્યક્ ચરણ' કહેવાય છે.

सम्यग् विशेषणपदनी सार्थकता

જો આ સમ્યગ્ વિશેષણપદ મૂકવામાં ન આવે, તો જે આત્માને મિથ્યાદર્શન રૂપ મિથ્યાત્વમોહનીય કર્મના પુદ્ગલનો ઉદય છે, તે આત્માના શ્રદ્ધા-સંવિદ્-ચરણ, એ ત્રણ મિથ્યા થતા હોઈ મુક્તિ પ્રત્યે અસાધક

થાય છે; માટે મિથ્યા શ્રદ્ધા-સંવિદ્-ચરણવાળામાં વ્યભિચાર-અતિવ્યાપ્તિ વારવા માટે સમ્યક્ રૂપી વિશેષણપદ શ્રદ્ધા-સંવિદ્-ચરણની આગળ સ્વીકારેલ છે.

શ્રદ્ધાદિ ક્રમવિન્યાસનો હેતુ

ઉત્તર-ઉત્તરપદની વિદ્યમાનતામાં પૂર્વ-પૂર્વપદની અવશ્ય સત્તા છે, તેમજ ઉત્તર-ઉત્તરપદ લાભમાં પૂર્વ-પૂર્વપદના લાભની અવશ્ય સત્તા છે. આવો નિયમ દર્શાવવા માટે 'સમ્યક્ શ્રદ્ધા- સમ્યક્ સંવિદ્-સમ્યક્ ચરણ'- આવા ક્રમની રચના કરેલ છે.

અર્થાત્ સમ્યક્ સંવિત્ની સત્તામાં અવશ્ય સમ્યક્ શ્રદ્ધા છે તથા સમ્યક્ ચરણની સત્તામાં અવશ્ય સમ્યક્ શ્રદ્ધા અને અવશ્ય સમ્યક્ સંવિત્ છે.

તથાચ જ્યાં સ્વયંબુદ્ધ (બાહ્ય નિમિત્ત સિવાય પોતાની મેળે જ જાતિસ્મરણ આદિથી બોધ પામેલા) આદિ પ્રત્યેકબુદ્ધ આદિ આત્માઓને સમ્યક્ સંવિત્ જલદી-એકદમ ઉદય થાય છે. ત્યાં પણ નિસર્ગ સમ્યક્ શ્રદ્ધાની સત્તા છે જ; કેમ કે-તત્ત્વરૂચિ રૂપ સમ્યક્ શ્રદ્ધાનો વ્યભિચાર નથી. અર્થાત્ જ્યાં સમ્યક્ સંવિત્ છે, ત્યાં અવશ્ય સમ્યક્ શ્રદ્ધા છે જ. આ વ્યાપ્તિ અખંડ નિર્દેષ્ટ છે.

શંકા- પૂર્વની સત્તામાં ઉત્તરની સત્તાનો નિયમ નથી. જેમ કે- સમ્યગ્દર્શનની સત્તામાં સમ્યક્ સંવિત્ની સત્તા હોય ખરી અને ન પણ હોય. આ વાત ઉચિત લાગતી નથી, કેમ કે-અજ્ઞાનપૂર્વક શ્રદ્ધાનો પ્રસંગ આવી જાય !

વળી અવિજ્ઞાત (વિશેષતઃ નહિ જાણેલ) જીવ આદિમાં તત્ત્વનિશ્ચય રૂપ શ્રદ્ધાનનો અસંભવ હોઈ સમ્યક્ શ્રદ્ધાના અભાવનો પ્રસંગ આવી જાય ! વળી મિથ્યાજ્ઞાનના અભાવમાં ઉત્પન્ન એવી શ્રદ્ધા છતાંય જ્ઞાનની અપ્રાપ્તિ માનતાં આત્માને જ્ઞાનરૂપ ઉપયોગના અભાવનો પ્રસંગઆવી જાય ને ?

સમાધાન- જેટલું જ્ઞાન વિદ્યમાન છતાં, 'આ જ્ઞાન છે'- એવી પરિસમાપ્તિ- પર્યાપ્તિ થાય અર્થાત્ સમ્યગ્જ્ઞાનજ્ઞાપક પૂર્ણ જ્ઞાન રૂપ તેટલા જ્ઞાનના અનિયમની ઉક્તિ છે. અર્થાત્ જેમ ઉત્તર ઉત્તરની સત્તામાં પૂર્વ પૂર્વની સત્તાનો નિયમ છે, તેમ પૂર્વ પૂર્વની સત્તામાં ઉત્તર ઉત્તરની સત્તામાં વિકલ્પ રૂપ અનિયમ છે. જેમ કે- સમ્યગ્દર્શનના લાભમાં જ્ઞાન અને ચારિત્રનો વિકલ્પ છે, કેમ કે-દેવ, નારક, તિર્યંચ અને કેટલાક મનુષ્યોને સમકિત હોવા છતાં, આચારાંગ આદિ અંગપ્રવિષ્ટ, અનંગપ્રવિષ્ટ આદિ વિષયક જ્ઞાનની અસત્તા હોય છે અને દેશ કે સર્વચરિત્ર હોતું નથી; તથા જ્ઞાન પ્રાપ્ત થતાં કેટલાકને ચારિત્રમોહનીય કર્મના ઉદયથી નિયમા ચારિત્ર સંભવતું નથી.

કહેવાનો આશય એવો છે કે- સમ્યક્ રૂચિ રૂપ શ્રદ્ધામાં મતિજ્ઞાનના અપાયાંશ રૂપ જ્ઞાન છે, છતાં અપેક્ષાએ આગમ આદિ સંબંધી વિશિષ્ટ જ્ઞાનના અભાવનો વિકલ્પ છે.

શ્રદ્ધા અને જ્ઞાનનો ભેદ

કારણભેદે ભેદ- સમ્યક્ શ્રદ્ધાની ઉત્પત્તિમાં (૧) ક્ષયોપશમ, (૨) ક્ષય અને (૩) ઉપશમ-એમ ત્રણ કારણ છે, જ્યારે સમ્યક્ સંવિત્ની ઉત્પત્તિમાં (૧) ક્ષય અને (૨) ક્ષયોપશમ-એમ બે કારણ છે. એમ કારણભેદથી શ્રદ્ધા અને જ્ઞાનનો ભેદ છે.

विषयभेदे भेद- સમ્યક્ શ્રદ્ધા સર્વ દ્રવ્ય અને પર્યાયના વિષયવાળી છે. શ્રુતજ્ઞાનરૂપી સમ્યક્ સંવિત્ સર્વ દ્રવ્યોને વિષય કરનારી હોવા છતાં કેટલાક જ પર્યાયને વિષય કરનારી છે.

द्वन्द्व समासनो महिमा

'સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ સંવિત્ અને સમ્યક્ ચરણ'– એ મુક્તિના ઉપાયો છે. અહીં દ્વન્દ્વ સમાસ, આ સમ્યક્ શ્રદ્ધા-સમ્યક્ સંવિત્-સમ્યક્ ચરણ, એ ત્રણ સમુદિત (એકત્રિત) થયેલા જ મુક્તિ પ્રતિ ઉપાયો છે- એમ સૂચન કરે છે.

મુક્તિ પ્રત્યે એકલી સમ્યક્ શ્રદ્ધા ઉપાય નથી, કેમ કે-એકલી સમ્યક્ શ્રદ્ધાથી દેવલોકની પ્રાપ્તિ થાય છે. મુક્તિ પ્રત્યે એકલી સંવિત્ કારણ નથી, કેમ કે-એકલા જ્ઞાનનું ફળ જ્ઞેય પરિચ્છેદ છે. મુક્તિ પ્રત્યે એકલું ચારિત્ર કારણ નથી, કારણ કે- એકલી ક્રિયાનું કર્મોનો દેશથી ક્ષય રૂપ ફળ છે. અથવા મુક્તિ પ્રત્યે એકલું જ્ઞાન કારણપર્યાપ્ત નથી, કેમ કે-ક્રિયા વગરના પંગુની માફક તે મુક્તિસાધક નથી. મુક્તિ પ્રત્યે એકલી ક્રિયા પર્યાપ્તકારણ નથી, કેમ કે-વિશિષ્ટ જ્ઞાનરહિત અંધની માફક તે મુક્તિપ્રાપક નથી. માટે સમસ્ત સમ્યક્ શ્રદ્ધા-સંવિત્-ચરણ જ મોક્ષ પ્રત્યે કારણ છે. એકના પણ અભાવમાં મોક્ષ થતો નથી.

મુક્તિ શબ્દાર્થ- 'मुच्लृ मोचन'- એ ધાતુથી ભાવમાં 'क्ति' પ્રત્યય લાગવાથી 'મુક્તિ' શબ્દ બનેલ છે. અર્થાત્ આઠ પ્રકારના કર્મોથી મૂકાવું એનું નામ મુક્તિ છે.

उपायपदगत बहुवचननो महिमा

તે પૂર્વોક્ત મુક્તિના ઉપાયો એટલે સાધનો સમજવા. સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ સંવિત્ અને સમ્યક્ ચરણની સાથે સામાનાધિકરણ્ય (એક અધિકરણ વૃત્તિત્વ) હોવાથી, એક આત્મા રૂપ આધારમાં સમ્યક્ શ્રદ્ધા આદિની સાથે મુક્તિનું ઉપાયત્વ રહેતું હોઈ ઘણી વ્યક્તિઓમાં મુક્તિનો ઉપાય છે, માટે ઘણી વ્યક્તિઓની અપેક્ષાએ બહુવચન ઉપાય શબ્દમાં છે.

શંકા- સમ્યક્ શ્રદ્ધા આદિ ત્રણમાંથી એકનો પણ જો અભાવ હોય, તો મુક્તિ થતી નથી. જેમ કે-રોગને દૂર કરવા માટે અર્થી બનેલ રોગીને ઔષધના વિશે શ્રદ્ધાનો, રોગના અપહારકારકપણાના જ્ઞાનનો અને પથ્ય આદિના પાલનપૂર્વક આહાર રૂપ ક્રિયાપ્રવૃત્તિનો જો અભાવ થાય તો રોગ નાશ થતો નથી. તો કેવી રીતે શ્રદ્ધાદિ રૂપ સમુદાયમાં એક કાર્યનિરૂપિત કારણતાનું બોધક એકવચન છોડી વ્યક્તિના બહુત્વની અપેક્ષાએ ઉપાય શબ્દથી બહુવચન કેમ સ્વીકાર્યું છે ? જો આમ કરવામાં આવ્યું છે, તો પ્રત્યેક સમ્યક્ શ્રદ્ધા આદિ દરેકને કારણતાની પ્રાપ્તિનો પ્રસંગ થશે જ ને ?

સમાધાન- ભાઈ ! પૂર્વાચાર્યોએ 'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।' આ સ્થળે જેમ તમોએ કહ્યું તેમજ કહેલ છે. અર્થાત્ સમુદિત સમ્યગ્દર્શન આદિ ત્રણને અભિધેય કરીને પ્રવૃત્ત થયેલ 'મોક્ષમાર્ગ' શબ્દ એક હોઈ તે સમુદાયવાચક મોક્ષમાર્ગ શબ્દને એકવચન છે. ઇત્યાદિ જે કહેલ છે તે સત્ય છે.

જ્યારે અહીં 'सम्यक् श्रद्धा संविच्चरणानि मुक्त्युपायाः ।' આ સ્થળે દ્વન્દ્વ સમાસથી સમ્યક્ શ્રદ્ધા આદિ સમુદાયમાં જ એક મુક્તિનું ઉપાયપણું પ્રાપ્ત થઈ જ જાય છે.

અતએવ સમસ્ત (સમાસવાળા) પદના સામાનાધિકરણ્યના અનુરોધની અપેક્ષાએ ઉપાયશબ્દગત બહુવચન આદરેલ છે. આ જ મુદ્દાસર એક જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં નિસર્ગ અને અધિગમ-એમ બંનેમાં

હેતુપણાનો પ્રસંગ ન થઈ શકે ! એમ માનનારા પૂ. ઉમાસ્વાતિ વાચકમુખ્યે 'तन्निसर्गाधिगमाभ्यां' એમ નહિ કહીને 'तन्निसर्गादधिगमाद्वा' એ પ્રમાણે કહેલ છે. ટીકાકારોએ સમાસનું નહિ કરવાનું પ્રયોજન પણ આ પ્રમાણે કહેલ છે કે-જ્યાં દ્વન્દ્વ સમાસ નથી કરેલ, ત્યાં પ્રત્યેકનું પૃથક્ કારણપણું છે. જેમ કે- 'तन्निसर्गादधिगमाद्वा ।' અહીં સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં ભિન્ન ભિન્ન સ્થળે પ્રત્યેક પૃથક્ નિસર્ગ તથા અધિગમ કારણ છે.

શંકા- દ્વન્દ્વ સમાસ દ્વારા સમુદિતોનું જ જો ગ્રહણ માનવામાં આવે, તો 'तत्र तत्त्वानि जीवाजीव-पुण्यपापाश्रव संवरनिर्जरा बंधमोक्षा नव ।' ઇત્યાદિ સ્થળે દ્વન્દ્વ સમાસ દ્વારા જીવ આદિ સમુદાયને જ તત્ત્વ તરીકે કહેવાશે જ ને ? જીવ આદિ દરેકને તત્ત્વ તરીકે નહિ જ ગણાય ને ? આ વાત તો અનિષ્ટ છે.

સમાધાન- અહીં જીવ આદિ દરેક તત્ત્વ તરીકે કહેવાશે જ, કેમ કે-પ્રત્યેકને તત્ત્વ તરીકે સાબીત કરનાર સંખ્યાવાચક નવ શબ્દ જુદો આપેલ છે.

(तत्त्वत्वं जीवादिनवाऽन्य तमव्याप्यत्वमिति व्याप्ति लाभाय नव ग्रहणं ।)

તથાચ સમુદાય અને સમુદાયીનો કથંચિત્ અભેદ હોવાથી દ્વન્દ્વ સમાસ દ્વારા સમુદાયને જો તત્ત્વ કહેવાય, તો સમુદાયના અવયવભૂત પ્રત્યેકને તત્ત્વ કહેવાય જ.

અતએવ સમ્યક્ શ્રદ્ધાદિ સમુદાયમાં જો મુક્તિનું ઉપાયત્વ છે, તો દરેકને મુક્તિના ઉપાય તરીકે કહેવામાં શો વાંધો ? અથવા કથંચિત્ ભેદ પક્ષમાં પણ પ્રત્યેકમાં જે નથી તે સમુદાયમાં નથી. આવો ન્યાય હોવાથી, જો પ્રત્યેક સમ્યક્ શ્રદ્ધા આદિમાં મુક્તિનું ઉપાયપણું નથી, તો સમ્યક્ શ્રદ્ધા આદિ સમુદાયમાં મુક્તિનું ઉપાયપણું કેવી રીતે રહેશે ? માટે જ પ્રત્યેકને કારણ તરીકે માનીને 'मुक्त्युपायाः' એ શબ્દના બહુવચનનું ગર્ભિત કથન કરેલ છે.

પ્રત્યેકમાં સ્વરૂપયોગ્યતા રૂપ કારણતા હોવાથી, વ્યવહિત કારણના અભાવમાં ફલોપધાયક કારણની સત્તાથી જન્ય કાર્યની ઉત્પત્તિના પ્રસંગની આપત્તિ શક્ય નથી. ફલોપધાયકત્વ રૂપ કારણતાના અભિપ્રાયથી 'मोक्षमार्गः' એ પ્રમાણે ત્રિત્વ સંખ્યાની અપેક્ષાએ એક કાર્ય નિરૂપિત કારણતાબોધક એકવચનના આદરની સાથે વિરોધ નથી.

એવં ચ ચારિત્રની સત્તામાં જ્ઞાન અને દર્શનની અવશ્ય સત્તા હોઈ, અનન્યથા જ્ઞાનમાં અન્યથા સિદ્ધિના પ્રસંગના પરિહાર માટે પ્રત્યેક સમ્યક્ શ્રદ્ધા આદિમાં કારણતાબોધક બહુવચન આવશ્યક હોઈ આદરેલ છે.

અનન્યથા સિદ્ધનિયતપૂર્વક વૃત્તિકારણનો અર્થ

કાર્યથી નિયત એટલે અવશ્યં ભાવિની પૂર્વક્ષણવૃત્તિ છે. જેની તે કાર્યનિયત પૂર્વવૃત્તિ કારણ કહેવાય છે અથવા કાર્ય પ્રત્યે નિયત એટલે વ્યાપક હોતું જે પૂર્વવૃત્તિ, તે કારણ કહેવાય છે.

જેમ કે-ઘટ પ્રત્યે દંડ કારણ છે. ત્યાં ઘટ રૂપી કાર્ય પ્રત્યે દંડ વ્યાપક છે, જેમ કે- જ્યાં જ્યાં ઘટોપત્તિ છે ત્યાં ત્યાં દંડ છે. આવી વ્યાપ્તિ હોઈ દંડની વ્યાપકતા છે. એવં ઘટકાર્ય પૂર્વવર્તી દંડ છે. અર્થાત્ 'અનન્યથા સિદ્ધનિયત પૂર્વવૃત્તિકારણં' અહીં અનિયત રાસભ આદિ વારણ માટે નિયતપદ છે. કાર્યવારણ માટે પૂર્વપદ છે. દંડત્વ આદિ વલણ માટે અનન્યથા સિદ્ધત્વ છે.

અનન્યથા સિદ્ધત્વ એટલે અન્યથા સિદ્ધિશૂન્યપણું. વળી અન્યથા સિદ્ધિ એટલે અવશ્ય કલૃપ્ત નિયતપૂર્વવર્તી વડે કાર્યના નિર્વાહ છતાં તત્સહ ભૂતત્વ. જેમ કે- અવશ્ય કલૃપ્ત નિયતપૂર્વવર્તી દંડ આદિથી જ ઘટ રૂપી કાર્યના સંભવમાં તે દંડની સાથે રહેલ દંડત્વ આદિમાં તત્સહભૂતપણું હોઈ અન્યથા સિદ્ધ છે.

તથાચ આ સંપૂર્ણ જૈનદર્શનનું મોક્ષના અનન્ય કારણ રૂપ રત્નત્રયીમાં જ રહસ્ય હોઈ રત્નત્રયી પ્રત્યે ગૌરવ-બહુમાન દર્શાવવા માટે બહુવચનનું કથન છે.

શંકા- ક્ષાયિક સમ્યક્ શ્રદ્ધા આદિમાં જ મુક્તિનું હેતુપણું છે, તો કેવલ સમ્યક્ શ્રદ્ધા આદિમાં મુક્તિનું ઉપાયપણું કેવી રીતે કહેવાય છે ? એથી જ તો 'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षसाधनं' -એમ નહિ કહીને, 'मोक्षमार्गः' એમ પ્રભુ ઉમાસ્વાતિ વાચકમુખ્યે રચેલ છે : અને ભાષ્યટીકાકારોએ સમસ્ત વિઘ્નોથી રહિત પાટલીપુત્રગામી માર્ગની માફક સમજવો. આવી વ્યાખ્યા કરેલ છે.

સમાધાન- પરસાપેક્ષ-સમુદિત-સર્વદર્શન આદિ મોક્ષના સાધનો છે.

અર્થાત્ સમ્યગ્દર્શન હોવા છતાં જો જ્ઞાન ન થાય અને સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં જો ક્રિયા વિદ્યમાન ન હોય, તો પ્રત્યેક ઈષ્ટ અર્થના સાધક બનતા નથી.

અહીં મોક્ષમાર્ગ રૂપી પદનું વ્યાખ્યાન શ્રી ઉમાસ્વાતિ વાચકમુખ્યે 'આ સમ્યગ્દર્શનાદિ સમસ્ત સાધનો છે' એમ કરેલ છે અને માર્ગપદનો અર્થ સાધન સિવાય બીજો અર્થ કહેવો અશક્ય છે.

શંકા- ક્ષાયિક સમ્યગ્દર્શન આદિ સિવાયના બીજા ક્ષાયોપશમિક આદિ પરંપરાકારણ-કારણથી અન્યથા સિદ્ધ હોઈ મુક્તિ પ્રત્યે સાધન કેવી રીતે ?

સમાધાન- વ્યવહિત કારણોમાં પણ સાધનપણું અક્ષત છે-એવું જો ન માનો, તો મુક્તિ પ્રત્યે સંપૂર્ણ કર્મક્ષયમાં જ કારણપણાનો પ્રસંગ આવે !

બીજી વાત એવી છે કે-વિશેષ (કારણ)થી સામાન્ય(કારણ)માં અન્યથા સિદ્ધિનો અસંભવ છે, કેમ કે- નિલદંડથી (વિશેષ કારણ રૂપ દંડથી) સામાન્ય દંડની અન્યથા સિદ્ધિ કોઈને સંમત નથી.

શંકા-સકલકર્મક્ષય રૂપ મોક્ષ પ્રત્યે ક્ષાયિક સમ્યક્ત્વ આદિનું અવ્યવહિતપણું હોઈ કારણપણું છે, જ્યારે તે ક્ષાયિક સમ્યક્ત્વ આદિથી ભિન્ન-બીજા ક્ષાયોપશમિક આદિનું વ્યવહિતપણું હોઈ માર્ગપણું છે. અર્થાત્ ક્ષાયિક સમ્યગ્દર્શન આદિને કારણ કહીએ અને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન આદિને માર્ગ કહીએ તો શો વાંધો છે ?

સમાધાન- સમસ્ત કર્મક્ષય રૂપ મોક્ષ આત્માના સ્વભાવ રૂપ હોઈ સ્થાન રૂપ નહિ હોવાથી, તે મોક્ષ પ્રત્યે સમ્યગ્દર્શન આદિમાં માર્ગપણાનું રૂપણ અસંભવિત હોઈ બંનેમાં કારણતા છે.

આ જ કારણથી ભાષ્યટીકાકારોએ કર્મક્ષય રૂપ મોક્ષપદનો અર્થ કહેવા છતાંય, 'અથવા' એ પ્રમાણે કહીને બીજા કલ્પ-પક્ષના અવલંબનથી ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી (સિદ્ધ. શિલા) રૂપ સ્થાન મોક્ષ શબ્દથી કહેવાને ઈષ્ટ છે, કેમ કે-સિદ્ધશિલા ઉપર યોજનના કોસનો છઠ્ઠો ભાગ ભગવંતોનો આકાશદેશ આધાર સર્વજ્ઞોએ કહેલો છે. તે સ્થાન રૂપ મોક્ષનો આ સમ્યગ્દર્શન આદિ માર્ગ છે. ઈતિ દિક્.

ननु सम्यक्श्रद्धासंविच्चरणेषु त्रित्वावच्छेदेन कारणत्वोक्तावपि समुदायिनामज्ञाने समुदाय-ज्ञानाभावेन तत् कारणताया बोधासम्भवात्तत्प्रतिपत्त्यर्थं यथोद्देशं सम्यक्श्रद्धां लक्षयति –

तत्त्वेष्वास्था सम्यक्श्रद्धा । २ ।

तत्त्वेष्विति । तत्त्वेषु जीवादिषु आस्था-अभिरुचिः सम्यक्श्रद्धेत्यर्थः । आस्था च पौरुषेयो जीवस्य शक्तिविशेषो यामासाद्यायं सम्यग्दर्शनीत्युच्यते । ननु सम्यक्त्वमोहनीय-कर्मपुद्गलद्रव्यं, आत्मपरिणामविशेषस्यैव मोक्षकारणत्वेन विवक्षितत्वात् । तत्रापनीतमिथ्या-स्वभावसम्यक्त्वपुञ्जगतपुद्गलवेदनस्वरूपं क्षायोपशमिकं पौद्गलिकं सम्यक्त्वम्, केवलजीव-परिणामरूपं पुञ्जत्रयस्य सर्वथा क्षयादुपशमाच्च जातं क्षायिकमौपशमिकञ्चापौद्गलिकम् ॥

तथा नैश्चयिकव्यावहारिकभेदेन सम्यक्त्वं द्विविधम्, तत्र यद्देशकालसंहननानुरूपं यथाशक्ति यथावत्संयमानुष्ठानरूपमविकलं मुनिवृत्तं तन्नैश्चयिकं सम्यक्त्वम्, व्यावहारिकं तु न केवलं उपशमादिलिङ्गगम्यश्शुभात्मपरिणामः, किन्तु सम्यक्त्वहेतुरपि अर्हच्छासनप्रीत्यादिः । तदपि पारम्पर्येण शुद्धचेतसामपवर्गहेतुर्भवति, एवं त्रिचतुःपञ्चदशविधमपि तद्भवतीति बोध्यम् ॥ न च सम्यग्दर्शनं विहाय सम्यक्श्रद्धा कथमुक्तेति वाच्यम् । तथोक्तावपि श्रद्धाया एवाभिप्रेतत्वात् । न च तत्त्वपदेन न जीवादीनां ग्रहणं भाववाचित्वादिति वाच्यम्, भावस्य तदभिन्नत्वेनाध्यारोपाद् यथा ज्ञानमेवात्मेति । न च तर्ह्यर्थेष्वास्थेत्येवोच्यतामिति वाच्यं तत्त्वग्रहणमन्तरेण मिथ्यावादिप्रणीतेषु सर्वार्थेषु श्रद्धायाः सम्यक्श्रद्धात्वापत्तेः । तथा च तत्त्वाव्यभिचारिण्यभिरुचिः सम्यक्श्रद्धेति फलितार्थः । न चाभिरुचिरभिलाषः, स चात्मनो बहुश्रुतत्वप्रख्यापनार्थमधीतार्हतदर्शनेषु मिथ्यादृष्टिष्वप्यस्तीति वाच्यं, आत्मनः पौरुषेयशक्ति-विशेषस्यैवाभिरुचिपदेन विवक्षितत्वात्, अन्यथा लोभात्मकयाभिलाषस्य क्षीण-मोहकेवलिन्यभावेन तत्र सम्यक्त्वाभावप्रसङ्गात्, तस्याश्च शक्तेः यथार्हदागमं रागाद्यनुद्रेकात् संवेगात् विषयानभिष्वङ्गात् सर्वप्राणिषु कृपोदयादास्तिक्यबुद्धेश्चाभिव्यज्यमानत्वात् । इयञ्च शक्तिविशेषलक्षणाभिरुचिरान्तरश्रद्धेत्युच्यते, तदुपकारितया तत्प्ररूपणप्रवणसूत्रशब्दराशिरपि सम्यक्श्रद्धानमुच्यते, तदुत्पादोपकरणतया च कर्मविशेषः सम्यक्त्वाख्यां लभते । इयं सर्वद्रव्यभावविषयाऽभिरुचिरूपा सम्यक्श्रद्धैकरूपापि परोपदेशापरोपदेशरूपबाह्यनिमित्तभेदतो द्वैविध्यमश्नुते, उभयविधायामपि तस्यां क्षयक्षयोपशमोपशमसास्वादनवेदकरूपनिमित्तभेदतश्च भेद आन्तरोऽवसेयः । तत्र परोपदेश उपलक्षकः, आगमप्रतिमादर्शनशिक्षानिमित्तादीनाम्, तथा

च परसहकारेण तत्त्वाव्यभिचारिजीवादिपदार्थाभिरुचिरधिगमसम्यक्श्रद्धा, यथाप्रवृत्त्यपूर्वानिवृत्ति-करणमात्रसहकारेण तत्त्वाव्यभिचारिजीवादिपदार्थाभिरुचिर्निसर्गसम्यक्श्रद्धेति च विज्ञेया ॥

ભલે, સમ્યક્ શ્રદ્ધા-સંવિત્-ચરણ રૂપ ત્રણના સમુદાયમાં કારણપણાનું કથન કર્યું, પણ સમુદાયગત અવયવોના અજ્ઞાનમાં સમુદાયનું જ્ઞાન અસંભવિત હોઈ તે સમુદાયગત કારણતાનું જ્ઞાન સંભવિત થાય છે. તેથી સમુદાયવર્તી અવયવોનું કારણ જણાવવા માટે ઉદ્દેશ પ્રમાણે પહેલાં સમ્યક્ શ્રદ્ધાનું લક્ષણ જણાવે છે.

ભાવાર્થ- જીવ આદિ તત્ત્વોમાં આસ્થા એટલે અભિરૂચિ અને શ્રી જિનેન્દ્ર ભગવાન પ્રણીત જ જીવાદિ વસ્તુ સત્ય જ છે, એ જ સમ્યક્ શ્રદ્ધા તરીકે નવાજાય છે.

વિવેચન- વળી રૂચિ રૂપ આસ્થા જીવની પૌરુષેય (આત્મિક વીર્યોલ્લાસજનિત) વિશિષ્ટ શક્તિ તરીકે ઓળખાવાય છે, કે જે રૂચિની અપેક્ષાએ જીવ સમ્યગ્દર્શની કહેવાય છે; નહિ કે સમ્યક્ત્વ મોહનીયકર્મ પુદ્ગલદ્રવ્યની અપેક્ષાએ; કેમ કે-આત્માના વિશિષ્ટ પરિણામમાં જ મોક્ષની કારણતા વિવક્ષિત છે.

सम्यक्त्वना चार भेदो

(૧) પૌદ્ગલિક સમ્યક્ત્વ- જેમાંથી મિથ્યા સ્વભાવ દૂર થયો છે, એવા સમ્યક્ત્વ-શુદ્ધ મિથ્યાત્વના પુદ્ગલોના પુંજ ગત પુદ્ગલના અનુભવવાના સ્વરૂપવાળું ક્ષાયોપશમિક, પૌદ્ગલિક સમક્તિ કહેવાય છે.

(૨) અપૌદ્ગલિક સમ્યક્ત્વ- દર્શનમોહનીયના સમ્યક્ત્વ શુદ્ધ, અર્ધશુદ્ધ (મિશ્ર) અને અશુદ્ધ (મિથ્યાત્વ) રૂપ ત્રણ પુંજના સર્વથા ક્ષયથી થયેલ ક્ષાયિક અને ઉપશમથી થયેલ ઔપશમિક સમકિત અપૌદ્ગલિક કહેવાય છે, કેમ કે-કેવળ જીવપરિણામ રૂપ છે.

(૩) નૈશ્ચયિક સમ્યક્ત્વ- જે દેશ-કાળ-સંઘયણ અનુસાર શક્તિને ઉલંઘ્યા સિવાય યથાર્થ સંયમના અનુષ્ઠાન રૂપ, સંપૂર્ણ અને મુનિના આચાર 'सम्यक्त्वमेन तन्मौनं, मौनं सम्यक्त्वमेव च'-એ ન્યાયથી નૈશ્ચયિક-નિશ્ચયનયથી સમ્યક્ત્વ કહેવાય છે.

(૪) વ્યાવહારિક સમ્યક્ત્વ-શ્રી જિનેન્દ્ર પ્રવચનના પ્રબલ તત્ત્વના અનુરાગથી દોષોની પ્રશાંતિ રૂપ, વિષયપરિભોગ ત્યાગ રૂપ, અતત્ત્વના ત્યાગરૂપ અને તત્ત્વના સ્વીકાર રૂપ 'ઉપશમ.'

શ્રી જૈન પ્રવચન અનુસાર નરક આદિ ચાર ગતિના અવલોકનથી દુઃખભર્યા ચતુર્ગતિ રૂપ સંસારથી સમ્યગ્ ભય, અતએવ હું એવો યત્ન કરું, કે જેથી ભવનો ભય ભાગી જાય, આવો મુક્તિ પ્રત્યે જવાનો તીવ્ર વેગ 'સંવેગ.'

શ્રી જિનેન્દ્ર ભગવંતના ઉપદેશ અનુસાર વિષયો પ્રત્યે આસક્તિનો અભાવ 'નિર્વેદ.'

શ્રી જિન પ્રવચન અનુસાર જીવ માત્ર પ્રત્યે દયાભાવ. જેમ કે-બધાય જીવો સુખના અર્થી છે અને દુઃખના ધ્વંસના અર્થી છે. માટે આ જીવોને જરા જેટલી પણ પીડા નહિ કરવી, આવો વિચાર કરી ચિત્તની આવી આર્દ્રતા 'અનુકંપા.'

શ્રી જૈનેન્દ્ર પ્રવચનમાં ઉપદેશેલ જીવ, પરલોક ઇત્યાદિ સર્વ અતીન્દ્રય પદાર્થો છે, આવી અસ્તિત્વ વિષય બુદ્ધિ 'આસ્તિક્ય.'

આવા ઉપશમ આદિ પાંચ ચિન્હોથી અનુમેય-શુભ આત્મપરિણામ વ્યાવહારિક સમ્યક્ત્વ કહેવાય છે.

વળી સમ્યક્ત્વના જેટલા હેતુઓ શ્રી જૈનશાસન પ્રીતિ-પ્રભાવના વગેરે હેતુઓ છે, તે વ્યાવહારિક સમ્યક્ત્વ કહેવાય છે, કેમ કે-તે પણ પરંપરાએ શુદ્ધ મનવાળાઓને મોક્ષનો હેતુ થાય છે.

सम्यक्त्वना दश भेदो

(૧) **એકવિધ**- તત્ત્વરૂચિ નામનું સમક્તિ એક પ્રકારનું છે.

(૨) **દ્વિવિધ**- નિસર્ગ, અધિગમ- એમ સમક્તિ બે પ્રકારનું છે.

(૩) **ત્રિવિધ**- ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક અથવા કારક, રોચક અને દીપક એમ ત્રણ પ્રકારનું સમક્તિ છે.

(૪) **ચતુર્વિધ**- ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને સાસ્વાદનના ભેદથી ચાર પ્રકારનું સમક્તિ છે.

(૫) **પંચવિધ**- ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, સાસ્વાદન અને વેદકના ભેદથી પાંચ પ્રકારનું સમક્તિ છે.

(૬) **દશવિધ**- નિસર્ગ, ઉપદેશ, આજ્ઞા, સૂત્ર, બીજ, અભિગમ, વિસ્તાર, ક્રિયા, સંક્ષેપ અને ધર્મરૂચિ રૂપ દશ પ્રકારનું સમક્તિ છે.

શંકા- અહીં સમ્યગ્દર્શન શબ્દ છોડી સમ્યક્ શ્રદ્ધા પદ કેમ કહેલ છે ?

સમાધાન- શબ્દભેદ હોવા છતાં અર્થભેદ નહિ હોવાથી કોઈ વાંધો નથી, કેમ કે- સમ્યગ્દર્શન પદથી સમ્યક્ શ્રદ્ધા જ અભિપ્રાયના વિષય રૂપ છે.

શંકા- અહીં તત્ત્વપદ ભાવવાચક હોઈ જીવ આદિ પદાર્થોનું ગ્રહણ કેમ થઈ શકે ?

સમાધાન- ભાવનું જીવ આદિમાં (અનાદિ પારિણામિક જીવત્વ અને ઉપયોગ રૂપ ભાવનું તથા સાદિપારિણામિક મનુષ્ય-નારક-તિર્યક્-દેવ આદિ ભાવનું જીવની સાથે, અનાદિ પારિણામિક અજીવત્વ-અનુપયોગસ્વરૂપ ભાવનું સાદિપારિણામિક કૃષ્ણ-નીલાદિ રૂપ ભાવનું પુદ્ગલની સાથે અને અનાદિ પારિણામિક ગતિ-સ્થિતિ-અવગાહ રૂપ ભાવનું ધર્મ-અધર્મ-આકાશની સાથે અભિન્નપણું છે.) અભિન્નપણાનો અધ્યારોપ હોઈ ભાવ-ભાવવાળા દ્રવ્યો એક જ છે. જેમ કે-જ્ઞાન જ આત્મા છે અર્થાત્ જ્ઞાન આત્માની સાથે અભિન્ન રૂપે વ્યવસ્થિત છે.

શંકા- જો આમ છે, તો 'અર્થોમાં આસ્થા'- એવું સમ્યક્ શ્રદ્ધાનું લક્ષણ બાંધો ! શા માટે 'તત્ત્વોમાં આસ્થા'- એવું સમ્યક્ શ્રદ્ધાનું લક્ષણ રાખો છો ?

સમાધાન- જો 'તત્ત્વોમાં શ્રદ્ધા'- એવું લક્ષણ ન બાંધવામાં આવે, તો મિથ્યાવાદીઓએ કહેલ સઘળા અર્થોમાં રહેલ શ્રદ્ધામાં સમ્યક્ શ્રદ્ધાપણાની આપત્તિ પ્રાપ્ત થઈ જાય !

એટલે જ તો શ્રી જિનેન્દ્રપ્રણીત તત્ત્વની સાથે સમ્યક્ અભિરૂચિ, એ જ સમ્યક્ શ્રદ્ધા છે-એમ નીચોડ રૂપે અર્થ સમજવો.

શંકા- જો અભિલાષા માત્રને અભિરૂચિ માનવામાં આવે, તો જૈનદર્શનવેત્તા-અધ્યાપક એવા મિથ્યાદૃષ્ટિઓમાં પણ પોતાની બહુશ્રુતપણાની પ્રસિદ્ધિ માટેની અભિલાષા છે, તો ત્યાં પણ અભિલાષા માત્રથી સમ્યક્ શ્રદ્ધાપણું કેમ નહિ ?

સમાધાન- અહીં અભિરૂચિ પદથી આત્માની વિશિષ્ટ પૌરુષેય શક્તિ જ અધિકૃત છે.

જો જીવની પૌરુષેય શક્તિવિશેષને અભિરૂચિ પદથી ન ગ્રહણ કરવામાં આવે અને ઇચ્છા માત્ર ગ્રહણ કરવામાં આવે, તો લોભ રૂપ ઇચ્છાનો ક્ષીણમોહવાળા કેવલીમાં અભાવ હોઈ તે ક્ષીણમોહકેવલીમાં સમ્યક્ત્વમાં અભાવની આપત્તિ આવી જાય !

તે જીવની વિશિષ્ટ પૌરુષેય શક્તિ શ્રી જિનેન્દ્ર પ્રવચન અનુસારે પ્રકટેલ રાગ આદિ ઉત્કટ દોષોના ઉપશમથી, મોક્ષની અભિલાષ રૂપ સંવેગથી, વિષયની અનાસક્તિ રૂપ નિર્વેદથી, સર્વ પ્રાણીવિષયક દયાથી અને આસ્તિક્ય બુદ્ધિથી અભિવ્યક્ત થાય છે.

વળી આ જીવની રૂચિનામક પૌરુષેય શક્તિ જ સમ્યક્ શ્રદ્ધાનું આંતરલક્ષણ છે. આંતરલક્ષણ પ્રત્યે પ્રરૂપણમાં તે ઉપકારક હોઈ સૂત્રની શબ્દરાશિ 'तत्त्वेष्वास्था सम्यक् श्रद्धा' ઇત્યાદિ પણ સમ્યક્ શ્રદ્ધાના બાહ્ય લક્ષણ તરીકે કહેવાય છે.

વળી સમ્યક્ શ્રદ્ધાની ઉત્પત્તિ પ્રત્યે ઉપકરણપણું હોઈ, મિથ્યાત્વમોહનીયના શુદ્ધ પુદ્ગલ રૂપ કર્મવિશેષ, સમ્યક્ત્વ તરીકેની સંજ્ઞાને પામે છે.

સમ્યક્ત્વ શબ્દ એક હોવા છતાં અર્થભેદ છે

જીવની પૌરુષેય શક્તિ રૂપ રૂચિને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. તત્પ્રરૂપક સૂત્રશબ્દરાશિને પણ અપેક્ષાએ સમ્યક્ત્વ-સમ્યક્ શ્રદ્ધાન તરીકે કહેવામાં આવે છે.

રૂચિ રૂપ સમ્યક્ત્વની ઉત્પત્તિના ઉપકરણની અપેક્ષાએ શુદ્ધ મિથ્યાત્વના પુદ્ગલ રૂપ વિશિષ્ટ કર્મને સમ્યક્ત્વ (મોહનીય) તરીકે કહેવામાં આવે છે.

અભિરૂચિના ભેદો

આ સર્વ દ્રવ્યપર્યાયના વિષયવાળી અભિરૂચિ રૂપ સમ્યક્ શ્રદ્ધા તત્ત્વરૂચિ રૂપે એક પ્રકારની હોવા છતાં, તીર્થંકર આદિ ઉપદેશ રૂપ પરોપદેશ અને તીર્થંકર આદિ ઉપદેશના અભાવ રૂપ અપરોપદેશ રૂપ બે નિમિત્તના ભેદથી બે પ્રકારની છે. બે પ્રકારની હોવા છતાં પણ અભિરૂચિ રૂપ સમ્યક્ શ્રદ્ધામાં-

(૧) ક્ષપકશ્રેણી સ્વીકારનારમાં સમ્યક્ત્વ-મિશ્ર-મિથ્યાત્વ પુંજ રૂપ ત્રણ પ્રકારના દર્શનમોહનીયનો સંપૂર્ણ 'ક્ષય' કારણ છે.

(૨) ઉદય પામેલ મિથ્યાત્વમોહનીયનો વિપાક ઉદયથી વેદન હોઈ ક્ષય થવાથી અને નહિ ઉદય પામેલ મિથ્યાત્વમોહનીયનો ઉપશમ થવાથી, 'ક્ષયોપશમ.' અહીં શુદ્ધ મિથ્યાત્વ પુંજના પુદ્ગલો વિપાકોદયથી અશુદ્ધ મિથ્યાત્વ પુંજના પુદ્ગલો પ્રદેશ ઉદયથી વેદાય છે.

(૩) ગ્રંથીભેદ કરનારમાં અથવા ઉપશમશ્રેણીના આરંભમાં મિથ્યાત્વ રૂપ દર્શનમોહનીયનો 'ઉપશમ' કારણ છે. અહીં સર્વથા ઉદય માત્રનો અભાવ છે.

(४) પૂર્વે કહેલ ઔપશમિક સમ્યક્ત્વના વમનકાળે તેના આસ્વાદ રૂપ 'સાસ્વાદન.'

(૫) ક્ષપકશ્રેણીને પામેલા આત્મામાં ચાર અનંતાનુબંધી અને મિથ્યાત્વ તથા મિશ્ર પુંજનો ક્ષય કર્યા બાદ જ્યારે સમ્યક્ત્વ પુંજનો ક્ષય ચાલુ છે, ત્યારે તેના સંબંધી છેલ્લા પુદ્ગલના ક્ષય કરવામાં ઉજમાળ તે જીવને જે ચરમ પુદ્ગલના વેદન રૂપ થાય, તેને 'વેદક' કહેવાય છે.

આવી રીતે ક્ષય-ક્ષયોપશમ-ઉપશમ-સાસ્વાદન અને વેદક રૂપ નિમિત્તનો ભેદ એ અંતરંગ-આંતરિક ભેદ જાણવો. અર્થાત્ ક્ષય આદિ આંતર ભેદથી અભિરૂચિ રૂપ સમ્યક્ શ્રદ્ધા, ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔપશમિક-સાસ્વાદન-વેદક ભેદે પાંચ પ્રકારની છે.

પરોપદેશ અને અપરોપદેશના ભેદથી આ ક્ષાયિક આદિ પાંચને ગુણવાથી સમ્યક્ શ્રદ્ધા દશ પ્રકારની છે.

એવં ચ અહીં પરોપદેશ પદ આગમ-શ્રવણ-શિક્ષા-ઉપદેશ-નિમિત્ત આદિનું ઉપલક્ષક છે. (સ્વબોધક હોઈ સ્વઈતર બોધક પદ ઉપલક્ષક પદ કહેવાય છે.)

પરોપદેશથી ઉપલક્ષિત આગમ આદિનું વર્ણન

(૧) **આગમ**- પૂર્વાપરવિરોધ-શંકારહિત સર્વજ્ઞપ્રણીત આગમ-શાસ્ત્રની સમીક્ષાથી તત્ત્વરૂચિ 'આગમ' કહેવાય છે.

(૨) **નિમિત્ત**- ઉત્પન્ન થનાર સમ્યગ્દર્શનમાં જે જે બાહ્ય વસ્તુ, જેમ કે-શ્રી જિનપ્રતિમા વગેરે તે તે સઘળી વસ્તુ 'નિમિત્ત' કહેવાય છે.

(૩) **શ્રવણ**- સાંભળવાથી જે થાય છે, તે 'શ્રવણ' કહેવાય છે.

(૪) **શિક્ષા**- શ્રી જિનેન્દ્ર પ્રવચન-આગમ અનુસારી વારંવાર અભ્યાસ રૂપ શિક્ષાથી જે પેદા થાય, તે 'શિક્ષા' કહેવાય છે.

(૫) **ઉપદેશ**- ગુરુના ઉપદેશથી જે પ્રકટિત થાય, તે 'ઉપદેશ' કહેવાય છે.

તથાચ પરના સહકારથી તત્ત્વની સાથે અવ્યભિચારી, જીવ આદિ પદાર્થવિષયક અભિરૂચિ 'અધિગમ સમ્યક્ શ્રદ્ધા' કહેવાય છે. યથાપ્રવૃત્તિકરણ-અપૂર્વકરણ-અનિવૃત્તિકરણ માત્રના સહકારથી (આત્મપરિણામ વિશેષથી સહકૃત) તત્ત્વની સાથે અવ્યભિચારી, જીવ આદિ પદાર્થવિષયક અભિરૂચિ 'નિસર્ગ સમ્યક્ શ્રદ્ધા' કહેવાય છે.

ननु तत्त्वेष्वास्था सम्यक्श्रद्धेत्युक्तं, तत्र कानि तत्त्वानि, येष्वभिरुचिस्सम्यक्छ्रद्धा भवेत् कियन्ति च तानि, यतस्तदियत्ताज्ञानाभावात्सम्यक्श्रद्धाऽपूर्णा भवेदित्याशंकायामाह-

तत्र तत्त्वानि जीवाजीवपुण्यपापाश्रवसंवरनिर्जराबन्धमोक्षा नव । ३ ।

तत्रेति तच्छब्देन तत्त्वेष्वास्था सम्यक्श्रद्धेति वाक्यस्य परामर्शः, त्रल्प्रत्ययार्थो[1] घटकत्वम्, तथा च तत्त्वेष्वास्था सम्यक्श्रद्धेति वाक्यघटकानि तत्त्वानि जीवादिभेदेन नवेत्यर्थः । अत्र

१. हैमशब्दानुशासनेतु (सप्तम्याः ७-२-९४) इत्यनेन-त्रप् ।

तत्त्वशब्दस्य जीवादिभावबोधकस्य सामानाधिकरण्यानुरोधेन जीवादिषूपचरितत्वेऽपि विना मत्वर्थप्रत्ययप्रयोगमजहल्लिङ्गत्वेन नपुंसकत्वं, जीवादिषु वर्त्तमानत्वादेव बहुवचनान्तत्वञ्च । भाववाचकत्वेऽपि वा धर्मधर्मिणोः कथञ्चिदभेदेन तद्बहुत्वप्रयुक्तं बहुवचनानन्तत्वम् । जीवादिमोक्षान्तं यावद् द्वन्द्वः, तत्र कालत्रयेऽपि जीवनाज्जीवः, तद्विपरीतोऽजीवः, पुनाति प्रीणयत्यात्मानमिति पुण्यं पूयतेऽनेनेति वा पुण्यं सद्वेद्यादिकम्, तत्प्रतिद्वन्द्विरूपं पातिरक्षत्यात्मानं शुभपरिणामादिति पापमसद्वेद्यादिकम्, येन कर्मास्रवति, आस्रवणमात्रं वाऽऽस्रवः, येन संव्रियते संरुध्यते, संरोधनमात्रं वा संवरः, यया निर्जीर्यते निरस्यते, निरसनमात्रं वा निर्जरा, येन बध्यतेऽस्वतंत्रीक्रियते, बंधनमात्रं वा बन्धः, येन मोक्ष्यतेऽस्यते मोक्षणमात्रं वा मोक्षः । एतेषां लक्षणप्रभेदादयश्चाग्रे वक्ष्यन्ते । ननु पुण्यादयो न जीवाजीवाभ्यां पृथग्भूताः, यतः पुण्यपापबन्धाश्रवा अजीवरूपाः, संवरो निवृत्तिरूपो जीवपरिणामः, निर्जरा कर्मपार्थक्यापादकजीवपरिणामः शक्तिरूपः । मोक्षोऽपि समस्तकर्मक्षयरूपः, स्थानविशेषप्राप्तिरूपः, स्वस्वरूपावस्थितिरूपो वा जीवपरिणामविशेष एव । नैते जीवाजीवाभ्यामर्थान्तरभूता इति कथं जीवाजीवाभ्यां द्वैविध्यं परिहृत्य नवधा विभाग आदृतः, मैवम्, जीवाजीवयोः परस्परोपश्लेषात्मकसंसारस्य प्रधानहेतूनां तदुपरमस्य वा परिज्ञानाभावे प्राप्यस्य मोक्षस्य परिज्ञानासम्भवेन तत्परिज्ञापनार्थं पृथगुपादानात् । सिद्ध्यसिद्धिभ्यां व्याघातेन पर्यनुयोगानुपपत्तेः । जीवाजीवाभ्यां हि पुण्यादीन्युपलभ्यार्थान्तरतया पर्यनुयोगेऽर्थान्तरत्वस्यात् एव सिद्धत्वाद् व्याघातः, अनुपलभ्य पर्यनुयोगेऽनुपलम्भादेव पर्यनुयोगे व्याघात इति, पर्यायार्पणं गौणीकृत्य द्रव्यार्पणप्राधान्येन जीवाजीवयोः कथञ्चिदन्तर्भावेऽपि द्रव्यार्पणं गौणीकृत्य पर्यायार्पणप्राधान्ये तत्र तेषामन्तर्भावासम्भवेन तदपेक्षया पृथगुपादानाच्च। नन्वस्तु तेषां पार्थक्यमेवंक्रमेण विन्यसने तु किं निबन्धनमिति चेदुच्यते, मोक्षशास्त्रं हीदम्, तथा क्रियमाणे मोक्षोपदेशे सावधिकमोक्षशब्दश्रवणाच्छ्रोतुराशङ्का स्वभावत एव जागृयात् कस्य कस्मात् कथं मोक्ष इति, तदपनोदनाय जीवस्य बन्धात् संवरनिर्जराभ्यां मोक्ष इति वाच्यम् । तत्र केन कथं बन्ध इति जागृतेऽनुयोगेऽजीवेनाऽऽस्रवद्वारा बन्ध इत्यभिधानीयम् । तत्र कियन्तोऽजीवाः किं सर्वैर्बन्ध इति पृच्छायां, पञ्चधाजीवाः, पुण्यपापात्मकपुद्गलविशेषैरेव बन्ध इति समाहिते सामान्यतो बन्धमोक्षकारणेषु हेयोपादेयत्वबुद्धिः सुलभतया स्यादतो मुक्त्याश्रयत्वेन प्राधान्याज्जीवस्य ततस्तद्विरुद्धस्याजीवस्य ततो मुक्तिप्रतिद्वन्द्विबन्धकारणत्वेन पुण्यपापाश्रवाणां मुक्तिकारणत्वेन संवरनिर्जरयोस्ततो मुक्तिप्रतिद्वन्द्विनो बन्धस्य ततः

परिशेषान्मोक्षस्य निर्द्देश इति क्रमविन्यासहेतवो बोध्याः । यद्वा जीवसंश्लिष्टकृत्स्नकर्मणां क्षयो हि मोक्षः, सोऽप्यात्मपरिणामविशेष एवेति प्राधान्याज्जीवस्य, कर्मणामजीवविशेषत्वेन तत्सामान्य-ज्ञानार्थमजीवस्य, पापात्मकस्यैव कर्मणो विनाशे न मोक्षोऽपि तु पुण्यात्मकस्यापीति दर्शयितुमभ्यर्हितं पूर्वमितिन्यायेन च ततः-पुण्यपापे, पुण्यपापयोः कथं संश्लेषः कथं वा विनाश इति शंकासमाधानाय तत आस्रवस्तत आगच्छत्कर्मनिरोधपूर्वकागतकर्मपरिशाटनस्य सुकरत्वात् संवरनिर्ज रे, ततश्च प्रतियोगितया कर्मसंश्लेषरूपबन्धस्य ततः परिशिष्टस्य मोक्षस्य निर्देश इति क्रमे सम्बन्धो विज्ञेयः । ननु द्वन्द्वोत्तरबहुवचनादेव तद्घटकपदार्थमात्रवृत्तिसंख्याया बोधसम्भवेन नवत्वप्राप्तौ नवग्रहणं न कर्त्तव्यमितिचेद्युक्तमेतत्तथापि प्राधान्येनैकैकस्मिन् तत्त्वस्य प्रख्यापनाय तद्ग्रहणमन्यथा समुदाय एव तत्त्वप्राप्तिशङ्का स्यात् । आनुकूल्यप्राति-कूल्याभ्यामेतानि नवैव तत्त्वानि मोक्षोपयोगीनीति सूचयितुं वा तद्ग्रहणम् ॥ ननु पुण्यपापयोः कर्मलक्षणयोः पुद्गलात्मकतयाऽजीवेऽन्तर्भावसम्भवेन सप्तैव तत्त्वानीति चेन्मैवं, शुद्धपुद्गलानां पुण्यपापरूपत्वाभावात् किन्तु जीवेनाध्यवसायविशेषेण परिगृह्य कर्मत्वेन परिणमय्य चात्मसात्कृतानामेव, यावता न ते जीवेन परिगृह्यन्ते तावन्तं कालं ते पुद्गला एव न कर्मरूपा, अपि तु कर्मप्रायोग्या इति सूचयितुं पृथगुल्लेखात् ॥

शंका- 'तत्त्वेषु आस्था सम्यक् श्रद्धा' अर्थात् 'तत्त्वविषयक आस्था सम्यक् श्रद्धा' - એવું નિરૂપણ કરી લીધું. પરંતુ પ્રશ્ન એ થાય છે કે-જે તત્ત્વોમાં અભિરૂચિ રૂપ સમ્યક્ શ્રદ્ધા કહેવાય છે, તે તત્ત્વો કયા છે ? અને કેટલા છે ? કેમ કે- આટલી સંખ્યામાં તત્ત્વો છે, એવા જ્ઞાન સિવાય સમ્યક્ શ્રદ્ધા અપૂર્ણ થાય ! માટે કહો કે - તત્ત્વો કેટલા અને કયા કયા છે ?

समाधान- આના જવાબમાં શ્રી તત્ત્વન્યાયવિભાકરકાર કહે છે કે- 'तत्र

भावार्थ- જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વો છે.

विस्तरार्थ-समाधान- 'तत्र'નો અર્થ तद् શબ્દથી तत्त्वेषु आस्था सम्यक् श्रद्धा એ પ્રમાણેના વાક્યોનો પરામર્શ થાય છે. त्रल् પ્રત્યયનો અર્થ ઘટકત્વ થાય છે. અર્થાત્ 'તત્ત્વોમાં આસ્થા સમ્યક્ શ્રદ્ધા.' આવા વાક્યોમાં રહેલ તત્ત્વો જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિજરા, બંધ અને મોક્ષના ભેદથી નવ પ્રકારના છે. નવથી અધિક કે ન્યૂન નથી.

तत्त्व शब्दना लिंग अने वचननी चर्चा

અભ્યુત્પત્તિ પક્ષમાં પરમાર્થ એવો અર્થ, તત્ત્વનો હોવા છતાં વ્યુત્પત્તિ પક્ષમાં તત્ત્વ શબ્દમાં જીવ આદિ પદાર્થગત ભાવનું બોધકપણું છે.

એથી જ સામાનાધિકરણ્યના અનુરોધથી જીવ આદિમાં તત્ત્વ શબ્દનું વ્યવસ્થિતપણું હોવા છતાં, મતુ અર્થવાળા પ્રત્યયના યોગ સિવાય અજહત્ લિંગપણું-વ્યાકરણપ્રસિદ્ધ નિયત લિંગપણું હોઈ નપુંસકપણું છે.

તત્ત્વ પદમાં- જીવ આદિ નવ પદાર્થોમાં તત્ત્વ શબ્દ વર્તતો હોઈ બહુવચન છે.

અથવા ભાવવાચકપણું તત્ત્વ પદનું હોવા છતાં, ધર્મ અને ધર્મીનો કથંચિદ્ અભેદ હોવાથી, જીવ આદિ પદાર્થો બહુ હોઈ 'તત્ત્વ શબ્દ'માં બહુવચન છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સવંર, નિર્જરા, બંધ અને મોક્ષ- એમ જીવ શબ્દથી લઈ મોક્ષ શબ્દ સુધી દ્વન્દ્વ સમાસ જાણવો.

જીવ આદિ તત્ત્વોનો વ્યુત્પત્તિ અર્થ

જીવાદિ નવ તત્ત્વો પૈકી જીવ-ત્રણેય કાળમાં પણ સ્વસ્વ યોગ્યતાપૂર્વક પ્રાણધારણ રૂપ જીવનની અપેક્ષાએ **'જીવ'** કહેવાય છે.

અજીવ- પૂર્વોક્ત પ્રાણધારણના અભાવની અપેક્ષાએ 'અજીવ' અથવા જીવ લક્ષણ વિપરીત લક્ષણની અપેક્ષાએ 'અજીવ' કહેવાય છે.

પુણ્ય- આત્માને આનંદ આપનારા, પવિત્ર કરનાર અને શુભ પરિણામ દ્વારા સુરક્ષિત રાખનાર હોઈ શાતાવેદનીય વગેરે 'પુણ્ય' કહેવાય છે.

પાપ- તેના પ્રતિપક્ષી રૂપ આત્માને ખેદ કરનાર, અપવિત્ર કરનાર અને દુર્ગતિમાં પાડનાર હોઈ અશાતાવેદનીય વગેરે 'પાપ' કહેવાય છે.

આશ્રવ- જે દ્વારા કર્મ ગ્રહણ કરાય છે અથવા કર્મની ગ્રહણ રૂપ ક્રિયા, એ 'આશ્રવ' કહેવાય છે.

સંવર- જે દ્વારા કર્મના આગમનનો નિરોધ કરાય છે અથવા કર્મના ઉપાર્જનનો નિરોધ, એ 'સંવર' કહેવાય છે.

નિર્જરા- જે વડે સર્વ કર્મોનો નિરાસ થાય કે સર્વ કર્મનો વિનાશ, એ 'નિર્જરા' કહેવાય છે.

બંધ- જેના વડે જીવ બંધાય છે-પરતંત્ર કરાય છે અથવા સર્વ કર્મનું બંધન, એ 'બંધ' કહેવાય છે.

મોક્ષ-જેના વડે કર્મ ક્ષીણ થાય અથવા કર્મોથી છૂટવાની સર્વ ક્રિયા, એ 'મોક્ષ' કહેવાય છે.

આ બધા જીવ આદિ તત્ત્વોના લક્ષણ-વિભાગ-પ્રભેદ વગેરે આગળ કહેવાશે.

જીવ આદિ તત્ત્વોના નવ પ્રકારો કેમ કર્યા ?-એની ચર્ચા

શંકા- પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ તત્ત્વો જીવ અને અજીવથી જુદા નથી, અર્થાત્ જીવ અને અજીવ તત્ત્વમાં તે સાતનો અંતર્ભાવ થઈ જાય છે. જેમકે- પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ રૂપ ચાર તત્ત્વો પુદ્ગલના વિકાર રૂપ હોઈ અજીવસ્વરૂપી છે. (દ્રવ્ય-ભાવ અપેક્ષાએ આશ્રવ જીવ-અજીવ આત્મક છે. બંધ તો આત્મપ્રદેશ સંશ્લિષ્ટ કર્મપુદ્ગલ આત્મક છે.)

સંવર, નિવૃત્તિ રૂપ જીવ પરિણામ હોઈ, કર્મના પૃથક્પણાનો કરનાર શક્તિ રૂપ જીવ પરિણામ હોઈ નિર્જરા, સકલ કર્મના ક્ષય રૂપ હોઈ, વિશિષ્ટ સ્થાન પ્રાપ્તિ રૂપ હોઈ અને સ્વ-સ્વરૂપમાં અવસ્થાન રૂપ હોઈ મોક્ષ પણ વિશિષ્ટ જીવ પરિણામ જ છે.

આથી સંવર, નિર્જરા અને મોક્ષ રૂપ ત્રણ તત્ત્વો જીવસ્વરૂપી છે, માટે આ નવ તત્ત્વો જીવ અને અજીવથી જુદા પદાર્થ રૂપે નથી. તો જીવ અને અજીવ-એમ બે પ્રકારો તત્ત્વના છે, એવું કથન છોડીને તત્ત્વોનો નવ પ્રકારનો વિભાગ કેમ આદર્યો છે ?

સમાધાન- જીવ અને અજીવના પરસ્પર વિશિષ્ટ સંબંધ રૂપ સંસારના આશ્રવ-બંધ આદિ મુખ્ય હેતુઓનું અને સંસારના વિરામ રૂપ મોક્ષના સંવર-નિર્જરા આદિ મુખ્ય હેતુઓનું હેય-ઉપાદેય રૂપે જો ભેદપૂર્વક જ્ઞાન નહિ હોય, તો શું સાધ્યનું કારણ કે શું ત્યાજ્યનું કારણ ?- એવો વિવેક નહિ હોવાથી સાધ્ય મોક્ષનું જ્ઞાન અસંભવિત થઈ જાય ! માટે સંસારના પ્રધાન હેતુ રૂપ આશ્રવ-બંધ આદિનું હેયતયા અને મોક્ષના પ્રધાન હેતુ રૂપ સંવર-નિર્જરા આદિનું ઉપાદેયતયા જ્ઞાન કરાવવા માટે પૃથગ્ પૃથગ્ તત્ત્વોનું નિરૂપણ કરેલ છે.

શંકા- પુણ્ય આદિ જીવ અને અજીવ સાથે મળેલ હોઈ પુણ્ય આદિમાં ભિન્ન પદાર્થપણાનો અભાવ છે, માટે અર્થાન્તરપણાનો સવાલ ઉઠી જાય છે. તથાચ જીવ અને અજીવ સાથે પુણ્ય આદિ મળતાં નથી. માટે પુણ્ય આદિના અર્થાન્તરપણાનો પ્રશ્ન જો ઉપસ્થિત કરવામાં આવે, તો જીવ કે અજીવ પદાર્થથી ભિન્ન પદાર્થની પ્રતીતિનો અભાવ હોઈ અર્થાન્તરપણાનો સવાલ ઉઠી જાય છે. આ યુક્તિથી પુણ્ય આદિ જીવ અને અજીવથી ભિન્ન પદાર્થ નથી અને અહીં પુણ્ય આદિ નવ પદાર્થો કહ્યા છે, તો નવ પ્રકારના પદાર્થની સિદ્ધિ કેવી રીતે ?

સમાધાન- પર્યાયની અપેક્ષા ગૌણ કરી દ્રવ્યની વિવક્ષાની પ્રધાનપણાએ જીવ અને અજીવમાં પુણ્ય આદિનો અંતર્ભાવ થાય, છતાં દ્રવ્યની વિવક્ષા ગૌણ કરી પર્યાયની વિવક્ષાના પ્રધાનપણામાં જીવ-અજીવમાં પુણ્ય આદિના અંતર્ભાવનો અસંભવ હોઈ, જીવ-અજીવથી ભિન્નપણાએ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એમ નવ પ્રકારના તત્ત્વો દર્શાવેલ છે.

શંકા- ભલે, જીવ, અજીવ આદિ નવ તત્ત્વોનું પૃથક્પણું થાઓ ! પરંતુ જીવ, અજીવ આદિ રૂપ ક્રમની રચનામાં શું કારણ છે ? અર્થાત્ જીવતત્ત્વ પહેલાં કેમ મૂક્યું ? પછીથી અજીવ કેમ ? વગેરે ક્રમની રચનામાં શું કારણ છે ?

જીવ આદિ તત્ત્વોના ક્રમવિન્યાસના હેતુઓ

સમાધાન- આ મોક્ષશાસ્ત્ર છે. આ શાસ્ત્રના અનુસાર જ્યારે શ્રોતાઓની આગળ મોક્ષનો ઉપદેશ કરાતો હોય, ત્યારે (અવધિવાળા) મોક્ષ શબ્દના શ્રવણથી શ્રોતાને આશંકા થાય છે કે- 'કોનો, કોનાથી અને કયા પ્રકાર વડે મોક્ષ થાય છે ?' આવી શ્રોતાની આશંકાના નિરાકરણ માટે 'જીવનો બંધથી સંવર-નિર્જરા વડે મોક્ષ છે.'-એમ કહેવું જ જોઈએ. તેમજ 'કોની સાથે કયા પ્રકાર વડે બંધ ?'- આવો પ્રશ્ન જાગૃત થતાં, 'અજીવ સાથે આશ્રવ દ્વારા બંધ છે'- એમ કહેવુંજ જોઈએ. 'ત્યાં કેટલા પ્રકારના અજીવો છે ? અને શું બધાની સાથે બંધ છે ?'- આવો પ્રશ્ન જાગતાં, 'પાંચ પ્રકારના અજીવો છે અને પુણ્ય અને પાપ રૂપ વિશિષ્ટ કર્મપુદ્ગલોની સાથે જ બંધ છે.'- આવી રીતનું સમાધાન થતાં, સામાન્યથી બંધના કારણોમાં હેયપણાની બુદ્ધિ અને મોક્ષના કારણો પ્રત્યે ઉપાદેયપણાની બુદ્ધિ સુલભ થાય !

આ જ મુદ્રાથી મુક્તિના આશ્રયપણાએ પ્રધાનપણું હોવાથી જીવતત્ત્વનો પ્રથમ વિન્યાસ, ત્યારબાદ જીવના વિરોધી અજીવનો, ત્યારબાદ મુક્તિના શત્રુભૂત બંધના કારણપણાએ પુણ્ય-પાપ-આશ્રવોનો અને મુક્તિના કારણપણાએ સંવર અને નિર્જરાનો, ત્યારબાદ મુક્તિના પ્રતિસ્પર્ધી બંધનો અને ત્યારબાદ (અવશિષ્ટ) પરિશેષની અપેક્ષાએ મોક્ષનો નિર્દેશ કરેલ છે. આ પ્રમાણે ક્રમની રચનાના હેતુઓ છે.

અથવા જીવની સાથે સંશ્લિષ્ટ સકલ કર્મોનો ક્ષય જ મોક્ષ છે. તે મોક્ષ પણ આત્માનો વિશિષ્ટ પરિણામ જ છે. માટે પ્રધાનતાની અપેક્ષાએ જીવનો, ત્યારબાદ કર્મો અજીવ વિશેષ હોઈ તે સર્વના જ્ઞાન માટે અજીવતત્ત્વનો અને ત્યારબાદ માત્ર પાપ રૂપ કર્મના જ વિનાશ માત્રથી મોક્ષ છે એમ નહિ, પરંતુ પાપ રૂપ કર્મના વિનાશની સાથે પુણ્ય રૂપ કર્મના પણ વિનાશમાં મોક્ષ છે.

આવી વાત દર્શાવવા માટે પાપ-પુણ્યનો નિર્દેશ છે. વળી પ્રશસ્ત હોઈ 'પૂજ્ય શબ્દ પૂર્વમાં મૂકાય છે.' આવો ન્યાય હોવાથી પુણ્યનું પહેલું નિરૂપણ અને પાપનું પછીથી નિરૂપણ કરાય છે. ત્યારબાદ 'પુણ્ય અને પાપનો સંશ્લેષ કયા પ્રકાર વડે અથવા કયા પ્રકાર વડે વિનાશ થાય છે ?'

આવી પ્રથમ શંકાના સમાધાન માટે આશ્રવ અને બીજી શંકાના સમાધાન માટે આશ્રવ બાદ, (નવીન) કર્મના નિરોધપૂર્વક, પુરાણા કર્મનો વિનાશ નિર્જરા વડે સુકર બનતો હોઈ, સંવર અને નિર્જરાનો નિર્દેશ, ત્યારબાદ સંવર-નિર્જરાના વિરોધીપણાની અપેક્ષાએ કર્મસંશ્લેષ રૂપ બંધનો નિર્દેશ અને ત્યારબાદ પરિશિષ્ટ મોક્ષનો નિર્દેશ છે. આવો જીવાદિ તત્ત્વોના ક્રમમાં સંબંધ જાણવો.

શંકા- દ્વન્દ્વ સમાસ પછી આવેલ બહુવચનથી જ દ્વન્દ્વ સમાસમાં વર્તમાન પદાર્થ માત્ર વૃત્તિસંખ્યાબોધના સંભવનો નિયમ હોઈ, 'જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ મોક્ષાઃ'- આવા દ્વન્દ્વ સમાસને અંતે આવેલ બહુવચનથી જેટલા પદાર્થ છે, તેટલા એટલે નવ પદાર્થો છે એવો બોધ થઈ જાય છે. 'નવ' આ પ્રમાણે નવ સંખ્યાવાચક નવ પદનું જુદું ગ્રહણ કેમ કરેલ છે ?

સમાધાન- જો કે આવું કથન બરાબર છે, તો પણ પ્રધાનપણાએ પ્રત્યેક જીવ આદિમાં, જેમ કે- જીવતત્ત્વ સ્વતંત્ર છે, તેમ અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષતત્ત્વો સ્વતંત્ર તત્ત્વો છે. એમ દર્શાવવા માટે 'નવ' પદનું મહત્ત્વશાળી ગ્રહણ છે.

જો 'નવ' પદનું પૃથગ્ ગ્રહણ ન કરવામાં આવે, તો જીવાદિના સમુદાયમાં તત્ત્વની પ્રાપ્તિની શંકા જાગી જાય ! માટે આ શંકા દૂર કરવા માટે 'નવ' પદનું ગ્રહણ છે અથવા પ્રતિકૂળતાની અને અનુકૂળતાની અપેક્ષાએ કેટલાક તત્ત્વો પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ આદિ મોક્ષ પ્રત્યે પ્રતિકૂળ છે, જ્યારે કેટલાક સંવર, નિર્જરા આદિ મોક્ષ પ્રત્યે અનુકૂળ છે.

ઉપાદેયતયા અનુકૂળ, હેયતયા પ્રતિકૂળ, જ્ઞેયતયા જીવ અને અજીવ-એ રીતે આ નવ જ તત્ત્વો મોક્ષ માટે ઉપયોગી છે. (મોક્ષમાર્ગ પ્રત્યે ગમન સ્વભાવવાળા મુમુક્ષુને પણ માર્ગદર્શક ભિલ્લની માફક કે ભાતાની માફક હિતકર હોઈ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાદેય છે, પરંતુ પાપાનુબંધી પુણ્ય સોનાની સાંકળની જેમ અનુપાદેય છે.)

શંકા-કર્મ રૂપી પુણ્ય-પાપનું પુદ્ગલ આત્મકપણું હોઈ અજીવમાં અંતર્ભાવનો સંભવ છે, તો 'સપ્ત તત્ત્વાનિ' સાતજ તત્ત્વો કહેવા જોઈએ. નવ તત્ત્વો છે-એમ કેમ કહો છો ?

સમાધાન- કેવલ પુદ્ગલ માત્રનું પુણ્ય અને પાપ રૂપપણું નથી, પરંતુ જીવે અધ્યવસાય વિશેષ વડે ગ્રહણ કરી કર્મપણાએ પરિણમાવી, આત્માના પ્રદેશોની સાથે આધીન કરેલ કાર્મણવર્ગણાના પુદ્ગલો જ પુણ્ય-પાપ તરીકે કહેવાય છે.

જ્યાં સુધી તે પુદ્ગલો જીવ વડે ગ્રહણ નથી કરાતા, ત્યાં સુધી તે પુદ્ગલ માત્ર કહેવાય છે; કર્મ રૂપ પુણ્ય-પાપ રૂપ કહેવાતા નથી; પરંતુ કર્મપ્રાયોગ્ય તરીકે જ કહેવાય છે. આવી વિશિષ્ટ વાત સૂચવવાને માટે પુણ્ય અને પાપનો તત્ત્વ તરીકે પૃથગ્ રૂપે ઉલ્લેખ કરેલ છે.

अथ सम्यक्छ्रद्धाविषयीभूततत्त्वानामवान्तरप्रभेदानां बहुत्वात्तेषां सौलभ्येन बोधार्थं तत्तत्त्वनिरूपणावसरे तद्भेदाननुक्त्वाऽत्रैव सामान्यतोऽवान्तरवस्तुनिर्देशात्मकमुद्देशमारचयति-

जीवा अनन्ताः । ४ ।

जीवा इति । यद्यपि जीवानां सङ्ग्रहप्रकारभेदा अग्रे वक्ष्यन्ते तथापि तेषां संख्याया इयत्ता नास्ति न भवन्त्यसंख्याता अपीत्यभिप्रायेणानन्ता इत्युक्तम् ॥

अथाजीवान् विभजते–

धर्माधर्माकाशकालपुद्गलाः पञ्चाजीवाः । ५ ।

धर्माधर्मेति । धर्मादयस्स्वप्रवचनप्रसिद्धा रूढसंज्ञा ज्ञेयाः, यद्वा स्वतो गतिक्रियापरिणतानां साचिव्याधानाद्धर्मः । तद्विपरीतोऽधर्मः । यस्मिन्नाकाशन्ते स्वैः स्वैः पर्यायैर्द्रव्याणीत्याकाशं, स्वयं वाऽऽसमन्तात्काशत इत्याकाशं, परेषामवकाशदानाद्वाऽऽकाशं, मूर्त्तानामुपचयान-पचयांश्च कलयति प्रकाशयतीति कालः, पूरणगलनक्रियावत्त्वात् पुद्गला इति क्रिया-निमित्तास्संज्ञा बोध्याः, एषां द्वन्द्व इतरेतरयोगलक्षणः, न समाहारस्समुदायस्य प्राधान्यापत्तेः । प्रशस्ताभिधानाद्धर्मस्यादौ मोक्षपूर्गमनोपकारित्वाद्वा, तत्प्रतिपक्षित्वे सति स्थितिकारणत्वाद-धर्मस्य तदनन्तरं, ततस्ताभ्यां परिच्छेद्यत्वात् सर्वाधारत्वाच्चाकाशस्य, एभिरमूर्त्तत्वेन साधर्म्यात्ततः कालस्य, तन्निमित्तकनानापरिणामवत्त्वादमूर्त्तप्रतिपक्षित्वाच्च ततः पुद्गलस्य ग्रहणं बोध्यम् । न्यूनाधिकसंख्याव्यवच्छेदार्थं प्रत्येकमजीवत्वद्योतनार्थं, धर्मादयो गत्याद्युपग्रहान् प्रति वर्त्तमानास्स्वयमेव तथा परिणमन्ते न परप्रत्ययाधीना तेषां प्रवृत्तिरिति स्वातन्त्र्यं प्रकटयितुं च पञ्चेत्युक्तम् । अजीवा इति । न जीवा अजीवाः, 'नञ्युक्तमिवयुक्तञ्च पदमन्यसदृशाधिकरणे वर्त्तत' इति न्यायेन भावान्तर एवाजीवशब्दो नाभावमात्रे वर्त्तते, यथाऽनश्वशब्दो गर्दभे वर्त्तते । भावान्तरानात्मकस्याभावमात्रस्याप्रसिद्धत्वाच्च ॥

હવે સમ્યક્ શ્રદ્ધામાં વિષયભૂત તત્ત્વોના પેટાભેદો ઘણા હોવાથી સુલભતાપૂર્વક તે તત્ત્વોના પેટાભેદોનો બોધ થાય, તે માટે તે તે તત્ત્વના નિરૂપણકાળમાં તે પેટાભેદોને નહિ કહેતાં, અહીં જ સામાન્યથી અવાન્તર વસ્તુના નિર્દેશ રૂપ ઉદ્દેશ કહે છે કે-

ભાવાર્થ- જીવો અનંત છે.

વિવેચન- જો કે જીવોના સંગ્રહપ્રકાર ભેદો આગળ ઉપર કહેવાશે જ, તો પણ તે જીવોની સંખ્યા પરિમિત નથી. જીવો સંખ્યાતા નથી, અસંખ્યાતા પણ નથી, પરંતુ આ પ્રમાણેના અભિપ્રાયથી અનંત છે.

(સાત દ્વીપ અને સાત સમુદ્ર પરિણામવાળા લોકમાં જીવોના પરિણામવાદી જૈનેતર વાદીઓ છે.) પરંતુ શ્રી જૈનશાસનમાં ચૌદ રજ્જુપ્રમાણ રૂપ લોકમાં જીવોના અનંતપણાનો વાદ છે. અર્થાત્ સંખ્યાતા જીવો જો માનવામાં આવે, તો મુક્ત જીવને સંસારમાં પાછું આવવું પડે અથવા આ સંસારને એક દિવસ જીવોથી શૂન્ય થવું પડે, વગેરે દોષો આવી જાય. વાસ્તે શ્રી જૈન પ્રવચનમાં અનંતા જીવોનું કથન છે.

ષડ્જીવનિકાયનું અલ્પબહુત્વ

(૧) બધાથી થોડા ત્રસકાયિક, (૨) તેઓથી સંખ્યાતગુણા અગ્નિકાયિક, (૩) તેનાથી વિશેષાધિક પૃથ્વીકાયિક, (૪) તેઓથી વિશેષાધિક જલકાયિક, (૫) તેઓથી પણ વિશેષાધિક વાયુકાયિક અને (૬) તેઓથી અનંતગુણા વનસ્પતિકાયિક છે.

તે વનસ્પતિકાયિક જીવો સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક-એમ બે ભેદ છે. કહ્યું છે કે-'આ લોકમાં ગોલાઓ અસંખ્યાત છે. એક ગોલામાં અસંખ્યાત નિગોદ છે. એક એક નિગોદમાં અનંત જીવો છે. જેટલા જીવ વ્યવહારરાશિમાંથી નીકળી મોક્ષે જાય છે, તેટલા જ જીવ અનાદિ અવ્યવહારરાશિ રૂપ વનસ્પતિરાશિમાંથી નીકળી વ્યવહારરાશિમાં આવે છે.

જીવો મોક્ષમાં જાય છતાં અહીં કોઈ પરિહાણી નથી, કેમ કે-નિગોદ જીવોનું અનંતપણું અક્ષીણ છે. અનાદિઅનંત એવા કાળમાં પણ જે મોક્ષે ગયા, જાય છે અને જશે.

તે જીવો નિગોદના અનંતમાં ભાગમાં વર્તતા નથી, વર્ત્યા નથી, વર્તશે નહિ. એક નિગોદના શરીરમાં જીવો સર્વ સિદ્ધો કરતાં અનંતગુણા છે.

હવે અજીવોનો વિભાગ

ભાવાર્થ- ધર્મ, અધર્મ, આકાશ કાલ અને પુદ્ગલ- આ પાંચ અજીવ છે.'

વિવેચન- જૈન પ્રવચન પ્રસિદ્ધ રૂઢ સંજ્ઞાવાળા ધર્મ-અધર્મ આદિ પદાર્થો જાણવા. સ્વયં ગમનક્રિયામાં પરિણત જીવ પુદ્ગલોને ગતિમાં સહાય કરનાર હોવાથી 'ધર્મ.'

અને તેનાથી વિપરીત-સ્વયં સ્થિતિમાં પરિણત જીવ પુદ્ગલોને સ્થિતિમાં સહાયક હોઈ 'અધર્મ.'

જ્યાં પોતપોતાના પર્યાયો સાથે દ્રવ્યો રહે છે અથવા સ્વયં ચોતરફ પ્રકાશે છે-વ્યાપ્તિ કરે છે. બીજાઓને અવકાશના દાનથી 'આકાશ.'

રૂપી પદાર્થોની હાનિ-વૃદ્ધિનો પ્રકાશક હોઈ 'કાલ.'

પૂરણ અને ગલનક્રિયાવાળા હોઈ 'પુદ્ગલ.'

આ પ્રમાણે ક્રિયા રૂપી નિમિત્તજન્ય સંજ્ઞાઓ સમજવી. આ ધર્માધર્માદિ પદોનો ઇતરેતર યોગ રૂપ દ્વન્દ્વ સમાસ જાણવો.

(तत्रोद्भूतावयव भेद इतरेतरयोः । एवात्रावयवद्वित्व बहुत्वा पेक्षया द्विवचनबहुवचने । श्वैत्रश्चमैत्रश्च चैत्रमैत्रोपश्यतः चैत्रमैत्र दत्ताः पश्यन्ति न्यग्भूतावयवभेदस्तु समाहारोऽतस्तत्रैकवचनम् । धवखदिर पलाशम् । धवखदिरौ छिन्धि इत्यादावितरेतरद्वन्द्वः वैयाकरणास्तु तादृश साहित्याश्रये शक्तिमाहुः शाब्दिकास्तु मिलितानामन्वय इतरेतर इति वदन्ति ।)

પ્રત્યેકનો પ્રધાનપણે ક્રિયાની સાથે સંબંધ હોઈ અહીં સમાહાર રૂપ દ્વન્દ્વ સમાસ નથી, કેમ કે-સમુદાયની જ પ્રધાનતાની આપત્તિ થઈ જાય !

ધર્માદિના ક્રમન્યાસના હેતુઓ

પ્રશસ્ત નામ હોવાથી અથવા મોક્ષનગરના ગમનમાં ઉપકારી હોવાથી 'ધર્મ'ને પહેલાં મૂકેલ છે. ધર્મનો વિરોધી હોઈ સ્થિતિનું કારણ હોવાથી ત્યારબાદ 'અધર્મ' મૂકેલ છે.

ત્યારપછી ધર્મ અને અધર્મથી પરિચ્છેદ્ય હોવાથી અને સર્વ અર્થનો આધાર હોવાથી 'આકાશ' મૂકેલ છે.

ત્યારપછી ધર્મ-અધર્મ-આકાશની સાથે અમૂર્તપણાની અપેક્ષાએ સમાનધર્મ હોઈ 'કાલ' રાખેલ છે ત્યારબાદ કાલ નિમિત્તે નાના પરિણામવાળો હોઈ, અમૂર્ત દ્રવ્યોનો પ્રતિપક્ષી હોઈ 'પુદ્ગલ'નું ગ્રહણ કરેલ છે.

પંચ સંખ્યાના નિર્દેશના હેતુઓ

અજીવ તત્ત્વના પાંચ જ ભેદ છે, પાંચથી ઓછા નથી તેમ વધુ પણ નથી. પ્રત્યેક પાંચ અજીવમાં અજીવપણું દર્શાવવા માટે અને ધર્મ આદિ અજીવો, ગતિ આદિ ઉપકારો પ્રત્યે વર્તતા સ્વયં ગતિ આદિ પરિણામવાળા થાય છે.

ધર્મ આદિ અજીવોની, ગતિ આદિ ઉપકારોની પ્રવૃત્તિ, પરનિમિત્તને આધીન નથી પણ સ્વતંત્ર છે. આ વસ્તુ દર્શાવવા માટે 'પંચ' એવા પદનો વિન્યાસ છે.

અજીવનો અર્થ- 'નજીવા અજીવા' અર્થાત્ જીવથી અન્ય અજીવ એવો અર્થ કરવો, કેમ કે-સદ્ગ્રાહી પર્યુદાસ રૂપ નિષેધ છે. કહ્યું છે કે-'નञ्युक्ते तत्सदृशे' અર્થાત્ 'ન'થી યુક્ત પદ, અન્ય સદૃશ અધિકરણ રૂપ અર્થમાં વર્તે છે.

આવા ન્યાયથી પદાર્થાંતરમાં જ અજીવ શબ્દ છે, અભાવ માત્રમાં નહિ. (પ્રસજ્ય પ્રતિષેધ નહિ.) જેમ કે-નઅશ્વઃ-અનશ્વ શબ્દ, અશ્વથી ભિન્ન અને તત્સદૃશ ગર્દભ અર્થમાં વર્તે છે. વળી ભાવાન્તર રૂપ જે નથી, એવો કોઈ અભાવ પ્રસિદ્ધ નથી.

नन्वनश्वशब्दस्य गर्दभे स्थितिर्युक्ता, जीवत्वसदृशोदरैकशफादिलक्षणसादृश्यसत्त्वाद् ह्रस्वकर्णादितुरगविशेषलक्षणापेक्षया च प्रतिषेधात् । धर्मादौ तु तथाविधसादृश्याभावाज्जीवासाधारणचैतन्यशून्यत्वमात्रेऽजीवशब्दो वर्त्तत इत्याशंकायां साधर्म्यधर्मप्रतिपादनद्वारा सामान्यविशेषात्मकत्वमपि जीवादीनां प्रदर्शयितुमाह—

जीवेन सहैतान्येव षड् द्रव्याणि । ६ ।

जीवेनेति । तथा चैषामस्ति सादृश्यं, जीवेन सह द्रव्यत्वं हि सर्वेषां समानो धर्मः, न चात्र द्रव्यत्वमपि प्रतिषेध्यम्, तथा सति गगनकुसुमायमानत्वं धर्मादीनां स्यात् न चैतदिष्टं,

जीवासाधारणधर्मप्रतिषेधस्यैवाभिमतत्वात्, तथा च जीवादीनां द्रव्यमिति सामान्यसंज्ञा, विशेषसंज्ञा च जीवो धर्मोऽधर्म इत्यादिरूपेति भावः । एतानीति, धर्मादय इति भावः, विधेयप्राधान्यात्पुद्गलशब्दस्य त्रिलिङ्गत्वाद्वा नपुंसकनिर्देशः । एवशब्दो भिन्नक्रमो द्रव्येयत्ता-बोधकषट्पदेन सम्बद्ध्यते, तथा चैतानि षडेवेत्यर्थः । एतानि षडेव किमात्मकानीत्यत आह द्रव्याणीति । बाह्याभ्यन्तरनिमित्तकोत्पादविगमैः स्वपर्यायैर्द्रूयन्ते गम्यन्ते तांस्तान् पर्यायान् वा द्रवन्ति गच्छन्तीति द्रव्याणि, बाह्यं निमित्तं द्रव्यक्षेत्रकालभावलक्षणं, आभ्यन्तरञ्च स्वपरिणामविशेषः, तावेतौ मिलित्वोत्पादविगमयोर्हेतू भवतः नत्वन्यतरापाये, तथा चैतानि पर्यायद्रवणाद्द्रव्याणि न तु द्रव्यत्वसम्बन्धात्, द्रव्यत्वसम्बन्धात्पूर्वमेषामद्रव्यत्वापत्तेः, न हि दण्डसम्बन्धात् प्राग् देवदत्तो दण्ड्यासीत् । किन्तु यदा दण्डसम्बन्धस्तदैव । न च तथा प्रकृते द्रव्यताऽभिमता प्राग्द्रव्यत्वसम्बन्धात्, अभिमतत्वे वा तत्सम्बन्धाऽऽनर्थक्यमेव । यद्वा जातिः शब्दार्थ इत्यभ्युपगन्तृद्रव्यास्तिकनयाभिप्रायेण द्रव्यत्वनिमित्ता द्रव्यसंज्ञैतेषां भवतु, तच्च द्रव्यत्वं वस्तुतः कथञ्चिद्भिन्नाभिन्नमिति न कोऽपि दोषः । एवशब्दस्य द्रव्याणीत्यनेनापि सम्बन्धः, तथा च जीवादीनि षट् द्रव्याण्येवेत्यपि लाभेन धर्मादिषु द्रव्यत्वायोगस्य व्यावृत्तिरिति । एतेन च जीवादीनां द्रव्यत्वं सामान्यविशेषात्मकत्वमुत्पादव्ययध्रौव्यात्मकत्वं गुणपर्यायवत्त्वं तत्त्वञ्च साधर्म्यं लभ्यत इति भावः ॥

શંકા- અનશ્ચ શબ્દની ગર્ભ રૂપ અર્થમાં સ્થિતિ વ્યાજબી છે, કેમ કે-જીવત્વ સરખું પેટ, એક શરૂ (ખરી) વગેરે રૂપ સમાનતા છે.

હ્રસ્વકર્ણ આદિ રૂપ તુરંગના વિશેષ લક્ષણની અપેક્ષાથી ભિન્નતા છે. ધર્મ આદિ અજીવોમાં તો તથાવિધ સમાનતાનો અભાવ હોવાથી, શું જીવના અસાધારણ ચૈતન્યથી શૂન્ય માત્રમાં અજીવ શબ્દ છે ?

સમાધાન- આવી શંકામાં સાધર્મ્ય ધર્મના પ્રતિપાદન દ્વારા, જીવ આદિનું સામાન્ય વિશેષ આત્મકપણું પણ દર્શાવવા માટે કહે છે કે-'જીવની સાથે આ ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલો'-એ છ પદાર્થો દ્રવ્ય તરીકે કહેવાય છે.

તથાચ જીવની સાથે ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલોનો દ્રવ્યત્વ નામનો સમાન ધર્મ છે.

વળી દ્રવ્યત્વ પણ પ્રતિષેધ યોગ્ય નથી. જો પ્રતિષેધ્ય માનવામાં આવે, તો આકાશપુષ્પની માફક ધર્મ આદિ અસત્ બની જાય ! આ ઈષ્ટ નથી. અજીવમાં તો જીવના અસાધારણ ધર્મરૂપ ચૈતન્યનો પ્રતિષેધ ઈષ્ટ છે. તથાચ જીવ આદિ છ પદાર્થોમાં દ્રવ્ય નામની સંજ્ઞા છે. જીવ ધર્મ-અધર્મ આદિ રૂપ વિશેષ સંજ્ઞા છે.

'એતાનિ' આ ધર્માદિ પદાર્થોમાં અહીં વિધેયની-દ્રવ્યાણિ રૂપ વિધેય પદની પ્રધાનતાની અપેક્ષાએ અને પુદ્ગલ શબ્દ ત્રણ લિંગમાં વર્તતો હોવાથી નપુંસક તરીકે નિર્દેશ છે.

'એવ' શબ્દ ક્રમભેદવાચી છે. અર્થાત્ દ્રવ્યની સંખ્યા બોધકખટ્ શબ્દની સાથે જોડાય છે. જેમ કે-આ જીવ આદિ પદાર્થો છ જ છે.

શંકા- આ જીવ આદિ છ જ પદાર્થો કેવા સ્વરૂપવાળા છે ?

સમાધાન- આ જીવની સાથે ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલો દ્રવ્ય રૂપ છે. દ્રવ્ય એટલે બાહ્ય નિમિત્ત અને અભ્યંતર નિમિત્તજન્ય ઉત્પાદ અને વિગમ રૂપ સ્વ(દ્રવ્ય)ના પર્યાયો વડે જે પ્રાપ્ત કરાય અથવા તે તે પર્યાયોને જે પામે છે, તે દ્રવ્યો કહેવાય છે.

અહીં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ રૂપ બાહ્ય નિમિત્ત કહેવાય છે અને અભ્યંતર નિમિત્ત સ્વપરિણામ વિશેષ કહેવાય છે. આ બે મળીને ઉત્પાદ અને વિગમમાં હેતુ થાય છે. નહિ કે-એકના અભાવમાં તથાચ પર્યાયપ્રાપ્તિની અપેક્ષાએ આ જીવ આદિ છ પદાર્થો 'દ્રવ્ય' કહેવાય છે.

પરંતુ દ્રવ્યત્વ જાતિના સંબંધની અપેક્ષાએ નહિ, કેમ કે-દ્રવ્યત્વ સંબંધના પહેલાં આ જીવ આદિ છ પદાર્થોમાં અદ્રવ્યત્વની આપત્તિ થઈ જાય !

આ વાત બરોબર છે કે- દંડના સંબંધથી પહેલાં દેવદત્ત દંડી કહેવાતો નથી, પરંતુ જ્યારે દંડનો સંબંધ થાય ત્યારે જ દંડી કહેવાય છે. વળી પ્રકૃતમાં વાદીએ દ્રવ્યત્વના સંબંધ પહેલાં દ્રવ્યતા માનેલી નથી અને જો માનવામાં આવે તો દ્રવ્યત્વ સંબંધની નિરર્થકતા જ છે.

અથવા 'જાતિ એ જ શબ્દાર્થ છે.'- આવું માનનાર દ્રવ્યાસ્તિક નયના અભિપ્રાયથી દ્રવ્યત્વ રૂપ નિમિત્તવાળી દ્રવ્યસંજ્ઞા આ જીવ આદિ પદાર્થોની થાઓ ! વળી તે દ્રવ્યત્વ વસ્તુથી કથંચિદ્ ભિન્ન-અભિન્ન છે એથી કોઈપણ દોષ નથી.

'એવ' શબ્દનો સંબંધ 'દ્રવ્યાણિ' પદની સાથે પણ છે. અર્થાત્ જીવ આદિ છ પદાર્થો દ્રવ્ય જ છે- એવો પણ લાભ થવાથી ધર્મ આદિ છ પદાર્થોમાં દ્રવ્યત્વના અભાવનો અભાવ (દ્રવ્યત્વ જ) નિશ્ચિત થાય છે.

આ સમસ્ત નિરૂપણથી દ્રવ્યત્વ એટલે ઉત્પાદવ્યયધ્રૌવ્ય આત્મકત્વ, સામાન્યવિશેષ આત્મકત્વ, ગુણપર્યાયવત્ત્વ અને તત્ત્વત્વ રૂપ સમાન ધર્મ જીવ આદિ છ પદાર્થોમાં પ્રાપ્ત થાય છે.

ननु षडिति पदेनैवकारं संयोज्य षडेव द्रव्याणीत्युक्तम्, तन्न युक्तं नैयायिकादिभिः पृथिवीजलतेजोवायुदिङ्मनसां द्रव्यतया गुणकर्मसामान्यविशेषसमवायाभावानाञ्च पदार्थतया-ऽभ्युपगतानां सत्त्वादिशङ्कायामाह-

दर्शनान्तराभिमतपदार्थानामत्रैवान्तर्भावः । ७ ।

दर्शनान्तराभिमतेति । नैयायिकादीनां दर्शनान्तरेषु तैरभ्युपगतानां पृथिव्यादिपदार्थानां षट्स्वेतेष्वेवान्तर्भाव इत्यर्थः, तथाहि पुद्गला विचित्रशक्तिमन्तस्तथा च शक्तिवैचित्र्येण परिणामवैचित्र्यात्पृथिवीजलतेजोवायुरूपेण परिणमन्त इति सर्वथा तेषां विभिन्नजातीयत्वे मानाभाव एव, तथा दिगपि नास्त्यतिरिक्ता रुचकप्रदेशावधिकविशिष्टाकाशप्रदेशैः सूर्योदयाद्या-

श्रयेणाकाशप्रदेशैर्वा प्राच्यादिव्यवहारोपपत्तेः । द्रव्यमनसोऽपि चक्षुरादिवत्पुद्गलविशेषात्मकत्वमेव । अथ गुणादीनपि पराभ्युपगतानन्तर्भावयति–

गुणपर्यायसामान्यविशेषादयष्षट्स्वेव सङ्गच्छन्ते । ८ ।

गुणेति । गुणो रूपादिः । पर्यायः कर्म क्रमभावित्वात् । आदिना समवायाभावयोर्ग्रहणम् । तथा च गुणकर्मसामान्यानि द्रव्यस्य पर्याया एव । विशेषस्त्वप्रामाणिक एव । समवायस्तु नास्त्येव, कथञ्चित्तादात्म्यलक्षणसम्बन्धेनैव गुणादिविशिष्टबुद्ध्युपपत्तेः । अभावोऽपि नाधिकरणाद्द्रव्यात् सर्वथा भिन्नः, तादृशे प्रमाणाभावात्, एवञ्च षडेव द्रव्याणि नाधिकानि नवा न्यूनानीति भावः ॥

नन्वेवमपि षडेव द्रव्याणीत्यनुपपन्नं तेभ्यो भिन्नानां पुण्यपापादीनां सत्त्वात्, उक्तं हि पूर्वं 'तत्र तत्त्वानि जीवाजीवपुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षा नवे'ति इत्याशङ्कायामाह–

पुण्यादितत्त्वानामप्ययमेव न्यायः । ९ ।

पुण्यादितत्त्वानामपीति । अयमेव न्याय इति, उक्तदिशा षट्सु द्रव्येष्वेवान्तर्भावः करणीय इति भावः, पंक्तिरेषा व्याख्यातप्रायैव ।

स्वयं मूलकारोऽन्तर्भावमभिधत्ते–

तत्र पुण्यपापाश्रवबन्धानां पुद्गलपरिणामत्वात्पुद्गलेषु, संवरनिर्जरामोक्षाणां जीवपरिणामत्त्वाज्जीवेष्वन्तर्भावः । १० ।

तत्रेति । आस्रवो हि नैकरूपः किन्तु कर्मप्रापकक्रियाविशेषोऽध्यवसायविशेषो वा स्यात् तत्र मूर्तस्यैवात्मनः क्रियावत्त्वांत्क्रियाया मूर्त्तात्मकपुद्गलरूपत्वं, तत्क्रियाप्रयोजकाध्यवसायविशेषत्वे तु जीवपरिणामात्मकतया जीवात्मकत्वं, बन्धस्योपश्लिष्टकर्मरूपत्वात्पौद्गलिकत्वमिति भावः ॥

શંકા- 'ષડ્' એવા પદની સાથે 'એવકાર' જોડીને 'છ જ દ્રવ્યો છે'- આ પ્રમાણે જે કહ્યું તે ઠીક નથી, કેમ કે- નૈયાયિક આદિ વાદીઓએ પૃથ્વી-જલ-તેજસ્-વાયુ-દિશા અને મનમાં દ્રવ્યપણું તથા ગુણ-કર્મ-સામાન્ય-વિશેષ-સમવાય-અભાવમાં પદાર્થપણું માનેલ છે; માટે બાર દ્રવ્યો વધારીને અઢાર દ્રવ્યો કહેવા જોઈએ. એના બદલે 'છ જ દ્રવ્યો છે'- એમ કેમ કહેવાય છે ?

સમાધાન- નૈયાયિક આદિ વાદીઓએ જૈન ભિન્ન દર્શનોમાં પૃથગ્ રૂપે માનેલ પૃથ્વી આદિ પદાર્થોનો સમાવેશ 'આ છ દ્રવ્યોમાં જ' થાય છે.

તે આ પ્રમાણે 'પુદ્ગલો અચિંત્ય શક્તિવાળા છે.' તથાચ શક્તિની વિચિત્રતાથી પરિણામની-પરિવર્તનની વિચિત્રતા હોઈ, પુદ્ગલો પૃથ્વી-જલ-તેજસ્ અને વાયુ રૂપે પરિણમે છે. સર્વથા પૃથ્વી, જલ આદિની ભિન્ન જાતિમાં કોઈ પ્રમાણ નથી.

તથા દિશા પણ પૃથગ્ દ્રવ્ય નથી, કેમ કે-રુચકપ્રદેશની મર્યાદાવાળા વિશિષ્ટ આકાશપ્રદેશોથી અથવા સૂર્યોદયના આશ્રય રૂપ આકાશપ્રદેશોથી પૂર્વદિશા આદિ દિશાનો વ્યવહાર યુક્તિયુક્ત થાય છે. દ્રવ્ય આત્મક મનનું પણ ચક્ષુ આદિની માફક પુદ્ગલવિશેષ રૂપ જ છે.

હવે નૈયાયિક વૈશેષિક અભિમત ગુણ આદિ પદાર્થોનો જીવ આદિ 'છ' દ્રવ્યોમાં જ સમાવેશ થાય છે. એ વાત કહે છે કે- રૂપ આદિ ચોવીશ ગુણો ક્રમભાવી હોઈ ગમન આદિ રૂપ પર્યાય-કર્મ, સામાન્ય પર અને અપર બે પ્રકારનું છે. સત્તા એ પર સામાન્ય છે. દ્રવ્યત્વ અપર સામાન્ય કહેવાય છે. તથાચ ગુણ-કર્મ-સામાન્યનો સમાવેશ દ્રવ્યના પર્યાયોમાં થાય છે.

આદિ અને અંતરહિત અણુ, આકાશ આદિ નિત્ય દ્રવ્યોમાં રહેનાર, અત્યંતવ્યાવૃત્તિ જ્ઞાનના કારણ તરીકે વિશેષ રૂપ પદાર્થ અપ્રામાણિક જ છે, કેમ કે-વિશેષ પણ પર્યાયરૂપ સજાતીય વિજાતીયોથી સર્વથા વ્યવચ્છેદવ્યાવૃત્તિ રૂપ ધર્મ છે.

વળી અયુત સિદ્ધ-આધાર્ય આધારભૂત પદાર્થોનો ઈહ પ્રત્યય હેતુ રૂપ સમવાય સંબંધ તો જુદો પદાર્થ નથી જ, કેમ કે- કથંચિદ્ તાદાત્મ્ય રૂપ સંબંધ વડે જ ગુણ આદિ વિશિષ્ટ બુદ્ધિની ઉપપત્તિ થઈ જાય છે.

અભાવ નામક પદાર્થ પણ અધિકરણ રૂપ દ્રવ્યથી સર્વથા ભિન્ન નથી, કેમ કે- તાદશમાં પ્રમાણનો અભાવ છે. અર્થાત્ જીવ આદિ છ પદાર્થો જ દ્રવ્યો છે. છ થી કોઈ અધિક કે ન્યૂન નથી.

શંકા- આ પ્રમાણે જે કહ્યું છે કે- 'છ જ દ્રવ્યો છે'- એ વાત ઠીક નથી, કેમ કે- જીવ આદિ છ દ્રવ્યોથી ભિન્ન પુણ્ય-પાપ આદિ તત્ત્વોની વિદ્યમાનતા છે. પહેલાં જ કહી દીધું છે કે-'ત્યાં જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ, એ નવ તત્ત્વો છે.

સમાધાન- પુણ્ય આદિ તત્ત્વોમાં પણ આ જ ન્યાય છે : અને પુણ્ય આદિ તત્ત્વોનો પૂર્વોક્ત દિશા દ્વારા 'જીવ આદિ છ દ્રવ્યોમાં' જ અંતર્ભાવ કરવો જોઈએ. જેમ કે-ત્યાં એટલે જીવ આદિ છ દ્રવ્યો પૈકી પુદ્ગલોમાં પુણ્ય-પાપ-આશ્રવ-બંધતત્ત્વોનો સમાવેશ થાય છે.

વિશેષ વાત એવી છે કે- આશ્રવ અનેક રૂપવાળો છે. પરંતુ કર્મ પ્રાપ્ત કરાવનાર ક્રિયાવિશેષ રૂપ આશ્રવ અથવા અધ્યવસાયવિશેષ રૂપ આશ્રવ-એમ બે વિભાગમાં છે.

ત્યાં મૂર્ત આત્મા જ ક્રિયાવાન હોઈ ક્રિયાવિશેષ રૂપ આશ્રવનું મૂર્તસ્વરૂપી પુદ્ગલપણું છે અને તે ક્રિયામાં પ્રયોજક રૂપ અધ્યવસાયવિશેષ જીવ પરિણામ હોઈ જીવ આત્મક પણ છે. બંધનું સંશ્લિષ્ટ કર્મરૂપપણું હોઈ પૌદ્ગલિકપણું સિદ્ધ જ છે. તથા સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વોનો સમાવેશ જીવપરિણામવિશેષ હોઈ જીવદ્રવ્યમાં અંતર્ભાવ થાય છે.

अथ कालं विहाय पञ्चानां साधर्म्यमाह-

कालं विहाय पञ्चास्तिकाया भवन्ति । ११ ।

कालमिति । अनागतस्यानुत्पत्तेरुत्पन्नस्य च नाशात्प्रदेशप्रचयाभावेन कालेऽस्तिकायता नास्तीत्यभिप्रायेणाह कालं विहायेति । कायो हि समुदायः, मनुष्यलोकव्यापी

कालस्त्वेकसमयात्मकत्वेनैकोऽतो न तस्य कायरूपत्वमिति भावः । पञ्चेति, जीवधर्माधर्माकाशपुद्गला इत्यर्थः । अस्तिकाया इति, सकलजीवादिद्रव्यध्रौव्यप्रतिपादकोऽव्ययोऽस्तिशब्दः । आपत्तिवाचकः कायशब्दः, आपत्तिर्नामाविर्भावतिरोभावौ, उत्पादविनाशाविति यावत् । एवञ्चोत्पादव्ययध्रौव्यात्मका इत्यर्थः । ननु पुद्गलानामुत्पादव्ययवत्त्वसंभवेऽपि जीवादीनां कथं तदिति चेन्न जीवस्योत्पादविनाशिशरीरसम्बन्धादुत्पादविनाशवत्त्वात् अनित्यज्ञानादिमत्त्वाद्वा, धर्मादीनामपि तत्तद्गत्याद्युपग्रहव्यापाराणां जिगमिषुचैत्रादिनिमित्तत आविर्भूतानां समुपरतगत्यादिव्यापारे च चैत्रादिके तिरोहितानाञ्च सम्बन्धेनोत्पादविनाशवत्त्वात्। न च मनुष्यलोकान्तर्वर्त्तिनः कालस्यैकसमयात्मकत्वात्परमसूक्ष्मत्वान्निर्विभागत्वाच्च न कायता, अत एव नोत्पादविनाशित्वं, उत्पादविनाशाविनाभूतञ्च ध्रौव्यं तदभावात् ध्रौव्यमपि न भवेदेवेति समयात्मकः कालो वन्ध्यापुत्रवदसन्नेव स्यादिति वाच्यम्, यत्कायशब्देनोच्यते तदेवोत्पादविनाशवदिति नियमाभावात् । किन्तु स्वरससिद्धयोरेवोत्पादविनाशयोः कायशब्देन प्रकाशनात् । नहि शब्दसामर्थ्यादभूतयोरपि तयोः कल्पना समुचिता, तथा च कायशब्दप्रयोगाभावेऽपि स्वारसिकोत्पादविनाशौ तत्सहचरितं ध्रौव्यञ्च कालेऽप्यस्त्येवेति न दोषः । न चैवमपि कुतो न काले कायशब्दः प्रयुज्यत इति वाच्यम् । प्रदेशानामवयवानां वा बहुत्वाभावात् । अभ्यन्तरीकृतेवार्थो हि कायशब्दः, काया इव काया इति यथौदारिकादिशरीरनामकर्मोदयवशात्पुद्गलैश्चीयन्ते इति कायाः तथा धर्मादीनामनादिपारिणामिकप्रदेशचयनात् कायत्वम् । तथा च प्रचीयमानाकारत्वं कायशब्दार्थः, स च समुदायरूपः, सोऽपि विभागे सति भवति, विभक्ताश्च धर्मादिद्रव्यप्रदेशाः, एकस्मिन्धर्मादिप्रदेशेऽपरस्य धर्मादिप्रदेशस्याप्रतिष्ठितत्वात् । तथा प्रविभक्तप्रदेशानां परस्पराविच्छेदरूपत्वात्समुदायरूपत्वमेतादृशञ्च प्रचीयमानाकारत्वं काले नास्तीति दिक् । एवञ्च कालातिरिक्तानां प्रदेशावयवबहुत्वं साधर्म्यं फलितं, न चैकस्मिन् परमाणौ अवयवबहुत्वमव्याप्तमिति वाच्यम् प्रदेशावयवबहुत्वसमानाधिकरणद्रव्यत्वव्याप्यधर्मवत्त्वस्य तदर्थत्वात्, तादृशो धर्मः पुद्गलत्वं परमाणावपीति नाव्याप्तिः, कालेऽतिव्याप्तिवारणाय बहुत्वान्तम् । पर्यायार्थिकनयप्राधान्येनायमर्थ आदृतः, वस्तुतस्तु तस्य द्रव्यावयवैर्निरवयवत्वेऽपि '**एकरसगन्धवर्णो द्विस्पर्शश्चाणुर्भवती**'ति स्वशास्त्रप्रसिद्ध्या भावावयवैस्सावयवत्वमक्षतमेव । एवं जीवादीनां पञ्चानां अरूपित्वममूर्त्तत्वं, धर्मादित्रयाणामेकद्रव्यत्वं निष्क्रियत्वं जीवादीनां त्रयाणां लोकाकाशस्य चासंख्येयप्रदेशत्वं, संख्येयासंख्येयानन्तान्यतमप्रदेशत्वं पुद्गलानां, जीवपुद्गलानान्त्वनेकद्रव्यत्वं क्रियावत्त्वं च साधर्म्यं विज्ञेयमिति दिक् ॥

હવે કાલ નામક દ્રવ્યને છોડી જીવ આદિ પાંચનું સાધર્મ્ય કહે છે કે- 'કાલને છોડી પાંચ અસ્તિકાય છે.'

ઋજુસૂત્ર નયની અપેક્ષાએ ભવિષ્યકાળની ઉત્પત્તિ નથી અને ભૂતકાળ નષ્ટ થયો છે. પ્રદેશોના સમુદાયનો અભાવ હોઈ કાલમાં 'અસ્તિકાયતા' નથી. આ પ્રમાણેના અભિપ્રાયથી કહે છે કે- 'કાલને છોડી' ઇતિ આદિ.

કાય એટલે પ્રદેશ પ્રચય રૂપે કહેવાય છે તે કાલ-મનુષ્યલોકવ્યાપી અઢી દ્વીપમાં વર્તમાન-અદ્ધા સમય, એક, પરમ સૂક્ષ્મ અને નિર્વિભાગ હોઈ, કાયશબ્દવાચ્ય સમુદાય રૂપ કાલ કહેવાતો નથી. અર્થાત્ એક સમય આત્મક કાલ હોઈ એક છે માટે તે કાલની કાયરૂપતા નથી.

'અસ્તિકાય'નો અર્થ-અસ્તિ નામનો અવ્યય શબ્દ સકલ જીવ આદિ દ્રવ્યનિષ્ઠ ધ્રુવતાનો વાચક છે.

કાય શબ્દ આપત્તિવાચક છે. આપત્તિ એટલે આવિર્ભાવ (ઉત્પાદ) અને તિરોભાવ વિનાશ એવો અર્થ સમજવો.

અસ્તિકાયનો સમુદિત એ અર્થ છે કે-ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય આત્મક દ્રવ્યો અસ્તિકાય કહેવાય છે.

શંકા- પુદ્ગલોમાં ઉત્પત્તિ અને વિનાશવાળા શરીરના સંબંધની અપેક્ષાએ ઉત્પત્તિ-વિનાશ છે. અથવા અનિત્ય-ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન આદિની અપેક્ષાએ ઉત્પત્તિ-વિનાશ છે. અર્થાત્ પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ-વિનાશ છે.

સમાધાન- જીવમાં ઉત્પત્તિ અને વિનાશવાળા શરીરના સંબંધની અપેક્ષાએ ઉત્પત્તિ-વિનાશ છે. અથવા અનિત્ય-ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન આદિની અપેક્ષાએ ઉત્પત્તિ-વિનાશ છે. અર્થાત્ પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ-વિનાશ છે.

ધર્મ-અધર્મ પણ ગતિપરિણત ચૈત્ર આદિ રૂપ પરનિમિત્ત દ્વારા ઉત્પન્ન, સ્થિતિપરિણત ચૈત્ર આદિ નિમિત્તમાં વિનષ્ટ એવા, તે તે ગતિ, સ્થિતિ, ઉપકાર રૂપ વ્યાપારોના સંબંધની અપેક્ષાએ ઉત્પાદ અને વિનાશ ઘટમાન છે.

શંકા- મનુષ્યલોકમાં રહેનાર અદ્ધા સમય રૂપ કાલ, એક સમય આત્મક, પરમ સૂક્ષ્મ, નિર્વિભાગ હોઈ કાય રૂપ નથી. એથી જ ઉત્પાદ-વિનાશવાળો નથી, અને તેથી જ તેમાં ઉત્પાદ અને વિનાશની અવિનાભાવી ધ્રૌવ્યનો અભાવ છે.

અર્થાત્ ઉત્પાદ અને વિનાશના અભાવમાં ધ્રૌવ્ય પણ અસંભવિત હોઈ સમય રૂપ કાલ, વાંઝણીના પુત્રની માફક અવિદ્યમાન-અદ્રવ્ય જ થઈ જ જાય ને ?

સમાધાન- જે કાય શબ્દથી કહેવાય છે, તે જ ઉત્પાદ-વિનાશવાળું જ છે એવો નિયમ નથી. પરંતુ સ્વરસ-(સ્વ-સ્વભાવ)થી સિદ્ધ જ ઉત્પાદ અને વિનાશનો કાય શબ્દથી પ્રકાશ કરાય છે.

અહીં શબ્દસામર્થ્યથી અવિદ્યમાન તે ઉત્પાદ-વિનાશના સંનિધાનની કલ્પના ઉચિત નથી. અર્થાત્ જ્યાં કાય શબ્દનું ગ્રહણ નથી, ત્યાં સ્વરસ સિદ્ધ જ ઉત્પાદ અને વિનાશ તથા તત્સહચારી ધ્રુવતા પણ કાલમાં છે જ. આ પ્રમાણે દોષ નથી.

(મનુષ્યલોકવ્યાપી) એક સમય દ્રવ્યપર્યાયથી અવબદ્ધ વૃત્તિવાળો જ છે. તે કાલ, દ્રવ્યાર્થની અપેક્ષાએ પર્યાય માત્રમાં ઉત્પાદવ્યય ધર્મવાળો હોવા છતાંય પર્યાયપ્રવાહ વ્યાપી ધ્રુવતાને કરે છે.

અતીત, અનાગત કે વર્ત્તમાન અવસ્થાઓમાં પણ કાલ-કાલ આવા સામાન્ય શ્રવણથી સર્વદા ધ્રુવતાના અંશના અવલંબનથી તે કાલમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની ઘટમાનતા સમજવી.

તથાચ અઢી દ્વીપ અને બે સમુદ્રથી આક્રાન્ત ક્ષેત્રપરિણામવાળો તિર્ચ્છમાનથી ૪૫ લાખ જોજનપ્રમાણવાળો ઊંચો અને નીચે ૧૮ જોજનપ્રમાણવાળો કાલનામક દ્રવ્ય છે - એમ કહેવાય છે.

કેમ કે - વિશેષતયા વર્ત્તનાદી રૂપ કાલલિંગોનો મનુષ્યલોકમાં સદ્‌ભાવ છે.

શંકા - જો આમ છે તો અર્થાત્ કાલમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય આત્મકપણું છે, તો કાલમાં અસ્તિકાયતા કેમ નથી ?

સમાધાન - પ્રદેશોનું કે અવયવોનું બહુત્વ નહિ હોવાથી કાલ અસ્તિકાય કહેવાતો નથી. અર્થાત્ અવયવો, પરમાણુ દ્વયણુક આદિ કહેવાય છે. એમાં પરમાણુઓ તો સમુદાય રૂપ પરિણામને અનુભવી ભેદને પણ પામે છે, એકલા પણ હોય છે.

ધર્મ આદિના પ્રદેશો આવા નથી. એથી તે પ્રદેશો અવયવો કહેવાતા નથી. માટે અહીં પ્રદેશ અને અવયવનું ભેદથી કથન છે.

પુદ્‌ગલદ્રવ્ય બહુ અવયવવાળું કહેવાય છે. સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી, અનંતપ્રદેશી અને અનંતાનંતપ્રદેશી સ્કંધ કહેવાય છે.

એક પણ પરમાણુ પુદ્‌ગલદ્રવ્ય, એક રસ, ગંધ, વર્ણ અને દ્વિસ્પર્શ રૂપ ભાવ અવયવની અપેક્ષાએ સાવયવ કહેવાય છે, પણ દ્રવ્ય રૂપ અવયવની અપેક્ષાએ નિરવયવ કહેવાય છે.

વળી કાય શબ્દ ગર્ભિત ઈવના અર્થવાળો છે. કાયની માફક કાય, જેમ શરીરો, ઔદારિક આદિ શરીરનામકર્મના ઉદયના વશે પુદ્‌ગલ ચય-પ્રદેશ અવયવી હોઈ કાય શબ્દ વાચ્ય બને છે, તેમ ધર્માદિ પણ અનાદિ પારિણામિક પ્રદેશના પ્રચય રૂપ હોઈ - પ્રદેશ અવયવી હોઈ કાય શબ્દ વાચ્ય બને છે.

પ્રચીયમાન આકાર રૂપ સ્કંધ એ કાય શબ્દનો અર્થ છે અને તે સમુદાય રૂપ છે. તે સ્કંધનામક સમુદાય પણ વિભાગ હોવે છતે થાય છે અને ધર્મ આદિ દ્રવ્યપ્રદેશો વિભક્ત કહેવાય છે.

જ્યાં એક ધર્મપ્રદેશ રહેલો છે, ત્યાં બીજો પણ ધર્મપ્રદેશ પ્રતિષ્ઠિત નથી. એટલે તે વિભક્ત પ્રદેશોનો આ પરસ્પર અવિચ્છિન્નતા રૂપ સમુદાય કાય શબ્દ વાચ્ય બને છે. આવો પ્રચીયમાન આકારપણા રૂપ સમુદાયત્વ કાલનામક દ્રવ્યમાં નથી, એમ જાણવું.

અર્થાત્ કાલભિન્ન જીવ ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્‌ગલોનો પ્રદેશ અવયવબહુત્વ નામક ધર્મ-સમાન ધર્મ છે, એમ ફલિત થાય છે.

શંકા - પ્રદેશ અવયવબહુત્વ એવું લક્ષણ જ્યારે ધર્માદિ રૂપ અસ્તિકાય રૂપ લક્ષ્યનું બાંધવામાં આવે છે, ત્યારે પ્રશ્ન થાય છે કે - અસ્તિકાય રૂપ લક્ષ્યના એકદેશ રૂપ પરમાણુમાં અવયવબહુત્વ નામનું લક્ષણ

અવ્યાપ્તિ (લક્ષ્યના એકદેશમાં નહિ રહેવા રૂપ) નામના દોષથી દુષ્ટ બને છે, તો અહીં દોષનું નિવારણ કેવી રીતે થશે ?

સમાધાન-અહીં પ્રદેશ અવયવબહુત્વ રૂપ લક્ષણનો અર્થ પ્રદેશ અવયવબહુત્વ સમાનાધિકરણ દ્રવ્યત્વવ્યાપ્ય ધર્મવત્ત્વ સમજવો.

પ્રદેશ અવયવબહુત્વનો સમાનાધિકરણ (સ્કંધ રૂપ અધિકરણ વૃત્તિ) ધર્મદ્રવ્યત્વનો વ્યાપ્ય ધર્મ (ન્યૂન દેશવૃત્તિ-અવાન્તર ધર્મ) પુદ્ગલત્વ છે અને પુદ્ગલત્વ ધર્મ પરમાણુમાં છે, માટે અહીં પ્રકૃત લક્ષણમાં અવ્યાપ્તિ નામનો દોષ નથી.

અલક્ષ્ય રૂપ કાલનામક દ્રવ્યમાં અતિવ્યાપ્તિ (અતિશયેન લક્ષ્યં અલક્ષ્યં ચાવિશિષ્ય વ્યાપ્તિ: । અર્થાત્ લક્ષણનું અલક્ષ્યમાં જવા રૂપ અતિવ્યાપ્તિ) નામના દોષના વારણ માટે પ્રદેશ અવયવબહુત્વ એવું લક્ષણ કરેલું છે, કેમ કે-કાલમાં પ્રદેશ અવયવબહુત્વ નથી; માટે અસ્તિકાય ભિન્ન કાલ રૂપ અલક્ષ્યમાં અતિવ્યાપ્તિ નથી.

અહીં ઉપરોક્ત અર્થ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ છે. દ્રવ્ય રૂપ અવયવોની અપેક્ષાએ પરમાણુ નિરવયવ હોવા છતાં, 'એક રસ-ગંધ-વર્ણવાળો, બે સ્પર્શવાળો પરમાણુ હોય છે'- એવી જૈન શાસ્ત્રની પ્રસિદ્ધિ હોવાથી, ભાવ અવયવોની અપેક્ષાએ સાવયવપણું પરમાણુમાં અક્ષત જ છે.

આ પ્રમાણે પુદ્ગલ સિવાયના ધર્મ-અધર્મ-આકાશ-કાલ-જીવ રૂપ પાંચ દ્રવ્યોનું અરૂપીપણું; જીવ અને પુદ્ગલ સિવાયના ધર્મ-અધર્મ-આકાશ-કાલ રૂપ ચાર દ્રવ્યોનું એકદ્રવ્યપણું અને નિષ્ક્રિયપણું, જીવ-ધર્મ-અધર્મ અને લોકાકાશનું અસંખ્ય પ્રદેશપણું; સંખ્યાત-અસંખ્યાત-અનંત અન્યતમ પ્રદેશપણું; પુદ્ગલોનું, જીવ અને પુદ્ગલોનું અનેક દ્રવ્યપણું અને ક્રિયાવત્ત્વ; એમ સાધર્મ્ય જાણવું. ઇતિ દિક્.

અથ પુણ્યસ્ય પ્રભેદાનાહ–

पुण्यस्य तु सातोच्चैर्गोत्रमनुष्यद्विकसुरद्विकपञ्चेन्द्रियजातिपञ्चदेहादिमत्रितनूपाङ्गादिमसंहननसंस्थानप्रशस्तवर्णचतुष्कागुरुलघुपराघातोच्छ्वासातपोद्योतशुभखगतिनिर्माणत्रसदशकसुरनरतिर्यगायुस्तीर्थकरनामकर्मरूपेण द्विचत्वारिंशद्भेदाः। १२।

पुण्यस्येति । शारीरमानसानेकविधसुखपरिणामप्रापकं सातं वेदनीयकर्मोत्तरप्रकृतीदम्, लोकपूजितकुलप्रसवनिदानं कर्मोच्चैर्गोत्रं गोत्रकर्मोत्तरभेदः, मनुष्यद्विकं मनुष्यगतिमनुष्यानुपूर्वीरूपमेवमेवसुरद्विकमपि । अयमात्मा पञ्चेन्द्रिय इति व्यवहारनिमित्तं कर्म पञ्चेन्द्रियजातिः । पञ्चदेहा औदारिकवैक्रियाहारकतैजसकार्मणरूपाः । आदिमानां तिसृणामौदारिकवैक्रियाहारकाणां तनूनामङ्गोपाङ्गानि शिरःप्रभृतीन्यङ्गुल्यादीनि च तन्निर्वर्तककर्माण्यादिमत्रितनूपाङ्गानि । आदिमसंहननसंस्थाने, अस्थिबन्धनविशेषप्रयोजकं कर्म संहननं, आदिमसंहननं वज्रर्षभनाराचसंज्ञं, शरीराकृतिनिर्वृत्तिप्रयोजककर्म संस्थानं, आदिमसंस्थानं समचतुरस्रनामेत्यर्थः ।

प्रशस्तवर्णचतुष्कं, शुक्लरक्तपीताः प्रशस्तवर्णाः, प्रशस्तो गन्धस्सुरभिः, कषायाम्लमधुराः प्रशस्तरसाः, मृदुलघुस्निग्धोष्णाः प्रशस्तस्पर्शा एषां लाभप्रयोजकानि कर्माणि चत्वारि प्रशस्त-वर्णचतुष्कपदग्राह्याणि । शरीराणामगुरुलघुत्वपरिणामनियामकं कर्मागुरुलघु । परत्रासादिजनकं कर्म पराघातं, उच्छ्वसनप्राप्तिहेतुरुच्छ्वासः । उष्णप्रकाशप्रापकं कर्मातपं, अनुष्णप्रकाशप्रापकं कर्मोद्योतं, शुभान्तरिक्षगमनहेतुः कर्म शुभखगतिः, अङ्गोपाङ्गादिप्रतिनियतस्थानवृत्तिताप्रयोजकं कर्म निर्माणं, त्रसबादरपर्याप्तप्रत्येकस्थिरशुभसौभाग्यसुस्वरादेययशःकीर्तिरूपाणि दश कर्माणि त्रसदशकपदग्राह्याणि, सुराश्च नराश्च तिर्यञ्चश्च सुरनरतिर्यञ्चस्तेषामायूंषि, तत्प्रयोजककर्माण्यत्र सुरनरतिर्यगायूंषि । धर्मतीर्थप्रवर्त्तयितृपदप्रापकं कर्म तीर्थकरनाम, एषां द्वन्द्वस्ततः कर्मपदेन कर्मधारयः, तादृशकर्माणि रूपं स्वरूपं यस्य पुण्यस्य तत्तादृशकर्मरूपं तेन पुण्यस्य द्विचत्वारिंशद्भेदात्मकत्वमिति भावः ॥ तत्र सातोच्चैर्गोत्रवर्जानि सुरनरतिर्यगायुर्वर्जानि च शेषाणि कर्माणि नामप्रकृतयः, सातोच्चैर्गोत्रे वेदनीयगोत्रकर्मणोरुत्तरप्रकृती, सुरनरतिर्यगायूंषि आयुषः प्रकृतयो बोध्याः ॥

હવે પુણ્યકર્મના પ્રભેદો

(૧) **શાતાવેદનીય**- શરીર અને મન સંબંધી સુખની પ્રાપ્તિ કરાવનાર, વેદનીયકર્મની ઉત્તરપ્રકૃતિ રૂપ શાતાવેદનીય કર્મ છે.

(૨) **ઉચ્ચગોત્રકર્મ**- લોકથી પૂજિત કુળમાં જન્મના મૂળ કારણ રૂપ, ગોત્રકર્મના ઉત્તરભેદ રૂપ ઉચ્ચૈર્ગોત્રકર્મ.

(૩ + ૪) **મનુષ્યદ્વિક**- મનુષ્યગતિ, મનુષ્ય આનુપૂર્વી રૂપ મનુષ્યદ્વિક.

(૫ + ૬) **સુરદ્વિક**- સુરગતિ, સુર આનુપૂર્વી રૂપ સુરદ્વિક.

(૭) **પંચેન્દ્રિયજાતિ**- 'આ આત્મા પંચેન્દ્રિય છે'- આવા વ્યવહારમાં નિમિત્તભૂતકર્મ, પંચેન્દ્રિય જાતિ.

(૮ થી ૧૨) **પાંચ શરીર**- ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ રૂપ પાંચ શરીરો.

(૧૩ થી ૧૫) પહેલા ત્રણ શરીરોના અંગ-ઉપાંગો- ઔદારિક, વૈક્રિય અને આહારક રૂપ ત્રણ શરીરોના શિર વગેરે અંગો અને અંગુલિ આદિ ઉપાંગોના ઉત્પાદક કર્મો, પ્રથમ શરીરત્રયના અંગોપાંગો કહેવાય છે.

(૧૬) **પ્રથમ વજ્રઋષભનારાચ સંઘયણ**- હાડકાંઓની વિશિષ્ટ રચનામાં પ્રયોજક કર્મ, સંઘયણ કહેવાય છે.

(૧૭) **પ્રથમ સમચતુરસ્રસંસ્થાન**- શરીરના વિશિષ્ટ આકારની ઉત્પત્તિમાં પ્રયોજક કારણ રૂપ કર્મ સંસ્થાન, સમચતુરસ્ર નામક પ્રથમ સંસ્થાન કહેવાય છે.

(૧૮ થી ૨૧) **પ્રશસ્તવર્ણચતુષ્ક**- (વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આત્મક) શુકલ-રક્ત-પીતવર્ણો શુભવર્ણ, પ્રશસ્ત ગંધ સુરભિ, કષાય-આમ્લ-મધુર એ પ્રશસ્ત રસો, મૃદુ-લઘુ-સ્નિગ્ધ-ઊષ્ણ રૂપ પ્રશસ્ત સ્પર્શો, આ પ્રશસ્ત વર્ણ ચતુષ્ટયના લાભના પ્રયોજક કારણભૂત ચાર કર્મો, પ્રશસ્તવર્ણ ચતુષ્ક પદ ગ્રાહ્ય બને છે.

(૨૨) અગુરૂલઘુ- શરીરોના અગુરૂલઘુત્વ પરિણામનું નિયામક ધર્મ.

(૨૩) પરાઘાત- બીજાઓને ત્રાસ આદિ કરનાર.

(૨૪) ઉચ્છ્વાસ- શ્વાસ લેવા રૂપ ક્રિયાની પ્રાપ્તિમાં હેતુ રૂપ.

(૨૫) આતપ- ઊષ્ણ પ્રકાશનું પ્રાપક કર્મ.

(૨૬) ઉદ્યોત- શીત પ્રકાશનું પ્રાપક કર્મ.

(૨૭) શુભખગતિ- શુભ, આકાશમાં ગમન કારણ રૂપ કર્મ શુભખગતિ, સારી ચાલમાં કારણભૂત કર્મ 'શુભખગતિ.'

(૨૮) નિર્માણ- અંગ, ઉપાંગ આદિને નિયત સ્થાનમાં રાખનારું કર્મ.

(૨૯ થી ૩૮) ત્રસદશક-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-સૌભાગ્ય-સુસ્વર-આદેય-યશઃકીર્તિ રૂપ દશ કર્મો 'ત્રસદશક' પદથી ગ્રાહ્ય બને છે.

(૩૯ થી ૪૧) સુરનરતિર્યંચાયુ- સુરાયુ, નરાયુ અને તિર્યંચાયુના પ્રયોજક કર્મો.

(૪૨) તીર્થંકરનામ- ધર્મતીર્થના પ્રવર્ત્તક પદનું પ્રાપક કર્મ.

આ બેંતાલીશ પદોનો દ્વન્દ્વ સમાસ કર્યા બાદ કર્મપદની સાથે કર્મધારય સમાસ તાદૃશ કર્મો જેવું જેનું રૂપ-સ્વરૂપ છે એવા પુણ્યનું, તે તાદૃશ કર્મ રૂપી સ્વરૂપ વડે પુણ્યતત્ત્વના બેંતાલીશ ભેદો છે.

તે બેંતાલીસ ભેદોમાં શાતાવેદનીય અને ઉચ્ચ-ગોત્ર છોડી, તેમજ દેવાયુ-નરાયુ-તિર્યંચાયુ છોડી, અર્થાત્ આ પાંચ કર્મો છોડી બાકીના બીજા સાડત્રીસ કર્મો નામકર્મની પ્રકૃતિ રૂપ છે. સાત રૂપ ભેદ વેદનીયકર્મની અને ઉચ્ચ ગોત્ર ગોત્રકર્મની ઉત્તરપ્રકૃતિ છે.

સુરાયુ, નરાયુ અને તિર્યંચાયુ-એ ત્રણ આયુષ્યની પ્રકૃતિ જાણવી.

एतर्हि पापस्य प्रभेदानाह—

ज्ञानान्तरायदशकदर्शनावरणीयनवकनीचैर्गोत्रासातमिथ्यात्वस्थावर-दशकनरकत्रिककषायपञ्चविंशतितिर्यग्द्विकैकद्वित्रिचतुर्जातिकुखगत्युपघाता-प्रशस्तवर्णचतुष्काप्रथमसंहननसंस्थानभेदात् द्व्यशीतिविधं पापम् । १३ ।

ज्ञानान्तरायेति । ज्ञानानि चान्तरायाश्च ज्ञानान्तरायास्तेषां दशकं, ज्ञानानि विशेषविषयबोधात्मकानि मत्यादिरूपतः पञ्चविधानि, कर्मप्रस्तावाज्ज्ञानपदेन तदावरणानां ग्रहणं, तथा च पञ्चविधानि ज्ञानावरणानि, दानलाभभोगोपभोगवीर्याणां प्रत्यूहविधायकानि पञ्चान्तरायकर्माणि,

तस्माद्दशविधत्वं बोध्यम् । दर्शनावरणीयनवकं, दर्शनं सामान्योपलम्भः, तस्यावरणमावारकं, तच्च द्विविधं दर्शनलब्धेर्दर्शनोपयोगस्य चावरणभेदात्, तत्राद्यं चतुर्विधं चक्षुरचक्षुरवधिकेवलदर्शनावरणभेदात् द्वितीयन्तु पञ्चविधं निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानर्द्धिरूपेण, उभयमपि मिलित्वा दर्शनावरणीयनवकमुच्यते । नीचैर्गोत्रं गर्हितकुलप्रभवप्रयोजकं कर्म, असातं विशिष्टदुःखप्रयोजकं कर्म, तत्त्वार्थश्रद्धानविपर्ययप्रयोजकं कर्म मिथ्यात्वं । स्थावर दशकं स्थावरसूक्ष्मापर्याप्तसाधारणास्थिराशुभदुर्भगदुस्स्वरानादेयायशःकीर्त्तिप्रयोजककर्मात्मकं, नरकत्रिकं नरकगतिनरकायुर्नरकानुपूर्वीप्रयोजककर्मलक्षणं, कषायपञ्चविंशतिः, क्रोधमानमायालोभाः कषायास्ते प्रत्येकमनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानसंज्वलनप्रभेदतष्षोडशविधाः । हास्यरत्यरतिशोकभयजुगुप्सापुरुषवेदस्त्रीवेदनपुंसकवेदभेदतो नव नोकषाया ईषत्कषायरूपत्वेनोभयसंमेलनतः कषायाणां पञ्चविंशतिर्भवति । तिर्यग्द्विकं तिर्यग्गतितिर्यगानुपूर्वीप्रयोजककर्मद्वयं, एकद्वित्रिचतुर्जातयः-एकेन्द्रियजातिद्वीन्द्रियजातित्रीन्द्रियजातिचतुरिन्द्रियजातिरूपाः, कुखगतिः कुत्सिताम्बरगमनप्रयोजकं कर्म, उपघातं स्वावयवैस्स्वपीडाप्रयोजकं कर्म, अप्रशस्तवर्णचतुष्कं नीलकृष्णावप्रशस्तवर्णौ, दुरभिरप्रशस्तगन्धः, तिक्तकटू अप्रशस्तरसौ, कठिनगुरुरूक्षशीता अप्रशस्तस्पर्शाः, एषामुदयप्रयोजककर्मचतुष्टयं, अप्रथमसंहननसंस्थानानि ऋषभनाराचनाराचार्धनाराचकीलिकासेवार्त्तलक्षणबन्धविशेषप्रयोजककर्माण्यप्रथमसंहननानि, न्यग्रोधपरिमण्डलसादिकुब्जवामनहुण्डनिदानकर्माण्यप्रथमसंस्थानानि । एषां द्वन्द्वस्ततस्तान्येव भेदस्तस्मादिति समासः । तत्र ज्ञानावरणीयपञ्चकं ज्ञानावरणीयस्यान्तरायपञ्चकमन्तरायस्य, दर्शनावरणीयनवकं दर्शनावरणीयस्य, मिथ्यात्वकषायपञ्चविंशतिरूपाः षड्विंशतिविधा मोहनीयस्य प्रकृतयः । नरकायुरायुषो नीचैर्गोत्रं गोत्रस्यासातं वेदनीयस्य प्रकृतिः । शेषाणि नरकगत्यानुपूर्वीतिर्यग्गत्यानुपूर्व्येकद्वित्रिचतुरिन्द्रियजात्यप्रथमसंहननपञ्चकाप्रथमसंस्थानपञ्चकाप्रशस्तवर्णचतुष्कोपघातकुखगतिस्थावरदशकानि चतुस्त्रिंशन्नामप्रकृतयो विज्ञेयाः ॥

પાપતત્ત્વના પ્રભેદો

(૧ થી ૧૦) જ્ઞાનાન્તરાયદશક- જ્ઞાનો અને અંતરાયોનું દશક. વિશેષ રૂપ વિષયના બોધ રૂપ જ્ઞાનો મતિ આદિ રૂપથી પાંચ પ્રકારના છે. અહીં કર્મ પ્રસ્તાવની અપેક્ષાએ જ્ઞાનપદથી મતિ આદિ જ્ઞાન આવરણોનું ગ્રહણ છે.

તથાચ પાંચ પ્રકારના જ્ઞાનાવરણો, દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યોમાં વિઘ્ન કરનારાં પાંચ અંતરાયકર્મો છે. તેથી જ્ઞાનાવરણ પાંચ અને અંતરાય પાંચ મળીને દશ ભેદ રૂપ જ્ઞાનાન્તરાયદશક જાણવું.

(११ थी १९) દર્શનાવરણીય નવક- દર્શન એટલે સામાન્ય રૂપ વિષયનો ઉપયોગ, તેનું આવરણ એટલે આવારક કર્મ. દર્શનાવરણીયકર્મ, આ કર્મ દર્શનલબ્ધિ અને દર્શન ઉપયોગના આવરણના ભેદથી બે પ્રકારનું છે.

(૧) દર્શનલબ્ધિ આવરણ રૂપ દર્શનાવરણીયકર્મ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ, અવધિદર્શનાવરણ અને કેવલદર્શનાવરણના ભેદથી ચાર પ્રકારનું છે.

(૨) દર્શન ઉપયોગના આવરણ રૂપ દર્શનાવરણીયકર્મ, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનર્ધિનો ભેદથી પાંચ પ્રકારનું છે. ૪ + ૫ આ બે મળીને દર્શનાવરણીયનવક કહેવાય છે.

(૨૦) નીચૈર્ગોત્ર- નિંદિત કુળમાં ઉત્પત્તિમાં પ્રયોજક કારણ કર્મ.

(૨૧) અશાતાવેદનીય- વિશિષ્ટ દુઃખમાં પ્રયોજક કર્મ.

(૨૨) મિથ્યાત્વ- તત્ત્વાર્થશ્રદ્ધાનથી વિપર્યયમાં પ્રયોજક કર્મ.

(૨૩ થી ૩૨) સ્થાવરદશક-સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને અયશઃકીર્તિ પ્રયોજક કર્મ રૂપ 'સ્થાવરદશક' કર્મ કહેવાય છે.

(૩૩ થી ૩૫) નિરયત્રિક- નરકગતિ, નરકાયુ અને નરકાનુપૂર્વ્વીમાં પ્રયોજક કર્મ રૂપ 'નિરયિક' કહેવાય છે.

(૩૬ થી ૬૦) કષાયપંચવિંશતિ- અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ (૪) અપ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ (૮) પ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ (૧૨) સંજવલન ક્રોધ-માન-માયા-લોભ (૧૬) હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા-પુરુષવેદ-સ્ત્રીવેદ-નપુંસકવેદ, એમ નવ નોકષાય (૨૫), (ઈષત્કષાય રૂપ હોઈ નોકષાય કહેવાય છે.)

(૬૧ + ૬૨) તિર્યગ્દ્વિક- તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વ્વી પ્રયોજક બે કર્મ 'તિર્યગ્દ્વિક' છે.

(૬૩ થી ૬૬) એકદ્વિત્રિચતુર્જાતિ- એકેન્દ્રિય જાતિ, બેઈન્દ્રિય જાતિ, તેઈન્દ્રિય જાતિ અને ચઉરિન્દ્રિય જાતિ રૂપ 'એકદ્વિત્રિચતુર્જાતિ' રૂપ કર્મો કહેવાય છે.

(૬૭) કુખગતિ- ખરાબ ચાલમાં પ્રયોજક કર્મ.

(૬૮) ઉપઘાત- પોતાના અવયવોથી પોતાની પીડામાં પ્રયોજક કર્મ.

(૬૯ થી ૭૨) અપ્રશસ્તવર્ણ ચતુષ્ક- નીલ અને કૃષ્ણ એ બે અશુભ વર્ણ, દુરભિ (દુર્ગંધ) એ અશુભ ગંધ તથા તિક્ત અને કટુ એ બે અશુભ રસ છે. કઠિન, ગુરૂ, રૂક્ષ અને શીત-એ ચાર અશુભ સ્પર્શો છે. આ ચાર અશુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શોના ઉદયમાં પ્રયોજક ચાર કર્મો 'અપ્રશસ્તવર્ણ ચતુષ્ક' કહેવાય છે.

(૭૩ થી ૮૨) અપ્રથમ સંહનન-સંસ્થાન- પહેલા સિવાયના બધા સંહનન અને સંસ્થાન અર્થાત્ ઋષભનારાચ-નારાચ-અર્ધનારાચ-કીલિકા-સેવાર્ત્ત રૂપ બંધવિશેષમાં પ્રયોજક કર્મો, અપ્રથમ સંહનનપંચક અને ન્યગ્રોધપરિમંડલ સાદિ કુબ્જ-વામન-હુંડકના મૂલ કારણ કર્મો, અપ્રથમ સંસ્થાનપંચક, આ બધા પદોનો દ્વન્દ્વ સમાસ છે અને તે પદો રૂપી ભેદથી પાપતત્ત્વ બ્યાશી પ્રકારનું છે.

ત્યાં જ્ઞાનાવરણીયપંચક જ્ઞાનાવરણીયકર્મની પ્રકૃતિ છે, અંતરાયપંચક અંતરાયકર્મની પ્રકૃતિ છે, દર્શનાવરણીયનવક દર્શનાવરણીયકર્મની પ્રકૃતિ છે, મિથ્યાત્વ-કષાય પંચવંશતિ રૂપ છવ્વીશ પ્રકારના કર્મો મોહનીયકર્મની પ્રકૃતિ છે, નરકાયુ આયુષ્યકર્મની પ્રકૃતિ છે, નીચ ગોત્ર ગોત્રકર્મની પ્રકૃતિ છે અને અશાતા વેદનીયકર્મની પ્રકૃતિ છે.

બાકીના કર્મો, જેવાં કે-નરકગતિ, નરકાનુપૂર્વ્વી, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વ્વી, એક-દ્વિ-ત્રિ-ચતુરિન્દ્રિય જાતિ, અપ્રથમ સંહનનપંચક, અપ્રથમ સંસ્થાનપંચક, અપ્રશસ્તવર્ણચતુષ્ક, ઉપઘાત, કુખગતિ અને સ્થાવરદશક- એમ ચોત્રીશ કર્મો નામપ્રકૃતિ રૂપ જાણવાં.

साम्प्रतमाश्रवं विभजते—

आश्रवस्तु इन्द्रियपञ्चककषायचतुष्कावव्रतपञ्चकयोगत्रिक-क्रियापञ्चविंशतिभेदात् द्वाचत्वारिंशद्विधः । १४ ।

आश्रवस्त्विति । कायवाङ्मनसां क्रियाविशेषो योगापरपर्याय आत्मकायाद्याश्रय आश्रव उच्यते, स च यद्यपि सकषायस्याकषायस्य च भवति तथाप्यत्र सकषायस्यैवाश्रवं विभजते, स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्ररूपमिन्द्रियपञ्चकं, क्रोधमानमायालोभरूपं कषायचतुष्कं, हिंसाऽसत्यस्तेयाब्रह्मपरिग्रहरूपमव्रतपञ्चकं, कायवाङ्मनोरूपं योगत्रिकं, कायिक्यधिकरणिकी प्रादोषिकीपारितापनिकीप्राणातिपातिक्यारंभिकीपारिग्रहिकीमायाप्रत्ययिकीमिथ्यादर्शनप्रत्ययिक्य-प्रत्याख्यानिकीदृष्टिकीस्पृष्टिकीप्रातीत्यकीसामन्तोपनिपातिकीनैः-शस्त्रिकीस्वाहस्तिक्याज्ञापनिकी-विदारणिक्यनाभोगप्रत्ययिक्यनवकांक्षप्रत्ययिकीप्रायोगिकीसामुदायिकीप्रेमप्रत्ययिकीद्वेषप्रत्ययि-कीर्यापथिकीरूपाः क्रियापञ्चविंशतिः, एषां द्वन्द्व एता एव भेदो विशेषस्तस्मादित्यर्थः । यद्यपि योगेन्द्रियकषायाव्रतानां सकषायसम्बन्धिनां क्रियास्वभावानतिवृत्तेः क्रियामात्रमेवास्रवः प्रसक्त-स्तथापि तेषां द्रव्यास्रवत्वं शुभाशुभास्रवपरिणामाभिमुखत्वात्, भावास्रवस्तु कर्मादानं, तच्च पञ्चविंशतिक्रियाभिरिति तेषां पृथग्ग्रहणं, तत्राव्रतपञ्चकं सकलास्रवजालमूलं, तत्प्रवृत्ता-वेवास्रवेषु प्रवृत्तिस्तन्निवृत्तौ च सर्वास्रवेभ्यो निवृत्तिः अत्र कषायचतुष्कं सहकारि, उभयोरनयोः सत्त्वे इन्द्रियपञ्चकमास्रवेषु प्रवर्त्तते तदनन्तरञ्च पञ्चविंशतिक्रिया आस्रव-कारणिकाः प्रवर्त्तन्ते, सर्वत्र च कायावङ्मनोयोगस्सहकारी भवति । तथा च क्रियापञ्च-विंशतिः नैमित्तिकी, इतराणि तु निमित्तानि यथा स्पर्शनेन्द्रियं कारणं स्पर्शनक्रिया कार्यं तस्मिन् सति स्पृष्टिकी क्रिया, मूर्च्छा कारणं परिग्रहः कार्यं तस्मिन् सति पारिग्रहिकी क्रिया, क्रोधः कारणं प्रदोषः कार्यं तस्मिन् सति प्रादोषिकी क्रिया, मानः कारणमप्रणतिः कार्यं तस्मिन् सति प्रातीत्यकी क्रिया, कारणं माया कार्यं कौटिल्यं तस्मिन् सति मायाप्रत्ययिकी

क्रिया, प्राणातिपातः कारणं कार्यं प्राणातिपातिकी क्रिया इत्येवं यथासंभवं निमित्तनैमित्तिक-भावो विज्ञेयः ॥

આશ્રવ તત્ત્વવિભાગ

ભાવાર્થ- 'આશ્રવ તત્ત્વ તો ઈન્દ્રિયપંચક, કષાયચતુષ્ક, અવ્રતપંચક, યોગત્રિક અને ક્રિયાપંચવિંશતિના ભેદથી બેંતાલીશ પ્રકારનું છે.'

વિવેચન- આશ્રવ-મનની, વચનની અને કાયાની વિશિષ્ટ ક્રિયા રૂપ જેનું બીજું નામ યોગ છે એવો, આત્મા અને કાયા વગેરેના આધાર રૂપ 'આશ્રવ' કહેવાય છે.

જો કે તે આશ્રવ કષાયવાળાને અને કષાય વગરનાને હોય છે, તો પણ અહીં સકષાયગત આશ્રવનો વિભાગ કરે છે.

(૧ થી ૫) ઈન્દ્રિયપંચક-સ્પર્શન રસના પ્રાણ, ચક્ષુ અને શ્રોત રૂપ પાંચ ઈન્દ્રિયો.

(૬ થી ૯) કષાયચતુષ્ક- ક્રોધ, માન, માયા અને લોભ રૂપી ચાર કષાયો.

(૧૦ થી ૧૪) અવ્રતપંચક-હિંસા, અસત્ય, અસ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહ રૂપ અવ્રતપંચક.

(૧૫ થી ૧૭) યોગત્રિક-મન, વચન અને કાયા રૂપ ત્રણ યોગો.

(૧૮ થી ૪૨) ક્રિયાપંચવિંશતિ-૧-કાયિકી, ૨-અધિકરણિકી, ૩-પ્રાદોષિકી, ૪-પારિતાપનિકી, ૫-પ્રાણાતિપાતિકી, ૬-આરંભિકી, ૭-પારિગ્રહિકી, ૮-માયાપ્રત્યયિકી, ૯-મિથ્યાદર્શનપ્રત્યયિકી, ૧૦-પ્રત્યાખ્યાનિકી, ૧૧-દૃષ્ટિકી, ૧૨-સૃષ્ટિકી, ૧૩-પ્રાતીત્યકી, ૧૪-સામંતોપનિપાતિકી, ૧૫-નૈઃશસ્ત્રિકી, ૧૬-સ્વાહસ્તિકી, ૧૭-આજ્ઞાપનિકી, ૧૮-વિદારણિકી ૧૯-અનાભોગપ્રત્યયિકી, ૨૦-અનવકાંક્ષપ્રત્યયિકી, ૨૧-પ્રાયોગિકી, ૨૨-સામુદાયિકી, ૨૩-પ્રેમપ્રત્યયિકી, ૨૪-દ્વેષપ્રત્યયિકી અને ૨૫-ઈર્યાપથિકી રૂપ ક્રિયાપંચવિંશતિ.

આ બધા પદોનો દ્વન્દ્વ સમાસ છે. આ બધા પદો રૂપી ભેદથી આશ્રવ બેંતાલીશ પ્રકારનો છે.

જો કે સકષાય સંબંધી યોગ, ઈન્દ્રિય, કષાય અને અવ્રતોમાં ક્રિયા રૂપ સ્વભાવનું ઉલ્લંઘન નહિ થવાથી ક્રિયા માત્ર જ આશ્રવ તરીકે પ્રસંગ પ્રાપ્ત થાય છે, તો પણ તે યોગ આદિનું દ્રવ્ય આશ્રવપણું શુભ-અશુભ આશ્રવના પરિણામ રૂપ કારણને લઈને છે.

ભાવ રૂપ આશ્રવ તો કર્મના ગ્રહણ રૂપ છે. વળી તે કર્મગ્રહણ પચીશ ક્રિયા વડે થાય છે, માટે તેઓનું પૃથગ્રૂપણે ગ્રહણ છે.

અર્થાત્ ઈન્દ્રિયપંચક આદિ દ્રવ્યાશ્રવ છે અને પચીશ ક્રિયા ભાવાશ્રવ રૂપ છે, માટે ભેદથી કથન કરેલ છે.

ત્યાં અવ્રતપંચક સકલ આશ્રવસમુદાયનું મૂળ છે. તે અવ્રતપંચકની પ્રવૃત્તિમાં જ આશ્રવોમાં પ્રવૃત્તિ છે. તે અવ્રતપંચકના અભાવમાં સકળ આશ્રવોનો અભાવ છે.

અહીં કષાયચતુષ્ક સહકારી રૂપ નિમિત્ત છે. અવ્રતપંચક અને કષાયચતુષ્કની સત્તામાં ઇન્દ્રિયપંચક આશ્રવોમાં પ્રવર્તે છે ત્યારબાદ આશ્રવના કારણ રૂપ પચીશ ક્રિયાઓ પ્રવર્ત્તે છે. વળી સમસ્ત આશ્રવોમાં મન, વચન અને કાયાના વ્યાપાર રૂપ યોગ સહકારી થાય છે.

તથાચ પચીશ ક્રિયાઓ કાર્ય રૂપ છે અને બીજા ઇન્દ્રિયપંચક આદિ નિમિત્તરૂપ છે. જેમ કે-સ્પર્શન ઇન્દ્રિય એ કારણ છે અને તેનું સ્પર્શનક્રિયા કાર્ય છે. તે હોય તો જ 'સ્પૃષ્ટિકી' ક્રિયા.

મૂર્ચ્છા કારણ છે અને મૂર્ચ્છા કારણજન્ય પરિગ્રહ કાર્ય છે. તે હોય તો જ 'પારિગ્રહિકી' ક્રિયા.

ક્રોધ કારણ છે અને ક્રોધ રૂપ કારણજન્ય પ્રદ્વેષ કાર્ય છે. તે હોય તો જ 'પ્રાદોષિકી' ક્રિયા.

માન એ કારણ છે અને માન રૂપ કારણજન્ય અપ્રણામ કાર્ય છે. તે હોય તો જ 'પ્રાતીત્યકી' ક્રિયા.

માયા કારણ છે અને માયા રૂપ કારણજન્ય કુટિલતા રૂપ કાર્ય છે. તે હોય તો જ 'માયાપ્રત્યયિકી' ક્રિયા.

પ્રાણાતિપાત કારણ છે અને પ્રાણાતિપાત કારણજન્ય કાર્ય રૂપ કાર્ય છે. તે હોય તો જ 'પ્રાણાતિપાતિકી' ક્રિયા. આ પ્રમાણે સંભવ પ્રમાણે કાર્ય-કારણભાવ જાણવો.

इदानीं संवरभेदानाह–

पञ्चसमितित्रिगुप्तिद्वाविंशतिपरीषहदशयतिधर्मद्वादशभावनापञ्चचारित्रभेदात्संवरस्सप्तपञ्चाशद्विधः । १५ ।

पञ्चेति । ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गरूपाः पञ्चसमितयः । कायवाङ्मनोनिग्रहात्मिकास्त्रिगुप्तयः । क्षुत्तिपासाशीतोष्णदंशावस्त्रारतिवनिताचर्यानैषेधिकशय्याऽऽक्रोशवधयाचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कारप्रज्ञाऽज्ञानसम्यक्त्वरूपा द्वाविंशतिपरीषहाः[१] । क्षान्तिमार्दवार्जवनिर्लोभतातपःसंयमसत्यशौचाकिञ्चन्यब्रह्मचर्यरूपा दश यतिधर्माः । अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वाश्रवसंवरनिर्जरालोकस्वभावबोधिदुर्लभधर्मस्वाख्यातरूपा द्वादश भावनाः । सामायिकछेदोपस्थापनापरिहारविशुद्धिसूक्ष्मसंपराययथाख्यातरूपाणि पञ्च चारित्राणि, एषां द्वन्द्व एतान्येव भेदः प्रकारस्तस्मात् । संवरःपूर्वोदिताऽऽस्रवस्य निरोधः, शुभाशुभकर्मग्रहणहेत्वात्मपरिणामाभाव इति यावत् । अर्थोऽयं संवरणं संवर इति व्युत्पत्त्या विज्ञेयः । संव्रियते कर्मानेनेति व्युत्पत्या तु संवरस्समित्यादयः । समित्यादिभिर्हि कर्म संव्रियते, तथा च शुभाशुभकर्मादानाभावे समित्यादयः करणमिति तात्पर्यम् ॥

संवरना प्रभेदो

ભાવાર્થ- 'પંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીશ પરીષહ, દશ યતિધર્મ, બાર ભાવના અને પાંચ ચારિત્રના ભેદથી સંવર સત્તાવન પ્રકારનો છે.'

१. अत्र कर्मव्युत्पत्त्या क्षुधादीनां परीषहत्वमुक्तमेतत्तत्त्वमग्रे वक्ष्यते ।

વિવેચન- (૧ થી ૫) પંચ સમિતિ-ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગ રૂપ પાંચ સમિતિ.

(૬ થી ૮) ત્રિગુપ્તિ - કાયનિગ્રહ, વચનનિગ્રહ અને મનોનિગ્રહ રૂપ ત્રણ ગુપ્તિઓ.

(૯ થી ૩૦) દ્વાવિંશતિ પરીષહ- ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, અવસ્ત્ર, અરતિ, વનિતા, ચર્યા, નૈષેધિક, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણ, સ્પર્શ, મલ, સત્કાર, પ્રજ્ઞા અને અજ્ઞાન સમ્યક્ત્વ રૂપ બાવીશ પરીષહો.

(૩૧ થી ૪૦) દશ યતિધર્મ- ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય રૂપ દશ યતિધર્મ.

(૪૧ થી ૫૨) દ્વાદશ ભાવના- અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વભાવ, બોધિદુર્લભ અને ધર્મસ્વાખ્યાત રૂપે બાર ભાવના.

(૫૩ થી ૫૭) પંચ ચારિત્ર- સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત રૂપે પાંચ ચારિત્રો. આ બધા પદોનો દ્વન્દ્વ સમાસ.

ત્યારબાદ આ પદો રૂપી ભેદપ્રકારથી પૂર્વકથિત આશ્રવના નિરોધરૂપ સંવર અર્થાત્ શુભ-અશુભ કર્મગ્રહણના હેતુભૂત આત્મપરિણામના અભાવ રૂપ સંવર જાણવો.

આ અર્થ 'संवरणं संवरः' - આવી વ્યુત્પત્તિથી જાણવો. 'જેના વડે કર્મ સંવૃત્ત થાય' - આવી વ્યુત્પત્તિથી સમિતિ વગેરે સંવર કહેવાય છે, કારણ કે- સમિતિ આદિથી કર્મ નિરૂદ્ધ થાય છે. તથાય શુભ-અશુભ કર્મગ્રહણના અભાવમાં સમિતિ આદિ કારણ છે. આવું તાત્પર્ય જાણવું.

અધુના નિર્જરાં વિભજતે—

बाह्याभ्यन्तरषट्करूपतपोभेदेन द्वादशप्रकारा निर्जरा । १६ ।

बाह्येति । तपो हि द्विविधं बाह्यमाभ्यन्तरञ्चेति, तत्रानशनोनोदरिकावृत्तिसंक्षेपरसत्याग-कायक्लेशसंलीनतारूपं षड्विधं बाह्यं तपः । प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायध्यानोत्सर्गरूप-पञ्च षड्विधमाभ्यन्तरं मिलित्वा च द्वादशप्रकाराणि तपांसि, एतान्येव च निर्जराशब्दवाच्यानीति तस्या अपि द्वादशविधत्वं, यद्यपि बाह्याभ्यन्तररूपाणि तपांसि कर्मादानाभावात्मक-संवरकरणेष्वन्तर्गतानि, तस्मादेषामेव निर्जरात्वे संवरैकदेशो निर्जरिति स्यात्तथा च संवरवन्नेदं प्रधानं तत्त्वमिति नवत्वव्याघातस्तथापि कर्मसंश्लिष्टेनात्मना कर्मादानान्निवृत्तेनेव संश्लिष्ट-कर्महीनेनापि भवितव्यमेवान्यथा बन्धविनिर्मुक्तिस्तस्य न भवेदेव, ततश्च संश्लिष्टकर्म-प्रहाणमप्यावश्यकमतस्तदपि तत्त्वमेव[२], तदेव च निर्जरा तस्या उपायोऽवश्यं विधेयः, स चोपायस्तप एव, तस्य त्वागच्छत्कर्मनिरोधे संश्लिष्टकर्मप्रहारे च सामर्थ्यादुभयाङ्गतया कीर्त्तनमिति न कोऽपि दोषः ॥

२. प्रधानतयेत्यादिः ।

निर्जरा विभाग

भावार्थ- 'बाह्य रूपे छना समुदाय रूप अने अभ्यंतर रूपे छना समुदाय रूप तपना भेदथी बार प्रकारनी निर्जरा छे.'

विवेचन- तप, बाह्य अने अभ्यंतर रूपे बे प्रकारनो छे. (१) त्यां अनशन, ऊनोदरिका, वृत्तिसंक्षेप, रसत्याग, कायक्लेश अने संलीनता रूपे छ प्रकारनो 'बाह्य तप' छे. (२) प्रायश्चित, विनय, वैयावृत्य, स्वाध्याय, ध्यान अने उत्सर्ग रूपे छ प्रकारनो 'अभ्यंतर तप' छे. एम बे मणीने बार प्रकारना तपो ज निर्जरा शब्दथी वाच्य छे. ए हिसाबे निर्जरानुं पण द्वादशविधपणुं छे.

जो के बाह्य-अभ्यंतर रूप तपो कर्मग्रहणना अभाव रूप संवरना करणोमां (असाधारण कारणोमां) समावेशवाळा थई जाय छे. तेथी आ तपोना निर्जरापणामां संवरनो एक भाग 'निर्जरा' एम थाय !

जो आम थाय, तो संवरनी माफक आ निर्जरातत्त्व प्रधान नहि गणवाथी तत्त्वोनी नव संख्यानो व्याघात थई जाय छे.

तो पण जेम कर्मनी साथे संश्लिष्ट आत्माओ कर्मना ग्रहणथी निवृत्त बनवुं जोईओ, तेम कर्मसंश्लिष्ट आत्माओ कर्मथी शून्य बनवुं जोईओ ज. जो कर्मथी रहित थवानुं न मानवामां आवे, तो बंधथी शून्यपणुं ते आत्मानुं न ज थाय. तेथी संश्लिष्ट कर्मनो ध्वंस पण अत्यंत अनिवार्य-आवश्यक होई, ते 'निर्जरा' पण स्वतंत्र तत्त्व ज छे.

ते संश्लिष्ट कर्म प्रध्वंस रूप निर्जरा ज्यारे छे, त्यारे ते निर्जरानो उपाय अवश्य करवो जोईओ. ते उपाय तप ज छे.

ते तप रूप निर्जरानुं आगंतुक कर्मना निरोधमां अने संश्लिष्ट कर्मना प्रध्वंसमां सामर्थ्य छे, माटे संवर अने निर्जरा रूप उभयना अंग रूपे तपनुं कीर्तन छे तेथी कोईपण जातनो दोष नथी.

सम्प्रति बन्धं विभजते--

प्रकृतिस्थितिरसप्रदेशभेदाच्चतुर्विधो बन्धः । १७ ।

प्रकृतीति । जीवप्रदेशकर्मपुद्गलानां क्षीरोदकवत्परस्पराश्लेषो बन्धः । बन्धनं बन्धोऽस्वतंत्रीकरणं, तच्चोभयोरपि पुद्गलात्मनोरिति क्रियाक्रियावतोः[१] कथञ्चिदभेदात् ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयाऽऽयुष्कनामगोत्रान्तरायात्मकाष्टविधाः प्रकृतयो बन्धपदवाच्या भवन्ति । अथवाऽष्टविधकर्मजन्यास्स्वभावाः प्रकृतयः, यथा ज्ञानावरणीयस्यार्थानवगमो, दर्शनावरणीयस्यार्थानालोचनं, वेदनीयस्य सुखदुःखसंवेदनं, तत्त्वार्थाश्रद्धानासंयमौ मोहनीयस्य, भवधारणमायुषो नाम्नो नारकादिनामकरणं गोत्रस्य सदसत्कुलीनसंशब्दनं दानादिविघ्नकरणमन्तराय-

१. क्रिया-अस्वतन्त्रीकरणरूपा, क्रियावान् जनकतया दर्शनावरणादिः । आश्रयतया चात्मा । यदि प्रकृतिशब्दस्य स्वभाववाचित्वं न ज्ञानावरणादिवाचित्वमित्युच्यते तदा त्वाहाथवेति ॥

स्येति । एतासां ज्ञानावरणीयादिप्रकृतीनामात्मप्रदेशेषु कालविभागेनावस्थानं स्थितिबन्धः, तत्तत्प्रकृतिस्वभावादविच्युतिर्नियतकालमिति वा । नियतकालानां कर्मणां तीव्रमन्दादिभावेन विपाकवत्ता रसबन्धोऽनुभावबन्धापरनामा कर्मपुद्गलगतसामर्थ्यविशेषानुभवो वा । आत्मप्रदेशेषु कर्मपुद्गलद्रव्यपरिणामनिरूपणं प्रदेशबन्धः, कर्मभावपरिणतपुद्गलस्कन्धानां परमाणुपरिच्छेदेनावधारणं वेति चतुर्विधो बन्ध इति भावः ॥

બંધતત્ત્વ વિભાગ

ભાવાર્થ- પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશના ભેદથી ચાર પ્રકારનો બંધ છે.

વિવેચન- બંધ-જીવપ્રદેશોની સાથે કર્મનાશક પુદ્ગલોનો ક્ષીરનીર સંબંધની માફક પરસ્પર સર્વાત્મના સંબંધ 'બંધ' કહેવાય છે.

બંધન રૂપ એટલે પરતંત્ર કરવા રૂપ ક્રિયા. તે બંધ પુદ્ગલ અને આત્મામાં હોઈ, ક્રિયા અને ક્રિયાવાનનો (અહીં અસ્વતંત્ર કરવા રૂપ ક્રિયા અને ક્રિયાવાન એટલે જનકતા રૂપે દર્શનાવરણ આદિ અને આધારતાની અપેક્ષાએ આત્મા ક્રિયાવાન કહેવાય છે.) કથંચિદ્ અભેદ હોવાથી, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય રૂપ આઠ પ્રકારની કર્મરૂપી પ્રકૃતિઓ બંધનાત્મક શબ્દથી વાચ્ય થાય છે.

જ્યારે પ્રકૃતિ શબ્દ સ્વભાવવાચક હોય, ત્યારે પ્રકૃતિનો અર્થ જ્ઞાનાવરણ આદિ કર્મ નથી એ વાત દર્શાવતા અથવા પ્રકૃતિઓ એટલે આઠ પ્રકારના કર્મના કાર્ય રૂપ સ્વભાવો.

જેમ કે- જ્ઞાનાવરણીયકર્મનો સ્વભાવ વિશેષતયા અર્થવિષયક જ્ઞાનનો અભાવ, દર્શનાવરણીકર્મનો સ્વભાવ સામાન્યતયા અર્થવિષયક બંધ રૂપ આલોચનનો અભાવ, વેદનીયકર્મનો સ્વભાવ સુખ અને દુઃખનો અનુભવ, મોહનીયકર્મનો સ્વભાવ તત્ત્વાર્થની અશ્રદ્ધા (મિથ્યાત્વ) અને અવિરતિ રૂપ અસંયમ, આયુષ્યકર્મનો સ્વભાવ ભવમાં ધારવું, નામકર્મનો સ્વભાવ નારક આદિ નામનું કરવું, ગોત્રકર્મનો સ્વભાવ સત્કુલીન તરીકે-અસત્કુલીન તરીકે બોલાવવો, અને અંતરાયકર્મનો સ્વભાવ દાન આદિ પંચકમાં વિઘ્ન કરવો. ઇતિ 'પ્રકૃતિબંધ.'

આ જ્ઞાન આવરણ આદિ પ્રકૃતિઓનું આત્માના પ્રદેશોમાં કાળના વિભાગપૂર્વક રહેવું એ 'સ્થિતિબંધ' છે. અર્થાત્ તે તે કર્મપ્રકૃતિનું સ્વભાવથી નહિ ચલિત થવું અથવા નિયત કાળપર્યંત રહેવું.

નિયત કાળવાળા કર્મોના તીવ્ર, મંદ આદિ ભાવથી વિપાક તે 'રસબંધ' છે. તેનું બીજું નામ અનુભવબંધ છે. અથવા કર્મનાશક પુદ્ગલગત સામર્થ્યવિશેષનો અનુભવ.

આત્માના પ્રદેશોમાં કર્મપુદ્ગલના દ્રવ્યના પરિમાણનું કથન અથવા કર્મપણે પરિણમેલ પુદ્ગલસ્કંધોના પરમાણુઓના પરિમાણનું અવધારણ, એ 'પ્રદેશબંધ' કહેવાય છે. આ પ્રમાણે ચાર પ્રકારનો બંધ સમજવો. આમ ભાવ છે.

अथ मोक्षं विभजते–

मोक्षस्तु सत्पदप्ररूपणाद्रव्यप्रमाणक्षेत्रस्पर्शनाकालान्तरभागभावाल्पबहुत्वैर्नवविधः ।१८।

मोक्षस्त्विति । कृत्स्नकर्मक्षयो मोक्षः, तत्र वस्तुतो यद्यपि तारतम्याभावेन तस्य प्रभेदा न संभवन्त्येव, तथापि तद्वतां सिद्धानामाश्रयेण व्याख्याप्रकारैस्सत्पदप्ररूपणादिभिर्भेदोऽवसेयः, मोक्षस्यात्मपरिणामतया परिणामपरिणामिनोः कथञ्चिदभेदादिति भावः ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टधर**श्रीमद्विजयकमलसूरीश्वर**चरण-नलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा** विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाश**व्याख्यायां तत्त्वोद्देशाख्यः **प्रथमकिरणः** समाप्तः ॥

મોક્ષતત્ત્વ વિભાગ

ભાવાર્થ- મોક્ષ તો સત્પદપ્રરૂપણા, દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાલ, અંતર, ભાગ, ભાવ અને અલ્પબહુત્વ દ્વાર-એ પ્રમાણે નવ પ્રકારનો છે.

વિવેચન- મોક્ષ- સકલ કર્મના ક્ષય રૂપ મોક્ષ કહેવાય છે. તે મોક્ષમાં વસ્તુતઃ જો કે તરતમતા, ન્યૂનતા કે અધિકતાનો અભાવ હોઈ, તે મોક્ષના પ્રભેદો સંભવતા નથી, તો પણ તે મોક્ષવાળા સિદ્ધોના આશ્રયે વ્યાખ્યાના ભેદ રૂપ સત્પદપ્રરૂપણા આદિથી મોક્ષનો ભેદ જાણવો.

કેમ કે- મોક્ષ એ આત્માના પરિણામ રૂપ હોવાથી પરિણામ અને પરિણામીનો કથંચિદ્ અભેદ છે. આમ ભાવ સમજવો.

-: પ્રશસ્તિ :-

ઈતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વર** પટ્ટધર શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વર** ચરણકમલમાં ભક્તિસમુદાયને સ્થાપન કરનાર, તેમના જ પટ્ટધર એવા શ્રી **વિજયલબ્ધિસૂરિએ** રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ **'ન્યાયપ્રકાશ'** નામક વ્યાખ્યામાં, તત્ત્વોના ઉદ્દેશ (નામ માત્રથી વસ્તુ સકીર્તન રૂપ) નામનો **પ્રથમ કિરણ** સમાપ્ત થાય છે.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય ભુવનતિલકસૂરિના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરિએ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ ન્યાયપ્રકાશ નામની ટીકાનો સરળ ભાષામાં **પ્રથમ કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

ઈતિ પ્રથમ કિરણ

●●●

अथ द्वितीयकिरणः ॥

ननु सर्वमिदं तदोपपद्यते जीवो नाम कश्चन पदार्थः प्रमाणपदं यद्यवतरेत्, यस्य मुक्तये तत्त्वोपदेशो भवेत्, तत्रैव च मानं न पश्यामः, लोके हि यदत्यन्तमप्रत्यक्षं तन्नास्त्येव यथा गगनारविन्दं, यत्त्वस्ति तत्प्रत्यक्षेण गृह्यत एव यथा घटादिकं, न चायाति जीवः कदाचन प्रत्यक्षगोचरतां, ततो नास्त्यात्मा, न चासावनुमानगम्यः, लिङ्गलिङ्गिनोः क्वचिदध्यक्षतोऽविनाभावग्रहेणैवानुमानप्रवृत्तेः, न च लिङ्गिनाऽऽत्मना कस्यापि सिद्धोऽस्ति प्रत्यक्षेणाविनाभावो लिङ्गस्य, तथा सति जीवस्य प्रत्यक्षत एव सिद्धावनुमाननैरर्थक्यं स्यात् । न चादित्यो गतिमान् देशान्तरप्राप्तेर्देवदत्तवदिति सामान्यतोदृष्टानुमानेनादृष्टाया अप्यादित्यस्य गतेरनुमानवदत्रापि जीवस्सिद्ध्यतीति वाच्यम्, दृष्टान्ते देवदत्तादौ सामान्यतो देशान्तरप्राप्तेर्गतिपूर्वकत्वमध्यक्षतोऽवधार्यैव सूर्ये तत्साधनात्, न चात्र तथा क्वचिदपि दृष्टान्ते जीवसत्ताऽविनाभूतं साधनं किमपि प्रत्यक्षेण लक्ष्यते । न चाप्यागमगम्यस्सः, वस्तुतस्तस्यानुमानादभिन्नत्वात्, न च कस्यचित्प्रत्यक्षो जीवो यस्य वचनमागमः स्यात्प्रमाणञ्च भवेत् । तथा च सर्वमिदं निरूपणमरण्यरुदितनिभमित्याशङ्कायां जीवासाधारणधर्मात्मकलक्षणप्रदर्शनद्वाराऽऽत्मानं साधयति-

तत्र चेतनालक्षणो जीवः । १ ।

तत्रेति । नवसु तत्त्वेषु मध्य इत्यर्थः । चेतना लक्षणमसाधारणो[१] धर्मस्स्वरूपं वा यस्य सः, चेतनया लक्ष्यतेऽसाविति वा चेतनालक्षणः, अत्र जीव इति लक्ष्यं, चेतनालक्षण इति लक्षणम् । चेतना-बुद्धिः-संवेदनं, सैषा जीवस्य पर्यायः, तदेव सामान्यं लक्षणम्, जीवो

१. कथञ्चिद्भेदापेक्षयेदं स्वरूपमिति तु कथञ्चिदभेदापेक्षया । तथा च लक्षणशब्दो भेदाभेदद्योतक इति भावः । तथा च जीवश्चैतन्यमेव चैतन्यमपि जीव एव परस्परेणाविनाभूतत्वादिति बोध्यम् ॥

लक्ष्यः । सर्वजीववर्त्तिनी चेयं चेतना, सूक्ष्मनिगोदापर्याप्तेष्वपि सर्वजघन्या साऽस्त्येव, त्रैलोक्यवर्तिनां सर्वपुद्गलानां कर्मतया परिणतानामपि सर्वात्मना चेतनां समावरीतुं सामर्थ्याभावादतो न क्वाऽप्यव्याप्तिः । न वाऽसम्भवोऽचेतन आत्मेति विरुद्धत्वादश्रावणश्शब्द इतिवत् । एवञ्च चेतनैवात्मनि प्रमाणं, सुखदुःखादयो हि यथाऽऽत्मसंवेदनसिद्धास्तथा संशयादिविज्ञानमपि स्वसंवेदनसिद्धमेव, यद्धि प्रत्यक्षं न तत्प्रमाणान्तरेण साध्यं भवति, न च सर्वे प्रत्यया निरालम्बनाः प्रत्ययत्वात् स्वप्नप्रत्ययवदिति शून्यवादिनमनुमातारं प्रति प्रत्यक्षसिद्धमपि सग्रामनगरं विश्वं साध्यत एवेति वाच्यम्, तत्र बाधकप्रमाणस्यैव निराकरणात्, अत्र त्वात्मग्राहके प्रत्यक्षे बाधकप्रमाणाभावात् । ज्ञातवानहं जानेऽहं ज्ञास्याम्यह-मित्यादित्रैकालिककार्यव्यपदेशविषयाहम्प्रत्ययत आत्मनः प्रत्यक्षसिद्धत्वाच्च । न चाहम्प्रत्यय आनुमानिकोऽलैङ्गिकत्वात् । नाप्यागमादिप्रमाणसम्भवस्तदनभिज्ञानामपि तस्योत्पादात् । न चास्या देह एव विषयो मृतदेहेऽपि तदुत्पत्तिप्रसङ्गात् । नापि निराश्रयः अहमित्यादिज्ञानस्य गुणत्वेन गुणिनमन्तरेणासम्भवात्, न देहोऽत्र गुणी, मूर्त्तत्वाज्जडत्वाच्च ज्ञानस्य त्वमूर्तत्वाद् बोधरूपत्वाच्च । न चाननुरूपाणां गुणगुणिभावो युज्यते, आकाशरूपादीनामपि तद्भाव-प्रसङ्गात् । तस्मादहम्प्रत्ययग्राह्यत्वादात्मा प्रत्यक्ष एव । तदपलापेऽश्रावणः शब्द इतिवत्प्रत्यक्षविरुद्धः पक्षाभासः[१] स्यात् । यथा च रूपादिगुणप्रत्यक्षाद् गुणी घटः प्रत्यक्षः तथा संशयस्मृतिजिज्ञासादिज्ञानविशेषाणां स्वसंवेदनप्रत्यक्षसिद्धत्वाद्गुणी जीवोऽपि प्रत्यक्षसिद्ध[२] एव । तथेन्द्रियमपि न विज्ञातृ, तदुपरमेऽपि तदुपलब्धार्थानुस्मरणात् । अतः प्रत्यक्षोऽयमात्मा स्वदेहे । परदेहे पुनरिष्टानिष्टप्रवृत्तिनिवृत्तिदर्शनात्सात्मकत्वमनुमेयम् । परशरीरं सात्मकं, इष्टानिष्टप्रवृत्तिनिवृत्तिदर्शनात्स्वशरीरवत् । तथाऽस्ति देहस्य विधाता, आदिमत्प्रतिनियता-कारत्वात् घटवद्,यत्पुनरकर्त्तृकं तदादिमत्प्रतिनियताकारमपि न भवति यथाऽभ्रं । मेर्वादौ व्यभिचारवारणायादिमदिति विशेषणम् । तथा इन्द्रियं साधिष्ठातृकं, करणत्वाद्दण्डादिवत्, देहादयस्सभोक्तृका भोग्यत्वात् वस्त्रादिवदित्यनुमानानि साधकानि बोध्यानि । न च विधात्रादिसाधकहेतूनां साध्यविरुद्धसाधकत्वं[३], घटादिकर्त्तृणां मूर्त्तिमत्त्वात्संघातरूपत्वाद-नित्यस्वभावत्वाच्च, सिषाधयिषितश्चैतद्विपरीतो जीव इति वाच्यम्, संसारिणो जीवस्यैव

१. आत्मा न प्रत्यक्ष इत्यत्रेति भावः ॥ २. जीवोऽस्ति तद्गुणप्रत्यक्षत्वाद्घटवदिति प्रयोगोऽपि बोध्यः ॥ ३. अत एव च विरुद्धत्वम् । तत्र हेतुमाह घटादीति ॥

साधयितुमिष्टत्वेनादोषत्वात्, स हि अष्टविधकर्मपुद्गलसंघातोपगूढत्वासशरीरत्वाच्च कथंचिन्मूर्त्तत्वादिधर्मयुक्त एवेति दिक् ॥ नन्वस्तु जीवः प्रत्यक्षसिद्धस्तथापि चेतनालक्षणो जीव इति लक्षणं न सम्भवति, तथा सति हि चेतनास्वरूपं जीव इत्युक्तं स्यात् तच्च न संभवति चेतनाया गुणत्वाज्जीवस्य गुणित्वाच्च स्वरूपभेदात् तयोर्भेदे तु जीवस्यैव चेतनागुणो न घटादेरित्यवधारणं न स्यात्, तयोश्चाभेदे य एव जीवस्सैव चेतना, यैव चेतना स एव जीव इति भेदनिबन्धनलक्ष्यलक्षणभावो न भवेदिति चेन्न तयोः कथञ्चिद्भिन्ना-भिन्नत्वेनोभयोपपत्तेः । ननु तथापि कथञ्चिद्भेदेन चैतन्याश्रयो जीवो वर्त्तत इति न सङ्गच्छते सर्वभावानां क्षणिकत्वेन नित्यस्य चैतन्याश्रयस्यासिद्धेः । यद्धि सत् तत्क्षणिकं यथा घटः संश्च विवादाध्यासित इति, अत्र सत्त्वमर्थक्रियाकारित्वं नहि संश्चार्थो न चार्थक्रियाकारीति संभवति, तथा च ज्ञानान्येव सन्तन्यमानानि क्षणिकानि सन्ति न ततोऽन्यो नित्यस्तदाश्रयो जीवो नाम कश्चिदिति चेन्न घटादीनां कालान्तरस्थायित्वेन क्षणिकत्वस्यासिद्ध्या सत्त्वस्य क्षणिकत्वेन व्याप्त्यसिद्धेः, न च घटादौ सामर्थ्यासामर्थ्यलक्षणविरुद्धधर्माध्यासान्न कालान्तरावस्थायित्वं, अन्यथा कालान्तरभाविजलाहरणादिकमिदानीमपि कुर्यान्न करोत्यतोऽसमर्थत्वेन पूर्वोत्तर-कालयोर्नैको घट इति क्षणिकत्वं सिद्धमेवेति वाच्यम्, सामर्थ्यासामर्थ्यलक्षणविरुद्धधर्माध्यासा-सिद्धेः । इदानीं जलाहरणं कुर्वतो घटस्य कालान्तरीयजलाहरणं प्रत्यपि सामर्थ्यात् । न च सति सामर्थ्ये कार्यमवश्यं करणीयमित्यस्ति नियमो सहकारिलाभालाभप्रयुक्तत्वात् करणाक-रणयोः । तस्मान्न क्षणिकत्वव्याप्तं सत्त्वं, किञ्च नित्यात्मानभ्युपगमे क्षणिकत्वेन ज्ञानानां स्मरणानुपपत्तिः, अन्यदृष्टस्यान्येनास्मरणात्, न च नानात्वेऽपि ज्ञानानां कार्यकारणभावेन स्मरणं युज्यत इति वाच्यम्, उपाध्यायानुभूते शिष्यस्य स्मरणप्रसङ्गात्, तज्ज्ञानानां कार्यकारण-भावाविशेषात्, न च शरीरभेदाग्रहोऽपि नियामक इति वाच्यम्, एतज्जन्मनि जातिस्मरणेन प्राग्जन्मानुभूतानां स्मरणासंभवात्, प्राग्भवीयस्वज्ञानानां सर्वज्ञेनाप्रतिसंधानापत्तेश्च । [१]कार्यकारणभावमात्रस्य स्मृतिहेतुत्वासंभवाच्च । [२]कृतहान्यकृताभ्यागमप्रसङ्गाच्च, येन हि ज्ञानेन शुभाशुभं कर्माचरितं न तेन फलमुपभुज्यते येन तु न कृतं तेनोपभुज्यते चेति । शुभाशुभकर्मप्रवृत्त्यप्रवृत्तिप्रसङ्गेन परलोकाद्यनुष्ठानासंभवाच्च, न चैकज्ञानस्य कर्तृत्वभोक्तृत्वा-भावेऽपि तत्सन्तानस्य स्थिरैकरूपस्य ते भविष्यत एवेति वाच्यम्, [३]सन्तानस्य विज्ञानानतिरेकात,

१. एकसन्तानिकत्वेन स्मरणं सम्भवतीत्याशंकायान्त्वाह कार्येति, एकसन्तानिकत्वस्यापि हेतुत्वादिति भावः । २. अस्तूभयं हेतुरित्याशंकायां दोषान्तरमाह कृतेति, इष्टापत्तौ बाधकमाह शुभेति ॥ ३. तथा च न स्थिरैकरूपत्वमत एव न व्यतिरिक्तत्वमिति भावः ॥

व्यतिरिक्तत्वेऽप्यचेतनत्वात्, व्यतिरिक्तचेतनत्वे तु जीवस्यैव नामान्तरणा-भ्युपगमप्रसङ्गात्, न च वासनासहकृतं ज्ञानमेव कर्तृ स्मर्तृ भोक्तृ च भवतीति किं तदतिरिक्तसुखदुःखफलभोक्तृकल्पनयेति वाच्यम्, वासनाया अक्षणिकाया ज्ञानातिरिक्ताया त्वयानभ्युपगमात्, ज्ञानात् सुखदुःखयोरपि कारणस्वरूपफलभेदेनाभेदासम्भवाच्च । न खलु वनितारूपादिज्ञानोत्पत्तौ या सामग्री वनितादिरूपा सैव सुखदुःखयोरपि,किन्तु रागादिवासना-विशेषोऽपीति कारणभेदः, स्वपरप्रकाशकं ज्ञानं, अनुकूलप्रतिकूलवेदनीये च सुखदुःखे इति स्वरूपभेदः, प्रवृत्तिनिवृत्ती च ज्ञानस्य फलं, तृष्णावैमुख्यादिजननं सुखदुःखयोरिति फलभेदः। तस्माज्ज्ञानभिन्नस्सुखदुःखादिफलभोक्ताऽतिरिक्त आत्मा सिद्ध इति ॥ ननु बुद्धिर्नात्म-स्वरूपभूता तद्विरुद्धधर्माधिकरणत्वाद् घटपटादिवत्, न चासिद्धो हेतुर्बुद्धेरुत्पादविनाश-धर्मकत्वात्, आत्मनश्चानुत्पादविनाशधर्मकत्वादिति चेन्न, विरुद्धधर्माधिकरणत्वेऽपि सर्वथा भेदासिद्धेः मेचकज्ञानवत्, तद्धि एकं, युगपदनेकपदार्थग्राहिशक्त्यात्मकं चातो विरुद्ध-धर्माध्यासः । न चानेकत्वधर्माधारा शक्तिरन्या, एकत्वधर्माधारश्च तज्ज्ञानमन्यदिति वाच्यम्, अनेकाशक्तिस्तस्येति व्यपदेशासम्भवात्, ततो भेदादर्थान्तरवत् । न च सम्बन्धाद्भवतीति वक्तुं शक्यं, अनेकया शक्त्या सम्बध्यमानस्यानेकरूपत्वापत्तेः । न चैकयैव शक्त्याऽनेकमर्थं गृह्णातीति वक्तुं शक्यं सर्वार्थग्रहणप्रसङ्गात्, तस्मात्तयोः कथञ्चिद्भिन्नाभिन्नत्वेन चेतनास्वरूपत्वं युक्तम्, सा च प्रतिजीवं तारतम्यदर्शनाच्चेतनात्वेनैकापि पर्यायाद्भिन्ना ततश्चात्मापि द्रव्यत एकोऽपि पर्यायभेदाद् भिन्न इति विभावनीयम् । तच्च चैतन्यमेकरूपमपि कर्ममलदिग्ध-मनेकावस्थान्तरावस्कन्दि भवति, एतेन[१] यद्यात्मा ज्ञानरूपस्तदा सर्वदा विषयदर्शी भवेत्, जानानं हि जीवं ज्ञानस्वरूपमिति वक्तुं शक्यमन्यथा ज्ञानस्वरूपो न जानीते चेति विरुद्धं वचनं स्यात्, तथा विस्मृत्यनवबोधसंशया अपि न भवेयुः स्याच्चात्मा सर्वदाऽशेषविशेष-विज्ञानात्मक इति शङ्कापि परास्ता, प्रदेशाष्टकं विहाय चलत्वेनानवरतमर्थान्तरेषु परिणमनात्, एकार्थेऽनवस्थितोद्भ्रान्तमनस्कत्वेन चिरमुपयोगाभावात् । उपयोगस्थितिकालस्य स्वभावा-देवोत्कर्षेणान्तर्मुहूर्त्तपरिमाणत्वात् । आवरणस्वभावज्ञानावरणकर्मसद्भावात्कदाचिद्विज्ञानस्या-व्यक्तबोधसंशयादीनाञ्चोपपत्तेश्चेति ॥

જીવનિરૂપણ નામક દ્વિતીય કિરણ

શંકા-આ સઘળુંય ઉપરોક્ત નિરૂપણ ત્યારે જ યુક્તિસંગત થાય, કે જ્યારે જીવ નામનો પૃથગ્ રૂપે કોઈ પદાર્થ સાબીત થાય !

---

१. उक्तेन वक्ष्यमाणेन च कारणेनेत्यर्थः ।

જે જીવની મુક્તિ માટે તત્ત્વોપદેશ થાય છે, તે જીવનામક પદાર્થની સિદ્ધિમાં અમે તો કોઈ પ્રમાણ જોતા નથી. તે આ પ્રમાણેઃ-

લોકમાં જે અત્યંત અપ્રત્યક્ષ (પરોક્ષ) છે તે નથી જ. જેમ કે- આકાશનું પુષ્પ. વળી જે છે તે પ્રત્યલક્ષી ગ્રહણ થાય છે જ. જેમ કે-ઘટ વગેરે.

વળી જીવ કોઈ કાળે પ્રત્યક્ષ પ્રમાણનો વિષય થતો દેખવામાં આવતો નથી, તેથી આત્મા નથી. વળી આ આત્મા અનુમાનનામક પ્રમાણથી ગમ્ય થતો નથી, કેમ કે-લિંગ-લિંગીનું કોઈ સ્થળે પ્રત્યક્ષથી અવિનાભાવ-વ્યાપ્તિના જ્ઞાનથી જ અનુમાનની પ્રવૃત્તિ છે.

'કોઈ વ્યક્તિને પણ લિંગી એવા આત્માની સાથે પ્રત્યક્ષથી કોઈ લિંગનો અવિનાભાવ સિદ્ધ જ છે.' જો એમ માનો, તો લિંગ-લિંગીના અવિનાભાવના પ્રત્યક્ષથી જ જીવની પ્રત્યક્ષથી સિદ્ધ થતાં અનુમાનની નિરર્થકતા જ થાય. વળી "આદિત્ય ગતિવાળો છે, કેમ કે- દેશાન્તર પ્રાપ્તિ છે. જેમકે- દેવદત્ત.

આ પ્રમાણે સામાન્યથી દૃષ્ટાનુમાનથી અદૃષ્ટ પણ સૂર્યની ગતિના અનુમાનની માફક જીવ સિદ્ધ થશે જ." - એમ ન માનો.

કેમ કે-દૃષ્ટાન્તભૂત દેવદત્ત આદિમાં સામાન્યથી દેશાન્તરપ્રાપ્તિ ગતિપૂર્વક જ છે. આવું પ્રત્યક્ષથી અવધારીને જ સૂર્યમાં તેની સિદ્ધિ જ છે.

વળી અહીં તેમજ કોઈ પણ દૃષ્ટાન્તમાં જીવની સાથે વ્યાપ્ત એવું કોઈ પણ સાધન પ્રત્યક્ષથી દેખાતું નથી. વળી આગમપ્રમાણથી તે આત્મા સાધ્ય નથી, કેમ કે-વાસ્તવિક રીતે અનુમાનથી આગમપ્રમાણ ભિન્ન નથી. વળી કોઈને પણ જીવ પ્રત્યક્ષ નથી, કે જે કોઈનું વચન આગમ બને અને પ્રમાણ તરીકે મનાય !

તથાચ આ ઉપરોક્ત સઘળુંય વિવેચન અરણ્યના રૂદન જેવું છે. આ પ્રમાણેની આશંકાના સમાધાન માટે જીવના અસાધારણ ધર્મ રૂપ લક્ષણ-લિંગના પ્રદર્શન દ્વારા આત્માને સિદ્ધ કરે છે કે-

ભાવાર્થ- 'ત્યાં ચેતના રૂપી લક્ષણવાળો આત્મા છે.'

વિવેચન- નવ તત્ત્વોમાં જીવતત્ત્વ ચેતના રૂપી લક્ષણવાળું છે. ચેતના એ જ લક્ષણ એટલે કથંચિદ્ ભેદની અપેક્ષાથી (असाधारणधर्म-लक्ष्यतावच्छेदक समनियतो धर्मः) લક્ષ્યતાનો નિયામક ધર્મ. જેમ કે-ગાયનું સાસ્નાદિ (સાસ્ના એટલે ગાય-બળદને ગળે લટકતી ચામડાની ગોદડી) મત્ત્વ એ અસાધારણ ધર્મ છે. અસાધારણ ધર્મ અથવા કથંચિદ્ અભેદની અપેક્ષાથી સ્વરૂપ-સ્વભાવ જે તત્ત્વનું છે, તે તત્ત્વ જીવ કહેવાય છે.

અથવા ચેતના વડે આ જીવ ઓળખાય છે, આવી વ્યુત્પત્તિથી ચેતના રૂપી નિશાનીવાળો જીવ કહેવાય છે.

ચેતનાબુદ્ધિ-સંવેદન રૂપ તે ચેતના. જીવનો ગુણ રૂપ સ્વભાવ (સહભાવી) પર્યાય છે. તે જ જીવનું સામાન્ય (સર્વ જીવ સાધારણ-વ્યાપક ધર્મ રૂપ સામાન્ય) ચેતના રૂપી સામાન્ય એ લક્ષણ છે. જીવ એ લક્ષ્ય છે. જીવ અને ચેતનાનો લક્ષ્ય-લક્ષણભાવ સમજવો.

તથાચ અ જ્ઞાન-દર્શન રૂપ ચેતના, સર્વ જીવવ્યાપક અર્થાત્ લબ્ધિ અપર્યાપ્તસૂક્ષ્મ નિગોદ રૂપ એકેન્દ્રિય જીવથી માંડીને પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય સુધીના, ક્ષયોપશમ પ્રમાણે અતિવ્યક્ત-વ્યક્ત-અવ્યક્તરૂપે અથવા થોડી-વિપુલ-સંપૂર્ણ રૂપે, સઘળાય જંતુઓમાં જ્ઞાન-દર્શનગુણ રૂપ ચેતના અવશ્ય છે.

મતલબ કે- જેમ ઔષધી આદિથી મૂર્ચ્છિત શરીરવાળા મનુષ્યમાં અવ્યક્ત ચૈતન્ય છે જ, તેમ પૂર્વભવમાં ઉપાર્જિત સઘન કર્મ રૂપી ઔષધીથી હણાયેલ ચૈતન્યવાળા એકેન્દ્રિય-સૂક્ષ્મ-નિગોદ-અપર્યાપ્ત એકેન્દ્રિય આદિમાં સર્વ જઘન્ય તે ચેતના છે જ.

આગમમાં પણ કહ્યું છે કે- 'સર્વ જીવોને પણ અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો છે. વળી જો તે અક્ષરનો અનંતમો ભાગ આવૃત થઈ જાય, તો જીવ પણ અજીવપણાને પામે !' તેથી જીવ માત્રમાં ચેતના છે જ. પરસ્પર અન્વય વ્યતિરેક ભાવથી જીવમાં ચૈતન્યનું તાદાત્મ્ય નિશ્ચિત્ત છે.

અરે ! ત્રણ લોકમાં રહેનાર કર્મપણાએ પરિણમેલ સર્વ પુદ્ગલોમાં પણ સર્વથા ચેતનાને આવૃત કરવાની શક્તિનો અભાવ છે, માટે કોઈપણ જીવમાં ચૈતન્યલક્ષણની (લક્ષ્યભૂત જીવ માત્રના એક દેશમાં નહિ રહેવા રૂપ લક્ષણના દોષ રૂપ) અવ્યાપ્તિ નથી.

અથવા લક્ષ્ય માત્રમાં નહિ રહેવા રૂપ અસંભવ રૂપ લક્ષણનો દોષ અહીં નથી અર્થાત્ આત્મા માત્રમાં ચૈતન્યનો અભાવ નથી. અચેતન આત્મા, આવું કહેવાતું નથી.

જેમ અશ્રાવણ શબ્દ વિરુદ્ધ હોવાથી કહેવાતો નથી, કેમ કે-શબ્દ શ્રાવણ જ છે, અશ્રાવણ (શ્રવણેન્દ્રિયથી અગ્રાહ્ય) નથી, તેમ અહીં અચેતન આત્મા નથી.

અજીવત્વની સાથે ચૈતન્યની વ્યાપ્તિ નથી, અર્થાત્ અજીવની સાથે ચૈતન્યનો વિરોધ છે. જીવની સાથે જ ચૈતન્યની વ્યાપ્તિ છે.

ઉપરોક્ત રીતિથી ચેતના જ આત્માના નિર્ણયમાં પ્રમાણ (સ્વ અનુભવ રૂપ અલૌકિક પ્રત્યક્ષ પ્રમાણ) છે.

જેમ સુખ-દુઃખ વગેરે સ્વસંવેદન-સ્વાનુભવસિદ્ધ છે, તેમ સંશય-સ્મરણ-પ્રત્યભિજ્ઞાન આદિ વિજ્ઞાન પણ સ્વસંવેદન રૂપ પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ જ છે. વળી જે પ્રત્યક્ષ સિદ્ધ હોય તે અનુમાન આદિ બીજા પ્રમાણથી સાધ્ય થતું નથી.

શંકા- તમામ પ્રત્યયો (જ્ઞાનો) આલંબન વગરના છે, કેમ કે-પ્રત્યય છે. જેમ કે-સ્વપ્ન પ્રત્યય. આ પ્રમાણે અનુમાન કરનાર શૂન્યવાદી (બૌદ્ધ) તરફ પ્રત્યક્ષ સિદ્ધ પણ ગ્રામ-નગર સહિત જગત સાધ્ય બને છે. તો એવો કેમ નિયમ છે કે- 'જે પ્રત્યક્ષ હોય તે પ્રમાણાન્તરથી સાધ્ય થતું નથી ?'

સમાધાન- જયાં પ્રત્યક્ષ સિદ્ધ જગતની સિદ્ધિ માટે અનુમાન આદિ પ્રમાણાન્તરનું ગ્રહણ થાય છે, ત્યાં 'સઘળાય જ્ઞાનો આલંબનશૂન્ય છે,' ઇત્યાદિ બાધક અનુમાન રૂપ પ્રમાણનું નિરાકરણ એ જ હેતુ છે. અહીં તો આત્મગ્રાહક (સાધક) પ્રત્યક્ષ પ્રત્યે બાધક પ્રમાણનો અભાવ છે.

વળી મેં જાણ્યું, હું જાણું છું, હું જાણીશ વગેરે ત્રણ કાળ(ભૂત-ભવિષ્ય-વર્તમાન રૂપ)માં થનાર કાર્યના વ્યવહારના રૂપ 'હું' રૂપ (અંતર્મુખ) જ્ઞાનથી આત્મા (માનસ) પ્રત્યક્ષ સિદ્ધ છે.

'अहं प्रत्यय' हुं એવું જે જ્ઞાન (બુદ્ધિ) અનુમાનપ્રમાણ રૂપ નથી, કેમ કે- કોઈ લિંગ રૂપ હેતુ જન્ય નથી. વળી આગમ આદિ પ્રમાણથી પણ જન્ય નથી, કેમ કે- આગમ આદિના જ્ઞાન વગરના લોકોને પણ 'હું' એવું જ્ઞાન થાય છે.

તથાચ 'હું' એવા પ્રત્યયના વિષય રૂપ આલંબન શરીર નથી, કેમ કે-મૃતશરીરમાં પણ 'હું' એવા જ્ઞાનની ઉત્પત્તિનો પ્રસંગ આવી જાય !

વળી 'હું' એવા નિર્ણય રૂપ જ્ઞાનનો કોઈ આધાર નથી એમ નથી, પરંતુ અવશ્ય આધાર છે, કારણ કે- 'હું' ઇતિ આદિ રૂપ જ્ઞાન ગુણ રૂપ હોઈ ગુણવાન સિવાય ગુણ હોતો નથી.

અહીં શરીર જ્ઞાન રૂપ ગુણનો આધાર થઈ શકતું નથી, કેમ કે- શરીર રૂપી છે, જડ રૂપ પદાર્થ છે; જ્યારે જ્ઞાન અરૂપી છે, બોધ રૂપ છે. જ્ઞાન રૂપ ગુણ અરૂપી અને જડ તથા રૂપી એવા શરીર ગુણીનો ગુણ-ગુણીભાવ અયોગ્ય હોઈ અસંભવિત છે.

વળી જે રૂપી-અરૂપી રૂપ અનનુરૂપ-અયોગ્ય-અસમાન ગુણ-ગુણીનો ગુણ-ગુણીભાવ યુક્તિયુક્ત નથી.

કેમકે-અસમાન-અયોગ્યનો ગુણ-ગુણીભાવ જો માનવામાં આવે, તો આકાશ (અરૂપી) અને જડના રૂપ આદિ ગુણોનો પણ ગુણ-ગુણીભાવનો પ્રસંગ આવી જાય !

તેથી 'અહં' વિષયક પ્રત્યયથી ગ્રહણયોગ્ય હોઈ, આત્મા પ્રત્યક્ષ સિદ્ધ જ છે.

આત્મા, અહં પ્રત્યયથી ગ્રાહ્ય હોઈ સ્વસંવેદન (માનસ) પ્રત્યક્ષ સિદ્ધ છે. છતાં જો અપલાપ નથી એમ કહેવામાં આવે તો અર્થાત્ આત્મા અપ્રત્યક્ષ છે (અલૌકિક પ્રત્યક્ષ રૂપ સ્વસંવેદન પ્રત્યય સિદ્ધ નથી) એમ કહેવામાં આવે તો, 'શબ્દ અશ્રાવણ' છે એની માફક પ્રત્યક્ષ વિરુદ્ધ પક્ષાભાસ નામક દોષ (હેત્વાભાસની માફક પક્ષાભાસ દોષ) છે.

(પક્ષાભાસ એટલે 'पर्वतो वह्निमान्'ની માફકપક્ષની માફક ઉદ્દેશ્યવિધેય-(વિશેષ્ય-વિશેષણ) ભાવ દ્વારા આભાસ-માલુમ પડે, પણ કાર્ય કરી શકે નહિ તે પક્ષાભાસ કહેવાય છે. પક્ષાભાસના ત્રણ ભેદો પૈકી અહીં પ્રમાણબાધિત સાધ્યધર્મ રૂપી વિશેષણવાળો પક્ષાભાસ છે. જેમ શબ્દવિશેષ્યમાં શ્રવણ ઈન્દ્રિય ગ્રાહ્ય રૂપ શ્રાવણ પ્રત્યક્ષપ્રમાણથી અશ્રાવણત્વ રૂપ સાધ્યધર્મ રૂપ વિશેષણ બાધિત થાય છે, તેમ આત્મરૂપ વિશેષ્યમાં અહં પ્રત્યયથી ગ્રાહ્ય-સ્વસંવેદન રૂપ પ્રત્યક્ષપ્રમાણથી અપ્રત્યક્ષત્વ રૂપ સાધ્યધર્મ રૂપ વિશેષણ બાધિત થાય છે, માટે પક્ષાભાસ નામક દોષ અહીં છે.)

વળી જેમ રૂપ આદિ ગુણોના પ્રત્યક્ષથી ઘટ રૂપ ગુણી પ્રત્યક્ષ મનાય છે, તેમ સંશય-સ્મરણ-તર્ક આદિ વિશિષ્ટ જ્ઞાન રૂપી ગુણો સ્વસંવેદન પ્રત્યક્ષસિદ્ધ હોઈ તે ગુણોના આધાર રૂપ જીવ રૂપી ગુણી પ્રત્યક્ષ સિદ્ધ જ છે. (જીવ પ્રત્યક્ષ છે, કેમ કે- તેના ગુણો પ્રત્યક્ષ છે. જેમ ઘટના રૂપ આદિ ગુણો પ્રત્યક્ષ હોઈ ઘટ પ્રત્યક્ષ છે, તેમ અહીં અનુમાન પ્રયોગ સમજવો.)

તથા એટલે જેમ શરીર આત્માના જ્ઞાન આદિ ગુણોના આધાર નથી, તેમ ઈન્દ્રિયો પણ જ્ઞાનવિશેષોના આધાર (વિષય રૂપ) નથી, કેમ કે- તે તે ઈન્દ્રિયોનો નાશ થવા છતાંય તે તે ઈન્દ્રિયો રૂપી કરણ દ્વારા ઉપલબ્ધ (જાણેલ) તે તે વિષય રૂપ અર્થોનું પાછળથી સ્મરણ રહી જાય છે.

જો ઇન્દ્રિયોને જ્ઞાનાધાર આત્મા માનવામાં આવે, તો ઇન્દ્રિયો નષ્ટ થઈ છતાં તેનાથી અનુભવેલ વિષયનું સ્મરણ છે. તો સ્મરણ રૂપ જ્ઞાનનો આધાર ઇન્દ્રિયો રૂપી કરણો હરગીજ થઈ શકે જ નહિ. માટે શરીર-ઇન્દ્રિયોનો અધિષ્ઠાતા, શરીર-ઇન્દ્રિયોથી સ્વતંત્ર, સ્મરણ આદિ વિશિષ્ટ જ્ઞાનોનો આધાર આત્મા છે. આથી આ આત્મા પોતાના શરીરમાં જ્ઞાનાદિ ગુણ પ્રત્યક્ષના ન્યાયે પ્રત્યક્ષ છે.

હવે બીજા જીવોના શરીરમાં આત્માની અનુમાનપ્રમાણ દ્વારા સિદ્ધિ

(૧) બીજા જીવોના શરીરો આત્માવાળા છે, કેમ કે- ઇષ્ટ-હિત રૂપ સાધનોમાં પ્રયત્નપૂર્વક ક્રિયા અને અનિષ્ટ-અહિત રૂપ સાધનોની પ્રયત્નપૂર્વક ત્યાગ રૂપ ચેષ્ટા બીજા જીવોના શરીરમાં દેખાય છે. અર્થાત્ જેટલી વિશિષ્ટ ક્રિયા થાય છે, તેટલી રથક્રિયાની માફક પ્રયત્નપૂર્વક થાય છે. જેમ રથની ક્રિયા સારથિના પ્રયત્નથી થાય છે, તેમ શરીરને નિયત સ્થાનમાં લઈ જનારી ક્રિયા આત્માના પ્રયત્નથી થાય છે. આ જ આત્મા રથવાહક સારથિની માફક શારીરિક ક્રિયાનો કર્તા છે. એથી જ બીજા જીવોનું શરીર આત્માવાળું છે, કેમ કે-ઇષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટથી નિવૃત્તિ દેખાય છે.

(૨) તથા આત્મા શરીરનો કર્તા છે, કેમ કે - આદિવાળો-નિયત આકાર રૂપ છે. જેમ કે- ઘટ. જે કર્તા વગરની ચીજ, તે આદિવાળી-નિયત આકારવાળી પણ નથી. જેમ કે - વાદળ.

અહીં મેરૂપર્વત આદિમાં વ્યભિચાર વારવા માટે અર્થાત્ કર્તૃપણાના અભાવવાળા શાશ્વત મેરૂ આદિમાં નિયત આકારનું અસ્તિત્વ હોઈ વ્યભિચાર રૂપ દોષના વારણ માટે 'आदिमत्' એવું વિશેષણ છે. હવે મેરૂ આદિમાં નિયત આકાર છે, પણ આદિમત્વ નથી માટે દોષ નથી.

(૩) ઇન્દ્રિયો અધિષ્ઠાતા (નિયંતા)થી સહિત છે, કેમ કે-કરણ છે. જેમ કે-દંડ આદિ. અર્થાત્ જેમ ભ્રમણક્રિયાનો કોઈ કરનારો અવશ્ય દેખાય છે, તેમ દેખવું, જાણવું વગેરે ક્રિયાનો કર્તા હોવો જ જોઈએ.

આ જોવા-જાણવા આદિ ક્રિયાઓનો કર્તા આત્મા જ છે. અને તે તે ક્રિયાઓમાં પ્રકૃષ્ટ ઉપકારક-સાધકતમ રૂપ, ચક્ષુ વગેરે ઇન્દ્રિયો, દંડની માફક-કુહાડાની માફક કરણો કહેવાય છે. જેમ કુઠાર આદિ કરણો હોવાથી કોઈ એક કર્તાને આધીન રહે છે, તેમ ઇન્દ્રિયો પણ કરણ હોઈ આત્મા આદિ કર્તાને આધીન છે; કેમ કે- ઇન્દ્રિયો પૌદ્ગલિક હોઈ અચેતન છે અને બીજાની પ્રેરણાથી કાર્ય કરનારી છે, માટે પ્રેરક ચેતનના અભાવમાં ઇન્દ્રિયો પ્રવૃત્તિ કરતી નથી.

(૪) શરીર-ઇન્દ્રિય આદિ સભોક્તૃક છે, કેમ કે- ભોગ્ય-ભોગયોગ્ય છે. જેમ કે-વસ્ત્ર આદિ. ઇત્યાદિ અનુમાનો આત્મસાધકો જાણવાં.

અર્થાત્ જેમ સ્વસંવેદન પ્રત્યક્ષ-માનસ પ્રત્યક્ષથી સ્વશરીરમાં આત્માની સિદ્ધિ છે, તેમ અનુમાનથી બીજાઓના શરીરમાં આત્માની સિદ્ધિ સમજવી.

શંકા- આત્માની સિદ્ધિકારક, વિધાતા વગેરેના સાધક રૂપ હેતુઓમાં આત્મત્વસાધ્યવિરોધી અજીવત્વનું સાધકપણું છે, કેમ કે-ઘટ આદિના કર્તાઓ મૂર્તિમાન્, સંઘાત (પરમાણુ સ્કંધ) રૂપ અનિત્ય સ્વભાવવાળા છે અને સાધવાની ઇચ્છાના વિષયભૂત આત્મા તો તેનાથી વિપરીત એટલે અમૂર્ત્ત-અસંઘાત રૂપ નિત્ય સ્વભાવવાળો છે. તો વિરુદ્ધ હેતુઓથી આત્મા કેમ સાધી શકાય ?

સમાધાન- આત્માની સિદ્ધિના પ્રસંગમાં અહીં સંસારી જીવ જ સાધવાની ઇચ્છાના વિષય તરીકે ઇષ્ટ હોઈ કોઈ દોષ નથી, કેમ કે- તે સંસારી આત્મા આઠ પ્રકારના કર્મપુદ્ગલોના સમુદાયોથી સંશ્લિષ્ટ છે.

(અસંખ્યાત પ્રદેશી સંસારી આત્મા, પ્રત્યેક પ્રદેશમાં અનંત અનંત કર્મપરમાણુઓની સાથે, જેમ અગ્નિમાં તપાવેલ અને ઘનથી કૂટેલ, કે જેનો વિભાગ ન થાય તેવી રીતે એક પિંડ રૂપ સોયોનો સમુદાય છે, તેમ એકતાને પામેલ છે, માટે કથંચિત્ પૌદ્ગલિક કહેવાય છે. અર્થાત્ એવો એકાન્ત નથી કે- સંસારી જીવ અમૂર્ત્ત જ છે, કેમ કે- કર્મબંધ પર્યાયની અપેક્ષાથી કર્મબંધના આવેશથી (વળગાડ-પ્રવેશથી) સંસારી જીવ મૂર્ત્ત પણ કહેવાય.) શરીરધારી છે અને કથંચિદ્ મૂર્ત્તત્વ આદિ ધર્મ સહિત જ છે.

શંકા- ભલે માનસ પ્રત્યક્ષથી જીવ સિદ્ધ હો ! પરંતુ 'चेतनालक्षणो जीवः' - ચેતના રૂપી લક્ષણવાળો જીવ છે.

આ સૂત્રમાં કહેલું જીવનું ચેતના રૂપી લક્ષણ સંભવતું નથી. જો ચેતનારૂપી લક્ષણ જીવમાં માનવામાં આવે, તો ચેતનાસ્વરૂપી જીવ કહેવાય તે સંભવતું નથી, કેમ કે- ચેતના ગુણ છે અને જીવ ગુણી છે. સ્વરૂપના ભેદથી ચેતના અને જીવનો ભેદ થતાં, જીવનો જ ચેતના એ ગુણ છે-ઘટ આદિનો નથી. આવો નિશ્ચય ન થાય ! અને ચેતના અને જીવના અભેદ પક્ષમાં જે જીવ જ છે તે જ ચેતના છે અને જે ચેતના જ છે તે જ જીવ છે, આવો નિશ્ચય થતાં, ભેદમૂલક લક્ષ્ય-લક્ષણભાવ જીવ અને ચેતનાનો ન થાય ! તો અહીં ગુણ-ગુણીભાવ કે લક્ષ્ય-લક્ષણભાવ કેવી રીતે ઘટાવવો ?

સમાધાન- તે ચેતના અને જીવનું સ્યાદ્વાદ મતે કથંચિદ્ ભિન્નપણું અને અભિન્નપણું છે, માટે બંને ગુણ-ગુણીભાવ અને લક્ષ્ય-લક્ષણભાવ બરોબર ઘટે છે જ.

શંકા- ભલે તમે કહો છો તે ઠીક છે, પરંતુ કથંચિદ્ ભેદની અપેક્ષાએ 'ચેતનાનો આધાર જીવ છે'- એમ સંગત થતું નથી, કેમ કે- સર્વ ભાવો ક્ષણિક હોઈ ચૈતન્યના આધારભૂત આત્મા નિત્ય તરીકે અસિદ્ધ છે. વળી જે સત્ છે તે ક્ષણિક છે. જેમ કે-ઘટ.

વળી સત્ પદાર્થ વિવાદગ્રસ્ત છે-સત્ત્વસાધ્ય છે, માટે અહીં સત્ત્વનો અર્થ અર્થક્રિયાકારિત્વ સમજવો.

(જેમ ઘટનું જલની આહરણ રૂપ અર્થક્રિયાનું કરવાપણું માનેલ છે, તેમ અહીં સમજવું.)

જો સત્ પદાર્થ છે અને અર્થક્રિયાકારી નથી એમ નહિ, પરંતુ અર્થક્રિયાકારી સત્ પદાર્થ છે. તથાચ ક્ષણપરંપરા રૂપ સંતાનવર્તી જ્ઞાનો રૂપી આત્મા ક્ષણિક છે. તેનાથી જુદો-બીજો ચૈતન્યના આધારભૂત જીવ નામનો કોઈ નિત્ય પદાર્થ નથી. (બૌદ્ધો બુદ્ધિજ્ઞાનક્ષણ પરંપરાને આત્મા કહે છે, પરંતુ મોતીઓની માળામાં પ્રવિષ્ટ-અનુસ્યૂત એક દોરાની માફક બુદ્ધિ ક્ષણપરંપરાની સાથે અન્વયી-સંબંધવાળા આત્માને માનતા નથી.) માટે ચૈતન્યના આધારભૂત આત્માના નિત્યત્વની સિદ્ધિ કેવી રીતે ?

સમાધાન- ઘટ આદિ કાલાન્તરમાં સ્થાયી (એક ક્ષણથી અધિક ક્ષણ સુધી રહેનાર) હોઈ ઘટ આદિમાં ક્ષણિકપણાની અસિદ્ધિ છે. અતએવ ક્ષણિકપણાની સાથે સત્ત્વની વ્યાપ્તિ અસિદ્ધ છે.

શંકા- સામર્થ્ય-અસામર્થ્ય રૂપ વિરોધી ધર્મનો અધ્યાસ (આરોપ) હોવાથી ઘટ આદિમાં કાલાન્તરમાં સ્થાયિપણું નથી પણ ક્ષણિકપણું છે.

જો આમ ન માનવામાં આવે, તો કાલાન્તરમાં થનાર જલ આહરણ આદિ હમણાં પણ કરે !

પરંતુ ઘટ કાલાન્તરમાં થનાર જલ આહરણ આદિ હમણાં કરતો નથી. એટલે જ અસમર્થ (ભાવિ અર્થક્રિયાકારી નહિ કરનાર) હોઈ પૂર્વકાળમાં અને ઉત્તરકાળમાં એક ઘટ નથી.

પૂર્વકાળવર્તી ઘટ જુદો છે અને ઉત્તરકાળવર્તી ઘટ જુદો છે. એથી જ ઘટમાં ક્ષણ માત્ર સ્થાયિપણું છે, કાલાન્તર સ્થાયિપણું નથી. બરોબર છે ને ?

સમાધાન- ઘટ આદિમાં સામર્થ્ય અને અસામર્થ્ય રૂપ વિરોધી ધર્મનો અધ્યાસ અસિદ્ધ છે, કેમ કે- વર્તમાનકાળમાં જલ આહરણકરનાર ઘટનું કાલાન્તરના જલ આહરણ પ્રત્યે પણ સામર્થ્ય-શક્તિ છે.

વળી એવો નિયમ નથી કે- 'સામર્થ્ય હોયે છતે કાર્ય કરવું જ જોઈએ.' સહકારી કારણોનો જો લાભ હોય, તો જ (અર્થક્રિયા કરવામાં સમર્થ) ઘટ આદિ કાર્ય કરે છે અને સહકારી કારણોનો જો લાભ નહોય તો સમર્થ ઘટ આદિ પદાર્થ કાર્ય કરી શકતો નથી. એવો નિયમ છે અને એથી જ ક્ષણિકત્વની સાથે સત્ત્વની વ્યાપ્તિ નથી.

જો આત્માને નિત્ય-અન્વયી તરીકે ન માનવામાં આવે, તો જેમ એક બુદ્ધિથી અનુભૂત પદાર્થનું બીજી બુદ્ધિથી સ્મરણ થઈ શકતું નથી, કેમ કે-એક બુદ્ધિ બીજી બુદ્ધિથી જુદી છે.

તેવી રીતે સંતાનવર્તી જ્ઞાનો રૂપી આત્માનું ક્ષણિકપણું હોઈ અર્થાત્ જ્ઞાનનો પ્રથમ ક્ષણ બીજા ક્ષણનું સ્મરણ કરી શકતો નથી, કેમ કે- એક બુદ્ધિક્ષણ બીજા બુદ્ધિક્ષણથી જુદો છે; કેમ કે- એક મનુષ્યે અનુભવેલા પદાર્થનું સ્મરણ બીજો મનુષ્ય કરી શકતો નથી. જ્યારે સ્મરણ જ ઘટી શકતું નથી, ત્યારે સ્મરણ-અનુભવથી જન્ય પ્રત્યભિજ્ઞાન તો ક્યાંથી જ ઘટી શકે ?

શંકા- જ્ઞાનો-બુદ્ધિક્ષણો જુદી જુદી હોવા છતાંય સંતાની (જ્ઞાનક્ષણ) અને સંતાન (પરસ્પર ભિન્ન ક્ષણોને જોડી આપનાર વાસના, મોતીઓની માળાના દોરાની માફક સર્વ જ્ઞાનક્ષણોમાં પ્રવિષ્ટ છે. વાસનાનું બીજું નામ સંતાન)ના કાર્ય-કારણભાવના નિયમથી જ પૂર્વબુદ્ધિક્ષણથી અનુભૂત પદાર્થમાં ઉત્તરબુદ્ધિઓનું સ્મરણ ઘટમાન છે જ ને ?

સમાધાન- સંતાનમાં કાર્ય-કારણભાવ માનવા છતાં સંતાનના ક્ષણોની પરસ્પર ભિન્નતા મટી શકતી નથી, કેમ કે- બૌદ્ધ મતમાં સર્વ ક્ષણો પરસ્પર ભિન્ન છે. જો અનુભવ અને સ્મરણની પાછળકોઈ નિત્ય આત્મા રૂપ પદાર્થ નહિ માનવાથી ભિન્ન ભિન્ન સંતાનોમાં કાર્ય- કારણભાવ માની સ્મરણના સ્વીકારમાં ઉપાધ્યાયે અનુભવેલ પદાર્થના શિષ્યમાં સ્મરણનો પ્રસંગ આવી જાય ! અર્થાત્ શિષ્ય અને ગુરુની બુદ્ધિમાં પણ કાર્ય-કારણભાવ માનવો જ જોઈએ, કેમ કે- ગુરુ શિષ્યને ભણાવે છે. અતએવ ગુરુની બુદ્ધિ કારણ અને શિષ્યની બુદ્ધિ કાર્ય એમ કહી શકાય છે. એટલે ઉપાધ્યાયજીએ અનુભવેલ પદાર્થનું સ્મરણ શિષ્યમાં ઉત્પન્ન થવાની આપત્તિ આવી જાય !

વળી તે બુદ્ધિક્ષણોમાં કાર્ય-કારણભાવથી કોઈ વિશેષ વિશિષ્ટતા થતી નથી.

શંકા- ઉપાધ્યાયે અનુભવેલ પદાર્થનું સ્મરણ શિષ્યમાં લાગુ નહિ પડે, કેમ કે- ઉપાધ્યાયનું શરીર જુદું છે અને શિષ્યનું શરીર જુદું છે. માટે એક શરીરની અપેક્ષાએ જ્ઞાનક્ષણો ભિન્ન હોવા છતાં કાર્ય-કારણભાવથી સ્મરણ યુક્તિયુક્ત થશે જ ને ?

સમાધાન- જો એક શરીરની અપેક્ષાએ ભિન્ન ભિન્ન જ્ઞાનોનું સ્મરણ માનવામાં આવે, તો ભિન્ન ભિન્ન શરીરવાળાને આ ચાલુ જન્મમાં જાતિસ્મરણજ્ઞાન રૂપ જ્ઞાન દ્વારા ભિન્ન શરીરવાળા પૂર્વજન્મમાં અનુભવેલા પદાર્થોનું સ્મરણ અસંભવિત થઈ જાય ! એ એક દોષ.

બીજો દોષ એ છે કે- સર્વજ્ઞ દ્વારા પૂર્વભવ સંબંધી સ્વજ્ઞાનોનું અનુસંધાનના અભાવની આપત્તિ આવી જાય !

માટે એક શરીરની અપેક્ષાએ ભિન્ન ભિન્ન જ્ઞાનોનું સ્મરણ-જાતિસ્મરણ-સર્વજ્ઞનું પૂર્વ સંબંધી જ્ઞાનોનું અપ્રતિસંધાન રૂપ દોષો હોઈ, જ્ઞાનોનું સ્મરણ-જાતિસ્મરણ-સર્વજ્ઞનું પૂર્વ સંબંધી જ્ઞાનોનું પ્રતિસંધાન સિદ્ધ કરવા માટે જ્ઞાનભિન્ન નિત્ય આત્મા માનવો એ જ વ્યાજબી છે.

અતએવ એક સંતાનવર્તી જ્ઞાનોના સ્મરણ પ્રત્યે કાર્ય-કારણભાવ માત્રનું હેતુપણું અસંભવિત છે.

જો બુદ્ધિક્ષણ પરંપરાને જ આત્મા ક્ષણિક માનવામાં આવે અને નિત્ય-અન્વયી ન માનવામાં આવે, તો બૌદ્ધમતમાં કૃતહાનિ અને અકૃત અભ્યાગમના પ્રસંગ રૂપ દોષ આવે છે.

તે આ પ્રમાણે-જ્ઞાનક્ષણ વડે શુભ ક્રિયા કે અશુભ અનુષ્ઠાન આચર્યું. તે જ્ઞાનક્ષણ રૂપ આત્માનો સર્વથા વિનાશ થવાથી, શુભ કે અશુભ કર્મ કરનાર આત્માથી તે સુખ-દુઃખ રૂપ ફળ ભોગવાશે જ નહિ. (कृतकर्मफलहानि) કેમ કે- જે પૂર્વજ્ઞાનક્ષણ રૂપ આત્માથી કર્મ કરાયું હતું, તે પૂર્વક્ષણ રૂપ આત્મા નષ્ટ થયેલ છે. વળી જે ઉત્તરક્ષણ-જ્ઞાનક્ષણ રૂપ આત્માએ શુભ કે અશુભ કર્મ નથી કર્યું, તે ઉત્તરક્ષણ રૂપી આત્માથી સુખ-દુઃખ રૂપ ફળ ભોગવાય છે, (अकृतकर्मफलाभ्यागम) કેમ કે- પોતે શુભાશુભ કર્મ નથી કર્યું, પરંતુ બીજાએ કરેલ કર્મનો ફળનો ઉપભોગ હોવાથી અકૃત અભ્યાગમ દોષ આંવે છે.

તથાચ કૃતનાશ અને અકૃત અભ્યાગમ રૂપ દોષ થવાથી, ક્ષણિક વાદમાં શુભ-અશુભ કર્મની પ્રવૃત્તિની અપ્રવૃત્તિ રૂપ પ્રસંગ થવાથી, પરલોક આદિના અનુષ્ઠાનોનો અસંભવ હોઈ પરલોકના અભાવનો પ્રસંગ આવી જાય છે. (જ્ઞાનોના પ્રથમ ક્ષણોનો સર્વથા વિનાશ થાય છે. અતએવ પૂર્વક્ષણોનો ઉત્તરક્ષણોની સાથે કોઈપણ સંબંધ નથી રહેતો. માટે પૂર્વજન્મમાં કરેલા કર્મોનું બીજા જન્મમાં ફળ મળી શકતું નહિ હોવાથી પરલોકી આત્માનો અભાવ થવાથી પરલોકની સિદ્ધિ થતી નથી.)

શંકા-એક જ્ઞાન (ક્ષણ)માં કર્તૃત્વ-ભોક્તૃત્વનો અભાવ હોવા છતાંય, તે જ્ઞાનના સ્થિર એક રૂપવાળા સંતાનમાં તે કર્તૃત્વ અને ભોક્તૃત્વ અવશ્ય થશે જ ને ?

સમાધાન- સંતાન એ વિજ્ઞાનથી અભિન્ન છે, કેમ કે- વિજ્ઞાન સ્થિર એક રૂપ નહિ હોવાથી સંતાન વિજ્ઞાનથી ભિન્ન નથી. જો વિજ્ઞાનથી સંતાનને ભિન્ન માનવામાં આવે, તો પણ સંતાન વિજ્ઞાનશૂન્ય હોઈ અચેતન થાય છે.

જો વિજ્ઞાનથી સંતાન ભિન્ન અને ચેતન માનવામાં આવે, તો જીવનું બીજું નામ જ સંતાન કહેવાય ! અર્થાત્ જીવના બીજા નામ તરીકે સંતાનને માનવાનો પ્રસંગ રૂપ દોષ આવી જ જાય !

શંકા- વાસના રૂપ સહકારી (પોતાથી ભિન્ન રહી પોતાનું કાર્ય કરનાર) કારણયુક્ત જ્ઞાનક્ષણ જ કર્તા, સ્મર્તા અને ભોક્તા તરીકે થાય છે. માટે તે જ્ઞાનથી ભિન્ન સુખઃદુઃખ રૂપ ફળ ભોક્તા રૂપ આત્માની કલ્પનાની કોઈ જરૂરત નથી જ ને ?

समाधान- બૌદ્ધલોકોએ જ્ઞાનથી જુદી શાશ્વતી વાસનાનો સ્વીકાર કરેલો નથી. બીજી વાત એ છે કે- જ્ઞાન અને સુખ-દુઃખ એ બંને કારણ, સ્વરૂપ અને ફળના ભેદથી ભિન્ન છે, કેમ કે- વનિતા વગેરે રૂપ પદાર્થવિષયક જ્ઞાનની ઉત્પત્તિમાં જે સામગ્રી (કારણસમાજ રૂપ) વનિતા આદિ રૂપ છે, તે જ સામગ્રી સુખ-દુઃખની ઉત્પત્તિમાં પણ નથી. પરંતુ રાગ-દ્વેષ આદિ રૂપ વિશિષ્ટ વાસના પણ છે. આ પ્રમાણે કારણભેદ (૧) જ્ઞાન અને સુખ-દુઃખમાં સમજવો.

(૨) સ્વરૂપભેદ- જ્ઞાનનું સ્વરૂપ સ્વ-પરપ્રકાશકત્વ રૂપ છે. (જેમ દીપક પોતાને અને બીજાને પ્રકાશિત કરે છે, તેમ જ્ઞાનનો સ્વભાવ છે કે- પોતાના સ્વરૂપને અને પદાર્થને જાણે છે.)

જે અનુકૂળ તરીકે અનુભવયોગ્ય તે 'સુખ' કહેવાય છે અને જે પ્રતિકૂળ તરીકે અનુભવયોગ્ય તે 'દુઃખ' કહેવાય છે. એટલે જ્ઞાનમાં અને સુખ-દુઃખમાં સ્વરૂપના તફાવતથી તફાવત છે.

(૩) ફલભેદ- ઉપાદેયમાં પ્રવૃત્તિ અને હેયથી નિવૃત્તિ, એ જ્ઞાનનું ફળ છે. સંતોષ-અસંતોષ આદિની ઉત્પત્તિ, એ સુખ અને દુઃખનું ફળ છે.

તેથી જ જ્ઞાનથી ભિન્ન સુખ-દુઃખ આદિ ફળનો ભોક્તા, સુખ-દુઃખ આદિથી જુદો આત્મા સિદ્ધ થાય છે.

શંકા-બુદ્ધિ (જ્ઞાન) આત્માનું સ્વરૂપ નથી, કેમ કે- આત્મવિરોધી ધર્મ (ઉત્પત્તિ-વિનાશ રૂપ ધર્મ)ના આધારભૂત છે. જેમ કે-ઘટ-પટ ઇત્યાદિ.

જેમ આત્મવિરોધી ધર્મ ઉત્પાદ-વિનાશવાળા ઘટ-પટ આદિ આત્માના સ્વરૂપભૂત નથી, તેમ આત્મધર્મવિરોધી ઉત્પત્તિ-વિનાશશાળી હોઈ બુદ્ધિ આત્મસ્વરૂપભૂત નથી. વળી તદ્‌વિરુદ્ધ ધર્માધિકરણત્વ રૂપ હેતુ અસિદ્ધ (સ્વરૂપ અસિદ્ધ-જે હેતુનો અભાવ પક્ષમાં હોય, તે સ્વરૂપ અસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે.) નથી, કેમ કે- બુદ્ધિમાં ઉત્પત્તિ અને વિનાશધર્મ છે અને આત્મા અનુત્પાદ વિનાશવાળો છે. એટલે આત્મસ્વરૂપવિરોધી ઉત્પાદ-વિનાશ ધર્મના આધારભૂત બુદ્ધિ છે.

સમાધાન- આત્મધર્મવિરુદ્ધના આધારભૂત બુદ્ધિ હોવા છતાં સર્વથા ભેદની અસિદ્ધિ (અભાવ) છે, અર્થાત્ કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન આત્માની સાથે બુદ્ધિ છે.

આત્મા, વિરુદ્ધ ધર્માધિકરણ બુદ્ધિથી કથંચિદ્ અભિન્ન છે. જેમ કે- મેચકજ્ઞાન. (પંચવર્ણી મેચકરત્નનું જ્ઞાન) અર્થાત્ જેમ ભિન્ન ભિન્ન વિરોધી રંગો અને તેના આધારભૂત મેચકરત્ન પરસ્પર કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન છે, તેમ ભિન્ન ભિન્ન વિરોધી ઉત્પાદ-વિનાશ-ધ્રૌવ્ય રૂપ ધર્મો અને તદાશ્રિત પદાર્થ પણ કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે. અહીં તે મેચકરત્નનું જ્ઞાન એક અને એકીસાથે અનેક પદાર્થ(વર્ણ) ગ્રાહક શક્તિ રૂપ છે. એથી વિરુદ્ધ-ધર્મનો અધ્યાસ છે.

શંકા- અનેકત્વ રૂપ ધર્મના આધારભૂત શક્તિ જુદી અને એકત્વ રૂપ ધર્મના આધારભૂત જ્ઞાન જુદું છે ને ?

સમાધાન- ઉપરોક્ત બાબત બરોબર નથી, કેમ કે- 'તે જ્ઞાનની અનેક (અનંત) શક્તિ છે,- આવો વ્યવહાર અસંભવિત થાય છે : કેમ કે- તે જ્ઞાન અને શક્તિ જુદી છે. જેમ કે- ઘટ આદિ પદાર્થ બીજો છે.

શંકા- સંબંધની અપેક્ષાએ તે જ્ઞાનની અનેક શક્તિ છે, એવો વ્યવહાર સિદ્ધ થશે જ ને ?

समाधान- અનેક શક્તિની સાથે સંબંધ કરનાર જ્ઞાનની એક રૂપતાની આપત્તિ રૂપ દોષ આવે છે, માટે સંબંધની અપેક્ષાથી 'જ્ઞાનની અનેક શક્તિ છે'- એવો વ્યવહાર અસિદ્ધ છે.

શંકા- જ્ઞાન એક શક્તિથી અનેક અર્થનું ગ્રહણ કરે છે, એમ કહીએ તો શો વાંધો ?

સમાધાન- જ્ઞાન એક શક્તિથી અનેક અર્થનું ગ્રહણ કરે છે- એમ જો બોલો, તો સર્વ અર્થના ગ્રહણના પ્રસંગ રૂપ આપત્તિ આવી જાય ! માટે જ્ઞાન અને શક્તિનું કથંચિત્ ભિન્નપણું અભિન્નપણું હોવાથી જ્ઞાનનું ચેતનાસ્વરૂપપણું યુક્ત જ છે.

વળી તે ચેતનાસ્વરૂપ બુદ્ધિ પ્રત્યેક જીવમાં ઓછી-વત્તી દેખાતી હોઈ, ચેતનત્વની અપેક્ષાએ એક બુદ્ધિ પણ પર્યાયની અપેક્ષાએ ભિન્ન છે અને તેથી આત્મા પણ દ્રવ્યની અપેક્ષાએ એક પણ પર્યાયના ભેદની અપેક્ષાએ ભિન્ન છે.

તે ચૈતન્ય, એક રૂપવાળું પણ જ્ઞાનાવરણ આદિ કર્મ રૂપ મલથી લેપાયેલ અનેક અવસ્થાન્તર પામનારું છે.

આ કહેલા કહેવાતા કારણોથી જે જે શંકાઓનો નિરાશ થયો છે, તે તે શંકાઓનું ક્રમસર વર્ણન-

(૧) જો આત્મા જ્ઞાન રૂપ છે, તો તે જ્ઞાન રૂપ આત્મા કેમ સર્વદા પદાર્થોને જોતો નથી ? કેમ કે- વિષયોને જાણતું જ જ્ઞાન તે આત્મા કહેવાય છે અને વિષયોને નહિ જાણતું જ્ઞાન આત્મા તરીકે કહેવાતું નથી.

જ્ઞાન રૂપ આત્મા છે અને તે જાણતો નથી, એ વિરુદ્ધ છે. માટે હંમેશાં તે જ્ઞાન રૂપ આત્માએ જાણતાં જ રહેવું જોઈએ.

(૨) જો જ્ઞાન રૂપ આત્મા છે, તો આત્મામાં પૂર્વ ઉપલબ્ધ અર્થ વિષયનું વિસ્મરણ કેમ થાય છે ? કેમ કે- વર્તમાનકાળમાં આ આત્મા અવિનષ્ટ જ્ઞાનવાન છે.

(૩) શું એવું કારણ છે કે-અસ્પષ્ટ જ્ઞાનવાળો આત્મા થાય છે ? જ્ઞાન અવ્યક્ત ઈષ્ટ નથી, કેમ કે- જ્ઞાનનું સ્વરૂપ ઉપલબ્ધિ છે.

(૪) તેથી જ જ્ઞાન રૂપ આત્મામાં સંશય તો કદાચ ઉત્પન્ન જ ન થવો જોઈએ.

(૫) જ્ઞાન રૂપ આત્મામાં સમસ્ત પદાર્થનું ગ્રહણ થવું જ જોઈએ, કેમ કે- જ્ઞાન અપ્રતિહત છે. ઇત્યાદિ શંકાઓનું ખંડન થાય છે.

(૧) જ્ઞાન રૂપ આત્મા હોવા છતાં તેમાં નિરંતર ઉપયોગનો પ્રસંગ નથી આવતો, કેમ કે-કર્મવશથી આ આત્મા, સર્વ પ્રદેશોમાં મધ્યવર્તી કર્માનાવૃત આઠ પ્રદેશોને છોડી, ગરમાગરમ ઉકળતા પાણીની માફક અસ્થિરતા હોઈ જુદા જુદા વિષયોમાં પરિણમે છે અને પ્રબળપણાએ ભ્રાન્ત મનવાળો હોઈ એક વિષયમાં લાંબા કાળ સુધી ઉપયોગવાળો રહેતો નથી.

(૨) વળી સ્વભાવથી જ ઉપયોગનો સ્થિતિકાળ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પરિમાણવાળો છે. તથાચ જ્ઞાનને ઢાંકવાના સ્વભાવવાળા જ્ઞાન આવરણ કર્મનો સદ્‌ભાવ આત્મામાં હોવાથી, આત્મા સર્વદા જાણતો નથી, વ્યક્ત પણ જાણતો નથી, વિસ્મરણવાળો પણ થાય છે, સંશયવાળો પણ તેમજ સર્વ અર્થના ગ્રહણના અભાવવાળો થાય છે, એ યુક્તિયુક્ત છે.

नन्वस्तु चेतनालक्षणो जीवस्स त्वेक एव निखिलजगच्छरीराण्यभिव्याप्य शश्वद्वर्तते, न तु प्रतिशरीरं पृथगात्मास्तीत्याशंक्यायामाह—

स द्विविधः । २ ।

स इति । अयम्भावो यदि जीवो निखिलशरीराधिष्ठायकतयैको भवेत् तर्हि समस्त-शरीरभाविनः सुखदुःखादीनेकस्मिन्नेव शरीरेऽनुभूयेत, अन्यथा निखिलशरीराधिष्ठायकत्वमेव तस्य न भवेत्, दृश्यते हि बाल्यकौमाराद्यवस्थाभेदेऽपि जीवस्यैकत्वेन बाल्याद्यनुभूतस्य स्थविरावस्थायां स्मरणं, न च तथैकेनानुभूतं सर्वैः स्मर्यते तस्मात्सर्वशरीरेषु भिन्न एवात्मा[१], एवमात्मन एकत्वे सुखदुःखनिमित्तधर्माधर्मयोः सर्वसाधारण्येन कश्चिदेव सुखी न सर्वे, कश्चिदेव दुःखी न सर्व इति प्रत्यक्षसिद्धः प्रतिनियमो न भवेत्, न चैकस्येवाञ्चलस्य प्रसारितस्य महतो वाय्वादिनिमित्तात् क्वचिदेव भागे कम्पनमनुभूयते तथा तत्तच्छरीरावच्छेदेनैव सुखादिकं भवति न सर्वत्रेति वाच्यम् । परम्परया तत्रापि सूक्ष्मकम्पस्यानुभवात्, योऽहं चैत्रोऽभूवं सुखी, सोऽहं मैत्रो दुःखी सम्प्रति जात इति प्रत्यभिज्ञापत्तेश्च । न च नात्म्यैक्येऽपि तत्तच्छरीरेष्वनुभूतसुखादीनां स्मरणापत्तिर्दोषः, पूर्वपूर्वशरीरानुभूतानामात्मैक्येऽप्यस्मरणादिति वाच्यम्, पूर्वपूर्वानुभवजनितसंस्कारस्य मरणगर्भवासादितीव्रतरदुःखैरभिभूतत्वात्, जातिस्मरणेन केनापि स्मरणाच्च, नहि चैत्रज्ञानादिकं कदापि कथमपि स्मरति मैत्रस्तस्मादात्मा नैकोऽपि तु प्रतिशरीरं भिन्नः परन्तु तेषां सुज्ञानाय प्रथमं तस्य द्वैविध्यं भाव्यमिति भावः ।

शंका- ભલે ચેતના રૂપી લક્ષણવાળો જીવ હો ! પરંતુ એક જ આત્મા સમસ્ત જગતના શરીરોમાં વ્યાપ્ત થઈને હંમેશાં વર્તે છે, નહિ કે શરીરે જુદો આત્મા છે. આવી આ શંકામાં જવાબ આપે છેકે-

ભાવાર્થ- તે ચેતના લક્ષણવાળો આત્મા બે પ્રકારવાળો છે.

વિવેચન- અહીં આ આશય છે કે- જો જીવ સમસ્ત શરીરવ્યાપક રૂપે એક માનવામાં આવે, તો સમસ્ત શરીરોમાં થનાર સુખ-દુઃખ આદિનો એક જ શરીરમાં અનુભવ થઈ જ જાય, એ મોટો દોષ આવે છે.

જો સમસ્ત શરીર ભાવી સુખ-દુઃખ આદિનો એક જ શરીરમાં અનુભવ ન માનો, તો સમસ્ત શરીરોનું અધિષ્ઠાયકપણું-વ્યાપકપણું તે આત્માનું ન જ થાય.

વળી આ દુનિયામાં દેખાય છે કે-બાલ્ય-કૌમાર આદિ અવસ્થાઓનો ભેદ હોવા છતાંય, જીવનું એકપણું હોઈ બાલ્ય આદિ અવસ્થામાં અનુભવેલ પદાર્થનું વૃદ્ધ અવસ્થામાં સ્મરણ થાય છે.

તથાચ એક જીવે અનુભવેલ પદાર્થનું સ્મરણ સર્વ આત્માઓને થતું નથી, માટે સર્વ શરીરોમાં જુદો જ-સ્વતંત્ર જ આત્મા છે. જગતમાં નાના રૂપ જીવો પરસ્પર ભિન્ન છે, કેમ કે-લક્ષણ આદિનો ભેદ છે. જેમ કે-કુંભ વગેરે.

---

१. तथा च प्रयोगः नानारूपा भुवि जीवाः परस्परं भेदभाजः, लक्षणादिभेदात्-यथा कुम्भादयः, एकत्वे हि सुखदुःखबन्धमोक्षादयो नोपपद्यन्त इति ॥

આ પ્રમાણે આત્માને એક માનવામાં સુખ-દુઃખ-બંધ-મોક્ષ વગેરે ઘટમાન થતાં નથી. જો આમ આત્માનું એકપણું સ્વીકારવામાં આવે, તો સુખ અને દુઃખમાં નિમિત્તભૂત ધર્મ અને અધર્મનું સર્વસાધારણપણું-વ્યાપકપણું થવાથી, 'કોઈક જ સુખી છે- બધા સુખી નથી, કોઈ એક જ દુઃખી છે-બધા દુઃખી નથી.'- આવો પ્રત્યક્ષ સિદ્ધ નિયમ-કુદરતી કાયદો ન થાય ! એ દોષ આવે છે.

શંકા- જેમ એક ફેલાયેલ અંચલના મોટા વાયુ આદિના નિમિત્તથી કોઈક જ ભાગમાં કંપન અનુભવાય છે, તેમ તે તે શરીરના અવચ્છેદથી (અપેક્ષાએ) સઘળા શરીરોમાં સુખ આદિ નહિ જ થાય ને ?

સમાધાન- દૃષ્ટાન્તભૂત અંચલના કોઈક જ ભાગમાં માત્ર કંપન અનુભવાય છે, એટલું જ નહિ પરંતુ પરંપરાની અપેક્ષાએ સઘળા અંચલમાં સૂક્ષ્મ રૂપે કંપનનો અનુભવ અવશ્ય થાય છે.

ઇષ્ટાપત્તિ માનવા છતાં જ્યારે જે હું ચૈત્ર સુખના અનુભવવાળો થયો, ત્યારે તે હું મૈત્ર, દુઃખના અનુભવવાળો થયો. આવી પ્રત્યભિજ્ઞાનની આપત્તિ આવી જાય છે.

શંકા- આત્માના એકપણાના સ્વીકારમાં તે તે શરીરોના આધારે અનુભવેલ સુખ આદિના સ્મરણની આપત્તિ (પ્રત્યભિજ્ઞાનની આપત્તિ પણ) રૂપ દોષ નહિ આવે, કેમ કે- એક આત્મામાં પણ જેમ તમારા મતે પૂર્વ પૂર્વ શરીરો દ્વારા અનુભવેલ સુખ આદિનું અસ્મરણ છે, તેમ સકલ શરીરવ્યાપી એક આત્મામાં તે તે વિશિષ્ટ શરીર દ્વારા અનુભવેલ સુખ આદિનું અસ્મરણ જ છે ને ? તો ઉપરોક્ત દોષ ક્યાંથી ?

સમાધાન- પૂર્વ-પૂર્વ જન્મના અનુભવથી પેદા થયેલ સંસ્કાર, મરણના તથા ગર્ભાવાસ આદિ તીવ્રતર દુઃખોથી અભિભૂત (રોગ વગેરે દ્વારા જેમ જ્ઞાન અવરુદ્ધ) થાય છે. માટે એક આત્મામાં અમારા મતે પૂર્વ પૂર્વના શરીરથી અનુભવેલ સુખ આદિનું સ્મરણ થતું નથી.

વળી કોઈ આત્માને જાતિસ્મરણ રૂપ જ્ઞાન દ્વારા પૂર્વ પૂર્વ શરીરથી અનુભૂત સુખ આદિનું સ્મરણ થાય છે. વળી નિયમ પણ છે કે-કોઈ વખત પણ મૈત્ર-ચૈત્રના જ્ઞાન આદિનું સ્મરણ કરતો નથી, તેથી આ આત્મા એક નથી પરંતુ આખી દુનિયામાં આત્માઓ અનેક છે-શરીરે જુદા છે.

તે શરીરે શરીરે જુદા આત્માઓનું સારી રીતે જ્ઞાન થાય, માટે પહેલાં ચેતનાલક્ષણ જીવના બે પ્રકાર વિચારવા જોઈએ.

केन प्रकारेण भेद इत्यत्राह—

संसार्यसंसारिभेदात् । ३ ।

संसारीति । संसारोऽष्टविधं कर्म, तदुपष्टम्भेनैवात्मनस्संसरणाद् बलवन्मोहो नारकाद्यवस्था वा संसारस्तद्योगात्संसारी, न संसारी-असंसारी निर्धूताशेषकर्मेत्यर्थः । तत्र संसारिणां विकल्प-बाहुल्यात्, असंसारिणां संसारिपूर्वकत्वांत् स्वसंवेद्यत्वाच्चादौ ग्रहणं, संसारिणो हि स्वसंवेद्याः, गत्यादिपरिणामानामनुभूतत्वात्, असंसारिणस्त्वत्यन्तपरोक्षास्तदनुभवस्याप्राप्तत्वादिति ।

કયા પ્રકારથી જીવના ભેદ છે ? તેના જવાબમાં કહે છે કે-

ભાવાર્થ- 'તે ચેતનાલક્ષણ જીવ સંસારી અને અસંસારીના ભેદથી સંક્ષેપથી બે પ્રકારવાળો છે.'

વિવેચન-(૧) સંસારી-સંસારવાળો. (અ) સંસાર એટલે આઠ પ્રકારના કર્મો, કેમ કે- આઠ પ્રકારના કર્મોના આલંબને આત્માનું સંસરણ ચારેય ગતિમાં ગમન છે.

(આ) સંસાર એટલે બલવાન મોહ, એવું નામ સંસારનું છે.

(ઇ) સંસાર એટલે નારક આદિ રૂપ અવસ્થાઓ. તે તે અવસ્થાઓના યોગથી આત્મા સંસારી કહેવાય છે.

(૨) અસંસારી- જે સંસારી નહિ તે અસંસારી. અર્થાત્ આઠ પ્રકારના કર્મોથી શૂન્ય અસંસારી, બલવાન મોહથી શૂન્ય અસંસારી. નારક આદિ અવસ્થાઓથી શૂન્ય અસંસારી કહેવાય છે.

ત્યાં સંસારી-અસંસારી રૂપ બે ભેદના નિરૂપણમાં પ્રથમ સંસારી પદના ઉપન્યાસમાં એ હેતુ છે કે-

(ક) સંસારી જીવોના ઘણા વિકલ્પો-ભેદો છે, માટે સંસારી પદ પ્રથમ મૂકેલ છે.

(ખ) પહેલાં સંસારી હોય તે જ અસંસારી બને છે. તે બાબત જણાવવા માટે સંસારી પદ પ્રથમ મૂકેલ છે.

(ગ) સંસારી પદ પ્રથમ મૂકેલ છે, કારણ કે- સંસારી જીવો સ્વસંવેદ્ય છે. (પોતાના અનુભવનો વિષય છે.) સંસારી જીવોએ ગતિ આદિ પરિણામોનો અનુભવ કરેલ છે.

અસંસારીઓ (મુક્તો) તો અત્યંત પરોક્ષ છે, કેમ કે- સંસારીના સ્વ અનુભવના અવિષય છે.

कथं संसारिणां बहवो विकल्पा इत्याशङ्कायां संसारिजीवानां प्रभेदप्रदर्शनमुखेन तान् दिङ्मात्रमुपदर्शयति-

अत्र चेतनत्वेन जीव एकविधः । ४ ।

अत्रेति । जीवप्रकारनिरूपणप्रसङ्ग इत्यर्थः । जीव इति संसारिजीव इत्यर्थः असंसार्यु[१]पेक्षयाऽयं विभागारम्भः, यद्वा जीवमात्रस्य द्विधैव विभागः सम्भवतीति ग्रन्थोऽयंपूर्वेणान्वितः। तथा चात्र यश्चेतनत्वेनैकविधो जीवः स द्विविध[२] इत्यर्थः । यद्यपि ईदृशाभिप्रायोऽत्रेतिवाक्यस्य जीवलक्षणान्तरं योजने सुस्पष्टो भवति, तथापि जीवनानात्वसाधनार्थमेवमुपन्यासः कृतः । तत्सिद्धावेव प्रकारभेदनिरूपणसम्भव[३]वादिति बोध्यम् ।

---

१. एवम्भूतनये हि दशविधप्राणधारी जीवोऽभिमतस्स च संसार्येव, सिद्धस्तु न तथाविधः, असुमान् प्राणीत्यादिव्यपदेशाभावादिति भावः । केवलं भावप्राणवत्त्वात्तेऽपि जीवा इत्याशयेनाह यद्वेति ॥ २. उपलक्षकोऽयं विभागः, तेनेन्द्रियानिन्द्रियसकायाकायसयोग्ययोगिसवेदसकषायाकषायसलेश्यालेश्यज्ञान्यज्ञानिसाकारानाकारभेदेन विभागसम्भवेऽपि न क्षतिरिति ॥ ३. एवञ्च प्रथमं द्विभेदमुक्त्वा नानात्वं प्रसाध्य किं सर्वथा जीवा नाना एवेत्याशंकानिवारणाय वस्तूनामेकानेकस्वभावत्वेन तत्प्रदर्शनाय चात्रेतिग्रन्थोक्तिः । जीवत्वादिस्वभावेनैकोऽपि संसारित्वादितत्तद्धर्मस्वभावत्वेन तथातथाव्यपदिश्यते, एकान्तैकस्वभावतायां तेषां वैचित्र्यायोगेन तथातथाभिधाने प्रवृत्तिर्न स्यादेवेति भावः ॥

શા માટે સંસારી જીવોના ઘણા ભેદો છે ? આવી આશંકાના સમાધાન રૂપે સંસારી જીવોના ભેદ-પ્રભેદોના પ્રદર્શન દ્વારા તે ભેદોનું દિગ્દર્શન કરાવે છે કે-

ભાવાર્થ- 'અહીં ચેતનપણાની અપેક્ષાએ જીવ એક પ્રકારનો છે.'

વિવેચન- અહીં એટલે જીવના પ્રકારના નિરૂપણ પ્રસંગમાં જીવ એટલે સંસારી જીવ એમ સમજવું, કેમ કે-અસંસારી જીવના વિભાગની ઉપેક્ષા છે અને સંસારી જીવના વિભાગનો આરંભ છે.

તથાચ એવંભૂત નામક નયની અપેક્ષાએ દશવિધ પ્રાણોને જે ધારે, તે જીવ માનેલ છે. તે જ સંસારી જીવ કહેવાય છે.

સિદ્ધ તો તથાવિધ નથી-દશવિધ પ્રાણધારી નથી, કેમ કે- 'असुमान्प्राणी' વગેરેના વ્યવહારનો અભાવ છે. તે સિદ્ધો પણ કેવલ ભાવપ્રાણવાળા હોઈ જીવો કહેવાય છે. ઇત્યાદિ આશયથી કહે છે કે-

અથવા જીવ માત્રનો સંસારી-અસંસારી ભેદથી બે પ્રકારનો વિભાગ છે.

આ વસ્તુસ્થિતિ હોઈ આ ચાલુ સૂત્ર એટલે જે ચેતનપણાએ એક પ્રકારનો જીવ છે, તે પૂર્વસૂત્રની સાથે અન્વિત છે. અર્થાત્ ચેતનપણાએ એક પ્રકારનો જીવ છે. તે સંસારી-અસંસારી ભેદે બે પ્રકારનો છે.

જો કે આવો ઉપરોક્ત અભિપ્રાય 'अत्र'- આ પ્રમાણેના વાક્યને 'चेतना लक्षणोजीवः'- આવા લક્ષણ બાદ જોડવામાં આવવાથી સ્પષ્ટ થાય છે. અર્થાત્ 'ચેતના લક્ષણવાળો જીવ છે.' અહીં આ લક્ષણમાં રહેલ સંસારી-અસંસારી ભેદ ભિન્ન જીવ ચેતનપણાની અપેક્ષાએ એક પ્રકારનો છે. આવી યોજના કરવી.

આવી યોજના કરવાથી પૂર્વોક્ત અભિપ્રાય સ્પષ્ટ થાય છે, તો પણ જીવનું નાનાપણું સાધવા માટે આ પ્રમાણેનો ઉપન્યાસ કરેલ છે, કેમ કે-તે જીવના નાનાત્વની સિદ્ધિમાં જ પ્રકાર-ભેદના નિરૂપણનો સંભવ છે એમ સમજવું.

(વળી આ પ્રમાણે પ્રથમ બે ભેદવાળા જીવનું નિરૂપણ કરી જીવનું નાનાપણું સાધી, શું સર્વથા જીવો નાના-અનેક જ છે ?- આવી શંકાને નિવારવા માટે અને વસ્તુઓ એક-અનેક સ્વભાવવાળી હોય છે એમ દર્શાવવા માટે 'अत्र' આમ ગ્રંથનું કથન છે.

જીવત્વ આદિ સ્વભાવની અપેક્ષાએ એક પણ આત્મા, સંસારિત્વ-ભવ્યત્વ આદિ પ્રકારે-સંસારી-ભવ્ય રૂપે વ્યવહૃત થાય છે. એકાન્તથી જો એક સ્વભાવ માનો, તો તેઓની વિચિત્રતાનો અભાવ થવાથી તે તે પ્રકારના કથનમાં પ્રવૃત્તિ ન થાય જ. ઇતિ.

આ ભાવ બતાવવા માટે 'अत्र चेतनत्वेन जीव एकविधः' -એ સૂત્રનું ગ્રથન છે.

तदन्तर्गतः संसारी जीवस्तु संसारित्वेनैकोऽपि त्रसस्थावरभेदेन द्विविध इत्यभिप्रायेणाह-

त्रसस्थावरभेदेन द्विविधः । पुंस्त्रीनपुंसकभेदेन त्रिविधः । ५ । ६ ।

त्रसेति । त्रसनामकर्मोदयाद्वृत्तिविशेषात्त्रसा द्वीन्द्रियादयो न तूद्वेजनक्रियाविशिष्टाः गर्भाण्डज-मूर्च्छितसुषुप्तादीनां त्रसत्वाभावप्रसङ्गात्, स्थावरनामकर्मोदयजनितविशेषाः स्थावराः पृथिवी-

जलतेजोवायुवनस्पतयः । न तु स्थानशीला वायुतेजोऽम्भसामस्थावरत्वप्रसङ्गात्, अल्पास्वत्वात् विशेषोपयोगसम्भवेनाभ्यर्हितत्वात्स्पष्टलिङ्गत्वाच्चादौ त्रसग्रहणम् । द्वैविध्यप्रदर्शनञ्चेदमुपलक्षणं तेन समनस्कामनस्कभेदेनापि द्वैविध्यं बोध्यम्, मनःपर्याप्तिलक्षणकरणनिर्वृत्तिमन्तस्समनस्काः द्रव्यभावमनोयुता इति यावत् । तद्रहिता अमनस्काः केवलं भावमनोयुता इति यावत् । प्रकारान्तरेण संसारिणः त्रिधा विभजते पुमिति । तत्तद्वेदोदयापादितपुंस्त्वस्त्रीत्वनपुंसकत्वपरिणामवन्तः, लिङ्गं द्विविधं द्रव्यभावभेदात्, यद्द्रव्यलिङ्गं तदिह नाधिकृतं द्रव्यपरिणामत्वात्, आत्मपरिणामप्रकरणाच्चेह भावलिङ्गमेव ग्राह्यम्, तच्चान्योऽन्याभिलाषलक्षणं बोध्यम् । यद्वा शरीरशरीरिणोः कथञ्चिदभेदेन द्रव्यलिङ्गमादायापि भेदोऽवसेयः ॥

'संसारी-असंसारी જીव चैतन्यनी अपेक्षाએ એક છે.'- આવા વાક્યમાં રહેલ સંસારી જીવ, સંસારીપણાની અપેક્ષાએ એક પણ, ત્રસ-સ્થાવરના ભેદથી બે પ્રકારનો છે.

આવા અભિપ્રાયથી કહે છે કે-

ભાવાર્થ- 'સંસારી જીવ ત્રસ અને સ્થાવરના ભેદથી બે પ્રકારનો છે.'

વિવેચન- (૧) ત્રસ- ત્રસનાકર્મના ઉદયથી વિશિષ્ટ વૃત્તિવાળા બે ઇન્દ્રિય આદિ જીવો 'ત્રસ' કહેવાય છે. (પારિભાષિક અર્થ ત્રસનો અહીં સમજવો.)

પરંતુ ત્રસ શબ્દની વ્યુત્પત્તિગમ્ય ચલન રૂપ ક્રિયા વિશિષ્ટ જીવો ત્રસ કહેવાતા નથી, કેમ કે-ગર્ભજ-અંડજના જન્મ વખતે મૂર્છિત કે સુષુપ્ત આદિ અવસ્થાઓમાં ચલનનો અભાવ હોઈ ત્રસપણાના અભાવનો પ્રસંગ આવી જાય !

(ત્રસનાકર્મના ઉદયથી દુઃખને છોડી સુખના સ્વીકારની પ્રવૃત્તિ તથા ગરમી વગેરેથી તાપવાળા હોતા જીવો, એક સ્થાનથી છાયા આદિ ઇષ્ટના સ્વીકાર માટે બીજા સ્થાનમાં જાય છે. અતએવ લબ્ધિત્રસ કહેવાય છે.)

(૨) સ્થાવર- સ્થાવરનામકર્મના ઉદયથી વિશિષ્ટ વૃત્તિવાળા જીવો 'સ્થાવર' કહેવાય છે. પૃથ્વીકાય-અપ્કાય-વાયુકાય-તેજસ્કાય-વનસ્પતિકાય રૂપે પાંચ 'સ્થાવર' છે. પરંતુ સ્થિર રહેવાના સ્વભાવવાળા એ અર્થ અહીં નથી. જો એ અર્થ માનવામાં આવે, તો (સૂક્ષ્મત્રસ-ગતિત્રસ રૂપ વાયુકાય-તેજસ્કાયમાં સ્વાભાવિક રીતે ચાલતા) પરપ્રેરિત અપ્કાયમાં પણ અસ્થાવરપણાનો પ્રસંગ આવી જાય !

અહીં ત્રસ-સ્થાવરના દ્વન્દ્વ સમાસમાં ત્રસ શબ્દને જે કારણથી પહેલો મૂકવામાં આવ્યો છે તેનો ખુલાસો કરે છે.

(૧) લઘુ અક્ષરવાળા અલ્પ સ્વરવાળા પૂજ્યવાચક શબ્દો દ્વન્દ્વ સમાસમાં પૂર્વે મૂકાય છે, એવું વ્યાકરણનું સૂત્ર હોઈ ત્રસ શબ્દ અલ્પ સ્વરવાળો હોઈ,

(૨) ચાર પ્રકારના ઉપયોગ સંભવવાળા-સ્થાવરની અપેક્ષાએ, યથાસંભવ, વિશેષ (બાર) ઉપયોગ રૂપ ચૈતન્યનો સંભવ હોઈ, અભ્યર્હિત-પૂજ્ય હોઈ,

(૩) સ્પષ્ટ સુખ-દુઃખ આદિના ચિન્હ્વાળો હોઈ ત્રસ શબ્દ પૂર્વે મૂકેલ છે.

અહીં દ્વિવિધતાનું પ્રદર્શન ઉપલક્ષણ રૂપ છે. અર્થાત્ ત્રસ-સ્થાવર રૂપે જીવ બે ભેદે તેવી રીતે સમનસ્ક-અમનસ્કના ભેદથી પણ જીવનું દ્વિવિધપણું જાણવું.

(સેન્દ્રિય-અનિન્દ્રિય, સકષાય-અકષાય, સયોગી-અયોગી, સવેદ-અવેદ, સકાય-અકાય, સલેશ્ય-અલેશ્ય, જ્ઞાની-અજ્ઞાની અને સાકાર-અનાકાર ભેદથી બે પ્રકારનો વિભાગ સંભવી શકે છે.)

(૧) **સમનસ્ક-** મનપર્યાપ્તિ રૂપ કરણ-ક્રિયાની પૂર્ણતવાળા જીવો 'સમનસ્ક' કહેવાય છે. અર્થાત્ દ્રવ્યમાન અને ભાવમનવાળા સમનસ્ક-સંજ્ઞી (સંપ્રધારણ-હિતાહિત પરીક્ષા સંજ્ઞાવાળા) કહેવાય છે.

(દ્રવ્યમન-મનોવર્ગણાઓમાંથી ગ્રહણ કરેલ મનનયોગ્ય અનંત પુદ્ગલોથી બનેલ મનપણાએ પરિણમેલ સ્વસ્વ કાયપરિમાણવાળું મન 'દ્રવ્યમન' છે.

ભાવમન- મનોદ્રવ્યના આલંબનવાળો, કે જે મનોજન્ય જ્ઞાનાવરણના ક્ષયોપશમથી પેદા થાય છે. તે આત્માના વ્યાપાર રૂપ ચિંતન 'ભાવમન' કહેવાય છે.)

(૨) અમનસ્ક- મનપર્યાપ્તિશૂન્ય-દ્રવ્યમનરહિત 'અમનસ્ક' કહેવાય છે. જો કે આહારાદિ સંજ્ઞા અને સૂક્ષ્મ મન હોવા છતાં, તેમજ ચૈતન્ય રૂપ ઉપયોગ રૂપ ભાવમન હોવા છતાં, દ્રવ્યમન નહિ હોવાથી 'અમનસ્ક-અસંજ્ઞી' કહેવાય છે. 'દ્રવ્યમન છે, તો સંજ્ઞી અને દ્રવ્યમન નથી તો અસંજ્ઞી'- એવો પણ નિયમ ઘટાવવો.

હવે પ્રકારાન્તરથી સંસારી જીવોનો ત્રણ પ્રકારે વિભાગ કરે છે કે-

ભાવાર્થ- 'પુંસ્ત્રી નપુંસક ભેદથી સંસારી જીવ ત્રણ પ્રકારનો છે.'

વિવેચન- તે તે મોહનીયના ભેદ રૂપ વેદના ઉદયથી કરેલ પુંલિંગપણું, સ્ત્રીલિંગપણું અને નપુંસકલિંગપણું-એ રૂપ પરિણામવાળા છે.

અર્થાત્ જે જીવો સ્ત્રીઓ પ્રત્યે પોતાની અભિલાષા પ્રગટ કરે છે, તે જીવો પુરુષવેદી કહેવાય છે.

જે જીવો પુરુષ પ્રત્યે પોતાની ઇચ્છા ધારણ કરે છે, તે જીવો સ્ત્રીવેદી કહેવાય છે.

જે જીવો નર અને નારી પ્રત્યે પોતાની ઇચ્છા ધારણ કરે છે, તે જીવો નપુંસકવેદી કહેવાય છે.

અર્થાત્ પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસક રૂપ વેદના ભેદથી જીવો પણ ત્રણ પ્રકારના છે.

વળી અહીં મર્મની બાબત એવી છે કે-દ્રવ્ય અને ભાવના ભેદથી લિંગ બે પ્રકારનું છે. જે દ્રવ્યલિંગ છે તેનો અહીં અધિકાર નથી, કેમ કે-તે દ્રવ્યપરિણામ રૂપ છે.

અહીં આત્મપરિણામના પ્રકરણમાં ભાવલિંગનું જ માત્ર ગ્રહણ કરવાનું છે, કેમ કે- તે ભાવલિંગ પરસ્પર અભિલાષ રૂપ વેદ હોઈ આત્માના પરિણામ રૂપ છે-એમ જાણવું.

અથવા શરીર અને શરીરી (આત્મા)નો કથંચિદ્ અભેદ હોવાથી દ્રવ્યલિંગનો પણ સ્વીકાર કરી ભેદ સમજવો. દ્રવ્યલિંગ એટલે શરીરની વિશિષ્ટ આકૃતિ.

चातुर्विध्यमादर्शयति–

नारकतिर्यङ्मनुष्यदेवभेदेन चतुर्विधः । इन्द्रियभेदेन पञ्चविधः । ७ । ८ ।

नारकेति । तत्तद्गतिनामकर्मोदयप्रयुक्ततत्तद्भावपरिणाममादायाऽऽत्मनोऽयं विभागः । पञ्चविधत्वंप्रकटयति–**इन्द्रियभेदेनेति** ॥ जातिनामकर्मोदयापादितैकेन्द्रियादिजाति-परिणामभाक्त्वात्पञ्चविधत्वं जीवानामिति भावः । मनसोऽनिन्द्रियत्वात् बाह्यपञ्चेन्द्रिय-विधुरस्य समनसो जीवस्याप्रसिद्धेश्च न मन आदाय षड्विधत्वशङ्का कार्येति ॥

જીવોના ચાર પ્રકારના ભેદો

ભાવાર્થ- 'નારક-તિર્યંચ-મનુષ્ય-દેવના ભેદથી ચાર પ્રકારનો સંસારી જીવ છે.'

વિવેચન- તે તે ગતિ નામકર્મના ઉદયથી જન્ય નારક-દેવ-મનુષ્ય-તિર્યંચ શબ્દથી વ્યવહારયોગ્ય તે તે નારકત્વ-દેવત્વ-મનુષ્યત્વ-તિર્યક્ત્વ રૂપ પર્યાય રૂપ ભાવપરિણામની અપેક્ષાએ આત્માનો નારક-તિર્યંચ-મનુષ્ય-દેવના ભેદથી ચાર પ્રકારનો ભેદ છે.

જીવના પાંચ પ્રકારો

ભાવાર્થ- 'ઇન્દ્રિયભેદથી પાંચ પ્રકારના સંસારી જીવો છે.'

વિવેચન- જાતિનામકર્મના ઉદયથી જન્ય એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિય રૂપ જાતિ નામક પરિણામને ભજનારા હોઈ જીવનું પંચવિધપણું છે.

અર્થાત્ કેટલાક જીવો સ્પર્શન રૂપ એક ઇન્દ્રિયવાળા છે. કેટલાક જીવો સ્પર્શનરસન રૂપ બે ઇન્દ્રિયવાળા છે. કેટલાક જીવો સ્પર્શન-રસન-ઘ્રાણ રૂપ ત્રણ ઇન્દ્રિયવાળા છે. કેટલાક જીવો સ્પર્શ-રસન-ઘ્રાણ-ચક્ષુ રૂપ ચાર ઇન્દ્રિયવાળા છે. કેટલાક જીવો સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર રૂપ પાંચ ઇન્દ્રિયવાળા છે. એટલે ઇન્દ્રિયના ભેદથી પાંચ પ્રકારના જીવો છે.

અહી શંકા નહિ કરવી કે- મનને સાથે લઈ છ પ્રકારના જીવો કેમ નહિ ?

કારણ કે- મન ઇન્દ્રિય નહિ હોવાથી અનિન્દ્રિય છે. બીજી વાત એવી છે કે- બાહ્ય રૂપ પાંચ ઇન્દ્રિયથી શૂન્ય મનવાળો જીવ અપ્રસિદ્ધ છે.

अथ षोढा विभजते–

पृथिव्यप्तेजोवायुवनस्पतित्रसभेदेन षड्विध इत्येवं विस्तरतस्त्रिषष्ट्यधिकपञ्चशतविधोऽपि भवतीति विज्ञेयः । ९ ।

पृथिवीति । स्थावरान्तर्वर्त्तिपृथिव्यप्तेजोवायुवनस्पतित्रसनामकर्मोदयजनितपरिणामवन्त एते षड्भेदा वेदितव्याः, तत्र सत्यां पृथिव्यां जलादिकं सुखेन घटादिभिर्ग्रहीतुं शक्यमिति

सुखग्रहणहेतुत्वात्, विमानभवनप्रस्तारादिभावपरिणामेन स्थूलमूर्त्तित्वात्प्रतिनियतजलाद्युपकारनिर्वर्त्तकत्वाच्चादौ पृथिव्याः, तदुपकारकत्वाद्वायोः, पृथिव्यादिनिमित्तकत्वादनन्तगुणत्वाच्च वनस्पतेः, इन्द्रियाधिक्यादुपयोगबाहुल्याच्च त्रसस्य ग्रहणम् । इत्थमेव बहुधा विभागस्सम्भवतीत्याहेत्येवमिति, इत्येवंक्रमेणेत्यर्थः । ननु विभागानां परावधिरस्ति नवेत्याशङ्कायामवधिमाह विस्तरत इति, सप्तविधनारकाणां चतुर्विंशतिविधतिरश्चामेकोत्तरशतविधगर्भजमनुष्याणां नवाधिकनवतिविधदेवानां प्रत्येकं पर्याप्तापर्याप्तभेदभाजामपर्याप्तैकोत्तरशतविधसंमूर्छिममनुष्याणाञ्च मेलनया त्रिषष्ठ्यधिकपञ्चशतविधोऽपीत्यर्थः, विज्ञेय इति आगमादित्यादिः ॥

હવે જીવના છ પ્રકારો

ભાવાર્થ- 'પૃથ્વી-અપ્ (જલ)-તેજસ્ (અગ્નિ)-વાયુ-વનસ્પતિ-ત્રસના ભેદથી સંસારી જીવ છ પ્રકારનો છે.'

વિવેચન- સ્થાવરનામકર્મના ઉદયથી અને ત્રસનામકર્મના ઉદયથી પેદા થયેલ પૃથ્વી-અપ્-તેજસ્-વાયુ-વનસ્પતિ-ત્રસ અર્થાત્ પૃથ્વીત્વપર્યાય પરિણામવાળા અગ્નિકાયિક જીવો, વાયુત્વપર્યાય પરિણામને ભજનારા વાયુકાયિક જીવો, વનસ્પતિત્વપર્યાય પરિણામને ભજનારા વનસ્પતિકાયિક જીવો અને ત્રસત્વપર્યાય પરિણામવાળા જીવો ત્રસકાયિક જીવો કહેવાય છે. આ પ્રમાણે છ ભેદવાળા જીવો છે.

છ પ્રકારના જીવોના ક્રમોપન્યાસના હેતુઓ

(૧) જો પૃથ્વી હોય, તો જ ઘટ આદિથી જલ આદિ સુખપૂર્વક લઈ શકાય છે. આ પ્રમાણે સુખપૂર્વક ગ્રહણનો હેતુ હોઈ 'પૃથ્વી' પદ પહેલાં મૂકેલ છે. વિમાન-ભવન-પ્રસ્તાર આદિ ભાવપરિણામ હોઈ, સ્થૂલ હોવાથી અને પ્રતિનિયત જલ આદિ પ્રત્યે ઉપકારકારક હોવાથી પહેલાં 'પૃથ્વી' પદ મૂકેલ છે.

(૨) પૃથ્વીનો વિરોધી અગ્નિ છે. એ બંને વચ્ચે વ્યવધાન કરનાર હોવાથી અને રહેનાર હોવાથી પૃથ્વી પદ પછી 'જલ' પદ મૂકેલ છે.

(૩) પૃથ્વી અને પાણીના પરિપાકમાં હેતુ હોવાથી પૃથ્વી-જલ પછી 'તેજસ્' પદ મૂકેલ છે.

(૪) અગ્નિ પ્રત્યે વાયુ ઉપકારક હોવાથી તેજસ્ પછી 'વાયુ' પદનું ગુંફન છે.

(૫) પૃથ્વી-જલ વગેરેનું નિમિત્ત લઈ પેદા થનાર હોવાથી અને પૃથ્વી આદિથી અનંતગુણી હોવાથી, પૃથ્વી-જલ-તેજસ્-વાયુ પછી 'વનસ્પતિ' પદ મૂકેલ છે.

(૬) ઇન્દ્રિયોની અધિકતા હોવાથી અને સર્વ ઉપયોગના સંભવ રૂપ ઉપયોગની બહુલતા હોવાથી સ્થાવર પછી 'ત્રસ' પદનું ગ્રંથન કરેલ છે.

આ પ્રમાણે ઘણા ઘણા પ્રકારનો જીવનો વિભાગ સંભવિત છે. માટે કહેછે કે-

શંકા- આવા પ્રકારના ક્રમથી જીવના પ્રકારોના વિભાગોની ઉત્કૃષ્ટ અવધિ ખરી કે નહિ ?

समाधान- તેના જવાબમાં અવધિનું નિરૂપણ કરે છે કે-શબ્દ વિસ્તાર રૂપ વિસ્તારની અપેક્ષાએ (७) સાત પ્રકારના નારકો, (૨૪) ચોવીશ પ્રકારના તિર્યંચો, (૧૦૧) એક સો એક ગર્ભજ મનુષ્યો, (૯૯) નવ્વાણું પ્રકારના દેવો, પ્રત્યેકના પર્યાપ્ત-અપર્યાપ્તના ભેદવાળા જીવો, (૧૦૧) એક સો એક અપર્યાપ્ત સંમૂર્ચ્છિમના ભેદવાળા જીવો મળીને ૧૪ + ૪૮ + ૨૦૨ + ૧૯૮ + ૧૦૧ મળતાં ૫૬૩ પ્રકારના જીવના પણ ભેદો આગમથી જાણવા જોઈએ.

अथ प्रथमोक्ते द्वैविध्ये संसारिलक्षणमाह-

सकर्मा संसारी । १० ।

सकर्मेति । कर्मणा सहितः सकर्मा, कर्मभावयोग्यैः पुद्गलैरविभागेनोपश्लिष्ट इत्यर्थः । कर्मोपश्लिष्टत्वं संसारिणां लक्षणं, तच्चैकेन्द्रियादारभ्य आ अयोगिकेवलिनस्सर्वत्रास्तीति न कुत्राप्यव्याप्तिः ॥

હવે પ્રથમ કહેલ સંસારી-અસંસારી રૂપે બે પ્રકારો પૈકી સંસારીનું લક્ષણ કહે છે કે-

ભાવાર્થ- 'કર્મસહિત સંસારી છે.'

વિવેચન- કર્મની સાથે રહેનાર જીવ સંસારી કહેવાય છે. અર્થાત્ કર્મપણાને યોગ્ય પુદ્ગલોની સાથે વિભાગ ન થાય તેવી રીતની વિશિષ્ટ એકતા રૂપ સંબંધવાળો જીવ સંસારી કહેવાય છે.

જે કર્મોનો વિશિષ્ટ સંબંધ, તે એકેન્દ્રિયથી માંડીને અયોગી કેવલીપર્યંત સઘળા સંસારી જીવોમાં છે. માટે કોઈ જગ્યાએ અવ્યાપ્તિ (લક્ષ્યના એક દેશમાં નહિ રહેવા રૂપ અવ્યાપ્તિ રૂપ લક્ષણદોષ) નથી.

तस्य परिमाणमाह —

देहमात्रपरिमाणः । ११ ।

देहमात्रेति । देह एव देहमात्रं, तत्परिमाणं यस्य सो देहमात्रपरिमाणः । यस्य जीवस्य यो देहस्स यावत्परिमाणकस्तावदेव जीवस्यापि परिमाणमित्यर्थः । एवञ्च तत्तच्छरीराकार-परिमाणास्तत्तत्संसारिजीवा न सर्वेषामेकं परिमाणं नियतमिति भावः । एतेन विभु-परिमाणत्वमात्मनः प्रतिक्षिप्तं तत्तद्देहावच्छेदेनैव सुखदुःखानुभवात्, सर्वगतत्वेऽदृष्टवत आत्मनस्सर्वत्र सत्त्वेन सर्वत्र तदुपभोगप्रसङ्गात्, एवञ्च यो यद्व्यापित्वेनोपलभ्यमानगुणस्स तत्तुल्यमान इति व्याप्त्या शरीरव्यापित्वमेव, तथा चानुमानं, आत्मा देहपरिमाणः, तद्व्यापित्वेनोपलभ्यमानगुणत्वादिति । न च मूलव्यापित्वेनोपलभ्यमानकपिसंयोगवतो वृक्षस्य मूलसमानमानत्वाभावेन व्यभिचार इति वाच्यम्, कपिसंयोगस्य मूल एव वृत्तेः । न च मूले वृक्षे कपिसंयोग इति प्रतीत्या वृक्षेऽपि तस्य सत्त्वमिति वाच्यम्, स्वाश्रयाश्रितत्वसम्बन्धेनैव

वृक्षे वृत्तित्वाभ्युपगमात्, संयोगस्य क्रमभावित्वेन सहभाविपर्यायत्वरूपगुणत्वासम्भवाच्च, न चात्मा विभुर्नित्यमहत्वादाकाशवदिति विभुत्वं सिद्ध्यतीति वाच्यम्, अप्रयोजकत्वात्, न च यदपकृष्टं तज्जन्यमिति व्याप्त्याऽऽत्ममहत्परिमाणं यद्यपकृष्टं स्यात्तर्हि जन्यं स्यादित्यनुकूलस्तर्कोऽस्त्येवेति वाच्यम्, परमाणुपरिमाणस्याप्यपकृष्टत्वान्नित्यत्वाच्च व्यभिचारेण व्याप्यसिद्धेः । न च प्रतिशरीरं परिमाणभेदे परिमाणनाशेनात्मनो नाशः स्यादिति वाच्यमिष्टापत्तेर्विशिष्टरूपेण नाशोत्पादयोरभ्युपगमात्, शुद्धस्वरूपेणैव तस्य नित्यत्वात् । न चापकृष्टमहत्वेन सावयवत्वं तस्माच्च कार्यत्वमात्मनः प्रसज्येतेति वाच्यम्, त्रिकालवर्त्तिन्यात्मनि कार्यत्वस्यासिद्धेः, सर्वथा प्रागसतस्सत्त्वरूपकार्यत्वस्य क्वचिदप्यप्रसिद्धत्वाच्च । न चाकाशे व्यभिचारोऽवगाहनागुणस्य सर्वाधारताया वा लोकावच्छेदेन सत्त्वेऽपि तत्तुल्यमानत्वाभावादिति वाच्यं तत्राप्यवगाहनागुणस्य सत्त्वादवगाह्यपदार्थाभावादेवावगाहनानुपलम्भात्, न च सर्वगतत्वेऽप्यात्मनः स्वादृष्टनिमित्तकदेहाभावादेवान्यत्र न सुखदुःखोपभोग इति वाच्यम्, अदृष्टस्य स्वकीयत्वासिद्धेः, न च स्वात्मनि तस्य समवायात्स्वकीयत्वमिति वाच्यम्, समवायस्यैकत्वेन सर्वगतत्वेन च परकीयादृष्टानामपि स्वात्मनि समवायात्, समवाये मानाभावाच्चेत्यधिकमन्यग्रन्थेभ्योऽवसेयम् ॥

संसारी जीवनुं परिमाण

भावार्थ- 'संसारी (कर्मसंबंधवाळो) जीव देह जेटला परिमाणवाळो छे.' 'देहमात्र परिमाणः'

विवेचन- जे जीवनुं जे शरीर छे, ते शरीर जेटला परिमाणवाळुं छे तेटलुं ज जीवनुं पण परिमाण छे.

वळी आ प्रमाणे ते ते शरीरप्रमाण समान परिमाणवाळा ते ते संसारी जीवो छे. सकल जीवोनुं एक नियत (महत्-सर्वमूर्तद्रव्यसंयोगी) परिमाण नथी.

आ निरूपणथी आत्मानुं परम महत् परिमाणनुं खंडन करेलुं समजवुं, केम के- ते ते शरीरनुं अवलंबन लईने ज सुख-दुःखनो अनुभव थाय छे.

आत्माने सर्वत्र व्यापक मानवामां पण अदृष्ट(धर्म-अधर्म)वाळा आत्मानी सघळे स्थाने सत्ता होवाथी, सघळे ठेकाणे सुख-दुःखना उपभोग रूप प्रसंग (आपत्तिदोष) आवे छे.

वळी जे जेमां व्याप्त थईने उपलब्ध थता गुणवाळो छे, ते (आत्मा घट आदि पदार्थ) तेना सरखा परिमाणवाळो छे. आवो नियम होई आत्मानुं शरीरव्यापीपणुं जाणवुं.

तथाच अनुमानप्रमाण छे के- आत्मा शरीरप्रमाणवाळो छे, केम के-ते शरीरमां व्यापक थईने आत्माना चैतन्य, बुद्धि आदि गुणो उपलब्ध थाय छे. जेम के- कुंभ आदिना रूप आदि गुणो जे देशमां उपलब्ध थाय छे, ते स्थान उपर घटनी उपलब्धि थाय छे, बीजे ठेकाणे नहि.

શંકા- મૂલ ભાગમાં વ્યાપક થઈ ઉપલબ્ધ થતા કપિસંયોગવાળો વૃક્ષ મૂલ સમાન પરિમાણવાળો નથી ! અર્થાત્ જેટલી જગ્યામાં વ્યાપીને જે ગુણ રહ્યો હોય, તેટલી જગ્યાના પરિમાણવાળો પદાર્થ હોવો જોઈએ ! તત્તુલ્ય પરિમાણ રૂપ સાધ્યના અભાવવાળા વૃક્ષમાં (મૂલ)માં કપિસંયોગ રૂપ ગુણની ઉપલબ્ધિ રૂપ હેતુ છે, માટે વ્યભિચાર છે.

સમાધાન- કપિસંયોગ રૂપ ગુણ મૂલમાં જ વર્તમાન હોઈ, તત્તુલ્ય પરિમાણ સાધ્યવાળા મૂલમાં જ કપિસંયોગ રૂપ ગુણની ઉપલબ્ધિ હોવાથી વ્યભિચાર નામનો હેતુદોષ નથી.

શંકા- 'મૂલમાં વૃક્ષમાં કપિસંયોગ છે.'- આવી પ્રતીતિ હોવાથી વૃક્ષમાં પણ કપિસંયોગની સત્તા છે જ. કેમ નહિ ?

સમાધાન- સ્વાશ્રય આશ્રિતત્વ (કપિસંયોગના આશ્રયભૂત મૂલને આશ્રિત વૃક્ષ અને આશ્રિતત્વ વૃક્ષમાં છે.) રૂપ સંબંધથી જ વૃક્ષમાં કપિસંયોગની સત્તા માનેલી છે.

(સંયોગનું અવ્યાપ્યવૃત્તિત્વ એટલે 'अव्याप्य सर्वावच्छेदमप्राप्य वृत्तिर्यस्या व्याप्यवृत्तिः' પોતાના જ અત્યંતાભાવનું સમાનાધિકરણપણું. જેમ કે - વૃક્ષમાં કપિસંયોગ અને કપિસંયોગાભાવનું અવ્યાપ્યવૃત્તિ છે. અવ્યાપ્યવૃત્તિ ગુણો બે પ્રકારના છે. (૧) દૈશિક અવ્યાપ્યવૃત્તિ. (૨) કાલિક અવ્યાપ્યવૃત્તિ. તેમાં પણ પહેલાં દૈશિક અવ્યાપ્યવૃત્તિ ગુણો બુદ્ધિ આદિ આઠ, શબ્દ-ભાવના-સંયોગ-વિભાગ છે. એને પ્રાદેશિક ગુણો પણ કહે છે અને કાલિક અવ્યાપ્યવૃત્તિ ગુણો રૂપ વગેરે છે.) વળી સંયોગ ક્રમભાવી હોઈ સહભાવી પર્યાયત્વ-ગુણપણું સંયોગમાં નથી. (ક્રમભાવી વિશેષોની પર્યાયસંજ્ઞા છે અને સહભાવી વિશેષોની ગુણસંજ્ઞા છે.)

શંકા- આત્મા વિભુ છે, કેમ કે-નિત્ય મહત્ત્વ છે. જેમ કે-આકાશ જે નિત્ય મહાન છે, તે અવશ્ય વિભુ છે. વિભુત્વ રૂપ સાધ્યસાધક નિત્ય મહત્ત્વ હેતુ છે.

સમાધાન- આ વાત બરોબર નથી, કેમ કે-અપ્રયોજક છે. જે વિભુ નથી, એવા પરમાણુમાં પરમ મહત્ત્વ થાઓ ! આવી 'साध्याभाववद्वृत्तिव्यभिचारि' શંકાનો નિવારક ન હોવાથી વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થાય છે.

અથવા 'विभुत्वाश्रय-नित्यमहत्त्वाश्रयो' નિત્ય હોવાથી વ્યાપ્તિગ્રાહક કાર્ય-કારણભાવ રૂપ અનુકૂળ તર્કનો અભાવ છે.

શંકા- જે અપકૃષ્ટ પરિમાણવાળું છે, તે જન્ય છે. આવી વ્યાપ્તિના બળથી આત્માનું પરમ મહત્પરિણામ જો અપકૃષ્ટ થાય, તો જન્ય થાય જ ને ?

આવી રીતે 'अपकृटष्त्वेन जन्यत्वेन अन्वय व्यतिरेकजन्य कार्यकारणभाव जन्यत्वाच्छिन्नता प्रत्ये अपकृष्टत्वावच्छिन्न' કારણ છે. આવો કાર્ય-કારણભાવ રૂપ અનુકૂળ (પ્રયોજક) તર્ક જ 'तर्कः क्वचिच्छङ्कानिवर्त्तकः' જ્યાં વારંવાર દર્શનથી પણ શંકા દૂર થતી નથી, ત્યાં કવચિત્ પ્રયોજક રૂપે વિપક્ષમાં બાધક તર્ક અપેક્ષિત છે.

જેમ કે- વહ્નિ અને ધૂમના કાર્ય-કારણભાવના જ્ઞાનથી અટકી જાય છે.

જો આ ધૂમવાન પર્વત 'વહ્નિવાળો ન હોય તો ધૂમવાળો ન થાઓ ! કેમ કે-કારણ વગર કાર્યની ઉત્પત્તિ નથી. વ્યાપ્તિજ્ઞાન પ્રતિબંધક વ્યભિચાર શંકાનિવર્ત્તકપણાએ તર્ક અપેક્ષિત છે.

समाधान- પરમાણુપરિમાણ અપકૃષ્ટ હોવા છતાં નિત્ય હોઈ, જે જે અપકૃષ્ટ પરિમાણવાળું હોય, તે તે અનિત્ય હોય જ. આવી વ્યાપ્તિ અસિદ્ધ છે, જેમ કે- અપકૃષ્ટ પરિમાણ રૂપ કારણ છે પણ પરમાણુમાં જન્યત્વ રૂપ કાર્ય નથી.

માટે અન્વય વ્યભિચાર (કારણપ્રયુક્ત કાર્યાભાવ રૂપ અન્વય વ્યભિચાર) અથવા જન્યત્વ રૂપ સાધ્યના અભાવવાળા પરમાણુપરિમાણમાં અપકૃષ્ટ પરિમાણવત્ત્વ હોવાથી, સાધ્યાભાવવદ્ વૃત્તિત્વ રૂપ વ્યભિચારનો સંભવ છે.

શંકા- શરીરે શરીરે પરિમાણના ભેદમાં પરિમાણના નાશથી આત્માનો નાશ થશે જ ને ?

સમાધાન- ઇષ્ટાપત્તિ છે ભાઈ ! શ્રી જૈનશાસનમાં એકાન્તે કોઈ નિત્ય નથી તેમજ એકાન્તે કોઈ અનિત્ય નથી. અર્થાત્ પર્યાયની અપેક્ષા રૂપ વિશિષ્ટ રૂપથી આત્મામાં ઉત્પાદ અને વિનાશનો સ્વીકાર કરેલ છે. દ્રવ્ય રૂપ શુદ્ધ સ્વરૂપથી જ આત્માનું નિત્યપણું છે જ.

શંકા- અપકૃષ્ટ મહત્ત્વની અપેક્ષાએ આત્મા અવયવવાળો હોઈ આત્મામાં કાર્યપણાનો પ્રસંગ આવી જાય જ ને ?

સમાધાન- જો કે અસંખ્યાત પ્રદેશાત્મક સાવયવત્વ છે. છતાં પૂર્વના આકાર (પર્યાય રૂપ)ના પરિત્યાગપૂર્વક ઉત્તર આકાર રૂપ પરિણામ એ જ કાર્યત્વ હોવા છતાં, ત્રણેય કાળમાં રહેનાર આત્મામાં જન્યત્વ રૂપ કાર્યત્વની અસિદ્ધિ છે.

(વિજાતીય-સજાતીય ઉત્પાદક કારણના અભાવથી આત્મા ઉત્પાદ્ય નથી.)

કારણ કે- પૂર્વમાં સર્વથા અવિદ્યમાન એવા સત્ત્વ રૂપ કાર્યત્વની કોઈ પણ જગ્યાએ પ્રસિદ્ધિ નથી. અર્થાત્ એકાન્તથી પહેલાં અસત્નું સત્વ રૂપી કાર્યત્વ ક્યાંથી સંભવી શકે ? 'कार्यप्राग्भाव प्रतियोगि' ઉત્પત્તિ પહેલાં વિદ્યમાન, અભાવ, તે પ્રાગ્ભાવ કહેવાય છે- તત્પ્રતિયોગી કાર્ય કહેવાય છે. જન્મનો પ્રાગ્ભાવ હોય છે, નિત્યનો પ્રાગ્ભાવ હોતો નથી.

(આ વસ્તુ અસત્કાર્યવાદી નૈયાયિકના મતમાં છે. ઘટ આદિ કાર્યની ઉત્પત્તિ પહેલાં કપાલ આદિને જોઈ, 'અહીં ઘડો થશે'- આવા જ્ઞાનના વિષયભૂત જે અભાવ, તે પ્રાગ્ભાવ કહેવાય છે.) આથી અસત્ કાર્યવાદનું ખંડન થાય છે.

શંકા- અવગાહના નામક ગુણ અથવા સર્વની આધારતા રૂપી ગુણ લોકવ્યાપ્તપણે વિદ્યમાન છતાં, લોક-અલોક રૂપ આકાશમાં લોકતુલ્ય પરિમાણનો અભાવ હોઈ, લોકતુલ્ય પરિમાણ રૂપ સાધ્યના અભાવવાળા લોક-અલોક રૂપ આકાશમાં લોકવ્યાપી અવગાહના ગુણ કે સર્વાધારતા રૂપ ગુણસત્તા રૂપ હેતુ રૂપ વ્યભિચાર કેમ નહિ ?

સમાધાન- જેમ લોકમાં, તેમ અલોકમાં આકાશ માત્રમાં અવગાહના નામક ગુણ છે જ, પરંતુ અવગાહનાયોગ્ય પદાર્થોના અભાવથી જ અવગાહનાની અનુપલબ્ધિ છે. અર્થાત્ અવગાહદાન રૂપ ઉપકારનો સ્વભાવ (સ્વરૂપયોગ્યતા) અલોક આકાશમાં છે, છતાં અવગાહદાન રૂપ ઉપકારનો ઉપયોગ (ફલઉપધાયકતા) નથી એમ કહેવાય છે.

शंका- આત્માનું વ્યાપકપણું માનવા છતાં, પૂર્વોક્ત જે દોષ 'બીજે ઠેકાણે સુખ-દુઃખનો ઉપભોગ આવી પડશે,' તે દોષ લાગુ નહિ પડે, કેમ કે- પોતાના અદૃષ્ટજન્ય દેહ નથી માટે દોષ નથી. અર્થાત્ પોતાના અદૃષ્ટજન્ય દેહને અવલંબી સુખ-દુઃખનો ઉપભોગ માનીએ છીએ, એટલે દોષ ક્યાંથી સંભવે ?

समाधान- અદૃષ્ટમાં સ્વકીયપણાની અસિદ્ધિ છે, કેમ કે- તમો નૈયાયિકો અદૃષ્ટને આત્માના વિશેષ ગુણ તરીકે માનો છો, એટલું જ નહિ પરંતુ ઉત્પન્ન થનાર સર્વ પદાર્થોમાં નિમિત્તકારણ અદૃષ્ટ છે-સર્વવ્યાપક અદૃષ્ટ છે એમ માનો છો.

शंका- ભલે અદૃષ્ટ સર્વવ્યાપક હોય એથી શું ? પોતાના આત્મામાં અદૃષ્ટનો સમવાય હોવાથી તે અદૃષ્ટમાં સ્વકીયપણું છે જ ને ?

समाधान- સમવાય, એક અને સર્વવ્યાપક હોવાથી પરકીય (બીજા આત્માના) અદૃષ્ટોનો પણ સ્વ આત્મામાં સમવાય તો છે જ, માટે અદૃષ્ટવશે કરી બીજે ઠેકાણે સુખ-દુઃખનો ઉપભોગ આવી પડશે જ.

(નિત્ય સંબંધનું નામ સમવાય છે. આ સમવાય અયુતસિદ્ધ પદાર્થોમાં રહે છે. જે બંનેની અંદર બેમાંથી એક પદાર્થ જ્યાં સુધી તે નષ્ટ ન થઈ જાય, ત્યાં સુધી પરસ્પર એકબીજા સિવાય રહી શકતા નથી. તે બે અયુતસિદ્ધ કહેવાય છે. જેમ કે-અવયવ-અવયવી, ગુણ અને ગુણી, ક્રિયા અને ક્રિયાવાન, જાતિ અને વ્યક્તિ, વિશેષ અને નિત્ય દ્રવ્ય.)

વળી સમવાયમાં કોઈ પ્રમાણ નથી, વગેરે વિશેષ બીજા ગ્રંથોથી જાણી લેવું.

अथ संसारिणां बहुधा प्रभेदानामुक्तत्वेऽपि माध्यमिकं बोधविशेषाधायकञ्च प्रभेदमधुना वक्ति–

स च सूक्ष्मैकेन्द्रियद्वित्रिचतुरिन्द्रियासंज्ञिसंज्ञिपञ्चेन्द्रियभेदेन सप्तविधोऽपि प्रत्येकं पर्याप्तापर्याप्तभेदतश्चतुर्दशविधः । १२ ।

स चेति । सूक्ष्माश्चैकेन्द्रियाश्च सूक्ष्मैकेन्द्रियाः, द्वे च त्रीणि च चत्वारि च द्वित्रिचत्वारि तानि इन्द्रियाणि येषां ते द्वित्रिचतुरिन्द्रियाः, असंज्ञिनश्च संज्ञिनश्चासंज्ञिसंज्ञिनस्ते च ते पञ्चेन्द्रियाश्चासंज्ञिसंज्ञिपञ्चेन्द्रियाः ततस्सर्वेषां द्वन्द्वः, त एव भेदो विशेषस्तेन जीवत्वेनैकविधोऽपि जीवस्सप्तविधो भवति, प्रकारप्रकारिणोः कथञ्चिद्भेदाभेदत्वादेकवचनं, एवंभूतोऽपि प्रत्येकं पुनः पर्याप्तापर्याप्तभेदमादाय चतुर्दशविधो भवतीति भावः, यद्यपि द्विविधा एकेन्द्रियाः, सूक्ष्मा बादराश्चेति तथाप्यत्र सूक्ष्माणामेकेन्द्रियत्वाव्यभिचारेण सूक्ष्मपदेन शास्त्रप्रसिद्धत्वान्नामैकदेश-ग्रहणेऽपि नामग्रहणसंभवाच्च सूक्ष्मैकेन्द्रियाणां ग्रहणम्, बादराणान्त्वेकेन्द्रियत्वव्यभिचारित्वं द्वीन्द्रियाणामपि बादरत्वात्, ततो बादरमात्रग्रहणे बादरैकेन्द्रियालाभात् लघुनिर्देशसम्भवे लाघवार्थिना गौरवेण निर्देशकरणानौचित्याच्च बादरैकेन्द्रियेतिगुरुभूतनिर्देशमपहायै-

केन्द्रियेत्येवोक्तम् । सूक्ष्मबादरद्वित्रिचतुरिन्द्रियेत्यादिरूपेणोक्तौ तु सूक्ष्ममिन्द्रियं येषां बादरमिन्द्रियं येषामित्येवार्थो लभ्येत द्वे इन्द्रिये येषामित्यादिवत् समासानुरोधान्न चैतदिष्टं तथापि बादरैकेन्द्रियालाभादतस्तथानिर्देशः कृत इति ध्येयम् ॥

હવે સંસારીઓના ઘણા પ્રકારના પ્રભેદો કહ્યા છતાં વિશિષ્ટ બોધ કરનાર માધ્યમિક પ્રભેદને કહે છે કે-

ભાવાર્થ- 'સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિન્દ્રિય, અસંજ્ઞિપંચેન્દ્રિય અને સંજ્ઞિપંચેન્દ્રિયના ભેદથી સાત પ્રકારનો જીવ, પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી ચૌદ પ્રકારનો છે.

વિવેચન- સૂક્ષ્મ અને ઇતર એટલે બાદર રૂપ એક ઇન્દ્રિયવાળા, બે ઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા, ચાર ઇન્દ્રિયવાળા, મન વગરના (અસંજ્ઞિ) પાંચ ઇન્દ્રિયવાળા અને દ્રવ્યમનવાળા (સંજ્ઞિ) પાંચ ઇન્દ્રિયવાળાના ભેદથી, પ્રકાર અને પ્રકારવાળાના કથંચિત્ ભેદ અને અભેદની અપેક્ષાએ-જીવત્વની અપેક્ષાએ એક પ્રકારવાળો જીવ સાત પ્રકારનો છે. એમ અહીં એકવચન જીવ શબ્દમાં મૂકેલ છે.

આવો સાત પ્રકારવાળો જીવ પણ, પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદનો સ્વીકાર કરી ચૌદ પ્રકારવાળો થાય છે-એમ સમજવું.

(૧) અપર્યાપ્ત સૂક્ષ્મેકેન્દ્રિય. (૨) અપર્યાપ્ત બાદરેકેન્દ્રિય. (૩) પર્યાપ્ત સૂક્ષ્મેકેન્દ્રિય. (૪) પર્યાપ્ત બાદરેકેન્દ્રિય. (૫) અપર્યાપ્ત બેઈન્દ્રિય. (૬) પર્યાપ્ત બેઈન્દ્રિય. (૭) અપર્યાપ્ત તેઈન્દ્રિય. (૮) પર્યાપ્ત તેઈન્દ્રિય. (૯) અપર્યાપ્ત ચૌરિન્દ્રિય. (૧૦) પર્યાપ્ત ચૌરિન્દ્રિય. (૧૧) અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય. (૧૨) પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય. (૧૩) અપર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય. (૧૪) પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય.

આ પ્રમાણે જીવના ચૌદ ભેદો જાણવા.

જો કે સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે પ્રકારના એકેન્દ્રિયો છે, તો પણ અહીં સૂક્ષ્મ જીવોમાં એકેન્દ્રિયપણાનો અવ્યભિચાર-સહચાર હોઈ, સૂક્ષ્મ પદથી શાસ્ત્રમાં પ્રસિદ્ધ હોઈ, નામના એકદેશના ગ્રહણમાં નામના ગ્રહણનો સંભવ હોઈ, સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોનું ગ્રહણ છે. બાદરોમાં તો એકેન્દ્રિયપણાનો વ્યભિચાર છે, કેમ કે-દ્વીન્દ્રિયો પણ બાદર છે. તેથી બાદર માત્રના ગ્રહણમાં બાદર એકેન્દ્રિયનો લાભ થતો નથી. લઘુનિર્દેશના સંભવમાં લાઘવ અર્થિને માટે ગુરુનિર્દેશ કરવો અનુચિત છે. માટે 'બાદર એકેન્દ્રિય' - એવા ગુરુનિર્દેશને છોડી 'એકેન્દ્રિય'-આ પ્રમાણે લઘુનિર્દેશ કરેલ છે.

જો 'સૂક્ષ્મ-બાદર-દ્વિ-ત્રિ-ચતુરિન્દ્રિય' ઇત્યાદિ રૂપથી કહેવામાં આવે, તો સૂક્ષ્મ ઇન્દ્રિયવાળા, બાદર ઇન્દ્રિયવાળા-આવો જ અર્થ બેઈન્દ્રિયવાળા આદિની માફક સમાસની અપેક્ષાએ મેળવાય છે. છતાં આ ઇષ્ટ નથી, તો પણ બાદર એકેન્દ્રિયનો અલાભ હોવાથી તથા પ્રકારનો નિર્દેશ કરેલ છે એમ ધારવું.

ननु सप्तविधानां पर्याप्तापर्याप्तभेदेन चतुर्दशविधत्वमुच्यते तत्र पर्याप्तशब्दार्थो वाच्योऽन्यथा तु न सुकरं भेदज्ञानमित्याशंकायां पर्याप्तशब्दप्रवृत्तिनिमित्तमादर्शयति-

आत्मनः पौद्गलिकक्रियाविशेषपरिसमाप्तिः पर्याप्तिः । १३ ।

आत्मन इति । पौद्गलिको यः क्रियाविशेषस्तस्य परिसमाप्तिर्यया साऽऽत्मनिष्ठा पर्याप्तिशब्दवाच्या शक्तिः-करणविशेषः । पर्यापनं समापनं पर्याप्तिरिति नार्थः किन्तु पर्यापनं यत इति व्युत्पत्त्या समाप्तिसाधनं ग्राह्यम् । एवं यस्याः शक्तेस्सत्त्वे जीव आहारादिग्रहणाय समर्थो भवति सा, सा च शक्तिर्यैः पुद्गलोपचयैर्निर्वर्त्यते ते पुद्गलोपचया अपि जीवेन गृहीतशक्त्युत्पत्तिजननपरिणमनाभिमुखाः पर्याप्तिशब्देनोच्यन्ते । एतद्विपरीता-अशक्तिः, तन्निर्वर्त्तक पुद्गलासम्बन्धो वाऽपर्याप्तिः, न च समाप्तिः पर्याप्तिशब्दवाच्या, क्वचिदपि ग्रन्थेऽनुक्तत्वात्, न च क्रियापरिसमाप्तिः पर्याप्तिरिति तत्त्वार्थभाष्ये श्रूयत इति वाच्यम् । अभिप्रायापरिज्ञानात्, क्रियायाः परिसमाप्तिर्यत इति व्युत्पत्तेः । अत एव भाष्यटीकायां "पर्याप्तिः पुद्गलरूपाऽऽत्मनः कर्तुः करणविशेषः । येन करणविशेषेणाऽऽहारादिग्रहणसामर्थ्यमात्मनो निष्पद्यते, तच्च करणं यैः पुद्गलैर्निर्वर्त्यते ते पुद्गला आत्मनाऽऽत्तास्तथाविधपरिणतिभाजः पर्याप्तिशब्देनोच्यन्त" इति दृश्यते । नचैवं न हि भाष्यकाराभिप्राय इति वाच्यम्, आसां युगपदारब्धानामपि क्रमेण समाप्तिरुत्तरोत्तरसूक्ष्मतरत्वादि'ति स्वयमेवोक्तत्वात्, न ह्यासामितिपदेन समाप्तिरूपा पर्याप्तिर्विवक्षिता समाप्तेरारम्भासम्भवात्, क्रमेण समाप्तेरसंभवाच्च । अत एव सामर्थ्यवाचिपर्याप्तिशब्दस्य कथं नामकर्मरूपत्वमित्याशङ्कायामुक्तं 'पर्याप्तिनिर्वर्त्तकं पर्याप्तिनाम, अपर्याप्तिनिर्वर्त्तकमपर्याप्तिनामेति शक्तिप्रयोजकपुद्गलोपचयस्य नामकर्मत्वमाविष्कृतमिति सूक्ष्मधिया विचारणीयम् । तथा चात्मसम्बन्धी पुद्गलोपचयजन्यक्रियाविशेषपूर्णताप्रयोजकशक्तिविशेषः, तादृशशक्तिनिमित्तपुद्गलोपचयो वा पर्याप्तिरिति भावः ॥[१]

शंका- पूर्वोक्त सात प्रकारवाळो जीव पर्याप्त अने अपर्याप्तना भेदथी चौद प्रकारवाळो छे- एम जे कहेवाय छे, त्यां पर्याप्त शब्दनो अर्थ कहेवो ज जोईए. जो पर्याप्तनो अर्थ न कहेवामां आवे, तो चौद भेदोनुं ज्ञान शुं सुलभ बने खरुं के ?

समाधान- आवी शंकाना समाधानमां हवे पर्याप्त शब्दनी प्रवृत्तिमां निमित्तभूत पर्याप्तिने दर्शावे छे के-

भावार्थ- 'जे शक्ति वडे विशिष्ट पौद्गलिक क्रियानी समाप्ति थाय छे, ते आत्मानी शक्तिने पर्याप्ति कहे छे.'

विवेचन- पुद्गलनी विशिष्ट क्रियानी समाप्ति जे शक्ति वडे थाय छे, ते करणविशेष रूप आत्मामां रहेली 'शक्ति' ए पर्याप्ति शब्दथी वाच्य बने छे.

---

१. उक्तञ्चान्यत्र पुद्गलोपचयजः पुद्गलग्रहणपरिणमनहेतुश्शक्तिविशेष इति । अन्यत्र च "आहारसरीरेंदिय ऊसासवओमणोऽहिनिव्वित्ती । होइ जओ दलियाओ करणं एसा उ पज्जत्ती" इति ॥

પર્યાપ્તિનો અર્થ માત્ર સમાપ્તિ જ છે એમ નહિ, પરંતુ જેના વડે સમાપ્તિ છે એવો અર્થ કરવો. અર્થાત્ સમાપ્તિનું સાધન એવો વિશિષ્ટ અર્થ સમજવો.

આ પ્રમાણે જે શક્તિની વિદ્યમાનતામાં જીવ આહાર આદિના ગ્રહણ માટે સમર્થ થાય છે, તે શક્તિ રૂપ પર્યાપ્તિ પુદ્ગલોના જથ્થાઓથી બનાવાય છે.

જીવ વડે ગ્રહણ કરાયેલા પુદ્ગલના તે જથ્થાઓ પણ શક્તિની ઉત્પત્તિમાં ગ્રહણ અને પરિણમનમાં સન્મુખ થયેલા હોવાથી, (કારણમાં કાર્યની વ્યવહારની અપેક્ષાએ) પર્યાપ્તિ તરીકે કહેવાય છે.

અર્થાત્ પર્યાપ્તિના (૧) શક્તિ અને (૨) શક્તિ પ્રત્યે હેતુભૂત પુદ્ગલનો સમુદાય - એમ બે અર્થો સમજવા.

આ પર્યાપ્તિથી વિપરીત અશક્તિ, તેમાં હેતુભૂત પુદ્ગલના સંબંધનો અભાવ 'અપર્યાપ્તિ' તરીકે કહેવાય છે.

પર્યાપ્તિ શબ્દનો અર્થ સમાપ્તિ નથી, કેમ કે- કોઈ પણ ગ્રંથમાં એવો અર્થ કહેલો નથી.

શંકા- ક્રિયા પરિસમાપ્તિ એ પર્યાપ્તિ છે, આવું તત્ત્વાર્થભાષ્યમાં સંભળાય છે ને ?

સમાધાન- ભાઈ, બરોબર અભિપ્રાય નથી જાણ્યો માટે આમ કહો છો : કેમ કે- ક્રિયાની પરિસમાપ્તિ જેનાથી થાય છે, આવી વ્યુત્પત્તિ (વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ) છે. આ જ મુદ્દાસર ભાષ્યની ટીકામાં દેખાય છે કે- 'આત્મા રૂપી કર્તાના વિશિષ્ટ કરણ તરીકે પુદ્ગલ રૂપી 'પર્યાપ્તિ' છે, કે જે વિશિષ્ટ કરણથી આહાર આદિના ગ્રહણની શક્તિ આત્મામાં નિષ્પન્ન થાય છે.

વળી તે કરણ જે પુદ્ગલોથી બનાવાય છે, તે પુદ્ગલો આત્માએ ગ્રહણ કરેલા તથા પ્રકારના પરિણામને ભજનારા 'પર્યાપ્તિ' શબ્દથી કહેવાય છે.

શંકા- ભાષ્યકારનો આ અભિપ્રાય છે એમાં શો પૂરાવો ?

સમાધાન- 'આ એકીસાથે આરંભ કરાયેલી છ પર્યાપ્તિઓની પણ સમાપ્તિ ક્રમસર થાય છે, કેમ કે- ક્રમશઃ આહારાદિ પર્યાપ્તિઓના પુદ્ગલો સૂક્ષ્મ-સૂક્ષ્મતર-સૂક્ષ્મતમ પરિણામવાળા છે.' આમ ભાષ્યકારે સ્વયમેવ કહેલ છે.

વળી 'आसां'- આવા પદથી સમાપ્તિ રૂપી પર્યાપ્તિની વિવક્ષા કરેલ નથી, કેમ કે- સમાપ્તિમાં આરંભનો અસંભવ છે-ક્રમથી સમાપ્તિનો અસંભવ છે. એથી જ સામર્થ્યવાચક પર્યાપ્તિયુક્ત પર્યાપ્ત શબ્દનું નામકર્મપણું કેવી રીતે ?

આવી આશંકામાં કહ્યું કે-'પર્યાપ્તિજનક પર્યાપ્ત નામકર્મ અને અપર્યાપ્તિજનક અપર્યાપ્તિ નામકર્મ'- આ વાક્ય શક્તિજનક પુદ્ગલસમુદાયનું નામકર્મપણું છે-એમ જાહેર કરેલ છે.

તથાચ પર્યાપ્તિના માત્ર બે જ અર્થ શાસ્ત્રોક્ત ઘટિત થાય છે. જેમ કે-(૧) આત્મ સંબંધી જે પુદ્ગલ-સમુદાયથી પેદા થનાર વિશિષ્ટ ક્રિયાની પૂર્ણતાજનક વિશિષ્ટ શક્તિ છે, તે 'પર્યાપ્તિ' કહેવાય છે. (૨) અથવા આત્મ સંબંધી તાદૃશ શક્તિની ઉત્પત્તિમાં નિમિત્તભૂત પુદ્ગલોનો સમુદાય 'પર્યાપ્તિ' કહેવાય છે.

अथ पुद्गलरूपायाश्शक्तिरूपाया वा पर्याप्तेः स्वरूपतो भेदाभावाद्विषयभेदनिबन्धन एव तस्या भेद इत्याह—

आहारशरीरेन्द्रियोच्छ्वास भाषामनोरूपविषयभेदात् पर्याप्तिष्षोढा । १४ ।

आहारेति । तथा चाऽऽहारविषया पर्याप्तिः शरीरविषया पर्याप्तिरित्यादिक्रमेण षाड्विध्यं बोध्यम्[१] । युगपदारब्धाः षडप्येतत्क्रमेणैव सिद्धिं यान्ति न समकालं व्युत्क्रमं वेति सूचयितुमयं क्रमः, उत्तरोत्तरपर्याप्तीनां बहुतरकालत्वात् ॥

હવે પુદ્ગલ રૂપ કે શક્તિ રૂપ પર્યાપ્તિમાં સ્વરૂપની અપેક્ષાએ ભેદ નથી, પરંતુ વિષયભેદ રૂપ કારણથી જ પર્યાપ્તિના ભેદો છે. એટલે પર્યાપ્તિ ભેદોને કહે છે કે-

ભાવાર્થ- 'આહાર-શરીર-ઇન્દ્રિય-ઉચ્છ્વાસ-ભાષા-મન રૂપ છ વિષયના ભેદથી પર્યાપ્તિ છ પ્રકારની છે.'

વિવેચન- તથાચ આહાર રૂપ વિષયવાળી પર્યાપ્તિ અને શરીર રૂપ વિષયવાળી પર્યાપ્તિ, ઇત્યાદિ ક્રમથી પર્યાપ્તિઓ છ પ્રકારની છે એમ જાણવું.

(બીજે ઠેકાણે કહ્યું છે કે-પુદ્ગલના સમૂહથી જન્મ, પુદ્ગલોનો ગ્રહણ અને પરિણમનમાં હેતુ રૂપ વિશિષ્ટ શક્તિ 'પર્યાપ્તિ'

('आहारशरीरेन्द्रिय उच्छ्वास वचो मनोऽभिनिवृत्तिः, भवति यतो दलिकात् करणं प्रति (एषा) सा तु पर्याप्तिः')

એક સમયમાં આરંભેલી છએ છ પર્યાપ્તિઓ પણ આ ક્રમથી જ સમાપ્તિને પામે છે, એકીસાથે કે વિપરીત ક્રમથી સમાપ્તિને પામતી નથી. આ વાતની સૂચના આપવા આ ક્રમ છે, કેમ કે-ઉત્તર ઉત્તર પર્યાપ્તિઓ પૂર્વ પૂર્વ પર્યાપ્તિઓ કરતાં ઘણા ઘણા કાળવાળી છે.

अथाऽऽहारपर्याप्तिमाह-

शरीरादिपञ्चयोग्यदलिकद्रव्यादानक्रियापरिसमाप्तिराहारपर्याप्तिः । १५ ।

शरीरादीति । आत्मा हि सक्रियः, अन्यथा कायोत्पत्त्यनुकूलो यत्नो न स्यादेव, सा क्रियाऽऽत्मपरिस्पन्दरूपा, तथा चात्मा पूर्वदेहमुत्सृज्योपपातक्षेत्रे समागतः प्रथमक्षण एव कार्मणकाययोगाख्येन स्वपरिस्पन्देनौदारिकादिशरीरयोग्यान् पुद्गलान् गृह्णाति । तैजसकार्मण-शरीरेणैव प्रथमसमय एव औदारिकादिशरीरयोग्यपुद्गलाहरणाच्छक्त्युत्पत्तेश्चाऽऽहारपर्याप्तिरेक-सामयिकी । वीर्यान्तरायक्षयोपशमेन वीर्यलब्धिर्भवति, तया च यथायोग्यं सूक्ष्मबादर-

१. आगमे तत्त्वार्थे च भाषामनःपर्याप्त्योरेकत्वमभ्युपगम्य पञ्चधा पर्याप्तिरुक्ता ॥

परिस्पन्दरूपक्रियासहितं सलेश्यवीर्यमुपजायते, इदमेव करणशब्दवाच्यं पर्याप्तिशब्दवाच्यं योगसंज्ञकञ्च, तत्र च क्रियाप्राधान्ये योगशब्दः प्रयुज्यते, वीर्यस्य मुख्यत्वे करणशब्दः पर्याप्तिशब्दश्च प्रयुज्यते, क्रियायाः पौद्गलिकत्वेन पर्याप्तिसम्बन्धिपुद्गलानां नामकर्मत्वं, आहार-पर्याप्तिं विहाय शरीरपर्याप्त्यादिक्रियाणां प्रत्येकमन्तर्मुहूर्त्तेन समापनात्क्रियासहितं पर्याप्तिशब्द-वाच्यं सलेश्यवीर्यमप्यन्तर्मुहूर्त्तेन समाप्यत इत्युच्यते तथा चौदारिकवैक्रियाऽऽहारकतैजसभाषा-प्राणापानमनःकर्मभेदेनाष्टविधेषु पुद्गलेषु शरीरस्येन्द्रियाणामुच्छ्वासस्य भाषाया मनसश्च योग्यानि यानि दलिकद्रव्याणि तेषां या आदानक्रिया-ग्रहणं तच्च परिसमाप्यते यया साऽऽहार-पर्याप्तिरित्यर्थः । अत्र पर्याप्तीनामासां स्वरूपाणि तत्त्वार्थभाष्यानुसारेण निरूपितानि । प्रवचनाद्यनु-सारेण तु बाह्याहारग्रहणखलरसरूपपरिणमनप्रयोजकात्मशक्तिविशेष आहारपर्याप्तिः ॥

હવે આહારપર્યાપ્તિને કહે છે-

ભાવાર્થ- 'શરીર, ઇન્દ્રિય, ઉચ્છ્વાસ, ભાષા અને મન રૂપ પાંચને યોગ્ય દલિકોની જે ગ્રહણક્રિયાની પરિસમાપ્તિ જે શક્તિ વડે થાય છે, તે 'આહારપર્યાપ્તિ' કહેવાય છે.'

વિવેચન- ખરેખર આત્મા એ ક્રિયાવાન દ્રવ્ય છે. જો ક્રિયાવાન ન માનવામાં આવે, તો કાર્યની ઉત્પત્તિજનક પ્રયત્ન ન જ થાય. તે ક્રિયા આત્માના પરિસ્પન્દ (ચલન) રૂપે છે.

તથાચ પૂર્વના શરીરનો ત્યાગ કરવાપૂર્વક આત્મા ઉપપાત (જન્મ)ના ક્ષેત્રમાં આવેલો, પ્રથમ ક્ષણમાં જ કાર્મણકાયયોગ નામના આત્માના પરિસ્પન્દ દ્વારા, ઔદારિક આદિ શરીરયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. તૈજસ-કાર્મણ શરીર વડે જ પહેલા સમયમાં જ ઔદારિક આદિ શરીરયોગ્ય પુદ્ગલોના ગ્રહણથી અને શક્તિની ઉત્પત્તિથી 'આહાર-પર્યાપ્તિ' એક સમયવાળી છે.

વીર્યાન્તરાય રૂપ કર્મના ક્ષયોપશમથી વીર્યલબ્ધિ થાય છે.

તે વીર્યલબ્ધિથી યોગ્ય પ્રમાણે સૂક્ષ્મ-બાદર રૂપ પરિસ્પંદ ક્રિયા સાથેનું 'સલેશ્યવીર્ય' કરણ શબ્દથી વાચ્ય, પર્યાપ્તિ શબ્દથી વાચ્ય અને યોગ નામની સંજ્ઞાવાળું કહેવાય છે. ત્યાં ક્રિયાની પ્રધાનતામાં યોગ શબ્દનો વ્યવહાર થાય છે અને વીર્યની મુખ્યતામાં કરણ શબ્દનો અને પર્યાપ્તિ શબ્દનો વ્યવહાર થાય છે.

ક્રિયાનું પૌદ્ગલિકપણું હોવાથી પર્યાપ્તિ સંબંધી પુદ્ગલો નામકર્મ તરીકે કહેવાય છે.

એક આહારપર્યાપ્તિને છોડી પ્રત્યેક શરીરપર્યાપ્તિ આદિ ક્રિયાઓની અંતર્મુહૂર્ત્ત બાદ સમાપ્તિ હોવાથી, ક્રિયાની સાથે પર્યાપ્તિ શબ્દથી વાચ્ય એવું સલેશ્યવીર્ય પણ અંતર્મુહૂર્ત્ત બાદ સમાપ્ત થાય છે-એમ કહેવાય છે.

તથાચ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોશ્વાસ, મન અને કર્મના ભેદથી આઠ પ્રકારના પુદ્ગલોમાં રહેલ શરીરને યોગ્ય, ઇન્દ્રિયોને યોગ્ય, ઉચ્છ્વાસને યોગ્ય, ભાષાને યોગ્ય અને મનને યોગ્ય જે દલિક દ્રવ્યો છે. (દળિયાં છે.)

તે દલિક રૂપ દ્રવ્યોની ગ્રહણક્રિયા જે શક્તિ વડે પૂર્ણ કરાય છે, તે શક્તિવિશેષ 'આહારપર્યાપ્તિ' કહેવાય છે.

અહીં આ પર્યાપ્તિઓના સ્વરૂપોનું નિરૂપણ તત્ત્વાર્થભાષ્યના અનુસારે કરેલ છે. પ્રવચન આદિના અનુસારે તો બાહ્ય આહારનું ગ્રહણ અને ખલ (મલ અને મૂત્ર રૂપ) તથા રસ (સાત ધાતુ રૂપે પરિણમનને યોગ્ય જલના જેવો પ્રવાહી પદાર્થ) રૂપે પરિણમાવવામાં પ્રયોજક રૂપ નિમિત્ત એવી વિશિષ્ટ આત્માની શક્તિ 'આહારપર્યાપ્તિ' કહેવાય છે.

अथ शरीर पर्याप्तिमाह—

गृहीतशरीरवर्गणायोग्यपुद्गलानां शरीराङ्गोपाङ्गतया रचनक्रियासमाप्तिश्शरीरपर्याप्तिः । १६ ।

गृहीतेति । सामान्यतो गृहीतानां शरीरवर्गणागतयोग्यपुद्गलानां शरीराङ्गोपाङ्गतया या रचनक्रिया-विरचनात्मिका क्रिया सा परिसमाप्यते यतः, स शक्तिविशेषश्शरीरपर्याप्तिः । लक्षणद्वयमिदं तत्त्वार्थोक्तमौदारिकवैक्रियाऽऽहारकशरीरत्रयेऽपि सङ्गच्छते । तत्राऽऽहारपर्याप्तिरौदारिकशरीरिणामाहारपुद्गलग्रहणखलरसीकरणप्रयोजिका, इतरेषां शरीरयोग्यपुद्गलग्रहणप्रयोजिका, इयञ्च पर्याप्तिस्सर्वेषां समयप्रमाणा, उपपातक्षेत्रे प्रथमसमय एवाहारकत्वात्, औदारिकशरीरिणां शेषाः पर्याप्तयः प्रत्येकमन्तर्मुहूर्त्तेन कालेन निष्पाद्यन्ते, सर्वासां पर्याप्तीनां च परिसमाप्तिकालोऽप्यन्तर्मुहूर्त्तप्रमाणः, अन्तर्मुहूर्त्तानामसंख्यभेदभिन्नत्वात् । वैक्रियाहारकशरीरिणान्तु आहारेन्द्रियोच्छ्वासभाषामनःपर्याप्तयः पञ्चाप्येकेनैव समयेन समाप्यन्ते, शरीरपर्याप्तिः पुनरन्तर्मुहूर्त्तेनेति भाव्यम् । प्रवचनादिषु तु रसीभूताहारस्य रसासृङ्मांसभेदोऽस्थिमज्जाशुक्रलक्षणसप्तधातुरूपतया परिणमनहेतुः शक्तिविशेषश्शरीरपर्याप्तिः इदं पूर्वोक्तञ्च लक्षणद्वयमौदारिकशरीर एव संगच्छते, इतरशरीरयोरसृङ्मांसमेदसादिमयत्वाभावात् । अत्र च तादृशशक्त्युत्पादनद्वारा शरीराङ्गोपाङ्गादिनामकर्माणि, साक्षात् निर्माणबन्धनसंघातननामकर्माणि केषाञ्चिन्मतेनाऽऽनुपूर्वीनामकर्म च निमित्तानि भवन्ति । एषां सत्तारूपेण वर्त्तमानानामप्युदय एव शरीरादीनां निष्पत्तेः । अङ्गोपाङ्गानां नियतस्थानवृत्तिताप्रयोजकत्वात्, गृहीतानां गृह्यमाणानाञ्च शरीरपुद्गलानामन्योन्यसंश्लेषकारित्वात्, शरीरत्वेन परिणतपुद्गलानामन्योन्यसन्निधानेन व्यवस्थापकत्वाच्च । केषाञ्चिन्मतेनानुपूर्व्या अङ्गोपाङ्गानां निर्माणनिर्मितानां प्रतिनियतस्थानवृत्तिताप्रयोजकत्वोपगमादिति ॥

હવે શરીરપર્યાપ્તિને જણાવે છે કે-

ભાવાર્થ- 'ગ્રહણ કરાયેલા શરીરવર્ગણાના યોગ્ય પુદ્ગલોને શરીર રૂપે અને તેના અંગ-ઉપાંગ રૂપે રચવાની ક્રિયાની સમાપ્તિ જે શક્તિ વડે થાય છે, તે વિશિષ્ટ શક્તિ 'શરીરપર્યાપ્તિ' કહેવાય છે.

વિવેચન- સામાન્યથી ગ્રહણ કરેલા શરીરવર્ગણામાં રહેલ યોગ્ય પુદ્ગલોને શરીર રૂપે અને તેના અંગ-ઉપાંગ રૂપે જે રચવાની ક્રિયા છે, તે ક્રિયા જેનાથી સમાપ્ત થાય છે, તે વિશિષ્ટ શક્તિ 'શરીરપર્યાપ્તિ' કહેવાય છે.

પૂર્વોક્ત આહારપર્યાપ્તિ અને શરીરપર્યાપ્તિના આ બે લક્ષણો તત્ત્વાર્થમાં કહેલ છે. તે ઔદારિક, વૈક્રિય અને આહારક-એમ ત્રણ શરીરોમાં પણ સંગત થાય છે.

તેમાં આહારપર્યાપ્તિ, ઔદારિક શરીરધારી મનુષ્ય-તિર્યંચોને આહારપુદ્ગલના ગ્રહણમાં અને ખલ રસ રૂપે પરિણમનમાં નિમિત્ત થાય છે.

જ્યારે બીજા વૈક્રિય-આહારક શરીરધારી દેવ, નારકી આદિને, તેમજ ચતુર્દશપૂર્વધર આદિને તે તે શરીરયોગ્ય પુદ્ગલના ગ્રહણમાં નિમિત્ત થાય છે.

વળી આ આહારપર્યાપ્તિ, બધાને ઔદારિક, વૈક્રિય આદિ શરીરધારીઓને એક સમયના પ્રમાણવાળી છે, કેમ કે- ઉત્પત્તિના ક્ષેત્રમાં પહેલા સમયમાં જ સર્વ જીવો આહારકારક હોય છે.

વળી ઔદારિક શરીરધારીઓને બાકીની પ્રત્યેક પર્યાપ્તિઓ અંતર્મુહૂર્ત્ત કાળમાં સમાપ્ત થાય છે.

વળી સઘળી પર્યાપ્તિઓનો સમાપ્તિકાળ પણ અંતર્મુહૂર્ત્ત કાળપ્રમાણવાળો છે, કેમ કે-અંતર્મુહૂર્ત્તોના અસંખ્યાત ભેદો છે.

વૈક્રિય શરીરધારીઓને તો આહાર, ઇન્દ્રિય, ઉચ્છ્વાસ, ભાષા અને મન રૂપ પાંચ પર્યાપ્તિઓ પણ એક સમય બાદ સમાપ્ત થાય છે. શરીરપર્યાપ્તિ તો અંતર્મુહૂર્ત્ત રૂપ કાલમાનવાળી છે.

પ્રવચન (કર્મગ્રંથ-આગમ) આદિમાં તો રસ રૂપ બનેલ આહારને રસધાતુ અને રસથી જન્ય રક્ત જન્ય માંસ અને માંસથી જન્ય મેદ(ચરબી) અને મેદથી જન્ય હાડકાં અને હાડકાંથી જન્ય મજ્જા (હાડકાંની ચરબી) અને મજ્જાથી જન્ય શુક્ર (વીર્ય નામની સાતમી ધાતુ), આમ સાત ધાતુરૂપપણાએ પરિણમનમાં હેતુ વિશિષ્ટ શક્તિ રૂપ 'શરીરપર્યાપ્તિ' છે.

આ અને પૂર્વોક્ત બે લક્ષણો ઔદારિક શરીરમાં જ ઘટિત થાય છે.

બીજા બે શરીરમાં (વૈક્રિય-આહારકમાં) લોહી, માંસ, ચરબી આદિ સાત ધાતુઓનો અભાવ છે.

વળી અહીં તેવી શક્તિની ઉત્પત્તિ પ્રત્યે 'શરીરનામકર્મ' (જેના ઉદયના વશે શરીરપ્રાયોગ્ય પુદ્ગલોને લઈ શરીરરૂપપણાએ પરિણમાવે છે અને જીવપ્રદેશોની સાથે અન્યોન્ય અનુગમ રૂપ સંબંધ કરાવે છે, તે શરીરનામકર્મ.) અને 'અંગોપાંગનામકર્મ' (જેના ઉદયથી શરીરપણાએ પરિણમેલ પુદ્ગલોની અંગ-ઉપાંગના વિભાગની પરિણતિ થાય છે, તે અંગ-ઉપાંગનામકર્મ.) સાક્ષાત્ કારણ છે. તેમજ નિર્માણનામકર્મ, બંધનનામકર્મ, સંઘાતનનામકર્મો અને કેટલાકના મતે આનુપૂર્વીનામકર્મ પરંપરાએ કારણો થાય છે.

આ શરીર આદિ નામકર્મો સત્તા રૂપે વિદ્યમાન છતાં ઉદયમાં જ શરીર આદિના ઉત્પાદક છે, કેમ કે-નિર્માણનામકર્મના ઉદયે જ જંતુઓના શરીરોમાં અંગ-ઉપાંગોને ચોક્કસ સ્થાનમાં રાખવામાં પ્રયોજક 'નિર્માણનામકર્મ' છે.

'બંધનનામકર્મ'- પૂર્વે ગ્રહણ કરેલા અને ગ્રહણ કરાતા શરીરપુદ્ગલોને જે કર્મના ઉદયથી આત્મા પરસ્પર સંબંધવાળા કરે છે, તે કર્મબંધનનામકર્મ છે.

'સંઘાતનનામકર્મ'- જેના ઉદયથી શરીરપણાએ પરિણમેલ પુદ્ગલોને આત્મા પરસ્પર સન્નિધાનથી વ્યવસ્થાપન કરે છે, તે કર્મ સંઘાતનનામકર્મ છે.

કેટલાક (પ્રવચનવૃદ્ધો)ના મતે આનુપૂર્વીનિર્માણકર્મથી બનાવેલ અંગ-ઉપાંગોની પ્રતિનિયત રચનાક્રમમાં પ્રયોજક તરીકે માનેલ છે.

અર્થાત્ શરીરનામકર્મ અને અંગ-ઉપાંગનામકર્મ સાક્ષાત્ કારણ છે અને નિર્માણનામકર્મ, બંધનનામકર્મ તથા સંઘાતનનામકર્મો નિમિત્ત કારણો છે.

अथेन्द्रियपर्याप्तिमाह—

त्वगादीन्द्रियनिर्वर्त्तनक्रियापरिसमाप्तिरिन्द्रियपर्याप्तिः । १७ ।

त्वगादीति । आदिना रसनघ्राणचक्षुश्श्रोत्राणां ग्रहणम्, तान्यपि द्रव्यरूपाण्येव ग्राह्याणि तेषामेवोत्पादनेऽङ्गोपाङ्गनामकर्मण इन्द्रियपर्याप्तेश्च हेतुत्वात्, भावरूपाणान्तु निर्वर्त्तने इन्द्रियावरणक्षयोपशमस्यैव सामर्थ्यात्, जातिनामकर्मणस्त्वेकेन्द्रियादिशब्दप्रवृत्तिनिमित्तसमानपरिणतिलक्षणसामान्यं प्रति प्रयोजकत्वात्, तथा च त्वगादीन्द्रियाणां तत्तदिन्द्रियस्वरूपेण या निर्वर्त्तनक्रिया सा परिसमाप्यते यस्माच्छक्तिविशेषात्पुद्गलविशेषाद्वा सेन्द्रियपर्याप्तिः[१] सर्वशरीरेन्द्रियव्यापिनी, धातुरूपतया परिणमितादाहारादेकस्य द्वयोस्त्रयाणां चतुर्ण्णां पञ्चानां वेन्द्रियाणां प्रायोग्यानि द्रव्याण्यादायैकद्वित्र्यादीन्द्रियरूपतया परिणामयति यतस्सेन्द्रियपर्याप्तिः प्रवचनाद्यनुसारेणौदारिकशरीरेन्द्रियविषया ॥

ઇન્દ્રિયપર્યાપ્તિ

ભાવાર્થ- સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુઃ-શ્રોત્ર રૂપી ઇન્દ્રિયોની તે તે ઇન્દ્રિયસ્વરૂપે જે રચવાની ક્રિયા છે, તે રચવાની ક્રિયાની સમાપ્તિ જે વિશિષ્ટ શક્તિથી કે વિશિષ્ટ પુદ્ગલથી થાય, તે 'ઇન્દ્રિયપર્યાપ્તિ.'

વિવેચન- સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુઃ-શ્રોત્ર રૂપ પાંચ ઇન્દ્રિયો પણ અહીં વિશિષ્ટ આકાર અને આકારમાં રહેલી વિષયગ્રહણની શક્તિ, એ બંને પુદ્ગલપરિણામ રૂપ હોઈ દ્રવ્ય રૂપ જ લેવી, કેમ કે-તે સ્પર્શન આદિ રૂપ દ્રવ્ય ઇન્દ્રિયોના જ ઉત્પાદન પ્રત્યે અંગ-ઉપાંગનામકર્મ અને ઇન્દ્રિયપર્યાપ્તિ એ બે કારણ છે.

જ્યારે લબ્ધિ-ઉપભોગ રૂપ ભાવેન્દ્રિયોના સર્જન પ્રત્યે ઇન્દ્રિય આવરણના ક્ષયોપશમનું સામર્થ્ય છે.

---

१. पञ्चानामिन्द्रियाणां प्रायोग्यान् पुद्गलान् गृहीत्वाऽनाभोगनिर्वर्त्तितेन वीर्येण तद्भावनयनशक्तिरिन्द्रियपर्याप्तिरिति प्रज्ञापनायाम् ॥

જાતિનામકર્મ તો એકેન્દ્રિય આદિ શબ્દની પ્રવૃત્તિ પ્રત્યે નિમિત્ત રૂપ સમાન (આકૃતિ) પરિણતિ રૂપ (જાતિ) પ્રત્યે પ્રયોજક છે.

(૧) તથાચ સ્પર્શન આદિ ઇન્દ્રિયોની તે તે ઇન્દ્રિયસ્વરૂપે જ રચવાની ક્રિયાની સમાપ્તિ જે વિશિષ્ટ શક્તિથી કે વિશિષ્ટ પુદ્ગલથી થાય, તે 'ઇન્દ્રિયપર્યાપ્તિ' સર્વ શરીર અને ઇન્દ્રિયમાં વ્યાપક છે.

(૨) ધાતુરૂપપણાએ પરિણમાવેલ આહારમાંથી એક, બે, ત્રણ, ચાર કે પાંચ ઇન્દ્રિયોને પ્રાયોગ્ય દ્રવ્યોને લઈ એક, બે, આદિ ઇન્દ્રિયરૂપપણાએ જેનાથી જીવ પરિણમાવે છે, તે 'ઇન્દ્રિયપર્યાપ્તિ.'

પ્રવચન આદિ અનુસારે ઔદારિક શરીરેન્દ્રિય વિષયવાળી 'ઇન્દ્રિયપર્યાપ્તિ' છે.

अथोच्छ्वासपर्याप्तिमाह–

श्वासोच्छ्वासयोग्यद्रव्यादानोत्सर्गशक्तिविरचनक्रियासमाप्तिः श्वासोच्छ्वासपर्याप्तिः । १८।

श्वासोच्छ्वासेति । श्वासोच्छ्वासयोग्यानां द्रव्याणां श्वासोच्छ्वासरूपाणामिति यावत्, तेषां यावादानोत्सर्गौ-ग्रहणमोक्षणरूपौ तद्विषयिणी या शक्तिर्लब्धिर्या च श्वासोच्छ्वासनामकर्मसाध्या तदनुकूला या विरचनक्रिया सा समाप्यते यतश्शक्तिविशेषात्पुद्गलोपचयाद्वा सा श्वासोच्छ्वास-पर्याप्तिरित्यर्थः । यद्यपि सर्वा लब्धयः क्षायोपशमिका एव न त्वौदयिक्यस्तथापि वैक्रियाहारकादिलब्धय औदयिका अपि संभवन्ति, तत्र वीर्यान्तरायक्षयोपशमस्यापि निमित्तत्वेन क्षायोपशमिकत्वव्यपदेश इति बोध्यम् ॥

ઉચ્છ્વાસપર્યાપ્તિ

ભાવાર્થ- શ્વાસોશ્વાસ રૂપ દ્રવ્યોને લેવા-મૂકવાની જે શક્તિ (લબ્ધિ) છે અને વળી જે શ્વાસોશ્વાસ નામકર્મથી (જન્ય) છે, તેને અનુકૂળ જે રચનાની ક્રિયા છે, તે ક્રિયા જે વિશિષ્ટ શક્તિથી, કે જે પુદ્ગલના સમૂહથી સમાપ્ત થાય છે, તે 'શ્વાસોશ્વાસપર્યાપ્તિ' છે.

જો કે સર્વ લબ્ધિઓ ક્ષયોપશમજન્ય જ હોય છે, ઉદયજન્ય નથી, તો પણ વૈક્રિય-આહારક આદિ લબ્ધિઓ ઔદયિકી પણ હોય છે. ત્યાં વીર્યાન્તરાયનો ક્ષયોપશમ પણ નિમિત્ત હોઈ ક્ષાયોપશમિકપણાનો વ્યવહાર છે-એમ જાણવું.

अथ भाषापर्याप्तिमाह–

भाषायोग्यद्रव्यपरिग्रहविसर्जनशक्तिनिर्माणक्रियापरिसमाप्ति र्भाषापर्याप्तिः । १९ ।

भाषायोग्येति । भाषायोग्यानां द्रव्याणां ये परिग्रहविसर्जनेऽवलम्बनविसर्गौ तद्विषयिणी या शक्तिः-सामर्थ्यविशेषः-अवलम्बनपूर्वकोत्सर्जनहेतुसामर्थ्यविशेषः, तस्य या निर्माणक्रिया सा परिसमाप्यते यया सा भाषापर्याप्तिरित्यर्थः । अत्र वीर्यलब्धेस्सकाशादुपजायमानस्सलेश्य-

वीर्यविशेषः, सूक्ष्मबादरपरिस्पन्दरूपक्रियाविशेषो वाग्योगापरनामाऽपि सहकारिकारणं विज्ञेयम् । पर्याप्त्या हि भाषायोग्यपुद्गलग्रहणपरिणमने भवतः वाग्योगेन च परिणतपुद्गलावलम्बनं निसर्गसामर्थ्यविशेषश्च भवति, मन्दशक्तेर्नगरपरिभ्रमणाय यष्ट्यवलम्बनवद् वाग्योगावलम्बनं बोध्यम् ॥

ભાષા પર્યાપ્તિ

ભાવાર્થ- ભાષાને યોગ્ય દ્રવ્યોની લેવા-મૂકવાની શક્તિના નિર્માણની ક્રિયાની સમાપ્તિ જેનાથી થાય છે, તે 'ભાષાપર્યાપ્તિ.'

અહીં વીર્યલબ્ધિથી પેદા થતો સલેશ્યવીર્ય વિશેષ, કે જેનું બીજું નામ 'વચનયોગ' પણ છે, એવી સૂક્ષ્મ અને બાદર પરિસ્પંદ રૂપ વિશિષ્ટ ક્રિયા. એમ આ બે સહકારી કારણો ભિન્ન છે.

અહીં આશય એવો છે કે- પર્યાપ્તિથી ભાષાને યોગ્ય પુદ્ગલનું ગ્રહણ અને પરિણમન રૂપ બે ક્રિયા થાય છે અને વચનયોગથી પરિણમેલ પુદ્ગલોનું અવલંબન અને મૂકવાની વિશિષ્ટ શક્તિ એમ બે થાય છે. જેમ કમજોરને નગરમાં ફરવા માટે લાકડીના સહારાની માફક અહીં વચનયોગનું અવલંબન જાણવું.

अथ मनःपर्याप्तिमाह-

मनस्त्वयोग्यद्रव्याहरणविसर्जनशक्तिजननक्रियापरिसमाप्तिर्मनःपर्याप्तिः । २० ।

मनस्त्वयोग्येति । मनस्त्वयोग्यानि यानि द्रव्याणि तेषामाहरणविसर्जने-अवलम्बनमोक्षणे तद्विषयिणी या शक्तिः तज्जननक्रियायास्तदनुकूलक्रियायास्समाप्तिर्यत इत्यर्थः । मनःपर्याप्त्या हि मनोयोग्यान् मनोवर्गणास्कन्धानादत्ते परिणमयति च ततश्चिन्तनार्थमवलम्ब्य मुञ्चति च मनोयोगेन । एवं च प्रथममनेकपुद्गलग्रहणं ततः शरीरपर्याप्तिः तदनु इन्द्रियपर्याप्तिस्ततः श्वासोच्छ्वासपर्याप्तिस्ततो भाषापर्याप्तिस्ततो मनःपर्याप्तिरिति क्रमः, परन्तु पर्याप्तिकार्यारम्भ उत्पत्तिप्रथमसमय एव, निष्ठा तु द्वितीयादीनामनुक्रमेण भवति तस्मात्स्वस्वकार्यपूर्णतां यावत्ता अप्यपूर्णा एव कथ्यन्त इति बोध्यम् ॥

મનઃપર્યાપ્તિ

ભાવાર્થ- મનપણાને યોગ્ય દ્રવ્યોની લેવા-મૂકવાની વિષયવાળી શક્તિની જનક ક્રિયાની સમાપ્તિ જેનાથી થાય છે, તે 'મનઃપર્યાપ્તિ' કહેવાય છે.

વિવેચન- મનપણાને યોગ્ય જે દ્રવ્યો છે, તે દ્રવ્યોની લેવા-મૂકવાની વિષયવાળી જે શક્તિ છે, તે શક્તિને પેદા કરવાને અનુકૂળ ક્રિયાની સમાપ્તિ જેનાથી થાય છે, તે 'મનઃપર્યાપ્તિ' કહેવાય છે.

અહીં મતલબ એવો છે કે- મનઃપર્યાપ્તિથી જીવ મનને યોગ્ય મનોવર્ગણાના સ્કંધોને લે છે અને મનપણે પરિણમાવે છે. ત્યારબાદ મનોયોગથી ચિંતન માટે મનોદ્રવ્યોને અવલંબીને છોડે છે.

આ પ્રમાણે પહેલાં અનેક પુદ્ગલોનું ગ્રહણ (આહારપર્યાપ્તિ) થાય છે. ત્યારબાદ શરીરપર્યાપ્તિ થાય છે. ત્યારબાદ ઇન્દ્રિયપર્યાપ્તિ, તે પછી શ્વાસોશ્વાસપર્યાપ્તિ, ત્યારબાદ ભાષાપર્યાપ્તિ અને ત્યારપછી મનઃપર્યાપ્તિ છે. આવો ક્રમ છે.

પરંતુ પર્યાપ્તિ રૂપ કાર્યનો પ્રારંભ ઉત્પત્તિના પ્રથમ સમયમાં જ થાય છે, પરંતુ સમાપ્તિ તો દ્વિતીય આદિ સમયોના અનુક્રમથી થાય છે. તેથી પોતપોતાના કાર્યની પૂર્ણતા સુધી તે પર્યાપ્તિઓ પણ અપૂર્ણ જ કહેવાય છે એમ સમજવું.

एवमवगते पर्याप्तिप्रभेदे पर्याप्तापर्याप्तस्वरूपमाह-

स्वस्वयोग्यपर्याप्तिपूर्णत्वभाजः पर्याप्ताः । स्वस्वपर्याप्तिपूर्णताविकला अपर्याप्ताः ।२१।

स्वस्वेति । यस्य यस्य यावत्यः पर्याप्तयोऽभिमतास्तावत्पर्याप्तिकार्यपूर्णताभाजस्ते ते पर्याप्ता उच्यन्त इत्यर्थः । एतद्विपरीतास्त्वपर्याप्ता इत्याह स्वस्वेति ।

આ પ્રમાણે પર્યાપ્તિઓના ભેદોનું જ્ઞાન કરાવ્યા પછી પર્યાપ્તિ-અપર્યાપ્તિનું સ્વરૂપ કહે છે-

ભાવાર્થ- પોતપોતાને યોગ્ય પર્યાપ્તિઓની પૂર્ણતાવાળા સંસારી જીવો 'પર્યાપ્ત' કહેવાય છે.

પોતપોતાને યોગ્ય પર્યાપ્તિઓની પૂર્ણતાથી રહિત જીવો **'અપર્યાપ્ત'** કહેવાય છે.

વિવેચન- જે જે જીવને જેટલી પર્યાપ્તિઓ કહેલી છે, તેટલી પર્યાપ્તિઓના કાર્યની પૂર્ણતાવાળા તે તે જીવો 'પર્યાપ્ત' કહેવાય છે. આનાથી વિપરીત જીવો 'અપર્યાપ્ત' છે. આ વાતને સ્પષ્ટ કરે છે કે- પોતપોતાની પર્યાપ્તિઓની પૂર્ણતાથી રહિત 'અપર્યાપ્ત' કહેવાય છે.

केषां जीवानां कति पर्याप्तयो भवन्तीत्यत्राह-

तत्रैकेन्द्रियस्याद्याश्चतस्रः । द्वित्रिचतुरिन्द्रियासंज्ञिपञ्चेन्द्रियाणां पञ्च । संज्ञिपञ्चेन्द्रियाणां षट् पर्याप्तयः । २२ ।

तत्रेति । षट्सु पर्याप्तिषु मध्य इत्यर्थः । आद्याश्चतस्र इति आहारशरीरेन्द्रियोच्छ्वासरूपाश्चतस्र इत्यर्थः, भाषामनसोस्तस्याभावात् । पञ्चेति, तेषां मनसोऽभावेनमनःपर्याप्तिर्नास्तीति भावः । षट्पर्याप्तय इति, मनसोऽपि सत्त्वादिति भावः । एताभिश्च स्वस्वयोग्यपर्याप्तिभिरपर्याप्ता एव ये कालं कुर्वन्ति तेऽप्याद्यपर्याप्तित्रयं समाप्य ततोऽन्तर्मुहूर्त्तेनायुर्बध्वा तदनन्तरमबाधाकालरूपमन्तर्मुहूर्त्तं जीवित्वैव च म्रियन्त इत्यप्यवधेयम् ॥

કયા કયા જીવોને કેટલી પર્યાપ્તિ હોય છે તેનું વર્ણન

ભાવાર્થ- ત્યાં એકેન્દ્રિય જીવોને પહેલી ચાર પર્યાપ્તિઓ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને પાંચ પર્યાપ્તિઓ અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને છ પર્યાપ્તિઓ હોય છે.

विवेचान- ત્યાં એટલે છ પર્યાપ્તિઓ પૈકી એકેન્દ્રિય જીવને આહાર-શરીર-ઇન્દ્રિય-ઉચ્છ્વાસ રૂપ પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે, કેમ કે-તે એકેન્દ્રિય જીવમાં ભાષા અને મનનો અભાવ છે.

બેઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા, ચાર ઇન્દ્રિયવાળા અને મન વગરના પાંચ ઇન્દ્રિયવાળા જીવોને આહાર-શરીર-ઇન્દ્રિય-ઉચ્છ્વાસ-ભાષા રૂપ પાંચ પર્યાપ્તિઓ છે, કેમ કે- તે જીવોમાં મનનો અભાવ હોઈ મનઃપર્યાપ્તિ નથી.

જે અપર્યાપ્તનામનકર્મના ઉદયથી લબ્ધિઅપર્યાપ્ત જીવો પણ આ પોતપોતાની યોગ્ય પર્યાપ્તિઓથી અપર્યાપ્તા જ મરણને પામે છે.

તે લબ્ધિઅપર્યાપ્ત જીવો પણ પહેલી આહાર-શરીર-ઇન્દ્રિયપર્યાપ્તિઓને પૂર્ણ કરી, અંતર્મુહૂર્તમાં આયુષ્ય બાંધીને, ત્યારબાદ અબાધા કાળ રૂપી અંતર્મુહૂર્ત સુધી જીવીને જ મરે છે. આ પ્રમાણે સમજવું.

अथ पर्याप्तापर्याप्तभेदभाजस्सूक्ष्मादिसप्तविधान् जीवान् दिङ्मात्रेण निदर्शयति-

सूक्ष्माश्च निगोदादिवर्तिनः । बादराः स्थूलपृथिवीकायिकादयः । द्वीन्द्रियाः कृम्यादयः । त्रीन्द्रियाः पिपीलिकादयः । चतुरिन्द्रिया भ्रमरादयः । २३ ।

सूक्ष्माश्चेति । सूक्ष्मजीवानां पृथिव्यादिपञ्चकायप्रभेदत्वेऽपि सूक्ष्मतरत्वादेकस्मिन् शरीरेऽप्यनन्तानां सद्भावाच्च निगोदस्य सूक्ष्मपृथ्वीकायिकाद्यपेक्षया प्रथममुपादानं, आदिना च सूक्ष्माणां पृथिवीकायिकादीनां ग्रहणम् । बादरैकेन्द्रियान्निदर्शयति-बादरा इति, पृथिव्येव कायः पृथिवीकायः, स्थूलश्चासौ पृथिवीकायश्च स्थूलपृथिवीकायः, स विद्यत एषान्ते स्थूलपृथिवीकायिकास्त आदिर्येषामिति तदुणसंविज्ञानो बहुव्रीहिः । न च स्थूलः पृथिवीकायो येषामिति बहुव्रीहिणैव विवक्षितार्थलाभे 'न कर्मधारयान्मत्वर्थीयो बहुव्रीहिश्चेत्तदर्थप्रतिपत्तिकर' इति न्यायेन कर्मधारयान्मत्वर्थो न कार्य इति वाच्यम्, असुब्व्रत इति व्याकरणमहाभाष्यप्रयोगात् कृष्णसर्पवद्वल्मीकमित्यादिलौकिकप्रयोगाच्चोक्तनियमस्य क्वाचित्कत्वात् । आदिनाऽप्कायिकतेजस्कायिकवायुकायिकवनस्पतिकायिकानां ग्रहणम् । स्पर्शेन्द्रियमात्रत्वादेषामेकेन्द्रियत्वं बोध्यम् । यद्यपि पृथिवीकायिकादिषु नोपयोगादीनि जीवलक्षणानि व्यक्तानि तथापि हृत्पूरकव्यतिमिश्रमदिरातिपानपित्तोदयाकुलीकृतान्तः करणस्याव्यक्तचेतनेवात्रापि चेतनाऽव्यक्ताऽभ्युपगन्तव्या । न च तत्राव्यक्तचेतनालिङ्गानि श्वासोच्छ्वासादीनि सन्ति न त्वत्र किमपीति वाच्यम्, अर्शोमांसाङ्कुरवत्समानजातीयलतोद्भेदादीनां चेतनाचिह्नानां सत्त्वात्, कठिनपुद्गलात्मकानामश्मादीनामपि शरीरानुगतास्थिवत्सचेतनत्वं बोध्यम् ॥ अत्र पृथिवीकायिकादि-जीवेष्विमानि प्रमाणानि विज्ञेयानि, सन्ति पृथिवीकायिका जीवास्तदधिष्ठितशरीरोपलब्धेर्गवा-श्वादिवत् ।

केनचिदभिसन्धिमताऽऽहृतमिदं शरीरं, कफरुधिराङ्गोपाङ्गादिपरिणतेः, अन्नादिवत् । उत्सृष्टमपि केनचिदभिसन्धिमता, आहृतत्वादन्नमलवत् । आपः सचेतनाः शस्त्रानुपहतत्वे सति द्रवत्वात्, हस्तिशरीरोपादानकललवत् । तत्रैवानुपहतद्रवत्वात्, अण्डकमध्यस्थितकललवत् एवं छेद्यत्वाद्भेद्यत्वादुत्क्षेप्यत्वाद्भोज्यत्वाद्घ्रेयत्वाद्रसनीयत्वात्स्पर्शनीयत्वाद्दृश्यत्वादित्यादयो हेतवो बोध्याः । सर्वेषां पुद्गलद्रव्याणां द्रव्यशरीराभ्युपगमान्नानैकान्तत्वं हेतूनाम् । तथा सचेतना हिमादयः अप्कायत्वादितरोदकवत्, जीवशरीराण्यङ्गारादयः, छेद्यत्वादिभ्यः । अङ्गारादौ प्रकाशपरिणाम आत्मसंयोगाविर्भूतः शरीरस्थत्वात् खद्योतदेहपरिणामवत्, अङ्गारादीनामूष्मा आत्मसम्प्रयोगपूर्वकः शरीरस्थत्वाज्ज्वरोष्मवत् । सचेतनं तेजः यथायोग्याहारोपादानेन वृद्धिविशेषवत्त्वात् पुरुषाङ्गवत्, वृक्षा जीवशरीराणि, अक्षाद्युपलब्धिभावात्पाण्यादिसंघातवत्, कदाचित् सचित्ता अपि वृक्षा जीव शरीरत्वात्पाण्यादिसंघातवत्, मन्दविज्ञानसुखादिमन्तो वृक्षा अव्यक्तचेतनानुगतत्वात्सुप्तादिपुरुषवत् । चेतनावान् वायुः, अपरप्रेरिततिर्यगनियमितगतिमत्त्वाद् गवाश्वादिवदित्यादीनि । द्वीन्द्रियान्निदर्शयति कृम्यादय इति । आदिनाऽपादिकनूपुरकगण्डुपदशङ्खशुक्तिकाशम्बूकाजलूकाप्रभृतीनां ग्रहणम्, एषां स्पर्शनरसने इन्द्रिये भवतः । त्रीन्द्रियाणां निदर्शनमाह त्रीन्द्रिया इति । आदिना रोहणिकोपचिकाकुंथुतुम्बुरुकादीनां ग्रहणम्, एतेषां स्पर्शनरसनघ्राणानीन्द्रियाणि । चतुरिन्द्रियानाह चतुरिन्द्रिया इति । आदिना बटरसारङ्गमक्षिकापुत्तिकदंशादयो ग्राह्याः, स्पर्शनरसनघ्राणचक्षूंष्येषामिन्द्रियाणि ॥

હવે પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપી ભેદ ભજનારા સૂક્ષ્મ આદિ સાત પ્રકારના જીવોનું દિગ્દર્શન કરાવે છે.

ભાવાર્થ- 'સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો, નિગોદ, પૃથ્વીકાય આદિ સ્થાનવિશેષવર્તીઓ છે; બાદર એકેન્દ્રિય જીવો, સ્થૂલ પૃથ્વીકાયિક વગેરે, કૃમિ (કરમિયાં) વગેરે બેઈન્દ્રિય છે; પિપીલિકા (કીડી) વગેરે તેઈન્દ્રિય છે અને ભ્રમર વગેરે ચઉરિન્દ્રિય છે.'

વિવેચન- સૂક્ષ્મ જીવોના પૃથ્વી આદિ પાંચ કાયોના પ્રભેદો હોવા છતાં, સૂક્ષ્મતર હોવાના કારણે એક શરીરમાં પણ અનંત જીવોનો સદ્ભાવ છે, માટે સૂક્ષ્મ પૃથ્વીકાયિક આદિની અપેક્ષાએ નિગોદનું પહેલાં ગ્રહણ કરેલ છે અને આદિથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક આદિનું ગ્રહણ સમજવું.

બાદર એકેન્દ્રિયોને દર્શાવે છે કે-'બાદર એકેન્દ્રિયો-સ્થૂલ-પૃથિવીકાયિક આદિ છે.'

(यत्र प्रधानस्यैकदेशो विशेषणतया ज्ञायते सतद्गुण संविज्ञानः । लम्बोकर्णौ यस्य स लम्बकर्णः ॥ तद्गुणसंविज्ञानः तत्र बहुव्रीहौ गुणीभूतस्य विशेषणस्य संविज्ञानं विशेष्ये पारतन्त्र्येण बोधनं यत्र)

અહીં પૃથ્વી એ જ કાય-પૃથ્વીકાય. સ્થૂલ એવી પૃથ્વી રૂપી કાયા જેઓની પાસે છે, તે જીવો સ્થૂલ પૃથિવીકાયિક આદિ જેઓમાં છે, તે સ્થૂલ પૃથ્વીકાયિક આદિ. આમ અહીં તદ્ગુણ સંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ સમજવો.

शंका- સ્થૂલ પૃથ્વીકાય જેઓની પાસે (જેઓને) છે, તે સ્થૂલ પૃથ્વીકાય' આવા બહુવ્રીહિ સમાસથી વિવક્ષિત અર્થનો લાભ થઈ જાય છે. એટલે એક એવો નિયમ-ન્યાય છે કે- 'જો બહુવ્રીહિ સમાસ તેના અર્થની પ્રતિપત્તિ કરનારો જ્યારે હોય, ત્યારે કર્મધારય સમાસથી મતુ (વાળા) અર્થવાળો પ્રત્યય ન લગાડવો.'

અર્થાત્ સ્થૂલ પૃથ્વીકાય-એમ પ્રયોગ કરો ! સ્થૂલ પૃથિવીકાયિક-એમ શા માટે શબ્દપ્રયોગ કરો છો ?

समाधान- 'असुब्वतः' (सूप् प्रत्यय वगरना) 'न सुप् विद्यते यस्य' - આ પ્રમાણે બહુવ્રીહિ દ્વારા તેના અર્થનો બોધ થઈ જાય છે. તો અસુપ્ પછી મતુપ્ પ્રત્યય ન લાગે, છતાં આવો વ્યાકરણ મહાભાષ્યનો પ્રયોગ છે. (અર વગરના ચક્રો 'न अखन्ति = अनरवन्ति चक्राणि, न विद्यन्ते अरा येषु इति अनरा' (અર વગરના) - આવા બહુવ્રીહિ દ્વારા તેના અર્થનો બોધ થઈ જાય છે. તો અનરપદ પછી મતુપ્ પ્રત્યય ન લાગે. છતાં આવા અનેક પ્રયોગોથી શબ્દગત સાધુપણું પ્રસિદ્ધ છે.)

એવંચ કૃષ્ણ સર્પવાળો રાફડો (કીડાઓએ કરેલો માટીનો રાફડો) અહીં કાળો સાપ જ્યાં છે. આવા બહુવ્રીહિથી કાળા સાપવાળો અર્થ ઉપલબ્ધ થાય છે. છતાં કૃષ્ણ સર્પથી મતુપ્ પ્રત્યય નકામો જવાથી આવો લૌકિક પ્રયોગ છે. એવં પ્રયોગજન્ય સાધુત્વથી અને લૌકિક પ્રયોગથી આ નિયમ સર્વવ્યાપી નથી-કવચિત્ થનારો નિયમ છે.

(અથવા પૃથ્વીકાય આદિ જાતિવાચક શબ્દોથી મતુ અર્થવાળા પ્રત્યયો કૃષ્ણસર્પ-વદ્વલ્મીક ન્યાયથી સિદ્ધ છે.)

આદિ પદથી અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિકોનું ગ્રહણ છે. સ્પર્શન ઇન્દ્રિય જ માત્ર હોવાથી પૃથ્વીકાયિક આદિ એકેન્દ્રિય છે એમ જાણવું.

જો કે પૃથિવીકાયિક આદિમાં જીવના લક્ષણ રૂપ ઉપયોગ વગેરે વ્યક્ત રૂપે જણાતાં નથી, તો પણ ઉન્માદક ધતુરો ઔષધી આદિથી યુક્ત મદિરા આદિના અત્યંત પાન દ્વારા પિત્તના પારાવાર ઉદયથી આકુલ-વ્યાકુલ અંતઃકરણવાળા અર્થાત્ મત્ત-મૂર્ચ્છિત-સુપ્ત પુરુષમાં જેમ અવ્યક્ત ચેતના છે, તેમ આ પૃથિવીકાયિક આદિ જીવોમાં અવ્યક્ત ચૈતન્ય માનવું જ જોઈએ.

शंका- મત્ત, મૂર્ચ્છિત કે સુપ્તપુરુષમાં અવ્યક્ત ચેતનાને વ્યક્ત કરનારા શ્વાસોશ્વાસ વગેરે ચિન્હો વ્યક્ત દેખાય છે અને પૃથિવીકાયિક આદિ જીવોમાં અવ્યક્ત ચેતનાવ્યંજક ચિન્હો ક્યાં વ્યક્ત દેખાય છે ?

समाधान- અર્શના વિકાર રૂપ હરસ-મસા, માંસ અને ડાભ વગેરેના અંકૂરની જેમ પરવાળા, પાષાણ વગેરે પૃથ્વીનો છેદ થવા છતાં ફરીથી સમાન વસ્તુ પેદા થાય છે.

પરવાળા આદિ સમાન ધાતુની ઉત્પત્તિ, તેમજ સમાનજાતીય લતાનો ઉદ્ભેદ ઇત્યાદિ ચેતનાદ્યોતક ચિન્હો પ્રગટ છે. વળી કઠિન પુદ્ગલ રૂપ પાષાણ આદિ પણ શરીરમાં વ્યાપક હાડકાની માફક ચેતનાવાળા છે-એમ જાણવું.

અહીં પૃથ્વીકાયિક આદિ જીવોની સિદ્ધિમાં આ પ્રમાણે જાણવું કે-પૃથ્વીકાયિક જીવો છે, કેમ કે-જીવથી અધિષ્ઠિત શરીરની ઉપલબ્ધિ (સાક્ષાત્કાર) છે. જેમ કે-ગાય, ઘોડા આદિ.

કોઈ એક ચેતનાવાળાએ આ શરીર ગ્રહણ કરેલું છે (ભોગવેલું છે), કેમ કે-કફ, રૂધિર, અંગ, ઉપાંગ આદિમાં પરિણતિ છે. જેમ કે-અન્ન આદિ અથવા કોઈ સચેતન આત્માએ છોડી દીધેલું શરીર પણ છે, કેમ કે-ભોગવેલ છે. જેમ કે-અન્નમલ.

જલ સચેતન છે, કેમ કે- શસ્ત્રથી હત નહિ હોયે છતે દ્રવ રૂપ (પ્રવાહી પદાર્થ રૂપ) છે. જેમ કે-હાથીના શરીરના મૂલ કારણ કલલ (શુક્ર અને રૂધિરનું મિશ્રણ) ત્યાં જ શસ્ત્રથી નહિ હણાયેલ દ્રવ રૂપ હેતુ સમજવો. દૃષ્ટાન્ત તરીકે ઈંડાંના મધ્યમાં રહેલ કલલ છે-એમ જાણવું.

આ પ્રમાણે પાષાણઆદિ સચેતન છે, કેમ કે-છેદનવિષય છે, ફેંકાય છે, ભોગવાય છે, સુંઘાય છે, ચખાય છે, અડકાય છે, દેખાય છે વગેરે હેતુઓ સમજવા.

અર્થાત્ પૃથ્વી આદિના છેદ્યત્વ આદિ હેતુઓ પ્રત્યક્ષ છે, તો એને કોણ છૂપાવી શકે એમ છે, કેમ કે-જીવના શરીરપણાએ નિરૂપિત છે. હાથ-પગ રૂપ પરમાણુ સમુદાયની જેમ શસ્ત્રથી હણાયેલ અચેતન છે-શસ્ત્રથી નહિ હણાયેલ સચેતન છે.

સર્વ પુદ્ગલ દ્રવ્યોને દ્રવ્યશરીર રૂપે સ્વીકારેલ છે, માટે હેતુઓ અવ્યભિચારી નિર્દોષ છે.

હિમ આદિ સચેતન છે, કેમ કે-અપ્કાય છે. જેમ કે-બીજું જળ.

અંગર આદિ જીવથી અધિષ્ઠિત શરીરો છે, કેમ કે-દૃશ્યત્વ આદિ છે. અંગાર આદિમાં પ્રકાશરૂપ પરિણામ સંયોગ રૂપ સંબંધથી પ્રકટિત થયેલ છે, કેમ કે-શરીરમાં રહેલ છે. જેમ કે- આગિયાના શરીરમાં રહેલ પ્રકાશ રૂપ પરિણામ. અંગાર આદિમાં રહેલ ગરમી આત્માના સંયોગસંબંધ પૂર્વક જ છે, કેમ કે-શરીરમાં રહેલ છે. જેમ કે-તાવની ગરમી. અગ્નિ સચેતન છે, કેમ કે- યોગ્ય પ્રમાણે આહારના ગ્રહણથી વિશિષ્ટ વૃદ્ધિ છે. જેમ કે-પુરુષનું શરીર.

વૃક્ષો જીવના શરીર રૂપ છે, કેમ કે-વૃક્ષની બનાવટ રૂપ પાસા વગેરેની ઉપલબ્ધિનો ભાવ છે.જેમ કે-હાથ વગેરે.

શસ્ત્રથી અનુપહત વૃક્ષો પણ સચેતન છે, કેમ કે-જીવથી અધિષ્ઠિત શરીર છે. જેમ કે-હાથ આદિ અંગસંઘાત.

વળી મંદ (ચેતના) સુખ વગેરેવાળા વૃક્ષો છે, કેમ કે-અવ્યક્ત ચેતનાના સંબંધવાળા છે. જેમ કે-સુપ્ત-મત્ત-મૂર્ચ્છિત પુરુષ.

તથાચ વાયુ સચેતન છે, કેમ કે-બીજાની પ્રેરણા સ્વતંત્રતયા સ્વાભાવિક રીતે તીચ્છી, વાંકી અને અનિયમિત મતિવાળા છે. જેમ કે-ગાય, ઘોડા આદિ.

એકેન્દ્રિય જીવોની સિદ્ધિનિરૂપણ સમાપ્ત

હવે દ્વીન્દ્રિય જીવોને કહે છે કે- 'કરમિયા વગેરે બેઈન્દ્રિય જીવો.' આદિ પદથી લાકડાનો કીડો, અળસિયા, જમીનના કીડા, ગંડોલા, શંખ, નાના શંખો, શંખલા, મોતીની છીપ, જળમાં ઉત્પન્ન થયેલા શંખલા, છીપો, કોડી, કોડા, જળો વગેરેનું ગ્રહણ સમજવું. બેઈન્દ્રિયવાળા જીવોને સ્પર્શન અને રસન-એમ બેઈન્દ્રિયો હોય છે.

હવે ત્રિન્દ્રિય જીવોને કહે છે કે- 'કીડી વગેરે તેઈન્દ્રિય જીવો છે.' આદિ પદથી મોટી કીડી, મંકોડો, મોટા માથાવાળી નાની કીડી, ધીમેલ, ઉધેઈ, લીખ, જૂ, ગીગોડી, ચીચડી, છાણના કીડા, ગદહિયા, માંકડ, ગોકળગાય, માંમણમુંડા, ચોમાસાના કીડા, કાનખજૂરો વગેરે. આ ત્રિન્દ્રિય જીવોને સ્પર્શન, રસન અને ઘ્રાણ-એમ ત્રણ ઈન્દ્રિયો હોય છે.

'ભ્રમર આદિ ચતુરિન્દ્રિયો છે.' અહીં આદિ પદથી કરોળિયો, વીંછી, પતંગિયું, તીડ, મધમાખી, લીલી-કાળી માંખ, નાની માંખ, ખગતરાં, જંગલી માંખ, ડાંસ, ભ્રમરની અને માખની સઘળી જાતિ, તમરું ઇત્યાદિ. ચતુરિન્દ્રિય જીવોને સ્પર્શન, રસન, નાસિકા અને ચક્ષુ-એમ ચાર ઈન્દ્રિયો છે.

असंज्ञिपञ्चेन्द्रियाणां निदर्शनमाह-

असंज्ञिपञ्चेन्द्रिया मनोहीना अगर्भजा मीनादयः । २४ ।

असंज्ञीति । संज्ञा हिताहितप्राप्तिपरिहारयोर्गुणदोषविचारणात्मिका साऽसत्येषामिति संज्ञिनः, न त्वाहारभयमैथुनपरिग्रहसंज्ञासम्बन्धात्संज्ञिनः, सर्वेषामेव प्राणिनां दशविधसंज्ञाभ्युपगमात्, अत एव संज्ञा न ज्ञानरूपा विवक्षिता निवर्त्त्याभावात्, सर्वेषां प्राणिनां ज्ञानात्मकत्वात्, यद्वा कालिकीहेतुदृष्टिवादोपदेशाख्यासु तिसृषु संज्ञासु कालिकीसंज्ञा सम्प्रधारणाख्या गृह्यते, येन सुदीर्घमपि कालमनुस्मरति भूतमागामिनञ्चानुचिन्तयति कथं कर्त्तव्यं किमनुष्ठेयमिति सा दीर्घकालिकी सम्प्रधारणेत्युच्यते तद्वन्तस्संज्ञिनः, तथा च सम्प्रधारणसंज्ञा मनोरूपैव । न संज्ञिनोऽसंज्ञिनस्ते च ते पञ्चेन्द्रियाश्चासंज्ञिपञ्चेन्द्रिया इति व्युत्पत्तिः अमुनाऽभिप्रायेणैव मनोहीना इत्युक्तम् । अत्र मनोहीना इत्यसंज्ञिनः पर्यायकथनमेव न तु लक्षणमभेदात्, अथवा लक्षणं भिन्नमपि भवति यथा वने प्रभूताम्भोजसौरभादिलक्षणेन महान् जलाशयो लक्ष्यते, तथाऽभिन्नमपि भवति यथाऽग्निरुष्णत्वेन लक्ष्यते तथात्र बहिर्वर्त्तिनाऽनुभवसिद्धेन सम्प्रधारणसंज्ञाविरहरूपासंज्ञित्वेन मनोहीनत्वमनुमीयत इति बोध्यम् । ते च निखिलनारकदेवगर्भव्युत्क्रान्तमनुष्यतिर्यग्भिन्नास्सर्वेऽपि विज्ञेयाः, मीनादय इति, आदिना सम्मूर्च्छिममनुष्यपक्षादीनां ग्रहणम् ॥

असंज्ञि पंचेन्द्रिय जीवनिरूपण

भावार्थ- 'द्रव्यमन वगरना, गर्भज सिवायना (संमूर्च्छिम) मीन आदि तिर्यंचो अने मनुष्यो असंज्ञि पंचेन्द्रियो छे.'

विवेचन- संज्ञा-हितनी प्राप्ति अने अहितना परिहारगत मनोव्यापार रूप, (ईहा अने अपोहथी युक्त) स्वना अर्थनी पुष्टिना हेतुभूत गुणो, स्वार्थपुष्टिना हानिमां हेतुभूत दोषो, ते गुण-दोषोनो विचार एटले केवी रीते गुणनी प्राप्ति के दोषनो परिहार थाय ?

આવા વિચારસ્વરૂપી સંજ્ઞા જેઓની પાસે છે, તે 'સંજ્ઞિઓ' કહેવાય છે. નહિ કે-આહાર-ભય-મૈથુન-પરિગ્રહસંજ્ઞાના સંબંધથી સંજ્ઞિઓ છે.

અર્થાત્ આહાર આદિ સંજ્ઞાવાળાઓ સંજ્ઞિઓ કહેવાય છે-એમ જો માનવામાં આવે, તો સકલ પ્રાણીઓમાં દશ પ્રકારવાળી (આહાર[૧]-ભય-મૈથુન-પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક[૨], ઓઘ[૩] રૂપ દશ ભેદવાળી) સંજ્ઞાઓનો આગમમાં સ્વીકાર કરેલ છે. એથી જ જ્ઞાન રૂપ સંજ્ઞાની વિવક્ષાકરેલ નથી, કેમ કે-જ્ઞાન રૂપ સંજ્ઞા નિવારણયોગ્ય થઈ શકે નહિ. કેમ કે-સર્વ જીવોમાં જ્ઞાનસ્વરૂપ છે જ: અથવા દીર્ઘકાલિકી, હેતુવાદોપદેશિકી[૪] અને દૃષ્ટિવાદોપદેશિકી[૫] નામવાળી ત્રણ સંજ્ઞાઓ પૈકી દીર્ઘકાલિકી નામક સંજ્ઞા (જેનું બીજું નામ સંપ્રધારણ સંજ્ઞા છે) ગ્રહણ કરાય છે.

કેમ કે-જે સંજ્ઞા દ્વારા લાંબા-અત્યંત દીર્ઘ પણ ભૂતકાળનું સ્મરણ અને ભવિષ્યકાળનું ચિંતન કરે છે. વળી તે કેવી રીતે કરવું ? કેમ કરવું ? વગેરેનો વિચાર કરી શકે છે. તે 'દીર્ઘકાલિકી સંજ્ઞા' કહેવાય છે. અર્થાત્ સંપ્રધારણ રૂપ સંજ્ઞાવાળા 'સંજ્ઞિઓ' કહેવાય છે. સંપ્રધારણ સંજ્ઞા દ્રવ્યમન-ભાવમન રૂપ જ સમજવી.

જે સંજ્ઞી નહિ, તે અસંજ્ઞી જાણવા. અસંજ્ઞિ એવા જે પંચેન્દ્રિયો, તે 'असंज्ञि पंचेन्द्रियो'- આવો વ્યુત્પત્તિજન્ય અર્થ સમજવો. આ અભિપ્રાયથી જ મન વગરના- એમ કહેલું છે.

અહીં મનો વગરના એટલે અસંજ્ઞીઓ-આ પ્રમાણેનું કથન પર્યાયનું[૬]-પર્યાયવાચક શબ્દનું કરહસ્તવત્ કથન રૂપ જ છે. પરંતુ 'મનોહીન' એ અસંજ્ઞીનું લક્ષણ નથી, કેમ કે-મનોહીનત્વ અને અસંજ્ઞિત્વ-એ બંનેનો અભેદ છે. અથવા લક્ષણ ભિન્ન પણ (લક્ષ્યથી જુદું પણ-પરસિદ્ધ પણ) હોય છે. જેમ વનમાં ઘણા જાતજાતના કમલોની સુગંધ આદિ લક્ષણથી સરોવર લક્ષિત થાય છે.

તથા અભિન્ન પણ (લક્ષ્યથી જુદું નહિ-સ્વસિદ્ધ) લક્ષણ હોય છે. જેમ કે-ઉષ્ણપણા-ઉષ્ણ સ્પર્શ રૂપ લક્ષણ વડે અગ્નિ લક્ષિત થાય છે. અહીં અગ્નિ અને ઉષ્ણ સ્પર્શ-એ બંને અભિન્ન છે.

૧-આહારની ઇચ્છાપૂર્વક વિશિષ્ટ પુદ્ગલનું ગ્રહણ 'આહારસંજ્ઞા,' હું કરું છું, આવું ભયવિષયક જ્ઞાન 'ભયસંજ્ઞા,' દિવ્ય-ઔદારિક શરીરની ઇચ્છાનું આચરણ 'મૈથુનસંજ્ઞા,' ભાવની અપેક્ષાએ આસક્તિ, મૂર્છાસ્વરૂપી 'પરિસંગ્રહતા.'

૨-જેમ રાત્રિમાં કમલોનો સંકોચ. વિશેષ જ્ઞાન રૂપ સ્વચ્છંદઘટિત વિકલ્પજન્ય લૌકિક આચારો. જેમ કે-પુત્ર વગરનાને શુભ ગતિ નથી. ઇત્યાદિ.

૩-જેમ વેલડીઓ વૃક્ષ ઉપર ચઢે છે. ગતાનુગતિક ક્રિયા-દેખાદેખીપૂર્વક ક્રિયા.

૪-જેનાથી પોતાના દેહના પાલન કાજે ઇષ્ટવિષય વસ્તુઓમાં વર્તે છે-અનિષ્ટવિષય વસ્તુઓથી અટકે છે. જે માત્ર વર્તમાનકાળ વિષયવાળી હેતુવાદોપદેશિકી સંજ્ઞા દ્વીન્દ્રિયથી માંડી સમસ્ત સંમૂર્ચ્છિમને હોય છે.

૫-દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા છદ્મસ્થ સમ્યગ્દૃષ્ટિઓને હોય છે. તે ક્ષાયોપશમિક જ્ઞાન રૂપ છે.

૬-विवरणादपि शक्तिग्रहः-विवरणं तु तत्समानार्थरूपपदान्तरेण तदर्थकथनं यथा घटोऽस्तीत्यस्य कलशोऽस्तीत्यनेन विवरणात् घटपदस्य कलशे शक्तिग्रहः तद्वत् मनोहीना इत्यस्यासंज्ञिनः सन्तीत्यनेन विवरणात् मनोहीना इत्यस्यासंज्ञिषु शक्तिग्रहः ।

તેમજ અહીં બહિર્વર્તી પ્રત્યક્ષ પ્રમાણથી ગમ્ય, સંપ્રધારણ સંજ્ઞાના અભાવ રૂપ અસંજ્ઞિત્વ રૂપ હેતુ દ્વારા મનોહીનપણું અનુમિત થાય છે-એમ સમજવું.

સાત પૃથિવીમાં રહેનાર નારકો ભવનપતિ-વ્યંતર-જ્યોતિષિક-વૈમાનિક રૂપ દેવો અને જેઓનું ગર્ભ રૂપ જન્મ દ્વારા કદાચ માથા વડે-કદાચ બે પગ વડે માતાના ઉદરમાંથી નીકળવું છે; આવા ગર્ભજ મનુષ્યો તથા તિર્યંચો સિવાયના તમામ મનોહીનો સમજવા. જેમ કે-સંમૂર્ચ્છિમ મનુષ્યો, મત્સ્ય, પશુ વગેરે. દ્રવ્યમન વગરના 'असंज्ञि पंचेन्द्रियो' સમજવા.

अथ संज्ञिपञ्चेन्द्रियाणां दृष्टान्तमाह–

संज्ञिपञ्चेन्द्रिया देवमनुजादयः । २५ ।

संज्ञिपञ्चेन्द्रिया इति । देवमनुजादय इति, मनुजपदेन संमूर्च्छिमभिन्ना ग्राह्याः, आदिना नारका गर्भव्युत्क्रान्तिकगोमहिष्यादयो गृह्यन्ते ॥

હવે संज्ञि पंचेन्द्रियोना दृष्टान्त કહે છે

ભાવાર્થ- 'संज्ञि (द्रव्य-भाव मनवाळा) पंचेन्द्रियो देव-मनुष्य वगेरे.'

વિવેચન- અહીં મનુષ્ય પદથી સંમૂર્ચ્છિમ સિવાયના ગર્ભજ મનુષ્યો લેવા. આદિ પદથી ગર્ભજ ગાય, ભેંસ વગેરે તિર્યંચો સમજવા. દેવ પદના ઉપલક્ષથી નારકી જીવો ઔપપાતિક હોવાના કારણે જાણવા. અર્થાત્ દેવ-નારક-ગર્ભજતિર્યંચ-મનુષ્ય માત્ર संज्ञि पंचेन्द्रियो જાણવા.

ननु, पृथिव्यप्तेजोवायुप्रभृतीनां कथं जीवत्वं परैरनभ्युपगमादित्याशङ्कायां प्राणवतां जीवत्वस्योभयवादिसिद्धतया तद्दिदर्शयिषुराह–

एत एव प्राणिनः । २६ ।

एत एवेति । एवशब्दो भिन्नक्रमः तथा चैते-चतुर्दशविधाः प्राणिन एव-प्राणवन्त एवातो जीवत्वमेषामिति[१] भावः, अत्र प्रमाणान्युपदर्शितान्येव पूर्वमागमाश्च "पुढविकाइया णं भंते ! किं सागारोवओगोवउत्ता अणागारोवओगोवउत्ता गोयमा ! सागरोवओगोवउत्तावि, अणागारोवओगोवउत्तावि" इत्यादयो द्रष्टव्याः ।

શંકા- પૃથિવી-પાણી-વાયુ-અગ્નિ-વનસ્પતિ આદિમાં જીવપણું કેવી રીતે ? કેમ કે- બીજા દર્શનાન્તરીઓએ પૃથિવી આદિમાં જીવપણું માનેલું નથી.

---

१. एतेन यो जीवति स तावन्नियमाज्जीवः, अजीवस्यायुःकर्माभावेन जीवनाभावादिति व्याप्तिर्दर्शिता, यस्तु जीवः स स्याज्जीवति, स्यान्न जीवति, सिद्धस्य केनचिन् नयेन जीवनाभावात्, 'सिद्धो पुणरजीवो जीवणपरिणामरहिओत्ति' इति वचनादिति बोध्यम् ।

समाधान- હવે ઉપરોક્ત શંકાના સમાધાનમાં, પ્રાણવંતોમાં જીવપણું ઉભયવાદી સિદ્ધ હોવાથી, તે વસ્તુને દર્શાવવાની ઇચ્છાવાળા કહે છે કે-

ભાવાર્થ- 'આ જ પ્રાણવંતો છે.'

વિવેચન- અહીં એવ શબ્દ ક્રમભેદવાચક છે. જેમ કે-

આ સૂક્ષ્મેકેન્દ્રિય આદિ ચૌદ પ્રકારના પ્રાણીઓ જ પ્રાણવાળા જ છે, માટે આ આત્માઓનું જીવત્વ છે. અર્થાત્ આવા કથનથી જે પ્રાણોને ધારે છે, તે તો ચોક્કસ જીવ જ છે.

કેમ કે-અજીવને આયુષ્યકર્મ હોતુ નથી. એથી અજીવમાં જીવનનો અભાવ છે. આવી વ્યાપ્તિ દર્શાવેલ છે.

જે જીવે છે તે જીવ એ સંસારની અપેક્ષાએ છે. તે જીવતો નથી એ મોક્ષની અપેક્ષાએ છે, કેમ કે-સિદ્ધમાં (એવંભૂત નય) નયની અપેક્ષાએ જીવનનો અભાવ છે.

કહ્યું છે કે- 'સિદ્ધ તો અજીવ છે, જીવનરૂપ પરિણામરહિત છે.'

અહીં પ્રમાણો દર્શાવ્યા જ છે. પહેલાં આગમનું પ્રમાણ કહેવાય છે કે-

અર્થાત્ હે પ્રભો ! પૃથ્વીકાયિક જીવો શું જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગવાળા ખરા કે ? જવાબમાં ભગવાન કહે છે કે-હા, ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગ ચૈતન્યવાળા છે. ઇત્યાદિ આગળ જોવા.

के तत्र प्राणा येन तद्वत्त्वमेषां भवेदित्यत्राह-

तत्र प्राणा द्रव्यभावभेदेन द्विविधाः । द्रव्यप्राणाः पञ्चेन्द्रियमनोवाक्कायबलोच्छ्वासायूंषि दश । अनन्तज्ञानदर्शनचारित्रवीर्यात्मकाश्चत्वारो भावप्राणाः । २७ ।

तत्रेति । तत्पदेन प्राणिनः परामर्शः, घटकत्वं सप्तम्यर्थः, तथा ; प्राणिघटकीभूता इत्यर्थः। तत्राद्यस्य भेदमाह-द्रव्यप्राणा इति । मनोवाक्कायानां द्वन्द्वानन्तरं बलेन तत्पुरुषः, तत्र द्रव्यभावमनसोर्व्यापारविशेषो मनोबलं, गृहीतयोग्यपुद्गलद्रव्याणां भाषात्वेन परिणमनोत्तरं मनोयोगेन विसर्जनशक्तिः, शब्दोच्चारणरूपजीवशक्तिविशेषो वा वाग्बलं, शरीरद्वारा पदार्थ-ग्रहणपरित्यागरूपः जीवव्यापारः, तदनुकूलजीवनिष्ठशक्तिविशेषो वा कायबलं, गृहीत-योग्यपुद्गलानां शरीरयोगेनोच्छ्वासनिश्वासत्वेन परिणमय्यावलम्बनपूर्वकपरित्याग उच्छ्वासात्मकः प्राणः । आयुस्तु द्रव्यकालतो द्विविधम् । कर्मपुद्गलविशेषो द्रव्यायुः । तत्साहाय्येन नियतकालं जीवनं कालायुः, तत्र नैति जीवो मृत्युं द्रव्यायुषस्समाप्तिमन्तरेण । कालायुश्चापवर्त्तनीयान-पवर्त्तनीयभेदतो द्विविधम् । आयुर्बन्धावसरे जीवप्रदेशेष्वध्यवसायमान्द्यादतिविरलतयो-पात्तानामायुषां शस्त्राद्यभिघातेन नियतकालादर्वागेव यदा समापनं भवति तदपवर्त्तनीया-युरित्युच्यते । मन्दपरिणामप्रयोगोपचितमपवर्त्यं, अध्यवसानादिविशेषात्प्राक्तनजन्मविरचित-

स्थितेरल्पतापादनमपवर्त्तनेति यावत् । तीव्रतराध्यवसायात्तीव्रपरिणामप्रयोगोपचितानामायुषां भङ्गकप्रसङ्गेऽपि गाढबन्धनत्वान्निकाचितबन्धात्मनियमाद् यदा नियतकालादर्वाग् भङ्गाभावस्तदनपवर्त्तनीयायुः प्रोच्यत इति ॥

शंका- તે પ્રાણીઓમાં કેટલા અને કયા કયા પ્રાણો છે, કે જેથી આ જીવો પ્રાણવંત બને ?

સમાધાન- આના જવાબમાં કહે છે કે-

ભાવાર્થ- 'ત્યાં પ્રાણીશબ્દગત પ્રાણો દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારના છે.

દ્રવ્યપ્રાણો- પાંચ ઇન્દ્રિય, મનોબળ, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય-એમ દશ પ્રકારના છે.

ભાવપ્રાણો- અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્ય-એમ ચાર પ્રકારના છે.

વિવેચન- ત્યાં પ્રાણીપદમાં રહેલ પ્રાણો દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણના ભેદથી બે પ્રકારના છે. દ્રવ્યપ્રાણો- પાંચ ઇન્દ્રિયો, મનોબળ, દ્રવ્યમન અને ભાવમનનો વિશિષ્ટ વ્યાપાર 'મનોબળ' કહેવાય છે; વચનબળ કાયયોગ દ્વારા ગ્રહણ કરેલ ભાષાયોગ્ય પુદ્ગલ દ્રવ્યોને ભાષાપણાએ પરિણમાવી, ત્યારબાદ વચનયોગથી વિસર્જનની શક્તિ 'વચનબળ' કહેવાય છે, અથવા શબ્દના ઉચ્ચારણ રૂપ જીવની વિશિષ્ટ શક્તિ 'વચનબળ' કહેવાય છે; કાયબળ-શરીર દ્વારા પદાર્થના ગ્રહણ અને પદાર્થના પરિત્યાગ રૂપ જીવનો વ્યાપાર એ 'કાયબળ,' અથવા શરીર દ્વારા પદાર્થના ગ્રહણ અને પરિત્યાગને અનુકૂળ જીવમાં રહેલ વિશિષ્ટ શક્તિ 'કાયબળ' કહેવાય છે; ઉચ્છ્વાસ પ્રાણ-કાયયોગથી ગ્રહણ કરેલ ઉચ્છ્વાસયોગ્ય પુદ્ગલ દ્રવ્યોને ઉચ્છ્વાસ નિઃશ્વાસપણાએ પરિણમાવી અવલંબીને જીવ છોડે છે, તે 'ઉચ્છ્વાસ' કહેવાય છે; અને આયુઃપ્રાણ-નિયત ભવમાં નિયત કાળ સુધી જેના વડે જે રહેવું તે આયુષ્ય, અથવા પરભવમાં જ જીવને ઉદયમાં આવનાર આયુષ્ય દ્રવ્ય અને કાળના ભેદથી બે પ્રકારનું છે.

(૧) આયુષ્યકર્મના જે પુદ્ગલો તે 'દ્રવ્ય આયુઃ.'

(૨) આયુષ્યકર્મના પુદ્ગલોની સહાયથી નિયત કાળ સુધી જીવવું, તે જીવનકાળ રૂપ 'કાળ આયુઃ.'

અહીં દ્રવ્ય આયુષ્યની સમાપ્તિ સિવાય જીવ મરણ પામતો નથી-એમ સમજવું.

કાળ આયુષ્ય અપવર્તનીય અને અનપવર્તનીયના ભેદથી બે પ્રકારનું છે. અપવર્તનીય આયુષ્ય પૂર્વભવમાં આયુષ્યના બંધના અવસરે જીવપ્રદેશોમાં મંદ અધ્યવસાય દ્વારા અત્યંત શિથિલપણાએ ઉપાર્જેલ આયુષ્યોની શસ્ત્ર આદિ ઉપક્રમોના નિમિત્તથી નિયતકાળ પહેલાં જ જ્યારે સમાપ્તિ થાય, ત્યારે તે આયુષ્યો 'અપવર્તનીય કાળ આયુ' કહેવાય છે. અથવા મંદ પરિણામના પ્રયોગથી બાંધેલું કર્મ 'અપવર્ત્ય' અથવા પૂર્વજન્મમાં બાંધેલ આયુષ્યસ્થિતિને વિશિષ્ટ અધ્યવસાન આદિ (આયુઃક્ષયનાં હેતુભૂત ઉપક્રમો-અધ્યવસાન, નિમિત્ત, આહાર, વેદના, પરાઘાત, સ્પર્શ અને શ્વાસોશ્વાસના પ્રકારથી સાત પ્રકારનાં છે.) રૂપ આયુઃક્ષય હેતુથી અલ્પ કરવી, તેનું નામ અપવર્તના અને અપવર્તનાયોગ્ય 'અપવર્ત્ય' આયુષ્ય કહેવાય છે. (સોપક્રમ આયુઃ પણ કહેવાય છે.) અનપવર્તનીય આયુપૂર્વજન્મમાં તીવ્રતર અધ્યવસાયથી બાંધેલ આયુષ્યોનો,

આયુષ્યક્ષય હેતુભૂત અધ્યવસાન આદિ ઉપક્રમોના પ્રસંગમાં પણ નિકાચિત બંધના સ્વરૂપના નિયમથી જ્યારે નિયતકાળ પહેલાં ક્ષય થતો નથી, તે 'अनपवर्तनीय काળ आयुः' કહેવાય છે. (નિરૂપક્રમ આયુષ્ય કહેવાય છે.)

अथ केषां कियन्तः प्राणा इत्यत्राह-

स्पर्शकायोच्छ्वासायूँष्येकेन्द्रियाणाम्, रसवाग्भ्यां सह पूर्वोक्ता द्वीन्द्रियाणाम्, घ्राणेन सहैते त्रीन्द्रियाणाम्, चक्षुषा सहैत एव चतुरिन्द्रियाणाम्, श्रोत्रेण सहामी असंज्ञिनाम्, अनन्तज्ञानदर्शनचारित्रवीर्याणि चत्वारि सिद्धानां भावप्राणाः । २८ ।

स्पर्शेति । स्पर्शनेन्द्रियकायबलोच्छ्वासायुर्लक्षणाश्चत्वारः प्राणा एकेन्द्रियाणां पृथिव्यादीनामित्यर्थः । रसेति । स्पर्शनरसनेन्द्रियकायवाग्बलोच्छ्वासायुस्स्वरूपाः षट्प्राणा इत्यर्थः । श्रोत्रेणेति । इन्द्रियपञ्चककायवाग्बलोच्छ्वासायुर्लक्षणाः नव प्राणा असंज्ञिपञ्चेन्द्रियाणामित्यर्थः । मनसेति । पूर्वोक्ता दशविधाः प्राणास्संज्ञिनां भवन्तीत्यर्थः । सिद्धानान्तु निर्धूताखिलकर्मत्वात् कर्मप्रभवद्रव्यप्राणानामभावात्तेषां भावप्राणा एवेत्याह अनन्तेति । द्वन्द्वादौ श्रुतमनन्तपदं ज्ञाने दर्शने चारित्रे वीर्ये चान्वेति, अनन्तं ज्ञानं सकलज्ञेयग्राहि समस्तज्ञानावरणक्षयप्रभवं, अनन्तं दर्शनं अशेषदर्शनावरणीयक्षयसमुज्झृम्भितं, अनन्तं चारित्रं सकलमोहक्षयाविर्भूतं, अनन्तं वीर्यं निखिलवीर्यान्तरायकर्मप्रध्वंसविलसितं । ज्ञानदर्शनचारित्रवीर्याणि जीवमात्रसाधारणानि परन्तु संसारिणामनादितस्तत्तत्कर्मावृतत्वेन यथाक्षयोपशमं न्यूनाधिकानि भवन्ति, मुक्तानान्तु कृत्स्नकर्मक्षयादाविर्भूतानि एतान्येव प्राणभूतानीति भावः ॥

હવે કોને કોને કેટલા પ્રાણો સંભવે છે ?-એ વસ્તુને દર્શાવે છે કે-

ભાવાર્થ- 'એકેન્દ્રિય જીવોને સ્પર્શન ઇન્દ્રિય, કાયબળ, ઉચ્છ્વાસ અને આયુષ્ય રૂપ ચાર પ્રાણો છે.

દ્વીન્દ્રિય જીવોને પૂર્વોક્ત ચાર પ્રાણોમાં રસનેન્દ્રિય અને વચનબળ ઉમેરવાથી છ પ્રાણો છે.

તેઈન્દ્રિય જીવોને પૂર્વોક્ત છ પ્રાણો સાથે ઘ્રાણેન્દ્રિય ઉમેરવાથી સાત પ્રાણો છે.

ચતુરિન્દ્રિય જીવોને પૂર્વોક્ત સાત પ્રાણોમાં ચક્ષુરિન્દ્રિય ઉમેરવાથી આઠ પ્રાણો છે.

અસંજ્ઞિ પંચેન્દ્રિયોને પૂર્વોક્ત આઠ પ્રાણો સાથે શ્રોત્રેન્દ્રિય ઉમેરવાથી નવ પ્રાણો છે.

સંજ્ઞિ પંચેન્દ્રિયોને પૂર્વોક્ત નવ પ્રાણોમાં મનઃપ્રાણ ઉમેરવાથી દશ પ્રાણો હોય છે.

શ્રી સિદ્ધ ભગવંતોમાં અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય રૂપ ચાર ભાવપ્રાણો હોય છે.'

વિવેચન- પૃથિવીકાયિક આદિ એકેન્દ્રિય જીવોને સ્પર્શનેન્દ્રિય, કાયબળ, ઉચ્છ્વાસ અને આયુષ્ય રૂપ ચાર પ્રાણો હોય છે.

કરમિયા આદિ દ્વીન્દ્રિય જીવોને સ્પર્શન, રસન ઇન્દ્રિયો, કાયબળ, વચનબળ, ઉચ્છ્વાસ અને આયુષ્ય રૂપ છ પ્રાણો હોય છે. અસંજ્ઞિ (સંમૂર્ચ્છિમ) પંચેન્દ્રિયોને પાંચ ઇન્દ્રિયો, કાયબળ, વચનબળ, ઉચ્છ્વાસ અને આયુષ્ય રૂપ નવ પ્રાણો હોય છે. સંજ્ઞિ (મનવાળા) પંચેન્દ્રિયોને પાંચ ઇન્દ્રિયો, મનોબળ, વચનબળ, કાયબળ, ઉચ્છ્વાસ અને આયુષ્ય રૂપ દશ પ્રાણો હોય છે.

વળી શ્રી સિદ્ધ ભગવંતોને તો સર્વથા સર્વ કર્મનો ક્ષય હોવાથી-કર્મજના દ્રવ્ય-પ્રાણોનો અભાવ હોવાથી માત્ર ભાવપ્રાણો જ હોય છે.

એ વાત કહે છે કે- 'દ્વન્દ્વ સમાસની શરૂઆતમાં રહેલ અનંત વિશેષણ પદનો અન્વય-સંબંધ જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં અને વીર્યમાં થાય છે. અર્થાત્ અનંતજ્ઞાન સકલ જ્ઞેયવિષયક તેમજ સમસ્ત જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી જન્ય ક્ષાયિક ભાવનું છે.

અનંતદર્શન સર્વ દર્શનાવરણીય કર્મના ક્ષયથી પ્રકટિત ક્ષાયિક ભાવનું છે.

અનંત ચારિત્ર (સ્થિરતા રૂપી ચારિત્ર) સકલ મોહનીય કર્મના ક્ષયથી આવિર્ભાવ પામેલ ક્ષાયિક ભાવનું છે.

અનંતવીર્ય સકલ વીર્યાન્તરાય કર્મના ક્ષયથી જન્ય ક્ષાયિક ભાવનું છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય રૂપ આત્માના વિશિષ્ટ ગુણો જીવ માત્રમાં સાધારણ છે. પરંતુ સંસારી જીવોના જ્ઞાનાદિ ગુણો અનાદિ કાળથી તે તે કર્મોથી આવૃત્ત હોવાથી સંસારી જીવોને ક્ષયોપશમ પ્રમાણે તરતમ ભાવથી હોય છે.

શ્રી સિદ્ધ ભગવંતોને તો સમસ્ત કર્મના ક્ષયથી પ્રકટેલા જ્ઞાનાદિ ગુણો જ પ્રાણભૂત હોઈ ભાવપ્રાણ રૂપ છે. આ પ્રમાણે ભાવ અહીં સમજવો.

अथासंसारिणं लक्षयति–

निर्धूताशेषकर्मा असंसारी, स एव सिद्धो जिनाजिनतीर्थादिभेदभिन्नश्चरमशरीर-त्रिभागोनाकाशप्रदेशावगाही च ॥ इति जीवनिरूपणम् । २९ ।

निर्धूतेति । निर्धूतानि निःशेषीकृतान्यशेषाण्यष्टविधानि ज्ञानावरणीयादिकर्माणि येन स निर्धूताशेषकर्मा । निर्धूतयत्किञ्चित्कर्मण्यतिप्रसङ्गवारणायाशेषेति । तत्र यो विशेषस्तमाह स एवेति । असंसार्येवेत्यर्थः । जिनाजिनेति । एतत्तत्त्वमग्रे वक्ष्यते । चरमशरीरेति । यथा प्रदीपतेजोऽवयवाः स्वल्पेऽवकाशे संकोचं महति च विकासं भजन्ते तथैव लोकाकाशप्रदेशप्रमितस्यात्मनोऽपि प्रकृष्टसंकोचप्राप्तिदशायां लोकस्यैकस्मिन्नसंख्येयभागे स्थितिः, उत्कृष्टविकासकाष्ठावलम्बिनः केवलिनस्समुद्घातदशायां सर्वलोकेऽवगाहोऽन्यत्र चानेकविधा मध्यमावस्थेति वस्तुस्थितिः । परन्तु सर्वस्य संसारिणोऽनन्तानन्तपरमाणुजन्यकार्मणशरीरेणानादितस्संसृष्टतया

स्वभावतोऽपि वा नैकादिप्रदेशावगाहित्वं किन्त्वसंख्येयप्रदेशावगाहित्वमेव, सिद्धानां योगनिरोधकाले च शरीरसुषिराणां पूरणात् तृतीयभागहीनावगाहत्वं, अतः परमनावरण-वीर्यस्यापि भगवतो न संकोचः, स्वभावश्चायमेतावानेव संहार इति न स्वभावे पर्यनुयोगः, कारणाभावात्प्रयत्नाभावेनोपसंहाराभावाच्चेति ॥

प्रकरणरूपत्वादस्य ग्रन्थस्य विस्तरेणाभिधानमनुचितमिति जीवनिरूपणमुपसंहरति इतीति, उक्तदिशेति भावः, समाप्तमिति शेषः ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टधर-**श्रीमद्विजयकमलसूरीश्वर**चरण-नलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा** विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाश**व्याख्यायां जीवनिरूपणाख्यो **द्वितीयकिरणस्समाप्तः** ॥

असंसारी जीवनुं लक्षण

ભાવાર્થ- 'સર્વ કર્મથી સર્વથા રહિત 'અસંસારી' ને જ સિદ્ધ, જિન, અજિન, તીર્થ આદિ ભેદવાળો અને ચરમશરીરના ત્રીજા ભાગથી ન્યૂન આકાશપ્રદેશની અવગાહનાવાળો છે.'

વિવેચન- અશેષ-અષ્ટ પ્રકારના જ્ઞાનાવરણીય આદિ કર્મોનો જેણે સર્વથા ક્ષય કર્યો છે, તે 'અસંસારી' છે.

યત્કિંચિત્ દેશથી કર્મના ક્ષય કરનારમાં-અકામનિર્જરા-સકામનિર્જરાવાળામાં અતિવ્યાપ્તિ વારવા માટે 'અશેષ'-એવું વિશેષણ કર્મનું સમજવું.

હવે તે અસંસારીમાં જે વિશેષ ભેદ છે, કહે છે-તે જ અસંસારી-જિન-અજિન વગેરે છે. આનું સ્વરૂપ આગળ કહેવાશે. અર્થાત્ જિનસિદ્ધ, અજિનસિદ્ધ, તીર્થસિદ્ધ આદિ પંદર ભેદોનું વર્ણન આગળ કહેવાશે.

असंसारी सिद्धोनी अवगाहनानुं वर्णन

જેમ પ્રદીપના તેજના અવયવો (તૈજસ્ પરમાણુઓ રૂપ પ્રકાશપર્યાય)ની જગ્યામાં સંકોચને અને મોટી જગ્યામાં વિકાસને પામે છે.

તેમ લોક આકાશના પ્રદેશ બરોબર પ્રદેશવાળા-અસંખ્યાત પ્રદેશવાળા સંસારી આત્માના પ્રદેશોની પણ ઉત્કૃષ્ટ સંકોચની પ્રાપ્તિવાળી દશામાં લોકના એક અસંખ્યાતમા ભાગમાં સ્થિતિ છે.

ઉત્કૃષ્ટ વિકાસની દશાવાળા કેવલીની સમુદ્ઘાતની દશામાં સર્વ લોકમાં અવગાહ છે. એ સિવાય મધ્યમ અવસ્થા બે અસંખ્યાતા પ્રદેશવાળી દશાથી માંડી સંખ્યાતા અસંખ્યાત પ્રદેશવાળી મધ્યમ દશા નાના ભેદવાળી છે, કેમ કે-આવી જ લોકમર્યાદા છે.

પરંતુ સઘળા સંસારીની અનંત અનંત પરમાણુજન્ય કાર્મણશરીર સંબંધની અપેક્ષાએ અથવા સ્વભાવથી પણ એક આદિ પ્રદેશની અવગાહના નથી, પણ અસંખ્યાત પ્રદેશવાળી અવગાહના જ સમજવી.

અસંસારી સિદ્ધો છેલ્લા શરીરના ત્રીજા ભાગથી ન્યૂન અવગાહનાવાળા હોય છે.

અર્થાત્ શરીરનો ત્રીજો ભાગ છિદ્ર રૂપ છે. તેને પૂરવાના કારણે ત્રીજા ભાગે હીન અવગાહના કહી છે. વળી તે અવગાહ યોગના નિરોધના કાળમાં થાય છે. એટલે સિદ્ધ પણ શરીરના ત્રીજા ભાગે હીન અવગાહવાળા હોય છે.

આનાથી ઓછો, આવરણ વગરના વીર્યવાળા પણ ભગવાનને સંકોચ હોતો નથી, કારણ કે-આ સ્વભાવ જ છે કે-આટલો જ સંકોચ છે. સ્વભાવમાં કેમ ?-એવો પ્રશ્ન અયોગ્ય છે, કેમ કે-કર્મપ્રભાવ રૂપ કારણના અભાવથી પ્રયત્નનો અભાવ હોઈ શ્રી સિદ્ધ ભગવંતોના પ્રદેશોનો સંકોચ-વિકાસ હોતો નથી.

સંસારી જીવોમાં આત્માના પ્રદેશોનો કર્મ નિમિત્તે સંકોચ-વિકાસ થવા છતાં નાશ થતો નથી, કેમ કે-અરૂપી છે. તેમજ અસંખ્યાત પ્રદેશોની સંખ્યામાં વધ-ઘટ થતી નથી. આત્માને ભલે સંકુચિત કે વિકસિત ક્ષેત્ર મળે.

સારાંશ કે-જઘન્યથી સિદ્ધની અવગાહના આઠ અંગુલ અધિક એક હાથ પ્રમાણવાળી છે, કેમ કે-બે હાથના શરીરથી ન્યૂન અવગાહનાવાળો મોક્ષ મેળવી શકતો નથી.

મોક્ષગમનકાળમાં ભવોપગ્રાહી શરીરની અવગાહનાનો ત્રીજો ભાગ સંકોચને પામે છે.

ઉત્કૃષ્ટથી એક ધનુષ્યનો ત્રીજો ભાગ અધિક એવા ત્રણ સો તેત્રીશ ધનુષ્યના પરિમાણવાળી સિદ્ધ અવગાહના, કેમ કે- પાંચ સો ધનુષ્યની અવગાહનાવાળો જ મુક્તિને મેળવી શકે છે પણ પાંચસો ધનુષ્યથી અધિક અવગાહનાવાળો નહિ. ત્રીજો ભાગ પૂર્વની માફક સંકોચવશે ન્યૂન છે.

આ પ્રમાણે એક સિદ્ધની અવગાહનાની અપેક્ષાએ જઘન્ય-ઉત્કૃષ્ટથી લોકના અસંખ્યાતમા ભાગે સિદ્ધો રહે છે.

સકલ સિદ્ધોની અવગાહનાની અપેક્ષાએ આયામ-વિષ્કંભથી પીસ્તાલીશ લાખ જોજન પરિમિત ક્ષેત્ર છે, જ્યારે ઉંચાઈથી તો એક યોજનનો ચોવીશમો ભાગ અથવા ચાર કોસમાંથી છેલ્લા કોસનો છઠ્ઠો ભાગ છે.

આ ગ્રંથ પ્રકરણ રૂપ હોવાથી શબ્દપ્રપંચ રૂપ વિસ્તરથી કથન ઉચિત નથી. આથી જીવનિરૂપણનો ઉપસંહાર કરે છે કે-આ પ્રમાણે જીવનિરૂપણ સમાપ્ત થાય છે.

-: પ્રશસ્તિ :-

ઈતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર પટ્ટધર શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વર ચરણકમલમાં ભક્તિસમુદાયને સ્થાપન કરનાર, તેમના જ પટ્ટધર એવા શ્રી વિજયલબ્ધિસૂરિએ રચેલ 'તત્ત્વન્યાયવિભાકર'ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામક-વ્યાખ્યામાં જીવનિરૂપણ નામનું બીજું કિરણ સમાપ્ત થાય છે.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિ**એ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં દ્વિતીય કિરણનો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

ઈતિ દ્વિતીય કિરણ

●●●

अथ तृतीयकिरणः ॥

अथ द्वितीयं तत्त्वं निरूपयितुं तल्लक्षणमाह-

चेतनाशून्यं द्रव्यमजीवः । १ ।

चेतनेति । चेतनाशून्यत्वे सति द्रव्यत्वमजीवस्य लक्षणं, जीवेऽतिप्रसङ्गवारणाय विशेषणं, न भावोऽभाव इतिवच्चेतनाभावमात्रस्याजीवत्वप्रसङ्गवारणाय विशेष्यम्, तत्राजीवस्य पञ्चविधत्वं पूर्वमुक्तमेव ॥

અજીવનિરૂપણ નામક તૃતીય કિરણ

હવે અજીવ રૂપ બીજા તત્ત્વના નિરૂપણ માટે અજીવનું લક્ષણ

ભાવાર્થ- ચેતના વગરનું દ્રવ્ય 'અજીવ' કહેવાય છે.

વિવેચન- ચેતનાશૂન્યત્વ રૂપ વિશેષણવાળું અને દ્રવ્યત્વ રૂપ વિશેષ્યવાળું અજીવ રૂપ લક્ષ્યનું લક્ષણ છે.

આ લક્ષણમાં એકલું દ્રવ્યત્વ રૂપ વિશેષ્ય જો રાખવામાં આવે અને વિશેષણ દલ ન રાખવામાં આવે, તો જીવમાં દ્રવ્યત્વ હોઈ અલક્ષ્યભૂત જીવ રૂપ દ્રવ્યમાં દ્રવ્યત્વ હોઈ દ્રવ્યત્વ રૂપ લક્ષણમાં લક્ષણદોષ રૂપ અતિવ્યાપ્તિ (અલક્ષ્યમાં લક્ષણનું રહેવા રૂપ દોષ) થાય છે. માટે ચેતનાશૂન્યત્વ રૂપ વિશેષણ દલનો નિક્ષેપ કરવાથી અતિવ્યાપ્તિ નામક દોષ નહિ આવે, કેમ કે- જીવમાં ચેતના છે, તેનું શૂન્યત્વ નથી.

જો ચેતનાશૂન્યત્વ રૂપ વિશેષણ દલ માત્ર લક્ષણ કરવામાં આવે અને 'દ્રવ્યત્વ' રૂપ વિશેષ્ય દલ ન કહેવામાં આવે, તો 'નભાવ'- ભાવ નહિ તે અભાવ, એની માફક ચેતનાના અભાવ માત્રમાં (જ્ઞેયત્વાદિ ગુણધર્મ ક્રિયા-પર્યાય આદિમાં) અજીવત્વ પ્રસંગના વારણ માટે 'દ્રવ્યત્વ' રૂપ વિશેષ્ય દલ રાખવું જોઈએ. અહીં અજીવદ્રવ્યના પાંચ પ્રકારો પહેલાં કહી દીધેલ છે.

सम्प्रति प्रथमं धर्मं लक्षयति -

गत्यसाधारणहेतुर्द्रव्यं धर्मः । २ ।

गत्यसाधारणेति । गतिर्गमनक्रिया, क्रिया च बाह्याभ्यन्तरनिमित्तापेक्षत्वे सति देशान्तरप्राप्तिहेतुत्वे सति द्रव्यपर्यायरूपा । तत्राभ्यन्तरं निमित्तं द्रव्यस्य क्रियापरिणामशक्तिः, बाह्यं तु नोदनाभिघातादिः, एतेन च क्रियायाः कथञ्चिद्द्रव्यभिन्नत्वमन्यथोपरमाभावप्रसङ्गः, द्रव्यपर्यायत्वाच्च नात्यन्तिकभेदः, अन्यथा द्रव्यस्य निश्चलत्वप्रसङ्गः । ज्ञानादीनामपि बाह्याभ्यन्तरनिमित्तापेक्षत्वे सति द्रव्यपर्यायत्वात्तद्वारणाय देशान्तरप्राप्तिहेतुत्वे सतीत्युक्तम् । सा च जीवपुद्गलयोरेव, तयोरेव देशान्तरप्राप्तिदर्शनात् । तां प्रत्यसाधारणहेतुभूतं द्रव्यं धर्म इत्यर्थः, तत्र कारणं त्रिविधं निर्वर्त्तकनिमित्तपरिणामिभेदात्, यथा घटं प्रति कुलालो निर्वर्त्तकं कारणं, दण्डादिकं निमित्तं, मृत्पिण्डः परिणामि, तथा जीवपुद्गलानां गतिं प्रति गतिक्रियाविष्टं तदेव जीवपुद्गलद्रव्यं निर्वर्त्तकं तदेव च गतिपरिणामि परिणामिकारणं, धर्मद्रव्यञ्च निमित्तमिति । निमित्तं कारणञ्च प्रायोगिकवैस्रसिकोभयक्रियावद् यथा दण्डादिः, तद्वत् केवलं वैस्रसिकक्रियावदपि, एतदेव निमित्तकारणमसाधारणकारणमपेक्षाकारणमुच्यते, द्रव्यगतक्रियापरिणाममपेक्ष्य धर्मादीनां जीवादिगत्यादिक्रियापरिणतेः परिपोषणात् ईदृक्परिपोषणस्यान्यासाधारणत्वात्, धर्माद्यखिलद्रव्येषु वैस्रसिकक्रियायाः सद्भावेन प्रायोगिकक्रियापेक्षया निष्क्रियत्वेन धर्मादिषु दण्डादिवन्निमित्तकारणत्वप्रसङ्गभङ्गाय हेत्वन्तम् । कस्यचिन्मते जीवविशेषगुणे रूढस्य धर्मस्य व्यावृत्त्यर्थं द्रव्यपदम् । गतिमत्त्वे सति द्रव्यत्वमित्युक्तौ जीवपुद्गलयोरतिव्याप्तिरिति गत्यसाधारणहेतुत्वे सतीत्युक्तम् । गतिहेतुत्वे सति द्रव्यत्वमित्युक्तौ कालादिसमवायानां कार्यमात्रकारणत्वे कालादावतिव्याप्तिवारणायापेक्षाकारणत्वापरपर्यायमसाधारणकारणत्वमुक्तम्, अपेक्षाकारणत्वे सति द्रव्यत्वमित्युक्तावधर्मादावतिव्याप्तिरिति गतीति ॥

ધર્માસ્તિકાય રૂપ અજીવનું લક્ષણ

ભાવાર્થ- ગતિ પ્રત્યે અસાધારણ હેતુભૂત દ્રવ્ય 'ધર્માસ્તિકાય' કહેવાય છે.

વિવેચન- ગતિ એટલે ગમનક્રિયા અને તે ક્રિયા બાહ્ય-આભ્યંતર રૂપ નિમિત્તની અપેક્ષાવાળી તેમજ બીજા પ્રદેશની પ્રાપ્તિમાં હેતુભૂત એવી દ્રવ્યના પર્યાય રૂપ છે.

ત્યાં અભ્યંતર રૂપ નિમિત્ત દ્રવ્યની ક્રિયા રૂપ પરિણામની શક્તિ સમજવી. બાહ્ય રૂપ નિમિત્ત, પ્રેરણા, અભિઘાત વગેરે. આ કથનથી ક્રિયાનું કથંચિત્ દ્રવ્યથી ભિન્નપણું છે.

---

१. आत्मपक्षे प्रयोगः आत्मा सक्रियो देहपरिस्पन्ददर्शनाद्यंत्रपुरुषवदिति, न च देहपरिस्पन्दहेतुः प्रयत्नो न क्रियेति वाच्यमक्रिये नभसि तदसंभववदक्रिय आत्मन्यपि तदसम्भवात्, तथाऽऽत्मा सक्रियः कर्तृत्वात् कुलालवदित्यपि प्रयोगो न चासिद्धो हेतुः, कर्त्ताऽऽत्मा स्वकर्मफलभोक्तृत्वादित्यनुमानतस्तत्सिद्धेरिति ॥

જો ક્રિયાને કથંચિદ્ દ્રવ્યથી ભિન્ન ન માનવામાં આવે, તો ક્રિયાના અવિરતપણાનો પ્રસંગ આવે !

વળી ક્રિયા દ્રવ્યના પર્યાય રૂપ હોવાથી આત્યંતિક ભેદ નથી અર્થાત્ કથંચિદ્ અભિન્ન છે.

જો ક્રિયાને કથંચિદ્ અભિન્ન ન માનવામાં આવે, તો દ્રવ્યમાં નિષ્ક્રિયત્વનો પ્રસંગ આવે !

ગતિ રૂપ ક્રિયાનું લક્ષણ એ છે કે-બાહ્ય-અભ્યંતર રૂપ નિમિત્તની-અપેક્ષાવાળી અને દેશાન્તરપ્રાપ્તિમાં હેતુભૂત એવી દ્રવ્યના પર્યાય (પરિણામ રૂપ પર્યાય) રૂપ છે.

દ્રવ્યનો પર્યાય એ અહીં વિશેષ્ય દલ છે. બાહ્ય-અભ્યંતર રૂપ નિમિત્તની અપેક્ષાએ વિશેષણ એક છે અને દેશાન્તરપ્રાપ્તિ પ્રત્યે હેતુ એ વિશેષણ બીજું છે.

આ બે વિશેષણોમાંથી દેશાન્તરપ્રાપ્તિ હેતુ રૂપ વિશેષણ દલ જો ન મૂકવામાં આવે, તો જ્ઞાન આદિ રૂપ અલક્ષ્યમાં બાહ્ય-અભ્યંતર દોષના વારણ માટે દેશાન્તરપ્રાપ્તિ હેતુ રૂપ વિશેષણ દલનું ઉપાદાન કરેલ છે, કેમ કે-જ્ઞાન આદિ દેશાન્તરપ્રાપ્તિમાં હેતુ નથી.

વળી તે ગતિ રૂપ ક્રિયા જીવ અને પુદ્ગલમાં જ છે, કેમ કે- તે બે, જીવ અને પુદ્ગલમાં જ દેશાન્તરપ્રાપ્તિ પ્રત્યક્ષ સિદ્ધ છે.

(આત્મપક્ષમાં અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે કે-આત્મા ક્રિયાવાળો છે, કેમ કે-દેહમાં પરિસ્પંદ દેખાય છે. જેમ કે-યંત્રપુરુષ.

વળી એમ પણ નહિ કહેવું કે-દેહના પરિસ્પંદનો હેતુભૂત પ્રયત્ન એ ક્રિયા નથી, કેમ કે-જેમ ક્રિયા વગરના આકાશમાં ક્રિયાનો અસંભવ છે, તેમ આત્મામાં પણ તે ક્રિયા માત્રનો અસંભવ થઈ જાય !

તેમજ આત્મા ક્રિયાવાળો છે, કેમ કે-કર્તા છે. જેમ કે-કુંભાર. એવો અનુમાનપ્રયોગ પણ કરવો.

અહીં હેતુ, સ્વરૂપ અસિદ્ધ નથી, કેમ કે-આત્મા પોતાના કર્મના ફળનો (સુખ-દુઃખ આદિનો) ભોક્તા છે.)

તાદૃશ સ્વરૂપ વિશિષ્ટ ગતિ રૂપ ક્રિયા પ્રત્યે અસાધારણ ધર્મ સિવાય બીજું દ્રવ્ય હેતુ રૂપે નહિ, અતએવ અનન્ય હેતુભૂત જે દ્રવ્ય, તે 'ધર્માસ્તિકાય' દ્રવ્ય કહેવાય છે.

ત્યાં કારણ નિર્વર્ત્તક, નિમિત્ત અને પરિણામીના ભેદથી ત્રણ પ્રકારનું છે.

નિર્વર્ત્તક એટલે બનાવનાર, જેમ કે-ઘટ રૂપી કાર્ય પ્રત્યે કુંભાર નિર્વર્ત્તક કારણ છે, દંડ આદિ નિમિત્તકારણ છે (ઉપકારક કારણ) અને મૃત્તિકાપિંડ પરિણામી (ઉપાદાન) કારણ છે.

તેમ જીવોની અને પુદ્ગલોની ગતિ રૂપ કાર્ય પ્રત્યે ગતિક્રિયામાં પ્રવિષ્ટ, તે જ પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય નિર્વર્ત્તક રૂપ કારણ છે અને તે જ ગતિપરિણત જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય 'પરિણામી' (ઉપાદાન) કારણ છે.

(કાર્યથી અભિન્નકારણ-ઉપાદાનકારણ છે. જેમ કે-કુંડલ, કડાં વગેરેનું કારણ સોનું.) જ્યારે ધર્માસ્તિકાય દ્રવ્ય નિમિત્તકારણ છે.

વળી નિમિત્તકારણ પ્રાયોગિક અને સ્વાભાવિક રૂપ ઉભય ક્રિયાવાળું છે. જેમ કે-દંડ આદિ. તેની માફક ફક્ત સ્વાભાવિક ક્રિયાવાળું પણ કારણ-નિમિત્તકારણ છે. આ જ નિમિત્તકારણ અસાધારણકારણ અને અપેક્ષાકારણ તરીકે કહેવાય છે.

દ્રવ્યગત ક્રિયા રૂપ પરિણામની અપેક્ષા રાખીને ધર્મ આદિ, (અધર્મ) જીવપુદ્ગલગત ગતિ આદિ (સ્થિતિ) રૂપ પરિણતિની પરિપુષ્ટિ કરનાર છે-સહાયક છે.

આવું પોષણ-આવી સહાય બીજા દ્રવ્યોથી એટલે ધર્મ-અધર્મ દ્રવ્ય સિવાય બીજા દ્રવ્યોથી અશક્ય હોઈ, ગતિસ્થિતિના ઉપકારનો ગુણ બીજા દ્રવ્યો કરતાં ધર્મ-અધર્મમાં અસાધારણ ગુણ છે.

ધર્મ આદિ દ્રવ્યોમાં સ્વાભાવિકી ક્રિયાનો સદ્ભાવ હોવાથી અને પ્રાયોગિક ક્રિયાની અપેક્ષાએ નિષ્ક્રિયપણું હોવાથી, ધર્મ આદિમાં (અધર્મમાં) દંડ આદિની માફક (દંડ આદિમાં પ્રાયોગિક અને સ્વાભાવિક ક્રિયા હોઈ) નિમિત્તકારણતાના પ્રસંગનો અને ક્રિયારહિત હોઈ અકારણતાના પ્રસંગનો અવકાશ-સ્થાન નથી, કેમ કે-કુર્વત્ કારણ (ઉપકાર કરતું કારણ) મનાય છે.

ગતિ રૂપ કાર્ય પ્રત્યે અસાધારણ હેતુત્વ રૂપ વિશેષણ દલ છે અને દ્રવ્યત્વ રૂપ વિશેષ્ય દલ છે. એ રૂપ લક્ષણનું ધર્મ એ લક્ષ્ય છે.

જો માત્ર ધર્મનું લક્ષણ દ્રવ્યત્વ રૂપ વિશેષ્ય દલ સ્વીકારવામાં આવે, તો જીવ રૂપ અલક્ષ્યમાં અતિવ્યાપ્તિ રૂપ લક્ષણદોષ છે, કેમ કે-જીવ પણ દ્રવ્ય છે-તેમાં દ્રવ્યત્વ છે.

માટે જીવ આદિમાં અતિવ્યાપ્તિ વારવા માટે ગતિ અસાધારણ હેતુત્વ રૂપ વિશેષ દલનો નિવેશ કરવો.

વૈશેષિક-નૈયાયિક મતમાં બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ અને અધર્મ- એમ આત્માના વિશેષ ગુણો આઠ માનેલા છે. એ પૈકી જીવના વિશેષ ગુણમાં રૂઢ (પરિભાષિત) ધર્મની વ્યાવૃત્તિ માટે દ્રવ્યપદનું ગ્રહણ કરેલ છે. અહીં ધર્માસ્તિકાય દ્રવ્ય છે પણ ગુણ નહિ.

ગતિમત્વ એ વિશેષણ રાખી અને દ્રવ્યત્વને વિશેષ્ય રાખી જો ધર્મનું લક્ષણ કરવામાં આવે, તો ગતિક્રિયામાં પરિણત જીવપુદ્ગલ રૂપ નિર્વર્ત્તક-પરિણામી કારણમાં અથવા સ્વતો ગતિવાળા જીવપુદ્ગલમાં ગતિમત્વ રૂપ વિશેષણ દ્રવ્યત્વ રૂપ વિશેષ્ય હોઈ, અલક્ષ્ય જીવપુદ્ગલમાં અતિવ્યાપ્તિ વારવા માટે ગતિ અસાધારણ હેતુત્વ રૂપ વિશિષ્ટ વિશેષણ દલ મૂકવું, કેમ કે-ગતિમાન જીવપુદ્ગલ છે પણ ગતિ પ્રત્યે અસાધારણ હેતુ નથી.

ધર્મ રૂપ લક્ષ્યનું લક્ષણ જો ગતિહેતુત્વ રૂપ વિશેષણ અને દ્રવ્યત્વ રૂપ વિશેષ્ય રાખવામાં આવે, તો કાલ આદિ ગુણ કાર્ય માત્ર પ્રતિ કારણ હોઈ સાધારણ કારણ છે. એટલે કાલ આદિ (આકાશ)માં અતિવ્યાપ્તિ વારણાય અપેક્ષાકારણ જેનું બીજું નામ છે, એવું અસાધારણ કારણ રૂપ હેતુ લેવો.

ધર્મનું લક્ષણ જો અપેક્ષાકારણત્વ રૂપ વિશેષણ અને દ્રવ્યત્વ રૂપ વિશેષ્ય રાખવામાં આવે, તો અલક્ષ્યભૂત અધર્મ-આકાશ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે ગતિ અસાધારણ હેતુત્વ વિશિષ્ટ દ્રવ્યત્વ, એ ધર્મનું સ્થિર લક્ષણ સમજવું.

ननु निखिलमिदं तदा सङ्गच्छते यदा लक्ष्यभूतं धर्मद्रव्यं प्रमितं स्यात्, न ह्यप्रमितं लक्षयितुं शक्यमतिप्रसङ्गात्, तस्माच्छून्यमिदं जल्पनमित्याशङ्कायां तत्प्रमिणोति-

तत्र प्रमाणं जीवपुद्गलानां गतिर्बाह्यनिमित्तापेक्षा गतित्वाज्जलस्थमत्स्यादिगतिवदित्यनुमानम् । ३ ।

तत्रेति । तच्छब्देन लक्ष्यभूतधर्मद्रव्यपरिग्रहः, सप्तम्यर्थो विशेष्यत्वं, तस्य च प्रमाणपदवाच्यप्रमितिकरणत्वैकदेशे प्रमितावन्वयस्तथा च लक्ष्यभूतधर्मद्रव्यविशेष्यकप्रमित्यसाधारणकारणमित्यर्थस्तस्य चाग्रेतनेनानुमानपदेनान्वयः । जीवपुद्गलानामिति । गतिपरिणतानामित्यादिः, अन्यथा धर्मद्रव्यस्य बलात्तत्र गतिजनकत्वापत्तेः, न चेष्टापत्तिः, गतिपरिणतानां गतिं प्रति पोषकत्वाभ्युपगमात्, अनवरतगतिप्रसङ्गाच्च । बाह्यनिमित्तापेक्षेति, आन्तरनिमित्तजीवादिशक्तिमादाय सिद्धसाधनवारणाय बाह्येति । गतौ परिणामिकारणं जीवादिकं निर्वर्त्तककारणञ्चादाय सिद्धसाधनवारणाय कारणपदमुपेक्ष्य निमित्तपदग्रहणं कृतम् । यथा च स्वयमेव सञ्जातजिगमिषस्य मत्स्यस्य गतौ जलमनुपघातकं सन्निमित्ततयोपकारकं तथा स्वभावेन परिणतजीवपुद्गलगतिरप्यनुपघातकं किञ्चन द्रव्यं निमित्ततयोपकारकमपेक्षत एव, गतित्वस्योभयत्र समानत्वात्, न च तादृशं द्रव्यमाकाशं भवितुमर्हति, अवगाहनामात्रगुणत्वात्, नह्यन्यस्य धर्मोऽन्यस्य भवितुमर्हति तथा च सत्यप्तेजोगुणाद्द्रवदहनादयः पृथिव्या एव प्रसज्येरन् । आकाशस्यैव निमित्तत्वेऽलोकाकाशेऽपि गमनप्रसङ्गाच्च । न च कारणत्वमन्वयव्यतिरेकगम्यं, यथा जलादिसद्भावे मत्स्यादीनां गतिस्तदभावे च तदभाव इति, तथा च धर्मद्रव्यसत्त्वेऽपि जलाभावे मत्स्यादीनां गत्यभावाद्व्यभिचारेण न कारणत्वं गतौ तस्यापि तु जलस्यैवेति वाच्यम्, सत्यपि भूम्यादावधिकरणे गगनस्य सर्वाधारत्वमिव सत्यपि ह्रदादिगतौ जलादीनां कारणत्वे सर्वेषां गतिसामान्यं प्रति निमित्तान्तरस्यापेक्षितत्वात् । न च देशान्तरप्राप्तिहेतुर्द्रव्यपरिणामविशेषो गतिस्तथा च देश एव गत्यपेक्षाकारणमस्त्विति वाच्यम्, देशविशेषाणां देशत्वेनानुगतरूपेण कारणत्वासम्भवात् तथा सति ह्यलोकेऽपि गमनं प्रसज्येत,

१. तदुक्तं 'परिणामी गतेर्धर्मो भवेत्पुद्गलजीवयोः । अपेक्षाकारणाल्लोके मीनस्येव जलं सदा' इति । तथा यद्यच्छुद्धपदवाच्यं तत्तदस्ति, यथा स्तम्भादिः, तथा धर्मोऽपि, शुद्धपदवाच्यत्वं च प्रमाणान्तरनाधितविषयत्वाख्य दोषरहितत्वेन, न च खपुष्पादिषु केनापि संकेतितैस्स्वादिशुद्धपदैरनेकान्तः, वृद्धपरम्परायातसंकेतविषयाणामेव शुद्धपदानां वाच्यत्वस्येह हेतुत्वेन विवक्षणादिति ॥

२. न चेष्टापत्तिः, अलोकस्यानन्तत्वाल्लोकान्निर्गत्य जीवपुद्गलानां तत्र प्रवेशाल्लोके द्वित्र्यादिजीवपुद्गलसत्त्वस्य सर्वथा तच्छून्यत्वस्य वा प्रसङ्गादिति ॥

तत्तद्गतिं प्रति तत्तद्देशत्वेन कारणत्वे त्वनन्तकार्यकारणभावकल्पनाप्रसङ्गः स्यात्, न च धर्मस्यापि न धर्मत्वेन कारणत्वमतिप्रसङ्गात्, अपि तु तत्तत्प्रदेशत्वेनैवेति तवापि गौरवं दुर्वारमेवेति वाच्यम्, लोकालोकविभागान्यथानुपपत्त्यापि धर्मद्रव्यस्यावश्यकत्वे तस्यैव गतित्वावच्छिन्न-कार्यतानिरूपितकारणत्वाभ्युपगमात् पुद्गलस्कन्धातिरिक्तस्याकाशातिरिक्तस्य वा देशस्याभावेन तयोर्गतिपरिणामिकारणत्वेनावगाहनागुणत्वेन च गत्यपेक्षाकारणत्वासम्भवाच्चेति ॥

शंका- આ બધું ઉપરોક્ત ત્યારે જ સંગત થાય, કે જ્યારે ધર્મદ્રવ્ય પ્રમાણથી સિદ્ધ થાય, કેમ કે-પ્રમાણથી અસિદ્ધ પદાર્થનું લક્ષણ શક્ય નથી; કેમ કે-અતિપ્રસંગ નામક દોષ છે. તેથી આ બધું જલ્પન નિરર્થક જ થઈ જાય ને ?

समाधान- તે દ્રવ્યરૂપ ધર્મની સિદ્ધિમાં અનુમાનપ્રમાણનો પ્રયોગ આ પ્રમાણે છે કે-

ભાવાર્થ- અહીં 'तत्' એટલે લક્ષ્ય રૂપ ધર્મ રૂપી દ્રવ્ય-એવો અર્થ કરવો. સપ્તમી વિભક્તિનો અર્થ વિશેષ્યત્વ કરવો અને તેનો અન્વય પ્રમાણપદથી વાચ્યભૂત જે અર્થપ્રમિતિનું કરણ, તેના એક ભાગ રૂપ પ્રમિતિમાં જોડવો.

વિવેચન- અર્થાત્ લક્ષ્યભૂત ધર્મ રૂપ દ્રવ્ય જેમાં વિશેષ્ય છે, એવી પ્રમિતિ (અનુમિતિ) પ્રત્યે અસાધારણ કારણ એ અર્થ સમજવો. એનું અનુસંધાન ચરમપદ રૂપે રહેલ અનુમાનની સાથે કરવું.

ધર્મમાં દ્રવ્યપણાની સિદ્ધિમાં અનુમાનપ્રમાણ રજુ કરે છે કે-

'જીવપુદ્ગલોની ગતિ બાહ્ય નિમિત્તની અપેક્ષાવાળી છે, કેમ કે- ગતિ છે. જેમ કે- જલસ્થ મત્સ્ય આદિની ગતિ.'

અહીં 'ગતિમાં પરિણત જીવપુદ્ગલોની ગતિ' એમ સમજવું, કેમ કે- ગતિપરિણત જીવપુદ્ગલોની ગતિ જો એમ ન કહેવામાં આવે, તો પ્રેરણા કરી જીવપુદ્ગલો પ્રતિ ગતિજનક ધર્મદ્રવ્ય બની જાય ! અર્થાત્ ધર્મદ્રવ્યમાં બલાત્કારથી ચલાવવાની આપત્તિ આવી જાય ! વળી ઈષ્ટ આપત્તિ પણ કરી શકાય એમ નથી. અર્થાત્ બલાત્કારથી ચલાવનાર ધર્મદ્રવ્ય માની શકાય નહિ.

કેમ કે- ગતિ રૂપ પરિણામથી પરિણત જીવપુદ્ગલોની ગતિ પ્રત્યે પોષકપણાએ ધર્મદ્રવ્યનો સ્વીકાર છે. બીજી વાત એવી છે કે- સતત ગતિનો પ્રસંગ આવી જાય !

'ગતિપરિણત જીવપુદ્ગલોની ગતિ બાહ્ય નિમિત્ત રૂપ અપેક્ષાકારણથી જન્ય છે.'

જો અહીં નિમિત્ત રૂપ અપેક્ષાકારણથી જન્ય માનવામાં આવે અને બાહ્ય નિમિત્ત રૂપ અપેક્ષાકારણજન્ય ન કહેવામાં આવે, તો અભ્યંતર નિમિત્ત રૂપ જીવ આદિ નિષ્ઠ ક્રિયા પરિણામ શક્તિને લઈ સિદ્ધસાધન (પ્રત્યક્ષ આદિ પ્રમાણથી પ્રસિદ્ધ નિર્ણીત એવા સાધ્ય ધર્મ રૂપ વિશેષણવાળો પક્ષ-પક્ષાભાસ. જેમ કે- 'महानसं वह्निमत्' અહીં પક્ષ રૂપ રસોડામાં અગ્નિ પ્રસિદ્ધ છે. આ દોષ સિદ્ધસાધન પ્રસિદ્ધ સંબંધ તરીકે પણ કહેવાય છે.) દોષ આવે છે. માટે તેના વારણ માટે 'બાહ્ય નિમિત્તની અપેક્ષાવાળી છે'-એમ કહેવું.

ગતિપરિણત જીવપુદ્ગલોની ગતિ પ્રત્યે પરિણામી કારણ રૂપ અને નિર્વર્ત્તક કારણ રૂપ જીવ આદિને લઈ, સિદ્ધસાધન રૂપ દોષના વારણ માટે કારણપદની ઉપેક્ષા કરી નિમિત્ત પદનું ગ્રહણ કરેલ છે.

તથાચ સ્વયમેવ જેને જવાની ઇચ્છા પેદા થયેલ, એવા મત્સ્ય પ્રતિ ગતિની બાબતમાં જેમ જલ ઉપઘાત-બાધા વગર નિમિત્ત બની ઉપકાર-સહાય કરે છે, તેમ સ્વભાવથી ગતિપરિણત જીવપુદ્ગલની ગતિ પણ કોઈ પણ અબાધક-ઉપકારક દ્રવ્યની નિમિત્ત રૂપે અવશ્ય અપેક્ષા રાખે જ છે, કેમ કે-બંને ઠેકાણે ગતિપણું એકસરખું છે.

ગતિ પ્રત્યે નિમિત્તરૂપે ઉપકારક દ્રવ્ય આકાશ બની શકે એમ નથી, કેમ કે-આકાશનો આસાધારણ ગુણ અવગાહ દાન જ છે.

નિયમ એવો હોય છે કે- એક દ્રવ્યનો અસાધારણ ગુણ રૂપ ધર્મ બીજા દ્રવ્યનો ગણાતો નથી, કેમ કે-અશક્ય છે.

જો એક દ્રવ્યનો વિશેષધર્મ બીજા દ્રવ્યમાં માનવામાં આવે, તો પાણીનો ગુણ દ્રવ અને અગ્નિનો ગુણ દહન વગેરે ગુણોને પૃથિવીમાં માનવાનો પ્રસંગ આવી જાય !

જો આકાશને ગતિ પ્રત્યે નિમિત્તકારણ માનવામાં આવે, તો અલોક આકાશમાં પણ જીવપુદ્ગલને જવાનો પ્રસંગ આવી જાય !

શંકા- અન્વય (કારણની હાજરીમાં કાર્યની સત્તા રૂપ અન્વય) અને વ્યતિરેક-(કારણના અભાવથી કાર્યના અભાવ રૂપ વ્યતિરેક)થી ગમ્ય કારણપણું હોય છે.

જેમ કે-જળ આદિ રૂપ કારણની સત્તામાં મત્સ્ય આદિની ગતિ રૂપ કાર્યની સત્તા છે. જળ આદિના અભાવમાં મત્સ્ય આદિની ગતિનો અભાવ હોઈ અન્વય વ્યતિરેકથી મત્સ્ય આદિની ગતિ પ્રત્યે જળ આદિ કારણ રૂપે સિદ્ધ થાય છે.

તેવી રીતે ધર્મ રૂપી દ્રવ્યની હાજરી હોવા છતાં જળના અભાવમાં મત્સ્ય આદિની ગતિનો અભાવ છે. એટલે ધર્મ રૂપી દ્રવ્ય નિમિત્તકારણ છે. જળના અભાવથી જન્ય મત્સ્ય આદિની ગતિનો અભાવ હોઈ (કારણજન્ય કાર્યાભાવ રૂપ), અન્વય વ્યભિચાર હોઈ ગતિ પ્રત્યે ધર્મનામક દ્રવ્ય નિમિત્તકારણ નથી, પરંતુ મત્સ્યની ગતિ પ્રત્યે જળ જ નિમિત્તકારણ છે ને ?

સમાધાન- જેમ પૃથ્વી વગેરે. આધાર હોવા છતાંય જેમ આકાશને સર્વના આધાર તરીકે માનવામાં આવે છે, તેમ મત્સ્ય આદિની ગતિ પ્રત્યે જળ આદિનું કારણપણું હોવા છતાં સર્વ જીવપુદ્ગલોની ગતિ-સામાન્ય પ્રતિ જળ આદિ સિવાયનું બીજું વ્યાપક નિમિત્ત શોધવું જ પડશે. બસ, બીજું કોઈ નિમિત્તકારણ નહિ પણ ધર્માસ્તિકાય સર્વ ગતિમાનની ગતિ પ્રત્યે કારણ છે.

શંકા- એક દેશથી બીજા દેશની પ્રાપ્તિમાં હેતુભૂત અને વિશિષ્ટ દ્રવ્યપરિણામ રૂપ ગતિ છે. તથાચ જો આમ છે, તો દેશ જ ગતિ પ્રત્યે અપેક્ષાકારણ હો ! શા માટે પૃથગ્ દ્રવ્ય રૂપ ધર્મને અપેક્ષાકારણ રૂપે માનો છો ?

समाधान- વિશિષ્ટ દેશોમાં દેશપણાએ અનુગત રૂપે કારણતાનો અસંભવ છે. જો દેશપણાએ અનુગત રૂપે (વ્યાપક રૂપે) વિશિષ્ટ દેશોને કારણ માનવામાં આવે, તો અલોકમાં (અલોક આકાશમાં) પણ ગમનનો પ્રસંગ ઊભો થાય ! આની ઇષ્ટાપત્તિ પણ કરી શકાય નહિ.

કેમ કે- અલોક અનંત હોવાથી લોકમાંથી નીકળી જીવ અને પુદ્ગલોનો ત્યાં પ્રવેશ થવાથી, લોકમાં બે-ત્રણ જીવપુદ્ગલોની સત્તા રહેશે અથવા સર્વથા જીવપુદ્ગલોના શૂન્યપણાનો પ્રસંગ આવી જાય !

વળી તે તે ગતિ પ્રત્યે (વિશિષ્ટ ગતિ પ્રત્યે) તે તે દેશનું તે તે દેશપણાએ જો કારણપણું માનવામાં આવે, તો અનંત કાર્ય-કારણભાવની કલ્પનાનો પ્રસંગ ખડો થઈ જાય !

શંકા- ગતિ રૂપ કાર્ય પ્રત્યે ધર્મનામક દ્રવ્યનું પણ ધર્મપણાએ કારણપણું નહિ રહે, કેમ કે- અતિપ્રસંગ આવે છે. પરંતુ તે તે પ્રદેશપણાએ ધર્મનામક દ્રવ્યનું કારણપણું માનવા જતાં આપને પણ કાર્ય-કારણભાવની કલ્પનાનું ગૌરવ શું દુર્વાર નથી ?

સમાધાન- લોકઅને અલોકના વિભાગની અન્યથાનુપપત્તિથી પણ (ધર્મનામક દ્રવ્ય સિવાય લોક અને અલોકના વિભાગની ઉપપત્તિ નથી, પણ ધર્મનામક દ્રવ્યની સત્તામાં જ લોક-અલોકના વિભાગની ઉપપત્તિ હોવાથી) વ્યતિરેક રૂપ વ્યાપ્તિથી (અન્વય વ્યાપ્તિથી) પણ ધર્મનામક દ્રવ્યની આવશ્યકતા છે જ.

માટે તે ધર્મનામક દ્રવ્યમાં જ ગતિત્વાવચ્છિન્ન કાર્યતા નિરૂપિત કારણતા (ગતિ રૂપ વિશિષ્ટ કાર્ય પ્રત્યે કારણપણા)નો સ્વીકાર છે.

વળી પુદ્ગલસ્કંધ સિવાય તેમજ આકાશ સિવાય બીજા સ્વતંત્ર દેશનો અભાવ હોઈ, પુદ્ગલોમાં ગતિ પ્રત્યે પરિણામી કારણપણું હોવાથી, આકાશમાં અવગાહનાનો અસાધારણ ગુણ હોવાથી, પુદ્ગલોમાં કે આકાશમાં ગતિ પ્રત્યે અપેક્ષાકારણપણાનો અસંભવ છે, માટે ગતિ પ્રત્યે અપેક્ષાકારણ ધર્મનામક દ્રવ્ય જ છે- એમ જ માનવું એ યુક્તિયુક્ત જ છે.

अस्यास्तिकायत्वात्प्रदेशेयत्तामाविष्करोति-

असंख्येयप्रदेशात्मको लोकाकाशव्यापी च । ४ ।

असंख्येयेति । शास्त्रसंव्यवहारार्थं प्रदिश्यन्त इति प्रदेशाः, द्रव्यपरमाणुमूर्त्तिव्यवच्छिन्नां, कदापि ये न वस्तुव्यतिरेकेणोपलभ्यन्ते भागास्ते प्रदेशाः । असंख्येयाः प्रदेशा येषान्ते असंख्येयप्रदेशाः तदात्मको धर्मो न संख्येयप्रदेशात्मको नाप्यनन्तप्रदेशात्मक इति भावः । न च धर्मादीनां निरवयवत्वेन तत्र प्रदेशकल्पना सिंहो माणवक इतिवदौपचारिकीति वाच्यम्, प्रत्ययाभेदात्, मुख्यप्रत्ययार्त्तिसहविशेषादध्यवसानरूपान्माणवके हि सिंह इति गौणप्रत्ययोऽध्यारोपरूपो भिन्न उपलभ्यते, न च तथा पुद्गलेषु धर्मादिषु च प्रदेशप्रत्ययो भिन्नोऽस्ति, उभयत्रावगाह-भेदतुल्यत्वात्, न च परमाणुषु मुख्यः प्रदेशप्रत्यय इति वाच्यम्, अनादिरमध्योऽप्रदेशो हि परमाणुरिति वचनात् । ननु धर्मादीन्याकाशवत्किं स्वात्मप्रतिष्ठान्युत

जलादिवदाधारान्तर-प्रतिष्ठानि, आधारान्तरप्रतिष्ठत्वेऽप्येकदेशेन सर्वात्मना वेत्याशङ्कायामाह- लोकाकाशव्यापी चेति । आकाशप्रतिष्ठानि लोकाकाशमभितो व्याप्य च प्रतिष्ठितानीति भावः । यद्यपि निश्चयनयेन सर्वमेव वस्तु स्वात्मन्येव प्रतिष्ठितं तथापि व्यवहारनयाभिप्रायेणा- काशप्रतिष्ठं विज्ञेयम् । धर्मादयो यत्र लोक्यन्ते स लोकः, लोकश्चासावाकाशश्च लोकाकाशस्तं व्याप्नोतीति लोकाकाशव्यापी, धर्माधर्मयोर्लोकाकाशेऽवगाहो न त्वलोक इति भावः ॥

આ ધર્મનું અસ્તિકાયપણું હોવાથી આ ધર્મના પ્રદેશોની ઇયત્તા (પરિમાણ)ને પ્રગટ કરે છે કે-

ભાવાર્થ- 'ધર્માસ્તિકાય અસંખ્યાત પ્રદેશસ્વરૂપી લોક આકાશવ્યાપી છે.'

વિવેચન- પ્રદેશ શબ્દની વ્યુત્પત્તિ-ધર્માસ્તિકાય વગેરે શાસ્ત્રોક્ત અસ્તિકાયોનો સારી રીતે વ્યવહાર થાય, માટે જે પ્રદેશાય છે (જણાવાય છે), તે 'પ્રદેશ.'

પ્રદેશ શબ્દનો રૂઢ અર્થ ધર્મ-અધર્મ-આકાશ-જીવોના દ્રવ્યપ્રદેશ રૂપ પરમાણુના આકાશથી વ્યવચ્છિન્ન પ્રદેશો કહેવાય છે. અર્થાત્ આકાશનો નિરવયવદેશ 'ક્ષેત્રપ્રદેશ' છે.

જે લોકાકાશમાં આકાશનો પ્રદેશ જેટલો છે, તે આકાશપ્રદેશમાં ધર્માસ્તિકાયનો પ્રદેશ પણ ત્યાં તેટલો કહેવો, કેમ કે- તે સરખા પ્રમાણવાળો છે. ત્યાં આકાશ અવકાશદાન રૂપ કાર્ય બજાવે છે. ગતિની પરિણતિમાં ધર્મ ઉપકારક છે. સ્થિતિના પરિણામમાં અધર્મદ્રવ્ય ઉપકાર કરે છે. સર્વ પ્રદેશોનું આ પોતાનું કાર્ય અપેક્ષણીય જ છે.

વળી પુદ્ગલદ્રવ્યનો નિરંશ દ્રવ્ય રૂપે ભાગ 'પ્રદેશ' કહેવાય છે. તે પ્રદેશને બીજો પ્રદેશ નથી. આથી જ કહેવાય છે કે-પરમાણુ સિવાય બધા રૂપી અને અરૂપી દ્રવ્યોને પ્રદેશો છે.

જેઓ કદાચિત્ વસ્તુને છોડી રહેતા નથી, માટે તે નિર્વિભાજ્ય ભાગ રૂપ પ્રદેશો કહેવાય છે. તે પ્રદેશોને 'અવયવો' કહે છે, જે સ્વભાવ કે પ્રયોગથી પૃથક્ કરાય છે અને 'સ્કંધગત' હોય છે.

ધર્મ-અધર્મ-આકાશ-જીવ-પરમાણુઓને અવયવો હોતા નથી, કેમ કે-તે તે દ્રવ્યથી પ્રદેશો પૃથગ્ થતા નથી અને પરમાણુને બીજો પ્રદેશ નથી.

અવયવનો વ્યવહાર પુદ્ગલદ્રવ્ય વિષયક જ છે, કેમ કે-છૂટા અવયવોના સમુદાયની પરિણતિમાં સ્કંધો થાય છે. સંઘાતમાં રહેલ અવયવોની ભેદની પરિણતિમાં દ્વયણુક વગેરે થાય છે. ત્યારબાદ ભેદથી જ પૃથક્ કરાતા પરમાણુઓ 'અવયવો' કહેવાય છે.

અસંખ્યાત પ્રદેશસ્વરૂપી ધર્માસ્તિકાય દ્રવ્ય છે. ધર્માસ્તિકાય દ્રવ્ય સંખ્યાતપ્રદેશ સ્વરૂપી કે અનંત પ્રદેશસ્વરૂપી નથી.

આ ધર્માસ્તિકાયના નિર્વિભાજ્ય ભાગ રૂપ અસંખ્યાત પ્રદેશો જે છે, તે સઘળા શૃંખલાના અવયવોની માફક પરસ્પર સંબંધવાળા વર્તે છે.

શંકા- ધર્મ-અધર્મ-આકાશ-જીવ આદિ અવયવ વગરના હોઈ, તે ધર્મ આદિમાં પ્રદેશની કલ્પના 'સિંહોમાણવક'- માણવક એટલે માણસ કે બાલક, એ સિંહ છે.

એની જેમ ઔપચારિક (લક્ષણાથી સમજાવવું ઉપચારપ્રયોજનવાળું છે. શક્તિના આશ્રયભૂત શક્ય અર્થની સાથે સંબંધ 'લક્ષણા' કહેવાય છે. તે લક્ષણા ગૌણી-શુદ્ધ ભેદથી બે પ્રકારની છે. ગૌણી એટલે સાદૃશ્ય વિશિષ્ટમાં લક્ષણા. જેમ કે-'સિંહ માણવક' છે. ઇત્યાદિ સિંહ સાદૃશ્ય વિશિષ્ટમાં લક્ષણા) જ છે ને ?

સમાધાન- અહીં પ્રત્યયનો અભેદ હોઈ ધર્મ આદિમાં પ્રદેશની બુદ્ધિ ઔપચારિક નથી-નિશ્ચય રૂપ છે. મુખ્ય પ્રત્યયવાળા સિંહ વ્યક્તિ કરતાં 'માણવક સિંહ છે' એવી ગૌણ બુદ્ધિ ભિન્ન તરીકે ઉપલબ્ધ થાય છે. અભિન્ન બુદ્ધિ નથી માટે કોઈ દોષ નથી.

તથા પૂર્વોક્ત તે પ્રકારથી પુદ્ગલોમાં અને ધર્માદિમાં પ્રદેશ પ્રત્યય અભિન્ન છે, કેમ કે- પુદ્ગલોમાં અને ધર્મ આદિમાં બન્ને ઠેકાણે અવગાહભેદની સમાનતા છે.

પરમાણુઓમાં મુખ્ય પ્રદેશ પ્રત્યય નથી, કેમ કે- આદિ પ્રદેશથી રહિત, મધ્ય પ્રદેશથી રહિત અને અંત્ય (અંતિમ) પ્રદેશથી રહિત જ પરમાણુ છે. એટલું જ નહિ પરંતુ દ્રવ્ય રૂપ પ્રદેશથી સર્વથા રહિત જ પરમાણુ છે, માટે જ 'પરમાણુ' અપ્રદેશ છે-એમ કહેવાય છે. અર્થાત્ આ પરમાણુ સ્વયમેવ પ્રદેશ રૂપ છે. તેને દ્રવ્યસ્વભાવી બીજા પ્રદેશો નથી. આવું આપ્તનું વચન છે.

શંકા- શું ધર્મ વગેરે દ્રવ્યો આકાશની માફક સ્વાત્મ-પોતાના સ્વરૂપમાં રહેલા છે કે જલ આદિની માફક બીજાના આધારે રહેલા છે ?

જો બીજાના આધારે રહેલા હોય, તો તે એકભાગથી રહેલા છે કે સર્વભાગથી રહેલા છે ?

સમાધાન- આના જવાબમાં કહે છે કે- 'લોક આકાશમાં વ્યાપક છે.' અર્થાત્ આકાશના આધારે ધર્મ આદિ દ્રવ્યો રહેલા છે. વળી લોકાકાશને સર્વભાગથી વ્યાપીને રહેલા છે.

એટલે આ ધર્માસ્તિકાય દ્રવ્ય ચૌદ રજ્જુપ્રમાણ સમસ્ત લોકમાં વ્યાપ્ત છે, માટે તેનું સંસ્થાન પણ લોક સંસ્થાન જેવું વૈશાખ સંસ્થાન છે. (કટિન્યસ્ત હસ્તવાળા પાદપ્રસારિત પુરુષના જેવું સંસ્થાન છે.)

જો કે નિશ્ચયનયની અપેક્ષાએ સર્વ જ વસ્તુ પોતાના સ્વરૂપમાં રહે છે એમ માનેલ છે, તો પણ વ્યવહારનયના અભિપ્રાયથી સર્વ વસ્તુ આકાશમાં રહેલ છે એમ મનાય છે.

લોક એટલે જ્યાં ધર્મ આદિ દ્રવ્યો લોકાય છે-અનુભવાય છે.

લોક રૂપી આકાશ તે લોકાકાશ. લોકાકાશને જે વ્યાપે છે, તે લોકાકાશવ્યાપી કહેવાય છે. અર્થાત્ ધર્મદ્રવ્યનો અને અધર્મદ્રવ્યનો લોકાકાશમાં અવગાહ અનાદિકાલીન છે, કેમ કે- પરસ્પર આશ્લેષ પરિણતિ દ્વારા રહેવું છે.

અલોક આકાશમાં અવગાહ નથી જ.

अथ यत्र गतिस्तत्रावश्यं स्थितेरपि भावादित्यपेक्षाकारणेनैव स्थितिं प्रत्यप्यपेक्षाकारणेन केनापि भवितव्यमिति मन्वानस्तादृशद्रव्यसाधनार्थं प्रथमं तत्स्वरूपमाह–

स्थित्यसाधारणहेतुर्द्रव्यमधर्मः । प्रमाणञ्चात्र जीवपुद्गलानां स्थितिर्बाह्यनिमित्तापेक्षा स्थितित्वात्तरुच्छायास्थपान्थवदित्यनुमानम् । असंख्येयप्रदेशात्मको लोकाकाशव्यापी च । ५ ।

स्थित्यसाधारणेति । अत्रापि पूर्ववत् स्थितित्वावच्छिन्नकार्यतानिरूपितासाधारण-कारणत्वं लक्षणं पदकृत्यञ्चावसेयम् । स्थितिस्स्वदेशादप्रच्यवनहेतुर्गतिनिवृत्तिरूपा । अधर्मे मानमाविष्करोति प्रमाणञ्चेति, स्थितिपरिणतानामित्यादिः, अन्यथाऽधर्मस्य निर्वर्त्तक-कारणत्वापत्तेः । बाह्यनिमित्तापेक्षेति, निर्वर्त्तकपरिणामिक्रियाद्वयवन्निमित्तकारणत्रयव्यतिरिक्त-कारणान्तरसापेक्षेत्यर्थः । दृष्टान्तमाह-तरुच्छायास्थेति तरुच्छायायां पान्थस्थितिवदिति भावः । प्रदेशेयत्तामाह-असंख्येयेति । अस्याप्याधारं वृत्तित्वञ्चाह-लोकाकाशेति । अत्र पूर्ववदेव विचारो विभावनीयः[१] ।

હવે જ્યાં ગતિ છે, ત્યાં અવશ્ય સ્થિતિ પણ છે. ગતિનું અપેક્ષાકારણ જેમ ધર્મદ્રવ્ય સિદ્ધ છે, તેમ સ્થિતિ પ્રત્યે કોઈ પણ અપેક્ષાકારણ હોવું જોઈએ. એવું માનનારા તાદૃશ દ્રવ્યની સાધના માટે પહેલાં તે દ્રવ્યનું સ્વરૂપ કહે છે.

ભાવાર્થ- 'સ્થિતિ પ્રત્યે અસાધારણ હેતુભૂત દ્રવ્ય અધર્મ છે. આ વિષયમાં પ્રમાણ છે કે- જીવપુદ્ગલોની સ્થિતિ બાહ્ય નિમિત્ત અપેક્ષાવાળી છે, કેમ કે- સ્થિતિ છે. જેમ કે- વૃક્ષની છાયામાં રહેલ પાંથ. આ પ્રમાણેનું અનુમાન છે. અસંખ્યાત પ્રદેશસ્વરૂપી લોકાકાશ વ્યાપક છે.'

વિવેચન- અહીં પણ પૂર્વની માફક (ધર્માસ્તિકાયની માફક) વિશિષ્ટ સ્થિતિ રૂપ કાર્ય પ્રત્યે અસાધારણ કારણપણું અધર્માસ્તિકાયનું લક્ષણ અને પદકૃત્ય જાણી લેવું.

સ્થિતિ એટલે પોતાના દેશથી અચલનમાં હેતુભૂત ગતિનિવૃત્તિ રૂપ છે.

અધર્મનું પ્રમાણ કહે છે-'પ્રમાણંચેતિ' સ્થિતિપરિણત જીવ અને પુદ્ગલોની 'સ્થિતિ'- એમ સમજવું.

જો - 'સ્થિતિપરિણત' એવું જીવપુદ્ગલોનું વિશેષણ ન મૂકવામાં આવે, તો અધર્મમાં નિર્વર્ત્તક કારણતાની આપત્તિ આવી જાય !

'બાહ્ય નિમિત્તની અપેક્ષાવાળી' સ્થિતિ એમ સમજવું. નિર્વર્ત્તકપરિણામી સ્વાભાવિકી પ્રાયોગિકી રૂપ બે ક્રિયાવાળા નિમિત્તકારણ રૂપ ત્રણ કારણોથી ભિન્ન અપેક્ષાકારણ જન્ય છે, કેમ કે-સ્થિતિ છે. જેમ કે- વૃક્ષની છાયામાં મુસાફરની સ્થિતિ-એમ સમજવું.

પ્રદેશોની ઇયત્તાને કહે છે કે- 'અસંખ્યાત પ્રદેશસ્વરૂપી.'

---

१. यद्यत्कार्यं तत्तदपेक्षाकारणवद्यथा घटादिकार्यम् । तथा चासौ स्थितिरपि, यच्च तदपेक्षाकारणं सोऽधर्मास्तिकायः । न च नास्त्यधर्मास्तिकायोऽनुपलभ्यमानत्वाच्छशविषाणवदिति वाच्यम्, दिगादीनाम सिद्ध्यापत्तेर्वादिनः । न च दिगादिप्रत्ययलक्षणकार्यदर्शनतस्तेऽनुमीयन्त इति वाच्यम्, तुल्यत्वात्, न च नासौ कदाचिद्दृष्ट इति वाच्यं, दिगादिष्वपि तुल्यत्वात् । न चास्य सर्वदा सर्वस्य सन्निहितत्वेन सदा स्थितिस्स्यादिति वाच्यम्, दिगादिष्वपि तुल्यत्वात् । न च निमित्तान्तरापेक्षणाद्दिगादितो न सर्वदा कार्योत्पत्तिप्रसङ्ग इति वाच्यमधर्मास्तिकायेनापि स्वपरगतविश्रसाप्रयोगव्यापारापेक्षणादुक्तदोषासम्भवादिति भावः ॥

આ અધર્મદ્રવ્યનો આધાર અને અધર્મની વૃત્તિપણાને કહે છે કે- 'લોક આકાશવ્યાપી.' આ અધર્માસ્તિકાય નામક દ્રવ્ય સર્વાત્મના લોકાકાશમાં વ્યાપક છે. અહીં પૂર્વની માફક જ વિચાર કરવો.

(જે જે કાર્ય છે, તે તે અપેક્ષાકારણ જન્ય છે. જેમ કે-ઘટ આદિ કાર્ય. તેવી રીતે આ સ્થિતિ રૂપ કાર્ય પણ છે, જે તેનું અપેક્ષાકારણ છે. તે અધર્માસ્તિકાય છે. વળી એમ પણ નહિ કહેવું કે-અનુપલબ્ધિ હોવાથી સસલાના શિંગડાની માફક અધર્માસ્તિકાય નથી, કેમ કે- દિશા આદિની અસિદ્ધિની આપત્તિ વાદીઓને છે.)

अथ तृतीयमाकाशद्रव्यं लक्षयति-

अवगाहनागुणमाकाशम् । ६ ।

अवगाहनेति । अवगाहनमनुप्रवेशस्स एव गुणो यस्य तदाकाशमिति विग्रहः, अवगाहनागुणत्वं आकाशस्य लक्षणम् । नन्विदमवगाहनं पुद्गलादिद्रव्यसम्बन्धि गगनसम्बन्धि च, संयोगवत्तथा च तत्कथमाकाशस्यैव गुणः, उभयगुणत्वे चातिव्याप्त्यापत्त्या तत्कथं लक्षणं भवितुमर्हतीति चेन्मैवम्, लक्ष्यं ह्याकाशं प्रधानमवगाह्यत्वात् अवकाशदानेनोपकारकत्वाच्च, पुद्गलादिद्रव्यन्त्ववगाहकं, तथा च स्वानुकूलावकाशदातृत्वसम्बन्धेनावगाहनावत्त्वमाकाशस्य लक्षणं बोध्यम् । तत्र धर्माधर्मप्रदेशा हि आलोकान्तल्लोकाकाशप्रदेशनिर्विभागवर्तित्वेनावस्थिताः, तस्मादन्तरवकाशदानेन धर्माधर्मयोरुपकरोति, धर्माधर्मप्रदेशानामाकाशप्रदेशाभ्यन्तरवर्त्तित्वात्, अलोके च तदसम्भवात् । पुद्गलजीवानान्तु संयोगविभागैश्चोपकरोति तेषां क्रियावत्त्वात् । न चालोकाकाशे लक्षणमिदमव्याप्तमिति वाच्यम्, तत्राप्यवगाहानुकूलावकाशदातृत्वस्वभावस्य सत्त्वात्, अवगाहकाभावादेव नावगाहः, नहि हंसस्यावगाहकस्याभावेऽवगाह्यत्वं जलस्य हीयत इति ॥

હવે ત્રીજા આકાશ નામક દ્રવ્યનું લક્ષણ કહે છે.

ભાવાર્થ- 'અગાહના-અવગાહદાન રૂપી ગુણવાળું આકાશ છે.'

વિવેચન- અવગાહના એટલે અનુપ્રવેશ રૂપ ગુણ (ઉપકાર) જે દ્રવ્યનું છે તે 'આકાશ.' આમ વિગ્રહ કરવો.

અવગાહના રૂપી ગુણ (સ્વતત્ત્વ જ છે, કેમ કે-ધર્મ આદિમાં અવકાશદાન દ્વારા આકાશ ઉપકાર કરે છે.) પણું આકાશનું લક્ષણ છે.

શંકા- આ અવગાહન પુદ્ગલ આદિ દ્રવ્યની સાથે સંબંધવાળું અને આકાશની સાથે સંબંધવાળું છે, એટલે અવગાહન બંનેનો ધર્મ કહેવાય. તે ધર્મ આકાશનો જ છે-એમ કેમ કહેવાય ? કેમ કે-બે આંગળનો સંયોગ જેમ બંનેથી જન્ય છે, તેમ આ બે દ્રવ્યોથી પેદા થયેલ સંયોગ એક જ દ્રવ્યથી કેમ વ્યવહારાય ? અને જો બંનેનો ગુણ માનવામાં આવે, તો અતિવ્યાપ્તિની આપત્તિ થાય છે. માટે કેવી રીતે અવગાહના ગુણત્વ, આકાશનું લક્ષણ થઈ શકે ?

સમાધાન- આકાશ એ લક્ષ્ય હોઈ પ્રધાન છે, કેમ કે- અવગાહ્ય (અવગાહનયોગ્ય) છે અને અવકાશદાન દ્વારા ઉપકારક છે. આકાશથી ભિન્ન પુદ્ગલ આદિ દ્રવ્ય અવગાહકારક સ્વને (અવગાહનાને) અનુકૂળ પુદ્ગલ-જીવ આદિ દ્રવ્યોને અવકાશદાતૃપણાના સંબંધથી અવગાહનાવત્ત્વ (અવગાહના)-એ આકાશનું લક્ષણ સમજવું.

ત્યાં ધર્મદ્રવ્યના અને અધર્મદ્રવ્યના પ્રદેશો, લોકાન્તપર્યંત, લોકાકાશના પ્રદેશમાં વિભાગ ન થઈ શકે તેવી રીતે (અવિયુક્ત રીતિથી) વર્તતા હોઈ એ પ્રવિષ્ટ થઈ રહેલા છે. તેથી આકાશદાનથી ધર્મ-અધર્મ ઉપર ઉપકાર કરે છે, કેમ કે- આકાશપ્રદેશના અભ્યંતરમાં ધર્મ-અધર્મના પ્રદેશો વર્તે છે. અલોકાકાશમાં ધર્મ-અધર્મના પ્રદેશોનો અસંભવ છે.

પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્યો પ્રત્યે સંયોગ અને વિભાગ દ્વારા આકાશ ઉપકાર કરે છે, કેમ કે-તે પુદ્ગલ-જીવદ્રવ્યો ક્રિયાવાન છે. જેમ કે- એક આકાશપ્રદેશમાં અવગાઢ રહેલા હોતા માટી-મનુષ્ય વગેરે ફરીથી બીજી જગ્યાએ ઉપલબ્ધ થાય છે. વળી સર્વત્ર અભ્યંતરમાં અવકાશના દાનથી એક પણ અવગાહ, અવગાહ્ય-ઉપાધિના ભેદથી અનેક જ દેખાય છે. અર્થાત્ અંતઃપ્રવેશનો સંભવ હોઈ સંયોગવિભાગ દ્વારા આકાશ, પુદ્ગલજીવો ઉપર ઉપકાર કરે છે.

શંકા- અવગાહના ગુણવત્ત્વ, જો આકાશનું લક્ષણ કરવામાં આવે, તો અલોક આકાશમાં આ લક્ષણ અવ્યાપ્તિ નામક લક્ષણદોષથી દુષ્ટ બનશે; કેમ કે- લક્ષ્યભૂત-લક્ષ્યના એક દેશમાં લક્ષણનું ન ઘટવું એ અવ્યાપ્તિ કહેવાય છે. લક્ષ્યના અમુક દેશમાં-અલોક આકાશમાં લક્ષણ નહિ ઘટવાથી શું લક્ષણદોષ નહિ આવે ?

સમાધાન- ત્યાં પણ-અલોક આકાશ રૂપ લક્ષ્યના દેશમાં પણ અવગાહને અનુકૂળ અવકાશદાતૃત્વનો સ્વભાવ-શક્તિ વિદ્યમાન છે, પરંતુ જીવપુદ્ગલ આદિ રૂપ અવગાહ ગ્રાહક તત્ત્વના અભાવથી અવગાહ નથી.

જો અવગ્રાહક ત્યાં હોય, તો અવગાહ પરિણતિથી આકાશ અવકાશદાન રૂપ વ્યાપાર લાગુ પડે ! પરંતુ ત્રણેય કાળમાં અવગાહક તો નથી જ, તો પણ અલોક આકાશમાં અવગાહદાનશક્તિની સંપન્નતા તો છે જ. વળી અવગાહક રૂપ હંસના અભાવમાં જળનું અવગાહ્યપણું હીન થાય ખરું કે ? અર્થાત્ ન જ થાય. તેમ અહીં સમજવું.

अथाऽऽकाशे प्रमाणमादर्शयति—

माननन्तु द्रव्याणां युगपदवगाहोऽसाधारणबाह्यनिमित्तापेक्षो युगपदवगाहत्वादेकसरोवर्त्तिमत्स्यादीनामवगाहवदित्यनुमानम् । लोकालोकभेदेन तद्द्विविधम् । ७ ।

माननित्वति । द्रव्याणामिति, अवगाहमानानामित्यादिः । अनेकद्रव्याणामेकदा योऽवगाहस्तस्यैव पक्षत्वसूचनाय युगपदवगाह इत्युक्तं, अन्यथा स्थूलानामेव द्रव्याणां प्रतिघातात् सूक्ष्माणां परस्परावगाहप्रदत्वेन तादृशावगाहेऽसाधारणबाह्यपरमाण्वन्तरसापेक्षत्वस्य सिद्धत्वेन सिद्धसाधनत्वापत्तेः । तथा च सर्वेषां युगपदवगाहं प्रत्यसाधारणं निमित्तं गगनातिरिक्तं न

किमपि भवतीत्याकाशसिद्धिः । न चावरणाभाव एव तादृशोऽस्त्विति वाच्यम्, सर्वथा-ऽधिकरणानात्मकस्याभावस्यापसिद्धान्तत्वेन तदधिकरणात्मकस्यैवाकाशत्वात् । न चाकाशस्यापि धर्मादीनामिवावगाहदायि द्रव्यान्तरं स्यादिति वाच्यम् ततोऽधिकव्यापिद्रव्यान्तराभावात् । धर्मिग्राहकप्रमाणेन तस्यावगाह्यत्वेनैव सिद्धेश्च । एवमेव यद्यद्द्रव्यं तत्तत्साधारणमिति व्याप्त्या-ऽस्ति गगनं द्रव्याणां साधारणत्वान्यथानुपपत्तेरित्यनुमानादपि सर्वाधारत्वेनाकाशसिद्धिः । न च तस्यापि द्रव्यत्वेन साधारणत्वं स्यात्तथा चानवस्थेति वाच्यम्, धर्मिग्राहकमानेनाधारमात्र-स्वरूपतयैव सिद्धेः । न चाकाशे द्रव्यत्वसत्त्वेऽपि साधारणत्वाभावेन व्यभिचार इति वाच्यम्, धर्मिसिद्धेः पूर्वं व्यभिचारास्फुरणात्, तदुत्तरं तत्स्फूर्त्तेरकिञ्चित्करत्वादिति ॥ धर्मिग्राहक-मानेनाकाशस्यैकत्वे सिद्धे तस्योपाधिनिमित्तं भेदमाह-लोकालोकेति, लोकाकाशोऽलोका-काशश्चेति द्विविधमित्यर्थः, धर्माद्यवच्छिन्नं नभो लोकाकाशस्तद्विपरीतोऽलोकाकाश इति भावः। ननु लोकाकाश एव भवतु किमलोकाकाशेनेति चेन्न लोको विद्यमानविपक्षः, व्युत्पत्तिमच्छुद्धपदाभिधेयत्वादघटविपक्षकघटवदित्यनुमानेन तत्सिद्धेः, न च घटादिरेवालोक इति वाच्यम्, नञा निषेध्यसदृशस्यैव बोधनात्, तस्माद्धर्माद्याधारात्मकलोकाकाशस्य विपक्षोऽलोकाकाशमेव भवितुमर्हतीति बोध्यम् ॥

હવે આકાશદ્રવ્યની સિદ્ધિમાં અનુમાનપ્રમાણ દર્શાવે છે કે-

ભાવાર્થ- અવગાહ કરતા દ્રવ્યોનો યુગપત્ (એકીવખતે) અવગાહ, અસાધારણ અને બાહ્ય નિમિત્તની અપેક્ષાવાળો છે, કેમ કે- યુગપત્ અવગાહ છે. જેમ કે- એક જ સરોવરમાં રહેનારા મત્સ્ય આદિનો અવાગાહ. આ પ્રમાણેનું અનુમાન છે. તે આકાશ, લોક અને અલોકના ભેદથી બે પ્રકારનું છે.

વિવેચન- અહીં વર્તમાનકાળમાં અવગાહના કરનારા એવા જીવ આદિ અનેક દ્રવ્યોનો એકીવખતે જે અવગાહ છે, તેનું પક્ષપણું (ધર્મીપણું) સૂચવવા માટે 'યુગપત્ અવગાહ' એમ કહેલ છે.

જો અવગાહક દ્રવ્યોનો 'યુગપત્ અવગાહ' એમ પક્ષ તરીકે ન માનવામાં આવે, તો સ્થૂલ દ્રવ્યોમાં પ્રતિઘાત (અટકાવવું) હોવાથી સૂક્ષ્મ દ્રવ્યો પરસ્પર અવગાહદાયક હોઈ, તથાવિધ અવગાહમાં અસાધારણ-બાહ્ય બીજા પરમાણુઓના અપેક્ષાકારણથી જન્યપણું સિદ્ધ હોઈ સિદ્ધસાધનપણાની આપત્તિ છે.

---

१. न च धर्माधर्मावेवाधारौ भविष्यतः किमतिरिक्तेनाकाशेनेपि वाच्यम् । तयोर्गतिस्थितिसाधकत्वात्, न ह्यन्यसाध्यं कार्यमन्यः प्रसाधयति, अतिप्रसङ्गात् । न च युतसिद्धानामेव कुण्डबदरादीनामाधाराधेयभावदर्शनादयुतसिद्धानां न धर्माधर्माद्याकाशानामाधाराधेयभाव इति वाच्यम्, युतसिद्ध्यभावेऽपि पाणौ रेखेत्यादौ तद्दर्शनात् । न चाकाशस्यावकाशदातृत्वे भित्त्यादिना गवादीनां प्रतिघातो न स्यादिति वाच्यम्, मूर्त्तानां स्थूलानामन्यो-ऽन्यप्रतिघातात् सूक्ष्माणामन्योन्यप्रवेशशक्तियोगात्, अन्योन्यप्रवेशयोग्यानामकाशदातृत्वादाकाशस्य तावता सामर्थ्यहानाभावादिति ॥

માટે જ કહ્યું કે- 'અવગાહી જીવ આદિ દ્રવ્યોનો એકીસાથે અવગાહ' તથાચ આધેયભૂત સઘળા દ્રવ્યોના યુગપત્ (એકીસાથે) અવગાહના પ્રત્યે અસાધારણ નિમિત્તકારણ, આકાશ સિવાય બીજું કોઈપણ દ્રવ્ય થતું નથી. આ પ્રમાણે આકાશપદાર્થની સિદ્ધિ.

શંકા- સર્વ દ્રવ્યોના યુગપદ્ અવગાહના પ્રતિ અસાધારણ-નિમિત્ત રૂપ આવરણ પ્રતિબંધકનો અભાવ જ રહો ! શા માટે આકાશ-એમ કહેવાય છે ?

સમાધાન- સર્વથા અધિકરણ રૂપ નથી, એવો અભાવનો સિદ્ધાંત વ્યાજબી નથી. તે પ્રતિબંધક અભાવના આધાર રૂપ આકાશ જ કહેવાય છે.

શંકા- ધર્મ આદિ દ્રવ્યોની માફક આકાશને પણ અવગાહ આપનાર રૂપે બીજું દ્રવ્ય માનવું જ પડશે ને ?

સમાધાન- તે આકાશદ્રવ્ય કરતાં વધારે વ્યાપક બીજું દ્રવ્ય નથી, માટે આકાશદ્રવ્ય અવગાહક બનતું નથી અને ધર્મીગ્રાહકપ્રમાણથી (સાધ્યધર્મ વિશેષણ વિશિષ્ટ ધર્મીસાધક અનુમાનથી) તે આકાશની અવગાહ્યપણાએ સિદ્ધ છે, અર્થાત્ આકાશ અવગાહ્ય કહેવાય છે.

આ પ્રમાણે જ જે જે આધેયદ્રવ્ય છે, તે તે આધારવાળું છે. આવી વ્યાપ્તિથી આકાશ છે, કેમ કે- આધેયભૂત દ્રવ્યોના સાધારણપણાની અન્યથા અનુપપત્તિ-વ્યતિરેક વ્યાપ્તિ છે. તે અનુમાનપ્રમાણથી સર્વ આધેયભૂત ધર્માદિ દ્રવ્યોના આધારની અપેક્ષાએ આકાશની સિદ્ધિ છે.

(જ્યાં જ્યાં દ્રવ્યનિષ્ઠ સાધારણત્વાભાવ છે, ત્યાં ત્યાં દ્રવ્યત્વનો અભાવ છે-એમ વ્યતિરેક વ્યાપ્તિ સમજવી. જ્યાં જ્યાં જે જે દ્રવ્ય છે, ત્યાં ત્યાં તે તે સાધાર છે (આધેય છે)- એમ અન્વય વ્યાપ્તિ જાણવી.)

શંકા- તે આકાશ પણ દ્રવ્ય છે, માટે આકાશમાં આધેયત્વ થશે જ-આકાશનો પણ આધાર માનવો પડશે જ. જો આકાશનો-આધારનો આધાર માનવા જતાં અનવસ્થા (એક જાતનો તર્કદોષ-અનવસ્થા-कलृप्तवस्तु सजातीयवस्तु परंपरा कल्पनस्य विरामाभावः यथाजातौ जात्यंतरं तत्रापि जात्यंतरं इत्येवं तत्र तत्र जात्यंतर स्वीकारेऽनवस्था)

સમાધાન- ધર્મીગ્રાહક-પ્રમાણ દ્વારા આધાર માત્ર સ્વરૂપપણાની જ સિદ્ધિ છે. અર્થાત્ આકાશ રૂપ ધર્મીદ્રવ્ય ન માનવામાં આવે, તો સ્થાનના અભાવમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોની ક્યાં સ્થિતિ થાય ? વાસ્તે સર્વનું આધારભૂત જે દ્રવ્ય, તે આકાશ છે.

શંકા- ઠીક છે પરંતુ આપે જે વ્યાપ્તિ રજુ કરી હતી કે- જે જે દ્રવ્ય છે તે તે સાધાર છે, એ ઠીક નથી; કેમ કે-સાધારણત્વ રૂપ સાધ્યના અભાવવાળા આકાશમાં દ્રવ્યત્વ રૂપ હેતુ રહેવાથી વ્યભિચાર નામક દોષ કેમ નહિ આવે ?

સમાધાન- 'द्रव्यं साधारं' રૂપ ધર્મીરૂપ સાધ્યની સિદ્ધિ પહેલાં વ્યભિચાર સ્ફૂરિત નથી થયો અને સાધ્યની સિદ્ધિ બાદ તે વ્યભિચારની સ્ફૂર્તિ અકિંચિત્કર અસમર્થ છે.

('ધર્મ અને અધર્મ-એ બે જ આધાર થશે, ભિન્ન આકાશદ્રવ્યથી સર્યું.' આમ નહિ બોલવું, કેમ કે-તે ધર્મદ્રવ્ય ગતિસહાયક છે- તે અધર્મદ્રવ્ય સ્થિતસહાયક છે. વળી નિયમ છે કે-અન્યથી સાધ્યકાર્ય અન્ય સાધી શકતો નથી. જો એમ ન માનવામાં આવે, તો અતિપ્રસંગ છે.

'युतसिद्ध' भूतल आदि छोडी घट आदि रहे छे. माटे जेम भूतल घट आदि युतसिद्ध छे, तेम 'कुंडमां बोरो.' कुंड बदर आदि युतसिद्धोमां आधार-आधेयभावनुं दर्शन होवाथी अयुतसिद्ध (अवयव-गुण-क्रिया-जाति-विशेषादिने छोडी नहि रहेनार एवा अवयवी-गुणी-जाति-क्रियावंत-व्यक्ति-नित्य द्रव्य, ए अयुतसिद्ध कहेवायछे.) धर्म-अधर्म आदि अने आकाशनो आधार आधेयभाव बने छे, केम के- युतसिद्धनो अभाव होवा छतां 'हाथमां रेखा'नी जेम अयुतसिद्धोमां ते आधार आधेयभावनुं दर्शन छे.

वळी एम पण शंका नहि करवी के- 'जो आकाश अवकाशदाता छे, तो गाय आदिने भींत आदि केम अटकावे छे ?' केम के- रूपी एवा स्थूल द्रव्यो परस्पर अटकावे छे. वळी सूक्ष्म परिणामवाळा द्रव्योमां परस्पर प्रवेशनी शक्तिनोयोग छे, पण तेओनो अवकाशदाता होवाथी आकाशमां सामर्थ्यनी हानिनो अभाव छे.)

धर्मीग्राहकप्रमाणथी आकाश एक छे-एम सिद्धि थतां, ते आकाशना, उपाधिना निमित्ते भेदने कहे छे के-

भावार्थ- 'लोक अने अलोकभेदथी ते आकाश बे प्रकारनुं छे.'

विवेचन- लोकाकाश अने अलोकाकाशना भेदथी आकाशद्रव्यना बे भेदो छे. धर्म-अधर्म-जीव-पुद्गलद्रव्योथी विशिष्ट आकाश 'लोकाकाश' कहेवाय छे अने लोकाकाशथी विपरीत 'अलोककाश' कहेवाय छे.

शंका- आकाश, लोकाकाश रूप ज रहो ! अलोकाकाशथी सर्युं. अलोक आकाश शा माटे ?

समाधान- लोक, विद्यमान विपक्षभूत अलोक आकाशवाळो छे, केम के-व्युत्पत्तिवाळा शुद्ध पदथी वाच्य छे. जेम के- पट वगेरे रूप अघट रूप विपक्षवाळो घट. आवा अनुमानथी लोकाकाश-विपक्ष अलोकाकाशनी सिद्धि समजवी.

शंका- घट वगेरे पदार्थोने ज अलोकाकाश मानी लईए तो शो वांधो ?

समाधान- 'न लोकाकाश ते अलोकाकाश'- आवो नञ् तत्पुरुष समास होवाथी, पर्युदास नञ् पदथी निषेधयोग्य लोकाकाश समाननो बोध थवाथी घट वगेरे पदार्थोथी भिन्न अलोकाकाश मानवो जोईए. एटले ज धर्म आदिना आधारभूत-लोकाकाशना विपक्ष तरीके अलोकाकाश ज थवाने योग्य छे. आम युक्तियुक्त समजवुं.

(अनुभवसिद्ध वस्तु छे के- अदृश्यमान आकाशवाळा लाकडाना थांभलामां सेंकडो के हजारो खीलीओ समाय छे, माटे अहीं सघळे ठेकाणे आकाशनो सद्भाव ज मूळभूत आधार छे.)

लोकाकाशमानं वक्तुं परिच्छेदकलोकस्वरूपप्रदर्शनद्वारा परिच्छेद्यमानं स्पष्टयति—

चतुर्दशरज्जुप्रमाणः पञ्चास्तिकायात्मको लोकस्तद्व्याप्योऽसंख्येयप्रदेशाऽऽत्मको लोकाकाशः । तद्भिन्नोऽलोकाकाशोऽनन्तप्रदेशात्मकः । धर्मादयस्त्रयोऽपि स्कन्धदेश-प्रदेश भेदेन त्रिविधाः । पूर्णं द्रव्यं स्कन्धः । माध्यमिकौपाधिकभागा देशाः । केवलप्रज्ञापरिकल्पितसूक्ष्मतमो भागः प्रदेशः । ८ ।

चतुर्दशेति । लोको हि भुवनं, तच्च पञ्चास्तिकायात्मकं, चतुर्दशरज्जुपरिमितञ्च, तेन व्याप्यः-परिच्छिन्नः, तत्र परिच्छिन्नः इत्यनुक्त्वा व्याप्य इति वचनं पञ्चास्तिकायेषु परिच्छेदकतया व्यापकस्य ग्रहणार्थं, तादृशश्च धर्मो वा स्यादधर्मो वा, तथा च तावत्प्रदेशत्वमेवास्यापीत्याशयेनाह-असंख्येयप्रदेशात्मक इति । अलोकाकाशमाह-तद्भिन्न इति । लोकाकाशभिन्न इत्यर्थः । अनन्तप्रदेशात्मक इति, एतदपेक्षया च समस्ताकाशस्यानन्तप्रदेशात्मकत्वमित्यपि बोध्यम् । अथ धर्मादीनां त्रयाणां विशेषमाह-धर्मादय इति । अपिना जीवोऽपि तथैवेति सूचितम्, स्कन्धमाह-पूर्णमिति निखिलस्वस्वप्रदेशपरिपूर्णमसंख्येयप्रदेशात्मकमिति यावत् । माध्यमिकेति, पूर्णसमुदायादेकादिप्रदेशहीना आद्व्यादिप्रदेशं बुद्धिपरिकल्पिता विभागा देशा उच्यन्त इत्यर्थः । केवलेति । केवलज्ञानेन परिकल्पितः सूक्ष्मतमो निर्विभागो भागः केवलप्रज्ञयापि दुर्भेद्यः प्रदेश इत्यर्थः ॥

પંચાસ્તિકાય રૂપ-પરિચ્છેદક રૂપ લોકના સ્વરૂપ પ્રદર્શન દ્વારા પરિચ્છેદ્યમાન આકાશનું પરિમાણ સ્પષ્ટ કરે છે કે-

ભાવાર્થ- 'ચૌદરજ્જુ પરિમાણવાળો પંચાસ્તિકાયસ્વરૂપી લોક છે. તે લોકની સાથે વ્યાપ્તિવાળો અસંખ્યાત પ્રદેશવાળો લોકાકાશ છે. તેનાથી ભિન્ન અનંત પ્રદેશવાળો અલોકાકાશ છે.

ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ અને ચોથો જીવ-એમ ચાર સ્કંધ દેશ-પ્રદેશના ભેદથી ત્રણ પ્રકારના છે. પૂર્ણદ્રવ્ય સ્કંધ કહેવાય છે, મધ્યમ-ઉપાધિકૃત ભાગ દેશ કહેવાય છે અને કેવલજ્ઞાનથી પરિકલ્પિત સૂક્ષ્મતમ (નિર્વિભાગ) ભાગ પ્રદેશ કહેવાય છે.'

વિવેચન- લોક એટલે જગત. તે પંચાસ્તિકાય રૂપ અને ચૌદરજ્જુ પરિમાણવાળો છે. તે લોકની સાથે વ્યાપક (સર્વદ્રવ્ય આધાર) અસંખ્યાત પ્રદેશસ્વરૂપી લોકાકાશ છે. તે લોકાકાશથી ભિન્ન અલોક આકાશ અનંત પ્રદેશવાળો છે. આની અપેક્ષાથી સઘળુંય આકાશ અનંત પ્રદેશવાળું છે એમ પણ જાણવું.

ધર્મ, અધર્મ અને આકાશ-એમ ત્રણ અને અપિ શબ્દથી જીવમાં જે કાંઈ વિશેષ છે તેને કહે છે કે- 'ધર્મ આદિ ત્રણ પણ સ્કંધ-દેશ-પ્રદેશના ભેદથી ત્રણ પ્રકારવાળા છે.' અર્થાત્ ધર્માસ્તિકાય સ્કંધ-દેશ-પ્રદેશ, અધર્માસ્તિકાય સ્કંધ-દેશ-પ્રદેશ, આકાશાસ્તિકાય સ્કંધ-દેશ-પ્રદેશ, એમ ત્રણના નવ ભેદો અજીવના જાણવા.

(પ્રસંગપ્રાપ્ત જીવાસ્તિકાયના સ્કંધ-દેશ-પ્રદેશ રૂપ ત્રણ ભેદો પણ જાણવા.)

તથાચ સકલ દેશ-પ્રદેશ અનુગત સમાન પરિમાણવાળું અસ્તિકાય દ્રવ્ય સ્કંધ કહેવાય છે. તે સ્કંધના જ બુદ્ધિથી કલ્પિત બે આદિ પ્રદેશ આત્મક ભાગ રૂપ દેશ, તેનો જ નિર્વિભાગ ભાગ રૂપ પ્રદેશ કહેવાય છે.

આ દેશ-પ્રદેશાદિ રૂપ વિભાગ કદાચિત્ ભૂતકાળમાં થયો નથી, વર્તમાનકાળમાં થતો નથી અને ભવિષ્યકાળમાં થશે નહિ. ફક્ત શિષ્યની બુદ્ધિની નિર્મળતા માટે જ મતિકલ્પનાથી પરિકલ્પિત જાણવો.

સ્કંધનો વ્યુત્પત્તિ રૂપ અર્થ, પુદ્ગલોની હાનિ-વૃદ્ધિ રૂપ સ્કંધ-એમ અર્થ માનનારા પ્રાચીન મહર્ષિઓએ ધર્માસ્તિકાય આદિ શાશ્વત દ્રવ્યોમાં સ્કંધ-દેશ-પ્રદેશનો વ્યવહાર માનેલો નથી. પરંતુ નવતત્ત્વ પ્રકરણકાર આદિ પંડિતોએ અસંખ્યાત આદિ પ્રદેશ સમુદાય (અસ્તિકાય) આત્મક જે પૂર્ણ-અખંડ વિભાગ, તે 'સ્કંધ' કહેવાય છે.

આ અર્થકથનથી ધર્માસ્તિકાય આદિમાં પણ સ્કંધ-દેશ-પ્રદેશની વ્યવહાર પ્રવૃત્તિ દેખાય છે. જેમ કે- ચૌદરજ્જુ પ્રમાણભૂત—વજ્ર આકારવાળો જે ધર્માસ્તિકાય, તે ધર્માસ્તિકાય સ્કંધ એ પ્રમાણે અધર્માસ્તિકાય સ્કંધ સમજવો.

અનંત યોજનપ્રમાણયુક્ત ઘનગોલક આકારવાળો જે આકાશાસ્તિકાય છે, તે આકાશાસ્તિકાય સ્કંધ.

સૂક્ષ્મ-બાદર ભેદવાળા પૃથ્વીકાય આદિની અપેક્ષાએ જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણવાળો, તેમજ કેવલિસમુદ્ઘાતની અપેક્ષાએ ચૌદરજ્જુ પ્રમાણવાળો અસંખ્યાત પ્રદેશાત્મક જે જીવ છે, તે જીવાસ્તિકાય સ્કંધ કહેવાય છે.

માધ્યમિક ભાગ રૂપ દેશ-પૂર્ણ (અસંખ્યાત-અનંત પ્રદેશાત્મક) સમુદાય રૂપ સ્કંધમાંથી એક આદિ પ્રદેશ ન્યૂનદ્વિપ્રદેશ આદિ પ્રદેશ પર્યંત બુદ્ધિ પરિકલ્પિત વિભાગ 'દેશ' કહેવાય છે. અર્થાત્ અસંખ્યાત પ્રદેશાત્મક સ્કંધમાં એક પ્રદેશ ન્યૂન લક્ષણવાળો જે વિભાગ, તે 'દેશ' છે.

ઔપાધિક ભાગ રૂપ દેશ-જેમ અખંડ આકાશના ઘટાકાશ, પટાકાશ, મઠાકાશ વગેરે ભેદો ઘટ વગેરે ઉપાધિ(આરોપ રૂપ વિશેષણ)ના વશે પેદા થાય છે, તેની માફક ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના પણ કલ્પનાકલ્પિત દેશ વગેરે વિભાગો થાય છે.

પ્રદેશ-પ્રદેશ કરતાં બીજો ન્યૂન વિભાગ. કેવલીઓએ પણ તે જોયો નથી, માટે પ્રકૃષ્ટ-ઉત્કૃષ્ટ દેશ 'પ્રદેશ' અનાદિકાળથી ધર્મ-અધર્મ-જીવદ્રવ્યોના પ્રદેશો સ્કંધની સાથે અનાદિ અનંતકાલીન વ્યાપ્ત પિંડ રૂપે ભેગા થઈને રહે છે.

अथ कालस्य धर्मादिद्रव्यपञ्चकपरिणामत्वेन तदन्तर्भूतत्वे पदार्थान्तरत्वे वा सर्वथा तत्स्वरूपनिर्वचनस्यावश्यकत्वेन तं लक्षयति -

वर्त्तनालक्षणः कालः । ९ ।

वर्त्तनालक्षण इति । तत्र कालस्य पर्यायात्मकत्वे वर्त्तना लक्षणं स्वरूपं यस्य स इति व्युत्पत्त्या वर्त्तनास्वरूपः काल इत्यर्थो बोध्यः । तत्र च वर्त्तना सादिसान्तादिचतुर्भेदभिन्नायां स्थित्यां यत्किञ्चित्प्रकारेण द्रव्याणां वर्त्तनं, सैव कालव्यपदेशभाक् । तत्र च परिणामक्रियापरत्वापरत्वानामप्युपलक्षकं वर्त्तनापदं, तेषामपि कालव्यपदेशभाक्त्वात् । एतेषाञ्च द्रव्यपर्यायत्वात् कथञ्चिद् द्रव्याभिन्नत्वेन द्रव्याभेदवर्त्तिवर्त्तनादिविवक्षया कालोऽपि जीवाजीवतयोदितः, न तु पृथग्भूतं द्रव्यं, वर्त्तनादिपर्यायाणां द्रव्यत्वेऽनवस्थाप्रसङ्गात्,

कालस्यास्तिकायत्वप्रसङ्गाच्च । अयमेव द्रव्यकालः । ईदृशाभिप्रायेणाऽऽगमः "किमयं भंते ! कालेत्ति पवुच्चई ? गोयमा ! जीवा चेव अजीवा चेव" इति ॥

यदि सर्वद्रव्यवर्ती वर्त्तनादिपर्यायः कालनाम्ना पृथग् द्रव्यं माभूत्, परन्तु सूर्यादिचाराभिव्यङ्ग्यो मनुष्यक्षेत्रवर्ती परमाणुवत्कार्यानुमेयश्शुद्धपदवाच्यत्वात्सत्त्वेनानुमीयमानो लोकप्रसिद्धः कालाभिधानष्षष्ठद्रव्यतया कथं न सिद्ध्येदिति विभाव्यते तदा वर्त्तनया लक्ष्यतेऽनुमीयते योऽसौ वर्त्तनालक्षणः काल इत्यर्थो वाच्यः । एकस्मिन्नविभागिनि समये धर्मादीनि द्रव्याणि स्वकीयपर्यायैरादिमदनादिमद्भिरुत्पादव्ययध्रौव्यविकल्पैर्वर्तन्त इति तद्विषया वृत्तिर्वर्त्तना । सा च तुल्यजातीयानां भावानां युगपद्भाविन्यत्र विवक्षिता, तस्या एव कालापेक्षत्वात्, माकन्दादिषु मञ्जरिकादिवत् । एतेन मनुष्यक्षेत्रात्परत ऊर्ध्वाधोलोकयोश्च काललिङ्गानां वर्त्तनादीनां सत्त्वेन कुतो न तत्र कालोऽभ्युपगम्यत इति शङ्का परास्ता, तत्र भावानां वर्त्तनायाः कालानपेक्षत्वात्तत्र सतां पदार्थानां स्वयमेवोत्पद्यमानत्वाद्विनश्यमानत्वाद्वर्त्तमानत्वाच्च । सजातीयेषु सर्वेषु युगपत्तदनुद्भवात् । विवक्षितेन नवपुराणादिना तेन तेन रूपेण परमाण्वादिपदार्थानां शश्वद्भवनं सा वा वर्त्तना, तथा च स्वयमेव वर्त्तमानानां पदार्थानां या वर्त्तनशीलता सा बाह्यनिमित्तान्तरसापेक्षा कार्यत्वाद्घटादिवदिति वर्त्तनशीलत्वनिरूपितापेक्षाकारणत्वेन कालसिद्धिर्भवति । न च सा वर्त्तना समयपरिणतिस्वभावा दुरधिगमा चेति कथं तस्य पक्षत्वमिति वाच्यम्, व्यावहारिकस्य पाकस्य तण्डुलविक्लेदनलक्षणस्यौदनपरिणामस्य दर्शनात्, प्रतिसमयं प्रथमसमयादारभ्य सूक्ष्मपाकाभिनिर्वृत्तेरिव सर्वेषामपि द्रव्याणां स्वस्वपर्यायाभिनिर्वृत्तौ प्रतिसमयं वर्त्तनाया अनुमीयमानत्वादस्ति कालो नवपुराणादिपरिणामान्यथानुपपत्तेरिति ॥ तथा ह्यःश्वोऽद्यादिकालवचनान्यपि बाह्यार्थनिबन्धनानि, असमस्तपदत्वाद्रूपादिशब्दवत्, ह्यआदिकालवचनानि यथार्थानि यथाभ्युपगममाप्तैस्तथाभिधीयमानत्वात्, प्रमाणावगम्यः प्रमेयोऽर्थ इत्येवंविधवचनवदित्याद्यनुमानानि भाव्यानि । न चादित्यगतिनिबन्धना वर्त्तना, तद्गतावपि वर्त्तनाया दर्शनेनापरहेतुत्वप्रसङ्गात् । नवाऽऽकाशप्रदेशनिमित्ता, तस्याधिकरणत्वात् तस्मात्कालोऽस्त्येवायमेव चाद्धाकाल उच्यते । एवञ्च यत्र कालस्तत्र वृत्तिर्वर्त्तनाद्याकारेण परिणमते नान्यत्रेति नियमः । न च बाह्यद्वीपेषु भावानां वृत्तिः कालापेक्षा वृत्तिशब्दवाच्यत्वादिहत्यकुसुमवृत्तिवदिति तत्रापि कालसिद्धिरिति वाच्यम्, अलोकस्य वृत्तौ समयवृत्तौ च व्यभिचारात्, तथा चोत्पादव्ययध्रौव्यव्यतिरेकेण सत्त्वस्य गुणपर्यायव्यतिरेकेण च द्रव्यत्वस्यासम्भवात् कालस्यापि सत्त्वं द्रव्यत्वञ्च सिद्धमेव ।

ननु कालस्याविभागित्वात् परमनिरुद्धैकसमयरूपत्वात्समुच्छिन्नपूर्वापरकोटित्वादस्तिकायत्वाभावेन प्रदेशशून्यत्वात्प्रागभावप्रध्वंसाभावावस्थयोरसत्त्वेनोत्पादव्ययध्रौव्ययुक्तत्वं गुणपर्यायवत्त्वञ्च कथमिति चेदुच्यते, जिनवचनस्य प्रधानोपसर्जनीकृतेतररूपद्रव्यपर्यायोभयनयावलम्बित्वादेकस्यापि समयस्य निष्प्रदेशस्य द्रव्यपर्यायावबद्धवृत्तित्वमेव, द्रव्यार्थरूपेण प्रतिपर्यायमुत्पादव्ययधर्मापिस्वरूपानन्यभूतक्रमाक्रमभाव्यनाद्यपर्यवसानानन्तसंख्यापरिणामपर्यायप्रवाहव्यापिनमेकमेवात्मानमातनोति, अतीतानागतवर्त्तमानावस्थास्वपि कालः काल इत्यविशेषश्रुतेः सर्वदा ध्रौव्यांशावलम्बनात्, तथा च श्वोभावेन विनश्याद्यत्वेन प्रादुर्भवति, अद्यत्वेनापि विनश्य ह्यस्त्वेनोत्पद्यते, कालत्वेन तु श्वोऽद्यह्यःपर्यायेषु संभवित्वादन्वयरूपत्वाद् ध्रुव एवेति, पर्यायार्थतया त्वत्यन्तविविक्तरूपत्वात्पर्यायाणां प्रत्युत्पन्नमात्रविषयत्वादतीतानागतयोरभावादेव न वृत्तो नापि वर्त्स्यन्निति तेन प्रकारेणासत्त्वं, तथा च स्यात्सत्त्वं स्यान्नास्तित्वमिति व्यवस्थानात् गुणपर्यायवांश्च काल इति ॥

હવે ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ-જીવ રૂપ પાંચ અસ્તિકાયોમાં કાળનો સમાવેશ છે, જેમ કે-પાંચ અસ્તિકાયોના પરિણામને 'કાળ' કહે છે. અથવા પાંચ અસ્તિકાયોથી સર્વથા જાદું દ્રવ્ય-છઠ્ઠું દ્રવ્યકાળ છે. જો એમ માનો તો પણ કાળના સ્વરૂપનું વર્ણન આવશ્યક હોઈ કાળનું લક્ષણ કહે છે કે-

ભાવાર્થ- 'વર્ત્તના રૂપી લક્ષણ(સ્વરૂપ)વાળો કાળ છે.'

વિવેચન- ત્યાં નૈશ્ચયિક કાળ પર્યાય રૂપ હોઈ વર્ત્તના રૂપી પર્યાય જેનું લક્ષણ છે, તે 'કાળ' કહેવાય છે. આવી વ્યુત્પત્તિ (બહુવ્રીહિ સમાસના વિગ્રહના જ્ઞાન)થી 'વર્ત્તના સ્વરૂપી કાળ' છે, આવો અર્થ જાણવો.

વળી ત્યાં વર્ત્તના એટલે આદિસાંત આદિ રૂપ ચાર પ્રકારવાળી સ્થિતિમાં જે કોઈ એક પ્રકારથી દ્રવ્યોનું વર્ત્તવું. તે વર્ત્તના જ કાળના વ્યવહારને ભજનારી છે. ત્યાં વર્ત્તના પદ, પરિણામ-ક્રિયા-પરત્વાપરત્વનું પણ ઉપલક્ષક (લક્ષણાથી પોતાનું અને અન્યનું બોધક. જેમ કે- 'काकेभ्योदधि रक्ष्यतां ।' આ વાક્યમાં દધિ ઉપઘાતક માત્રમાં લક્ષણા છે. એટલે લક્ષણાથી કાક અને દધિ ઉપઘાતક અન્યનું બોધક 'કાક' પદ છે.) અર્થાત્ વર્ત્તનામાં જેમ કાળનો વ્યવહાર છે, તેમ પરિણામ-ક્રિયા-પરત્વાપરત્વમાં પણ કાળનો વ્યવહાર સમજવો.

આ વર્ત્તના-પરિણામ-ક્રિયા આદિ દ્રવ્યના પર્યાય રૂપ હોઈ, કથંચિદ્ દ્રવ્યથી અભિન્ન હોઈ, દ્રવ્યમાં અભેદ રૂપે વર્ત્તનાદિ વર્ત્તનાદિની વિવક્ષાથી કાળ પણ જીવપણાએ-અજીવપણાએ કહેલ છે, પરંતુ જીવ-અજીવથી જુદો પદાર્થ નહિ. (જીવદ્રવ્યો કરતાં અજીવદ્રવ્યો અનંતગુણા હોવાથી બહુલતાની અપેક્ષાએ અજીવમાં કાળને ગણેલ છે.)

જો વર્ત્તના આદિ પર્યાયોને દ્રવ્ય તરીકે માનવા જતાં અનવસ્થા (कलृप्तवस्तु सजातीयवस्तु परम्परकल्पनास्य विरामाभावः)નો પ્રસંગ આવે ! કાળમાં અસ્તિકાય(પ્રદેશ સમુદાય)પણાનો પ્રસંગ આવે !

આજકાલ જીવ અજીવ રૂપ હોઈ 'દ્રવ્યકાળ' કહેવાય છે. આવા અભિપ્રાયથી આગમાં છે કે-

'किमयंभदन्त ! काल इति प्रोच्यते ? गौतम ! जीवश्चेवाजीवश्चैव ।'

હે ભગવાન્ ! કાળ છે- એમ જે કહેવાય છે તે શું ? તેના જવાબમાં ભગવાન કહે છે કે- કાળ જીવદ્રવ્ય રૂપ અને અજીવદ્રવ્ય રૂપ છે.

જો સર્વ દ્રવ્યોમાં રહેનાર વર્ત્તના આદિ પર્યાયકાળ નામે કરી જાદું દ્રવ્ય ભલે ન હોય, પરંતુ સૂર્ય આદિ ગતિથી અતિ સ્પષ્ટ જાણી શકાય. મનુષ્યક્ષેત્રમાં વર્ત્તનાર અને પરમાણુની માફક કાર્ય રૂપ લિંગથી અનુમાનયોગ્ય (સમાસ વગરના) પદથી વાચ્ય હોવાથી, અસ્તિત્વ રૂપે અનુમાનયોગ્ય બનતું અને લોકમાં પ્રસિદ્ધ કાળ નામક છઠ્ઠા દ્રવ્ય તરીકે દ્રવ્ય કેમ સિદ્ધ ન થાય ?

આ પ્રમાણે જ્યારે વિચાર કરાય છે, ત્યારે 'વર્ત્તના રૂપ લિંગ વડે લક્ષિત-અનુમિત જે થાય છે, તે આ વર્ત્તના લક્ષણવાળો કાળ પદાર્થ છે.' એવો અર્થ કહેવો.

જે વિભાગવાળો થતો નથી, એવા એક સમયમાં ધર્મ આદિ દ્રવ્યો આદિવાળા-અનાદિવાળા પોતાના પર્યાયો વડે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ભેદો વડે વર્તે છે.

આ પ્રમાણે ધર્માદિ દ્રવ્યવિષયક, એક સમય વૃત્તિ 'વર્ત્તના' કહેવાય છે. તે વર્ત્તના સમાન જાતિવાળા ભાવોની એકીસાથે થનારી વર્ત્તના અહીં વિવક્ષિત છે. તે વર્ત્તના જ કાળની અપેક્ષાવાળી છે. જેમ કે- આંબા આદિમાં રહેલ મંજરી કાળની અપેક્ષાવાળી છે.

(મનુષ્યલોકવ્યાપી એક સમય રૂપી કાળ, તે કાળ દ્રવ્યપર્યાયવ્યાપ્ત વૃત્તિવાળો જ દ્રવ્યાર્થની અપેક્ષાએ એક છે. પરંતુ પ્રત્યેક પર્યાયમાં ઉત્પાદ-વ્યય ધર્મવાળો છતાં અનંત સંખ્યા પરિણામવાળો છે-અનાદિઅનંત છે. એથી જ પર્યાયના પ્રવાહમાં વ્યાપક એક, કાળ પોતાને વિસ્તારે છે. અતીત-અનાગત-વર્ત્તમાન અવસ્થાઓમાં પણ કાળ-કાળ, આવી સામાન્ય રીતે સર્વદા ધ્રુવતાના અંશનું આલંબન છે. આવી રીતે કાળ સામાન્ય પરમાર્થ હોવાથી સત્ છે-કદાચિત્ અસત્ નથી.

અઢી દ્વિપ બે સમુદ્રથી આક્રાન્ત ક્ષેત્રપરિમાણવાળો, તીચ્છમાનથી ૪૫ લાખ જોજનપ્રમાણવાળો કાળ નામનું દ્રવ્ય કહેવાય છે; કેમ કે-વર્ત્તના આદિ લિંગની વિદ્યમાનતા છે. મનુષ્યલોક પછીથી કાળ નામક દ્રવ્ય સ્વીકારાતું નથી. જો કે ભાવોમાં વર્ત્તનાદિ હોવા છતાં વર્ત્તનાદિ સામાન્યથી છે. માટે કાળના લિંગો નથી. પરંતુ વિશેષથી વર્ત્તનાદિકાળના લિંગો છે.)

આ કથનથી મનુષ્યક્ષેત્ર પછીથી, ઉર્ધ્વલોકમાં કે અધોલોકમાં કાળના લિંગ રૂપ વર્ત્તના આદિ હોવાછતાં શા માટે ત્યાં કાળ માનતા નથી ? આવી શંકા નિરાકૃત થઈ ગઈ, કેમ કે-ત્યાં ભાવોની વર્ત્તના કાળની અપેક્ષાવાળી નથી. ત્યાં વિદ્યમાન પદાર્થો પર્યાયની અપેક્ષાએ સ્વયમેવ ઉત્પન્ન-વિનષ્ટ થાય છે. દ્રવ્યની અપેક્ષાએ ધ્રુવ-વર્તમાન છે. સમાન જાતિવાળા સર્વ પદાર્થોમાં એકીસાથે તે વર્ત્તનાદિ ઉદ્ભૂત થતા નથી.

અથવા વિવક્ષિત તે તે નવપુરાણ આદિ સ્વરૂપે પરમાણુ આદિ પદાર્થોનું નિત્ય હોવું તે 'વર્ત્તના.' તથાચ સ્વયમેવ વર્ત્તના પદાર્થોની જે વર્ત્તનનો સ્વભાવ તે 'વર્ત્તના.' તે વર્ત્તના બાહ્ય રૂપ બીજા નિમિત્તની

અપેક્ષાવાળી છે, કેમ કે- કાર્ય છે. જેમ કે- ઘટ વગેરે વર્તનશીલતા રૂપ કાર્યથી (જનકતા રૂપે નિરૂપિત) અપેક્ષાકારણ રૂપે કાળ નામના પદાર્થની સિદ્ધિ થાય છે.

શંકા- સમય રૂપે પરિણમનના સ્વભાવવાળી વર્ત્તના દુઃખે કરી જાણી શકાય એમ છે, માટે કેવી રીતે પૂર્વોક્ત અનુમાનપ્રયોગમાં પક્ષ (ધર્મી-સાધ્ય ધર્મવિશિષ્ટ) તરીકે લેવાય છે ?

સમાધાન- આ વર્ત્તના, પ્રત્યેક દ્રવ્યપર્યયિની અંદર વ્યાપ્ત એક સમય રૂપ સ્વસત્તાના અનુભવના સ્વરૂપવાળી ઉત્પાદ્ય કે વિનાશ્ય પદાર્થનો પ્રથમ સમયનો સંવ્યવહાર અનુમાનથી ગમ્ય છે. ચોખા વગેરેના વિકારની જેમ. અગ્નિ અને જળના સંયોગથી જન્ય તંદુલમાં રહેલ પ્રાથમિક વિકાર વ્યવહારિક પાકમાં અનુમાનથી ગમ્ય છે તેમ અહીં સમજવું.

પ્રથમ સમયથી માંડી સૂક્ષ્મ પાકની સિદ્ધિની માફક પ્રત્યેક સમયમાં સધળાય દ્રવ્યોની સ્વસ્વ પર્યાયની સિદ્ધિમાં સમયે સમયે વર્ત્તના અનુમાનયોગ્ય હોવાથી 'કાળ' છે, કેમ કે-નવપુરાણ આદિ પરિણામની અન્યથા અનુપપત્તિ છે.

(કાળના અસ્તિત્વ સિવાય નવપુરાણ આદિ પરિણામના અસ્તિત્વનો અભાવ છે. જ્યાં જ્યાં નવપુરાણ આદિ પરિણામ છે, ત્યાં ત્યાં કાળનું અસ્તિત્વ છે. આ પ્રમાણે અન્વય વ્યતિરેક વ્યાપ્તિ સાધ્ય, કાળનું અસ્તિત્વ છે.)

તથા ગઈકાલ, આવતીકાલ, આજ, પૂર્વના વર્ષે, (પોર-પરાર) રાત્રિ, દિન, સવાર, સાંજ, ચાલુ વર્ષ ઇત્યાદિ કાળવાચક શબ્દો પણ બાહ્ય પદાર્થ રૂપ કારણવાળા છે; કેમ કે-સમાસ વગરનું (શુદ્ધ) પદ છે. જેમ કે-રૂપ આદિ શબ્દો (ગઈકાલ) વગેરે કાળ શબ્દો યથાર્થ છે, કેમ કે- અભ્યુપગમ પ્રમાણે આપ્તોએ તે પ્રકારે કહેલ છે.

જેમ કે-પ્રમેયભૂત અર્થ પ્રમાણથી જ્ઞેય છે. આવા પ્રકારનું વચન ઇત્યાદિ અનુમાનો વિચારવા.

જો વર્ત્તના, સૂર્યની ગતિ રૂપ કારણવાળી છે એમ માનવામાં આવે, તો સૂર્યની ગતિમાં પણ વર્ત્તના દેખાય છે. માટે બીજો હેતુ શોધવો જ પડશે ને ?

અથવા આકાશપ્રદેશ રૂપ નિમિત્તવાળી વર્ત્તના (સૂર્યગતિ) નથી, કેમ કે-તે આકાશપ્રદેશ તે વર્ત્તનાનું (સૂર્યગતિનું) અધિકરણ-આધાર છે. તેથી સકલવસ્તુવ્યાપક વર્ત્તના છે. વર્ત્તના રૂપી કાર્યથી અનુમાનયોગ્ય, પદાર્થની પરિણતિમાં હેતુ, કાળ નામનો પદાર્થ છે જ. આ જ વળી અદ્ધાકાળ કહેવાય છે.

આ પ્રમાણે જ્યાં કાળ છે, ત્યાં વૃત્તિ છે. એટલે વર્ત્તના આદિ આકારથી તે તે દ્રવ્યમાં કાળ પરિણમે છે. જ્યાં કાળ નથી, ત્યાં વર્ત્તના આદિ આકારથી કાળ પરિણમતો નથી. આ પ્રમાણે નિયમ છે.

શંકા- અઢી દ્વિપના બહાર દ્વિપોમાં ભાવગતવર્ત્તના કાળની અપેક્ષાવાળી છે, કેમ કે- વૃત્તિ શબ્દવાચ્ય છે. જેમ કે- અહીંના કુસુમની વૃત્તિ. (વર્ત્તના) આ પ્રમાણે અઢી દ્વિપના બહારના દ્વિપોમાં-ઊર્ધ્વલોક કે અધોલોકમાં પણ કાળસિદ્ધિ કેમ નહિ ?

સમાધાન- કાળની અપેક્ષા વગરના (સાધ્યના અભાવવાળા) અલોકાકાશમાં વૃત્તિ, કાળનિરપેક્ષ સમયમાં વર્ત્તના છે માટે વ્યભિચાર છે.

અઢી દ્વીપના બહારના દ્વિપોમાં-ઊર્ધ્વલોકમાં-અધોલોકમાં સામાન્યતઃ-સ્વતઃ વર્ત્તનાદિ હોઈ, કાળ રૂપ અપેક્ષાકારણ માનેલ નથી.

જ્યારે અઢી દ્વિપમાં ભાવોમાં વિશેષતઃ, પરતઃ, વર્ત્તનાદિ હોઈ કાળ રૂપ અપેક્ષાકારણ માનેલ છે.

તથાચ ઉત્પાદ-વ્યય-ધ્રુવતાના અભાવમાં સત્ત્વનો અને ગુણપર્યાયના અભાવથી દ્રવ્યત્વનો અસંભવ હોઈ, ઉત્પાદ-વ્યય-ધ્રુવતા યુક્ત હોઈ કાળ સત્ છે અને ગુણપર્યાયવાળો હોઈ કાળ દ્રવ્ય છે, એ તો સિદ્ધ જ છે.

શંકા- કાળ વિભાગવાળો નહિ હોવાથી, પરમ નિરુદ્ધ (સૂક્ષ્મ-નિકૃષ્ટ) એક સમય રૂપ હોવાથી, પૂર્વ અને અપરની કોટિ (ભેદ)થી રહિત છે. અસ્તિકાયપણાનો અભાવ હોઈ પ્રદેશશૂન્યપણું છે. (પ્રાગ્‌ભાવ કાર્યની ઉત્પત્તિ પહેલાં કાર્યના સમવાયી કારણમાં રહે છે.) અહીં કપાલમાં (સમવાયીકારણમાં) ઘડો થશે-એ પ્રતીતિથી સિદ્ધ અનાદિસાન્ત કહેવાય છે. પ્રધ્વંસાભાવ કાર્યની (ઘટ આદિ કાર્યની) ઉત્પત્તિ પછી જે અભાવ છે, તે પ્રધ્વંસાભાવ કાર્યના સમવાયી કારણમાં વર્તે છે. ઘટ આદિ કાર્યની ઉત્પત્તિ પછી ઘટપ્રધ્વંસાભાવ ઉત્પન્ન થાય છે. માટે આદિ, કિન્તુ અંત નહિ થનાર હોઈ અનંત છે. (ઘટો ધ્વસ્તઃ)- એવી પ્રતીતિથી સિદ્ધ પ્રાગ્‌ભાવની અને પ્રધ્વંસાભાવની અવસ્થાની અવિદ્યમાનતા છે. તેથી કાળમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવના યુક્તત્વ કેવી રીતે ? અને ગુણપર્યાયવત્તા કેવી રીતે ?

સમાધાન- શ્રી જિનેન્દ્ર ભગવાનનું વચન, સ્વને પ્રધાન અને સ્વેતરને ગૌણ રૂપ રાખનાર એવા દ્રવ્યનય અને પર્યાયનય રૂપ ઉભય નયને અવલંબીને ચાલે છે. માટે પ્રદેશ વગરનો એક પણ સમય દ્રવ્યનય અને પર્યાયનય રૂપ ઉભય નયને અવલંબીને ચાલે છે. આથી પ્રદેશ વગરનો એક પણ સમય, દ્રવ્ય અને પર્યાયની સાથે બાંધેલ વૃત્તિ(વર્ત્તના)વાળો જ, દ્રવ્યનયની અપેક્ષાએ, દરેક પર્યાયમાં ઉત્પાદ-વિનાશ રૂપ ધર્મવાળો પણ, સ્વરૂપના અનંતપણા (અનન્યભૂત) રૂપ ગુણપર્યાયવાળો, અનાદિઅનંત, અનંત સંખ્યા પરિણામ રૂપ પર્યાય રૂપ પ્રવાહમાં કાળ એકલો જ વિસ્તરે છે.

અતીત-અનાગત-વર્ત્તમાન અવસ્થામાં પણ 'કાળ' 'કાળ'-આવી રીતે સામાન્ય શ્રવણથી સર્વદા ધ્રુવતાના અંશનું અવલંબનવાળો છે.

તથાચ ગતદિનપણાએ વિનાશ પામી વર્ત્તમાન આદિપણામાં સમય પ્રકટ થાય છે. વર્ત્તમાનદિનપણાએ પણ વિનાશ પામીને આવનાર દિનપણાએ ઉત્પન્ન થાય છે.

ગઈકાલ-આજ-આવતીકાલ રૂપ પર્યાયોમાં કાળપણાએ સમય સંભવિત હોઈ અનુગત રૂપ હોઈ ધ્રુવ છે. પર્યાયનયની અપેક્ષાએ પર્યાયો અત્યંત ભિન્ન હોવાથી, વર્ત્તમાન માત્ર વિષય વિષયક પર્યાયનય હોઈ, ભૂત અને ભવિષ્યનો અભાવ હોવાથી કાળ વર્ત્યો નથી અને વર્તશે નહિ એમ કહેવાય. અર્થાત્ તે અતીત-અનાગત પ્રકારથી કાળનું અસત્ત્વ છે. તથાચ સ્વપર્યાય રૂપ વર્તમાન પ્રકારથી સ્યાત્સત્ત્વ અને પરપર્યાય રૂપ અતીત-અનાગત પ્રકારથી સ્યાદ્ અસત્ત્વ (નાસ્તિત્વ) છે. આવી વ્યવસ્થા હોઈ સત્ત્વવિશિષ્ટ અને ગુણપર્યાયવાળો કાળ છે.

इत्थमवधृते कालस्वरूपे तत्प्रमाणे च तस्यास्तिकायत्वाभावेन स्कन्धदेशप्रदेशा न सन्ति किन्तु एकविध एव स इत्याह-

स च वर्त्तमानस्वरूप एक एव । सोऽपि निश्चयव्यवहाराभ्यां द्विविधः । १० ।

स चेति । वर्त्तनया लक्ष्यमाणोऽद्धाकाल इत्यर्थः, न तु वर्त्तनास्वरूपात्मा कालः, तस्य जीवाजीवरूपत्वात् । एक एवेति वर्त्तमानैकसमयात्मक इत्यर्थः । अस्य द्वैविध्यमादर्शयति सोऽपीति । वर्त्तमानैकसमयात्माऽद्धाकालविशेषः-प्रमाणकालोऽपीत्यर्थः । नैश्चयिको व्यावहारिकश्चेति द्विविधः कालस्समयरूप इति भावः । अद्धाकालविशेषः-प्रमाणकालोऽतीतोऽनागतो[1] वर्त्तमानश्चेति त्रिविधः । तत्र विद्यमानैकसमयात्मको वर्त्तमानो नैश्चयिकः । तमवधीकृत्य भूतस्समयराशिरतीतः । तमेव समयं वर्त्तमानमवधीकृत्य यो भावी समयराशिः सोऽनागतः कालः । वर्त्तमानसमयान्यः सर्वोऽपि कालो व्यावहारिक इति भावस्तदुक्तं-"अद्धाकालस्यैव भेदः प्रमाणकाल उच्यते । अहोरात्रादिको वक्ष्यमाणविस्तारवैभवः ॥ तथा, अत्र प्रमाणकालोऽस्ति प्रकृतस्स प्रतन्यते । अतीतोऽनागतो वर्त्तमानश्चेति त्रिधा स च ॥ अवधीकृत्य समयं वर्त्तमानं विवक्षितम् । भूतस्समयराशिर्यः कालोऽतीतः स उच्यते ॥ अवधीकृत्य समयं वर्त्तमानं विवक्षितम् । भावी समयराशिर्यः कालस्स स्यादनागतः ॥ वर्त्तमानः पुनर्वर्तमानैकसमयात्मकः । असौ नैश्चयिकस्सर्वोऽप्यन्यस्तु व्यावहारिकः" ॥ इति जम्बूद्वीपप्रज्ञप्तिवृत्त्याद्यभिप्रायः ॥

આ પ્રમાણે કાળનું સ્વરૂપ અને પ્રમાણનો નિશ્ચય થઈ ગયો. હવે કાળમાં અસ્તિકાયપણાનો અભાવ હોઈ કાળના સ્કંધ-દેશ-પ્રદેશ રૂપ ભેદો નથી, પરંતુ તે કાળ એક પ્રકારનો છે. એ વાત કહે છે કે-

ભાવાર્થ- અને તે કાળ વર્ત્તમાનસ્વરૂપી એક જ છે. તે કાળ પણ નિશ્ચય અને વ્યવહારથી બે પ્રકારનો છે.

વિવેચન- તે કાળ વર્ત્તના-કાર્યલિંગ વડે અનુમાનના વિષયભૂત થતો અદ્ધા સમય રૂપ સમજવો, પરંતુ દ્રવ્યપર્યાયવર્ત્તના આદિ રૂપ સ્વરૂપવાળો કાળ નહિ; કેમ કે-વર્ત્તના રૂપ કાળ જીવ અને અજીવ રૂપ છે. (જીવ-અજીવ દ્રવ્યપર્યાય રૂપ કાળ છે.)

તે વર્ત્તમાનસ્વરૂપી એક જ છે. એટલે વર્ત્તમાન એક સમય રૂપ તે કાળ છે એમ સમજવું.

હવે આ કાળના બે પ્રકારો દર્શાવે છે કે-તે પણ એટલે વર્ત્તમાન એક સમયસ્વરૂપી, અદ્ધાકાલવિશેષ, પ્રમાણકાળ પણ નૈશ્ચયિક અને વ્યાવહારિક-એમ બે પ્રકારવાળો છે.

---

१. तत्रानागतः कालोऽनादित्वानन्तत्वाभ्यां समानोऽपि समयाधिकः, वर्त्तमानसमयस्य तत्र प्रवेशात्, न चातीते कुतो न तस्य प्रवेश इति वाच्यम् । अतीतस्य विनष्टरूपतयाऽविनश्वररूपस्य तस्य तत्र प्रवेशासम्भवात्, किन्त्वविनश्वरेऽनागत एवेति । अतीतः कालश्चानागतकालात्समयेन न्यूनः । केचित्तु अतीताद्धातोऽनागताद्धाया अनन्तगुणत्वं समत्वे चेदानीं समयातिक्रमे समयोना स्यात्, अनन्तगुणत्वे तु नानन्तेनापि कालेन गतेनासौ क्षीयत इति वदन्ति ॥

વિશિષ્ટ અદ્ધાકાળ રૂપ પ્રમાણકાળ અતીત-અનાગત-વર્ત્તમાનના ભેદથી ત્રણ પ્રકારવાળો છે.

તે ત્રણ ભેદવાળા કાળ પૈકી વિદ્યમાન એક સમય રૂપ લક્ષણવાળો 'વર્ત્તમાન'-કાળ નૈશ્ચયિક કહેવાય છે.

તે વર્ત્તમાનકાળની મર્યાદા કરીને થઈ ગયેલા સમયનો રાશિ 'અતીત' કાળ કહેવાય છે.

તે જ વર્ત્તમાન સમયની અવધિ (સીમા) કરીને જે થનારો-આવનારો જે સમય તે સમયની રાશિ છે, તે 'અનાગત' કાળ કહેવાય છે.

એટલે વર્ત્તમાન સમય રૂપ નૈશ્ચયિકકાળ સિવાયનો બીજો બધો પણ કાળ 'વ્યાવહારિક' કહેવાય છે. આવો આશય સમજવો.

આગમમાં કહ્યું છે કે- "જેનો વિસ્તાર રૂપી વૈભવ આગળ કહેવાશે, એવા અદ્ધાકાળના જ ભેદ રૂપ રાત્રિ-દિન વગેરે 'પ્રમાણકાળ' કહેવાય છે. તેમજ અહીં પ્રકૃત પ્રમાણકાળ છે, તે અતીત-અનાગત-વર્ત્તમાન રૂપે ત્રણ પ્રકારે વિસ્તારાય છે-કહેવાય છે.

વિવક્ષિત વર્ત્તમાન સમયની અવધિ (હદ) કરીને થઈ ગયેલો જે સમયરાશિ, તે કાળ 'અતીત' કહેવાય છે.

વિવક્ષિત વર્ત્તમાન સમયની અવધિ કરીને ભાવી (આવનારો) જે સમયરાશિ છે, તે કાળ 'અનાગત' થાય !

વળી વર્ત્તમાન એક સમય રૂપ 'વર્ત્તમાન' કાળ નૈશ્ચયિકકાળ કહેવાય છે. એ સિવાયનો સઘળો-બીજો કાળ 'વ્યાવહારિક' કહેવાય છે."

આ પ્રમાણેનો જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની વૃત્તિ આદિનો અભિપ્રાય છે.

तत्र नैश्चयिकं कालमाह-

वर्त्तनादिपर्यायस्वरूपो नैश्चयिकः । ज्योतिश्चक्रभ्रमणजन्यस्समयावलिकादिलक्षणः कालो व्यावहारिकः । ११ ।

वर्त्तनादीति । वर्त्तनादिपर्यायैः स्वरूप्यते लक्ष्यते यस्स नैश्चयिक इत्यर्थः, वर्त्तनादिलिङ्गक इति यावत्, आदिना क्रियापरिणामपरत्वापरत्वानां ग्रहणम् । व्यावहारिकं कालमाह-ज्योतिश्चक्रेति, ज्योतिषां विमानविशेषाणां चक्रं समुदायस्तस्य भ्रमणेन जन्यो व्यङ्ग्यः, सूर्यादिचारव्यङ्ग्य इति भावः । समयावलिकादिलक्षण इति, योगिनापि यः कालविशेषो विभक्तुं न शक्यतेऽतिसूक्ष्मत्वात्स कालविशेषः समय उच्यते । असंख्येयसमयसमुदयसमितिसमागमनिष्पन्नाऽऽवलिका । आदिना मुहूर्त्तदिवसाहोरात्रपक्षमाससंवत्सरयुगपल्यसागरोत्सर्पिणीपरावर्त्ता ग्राह्याः । एतेषां विशेषो बोधः प्रवचनादवसेयः । कालस्यायं

विभागकलाप उपचारार्थं कल्पितोऽवसेयः, समयस्यैकत्वेन विभागाभावात् समूहस्य चामुख्यत्वेनैव विभागासम्भवाच्च । परन्तु कालस्य समूहबुद्ध्यङ्गीकृतस्य विभागो वेदितव्यः ॥

હવે નૈશ્ચયિકકાળને કહે છે-

ભાવાર્થ- વર્ત્તના આદિ પર્યાય રૂપ લિંગોથી લક્ષ્ય-અનુમેય જે કાળ 'નૈશ્ચયિક' જ્યોતિશ્ચક્રના ભ્રમણથી જન્ય સમય-આવલિકા આદિ રૂપ લક્ષણવાળો, તે કાળ 'વ્યાવહારિક' કહેવાય છે.

વિવેચન- વર્ત્તના આદિ કાર્ય રૂપ પર્યાયોથી જે લક્ષિત થાય, તે 'નૈશ્ચયિક' એમ વ્યુત્પત્તિ રૂપ અર્થ જાણવો. અર્થાત્ નૈશ્ચયિકકાળ વર્ત્તનાદિરૂપ લિંગ-લક્ષણવાળો છે. આદિ પદથી ક્રિયા-પરિણામ-પરત્વાપરત્વનું ગ્રહણ કરવું.

વિશિષ્ટ વિમાન રૂપ જ્યોતિષોનો ચક્ર-સમુદાયના ભ્રમણથી જન્ય એટલે સ્પષ્ટ માલુમ પડે એવો, અર્થાત્ સૂર્ય આદિની ગતિથી જ્ઞેય.

સમય-આવલિકા આદિ લક્ષણ- યોગી દ્વારા પણ જે કાળવિશેષનો વિભાગ થઈ શકે નહિ. અતિ સૂક્ષ્મ હોવાથી તે કાળવિશેષ 'સમય' કહેવાય છે.

અસંખ્યાત સમયોના સમુદાયને 'આવલિકા' કહેવાય છે.

આદિ પદથી મુહૂર્ત્ત-દિવસ-અહોરાત્ર-પક્ષ-માસ-વર્ષ-યુગ-પલ્ય-સાગર-ઉત્સર્પિણી-પરાવર્ત્તોનું ગ્રહણ કરવું. અર્થાત્-

૨૫૬ આવલિકાનો એક ક્ષુલ્લક ભવ.

૬૫૫૩૬ ક્ષુલ્લક ભવોનું અથવા બે ઘડીનું એક મુહૂર્ત્ત.

૩૦ મુહૂર્ત્તોનો એક અહોરાત્ર.

૧૫ દિનનું પખવાડિયું.

૨ પખવાડિયાનો માસ.

૧૨ માસનું વર્ષ.

અસંખ્યાત વર્ષોનું એક પલ્યોપમ.

દશ કોટાકોટી પલ્યોપમનો એક સાગરોપમ.

દશ કોટાકોટી સાગરોપમની એક ઉત્સર્પિણી.

(ઉત્સર્પિણી સરખી અવસર્પિણી)

ઉત્સર્પિણી અને અવસર્પિણી મળી એક કાલચક્ર.

અનંત કાલચક્રનો એક પુદ્ગલપરાવર્ત્ત કાળ.

આ સમય-આવલિકા આદિનું વિશેષ જ્ઞાન આગમથી જાણવું.

કાળનો આ વિભાગસમૂહ ઉપચાર છે, માટે કલ્પિત જાણવો, કેમ કે-સમય એક હોવાથી વિભાગનો અભાવ છે. સમયરાશિમાં ગૌણપણું હોવાથી જ વિભાગનો અસંભવ છે. પરંતુ સમૂહબુદ્ધિમાં સ્વીકાર કરેલ કાળનો વિભાગ જાણવો.

अथ कालो नास्तिकायपञ्चकव्यतिरिक्तः किन्तु जीवाजीवद्रव्यपर्याय एव वर्त्तनादिक्रियारूपः । स च वर्तितुर्भावादनर्थान्तरं कालस्तत्परिणामत्वात्, कलनं संशब्दनं पर्यायाणामिति व्युत्पत्तेः । तथा च तेन तेन रूपेण सादिसान्तादिरूपेण नवपुराणादिरूपेण वा वर्त्तनैव द्रव्यसम्बन्धित्वाद् द्रव्यकाल उच्यते, जीवाजीवौ वा पर्यायपर्यायिणोरभेदोपचारात् । न खलु वर्त्तनापरिणामादिभ्यो भिन्नं द्रव्यमस्ति, समयावलिकादिरूपोऽपि नृक्षेत्रगः कालो न जीवाजीवेभ्य व्यतिरिक्तः, सूर्यादिक्रियैव हि परिणामवती कालो नान्यः । पर्यायरूपत्वेन तस्यैकत्वेऽपि किञ्चिन्मात्रविशेषविवक्षया द्रव्यकालोऽद्धाकाल इत्यादिव्यपदेशः । तस्मात्तदुपचरितं द्रव्यमुच्यत इत्याशयेनाह-

वस्तुतस्तु कालोऽयं न द्रव्यात्मकः । किन्तु सर्वद्रव्येषु वर्त्तनादिपर्यायाणां सर्वदा सद्भावादुपचारेण कालो द्रव्यत्वेनोच्यते । वर्त्तनादिपर्यायाश्च वर्त्तनाक्रियापरिणाम-परत्वापरत्वरूपेण चतुर्विधाः । तत्र सादिसान्तसाद्यनन्तानादिसान्तानाद्यनन्तभेदभिन्नेषु चतुःप्रकारेष्वेकेनापि केनचित्प्रकारेण द्रव्याणां वर्त्तनं वर्त्तनेत्युच्यते । इयं वर्त्तना प्रतिसमयं परिवर्त्तनात्मिका, नातो विवक्षितैकवर्त्तना द्विसमयं यावदपि स्थितिं कुरुते । अतो या वर्त्तनायाः परावृत्तिस्सा पर्यायत्वेनाभिधीयते । भूतकाले भूता भविष्यति भविष्यन्त्यो वर्त्तमानकाले च भवन्त्यो या द्रव्याणां चेष्टास्सः क्रियापर्यायः । प्रयोगविस्रसा-परिणामाभ्यां जायमाना नवीनत्वप्राचीनत्वलक्षणा या परिणतिस्स परिणामः । १२ ।

वस्तुतस्त्विति । न द्रव्यात्मक इति, अपि तु पर्यायात्मक इति भावः । तर्हि द्रव्यकाल इति कथमित्यत्राह-किन्त्विति, तथा च पर्यायपर्यायिणोरभेदोपचारादिति भावः । अथ कालस्वरूपानुपकारभूतान् वा वर्त्तनादीन्निदर्शयति वर्त्तनादीति । तत्र द्रव्याणां वर्त्तनं वर्त्तना । देशान्तरप्राप्त्यादिलक्षणा चेष्टा क्रिया । द्रव्यस्य स्वजात्यपरित्यागेन परिस्पन्देतरप्रयोग-जपर्यायस्वभावः परिणामः । यदाश्रयतो द्रव्यं परापरव्यपदेश्यं ते परत्वापरत्वे, परत्वं पूर्व-भावित्वमपरत्वं पश्चाद्भावित्वमिति । यद्यपि परत्वापरत्वे प्रशंसाकृते क्षेत्रकृतेऽपि भवतः । तथा परो धर्मोऽपरोऽधर्म इति, अत्र परत्वं ज्ञानत्वमपरत्वमज्ञानत्वं । एकदिक्कालावस्थितयोरयं परो-ऽयमपर इति, अत्र परत्वं विप्रकृष्टत्वं सन्निकृष्टत्वमपरत्वं बोध्यम्, तथापि कालप्रसङ्गेन पूर्व-

पश्चाद्भावित्वरूपे एवात्र ग्राह्ये । अथ वर्त्तनां स्वरूपयति-तत्रेति चतुर्विधेषु पर्यायेष्वित्यर्थः । द्रव्याणां स्थितिश्चतुर्विधा, सादिसान्ता, साद्यनन्ता, अनादिसान्ता, अनाद्यनन्ता चेति । आसु केनचिद्रूपेण द्रव्यस्य वर्त्तनमित्यर्थः, तत्र द्रव्यं चेतनाचेतनभेदाद्द्विविधम् । सचेतनस्य सुरत्वनारकत्वतिर्यक्त्वमनुष्यत्वपर्यायमधिकृत्य सादिसान्ता स्थितिः । प्रत्येकं सिद्धत्वापेक्षया साद्यनन्ता सिद्धानां । भव्यत्वमाश्रित्य भव्यानामनादिसान्ता, सिद्धत्वप्राप्तौ भव्यत्वनिवृत्तेः । अभव्यत्वमुररीकृत्याभव्यजीवानामनाद्यनन्ता विज्ञेया । अचेतनेषु द्व्यणुकादिस्कन्धानां सादिसान्ता स्थितिः, उत्कृष्टतोऽप्येकेन द्व्यणुकत्वादिपर्यायेण पुद्गलद्रव्यस्यासंख्येयकालमात्र-स्थितेः । अनागताद्धाया भविष्यत्कालरूपाया साद्यनन्ता, अतीताद्धाया अतिक्रान्तकालरूपाया अनादिसान्ता, धर्माधर्माकाशादीनां अनाद्यनन्ता बोध्या । प्रोक्तचतुर्विधस्थित्यन्यतमरूपेण स्वयमेव वर्त्तमानानां पदार्थानां समयाश्रया वर्त्तनशीलता वर्त्तनेति भावः । इयमिति, समयाश्रयेत्यर्थः । तस्मादेव कापि वर्त्तना न द्वित्र्यादिसमयवर्त्तिनी अत एव परिवर्त्तनशीला तदेव परिवर्त्तनं पर्याय उच्यत इत्याह-नात इति । क्रियापर्यायमाख्याति-भूतकाले भूता इति । करणं हि क्रिया स द्रव्यपरिणामविशेषो यथा वर्त्तमानत्वमतीतत्वमनागतत्वञ्चेति, आकाश-प्रदेशावल्यामङ्गुली वर्त्तते अतीताऽनागता चेति अङ्गुलीनिष्ठा वर्त्तमानत्वातीतत्वानागतत्व-पर्यायाः कालाश्रयाः क्रियारूपा द्रव्यस्य, समयानाश्रयत्वेऽतीत एव वर्त्तमानोऽनागतश्च स्यात्, एवमनागतो वर्त्तमानश्च सङ्कीर्येत, न चैतदिष्टम्, ततश्च समयभेदेन भूतसमयराश्यपेक्षया भूता अङ्गुल्यादीनां क्रियाः, वर्त्तमानसमयापेक्षया भवन्त्यः, अनागतसमयराश्यपेक्षया भविष्यन्त्यः क्रियाः पर्याया उच्यन्ते, सा क्रिया त्रिधा प्रयोगविस्रसामिश्रजन्यभेदात्, तत्र प्रयोगजा जीवक्रियापरिणामसम्प्रयुक्ता शरीराहारवर्णगन्धरसस्पर्शसंस्थानविषया, विस्रसाजन्या प्रयोग-मन्तरेण केवलमात्मद्रव्यपरिणामरूपा, परमाण्वभ्रेन्द्रधनुःपरिवेषादरूपा विचित्रसंस्थाना च, मिश्रजन्या तु प्रयोगविस्रसाभ्यामुभयपरिणामरूपत्वाज्जीवप्रयोगसहचरिता चेतनद्रव्यपरिणामा कुम्भस्तम्भादिविषयेति बोध्या । एवंरूपत्वेऽपि क्रियायाः पदार्थानां भूतत्वभविष्यत्व-वर्त्तमानत्वविशिष्टा गतिक्रियारूपाः क्रियापर्यायत्वेन ग्राह्याः, कालानुकूलत्वात् । अथ परिणाममाह प्रयोगेति । स्पष्टं, तदुक्तं "द्रव्याणां या परिणतिः प्रयोगविस्रसादिजा । नवत्वजीर्णताद्या च परिणामस्स कीर्तित" इति । यद्यपि परिणामः क्रियाविशेष एव तथापि परिणामेन स्थितेस्सङ्ग्रहात्क्रियातो भेदेनोत्कीर्तनम् । न च परिणाम एवोच्यतां किं क्रियया, तस्या अपि तत्रान्तर्गतत्वादिति वाच्यम् । द्रव्याणां द्वैविध्यप्रकाशनाय तदुपादानात्, द्रव्यं हि द्विविधं परिस्पन्दरूपमपरिस्पन्दरूपमिति, तत्र परिस्पन्दः क्रिया, अपरिस्पन्दः परिणाम इति ॥

હવે કાળ પાંચ અસ્તિકાયોથી જુદો નથી, પરંતુ જીવ-અજીવ-દ્રવ્યપર્યાય રૂપ જ વર્ત્તના આદિ ક્રિયાલક્ષણવાળો છે.

વર્ત્તનાવાળા ભાવ કરતાં બીજો પદાર્થ કાળ નથી, કેમ કે- પદાર્થના પરિણામ રૂપ છે. કાળનો વ્યુત્પત્તિ રૂપ અર્થ એવો છે કે- પર્યાયોનું રહેવું તથાચ તે તે રૂપે-સાદિસાંત આદિ રૂપે અથવા નવા-પૂરાણા આદિ રૂપે વર્ત્તના (દ્રવ્યોનું વર્ત્તવું) જ દ્રવ્ય સંબંધી હોવાથી 'દ્રવ્યકાળ' કહેવાય છે. અથવા જીવ-અજીવદ્રવ્ય 'દ્રવ્યકાળ' છે, કેમ કે-પર્યાય અને પર્યાયવાળાનો અભેદથી ઉપચાર છે.

ખરેખર વર્ત્તના, પરિણામ આદિથી કાળદ્રવ્ય ભિન્ન નથી.

સમય- આવલિકા આદિ રૂપ પણ મનુષ્યક્ષેત્રવ્યાપી કાળ જીવ-અજીવોથી ભિન્ન નથી, કેમ કે- સૂર્ય આદિની ગતિક્રિયા પરિણામવાળી, કાળ કહેવાય છે; બીજો નહિ. અર્થાત્ સૂર્ય આદિ ક્રિયાવિશિષ્ટપણું હોવાથી અહોરાત્ર આદિ રૂપ અદ્ધાકાળ દ્રવ્યથી ભિન્ન નથી.

તે કાળનું એકપણું હોવા છતાં પર્યાયરૂપપણાએ કરી, કિંચિન્માત્ર વિશેષની વિવક્ષાથી દ્રવ્યકાળ 'અદ્ધાકાળ' ઇત્યાદિ વ્યવહારવાળો છે, તેથી તે આરોપિત દ્રવ્ય તરીકે કહેવાય છે. એવા આશયથી કહે છે કે-

ભાવાર્થ- વાસ્તવિક રીતે તો આ કાળ અસ્તિકાય રૂપ દ્રવ્ય રૂપ નથી, પરંતુ સર્વ દ્રવ્યોમાં વર્ત્તના આદિ પર્યાયો હંમેશાં વિદ્યમાન હોવાથી ઉપચારથી કાળદ્રવ્ય તરીકે કહેવાય છે.

અને વર્ત્તના આદિ પર્યાયો વર્ત્તના-ક્રિયા-પરિણામ-પરત્વાપરત્વ રૂપે ચાર પ્રકારના છે.

ત્યાં સાદિસાંત, સાદિઅનંત, અનાદિસાંત અને અનાદિઅનંત રૂપ ભેદવાળા ચાર પ્રકારોમાં કોઈ એક પ્રકારથી દ્રવ્યોનું વર્ત્તવું-રહેવું, તે 'વર્ત્તના' કહેવાય છે.

આ વર્ત્તના સમયે સમયે પરિવર્ત્તન રૂપ છે, તેથી વિવક્ષિત એક વર્ત્તના બે સમય સુધી પણ સ્થિતિ કરતી નથી. આ હેતુથી જે વર્ત્તનાની પરાવૃત્તિ, તે 'પર્યાય' તરીકે કહેવાય છે.

ભૂતકાળમાં થઈ ગઈ, ભવિષ્યકાળમાં થશે અને વર્ત્તમાનકાળમાં વર્ત્તતી જે દ્રવ્યોની ચેષ્ટાઓ, તે 'ક્રિયાપર્યાય' કહેવાય છે.

પ્રયોગપરિણામ અને વિસ્રસાપરિણામથી પેદા થતી નવીનપણા અને પ્રાચીનપણાના લક્ષણવાળી જે પરિણતિ, તે 'પરિણામ' કહેવાય છે.

વિવેચન- આ કાળ દ્રવ્યાત્મક નથી, પરંતુ પર્યાય આત્મક છે-એમ સમજવું. તો પ્રશ્ન એ થાય છે કે- 'દ્રવ્યકાળ' જે કહેવાય છે તે કેવી રીતે ?

આના જવાબમાં કહે છે કે - સર્વ દ્રવ્યોમાં સર્વદા વર્ત્તના આદિ પર્યાયોની વિદ્યમાનતા હોવાથી, પર્યાય અને પર્યાયવાળા(દ્રવ્ય)નો અભેદ ઉપચારની અપેક્ષાથી પર્યાય આત્મક કાળ 'દ્રવ્યકાળ' તરીકે કહેવાય છે.

હવે કાળસ્વરૂપ (કાળ રૂપ અપેક્ષાકારણજન્ય) અથવા કાળના ઉપકારભૂત વર્ત્તના આદિને દર્શાવે છે કે- 'વર્ત્તનાદિ પર્યાયો વર્ત્તના-ક્રિયા-પરિણામ-પરત્વ અપરત્વ રૂપે ચાર પ્રકારના છે.' ત્યાં-

वर्त्तना- દ્રવ્યોનું વર્ત્તવું (રહેવું).

ક્રિયા- દેશાન્તરપ્રાપ્તિ (પર્યાયાન્તરપ્રાપ્તિ) આદિ લક્ષણવાળી ચેષ્ટા.

परिणाम- સ્વજાતિ (સ્વભાવ)નો ત્યાગ કર્યા સિવાય સહજ જન્ય અને (જીવવ્યાપારથી યુક્ત) પ્રયોગથી જન્ય પર્યાય સ્વભાવવાળો પરિણામ. જેમ કે- અંકુર અવસ્થાવાળી વનસ્પતિનો મૂલ-કાંડ આદિ પરિણામ. 'અંકુર હતો, હમણાં સ્કંધવાળો અને ચાલુ વર્ષે ફૂલ-ફલવાળો થશે.' ઇતિ પરિણામ.

અથવા પુરુષદ્રવ્યનો બાલ-કુમાર-યુવક-પ્રૌઢ અવસ્થા રૂપ પર્યાયના સદ્‌ભાવ રૂપ લક્ષણવાળો પરિણામ.

ધર્મ આદિ અરૂપી દ્રવ્યોમાં અનાદિ પરિણામ, રૂપી પદાર્થોમાં વાદળ, ઇન્દ્રધનુષ આદિમાં અને કુંભ, સ્તંભ આદિમાં આદિવાળો પરિણામ છે.

परत्व-अपरत्व- જેના આશ્રયે દ્રવ્ય પર રૂપે-અપર રૂપે (વ્યવહાર) યોગ્ય થાય છે, તે પરત્વ-અપરત્વ.

પર એટલે પહેલાંના કાળમાં થનાર વસ્તુ અને અપર એટલે પાછળથી પાછલા કાળમાં થનાર વસ્તુ.

જો કે પરત્વ અને અપરત્વ પ્રશંસાકૃત (જન્ય) અને ક્ષેત્રકૃત (જન્ય) પણ હોય છે. જેમ કે- 'परो धर्मः ।'

અહીં પર એટલે સર્વમાં ઉત્તમ હોઈ પ્રશસ્ત, સકલ મંગલનું ઘર હોઈ ઉત્કર્ષની પરાકાષ્ઠાએ પામેલ પ્રકૃષ્ટ ધર્મ છે.

'अपरोऽधर्मः' - અધર્મ, અપર એટલે જઘન્ય-સ્વલ્પ ગુણવાળો હોઈ અધમ કોટિનો છે, તેમજ '' જ્ઞાન પર છે, એટલે યથાર્થ વસ્તુ જ્ઞાતા છે-પ્રશસ્ત છે.

'अपरंअज्ञानं' - અજ્ઞાન અપર છે એટલે યથાર્થ વસ્તુજ્ઞાતા નહિ હોઈ, અપ્રશસ્તસમ્યગ્દષ્ટિનું નહિ હોઈ મિથ્યાદષ્ટિનું હોઈ કુત્સિત છે. આ પ્રમાણે પ્રશંસાકૃત પરત્વ-અપરત્વ સમજવું.

'क्षेत्रकृतपरत्व-अपरत्व' - એક દિશામાં એક કાળમાં રહેલ બેમાં, પર એટલે વિપ્રકૃષ્ટ-દૂરવર્ત્તી વસ્તુ સમજવી. અપર એટલે સન્નિકૃષ્ટ-સમીપવર્તી વસ્તુ સમજવી.

તો પણ અહીં કાળનો પ્રસંગ હોઈ પૂર્વભાવિત્વ-પશ્ચાદ્‌ભાવિત્વ રૂપ પરત્વ-અપરત્વનું ગ્રહણ કરવું. જેમ કે- સોળ વર્ષની ઉંમરવાળા કરતાં એકસો વર્ષની ઉંમરવાળો પર કહેવાય છે. સોવર્ષની ઉંમરવાળા કરતાં સોળ વર્ષની ઉંમરવાળો અપર કહેવાય છે.

હવે વર્ત્તનાનું સ્વરૂપ કહે છે

ત્યાં વર્ત્તનાદિ ચાર પ્રકારના પર્યાયો પૈકી દ્રવ્યોની સ્થિતિ (કાળનો નિર્ણય) ૧-સાદિસાંત, ૨-સાદિઅનંત, ૩-અનાદિસાંત, અને ૪-અનાદિઅનંત- એમ ચાર પ્રકારની છે. આ ચાર પ્રકારની સ્થિતિઓમાં કોઈ એક રૂપે દ્રવ્યનું વર્ત્તવું એ 'વર્ત્તના' છે.

ત્યાં દ્રવ્ય જીવ અને અજીવના ભેદથી બે પ્રકારનું છે. અચેતન જીવની દેવપણા, નારકપણા, તિર્યંચપણા અને મનુષ્યપણા રૂપ પર્યાયની અપેક્ષાએ સાદિ (આદિવાળી) સાંત (અંતવાળી) સ્થિતિ છે.

પ્રત્યેક સિદ્ધોની સિદ્ધત્વની અપેક્ષાએ સાદિઅનંત (અંત વગરની) સ્થિતિ છે.

ભવ્યોની ભવ્યત્વની અપેક્ષાએ અનાદિ (આદિ વગરની) સાંત સ્થિતિ છે, કેમ કે- સિદ્ધત્વની પ્રાપ્તિ બાદ ભવ્યત્વનો અંત થાય છે.

અભવ્યોની અભવ્યત્વની અપેક્ષાએ અનાદિઅનંત સ્થિતિ જાણવી. અચેતન-અજીવ દ્રવ્યોમા દ્વયણુક-ત્રયણુક આદિ સ્કંધોની સ્થિતિ સાદિ અને સાંત છે, કેમ કે-ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પણ એક દ્વયણુક આદિ પર્યાયની અપેક્ષાએ પુદ્ગલદ્રવ્ય (સ્કંધ રૂપ) અસંખ્યાત કાળ માત્ર સ્થિતિવાળું છે.

ભવિષ્યકાળ રૂપ અનાગત અદ્ધા (કાળ) સાદિઅનંત સ્થિતિવાળી છે.

ભૂતકાળ રૂપ અતીત અદ્ધાની સ્થિતિ અનાદિ અને સાંત છે.

ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશ આદિની સ્થિતિ અનાદિ અને અનંત જાણવી.

પૂર્વોક્ત ચાર પ્રકારની સ્થિતિમાંથી કોઈ એક સ્થિતિની સ્વયમેવ વર્ત્તતા પદાર્થોની સમયના આશ્રયવાળી વર્ત્તવાના સ્વભાવ રૂપ 'વર્ત્તના' છે. આવો ભાવ સમજવો.

આ એક-પ્રથમ સમયના આશ્રયવાળી વર્ત્તના છે. તે કારણથી જ કોઈ પણ વર્ત્તના બે-ત્રણ આદિ સમય સુધી રહેનારી નહિ હોવાથી જ પરિવર્તન (ફેરફાર) સ્વભાવવાળી છે. તે જ પરિવર્તન 'પર્યાય' તરીકે કહેવાય છે. માટે કહે છે કે- 'આથી વિવક્ષિત એક વર્ત્તના બે સમય સુધી પણ સ્થિતિ કરતી નથી.'

હવે ક્રિયા નામક પર્યાયને કહે છે કે- 'ભૂતકાળમાં થઈ, ભવિષ્યમાં થનારી અને વર્તમાનકાળમાં વર્તતી જે દ્રવ્યોની ચેષ્ટા, 'ક્રિયાપર્યાય.'

ક્રિયા-કરણ એટલે ક્રિયા. તે કાળકૃત દ્રવ્યપરિણામવિશેષ તરીકે કહેવાય છે. જેમ કે- વર્તમાનત્વ-અતીતત્વ-અનાગતત્વ રૂપ દ્રવ્યપર્યાયવિશેષ. દા.ત. આકાશપ્રદેશની શ્રેણીમાં અંગુલિ વર્તે છે, વર્તી હતી અને વર્તનારી છે.

આવી પ્રતીતિ-વ્યવહારમાં અંગુલિમાં રહેલ વર્તમાનત્વ-અતીતત્વ-અનાગતત્વ પર્યાયો કાળના આશ્રયવાળા ક્રિયા રૂપ દ્રવ્યના સમજવા.

જો સમય-કાળના આશ્રયવાળી ન માનવામાં આવે, તો અતીત જ, વર્તમાન અને અનાગત થઈ જાય. આ પ્રમાણે અનાગત-વર્તમાનનું સાંકર્ય (મિશ્રણ) થઈ જાય. વળી આ ઇષ્ટ નથી.

અને તેથી સમયના ભેદથી ભૂતકાળની સમયની રાશિની અપેક્ષાએ અંગુલિ આદિની ભૂત-થઈ ગયેલી ક્રિયાઓ, વર્તમાન સમયની અપેક્ષાએ થતી ક્રિયાઓ અને અનાગત સમયની રાશિની અપેક્ષાએ થનારી ક્રિયાઓ 'પર્યાય' તરીકે કહેવાય છે.

તે ક્રિયા પ્રયોગજન્ય, વિસ્રસાજન્ય અને મિશ્રજન્યના ભેદથી ત્રણ પ્રકારવાળી છે.

प्रयोगजन्य क्रिया- જીવની ક્રિયા રૂપ પરિણામના સંબંધથી જન્ય, શરીર-આહાર-વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન-આકૃતિ રૂપ વિષયવાળી છે.

विस्रसाजन्य क्रिया- જીવવ્યાપાર રૂપ પ્રયોગ સિવાય, કુદરતી, કેવલ અજીવદ્રવ્યના સ્વપરિણામ રૂપ ક્રિયા, પરમાણુ-વાદળ-ઇન્દ્રધનુષ-પરિવેષ (મંડલ-સૂર્ય, ચંદ્ર વગેરેની ચારેય બાજુ ફરતું ગોળાકાર દેખાતું તેજનું જલકુંડાળું) આદિ રૂપ અને વિચિત્ર સંસ્થાન (આકારો)વાળી વિસ્રસાજન્ય ક્રિયા (રૂપ પર્યાય).

मिश्रजन्य क्रिया- પ્રયોગ અને સ્વભાવથી જીવ-અજીવ રૂપ ઉભયના પરિણામ રૂપ હોવાથી, જીવવ્યાપાર રૂપ પ્રયોગના સહકારથી થયેલ. અચેતનદ્રવ્યના પરિણામવાળી, કુંભ, સ્તંભ આદિ વિષયવાળી ક્રિયા (પર્યાય) જાણવી.

(કુંભ વગેરે, તેવા (તથાવિધ) પરિણામથી ઉત્પન્ન થવા માટે સ્વતઃ પોતે જ સમર્થ, કુંભારની સહાયથી પેદા થાય છે.)

ક્રિયાનું આ પ્રમાણેનું સ્વરૂપ હોવા છતાં, પદાર્થોની ભૂતત્વ, ભવિષ્યત્વ અને વર્ત્તમાનત્વ વિશિષ્ટ, ગતિક્રિયા રૂપ, ક્રિયાના પર્યાય તરીકે ગ્રહણ કરવી; કેમ કે-કાળ રૂપ અપેક્ષાકારણથી જન્ય છે.

હવે પરિણામને કહે છે કે- પ્રયોગ અને વિસ્રસા રૂપ પરિણામથી પેદા થતી નવીનપણા-પ્રાચીનપણા રૂપ જે પરિણતિ, તે 'પરિણામ' તથા કાલલોક નામક શાસ્ત્રમાં કહ્યું છે કે-પ્રયોગ-વિસ્રસા આદિ જન્ય, નવત્વ-જીર્ણત્વ આદિ રૂપ જે દ્રવ્યોની પરિણતિ, તે 'પરિણામ' કહેલ છે.

અર્થાત્ કોઈ પણ ચીજ સર્વદા જ નવી અને જૂની હોઈ શકતી જ નથી. વસ્તુઓમાં જે નૂતનપણા-જીર્ણપણા રૂપ બે ધર્મનું પરિવર્તન, તે પર્યાય કહેવાય છે.

અહીં નૂતન શબ્દનો અર્થ મલ આદિ રહિત તથા જીર્ણનો અર્થ મલવાળો પદાર્થ - એમ કરવાનો નથી, પરંતુ નવા પર્યાયથી મુક્ત તે નવો અને પુરાણા પર્યાયથી યુક્ત જીર્ણ દ્રવ્ય છે, એવો અર્થ લેવાનો છે.

જો કે પરિણામ વિશિષ્ટ ક્રિયા રૂપ જ છે, તો પણ પરિણામથી સ્થિતિનો સંગ્રહ (ગ્રહણ) હોવાથી ક્રિયાથી પરિણામનું ભેદપૂર્વક કથન છે.

શંકા- જો આમ છે, તો પરિણામ જ કહો ! ક્રિયાથી સર્યું. કેમ કે- તે ક્રિયા પણ તે પરિણામમાં અંતર્ગત છે.

સમાધાન- દ્રવ્યો બે પ્રકારના પ્રકાશન માટે ક્રિયાનું અને પરિણામનું બંનેનું ગ્રહણ છે. ખરેખર, દ્રવ્ય બે પ્રકારવાળું છે-(૧) પરિસ્પંદ રૂપ અને (૨) અપરિસ્પંદ રૂપ.

અહીં પરિસ્પંદનો અર્થ ક્રિયા છે અને અપરિસ્પંદનો અર્થ પરિણામ છે. અર્થાત્ ક્રિયા પર્યાયવિશિષ્ટ દ્રવ્ય અને પરિણામ પર્યાયવિશિષ્ટ દ્રવ્ય-એમ સમજવું.

अथ परत्वापरत्वपर्यायमाह-

यदाऽश्रयतो द्रव्येषु पूर्वापरभावित्वव्यपदेशस्सः परत्वापरत्वपर्यायः । १३ ।

यदेति । कालोपकारप्रकरणात्कालकृते परत्वापरत्वेऽत्र ग्राह्ये न क्षेत्रप्रशंसाकृते, बाल-

वृद्धयोः पुरुषयोः सन्निकृष्टे पर इति विप्रकृष्टेऽपर इति व्यवहारः कालकृतपरत्वापरत्वाभ्यां भवतीति पूर्वापरभावित्वप्रयोजके परत्वापरत्वे पर्यायविशेषौ कालापेक्षे इति भावः ॥

હવે પરત્વ-અપરત્વ નામક પર્યાયને કહે છે કે-

ભાવાર્થ- જેના આશ્રયે-નિમિત્તે દ્રવ્યોમાં પૂર્વભાવિત્વ અને પશ્ચાદ્ ભાવિત્વનો વ્યવહાર થાય છે, તે પરત્વાપરત્વપર્યાય.

વિવેચન- કાળકૃત ઉપકારના પ્રકરણથી કાળકૃત પરત્વાપરત્વ ગ્રહણ કરવાના છે, પણ ક્ષેત્રકૃત કે પ્રશંસાકૃત પરત્વાપરત્વ ગ્રહણ કરવાના નથી.

સોળ વર્ષની ઉંમરવાળો બાળ કરતાં સો વર્ષના આયુષ્યવાળો વૃદ્ધ-પરજ્યેષ્ઠ કહેવાય છે અને સો વર્ષની ઉંમરવાળા વૃદ્ધ કરતાં સોળ વર્ષનો બાળ અપર-કનિષ્ઠ કહેવાય છે.

'જ્યેષ્ઠમાં પર અને કનિષ્ઠમાં અપર'- આવો વ્યવહાર કાળકૃત પરત્વાપરત્વથી થાય છે. પૂર્વકાલિન જન્મમાં અને પાછળના કાળમાં જન્મમાં પ્રયોજક-અપેક્ષાકારણભૂત બે પરત્વાપરત્વ રૂપ વિશિષ્ટ પર્યાય કાળની અપેક્ષા છે.

(નૈયાયિક-વિશેષિકસમ્મત પણ કાળકૃત પરત્વાપરત્વ છે. જેમ કે-

"दिवाकर परिस्पन्द भूयस्त्व ज्ञान तो भवेत् । परत्वमपरत्वं तु तदीयाल्पत्व बुद्धितः ।

अत्रत्व समवायीस्यात्संयोगः कालपिण्डयोः ॥ सि. मु. १२३-२४ ॥"

'જે જન્યદ્રવ્યમાં સૂર્યનો પરિસ્પંદ અધિક તે જ્યેષ્ઠ, જે જન્યદ્રવ્યમાં સૂર્યનો પરિસ્પંદ ન્યૂન તે કનિષ્ઠ. અહીં કાલિક પરત્વમાં બહુતર પરિસ્પંદ અંતરિત જન્મવત્ત્વ રૂપ જ્યેષ્ઠત્વ જ્ઞાન નિમિત્ત છે. જેમ કે- લક્ષ્મણથી રામ. પ્રચુરતર કાળની સાથે સંબંધી છે.'

આવા વાક્યથી જ્યેષ્ઠત્વ જ્ઞાનથી રામમાં પરત્વ છે તથા અલ્પતર સૂર્યના પરિસ્પંદથી અંતરિત જન્મવત્ત્વ રૂપ કનિષ્ઠપણાનું જ્ઞાન કાલિક અપરત્વમાં નિમિત્ત છે. જેમ કે- રામ કરતાં લક્ષ્મણ અલ્પતર કાળની સાથે સંબંધવાળો છે.

આવા વાક્યથી કનિષ્ઠપણાના જ્ઞાનથી લક્ષ્મણમાં અપરપણું છે. આ બંનેમાં કાલિક પરત્વાપરત્વમાં કાળપિંડ સંયોગ અસમવાયિ કારણ છે.)

अथ षष्ठं पुद्गलद्रव्यं निरूपयति-

रूपवन्तः पुद्गलाः । १४ ।

रूपवन्त इति । रूपमस्त्येषामेषु वेति रूपवन्तः, पुद्गला इति, अत्र बहुवचनं परमाणु-भेदात्स्कन्धभेदाच्च तेषां भिन्नत्वप्रतिपादनार्थम् । अत्र रूपशब्दवाच्या मूर्तिः सा रूपादि-संस्थानपरिणामा, रूपरसगन्धस्पर्शैः परिमण्डलत्रिकोणचतुरस्रायतचतुरस्राद्याकृतिभिश्च यः

परिणामस्सा मूर्त्तिः । यदि धर्माधर्मसिद्धानां प्रतिविशिष्टसंस्थानपरिणामवत्त्वेनातिप्रसङ्ग इति विभाव्यते तर्हि रूपं चक्षुर्ग्रहणलक्षणं ग्राह्यम् । रूपव्यतिरेकेण पुद्गलानामनुपलब्धेर्द्रव्यार्थादेशतो रूपपरिणमात्पुद्गलद्रव्यमभिन्नं, पर्यायार्थादेशाच्च कथञ्चिद्भिन्नं ततश्च कथञ्चिद्भेदाभेदसम्बन्धेन रूपवत्त्वं पुद्गलद्रव्यस्य लक्षणं बोध्यम् । मूर्त्तिमत्त्वस्य रूपवत्त्वस्य च प्राप्त्यर्थं सर्वसंसारिजीवग्रहणयोग्यस्पर्शवत्त्वलक्षणं विहाय रूपवन्त इत्युक्तं, तेन यद्रूपवद्द्रव्यं तन्मूर्त्तिमदिति लभ्यते, यद्यपि स्पर्शरसगन्धा अपि मूर्त्तिं न व्यभिचरन्ति तथापि स्पर्शादिशब्दानभिधेयत्वात्तल्लाभो न भवेदेवेति तल्लाभार्थमेव तथोपादानम् । एतेन सर्वत्र रूपरसगन्धस्पर्शानां सत्त्वेन केषाञ्चिदेव परमाणूनां रूपवत्त्वं केषाञ्चिदेव गन्धवत्त्वं रसवत्त्वं स्पर्शवत्त्वमिति भिन्नजातीयत्वं परमाणूनां व्युदस्तं, यत्र रूपपरिणामस्तत्र सर्वत्र स्पर्शरसगन्धानां सत्त्वादुत्कटानुत्कटभेदेन च गुणानामुपलब्ध्यनुपलब्ध्युपपत्तेरिति ॥

હવે છઠ્ઠા પુદ્ગલદ્રવ્યનું નિરૂપણ કરે છે કે-

ભાવાર્થ- જે રૂપવાળા હોય છે, તે પુદ્ગલો કહેવાય છે.

વિવેચન- જેઓની પાસે કે જેઓમાં રૂપ છે, તે રૂપવંત (રૂપવાળા)- એમ 'રૂપવંત'નો અર્થ સમજવો. 'પુદ્ગલો' અહીં બહુવચન, પરમાણુભેદથી અને સ્કંધભેદથી તે પુદ્ગલોનું ભિન્નપણું દર્શાવવા માટે છે.

અહીં રૂપ આદિ શબ્દથી વાચ્ય મૂર્તિ છે. તે રૂપી, રૂપ આદિ અને સંસ્થાન પરિણામવાળી છે. અર્થાત્ રૂપ-રસ-ગંધ-સ્પર્શ દ્વારા પરિમંડલ (વલયાકાર) ત્રણ ખૂણાવાળી, ચાર ખૂણાવાળી, લાંબી, ગોળાકાર આદિ આકૃતિઓ દ્વારા જે પરિણામ, તે મૂર્તિ. તે મૂર્તિરૂપવાળા પુદ્ગલો છે.

જો ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય શ્રી સિદ્ધ ભગવંતોમાં પ્રતિ વિશિષ્ટ સંસ્થાન પરિણામ હોઈ, અલક્ષ્ય એવા ધર્માદિમાં વિશિષ્ટ સંસ્થાનપરિણામવત્તા રૂપ લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ નામક લક્ષણદોષ આવે છે, એમ વિચારાય છે.

તો રૂપ એટલે ચક્ષુર્ગ્રહણ (ગ્રહણયોગ્યત્વ) રૂપ લક્ષણવાળું રૂપ લેવું. અર્થાત્ તે મૂર્ત પદાર્થ દ્રવ્યસ્વભાવવાળી ચક્ષુગ્રહણયોગ્ય હોઈ 'રૂપ' તરીકે કહેવાય છે.

રૂપ સિવાય પુદ્ગલોની અપ્રાપ્તિ હોવાથી, દ્રવ્યનયની અપેક્ષાએ રૂપપરિણામથી પુદ્ગલદ્રવ્ય અભિન્ન છે. પર્યાયનયની અપેક્ષાએ કથંચિદ્ ભેદ છે, તેથી જ કથંચિદ્ ભેદ-અભેદ સંબંધથી પુદ્ગલદ્રવ્યનું લક્ષણ રૂપવત્ત્વ સમજવું.

મૂર્તિમત્ત્વ અને રૂપવત્ત્વની પ્રાપ્તિ માટે, સર્વ સંસારી જીવને ગ્રહણયોગ્ય સ્પર્શવત્ત્વ રૂપ લક્ષણને છોડી 'રૂપવંતઃ' એમ કહેલ છે. તેથી જે રૂપવાળું દ્રવ્ય છે, તે મૂર્તિવાળું છે એમ રૂપ અને મૂર્તિની વ્યાપ્તિ થાય છે.

જો કે સ્પર્શ-રસ-ગંધો મૂર્તિને કદી છોડતા નથી પણ સાથે જ રહે છે, તો પણ સ્પર્શ આદિ શબ્દથી અવાચ્ય એવી મૂર્તિનો લાભ ન થાય ! માટે મૂર્તિના લાભ ખાતર જ 'રૂપ' શબ્દનું એવકાર ગ્રહણ કરેલ છે.

આ કથનથી સઘળાય-પુદ્ગલદ્રવ્ય માત્રમાં રૂપ-રસ-ગંધ-સ્પર્શોની વિદ્યમાનતા હોવાથી, 'કેટલાક પરમાણુઓ રૂપવાળા છે-સ્પર્શવાળા છે; આવી રીતે ભિન્ન જાતિવાળા પરમાણુઓ છે'- આવું કથન ખંડિત થાય છે.

જે પુદ્ગલદ્રવ્યમાં રૂપ પરિણામ છે, ત્યાં સઘળા પુદ્ગલદ્રવ્યમાં સ્પર્શ-રસ-ગંધોની વિદ્યમાનતા હોવાથી, ઉત્કૃષ્ટ (તીવ્ર) સ્પર્શ-રસ-ગંધ-રૂપ રૂપગુણોની પ્રાપ્તિની ઘટમાનતા છે, અનુત્કટ (અતીવ્ર) રૂપ આદિ ગુણોની અનુપલબ્ધિની ઘટમાનતા છે અને ઉત્કટ-અનુત્કટ પ્રયુક્ત સ્પર્શાદિ ગુણોની ઉપલબ્ધિ-અનુપલબ્ધિ છે.

एवञ्च पुद्गलमात्रस्य रूपरसगन्धस्पर्शवत्त्वाद्रूपवत्त्वमिव रसवत्त्वगन्धवत्त्वस्पर्शवत्त्वरूपाणि व्यभिचारादिविधुराणि लक्षणानि सम्भवन्तीत्यभिप्रायेणाह-

एते रसगन्धस्पर्शवन्तोऽपि । लोकाकाशव्यापिनः । ते च स्कन्धदेशप्रदेश-परमाणुभेदेन चतुर्विधाः । १५ ।

एत इति । पुद्गला इत्यर्थः । कथञ्चिद्भेदाभेदादत्रापि मतुप् बोध्यः । अथवा नित्ययोगे मतुप्, रूपादिभिर्नित्यसम्बद्धा इत्यर्थः । तेनेन्द्रियसम्बन्धात्पूर्वमपि पुद्गला रूपाद्याकारभाज एव, न केवलं द्रव्यस्वभावा मूर्त्तिरेव चक्षुरादिग्रहणमासाद्यरूपादिव्यपदेशमश्नुते इति बोध्यम् । नन्वेषां पुद्गलानां क्वावगाहो लोकेऽलोकेऽपि वेत्याशङ्कायामाह-लोकाकाशेति । असंख्येय-प्रदेशात्मके लोकाकाश एवावगाहो न त्वलोके, धर्मास्तिकायविरहेण लोकाद्बहिर्गमना-सम्भवादिति भावः । ननु लोकाकाशेऽपि किं सर्वात्मनाऽवगाहो घटजलाशयवद्वा एकदेशेनो-च्यते-परमाणुर्हि स्वयं प्रदेशरूपः, प्रदेशान्तररहितोऽतस्तस्यैकस्मिन्नेव प्रदेशेऽवगाहः, द्व्यणुकस्य परिणामवैचित्र्यादेकस्मिन् द्वयोश्च त्र्यणुकस्यैकस्मिन् द्वयोस्त्रिषु च, एवंक्रमेण चतुरणुकादीनां, संख्येयासंख्येयानन्तप्रदेशानां स्कन्धानामेकसंख्येयासंख्येयप्रदेशेष्ववस्थान-मिति । अथैषां स्कन्धादिविभागमाह-ते चेति । पुद्गलास्संक्षेपतोऽबद्धा बद्धाश्चेति द्विविधाः, अबद्धाः परमाणव एते निरवयवाः, बद्धाश्च स्कन्धाः सावयवाः, स्कन्धापेक्षया देशप्रदेशभेदौ, तत्र स्कन्धः स्थौल्यभावेन ग्रहणनिक्षेपणादिव्यापाराऽऽस्कन्दनात् स्कन्ध इति परमाणु-संघातरूपः ॥

વળી આ પ્રમાણે પુદ્ગલ માત્ર રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળા હોવાથી રૂપત્ત્વ જેમ લક્ષણ છે, તેમ પુદ્ગલના રસવત્ત્વ-ગંધવત્ત્વ-સ્પર્શવત્ત્વ રૂપ લક્ષણો વ્યભિચાર-અતિવ્યાપ્તિ આદિ દોષો વગરના પણ સંભવિત છે.

આવા અભિપ્રાયથી કહે છે કે-

ભાવાર્થ- આ પુદ્ગલો રસવાળા, ગંધવાળા અને સ્પર્શવાળા પણ છે.

વિવેચન- આ પુદ્ગલો કથંચિત્ દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાથી અભેદથી, પર્યાયનયની અપેક્ષાએ ભેદથી રસવાન, ગંધવાન, સ્પર્શવાન. અહીં મતુપ્ પ્રત્યય કથંચિદ્ ભેદાભેદ બોધક છે, અથવા નિત્ય યોગ રૂપ અર્થ મતુપ્ પ્રત્યયનો ગ્રહણ કરવો. અર્થાત્ રૂપ આદિ પોતાના ગુણોની સાથે નિત્ય સંબંધવાળા પુદ્ગલો છે, એમ અર્થ સમજવો.

આ કથનથી સાબિત થાય છે કે- ઇન્દ્રિય સંબંધના પહેલાં પણ પુદ્ગલો રૂપ- આદિ અને આકારવાળા જ હોય છે. કેવલ દ્રવ્યસ્વભાવવાળી મૂર્તિ જ ચક્ષુ આદિ ગ્રહણ કરી રૂપાદિ વ્યવહારને પામે છે એમ નહિ, એમ વિશિષ્ટ સમજવું.

શંકા- આ પુદ્ગલોનો અવગાહ ક્યાં હોય છે ? શું લોકમાં છે કે અલોકમાં ?

સમાધાન - આ શંકાના જવાબમાં કહે છે કે- 'પુદ્ગલો લોકાકાશવ્યાપક છે.' અર્થાત્ અસંખ્યાત પ્રદેશસ્વરૂપી લોકાકાશમાં જ પુદ્ગલોનો અવગાહ છે, અલોકાકાશમાં નહિ; કેમ કે- ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી લોકની બહાર પુદ્ગલોના ગમનનો અસંભવ છે.

શંકા- શું લોકાકાશમાં પણ પુદ્ગલો સર્વ ભાગથી અવગાહે છે કે ઘટ અને જળાશયની માફક એક ભાગથી અવગાહે છે ?

સમાધાન- ખરેખર, પરમાણુ સ્વયં પ્રદેશ રૂપ છે - બીજા પ્રદેશથી રહિત છે. આથી તે પરમાણુનો એક જ આકાશપ્રદેશમાં અવગાહ છે. દ્વયણુકનો અવગાહ પરિણામની વિચિત્રતાના કારણે એક અને બે આકાશપ્રદેશમાં છે. ત્રયણુકનો અવગાહ એક-બે-ત્રણ આકાશપ્રદેશમાં છે.

આ પ્રમાણેના ક્રમથી ચતુરણુક આદિનો તેમજ સંખ્યાત-અસંખ્યાત-અનંત પ્રદેશવાળા પુદ્ગલસ્કંધોનો એક-સંખ્યાત-અસંખ્યાત આકાશપ્રદેશોમાં અવસ્થાન રૂપ અવગાહ છે.

હવે આ પુદ્ગલોના સ્કંધ આદિ વિભાગને કહે છે કે-

ભાવાર્થ - વળી તે પુદ્ગલો સ્કંધ-દેશ-પ્રદેશ-પરમાણુના ભેદથી ચાર પ્રકારવાળા છે.

વિવેચન- તે પુદ્ગલો સંક્ષેપથી બે પ્રકારના છે. કેટલાક બદ્ધ પુદ્ગલો છે, જ્યારે કેટલાક અબદ્ધ પુદ્ગલો છે.

અબદ્ધ પુદ્ગલ - અવયવ વગરના, પરસ્પર સંયોગ વગરના અને સૂક્ષ્મ પરિણામવાળા ચતુઃસ્પર્શી જ પરમાણુઓ 'અબદ્ધ પુદ્ગલો' કહેવાય છે.

બદ્ધ પુદ્ગલ - અવયવવાળા, પરસ્પર સંયોગથી વ્યવસ્થિત અને બાદર પરિણામથી પરિણત અષ્ટસ્પર્શી સ્કંધો 'બદ્ધ પુદ્ગલ' તરીકે કહેવાય છે.

સ્કંધની અપેક્ષાએ દેશ અને પ્રદેશ રૂપ બે ભેદો છે. ત્યાં સ્કંધ, સ્થૌલ્યભાવથી લેવા-મૂકવા આદિ વ્યાપારમાં સમર્થ (યુક્ત) હોવાથી સ્કંધ પરમાણુ સમુદાય રૂપ છે.

तमाह–

कृत्स्नतया परिकल्पितपरमाणुसमूहः स्कन्धः । १६ ।

कृत्स्नतयेति । विशिष्टरचनावान् पूर्णः परमाणुसंघातः स्कन्ध इत्यर्थः, यथा घटादिः, देशप्रदेशवारणाय पूर्ण इति, विशकलितपरमाणुव्रजवारणाय विशिष्टरचनावानिति, एतेनावयविनः परमाणुसंघातात् सर्वथा भिन्नत्वं व्युदस्तम्, नन्ववयवावयविनौ भिन्नौ भिन्नप्रतिभासत्वात्सह्यविन्ध्यवत्, न चासिद्धो हेतुस्साध्यधर्मिणि तत्सद्भावनिश्चयात् । न चानेकपुरुषप्रतिभासविषये एकस्मिन्नर्थे भिन्नप्रतिभासत्वसत्त्वेन व्यभिचार इति वाच्यम्, एकपुरुषापेक्षया भिन्नप्रतिभासत्वस्य हेतुत्वात् । न चैकेन पुरुषेण क्रमेण दृष्टे एकस्मिन्नेव घटे हेतोस्सत्त्वेन व्यभिचार इति वाच्यम्, भिन्नलक्षणत्वे सत्येकपुरुषापेक्षया भिन्नप्रतिभासत्वस्य हेत्वर्थत्वात्, अस्ति हि घटकपालादौ विभिन्नलक्षणत्वं भिन्नप्रतिभासत्वञ्च । न च ययोर्न तादात्म्यं न तयोरभिन्नदेशत्वं, यथा सह्यविन्ध्ययोः । अभिन्नदेशत्वञ्चावयवावयविनोस्ततस्तादात्म्यमेवेति वाच्यम्, अवयवावयविनोरभिन्नदेशत्वासिद्धेः, घटादेर्हि कपालो देशस्तस्य च तदवयव इति देशस्य भिन्नत्वमेवेति । न च कथञ्चित्तादात्म्यस्य प्रत्यक्षतः प्रतीतेस्सर्वथा भेदपक्षो बाधित इति वाच्यम्, भेदस्यैव[१] पूर्वसिद्धत्वात् तादात्म्यस्य पूर्वसिद्धत्वाभावात्[२], कार्यकारणत्वधर्मधर्मित्वाधिकरणाधेयत्वविभिन्नक्रियात्वादिभिर्भेदस्य सिद्धेस्तस्मादवयवावयविनोर्भेद एवेति चेन्मैवम्, वृत्त्यनुपपत्तेः, सा हि वृत्तिः प्रत्याश्रयमेकदेशेन सर्वात्मना वा स्यात्, तत्र न ह्येकस्य प्रत्याश्रयमेकदेशेन वृत्तित्वं, निरंशत्वात्[३], न वा सामस्त्येन, अवयविनां बहुत्वापत्तेः स्वावयवेषु प्रत्येकं सर्वात्मना वर्त्तमानत्वात्, न चाप्यवयविनः प्रदेशवत्त्वं न्याय्यं, तत्रापि वृत्तिविकल्पेनानवस्थानात्, एकदेशसर्वात्मभिन्नवृत्तिताया अप्रसिद्धत्वात् । न च समवाय एव प्रकारान्तरं वर्त्तत इति वाच्यम्, समवैतीति समवाय इति सम्प्रत्ययात् तत्रापि प्रत्याश्रयमेकदेशेन सर्वात्मना वेति विकल्पस्य निष्प्रत्यूहत्वात्, तत्र च दोषस्योक्तत्वात् । तस्मादवयविनः स्वाश्रयेभ्यो नैकान्तेन भेदस्तत्र वृत्त्युपलब्धेः । यतो यस्यैकान्तभेदस्तत्र तस्य न वृत्त्युपलब्धिर्यथा विन्ध्यस्य हिमवति । स्वाश्रयेषु त्ववयव्यादेर्वृत्त्युपलब्धेर्नैकान्तेनान्यत्वम् । अतस्सर्वथा भेदस्य बाधितत्वेन भिन्नप्रतिभासत्वहेतोः कालात्ययापदिष्टत्वम् । न च घटे ततस्सर्वथा भिन्नस्यापि

१. कार्यकारणादिभेदस्य सर्वैः स्वीकृतत्वेन पूर्वसिद्धत्वादित्यर्थः । २. तत्प्रत्यक्षस्य विवादापन्नत्वेन तादात्म्ये साध्ये हेतौ संदिग्धासिद्धेरित्यर्थः । ३. एकस्यावयव्यादेर्भागाभावेनानेकत्रावयवादौ वृत्तिर्न भवतीति भावः ।

जलस्य वृत्त्युपलब्ध्या व्यभिचार इति वाच्यम् । तत्र वृत्तेस्संयोगस्य परिणामविशेषस्य संयोगिभ्यां घटजलाभ्यां सर्वथा भेदासिद्धेः । अन्यथा संयोगाभावप्रसङ्गात् । ताभ्यां हि भिन्नस्य संयोगस्योत्पत्तौ जलस्य कथं घटे संयोग इति व्यपदेशो यतस्तस्य तत्रैव वृत्तिर्भवेत् । संयोगस्य ताभ्यां जननात्तथा व्यपदेश इति तु तस्य कालादितोऽपि जननात्तत्रापि तथा व्यपदेशप्रसङ्गतो व्युदसनीयः । तस्मान्न संयोगिभ्यां संयोगोऽर्थान्तरभूत इति नोक्तहेतौ व्यभिचारः, सर्वथा-ऽर्थान्तरभूतस्य क्वचिदपि वृत्त्यनुपलब्धेर्न विरोधोऽपि । ननु तर्ह्यवयवावयव्यादीनां का वा वृत्तिरिति चेत्कथञ्चित्तादात्म्यमित्युच्यते, न च तथासति तवापि वृत्तिविकल्पदोषप्रसक्तिरिति वाच्यम्, पदार्थानां भेदाभेदशबलैकवस्तुस्वरूपत्वेनावयवादिभ्यो-ऽवयव्यादेस्तादात्म्यस्याशक्य-विवेचनत्वेन तद्दोषानवकाशात् । एवमेव गुणगुणिनोः क्रियाक्रियावतोस्सामान्यतद्वतोरपि वृत्त्युपपत्तिर्बोध्येति दिक् ॥

તે સ્કંધનું લક્ષણ કહે છે કે-

ભાવાર્થ- પૂર્ણતયા વિશિષ્ટરચિત પરમાણુઓનો સમુદાય 'સ્કંધ' કહેવાય છે.

વિવેચન- વિશિષ્ટ રચનાવાળો-પૂર્ણ પરમાણુઓનો સમુદાય 'સ્કંધ' કહેવાય છે. જેમ કે- ઘટ આદિ.

અહીં દેશ અને પ્રદેશમાં અતિવ્યાપ્તિવારણ માટે 'પૂર્ણ' પદ મૂકેલ છે. છૂટા છૂટા પરમાણુઓના સમુદાયમાં અતિવ્યાપ્તિના વારણ માટે વિશિષ્ટ આકારવાળો-એવું પદ રાખેલું છે.

આ પ્રમાણેના કથનથી પરમાણુ(અવયવ)ના સમુદાયથી અવયવી સ્કંધ સર્વથા ભિન્ન છે. આવા મતનું ખંડન થઈ જાય છે.

શંકા- અવયવ અને અવયવી બંને સર્વથા જુદાં છે, કેમ કે- ભિન્ન અનુભવવાળા બંને છે. જેમ કે- સહ્યપર્વતો અને વિન્ધ્યપર્વતો.

વળી આ હેતુ અસિદ્ધ (સ્વરૂપાસિદ્ધ) નથી, કેમ કે- સાધ્ય ધર્મી રૂપ પક્ષમાં ભિન્ન પ્રતિભાસત્વની વિદ્યમાનતાનો નિશ્ચય છે.

વળી અનેક પુરુષના પ્રતિભાસના વિષયભૂત એક અર્થમાં (અલક્ષ્યમાં) ભિન્ન પ્રતિભાસત્વની વિદ્યમાનતા હોવાથી વ્યભિચાર છે, એમ પણ નહિ બોલવું, કેમ કે- એક પુરુષની અપેક્ષાએ ભિન્ન પ્રતિભાસત્વ રૂપ હેતુ અહીં સમજવાનો છે.

વળી એક પુરુષે ક્રમથી દેખેલ એક જ ઘટમાં, (સાધ્યાભાવવાન્માં) એક પુરુષાપેક્ષયા ભિન્ન પ્રતિભાસત્વ રૂપ હેતુની વિદ્યમાનતા હોવાથી વ્યભિચાર છે, એમ નહિ કહેવું, કેમ કે- ભિન્ન લક્ષણત્વ રૂપ વિશેષણ વિશિષ્ટ, એક પુરુષની અપેક્ષાએ ભિન્ન પ્રતિભાસત્વ, એમ હેતુનો પરમાર્થ સમજવાનો છે.

વળી ઘટ(અવયવી)માં અને કપાલ આદિ (અવયવ આદિ)માં વિભિન્ન લક્ષણપણું અને ભિન્ન પ્રતિભાસપણું વિદ્યમાન છે.

વળી જે બંનેમાં (અવયવ-અવયવીમાં) તાદાત્મ્ય નથી, તે બંનેમાં અભિન્ન દેશપણું નથી અર્થાત્ ભિન્ન દેશવર્તીપણું છે. જેમ કે-સહ્ય પર્વત અને વિન્ધ્યપર્વત.

વળી અવયવ અને અવયવીનું અભિન્ન દેશવર્તીપણું છે, માટે જ અવયવ અને અવયવીનું તાદાત્મ્ય જ છે, એમ પણ નહિ કહેવું, કેમ કે- અવયવ અને અવયવીમાં અભિન્ન દેશવર્તીપણાનો અભાવ છે. ખરેખર, ઘટ આદિનો કપાલ દેશ છે અને તેનો પોતાનો અવયવ દેશ છે, માટે દેશનો ભેદ છે જ.

વળી 'પ્રત્યક્ષથી કથંચિદ્ તાદાત્મ્યની પ્રતીતિ હોવાથી સર્વથા ભેદપક્ષ બાધિત છે.'- એમ પણ નહિ કહેવું, કેમ કે- કાર્ય-કારણ આદિનો ભેદ સર્વ વાદીઓએ સ્વીકારેલ હોવાથી ભેદ પૂર્વસિદ્ધ છે, માટે તાદાત્મ્ય (અભેદ)માં પૂર્વસિદ્ધિનો અભાવ છે.

કાર્ય-કારણપણું, ધર્મ-ધર્મીપણું, આધાર-આધેયપણું, વિભિન્ન ક્રિયાપણું વગેરેથી ભેદની સિદ્ધિ હોવાથી, અવયવ અને અવયવીનો ભેદ જ છે ને ?

સમાધાન- જો તમારા પક્ષ પ્રમાણે અવયવ અને અવયવીનો ભેદ માનવામાં આવે, તો વૃત્તિની ઉપપત્તિ થતી નથી.

ખરેખર, તે વૃત્તિ દરેક આશ્રયમાં એક દેશથી કે સર્વ ભાગથી છે ? ત્યાં એક આધેયનું આશ્રય દીઠ એક ભાગથી વૃત્તિત્વ નથી, કેમ કે- નિરવયવ છે. અર્થાત્ એક અવયવી આદિના અંશનો અભાવ હોવાથી અનેક અવયવ આદિ આધારમાં વૃત્તિ થતી નથી.

એક અવયવીની આશ્રય દીઠ સર્વ દેશથી વૃત્તિતા નથી, કેમ કે-ઘણા અવયવીઓ માનવાની આપત્તિ આવે છે, કેમ કે- પોતાના અવયવોમાં દરેક (અવયવી) સર્વ દેશથી વર્તે છે.

વળી 'અવયવી પ્રદેશવાળો છે'- એમ માનવું પણ વ્યાજબી નથી.

અહીં પણ વૃત્તિવિકલ્પ દ્વારા અનવસ્થા છે, કેમ કે- એક દેશથી કે સર્વદેશથી વૃત્તિનો સંભવ છે. એ સિવાય વૃત્તિ અપ્રસિદ્ધ છે.

'અહીં આધાર અને આધેયનો યોજક સમવાય નામક બીજો પ્રકાર વર્તે છે.' (વૃત્તિ-સમવાયથી અવયવ અને અવયવીમાં સંબંધ માને છે. અયુતસિદ્ધ આધાર્ય-પટ અને આધારતંતુ પદાર્થોનો (આ તંતુઓમાં પટ છે) આવા જ્ઞાનના હેતુ-સંબંધ 'સમવાય' છે.

આ સમવાય દ્રવ્ય-ગુણ-ધર્મ-સામાન્ય-વિશેષ એમ પાંચ પદાર્થોમાં રહે છે, માટે સમવાય 'વૃત્તિ' કહેવાય છે. આ સમવાય સંબંધથી સર્વથા ભિન્ન અવયવ-અવયવીનો વ્યવહાર થાય છે.)

એમ પણ ન માનવું, કેમ કે- સમવાય એટલે જે સમવેત થાય-સ્થિતિ કરે, તે સમવાય. આવી વ્યુત્પત્તિથી, પ્રતીતિ થવાથી તે સમવાય રૂપ વૃત્તિમાં, દરેક આશ્રયમાં એક દેશથી વૃત્તિ કરે છે કે-સર્વ ભાગથી આ બે વિકલ્પ, કોઈ વિઘ્ન વગર લાગુ થતાં પૂર્વોક્ત દોષ અવશ્ય લાગુ પડે છે. માટે અવયવીનો (આધેયનો) પોતાના આશ્રયોમાં જો એકાન્તથી ભેદ માનવામાં આવે, તો ત્યાં વૃત્તિની ઉપલબ્ધિ થતી નથી. માટે નિયમ એવો છે કે- જ્યાં જેનો એકાન્તથી ભેદ છે, ત્યાં તેની વૃત્તિની ઉપલબ્ધિ થતી નથી. જેમ કે- વિન્ધ્યાચલના હિમાયલ પર્વતમાં.

પોતાના આશ્રયોમાં (અવયવોમાં) તો અવયવી આદિની વૃત્તિની ઉપલબ્ધિ હોવાથી એકાન્તથી ભેદ નથી. આ કારણથી સર્વથા ભેદ બાધિત હોવાથી ભિન્ન પ્રતિભાસત્ત્વ નામનો હેતુ કાલાત્યયાપદષ્ટિ (પ્રમાણથી બાધિત) છે.

શંકા- ઘટમાં, તે ઘટથી સર્વથા ભિન્ન પણ જળની વૃત્તિની ઉપલબ્ધિ હોવાથી વ્યભિચાર કેમ નહિ ?

સમાધાન - ત્યાં પરિણામવિશેષ સંયોગ રૂપ વૃત્તિ-સંબંધનો સંયોગી ઘટ અને જળથી સર્વથા ભેદ નથી.

જો સંયોગીઓથી સંયોગનો સર્વથા ભેદ માનવામાં આવે, તો સંયોગના અભાવનો પ્રસંગ આવે ! ખરેખર, સંયોગીથી સર્વથા ભિન્ન સંયોગની ઉત્પત્તિમાં 'જળનો ઘટમાં સંયોગ' - એવો વ્યવહાર કેવી રીતે થાય ? માટે તે સંયોગ રૂપ વૃત્તિસંબંધ ત્યાં હોવો જ જોઈએ.

જો તે બંને સંયોગીઓથી સંયોગની ઉત્પત્તિ હોવાથી 'ઘટમાં જળનો સંયોગ છે'- એમ માનવું, તે સંયોગની ઉત્પત્તિ, કાળ આદિથી પણ હોઈ, ત્યાં પણ તેવા પ્રકારના વ્યવહારની આપત્તિથી ખંડિત થઈ જાય છે.

તેથી બે સંયોગીઓથી સંયોગ જુદો કોઈ પદાર્થ નથી, માટે પૂર્વોક્ત હેતુમાં વ્યભિચાર નથી. સર્વથા બીજા પદાર્થ રૂપ ક્યાંય વૃત્તિની ઉપલબ્ધિ નહિ હોવાથી વિરોધ પણ નથી.

શંકા- જો આમ છે, તો અવયવ-અવયવી આદિમાં કઈ વૃત્તિ છે ?

સમાધાન- અવયવ-અવયવી આદિનો કથંચિત્ તાદાત્મ્ય (અભેદ) નામની વૃત્તિ કહેવાય છે.

શંકા- જો કથંચિત્ તાદાત્મ્ય નામની વૃત્તિ માનો છો, તો શું આપને પણ વૃત્તિવિકલ્પજન્ય દોષનો પ્રસંગ કેમ નહિ ?

સમાધાન- પદાર્થોમાં ભેદ-અભેદથી મિશ્ર એક વસ્તુનું સ્વરૂપ હોઈ, અવયવ આદિથી અવયવી આદિનું તાદાત્મ્ય અશક્ય વિવેચનવાળું હોઈ તે દોષોના અવકાશનો અભાવ છે.

આ પ્રમાણે ગુણ અને ગુણીની, ક્રિયા અને ક્રિયાવંતની, તેમજ સામાન્ય અને સામાન્યવાળાની પણ વૃત્તિની ઉપપત્તિ જાણવી.

अथ देशमाह-

प्रदेशादर्वाचीनस्कन्धभागा देशाः । १७ ।

प्रदेशादर्वाचीनेति । अयम्भावः, द्व्यणुकादिक्रमेणानन्तानन्तपरमाणुकावसानाः संघात-विशेषात्समुत्पन्ना बहवस्स्कन्धा भवन्ति, तत्र स्वेषु स्वेषु स्कन्धेषु प्रदेशात्मकमेकं परमाणुं मूर्मञ्च स्कन्धं विहाय तदपृथग्भूता द्वित्र्यादिपरमाणुसंघाता देशा उच्यन्ते, न तावत्तदपृथग्भूत एकः परमाणुर्देशस्तस्य प्रदेशत्वात्, यथा घटस्य ग्रीवोदरपृष्ठादयो देशाः । तत्पृथग्भूतानान्तु ग्रीवादीनां स्कन्धान्तरत्वमेवेति ॥

હવે દેશને કહે છે કે-

ભાવાર્થ- પ્રદેશ અને સ્કંધના મધ્યસ્થ સ્કંધના ભાગો 'દેશ' કહેવાય છે.

વિવેચન- અહીં કહેવાનો ભાવ એવો છે કે- દ્વયણુક આદિ ક્રમથી અનંત અનંત પરમાણુક પર્યંત વિશિષ્ટ સંઘાતથી પેદા થયેલ સ્કંધો હોય છે.

ત્યાં પોતપોતાના સ્કંધોમાં પ્રદેશ રૂપ એક પરમાણુને અને પૂર્ણ સ્કંધને છોડીને સ્કંધથી છૂટા નહિ થયેલા બે-ત્રણ આદિ રૂપ પરમાણુ સંઘાતો 'દેશ' કહેવાય છે.

તે સ્કંધથી છૂટો નહિ થયેલો એક પરમાણુ દેશ કહેવાતો નથી, કેમ કે- તે છૂટો નહિ થયેલો પરમાણુ 'પ્રદેશ' તરીકે કહેવાય છે. જેમ કે- ઘડાનો કાંઠો, મધ્ય ભાગ અને પાછળનો ભાગ વગેરે દેશ કહેવાય છે, જ્યારે ઘડાથી છૂટા થયેલા કાંઠા વગેરે બીજા સ્કંધ રૂપે કહેવાય છે.

अथ प्रदेशमाह-

केवलप्रज्ञागम्यस्कन्धानुवर्त्तिसूक्ष्मतमो भागः प्रदेशः । १८ ।

केवलप्रज्ञेति । योऽयं भागोऽतितरां सूक्ष्मः स्कन्धादपृथग्भूतः केवलप्रज्ञयैव गम्यस्स प्रदेश इत्यर्थः । यथा घटस्यापृथग्भूतस्सुसूक्ष्म एकः परमाणुभागः । स्कन्धोऽयं भेदात्सङ्घाताद् भेदसङ्घाताभ्याञ्च जायते, तत्र भेदः संहतानां बाह्याभ्यन्तरपरिणामकारणसन्निधाने सति विदारणं, यथा पूर्णस्कन्धादेकस्याणोर्भेद एकाणुभेदात्तन्यूनस्कन्धो जायते, एवं द्वित्र्यादि-परमाणुभेदक्रमेण यावद्द्विप्रदेशस्कन्धैर्भाव्यम् । पृथग्भूतानामेकीभावः संघातः, यथा द्वयोः परमाण्वोस्संघातात् द्विप्रदेशो द्विप्रदेशस्याणोश्च संघातात्त्रिप्रदेशस्स्कन्ध इत्यादिप्रकारेण जायते, एकसामयिकाभ्यां भेदसंघाताभ्याञ्च द्विप्रदेशादयः स्कन्धा उत्पद्यन्ते यथाऽन्यस्य परमाणो-स्संघातेनान्यतः स्कन्धाद्भेदेनेति । एवं परिप्राप्तबन्धपरिणाम एव स्कन्धः, तत्र च केषा-ञ्चित्स्कन्धानां प्रयोगनिरपेक्षो वैस्रसिक आदिमदनादिमद्विस्रः, तत्राद्यो विद्युदुल्कामेघादिविषयः स्निग्धरूक्षगुणनिमित्तः, अपरश्च धर्माधर्माकाशविषयः, केषाञ्चिच्च स्कन्धानां जीवप्रयोग-सहचरिताचेतनद्रव्यपरिणतिलक्षणो यथा स्तम्भकुम्भादिविषयः । तथा स्कन्धा अन्त्यस्थौल्या आपेक्षिकसौक्ष्म्यस्थौल्या इत्थमनित्थंसंस्थानाश्च, यथा निखिललोकव्यापी महास्कन्धो-ऽन्त्यस्थूलतावानवयवविकासमपेक्ष्यैवं बोध्यम्, प्रवचने त्वस्य सूक्ष्मपरिणामत्वमुक्तम् । बदरादौ चामलकापेक्षया बदरं सूक्ष्मं चणकापेक्षया च स्थूलमिति, वृत्तत्र्यस्रचतुरस्रा-ऽऽयतपरिमण्डलादिरूपमित्थं संस्थानं, ततोऽन्यदनित्थं संस्थानं, वृत्तादिरूपेण निरूपयितुम-शक्त्यत्वादिति ॥

હવે પ્રદેશને કહે છે કે-

ભાવાર્થ- કેવળ બુદ્ધિથી ગમ્ય-સ્કંધથી અભિન્ન, સ્કંધવર્તી અત્યંત સૂક્ષ્મ રૂપ ભાગ 'પ્રદેશ' કહેવાય છે.

વિવેચન- જે, આ અત્યંત સૂક્ષ્મતમ, સ્કંધથી પ્રતિબદ્ધ, કેવલજ્ઞાનથી જ ગમ્ય ભાગ, તે 'પ્રદેશ' એમ અર્થ સમજવો. જેમ કે- ઘટથી નહિ પૃથક્ થયેલ એક પરમાણુ રૂપ ભાગ.

આ સ્કંધ (૧) ભેદથી, (૨) સંઘાતથી, તથા (૩) ભેદ અને સંઘાત ઉભયથી પેદા થાય છે. ત્યાં-

ભેદ- સંહતો (સંઘાતજન્ય, દ્વયણુક આદિ ક્રમથી અનંતાનંત પરમાણુક પર્યંત સ્કંધો)ના બાહ્ય અને અભ્યંતર પરિણામ કારણોનું સમીપપણું હોયે છતે ભેદ. જેમ કે- પૂર્ણ સ્કંધમાંથી એક અણુનો ભેદ.

જ્યારે એક અણુ પૃથગ્ થાય છે, ત્યારે એક અણુના ભેદથી એક અણુ ન્યૂન સ્કંધ પેદા થાય છે. આ પ્રમાણે બે-ત્રણ આદિ પરમાણુઓના ભેદક્રમથી દ્વિપ્રદેશી સ્કંધની ઉત્પત્તિ પર્યંત વિચારવું.

સંઘાત- છૂટા થયેલા પરમાણુઓનું એકઠા થવું. જેમ કે- બે પરમાણુઓના સંઘાતથી 'દ્વિપ્રદેશી સ્કંધ.' દ્વિપ્રદેશીમાં એક પરમાણુના સંઘાતથી 'ત્રિપ્રદેશી સ્કંધ.' આ પ્રમાણે સંખ્યાત, અસંખ્યાત આદિ પરમાણુઓના સંઘાતથી તેટલા તેટલા પ્રદેશવાળા 'સ્કંધો' પેદા થાય છે.

ભેદ અને સંઘાત- દ્વિપ્રદેશી આદિ સ્કંધો, એક જ સમયમાં દ્વયણુક સ્કંધથી એક અણુનો ભેદ થાય છે અને બીજો અણુ ભેગો થાય છે. માટે જ કહેવાય છે કે-એક સમયવાળા ભેદ અને સંઘાતથી 'દ્વયણુક આદિ સ્કંધો' ઉત્પન્ન થાય છે. જેમ કે- એક સ્કંધમાંથી ભેદ દ્વારા બીજા સ્કંધમાં પરમાણુ મળવાથી દ્વયણુક આદિ સ્કંધો થાય છે. આ પ્રમાણે પરસ્પર આશ્લેષ રૂપ બંધપરિણામની પ્રાપ્તિવાળો 'સ્કંધ' કહેવાય છે.

અહીં કેટલાક સ્કંધોનો બંધ, જીવવ્યાપાર રૂપ પ્રયોગથી જન્ય બંધ (પ્રાયોગિક). જેમ કે-ઔદારિક આદિ શરીર; લાખથી ચોંટાડેલ લાકડાં આદિ, પાસા, સોગટાબાજી વગેરે વિષયવાળો.

Δ કેટલાક સ્કંધોનો પ્રયોગની અપેક્ષા વગર-સ્વભાવજન્ય બંધ તે સ્વાભાવિક બંધ આદિવાળો અને અનાદિવાળો એમ બે પ્રકારનો છે.

(૧) આદિવાળો સ્વાભાવિક બંધ : જેમ કે- વિજળી, વાદળો, ઇન્દ્રધનુષ્ય, ઉલ્કા (રેખાના આકાર જેવો આકાશમાંથી પડતો તેજનો સમૂહ), મેઘજન્ય, અગ્નિ વગેરે વિષયવાળો, વિષમ ગુણવિશેષથી પરિણત પરમાણુજન્ય સ્કંધ પરિણામ રૂપ છે, સ્નિગ્ધ ઋક્ષગુણ નિમિત્તજન્ય છે.

(૨) અનાદિવાળો સ્વાભાવિક બંધ : ધર્મ-અધર્મ-આકાશ રૂપ વિષયવાળો. કેટલાક સ્કંધોનો બંધ પ્રયોગ-સ્વભાવજન્ય, જીવપ્રયોગ સહકૃત અચેતન દ્રવ્યપરિણતિ લક્ષણવાળો. જેમ કે-સ્થંભ-કુંભ આદિ વિષયવાળો મિશ્રબંધ છે.

Δ તેમજ સ્કંધો (૧) અત્યંત સ્થૂલતા (પરમાણુ સમુદાય પરિણામ)વાળા. જેમ કે- સમસ્ત લોકવ્યાપી, અચિત્ત મહા સ્કંધ.

અહીં અવયવ વિકાસને સ્થૂલ ભાવ તરીકે કહેવામાં આવેલ છે. પ્રવચનમાં તો આ સૂક્ષ્મપરિણામી તરીકે કહેવાય છે.

Δ આપેક્ષિક સૌક્ષ્મ્ય સ્થૌલ્યવાળા સ્કંધો હોય છે.

(૧) આપેક્ષિક સૌક્ષ્મ્ય સ્થૌલ્યવાળા અપેક્ષા રૂપ પ્રયોજનવાળા સૌક્ષ્મ્ય-સૂક્ષ્મતમવાળા દ્વયણુક આદિમાં. સંઘાતપરિણામની અપેક્ષાવાળું સૌક્ષ્મ્ય હોય છે. દ્વયણુક સ્કંધ ત્રયણુક આદિની અપેક્ષાએ સૂક્ષ્મ (નાનો) છે, કેમ કે- સ્કંધ પરિણામ સૂક્ષ્મ છે. જેમ કે- આમલાની અપેક્ષાએ. બોર સૂક્ષ્મ છે અને આપેક્ષિક સ્થૌલ્યવાળું બોર ચણાની અપેક્ષાએ મોટું છે. બોરની અપેક્ષાએ આમલું સ્થૂલ છે, આમલાથી દાડમ સ્થૂલ છે. અહીં અવયવોના વિકાસ હોતે છતે બાદર પરિણામ સમજવો. તેથી આમલક આદિ ચક્ષુગ્રાહ્ય છે.

Δ ઇત્થં સંસ્થાનવાળા-અનિત્થં સંસ્થાનવાળા સ્કંધો હોય છે.

(૧) ઇત્થં સંસ્થાનવાળો સ્કંધ-વૃત્ત, ત્રસ્ર, ચતુરસ્ર, આયત, પરિમંડલ આદિ રૂપ ઇત્થં (નિયત) સંસ્થાનવાળો સ્કંધ કહેવાય છે.

(૨) અનિત્થં સંસ્થાનવાળો સ્કંધ-ઇત્થં સંસ્થાનથી ભિન્ન અનિત્થં સંસ્થાનવાળો સ્કંધ. આ અનિત્થં સંસ્થાન, વૃત્ત આદિ પ્રકારથી જે નિરૂપણ કરી શકાતું નથી.

अथ परमाणुमादर्शयति–

स एव पृथग्भूतश्चेत्परमाणुरिति व्यवह्रियते । अयं परमाणुस्सर्वान्तिमकारणं द्रव्यानारभ्यः कार्यलिङ्गकश्च । १९ ।

स एवेति । प्रदेश एवेत्यर्थः, स्कन्धादिति शेषः । एतेन परमाणोर्भेदादेवोत्पादोन-संघातान्नापि भेदसंघाताभ्यामिति सूचितम् । इदञ्च पर्यायनयाभिप्रायेण कार्यत्वोपवर्णनं विज्ञेयम्, स्नेहरौक्ष्यादिविगमात्स्थितिक्षयतो द्रव्यान्तरेण भेदात्स्वभावगत्या च द्व्यणुकादि-स्कन्धभेदादुपजायमानत्वात् । द्रव्यनयापेक्षयात्वाह–अयमिति । सर्वान्तिमकारणमिति, सर्वेषां द्व्यणुकादिद्रव्याणां कारणं, सर्वमेव हि द्रव्यं विदार्यमाणमसंभवद्भेदपरमाणुपर्यवसानं जायते, न पुनरत्यन्ताभावरूपं निरुपाख्यमिति भावः । द्रव्यानारभ्य इति, स्वतो द्रव्यावयवद्वारेणाभेद्यः, द्रव्यान्तरावयवद्रव्यभिन्नत्वात् । रूपादिभिस्तु स्याद्भेदवान्, न च परमाणुरसन् निष्प्रदेशत्वाद्गगन-कुसुमवदिति वाच्यम्, सावयवद्रव्याभावात् सावयवप्रतिक्षेपेण चावश्यमनवयवेन सता वस्तुनैव भवितव्यं स चादिमप्रदेशोऽणुरित्युच्यते, न च परमाणुः सावयवः संस्थानित्वात् कलशादिवदिति वाच्यम्, असिद्धेः, संस्थानस्य द्रव्यावयवप्रयुक्तत्वाद्द्रव्यावयवासिद्धौ तदसिद्धेः, नाप्यसन्परमाणुरसंस्थानित्वादिति वाच्यम्, आकाशादौ व्यभिचारात् । तथा च परमाणुर्द्रव्यात्मना स्यान्निरवयवो भावात्मना च स्यात्सावयवः, रूपाद्यवयववत्त्वात् तथा द्रव्यार्थादेशात्स्यात्कारणं, पर्यायार्थादेशाच्च स्यात्कार्यं स्कन्धभेदादुपजायमानत्वादत[१] एव च

१. द्रव्यपर्यायार्थादेशत इत्यर्थः ।

स्यान्नित्यमनित्यञ्चु सान्नित्योऽनित्यश्चमनित्यश्च । कार्यलिङ्गकश्चेति । अणूनामस्तित्वं कार्यलिङ्गादवसेयं, कार्यलिङ्गं हि कारणं, नासत्सु परमाणुषु शरीरेन्द्रियमहाभूतादिलक्षणस्य कार्यस्य प्रादुर्भावः । ननु सर्वान्तिम-कारणत्वेन परमाणोर्निरवयवत्वात्कथमणुकयोः संहतौ द्व्यणुकस्कन्धो जायते, संश्लेषासंभवात्, संश्लेषो हि तयोरेकदेशेन सर्वात्मना वा स्यात्, नाद्यः सावयवत्वापत्तेः, नान्त्यः सकलस्यापि जगत एकपरमाणुमात्रत्वापत्तेरिति चेन्न, अनेकवस्तुविषये निरवशेषाभिधायित्वेन प्रसिद्धस्य सर्वशब्दस्य द्रव्यात्मनैकस्मिन् परमाणौ प्रयोगासम्भवात् । एकदेशशब्दस्यापि नानात्वेन निश्चितस्य पदार्थस्य कस्यचिद्भागाभिधायिनो निर्भागपरमाणुविषये प्रयोगासंभवाच्च । स्वयं ह्यवयवभूतः परमाणुः परमाणुना सह भेदेन योगमायाति, न त्वण्वन्तरमाविशति, तस्य सक्रियत्वेन परमाणुस्थाकाश एवाऽऽवेशनात्, न च परमाणावनावेशे योगो न संभवति द्व्यङ्गुलवत् परस्परमनाश्लिष्टत्वादिति वाच्यम्, आवेशतो योग इत्यनुक्तेः किन्तु निरवयवत्वात्, तस्य च द्रव्यप्रदेशान्तरं न संयुक्तमपि तु स्वयमेवेति न कश्चिद्दोषः । अपि च योगस्सम्प्राप्तिलक्षणो न चासौ प्रदेशैरेव क्रियते, निष्प्रदेशस्यापि स्वयं प्राप्तौ विरोधाभावात् । एवं परमाणव एते प्रतिघातिनोऽप्रतिघातिनश्च तत्र प्रतिघातस्त्रिविधो बन्धलक्षण उपकाराभावलक्षणो वेगलक्षणश्चेति । [१]बन्धपरिणामप्रतिघातःस्निग्धरुक्षत्वप्रयुक्तबन्धतः, लोकादन्यत्र जीवाजीवानां गतेः प्रतिघात उपकाराभावात्, आगच्छत वैस्रसिकवेगवता परमाणुना परमाणोः प्रतिघातो वेगात् वेगवतोरेवाण्वोः प्रतिघातात्, एकस्मिन्नेवाकाशप्रदेशेऽनन्तानामपि परमाणूनामवगाढत्वमप्रतिघातपरिणामात्, व्यासैकापवरके प्रदीपप्रभयेवान्यप्रदीपप्रभाणां, शीततमश्शब्दपुद्गलानामप्रतिघातित्वदर्शनात् । [२]इत्थञ्च परिणामविशेषात्प्रतिघातित्वमप्रतिघातित्वञ्च सम्भवति पुद्गलेषु, यथा शब्दस्तावत् तिरस्कृतोऽपि कुड्यादिभिरप्रतिहन्यमानः श्रवणपथमभ्युपैति, स एव कदाचिदुह्यमानत्वाद्वायुना प्रतिहन्यते प्रतिवातस्थितेनानुपलभ्यमानत्वात्, अनुवातस्थितेनोपलभ्यमानत्वाच्चेति दिक् ॥

હવે પરમાણુને દર્શાવે છે કે-

ભાવાર્થ- તે પ્રદેશ જ સ્કંધમાંથી પૃથગ્ થયેલો જો હોય, તો 'પરમાણુ' તરીકે વ્યવહારમાં આવે છે. આ પરમાણુ સર્વના અંતિમ કારણ તરીકે દ્રવ્યથી અજન્ય, કાર્ય રૂપી લિંગથી ગમ્ય-અનુમેય છે.

---

१. बन्धपरिणामोऽन्योऽन्याङ्गाङ्गिभावपरिणामः, न तु नैरन्तर्येण परस्परं संयोगमात्रं, तथा सति प्रतिघातो न स्यादेव । अनन्तानामपि परमाणूनां संयोगवृत्त्यैकस्मिन्नाकाशप्रदेशेऽप्रतिघातेन वृत्तेरिति भावः । २. एकस्मिन् परमाणौ कथं प्रतिघातित्वाप्रतिघातित्वे विरुद्धे स्त इत्याशंकायां सदृष्टान्तमाहेत्थञ्चेति ।

विवेचन- તે પ્રદેશ જ સ્કંધમાંથી અલગ થયેલો 'પરમાણુ' કહેવાય છે. આ કથનથી પરમાણુની ઉત્પત્તિભેદથી (સ્કંધભેદથી) જ થાય છે. સંઘાતથી અને ભેદસંઘાતથી ઉત્પત્તિ થતી નથી, એમ સૂચન કરાય છે.

આ ભેદજન્ય પરમાણુનિષ્ઠ કાર્યત્વનું વર્ણન પર્યાયનયના અભિપ્રાયથી જાણવું જોઈએ, કેમ કે-સ્નેહ-ઋક્ષતાના વિનાશથી, સ્થિતિના ક્ષયથી, બીજા દ્રવ્ય દ્વારા ભેદથી અને સ્વભાવગતિથી દ્વયણુક આદિ સ્કંધના ભેદથી પરમાણુ ઉત્પન્ન થાય છે.

હવે દ્રવ્યનયની અપેક્ષાથી કહે છે કે - 'આ પરમાણુ સર્વાન્તિમ કારણ છે.' સર્વ મૂર્ત્ત દ્વયણુક આદિ દ્રવ્યોનું કારણ (પરમાણુ) છે. ખરેખર, સઘળું રૂપી સ્થૂલદ્રવ્યો જ ભેદવિષય થતાં ભેદાતા અંતિમ દ્રવ્યનું અશક્ય ભેદવાળું પરમાણુ રૂપ અંતિમ કારણ થાય છે પરંતુ આ ભેદવિષય દ્રવ્ય અત્યંત અભાવ રૂપ નિરૂપાખ્ય (निर्गता उपाख्या यस्मात्- असत्पदार्थ. જેમ કે-વંધ્યાપુત્ર-શશશૃંગ વગેરે, અભાવ પદાર્થ મનમાં કે વાણીમાં ન આવે તે, સ્વરૂપ વગરનું.) નથી, એવો અહીં ભાવ સમજવો. (સર્વ દ્વયણુક આદિનું કારણ (જનક) છે. ભેદાતા સર્વ દ્રવ્યોનું અંતિમ કારણ પરમાણુ છે.)

'द्रव्यानारभ्यः' પોતે (પરમાણુ) દ્રવ્ય રૂપ અવયવ દ્વારા અભેદ્ય (નિરવયવ) છે, કેમ કે- બીજા દ્રવ્યના અવયવ (પ્રદેશ) રૂપ દ્રવ્યથી ભિન્ન છે.

પરમાણુ, એક રસ, એક ગંધ, એક વર્ણવાળો અને બે સ્પર્શવાળો હોય છે. રૂપ-રસ આદિ ભાવ રૂપ અવયવોથી પરમાણુ ભેદવાળો (સાવયવ-પર્યાયવાળો છે).

શંકા- અવયવ વગરનો હોવાથી પરમાણુ આકાશકુસુમની માફક અસત્ (અવિદ્યમાન) કેમ નહિ ?

સમાધાન- સાવયવ દ્રવ્યનો પરમાણુ નથી, કેમ કે- સાવયવ દ્રવ્યનો પ્રતિપક્ષ છે. તેથી અવશ્ય અનવયવ વસ્તુ વિદ્યમાન હોવી જ જોઈએ અને અનવયવ સદ્વસ્તુ રૂપ પ્રથમ પ્રદેશ તે જ 'પરમાણુ' રૂપે કહેવાય છે. આ પ્રમાણે દ્રવ્યપરમાણુ-સિદ્ધિ.

શંકા- પરમાણુ અવયવવાળો છે, કેમ કે- સંસ્થાનવાળો છે. જેમ કે- ઘટ આદિ. તો પછી પરમાણુ નિરવયવ કેવી રીતે ?

સમાધાન- સંસ્થાનની અસિદ્ધિ હોવાથી પરમાણુ સાવયવ નથી, પ્રદેશ રૂપ દ્રવ્યભૂત અવયવોથી કહેલ સંસ્થાન છે. અર્થાત્ સંસ્થાનકર્તા દ્રવ્ય અવયવો છે. તે સંસ્થાન, અવયવી ઘટાદિમાં અવયવો હોતે છતે હોય છે.

તે અવયવો (પ્રદેશો) નિરવયવ પરમાણુમાં નથી, તો અવયવકૃત સંસ્થાન પણ ક્યાંથી જ હોય ? અર્થાત્ દ્રવ્ય અવયવના અભાવમાં (કારણના અભાવમાં) સંસ્થાન (કાર્ય)નો અભાવ છે.

શંકા- પરમાણુ સંસ્થાનશૂન્ય હોઈ અસત્ કેમ નહિ ?

સમાધાન- જો સંસ્થાન વગરનાને અસત્ માનો, તો સંસ્થાન વગરના આકાશ આદિ અમૂર્ત્તમાં વ્યભિચાર આવે !

તથાચ પરમાણુ દ્રવ્ય રૂપે (પ્રદેશ રૂપે) નિરવયવ પણ છે અને વર્ણ આદિ ભાવ (પર્યાય) રૂપે સાવયવ પણ છે, કેમ કે-રૂપ આદિ ભાવ અવયવવાળો છે. તેમજ દ્રવ્યનયની અપેક્ષાએ પરમાણુ કારણ છે (દ્વયણુક આદિ કાર્ય પ્રત્યે) અને પર્યાયનયની અપેક્ષાએ પરમાણુ કાર્ય છે, કેમ કે- સ્કંધના ભેદથી ઉત્પન્ન થતો છે. એથી જ (દ્રવ્યનયથી) ધ્રુવતાશાળી હોઈ પરમાણુ નિત્ય છે અને (પર્યાયનયથી) ઉત્પાદવ્યયશાળી હોઈ પરમાણુ અનિત્ય છે. અર્થાત્ પરમાણુ રૂપે પરમાણુ નિત્ય છે, સ્કંધ આદિ પર્યાય રૂપે અનિત્ય છે.

પરમાણુ કાર્ય લિંગવાળું છે. પરમાણુઓનું અસ્તિત્વ કાર્ય રૂપ લિંગથી જાણવું જોઈએ. (ધૂમ રૂપ કાર્યથી અગ્નિનું અનુમાન, ફલ રૂપ લિંગથી બીજનું જ્ઞાન.) ખરેખર કાર્ય રૂપ લિંગવાળું કારણ હોય છે.

પરમાણુઓની ગેરહાજરીમાં શરીર-ઈન્દ્રિય-મહાભૂત (પૃથ્વી-જળ-તેજ-વાયુના વિકારો) આદિ રૂપ કાર્યનો પ્રાદુર્ભાવ નથી, પણ પરમાણુઓની સત્તામાં જ શરીર આદિ પૌદ્ગલિક કાર્યનો પ્રાર્દુભાવ છે.

શરીર આદિ ભૌતિક દશ્ય કાર્ય પ્રત્યે અતીન્દ્રિય-સૂક્ષ્મ-નિત્ય પરમાણુ કારણ છે. અથવા અસ્મદ્ આદિ પ્રત્યક્ષ દશ્ય, બાદર પરિણામને ભજનારા કાર્ય વડે જે અનુમેય થાય છે, તે કાર્ય લિંગવાળો પરમાણુ છે.

શંકા- કારણભૂત અંત્યદ્રવ્ય હોઈ, પરમાણુ (આનાથી બીજું અત્યંત અણુ કોઈ નથી એવા પુદ્ગલદ્રવ્ય રૂપ પરમાણુ) દ્રવ્ય રૂપ અવયવરહિત હોવાથી, અવયવ વગરના બે પરમાણુઓની સંહતિ (એકપણાની પ્રાપ્તિ) થયે છતે, દ્વિઅણુ સ્કંધ કેવી રીતે સિદ્ધ થાય ? કેમ કે- વિશિષ્ટ પરસ્પર બંધનો અસંભવ છે.

જો સંશ્લેષ માનો, તો અમે પૂછીએ છીએ કે- તે સંશ્લેષ, તે બે પરમાણુઓમાં એકદેશથી છે કે સર્વદેશથી છે ?

જો એકદેશથી બે પરમાણુઓમાં માનવામાં આવે, તો અવયવવાળો પરમાણુ છે એવી આપત્તિ આવી જાય, માટે પહેલો પક્ષ બરોબર નથી.

સર્વ આકાશપ્રદેશાવચ્છેદથી બે પરમાણુઓમાં જો સંશ્લેષ માનો, તો આખુંય જગત એક પરમાણુ માત્ર બની જાય એવી આપત્તિ આવી જાય ! માટે બીજો પક્ષ વ્યાજબી નથી. તો દ્વિઅણુક સ્કંધ કેવી રીતે સિદ્ધ થાય ?

સમાધાન- અનેક વસ્તુ વિષયમાં સમસ્ત વાચકપણાએ લોકમાં પ્રસિદ્ધ એવા સર્વ શબ્દનો, દ્રવ્ય રૂપે એક એવા પરમાણુમાં અસંભવ છે. વળી નાનાપણાએ નિર્ધારિત પદાર્થના કોઈ એક ભાગના વાચક એવા એકદેશ શબ્દનો પણ નિર્વિભાજ્ય ભાગવાળા પરમાણુના વિષયમાં પ્રયોગ અસંભવિત છે.

તથાચ પોતે જ અવયવભૂત એવો પરમાણુ, પરમાણુની સાથે ભેદ દ્વારા સંબંધને પામે છે, પરંતુ બીજા પરમાણુમાં પ્રવેશ કરતો નથી, (બીજા પરમાણુમય બની જતો નથી.) કેમ કે- તે પરમાણુ ક્રિયાવાળો હોવાથી પરમાણુમાં રહેલ આકાશમાં પ્રવેશ કરે છે.

શંકા- પ્રવેશ વગરના પરમાણુમાં યોગ સંભવતો નથી, કેમ કે- દ્વિઅંગુલની માફક પરસ્પર સંશ્લિષ્ટ નથી તો યોગ કેવી રીતે સંભવે ?

સમાધાન- પ્રવેશથી યોગ છે એમ અમે કહેતાં નથી. પરંતુ નિરવયવ હોવાથી, તેનો (દ્વિઅણુકનો) દ્વિઅંગુલની માફક દ્રવ્ય રૂપ બીજો પ્રદેશ સંયુક્ત નથી. આ પરમાણુ પોતેજ યોગવાળો છે, એટલું જ અમે કહીએ છીએ. આવી રીતે કોઈ જાતનો દોષ નથી.

વળી યોગ સંપ્રાપ્તિ રૂપ લક્ષણવાળો છે. આ યોગ પ્રદેશોથી કરાતો નથી. પ્રદેશ વગરના પરમાણુને પણ સ્વયં પ્રાપ્તિ છે જ, એમાં વિરોધ નથી.

જો કે પરમાણુઓ તીક્ષ્ણ શસ્ત્રથી છેદાતા નથી, અગ્નિથી બળતા નથી, પાણીથી ભીંજાતા નથી અને કોઈ એક બીજા પુદ્ગલથી હણાતા નથી. પર્વત-જળ-અગ્નિમાં પરમાણુઓની ગતિમાં વિઘાતનો અભાવ હોવાથી પરમાણુ અપ્રતિહત ગતિવાળો કહેવાય છે. તો પણ આ પરમાણુઓ (અ) પ્રતિઘાતી અને (બ) અપ્રતિઘાતવાળા હોય છે.

(અ) ત્યાં પ્રતિઘાતી ત્રણ પ્રકારનો છે. (૧) બંધપરિણામ રૂપ, (૨) ઉપકારના અભાવ રૂપ અને (૩) વેગ રૂપ છે.

(૧) બંધપરિણામ-(અહીં બંધપરિણામ પરસ્પર અંગાંગીભાવ પરિણામ સમજવો. પરંતુ નિરંતરપણાએ પરસ્પર સંયોગ માત્ર નથી. જો નિરંતર પરસ્પર સંયોગ માત્ર બંધપરિણામ માનો, તો પ્રતિઘાત ન થાય ! કેમ કે- અનંત પણ પરમાણુઓ સંયોગસંબંધથી એક આકાશપ્રદેશમાં અપ્રતિઘાત પરિણામથી રહે છે.)

બંધપરિણામ પ્રતિઘાત સ્નિગ્ધ-રૂક્ષત્વજન્ય બંધથી થાય છે. અર્થાત્ વિમાત્ર સ્નિગ્ધરૂક્ષપણાએ કરી પરમાણુનો બીજા પરમાણુની સાથે સંબંધ થવાથી બંધપરિણામજન્ય પ્રતિઘાતી પરમાણુ થાય છે. (અહીં પ્રતિઘાત એટલે એકદેશવાળા અવગાહમાં પરસ્પર પ્રતિહનન-સામે અથડાવવું.)

(૨) ઉપકારભાવ લક્ષણવાળો પ્રતિઘાત-લોક સિવાય અલોકમાં જીવ-અજીવની ગતિનો પ્રતિઘાત છે, કેમ કે- ગતિઉપકારક ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી ગમનક્રિયા પ્રત્યે ઉપકારકનો અસંભવ છે, માટે પરમાણુ લોકાન્તમાં પ્રતિહત થાય છે. તે પરમાણુ ઉપકારાભાવ પ્રતિઘાતી કહેવાય છે.

(૩) વેગલક્ષણવાળો પ્રતિઘાત-સ્વાભાવિક પરિણામમાં પરિણત, કોઈ એક પરમાણુ અત્યંત શીઘ્ર ગતિથી આવતો, તેવા જ (તથાવિધ) વેગવાળા આવતા કોઈ એક બીજા પરમાણુ વડે પ્રતિહત-સ્ખલિત થાય છે. તે પરમાણુ વેગપ્રતિઘાતી કહેવાય છે.

(બ) અપ્રતિઘાતી પરમાણુઓ-એક જ આકાશપ્રદેશમાં અનંત એવા પણ પરમાણુઓનો અવગાહ છે, કેમ કે- તે પરમાણુઓ અપ્રતિઘાત નામક પરિણામથી પરિણત છે. જેમ કે- પ્રદીપની પ્રભા વડે વ્યાપ્ત એક ઓરડામાં અન્ય દીપકોની પ્રભાઓની સ્થિતિ છે.

વળી શીતપણાએ પરિણત શીત પુદ્ગલો, તમઃ (અંધકાર)પણાએ પરિણત તમઃપુદ્ગલો અને શબ્દપણાએ પરિણત શબ્દપુદ્ગલો અપ્રતિઘાતી દેખાય છે. તેની માફક પરમાણુ એક આકાશપ્રદેશમાં રહેલ અવગાહ કરતા, ઘણા બીજા પણ પરમાણુઓ પ્રત્યે વિઘાત કરવા સમર્થ થતો નથી.

આ પ્રમાણે પરિણામના ભેદથી એક જ પરમાણુમાં (પુદ્ગલોમાં) પ્રતિઘાતિત્વ-અપ્રતિઘાતિત્વ (પરસ્પર વિરુદ્ધ) બંને સંભવે છે. જેમ શબ્દ, તિરસ્કૃત પણ ભીંત વગેરેથી પ્રતિઘાતને નહિ પામતો સંભળાય

છે. પ્રતિકૂળ વાયુથી વહન કરાતો શબ્દ પ્રતિહત થાય છે માટે સંભળાતો નથી, જ્યારે અનુકૂળ વાયુથી વહન કરાતો શબ્દ ગંધની માફક ઉપલબ્ધ થાય છે. વાયુથી શબ્દ વહન કરાય છે એમાં સંશય ન કરો !

अथ पुद्गलानां न केवलं स्पर्शादय एव धर्मा अपि तु शब्दादयोऽपीत्याह—

शब्दान्धकारोद्योतप्रभाच्छायाऽऽतपादिपरिणामवान् । २० ।

शब्देति । प्रत्यर्थनियतसङ्गतवर्णादिविभागवान् ध्वनिः शब्दः, [१]अनादिवृद्धपरम्परासंकेतप्रसिद्धिवशात् प्रत्यर्थनियतत्वं, परस्परापेक्षातः स्वाभिधेयैकार्थकारितया शिबिकोद्वाहकवत् सङ्गतत्वं वर्णपदवाक्यानि, अव्यक्तशब्दश्च विभागस्तद्वान् ध्वनिरेव शब्दस्स च पुद्गलपरिणामत्वात्प्रतिविशिष्टपरिणामानुगृहीतः पुद्गलद्रव्यरूप एव, [२]अत एव मूर्त्तत्वंद्रव्यान्तरविक्रियापादनसामर्थ्याच्च । न च शब्दो न पुद्गलपरिणामो निश्छिद्रभवनाभ्यन्तरतो निर्गमनात्, तत्र बाह्यतः प्रवेशात्, व्यवधायकाभेदनादेश्च दर्शनात्, यस्तु पुद्गलस्वभावो न तस्यैवंदर्शनं, यथा लोष्टादेः, तथादर्शनं च शब्दस्य, ततो न पुद्गलस्वभावत्वमिति वाच्यम्, पुद्गलस्वभावत्वेऽपि तदविरोधात्, सूक्ष्मस्वभावत्वाद्धि तस्य निश्छिद्रनिर्गमनादयो न विरुद्धयेरन् स्नेहादिस्पर्शादिवत्, कथमन्यथा पिहितकलशाभ्यन्तरतस्तैलजलादेर्बहिर्निर्गमनं स्निग्धतादिविशेषदर्शनादनुमीयेत । कथं वा पिहितनिश्छिद्रमृद्घटादेर्जलाभ्यन्तरनिहितस्यान्तरशीतस्पर्शोपलम्भात्सलिलप्रवेशोऽनुमीयेत, तदभेदनादिकं वा तस्य निश्छिद्रतया प्रेक्षणात्कथमुत्प्रेक्षेत, तस्मात्स्नेहादिस्पर्शादिभिर्व्यभिचारी हेतुः । न च शब्दो न पुद्गलस्वभावः, अस्पर्शत्वात् सुखादिवदिति बाधकसद्भावान्न पुद्गलस्वभावत्वं शब्दस्येति वाच्यम्, हेतोरसिद्धत्वात्, यतः कर्णशष्कुल्यां कटकटायमानस्य प्रायशः प्रतिघातहेतोः श्रवणाद्युपघातिनः शब्दस्य प्रसिद्धिरस्पर्शत्वकल्पनामस्तङ्गमयति । न च शब्दस्य पुद्गलपर्यायत्वे चाक्षुषत्वप्रसङ्ग इति वाच्यम्, गन्धपरमाणुवददृश्यत्वात्, एतेन शब्दस्याकाशगुणत्वं निरस्तं मूर्त्तत्वात्, नहि रूपादयो व्योमगुणा इति व्यवहारः शोभते तस्मात् पुद्गलानामेव तथाविधः परिणामः शब्दव्यपदेशमश्नुते, तथा च परिणामपरिणामिनोरभेदेन स्याद्द्रव्यं स्याद्गुण इति विज्ञेयम् । अन्धकारस्तावत्पुद्गलपरिणाम एव भित्त्यादिवद् दृष्टिप्रतिरोधकारित्वात्, पटादिवदावारकत्वात्, न तु तेजोऽभावरूपः, [३]व्यवधानक्रियासामर्थ्यात् भित्त्यादिवत्, अभावरूपत्वे हि निष्क्रियत्वेन

१. स्वयं विशेषणानामर्थमाहानादीति । २. शब्दस्य मूर्त्तपुद्गलपरिणामत्वादेवेत्यर्थः । शब्दस्य मूर्त्तत्वे हेत्वन्तरमाह द्रव्यान्तरेति, चशब्दो हेत्वन्तरसमुच्चायकः, तेन प्रतीपयायित्वाद्द्वारानुविधायित्वादित्यादयो हेतवो ग्राह्याः ॥ ३. दृष्टेर्व्यवधानकरणे सामर्थ्यादित्यर्थः ।

व्यवधानक्रियाकर्तृत्वं न स्यात्तस्य, न च यत्कार्यद्रव्यं न तत्तैजसेन प्रकाशेन विरुध्यते, विरुध्यते च तमः, ततो न द्रव्यकार्यं तदिति वाच्यम्, तेजःप्रकाश-योरेकत्वेनाभ्युपगमात्, जलादिद्रव्यस्य च तद्विरोधकत्वेनोक्तहेतोरसिद्धत्वात् । न च तेजःप्रकाशयोरेकत्वं न सम्भवति, धाराधरे निरन्तरधारं वर्षत्यलिन्दकादिप्रतिष्ठापितेन प्रदीपेन बहिरपि प्रद्योतनात्, अन्यथा जलपातेन प्रशान्ततया बहिःप्रकाशो न दृश्येतेति वाच्यं, तथा विधत्वमपरित्यजतां प्रदीप-सम्बन्धिनां पुद्गलानां जलबिन्दुसम्पर्केण तथाविधत्वपरित्यागात् तत्समकालमेव प्रदीपशिखया विकीर्णानां कृशानुपुद्गलानामपरेषां तदाकाशदेशप्राप्तेः तेषाञ्च परिणामविशेषतो वडवानला-वयवानामिव जलपातेन शमयितुमशक्यत्वात्[१], तथा च परिणामवैचित्र्यात् पुद्गलानां विरोधा-विरोधपरिणामभाक्त्वेन नास्माकं कश्चन विरोध इति । एवमुद्योतोऽपि चन्द्रग्रहनक्षत्रादीनां शीतप्रकाशः, स आह्लादकत्वात् प्रकाशकत्वाच्च जलाग्न्योरिव मूर्त्तद्रव्यपरिणाम एव, पद्मरागादीनां प्रकाशोऽप्युद्योतोऽनुष्णाशीत-त्वात्पुद्गलपरिणामः । प्रभा च सूर्याचन्द्रमसो-स्तेजस्विपुद्गलानाञ्च प्रकाशरश्मिभ्यो निर्यदुपप्रकाशः सोऽपि विरलप्रकाशरूपत्वात् पुद्गलपरिणाम एव । एवं छायापि द्रव्यं क्रियावत्त्वाद्घटवत् छाया गच्छतीति प्रत्ययात्तस्य क्रियावत्त्वम् । देशाद्देशान्तरप्राप्त्युपल-म्भतोऽपि तत्सिद्धेः । न च वारकद्रव्येण तेजसः सान्निध्यनिषेधे वारकद्रव्यगतक्रियायाः तेजोऽभावरूपायां छायायामारोपेण छाया गच्छतीति व्यवहार इति वाच्यम्, मुख्यक्रियाया बाधाभावे आरोपासंभवात्, तस्या गतिमत्त्वे बाधकाभावात्, एवं शिशिरत्वादाप्यायकत्वाच्च जलवातादिवद् द्रव्यत्वसिद्धेः एवमातपोऽपि दिवाकरविमानात्स्वभावतः शीतलादपि समुपजायमान उष्णप्रकाशरूपः पुद्गलपरिणाम एव तापजनकत्वात्, स्वेदहेतुत्वादुष्णत्वात्कृशानुवदिति ॥

હવે પુદ્ગલોના કેવલ સ્પર્શ આદિ જ ધર્મો (ગુણો) છે, બીજા નથી એમ નહિ. પરંતુ શબ્દ આદિ પણ પુદ્ગલોના ધર્મો (પર્યાયો) છે. તે વસ્તુને કહે છે કે-

ભાવાર્થ- શબ્દ-અંધકાર-ઉદ્યોત-પ્રભા-છાયા-આતપ આદિ રૂપ પરિણામ (પર્યાય)વાળો પરમાણુ રૂપ પુદ્ગલ છે.

વિવેચન- શબ્દ, પ્રત્યેક અર્થમાં નિયત અને સંગત એવા વર્ણ આદિ રૂપ વિભાગવાળો ધ્વનિ, એ 'શબ્દ.'

---

१. उत्पत्तिस्थानस्थानामेव प्रदीपपुद्गलानां जलेन विरोधो, न ततो बहिर्निस्सृतानामिति स्याद्विरोधस्स्याद-विरोधश्चेति भावः ।

અર્થાત્ અનાદિ વૃદ્ધ પુરુષોની પરંપરાના કરેલ સંકેત (જેમ કે- આ શબ્દનો આ અર્થ વાચ્ય છે- આ વાચ્યનો આ શબ્દ વાચક છે, આવી પુરુષાધીન-અર્થબોધક શક્તિ)ની પ્રસિદ્ધિના વશે (સ્વાભાવિક, યોગ્યતા નામક શબ્દની અર્થપ્રતિપાદન શક્તિ વશે પણ) પ્રત્યેક અર્થમાં નિયત, પરસ્પરની અપેક્ષાથી શબ્દના વાચ્યભૂત, એક અર્થ કરનાર વાચકપણું હોઈ શિબિકાના ઉદ્વાહકની માફક (જેમ શિબિકા અને શિબિકાને ઉપાડનાર પરસ્પર અપેક્ષા રાખી એક કાર્યને કરે છે, તેમ શબ્દ અને અર્થ પરસ્પર અપેક્ષા રાખી આત્માના જ્ઞાન રૂપ એક કાર્ય કરે છે.) સંગત, વર્ણ, (અકાર આદિ, ભાષાવર્ગણાના પરમાણુ રૂપ પુદ્ગલોથી જનિત વર્ણ) પદ, (વર્ણસમુદાય રૂપ) વાક્ય (પદોના સમુદાય રૂપ) અર્થાત્ વર્ણ-પદ-વાક્ય રૂપ અને અવ્યક્ત શબ્દ (બેઇન્દ્રિયથી માંડી તિર્યંચ પંચેન્દ્રિયોનો જે શબ્દ, પરસ્પર પત્થરોના અથડાવવાથી થતો શબ્દ તથા વાજિંત્ર આદિનો શબ્દ અને વ્યક્ત અક્ષરોના અભાવથી અવ્યક્ત શબ્દ) નામક પ્રકારવાળો ધ્વનિ જ 'શબ્દ' (કાનથી ગ્રહણ થતું હોઈ શ્રોત્રગ્રાહ્ય શબ્દ) કહેવાય છે.

તે શબ્દ પુદ્ગલના પરિણામ રૂપ હોવાથી વિશિષ્ટ પરિણામથી પરિણત પુદ્ગલદ્રવ્ય રૂપ છે.

(તે શબ્દ, મેઘના અવાજની માફક સ્વાભાવિક અને જીવવ્યાપાર રૂપ પ્રયોગજન્ય પ્રાયોગિક. જેમ કે- મૃદંગ આદિનો અવાજ (તત), વીણા આદિનો ધ્વનિ (વિતત), કાંસીજોડા આદિનો અવાજ (ઘન), વાંસળી વગેરેનો અવાજ (શુષિર), કરવત-કાષ્ઠ આદિના સંઘર્ષજન્ય અવાજ (સંઘર્ષ), અને વ્યક્ત વાણીવાળા મનુષ્ય આદિ વડે વર્ણપદ-વાક્યના આકારે બોલાય તે ભાષા વિશિષ્ટ અર્થના બોધ પ્રત્યે હેતુ રૂપે શબ્દ છે.)

તે શબ્દ પુદ્ગલદ્રવ્યના પરિણામ રૂપ હોઈ મૂર્ત્ત (રૂપ-રસ-ગંધ-સ્પર્શવાન) છે.

અતઃ શબ્દ રૂપ પુદ્ગલદ્રવ્ય જેમ પરિણામી હોઈ મૂર્ત્ત છે (મૂર્ત્ત હોઈ પરિણામી છે), તેમ શબ્દમાં રહેલ રૂપીપણું (પુદ્ગલપરિણામ) છે, કેમ કે- જેમ પીંપળ વગેરે વસ્તુઓ દ્રવ્યાન્તરના વૈકારિક સંયોગથી વિકૃત માલુમ પડે છે, તેમ શબ્દ પણ વર્ણોની ઉત્પત્તિના સ્થાન રૂપ કંઠ, મસ્તક આદિ દ્રવ્યાન્તરના વિકારથી વિકૃત થતો દેખાય છે.

જ્યારે ઢોલ વગેરે વગાડવામાં આવે છે, ત્યારે નીચેની ભૂમિમાં કંપન થાય છે. આનું કારણ શબ્દની મૂર્ત્તતા છે. શંખ વગેરેના તીવ્ર શબ્દો કાનને બહેરા કરી મૂકે છે. આવું સામર્થ્ય આકાશ આદિમાં નથી. જેમ પર્વતથી પ્રતિઘાત પામેલો પત્થર પાછો પડે છે, તેમ પર્વત સાથે કે ગમે તે સ્થળે અથડાયેલ શબ્દનો પડઘો પડે છે.

સર્વત્ર શબ્દ જઈ શકે છે. અગરના ધૂપની માફક શબ્દમાં ફેલાઈ જવાનું સામર્થ્ય છે. શબ્દનું વિસર્જન થાય છે.

જેમ ઘાસ, પાંદડાં વગેરેને વાયુ લઈ જાય છે, તેમ શબ્દને વાયુ લઈ જાય છે. દીવાને જેમ સઘળી દિશાઓ ગ્રહણ કરે છે, તેમ શબ્દને સર્વ દિશાઓ સ્થાન આપે છે. જેમ અભિભાવુક સૂર્યમંડલના પ્રકાશ વડે, જેમ તારાસમૂહ આદિ અભિભવનીય બને છે-દબાય છે, તેમ અભિભાવુક મોટા શબ્દથી અલ્પ શબ્દ અભિભવનીય છે. તેથી પુદ્ગલપરિણામ રૂપ શબ્દ છે.

શંકા- શબ્દ પુદ્ગલના પરિણામ રૂપ નથી, કેમ કે- છિદ્ર વગરના મકાનની અંદરથી તે નીકળે છે. ત્યાં બહારથી પ્રવેશ છે. વ્યવધાયક (વચ્ચે આવનાર) ને નહિ ભેદવા વગેરે દેખાય છે, કેમ કે-જે પુદ્ગલનો

સ્વભાવ છે, તેનું આ પ્રમાણેનું દર્શન નથી. જેમ કે- પત્થર વગેરેનું દર્શન એવંચ શબ્દમાં તે પ્રકારનું દર્શન હોઈ પુદ્ગલનું સ્વભાવપણું નથી.

સમાધાન- શબ્દમાં પુદ્ગલનું સ્વભાવપણું હોવા છતાં પ્રવેશ-નિર્ગમનનો વિરોધ નથી. ખરેખર, તે શબ્દના, સૂક્ષ્મ સ્વભાવના કારણે સઘન ભવનમાં નિર્ગમન વગેરે, સ્નેહ આદિ સ્પર્શ આદિની માફક વિરોધ વગર ઘટી શકે છે.

જો આમ ન માનવામાં આવે, તો આચ્છાદિત ઘડાની અંદરથી તેલ અને જળ આદિનું બહાર નીકળવું, વિશિષ્ટ સ્નિગ્ધતા આદિ (સ્નેહ આદિ)ના દેખાવથી કેવી રીતે અનુમાનવિષય બની શકે ?

આચ્છાદિત સઘન માટી, ઘડા વગેરેની અંદરની શીતસ્પર્શના અનુભવથી, જળમાં ઘડો રાખેલો હતો- એવું કેવી રીતે અનુમાનવિષય બની શકે ?

તે શબ્દનું, તેમ કાનને અથવા નહિ ભેદવા વગેરે નિચ્છિદ્રપણાએ દર્શન હોવાથી કેવી રીતે ઉત્પ્રેક્ષા (તર્ક)નો વિષય બને ? માટે નિર્ગમન-પ્રવેશ વ્યવધાક અભેદન રૂપ હેતુ, સ્નેહ આદિ સ્પર્શાદિની સાથે વ્યભિચારી છે. અર્થાત્ પુદ્ગલ-પરિણામાભાવ રૂપ સાધ્યના અભાવવાળા ઘડા રૂપ પુદ્ગલમાં સ્નેહ આદિ સ્પર્શ આદિ દૃશ્યમાન છે.

શંકા- શબ્દમાં પુદ્ગલનું સ્વભાવપણું નથી, કેમ કે- શબ્દ સ્પર્શ વગરનો છે. જેમ કે- સુખ આદિ. આ પ્રમાણે બાધક પ્રમાણનો સદ્ભાવ હોવાથી શબ્દનું પુદ્ગલસ્વભાવપણું કેવી રીતે ?

સમાધાન- કર્ણશષ્કુલીમાં (કાનમાં રહેલ પોલાણમાં) કટ્-કટ્, એવા અવાજ કરતા પ્રાયઃ પ્રતિઘાતના કારણ રૂપ, કાન વગેરેને ઉપઘાત કરનાર શબ્દની પ્રસિદ્ધિ હોઈ, સ્પર્શરહિતપણા રૂપ હેતુ સ્વરૂપાસિદ્ધ છે, કેમ કે- પક્ષભૂત શબ્દમાં સ્પર્શ સહિતપણું છે. માટે શબ્દમાં સ્પર્શરહિતપણાની કલ્પના અસંગત થઈ જાય છે.

શંકા- શબ્દને જો પુદ્ગલનો પર્યાય માનો, તો શબ્દ આંખથી દેખાતો હોવો જોઈએ. આવી આપત્તિ કેમ નહિ આવે ?

સમાધાન- ગંધ જેમ ઇન્દ્રિયનો વિષય હોઈ પૌદ્ગલિક છે, તેમ શબ્દ ઇન્દ્રિય વિષય હોઈ પૌદ્ગલિક છે. જેમ ગંધદ્રવ્યમાં, અત્યંત સઘનપ્રદેશમાં પ્રવેશ-નિર્ગમન અનવરોધ છે, તેમ શબ્દમાં પ્રવેશ-નિર્ગમન અપ્રતિઘાતી હોઈ શબ્દ પૌદ્ગલિક છે. જેમ ગંધ પરમાણુદ્રવ્ય અચાક્ષુષ-ઘ્રાણગ્રાહ્ય હોઈ પૌદ્ગલિક છે, તેમ શબ્દ અચાક્ષુષ-શ્રોત્રગ્રાહ્ય હોઈ પૌદ્ગલિક છે.

માટે શબ્દ આકાશનો ગુણ નથી પરંતુ પુદ્ગલનો ગુણ છે, કેમ કે-રૂપી છે, ઇન્દ્રિયપ્રત્યક્ષ છે. માટે રૂપ, રસ આદિ આકાશના ગુણો છે. આવો વ્યવહાર શોભતો નથી.

જેમ પુદ્ગલોનો જ રૂપ આદિ પરિણામ છે, તેમ પુદ્ગલનો તથાવિધ પરિણામ શબ્દ છે. પરિણામ અને પરિણામીના ભેદ-અભેદના સ્વીકારથી શબ્દ, દ્રવ્ય પણ છે અને ગુણ પણ છે.

સર્વ વસ્તુઓ દ્રવ્યપર્યાયાત્મક છે. અભેદની અપેક્ષાએ દ્રવ્યની પ્રધાનતાએ પર્યાયને પોતાની કુક્ષિમાં સમાવીને દ્રવ્ય છે. શબ્દ એ પુદ્ગલદ્રવ્ય પણ છે. પર્યાયનયની અપેક્ષાએ ભેદપક્ષે શબ્દ પુદ્ગલનો (પર્યાય) ગુણ છે.

વળી બીજી વાત એવી છે કે - પાશ્ચાત્ય વૈજ્ઞાનિક સંશોધનના અનુસારે 'વાયરલેસ-ટેલિગ્રાફ-ટેલીફોન-રેડીયો-ફોનોગ્રાફ' નામવાળા યંત્રોમાં શબ્દનું ગ્રહણ પ્રત્યક્ષસિદ્ધ અનુભવાય છે. રૂપી પુદ્ગલો સિવાય અરૂપી આકાશ ધર્માદિ દ્રવ્યોનું ગ્રહણ થતું નથી. માટે શબ્દ પુદ્ગલગુણવાળો રૂપી છે.

જેમ શબ્દ પુદ્ગલના પરિણામ રૂપ છે, તેમ અંધકાર પુદ્ગલના પરિણામ રૂપ જ છે, કેમ કે-ભીંત આદિની માફક દૃષ્ટિના પ્રતિબંધને કરનાર છે અને પટ આદિની માફક દૃષ્ટિનો આવારક છે. પરંતુ અંધકાર તેજ-પ્રકાશના અભાવ રૂપ નથી, કેમ કે- દૃષ્ટિના વ્યવધાન રૂપ ક્રિયાનું સામર્થ્ય છે. જેમ કે- ભીંત આદિ. અતઃ તમઃ પૌદ્ગલિક છે, કેમ કે- મૂર્ત્તત્વ આદિનો યોગ છે. પ્રકાશનો વિરોધી તમઃ છે, માટે દ્રવ્ય રૂપ કાર્ય તે તમઃ કેવી રીતે ?

જો અંધકારને તેજના અભાવ રૂપ માનવામાં આવે, તો ક્રિયારહિતપણું હોવાથી તે અંધકારનું વ્યવધાન રૂપ ક્રિયાનું કર્ત્તૃત્વ ન થાય !

શંકા - જે કાર્ય રૂપ દ્રવ્ય છે, તે તૈજસ પ્રકાશની સાથે વિરોધી નથી. વળી તૈજસ પ્રકાશનો વિરોધી તમઃ છે, માટે દ્રવ્ય રૂપ કાર્ય તે તમઃ કેવી રીતે ?

સમાધાન- તેજ કહો તો પ્રકાશ અને પ્રકાશ કહો તો તેજ બન્ને એક અર્થવાચક હોઈ એક છે, એવો સ્વીકાર છે. જળ આદિ દ્રવ્ય તેજનો વિરોધી છે, માટે પૂર્વોક્ત હેતુ સ્વરૂપાસિદ્ધ છે; કેમ કે-જળ આદિ કાર્ય દ્રવ્ય છે, તે તેજ-પ્રકાશનો વિરોધી છે. અર્થાત્ પક્ષ રૂપ જળ આદિમાં તેજ-પ્રકાશનો વિરોધાભાવાભાવ-વિરોધ છે.

શંકા- તેજ અને પ્રકાશની એકતા સંભવતી નથી, કેમ કે-ઓટલા આદિમાં રાખેલો દીવો, નિરંતર ધારાએ વરસાદ વરસતો હોવા છતાં બહાર પ્રકાશ આપે છે. અને જો વિરોધ હોય તો બહાર ન દેખાવો જોઈએ, કેમ કે- જળના પડવાથી પ્રકાશ પ્રશાન્ત થઈ જ ગયો ને ?

સમાધાન- પ્રકાશ રૂપી પ્રદીપના પુદ્ગલો, બહાર નીકળેલા જળબિંદુઓના સંપર્કથી પ્રકાશરૂપતાને છોડે છે. તેના સરખા કાળમાં પ્રદીપની શિખાએ ફેંકેલા બીજા અગ્નિના પુદ્ગલો તે આકાશપ્રદેશમાં વ્યાપ્ત થાય છે, તે અગ્નિના પુદ્ગલો (પ્રદીપની રશ્મિઓ) પરિણામની વિચિત્રતાથી વડવાનલના અવયવોની માફક જલપાતથી પ્રશાન્ત થઈ શકતા નથી.

(ઉત્પત્તિસ્થાનમાં રહેનાર જ પ્રદીપ પુદ્ગલોનો જળની સાથે વિરોધ છે, ઉત્પત્તિસ્થાનથી બહાર નીકળેલ પ્રદીપ પુદ્ગલોનો જળની સાથે વિરોધ નથી. અપેક્ષાએ વિરોધ પણ છે - અવિરોધ પણ છે, પરંતુ સર્વથા જળ અને અગ્નિનો વિરોધ નથી જ.)

તથાચ પરિણામની વિચિત્રતાથી વિરોધ-અવિરોધ પરિણામને ભજનારા પુદ્ગલો હોય છે, માટે અમોને કોઈ જાતનો વિરોધ નથી.

એવં 'ઉદ્યોત' ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર આદિનો શીતપ્રકાશ (ચાંદની વગેરે) આલ્હાદકારક હોવાથી-જળની માફક પ્રકાશક હોવાથી, અગ્નિની માફક મૂર્ત્તદ્રવ્યના પરિણામ રૂપ જ છે. પદ્મરાગ આદિનો ઉદ્યોત ઉષ્ણ નહિ-શીત નહિ, એવો ઉદ્યોત પુદ્ગલપરિણામ રૂપ છે.

'प्रभा'-સૂર્ય-ચંદ્રની અને તેજસ્વી પુદ્ગલોની પ્રકાશ રશ્મિઓમાંથી નીકળતો જે બીજો ઉપપ્રકાશ, તે 'પ્રભા' કહેવાય છે. તે પણ વિરલ પ્રકાશ રૂપ હોવાથી પુદ્ગલપરિણામ રૂપ જ છે.

એવં 'છાયા'-પુદ્ગલદ્રવ્ય છે, કેમ કે- ક્રિયાવાન છે. જેમ કે ઘડો. 'છાયા જાય છે'- આવી પ્રતીતિથી છાયા ક્રિયાવાન છે. એક ભાગમાંથી બીજા ભાગની પ્રાપ્તિના અનુભવથી પણ તે છાયામાં તે ક્રિયાની સિદ્ધિ છે.

શંકા- પ્રતિબંધક દ્રવ્ય વડે તેજના સાન્નિધ્યનો અભાવ થવાથી, પ્રતિબંધક દ્રવ્યમાં રહેલ ક્રિયાનો તેજના અભાવ રૂપ છાયામાં આરોપ કરી 'છાયા જાય છે'- એવો વ્યવહાર માનીએ તો શો વાંધો ?

સમાધાન- જો મુખ્ય ક્રિયામાં બાધ (અનુપપત્તિ) આવે, તો આરોપ કરાય છે. અહીં મુખ્ય ક્રિયામાં બાધનો અભાવ હોઈ આરોપનો અસંભવ છે. તે છાયા ગતિમાન હોઈ છાયાની ગતિક્રિયામાં બાધકપ્રમાણનો અભાવ છે. આ પ્રમાણે છાયામાં શીતસ્પર્શ છે. જેમ જળમાં છે, તેમ છાયામાં આપ્યાયન (વૃદ્ધિ) છે. જેમ પવનમાં છે, તેમ શીતસ્પર્શવાળી છાયા છે, માટે દ્રવ્ય છે. જેમ કે- જળ વૃદ્ધિવાળી છાયા[1] છે, માટે દ્રવ્ય છે. જેમ કે- પવન.

તથા 'આતપ'- સ્વભાવથી શીતલ પણ સૂર્યના વિમાનથી પેદા થતો ઊષ્ણ પ્રકાશ રૂપ આતપ પણ પુદ્ગલપરિણામ રૂપ જ છે, કેમ કે-તાપજનક છે. પરસેવાનો હેતુ હોઈ, ઊષ્ણ હોઈ, અગ્નિની માફક આતપ પણ પુદ્ગલદ્રવ્ય છે.

ननु पृथिव्या गन्धरसरूपस्पर्शवत्त्वाज्जलस्य रसरूपस्पर्शवत्त्वात्तेजसो रूपस्पर्शवत्त्वाद्वायोस्स्पर्शमात्रवत्त्वान्न पुद्गलपरिणामत्वं स्पर्शरसगन्धवर्णवतामेवागमे पुद्गलत्वप्रतिपादनात्, एषां च पृथिव्यादीनां विजातीयपरमाण्वारब्धत्वादित्याशङ्क्यायामाह—

परमाणूनां परिणामविशेषा एव पृथिवीजलतेजोवायवः । २१ ।

परमाणूनामिति । परिप्राप्तबन्धपरिणामाः परमाणव एव स्कन्धरूपाः पृथिव्यादयः, एवं पृथिव्यादयः परमाणुपरिणामविशेषाः स्पर्शादिमत्त्वात्, ये न तत्पर्याया न ते स्पर्शवन्तो यथाऽकाशादयः, स्पर्शादिमन्तश्च पृथिव्यादयस्तस्मात्परमाणुपर्याया इति तत्परिणामविशेषत्वसिद्धिः, न च स्पर्शादिमत्त्वं पक्षैकदेशासिद्धम्, जलादौ गन्धाद्यभावादिति वाच्यम्, स्पर्शवत्त्वेन गन्धानुमानात्, क्वचिज्जलादौ गन्धाद्युपलब्धेश्च । न च तत्संयोगिनां पार्थिवद्रव्याणां संयोगेन तद्गुणत्वेन गन्धोपलब्धिस्तत्रेति वाच्यम्, साध्यसमत्वात्, तत्र तद्वियोगकालादर्शनात्, क्वचिदनुद्भूतस्वभावत्वेनैवानुपलब्धेः । एवं तेजोऽपि स्पर्शादि-

---

१. વર્તમાનકાળમાં પણ પાશ્ચાત્યદેશીય વૈજ્ઞાનિકતા અનુસારે 'જે ફોટોગ્રાફ સંજ્ઞાવાળું પ્રતિકૃતિ નિર્માણ નીકળેલ છે, તે ફોટોગ્રાફ છાયાના પુદ્ગલને પ્રત્યક્ષ કરે છે.' છાયા પુદ્ગલ રૂપ પ્રતિબંધ છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે.

स्वभावकं, तद्वत्कार्यत्वाद् घटवत्, स्पर्शादिमतां हि काष्ठादीनां कार्यं तेजः, तत्परिणामाच्च, उपभुक्तस्य ह्याहारस्य स्पर्शादिगुणस्य वातपित्तश्लेष्मविपरिणामः, पित्तं च जठराग्निरुच्यते तस्मात्स्पर्शादिमत्तेजः । तथा वातश्च प्राणादिः, ततो वायुरपि स्पर्शादिमानिति भावः । अथाजीवनिरूपणं निगमयतीतीति ।

इत्यजीव निरूपणम्-

इति तपोगच्छनभोमणि **श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार **श्रीमद्विजयकमलसूरीश्वर** चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा** विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाश**व्याख्यायामजीवनिरूपणो नाम **तृतीयः किरणः** ॥

शंका- गंध-रस-रूप-स्पर्शवान होवाथी पृथ्वी, रस-रूप-स्पर्शवान होवाथी जळ अने रूप-स्पर्शवान होवाथी तेज, मात्र स्पर्शवान होवाथी वायु पुद्गलपरिणाम रूप नथी, केम के-स्पर्श-रस-गंध-रूपवंतो ज 'पुद्गल' कहेवाय छे, एवुं आगममां प्रतिपादन छे.

अने पृथ्वी आदि भिन्न भिन्न जातिवाळा परमाणुओथी आरब्ध (जन्य) छे, तो पृथ्वी आदि पुद्गलपरिणाम रूप केवी रीते ? अने पृथ्वीना आदि रूप भेदो केवी रीते ?

भावार्थ-समाधान- 'परमाणुओना विशिष्ट परिणामो ज पृथ्वी-जळ-तेज-वायु छे.' बंधपरिणामने (विशिष्ट ऋक्षता स्नेहयुक्त-स्पृष्ट बद्धपुद्गलोनो परस्पर आश्लेष रूप बंधपरिणामने) पामेला परमाणुओ ज, स्कंध बनेला, पृथ्वी-जळ आदि रूपे कहेवाय छे.

नियम- जे पुद्गल पर्याय रूप नथी, ते स्पर्शवाळा नथी. जेम के- आकाश आदि. पृथ्वी आदि स्पर्श आदिवाळा छे तेथी परमाणुओना पर्यायो छे. आवी रीते ते परमाणुओना परिणाम विशेषतानी सिद्धि समजवी.

शंका- अहीं स्पर्श आदिमत्त्व रूप हेतु पक्षना एकदेशमां अवृत्ति होई पक्षैक देशासिद्ध (भागासिद्ध) छे, केम के-जळ आदि पक्षना एकदेशमां गंध आदिनो अभाव छे. तो जळादि, स्पर्श वगेरे चतुष्टयवाळा केवी रीते ?

समाधान- जयां स्पर्श छे, त्यां गंध आदि अवश्य छे, माटे स्पर्श द्वारा गंध जळादिमां अनुमानसिद्ध छे. वळी कोई जग्याओ जळादिमां गंध आदिनी उपलब्धि (साक्षात्कार) थाय छे एटले जळादिमां गंध आदि छे.

शंका- जळनी साथे संयोगवाळा पार्थिव द्रव्योनो गुण होई जळ आदिमां गंधनी उपलब्धि छे. जल आदिमां गंध औपाधिक छे, स्वाभाविक नथी. तो कहो के - जळादि स्वाभाविक गंधवाळा केवी रीते ?

समाधान- પૃથ્વીનો ગુણ ગંધ છે. પૃથ્વીના સંયોગથી જળાદિમાં ગંધની ઉપલબ્ધિ ઔપાધિક છે. અર્થાત્ જળાદિ ગંધ વગરના છે, કેમ કે- પૃથ્વીમાં જ ગંધ છે. આ હેતુ સાધ્યસમ એટલે અસિદ્ધ છે, કેમ કે- પૃથ્વી આદિ ચારમાં ગંધ આદિ ચારના વિયોગનો કાળ દેખાતો નથી. પૃથ્વી આદિ ચારમાં ગંધાદિ ચાર ઉદ્ભૂત સ્વભાવવાળા હોઈ ઉપલબ્ધ થાય છે, કવચિત્ અનુદ્ભૂત સ્વભાવવાળા હોઈ ઉપલબ્ધ થતા નથી.

જેમ પૃથ્વી અને જળ પરમાણુ પરિણામવિશેષ છે, તેમ તેજ પણ સ્પર્શ આદિ સ્વભાવવાળો છે, કેમ કે- પૃથ્વી આદિના કાર્યની માફક કાર્ય છે. જેમ કે- ઘડો. ખરેખર, સ્પર્શ આદિવાળા કાષ્ઠ આદિનું (અગ્નિ) કાર્ય તેજ છે અને તે તેજના પરિણામથી ખાધેલા સ્પર્શ આદિ ગુણવાળા આહારનો વાત-પિત્ત-કફ રૂપ વગેરે પરિણામ છે. વળી પિત્તને જઠરાગ્નિ તરીકે કહેવાય છે, તેથી સ્પર્શ આદિવાળો તેજ છે.

જેમ પૃથ્વી-જળ-અગ્નિ પરમાણુઓના પરિણામી જ છે, તેમ વાયુ પણ પરમાણુઓના પરિણામવિશેષ છે. વાયુ પ્રાણ આદિ રૂપ છે. (નાસિકાગ્ર) હૃદય, નાભિ અને પગના અંગુઠા સુધીના વિષયવાળો પવન 'પ્રાણ' ડોકની પાછળનો પીઠ, ગુદા અને પગની પાની સુધીનો પવન 'અપાન' સર્વ સાંધા, હૃદય અને નાભિમાં રહેલો પવન 'સમાન' હૃદય અને મસ્તકની વચ્ચેનો પવન 'ઉદાન' અને સર્વ ચામડીમાં રહેલો પવન 'વ્યાન.'

આ પ્રમાણે પાંચ પ્રકારનો વાયુ પણ સ્પર્શ-આદિવાળો છે, એવો ભાવ સમજવો.

-: प्रशस्ति :-

ઇતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વર** ચરણકમલમાં સ્થાપિત ભક્તિના સમુદાયવાળા, તેઓશ્રીના પટ્ટધર શ્રી **વિજયલબ્ધિસૂરિએ** રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ **'ન્યાયપ્રકાશ'** નામની વ્યાખ્યામાં અજીવનિરૂપણ નામનું ત્રીજું કિરણ સમાપ્ત થાય છે.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિએ તત્ત્વન્યાયવિભાકર**ની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **તૃતીય કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

ઇતિ તૃતીય કિરણ

●●●

अथ चतुर्थः किरणः ॥

तदेवं जीवाजीवौ लक्षणप्रकाराभ्यां समासतोऽभिधाय क्रमायातं पुण्यतत्त्वं निरूपयितुं तल्लक्षणमाह–

पौद्गलिकसुखोत्पत्तिजनकं कर्म पुण्यम् । पौद्गलिकमेतत् । १ ।

पौद्गलिकेति । पौद्गलिकसुखोत्पादहेतुत्वे सति कर्मत्वं लक्षणार्थः, पापेऽतिव्याप्ति वारणाय सत्यन्तं कालादिसमवायेऽतिप्रसङ्गभङ्गाय विशेष्यम् । मुक्तिसुखवारणाय पौद्गलिकेति सुखविशेषणम् । यदि मोक्षसुखजनके कर्मत्वाभावादेव नातिव्याप्तिरतः पौद्गलिकेति व्यर्थमित्युच्यते तदा पौद्गलिकसुखपदेनेष्टगतिजातिशरीरेन्द्रियविषयादयो विवक्षितास्तथा च शोभनगतिवर्णाद्यनुगुणं शुभानुभावश्च पुण्यमिति फलितार्थः । ननु पश्वादयो देवदत्तगुणाकृष्टास्सन्तो देवदत्तमुपसर्पन्ति तम्प्रति नियमेनोपसर्पणाद् ग्रासादिवदिति ग्रासादेराकर्षणं यथा प्रयत्नेनात्मगुणेन भवति तथा पश्वादीनां देवदत्तात्मगुणाभ्यां धर्माधर्माभ्यां भवतीति न्यायादितंत्रान्तरीयैर्धर्माधर्मात्मकपुण्यपापयोरात्मगुणत्वाभ्युपगमादत्रापि किं पुण्यं गुणो वा पुद्गलविशेषो वेति शंकायामाह–पौद्गलिकमेतदिति । एतत्पुण्यं पौद्गलिकं पुद्गल-परिणामत्वात्पौद्गलिकमित्यर्थः । पश्वादेराकर्षणं हि लोके रज्ज्वादिना संयोगेन दृष्टं, अदृष्टेन त्वेषामाकर्षणं कथं वा स्यान्न संयोगेन द्रव्ययोरेव संयोगाभ्युपगमात्, न समवायेन असिद्धेः, नापि स्वाश्रयसंयोगेन, अदृष्टाश्रयस्यात्मनो विभुत्वस्याप्रमाणत्वेन पश्वादिना संयोगासंभवादिति भावः । ननु नास्त्येव पुण्यं पापं वा कर्म, कायाकारेण परिणतेभ्यो भूतेभ्य एव

---

१. आरोग्यचिरजीवित्वाढ्यत्वकामभोगसंतोषप्रव्रज्यामोक्षरूपेषु सुखेषु मोक्षमेव सर्वोत्तमं सुखम्, परेषां दुःखप्रतीकारमात्रत्वात् सुखाभिमानजनकत्वाच्च, तत्त्वतो न सुखमेतदेव च पौद्गलिकं सुखमिति भावः ॥

सुखदुःखाद्युत्पादसंभवादिति चेन्न, शरीराकारपरिणतपुद्गलानां साधारण्येन सुखदुःखवैषम्यस्य जीवेषु दृष्टस्यानुपपत्तेः, दृश्यते हि सुखित्वं कस्यचिदेव कदाचिदेव दुःखित्वञ्च तथा, भूतानामेव तन्निबन्धनत्वे वैचित्र्यमिदं न स्यादेव, न चैतद्वैषम्यं निर्निमित्तं, तथात्वे परमाणुवन्नित्यं सत्त्वं गगनकुसुमादिवन्नित्यमसत्त्वं वा स्यान्न तु कादाचित्कत्वं, न चाकस्मिकत्वमेव कादाचित्कत्वमिति वाच्यम्, कारणनिरपेक्षोत्पत्तिकत्वस्याकस्मिकत्वे निरन्तरोत्पत्तिप्रसङ्गात्, सामग्रीवैकल्यस्य वा प्रतिबन्धकस्य वा कस्यचिदभावात्, कारणोत्पत्तिभ्यां रहितत्वमेव तदिति चेत्तदा तयोर्नित्यत्वं वा, अत्यन्तासत्त्वं वा स्यात्, भवतु नित्यत्वमिति चेन्न तयोरुत्पादविनाशित्वेनानुभवात्, अत एव च नात्यन्तासत्त्वं, अथ नान्यस्मात् कस्मादपि भवनमपि तु स्वस्मादित्याकस्मिकत्वमिति चेदसतः स्वपदार्थत्वे तस्मात्कस्यचिदप्युत्पत्त्यभावात्, यदि स्वं सदेव तर्हि किमुत्पत्त्या, सत्त्वार्थमेवोत्पत्तेर्गवेषणात्, तस्मादवश्यं कारणेन केनापि भवितव्यमेव, भवतु तर्हि भूतातिरिक्तं किञ्चिदेकमेव तत्कारणमविलक्षणादपि कारणात् कार्यवैचित्र्यस्य प्रदीपादौ दर्शनात्, प्रदीपो हि प्रकाशकारी तैलविनाशकारी वर्त्तिविकारकारी चेति, तथापि वैचित्र्यानुपपत्तेः, सर्वे सुखिनो वा स्युर्दुःखिनो वा, दृश्यते च सुखादिवैचित्र्यं, तदवश्यमेव विचित्रस्य कर्मणः फलमभ्युपेयम् । अस्त्येव प्रदीपादावपि वैचित्र्यं, येन रूपेण प्रकाशकारी प्रदीपादिर्न तेन रूपेण वर्त्तिविकारकारी प्रतिक्षणं पर्यायभेदात्, न च स्रक्चन्दनवनितादयस्सुखस्य हेतवो विषाहिकण्टकादयस्तु दुःखस्येति प्रत्यक्षा एव सुखदुःखहेतवः किमदृष्टेन निमित्तान्तरेणेति वाच्यम्, व्यभिचारात् तादृग्वनितादिपदार्थसत्त्वेऽपि पुत्रादिवियोगव्यथितस्य सुखाभावात् सुखेऽपि दुःखेऽपि तारतम्यदर्शनात्, नैतददृष्टं कमपि हेतुमन्तरेण युज्यते, तदेव पुण्यपापात्मकं बहुविभेदमदृष्टं कर्मेत्युच्यते, ननु काणत्वखञ्जत्वादिशरीरादिवैलक्षण्येन यदि कर्म साध्यते तर्हि कार्यस्य मूर्त्तत्वेन कर्मापि मूर्त्तं स्यादिति चेत्सत्यमस्माभिः प्रयत्नेन साधयितव्यस्य भवतैव साधनात् मूर्त्तमेव हि कर्म, तत्कार्यस्य शरीरादेर्मूर्त्तत्वात्, यस्य यस्य कार्यं मूर्त्तं तत्तत्कार्यस्य कारणमपि मूर्त्तम्, यथा घटस्य परमाणवः, यच्चामूर्त्तं कार्यं न तस्य कारणं मूर्त्तं यथा ज्ञानस्यात्मा । तथा मूर्त्तं कर्म, तत्सम्बन्धे सुखादि संविदस्ति, यथाऽऽकाशसम्बन्धे, एवं यत्सम्बन्धे वेदनोद्भवः तन्मूर्तं दृष्टं यथाऽनलः, भवति च वेदनोद्भवः कर्मसम्बन्धे तस्मात्तन्मूर्त्तं, तथा मूर्त्तं कर्म, आत्मनो ज्ञानादीनाञ्च तद्धर्माणां व्यतिरिक्तत्वे सति बाह्येन स्रगादिना बलस्याधीयमानत्वाद् यथा स्नेहाद्याहितबलो घटः, आधीयते च बाह्यैर्मिथ्यात्वादिहेतुभूतैर्वस्तुभिः कर्मण उपचयलक्षणं

बलं, तस्मात्तन्मूर्त्तं, एवं मूर्त्तं कर्म, आत्मादिव्यतिरिक्तत्वे सति परिणामित्वात्, क्षीरवत्, न चायं हेतुरसिद्धः, कर्मकार्यस्य शरीरादेः परिणामित्वदर्शनात्, यस्य कार्यं हि परिणामि सोऽपि परिणामी, यथा दध्नस्तक्रादिभावेन परिणामात्पयसोऽपि परिणामित्वमिति । न चाभ्रादिविकाराणां यथा वैस्रसिकी विचित्ररूपतया परिणतिरभ्युपगम्यते तथा परिदृश्यमानं शरीरमेव काणत्वखञ्जत्वसुखित्वदुःखित्वादिभावैर्विचित्रतया परिणमति किमन्तर्गडुना कर्मणेति वाच्यम्, कर्मणोऽपि शरीरत्वात्, तद्धि केवलं श्लक्ष्णतरमभ्यन्तरञ्च जीवसंश्लिष्टत्वात्, यथा च बाह्यतनोरभ्रादिविकारवद्वैचित्र्यमभ्युपगम्यते तथैव कर्मतनोरपि तदभ्युपगमस्य न्याय्यत्वात् । न च बाह्यतनोस्तत्स्वीकार उचितो दृश्यत्वात्, कर्मरूपायास्तु सर्वथाऽप्रत्यक्षत्वाद्वैचित्र्यं कथमिच्छाम इति वाच्यम्, मरणकाले दृश्यमानस्थूलशरीरस्य सर्वथा विप्रमुक्तस्य जन्तोर्भवान्तरगतस्थूलशरीरग्रहणहेतुसूक्ष्मकर्मशरीरस्यावश्यकत्वात्, अन्यथा देहान्तरग्रहणानुपपत्तेर्मरणानन्तरं सर्वस्याप्यशरीरत्वादयत्नेनैव संसारव्यवच्छित्तिः स्यात् । न च मूर्त्तस्य कर्मणोऽमूर्त्तेनात्मना सम्बन्धो न स्यादिति वाच्यम्, मूर्त्तस्य घटस्यामूर्त्तेनाकाशेन सम्बन्धात्, संसारिणो जीवस्य सर्वथाऽमूर्त्तत्वाभावाच्च । तस्मात्सिद्धं कर्म विचित्रं मूर्त्तञ्चेत्यलं प्रसङ्गेन ॥

तत्र पुण्यमिदं कार्यकारणभेदेन द्विविधं, सुपात्रदानादिभिर्वक्ष्यमाणैः कारणैस्सातोच्चैर्गोत्रादिकमनुभूयते जीवैः, तत्र सुपात्रदानादिकं कारणात्मकं पुण्यं, सातोच्चैर्गोत्रादिकन्तु कार्यात्मकं, आत्मशुभाध्यवसायस्य तु पुण्यत्वमौपचारिकममूर्त्तत्वात्, मूर्त्तस्यैव बन्धकत्वाच्च। तदिदं पुण्यपापात्मकं कर्म संतत्याऽनाद्यं, संसारस्यानादित्वात्, अन्यथा पूर्वं जीवस्य पश्चात्कर्मणस्सम्भवः, पूर्वं वा कर्मणः पश्चाज्जीवस्य, उभयोरपि वा युगपद्वाच्यः, तत्रैकोऽपि पक्षो न सम्भवति, निर्हेतुकत्वेनात्मनः प्रथमं सम्भवासंभवात्, तस्यानादिसिद्धत्वेऽपि पश्चात् कर्मबन्धो न संभवत्येव, कारणाभावात् । निष्कारणं वा सम्भवे मुक्तस्यापि कर्मबन्धापत्तेः, तथा प्रथमं कर्मसमुद्भवोऽपि न न्याय्यः, कर्तुर्जीवस्य तदानीमभावात्, अक्रियमाणस्य कर्मत्वायोगात्, कारणं विनैव तस्य समुद्भवे नाशस्याप्यकारणत्वापत्तेः । तथा न युगपदुत्पत्तिसम्भवः, उभयस्यापि निर्हेतुकत्वात्, युगपदुत्पन्नयोस्तयोः कर्तृकर्मभावस्य सव्येतरगोविषाणयोरिवासम्भवात् । तस्मादनादिरेव जीवकर्मणोः सम्बन्धः । न च जीवकर्मसंयोगसन्तानस्यानादित्वे जीवनभसोरिवानन्तत्वमपि स्यादिति वाच्यम्, बीजाङ्कुरादीनां संतानस्यानादेरपि सान्तत्वदर्शनात्, दृश्यते हि बीजाङ्कुरयोर्मध्येऽन्यतरस्यानिवर्तितकार्यस्यैव

१. ननु घटेनाऽऽकाशस्य संयोगे न मूर्त्तत्वं निबन्धनमपितु व्यापकत्वमित्यनुयोगे त्वाह संसारिण इति ॥

व्युच्छेद इति । तथा च मिथ्यात्वाविरतिकषाययोगरूपैर्बन्धहेतुभिर्जीवोऽष्टविधेषु औदारिकादि-कर्मवर्गणापुद्गलेषु कर्मशरीरग्रहणयोग्यान् पुद्गलानादत्ते, कर्मतया च ग्रहणसमय एव तान् परिणमय्य शुभाशुभपरिणामानुसारेण कर्मपुद्गलेषु स्थितिरसादीन् निष्पाद्य क्षीरोदकवदात्म-प्रदेशैस्सह संश्लेषयति । एवम्भूत एव तस्य स्वभावो यत् कर्मवर्गणागतं कर्मयोग्यमेव द्रव्यमेकक्षेत्रावगाढमेव रुचकप्रदेशभिन्नैः सर्वैरपि स्वप्रदेशै रागद्वेषक्लिन्नस्वरूपत्वाज्जीवो गृह्णाति न तु स्वात्मभिन्नप्रदेशावगाढं कैश्चिदेव प्रदेशैर्गृह्णाति । तत्र कर्मराशिश्च घात्यघातिभेदेन द्विविधः, अनन्तज्ञानदर्शनचारित्रवीर्यात्मकात्मगुणानां सर्वथा देशेन वा प्रतिहननसमर्थं कर्म घातिकर्मेत्युच्यते, ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायरूपाष्टविधमूलप्रकृति-भूतकर्मसु ज्ञानदर्शनावरणमोहनीयान्तरायचतुष्टयमात्मनो ज्ञानादिगुणघातकत्वादज्ञानाद्य-शुभविपाकजनकत्वाच्चाशुभरूपं घातिकर्म । वेदनीयायुष्कनामगोत्रचतुष्टयन्तु शुभाशुभ-विपाकजनकत्वाज्ज्ञानाद्यविघातकत्वाच्च शुभाशुभरूपमघातिकर्म, तत्र यच्छुभं कर्म तत्पुण्यम-शुभन्तु पापम्, एतच्चोभयमपि न मेर्वादिभावेन परिणतस्कन्धवदतिबादरं, सूक्ष्मेण कर्मवर्गणाद्रव्येण निष्पन्नत्वान्नापि परमाणुवदतिसूक्ष्ममिति विज्ञेयम् ॥

પુણ્યનિરૂપણ નામક ચતુર્થ કિરણ

આ પ્રમાણે લક્ષણ અને પ્રકારથી જીવ અને અજીવનું સંક્ષેપથી કથન કરીને, હવે ક્રમથી આવેલ પુણ્યતત્ત્વનું નિરૂપણ કરવા માટે તે પુણ્યનું લક્ષણ કહે છે કે-

ભાવાર્થ- પૌદ્ગલિક સુખની ઉત્પત્તિમાં જનક રૂપ કર્મ 'પુણ્ય' છે. આ કર્મ પૌદ્ગલિક છે.

વિવેચન- પુણ્ય અહીં લક્ષ્ય છે. એના લક્ષણમાં પૌદ્ગલિક એવા સુખની ઉત્પત્તિજનક પદ વિશેષણ છે, જ્યારે કર્મ એ વિશેષ્ય છે. અર્થાત્ પૌદ્ગલિક સુખોત્પત્તિજનકત્વ વિશિષ્ટ કર્મત્વ એ પુણ્યનું લક્ષણ છે. પદ કૃત્ય અહીં આ પ્રમાણે છે.

'કર્મપુણ્ય'- એમ લક્ષણ જો કરવામાં આવે, તો પાપ પણ કર્મ છે. તેથી પાપમાં અતિવ્યાપ્તિ વારણ કરવા માટે 'પૌદ્ગલિક સુખોત્પત્તિજનકત્વ' રૂપ વિશેષણ દલ મૂકેલ છે, કેમ કે- પાપ દુઃખ પ્રત્યે જનક છે, સુખના પ્રત્યે નહિ.

'પૌદ્ગલિકસુખોત્પત્તિજનક પુણ્યં'- એવું લક્ષણ જો કરવામાં આવે, તો 'કાળક્ષેત્ર આદિ ગણ'માં-સાધારણ કારણમાં અતિવ્યાપ્તિ વારવા માટે કર્મત્વ રૂપ વિશેષ્ય દલ મૂકેલ છે. કોઈ એમ ન સમજે કે- પુણ્યથી મોક્ષસુખ મળે છે. આવી ગેરસમજ ન થાય, માટે પુણ્ય એ પૌદ્ગલિક સુખનું સાધન છે, મોક્ષસુખ સાધન નથી, એ મુખ્ય વાત સમજાવવા માટે સુખનું વિશેષણ પૌદ્ગલિક રાખેલ છે; કેમ કે- પુણ્યના ક્ષયથી મોક્ષ મળે છે.

વળી આરોગ્ય-દીર્ઘાયુષ્ય-સમૃદ્ધપણું-કામભોગ-સંતોષ સર્વવિરતિ રૂપ પ્રવ્રજ્યા-મોક્ષ રૂપ સુખોમાં માત્ર-કેવળ મોક્ષસુખ જ સર્વશ્રેષ્ઠ-પરમ-અખંડ-અનંત-આનંદ રૂપ છે, કેમ કે- સિવાય મોક્ષસુખ, બીજા બધાં સુખો વ્યાધિપ્રતિકારની માફક દુઃખપ્રતિકાર રૂપ છે, સુખના અભિમાનને પેદા કરનારા છે અને ક્ષણિક છે, માટે વાસ્તવિક રીતે સુખ નથી. એટલે જ પૌદ્ગલની બનાવટ રૂપ પુણ્યજન્ય સુખ છે. અર્થાત્ પુણ્ય દ્વારા પૌદ્ગલિક સુખ મળે છે, મોક્ષસુખ મળતું નથી. એ મર્મ સમજાવવા માટે સુખનું વિશેષણ પૌદ્ગલિક રાખેલ છે.

જો મોક્ષસુખજનક સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગમાં કર્મત્વ રૂપ વિશેષ્ય દલનો અભાવ હોવાથી જ અતિવ્યાપ્તિ નથી, તો સુખનું પૌદ્ગલિક એ વિશેષણ વ્યર્થ છે. એમ જો કહેવામાં આવે, તો પૌદ્ગલિક સુખપદથી ઇષ્ટગતિ-ઇષ્ટજાતિ-શુભ શરીર-સુંદર ઇન્દ્રિયવિષય વગેરે સુખના સાધન માત્ર અહીં વિવક્ષિત (અધિકૃત) છે.

તથાચ શુભ ગતિ, વર્ણ આદિ અનુકૂળ શુભ વિપાક ઉદયવાળું પુણ્ય (કર્મ) છે, એ ફલિત થાય છે.

શંકા- પશુ વગેરે સકલ પૌદ્ગલિક વસ્તુઓ, દેવદત્તના અદૃષ્ટ નામક ગુણથી દેવદત્તની પાસે આવે છે. જેમ કે- અન્ન આદિ.

અર્થાત્ જેમ આત્મવિશેષ ગુણ રૂપ પ્રયત્નજન્ય અન્ન, ફૂલ, પલંગ વગેરેનું આકર્ષણ થાય છે, તેમ દેવદત્તના આત્મવિશેષ ગુણ રૂપ ધર્મ-અધર્મ રૂપ અદૃષ્ટ ગુણથી પશુ આદિનું આકર્ષણ થાય છે. આ પ્રમાણે ન્યાય આદિ દર્શનાંતરીઓએ ધર્મ-અધર્મ રૂપ પુણ્ય-પાપને આત્માના ગુણ તરીકે માનેલ છે. તો અહીં પુણ્ય શું ગુણ રૂપ છે કે વિશિષ્ટ પુદ્ગલ રૂપ છે ?

સમાધાન- ઉપરોક્ત શંકાના જવાબમાં કહે છે કે - 'આ પુણ્ય પૌદ્ગલિક છે.' ઇતિ. અર્થાત્ આ પુણ્ય પૌદ્ગલિક એટલે પુદ્ગલના પરિણામવિશેષ રૂપ છે. ખરેખર, પશુ આદિનું આકર્ષણ લોકમાં રજ્જુ (દોરડા) વગેરેની સાથે સંયોગ દ્વારા પ્રત્યક્ષ સિદ્ધ છે. પરંતુ આ પશુ આદિનું આકર્ષણ અદૃષ્ટ દ્વારા કેવી રીતે થાય ?

(૧) સંયોગથી તો થાય જ નહિ, કેમ કે-અદૃષ્ટ એ ગુણ છે અને પશુ આદિ દ્રવ્ય છે. 'બે દ્રવ્યોનો જ સંયોગ' હોય છે. આવા નિયમથી ગુણ અને દ્રવ્યનો સંયોગ-સંબંધ થતો નથી.

(૨) સમવાય સંબંધથી પણ પશુ આદિનું આકર્ષણ થઈ શકે નહિ, કેમ કે- અદૃષ્ટ ગુણ અને દેવદત્ત આત્માનો સમવાય સંબંધ છે, નહિ કે- પશુ આદિમાં દેવદત્તના અદૃષ્ટના સમવાયની અસિદ્ધિ છે.

---

१. धर्माधर्मावदृष्टं स्याद्धर्मः स्वर्गादि कारणम् ॥ १६१ ॥
गङ्गास्नानादि यागादि व्यापारः स तु कीर्तितः ।
कर्मनाशाज्जलस्पर्शादिना नाश्यस्त्वसौ मतः ॥ १६२ ॥
अधर्मोनरकादीनां हेतुर्निन्दित कर्मनः ।
प्रायश्चितादिनाश्योऽसौ, जीववृत्तीत्विमौ गुणौ ॥ १६३ ॥

(૩) સ્વાશ્રય સંયોગથી પણ પશુ આદિનું આકર્ષણ સંભવિત નથી, કેમ કે- અદૃષ્ટના આશ્રયભૂત આત્માનું વિભુ(વ્યાપક)પણું યુક્તિયુક્ત નહિ હોવાથી પશુ આદિની સાથે અદૃષ્ટાધાર આત્માના સંયોગનો અસંભવ છે. આવો ભાવ સમજવો.

શંકા- પુણ્ય રૂપ કે પાપ રૂપ કર્મ નથી જ, કેમ કે- શરીરના આકાર રૂપે પરિણમેલ પાંચ ભૂતોથી જ સુખ અથવા દુઃખની ઉત્પત્તિનો સંભવ છે. એમ માનીએ તો શું વાંધો ?

સમાધાન- શરીરના આકારે પરિણમેલ પૌદ્ગલોની સમાનતા સર્વત્ર છે. જીવોમાં સુખ અને દુઃખના ચક્રની વિચિત્રતા જે પ્રત્યક્ષ સિદ્ધ છે, તે કેવી રીતે ઘટમાન થાય ? એ જરા વિચારોને ! ખરેખર, સગી આંખે દેખાય છે કે-કોઈ એક જીવ-વ્યક્તિ કદાચિત્ સુખી અને કદાચિત્ દુઃખી, અર્થાત્ કાળભેદથી એક વ્યક્તિને પોતાની જિંદગીમાં સુખનો અને દુઃખનો અનુભવ થાય છે જ.

સુખ-દુઃખનું મૂળ કારણ જો શરીર આદિ રૂપ ભૂતો માનવામાં આવે, તો પોતાના જીવનમાં જિંદગીપર્યંત શરીર આદિ ભૂતો સમાન-કાયમ છે. શરીરાદિ ભૂતોમાં ફરક પડતો નથી. તો આ સુખ-દુઃખની વિષમતા-અસમાનતા કારણજન્ય છે. અર્થાત્ આત્મપણાએ કે શરીરાદિ ભૂતની અપેક્ષાએ અવિશિષ્ટ આત્માઓમાં જે આ દેવ-અસુર, મનુષ્ય, તિર્યંચ આદિ રૂપ, અથવા કોઈ રાજા તો કોઈ રંક, કોઈ કરોડપતિ તો કોઈ રોડપતિ અને કોઈ ડાહ્યો તો કોઈ ગાંડો, આવી નજરોનજર દેખાતી સર્વત્ર વિચિત્રતા શું વગર કારણે છે ?

જો કારણ વગર વિચિત્રતા જગતની માનવામાં આવે, તો 'नित्यं सत्त्वसत्त्वं वाऽहेतो न्यानपेक्षणात्'- એ રૂપ ન્યાયથી પરમાણુની માફક સુખ કે દુઃખની સત્તા (વિદ્યમાનતા) થઈ જાય ! કાં તો સુખ શાશ્વત રહે અથવા દુઃખ નિત્ય રહે. સુખ-દુઃખના ચક્રનું પરિવર્તન અસંભવિત થઈ જાય ! અથવા આકાશકુસુમ આદિની માફક સુખ કે દુઃખની નિત્ય અસત્તા થઈ જાય ! અર્થાત્ દુઃખ કે સુખ નિત્ય વિદ્યમાન કે અવિદ્યમાન થઈ જાય !

સુખ જ નથી કે દુઃખ જ નથી, તો પછી તેના વૈચિત્ર્યની વાત તો ગગનમાં ઊડી જ ગઈ ને ! અર્થાત્ સુખ-દુઃખ આદિમાં કોઈ વખત સુખ કે કોઈ વખત દુઃખ, આવું કાળકૃત સુખ-દુઃખનું અનિત્યપણું તે અસંભવિત જ થઈ જાય ને ?

શંકા- સુખ-દુઃખ આદિનું જો કાદાચિત્કપણું-પરિવર્તનશીલપણું કારણ વગરનું માનીએ, તો શો બોધ આવે ?

સમાધાન- હેતુનિરપેક્ષ કદાચિત્ ઉત્પત્તિવાળા સુખ-દુઃખની ઉત્પત્તિ-અકસ્માત્ થનાર છે, એમ માનવામાં નિરંતર ઉત્પત્તિનો પ્રસંગ આવે છે, કેમ કે-સામગ્રીશૂન્યતાનો અને સર્વ કોઈ પ્રતિબંધકનો અભાવ છે.

---

१. **क्ष्माभृद्भङ्क्योर्मनीषिऽजयोः सद्रूपनीरूपयोः, श्रीमद्दुर्गतयोर्बलाबलवतोर्नीरोगरोगार्त्तयोः सौभाग्या-सुभगत्वसङ्गमजुषास्तुल्वेऽनृत्वेऽन्तरं, यत्तत्कर्मनिबन्धनं तदपिनो जीवं विना युक्तिमत् ॥**

શંકા- કારણ અને ઉત્પત્તિથી રહિતપણું જ તે આકસ્મિકપણું છે-કાદાચિત્કપણું છે, એમ માનીએ તો શો વાંધો ?

સમાધાન- જો એમ માનો, તો તે સુખ-દુઃખનું નિત્ય સત્ત્વ અથવા નિત્ય અસત્ત્વ થઈ જાય !

શંકા- અહો હો ! આકસ્મિકપણું એટલે નહિ સમજયા હો ! તો સમજો ત્યારે કોઈ બીજા કારણથી નહિ થવાપણું એ અર્થ આકસ્મિકપણાનો છે. પરંતુ પોતાનાથી તો થવાપણું છે જ. પોતાનાથી સુખ-દુઃખનું વૈચિત્ર્ય માનીએ તો શો વાંધો ?

સમાધાન- 'સ્વ' પદાર્થ એ શું છે ? જો 'સ્વ'ને અસત્ પદાર્થ માનવામાં આવે, તો તે અસદ્ રૂપ સ્વથી કોઈ પણની (સુખ-દુઃખ આદિની) ઉત્પત્તિનો અભાવ છે. જો 'સ્વ' પદાર્થ સદ્રૂપ જ છે, તો ઉત્પત્તિથી સર્યું; કેમ કે- 'સત્ત્વ' માટે જ ઉત્પત્તિની ગવેષણા છે.

'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् ।' તેથી અવશ્ય જગતની વૈચિત્ર્યતા પ્રત્યે કોઈપણ કારણ હોવું જ જોઈએ.

શંકા- ઠીક, શરીર આદિ ભૂતોથી ભિન્ન, કોઈ એક જ, કાર્ય વૈચિત્ર્ય પ્રત્યે કારણ રહે ! કેમ કે- અવિલક્ષણ (અવિચિત્ર) પણ કારણથી કોઈનું વૈચિત્ર્ય પ્રદીપ આદિમાં દેખાય છે. ખરેખર, જેમ દીવો પ્રકાશને કરે છે, તેલના વિનાશને કરે છે અને દીવેટના ફેરફારને કરે છે, કેમ બરાબર છે ને ?

સમાધાન- ભાઈ ! તારું કથન બરોબર નથી. જો એમ માનવામાં આવે, તો વૈચિત્ર્ય ઘટી શકતું નથી; કેમ કે-એક કારણથી કાં તો બધા સુખી થાય કે બધા દુઃખી થાય ! પરંતુ બધાઓમાં-અરે, એક વ્યક્તિના જીવનમાં કાળભેદે દેખાતું સુખાદિનું વૈચિત્ર્ય પ્રત્યક્ષ સિદ્ધ-પ્રસિદ્ધ છે, તો ભલા માણસ, તારે અવશ્યમેવ વિચિત્ર (અનેક પ્રકારના) કર્મનું ફળ વિચિત્ર માનવું જ રહ્યું.

અરે ! જુઓ તો ખરા, તમારા આપેલા પ્રદીપ આદિમાં પણ કારણગત વૈચિત્ર્ય છે. જે રૂપે પ્રકાશકારી પ્રદીપ આદિ છે, તે રૂપે દીવેટ વિકારકારી પ્રદીપ આદિ નથી, કેમ કે- ક્ષણે ક્ષણે પર્યાયોનો ભેદ (પરિવર્તન) છે.

શંકા- પુષ્પમાળા, ચંદન આદિ (ભોગોપભોગના સાધન માત્ર) સુખના કારણો અને ઝેર, સાપ, કાંટા આદિ (અનિષ્ટ માત્ર) દુઃખના કારણો છે. આવી રીતે આ સુખ-દુઃખના હેતુઓ પ્રત્યક્ષ છે. એને છોડી અદૃષ્ટ (પરોક્ષ) એવા કર્મનામક બીજા નિમિત્તની શી જરૂર છે ?

"इमौ तु वासना जन्यौ ज्ञानादपि विनश्यतः ।" का. मु.

ધર્મ અને અધર્મ અદૃષ્ટ તરીકે કહેવાય છે. ધર્મ, સ્વર્ગ આદિ સકલ સુખોનું અને સ્વર્ગ સાધનભૂત શરીર આદિનું સાધન છે. ઈષ્ટ સાધનપણાએ વેદવિહિત ગંગાસ્નાન આદિ યાગ આદિ, વ્યાપાર રૂપ કર્મજન્ય સાક્ષાત્ સુખસાધન રૂપ ધર્મ છે. તે ધર્મ કર્મનાશ-અજલસ્પર્શ આદિથી નાશ પામે છે. વળી અધર્મ, નરક આદિ સકલ દુઃખોનું-નારકીય શરીર આદિનું સાધન છે, નિંદિત-શાસ્ત્રનિષિદ્ધ ક્રિયાથી જન્ય છે. આ અધર્મ-પાપ, પ્રાયશ્ચિત્ત આદિથી નાશ પામે છે. આ ધર્મ-અધર્મ રૂપ બે ગુણો જીવમાં રહેનાર છે. આ બે ગુણો વિલક્ષણ સંસ્કાર રૂપ વાસનાથી જન્ય છે, જ્ઞાનથી પણ (ભોગથી) વિનાશને પામે છે.

समाधान- કારણ હોવા છતાં, કાર્યની અનુત્પત્તિ રૂપ અન્વય વ્યભિચાર હોવાથી, પૂર્વોક્ત કાર્ય-કારણભાવનો નિયમ બનતો નથી. જેમ કે-સુખ-સાધન રૂપ વનીતા આદિ પદાર્થની હાજરી હોવા છતાં, પુત્ર આદિના વિયોગથી વ્યથાવાળા પુરુષમાં સુખ રૂપી કાર્યનો અભાવ છે. સુખમાં પણ અને દુઃખમાં પણ પ્રમાણમાં સમાનતા નથી, તારતમ્ય દેખાય છે. આ બધું વિચિત્ર કોઈ એક અદૃષ્ટ હેતુ સિવાય બંધબેસતું નથી. માટે એ અદૃષ્ટ હેતુ કોણ ? આવા સવાલનો જવાબ એ છે કે- તે જ પુણ્ય-પાપ રૂપ ઘણા ઘણા ભેદવાળું અદૃષ્ટ કર્મ તરીકે કહેવાય છે.

શંકા- કાણાપણું, લંગડાપણું આદિ રૂપ શરીર આદિ ગત વિલક્ષણતા દ્વારા જો કર્મની સિદ્ધિ કરવામાં આવે, તો કાર્ય મૂર્ત્ત છે. એથી કાર્યના રૂપીપણાએ કરી તેના કારણભૂત કર્મ પણ મૂર્ત્ત થાય જ ને ?

સમાધાન- જો આમ સાચું જ છે, તો અમારે પ્રયત્નપૂર્વક સાધવાનું તે આપે સાધી આપ્યું. જેમ કે- ખરેખર કર્મ મૂર્ત્ત જ છે. કેમ કે- કર્મના કાર્યભૂત શરીર આદિ મૂર્ત્ત છે. જે જે કારણનું કાર્ય મૂર્ત્ત છે, તે તે કાર્યનું કારણ પણ મૂર્ત્ત છે. જેમ કે-ઘટ કાર્ય પ્રત્યે પરમાણુ રૂપ કારણ.

જે અમૂર્ત્ત કાર્ય છે, તેનું કારણ મૂર્ત્ત હોતું નથી, અર્થાત્ અમૂર્ત્ત કારણ છે જ. જેમ કે- જ્ઞાન રૂપ કાર્યનું આત્મા રૂપી કારણ. કર્મ મૂર્ત્ત છે, કેમ કે- તે કર્મના સંબંધમાં સુખાદિનું સંવેદન થાય છે. તે મૂર્ત્ત જોયેલું છે. જેમ કે- અશન આદિ ચાર પ્રકારનો આહાર.

જે અમૂર્ત્ત છે, તેના સંબંધમાં સુખ આદિનું સંવેદન થતું નથી. જેમ કે- આકાશના સંબંધમાં સુખાદિનું સંવેદન થતું નથી. માટે આકાશ અમૂર્ત્ત છે. એવી જ રીતે જેના સંબંધમાં વેદના (દુઃખ)ની ઉત્પત્તિ થાય છે, તે મૂર્ત્ત જોયેલ છે. જેમ કે-અગ્નિ. અગ્નિના સંબંધમાં જેમ વેદનાની ઉત્પત્તિ છે, તેમ કર્મ (પાપકર્મ)ના સંબંધમાં વેદનાની ઉત્પત્તિ થાય છે. માટે કર્મ રૂપી છે. તેવી રીતે કર્મ મૂર્ત્ત છે, કેમ કે- આત્માથી અને આત્મધર્મ રૂપ જ્ઞાનાદિથી ભિન્ન હોયે છતે બાહ્ય પુષ્પમાળા આદિ દ્વારા કરાતા બળવાળું છે. જેમ કે- તેલ આદિ દ્વારા કરેલ બળવાળો ઘડો. તેમ મિથ્યાત્વ આદિ બાહ્ય-અભ્યંતર (કુદેવ-કુગુરુ-કુધર્મ બાહ્ય અને અશ્રદ્ધા અભ્યંતર) હેતુઓ વડે કર્મની વૃદ્ધિ રૂપ લક્ષણવાળું બળ કરાય છે, તેથી તે કર્મ મૂર્ત્ત છે.

એવી રીતે કર્મ મૂર્ત્ત છે, કેમ કે- આત્મા આદિથી ભિન્ન હોયે છતે પરિણામી છે. જેમ કે- દૂધ. આ હેતુ સ્વરૂપ અસિદ્ધ નથી, કેમ કે- પક્ષભૂત કર્મના કાર્યભૂત શરીર આદિમાં પર્યાયભેદ દેખાય છે. જે કારણનું કાર્ય પરિણામી છે, તે કાર્યનું કારણ પણ પરિણામી કહેવાય. જેમ કે - દૂધ રૂપ કારણનું કાર્ય દહીં, છાશ આદિ રૂપાંતરથી પરિણામી છે. માટે દૂધ રૂપી કારણ રૂપ પરિણામી કહેવાય.

શંકા- જેમ આકાશમાં વાદળ વગેરે રૂપ વિકારોની વિચિત્ર રૂપપણે પરિણતિ કુદરતી છે-એમ માનવામાં આવે છે, તેમ દેખાતું શરીર જ, કાણાપણું, લંગડાપણું, સુખીપણું, દુઃખીપણું વગેરે રૂપાંતરોથી વિચિત્ર રૂપે પરિણમે છે. તેમાં સ્વભાવ હેતુ છે. તો નિરર્થક કર્મથી સર્યું. અર્થાત્ શરીર આદિ ગત વૈચિત્ર્યનું કારણ કુદરત માનીએ તો શો વાંધો ?

સમાધાન- ભાઈ, કર્મ પણ શરીર રૂપ છે (કાર્મણશરીર રૂપ છે). ખરેખર, તે કર્મ રૂપ શરીર, કેવળ સૂક્ષ્મતર અને અભ્યંતર રૂપ છે, કેમ કે- આત્માના પ્રદેશોની સાથે ક્ષીરનીરવત્ વિશિષ્ટ સંબંધવાળું છે. જેમ

વાદળ વગેરેના વિકારની માફક બાહ્ય શરીર અનેક રૂપાંતરને પામતું મનાય છે, તેમ કર્મ રૂપી શરીરની વિચિત્રતાનો સ્વીકાર યુક્તિયુક્ત છે.

શંકા- બાહ્ય શરીરમાં વિચિત્રતાનો સ્વીકાર એ તો વ્યાજબી છે, કેમ કે-દેખાય છે, જ્યારે કર્મ રૂપી શરીર સર્વથા પરોક્ષ હોઈ તે કર્મ રૂપી શરીરની વિચિત્રતાનો સ્વીકાર અમે કેવી રીતે ઇચ્છીએ ?

સમાધાન- જો સૂક્ષ્મતર શરીર રૂપ કર્મની વિચિત્રતાનો સ્વીકાર ન કરો, તો મરણકાળમાં સર્વથા-બિલ્કુલ છોડી દીધેલ દેખાતા સ્થૂલ શરીરવાળા જીવને, બીજા ભવમાં ગયેલ જીવને બીજા ભવના સ્થૂલ શરીરના ગ્રહણ (નિર્માણ)માં હેતુભૂત સૂક્ષ્મ એવું કર્મ રૂપી શરીર અવશ્ય છે-અવશ્ય સ્વીકાર કરવા યોગ્ય છે.

જો ભવાન્તરના સ્થૂલ શરીરના નિર્માણમાં હેતુભૂત કર્મનામક સૂક્ષ્મ શરીર ન માનો, તો બીજા શરીરના ગ્રહણનો અભાવ થવાથી મરણ બાદ, સર્વ જીવ પણ શરીરશૂન્ય થવાથી વિના પ્રયત્ને સંસારનો વ્યવચ્છેદ થઈ જાય ! સમજ્યાને ! આમ તો ત્રણેય કાળમાં બનતું નથી. કર્મની સત્તાથી અવશ્ય મરણ બાદ બીજા જન્મની સ્થૂલ શરીરની સત્તા સર્વદર્શનસિદ્ધ છે.

શંકા- ઓહ ! એક વાત તો રહી ગઈ કે- અરૂપી આત્મદ્રવ્યની સાથે રૂપી કર્મનો સંબંધ કેમ થાય ?

સમાધાન- જેમ મૂર્ત્ત રૂપી ઘડાનો સંબંધ અમૂર્ત્ત આકાશની સાથે માનેલો છે, તેમ અમૂર્ત્ત આત્માની સાથે કર્મનો સંબંધ માનેલ છે. ઘટની સાથે આકાશના સંયોગમાં મૂર્ત્તપણું કે અમૂર્ત્તપણું કારણ નથી પરંતુ વ્યાપકપણું કારણ છે. તો આત્માની સાથે કર્મનો સંબંધ કેવો ? એના જવાબમાં કહેવાનું કે-સંસારી જીવ સર્વથા અમૂર્ત્ત નથી, કેમ કે- સંસારી આત્માના પ્રદેશોની સાથે અનંત કર્મપરમાણુઓની એકતા હોવાથી કથંચિત્ (અપેક્ષાએ) રૂપી આત્મા છે.

(આત્મા એકાન્તે અમૂર્ત્ત નથી, કેમ કે-કર્મનામક પર્યાયની અપેક્ષાએ તે કર્મના પ્રવેશથી રૂપી છે. શુદ્ધ સ્વરૂપની અપેક્ષાએ કથંચિત્-સ્યાત્ અમૂર્ત્ત છે. જો આમ છે, તો કર્મબંધના આવેશથી આત્માની સાથે એકતા હોયે છતે અભેદની પ્રાપ્તિ રૂપ દોષ નથી, કેમ કે-બંધ પ્રત્યે એકતા છતાંય લક્ષણભેદથી આત્મા અને કર્મનો ભેદ છે.)

તેથી કર્મ વિચિત્ર છે અને મૂર્ત્ત છે, અર્થાત્ આવી રીતે કર્મની વિચિત્રતા અને મૂર્ત્તતાની સિદ્ધિ કરેલી સમજવી. અહીં આ પુણ્ય, કાર્ય અને કરણના ભેદથી બે પ્રકારનું છે. આગળ ઉપર કહેવાતા સુપાત્રદાન આદિ રૂપ કારણો દ્વારા સુખ ઉચ્ચ ગોત્ર વગેરે રૂપ કાર્ય જીવો વડે ભોગવાય છે. એટલે જ અહીં સુપાત્રદાન આદિ 'કારણ' રૂપ પુણ્ય કહેવાય છે, જ્યારે સાત-ઉચ્ચ ગોત્ર વગેરે 'કાર્ય' રૂપ પુણ્ય કહેવાય છે.

આત્માનો શુભ અધ્યવસાય ઔપચારિક પુણ્ય રૂપ છે, કેમ કે- પૌદ્ગલિક પુણ્યકર્મનું કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર થાય છે. ઘીમાં આયુષ્યનો જેમ ઉપચાર થાય છે, તેમ અહીં સમજવું. રૂપી કર્મ જ બંધકારક થઈ શકે છે. શુભ અધ્યવસાય અમૂર્ત્ત હોઈ અબંધક છે, માટે શુભ અધ્યવસાયમાં કર્મનો ઉપચાર સમજવો.

આ પુણ્ય અને પાપ રૂપ કર્મ પ્રવાહની અપેક્ષા અનાદિ (આદિ કાળરહિત) છે, કેમ કે-સંસાર (જન્મ-મરણના અનુભવ રૂપ) અનાદિ છે. જો સંસારને (જીવની સાથે કર્મસંબંધને) અનાદિ ન માનવામાં આવે, તો ત્રણ પ્રશ્નો ઉભા થાય છે. જેમ કે-

(૧) શું જીવનો સંભવ પહેલાં અને પછીથી કર્મની ઉત્પત્તિ છે ?

(૨) શું કર્મ પહેલાં થયું અને પછીથી જીવ થયો ?

(૩) શું કર્મ અને જીવ બે એકીસાથે પેદા થયાં ?

આ ત્રણ પ્રશ્નો રૂપ પક્ષમાંથી એક પણ પક્ષ રૂપ પ્રશ્ન સંભવી શકતો નથી.

(૧) પહેલા પ્રશ્નનો જવાબ એવો છે કે- જો નિર્હેતુકપણાએ કરી પહેલાં આત્માની ઉત્પત્તિનો અસંભવ છે. અનાદિસિદ્ધ હોવા છતાં તે આત્મામાં પાછળથી કર્મનો બંધ સંભવિત નથી જ, કેમ કે- કર્મના બંધના કારણનો અભાવ છે. જો વગર કારણે કર્મબંધનો સંભવ માનો, તો સિદ્ધ આત્મામાં કર્મબંધની આપત્તિ આવશે !

(૨) બીજા પ્રશ્નનો જવાબ- કર્મ પહેલાં પેદા થયું એ પણ વ્યાજબી નથી, એમ કે- તે કાળમાં કર્તા રૂપ જીવનો અભાવ છે. જે કર્તા વડે કરાતું નથી, તે કર્મ કહેવાતું નથી. નહિ કરાતામાં કર્મપણાનો અભાવ છે. જે કર્તા વડે કરાય, તે કર્મ તરીકે કહેવાય છે. વળી જો કારણ વગર જ તે કર્મની ઉત્પત્તિ માનો, તો તે કર્મનો ધ્વંસ પણ કારણ વગર માનવાની આપત્તિ ઊભી છે જ.

(૩) ત્રીજા પ્રશ્નનો ઉત્તર-એકીસાથે જીવકર્મની ઉત્પત્તિનો સંભવ નથી, કેમ કે- જીવકર્મ બંને કારણ વગર એકીસાથે થતા નથી. એકીસાથે પેદા થયેલ તે જીવકર્મ બંનેમાં કર્તૃપણાનો-કર્મપણાનો અસંભવ છે. (જીવમાં કર્તાપણું અને કર્મમાં કર્મપણું નથી જ.) જેમ કે- ડાબા-જમણા ગાયના બે શિંગડામાં કર્તાપણાનો અને કર્મપણાનો અસંભવ છે. તેથી જીવ અને કર્મનો સંબંધ અનાદિ જ છે.

શંકા- જીવકર્મ સંયોગના પ્રવાહને જો અનાદિ માનવામાં આવે, તો જીવ આકાશના સંયોગની માફક અનંત અર્થાત્ જીવકર્મસંયોગ અનાદિ છે. તો અનંત માનવો જ પડશે ને ?

સમાધાન- બીજ (કારણ) અને અંકુર (કાર્ય) આદિની પરંપરા અનાદિ હોવા છતાં અંત સહિત દેખાય છે. ખરેખર બીજ અને અંકુરમાંથી-બેમાંથી કોઈ એકનો કાર્ય કર્યા સિવાય વિચ્છેદ દૃષ્ટિગોચર થાય છે.

તથાચ કર્મબંધના હેતુ રૂપ મિથ્યાત્વ-અવિરતિ-કષાયયોગોથી જીવ, આઠ પ્રકારના ઔદારિક આદિ વર્ગણાના પુદ્ગલોને કર્મશરીર (કાર્મણશરીર)ને ગ્રહણ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે અને ગ્રહણકાળમાં જ જીવ કર્મપણાએ તે કાર્મણવર્ગણા પુદ્ગલોને પરિણમાવી શુભ-અશુભ અધ્યવસાય અનુસારે કર્મપુદ્ગલોમાં સ્થિતિ-રસ આદિને બનાવી દૂધ-પાણીની માફક આત્મપ્રદેશોની સાથે વિશિષ્ટ સંબંધ કરાવે છે.

આવો જ જીવનો સ્વભાવ છે કે-કર્મવર્ગણામાં રહેલ એક ક્ષેત્ર (સમાન આકાશપ્રદેશ)માં અવગાઢ કર્મયોગ્ય જ પુદ્ગલદ્રવ્યને આઠ રૂચકપ્રદેશ સિવાય સઘળાય આત્માના પ્રદેશો વડે (અસંખ્યાત પ્રદેશો વડે) રાગ-દ્વેષથી ભીના-સકષાય સ્વરૂપવાળા હોવાથી જીવ ગ્રહણ કરે છે. પોતાના આત્માથી જુદા પ્રદેશમાં

અવગાઢ અર્થાત્ જે આકાશપ્રદેશમાં જીવપ્રદેશ નથી, એવા આકાશપ્રદેશમાં અવગાઢ કર્મયોગ્ય દ્રવ્યને જીવ પકડતો નથી, થોડા-કેટલાક પોતાના પ્રદેશો વડે પકડતો નથી.

અહીં કર્મરાશિ ઘાતિ અને અઘાતિ-એમ બે ભેદવાળી છે.

(અ) ઘાતિકર્મ- અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય રૂપ આત્મગુણોના સર્વથી કે દેશથી સાક્ષાત્ પ્રતિઘાત કરવામાં સમર્થ કર્મ, તે 'ઘાતિકર્મ.' જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય રૂપ આઠ પ્રકારના મૂલ પ્રકૃતિ રૂપ કર્મોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય રૂપ ચાર કર્મો આત્માના જ્ઞાન આદિ ગુણોના ઘાતક હોવાથી-અજ્ઞાન આદિ અશુભ પરિણામના જનક હોવાથી અશુભ રૂપ 'ઘાતિકર્મ' કહેવાય છે.

(બ) અઘાતિકર્મ- વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર રૂપ ચાર કર્મો, સુખ-દુઃખ વગેરે રૂપ શુભ-અશુભ વિપાકજનક હોવાથી-જ્ઞાન વગેરેના સાક્ષાત્ અપ્રતિઘાતી હોવાથી શુભ-અશુભ રૂપ કર્મ, તે 'અઘાતિકર્મ.'

આ પ્રમાણે ઘાતિ-અઘાતિ કર્મની અંદર જે અશુભ કર્મો છે, તે 'પાપપ્રકૃતિ' કહેવાય છે. જે શુભ કર્મો છે, તે 'પુણ્યપ્રકૃતિ' કહેવાય છે. આ પુણ્ય-પાપ બંને મેરૂ આદિપણાએ પરિણમેલ સ્કંધની માફક અતિ બાદર (અતિ સ્થૂલ) નથી, તેમજ પરમાણુની માફક અતિ સૂક્ષ્મ નથી, કેમ કે-આ પુણ્ય-પાપની જોડી સૂક્ષ્મ પરિણામવાળા કર્મવર્ગણાના દ્રવ્યથી બનેલ છે તેથી સૂક્ષ્મ છે.

द्रव्यभावभेदेन द्विविधपुण्यमध्ये यत्पौद्गलिकं पुण्यत्वेनात्र वर्णितं तदेव द्रव्यपुण्यमित्याह-

इदमेव द्रव्यपुण्यमुच्यते । द्रव्यपुण्यनामकर्मोत्पत्तिहेतुरात्मनश्शुभाध्यवसायो भावपुण्यम् । २ ।

इदमेवेति । पौद्गलिकमेवेत्यर्थः, भावपुण्यमाह-द्रव्यपुण्येति । येनाऽऽत्मनोऽध्यवसाय[१]विशेषेण द्रव्यात्मकपुण्यस्य निष्पत्तिः सोऽध्यवसायो भावपुण्यनामेत्यर्थः ॥

દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારના પુણ્યમાં જે પૌદ્ગલિકપણાએ કહેલ છે, તે 'દ્રવ્યપુણ્ય'ને કહે છે કે-

ભાવાર્થ- આ જ દ્રવ્યપુણ્ય કહેવાય છે. દ્રવ્યપુણ્ય નામક કર્મની ઉત્પત્તિમાં હેતુ રૂપ આત્માનો શુભ અધ્યવસાય 'ભાવપુણ્ય' કહેવાય છે.

---

१. **जीवस्याध्यवसायवशाद्ग्रहणकाले शुभाशुभादिविशेषणाविशिष्टानां कर्मणां ग्रहणसमय एव शुभत्वमशुभत्वं वा भवतीति पुण्यकर्मनिष्पत्तावध्यवसायो हेतुरिति भावः ॥**

જીવના અધ્યવસાયના વશે શુભ-અશુભ રૂપ વિશેષણ વગરના સામાન્ય કર્મોનું ગ્રહણકાળમાં જ શુભપણું કે અશુભપણું થાય છે, માટે પુણ્યકર્મની ઉત્પત્તિમાં અધ્યવસાય હેતુ છે.

विवेचन- આ પૌદ્ગલિક પુણ્યકર્મ 'દ્રવ્યપુણ્ય' કહેવાય છે. જે આત્માના અધ્યવસાય વડે (શુભ અધ્યવસાય વડે) દ્રવ્ય રૂપ પુણ્યની ઉત્પત્તિ-સિદ્ધિ થાય છે, તે અધ્યવસાય 'ભાવપુણ્ય' તરીકે કહેવાય છે.

अथ मूलप्रकृतिबन्धानामष्टविधकर्मणामुत्तरप्रकृतिबन्धेषु यानि पुण्यरूपाणि द्विचत्वारिंशद्विधानि[1] पूर्वोदितानि प्रत्येकं तेषां स्वरूपं निरूपयितुमुपक्रमते-

आयुर्नामगोत्रकर्मभिन्नमनुकूलवेदनीयं कर्म सातम् । वेदनीयायुर्नामकर्मभिन्नं गौरवजनकं कर्म उच्चैर्गोत्रम् । मानुषत्वपर्यायपरिणतिप्रयोजकं कर्म मनुजगतिः । ३ ।

आयुरिति । आयुर्नामगोत्रकर्मभिन्नत्वे सत्यनुकूलवेदनीयत्वे च सति कर्मत्वं सातवेदनीयस्य लक्षणम् । उच्चैर्गोत्रादावतिव्याप्तिवारणाय विशेषणे । अनुकूलवेदनीयं कर्म सातमित्येतावन्मात्रोक्तौ सर्वस्यैव पुण्यात्मककर्मणोऽनुकूलत्वेनाह्लादादिरूपेण वेदनीयत्वादतिव्याप्तिरिति प्रथमं सत्यन्तं, असातवेदनीयेऽतिव्याप्तिवारणाय द्वितीयं सत्यन्तम् । कर्मत्वानुक्तौ सातानुकूलाध्यवसाये कालादिसमवाये वातिव्याप्तिरतस्तदुपात्तम् । देवादिषु गतिषु[2] कर्तुरात्मनश्शरीरमनोद्वारेणाऽऽगन्तुकानेकमनोज्ञद्रव्यक्षेत्रकालभावसम्बन्धसमासादितपरिपाकावस्थं बहुभेदं सुखपरिणतिरूपमिष्टं यदुदयाद्भवति तत्सातवेदनीयमिति भावार्थः । पञ्चदशसागरोपमकोटीकोट्योऽस्य परा स्थितिः, पञ्चदशवर्षशतान्यबाधा, जघन्या कषायिकी द्वादशमुहूर्त्ता, अन्तर्मुहूर्त्तमबाधा, इयञ्च संज्ञिपञ्चेन्द्रियस्यैव । अकषायिकी तु जघन्यत उत्कृष्टतोऽपि सयोगिकेवल्यादौ समयद्वयमात्रं स्थितिः । उच्चैर्गोत्रस्वरूपमाह-वेदनीयेति । वेदनीयायुर्नामकर्मभिन्नत्वे सति गौरवजनकत्वे च सति कर्मत्वं लक्षणार्थः । सातादावतिव्याप्तिवारणाय विशेषणद्वयम् । गौरवजनकत्वे सति कर्मत्वस्य सद्वेदनीयवतो देवायुष्कस्य तीर्थकरनामकर्मणश्च गौरवदर्शनात् तत्र तत्र सत्त्वादतिव्याप्तिव्युदासाय प्रथमं सत्यन्तम् । नीचैर्गोत्रेऽतिव्याप्तिरतो द्वितीयं सत्यन्तम् । अध्यवसायविशेषे कालादौ वाऽतिव्याप्तिवारणाय विशेष्यम् । यदुदयाज्जीव आर्यदेशे मगधादौ हरिवंशाद्युत्कृष्टजातिषु सन्मातृकुलेषु प्रभुसमीपाऽऽस्थानेषु संभवं मानसत्कारैश्वर्यादींश्च लभते तदुच्चैर्गोत्रमिति भावार्थः । अस्य परा स्थितिर्विंशतिसागरोपमकोटीकोट्यः । अबाधाकालो वर्षसहस्रद्वयम् । जघन्या त्वष्टौ मुहूर्त्ता अन्तर्मुहूर्त्तमबाधा चेति । मनुजगतिं लक्षयति मानुषत्वेति, मानुषत्वपर्यायपरिणतिप्रयोजकत्वे

---

१. शोधितमिथ्यात्वपुद्गलरूपसम्यक्त्वहास्यरतिपुरुषवेदानां केषाञ्चिन्मते पुण्यरूपत्वेऽपि मोहनीयभेदत्वेन विपर्यासहेतुत्वात्पापरूपत्वमिति तदुपेक्ष्य द्विचत्वारिंशद्विधत्वं पुण्यस्यात्रोक्तम् ॥ २. बाहुल्येन देवेषु मनुजेषु च सातोदयः कदाचिदसातोदयोऽपि, तिर्यक्षु नारकेषु बाहुल्येनासातोदयः कदाचित्सातोदयोऽपि ॥

सति कर्मत्वं लक्षणार्थः । आत्मनो हि संसारस्थस्य मानुषत्वदेवत्वनारकत्वतिर्यक्त्व-रूपाश्चतुःपर्याया गतिप्रयुक्ताः । तत्र यस्य कर्मण उदयादेकं कञ्चन पर्यायं विहाय मानुषत्व-पर्यायपरिणामवान् भवति तत्कर्म मनुजगतिरिति भावः । सातादावतिप्रसङ्गवारणाय विशेषणम् । कालादावतिप्रसङ्गभङ्गाय विशेष्यम्, परिणतिप्रयोजककर्मत्वमात्रोक्तौ देवगत्या-दावतिव्याप्तिरतो मानुषत्वपर्यायेति । पराभिमतमानुषत्वजातिव्युदासाय पर्यायेति । मानुषत्व-पर्यायप्रयोजकत्वे सति कर्मत्वस्य मनुजानुपूर्व्यादौ सत्त्वात्तद्वारणाय परिणतीति, आनुपूर्व्याः परिणामेऽप्रयोजकत्वात्परिणामयोग्यस्यैव तत्स्थानप्रापकत्वादिति । अस्या उत्कृष्टा स्थितिः पञ्चदशसागरोमकोटीकोट्यः, पञ्चदशवर्षशतान्यबाधा, जघन्या तु सागरोपमस्य द्वौ सप्तभागौ पल्योपमासंख्येयभागेन न्यूनौ, अबाधात्वन्तर्मुहूर्त्तम् ॥

હવે મૂલ પ્રકૃતિના બંધ રૂપ આઠ પ્રકારના કર્મોના ઉત્તર-

પ્રકૃતિના બંધોમાં પૂર્વકથિત [૧] બેંતાલીશ પ્રકારના પુણ્ય રૂપ છે. તે દરેકના સ્વરૂપના નિરૂપણ માટે આરંભ કરે છે.

ભાવાર્થ- આયુષ્ય-નામગોત્રકર્મથી ભિન્ન, અનુકૂળપણાએ અનુભવયોગ્ય કર્મ 'સાતવેદનીય.' વેદનીય-આયુષ્ય-નામકર્મથી ભિન્ન ગૌરવજનક કર્મ 'ઉચ્ચ ગોત્ર. મનુષ્યપણાના પર્યાયની પરિણતિમાં પ્રયોજક કર્મ 'મનુષ્યગતિ.'

સાત કર્મના લક્ષણના પદકૃત્યો-

વિવેચન- સાત રૂપ લક્ષ્યના લક્ષણમાં આયુ-નામ-ગોત્રકર્મથી ભિન્નત્વ રૂપ વિશેષણ દલ, અનુકૂળ વેદનીયત્વ રૂપ બીજું વિશેષણ દલ, કર્મત્વ એ વિશેષ્ય દલ છે.

(૧) જો કર્મત્વ રૂપ લક્ષણ સાતાવેદનીયનું કરવામાં આવે, તો અલક્ષ્યભૂત ઉચ્ચ ગોત્ર આદિમાં કર્મત્વ હોઈ અતિવ્યાપ્તિ નામક દોષના વારણ માટે અનુકૂળ વેદનીયત્વ અને 'આયુર્નામગોત્રકર્મભિન્નત્વ' - એમ બે વિશેષણો મૂકેલ છે. ઉચ્ચ ગોત્ર આદિ આયુર્નામગોત્રથી ભિન્ન નથી.

---

૧. આ બેંતાલીશ પ્રકૃતિઓમાં સમ્યક્ત્વ-હાસ્ય-રતિ-પુરુષવેદ નથી. શ્રી તત્ત્વાર્થભાષ્યકારકથિત સમ્યક્ત્વવેદનીય (તત્ત્વાર્થશ્રદ્ધારૂપ આકારે અનુભવ તે પણ કેવલી, શ્રુત, સંઘ, ધર્મ, દેવોના વર્ણવાદ, સત્ય ગુણના આવિર્ભાવ રૂપ યશોવાદ, ભક્તિ, પૂજા, ઉપાસના આદિ હેતુથી જન્ય છે.), હાસ્યવેદનીય (હાસ્ય આકારે અનુભવ), રતિવેદનીય (હર્ષ) પ્રસન્નતાના આકારે અનુભવ અને પુરુષવેદનીય (પુરુષના આકારે અનુભવ) પુણ્ય રૂપ છે. વ્યવહારમાં પણ શ્રદ્ધાળુ-હસમુખો-પ્રીતપ્રસન્ન-મર્દપુરુષ પુણ્યશાળી કહેવાય છે. છતાં શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથના પ્રણેતાઓ, 'અજવાળી તોયે રાત'- એ ન્યાયે મોહનીયના ભેદ રૂપ હોવાથી-ઘાતિકર્મ રૂપ મોહનીયના ભેદ રૂપ હોવાથી, શુદ્ધ મિથ્યાત્વના પુદ્ગલ રૂપ સમ્યક્ત્વ, હાસ્ય, રતિ અને પુરુષવેદને પાપ રૂપ ગણે છે; તિર્યંચના આયુષ્યને પણ પુણ્ય રૂપ ગણે છે; કેમ કે- તેને મરવાની ઇચ્છા થતી નથી.

(૨) જો અનુકૂળ વેદનીય હોય અને કર્મ હોય તે 'સાતવેદનીય' છે-એમ કહેવામાં આવે, તો સઘળુંય પુણ્ય રૂપ કર્મ, અનુકૂળપણાએ આનંદ આદિ રૂપે અનુભવયોગ્ય (અનુભવ રૂપ) વેદનીય હોઈ, સાત ભિન્ન અલક્ષ્યભૂત સર્વ ઉચ્ચ ગોત્ર આદિમાં અતિવ્યાપ્તિ નામક દોષના વારણ માટે 'આયુર્નામગોત્રભિન્નત્વ' રૂપ પ્રથમ વિશેષણ દલ મૂકેલ છે.

(૩) જો 'આયુર્નામગોત્રકર્મભિન્ન' કર્મ તે 'સાતવેદનીય' છે- એમ કહેવામાં આવે, તો અલક્ષ્યભૂત અસાતવેદનીય કર્મમાં અતિવ્યાપ્તિ દોષના વારણ માટે 'અનુકૂળ વેદનીયત્વ' રૂપ બીજું વિશેષણ દલ મૂકેલ છે.

(૪) જો 'આયુર્નામગોત્રભિન્ન' હોયે છતે અનુકૂળ વેદનીયત્વ-એવું સાતનું લક્ષણ કરવામાં આવે, તો અલક્ષ્યભૂત સાતને અનુકૂળ અધ્યવસાય-ભાવમાં અથવા અલક્ષ્યભૂત-સાધારણ કાળ આદિ ગણમાં અતિવ્યાપ્તિ દોષવારણ માટે 'કર્મત્વ' રૂપ વિશેષ્ય દલ સ્વીકારેલ છે.

ભાવાર્થ એવો છે કે- દેવ આદિ ગતિ-જન્મોમાં, કર્તા (ઉપભોકતા) (પ્રાયઃપ્રચુરપણાએ દેવ-મનુષ્યમાં સાતાનો ઉદય છે, કદાચ અસાતાનો ઉદય પણ છે. તિર્યંચોમાં-નારકીઓમાં પ્રચુરપણાએ દુઃખનો ઉદય છે, કદાચ સુખનો ઉદય પણ છે.)

આત્માના શરીર અને મન દ્વારા સુખપરિણામ રૂપ, આગંતુક (નિમિત્તકારણ) અનેક શુભ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવના સંબંધને પામી ઉદય અવસ્થાને પામેલ અતિબહુ ભેદવાળું ઈષ્ટ, જે કર્મના ઉદયથી થાય છે, તે 'સાતવેદનીય' (પ્રશસ્ત-સ્વ ઈષ્ટવિષયનો વેદનીય અનુભવ જેનાથી થાય છે, તે સદ્વેદ્ય-વેદનીય પણ કહેવાય છે.)

સાતવેદનીયની સ્થિતિ-ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમની છે. અબાધાકાળ પંદરસો વર્ષોનો છે. જઘન્ય સ્થિતિ કષાયિકી-કષાય સંબંધી બાર મુહૂર્ત્તની છે. અબાધાકાળ અંતર્મુહૂર્ત્તનો છે.

આ સ્થિતિ સંજ્ઞિપંચેન્દ્રિય સંબંધી જ સમજવાની છે. અકષાયિકી જઘન્યથી ઉત્કૃષ્ટથી પણ સાતાવેદનીયની સ્થિતિ-સયોગીકેવલી આદિમાં બે સમય માત્રની છે.

હવે ઉચ્ચ ગોત્રના સ્વરૂપને કહે છે-

ઉચ્ચ ગોત્ર રૂપ લક્ષ્યના લક્ષણમાં કર્મત્વ એ વિશેષ્ય દલ છે. વેદનીય-આયુનામકર્મથી ભિન્નત્વ રૂપ પહેલું વિશેષણ દલ છે. બીજું ગૌરવજનકત્વ વિશેષણ દલ છે.

પદકૃત્યો-(૧) જો કર્મત્વ જ ઉચ્ચ ગોત્રનું લક્ષણ રચવામાં આવે, તો અલક્ષ્યભૂત સાતાવેદનીય આદિ કર્મમાં અતિવ્યાપ્તિ દોષના વારણ માટે બે વિશેષણ દલોનો નિવેશ છે. એવં સાતાવેદનીય આદિમાં કર્મ હોઈ કર્મપણું છે, પણ વેદનીય આદિ કર્મથી ભિન્નપણું નથી, ગૌરવજનકપણું નથી.

(૨) જો ગૌરવજનકપણું અને કર્મપણું એ ઉચ્ચ ગોત્રનું લક્ષણ છે-એમ કહેવામાં આવે, તો સાતાવેદનીયવાળામાં, દેવ આયુષ્યવાળામાં અને તીર્થંકરનામકર્મવાળામાં ગૌરવ દેખાતું હોઈ, અલક્ષ્ય તે તે સાતાવેદનીય, દેવ આયુ અને તીર્થંકરનામકર્મમાં ગૌરવજનકત્વ હોઈ, અતિવ્યાપ્તિના વારણ માટે 'વેદનીયઆયુર્નામકર્મભિન્નત્વ' રૂપ પ્રથમ વિશેષણ દલ મૂકેલ છે. અલક્ષ્યભૂત સાતાવેદનીયાદિ ત્રણ, વેદનીયાદિ કર્મ ભિન્ન નથી, વેદનીયાદિ કર્મ રૂપ છે.

(૩) જો 'વેદનીયાયુર્નામકર્મ'થી ભિન્નપણું અને કર્મપણું-એવું ઉચ્ચ ગોત્રનું લક્ષણ બાંધવામાં આવે, તો અલક્ષ્યભૂત નીચ ગોત્રમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ગૌરવજનકત્વ' રૂપ બીજું વિશેષણ દલ મૂકેલ છે.

(४) જો વેદનીય, આયુ: અને કર્મથી જે ભિન્ન હોય અને ગૌરવજનક હોય, તે 'ઉચ્ચ ગોત્ર' છે- એમ કહેવામાં આવે, તો અલક્ષ્યભૂત વિશિષ્ટ અધ્યવસાયમાં અથવા સાધારણ કારણ રૂપ કાળ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'કર્મત્વ' રૂપ વિશેષ્ય દલ મૂકેલ છે.

જે ઉચ્ચ ગોત્રકર્મના ઉદયથી મગધ આદિ રૂપ આર્યદેશમાં, હરિવંશ-ઇક્ષ્વાકુ વગેરે પિતાના અન્વય રૂપ ઉત્કૃષ્ટ જાતિઓમાં, માતાના વંશ રૂપ ઉત્તમ કુળોમાં અને પ્રભુના નજીક સ્થાનોમાં ઉત્પત્તિને અને માનને-સત્કારને-(સામે આવવું અને આસન, દાન, બે હાથ જોડવા વગેરેને) ઐશ્વર્યને (હાથી-ઘોડા-રથ વગેરેની સાહ્યબીને) પામે છે. તે ઉચ્ચ ગોત્ર કહેવાય છે. આવો ભાવાર્થ સમજવો.

સ્થિતિવર્ણન- ઉચ્ચ ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમની છે. અબાધાકાળ ઉત્કૃષ્ટ બે હજાર વર્ષનો છે. જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્તની છે. અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત્તનો છે.

હવે મનુષ્યગતિનું લક્ષણ જણાવે છે કે- મનુજગતિ રૂપ લક્ષ્યના લક્ષણમાં કર્મત્વ એ વિશેષ્ય દલ છે અને માનુષત્વ પર્યાયપરિણતિ પ્રયોજકત્વ રૂપ એક વિશેષણ દલ છે. સંસારસ્થ આત્માના મનુષ્યપણા, દેવપણા, નારકપણા અને તિર્યંચપણા રૂપ ચાર પર્યાયો ગતિ રૂપ કારણથી જન્ય છે. અર્થાત્ માનુષત્વાદિ ચાર પર્યાયો પ્રત્યે સ્વસ્વ ગતિએ કારણ-પ્રયોજક છે.

તે મનુષ્યત્વ આદિ ચાર પર્યાયો પૈકી, જે કર્મના ઉદયથી વિવક્ષિત પર્યાય સિવાય બીજા પર્યાયોને છોડી વિવક્ષિત-માનુષત્વ પર્યાય રૂપ પરિણામવાળો (મનુષ્ય તરીકે કહેવાય છે), તે કર્મ 'મનુજગતિ.'

પદકૃત્યો- (૧) જો કર્મપણું એ જ મનુજગતિનું લક્ષણ માનવામાં આવે. તો અલક્ષ્યભૂત સાતાવેદનીય આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'માનુષત્વપર્યાય-પરિણતિ પ્રયોજકત્વ' રૂપ વિશેષણ દલ મૂકેલ છે. જો માનુષત્વપર્યાયની પરિણતિમાં પ્રયોજકપણું-એવું મનુજગતિનું લક્ષણ કરવામાં આવે, તો અલક્ષ્યભૂત-સાધારણ કારણભૂતકાળ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'કર્મત્વ' રૂપ વિશેષ્ય દલ છે.

(૨) જો પરિણતિમાં પ્રયોજકપણું અને કર્મપણું-એવું મનુજગતિનું લક્ષણ માનવામાં આવે, તો અલક્ષ્યભૂત દેવગતિ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'માનુષત્વપર્યાય-પરિણતિ પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ'- એ મનુજગતિનું લક્ષણ કરવું.

(૩) 'જો માનુષત્વ-પરિણતિ પ્રયોજક કર્મ' મનુજગતિ-એમ બોલો, તો અલક્ષ્યભૂત-પરાભિમત માનુષત્વ રૂપ [1]જાતિમાં અતિવ્યાપ્તિના વારણ માટે માનુષત્વ એટલે મનુષ્યના આકારરૂપ 'પર્યાય'ની

---

૧. પરદર્શનીય નૈયાયિક, વૈશેષિક આદિએ માનેલ માનુષત્વજાતિ.

"सामान्यं द्विविधं प्रोक्तं परं चापरमेव च । द्रव्यादित्रिकवृत्तिस्तु सत्ता परतयोच्यते ॥ ८ ॥

परभिन्नातु या जातिः सैवा परतयोच्यते । द्रव्यत्वादिक जातिस्तु परापरतयोच्यते ॥ ९ ॥" का. मु.

તે સામાન્ય જાતિ કહેવાય છે, કે જે નિત્ય, એક હોવા છતાં અનેક પદાર્થોમાં સમવાય સંબંધથી રહે છે. તે સામાન્યજાતિ દ્રવ્ય, ગુણ અને કર્મમાં રહે છે. દ્રવ્યાદિ ત્રણમાં રહેનાર સત્તા-જાતિ, પરજાતિ અને દ્રવ્યત્વ વગેરે જાતિ પર-અપરની જાતિ તરીકે કહેવાય છે. અથવા એક આકારવાળી એક શબ્દ નામથી વાચ્ય પ્રતીતિ, અનુવૃત્તિ-સામાન્ય-ગોત્વ આદિ રૂપ તિર્યક્ સામાન્ય રૂપ જાતિ પણ સમજવી.

પરિણતિમાં પ્રયોજક કર્મ મનુજગતિ એમ બોલવું, કેમ કે- પરાભિમત માનુષત્વજાતિ નિત્ય હોઈ પર્યાય રૂપ નથી. અહીં માનુષત્વ નામનો પર્યાય (ઉત્પાદવ્યયશાળી) છે, એટલે મનુષ્ય રૂપે આકાર રૂપ અહીં માનુષત્વ પર્યાય સમજવો.

(૪) જો 'માનુષત્વપર્યાય- પ્રયોજકત્વ વિશિષ્ટકર્મપણું' એવું મનુજગતિનું લક્ષણ કરવામાં આવે, તો જેનાથી દુનિયામાં મનુષ્ય તરીકે ઓળખાય છે, એવા માનુષપણાના પર્યાયમાં પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ, અલક્ષ્યભૂત મનુષ્યની આનુપૂર્વી આદિમાં વિદ્યમાન હોવાથી, અતિવ્યાપ્તિના વારણ માટે 'પરિણતિ' અર્થાત્ મનુષ્યત્વપર્યાયની પરિણતિમાં પ્રયોજક કર્મ એમ બોલવું; કેમ કે- આનુપૂર્વી પરિણામમાં અપ્રયોજક હોઈ પરિણામયોગ્યને (જીવને) તેના સ્થાનને પ્રાપ્ત કરાવનાર છે.

સ્થિતિવર્ણન- મનુષ્યગતિકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમની છે. અબાધાકાળ પંદરસો વર્ષનો છે. જઘન્ય સ્થિતિ સાગરોપમના બે સાતીયા (સાતમો) ભાગ પલ્યોપમના અસંખ્યાત ભાગે ન્યૂન છે. અબાધાકાળ અંતર્મુહૂર્ત્તનો છે.

मनुष्यानुपूर्वीं वक्तुकामः प्रथममानुपूर्वीमादर्शयति—

वक्रगत्या स्वस्वोत्पत्तिस्थानं गच्छतो जीवस्यानुश्रेणि गतिनियामकं कर्म आनुपूर्वी ।४।

वक्रगत्येति । अयमत्र भावः, जीवानां पुद्गलानाञ्च सर्वदिगवच्छेदेन गतिरस्ति । सा च स्वाभिमुखाकाशप्रदेशानां पंक्तिमनुसृत्यैव न विरुद्धदिगवच्छेदेन गतिः । तत्र भवान्तरसंक्रान्त्यभिमुखो जीवो मन्दक्रियावत्त्वात्कर्मणो यानाकाशप्रदेशानवष्टभ्य शरीरवियोगं विदधाति प्रदेशान् तानेवाभिन्दन् देशान्तरं प्रयाति, विश्रेणिगत्यभावात्[१] । त्रिधा च श्रेणिः, एकापूर्वापरायताकाशप्रदेशश्रेणिः, अनया च दक्षिणोत्तरायता, इतरा तूर्ध्वाध आयता, आलोकान्तम् । तास्वेव जीवानां पुद्गलानाञ्च गतिर्न ता विभिद्य कदाचिदपि ते प्रयान्ति । तत्र जीवः कर्मायत्तत्वाद्भवान्तरप्राप्तौ वक्रां[२] गतिमपि प्रपद्यते, भवान्तरसंक्रान्तौ ऋजुवक्रभेदेन गतेर्द्वैविध्यात् । वक्रगतौ च तावदेकद्वित्रिविग्रहरूपास्त्रिधा गतयो भवन्ति, आद्या द्विसमया, द्वितीया त्रिसमया तृतीया तु चतुस्समया भवति । तत्रर्जुगतौ गच्छतो यथा बलीवर्दस्य न नासारज्जुरपेक्षिता, अपि तु तस्य वक्रतया नेयत्व एव, तथैव ऋज्व्यां गतौ जनिस्थानं प्रातुरात्मनो नानुपूर्व्यपेक्षिता, किन्तु वक्रगत्यां प्रवृत्तस्य, तथा च वक्रया गत्या स्वस्वोत्पत्तिस्थानं गच्छतो जीवस्य श्रेण्यनुसारिगतिनियामककर्मत्वमानुपूर्व्या लक्षणम् । तत्र कर्मत्वानुक्तौ धर्मास्तिकायादावतिव्याप्तिः, वक्रगत्येत्यनुक्तौ ऋजुगत्यैवोत्पत्तिस्थानं प्रातुरात्मनः

---

१. यद्यपि जीवस्य विश्रेणिगतिरपि मेर्वादिप्रदक्षिणादिकाले दृष्टा तथापि भवान्तरसंक्रमे तथोर्ध्वलोकादधोऽधोलोकादूर्ध्वं तिर्यग्लोकादध ऊर्ध्वं वाऽनुश्रेण्येव गतिरिति भावः ॥ २. मुक्तानां गतेर्नियमेनावक्रत्वादुक्तं कर्मायत्तत्वादिति ॥

श्रेण्यनुसारि गतिनियामकपूर्वायुष्ककर्मण्यतिव्याप्तिरतस्तत्पदम् [१]। तथा च वक्रारम्भकाले पूर्वायुष्कस्य नाशादग्रायुष्कप्राप्तेश्च न तत्र पूर्वायुष्कं गतिनियामकं, नाप्यग्रायुष्कं, गत्यारम्भोत्तरं प्राप्तेः, किन्त्वानुपूर्व्येव तादृशीति न दोषः । जीवस्येत्यनुक्तौ पुद्गलानामपि परप्रयोगापेक्षया वक्रगतिसम्भवेन तत्रानुश्रेणिगमनप्रयोजकप्रयोक्तृकर्मण्यतिव्याप्तिः स्यात्तद्वारणाय तस्योपादानम्। न च ऋजुगत्यामिव वक्रगत्यामपि नानुपूर्व्यपेक्षितेति वाच्यम्, पूर्वकायुष एवर्जुगतौ प्रयोजकत्वात्, वक्रगत्यान्तु पूर्वकायुषः क्षीणत्वेनानुपूर्व्याः प्रयोजकत्वात् ॥

હવે મનુષ્યની આનુપૂર્વીને કહેવાની ઇચ્છાવાળા પહેલાં આનુપૂર્વીનું લક્ષણ કહે છે કે-

ભાવાર્થ- વક્રગતિથી પોતપોતાના ઉત્પત્તિસ્થાનમાં જનાર જીવને શ્રેણીને અનુસાર ગતિનિયામક કર્મ 'આનુપૂર્વી' કહેવાય છે.

વિવેચન- અહીં આ ભાવ છે કે- જીવોની અને પુદ્ગલોની સર્વ દિશાઓમાં (સર્વ દિશાઓ પ્રત્યે) ગતિ છે. તે ગતિ સ્વસન્મુખ આકાશપ્રદેશોની પંક્તિ રૂપ શ્રેણીને અનુસરીને જ છે, વિરુદ્ધ દિશા પ્રત્યે ગતિ નથી. ત્યાં ભવાન્તર સંક્રમણના (બીજા ભવમાં ગમનના) સન્મુખ થયેલો જીવ, કર્મની મંદ ક્રિયા હોવાથી જે આકાશપ્રદેશોને અવલંબી શરીરનો વિયોગ કરે છે, તે આકાશપ્રદેશોને નહિ ભેદતો બીજા દેશમાં જાય છે અથવા ઊંચે-નીચે-તીર્છો જાય છે; કેમ કે- [૨]શ્રેણીવિરુદ્ધ ગતિનો અભાવ છે.

વળી શ્રેણી ત્રણ પ્રકારની છે- (૧) પૂર્વ-પશ્ચિમ લોકાન્ત સુધી લાંબી આકાશપ્રદેશ શ્રેણી, (૨) દક્ષિણ-ઉત્તર લોકાન્ત પર્યંત લાંબી આકાશપ્રદેશ શ્રેણી, (૩) ઊંચે-નીચે લોકાન્ત અવધિ લાંબી આકાશપ્રદેશ શ્રેણી. તે શ્રેણીઓમાં જ જીવોની અને પુદ્ગલોની ગતિ છે. તે શ્રેણીઓને ભેદીને (વિપરીત રીતે જઈને) કદાચ પણ તે જીવપુદ્ગલો જતાં નથી (ગતિ કરતાં નથી).

ત્યાં જીવ [૩]કર્માધીન હોવાથી ભવાન્તરની પ્રાપ્તિમાં વક્ર-વિગ્રહગતિને પણ પામે છે, કેમ કે- ભવાન્તરની સંક્રાંતિમાં ઋજુ-વક્રગતિના ભેદથી ગતિના બે પ્રકારો છે. વળી વક્રગતિમાં એકવિગ્રહ, દ્વિવિગ્રહ અને ત્રિવિગ્રહ રૂપે ત્રણ પ્રકારની ગતિઓ છે.

(૧) એકવિગ્રહગતિ બે સમયવાળી, (૨) દ્વિવિગ્રહગતિ ત્રણ સમયવાળી અને (૩) ત્રિવિગ્રહગતિ ચાર સમયવાળી છે.

ત્યાં ઋજુગતિએ જનાર જીવને જેમ સીધા ચાલનાર બળદને નાસારજ્જુ (બળદના નાકે બાંધવાની દોરી, નાથ) અપેક્ષિત નથી, તેમ આનુપૂર્વી અપેક્ષિત નથી. પરંતુ વક્રગતિએ જનાર બળદને નાથ અપેક્ષિત

---

૧. तत्रानुपूर्वीनामकर्मणो नोदयः, किन्तु पूर्वकर्मायुरनुभवन्नुत्पत्तिस्थानं प्राप्तः पुरस्कृतमायुरासादयतीति भावः ॥

૨. જો કે જીવની વિશ્રેણીગતિ પણ મેરૂ આદિ પ્રદક્ષિણાના કાળમાં થયેલ છે, તો પણ ભવાન્તર સંક્રમણમાં ઊર્ધ્વલોકમાંથી નીચે, અધોલોકમાંથી ઊંચે અને તિર્છાલોકમાંથી નીચે અથવા ઊંચે શ્રેણીની અનુસારિણી ગતિ છે.

૩. મુક્તોની ગતિ નિયમા અવક્ર-ઋજુ હોવાથી કહેવામાં આવેલ છે કર્માધીન હોવાથી.

છે. તેવી રીતે ઋજુગતિએ જન્મસ્થાનને મેળવનાર આત્માને આનુપૂર્વી અપેક્ષિત નથી, પરંતુ વક્રગતિએ પ્રવૃત્તિ (પ્રયત્ન) કરનારને આનુપૂર્વી અપેક્ષિત છે.

તથાચ વક્રગતિએ (વળાંક દઈને) પોતપોતાના ઉત્પત્તિસ્થાન પ્રત્યે જનાર જીવને શ્રેણી અનુસાર ગતિનિયામક કર્મત્વ આનુપૂર્વીનું લક્ષણ છે.

પદકૃત્ય- આ લક્ષણમાં કર્મત્વ રૂપ વિશેષ્ય જો ન મૂકવામાં આવે, તો ગતિસહાયક ધર્માસ્તિકાય રૂપ અલક્ષ્યમાં અતિવ્યાપ્તિના દોષવારણ માટે કર્મત્વ રૂપ વિશેષ્ય દલ મૂકેલ છે. ધર્માસ્તિકાય કર્મ નહિ હોવાથી દોષ નથી.

જો સ્વસ્થ ઉત્પત્તિસ્થાનને પામનાર જીવને અનુશ્રેણી-ગતિનિયામક કર્મત્વ, વક્રગતિ છોડીને એવું લક્ષણ માંડવામાં આવે, તો ઋજુગતિએ ઉત્પત્તિસ્થાનને પામનાર આત્માના શ્રેણીઅનુસારિ-ગતિનિયામક પૂર્વભવના આયુષ્યનામક કર્મ રૂપ અલક્ષ્યમાં અતિવ્યાપ્તિના વારણ માટે વક્રગતિએ પોતપોતાના સ્થાનમાં જનાર જીવને શ્રેણીઅનુસારિ-ગતિનિયામક કર્મત્વ, એવું લક્ષણ કરવું. તથાચ વક્રગતિના આરંભકાળમાં પૂર્વભવના આયુષ્યનો નાશ થવાથી અને આગળના (અગ્ર) આયુષ્યની પ્રાપ્તિ (ઉદય) થવાથી, ત્યાં પૂર્વનું આયુષ્ય-ગતિનિયામક નથી, અગ્રનું આયુષ્યગતિ-નિયામક નથી, કેમ કે-ગતિના આરંભ પછી પ્રાપ્તિ છે. પરંતુ ત્યાં ગતિનિયામક તરીકે આનુપૂર્વી નામક કર્મ છે, માટે દોષ નથી. (ઋજુગતિમાં પૂર્વના આયુના વ્યાપારથી જ ઉત્પત્તિસ્થાનમાં જાય છે. જ્યાં તે પૂર્વનું આયુષ્ય ક્ષીણ થયું, ત્યાં અંતરાલગતિમાં તે આનુપૂર્વી નામકર્મનો ઉદય છે. વાસ્તે માર્ગની લાકડીના સ્થાનપ્રાપ્ત આનુપૂર્વી કર્મનો ઉદય છે.)

જો જીવ શબ્દને કાઢી વક્રગતિથી ગતિ કરનારને, અનુશ્રેણિ-ગતિનિયામક કર્મપણું- એવું આનુપૂર્વીનું લક્ષણ કરવામાં આવે, તો પુદ્ગલોની પણ પરપ્રયોગની અપેક્ષાએ વક્રગતિનો સંભવ હોવાથી અલક્ષ્યભૂત તે-તથાવિધ વક્રગતિમાં અનુશ્રેણીગમનમાં પ્રયોજક કારણ પ્રયોક્તાના (પ્રયોગકર્તા) કર્મમાં (વિશિષ્ટ ક્રિયામાં) અતિવ્યાપ્તિના વારણ માટે જીવપદનું ઉપાદાન કરેલ છે. (પરપ્રયોગની અપેક્ષા વગરના પુદ્ગલોની પણ સ્વાભાવિકી ગતિ અનુશ્રેણી પામે છે. આવો પ્રવચનનો ઉપદેશ છે. પુદ્ગલોમાં પરપ્રયોગની અપેક્ષાએ તો બીજા પ્રકારે પણ અનુશ્રેણીગતિ-વક્રગતિ છે.)

જીવપુદ્ગલોનો સ્વભાવ જ એવો છે કે- કોઈ પણ ગતિ અર્થાત્ જીવપુદ્ગલની (ઋજુ-વક્રગતિ) સર્વ ગતિ (શ્રેણી વગરની) વિશ્રેણી હોતી નથી, પરંતુ અનુશ્રેણી હોય છે.

શંકા-જેમ ઋજુગતિમાં આનુપૂર્વી નામક કર્મ વગર જીવ ઉત્પત્તિસ્થાનમાં જાય છે, તેમ વક્રગતિમાં પણ જીવને આનુપૂર્વીની અપેક્ષા કેમ ?

સમાધાન- ઋજુગતિમાં પૂર્વભવનું આયુષ્ય ભવાન્તરગમનમાં પ્રયોજક છે (હેતુ છે), જ્યારે વક્રગતિમાં પૂર્વભવનું આયુષ્ય ક્ષીણ થયેલું હોવાથી ભવાન્તરગમનમાં આનુપૂર્વી (નામકર્મ) પ્રયોજક છે.

अथ मानुषानुपूर्वीलक्षणमाह—

मनुष्यत्वोपलक्षिताऽऽनुपूर्वी मनुष्यानुपूर्वी । इमे मनुष्यद्विकशब्दवाच्ये देवत्व-पर्यायपरिणतिप्रयोजकं कर्म सुरगतिः । ५ ।

मनुष्यत्वोपलक्षितेति । मानुषोपपातक्षेत्रं गच्छतो[१] जीवस्य श्रेण्यनुसारिगतिनियामकानुपूर्वीत्वं मनुष्यानुपूर्वीलक्षणं । अत्रानुपूर्वीपदं धर्मास्तिकाये, मानुषपदं च देवाद्यानुपूर्व्यामतिप्रसङ्गवारणायोपात्तम् । वक्रगत्येति पदन्वसम्भववारणाय । अस्याः परा स्थितिः पञ्चदशसागरोपमकोटीकोट्यः । पञ्चदशवर्षशतान्यबाधा, जघन्या तु सागरोपमस्य द्वौ सप्तभागौ पल्योपमासंख्येयभागेन न्यूनौ, अन्तर्मुहूर्तञ्चाबाधाकालः । मनुजगतिर्मनुजानुपूर्वी च पूर्वोदितविभागवाक्यघटकमनुष्यद्विकशब्दवाच्येत्याह-इमे इति, मनुष्यगतिमनुजानुपूर्व्यावित्यर्थः । देवगतेः स्वरूपमाह-देवत्वेति । देवत्वपर्यायपरिणतिप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणार्थः । पदकृत्यं मनुजगतिवद्विभावनीयम् । दशसागरोपमकोटीकोट्योऽस्याः परा स्थितिः । दशवर्षशतान्यबाधा, जघन्या तु सागरोपमसहस्रस्य द्वौ सप्तभागौ पल्योपमासंख्येयभागेन न्यूनौ, अबाधा त्वन्तर्मुहूर्त्तकालः ॥

હવે મનુષ્યાનુપૂર્વીનું લક્ષણ કહે છે કે-

ભાવાર્થ- મનુષ્યત્વથી ઉપલક્ષિત (ચિહ્નિત) આનુપૂર્વી 'મનુષ્યાનુપૂર્વી. 'આ બે મનુજગતિ-મનુષ્યાનુપૂર્વીની મનુષ્યદ્વિકની સંજ્ઞા છે અર્થાત્ મનુષ્યદ્વિક શબ્દથી વાચ્ય છે. દેવત્વપર્યાય પરિણતિ પ્રયોજક કર્મ 'સુરગતિ.'

વિવેચન- મનુષ્યક્ષેત્ર રૂપ ઉત્પત્તિક્ષેત્રમાં વક્રગતિએ જનાર જીવને શ્રેણીઅનુસારિણી ગતિનિયામક આનુપૂર્વીકર્મપણું, મનુષ્ય આનુપૂર્વીનું લક્ષણ સમજવું.

પદકૃત્ય- અહીં ધર્માસ્તિકાયમાં અતિવ્યાપ્તિના વારણ માટે આનુપૂર્વીપદ અને દેવ આદિ આનુપૂર્વીમાં અતિવ્યાપ્તિના વારણ માટે માનુષપદ મૂકેલ છે. અસંભવના (લક્ષ્ય માત્રમાં લક્ષણની અસત્તાના) વારણ માટે 'વક્રગતિ' વડે એ પદ મૂકેલ છે.

સ્થિતિવર્ણન- મનુષ્યાનપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ પંદર સો વર્ષ. (બંધકાળથી માંડી ઉદયકાળનો મધ્યવર્તી કાળ.) જઘન્ય સ્થિતિ સાગરોપમનો સાતમો ભાગ, પલ્યોપમના અસંખ્યાત ભાગે ન્યૂન. અબાધાકાળ અંતર્મુહૂર્ત.

વળી મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી- આ બે પૂર્વે કહેલ મહા વિભાગ રૂપ વાક્યમાં રહેલ મનુષ્યદ્વિક શબ્દથી વાચ્ય બને છે. એ વાત કહે છે કે- 'આ બે મનુષ્યગતિ-મનુષ્યાનુપૂર્વી મનુષ્યદ્વિક શબ્દથી વાચ્ય છે.

દેવાનુપૂર્વીલક્ષણમાહ-

देवत्वोपलक्षिताऽऽनुपूर्वी सुरानुपूर्वी । इमे सुरद्विके । पञ्चेन्द्रियशब्दप्रवृत्तिनिमित्तभूतसदृशपरिणत्यात्मकजातिविपाकोदयवेद्यं कर्म पञ्चेन्द्रियजातिः । ६ ।

१. वक्रयाऽन्तर्गत्येति शेषः । पूर्वभवोत्तरकालीना तिर्यगाद्युत्तरोत्पत्तिस्थानप्राप्तिपूर्वभाविनी गतिरन्तर्गतिः ॥

देवत्वोपलक्षितेति । देवोपपातक्षेत्रं वक्रगत्या गच्छतो जीवस्यानुश्रेणिगतिनियामकानुपूर्वीत्वं लक्षणार्थः । प्राग्वदेव पदानां कृत्यं बोध्यम् । स्थितिरपि परा जघन्या च देवगतिवदेव। इमे इति देवगत्यानुपूर्व्यावित्यर्थः । सुरद्विके इति । विभागवाक्यस्थसुरद्विकपदवाच्ये इति भावः ॥ पञ्चेन्द्रियजातेः स्वरूपमाह-पञ्चेन्द्रियेति । अयं पञ्चेन्द्रिय इति, पञ्चेन्द्रियशब्दस्य प्रवृत्तौ निमित्तभूता या सदृशपरिणतिरूपा जातिस्तदात्मकविपाकोदयेन विज्ञेयं यत्कर्म सा पञ्चेन्द्रियजातिरित्यर्थः । पञ्चेन्द्रियत्वजातिसद्भावाद्धि पञ्चेन्द्रियोऽयमिति शब्दः प्रयुज्यते ततस्तादृशजातिरूपविपाकोदयेन यत्कर्म विज्ञायते कारणतया सा पञ्चेन्द्रियजातिरिति भावः । जातिनामकर्मेदं संज्ञाव्यवहारनिमित्तजातौ प्रयोजकं न तु द्रव्यात्मकपञ्चेन्द्रियेषु, तत्रेन्द्रियपर्याप्तिनामकर्मणः प्रयोजकत्वात्, नापि भावात्मकपञ्चेन्द्रियेषु तत्रेन्द्रियावरणक्षयोपशमस्यैव सामर्थ्यात् । तथा च पञ्चेन्द्रियसंज्ञाव्यवहारनिबन्धनजातिप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणार्थः । कालादिवारणाय विशेष्यं, सातादावतिव्याप्तिवारणाय विशेषणम्, जातिप्रयोजकत्वे सति कर्मत्वस्य एकेन्द्रियादिजातिषु सत्त्वात्तद्वारणाय निबन्धनान्तम् । पञ्चपदमप्यत एव । जातिपदानुपादाने पञ्चेन्द्रियाणामपि पञ्चेन्द्रियसंज्ञाव्यवहारनिबन्धनत्वात् तत्प्रयोजकेऽङ्गोपाङ्गनामकर्मणि इन्द्रियपर्याप्तौ चातिव्याप्तिस्तदुपादानम्, जातिर्नामाव्यभिचारिणा सादृश्येनैकीकृतोऽर्थः । अस्याः परा स्थितिर्विंशतिसागरोपमकोटीकोट्यः, वर्षसहस्रद्वयमबाधा च । जघन्या तु सागरोपमस्य द्वौ सप्तभागौपल्योपमासंख्येयभागेन न्यूनौ, अबाधा त्वन्तर्मुहूर्त्तकालः ॥

હવે દેવગતિનું સ્વરૂપ કહે છે કે-

દેવત્વપર્યાયની પરિણતિમાં પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મપણું સુરગતિનું લક્ષણ સમજવું.

પદકૃત્ય- આ લક્ષણનું પદકૃત્ય મનુષ્યગતિના લક્ષણની માફક વિચારવું.

સ્થિતિનિયમન- સુરગતિ નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ કોડાકોડી સાગરોપમ. અબાધકાળ એક હજાર વર્ષ. જઘન્ય સ્થિતિ બે હજાર સાગરોપમનો સાતમો ભાગ, પલ્યોપમના અસંખ્યાત ભાગે ન્યૂન. અબાધાકાળ અંતર્મુહૂર્ત્ત.

દેવાનુપૂર્વીનું લક્ષણ-

ભાવાર્થ- દેવત્વથી અંકિત આનુપૂર્વી-સુરાનુપૂર્વી, આ બે સુરદ્વિક વાચ્ય છે. પંચેન્દ્રિય શબ્દની પ્રવૃત્તિનિમિત્તભૂત જે, સમાન પરિણતિઆત્મક જાતિ રૂપ વિપાક ઉદયથી જાણવાલાયક કર્મ 'પંચેન્દ્રિય જાતિ.'

વિવેચન- દેવના ઉપપાત-ઉત્પત્તિના ક્ષેત્ર પ્રત્યે વક્રગતિથી જનાર જીવને અનુશ્રેણી ગતિનિયામક આનુપૂર્વીત્વ, એ લક્ષણનો અર્થ સમજવો. પૂર્વની માફક પદોનું કૃત્ય સમજવું અને ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિ

દેવગતિની માફક જ જાણવી. આ બે દેવગતિ અને દેવાનુપૂર્વી વિભાગવાક્યમાં રહેલ સુરદ્વિક શબ્દથી વાચ્ય છે, એમ ભાવ સમજવો.

પંચેન્દ્રિયજાતિના સ્વરૂપને કહે છે કે-

'આ પંચેન્દ્રિય છે.'- આવા શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત જે સરખી (સમાનજાતીય જીવાન્તરની સાથે) બાહ્ય વિશિષ્ટ પરિણતિ રૂપ જાતિના વિપાક ઉદયથી જાણવાયોગ્ય જે કર્મ, તે 'પંચેન્દ્રિયજાતિ.'

ખરેખર, પંચેન્દ્રિયપણા રૂપ જાતિનો સદ્ભાવ હોવાથી 'આ પંચેન્દ્રિય છે.'- આવો શબ્દ પ્રયુક્ત થાય છે. તેથી તેવી જાતિ રૂપ કાર્યના વિપાકના ઉદયથી-અનુભવથી જે કર્મ વિશેષતયા કારણ રૂપે જણાય છે, તે 'પંચેન્દ્રિયજાતિ'- આવો ભાવ સમજવો.

આ જાતિનામકર્મ સંજ્ઞાના વ્યવહારમાં નિમિત્તભૂત જાતિ પ્રત્યે પ્રયોજક છે, પરંતુ દ્રવ્ય રૂપ પાંચ ઇન્દ્રિયો પ્રત્યે પ્રયોજક નથી, કેમ કે દ્રવ્ય રૂપ પાંચ ઇન્દ્રિયો રૂપ કાર્ય પ્રત્યે ઇન્દ્રિયપર્યાપ્તિનામકર્મ પ્રયોજક (પરંપરાએ કાર્યજનક) છે. ભાવ રૂપ પાંચ ઇન્દ્રિયો પ્રત્યે આ જાતિનામકર્મ પ્રયોજક નથી, પરંતુ ઇન્દ્રિય આવરણ ક્ષયોપશમનું જ સામર્થ્ય છે. અર્થાત્ 'પંચેન્દ્રિય'- આવા પ્રકારની સંજ્ઞાના વ્યવહારમાં મૂળ કારણભૂત જાતિમાં પ્રયોજકપણું-કર્મપણું, એ આ લક્ષણનો અર્થ સમજવો.

પદકૃત્ય-અહીં સાધારણ કારણભૂત અલક્ષ્યભૂત કાળ આદિમાં અતિવ્યાપ્તિના નિવારણ માટે 'કર્મત્વ' રૂપ વિશેષ્ય દલ મૂકેલ છે. સાતવેદનીય આદિમાં અલક્ષ્યમાં અતિવ્યાપ્તિના માટે 'પંચેન્દ્રિય સંજ્ઞાવ્યવહાર નિબંધનજાતિ પ્રયોજકત્વ' રૂપ વિશેષણ દલ મૂકેલ છે.

જો 'જાતિપ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ'- એવું લક્ષણ કરવામાં આવે, તો અલક્ષ્યભૂત એકેન્દ્રિય આદિ જાતિઓમાં જાતિપ્રયોજકત્વ અને કર્મત્વ વિદ્યમાન હોઈ અતિવ્યાપ્તિના વારણ માટે 'પંચેન્દ્રિય સંજ્ઞાવ્યવહાર નિબંધન'- એ પ્રમાણે જાતિનું વિશેષણ દીધેલ છે. સંખ્યાવાચક 'પંચ' પદ પણ આ જ મુદ્દાસર મૂકેલ છે.

જો જાતિપદ ન મૂકવામાં આવે, તો પંચેન્દ્રિય જીવોમાં પણ પંચેન્દ્રિય સંજ્ઞાવ્યવહાર મૂળ કારણ હોઈ, 'પંચેન્દ્રિયસંજ્ઞાવ્યવહાર પ્રયોજક'- એવા અંગ-ઉપાંગ નામકર્મમાં અને ઇન્દ્રિયપર્યાપ્તિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'જાતિ' પદનું ઉપાદાન કરેલ છે. જાતિ એટલે અવિરોધી સમાનતા દ્વારા એકીકૃત (સમાનતાથી એક કરેલ) અર્થ.

સ્થિતિનિયમન- પંચેન્દ્રિય જાતિનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ બે હજાર વર્ષ. જઘન્ય સ્થિતિ સાગરોપમના બે સાતીયા ભાગો, પલ્યોપમના અસંખ્યાત ભાગે ન્યૂન. અબાધાકાળ અંતર્મુહૂર્ત.

अथौदारिकादिशरीरनामकर्मस्वरूपमाख्याति—

औदारिकशरीरयोग्यगृहीतपुद्गलानां शरीरतया परिणमनप्रयोजकं कर्मौदारिकशरीरम् । वैक्रियपुद्गलानां शरीरत्वेन परिणमनहेतुः कर्म वैक्रियशरीरम् । आहारकपुद्गलानां देहतया परिवर्त्तनसमर्थं कर्माऽऽहारकशरीरम् । ७ ।

औदारिकेति । शीर्यत इति शरीरं प्रागवस्थातश्चयापचयाभ्यां प्रतिक्षणं विनाशीत्यर्थः । असारस्थूलद्रव्यवर्गणारब्धमौदारिकं, उत्तरशरीरापेक्षयाऽल्पद्रव्यं स्थूलं शिथिलनिचयञ्च । यस्य कर्मण उदयादौदारिकवर्गणापुद्गलान् गृहीत्वौदारिकशरीरत्वेन परिणमयति तत्कर्मौदारिकशरीरमित्यर्थः । न चैवं शरीरपर्याप्तिरपि तादृशत्वात्तत्रातिव्याप्तिरिति वाच्यम् । गृहीतपुद्गलानां शरीरतया परिणतेः शरीरनामकर्मणैव साध्यत्वात्, आरब्धाङ्गसमाप्तेश्च पर्याप्तिनामकर्मसाध्यत्वेनातिव्याप्त्यभावात् । उक्तञ्च "ननु देहोच्छ्वासनामकर्मभ्यामेव सिद्धयतः देहोच्छ्वासौ किमेताभ्यां पर्याप्तिभ्यां प्रयोजनम् ? अत्रोच्यते पुद्गलानां गृहीतानामिहात्मना । साध्या परिणतिर्देहतया तन्नामकर्मणा । आरब्धाङ्गसमाप्तिस्तु तत्पर्याप्त्या प्रसाध्यते । एवं भेदः साध्यभेदाद्देहपर्याप्तिकर्मणो" रिति । विशेष्यविशेषणपदकृत्यं पूर्ववदेव । वैक्रियशरीरनामकर्मादावतिव्याप्तिवारणायौदारिकशरीरयोग्येति । ग्रहणमन्तरेण परिणमनासम्भवेन गृहीतेत्युक्तम् । शरीरतयेत्यनुक्तावौदारिकशरीरबन्धनेऽतिव्याप्तिरिति तस्योपादानम् । बन्धनस्य[१] गृहीतानां गृह्यमाणानाञ्चौदारिकादिशरीरवर्गणापुद्गलानां परस्परसंश्लेषमात्रकारित्वादिति । अस्य च जघन्या परा च स्थितिः पञ्चेन्द्रियजातिवद्बोध्या । अथ वैक्रियशरीरनामाह— वैक्रियेति । विचित्रशक्तिकद्रव्यनिर्मापितं बहुतरद्रव्यं सूक्ष्मं घननिचयं च वैक्रियं । तथा च यस्य कर्मण उदयात् वैक्रियवर्गणापुद्गलान् गृहीत्वा वैक्रियशरीरत्वेन परिणमयति तद्वैक्रियशरीरनामकर्मेति भावः, पदकृत्यं पूर्ववत् । परा स्थितिरस्य पञ्चेन्द्रियजातिवत् । जघन्या तु सागरोपमसहस्रस्य द्वौ सप्तभागौ पल्योपमासंख्येयभागेन न्यूनौ, अबाधाऽन्तर्मुहूर्त्तम् । आहारकशरीरमाचष्टे— आहारकेति । शुभतरशुक्लविशुद्धद्रव्यवर्गणाप्रारब्धं प्रतिविशिष्टप्रयोजनायाऽन्तर्मुहूर्त्तस्थितिकमाहारकं शरीरं सूक्ष्मपरिणामपरिणतं बहुतरपुद्गलद्रव्यारब्धञ्च । सर्वे लक्षणविचाराः प्राग्वद्भाव्याः । अस्योत्कृष्टा स्थितिः सागरोपमकोटीकोटेरन्तः, अबाधा त्वन्तर्मुहूर्त्तम्, जघन्यापि तथैव ॥

હવે ઔદારિક આદિ શરીરનામકર્મના સ્વરૂપને કહે છે.

ભાવાર્થ- ઔદારિક શરીરયોગ્ય ગ્રહણ કરેલા પુદ્ગલોના ઔદારિક શરીરપણાએ પરિણમનમાં પ્રયોજક કર્મ 'ઔદારિક શરીર,' વૈક્રિય પુદ્ગલોના વૈક્રિય શરીરપણાએ પરિણમનમાં હેતુકર્મ 'વૈક્રિય શરીર' અને આહારક પુદ્ગલોના આહારક શરીરપણાએ પરિવર્તનમાં સમર્થ કર્મ 'આહારક શરીર.'

१. यद्यप्यत्र बन्धनसंघातनामकर्मणी शरीरनामकर्मणो न प्रकृत्यन्तरमिति मत्वा न पृथगुपन्यस्ते, तथापि परस्पराविवियोगस्याविवरभावेनैकत्वरूपस्य तत्कार्यस्य दर्शनतो भवत एवैते इत्यतिव्याप्तिरादर्शिता ॥

विवेचन- જે વિનાશને પામે, તે શરીર. અર્થાત્ પૂર્વની અવસ્થા કરતાં હાનિવૃદ્ધિ દ્વારા ક્ષણે ક્ષણે વિનાશસ્વભાવી શરીર કહેવાય છે.

(શીર્યતે ઇતિ-શિથિલ સંધિબંધનનું આલંબન કરતું સૂર્યમંડલ જે દેખાય છે, તે જ કદાચિત્ શીર્યતે એમ કહેવાય છે, જીર્ણશીર્ણ શરીર થાય છે.)

સ્વલ્પ પ્રદેશથી ઉપચિત હોવાથી અસાર, પ્રતિક્ષણ વૃદ્ધિયોગથી સ્થૂલ જે દ્રવ્યવર્ગણાથી બનેલું, તે શરીર 'ઔદારિક' છે. આ ઔદારિક શરીર પછીના શરીરની અપેક્ષાએ અલ્પ દ્રવ્યવાળું (અસાર) અને શિથિલ રચનાવાળું એટલે સ્થૂલ કહેવાય છે. (ભેંડના દાંત શિથિલ અને હાથીના દાંત સઘન ગાઢનો દાખલો છે.) જે કર્મના ઉદયથી ઔદારિક વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરીને ઔદારિક શરીરપણાએ પરિણમાવે છે, તે કર્મ 'ઔદારિક શરીર.'

શંકા- શરીરપર્યાપ્તિ પણ તથાપ્રકારની છે, તો ત્યાં શું અતિવ્યાપ્તિ નહિ આવે ?

સમાધાન- ગ્રહણ કરેલ પુદ્ગલોની શરીરપણે પરિણતિ શરીરનામકર્મ વડે જ સાધ્ય બને છે અને આરંભ કરેલ અંગની-શરીરની સમાપ્તિ પર્યાપ્તિનામકર્મથી સાધ્ય હોવાથી અતિવ્યાપ્તિનો અભાવ છે.

કહ્યું છે કે- "શરીરનામકર્મ-ઉચ્છ્વાસનામકર્મથી જ શરીર અને ઉચ્છ્વાસ સિદ્ધ થાય છે, તો શરીરપર્યાપ્તિ અને ઉચ્છ્વાસપર્યાપ્તિનું શું પ્રયોજન છે ?

અહીં જવાબ રૂપે કહેવાય છે કે- શરીરનામકર્મ વડે જીવે ગ્રહણ કરેલા પુદ્ગલોની ઔદારિક આદિ શરીરપણે પરિણતિ સાધ્ય છે. શરીરપર્યાપ્તિનું સાધ્ય (કાર્ય) તો આરંભેલ શરીરની સમાપ્તિ છે. આ પ્રમાણે સાધ્યભેદની અપેક્ષાએ શરીરનામકર્મ અને પર્યાપ્તિનામકર્મનો ભેદ છે."

(જેમ શરીર નામના ઉદયથી ગ્રહણ કરાયેલા પણ ઔદારિક આદિ શરીરપુદ્ગલો શક્તિવિશેષ રૂપ શરીરપર્યાપ્તિ સિવાય શરીરરૂપપણે પરિણમાવી શકાતા નથી, માટે શરીર નામથી પૃથગ્ શરીરપર્યાપ્તિ મનાય છે, તેમ અહીં પણ ઉચ્છ્વાસનામકર્મથી પૃથગ્ ઉચ્છ્વાસપર્યાપ્તિ સમજવી, કેમ કે-સરખી યુક્તિ છે.)

પદકૃત્ય- વિશેષ્યનું (કર્મત્વનું) વિશેષણનું (પરિણમન પ્રયોજકત્વ રૂપ વિશેષણનું) પદકૃત્ય પૂર્વની માફક-મનુષ્યગતિની માફક સમજવું. અલક્ષ્યભૂત વૈક્રિયશરીરનામકર્મ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ઔદારિક શરીરયોગ્ય' ઇતિ ગ્રહણ કરેલ છે.

ઔદારિક આદિ શરીરયોગ્ય પુદ્ગલોના ગ્રહણ સિવાય પરિણમનનો અસંભવ છે. એ વાતને બતાવવા માટે 'ગૃહીતે ઇતિ' પદનું ગ્રહણ કરેલ છે. જો ઔદારિક શરીરયોગ્ય ગૃહીત પુદ્ગલોના પરિણમનમાં પ્રયોજક કર્મ-એમ 'શરીરતયા' છોડીને બોલવામાં આવે, તો 'ઔદારિકશરીર' બંધન રૂપ અલક્ષ્યમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'શરીરતયા'એ પદનું ઉપાદાન કરેલ છે, કેમ કે- બંધન (જો કે અહીં બંધન અને સંઘાતન રૂપ બે કર્મો શરીરનામકર્મ પ્રકૃતિથી ભિન્ન પ્રકૃતિ નથી-એમ માની શરીરનામકર્મથી પૃથગ્ ઉપન્યાસ કરેલ નથી, તો પણ ઐકત્વ રૂપ પરસ્પર અવિયોગ રૂપ તેનું કાર્ય જોવાથી આ પૃથગ્ થાય છે, માટે અતિવ્યાપ્તિ દર્શાવેલ છે.) ગ્રહણ કરેલ અને ગ્રહણ કરાતા ઔદારિક આદિ શરીરવર્ગણા પુદ્ગલોનો પરસ્પર સંશ્લેષણ માત્ર કરનાર છે.

સ્થિતિનિયમન- ઔદારિકશરીર નામકર્મની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ પંચેન્દ્રિય જાતિની માફક સમજવી.

હવે વૈક્રિયશરીરનામકર્મને કહે છે-

વૈક્રિય એટલે વિચિત્ર શક્તિવાળા દ્રવ્યોથી બનાવેલું ઔદારિકશરીરની અપેક્ષાએ બહુતર દ્રવ્યોવાળું (સાર) અને સઘનરચનાવાળું-સૂક્ષ્મ વૈક્રિયશરીર હોય છે.

જે કર્મના ઉદયથી વૈક્રિયવર્ગણા પુદ્ગલોને ગ્રહણ કરીને વૈક્રિયશરીરપણાએ પરિણમાવે છે, તે 'વૈક્રિયશરીરનામકર્મ' અહીં પદકૃત્ય પૂર્વની માફક સમજવું.

સ્થિતિ- વૈક્રિયશરીરનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પંચેન્દ્રિય જાતિની માફક સમજવી. અબાધાકાળ પંચેન્દ્રિયજાતિની માફક સમજવો. જઘન્ય સ્થિતિ એક હજાર સાગરોપમના બે સાતીયા ભાગ, પલ્યોપમના અસંખ્યાત ભાગે ન્યૂન. અબાધાકાળ-અંતર્મુહૂર્ત્ત.

હવે આહારકશરીરનામકર્મને જણાવે છે-

શુભતર- શુકલ વિશુદ્ધ (અત્યંત સ્વચ્છ) દ્રવ્યવર્ગણાથી બનાવેલું (ખાસ) પ્રયોજન માટે સ્વીકારાતું હોઈ, આહારકશરીર અંતર્મુહૂર્ત્તની સ્થિતિવાળું, સૂક્ષ્મપરિણામથી પરિણત અને બહુતર પુદ્ગલદ્રવ્યથી જન્ય છે. સઘળા લક્ષણના વિચારો પૂર્વની માફક સમજવા.

સ્થિતિ- આહારકશરીરનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ. (એક કોડાકોડી સાગરોપમની અંદર) અબાધાકાળ અંતર્મુહૂર્ત્ત. તે જ પ્રમાણે જઘન્ય સ્થિતિ-અબાધાકાળ સમજવો.

तैजसशरीरमभिदधाति –

तैजसवर्गणागतपुद्गलानां शरीरतया परिवर्त्तकं कर्म तैजसशरीरम् । कार्मणवर्गणागतपुद्गलानां शरीरत्वेन परिवर्त्तनहेतुः कर्म कार्मणशरीरम् । इमानि पञ्चदेहानि ।८।

तैजसवर्गणेति । तेजोगुणोपेतद्रव्यवर्गणासमारब्धं तैजसशरीरं, यदा यस्योत्तरगुणलब्धिरुत्पन्ना भवति तदा रोषप्रसन्नताप्रसङ्गे शरीरमिदमुष्णशीतगुणं शापानुग्रहसामर्थ्याविर्भावकञ्च भवति, यदा तु न सोत्पन्ना तदा तु केवलं सतताहृताहारपाचकं भवति । लक्षणं पदकृत्यञ्च पूर्ववत् । अस्य परा जघन्या च स्थितिः पञ्चेन्द्रियवत् । अथ कार्मणस्वरूपमाह- कार्मणवर्गणेति । जीवप्रदेशैर्दुग्धाम्बुवदन्योन्यं श्लिष्टा अनन्ता ये कर्मप्रदेशास्तदात्मकं कार्मणं[२] निखिलशरीरहेतुभूतं भवान्तरगतौ तैजसशरीरयुतं सज्जीवसहायञ्च । शरीराभ्यामेताभ्यां जीवस्य गमनागमने प्रवेशनिर्गमने च स्याताम् । अत्यन्तसूक्ष्मत्वाच्च भवान्तरगमनकालेऽपि

२. इदञ्च कर्मण्येव कार्मणमिति व्युत्पत्त्या, तथा च न कर्मभ्यः पृथक्कार्मणमत्र । कर्मणा निर्वृत्तं कार्मणमिति विग्रहे त्वाह कार्मणनामकर्मणस्त्विति ॥

नैतयोश्चक्षुर्विषयत्वम् । कार्मणनामकर्मणस्तु समानवर्गणापुद्गलमयत्वेऽपि स्वकार्यभूतात्कार्मण-शरीरादन्यत्वमेव कार्मणशरीरस्य कारणभूतत्वात् । यद्यपि सर्वेषामेव शरीराणां कर्मजन्यत्वं कर्मसमूहरूपत्वञ्च तथाप्यौदारिकादिनामकर्मनिमित्तकत्वादौदारिकादिसंज्ञाविशेषात् स्थौल्यादि-लक्षणात् तिर्यङ्मनुष्यादिस्वामिभेदात् सामर्थ्यभेदाच्च मृद्रूपकारणाविशेषेऽपि मृत्समूहा-विशेषेऽपि च घटशरावादिभेदवत्तेषां परस्परं वैषम्यमस्त्येव । न च नास्त्येव कार्मणं शरीरं निमित्ताभावात्खरविषाणवदिति वाच्यं प्रदीपवत्स्वस्यैव निमित्तनिमित्तिभावात्, मिथ्यात्वा-विरत्यादीनां निमित्तत्वाच्च । अन्यथा निर्हेतुकस्य विनाशहेतोरप्यभावादनिर्मोक्षप्रसङ्ग आपद्येत। न च कार्मणस्यौदारिकादिवद्विशरणधर्मत्वाभावात्कथं शरीरत्वमिति वाच्यम्, निमित्तवशात्त-स्यापि सततं चयापचयधर्मत्वादिति । लक्षणं कृत्यञ्च प्राग्वत् । अस्याप्युत्कृष्टजघन्यस्थिती पञ्चेन्द्रियवदेव । प्रसङ्गादाह-इमानीति । यद्यपि देहशब्दः पुल्लिङ्गे रूढस्तथापि कार्यभूत-शरीराणां पञ्चविधत्वं पुण्यकर्मविभागवाक्यस्थकर्मबोधकपञ्चदेहशब्दवाच्यत्वमेषां पञ्चविध-कर्मणाञ्च सूचयितुं 'कायो देहः क्लीबपुंसो' रिति कोशानुरोधेन च नपुंसकनिर्देशः कृतः । तथा च कार्यभूतानीमान्येव पञ्चशरीराणि, कारणभूतानीमानि पञ्चनामकर्माणि विभागवाक्यस्थ-पञ्चदेहशब्दवाच्यानीति भावः ।

तैजसशरीरनामकर्मने कहे छे के-

भावार्थ- तैजसवर्गणामां रहेल पुद्गलोने शरीरपणाओ परिवर्तन-परिणमनकारक कर्म 'तैजसशरीर.' कार्मणवर्गणामां रहेल पुद्गलोने शरीरपणाओ परिणमनमां हेतुभूत कर्म 'कार्मणशरीर.' आ पांच शरीरो कहेवाय छे.

विवेचन- तेज (अग्नि)ना गुणथी युक्त द्रव्यवर्गणाथी समारब्ध तैजसशरीर (तेजनी बनावटो-तेज रूपी तैजस) उष्ण गुणवाळुं छे. ज्यारे जेने उत्तरगुणना निमित्तजन्य लब्धि उत्पन्न थाय छे, त्यारे रोषना अने प्रसन्नताना प्रसंगे आ शरीर उष्ण-शीतगुणवाळुं शाप अने अनुग्रहना सामर्थ्यनो आविर्भाव करनार छे.

ज्यारे ते लब्धि उत्पन्न नथी, त्यारे तो फक्त निरंतर भुक्त-खाधेल आहारने पचावनार 'तैजसशरीर' कहेवाय छे. तैजसशरीरनुं लक्षण अने पदकृत्य पूर्वनी माफक छे. आ तैजसशरीरनी उत्कृष्ट अने जघन्य स्थिति पंचेन्द्रियजातिनी माफक समजवी.

कार्मणशरीरना स्वरूपने कहे छे-

जीवप्रदेशोनी साथे क्षीर-नीरनी माफक परस्पर संश्लिष्ट अनंत जे कर्मना अंशो, ते रूप कार्मण (आ कर्मो ए ज कार्मण, आवी व्युत्पत्तिथी छे तथाच कर्मोथी कार्मण अहीं पृथक् नथी एम समजवानुं छे.)

સમસ્ત શરીર(કર્મ)ના હેતુભૂત છે અને ભવાન્તરગમનમાં (અંતરાલગતિ)માં તૈજસશરીરથી સહચરિત હોતું જીવને સહાય કરનાર છે.

તૈજસ-કાર્મણ રૂપ બે શરીરોથી જીવના ગમન અને આગમન, પ્રવેશ અને નિર્ગમન થાય છે. આ બે શરીરો અત્યંત સૂક્ષ્મ હોવાથી ભવાન્તરગમનના કાળમાં પણ દેખાતા નથી.

કાર્મણનામકર્મનો તો સમાન વર્ગણાના પુદ્ગલમયપણું હોવા છતાંય પોતાના કાર્યભૂત કાર્મણશરીરથી ભેદ જ છે, કેમ કે- કાર્મણશરીર કારણભૂત છે.

જો કાર્મણશરીર કર્મજન્ય-કર્મસમૂહ રૂપ છે, તો સઘળાય શરીરો કર્મજન્ય અને કર્મસમૂહ રૂપ હોઈ એક જ કાર્મણશરીર રહેશે ? બીજા શરીરોનો ભેદ કેવી રીતે ઘટાવવો ?

એવા પ્રશ્નના જવાબમાં કહે છે કે-ભલે શરીરો કર્મજન્ય અને કર્મસમૂહ રૂપ હો ! તો પણ પ્રતિનિયત સ્વસ્વ-સ્વતંત્ર ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણ રૂપ નામકર્મથી જન્ય હોવાથી, ક્રમસર ઔદારિક આદિ સંજ્ઞાના ભેદથી ઔદારિક આદિ શરીરો સ્થૂલતા-સૂક્ષ્મતા આદિ લક્ષણભેદથી જુદા જુદા છે, કેમ કે- પૂર્વ પૂર્વ શરીરો સ્થૂલ છે-પર પર શરીરો સૂક્ષ્મ છે.

સ્વામીના ભેદથી ઔદારિક આદિ શરીરો જુદા જુદા છે. જેમ કે- ઔદારિકના સ્વામી તિર્યંચ-મનુષ્યો, વૈક્રિયના સ્વામી દેવ-નારકીઓ, કેટલાક તિર્યંચ-મનુષ્યો. આહારકશરીરના સ્વામી મનુષ્યસંયત ચૌદપૂર્વધર. તૈજસ-કાર્મણના સ્વામી સર્વ સંસારીઓ છે.

સામર્થ્ય- કાર્યશક્તિના ભેદથી ઔદારિક આદિ શરીરો જુદા જુદા છે. જેમ કે-

ઔદારિકશરીરનું સામર્થ્ય- અધર્મ, સુખ-દુઃખ અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ આદિમાં છે.

વૈક્રિયશરીરનું સામર્થ્ય- સ્થૂલ-સૂક્ષ્મ-એકત્વ-વ્યોમચર-પૃથ્વીગતિ વિષય રૂપ અને શ્રી જિનજન્માભિષેક આદિ કલ્યાણકોની ઉજવણી, ધર્મીઓને સહાય વગેરેમાં છે.

આહારકનું સામર્થ્ય- સૂક્ષ્મ-વ્યવહિત-દુરવગાહ અર્થની વ્યવસ્થાના નિર્ણયમાં છે.

તૈજસનું કાર્ય- આહારપાક અને શાપ-અનુગ્રહદાનનું સામર્થ્ય છે.

કાર્મણશરીરનું સામર્થ્ય- ભવાન્તરગતિના પરિણામમાં છે. અર્થાત્ માટી રૂપ કારણનો ભેદ નહિ છતાં પણ, ઘડા-શરાવલા વગેરે ભેદની માફક પાંચેય શરીરોનો પરસ્પર ભેદ-વિષમતા છે જ.

શંકા- કાર્મણશરીર નથી જ, કેમ કે- નિમિત્તજન્યથી કારણજન્ય કાર્ય રૂપ નથી. જેમ કે- ખરના શીંગડાં અવિદ્યમાન-અસત્ છે, તેમ કાર્મણશરીર અસત્ છે, કેમ કે- નિમિત્ત નથી.

સમાધાન- જેમ પ્રદીપ પોતે પોતાને પ્રકાશ આપે છે અને બીજાને પ્રકાશ આપે છે-પોતે જ કારણ અને પોતે જ કાર્ય છે, તેમ કાર્મણશરીર પોતે કર્મ રૂપી કારણ છે. કર્મ સમુદાય રૂપ કાર્મણશરીર રૂપ પોતે કાર્ય છે અને કર્મ રૂપ કાર્મણ પ્રત્યે મિથ્યાત્વ, અવિરતિ આદિ નિમિત્ત છે. (કાર્મણ પોતાનું કારણ છે અને અન્ય શરીરોનું કારણ છે.)

જો કાર્મણશરીરને નિર્હેતુક (હેતુ વગર જન્ય) માનવામાં આવે, તો વિનાશના હેતુનો અભાવ હોવાથી મોક્ષના અભાવનો પ્રસંગ (આપત્તિદોષ) આવી પડે !

શંકા- જેમ ઔદારિકશરીર વિશરણ (વિનશન) રૂપ ધર્મવાળું છે, તેમ કાર્મણ શરીર નથી, તો કાર્મણમાં શરીરપણું કેવી રીતે ઘટે ?

સમાધાન- નિમિત્તના વશે તે કાર્મણમાં ચય-અપચય (હાનિ-વૃદ્ધિ) રૂપ ધર્મ છે, માટે કાર્મણશરીર છે. આ કાર્મણનું લક્ષણ અને પદકૃત્ય પૂર્વની માફક સમજવા.

આ કાર્મણની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ પંચેન્દ્રિયજાતિની માફક સમજવી.

પ્રસંગથી કહે છે કે- 'આ પાંચ શરીરો' છે. જો કે દેહ શબ્દ પુલિંગમાં રૂઢ છે, તો પણ કાર્ય રૂપ શરીરોનું પંચવિધપણું અને પુણ્યકર્મના વિભાગ રૂપ વાક્યમાં રહેલ કર્મના બોધક 'પંચ દેહ' શબ્દવાચ્ય આ શરીર રૂપ પાંચ પ્રકારના કર્મો છે- એમ સૂચન કરવા માટે અને 'कायो देह क्लीब पुंसोः' કાય શબ્દ અને દેહ શબ્દ નપુંસક અને પુલિંગમાં છે. એમ કોશના આધારે નપુંસકનો નિર્દેશ કરેલ છે.

તથાચ કાર્ય રૂપ આ જ પાંચ શરીરો-કારણભૂત આ પાંચ નામકર્મો વિભાગવાક્યસ્થ 'પંચ દેહ' શબ્દથી વાચ્ય છે. આ પ્રમાણેનો ભાવ સમજવો.

शरीराणामेषां कार्यभूतानां स्वामिनमाह–

तत्राद्यं शरीरं तिर्यङ्मनुष्याणाम् । द्वितीयं देवनारकिणाम् । तृतीयं चतुर्दशपूर्वधरस्यैव । तुर्यपञ्चमे संसारिणां सर्वेषां । कार्मणं विहायान्यान्युपभोगवन्ति । ९ ।

तत्रेति । पञ्चानां शरीराणां कर्मजन्यत्वाविशेषेऽपि कर्मसमूहात्मकाविशेषेऽपि च कारणभेदाद्भेदवत्स्वामिभेदादपि भेदेन पञ्चस्वेषु शरीरेषु आद्यस्यौदारिकशरीरस्य तिर्यङ्मनुष्याः स्वामिन इति भावार्थः । उदारं प्रधानं तीर्थकरादिभिरङ्गीकरणात्, उत्कृष्टप्रमाणं वोदारं अप्स्थितवनस्पतेः सातिरेकयोजनसहस्रप्रमाणत्वात्[१], शुक्रशोणिताद्युपादानप्रभृति प्रतिक्षणमुत्तरोत्तरां व्यवस्थां स्वकीयपर्याप्त्याद्यपेक्षां प्राप्नोतीति वोदारं तदेवौदारिकं, तच्च गर्भजानां सम्मूर्च्छनजानाञ्च भवतीति भावः । द्वितीयमिति वैक्रियमित्यर्थः । विशिष्टा क्रिया विक्रिया तस्यां भवं वैक्रियं, समुपलब्धवैक्रियलब्धेरिच्छानुविधानादेकं भूत्वाऽनेकं भवति प्रतिहननशीलं भूत्वा स्थूलत्वात्सूक्ष्मावस्थामनुप्राप्तं सदप्रतिघाति भवति, एककालमेव च सर्वानभिहितलक्षणान् भावान् वेदयते नैवमौदारिकादीनि, ईदृशं शरीरमौपपातिकं[२] देवानां नारकाणामेव भवधारकमुत्तरवैक्रियभेदभिन्नञ्चेति भावः । तृतीयमिति, आहारकमित्यर्थः ।

---

१. भवधारकवैक्रियापेक्षयोत्कृष्टं प्रमाणं बोध्यमन्यथोत्तरवैक्रियमेवोत्कृष्टप्रमाणवत्स्यात् योजनलक्षप्रमाणत्वात्तस्येति ॥ २. लब्धिप्रत्ययञ्च तिर्यग्योनीनां मनुष्याणाञ्च ॥

प्रतिविशिष्टप्रयोजनसाधनयाऽऽह्रियते कार्यपरिसमाप्तेश्च पुनर्मुच्यत इत्याहारकं शुभद्रव्योपचितं शुभपरिणाममव्याघाति चतुर्दशपूर्वधरस्यैव भवति । पूर्वं प्रणयनात् पूर्वाणि, चतुर्दशसंख्यायुतानि पूर्वाणि चतुर्दशपूर्वाणि, तानि धारणाज्ञानेनाऽऽलम्बत इति चतुर्दशपूर्वधरः, एवंविधश्चतुर्दशपूर्वधर एव सञ्जातलब्धिः श्रुतज्ञानगम्ये कस्मिंश्चिदर्थेऽतिगहने संदिहानः तदर्थनिश्चयार्थं क्षेत्रान्तरितस्य भगवतोऽर्हतः पादमूलमौदारिकशरीरद्वारा गमनमसम्भवीति मन्वानो लब्धिप्रत्ययमाहारकशरीरमुपजनय्य तत्राशु गत्वाऽभिवन्द्य पृष्ट्वा च विच्छिन्नसंशयो भूत्वा तमेव देशं पुनरागत्य प्रागौदारिकमनुप्रविशति विहायाऽऽहारकं शरीरमिति भावः । तुर्यपञ्चमे इति तैजसकार्मणे इत्यर्थः । संसारिणां सर्वेषामिति । अस्मिन्नेव जन्मनि समुद्भव इति नियमाभावात्सर्वत्राप्रतिहतशक्तित्वात् सतैजसं कार्मणं सर्वजन्मसु भवति, कार्मणसहचरितमिदं तैजसं कार्मणभेद उष्मलक्षणं रसाद्याहारपाकजनकं ग्राह्यम्, लब्धिप्रत्ययं तैजसन्तु न सर्वेषां, किन्तु तपोविशेषानुष्ठानात्समुद्भूतशक्तेः कस्यचिदेव । कार्मणन्तु नियमतस्सर्वेषां, इदञ्चौदारिकादीनां बीजं कार्यकारणरूपञ्चेति भावः । ननु शरीराण्युपभोगवन्ति भवन्ति तत्र सर्वेषामेव किं शरीराणामुपभोगवत्त्वमुत केषाञ्चिदेवेत्याशंकायामाह-कार्मणमिति । कार्मणभिन्नशरीरचतुष्टयेन जीवस्सुखदुःखोपभोगं कर्मबन्धनं तद्वेदनं तन्निर्जराञ्च विदधाति, अतस्तान्युपभोगवन्ति न तु कार्मणं, सुखाद्युपभोगस्यासंख्येयसामयिकत्वात्, चतुस्समयपरे विग्रहे एवास्य स्वातंत्र्येण भावात्, न विशिष्टकर्मबन्धस्तदानीमभिव्यक्तबन्धकरणाभावात् स्पष्टर्हिसाद्ययोगात्, न च विशिष्टानुभावेन वेद्यते कर्म, कर्मविग्रहस्याल्पकालत्वात्, उदीरणाद्ययोगात्, नवा निर्जरणं, उपकरणाभावात् प्रतिविशिष्टभोगाद्यपेक्षया कार्मणं विहायेत्युक्तं, न तेन तत्रोपभोगमात्रव्युदासः, किन्तु अभिव्यक्तसुखदुःखकर्मानुबन्धानुभवनिर्जरालक्षणोपभोगस्यैव व्युदास इति भावः ॥

હવે આ કાર્યભૂત શરીરોના સ્વામીને કહે છે કે-

ભવાર્થ- ત્યાં પાંચ શરીરો પૈકી પહેલું ઔદારિકશરીર તિર્યંચ-મનુષ્યોને હોય છે. બીજું વૈક્રિયશરીર દેવ-નારકીઓને હોય છે. ત્રીજું આહારકશરીર ચૌદપૂર્વધરને હોય છે. ચોથું-પાંચમું તૈજસ-કાર્મણશરીર સર્વ સંસારી જીવોને હોય છે. કાર્મણશરીરને છોડી બીજા ચાર શરીરો ઉપભોગવાળા છે.

વિવેચન- પાંચ શરીરો કર્મજન્યત્વનો ભેદ નહિ હોવા છતાં- કર્મસમુદાય આત્મકત્વનો ભેદ નહિ હોવા છતાંય જેમ કારણભેદથી ભિન્ન છે, તેમ સ્વામીના ભેદથી પરસ્પર ભિન્ન ભિન્ન છે. જેમ કે- આ પાંચ શરીરોમાં પ્રથમ ઔદારિકશરીરના સ્વામીઓ તિર્યંચ-મનુષ્યો છે. આ પ્રમાણે ભાવાર્થ સમજવો.

औदारिक- औदारिક એટલે ઉદાર એ જ ઔદારિક. (૧) ઉદાર એટલે પ્રધાન. તીર્થંકર- ગણધર આદિ શરીરના સ્વીકારની અપેક્ષાએ ઔદારિકશરીર પ્રધાન કહેવાય છે, કેમ કે- તીર્થંકર આદિના શરીર કરતાં બીજું શરીર ત્રણેય લોકમાં પ્રધાનસર નથી.

(B) ઉદાર એટલે ઉદ્‌ગમ-પ્રાર્દુભાવ, અર્થાત્ શુક્રશોણિત આદિ રૂપ ઔદારિકના ઉપાદાનગ્રહણથી માંડી સમયે સમયે ઉત્તરોત્તર પોતાની પર્યાપ્તિની અપેક્ષાવાળી વ્યવસ્થાને પામે છે. એવું તે કાલવિવર નથી, કે જ્યાં અવસ્થાન્તરને તે ઔદારિક પામતું નથી. (૨) ઉત્કૃષ્ટપ્રમાણ ઉદાર કહેવાય છે, કેમ કે- જલસ્થિત વનસ્પતિનું કાંઈક અધિક હજાર જોજનપ્રમાણવાળું શરીર હોય છે. ક્ષણે ક્ષણે ભિન્ન અવસ્થાને પામનાર ઔદારિકશરીર છે. આ ઔદારિકવાળું શરીરના સ્વામીઓ તિર્યંચો (ગર્ભજ-સંમૂર્ચ્છિમ) અને મનુષ્યો (ગર્ભજ-સંમૂર્ચ્છિમ) છે.

वैक्रिय- વૈક્રિય (સ્વભાવભેદ રૂપ વિકાર, વિચિત્ર કૃતિ, વિકૃતિ અને વિવિધ કરાય તે વિકરણ. એ પર્યાયવાચક શબ્દો છે.) અનેક પ્રકારવાળું કરાય છે. તે કેવી રીતે કરાય છે ? તો કહે છે કે-

વૈક્રિયલબ્ધિ પ્રાપ્ત કરનારની ઇચ્છાનુસાર વિધાન હોઈ, 'એક બની અનેક બને છે. સ્થૂલ હોવાથી પ્રતિઘાતી બનીને સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત હોતું અપ્રતિઘાતી બને છે વગેરે' રૂપ એક કાળમાં એકીસાથે કથિત લક્ષણવાળા સર્વ ભાવ-વિકારોને વૈક્રિયલબ્ધિવાળાનું વૈક્રિયશરીર અનુભવે છે. ઔદારિક-આહારક આદિ શરીરો આ પ્રમાણે અનુભવ કરી શકતા નથી. એથી આ વૈક્રિયશરીર વિશિષ્ટ લક્ષણવાળું છે.

આવું વૈક્રિયશરીર ઔપપાતિક ભવ રૂપ નિમિત્તજન્ય હોવાથી અવધિજ્ઞાનની માફક સહજવૈક્રિય દેવ અને નારકીને હોય છે. તે વૈક્રિય શરીર ભવધારક અને ઉત્તરવૈક્રિયના ભેદથી બે પ્રકારનું છે. (લબ્ધિપ્રત્યય વિશિષ્ટ તપશ્ચર્યાથી પેદા થયેલ લબ્ધિ રૂપ નિમિત્તજન્ય વૈક્રિયશરીર તિર્યંચ અને મનુષ્યોને હોય છે.)

आहारक- વિશિષ્ટ પ્રયોજનની સિદ્ધિ માટે જે ગ્રહણ કરાય છે અને કાર્ય પૂર્ણ પત્યા પછી છેડાય છે, તે આહારકશરીર છે. આવું આહારકશરીર શુભ દ્રવ્યોથી બનેલું, શુભ પરિણામવાળું (શુભ ચતુરસ્ર આકાર-સંસ્થાનવાળું), સકલ વસ્તુ પ્રતિબિંબના આધારભૂત, નિષ્પાપરૂપ વિશુદ્ધ અને અવ્યાઘાતી (વ્યાઘાતને પામે નહિ એવું-બીજાને વ્યાઘાત કરે નહિ એવું અવ્યાઘાતી) હોય છે. આવા આહારકશરીરનો સ્વામી આહારકલબ્ધિવાળો ચૌદપૂર્વધર જ છે. ચતુર્દશપૂર્વધર એટલે પહેલાં રચના હોવાથી પૂર્વ કહેવાય છે. એવા ચૌદસંખ્યાવાળા પૂર્વોને ધારણા રૂપ જ્ઞાન વડે અવલંબે છે-ધારણ કરે છે, તે ચૌદપૂર્વધર કહેવાય છે.

यश इति । यस्योदयेन यशःकीर्त्ती भवतस्तद्यशःकीर्त्तिनामेत्यर्थः । न चास्योदयेऽपि क्वचित्र यशःकीर्त्ती भवत इति वाच्यम् । सद्गुणमध्यस्थपुरुषापेक्षयैव तदुदयाभ्युपगमात् । तेन केनचिद्यशःकीर्त्तिभ्यां कीर्तित एवायशः कीर्त्या कीर्त्तितोऽपि न क्षतिः । उत्कृष्टास्य स्थितिर्देवगतिवत् जघन्या तु मुहूर्त्ता अष्टौ, अबाधा चान्तर्मुहूर्त्तकालः । ननु यशःकीर्त्त्योः पर्यायत्वात्कथं द्वन्द्वाश्रयेण भेद उच्यते इत्यत्राह-एकेति, एकदिग्व्यापिनी पुण्यगुणख्यातिः कीर्त्तिरित्यर्थः, सर्वेति, सर्वदिग्व्यापिनी गुणख्यातिर्यश इत्यर्थः । प्रकारान्तरेणाह-दानेति, अथवा पराक्रमतपस्त्यागाद्युद्भूतयशसा यत्कीर्त्तनं श्लाघनं सा यशःकीर्तिरिति तृतीयातत्पुरुषोऽपि भाव्यः । त्रसनामकर्मप्रभृति यशःकीर्तिनामपर्यन्तं यावत् दश नामकर्माणि विभागवाक्योक्तत्रसदशकशब्दवाच्यानीत्यभिप्रायेणाह इमानीति ॥

यशःकीर्तिनामकर्म જણાવે છે-

ભાવાર્થ- યશ અને કીર્તિના ઉદયમાં પ્રયોજક કર્મ 'યશઃકીર્તિ નામ.'

એક દિશામાં વ્યાપક ખ્યાતિ તે 'કીર્તિ' અને સર્વ દિશામાં વ્યાપક ખ્યાતિ તે 'યશ' કહેવાય છે. અથવા દાનપુણ્યથી જન્ય 'કીર્તિ' અને શૌર્ય-પરાક્રમજન્ય 'યશ.' આ દશ સંખ્યાવાળા 'ત્રસદશક' સંજ્ઞાથી વાચ્ય બને છે.

विवेचन- જેના ઉદયથી યશ અને કીર્તિ-એમ બન્ને થાય છે, તે 'યશઃકીર્તિ નામ.'

શંકા- આનો ઉદય છતાંય કોઈ સ્થળમાં યશકીર્તિ નથી દેખાતાં, તો તેનું શું કારણ ?

સમાધાન- સદ્‌ગુણસંપન્ન મધ્યસ્થ પુરુષની અપેક્ષાએ જ યશઃકીર્તિનો ઉદય માનેલ છે, તેથી કોઈએ જેની યશઃકીર્તિ વડે પ્રશંસા કરેલી હોય અને પછીથી (કારણ વગર) તેની નિંદા કરેલી હોવા છતાં દોષ નથી.

ઉત્કૃષ્ટ સ્થિતિ દેવગતિ મુજબ. જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત. અબાધાકાળ અંતર્મુહૂર્ત્ત.

શંકા- યશ અને કીર્તિ પર્યાય હોવાથી ઇતરેતરયોગ રૂપ દ્વન્દ્વસમાસને આશ્રયી કેમ ભેદ કહેવાય છે ?

સમાધાન- એક દિશામાં વ્યાપનારી પુણ્યગુણખ્યાતિ 'કીર્તિ' અને સર્વ દિશાઓમાં વ્યાપનારો ગુણપ્રસિદ્ધ 'યશ' કહેવાય છે. બીજા પ્રકારથી તેનો અર્થ કહે છે કે- પરાક્રમ-તપ-દાન આદિથી પેદા થયેલ યશ દ્વારા જે પ્રશંસા-ગુણોત્કીર્તના, તે 'યશકીર્તિ' કહેવાય છે. અહીં તૃતીયાતત્પુરુષ સમાસ જાણવો.

ત્રસનામકર્મથી માંડી યશઃકીર્તિ નામ સુધીના દશ કર્મો-નામકર્મો વિભાગવાક્યમાં કહેલ 'ત્રસદશક' શબ્દથી વાચ્ય છે. આવા અભિપ્રાયથી કહે છે કે-આ દશ કર્મો 'ત્રસદશક' છે.

अथ देवायुषो लक्षणमाह—

देवभवनिवासकारणायुः प्रापकं कर्म देवायुः । २६ ।

देवभवेति । भवः संसारः, चतुर्गतिको देवमनुष्यतिर्यङ्नरकभेदात् । तत्र भवनिवासे आभ्यन्तरं कारणमायुः । तत्र यस्य भावादात्मनो जीवितं यदभावाच्च मरणमुच्यते तदायुः यत्सन्निधानाद्वा जीवेन शेषप्रकृतय उपभोगायाऽऽनीयन्ते तदायुस्सोपक्रमनिरुपक्रमभेदभिन्नं पौद्गलिकञ्च । आगमोक्तैरुपक्रमैरध्यवसायाद्यैर्बहुना कालेन वेद्यमपि यदल्पकालेन भुज्यते तत्सोपक्रममायुः । तच्च बन्धनसमये श्लथं बद्धं शक्यापवर्त्तनं[1] तथा । यत्तु बंधसमये गाढं बद्धं क्रमवेद्यफलं अशक्यापवर्त्तनं, अध्यवसानादिभ्यो निर्गतञ्च तन्निरुपक्रमम् । तत्रानपवर्त्त्यायुष औपपातिका अन्त्यदेहाः[2], तीर्थकरचक्रवर्त्त्यर्धचक्रवर्त्तिनोऽसङ्ख्येयवर्षायुषो मनुष्यास्तिर्यग्योनिजाश्च । शेषा मनुष्यास्तिर्यग्योनिजाः सोपक्रमा निरुपक्रमाश्चापवर्त्त्यायुषोऽनपवर्त्त्यायुषश्च भवन्ति । तत्रायुषो बन्धकाः सम्यङ्मिथ्यादृष्टिविरहिता मिथ्यादृष्टेरारभ्याप्रमत्तगुणस्थानं यावत् षट्सु स्थानेषु जन्तवोऽजघन्योत्कृष्टाध्यवसायविशेषभाजः पृथुकषायास्साद्यध्रुवायुर्विकल्पयुजः । अप्रमत्तगुणस्थानवर्त्तिनस्तु निष्ठापका एव । तथा नारकदेवासंख्येयवर्षायुष्कतिर्यङ्मनुष्याः षण्मासावशेषायुषोऽग्रभवजीवितं बध्नन्ति । शेषास्तु निजायुषस-

---

१. येऽपवर्त्त्यायुषस्तेषां विषशस्त्रकण्टकादिभिः क्षुत्पिपासादिभिश्चायुरपवर्त्त्यते, झटिति कर्मफलस्यान्तर्मुहूर्त्तादुपभोगोऽपवर्त्तना, तेन न कर्मणः कृतनाशाकृताभ्यागमादिप्रसक्तिः । २. एते सोपक्रमा निरुपक्रमाश्च ।

तृतीये नवमे सप्तविंशेऽवशेषायुर्भागे तद्बध्नन्ति । तत्रापि पृथिव्यप्तेजोवायुवनस्पतिद्वित्रिचतुरिंद्रियाणां निरुपक्रमायुषाञ्च पञ्चेन्द्रियाणां नियमतस्तृतीये, सोपक्रमायुषाञ्च पञ्चेन्द्रियाणां तृतीये नवमे सप्तविंशे वा भागेऽवशेषेऽवशिष्टान्तर्मुहूर्त्तायुषि वा बन्धो बोध्यः । इयमेव भवस्थितिः । एवञ्च देवभवनिवासे हेतुभूतं यदायुः तत्प्रापकं कर्म देवायुर्नामेत्यर्थः । देवभवनिवासहेत्वायुःप्रापकत्वे सति कर्मत्वं लक्षणार्थः, मनुष्यायुरादौ व्यभिचारवारणाय हेत्वन्तं देवपदमप्यत एव । अस्य परा स्थितिस्त्रयस्त्रिंशत्सागरोपमा, पूर्वकोटित्रिभागोऽबाधा, जघन्या च दशवर्षसहस्राणि, अबाधा त्वन्तर्मुहूर्त्तम् । आयुषोऽबाधायां भङ्गचतुष्टयं पूर्वकोट्यायुष्को मनुजस्त्रिभागावशेषे आयुष्युत्कृष्टस्थितिकमागामिदेवभवायुर्यदा बध्नाति तदोत्कृष्टस्थित्युत्कृष्टाबाधात्मकः प्रथमो भङ्गः । स एव जघन्यमध्यमायुष्को वा मनुजोऽन्तर्मुहूर्त्तावशिष्ट आयुष्युत्कृष्टस्थितिकमागामिदेवभवायुर्बध्नाति यदा तदोत्कृष्टस्थितिजघन्याबाधात्मको द्वितीयः । पूर्वकोट्यायुष्को मनुजो यदा पूर्वकोटित्रिभागावशेष आयुषि दशसहस्रप्रमाणं जघन्यस्थितिकं देवायुर्बध्नाति तदा देवायुरपेक्षया जघन्यस्थित्युत्कृष्टाबाधात्मकस्तृतीयः । जघन्यायुष्कोऽन्तर्मुहूर्त्तावशेष आयुषि दशवर्षसहस्रात्मकं यदा देवायुर्बध्नाति तदा जघन्यस्थितिजघन्याबाधात्मको भङ्गश्चतुर्थ इति ॥

દેવના આયુષ્યનું લક્ષણ કહે છે-

ભાવાર્થ- દેવભવના નિવાસમાં કારણભૂત આયુષ્યને પ્રાપ્ત કરાવનાર કર્મ 'દેવાયુઃ' કહેવાય છે.

વિવેચન- દેવ-મનુષ્ય-તિર્યંચ-નરકના ભેદથી ચાર ગતિ રૂપ સંસાર તે 'ભવ' કહેવાય છે. ત્યાં ભવના નિવાસ પ્રત્યે આંતરિક કારણ આયુષ્ય છે. જે આયુની વિદ્યમાનતાથી આત્માનું જીવન કહેવાય છે અને જે આયુના અભાવથી જ મરણ કહેવાય છે, તે 'આયુઃ' કહેવાય છે. અથવા વાયુના સંનિધાનમાં શેષ કર્મપ્રકૃતિઓનો ઉપભોગ અને આયુના અસંનિધાનમાં શેષ કર્મપ્રકૃતિઓના ઉપભોગનો અભાવ છે. તે આયુષ્ય સોપક્રમ અને નિરૂપક્રમના ભેદથી તે પ્રકારનું છે અને પૌદ્ગલિક છે.

વળી તે આયુષ્ય, આગમશાસ્ત્રમાં કહેલ (તીવ્ર રાગ આદિ રૂપ) અધ્યવસાય આદિ ઉપક્રમો (વિશિષ્ટ નિમિત્તો)થી ઘણા લાંબા કાળ સુધી ભોગવવા યોગ્ય પણ જે આયુ, થોડા કાળમાં (અંતર્મુહૂર્ત્તકાળમાં) ભોગવાઈ જાય, તે સોપક્રમ (અપવર્ત્તનીય) આયુઃ 'લોકમાં અકાળે મૃત્યુ-એમ કહેવાય છે.' અર્થાત્ કાળ રૂપ આયુષ્ય-કાલાયુષ્ય પૂરું ન થાય, પરંતુ આયુષ્યકર્મના દળિયાં રૂપ દ્રવ્ય આયુષ્ય પૂરું થાય છે.

તે સોપક્રમ (અપવર્ત્તનીય) આયુષ્ય પૂર્વભવમાં બંધનના સમયમાં શિથિલ બાંધેલ હોઈ (અનિકાચિત) ઉપક્રમ દ્વારા અપવર્ત્તનાની શક્યતાવાળું છે. (જેઓ અપવર્ત્તનીય આયુષ્યવાળા છે, તેઓનું આયુષ્ય ઉપક્રમ-ઝેર, શસ્ત્ર, અગ્નિ આદિ તેમજ ભૂખ, તરસ આદિથી અપવર્ત્તના (અલ્પતા) વિષયવાળું થાય છે,

જલ્દી (ગુંચળું વાળેલી દોરી જેમ જલ્દી જળી-બળી જાય તેમ) કર્મફળનો ઉપભોગ અંતર્મુહૂર્ત્તમાં થઈ જાય છે. તેથી કર્મમાં કૃત-નાશ-અકૃત અભ્યાગમનો પ્રસંગ નથી.)

નિરૂપક્રમ (અનપવર્ત્તનીય) આયુઃ જે પૂર્વભવમાં બંધનના કાળમાં નિકચિત બાંધેલું, ક્રમસર (કાળના ક્રમે) ભોગવવાયોગ્ય ફળ (વિપાક ઉદય) વાળું, અપવર્ત્તનાની શક્યતા વગરનું અને અધ્યવસાય આદિ ઉપક્રમો (નિમિત્તો)ની અસર વગરનું છે, તે (કાળ આયુષ્ય પૂર્ણ કરનારું) નિરૂપક્રમ કહેવાય છે.

ત્યાં અનપવર્ત્તનીય આયુષ્યવાળા-જેમ કે- ઔપપાતિક એટલે નારકીઓ અને દેવો અન્ત્ય-છેલ્લા શરીરવાળા મનુષ્યો જ સમજવા, બીજા નહિ, કારણ કે- બીજાઓ સિદ્ધિને અયોગ્ય છે. જેઓ તે જ શરીર વડે સકલકર્મક્ષયલક્ષણ મુક્તિને પામે છે, તે ચરમશરીરી સમજવા. (ચરમશરીરી, સોપક્રમ અને નિરૂપક્રમ આયુષ્યવાળા હોય છે. અહીં ઉપક્રમો શ્વાસોશ્વાસનિરોધ, આહારનિરોધ, અધ્યવસાય, નિમિત્ત, વેદના, પરાઘાત અને સ્પર્શ નામની સાત પ્રકારની વેદનાવિશેષો સંભવની અપેક્ષાએ છે, પણ આયુષ્યના ભેદકની અપેક્ષાએ નથી. કેટલાક સંભવથી નથી માનતા એટલે માત્ર નિરૂપક્રમ આયુષ્યવાળા છે-એમ માને છે.)

ઉત્તમ પુરુષો, તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો, ગણધરો વગેરે અનપવર્ત્ય આયુષ્યવાળા હોય છે, તેમજ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો પણ અનપવર્ત્ય આયુષ્યવાળા હોય છે. બાકીના સંખ્યાત વર્ષવાળા મનુષ્યો અને તિર્યંચો સોપક્રમ છે. એથી જ અપવર્ત્તનીય આયુષ્યવાળા હોય છે અને નિરૂપક્રમ છે. એથી જ અનપવર્ત્તનીય આયુષ્યવાળા છે.

ત્યાં આયુના બંધકો, મિશ્રદૃષ્ટિ-સમ્યક્ મિથ્યાદૃષ્ટિ રૂપ મિશ્રદૃષ્ટિ વગરના, મિથ્યાદૃષ્ટિ (પ્રથમ ગુણસ્થાનક)થી અપ્રમત્ત સંયમ સુધી (સાતમા ગુણસ્થાનક) અર્થાત્ આ ઉપરોક્ત છઃ ગુણસ્થાનકોમાં અજઘન્ય ઉત્કૃષ્ટ અધ્યવસાય વિશેષવાળા, વિસ્તૃત કષાયવાળા સાદિ (આદિવાળા) અધ્રુવ આયુના વિકલ્પ-ભેદવાળા અને અપ્રમત્ત ગુણસ્થાનવર્તીઓ તો, સાતમા ગુણસ્થાનકથી આગળના-આઠમા આદિ ગુણસ્થાનકવાળા આયુષ્યનો બંધ કરનારા હોતા નથી, કેમ કે- શુદ્ધ અધ્યવસાય છે.

તથા નારક, દેવ, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો છઃ મહિનાનું આયુષ્ય જ્યારે બાકી રહે, ત્યારે આગળના ભવનું આયુષ્ય બાંધે છે. બાકીના સોપક્રમી આયુષ્યવાળા, પૃથ્વી-અપ્-વાયુ-તેજસ્-વનસ્પતિકાય, બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય જીવો અને નિરૂપક્રમ આયુષ્યવાળા પંચેન્દ્રિયો, નિયમથી પોતાના આયુષ્યના ત્રીજા ભાગે આગળના ભવનું આયુષ્ય બાંધે છે. વળી પંચેન્દ્રિયો પોતાના આયુષ્યના ત્રીજા-નવમા-સત્તાવીશમા ભાગે બાકી રહ્યે છતે અથવા છેલ્લું અંતર્મુહૂર્ત્ત બાકી રહે ત્યારે, આગળના ભવનું આયુષ્ય બાંધે છે. આ જ ભવસ્થિતિ (તે ભવનું આયુષ્ય) છે.

(આપણા પોતાથી ઉત્પન્ન થયેલ અધ્યવસાય વગેરે બીજાઓએ પ્રેરેલા વિષ-શસ્ત્ર વગેરે જે આયુષ્યનો નાશ કરનારા છે, તે 'ઉપક્રમ' કહેવાય છે.

(૧) અધ્યવસાન- અત્યંત સંકલ્પ-વિકલ્પયુક્ત રાગ, સ્નેહ, ભય વગેરેથી.

(૨) નિમિત્ત-વિષપાન, શસ્ત્રઘાત, અતિ-અલ્પ-ભારે-લુખ્ખા-વિકારી અને અહિતકારી આહારથી.

(૩) શૂલ વગેરે વેદનાથી.

(૪) ખાડા વગેરેમાં પડી જવાથી.

(૫) પર આઘાતથી.

(૬) ઝેરી સર્પ વગેરેના ડંસથી.

(૭) વિકૃત શ્વાસોશ્વાસના જોરથી ચાલવાથી તે રોકવાથી મૃત્યુ થાય છે.)

આ પ્રમાણે દેવભવના નિવાસમાં હેતુભૂત જે આયુષ્ય, તેની પ્રાપ્તિમાં કારણભૂત કર્મ 'દેવાયુઃ' કર્મ છે એમ સમજવું. દેવભવ નિવાસહેતુ આયુઃ પ્રાપકત્વ વિશિષ્ટ કર્મત્વલક્ષણનો અર્થ છે. મનુષ્યના આયુઃ આદિમાં વ્યભિચાર રૂપ અતિવ્યાપ્તિના વારણ માટે 'દેવ ભવનિવાસહેતુ' એવું આયુષ્યનું વિશેષણ મૂકેલ છે. દેવપદ પણ આ જ હેતુથી મૂકેલ છે.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ. અબાધાકાળ ક્રોડ પૂર્વનો ત્રીજો ભાગ. જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ. અબાધાકાળ, અંતર્મુહૂર્ત્ત.

અહીં આયુષ્યવિષયક અબાધામાં ચાર ભાંગા (પ્રકારો) છે.

(૧) પૂર્વક્રોડના આયુષ્યવાળો મનુષ્ય, ત્રીજો ભાગ આયુષ્યનો બાકી રહે છતે, ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આગામી દેવભવના આયુષ્યને જ્યારે બાંધે છે, ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ-ઉત્કૃષ્ટ અબાધા રૂપ પહેલો ભાંગો છે.

(૨) તે જ મનુષ્ય, જઘન્ય મધ્યમ આયુષ્યવાળો, જ્યારે અંતર્મુહૂર્ત્તપ્રમાણ આયુષ્ય બાકી રહે, ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આગામી દેવભવના આયુષ્યને બાંધે છે. તે ઉત્કૃષ્ટ સ્થિતિ-જઘન્ય અબાધારૂપ બીજો ભાંગો છે.

(૩) ક્રોડપૂર્વના આયુષ્યવાળો મનુષ્ય, જ્યારે પૂર્વક્રોડના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે, ત્યારે દશ હજાર વર્ષપ્રમાણ જઘન્ય સ્થિતિવાળું દેવાયુષ્ય બાંધે છે. તે દેવાયુની અપેક્ષાએ જઘન્ય સ્થિતિ-ઉત્કૃષ્ટ અબાધા રૂપ ત્રીજો પ્રકાર છે.

(૪) જઘન્ય આયુષ્યવાળો મનુષ્ય આદિ, અંતર્મુહૂર્ત્તપ્રમાણ આયુષ્ય બાકી રહે છતે દશ હજાર વર્ષનું દેવાયુષ્ય બાંધે છે. તે જઘન્ય સ્થિતિ-જઘન્ય અબાધા રૂપ ચોથો પ્રકાર છે.

अथ मनुजायुराह—

मनुजभवनिवासनिदानायुः प्रापकं कर्म मनुजायुः । तिर्यग्भवनिवासहेत्वायुः-प्राप्तिजनकं कर्म तिर्यगायुः । २७ ।

मनुजभवेति । स्पष्टं लक्षणम्, त्रिपल्योपमा परा स्थितिः । जघन्या तु क्षुल्लकभवप्रमाणा, अबाधाऽन्तर्मुहूर्त्तकालः । तिर्यगायुराह—तिर्यगिति, लक्षणं स्पष्टम् । यावत्स्वायुःपरिसमाप्तिं कदापि मृत्युसमीहाभावादिदमाह्लादजनकत्वाच्छुभम् । तिर्यग्गतितिर्यगानुपूर्व्यौ तु संक्लिष्टाध्यवसायैरात्मसात्क्रियमाणत्वेनाशुभत्वात्पापात्मके इति । परा स्थितिः त्रिपल्योपमा, अपरा चान्तर्मुहूर्तम् ॥

મનુષ્યાયુ અને તિર્યંચાયુના સ્વરૂપને કહે છે-

ભાવાર્થ- મનુષ્યભવના નિવાસના નિદાનભૂત આયુની પ્રાપ્તિમાં કારણભૂત કર્મ 'मनुज आयुः' તિર્યંચભવના નિવાસમાં હેતુભૂત આયુષ્યની પ્રાપ્તિજનક કર્મ 'तिर्यंचायुः.'

વિવેચન- અહીં લક્ષણ સ્પષ્ટ છે. મનુષ્યાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ, જઘન્ય સ્થિતિ ક્ષુલ્લક ભવ બસોછપ્પન આવલિકાપ્રમાણ અને અબાધાકાળ અંતર્મુહૂર્ત્ત.

તિર્યંચના આયુષ્યનું લક્ષણ સ્પષ્ટ છે. પોતાના આયુષ્યની પરિસમાપ્તિ સુધી કોઈ પણ વખતે તિર્યંચોને મૃત્યુની ઇચ્છા નહિ હોવાથી આ તિર્યંચાયુષ્ય આનંદદાયી હોવાથી શુભ (પુણ્ય રૂપ) છે. તિર્યંચની ગતિ અને આનુપૂર્વી તો સંકિલષ્ટ અધ્યવસાયોથી આત્મસાત્ કરાતી હોવાથી અશુભ હોવાથી પાપ રૂપ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે.

तीर्थकरनामकर्माह—

अष्टमहाप्रातिहार्याद्यतिशयप्रादुर्भवननिमित्तं कर्म तीर्थकरनाम । २८ ।

अष्टेति । 'अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनञ्च । भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणा'मिति श्लोकेऽष्टौ प्रातिहार्य्याणि प्रतिपादितानि ग्राह्याणि । अष्टमहाप्रातिहार्याद्यतिशयप्रादुर्भावनिमित्तत्त्वे सति कर्मत्वं लक्षणम् । विशिष्टर्द्धियुक्तानां चक्रधरमादीनामुच्चैर्गोत्रेऽतिव्याप्तिवारणायाष्टविधप्रातिहार्यादीति । गणधरत्वन्तु श्रुतज्ञानावरण-क्षयोपशमनिमित्तत्वान्न तीर्थकरनामवत् गणधरनामकर्मोपसंख्यानापत्तिः । न च तीर्थकरस्यापि श्रुतज्ञानावरणक्षयोपशमो वा चक्रधरादीनामिवोच्चैर्गोत्रविशेषो वा निमित्तमस्त्विति वाच्यं तीर्थप्रवर्त्तनफलत्वेन तीर्थकरनामकर्मणोऽभ्युपगमादिति । अस्योत्कृष्टा स्थितिः सागरोपम-कोटीकोटेरन्तः । अबाधान्तर्मुहूर्त्तमेवमेव जघन्या स्थितिरपि किञ्चिन्न्यूना ॥ एतत्कर्मविंशतेः[१] स्थानकानामाराधनात् सम्यक्त्वशालिना नृगतावेव तृतीये भवे निकाच्यते । केवलोत्पत्त्य-नन्तरमस्योदयः, धर्मोपदेशनादिभिश्चैतदग्लान्या वेद्यत इति ॥

---

१. एतच्चकर्म मनुजगतिस्थ एव पुरुषः स्त्री नपुंसको वा तीर्थकरभवात्पृष्टतस्तृतीयभवं प्राप्य बध्नाति, बन्धोऽयं निकाचनारूपबन्धापेक्षया, अनिकाचनारूपस्तु तृतीयभवात्प्रागपि, तृतीयभवात्प्रागपि, जघन्यतोऽप्यन्तस्सागरोपमकोटीकोटिप्रमाणत्वात्, तत्र निकाचितमवन्ध्यफलमितरत्तूभयथापि । निकाचनारूपश्च तृतीयभवादारभ्य यावत्तीर्थकरभवेऽपूर्वकरणस्य संख्येयभागाः, तत ऊर्ध्वं व्यवच्छेदः, केवलज्ञानोत्पत्तौ चाष्टमहाप्रातिहार्यादिरूपे सुरेन्द्रकृते पूजोपचारे सति सदेवमनुजासुरायां परिषदि ग्लानिपरिहारेण धर्मदेशनया श्रुतचारित्ररूपधर्मप्ररूपणलक्षणया चतुस्त्रिंशता देहसौगन्ध्यादिभिरतिशयैः पञ्चत्रिंशता बुद्धिवचनातिशयैस्तद्वेद्यत इति भावः ॥

તીર્થંકરનામકર્મને જણાવે છે-

ભાવાર્થ- આઠ મહાપ્રાતિહાર્ય આદિ રૂપ અતિશયોના પ્રાદુર્ભાવમાં નિમિત્તભૂત કર્મ 'તીર્થંકરનામ.'

વિવેચન- અશોક વૃક્ષ, સુરોએ કરેલ પંચવર્ણની પુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, સપાદપીઠ ઉજ્જવલ સિંહાસન, મસ્તકની પાછળ સૂર્યમંડલની શોભા કરતાં પણ ચઢીયાતું સુંદર-ભામંડલ, દુંદુભિનો અવાજ થયા કરે, ત્રણ છત્ર-એમ તીર્થંકર-જિનેશ્વરોના સાચા-વિદ્યમાન આઠ પ્રાતિહાર્યો છે. અર્થાત્ આઠ પ્રાતિહાર્ય આદિ (સહજના ચાર, કર્મક્ષયજન્ય અગીઆર અને દેવકૃત ઓગણીશ મળીને ચોત્રીશ અતિશયો તથા વાણીના પાંત્રીશ ગુણો રૂપ અતિશયો) અતિશયોના પ્રાદુર્ભાવમાં નિમિત્તત્વ વિશિષ્ટ કર્મત્વ, એ લક્ષણ સમજવું.

વિશિષ્ટ ઋદ્ધિવાળા ચક્રવર્તી આદિના ઉચ્ચ ગોત્રમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અષ્ટવિધપ્રાતિહાર્ય આદિ'- આ પ્રમાણે અતિશયનું વિશેષણ છે.

ગણધરપણું તો, શ્રુતજ્ઞાનાવરણ ક્ષયોપશમજન્ય હોવાથી (ક્ષાયોપશમિક હોઈ) ઉદયનિમિત્ત તીર્થંકરનામકર્મની માફક ગણધરનામકર્મની (ગણનાની) પ્રાપ્તિ નથી.

શંકા- તીર્થંકર પ્રત્યે પણ શ્રુતજ્ઞાનાવરણ ક્ષયોપશમ અથવા ચક્રવર્તી આદિની માફક વિશિષ્ટ ગોત્ર રહો !-એમ કહીએ તો શો વાંધો ?

સમાધાન- તીર્થપ્રવર્તન રૂપ કાર્ય પ્રત્યે તીર્થંકરનામકર્મ કારણ છે, એમ સ્વીકારેલ છે. અર્થાત્ તીર્થ પ્રવર્ત્તન રૂપ કાર્યત્વેન તીર્થંકરનામકર્મત્વેન કાર્ય-કારણભાવ અહીં સમજવો. આ તીર્થંકરનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સાગરોપમ કોટાકોટીની અંદર સાંતઃ સાગરોપમ કોટાકોટી. અબધાકાળ અંતર્મુહૂર્ત્ત. જઘન્ય સ્થિતિ સાંતઃ સાગરોપમ કોટાકોટીથી કાંઈક ન્યૂન.

આ તીર્થંકરનામકર્મ, વીસ સ્થાનકોની આરાધનાથી સમ્યક્ત્વથી સમલંકૃત ઉત્તમોત્તમ પુરુષ વડે મનુષ્યગતિમાં જ ત્રીજા ભવમાં નિકાચિત કરાય છે. કેવલજ્ઞાનની ઉત્પત્તિ બાદ આ તીર્થંકરનામકર્મનો વિપાક રૂપ ઉદય છે. આ તીર્થંકરનામકર્મ ગ્લાનિ વગર ધર્મના ઉપદેશ વગેરેથી ભોગવાય-અનુભવાય છે.

तदेवं द्विचत्वारिंशद्विधानि पुण्यकर्माण्यभिधायतद्धेतूनामध्यवसायविशेषप्रभवसुपात्रदानादीनामपि पुण्यफलदत्वेन पुण्यरूपत्वमित्यभिमन्यमानः पुण्यस्य द्वैविध्यमादर्शयति—

पुण्यमिदं कार्यकारणभेदेन द्विविधम् । एतानि कर्माणि कार्यरूपाणि जीवानुभवप्रकाराणि । एतेषां हेतवस्तु सुपात्रेभ्यो निरवद्यान्नवसतिवासोजलसंस्तारकादीनां प्रदानं, मनसश्शुभसंकल्पः, वाक्काययोश्शुभव्यापारः, जिनेश्वरप्रभृतीनां नमनादय इति दिक् । इति पुण्यनिरूपणम् । २९ ।

पुण्यमिदमिति । पवित्रीकरणनिदानं पुण्यमिदमित्यर्थः । एतानीति सातादिद्विचत्वारिंशद्विधानि कर्मप्रकृतिग्रन्थानुसारीणि कर्माणि भूतव्रत्यनुकम्पादिफलकानि कार्यरूपाणि जीवैः

सुखादिरूपेणानुभवनीयानीत्यर्थः । कारणात्मकपुण्यमाह-एतेषामिति । द्वाचत्वारिंशद्विधानां कर्मणामित्यर्थः । हेतव इति नमनादय इत्यग्रेतनेनान्वयः, भवन्तीति शेषः । सुपात्रेभ्य इति, सम्यग्दर्शनज्ञानचारित्रतपस्सम्पन्नेभ्य इत्यर्थः, निरवद्यस्यान्नस्य सुरभिलवणस्निग्धमधुरत्वादिभिरच्युतस्य शालिव्रीहिगोधूमादिनिष्पन्नस्याशनस्य, वसतेर्वाससो जलस्य संस्तारकादीनाञ्च प्रदानम्-अनसूयाऽविषादादरपरमप्रीतिकुशलाभिप्रायदृष्टफलानपेक्षानिरुधित्वानिदानत्वादिगुणयुतदातृकृतातिसर्गः, पुण्योपचयनिर्जराहेतुः, मनसः शुभसंकल्प इति, अनभिध्यादिधर्मशुक्लध्यानध्यायित्वादय इत्यर्थः, वाक्काययोः शुभव्यापार इति, अहिंसाऽस्तेयादयश्शुभः काययोगः, असावद्यादिवचनमागमविहितभाषणं च शुभवाग्योगः, योगैरेभिस्त्रिभिश्शुभकर्मण आस्रवो भवति । जिनेश्वरेति तीर्थपत्याचार्योपाध्यायादीनामित्यर्थः, यद्यपि वस्तुतो मनोवाक्कायानां शुभव्यापारस्यैव द्विचत्वारिंशद्विधस्य पुण्यस्य कारणत्वं तथापि किञ्चिद्विस्तरेण सामान्यशेमुषीकाणां बोधाय तस्यैव प्रपञ्च आदर्शितः । न च पुण्यस्यापि पापवत्पारतन्त्र्याविशेषात्तयोर्भेदोऽनुचित इति वाच्यम् इष्टानिष्टनिमित्तभेदात्तत्सिद्धेः । इष्टगतिजातिशरीरेन्द्रियविषयादीनां हि निर्वर्त्तकं पुण्यम् । अनिष्टगत्यादीनां निर्वर्त्तकं पापमिति वैचित्र्यं सुप्रसिद्धमेवेति ॥

तत्र कर्मप्रकृतयः सामान्यतो द्विविधाः, घातिका अघातिकाश्चेति, ज्ञानदर्शनावरणमोहान्तराया घातिकाः, अपरा अघातिकाः । अघातिकास्तु सर्वघातिका देशघातिकाश्चेति द्विविधाः । तत्र केवलदर्शनावरणनिद्रानिद्राप्रचलाप्रचलास्त्यानर्द्धिनिद्राप्रचलाकेवलज्ञानावरणद्वादशकषायमिथ्यात्वाख्या विंशतिप्रकृतयस्सर्वघातिकाः । ज्ञानावरणचतुष्कदर्शनावरणत्रयान्तरायपञ्चकसंज्वलननोकषायसंज्ञका देशघातिनः । एवं शरीराङ्गोपाङ्गनिर्माणसंघातसंस्थानसंहननस्पर्शरसगन्धवर्णागुरुलघुपराघातोपघाताऽऽतपोद्योतप्रत्येकसाधारणस्थिरास्थिरशुभाशुभनामकर्माणि पुद्गलविपाकप्रदानि, आनुपूर्वी तु क्षेत्रविपाककरा, आयुर्भवधारणफलं, अवशिष्टाः प्रकृतयो जीवविपाकहेतवो बोध्याः । एवं नारकादिचतुर्गतिषु नरकगतौ तावत्सात-

१. केवलदर्शनज्ञानयोस्सर्वात्मनाऽऽवरणादनयोस्सर्वधातित्वं न तुदर्शनज्ञानमात्रावारकत्वात्, तथात्वेजीवस्याजीवत्वापत्तेः २. स्वस्वविषयाणां सर्वात्मना घातकत्वासम्भवादिति भावः । अघातिकास्तु न ज्ञानादिगुणं घातयन्ति, किन्तु सर्वदेशघातिनीभिस्सह वेद्यमानास्सर्वदेशघातिरसविपाकं दर्शयन्ति, यथा चौरैस्सहाचौरश्चौर इवावभासते ॥ ३. शरीरान्तर्गतपुद्गलेष्वात्मीयशक्तिप्रदर्शनात् क्षेत्रेति, आकाश एव स्वशक्तिप्रदर्शिका, विग्रहगतावेवास्या उदयादिति भावः । भवेति, स्वयोग्यभव एवोदयीत्यर्थः, नान्यस्मिन् भवे गतय इवेति भावः । जीवेति, जीव एवादर्शनित्वाज्ञानित्वाचारित्रित्वादातृत्वसुखित्वदुःखित्वकारिण्य इति भावः ॥

पञ्चेन्द्रियवैक्रियतदङ्गोपाङ्गतैजसकार्मणवर्णचतुष्कागुरुलघुपराघातोच्छ्वासनिर्माणत्रसबादरपर्याप्त-प्रत्येकस्थिरशुभनामानि कर्माणि उदयापेक्षया वर्त्तन्ते । मनुजगतौ सुरत्रिकतिर्यगायुरातपनामानि पञ्चविहायान्यानि वर्त्तन्ते । देवगतौ तु मनुजत्रिकतिर्यगायुरौदारिकद्विकातपाहारक-द्विकतीर्थकरनामानि वर्जयित्वा शेषाणि वर्त्तन्त इत्यादि विषयबाहुल्याभिप्रायेण दिगित्युक्तम् । दिङ्मात्रेणात्र पुण्यतत्त्वं व्यावर्णितं विस्तरस्तु प्रवचने द्रष्टव्यमिति भावः ॥ पुण्यतत्त्ववर्णनं निगमयति इतीति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार
श्रीमद्विजयकमलसूरीश्वरचरणनलिनविन्यस्तभक्तिभरेण
तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा** विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां
न्यायप्रकाशव्याख्यायां पुण्यनिरूपणं नाम **चतुर्थः किरणः** ॥

આ પ્રમાણે બેંતાલીશ પ્રકારના પુણ્યકર્મો કહીને, તે પુણ્યકર્મના હેતુભૂત અધ્યવસાયવિશેષથી જન્ય સુપાત્રદાન વગેરે પણ, પુણ્ય રૂપ ફળને આપનારા હોઈ (કારણે કાર્યના ઉપચારની અપેક્ષાએ) પુણ્ય રૂપ છે, એમ માનતાં શાસ્ત્રકાર પુણ્યના બે પ્રકારો દર્શાવે છે.

ભાવાર્થ- આ પુણ્યતત્ત્વ કાર્ય અને કારણના ભેદથી બે પ્રકારનું છે. આ પૂર્વોક્ત કર્મો કાર્ય રૂપ પુણ્ય છે, કેમ કે- જીવના અનુભવપ્રકાર રૂપ છે. આ પુણ્ય રૂપ કર્મોના હેતુઓ તો સુપાત્રોમાં, નિરવદ્ય (નિર્દોષ) અન્ન-જલ-વસ્ત્ર-વસતિ-સંથારો વગેરેનું પ્રદાન, મનનો શુભ સંકલ્પ, વચન અને કાયાનો શુભ વ્યાપાર, તેમજ જિનેશ્વર વગેરેના નમસ્કાર વગેરે. આ પ્રમાણે પુણ્યતત્ત્વનું નિરૂપણ સમાપ્ત થાય છે.

વિવેચન- અપવિત્રને પવિત્ર કરનારું જો કોઈ એક દુનિયામાં તત્ત્વ હોય, તો તે 'પુણ્યતત્ત્વ' છે-એમ વ્યુત્પત્તિજન્ય અર્થ છે.

(૧) કાર્ય રૂપ પુણ્ય-આ હમણાં જ કહેલ સાતા વગેરે બેંતાલીશ પ્રકારવાળા કર્મપ્રકૃતિ ગ્રંથના અનુસારી કર્મો, ભૂત (પૃથ્વી-અપ્-તેજસ્-વાયુ-વનસ્પતિ-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય નામવાળા જીવો પ્રત્યે) વિષયક દયા, વ્રતસંપન્ન શ્રાવક કે સાધુઓ પ્રત્યે વિશિષ્ટ અનુકંપા, વિશિષ્ટ ભક્તિ (સરાગસંયમ-સંયમાસંયમ-અકામનિર્જરા-બાલતપોયોગ-ક્ષમા-શૌચ-ધર્માનુરાગ-ધર્મ-સેવા-શીલવ્રત-પૌષધોપવાસ-રતિ-તપોનુષ્ઠાન-બાલ-વૃદ્ધ-ગ્લાન-તપસ્વી-વૈયાવૃત્ત્ય અનુષ્ઠાન ધર્માચાર્ય-માતૃ-પિતૃભક્તિ-સિદ્ધચૈત્ય-પૂજા શુભ પરિણામ, આ સાતાવેદનીયના મૂળ કારણો છે.) વગેરે કારણ કલાપજન્ય, કાર્ય રૂપ જીવોથી સુખ આદિ રૂપે અનુભવયોગ્ય છે. આવો અર્થ સમજવો.

(૨) કારણ રૂપ પુણ્ય- આ બેંતાલીશ ભેદવાળા કર્મોના હેતુઓ, જેમ કે- સુપાત્રોમાં એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપઃસંપન્ન, તીર્થંકર-ગણધર-આચાર્ય-સ્થવિર અને મુનિ રૂપ સુપાત્રોમાં નિરવદ્ય અન્ન, એટલે કે-સુગંધ-લવણ-સ્નિધ-મધુરતા આદિ ગુણસંપન્ન શાલિવ્રીહિ (ચોખાની જાતિ), ઘઉં વગેરેથી

તૈયાર કરેલું-પકાવેલું અન્નનું પ્રદાન, વસતિ-ઉપાશ્રયનું દાન, વસ્ત્રોનું પ્રદાન, જળનું દાન, સંથારો વગેરે સંયમોપકરણોનું પ્રદાન (ઈર્ષ્યા કે ખેદ વગર, આદર-પરમ પ્રીતિ, કુશલ ભાવપૂર્વક, દુન્યવી પ્રત્યક્ષ ફળની કામના વગર, કપટ વગર અને નિયાણાનો અભાવ વગેરે ગુણપૂર્વક દાતાએ કરેલ દાન.) પુણ્યની વૃદ્ધિ અને નિર્જરાનો હેતુ છે. મનનો શુભ સંકલ્પ એટલે અભિધ્યા-હંમેશાં જીવો પ્રત્યે હિંસા આદિ અનિષ્ટનું ચિંતન રૂપ આર્ત્ત-રૌદ્રધ્યાન આદિના ત્યાગપૂર્વક ધર્મ-શુકલધ્યાન રૂપ કુશલ મનોયોગ.

વચન અને કાયાનો શુભ વ્યાપાર-કાયાનો શુભ વ્યાપાર એટલે અહિંસા-અસ્તેય-બ્રહ્મચર્ય ઇત્યાદિ રૂપ શુભ કાયયોગ અને વચનનો શુભ વ્યાપાર એટલે સાવદ્ય આદિ વચનના પરિહારપૂર્વક આગમ-શાસ્ત્રવિહિત બોલવું તે શુભ વચનયોગ. આ ત્રણેય શુભ યોગ શુભ કર્મના આશ્રવો-મૂળ હેતુઓ છે.

તથા તીર્થંકર, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ રૂપ પંચપરમેષ્ઠિઓ વગેરેને કરેલ નમન-વંદન-પૂજન વગેરે પુણ્યકર્મના હેતુઓ છે. જો કે પ્રસ્તુતઃ મન-વચન-કાયાનો શુભ વ્યાપાર જ બેંતાલીશ પ્રકારવાળા પુણ્યનું કારણ છે. તો પણ કાંઈક શબ્દપ્રપંચ રૂપ વિસ્તારથી સામાન્ય બુદ્ધિવાળા જીવોના બોધ માટે મન-વચન-કાયાના શુભ વ્યાપારરૂપ યોગનો જ વિસ્તાર દર્શાવ્યો છે.

શંકા- પાપની માફક પુણ્યમાં પણ પરતંત્રતાનો અભેદ હોવાથી પુણ્ય અને પાપનો ભેદ અનુચિત કેમ નહિ ?

સમાધાન- ઈષ્ટ અને અનિષ્ટનિમિત્તના ભેદથી ઈષ્ટનિમિત્ત પાપથી પુણ્યનો ભેદ કરે છે, જ્યારે અનિષ્ટનિમિત્ત પુણ્યથી પાપનો ભેદ કરે છે. ભલે, પરતંત્રતા હોય છતાં અર્થાત્ નિમિત્તની આધીનતા હોવા છતાં (કાર્ય રૂપ પુણ્યમાં) એકમાં ઈષ્ટનિમિત્તની આધીનતા છે. બોલો, એક કેવી રીતે ? અથવા ઈષ્ટ પ્રત્યે નિમિત્તપુણ્ય અને અનિષ્ટ પ્રત્યે નિમિત્તપાપ- એમ ઈષ્ટાનિષ્ટ પ્રત્યે નિમિત્તના ભેદથી પુણ્ય અને પાપનો ભેદ છે. એટલે પાપતત્ત્વથી પુણ્યતત્ત્વ જુદું છે, તેમજ પુણ્યતત્ત્વથી પાપતત્ત્વ જુદું છે-એમ સિદ્ધ થયેલ જાણવું.

ઈષ્ટગતિ-ઈષ્ટજાતિ-ઈષ્ટશરીર-ઈષ્ટઈન્દ્રિય વિષય આદિ પ્રત્યે જનક રૂપે પુણ્ય છે અને અનિષ્ટગતિ આદિ પ્રત્યે જનક રૂપે કર્મ પાપ છે. આવી રીતે પુણ્ય અને પાપની વિષમતા સુપ્રસિદ્ધ છે.

ત્યાં કર્મપ્રકૃતિઓ સામાન્યથી ઘાતી અને અઘાતીભેદથી બે પ્રકારની છે. આઠ કર્મોમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો 'ઘાતિકર્મ' છે. બાકીના વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર કર્મો 'અઘાતિકર્મ' છે. ઘાતિકર્મ પણ સર્વઘાતિ અને દેશઘાતિના ભેદથી બે પ્રકારના છે.

(૧) સર્વઘાતી– ૧-કેવલજ્ઞાન, ૨- દર્શનાવરણ (કેવલજ્ઞાન અને કેવલદર્શનને સર્વાત્મના-સર્વથા આવરણ કરનાર હોવાથી કેવલદર્શનાવરણ અને કેવલજ્ઞાનાવરણ સર્વઘાતી છે, પરંતુ દર્શન માત્ર કે જ્ઞાન માત્રના આવારક નથી. જો સકલ જ્ઞાનના આવારક માનવામાં આવે, તો જીવમાં અજીવપણાની આપત્તિ થાય !, ૩ નિંદ્રા, ૪-નિદ્રા નિદ્રા, ૫-પ્રચલા, ૬-પ્રચલા-પ્રચલા, ૭-સ્ત્યાનર્દ્ધિ, ૧૯-બાર કષાય, ૨૦-મિથ્યાત્વ રૂપ વીસ પ્રકૃતિઓ સર્વઘાતી છે.

(૨) દેશઘાતી-૪-જ્ઞાનાવરણ ચાર, ૭-દર્શનાવરણ ત્રણ, ૧૨-અંતરાય પાંચ, ૧૬-સંજ્વલન ચાર અને ૨૫-નવનોકષાય સંજ્ઞાવાળા કર્મો 'દેશઘાતી' છે. (પોતપોતાના વિષયોના સર્વથા ઘાતક નહિ હોવાથી 'દેશઘાતી' છે.)

એવી રીતે શરીર-અંગોપાંગ-નિર્માણ-સંઘાતન, સંસ્થાન, સંહનન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, અગુરૂલઘુ, પરાઘાત-ઉપઘાત, આતપ-ઉદ્યોત, પ્રત્યેક-સાધારણ-સ્થિર-અસ્થિર અને શુભ-અશુભ નામકર્મો પુદ્ગલવિપાકદાયી છે. (શરીરની અંદર રહેલ પુદ્ગલોમાં પોતાની શક્તિ દેખાડનાર હોઈ પુદ્ગલવિપાકી કહેવાય છે.) આનુપૂર્વી ક્ષેત્રવિપાકકારી છે. (આકાશમાં જ પોતાની શક્તિ પ્રદર્શક છે. વિગ્રહગતિમાં જ આ આનુપૂર્વીનો ઉદય છે માટે.) આયુષ્યકર્મ ભવના ધારણ રૂપી ફળવાળું છે. બાકીની પ્રકૃતિઓ જીવના વિપાકના હેતુભૂત સ્વયોગ્ય ભવમાં ઉદયવાળી ભવવિપાકી, બીજા ભવમાં ગતિની માફક ઉદયવાળી નહિ-એમ ભાવ છે. જીવમાં જ અદર્શન-અજ્ઞાન-અવિરતિ-અદાતૃત્વ-સુખ-દુઃખકારી તે જીવવિપાકી છે, એમ જાણવું.

નારક વગેરે ચાર ગતિઓમાં પુણ્યપ્રકૃતિઓના ઉદયનું વર્ણન-

(૧) નરકગતિ- બેંતાલીશ પુણ્યપ્રકૃતિઓ પૈકી ૧-સાતવેદનીય (શ્રી જિનેશ્વરના જન્મ-દીક્ષા-કલ્યાણકની અપેક્ષાએ ક્ષણવાર સાતાવેદનીયનો અનુભવ, અન્યથા નહિ.), ૨-પંચેન્દ્રિય જાતિ, ૩-વૈક્રિયશરીર, ૪-તેના અંગોપાંગ, ૫-તૈજસ, ૬-કામર્ણ, ૭-વર્ણાદિચતુષ્ક (જો કે સ્થૂલ દૃષ્ટિથી અશુભ વર્ણચતુષ્કનો ઉદય છે, પણ સૂક્ષ્મથી અલ્પાંશે શુભ વર્ણાદિ ચારનો સંભવ છે.) ૮-અગુરૂલઘુ, ૯-પરાઘાત, ૧૦-ઉચ્છ્વાસ, ૧૧-નિર્માણનામ, ૧૨-ત્રસનામ, ૧૩-બાદરનામ, ૧૪-પર્યાપ્તિ, ૧૫-પ્રત્યેક, ૧૬-સ્થિર અને ૧૭-શુભનામ રૂપ કર્મો પુણ્યકર્મો ઉદયની અપેક્ષાએ છે.

(૨) તિર્યંચગતિ-તિર્યંચગતિમાં તો મનુષ્યત્રિક, દેવત્રિક અને આહારકદ્વિક જિનનામ રૂપ કર્મો સિવાય બીજા તેત્રીશ પુણ્યકર્મો ઉદયની અપેક્ષાએ વર્તે છે.

(૩) મનુષ્યગતિ-મનુષ્યગતિમાં તો દેવત્રિક, તિર્યંચાયુઃ, આતપનામ રૂપ પાંચ પુણ્યકર્મોને છોડી, ઉદયની અપેક્ષાએ સાડત્રીશ પુણ્યકર્મો વર્તે છે.

(૪) દેવગતિ-દેવગતિમાં મનુષ્યત્રિક, તિર્યંચાયુઃ, ઔદારિકદ્વિક, આતપ, આહારકદ્વિક અને તીર્થંકરનામ રૂપી પુણ્યકર્મો છોડી, બાકીના બત્રીશ શુભ કર્મો ઉદયની અપેક્ષાએ વર્તે છે.

ઇત્યાદિ વિષયની બહુલતાના અભિપ્રાયથી દિશા માત્ર-સંક્ષેપ રૂપથી અહીં પુણ્યતત્ત્વ વર્ણવેલ છે. શબ્દપ્રપંચ રૂપ વિસ્તારે તો પ્રવચન-આગમ જોઈ લેવા. આ પ્રમાણે પુણ્યતત્ત્વનો અહીં ઉપસંહાર કરેલ છે.

-: પ્રશસ્તિ :-

ઇતિ તપોગચ્છનભોમણિ **શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર **શ્રીમદ્વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સ્થાપિત ભક્તિભરવાળા તેઓશ્રીના પટ્ટધર એવા **શ્રીમદ્વિજયલબ્ધિસૂરિએ** રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ **'ન્યાયપ્રકાશ'** નામની **ટીકામાં પુણ્યનિરૂપણ** નામનું ચોથું કિરણ સમાપ્ત થાય છે.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરિએ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **ચતુર્થ કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

ઇતિ ચોથું કિરણ

अथ पञ्चमः किरणः

अथावसरसङ्गत्या पापतत्त्वं निरूपयितुमुपक्रमते–

दुःखोत्पत्तिप्रयोजकं कर्म पापम् । १ ।

दुःखोत्पत्तीति । विरोधिद्रव्योपनिपातादभिमतवियोगानिष्टसंयोगानिष्टश्रवणादेः पीडालक्षण आत्मनः परिणामो दुःखमित्यर्थः । दुःखोत्पत्तिप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणं विशेषणानुपादाने सातादौ विशेष्यानुपादाने कालादिसमवाये व्यभिचारादुभयम् । न चेदृशदुःखोत्पत्तिप्रयोजकत्वे सति कर्मत्वस्यासातवेदनीय एव सत्त्वान्मतिज्ञानावरणादावव्याप्तिः । उक्तञ्च तत्त्वार्थसूत्रकृता–"दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभयस्थानान्यसद्वेदनीयस्ये"ति, ज्ञानदर्शनावरणादीनां प्रदोषनिह्नवादिजनकत्वेन न दुःखोत्पत्तिहेतुत्वमिति वाच्यम् । मतिज्ञानावरणादीनामपि परम्परया दुःखोत्पत्तिहेतुत्वात् साक्षाद्धि फलं प्रदोषनिह्नवादयः । ननु पुण्यमेकमेवास्तु न पापम्, न च दुःखोपपत्तिः कस्यापि न स्यादिति वाच्यम् । पुण्यस्य तारतम्येन तदुपपत्तेः । परां काष्ठामासादितस्य पुण्यस्यातिशयसुखं फलं, तस्यैव च तारतम्ययोगेनापकर्षात् सुखस्यापि हान्या तदपेक्षया तत्सुखस्य दुःखत्वम्, एवमेव परमजघन्यस्य पुण्यलेशस्य नरकदुःखं फलमिति कस्यापि दोषस्याभावात्पापलक्षणप्रणयनमसंगतमिति चेन्मैवम्, विनिगमनाविरहेणोभयस्यापि सिद्धेः । अनुभूयते[१] हि सुखदुःखयोर्वैजात्यम्, तच्च विजातीयमनुरूपं कारणमन्तरेण कथं हि भवेत्, तस्मादस्ति सुखस्यानुरूपं कारणं पुण्यं दुःखस्यानुरूपञ्च कारणं पापमिति । न च पुण्यपापे न सुखदुःखयोरनुरूपे कारणे, सुखदुःखयोरात्मपरिणामत्वात् पुण्यपापयोश्च पौद्गलिकत्वादिति वाच्यम्, सर्वथा कार्यानुरूपत्वस्य कारणेऽनिष्टत्वात् कार्याननुरूपत्वस्य वा, अपि तु सकलमपि वस्तु परस्परं तुल्यातुल्यरूपमेव।

---

१. विजायतीयकार्यदर्शनेनानुरूपेण विजातीयकारणेन भवितव्यमेवेत्याशयेनाहानुभूयत इति ।

[१]अत्र तु कार्यस्य सुखादेः कारणपुण्यादिपर्यायत्वादनुरूपत्वं प्रोक्तम् । न च कथं सुखदुःखे पुण्यपापयोः पर्याय इति वाच्यम्, सुखं प्रति जीवपुण्यसंयोगस्य दुःखं प्रति जीवपापसंयोगस्य हेतुत्वेन च सुखदुःखयोः पुण्यपापपर्यायत्वात् । तथा च यथा सुखं शुभशिवकल्याणादि-शब्दैर्व्यपदिश्यते तथा पुण्यमपि, यथा दुःखञ्चाशुभाशिवाकल्याणादिशब्दैर्व्यपदिश्यते तथा पापमपीति सिद्धं पुण्यातिरिक्तं पापमिति ॥

श्री पापतत्त्वनिरूपण नामक पंचम किरण

હવે અવસરસંગતિથી પુણ્યકર્મના જ્ઞાન થયા બાદ પુણ્યવિરોધી કયું તત્ત્વ છે ?- એવી વિપક્ષવિષયક જિજ્ઞાસા થાય છે, તો તેના સમાધાન માટે અવશ્ય (અનન્તર) વક્તવ્યત્વ રૂપ અવસરસંગતિથી. કેમ કે- 'ना संगत प्रयुञ्जीत' - આવું અભિયુક્તનું કથન હોવાથી અવસરસંગતિથી. જો કે સંગતિના છઃ ભેદો છે. જેમ કે-

"सप्रसङ्ग उपोद्घातो हेतु ताडवसरस्तथा ।
निर्वाहकैक्यं कार्यैक्यं षोढा संगतिरिष्यते ॥"

ઉક્ત શ્લોકમાં કહેલ છઃ સંગતિમાંથી અવસરસંગતિથી.

(उपोद्घातादि भिन्न स्मरण प्रयोजक संबंधःप्रसङ्गः, प्रकृतोपसाधकत्वं उपोद्घातः, अनन्तरवक्तव्यत्वमवसरः, एक प्रयोजक प्रयोज्यत्वं-निर्वाहकैक्यं, कार्यैक्यमेककार्यानुकूलत्वम् अनन्तराभिधान प्रयोजकजिज्ञासाजनक-ज्ञानविषयानुकूल सम्बन्धो निरूपणीय निष्ठासङ्गतिः)

(पुण्यतत्त्व निरूपणानन्तर पापतत्त्वनिरूपणे प्रयोजकजिज्ञासा, पापतत्त्वज्ञानमेव भवतु इत्याकारिका, प्रयोजकजिज्ञासा जनकज्ञानं 'पापतत्त्वज्ञानमदिष्ट साधनं इत्याकारकं' तद्विषयः पापतत्त्वं, तत्सर्वमनुकूल संबंधे, पापतत्त्वनिष्ठाऽवश्य-अनन्तर वक्तव्यत्वं सङ्गतिः)

પાપતત્ત્વનું નિરૂપણ કરવા માટે પ્રારંભ કરે છે-

ભાવાર્થ- દુઃખની ઉત્પત્તિમાં પ્રયોજક રૂપ કારણ 'પાપકર્મ' છે.

વિવેચન- દુઃખ એટલે વિરોધી-અણગમતા દ્રવ્યના સંબંધથી ઇષ્ટવિયોગ-અનિષ્ટસંયોગ-અનિષ્ટશ્રવણ આદિથી જન્ય અને પીડા રૂપી લક્ષણવાળો આત્માનો વિશિષ્ટ પરિણામ 'દુઃખ' કહેવાય છે.

દુઃખોત્પત્તિપ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ લક્ષણ છે. જો દુઃખોત્પત્તિપ્રયોજકત્વ રૂપ વિશેષણ ન કહેવામાં આવે, તો સાતાવેદનીય આદિ કર્મમાં વ્યભિચાર રૂપ અતિવ્યાપ્તિના વારણ માટે વિશેષણ દલ કહેલ છે. જો કર્મત્વ રૂપ વિશેષ્ય ન કહેવામાં આવે, તો કાળ આદિ સાધારણ કારણમાં વ્યભિચાર રૂપ અતિવ્યાપ્તિના વારણ માટે વિશેષ્ય દલ મૂકેલ છે.

શંકા- આવા દુઃખની ઉત્પત્તિપ્રયોજક કર્મત્વની અસાતાવેદનીયમાં જ સત્તા હોવાથી મતિજ્ઞાનાવરણ આદિમાં અવ્યાપ્તિ રૂપ લક્ષણદોષ કેમ નહિ ? વળી તત્ત્વાર્થસૂત્રકારે (૬-૧૨) સૂત્રમાં કહ્યું છે કે-

१. **नन्वेवं तर्हि कथमनुरूपविजातीयकारणानुमानमुच्यते, सर्वस्य सर्वेण तुल्यातुल्यरूपत्वादित्यत्राहात्रत्विति, तथा च सुखस्य पापापर्यायत्वाद्दुःखस्य पुण्यापर्यायत्वात्सुखदुःखे प्रति पापपुण्येऽननुरूपे, तयोः पुण्यपापपर्यायत्वाच्च ते प्रति तेऽनुरूपे इति भावः ॥**

"અસાતાવેદનીયના, દુઃખ-શોક-તાપ-આક્રંદન-વધ-પરિદેવન, સ્વ-પર ઉભયમાં રહેલા આશ્રવો 'મૂલ કારણો છે."

જ્ઞાનાવરણ- દર્શનાવરણ આદિ, જ્ઞાનાદિવિષય પ્રદોષ-પ્રદ્વેષ, નિહ્નવ આદિ રૂપ કારણથી જન્ય હોવાથી જ્ઞાનપ્રતિબંધ આદિ રૂપ કાર્યજનક હોઈ જ્ઞાનાવરણ આદિમાં દુઃખની ઉત્પત્તિ પ્રત્યે કેવી રીતે જનકપણું ?

સમાધાન- મતિજ્ઞાનાવરણ આદિ કર્મો-પાપકર્મો પરંપરાએ દુઃખની ઉત્પત્તિ પ્રત્યે હેતુ છે, પરંતુ સાક્ષાત્ અજ્ઞાન-અદર્શન આદિ રૂપ ફલના જનક છે, એટલે કોઈ દોષ નથી.

શંકા- એક પુણ્ય નામનું જ તત્ત્વ રહો ! પાપતત્ત્વ શા માટે માનવું ? કોઈ પણ જીવમાં દુઃખની ઉપપત્તિ (સાધકપ્રમાણોપન્યાસ રૂપ યુક્તિ-ઘટના) નહિ થાય એમ નહિ કહેવું, કેમકે- પુણ્યના તારતમ્યથી (ન્યૂનાધિક-ઉત્કર્ષાપકર્ષ ભાવથી) દુઃખની સિદ્ધિ છે. ઉત્કૃષ્ટ દશાવાળા પુણ્યનું અતિશય સુખ રૂપ ફળ છે. તે જ પુણ્યના અપકર્ષથી સુખની પણ હાનિ થવાથી તેની અપેક્ષાએ તે સુખનું દુઃખપણું છે. આ પ્રમાણે જ પરમ જઘન્ય કોટિના પુણ્યલેશનું નરકનું દુઃખ ફળ છે. એમ કોઈ પણ દોષ નહિ હોવાથી પાપતત્ત્વના લક્ષણની રચના અસંગત જ છે ને ?

સમાધાન- વિનિગમના (એકતર પક્ષસાધક યુક્તિ-પ્રમાણના) અભાવથી પુણ્ય-પાપ બન્નેની પણ સિદ્ધિ છે. (સુખ અને દુઃખની એકીસાથે ઉત્પત્તિ નહિ હોવાથી એકીસાથે સુખ-દુઃખનો અનુભવ થતો નહિ હોવાથી, ક્રમથી સુખ-દુઃખ સંવેદન રૂપ ફળના અનુમાનથી કાર્ય અનુરૂપ કારણની સિદ્ધિથી સુખકારણ, પુણ્ય પૃથક્ છે અને દુઃખકારણ, પાપ પૃથક્ છે આ બન્ને ક્રમભાવિપર્યાય ફળ રૂપ છે.) વિજાતીય કાર્યદર્શનથી અનુરૂપ વિજાતીય કારણ હોવું જોઈએ. આવા આશયથી કહે છે કે-

ખરેખર, અનુભવાય છે કે-સુખ અને દુઃખમાં જાતિની વિષમતા છે. તે જ્યારે સુખ અને દુઃખ એક જાતિના નથી, ત્યારે તે સુખ-દુઃખ તેના અનુરૂપ કારણ સિવાય કેવી રીતે થાય ? તેથી સુખનું અનુરૂપ કારણ પુણ્ય છે અને દુઃખનું અનુરૂપ કારણ પાપ છે. જેમ કે- પાર્થિવ ઘટના પ્રતિ પાર્થિવ પરમાણુ.

શંકા- સુખ-દુઃખ રૂપ કાર્ય પ્રત્યે પુણ્ય અને રૂપ કારણ અનુરૂપ નથી, કેમ કે- સુખ અને દુઃખ આત્માના પરિણામ (પર્યાય) રૂપ છે તેથી અમૂર્ત્ત છે, જ્યારે પુણ્ય અને પાપ પૌદ્ગલિક છે-રૂપી-મૂર્ત્ત છે. એટલે રૂપી કર્મો સુખ-દુઃખનું કારણ નથી, કેમ કે- અનુરૂપ છે-અમૂર્ત્ત છે. જેમ કે-ઘટ.

સમાધાન- સર્વથા કાર્યાનુરૂપતા કારણમાં ઇષ્ટ નથી અથવા કાર્યની અનનુરૂપતા ઇષ્ટ નથી. પરંતુ સકલ પણ વસ્તુ (અપેક્ષાએ) પરસ્પર (સમવિષય) રૂપ છે.

(જો આમ છે, તો અનુરૂપ વિજાતીય કારણનું અનુમાન કેમ કહેવાય છે ? કેમ કે- સર્વ સર્વની સાથે તુલ્યાતુલ્ય રૂપ છે. માટે અહીં કહે છે કે- તથાચ સુખ પાપનો પર્યાય નથી અને દુઃખ પુણ્યનો પર્યાય નથી. એથી સુખ પ્રત્યે પાપ અને દુઃખ પ્રત્યે પુણ્ય અનનુરૂપ છે. સુખ પુણ્યનો પર્યાય અને દુઃખ પાપનો પર્યાય છે, માટે સુખ પ્રત્યે પુણ્ય અને દુઃખ પ્રત્યે પાપ અનુરૂપ છે-એમ ભાવ સમજવો.)

અહીં તો સુખાદિ રૂપ કાર્ય, કારણભૂત પુણ્યાદિના પર્યાય હોવાથી સુખ-દુઃખ પ્રત્યે પુણ્ય-પાપ અનુરૂપ કારણ કહેલ છે.

શંકા- પુણ્યના પર્યાય રૂપ સુખ અને પાપના પર્યાય રૂપ દુઃખ કેવી રીતે ?

સમાધાન- સુખ પ્રત્યે જીવ અને પુણ્યનો સંયોગ, તેમજ દુઃખ પ્રત્યે જીવ અને પાપનો સંયોગ (પરિણામીકારણ-સમવાયીકારણ જીવ અને નિર્વર્તક પુણ્ય-પાપના સંયોગ રૂપ અસમવાયીકારણ) હેતુ હોઈ, સુખ-દુઃખ પુણ્ય-પાપના પર્યાય છે.

તથાચ જેમ સુખ-શુભ-શિવ, કલ્યાણ આદિ શબ્દોથી વ્યવહાર કરાય છે, તેમ પુણ્ય પણ શુભ આદિ શબ્દોથી બોલાવાય છે. જેમ દુઃખ અશુભ-અશિવ-અકલ્યાણ આદિ શબ્દથી વ્યવહાર વિષયભૂત થાય છે, તેમ પાપ પણ અશુભ આદિ શબ્દોથી વ્યવહૃત થાય છે. આ પ્રમાણે પુણ્યથી પૃથક્ પાપ છે એમ સાબિત થાય છે.

ननु किं दुःखस्यात्मपरिणामविशेषस्यामूर्त्तत्वेन पापमिदमप्यमूर्त्तं स्यात्पापपर्यायत्वा-दुःखस्य, किंवा पापस्य बन्धकत्वेन मूर्त्तत्वात्तत्पर्यायभूतं दुःखमपि मूर्त्तं स्यादित्याशङ्कायामाह–

पौद्गलिकमेतत् । इदमेव द्रव्यपापमुच्यते । द्रव्यपापनामककर्मोत्पत्तिकारणात्मा शुभाध्यवसायो भावपापम् । २ ।

पौद्गलिकमेतदिति । एतद् दुःखोत्पत्तिप्रयोजकभूतं कर्मेदमित्यर्थः, पौद्गलिकं मूर्त्तमेवेत्यर्थः । तथा च मूर्त्तपापपर्यायत्वेऽपि दुःखस्य न मूर्त्तत्वं जीवस्यापि तत्र हेतुत्वात्, जीवो हि तत्र परिणामिकारणममूर्त्तश्चातस्तत्परिणामभूतं दुःखमप्यमूर्त्तमेवेति भावः, ननु कर्मबन्धेन नियतो हेतुर्योगः, स; मनोवाक्काययोगात्मकश्शुभोऽशुभो वा भवेत्, तत्राशुभ-कर्मबन्धेऽशुभो योगो हेतुश्शुभकर्मबन्धे च शुभो योगो हेतुः, योगश्च मनोवाक्कायानां परिस्पन्दो द्रव्ययोगरूपः, तथा चाध्यवसायविशिष्टेनात्मना परिस्पन्दद्वारा कर्म बध्यते, तस्मात् कर्मपरिस्पन्दयोर्निबन्धनं जीवाध्यवसायः, स च भावयोगरूपस्तस्य शुभत्वे भावपुण्यत्वम-शुभत्वे भावपापत्वमित्याशयेनाह-इदमेवेति, पौद्गलिकपापकर्मेत्यर्थः, एवशब्दो भिन्नक्रमः, तथा च पौद्गलिकं पापकर्म द्रव्यपापमेवोच्यत इत्यर्थः, तेन क्रियात्मकद्रव्ययोगस्य पापत्वेऽपि न क्षतिः । अथ भावपापमाह–द्रव्यपापेति, स्पष्टम् ॥

શંકા- શું વિશિષ્ટ આત્મપરિણામ રૂપ દુઃખ અમૂર્ત્ત હોઈ આ પાપ પણ અમૂર્ત્ત થશે ને ? કેમ કે - દુઃખ પાપનો પર્યાય છે, તો શું પાપકર્મ બંધકારક-મૂર્ત્ત હોઈ તે પાપના પર્યાયભૂત દુઃખ પણ મૂર્ત્ત થશે ને ?

સમાધાન- આવી ઉપરોક્ત શંકાના સમાધાન માટે કહે છે કે-

ભાવાર્થ- આ પાપકર્મ પૌદ્ગલિક છે. આ જ 'દ્રવ્યપાપ' તરીકે કહેવાય છે. દ્રવ્યપાપ નામવાળા કર્મની ઉત્પત્તિમાં કારણસ્વરૂપ શુભ અધ્યવસાય 'ભાવપાપ' કહેવાય છે.

विवेचन- આ દુઃખની ઉત્પત્તિમાં પ્રયોજક રૂપ કર્મ, એમ અર્થ સમજવો. પૌદ્ગલિક એટલે મૂર્ત્તજ, એમ અર્થ જાણવો. તથાચ મૂર્ત્ત એવા પાપનો પર્યાય હોવા છતાં દુઃખ મૂર્ત્ત નથી, કેમ કે-દુઃખની ઉત્પત્તિ પ્રતિ જીવપરિણામી કારણ અમૂર્ત્ત છે. એથી તે આત્માના પર્યાયપરિણામભૂત દુઃખ પણ અમૂર્ત્ત જ છે ઇતિભાવ છે.

ખરેખર, કર્મબંધ પ્રત્યે યોગ નિયત હેતુ છે. વળી તે યોગ મન-વચન-કાયા રૂપ શુભ કે અશુભ હોય છે. ત્યાં અશુભ કર્મબંધ પ્રત્યે અશુભયોગ હેતુ છે, જ્યારે શુભ કર્મબંધ પ્રત્યે શુભયોગ હેતુ છે. વળી યોગ એટલે મન-વચન-કાયાનો પરિસ્પંદ દ્રવ્યયોગ રૂપ છે. તથાચ અધ્યવસાય વિશિષ્ટ આત્મા વડે પરિસ્પંદ દ્વારા કર્મ બંધાય છે, તેથી કર્મ અને પરિસ્પંદનું મૂળ કારણ જીવનો અધ્યવસાય છે. જે જીવ અધ્યવસાય તે ભાવયોગ રૂપ છે. તે ભાવયોગ રૂપ જીવાધ્યવસાય જ્યારે શુભ વર્તતો હોય ત્યારે એ શુભ ભાવ યોગ 'ભાવપુણ્ય' કહેવાય છે, જ્યારે અશુભ ભાવયોગ હોય ત્યારે અશુભ ભાવયોગ 'ભાવપાપ' કહેવાય છે.

આવા આશયથી કહે છે કે-આ પૌદ્ગલિક પાપકર્મ જ એમ અર્થ થાય છે અહીં એવ શબ્દ ભિન્ન ક્રમવાચક હોઈ પૌદ્ગલિક પાપકર્મ દ્રવ્યપાપ જ કહેવાય છે- એવો અર્થ છે. તેથી ક્રિયા રૂપ દ્રવ્યયોગ પાપ હોવા છતાં કોઈ ક્ષતિ નથી.

દ્રવ્યપાપ રૂપ કર્મની ઉત્પત્તિમાં કારણભૂત અશુભ અધ્યવસાય 'ભાવપાપ' કહેવાય છે.

तत्र वक्ष्यमाणप्राणातिपातादिपापबन्धहेतुभिर्योगव्यापरैरर्जितमशुभं कर्म द्व्यशीतिप्रकारैर्जीवेनानुभवनात्तत्प्रकारान् क्रमेण लक्षयितुं मतिज्ञानावरणं प्रथमं लक्षयति—

इन्द्रियानिन्द्रियजन्याभिलापनिरपेक्षबोधाऽऽवरणकारणं कर्म मतिज्ञानावरणम् ।३।

इन्द्रियेति । इन्द्रियं चक्षुरादिरनिन्द्रियं मनः, इन्द्रियेतरद्वा, तथा तदुभयमेभिर्जन्या ये बोधा विशेषविषया अभिलापनिरपेक्षास्तेषामाच्छादनकारि यत्कर्म तन्मतिज्ञानावरणमित्यर्थः । यथेन्द्रियनिमित्तो बोधः, मनोरहितानामेकाक्षादीनां, अनिन्द्रियमनोनिमित्तः स्मृतिनिश्चितस्य धारणरूपः, इन्द्रियभिन्नमत्यज्ञानावरणीयक्षयोपशमजन्यमविभक्तरूपमोघज्ञानमनिन्द्रियनिमित्तबोधरूपम्, तथा जाग्रदवस्थाकालीनः चक्षुरादीन्द्रियमनोनिमित्तको रूपरसादिबोधः इन्द्रियानिन्द्रियनिमित्तकः, एवम्भूतानामभिलापनिरपेक्षाणां विशेषबोधात्मकानामावरणकारणं कर्मेति भावः । तथा चेन्द्रियानिन्द्रियजन्याभिलापनिरपेक्षबोधावरणकारणत्वे सति कर्मत्वं लक्षणार्थः । विशेष्यं कालादिवारणाय विशेषणं सातादिवारणाय । श्रुतज्ञानावरणीयेऽतिव्याप्तिवारणायाभिलापनिरपेक्षेति । धारणाज्ञानावरणीयादावव्याप्तिवारणायानिन्द्रियेति । रूपचाक्षुषादिज्ञानावरणीयेऽव्याप्तिवारणायेन्द्रियेति, दर्शनावरणीयादावतिव्याप्तिवारणाय विशेषविषयकज्ञानवाचिबोधपदम् । अवधिज्ञानावरणीयादावतिव्याप्तिवारणाय जन्यान्तम् । नन्वावरणकर्मेदं

सतां मत्यादीनामावारकमसतां वा ? नाद्यः प्राप्तात्मलाभत्वात्, सत्त्वेनैवावरणस्यानुपपत्तेः । नान्त्यः, तथा सति न स्यादेवावरणम्, नहि खरविषाणादिवदसदाव्रियते इति चेन्न, आदेशवचनात्, कथञ्चित्सतामावरणं कथञ्चिच्चासतामिति । द्रव्यार्थादेशेन हि सतां मत्यादीनामावरणं, पर्यायार्थादेशेन चासताम् । यदि त्वेकान्तेन सतामावरणं तदा क्षायोपशमिकत्वमेषां न स्यात्, अथैकान्तेनासतां तदापि तन्नोपपद्यते, असत्वात् सत एवावरणदर्शनाच्च, नभशो हि सतो मेघपटलादिनाऽऽवरणं दृश्यते, न च कुटीभूतानि मत्यादीनि कानिचित्सन्ति, येषामावरणान्मत्याद्यावरणानामावरणत्वं भवेत्, किन्तु मत्याद्यावरणसन्निधाने जीवो मत्यादिज्ञानपर्यायैर्नोत्पद्यत इत्यतो मत्याद्यावरणानामावरणत्वमिति । देशघातीदम्, अस्योत्कृष्टा स्थितिस्त्रिंशत्सागरोपमकोटीकोट्यः । वर्षसहस्रत्रयञ्चाबाधाकालः । बाधाकालस्तु यत्प्रभृति ज्ञानावरणादिकर्मोदयावलिकाप्रविष्टं यावच्च निःशेषमुपक्षीणं तावद्भवति । तच्च कर्मबन्धकालादारभ्य त्रिषु वर्षसहस्रेष्वतीतेषूदयावलिकां प्रविशति, स खल्वबाधाकालो यतस्तत्कर्म नानुभूयते तावन्तं कालमिति । जघन्या तु अन्तर्मुहूर्त्तकालः । अबाधाप्यन्तर्मुहूर्त्तमेव ॥

પાપતત્ત્વ પ્રકરણમાં આગળ કહેવાતા પ્રાણાતિપાત આદિ પાપબંધના હેતુરૂપ યોગ વ્યાપારોથી ઉપાર્જિત અશુભ કર્મ, બ્યાશી પ્રકારો દ્વારા જીવથી અનુભવાય છે. એથી પાપ કર્મ બ્યાશી ભેદોનું ક્રમસર લક્ષણ કરવા માટે પહેલાં 'મતિજ્ઞાનાવરણ'નું લક્ષણ કરે છે.

ભાવાર્થ- ઈન્દ્રિય અને મનથી જન્ય, શબ્દની અપેક્ષા વગરનો જે બોધ છે, તેને આવનારું કર્મ 'મતિજ્ઞાનાવરણકર્મ.'

વિવેચન- ઈન્દ્રિયો એટલે સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુઃશ્રોત્ર રૂપ ઈન્દ્રિયો. અનિન્દ્રિય એટલે મન અથવા ઈન્દ્રિયભિન્ન. તેમજ ઉભય એટલે ઈન્દ્રિય અને અનિન્દ્રિય.

ઈન્દ્રિયોના આલંબનથી-અનિન્દ્રિયના આલંબનથી, તેમજ ઈન્દ્રિયાનિન્દ્રિયના આલંબનથી જન્ય જે વિશેષવિષયક-શબ્દનિરપેક્ષ બોધ, તે બોધને આચ્છાદન કરનારું જે કર્મ, તે 'મતિજ્ઞાનાવરણ.'

(૧) ઈન્દ્રિયોના આલંબને પેદા થતું સ્વસ્વ સ્પર્શાદિ વિષયક જ્ઞાન 'ઈન્દ્રિયનિમિત્ત' કહેવાય છે. જેમ કે- એકેન્દ્રિય-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય-અસંજ્ઞિપંચેન્દ્રિયોમાં કેવળ 'ઈન્દ્રિયનિમિત્ત' મતિજ્ઞાન હોય છે, કેમ કે- મનનો અભાવ છે.

(૨) અનિન્દ્રિય-મનોનિમિત્તક મતિજ્ઞાન-જેમ કે-સ્મૃતિજ્ઞાન. અહીં ઇતરેન્દ્રિયની અપેક્ષા નથી. સ્મૃતિથી નિશ્ચિતના ધારણા રૂપ મતિજ્ઞાન છે.

(૩) ઈન્દ્રિયભિન્ન, મતિઅજ્ઞાન આવરણીય ક્ષયોપશમજન્ય, સામાન્ય-અપ્રવિભક્ત રૂપ (ભેદશૂન્ય) ઓઘજ્ઞાન, અનિન્દ્રિયનિમિત્ત બોધ રૂપ છે. જેમ કે- વેલડી આદિનું નેવાં આદિ તરફનું ગમન.

(૪) ઈન્દ્રિયાનિન્દ્રિય ઉભયનિમિત્તક મતિજ્ઞાન.

જાગ્રત અવસ્થાના કાળમાં ચક્ષુ આદિ ઈન્દ્રિય અને મન ઉભયજન્ય. મનથી ઉપયોગવાળો સ્પર્શન ઈન્દ્રિયથી સ્પર્શ કરે છે કે- આ ગરમ છે અથવા શીતલ છે.

(મતિજ્ઞાનમાં ઉત્પત્તિના કારણો-પ્રકાશ, વિષય અને ચક્ષુ આદિ ઈન્દ્રિયો રૂપ જ જો અપેક્ષાકારણો હોય, તો જ મતિજ્ઞાન થાય છે. તથા અહીં ઈન્દ્રિય અને અનિન્દ્રિય અંતરંગ અપેક્ષાકારણ છે, જ્યારે પારમાર્થિક કારણ મતિજ્ઞાનાવરણ પુદ્ગલોનો ક્ષયોપશમ છે.)

રૂપ, રસ આદિ વિષયવિષયક બોધ ઈન્દ્રિયાનિન્દ્રિય નિમિત્તક મતિજ્ઞાન કહેવાય છે. તથાચ ઈન્દ્રિયાનિન્દ્રિયજન્ય, શબ્દનિરપેક્ષ, બોધ આવરણ કારણત્વ વિશિષ્ટ કર્મત્વ, એ લક્ષણનો અર્થ છે. કાલાદિ રૂપ અસાધારણ કારણમાં અતિવ્યાપ્તિના વારણ માટે કર્મત્વ રૂપ વિશેષ્ય દલ છે. સાતાદિ કર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે ઈન્દ્રિયોરૂપ વિશેષણ દલ છે.

શ્રુતજ્ઞાનાવરણીય કર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે અભિલાપનિરપેક્ષ બોધાવરણ કર્મત્વ-એમ મૂકેલ છે, કેમ કે- શ્રુતજ્ઞાન શબ્દ સાપેક્ષ છે.

ધારણા રૂપ જ્ઞાનાવરણીય આદિમાં (લક્ષ્યના એકદેશમાં) અવ્યાપ્તિના વારણ માટે 'અનિન્દ્રિયજન્યાભિલાપ નિરપેક્ષ બોધાવરણ કારણકર્મત્વ' એમ રાખેલ છે, કેમ કે- ધારણા રૂપ મતિજ્ઞાન અનિન્દ્રિય-મનોજન્ય છે.

રૂપ, ચાક્ષુષાદિ જ્ઞાનાવરણીયમાં અવ્યાપ્તિના વારણ માટે 'ઈન્દ્રિયાનિન્દ્રિયજન્ય અભિલાપનિરપેક્ષ બોધાવરણ કારણકર્મત્વ' એમ મૂકેલ છે.

અલક્ષ્ય દર્શનાવરણીય આદિ કર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે ગ્રહણશબ્દના બદલે વિશેષવિષયક જ્ઞાનવાચક બોધપદ રાખેલ છે, એમ સમજવું.

જો અભિલાપનિરપેક્ષ બોધાવરણ કારણકર્મત્વ મતિજ્ઞાનાવરણત્વ એવું લક્ષણ જો બાંધવામાં આવે, તો અવધિજ્ઞાનાવરણીય આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ઈન્દ્રિયાનિન્દ્રિયજન્ય અભિલાપનિરપેક્ષ બોધાવરણ કારણકર્મત્વ' એમ કહેલ છે, કેમ કે- અવધિજ્ઞાન ઈન્દ્રિયાનિન્દ્રિયજન્ય નથી.

પૂર્વપક્ષ- આ આવરણકર્મ શું વિદ્યમાન મતિ આદિનું આવારક છે કે અવિદ્યમાન મતિ આદિને આવરે છે ?

'સત્-વિદ્યમાન મતિ આદિને આવરણકર્મ આવરે છે.' આવો પહેલો પક્ષ માની શકાતો નથી, કેમ કે- સત્તા રૂપી આત્મલાભ પામેલ મતિ આદિ હોઈ સત્-વિદ્યમાન મતિ આદિમાં આવરણની ઉપપત્તિ-સંગતિ થઈ શકતી નથી.

વળી અસત્-અવિદ્યમાન મતિ આદિને આવરણકર્મ આવરે છે, એવો છેલ્લો પક્ષ પણ સંગત નથી. અસત્ મત્યાદિને આવરે છે એમ માન્યતા હોયે છતે આવરણનો બિલકુલ અભાવ છે. ગધેડાના શીંગડા આદિ જેમ અવરાતાં નથી, તેમ અસત્ વસ્તુ અવરાતી નથી.

ઉત્તરપક્ષ- આદેશવચનથી-નયવિશેષની અપેક્ષાથી કથંચિત્ સત્-વિદ્યમાનો અવરાય છે, કથંચિત્ અસત્-અવિદ્યમાનો અવરાય છે.

દ્રવ્યાર્થ આદેશ-દ્રવ્યાસ્તિક નયની અપેક્ષાએ વિદ્યમાન મતિ આદિને આવરણ માનેલ છે.

પર્યાયાર્થ આદેશ-પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ અસત્ મતિ આદિને આવરે છે.

જો એકાન્તથી સર્વથા વિદ્યમાન મતિ આદિને આવરણકર્મ આવરે છે એમ માનવામાં આવે, તો મતિ આદિ જ્ઞાનોનું ક્ષયોપશમજન્યપણું (ક્ષાયોપશમિકપણું) અસંભવિત થઈ જ જાય !

જો એકાન્તથી સર્વથા અવિદ્યમાન મતિ આદિને આવરણકર્મ આધારે છે એમ માનવામાં આવે, તો પણ તે મતિ આદિને આવરણ અસંગત થાય છે, કેમ કે- અસત્ છે. સત્-વિદ્યમાનમાં જ આવરણ દેખાય છે. ખરેખર, વિદ્યમાન આકાશ મેઘમાલા આદિથી આવરાય છે. તે આવરણ પ્રત્યક્ષ દૃષ્ટ છે. ઝુંપડી જેવા મતિ આદિ કોઈ જ્ઞાન નથી, કે જેના આવરણથી મતિ આદિ આવરણોમાં આવરણપણું સંભવે, કિન્તુ મતિ આદિ આવરણોના સંનિધાનમાં જીવ, મતિ આદિ જ્ઞાનપર્યાયવિશિષ્ટ બનતો નથી. એ હેતુથી મતિ આદિ આવરણગત આવરણપણું છે.

આ મતિજ્ઞાનાવરણ કર્મ લોચનપટલની માફક દેશઘાતી છે.

આ મતિજ્ઞાનાવરણ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ ત્રણ હજાર વર્ષ.

બાધાકાળ તો જ્યારથી જ્ઞાનાવરણ આદિ કર્મ ઉદયમાં આવેલ, જ્યાં સુધી સંપૂર્ણ ક્ષીણ થાય, ત્યાં સુધીનો કાળ ઉદય(બાધાકાળ) કહેવાય છે. તે મતિજ્ઞાનાવરણાદિ કર્મ કર્મના બંધકાળથી આરંભીને ત્રણ હજાર વર્ષ બાદ (ઉદય આવલિકામાં પેસે છે.) ઉદયમાં આવે છે. તે ખરેખર, અબાધાકાળ અર્થાત્ તેટલા કાળ સુધી તે કર્મ અનુભવાતું નથી. તે કાળ 'અબાધાકાળ' કહેવાય છે. જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત. અબાધાકાળ અંતર્મુહૂર્ત.

શ્રુતજ્ઞાનાવરણલક્ષણમાહ—

मतिज्ञानसापेक्षशब्दसंस्पृष्टार्थग्रहणावरणकारणं कर्म श्रुतज्ञानावरणम् ।४।

मतिज्ञानेति । मतिज्ञानसापेक्षं मतिज्ञानापेक्षाकारणकं, शब्दो द्रव्यश्रुतमुपचारात् तत्संस्पृष्टो वाच्यवाचकभावेन सम्बद्धो योऽर्थस्तद्विषयकं ग्रहणं श्रुतानुसारि च, तदावरणकारणं कर्मेत्यर्थः । तथा च मतिज्ञानसापेक्षश्रुतानुसारिसाभिलापज्ञानावरणकारणत्वे सति कर्मत्वं लक्षणम् । विशेष्यविशेषणयोः कृत्यं पूर्ववत् । साभिलापज्ञानावरणकारणत्वे सति कर्मत्वस्य शब्दोल्लेखसहितेहादिज्ञानावरणकारणे मतिज्ञानावरणविशेषेऽतिव्याप्तिरिति श्रुतानुसारीति पदमीहादीनां श्रुतानुसारित्वाभावेन न तत्र दोषः, न च मतिज्ञानसापेक्षसाभिलापज्ञानावरण-हेतुत्वे सति कर्मत्वमित्युक्तावीहादीनां मतिज्ञानासापेक्षत्वेन तत्र नातिव्याप्तिरितिवाच्यम्, अवग्रहादिरूपमतिज्ञानसापेक्षत्वादीहादेः । न चेहादीनां कथं न श्रुतानुसारित्वं संकेतकालादौ निशमितशब्दानुसरणमन्तरेण तत्र शब्दाभिलापासम्भवादिति वाच्यम्, व्यवहारकाले शब्दानुसरणं विनापि पूर्वं श्रुतपरिकर्मितमतीनां प्रवृत्तिदर्शनात्, नहि तदानीमपि पूर्वगृहीतं

संकेतं श्रुतं वाऽनुस्मृत्य प्रवर्त्ततेऽपि त्वभ्यासपाटवादेव, श्रुतानुसारिसाभिलापज्ञानावरण-कारणत्वे सति कर्मत्वमित्युक्तौ यद्यपि न कोऽपि दोषस्तथापि साभिलापज्ञाने मतिज्ञानस्य हेतुत्वमात्रप्रदर्शनपरं मतिज्ञानसापेक्षेति पदम् । यद्वाऽक्षरादिश्रुतविशेषेषु येऽवग्रहादयः समुपजायन्ते ते चाश्रुतानुसारित्वे मतिज्ञानतया व्यपदिश्यन्ते श्रुतस्य मतिपूर्वकत्वात्, यस्तु तेषु श्रुतानुसारी ज्ञानविशेषः स श्रुतज्ञानत्वेनेति सूचयितुं वा तत्पदम् । अस्योभयविधा स्थितिर्मतिज्ञानावरणवत्, देशघातीदम् ॥

श्रुतज्ञानावरणनुं लक्षण कहे छे-

भावार्थ- मतिज्ञान सापेक्ष शब्दथी संबद्ध जे अर्थ छे, ते विषयवाळा अने श्रुतने अनुसरनार ग्रहणना आवरण कारणभूत कर्म 'श्रुतज्ञानावरण.'

विवेचन- मतिज्ञान सापेक्ष एटले मतिज्ञान रूप अपेक्षा कारणजन्य, उपचारथी द्रव्यश्रुत रूप शब्द. ते शब्दनी साथे वाच्यवाचक भावथी संबंधी जे अर्थने 'शब्दसंस्पृष्ट अर्थ' कहेवाय छे. ते शब्द संस्पृष्ट अर्थविषयक ग्रहण (विशेषविषयक बोध) अर्थात् श्रुतग्रंथने अनुसारी ग्रहणना आवरणमां कारणभूत कर्म 'श्रुतज्ञानावरण.'

तथाच मतिज्ञान सापेक्ष-श्रुतानुसारी-अभिलाप ज्ञानावरण कारणत्व विशिष्ट कर्मत्व, ए श्रुतज्ञानावरणनुं लक्षण छे. पदकृत्य-विशेष्य दल अने विशेषण दलनुं पूर्वनी माफक समजवुं.

जो साभिलापज्ञानावरण कारणत्व विशिष्ट कर्मत्व-एम लक्षण करवामां आवे, तो शब्दना उल्लेख सहित ईहा आदि ज्ञानावरण कारणभूत मतिज्ञानावरण विशेषमां अतिव्याप्तिना वारण माटे 'श्रुतानुसारी साभिलाप ज्ञानावरण कारणत्व विशिष्ट कर्मत्व'- एम मूकेल छे.

अर्थात् ईहा आदि श्रुतानुसारी नथी, माटे त्यां दोष नथी. वळी 'मतिज्ञान सापेक्ष-साभिलाप-ज्ञानावरण हेतुत्व विशिष्ट कर्मत्व'- एम कहेवामां मतिज्ञाननिरपेक्ष 'ईहा आदिमां अतिव्याप्ति नथी' एम नहि कहेवुं, केम के-ईहा आदि अवग्रह आदि रूप मतिज्ञाननी अपेक्षावाळा छे.

शंका- ईहा आदि श्रुतानुसारी छे, केम के- संकेतना काळ आदिमां सांभळेल शब्दना अनुस्मरण सिवाय त्यां शब्दाभिलापनो असंभव छे ने ?

---

१. मतिज्ञानस्य साभिलापानभिलापरूपत्वेऽपि व्यवहारकाले सङ्केतकालप्रवृत्तस्य श्रुतग्रन्थसम्बन्धिनो वा शब्दस्यानुस्मरणादश्रुतानुसारित्वं, श्रुतज्ञाने तादृशशब्दानुस्मरणस्यावश्यकत्वेन श्रुतानुसारित्वमिति भावः ॥ न चैकेन्द्रियाणां सामग्र्यभावेन श्रुतानुसारित्वासम्भवाच्छ्रुतज्ञानाभावेन तदावरणमपि न स्यात्, इष्टञ्च तत्र तदुभयमिति वाच्यम्, भावश्रुतस्य तत्रापि स्वीकारेण दोषाभावात्, न चैवं तत्रयाश्रुतज्ञानावरणेऽव्याप्तिरिति वाच्यम्, पर्यायनयेन श्रुतानुसारिसाभिलापज्ञानवृत्तिज्ञानत्वसाक्षाद्व्याप्यधर्मवदावरणकारणत्वे सति कर्मत्वस्य विवक्षया दोषाभावादिति भावः ॥

समाधान- व्यवहारकाळमां शब्दना 'अनुस्मरण सिवाय पण पहेलां श्रुतथी संस्कारित (वासित) मतिवाळाओनी प्रवृत्ति देखाय छे. ते वखते पण पहेलां ग्रहण करेल संकेत अथवा श्रुतनुं अनुस्मरण करीने प्रवर्त्ततो नथी पण अभ्यासनी पटुताथी ज प्रवर्त्ते छे. (मतिज्ञान साभिलाप अने अनभिलाप रूप होवा छतांय, व्यवहारकाळमां संकेतकाळप्रवृत्त अथवा श्रुतग्रंथ संबंधी शब्दना अनुस्मरणना अभावथी अश्रुत अनुसारीपणुं छे. श्रुतज्ञानमां तादृश शब्दनुं अनुस्मरण आवश्यक होई श्रुतानुसारीपणुं छे, एम भाव जाणवो.

तथा 'एकेन्द्रियोमां सामग्रीना अभावथी श्रुतानुसारीपणानो असंभव होई श्रुतज्ञानना अभावथी श्रुतावरण पण न थाय ! त्यां बे मतिज्ञानावरण-श्रुतज्ञानावरण ईष्ट छे.'- एम नहि बोलवुं, केम के-त्यां पण भावश्रुतना स्वीकारथी दोषनो अभाव छे. वळी एम पण नहि कहेवुं के-' त्यां पण- श्रुतज्ञानावरणमां अव्याप्ति छे.' केम के-पर्यायनयनी अपेक्षाथी श्रुतानुसारी-साभिलाप-ज्ञानवृत्ति ज्ञानत्व साक्षाद् व्याप्य धर्मश्रुतत्ववद् आवरण कारणत्व विशिष्ट कर्मत्व, आवा लक्षणनी विवक्षाथी दोष नथी.)

श्रुतानुसारी-साभिलाप ज्ञानावरण कारणत्व विशिष्ट कर्मत्व रूप लक्षणना कथनमां जो के कोईपण जातनो दोष नथी, तो पण साभिलाप (श्रुत) ज्ञानमां मतिज्ञान हेतु छे. आम दर्शाववा माटे 'मतिज्ञान सापेक्ष' एवुं पद राखेल छे.

अथवा अक्षर आदि विशिष्ट श्रुतोमां जे अवग्रह वगेरे पेदा थाय छे, ते अवग्रहादि श्रुतना अनुसारी नहि होये छते 'मतिज्ञान' रूपे व्यवहाराय छे, केम के-श्रुत हंमेशां मतिपूर्वक होय छे.

वळी अक्षरादि श्रुतविशेषोमां जे ज्ञानविशेष रूप अवग्रह आदि श्रुतानुसारी छे, ते विशिष्ट ज्ञान रूप अवग्रहादि 'श्रुतज्ञान' रूपे व्यवहाराय छे. एम सूचन करवा माटे 'मतिज्ञान सापेक्ष' आ प्रमाणेनुं पद मूकेल छे. आ श्रुतज्ञानावरणनी बन्ने स्थिति मतिज्ञानावरणनी माफक समजवी. आ देशघाती छे.

अथावधिज्ञानावरणलक्षणमाचष्टे—

इन्द्रियानिन्द्रियनिरपेक्षमूर्त्तद्रव्यविषयप्रत्यक्षज्ञानावरणनिदानं कर्मावधिज्ञानावरणम् ।५।

इन्द्रियेति । इन्द्रियानिन्द्रियनिरपेक्षमूर्त्तद्रव्यविषयकप्रत्यक्षज्ञानावरणनिदानत्वे सति कर्मत्वमवधिज्ञानावरणस्य लक्षणम् । विशेषणविशेष्यपदकृत्यं प्राग्वत् । मतिज्ञानावरणादावतिव्याप्तिवारणाय निरपेक्षान्तं प्रत्यक्षविशेषणम्, तस्य घटादिरूपयत्किञ्चिन्मूर्तद्रव्यविषयकप्रत्यक्षज्ञानावरणनिदानकर्मत्वात्, यदि प्रत्यक्षपदेन पारमार्थिकप्रत्यक्षग्रहणान्न दोष इत्युच्यते तर्हि तत्सूचनायैव तदुपादानं विज्ञेयम् । न च तथात्वेऽपि मनःपर्यवावरणादावतिव्याप्तिः, तस्य मूर्त्तमनोद्रव्यविषयकप्रत्यक्षज्ञानावरणकारणकर्मत्वात्, केवलज्ञानावरणस्यापि सकलमूर्त्तद्रव्यविषयकप्रत्यक्षज्ञानावरणकारणकर्मत्वाच्चेति वाच्यम्, यावन्मूर्त्तमात्रद्रव्यविषयकप्रत्यक्षज्ञानावरणकारणत्वे सति कर्मत्वस्य लक्षणार्थत्वात् । हीयमानकवर्धमानकानवस्थितावधि-

ज्ञानावरणविशेषेष्वपि उत्कृष्टावधिग्रहणेन लक्षणं द्रव्यार्थिकप्राधान्याद्योजनीयम् । पर्यायनयप्राधान्यविवक्षायान्तु यावन्मूर्त्तद्रव्यमात्रविषयकप्रत्यक्षज्ञानवृत्तिज्ञानत्वसाक्षाद्व्याप्यधर्मवदावरणकारणत्वे सति कर्मत्वं लक्षणम्, तादृशो धर्मोऽवधित्वमेव, नत्वनुगामित्वादिकं, तेन विभङ्गज्ञानावरणादौ नाव्याप्तिः । देशघातीदम् । स्थिती मतिज्ञानावरणवत् ॥

अवधिज्ञानावरणनुं लक्षण जणावे छे-

भावार्थ- ઈન્દ્રિયાનિન્દ્રિયની અપેક્ષા વગર, રૂપી દ્રવ્યના વિષયવાળું પ્રત્યક્ષ જ્ઞાનાવરણનું કારણ કર્મ 'અવધિજ્ઞાનાવરણ.'

विवेचन- ઈન્દ્રિયાનિન્દ્રિય નિરપેક્ષ મૂર્ત્તદ્રવ્યવિષયક પ્રત્યક્ષ જ્ઞાનાવરણ નિદાનત્વ વિશિષ્ટ કર્મત્વ 'અવધિજ્ઞાનાવરણ'નું લક્ષણ છે.

પદકૃત્ય- વિશેષણનું અને વિશેષ્યનું પદકૃત્ય પૂર્વની માફક સમજવું. મતિજ્ઞાનાવરણ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ઈન્દ્રિયાનિન્દ્રિય નિરપેક્ષ' રૂપ વિશેષણ પ્રત્યક્ષનું મૂકેલ છે, કેમ કે-તે મતિજ્ઞનાવરણાદિ, ઘટ આદિ રૂપ યત્કિંચિત્ દ્રવ્યવિષયક વ્યાવહારિક પ્રત્યક્ષ જ્ઞાનાવરણ નિદાન કર્મ રૂપ છે.

જો અહીં પ્રત્યક્ષ પદથી પારમાર્થિક પ્રત્યક્ષનું ગ્રહણ હોઈ દોષ નથી એમ કહેવામાં આવે, તો પારમાર્થિક પ્રત્યક્ષના સૂચન માટે જ 'ઈન્દ્રિયાનિન્દ્રિય નિરપેક્ષ રૂપ પદ મૂકેલ છે એમ સમજવું.

જો પારમાર્થિક પ્રત્યક્ષના ગ્રહણ માટે જ 'ઈન્દ્રિયાનિન્દ્રિય નિરપેક્ષ' પદ મૂકેલ છે એમ કહો, તો પણ 'મનઃપર્યવાવરણ આદિમાં અતિવ્યાપ્તિ છે, કેમ કે- તે મનઃપર્યવ જ્ઞાનાવરણ આદિ, મૂર્ત્ત એવા મનોદ્રવ્યના વિષયવાળા પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાનના આવરણ કારણકર્મ છે. વળી કેવલજ્ઞાનાવરણમાં પણ અતિવ્યાપ્તિ છે, કેમ કે- સકલ એવા મૂર્ત્તદ્રવ્યના વિષયવાળા પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાનાવરણ કારણકર્મ કેવલજ્ઞાનાવરણ છે.' આમ નહિ માનવું, કેમ કે- અમૂર્ત્તદ્રવ્યવિષયક પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાનાવરણ કારણત્વ વિશિષ્ટ કર્મત્વ, એ લક્ષણનો અર્થ સમજવો.

ઉત્કૃષ્ટ (પરમ) અવધિનું ગ્રહણ કરીને હીયમાન-વર્ધમાન-અનવસ્થિત-અવધિજ્ઞાનાવરણ વિશેષોમાં પણ દ્રવ્યાર્થિક નયની પ્રધાનતાની અપેક્ષાએ લક્ષણની યોજના કરવી.

પર્યાયનયની પ્રધાનતાની વિવક્ષામાં તો 'અમૂર્ત્તદ્રવ્યાભિન્ન સકલ મૂર્ત્તદ્રવ્યવિષયક પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાનવૃત્તિ જ્ઞાનત્વ સાક્ષાદ્ વ્યાપ્ય ધર્મ (અવધિજ્ઞાનત્વ રૂપ ધર્મવાન્-અવધિજ્ઞાનાવરણ કારણત્વ વિશિષ્ટ કર્મત્વ'- એવું લક્ષણ છે. તાદૃશ ધર્મ જ (અવધિજ્ઞાનત્વ) છે પરંતુ અનુગામીત્વ આદિ નથી, કેમ કે-સાક્ષાદ્-વ્યાપ્ય અનુગામીત્વ આદિ નથી પણ પરંપરાવ્યાપ્ય છે. તેથી વિભંગજ્ઞાનાવરણ આદિમાં અવ્યાપ્તિ નથી. આ અવધિજ્ઞાનાવરણ કર્મ દેશઘાતી છે. મતિજ્ઞાનાવરણની માફક બન્ને સ્થિતિ આ કર્મની જાણવી.

मनःपर्यवज्ञानावरणस्वरूपमाह—

इन्द्रियानिन्द्रियनिरपेक्षसंज्ञिपञ्चेन्द्रियमनोगतभावज्ञापकप्रत्यक्षज्ञानावरणसाधनं कर्म मनःपर्यवावरणम् । ६ ।

इन्द्रियानिन्द्रियेति । इन्द्रियानिन्द्रियनिरपेक्षसंज्ञिपञ्चेन्द्रियमनोगतभावज्ञापकात्मकप्रत्यक्षज्ञानावरणकारणत्वे सति कर्मत्वं लक्षणम् । मनुष्यक्षेत्रवर्त्तिसंज्ञिपञ्चेन्द्रियैः काययोगेन गृहीतानि मनोयोग्यद्रव्याणि चिन्तनानुगुणं मनोयोगेन मनस्त्वेन परिणमय्याऽवलम्ब्यमानानि द्रव्यमनांसि तद्गता ये भावाश्चिन्तानुकूलपरिणामास्तेषां ज्ञापकात्मकं यत्प्रत्यक्षज्ञानं तदावरणकारणं कर्मेत्यर्थः । अत्रापीन्द्रियानिन्द्रियपदं पारमार्थिकप्रत्यक्षज्ञापनायैव, अन्यथा मनःप्रणिधानहेतुकत्वादनिन्द्रियनिरपेक्षत्वकथनं पूर्वत्रात्र चासङ्गतं स्यात् संज्ञिपञ्चेन्द्रियपदेन मनुष्यक्षेत्रवर्त्तिसंज्ञिपञ्चेन्द्रिया ग्राह्यास्तेन तद्बहिर्वर्त्तिनां मनोगतभावज्ञानं मनःपर्यविनो न भवतीति सूचितम्, संज्ञिपञ्चेन्द्रियमनोगतभावमात्रज्ञापकप्रत्यक्षज्ञानावरणकारणत्वे सति कर्मत्वं वाच्यं तेन न केवलज्ञानावरणेऽतिव्याप्तिरालोचितबाह्यार्थज्ञानन्त्वनुमानात् । यावद्भावज्ञापकेत्यादि तु न वाच्यम्, ऋजुमतिमनः[१]पर्यवावरणेऽव्याप्तेः, देशघातीदम् । स्थितीमतिज्ञानावरणवत् ॥

मनःपर्यवज्ञानावरणना स्वरूपने कहे छे-

भावार्थ- ईन्द्रियानिन्द्रिय निरपेक्ष-संज्ञिपंचेन्द्रियना मनमां रहेल (मानसिक) भावने जणावनार पारमार्थिक प्रत्यक्ष ज्ञानना साधन रूप कर्म 'मनःपर्यवज्ञानावरण.

विवेचन- 'ईन्द्रियानिन्द्रिय निरपेक्ष-संज्ञिपंचेन्द्रिय मनोगत भावज्ञापक रूप प्रत्यक्ष ज्ञानावरणकारणत्व विशिष्ट कर्मत्व'- 'मनःपर्यवज्ञानावरण कर्म'नुं लक्षण छे.

मनुष्यक्षेत्रवर्ती संज्ञिपंचेन्द्रिय जीवोओ काययोग द्वारा ग्रहण करेल जे मनोयोग्य द्रव्यो छे, ते द्रव्यो चिंतनना अनुरूप मनोयोग द्वारा मन रूपे परिणमावेल, अवलंबन विषय रूप थता द्रव्यमनोमां रहेल जे चिंतन अनुकूळ परिणाम रूप भावो छे. ते भावोना ज्ञापक रूप जे प्रत्यक्ष ज्ञान छे, तेनुं आवरण कारणकर्म 'मनःपर्यवज्ञानावरण' छे एवो अर्थ समजवो.

अहीं पण ईन्द्रियानिन्द्रिय पद पारमार्थिक प्रत्यक्षनुं ज्ञापक छे. जो आ पद पारमार्थिक प्रत्यक्ष ज्ञापक नथी एम मानवामां आवे, तो मननना प्रणिधानथी जन्य होई सांव्यवहारिक प्रत्यक्षनुं ग्रहण थतां (अनिन्द्रिय निरपेक्षतानुं कथन पूर्वमां) अवधिज्ञानावरणमां अने अहीं मनःपर्यवज्ञानावरणमां असंगत-अयुक्त थई जाय !

अहीं संज्ञिपंचेन्द्रिय पदथी मनुष्यक्षेत्रवर्ती संज्ञिपंचेन्द्रिय जीवो लेवाना छे. तेथी मनुष्यक्षेत्रनी बहार रहेनार संज्ञिपंचेन्द्रिय जीवोना मनोगत भावनुं ज्ञान मनःपर्यवज्ञानवाळा मुनिने थतुं नथी. आवुं सूचन करायेल छे.

---

१. ऋजुमतिमनःपर्यवज्ञानं हि घटोऽनेन चिन्तित इत्यादिसामान्याकाराध्यवसायनिबन्धनकतिपयपर्यायविशिष्टमनोद्रव्यपरिच्छित्तिरूपम्, नात्र सुवर्णत्वपाटलिपुत्रकत्वादितत्तत्पर्यायविषयकत्वमिति न तदावरणेऽव्याप्तिर्मात्रपदेन मनोभिन्नद्रव्यभावस्यैव व्यवच्छेदादिति भावः ॥

અર્થાત્ સંજ્ઞિપંચેન્દ્રિય મનોગત ભાવ માત્ર જ્ઞાપક-પ્રત્યક્ષ જ્ઞાનાવરણ કારણત્વ વિશિષ્ટ કર્મત્વ એવું લક્ષણ કહેવું. તેથી કેવલજ્ઞાનાવરણ કર્મમાં અતિવ્યાપ્તિ નથી.

વળી મનઃપર્યાયજ્ઞાનવાળાને તો વિચારેલા-ચિંતિત બાહ્ય રૂપ પદાર્થોનું જ્ઞાન તો અનુમાનથી થાય છે.

જેમ અવધિજ્ઞાનાવરણના લક્ષણમાં 'यावन्मूर्त्त मात्र द्रव्य 'જેટલા મૂર્ત્તદ્રવ્યો છે, તેટલા બધા મૂર્ત્તદ્રવ્યો એમ કહેલ છે, તેમ અહીં 'મનોગત यावद्भाव मात्र ज्ञापक' જેટલાં માનસિક ભાવો છે. તેટલા ભાવોનું જ્ઞાપક એમ નહિ કહેવું, કેમ કે-ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાનાવરણ કર્મમાં અવ્યાપ્તિ છે. આ કર્મ દેશઘાતી છે. મતિજ્ઞાનાવરણ કર્મની માફક બન્ને સ્થિતિ સમજી લેવી.

अथ केवलज्ञानावरणमाह–

मनइन्द्रियनिरपेक्षलोकालोकवर्त्तिसकलद्रव्यपर्यायप्रदर्शकप्रत्यक्षज्ञानावरणसाधनं कर्म केवलज्ञानावरणम् । इति ज्ञानावरणीयपञ्चकम् । ७ ।

मनइन्द्रियनिरपेक्षेति । अत्रापि मनइन्द्रियनिरपेक्षेति प्रत्यक्षविशेषणमव्यवहितात्मद्रव्यसमुत्थत्वेन पारमार्थिकप्रत्यक्षत्वसूचनपरम् । अशेषद्रव्यपर्यायग्राहिप्रत्यक्षज्ञानावरणहेतुकत्वे सति कर्मत्वं तु लक्षणम् । सर्वघातीदम्, उभयविधा स्थितिरपि मतिज्ञानावरणवत् । अत्रात्मनो ज्ञस्वभावस्य प्रकाशरूपस्य ज्ञानावरणक्षयोपशमक्षयसमुद्भवाः प्रकाशविशेषा मतिज्ञानादिव्यपदेश्याः पर्याया इति बहुविकल्पास्तत्र च मत्यादिज्ञानावरणादयोऽपि बहुविकल्पा भवन्तीति बोध्यम् । नन्वभव्यस्य मनःपर्यवज्ञानशक्तिः केवलप्राप्तिसामर्थ्यञ्चास्ति न वा ? चेदस्ति, अभव्यत्वानुपपत्तिर्यदि नास्ति तर्हि कथं तत्र तदावरणसद्भावः, उभयसामर्थ्याभावादिति चेन्नादेशवचनादुक्तं हि द्रव्यार्थादेशेन सतोस्तयोरावरणम् । पर्यायार्थिकनयेनासतोरपीति । न च द्रव्यार्थदेशेनाभव्यस्य तयोः सत्त्वे भव्यत्वापत्तिरितिवाच्यम् । सम्यक्त्वादिपर्यायव्यक्तियोगार्हस्यैव भव्यत्वं तद्विपरीतस्याभव्यत्वमिति नियम इति न कोऽपि दोषः । इमान्येव विभागवाक्ये पूर्वोक्ते ज्ञानावरणीयपञ्चकपदेनोक्तानीति सूचयतीतीति ॥

કેવલજ્ઞાનાવરણકર્મને જણાવે છે-

ભાવાર્થ- મન, ઈન્દ્રિયનિરપેક્ષ, લોકાલોકવર્તી સકલ દ્રવ્યપર્યાયપ્રદર્શક પ્રત્યક્ષ જ્ઞાનાવરણ સાધનભૂત કર્મ 'કેવલજ્ઞાનાવરણ.' આ પ્રમાણે જ્ઞાનાવરણીય પંચક (પાંચેયનો સમુદાય) કહેવાય છે, તે સમાપ્ત થાય છે.

વિવેચન- અહીં પણ 'મનઈન્દ્રિયનિરપેક્ષ' આ પ્રમાણેનું પદ, જે પ્રત્યક્ષનું વિશેષણ છે-અવ્યવહિત (સાક્ષાત્) આત્મદ્રવ્ય માત્રથી જન્ય હોઈ પારમાર્થિક પ્રત્યક્ષપણાનું સૂચક છે. 'સકલ દ્રવ્યપર્યાય ગ્રાહક પ્રત્યક્ષ જ્ઞાનાવરણ' હેતુત્વ વિશિષ્ટ કર્મત્વ, એ લક્ષણ છે. આ કર્મ સર્વઘાતી છે. મતિજ્ઞાનાવરણની માફક બન્ને સ્થિતિ જાણવી.

અહીં પ્રકાશ રૂપ-જ્ઞ (જ્ઞાયક) સ્વભાવવાળા આત્માના જ્ઞાનાવરણના ક્ષયોપશમથી જન્ય (ક્ષયોપશમિક) મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાનો-મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન-વિભંગજ્ઞાન રૂપ ત્રણ અજ્ઞાન તથા જ્ઞાનાવરણના ક્ષયથી જન્ય (ક્ષાયિક) કેવલજ્ઞાન રૂપ વિશિષ્ટ પ્રકાશો, મતિજ્ઞાન આદિથી વ્યવહારના ક્ષયથી જન્ય (ક્ષાયિક) કેવલજ્ઞાન રૂપ વિશિષ્ટ પ્રકાશો, મતિજ્ઞાન આદિથી વ્યવહારના વિષયો, પર્યાયો હોઈ બહુ વિકલ્પવાળા છે. (જેમ કે-મતિજ્ઞાનના અવગ્રહ આદિ ભેદો, શ્રુતજ્ઞાનના અંગ-અનંગ ભેદો, અવધિજ્ઞાનના ભવજન્ય, ક્ષયોપશમજન્ય, પ્રતિપાતી આદિ ભેદો, મનઃપર્યવજ્ઞાનના ઋજુમતિ-વિપુલમતિ ભેદો અને કેવલજ્ઞાનના સયોગીસ્થ-અયોગીસ્થ આદિ ભેદો છે.) ત્યાં (આત્મામાં) મતિજ્ઞાનાવરણ આદિ પણ બહુ વિકલ્પવાળા હોય છે.

શંકા- અભવ્યમાં મનઃપર્યવશક્તિ અને કેવલજ્ઞાનની પ્રાપ્તિનું સામાર્થ્ય છે કે નહિ ? જો છે, તો અભવ્યત્વ અનુપપન્ન-અસંગત છે. જો નથી, તો મનઃપર્યવજ્ઞાનાવરણ અને કેવલજ્ઞાનાવરણનો સદ્ભાવ કેવી રીતે ? કેમ કે-મનઃપર્યવજ્ઞાનશક્તિ અને કેવલજ્ઞાનપ્રાપ્તિના સામર્થ્ય રૂપ ઉભય સામર્થ્યનો અભાવ છે.

સમાધાન- આદેશવચન-નયવચનની અપેક્ષાએ ખરેખર દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ, વિદ્યમાન, મનઃપર્યવજ્ઞાન શક્તિ અને કેવલપ્રાપ્તિ સામર્થ્ય રૂપ બંને શક્તિઓમાં આવરણ છે. પર્યાયની અપેક્ષાએ અવિદ્યમાન પૂર્વોક્ત બંને શક્તિ ઉપર આવરણ છે.

શંકા- તો પછી દ્રવ્યાર્થનયની અપેક્ષાએ અભવ્યમાં પૂર્વોક્ત બંને શક્તિઓની વિદ્યમાનતા હોઈ ભવ્યત્વની (પ્રાપ્તિ) થશે જ ને ?

સમાધાન- સમ્યક્ત્વ આદિ પર્યાયોની અભિવ્યક્તિના યોગના યોગ્યમાં જ ભવ્યત્વ, તેનાથી વિપરીત તથાવિધ અયોગ્યમાં અભવ્યત્વ (સમ્યક્ત્વ આદિ પર્યાય વ્યક્તિયોગાનર્હત્વં અભવ્યત્વ) - આવા પ્રકારનો નિયમ છે. પરંતુ 'મનઃપર્યવ-કેવલજ્ઞાન સામર્થ્યવાળામાં ભવ્યત્વ અને તેનાથી વિપરીતમાં અભવ્યત્વ' - આવો નિયમ નથી, એટલે કોઈ પણ દોષ નથી.

આ જ પાંચ જ્ઞાનાવરણો, પૂર્વકથિત વિભાગવાક્યમાં જ્ઞાનાવરણીય પંચકપદથી કહેલા છે. આ પ્રમાણે 'ઇતિ' પદ સૂચન કરે છે.

सम्प्रति दानान्तरायमभिधत्ते—

सामग्रीसमवधानासमवधानयोस्सतोर्दानसामर्थ्या भावप्रयोजकं कर्म दानान्तरायः ।८।

सामग्रीति । अन्तरं मध्यं दातृदेयादीनां तदेति ईयते वाऽनेनेत्यन्तरायः । यस्मिन्मध्येऽवस्थिते दात्रादेर्दानादिक्रियाऽभावो दानादीच्छाया बहिर्भावो वा सोऽन्तरायः । दानस्यान्तरायो दानान्तरायः । अन्तर्धीयतेऽनेनात्मनो दानादीत्यन्तरायः । अन्तर्धानमात्मनो दानादिपरिणामस्येति वाऽन्तरायः । दाने सामग्र्यः, देयद्रव्यं प्रतिग्राहको दानफलवेत्तृत्वमित्यादयस्तासां समवधानेऽसमवधाने वा यत्कर्मोदितं दानक्रियायास्तत्सामर्थ्यस्य वा प्रतिरोधकं तादृशं कर्म दानान्तराय उच्यत इत्यर्थः । सामग्रीसमवधानासमवधानयोस्सतोरिति पदमस्त्यस्य

दानान्तरायभूतं कर्म दानसामर्थ्यादर्शनादित्यनुमाने क्वचिद्देयवस्त्वाद्यभावेन दानसामर्थ्याभावसत्त्वेन व्याप्त्यसिद्ध्या तयोः प्रयोज्यप्रयोजकभाववैधुर्यशंकानिरसनार्थमुपात्तम्, नत्वव्याप्त्यतिव्याप्त्यसम्भवदोषव्युदासाय, प्रसक्त्यभावात् । एवमग्रेऽपि भाव्यम् । विशेषणविशेष्यकृत्यं पूर्ववत्, लाभान्तरायादावतिप्रसङ्गवारणाय दानेति । मतिज्ञानावरणस्येवास्य स्थिती विज्ञेये ॥

દાનાન્તરાયકર્મને કહે છે-

ભાવાર્થ- સામગ્રીની હાજરી હોય કે ન હોય, તો પણ દાનના સામર્થ્યના અભાવમાં પ્રયોજકભૂત કર્મ 'દાનાન્તરાય.'

વિવેચન- (૧) દાનાન્તરાય- અંતરાય શબ્દની વ્યુત્પત્તિદાતા-દેવ-ગ્રાહક વગેરેમાં અંતર કરનાર અંતરાય (વિઘ્ન).

જે કર્મ વચ્ચે પડ્યે છતે, દાતા વગેરેમાં દાન આદિ ક્રિયાનો અભાવ અથવા દાન આદિ વિષયક ઇચ્છાનો બહિષ્કાર, તે 'અંતરાય.'

દાનનો અંતરાય તે 'દાનાન્તરાય.' જેના વડે દાન આદિ અદશ્ય કરાય છે, તે 'દાનાદિ અંતરાય.' અથવા આત્માના દાન આદિ પરિણામનું અંતર્ધાન થવું તે 'અંતરાય.'

દાનમાં સામગ્રીઓ- (૧) દેવ- આપવાયોગ્ય વસ્તુ, (૨) દાતા, (૩) ગુણવંત પાત્ર રૂપ પ્રતિગ્રાહક અને (૪) દાનફળનું જ્ઞાન. આ બધી સામગ્રીઓની હાજરી કે ગેરહાજરીમાં જે કર્મ ઉદયમાં આવેલું, દાનક્રિયા કે દાનક્રિયાની શક્તિને રોકનારું થાય છે, તેવું કર્મ 'દાનાન્તરાય' કહેવાય છે. આવો અર્થ સમજવો..

'सामग्री समवधान असमवधानयोः सतोः' પદનું સાર્થકય- આ પુરુષ દાનાન્તરાય કર્મવાળો છે, કેમ કે- દાનના સામર્થ્યનું અદર્શન છે. આવા અનુમાનપ્રયોગમાં કોઈ એક વ્યક્તિમાં દેયવસ્તુ આદિનો અભાવ છે અને તેથી દાનસામર્થ્યનો અભાવ છે. અર્થાત્ દેયપદાર્થ આદિના અભાવજન્ય દાનસામર્થ્યનો અભાવ થયો, એટલે દાનસામર્થ્યનો અભાવ રૂપ કાર્ય પ્રત્યે દેયપદાર્થ આદિનો અભાવ કારણ થયું.

અંતરાયકર્મ નહિ થવાથી-વ્યાપ્તિની અસિદ્ધિ થવાથી શું દાનસામર્થ્યાદર્શન રૂપ કાર્ય પ્રત્યે અંતરાયકર્મ કારણ નથી ?

આવી કાર્ય- કારણભાવના અભાવની શંકાના નિરાકરણ માટે 'सामग्री समवधान असवधानयोः सतोः' એવું પદ કહેલ છે. 'સામગ્રી હોય કે ન હોય તો પણ 'અર્થાત્ દાનાન્તરાય કર્મ, સામગ્રી હોય તો ભલે અને ન હોય તો ભલે, પણ દાનસામર્થ્યના અભાવનું કાર્ય અવશ્ય બજાવે છે.

પરંતુ અહીં અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ-અસંભવદોષના નિરાકરણ માટે 'सामग्री समवधान असमवधानयोः सतोः' એવું કહેલ નથી, કેમ કે- કોઈ પ્રસંગ નથી. આ પ્રમાણે આગળ પણ સમજવું.

વિશેષણ અને વિશેષ્યનું પદકૃત્ય પૂર્વની જેમ સમજવું. લાભાન્તરાય આદિ કર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'દાનસામર્થ્યા ભાવપ્રયોજક કર્મ' કહેલ છે. મતિજ્ઞાનાવરણની જેમ આ કર્મની બન્ને સ્થિતિ વિચારવી.

लाभान्तरायमाह–

सम्यग्याचितेऽपि दातृसकाशादलाभप्रयोजकं कर्म लाभान्तरायः । अनुपहताङ्गस्यापि ससामग्रीकस्यापि भोगासामर्थ्यहेतुः कर्म भोगान्तरायः । एकशो भोग्यं भोगो यथा कुसुमादयः । अनुपहताङ्गस्यापि ससामग्रीकस्याप्युपभोगासामर्थ्यहेतुः कर्मोपभोगान्तरायः । अनेकशो भोग्यमुपभोगो यथा वनितादयः । पीनाङ्गस्यापि कार्यकाले सामर्थ्यविरहप्रयोजकं कर्म वीर्यान्तरायः, इत्यन्तरायपञ्चकम् । ९ ।

सम्यगिति । सर्वदाऽर्थिप्रार्थनानुगुणं दातुस्सकाशाद् यस्य कर्मण उदयप्रभावेण याचकेन सविनयं याचितेऽपि अल्पमपि न लभ्यते वस्तु तत्कर्म लाभान्तराय इत्यर्थः । अत्रापि सम्यग्याचितेति पदं प्रयोज्यप्रयोजकभावरक्षायै । अन्यथाऽस्यालाभः किञ्चित्प्रयोज्योऽलाभत्वादित्यत्र याचनसामर्थ्याभावस्य प्रयोजकत्वसिद्ध्या सिद्धसाधनत्वापत्तेर्लाभान्तरायस्यासिद्धिप्रसङ्गः स्यात् । दानान्तरायादावतिव्याप्तिवारणाय लाभेति । स्थिती च मतिज्ञानावरणवत् । भोगान्तरायं लक्षयति-अनुपहताङ्गस्यापीति । निखिलाङ्गसम्भृतोऽपि माल्यचन्दनादिसामग्रीसमवधानेऽपि यदुदयान्न भुङ्क्ते माल्यादीनि तत्कर्म भोगान्तराय इत्यर्थः । प्रयोज्यप्रयोजकभावरक्षार्थमनुपहताङ्गस्यापि ससामग्रीकस्यापीति च पदम् । भोगपदन्तु दानातरायादावतिव्याप्तिवारणाय । स्थिती मतिज्ञानावरणवत् । भोगोपभोगयोः पर्यायताव्युदसनार्थं भोगशब्दार्थमाह-एकश इति एकवारं सकृदेवेति यावत् । तन्निदर्शनमाह-यथेति । कुसुमादयो ह्येकदा भुक्ता न पुनर्भोगाय त एवोपयुज्यन्त इति सकृद्भोगसाधनत्वात्ते भोगा उच्यन्त इति भावः । उपभोगान्तरायमाह-अनुपहताङ्गस्यापीत्यादिना । स्पष्टम्, स्थिती ज्ञानावरणवत्, उपभोगपदार्थमाह-अनेकश इति बहुवारमित्यर्थः पुनः पुनरिति भावः, निदर्शनमाह-वनितादय इति । अथ वीर्यान्तरायमाचष्टे-पीनाङ्गस्यापीति । हृष्टपुष्टाङ्गस्येत्यर्थः, निरामये वपुषि सत्यपि कार्यकाले यौवनावस्थायामपि वर्त्तमानोऽल्पशक्तिर्भवति, साध्येऽपि प्रयोजने यदुदयान्न प्रवर्त्तते तत्कर्म वीर्यान्तराय इत्यर्थः । लक्षणविचारः पूर्ववदेव । स्थिती मतिज्ञानावरणवत् । अस्योदयाधिक्यं पृथिव्यप्तेजोवायुवनस्पतिषु द्वीन्द्रियादारभ्य चरमसमयछद्मस्थं यावत् तत्क्षयोपशमजनितातारतम्याद्वीर्यस्य वृद्धिः । उत्पन्नकेवले भगवति तु

सर्ववीर्यान्तरायक्षयः । एते पञ्चान्तराया विभागवाक्येऽन्तरायपञ्चकशब्देनोक्ता इत्याह-इतीति । एते पञ्चापि देशघातिनः ॥

લાભાન્તરાય આદિનું સ્વરૂપ જણાવે છે-

ભાવાર્થ- વસ્તુની સારી રીતે માગણી કરવા છતાં દાતાની પાસેથી યાચકમાં લાભના અભાવનું પ્રયોજક કર્મ 'લાભાન્તરાય.'

અખંડિત અંગવાળામાં પણ સામગ્રીની સત્તા હોવા છતાંય, ભોગના અસામર્થ્યમાં હેતુભૂત કર્મ 'ભોગાન્તરાય.' ભોગ એટલે એકવાર ભોગને યોગ્ય. જેમ કે- ફૂલ વગેરે.

પૂર્ણ અંગવાળામાં પણ સામગ્રીનો સદ્‌ભાવ હોવા છતાંય, ઉપભોગના સામર્થ્યના અભાવમાં હેતુભૂત કર્મ 'ઉપભોગાન્તરાય.' ઉપભોગ એટલે અનેકવાર ભોગને યોગ્ય. જેમ કે- સ્ત્રી વગેરે.

હૃષ્ટપુષ્ટ શરીરવાળામાં પણ કાર્યના કાળમાં સામર્થ્યના અભાવમાં પ્રયોજક કર્મ 'વીર્યાન્તરાય.' આ પ્રમાણે અંતરાયપંચક છે.

વિવેચન- (૨) લાભાન્તરાય- હંમેશાં યાચકોની યાચનાને અનુરૂપ આપનાર-દાતાની પાસેથી જે કર્મના ઉદયના પ્રભાવથી યાચકે વિનય-કુશળતાપૂર્વક વસ્તુની માગણી કરી હોવા છતાં, યાચક વડે જરાય વસ્તુ મેળવાતી નથી, તે કર્મ 'લાભાન્તરાય' આવો અર્થ સમજવો. અહીં 'सम्यग् याचिते' એ પદ કાર્ય-કારણભાવની રક્ષા માટે છે. જો સમ્યગ્ યાચિત પદ ન મૂકવામાં આવે, તો આ પુરુષ અલાભવાળો છે. આનો અલાભ કોઈપણ કારણથી જન્ય છે, કેમ કે- અલાભ છે. માગ્યું નહિ અને મળ્યું નહિ એ તો સિદ્ધિ છે, એમાં કોઈ નવાઈ નથી, પણ સમર્થ યાચના કરવા છતાં જો ન મળે, તો પ્રશ્ન થાય કે- કેમ ન મળ્યું ? તો એના જવાબમાં કહેવાય કે- ભાઈ ! લાભાન્તરાયનો ઉદય હતો માટે મળ્યું નહિ. પરંતુ યાચનાના અભાવથી લાભનો અભાવ થયો. ત્યાં ભલે લાભાન્તરાયનો ઉદય ન માનો તો કદાચ ચાલે ! પરંતુ સારી રીતે માગવા છતાં પણ જ્યારે ન મળે, ત્યાં તો લાભાન્તરાય કર્મ અવશ્ય માનવું જ પડે.

દાનાન્તરાય આદિ કર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અલાભ પ્રયોજક.' મતિજ્ઞાનાવરણની માફક બંને સ્થિતિ જાણવી.

(૩) **ભોગાન્તરાય**- ઉપઘાત વગરના અંગમાં પણ સામગ્રીની હાજરી હોવા છતાંય, અર્થાત્ પુષ્પમાળા-ચંદન વગેરે હોવા છતાં, જે કર્મના ઉદયથી માળા વગેરેને ભોગવી શકતો નથી, તે કર્મ 'ભોગાન્તરાય' એમ અર્થ સમજવો. 'અખંડિત અંગવાળામાં પણ અને સામગ્રીવાળામાં પણ' આવું પદ પ્રયોજ્ય પ્રયોજકભાવની રક્ષા માટે જ છે. ભોગપદ તો દાનાન્તરાય આદિ કર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે છે. મતિજ્ઞાનાવરણની માફક બંને સ્થિતિ જાણવી.

ભોગ અને ઉપભોગ એ શબ્દો એકઅર્થવાચક રૂપ પર્યાય નથી, એમ જણાવવા માટે ભોગ શબ્દનો અર્થ કહે છે. એકવાર ભોગ્ય તે 'ભોગ.' દા. ત. ફૂલ વગેરે. કેમ કે- ફૂલ વગેરે એકવાર ભોગવાયેલા ફરીથી બીજી વાર ભોગમાં આવતા નથી, એટલે એક વાર ભોગના સાધન હોવાથી 'ભોગ' તરીકે કહેવાય છે, એમ ભાવ સમજવો.

(४) **उपभोगान्तराय**- અખંડિત અંગ હોવા છતાં, સામગ્રી હોવા છતાં, ઉપભોગના અસામર્થ્યમાં હેતુભૂત કર્મ 'उपभोगान्तराय.' ઉપભોગ શબ્દનો અર્થ વારંવાર ભોગયોગ્ય તે 'उपभोग.' અર્થાત્ એકવાર ભોગવાયેલા વસ્ત્ર વગેરે ફરી ફરી ભોગના માટે ઉપયોગમાં આવે છે. એટલે અનેકવાર ભોગના સાધનો 'ઉપભોગ' કહેવાય છે. દા. ત. સ્ત્રી વગેરે. જ્ઞાનાવરણની માફક બંને સ્થિતિ સમજવી.

(५) **वीर्यान्तराय**- નિરોગી શરીર હોવા છતાં કાર્યકાળમાં યુવાનીમાં પણ વર્તતો જીવ અલ્પ શક્તિવાળો થાય છે. સાધ્ય એવા પણ પ્રયોજનકાર્યમાં જે કર્મના ઉદયથી પ્રવૃત્તિ-પુરુષાર્થ કરતો નથી, તે કર્મ. 'वीर्यान्तराय.' અહીં લક્ષણનો વિચાર પૂર્વની માફક અને બંને સ્થિતિ મતિજ્ઞાનાવરણની માફક સમજવી.

આ વીર્યાન્તરાયકર્મના ઉદયનું આધિક્ય પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિમાં છે. બેઈન્દ્રિયથી છદ્મસ્થ અવસ્થાના છેલ્લા સમય સુધી તે વીર્યાન્તરાય ક્ષયોપશમજનિત (વીર્યના) તારતમ્યથી વીર્યની વૃદ્ધિ છે. ઉત્પન્ન કેવલજ્ઞાનવાળા ભગવાનમાં તો સર્વ વીર્યાન્તરાયનો ક્ષય છે. (क्षायिक वीर्यलब्धि.)

આ પાંચ અંતરાયો વિભાગવાક્યમાં अंतरायपंचक શબ્દથી કહેલ છે. માટે કહે છે કે - 'ઇતિ'- આ પ્રમાણે. આ પાંચેય અંતરાય દેશઘાતી છે.

अधुना[१] चक्षुर्दर्शनावरणं वक्ति–

चक्षुषा सामान्यावगाहिबोधप्रतिरोधकं कर्म चक्षुर्दर्शनावरणम् । तद्भिन्नेन्द्रियेण मनसा च सामान्यावगाहिबोधप्रतिरोधकं कर्माचक्षुर्दर्शनावरणम् । १० ।

चक्षुषेति । चक्षुर्जन्यसामान्यमात्रविषयकबोधप्रतिरोधकत्वे सति कर्मत्वं चक्षुर्दर्शनावरणस्य लक्षणम् । विशेष्यविशेषणकृत्यं पूर्ववत् । अचक्षुर्दर्शनावरणादौ व्यभिचारवारणाय चक्षुर्जन्येति, मतिज्ञानावरणविशेषेऽतिव्याप्तिवारणाय सामान्यमात्रविषयकेति । मात्रपदमप्यत एव । दर्शनमुपलब्धिः सामान्यार्थग्रहणं स्कन्धावारोपयोगवत्तदहर्जातबालदारकनयनोपलब्धिवद्वा व्युत्पन्नस्यापि । चक्षुषा दर्शनं चक्षुर्दर्शनमिति तत्त्वार्थवृत्तिः, चक्षुर्दर्शनावरणीयक्षयोपशमतोऽवबोधव्यापृतिमात्रसारं, सूक्ष्मजिज्ञासारूपमवग्रहप्राग्जन्म, मतिज्ञानावरणक्षयोपशमसम्भूतं, सामान्यमात्रग्राह्यवग्रहव्यङ्ग्यं स्कन्धावारोपयोगवच्चक्षुर्दर्शनमिति तत्त्वार्थहारिभद्रटीका । उभयविधव्याख्यानेन विषयविषयिसन्निपातानन्तरसमुद्भूतनिःशेषविशेषविमुखसद्विषयकं दर्शनमिति लभ्यते । विशुद्धनयेनेदम् । उपचारनयेन तु दृष्टिर्दर्शनं सामान्यविशेषात्मके वस्तुनि सामान्यबोधः, यथा वनमिदमिति । एवं पूर्वपूर्वज्ञानमुत्तरोत्तरविशेषविषयकज्ञानापेक्षया

---

१. दर्शनं हि पञ्चभिरिन्द्रियैर्भवति, चक्षुषोऽप्राप्यकारित्वेनेतरेन्द्रियाणाञ्च प्राप्यकारित्वेन चक्षुर्दर्शनमचक्षुर्दर्शनमितीन्द्रियाश्रयणाद्दर्शनस्य द्वैविध्यात्तदपेक्षया द्वैविध्यमावरणस्य, एकधा सङ्ग्रहासम्भवात्, मनस्त्वनिन्द्रियमतस्तद्दर्शनस्याचक्षुर्दर्शनेन सङ्ग्रहोऽतः प्रथमं चक्षुर्दर्शनावरणमाह ॥

दर्शनमवधेयम् । देशघातीदम् । अस्य स्थिती मतिज्ञानावरणवत् । अचक्षुर्दर्शनावरण-स्वरूपमाह, तद्भिन्नेन्द्रियेणेति । चक्षुर्भिन्नेन्द्रियेणेत्यर्थः, चक्षुर्दर्शनावरणवारणाय तद्भिन्नेति । मनसेति, मनोजन्येत्यर्थः, तथा च चक्षुर्भिन्नेन्द्रियमनोऽन्यतरजन्यसामान्यमात्रावगाहिबोधप्रति-रोधकत्वे सति कर्मत्वमचक्षुर्दर्शनावरणस्य लक्षणम् । कृत्यं पदानां स्पष्टमेव । देशघातीदम् । स्थिती अपि मतिज्ञानावरणवत् ॥

चक्षु-अचक्षुदर्शनावरणने जणावे छे-

[ખરેખર, દર્શન પાંચ ઈન્દ્રિયોથી થાય છે. ચક્ષુ અપ્રાપ્યકારી હોઈ અને ચક્ષુ સિવાયની ઈન્દ્રિયો પ્રાપ્યકારી હોઈ, ચક્ષુદર્શન-અચક્ષુદર્શન, એ પ્રમાણે ઈન્દ્રિયોની અપેક્ષાએ દર્શનની દ્વિવિધતા હોઈ તેના આવરણની દ્વિવિધતા છે; કેમ કે- એક પ્રકારે સંગ્રહનો અસંભવ છે. મન તો અનિન્દ્રિય છે, જેથી તેના દર્શનનો અચક્ષુદર્શન-ચક્ષુભિન્ન ઈન્દ્રિય, અનિન્દ્રિયજન્ય એ રૂપ અચક્ષુદર્શનથી સંગ્રહ થઈ જાય છે. એથી પહેલાં ચક્ષુદર્શનને કહે છે.]

ભાવાર્થ- ચક્ષુ દ્વારા (કરણથી) સામાન્ય અવગાહી બોધને (સામાન્ય ઉપયોગને) રોકનારું કર્મ 'ચક્ષુર્દર્શનાવરણ.'

ચક્ષુથી ભિન્ન ઈન્દ્રિયો દ્વારા અને મનકરણથી સામાન્ય અવગાહી બોધને રોકનારું કર્મ **'અચક્ષુર્દર્શનાવરણ.'**

વિવેચન- અહીં આત્મા સામાન્ય વિશેષ ઉપયોગ રૂપ સ્વભાવવાળો છે. તે આત્માના ઉપયોગમાં ઈન્દ્રિયો અને મન કરણરૂપ દ્વાર છે. આત્મા કરણ દ્વારા રૂપ આદિ વિષયોને જાણે છે અને જુએ છે. તેનો રોધ કરનારા કર્મો પણ છે. અર્થાત્ ચક્ષુ રૂપ કરણજન્ય રૂપવિષયક સામાન્ય અવગાહી ઉપયોગને રોકનાર કર્મ, તે 'ચક્ષુર્દર્શનાવરણ' છે.

'ચક્ષુજન્ય સામાન્ય માત્ર વિષયક બોધ પ્રતિબંધકત્વ વિશિષ્ટ કર્મત્વ'- એ ચક્ષુર્દર્શનાવરણનું લક્ષણ છે. વિશેષ્ય અને વિશેષણનું પદકૃત્ય પૂર્વની માફક સમજવું. અચક્ષુર્દર્શનાવરણ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ચક્ષુજન્ય બોધ પ્રતિબંધક કર્મત્વ' મૂકેલ છે. મતિજ્ઞાનાવરણ વિશેષમાં અતિવ્યાપ્તિના વરણ માટે 'ચક્ષુર્જન્ય સામાન્ય માત્ર વિષયક બોધ 'પ્રતિબંધક કર્મત્વ' મૂકેલ છે. માત્ર પદ પણ એટલા માટે જ છે.

દર્શન એટલે ઉપલબ્ધિ-સામાન્ય રૂપ અર્થનું ગ્રહણ. જેમ કે- (મહાવિધ્વાનને પણ) સ્કંધવારનો ઉપયોગ, સૈન્યસમુદાયના પડાવ રૂપ છાવણીનો ઉપયોગ, સમુદાય-જાતિ વગેરેનો ઉપયોગ, તે દર્શન; અથવા તે દિવસે જન્મેલ બાળકને નયનની (દર્શનની) ઉપલબ્ધિ. (દર્શન શબ્દના અનેક અર્થો થાય છે. જેમ કે- સમ્યગ્દર્શન એટલે સમ્યક્ શ્રદ્ધાન્, દર્શન એટલે સામાન્ય ગ્રહણ, દર્શન એટલે આંખ, દર્શન એટલે શાસ્ત્રમત, દર્શન એટલે ઈન્દ્રિયાનિન્દ્રિયજન્ય અર્થની ઉપલબ્ધિ-પ્રાપ્તિ વગેરે.) ચક્ષુકરણક દર્શન, ચક્ષુર્દર્શન- એમ તત્ત્વાર્થવૃત્તિમાં કથન છે.

तत्त्वार्थ हारिभद्र टीकामां करेल चक्षुर्दर्शननुं स्वरूप-

(१) चक्षुर्दर्शनावरणीय कर्मना क्षयोपशमथी अवबोध व्यापार मात्र जेमां सार छे तेवुं.

(२) जे सूक्ष्म जिज्ञासा रूप छे, एटलुं ज नहि परंतु अवग्रहना पहेलां जेनी उत्पत्ति छे.

(३) जे मतिज्ञानावरणना क्षयोपशमथी जन्य छे.

(४) सामान्य मात्र ग्राहक अवग्रहथी जाणी शकाय तेवुं.

(५) स्कंधावारना उपयोगनी माफक सामान्य उपयोग रूप 'चक्षुर्दर्शन' कहेवाय छे.

आवी रीते बन्ने प्रकारना व्याख्यानथी ईन्द्रियार्थना संबंध पछी जे पेदा थयेल सत् मात्रना विषयवाळो सामान्य बोध रूप 'दर्शन'- एवो भाव प्राप्त थाय छे. [विषय संनिपात = समीचीन एटले भ्रान्ति वगेरेना अजनकपणाओ अनुकूळ, निपात एटले योग्य देश आदिमां अवस्थान, तेना पछीथी उत्पन्न जे समस्त विशेषथी विमुख सत् मात्र विषयवाळो सामान्य बोध रूप 'दर्शन'- एम अर्थ प्राप्त थाय छे.]

आ अर्थ (अनाकार ज्ञान रूप दर्शन) विशुद्ध नय द्वारा छे. व्यवहारनयनी अपेक्षाओ तो दृष्टि रूप दर्शन, (ज्ञानना प्रकार रूप ज दर्शन) सामान्य विशेषात्मक वस्तुमां सामान्य बोध (उपयोग). जेम के- आ वन छे. आ प्रमाणे पूर्व पूर्वनुं ज्ञान, उत्तरोत्तर विशेष विषयक ज्ञाननी अपेक्षाओ दर्शन समजवुं.

आ चक्षुर्दर्शनावरण देशघाती छे. मतिज्ञानावरणनी माफक बन्ने स्थिति जाणवी.

अचक्षुदर्शनावरणने कहे छे-

'चक्षुर्भिन्न ईन्द्रिय मनोऽन्यतरजन्य सामान्य मात्र विषयक बोध प्रतिबंधक कर्मत्व'- आवुं लक्षण छे. आ लक्षणना पदोनुं कृत्य स्पष्ट ज छे. आ देशघाती छे. मतिज्ञानावरणनी माफक बन्ने स्थिति छे.

अवधिदर्शनावरणमाचष्टे—

मूर्त्तद्रव्यविषयकप्रत्यक्षरूपसामान्यार्थग्रहणावरणहेतुः कर्मावधिदर्शनावरणम् ।११।

मूर्त्तद्रव्येति । अवधिज्ञानं[१] हि मूर्त्तद्रव्यमात्रविषयकप्रत्यक्षरूपं तस्मिन् यत्सामान्यार्थग्रहणं तदावरणहेतुः कर्म अवधिदर्शनावरणमित्यर्थः । चक्षुर्दर्शनावरणादौ व्यभिचारवारणाय प्रत्यक्षान्तं, तस्य यावन्मूर्त्तमात्रविषयकदर्शनावरणरूपत्वाभावात् । अवधिज्ञानावरणादौ व्यभिचारवारणाय सामान्यार्थग्रहणेति । तथा चावधिज्ञानिनामवध्युपयोगे यत्सामान्यार्थग्रहणं तदावरणकारणं कर्मेति भावः । अत्र सर्वत्र दर्शनमनाकारं ज्ञानं साकारं बोध्यम् । स्थिती अपि मतिज्ञानावरणवत्, देशघातीदम् ॥

---

१. नन्ववधिदर्शनिन उत्कृष्टतोऽप्येकवस्तुगतास्संख्येया असंख्येयाः पर्याया जघन्यतश्चत्वारः पर्याया उक्ताः पर्यायाश्च विशेषा एव, ते च ज्ञानस्यैव विषया न दर्शनस्य, तथा चावधिदर्शनस्यैवाभावेनावधिदर्शनावरणमेवाप्रसिद्धमिति चेत्सत्यम्, पर्यायैरपि घटशरावोदञ्चनादिभिर्मृदादिसामान्यमेव तथा विशिष्यते न पुनस्तेनएकान्तेन व्यतिरिच्यन्ते अतो मुख्यतया सामान्यं गौणतयाविशेषा अपि दर्शनस्य विषय इति न दर्शनाप्रसिद्धिः ॥

અવધિદર્શનાવરણને કહે છે-

ભાવાર્થ- મૂર્ત્તદ્રવ્યવિષયક પ્રત્યક્ષ રૂપ જે અવધિજ્ઞાન છે, તેના પહેલા સમયે જે મૂર્ત્તદ્રવ્યનિષ્ઠ સામાન્ય રૂપ અર્થના ગ્રહણમાં આવરણ હેતુભૂત જે કર્મ, તે **'અવધિદર્શનાવરણ.'**

વિવેચન- ખરેખર, અવધિજ્ઞાન મૂર્ત્ત (રૂપી) દ્રવ્યવિષયક પારમાર્થિક પ્રત્યક્ષ રૂપ છે. [સાચે જ અવધિદર્શનીને ઉત્કૃષ્ટથી પણ એક વસ્તુગત સંખ્યાતા-અસંખ્યાતા પર્યાયો હોય છે. જઘન્યથી ચાર પર્યાયો કહેલ છે. પર્યાયો એટલે વિશેષો જ. તે વિશેષો જ્ઞાનના જ વિષયો થાય છે, દર્શનના નહિ. તથાચ અવધિદર્શનના અભાવથી જ અવધિદર્શનાવરણ અપ્રસિદ્ધ જ છે ને ? આવો જો સવાલ છે, તો જવાબ એ છે કે -ઘટ-સરાવલું-ઢાંકણ આદિ રૂપ પર્યાયોથી પણ મૃદ્ આદિ સામાન્ય જ તે પ્રકારે વિશેષિત કરાય છે પરંતુ એકાન્તથી તે મૃદ્ આદિ સામાન્યથી ઘટ આદિ પર્યાયો ભિન્ન નથી. એથી મુખ્યતાથી સામાન્ય અને ગૌણપણે વિશેષો પણ દર્શનના વિષય રૂપ છે, માટે દર્શનની અપ્રસિદ્ધિ નથી.] તે અવધિજ્ઞાનનો ઉપયોગ જ્યારે થાય, ત્યારે તેના પહેલાં જે સામાન્ય રૂપ અર્થનું ગ્રહણ છે, તેના આવરણમાં હેતુભૂત કર્મ 'અવધિદર્શનાવરણ'- આવો અર્થ સમજવો.

પદકૃત્ય- ચક્ષુદર્શનાવરણ આદિમાં અતિવ્યાપ્તિ રૂપ વ્યભિચારના વારણ માટે 'મૂર્ત્તદ્રવ્યવિષયક પ્રત્યક્ષ' ઇતિ પદ મૂકેલ છે, કારણ કે- તે ચક્ષુદર્શનાવરણ આદિ સકલ મૂર્ત્ત માત્ર વિષયક દર્શનાવરણ રૂપ નથી. અવધિજ્ઞાનાવરણ આદિમાં અતિવ્યાપ્તિ રૂપ વ્યભિચારના વારણ માટે 'સામાન્ય અર્થગ્રહણ' ઇતિ પદ મૂકેલ છે.

તથાચ અવધિજ્ઞાનીઓના અવધિના ઉપયોગમાં પહેલાં જે સામાન્ય રૂપ અર્થનું ગ્રહણ છે, તેના આવરણમાં 'કારણભૂત કર્મ'- આવો ભાવ છે. અહીં કે સર્વત્ર દર્શન એટલે અનાકાર અને જ્ઞાન એટલે સાકાર, એમ સમજવું. આ કર્મ દેશઘાતી છે. મતિજ્ઞાનાવરણની માફક બન્ને સ્થિતિ વિચારવી.

अथ केवलदर्शनावरणस्वरूपमाह—

समस्तलोकालोकवर्त्तिमूर्त्तामूर्त्तद्रव्यविषयकगुणभूतविशेषकसामान्यरूपप्रत्यक्षप्रतिरोधकं कर्म केवलदर्शनावरणम् । इति दर्शनावरणचतुष्कम्, दर्शनलब्धिप्रतिबन्धकम् । १२ ।

समस्तेति । सकलानि यानि लोकालोकवर्त्तीनि मूर्त्तामूर्त्तद्रव्याणि तद्विषयकं गौणीकृताः विशेषा यस्मिन् तादृशं यत्सामान्यविषयकं प्रत्यक्षं तदावरणकारणं कर्मेत्यर्थः । केवलदर्शनमिदं केवलज्ञानोत्तरभावि, चक्षुर्दर्शनादीनि तु चक्षुर्ज्ञानादिपूर्वभावीनि, गौणीकृतसकलविशेषविषयकसामान्यप्रधानविषयकप्रत्यक्षज्ञानावरणकारणत्वे सति कर्मत्वं लक्षणं, अनाकारस्यास्य दर्शनस्य प्रत्यक्षत्वेनोत्कीर्त्तनं ज्ञानोत्तरकालभावित्वस्याव्यहितात्मद्रव्यसमुत्थत्वस्य निखिलसामान्यविशेषविषयकत्वस्य च सूचनाय, केवलं गुणप्रधानभावापेक्षया च तयोर्विशेषः । सर्वघातीदम् । अस्यापि जघन्योत्कृष्टा स्थितिर्मतिज्ञानावरणवत् । अथ

मनःपर्यवदर्शनं नास्त्येव, मनोभावविषयकत्वेन सामान्यविषयकबोधानात्मकत्वेन साकारत्वात्तस्य, अतो दर्शनावरणानि चतुर्विधान्येव, तान्येव च विभागवाक्ये दर्शनावरणचतुष्कपदेनोक्तानीत्याह-इतीति । चत्वारीमानि दर्शनावरणानि दर्शनस्योद्गममेव प्रतिरुन्धन्ति तस्माद्दर्शनचतुष्कं दर्शनलब्धिप्रतिबन्धकमित्याह-दर्शनेति । तल्लब्धिरेव यदा प्रतिरुद्धा तदा कुतस्तदुपयोग इति भावः ॥

કેવલદર્શનાવરણના સ્વરૂપને કહે છે-

ભાવાર્થ- સમસ્ત લોક અને અલોકમાં રહેલ, મૂર્ત્ત-અમૂર્ત્ત દ્રવ્યવિષયક ગૌણ રૂપ વિશેષવાળા સામાન્ય રૂપ વિષયક પ્રત્યક્ષને રોકનારું કર્મ 'કેવલદર્શનાવરણ.' આ પ્રમાણે દર્શનાવરણચતુષ્ક (ચારનો સમુદાય) દર્શનલબ્ધિ પ્રતિબંધક છે.

વિવેચન- લોકાલોકવર્તી જે સકલ મૂર્ત્તદ્રવ્યો અને અમૂર્ત્તદ્રવ્યોને વિષય કરનારું તથા વિશેષોને ગૌણ કરનાર, એવા સામાન્ય વિષયની મુખ્યતાવાળું જે પ્રત્યક્ષ છે, તેને આવરણ કરનારું કર્મ. આ કેવલદર્શન પછી હોનાર-વર્તનાર છે. ચક્ષુર્દર્શન વગેરે તો ચક્ષુર્જ્ઞાનાદિથી પૂર્વે થનાર છે.

ગૌણ કરેલ સકલ વિશેષોને વિષય કરનાર અને સામાન્યને પ્રધાન રૂપે વિષય કરનાર પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાનના આવરણના કારણત્વ વિશિષ્ટ કર્મત્વ, એ લક્ષણ છે.

અનાકાર એવું કેવલદર્શન પ્રત્યક્ષ રૂપ છે, કેમ કે- કેવલજ્ઞાન પછીના કાળમાં થનાર છે, અવ્યવહિત (સાક્ષાદ્) આત્મા રૂપી દ્રવ્યથી જ પ્રાદુર્ભૂત-ઉત્પન્ન થયેલ છે અને સમસ્ત સામાન્ય અને વિશેષ રૂપ વિષયને વિષય કરનારું છે. ફક્ત કેવલજ્ઞાનદર્શનમાં જે ભેદ છે, તે ગુણપ્રધાનભાવની અપેક્ષાએ છે. અર્થાત્ અહીં અનાકાર એવા કેવલદર્શનનું પ્રત્યક્ષ રૂપે જે કથન કરેલ છે, તે કેવલદર્શન કેવલજ્ઞાન પછી થનાર છે. આત્મ માત્ર જન્ય સાક્ષાત્કારી છે. સકલ સામાન્ય વિશેષને વિષય કરે છે, એવી બાબત દર્શાવવા માટે છે. આ કેવલદર્શનાવરણ સર્વઘાતી છે. આની બન્ને સ્થિતિ મતિજ્ઞાનાવરણની માફક જાણવી.

હવે મનઃપર્યવ નામનું દર્શન નથી જ, કેમ કે-વિશેષ રૂપ મનોભાવને વિષય કરે છે. સામાન્ય વિષયક બોધ રૂપ નહિ હોવાથી સાકાર હોઈ મનઃપર્યવજ્ઞાન છે પણ દર્શન નથી. માટે દર્શનાવરણ ચાર પ્રકારનું છે. વિભાગવાક્યમાં તે દર્શનાવરણો 'દર્શનાવરણ ચતુષ્ક' શબ્દથી કહેલ છે.

આ ચાર દર્શનાવરણો દર્શનના ઉદ્ગમને (ઉત્પત્તિને) રોકે છે, માટે દર્શનાવરણચતુષ્ક દર્શનલબ્ધિપ્રતિબંધક છે. મૂલતઃ દર્શનની લબ્ધિ(દર્શન આવરણ ક્ષયોપશમની પ્રાપ્તિ)નો પ્રતિઘાત કરનાર છે. જ્યારે દર્શનલબ્ધિ જ રોકાણી, તો પછી દર્શનલબ્ધિ દ્વારા થતો જે દર્શન રૂપ ઉપયોગ તો ક્યાંથી જ સંભવે ? કેમ કે- કારણના અભાવે કાર્યનો અભાવ છે. 'मूलं नास्ति कुतः शाखा ?'

अथ निद्रां लक्षयति–

चैतन्याविस्पष्टतापादकं सुखप्रबोधयोग्यावस्थाजनकं कर्म निद्रा । चैतन्यस्याविस्पष्टतापादकं दुःखप्रबोध्यावस्थाहेतुः कर्म निद्रानिद्रा । १३ ।

चैतन्येति । चैतन्यस्य याऽविस्पष्टता तमसाऽऽवृतघटवदवस्थानं, निद्रोदयाद्धि जीवस्तमोऽवस्थायामवस्थितो भवति, तस्या आपादकं सुखेनानायासेन योऽयं प्रबोधः, नखच्छोटिकादिमात्रेणैवावबोधस्तद्योग्यावस्था निद्रावस्थेत्युच्यते तज्जनकं कर्मापि निद्रा कारणे कार्योपचारादत एव न जहल्लिङ्गत्वं निद्राशब्दस्येति भावार्थः । चैतन्याविस्पष्टतापादकत्वे सति कर्मत्वस्य निद्रानिद्रायां सत्त्वात्तद्वारणाय सुखप्रबोधयोग्यावस्थाजनकत्वे सतीति । शुभकर्ममात्रस्य सामन्येनात्मनः सुखप्रबोधयोग्यावस्थाजनकत्वसंशयव्युदासाय चैतन्यस्याविस्पष्टतापादकत्वे सतीत्युक्तं न शुभकर्म चैतन्यस्याविस्पष्टतापादकमतो न दोषः । यद्यपि पापकर्म चैन्याविस्पष्टतापादकं, तथापि न निद्रातिरिक्तं तत्सुखप्रबोधयोग्यावस्थाजनकमतो न दोषः । अस्या उत्कृष्टा स्थितिः त्रिंशत्सागरोपमकोटीकोट्यो वर्षसहस्त्रित्रितयञ्चाबाधा, जघन्या तु सागरोपमस्य त्रयस्सप्तभागाः पल्योपमासंखयेयभागेन न्यूना अन्तर्मुहूर्तञ्चाबाधा । निद्रानिद्रां लक्षयति—चैतन्यस्येति । चैतन्याविस्पष्टतापादकत्वे सति दुःखप्रबोधयोग्यावस्थापादकत्वे च सति कर्मत्वं लक्षणार्थः, मिथ्यात्वमोहनीयादिकर्मणां दुःखप्रबोधयोग्यावस्थापादकत्वाच्चैतन्यस्याविस्पष्टतापादकत्वाच्चाव्याप्तिवारणाय दुःखप्रबोध्यस्वापावस्थापादकत्वे सति कर्मत्वस्य विवक्षितत्वे चैतन्यस्याविस्पष्टतापादकत्वे सतीति पदं न देयमेव, अन्यपदप्रयोजनं पूर्ववत् । निद्रातोऽतिशायिनी निद्रेति मध्यमपदलोपिसमासेन निद्रानिद्रा निष्पन्नेति बोध्यम् । अस्याः स्थिती निद्रावत् ॥

નિદ્રાનું લક્ષણ બતાવે છે-

ભાવાર્થ- ચૈતન્યની વિશેષ અસ્પષ્ટતાને કરનારું સુખપૂર્વક (જાગી) જગાડી શકાય એવી અવસ્થાનું કારણકર્મ 'નિદ્રા.'

ચૈતન્યની અવિસ્પષ્ટતાને કરનારું દુઃખપૂર્વક (જાગી) જગાડી શકાય એ અવસ્થાનું હેતુભૂતકર્મ 'નિદ્રાનિદ્રા.'

વિવેચન- ચૈતન્યની જે અવિસ્પષ્ટતા એટલે અંધકારથી ઘેરાયેલા ઘડાની માફક અવસ્થાન (અવસ્થા) સાથે જ નિદ્રાના ઉદયથી જીવ અંધકારવાળી અવસ્થામાં રહેલો થાય છે. તે અવિસ્પષ્ટતાને કરનારું, મહેનત વગર સુખપૂર્વક જે આ પ્રબોધ, નખછોટીકા આદિ (બીજાના ચપટી વાગડવા આદિ) માત્રથી જ જાગવું, તેને યોગ્ય અવસ્થા 'નિદ્રા અવસ્થા' કહેવાય છે. તેનું જનકકર્મ પણ 'નિદ્રા' છે, કેમ કે- કારણમાં કાર્યનો આરોપ થાય છે. અહીં નિદ્રા શબ્દ અજહલ્લિંગી છે. (વ્યાકરણપ્રસિદ્ધ નિયત લિંગવાળો છે.)

જો 'ચૈતન્યાવિસ્પષ્ટતા આપાદકત્વ વિશિષ્ટ કર્મત્વ' એટલું જ લક્ષણ કરવામાં આવે, તો નિદ્રાનિદ્રામાં અતિવ્યાપ્તિના વારણ માટે 'સુખપ્રબોધયોગ્ય અવસ્થા જનકત્વે સતિ' આવું વિશેષણ મૂકેલ છે.

શુભ કર્મ માત્ર સામાન્યથી આત્માની સુખપ્રબોધયોગ્ય અવસ્થાનું જનક હોઈ, શુભ કર્મ માત્રમાં સુખપ્રબોધયોગ્ય અવસ્થાના સંશયના વ્યવચ્છેદ માટે 'ચૈતન્યાવિસ્પષ્ટતા આપાદકત્વે સતિ' એવું વિશેષણ દલ મૂકેલ છે, કેમ કે- શુભ કર્મ ચૈતન્યાવિસ્પષ્ટતા આપાદક નથી માટે દોષ નથી.

જો કે પાપકર્મ ચૈતન્યની અવિસ્પષ્ટતાને કરનારું છે, તો પણ નિદ્રા સિવાય તે પાપકર્મ સુખપ્રબોધયોગ્ય અવસ્થાજનક છે, માટે દોષ નથી,

આ નિદ્રા રૂપ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ ત્રણ હજાર વર્ષ. જઘન્ય સ્થિતિ સાગરોપમના ત્રણ સાતીયા (સપ્તમ) ભાગો, પલ્યોપમના અસંખ્યાતભાગે ન્યૂન. અબાધાકાળ અંતર્મુહૂર્ત.

निद्रानिद्रानुं लक्षण कहे छे-

ચૈતન્યની અવિસ્પષ્ટતા આપાદકત્વે સતિ, દુઃખપ્રબોધયોગ્ય અવસ્થા જનકત્વે સતિ કર્મત્વ, એ લક્ષણનો અર્થ છે. દુઃખપ્રબોધયોગ્ય અવસ્થા આપાદક હોઈ, ચૈતન્ય અવિસ્પષ્ટતાજનક હોઈ મિથ્યાત્વમોહનીય આદિ કર્મોમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'દુઃપ્રબોધયોગ્ય સ્વાપ અવસ્થા આપાદકત્વે સતિ કર્મત્વ,' એ રૂપ લક્ષણની વિવક્ષા હોઈ, 'ચૈતન્યાવિસ્પષ્ટતા આપાદકત્વે સતિ' આવું પદ મૂકવું નહિ. બીજા પદનું પ્રયોજન પૂર્વની માફક સમજવું.

નિદ્રાનિદ્રા શબ્દની સિદ્ધિ-નિદ્રાથી ચઢીયાતી નિદ્રા- 'નિદ્રાનિદ્રા' અહીં મધ્યમ પદલોપી સમાસ છે. (શાકપ્રિયઃ પાર્થિવઃ શાકપાર્થિવની માફક મૂયરવ્યંસક આદિ રૂપ તત્પુરુષો નિપાતસિદ્ધ છે.) આની બંને સ્થિતિ નિદ્રાવત્ છે.

અથ પ્રચલામાહ--

उपविष्टस्योत्थितस्य वा चैतन्याविस्पष्टतापादकं कर्म प्रचला । १४ ।

उपविष्टस्येति । प्रचलयत्यात्मानमिति प्रचला, स्वापावस्थाविशेषोऽयम् । अवस्थायाष्मस्यामुपविष्ट ऊर्ध्वस्थितो वा प्रचलयति विघूर्णयत्यात्मानं, अत्र चैतन्यस्याविस्पष्टता च विनिवृत्तेन्द्रियत्वत्प्रीतिलवमात्रनिदाना नेत्रगात्रक्रियाफल्ला विज्ञेया, ईदृशविपाकप्रापकं कर्मापि-प्रचलेत्युच्यते तथा चोपवेशनोत्थानकालावच्छिन्नस्थितिमत्पुरुषसम्बन्धिस्वापप्रयुक्तचैतन्याविस्पष्टतापादकत्वे सति कर्मत्वं लक्षणम् । निद्रादावतिव्याप्तिवारणाय सम्बन्ध्यन्तम् । प्रचलाप्रचलादावतिव्याप्तिवारणाय स्थितिमदिति । निद्रादावतिव्याप्तिवारणायोपवेशनोत्थानकालावच्छिन्नेति । निद्रायां निद्रानिद्रायां च पुरुषो हि शेते । शोकश्रममदादिप्रभवेयं प्रचला । स्थिती निद्रावत् ॥

પ્રચલાનું નિરૂપણ-

ભાવાર્થ- બેઠેલાની કે ઉભેલાની ચૈતન્યની અવિસ્પષ્ટતાને કરનારું કર્મ 'પ્રચલા.'

વિવેચન- પ્રચલા એટલે આત્માને નિદ્રા વગેરેથી ઝોકાં ખાતો કરી દે તે. આ વિશિષ્ટ સ્વાપ અવસ્થા છે.

અહીં ચૈતન્યની અવિસ્પષ્ટતા એટલે ઈન્દ્રિયાદિ, પોતપોતાના વિષયોથી નિવૃત્ત હોવાથી, પ્રીતિના લવલેશ માત્ર રૂપ કારણજન્ય, નેત્ર અને શરીરની ક્રિયા રૂપ ફળવાળી ચૈતન્યની અવિસ્પષ્ટતા સમજવી. આવા વિપાકને પમાડનારું કર્મ પણ 'પ્રચલા' કહેવાય છે.

તથાચ ઉપવેશન (બેસવું) ઉત્થાન (ઉભા રહેવું)ના કાળવિશિષ્ટ સ્થિતિવાળા પુરુષ સંબંધી 'વિશિષ્ટ સ્વાપજન્ય ચૈતન્યની અવિસ્પષ્ટતા કારકત્વ વિશિષ્ટ કર્મત્વ' એ લક્ષણ છે.

પદકૃત્ય- નિદ્રા આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ઉપલેશનોત્થાન કાલાવચ્છિન્ન સ્થિતિ મત્પુરુષ સંબંધી' રૂપ પદ મૂકેલ છે. પ્રચલાપ્રચલા આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'સ્થિતિમત્' એવું પદ મૂકેલ છે.

નિદ્રા આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ઉપનિવેશન ઉત્થાન કાલાવચ્છિન્ન' આવું પદ રાખેલ છે, કેમ કે- નિદ્રામાં અને નિદ્રાનિદ્રામાં પુરુષ પલંગ-શય્યા વગેરેમાં ઊંઘી જાય છે.

શોક-પરિશ્રમ-મદ આદિથી (નશાબાજ ચીજ દ્વારા) પેદા થનારી આ પ્રચલા છે. નિદ્રાની માફક બન્ને સ્થિતિ સમજવી.

प्रचलाप्रचलामाह—

चङ्क्रममाणस्य चैतन्याविस्पष्टतापादकं कर्म प्रचलाप्रचला । १५ ।

चङ्क्रममाणस्येति । चङ्क्रमणकालावच्छिन्नपुरुषसम्बन्धिस्वापप्रयुक्तचैतन्याविस्पष्टतापादकत्वे सति कर्मत्वं लक्षणम्, कृत्यं स्पष्टम् । स्थिती अपि निद्रावत् ॥

प्रचलाप्रचला-

ભાવાર્થ- ચંક્રમણ કરતા (ચાલતા) જીવની ચૈતન્યની અવિસ્પષ્ટતાનું કારક કર્મ 'પ્રચલાપ્રચલા.'

વિવેચન- પ્રચલાપ્રચલાનું લક્ષણ-ચંક્રમણકાળવિશિષ્ટ પુરુષ સંબંધી સ્વાપજન્ય ચૈતન્ય અવિસ્પષ્ટતાનું કારત્વ વિશિષ્ટકર્મત્વ, એ લક્ષણ છે.

પદકૃત્ય સ્પષ્ટ છે. આ પ્રચલાપ્રચલાની બન્ને સ્થિતિ નિદ્રાની માફક સમજવી.

स्त्यानर्द्धिमाह—

जाग्रदवस्थाऽध्यवसितार्थसाधनविषयस्वापावस्थाप्रयोजकं कर्म स्त्यानर्द्धिः, इति दर्शनलब्ध्यावारकं निद्रापञ्चकम् । १६ ।

जाग्रदवस्थेति । स्त्याना पिण्डीभूता ऋद्धिरात्मशक्तिरूपा यस्यां सा स्त्यानर्द्धिः, स्त्यानगृद्धिरपि नामान्तरं, स्त्याना बहुत्वेन संघातमापन्ना गृद्धिरभिकाङ्क्षा, जाग्रदवस्थाऽध्यवसितार्थसाधनविषया यस्यां स्वापावस्थायां सा स्त्यानगृद्धिः । ईदृशावस्थापन्नस्य प्रथमसंहननस्योत्कर्षतः केशवार्द्धबलसदृशी शक्तिरुपजायते प्रवचने प्रसिद्धोऽयमर्थः । तथा च जाग्रदवस्थाध्यवसितार्थसाधनविषयकस्वापावस्थाप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणं निद्रादिवारणाय विषयकान्तम् । निद्रावदेवास्या उभयविधा स्थितिः । निद्रापञ्चकमिदं प्राप्ताया दर्शनोपलब्धेरुपघातं करोतीत्याह-इतीति, न तु दर्शनावरणचतुष्टयवन्मूलत एव दर्शनलब्धिमुपहन्तीति । अत्रेदं विज्ञेयं दर्शनावरणं बन्धे उदये सत्तायां च कदाचिच्चतुर्धा षोढा नवधा प्राप्यते यदा बन्धादिषु चतुर्धा विवक्ष्यते तदा पूर्वोदितं दर्शनावरणचतुष्कं विज्ञेयम् । तदेव निद्राप्रचलाभ्यां षोढा भवति तदा तु दर्शनावरणषट्कमुच्यते । तदेव च निद्रादिपञ्चभिर्युतं नवधा भवत्येतदेव च विभागे दर्शनावरणनवकमित्युक्तमिति ॥

स्त्यानर्द्धिनिद्रा निरूपण-

ભાવાર્થ- જાગૃત અવસ્થામાં નિધરિલ કાર્યની સિદ્ધિના વિષયવાળી સ્વાપ અવસ્થામાં પ્રયોજક કર્મ 'સ્ત્યાનર્દ્ધિ.' આ પ્રમાણે પ્રાપ્તદર્શન લબ્ધિને આવનાર નિદ્રાપંચક છે.

વિવેચન- સ્ત્યાનર્દ્ધિનો શબ્દાર્થ-સ્ત્યાન એટલે એકત્રિત થયેલી આત્મશક્તિ રૂપ ઋદ્ધિ જેમાં છે, તે 'સ્ત્યાનર્દ્ધિ.'

આનું બીજું નામ 'સ્ત્યાનગૃદ્ધિ' છે. એટલે મોટાભાગે સમુદાયને પામેલી ગૃદ્ધિ એટલે જાગ્રદ્ અવસ્થામાં નિધરિલ કાર્યની સિદ્ધિના વિષયવાળી અભિકાંક્ષા જે સ્વાપ અવસ્થામાં છે, તે 'સ્ત્યાનગૃદ્ધિ.' આવી અવસ્થાને પામેલો જો પ્રથમ સંઘયણવાળો હોય, તો તેને ઉત્કૃષ્ટ રીતે વાસુદેવના અર્ધાબળ સરખી શક્તિ પેદા થાય છે. પ્રવચનમાં આ અર્થ પ્રસિદ્ધ છે. તથાચ જાગ્રદ્ અવસ્થા નિશ્ચિત કાર્યસાધન વિષયવાળી સ્વાપ અવસ્થાનું પ્રયોજક કર્મત્વ, એ લક્ષણ છે.

પદકૃત્ય- નિદ્રા આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'જાગ્રદાવસ્થાઽધ્યવસિતાર્થ સાધનવિષયક' એવું પદ મૂકેલ છે. નિદ્રાની માફક આની બન્ને સ્થિતિ જાણવી.

આ નિદ્રાપંચક પ્રાપ્તદર્શન રૂપ ઉપલબ્ધિનો ઉપઘાત કરે છે, માટે કહે છે કે- 'દર્શનલબ્ધિને ઢાંકનાર નિદ્રાપંચક છે.' પરંતુ આ નિદ્રાપંચક દર્શનાવરણ ચતુષ્કની માફક મૂળથી જ દર્શનલબ્ધિનો ઉપઘાત કરતા નથી.

અહીં આ જાણવું જોઈએ કે-દર્શનાવરણકર્મ બંધમાં, ઉદયમાં અને સત્તામાં કદાચ ચાર પ્રકારે, છ પ્રકારે

કે નવ પ્રકારે પ્રાપ્ત થાય છે. જ્યારે બંધ આદિમાં ચાર પ્રકારે વિવક્ષિત કરાય, ત્યારે પૂર્વકથિત 'દર્શનાવરણચતુષ્ક' એમ લેવું-જાણવું.

જ્યારે નિદ્રા અને પ્રચલાની સાથે તે જ દર્શનાવરણ ચતુષ્ક છે પ્રકારે વિવક્ષિત કરાય છે, ત્યારે તો 'દર્શનાવરણ ષટ્ક' કહેવાય છે.

જ્યારે તે જ દર્શનાવરણ ચતુષ્ક નિદ્રાદિ પાંચથી યુક્ત નવ પ્રકારે વિવક્ષિત થાય છે, ત્યારે 'દર્શનાવરણ નવક' વિભાગવાક્યમાં કરેલ છે. [જઘન્ય-મધ્યમ અવસ્થા ભજનારને પણ સંહનનની અપેક્ષાએ સ્ત્યાનર્દ્ધિ સંભવે જ છે. તે સ્ત્યાનગૃદ્ધિ દંતભોદક માંસ આદિ દૃષ્ટાન્તથી પ્રસિદ્ધ છે. કોઈ એક પ્રદેશમાં કોઈ નાનો સાધુ હાથી વડે દિવસે ઠોકર ખાઈને પડેલો, તે હાથી પ્રત્યે અભિનિવેશ (દ્વેષ-હાથીના દાંત લેવા માટે મનના આગ્રહ) ને પામેલો રાત્રે સ્ત્યાનર્દ્ધિ નિદ્રામાં વર્તતો ઊઠીને, તે હાથીના બે દંતશૂલ ઉખાડી પોતાના ઉપાશ્રયના દ્વાર આગળ ફેંકીને ફરીથી સૂઈ ગયો વગેરે.]

अथ नीचैर्गोत्रमाह—

नीचकुलजन्मनिदानं तिरस्कारोत्पादकं कर्म नीचैर्गोत्रम् । १७ ।

नीचकुलेति । नीचकुलं हीनजात्यादिः, चण्डालमौष्टिकव्याधादयः । तत्र यज्जन्माऽऽविर्भावस्तन्निदानं निन्दादितिरस्कारोत्पादकञ्च यत्कर्म तन्नीचैर्गोत्रमित्यर्थः । नीचकुलजन्मनिदानत्वे सति तिरस्कारोत्पादकत्वे च सति कर्मत्वं लक्षणम्, विशेषणविशेष्यकृत्यं पूर्ववत् । सामान्येन पापकर्ममात्रस्य तिरस्कारोत्पादकत्वान्नीचकुलजन्मनिदानत्वे सतीत्युक्तम् । न केवलं नीचैर्गोत्रं नीचकुलस्योत्पत्तौ निबन्धनं तथा च सति तत्रोत्पादानन्तरं तस्याभावप्रसङ्गेन संक्रमणोद्वर्त्तनादिकं तदानीं तस्य न स्यात्, अतस्तिरस्कारोत्पादकत्वे च सतीत्युक्तं, तेन न निमित्तकारणमात्रमिदं दण्डादिवत्, येन संक्रमणोद्वर्त्तनादिकं न स्यात्, अपि त्वसमवायिकारणतुल्यं, तेन नीचकुलजस्यापि नोच्चैर्गोत्रोदयविरोधः । तदानीं नीचकुलजन्मनिदानतिरस्कारोत्पादककर्माभावात् । उच्चैर्गोत्रोदये हि न तिरस्कारो भवतीति । अस्य विंशतिसागरोपमकोटीकोट्यः परा स्थितिरबाधा वर्षसहस्रद्वयम्, जघन्या त्वष्टौ मुहूर्त्ताः, अबाधा चान्तर्मुहूर्त्तम् ॥

नीच गोत्र-

भावार्थ- નીચ કુળમાં જન્મના નિદાનભૂત, તિરસ્કારની ઉત્પત્તિમાં કારણભૂત કર્મ 'નીચ ગોત્ર.'

विवेचन- નીચ કુળ એટલે હીન જાતિ વગેરે. જેમ કે- ચંડાલો (ચંડાલજાતિ), મૌષ્ટિક (સોની, મુઠીથી કે તલવારની મુઠથી લડનારો-ચોરી કરનારો) શૌનિક (માંસ વેચનાર-કસાઈ) વ્યાધ (શિકારી-માછીમાર)

વગેરે. તે નીચ કુળમાં જન્મના આવિર્ભાવમાં નિદાનભૂત, નિંદા આદિ દ્વારા તિરસ્કારનું ઉત્પાદક જે કર્મ, તે 'નીચ ગોત્ર' આવો અર્થ છે.

'નીચ કુલ જન્મનિદાનત્વે સતિ, તિરસ્કારોત્પાદકત્વે સતિ કર્મત્વ'- એ લક્ષણ છે. વિશેષણ-વિશેષ્ય કૃત્ય પૂર્વની માફક સમજવું.

સામાન્યથી પાપકર્મ માત્ર તિરસ્કારોત્પાદક છે, માટે 'નીચ કુળ જન્મનિદાનત્વે સતિ' એમ કહેલ છે.

કેવળ નીચ ગોત્ર જ નીચ કુળના જન્મમાં કારણ નથી. એમ જો માનવામાં આવે, તો તે નીચ કુળમાં જન્મ થયા બાદ તે નીચગોત્રકર્મના અભાવનો પ્રસંગ આવવાથી, તે નીચ ગોત્રના તે વખતે સંક્રમણ-ઉદ્વર્ત્તના વગેરે ન થાય ! એથી 'તિરસ્કારોત્પાદકત્વે સતિ' એમ કહેલ છે. તેથી આ નીચ ગોત્ર, દંડ આદિની માફક માત્ર નિમિત્તકારણ નથી, કે જેથી સંક્રમણ-ઉદ્વર્તન આદિ ન થાય ! પરંતુ અસમવાયિ કારણ સરખું છે. તેથી નીચ કુળમાં જન્મનારમાં ઉચ્ચ ગોત્રના ઉદયનો વિરોધ (અભાવ) નથી, કેમ કે- તે વખતે નીચ કુળના જન્મના નિદાનભૂત-તિરસ્કાર ઉત્પાદક કર્મનો અભાવ છે. ઉચ્ચ ગોત્રના ઉદયમાં ખરેખર તિરસ્કાર થતો નથી. આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ બે હજાર વર્ષ. જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્ત. અબાધાકાળ અંતર્મુહૂર્ત્ત.

असातवेदनीयं लक्षयति—

दुःखविशेषोपलब्धिकारणं कर्मासातवेदनीयम् । १८ ।

दुःखविशेषेति । दुःखं जन्मजरामरणप्रियवियोगानिष्टसंयोगव्याधिबन्धादिजन्यं शारीरिकं बहुविधं मानसं वाऽतिदुस्सहं परिणतिविशेषरूपं तदुपलब्धेः कारणं यत्कर्म तदसातवेदनीयमित्यर्थः । विशेष्यविशेषणदलप्रयोजनं स्फुटम् । दुःखविशेषपदेन च वैलक्षण्यबोधकेन दुःखं प्राणिनां केवलपुण्यापकर्षमात्रजनितं न भवति किन्तु स्वानुरूपकर्मप्रकर्षजनितं वेदनाप्रकर्षानुभवरूपत्वात्, अन्यथा दुःखमिदं पुण्यसम्पाद्येष्टाहारापचयमात्रादेव भवेत्, न तु पापोपचयसम्पाद्यानिष्टाहारादिरूपविपरीतबाह्यसाधनप्रकर्षमपेक्षेतेति, दुःखविशेषानुभूतेः सकलपापकर्मसाधारण्येऽपि वेदनीयोत्तरप्रकृतेरेव साक्षात्तद्धेतुत्वमिति च सूच्यते । त्रिंशत्सागरोपमकोटीकोट्योऽस्य परा स्थितिः, जघन्या सागरोपमस्य त्रयस्सप्तभागाः पल्योपमासंख्येयभागेन न्यूनाः, सूक्ष्मसंपराये जघन्या द्वादश मुहूर्त्ताः ॥

असातावेदनीयનું લક્ષણ-

ભાવાર્થ- વિશિષ્ટ દુઃખની પ્રાપ્તિમાં કારણભૂત કર્મ 'અસાતાવેદનીય.'

વિવેચન- દુઃખ એટલે જન્મ-જરા-મરણ-ઈષ્ટવિયોગ-અનિષ્ટસંયોગ-વ્યાધિ-બંધન આદિ જન્ય શરીર સંબંધી અનેક પ્રકારનું અથવા અત્યંત દુઃસહ, પરિણતિવિશેષ રૂપ માનસિક દુઃખ, તે વિશિષ્ટ દુઃખની પ્રાપ્તિમાં કારણભૂત જે કર્મ, તે 'અસાતાવેદનીય' છે.

વિશેષ્ય અને વિશેષણ દલનું પ્રયોજન સ્પષ્ટ છે. વિલક્ષણતા (અપૂર્વતા) બોધક દુઃખવિશેષ પદથી પ્રાણીઓનું દુઃખ કેવળ પુણ્યના અપકર્ષ માત્રથી (જઘન્ય પુણ્ય) જન્ય નથી, પરંતુ સ્વ અનુરૂપ કર્મ પ્રકર્ષથી જન્ય છે, કેમ કે- ઉત્કૃષ્ટ વેદનાના અનુભવ રૂપ છે.

જો સ્વાનુરૂપ કર્મ પ્રકર્ષજન્ય દુઃખ નહિ માનવામાં આવે, તો આ દુઃખ, પુણ્યજન્ય ઈષ્ટ આહાર આદિના અપચય (હાનિ) માત્રથી જ થાય ! પરંતુ પાપના પૂંજથી જન્ય અનિષ્ટ આહાર આદિ રૂપ વિપરીત બાહ્ય સાધનના પ્રકર્ષની અપેક્ષા ન કરે !

વિશિષ્ટ દુઃખનો અનુભવ, સકલ પાપકર્મ સાધારણ હોવા છતાં વેદનીયની ઉત્તરપ્રકૃતિ રૂપ અસાતવેદનીયજ સાક્ષાત્ (અવ્યવહિત) દુઃખવિશેષ પ્રત્યે હેતુ છે. આમ સૂચન થાય છે.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમ. જઘન્ય સ્થિતિ સાગરોપમના ત્રણ સપ્તમ ભાગો, પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન. સૂક્ષ્મ સંપરાયમાં જઘન્ય બાર મુહૂર્ત્તની છે.

अथ मिथ्यात्वमोहनीयमाख्याति–

तत्त्वार्थश्रद्धाप्रतिबन्धकं कर्म मिथ्यात्वमोहनीयम् । १९ ।

तत्त्वार्थेति । मिथ्यात्वं नाम दर्शनाख्यस्य मोहनीयस्य त्रिभेदस्य मिथ्यात्वसम्यक्त्व मिश्ररूपस्यैको भेदः, तच्च सर्वज्ञप्रणीततत्त्वार्थेषु श्रद्धावैमुख्यकारित्वेन बन्धकत्वेन च मोहनीयम् । सम्यक्त्वमिश्रभेदौ त्वध्यवसायविशेषेण शोधितस्य तस्यैव परिणामविशेषौ, तन्मिथ्यात्वमाभिग्रहिकानाभिग्रहिकसांशयिकादिभेदेनानेकविधमपि यथावस्थितवस्तुतत्त्वश्रद्धान-निरोधकत्वेनैकरूपतया विवक्षितम् । अस्य परा स्थितिः सप्ततिसागरोपमकोटीकोट्यः, अबाधाकालस्सप्तवर्षसहस्राणि, जघन्या तु सागरोपमस्य सप्तभागाः पल्योपमासंख्येयभागेन न्यूनाः, अबाधा चान्तर्मुहूर्त्तम् ॥

मिथ्यात्वमोहनीयनुं लक्षण-

भावार्थ- तत्त्वार्थश्रद्धा प्रतिबंधक कर्म 'मिथ्यात्वमोहनीय.'

विवेचन- મિથ્યાત્વ એ મિથ્યાત્વ, સમ્યક્ત્વ અને મિશ્ર રૂપ ત્રણ ભેદવાળા દર્શનનામક મોહનીયનો એક ભેદ રૂપ છે. વળી તે મિથ્યાત્વ, શ્રી સર્વજ્ઞભગવંતે કહેલ તત્ત્વભૂત અર્થો પ્રત્યે શ્રદ્ધાથી વિમુખતા (અભાવ) કરનાર હોઈ અને બંધ રૂપ હોઈ મોહનીયમિથ્યાત્વમોહનીય છે. અધ્યવસાયવિશેષથી શોધાયેલ તે મિથ્યાત્વમોહનીયના વિશિષ્ટ પરિણામ રૂપ સમ્યક્ત્વ-મિશ્ર રૂપ બે ભેદો છે.

[એક રૂપવાળા મિથ્યાત્વ પુદ્ગલો બંધાયેલા હોતા કર્તા વડે (આત્મા વડે) પોતાના વિશિષ્ટ અધ્યવસાયથી સર્વથા શુદ્ધ કરાયેલા, મિથ્યાત્વપણાના પરિણામના ત્યાગને પમાડાયેલા અથવા સમ્યક્ત્વપરિણામની પ્રાપ્તિને પામેલા સમ્યક્ત્વના વ્યવહારને ભજનારા થાય છે, તેમજ અર્ધ (થોડા) શુદ્ધ-મિશ્ર-સમ્યગ્ મિથ્યાત્વના વ્યવહારવાળા થાય છે. આ બે બંધાતા નથી. એક મિથ્યાત્વમોહનીય બંધાય છે.]

તે મિથ્યાત્વ આભિગ્રહિક-અનાભિગ્રહિક-સાંશયિક આદિ ભેદથી અનેક પ્રકારનું હોવા છતાં, યથાર્થ વસ્તુતત્ત્વવિષયક શ્રદ્ધા પ્રતિબંધકત્વ રૂપ એકરૂપતાથી અધિકૃત કરેલ છે.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-સીત્તેર કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ-સાત હજાર વર્ષ.

જઘન્યસ્થિતિ-સાગરોપમના સાતીયા ભાગો, પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન. અબાધાકાળ અંતર્મુહૂર્ત.

સ્થાવરનામાચષ્ટે—

प्रातिकूल्येऽपि स्थानान्तरगमनाभावप्रयोजकं कर्म स्थावरनाम । २० ।

प्रातिकूल्येऽपीति । प्रातिकूल्ये सत्यपि स्थानान्तरगमनाभावप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणार्थः । न च स्थानान्तरगमनाभावे न प्रयोजकं कर्म, सिद्धानां धर्मादीनाञ्च कर्माभावेऽपि स्थानान्तरगमनाभावादिति वाच्यम्, प्रातिकूल्यप्रयुक्तं यत्स्थानान्तरगमनं तदभावे कर्मण एव प्रयोजकत्वात्, अत एव न तेजोवाय्वोरव्याप्तिः । नहि तयोर्गमनं प्रातिकूल्यप्रयुक्तं, किन्तु स्वाभाविकं, अतः प्रातिकूल्यप्रयुक्तस्थानान्तरगमनाभावस्तयोरप्यस्त्येव तत्र च कर्मैव प्रयोजकमिति भावः । स्थावरनामकर्मोदयादेव पृथिव्यप्तेजोवायुवनस्पतीनां[1] स्थानशीलत्वम् । विंशतिसागरोपमकोटीकोट्योऽस्य परा स्थितिर्वर्षसहस्रद्वयमबाधा । सागरोपमस्य सप्तभागाः पल्योपमासंख्येयभागेन न्यूना जघन्या, अबाधा त्वन्तर्मुहूर्तम् ॥

સ્થાવરનામ કર્મ-

ભાવાર્થ- પ્રતિકૂળતા ઉપસ્થિત થવાથી બીજા સ્થાનમાં ગમનના અભાવમાં પ્રયોજકભૂત કર્મ 'સ્થાવરનામ.'

વિવેચન- સ્થાવરનામકર્મનો લક્ષણાર્થ- પ્રતિકૂળતા ઉપસ્થિત થવાથી પણ સ્થાનાંતરગમનના અભાવમાં પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ, એ લક્ષણનો અર્થ સમજવો.

શંકા- સ્થાનાંતરની પ્રાપ્તિના અભાવમાં કર્મ પ્રયોજક નથી, કેમ કે- સિદ્ધોમાં અને ધર્માસ્તિકાય આદિમાં કર્મના અભાવમાં પણ સ્થાનાંતરમાં ગમનનો અભાવ છે જ ને ?

સમાધાન- પ્રતિકૂળતાજન્ય જે સ્થાનાંતરગમનછે, તે સ્થાનાંતરગમનના અભાવમાં કર્મ જ પ્રયોજક છે. એથી જ તેજસ્કાય અને વાયુમાં અવ્યાપ્તિ નથી, કેમ કે- તે તેજસ્કાય અને વાયુસ્કાયનું ગમન પ્રતિકૂળતા પ્રયુક્ત (જન્ય) નથી. સ્થાવરનામકર્મનો ઉદય હોવા છતાં સ્વાભાવિક જ ગમન (ચલનક્રિયા) છે.

---

१. तेजोवाय्वोस्तु स्थावरनामकर्मोदयेऽपि चलनं स्वाभाविकमेव, न पुनरुष्णाद्यभितापेन द्वीन्द्रियादीनामिव-विशिष्टमिति ॥

[તેજસ્કાય અને વાયુકાયનું સ્થાવરનામકર્મનો ઉદય હોવા છતાં પણ ચલન સ્વાભાવિક જ છે. નહિ કે બેઈન્દ્રિય આદિની માફક ઊષ્ણ આદિના તાપથી સ્થાનાંતરગમન રૂપ ઈચ્છાપૂર્વકનું વિશિષ્ટ ગમન.] એથી 'પ્રાતિકૂલ્ય પ્રયુક્ત સ્થાનાંતરગમનનો અભાવ' તે તેજસ્કાય અને વાયુકાયમાં પણ છે જ અને ત્યાં જ કર્મ જ પ્રયોજક છે, આવો ભાવ સમજવો.

સ્થાવરનામકર્મના ઉદયથી જ પૃથ્વી-અપ્-તેજસ્કાય-વાયુ-વનસ્પતિનું સ્થાનશીલત્વ (ચલન હો યા ન હો) પરંતુ સ્થાવરત્વ જાણવું.

વીસ સાગરોપમ કોડાકોડી આની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. બે હજાર વર્ષની અબાધા. જઘન્યસાગરોપમના સાત ભાગો, પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન. અબાધા અંતર્મૂહુર્ત્ત.

सूक्ष्मनाम स्वरूपयति--

सूक्ष्मपृथिव्यादिकायेषूत्पत्तिनिदानं कर्म सूक्ष्मनाम । यथा सर्वलोकवर्त्तिनां निगोदादीनाम् । २१ ।

सूक्ष्मेति । यदुदयादितरजीवानुग्रहोपघातायोग्यसूक्ष्मशरीरनिर्वृत्तिः तत्कर्मेति भावः । यस्य कर्मण उदयान्नियतमेवैकैकस्य वा समुदितानां बहूनां वा जन्तुशरीराणामदृश्यत्वं न चक्षुर्ग्राह्यत्वं तादृशं कर्मेति तात्पर्यार्थः । बादरशरीरन्तु कदाचिददृश्यं कदाचिच्च दृश्यमतो नियतमेवेत्युक्तम् । तथा च नियतादृश्यशरीरप्राप्तिहेतुत्वे सति कर्मत्वं लक्षणम् । अस्योत्कृष्टस्थितिरष्टादश-सागरोपमकोटीकोट्यः, अष्टादशवर्षसहस्राण्यबाधा । जघन्या तु स्थावरनामवत् । निदर्शनं सूक्ष्मनामकर्मभाजामाह यथेति ॥

सूक्ष्मनामनिरूपण-

ભાવાર્થ- સૂક્ષ્મ પૃથ્વી આદિ કાયોમાં ઉત્પત્તિના નિદાનભૂત કર્મ 'સૂક્ષ્મનામ.' જેમ કે- સર્વલોકવર્તી નિગોદ આદિ જીવોને સૂક્ષ્મનામ.

વિવેચન- જે કર્મના ઉદયથી ઇતર જીવોના અનુગ્રહ (ગુણ) ઉપઘાત (વિનાશ)ને અયોગ્ય સૂક્ષ્મ (અદૃશ્ય) શરીરનું સર્જન છે, તે કર્મ 'સૂક્ષ્મનામ.' આવો ભાવ સમજવો.

જે કર્મના ઉદયથી છૂટા છૂટા એક એક અથવા ભેગા થયેલા સંખ્યાત-અસંખ્યાત જંતુશરીરોનું નિયત આંખથી અગ્રાહ્યપણું થાય છે, તે તાદૃશ કર્મ 'સૂક્ષ્મનામ'- એમ અર્થ સમજવો.

બાદરશરીર તો કદાચિત્ દૃશ્યાદૃશ્ય છે, માટે 'નિયત' એમ કહેલ છે. તથાચ નિયત એવા અદૃશ્ય શરીરની પ્રાપ્તિમાં હેતુભૂત કર્મ 'સૂક્ષ્મનામ.' અર્થાત્ 'નિયતાદૃશ્ય શરીરપ્રાપ્તિહેતુત્વ વિશિષ્ટ કર્મત્વ' એ લક્ષણ છે.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-અઢાર કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ-એક હજાર આઠ સો વર્ષ. જઘન્ય સ્થિતિ-સ્થાવરની માફક સમજવી.

સૂક્ષ્મનામકર્મના સ્વામી સર્વલોકવ્યાપી નિગોદ આદિ.

અપર્યાપ્તનામ વક્તિ—

एकेन्द्रियादीनां यथास्वं श्वासोच्छ्वासादिपर्याप्त्यपरिपूर्णताप्रयोजकं कर्म अपर्याप्तनाम । यथा लब्ध्यपर्याप्तानाम् । २२ ।

एकेन्द्रियादीनामिति । यस्योदये सति स्वयोग्याः श्वासोच्छ्वासादिपर्याप्तयः परिपूर्णतां नासादयन्ति, अपर्याप्त एव जीवो म्रियते तदपर्याप्तनामकर्मेत्यर्थः । यथायोग्यमित्यस्योदाहरणमेकेन्द्रियादीनामिति, तदेवाह यथेति । अस्य स्थिती अपि सूक्ष्मनामकर्मवत् ॥

અપર્યાપ્તનામકર્મનું લક્ષણ-

ભાવાર્થ- એકેન્દ્રિય આદિ જીવોને પોતાને યોગ્ય શ્વાસોશ્વાસ આદિ પર્યાપ્તિઓથી અપૂર્ણતાનું પ્રયોજક કર્મ 'અપર્યાપ્તનામ.' જેમ કે - લબ્ધિઅપર્યાપ્તથી એકેન્દ્રિય આદિ.

વિવેચન- જે કર્મના ઉદયમાં પોતાને યોગ્ય શ્વાસોશ્વાસ આદિ પર્યાપ્તિઓ પૂર્ણતાને પામતી નથી- અપર્યાપ્તો જ જીવ મરે છે, તે 'અપર્યાપ્તનામકર્મ.'

'યથાયોગ્ય' આ પ્રમાણેના આ પદનું ઉદાહરણ લબ્ધિઅપર્યાપ્ત એકેન્દ્રિય આદિ.

આ નામકર્મની બન્ને સ્થિતિ સૂક્ષ્મ નામકર્મની માફક સમજવી.

અથ સાધારણકર્માऽऽવિષ્કરોતિ—

अनन्तजीवानामेकशरीरवत्त्वनिदानं कर्म साधारणनाम । यथा कन्दादौ । २३ ।

अनन्तेति । यस्य कर्मण उदयादनन्तानां जीवानां शरीरमेकं भवति तत्साधारणनामकर्मेत्यर्थः । ननु प्रथममुत्पत्तिदेशमुपयातेन प्राणिना तच्छरीरस्य निष्पादितत्वात्सर्वात्मनाऽन्योन्यानुगमनेन क्रोडीकृतत्वाच्च कथं तत्रान्येषां जीवानामवकाशः, सत्यपि चावकाशे येन तच्छरीरं निष्पादितमन्योऽन्यानुगमनेन च क्रोडीकृतं स एव तत्र प्रधानः, तस्यैव च पर्याप्तापर्याप्तव्यवस्था प्राणापानादिपुद्गलोपादानञ्च स्यात्र शेषाणामिति चेन्मैवम्, तथा विधकर्मोदयसामर्थ्येन समकमेव सर्वेषामुत्पत्तिदेशप्राप्तेः, तच्छरीराश्रयपर्याप्तिनिर्वर्तनस्य प्राणापानादियोग्यपुद्गलग्रहणस्य च सर्वज्ञैरुक्तत्वात् । प्रत्येकनामकर्मण्यतिव्याप्तिवारणायानन्तजीवानामिति । निदर्शनमाह यथेति । अस्य स्थिती सूक्ष्मवत् ॥

સાધારણનામકર્મનું લક્ષણ-

ભાવાર્થ- અનંત જીવોના એક શરીરમાં નિદાનકર્મ 'સાધારણકર્મ.' જેમ કે- કાંદા વગેરે.

विवेचन- જે કર્મના ઉદયથી અનંત (વનસ્પતિ રૂપ) જીવોનું એક (સાધારણ) શરીર હોય છે, તે 'સાધારણનામકર્મ' એવો અર્થ સમજવો.

शंका- પહેલાં ઉત્પત્તિની જગ્યાએ આવેલા જીવે તે સાધારણશરીર બનાવેલ હોઈ, સર્વથા પરસ્પર અનુગમન-દાખલ થવા દ્વારા સ્વીકારેલ હોઈ કેવી રીતે તે શરીરમાં બીજા જીવોને અવકાશ મળે ? અને અવકાશ હોયે છતે જે જીવે શરીર બનાવ્યું અને પરસ્પર પ્રવેશ દ્વારા સ્વીકાર્યું, તે જીવ જ તે શરીરમાં પ્રધાન-મુખ્ય ગણાય. તે પ્રધાન જીવની જ પર્યાપ્ત-અપર્યાપ્ત વ્યવસ્થા, તે જીવનું જ શ્વાસોશ્વાસ આદિ પુદ્ગલોનું ગ્રહણ ગણાશે જ ને ? બીજા જીવોનું નહિ ગણાય ને ?

समाधान- તથાવિધ કર્મના ઉદયના સામર્થ્યથી એકીસાથે જ સઘળા અનંત જીવો ઉત્પત્તિના દેશમાં આવે છે, તે સાધારણશરીરની પર્યાપ્તિને (શરીરના આશ્રયવાળી પર્યાપ્તિને) બનાવે છે અને શ્વાસોશ્વાસ આદિ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, એમ સર્વજ્ઞોએ કહેલ છે.

પદકૃત્ય- પ્રત્યેક નામકર્મમાં અતિવ્યાપ્તિના વારણ 'અનંત જીવોનું' એવું પદ મૂકેલ છે. દા. ત. જેમ સાધારણનામકર્મના ઉદયવાળા કાંદા વગેરે. આ કર્મની સૂક્ષ્મનામકર્મની માફક બન્ને સ્થિતિ જાણવી.

अस्थिरनामाह—

प्रयोगशून्यकाले भ्रूजिह्वादीनां कम्पनहेतुः कर्म अस्थिरनाम । २४ ।

प्रयोगेति । भ्रूजिह्वादीनामिति शरीरावयवद्योतकम् । प्रयोगकाले यच्छरीरावयवानां कम्पनं तत्कर्म निमित्तं, अपि तु जीवपरिणामप्रयुक्तं, तस्मात्प्रयोगशून्यकाल इत्युक्तं, तथा च प्रयोग-शून्यकालीनशरीरावयवास्थिरत्वप्रयोजकत्वे सति कर्मत्वमिति लक्षणम् । विहायोगत्यादि-व्यभिचारनिरासकं वा प्रयोगशून्यकाल इति पदम् । पञ्चेन्द्रियवदस्य स्थिती ॥

અસ્થિરનામ-

ભાવાર્થ- પ્રયોગ વગરના કાળમાં ભ્રમર-જીભ આદિના કંપનહેતુભૂત કર્મ 'અસ્થિરનામ.'

વિવેચન- ભ્રૂ, જિવ્હા આદિ શરીર અવયવોનું પ્રયોગકાળમાં કંપન છે. તે કંપનમાં કર્મ નિમિત્ત નથી પરંતુ જીવના પરિણામથી પ્રયુક્ત છે. તેથી 'પ્રયોગશૂન્યકાળ' એમ કહેલ છે. તથાચ 'પ્રયોગશૂન્યકાલીન શરીર અવયવ અસ્થિરત્વ પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ' આ પ્રમાણેનું લક્ષણ છે. વિહાયોગતિ આદિમાં અતિવ્યાપ્તિ રૂપ વ્યભિચારના વારણ માટે 'પ્રયોગશૂન્યકાલે' એવું પદ મૂકેલ છે. આ નામકર્મની પંચેન્દ્રિયની માફક બન્ને સ્થિતિ સમજવી.

अशुभनाम लक्षयति—

नाभ्यधोऽवयवाशुभत्वप्रयोजकं कर्म अशुभनाम । २५ ।

नाभ्यधोऽवयवेति । नाभ्यधोऽवयवाशुभत्वप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणम् । नाभेरधस्तनैः पादाद्यवयवैर्हि स्पृष्टः परो रुष्यतीति तेषामशुभत्वमवसेयम् । कामिन्याः

पादेनापि स्पृष्टः परो न रुष्यति किन्तु तुष्यत्येवेति व्यभिचार इति न च वाच्यम्, तत्तोषस्य मोहनीयनिबन्धनत्वात् । हुण्डसंस्थानादावतिव्याप्तिवारणाय नाभ्यधोऽवयवेति, हुण्डस्य तु सर्वावयवाशुभत्वप्रयोजकत्वान्नातिव्याप्तिः । पञ्चेन्द्रियवदस्य स्थिती ॥

अशुभनामकर्मनुं लक्षण-

भावार्थ- नाभिना नीचेना अवयवोमां रहेल अशुभत्वनुं प्रयोजक कर्म 'अशुभनाम.'

विवेचन- लक्षण- 'नाभि अधो अवयव अशुभत्व प्रयोजकत्व विशिष्ट कर्मत्व' ए लक्षण छे. खरेखर, नाभिना नीचे रहेला पग वगेरे रूप अवयवोथी स्पर्श करायेलो बीजो माणस रोष करे छे, माटे नाभिना नीचेना अवयवोमां अशुभत्व छे एम जाणवुं.

कामिनीना पगथी पण स्पर्श करायेल बीजो, रोष-गुस्सो करतो नथी परंतु खुश थाय छे ज, तो व्यभिचार आवशे एवुं नहि बोलवुं, केम के- तेनो आनंद मोहनीयकर्मजन्य छे. अहीं वस्तुस्थिति विचाराय छे.

हुंडकसंस्थान आदिमां अतिव्याप्तिना वारण माटे 'नाभिअधोवयव' एवुं पद मूकेल छे, केम के- हुंडकसंस्थान तो सघळा अवयवमां अशुभत्वमां प्रयोजक होवाथी तेमां अतिव्याप्ति नथी. आ कर्मनी पंचेन्द्रियनी माफक बन्ने स्थिति समजवी.

दुर्भगनामस्वरूपमाह—

स्वस्य दृष्टमात्रेण परेषामुद्वेगजनकं कर्म दुर्भगनाम । २६ ।

स्वस्येति । यः प्राणी दृष्टमात्रोऽप्युपकारकृदपि रूपादिगुणोपेतोऽपि परेषामुद्वेजको मनसोऽप्रियो भवति यत्कर्मप्रभावात्तद्दुर्भगनामेत्यर्थः । सुरूपे सुगुणेऽपि च स्वस्मिन् परस्योद्वेगजनकत्वे सति कर्मत्वं लक्षणम्, हुण्डादिकर्मण्यतिव्याप्तिवारणाय सुरूप इत्यादिदलं भाव्यम् । अस्यापि स्थिती पञ्चेन्द्रियवत् ॥

दुर्भगनामकर्म-

भावार्थ- पोताना प्रत्ये जोतावेंत ज बीजाओना उद्वेगमां जनकभूत कर्म 'दुर्भगनामकर्म.'

विवेचन- जे प्राणी, जे कर्मना उदयथी, उपकार करनार पण, रूप आदि गुणसंपन्न पण जोनारा बीजाओने उद्वेगना कारण-मनने अप्रिय थाय छे, ते 'दुर्भगनाम' एवो अर्थ समजवो.

सुरूपवाळा-सुगुणवाळा पोताना विशे, बीजाना उद्वेगमां कारणपणाथी विशिष्ट कर्मत्व ए लक्षण छे. हुंडक आदि कर्ममां अतिव्याप्तिना वारण माटे 'सुरूपे' इत्यादि दल जाणवुं. आ कर्मनी पंचेन्द्रियनी माफक बन्ने स्थिति छे.

दुस्स्वरनामाभिधत्ते—

अमनोहरस्वरवत्त्वप्रयोजकं कर्म दुस्स्वरनाम । यथा खरोष्ट्रादीनाम् । २७ ।

अमनोहरेति । यस्योदयादमनोज्ञस्वरवान्-दीनहीनस्वरो भवति श्रूयमाणोऽप्यसुखमावहति स्वरः तद्दुस्स्वरनामेत्यर्थः । सुस्वरनामकर्मण्यतिव्याप्तिवारणार्थममनोहरेति । अस्य स्थिती पञ्चेन्द्रियजातितुल्ये । केषामीदृशं कर्म दृश्यत इत्यत्राह यथेति ॥

દુઃસ્વરનામ-

ભાવાર્થ- અમનોહર સ્વરમાં પ્રયોજક કર્મ 'દુઃસ્વરનામ.' જેમ કે- ગધેડા, ઊંટ વગેરેનો સ્વર.

વિવેચન- જેના ઉદયથી અમનોહર સ્વરવાળો, દીન, હીન સ્વરવાળો થાય છે. પોતાનો સ્વર બીજાઓને દુઃખકર થાય છે. સુસ્વરનામકર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અમનોહર' આ પ્રમાણેનું પદ મૂકેલ છે. આ કર્મની બન્ને સ્થિતિ પંચેન્દ્રિય સરખી છે. આવું કર્મ કોનામાં દેખાય છે ? તો કહે છે કે- ઊંટ, ગધેડા આદિમાં દુઃસ્વરનામકર્મ દેખાય છે.

अनादेयनाम निर्वक्ति—

उचितवक्तृत्वेऽप्यग्राह्यतादिप्रयोजकं कर्म अनादेयनाम । २८ ।

उचितवक्तृत्वेऽपीति । यस्य प्रभावतो युक्तमपि ब्रुवाणः परिहार्यवचनो भवति, अर्हणार्हस्याप्यर्हणां नाचरति लोकस्तदनादेयनामेत्यर्थः, निष्प्रभोपेतशरीरनिर्वर्त्तकं कर्मानादेय नामेति केचित् । उचितवक्तृसम्बन्धिवचनाद्यग्राह्यताप्रयोजककर्मत्वं लक्षणार्थः । उचित-वक्तृसम्बन्धीति पदन्तु पूर्वोक्तनीत्याऽसंभववारणाय । अस्यापि स्थिती पञ्चेन्द्रियवत् ॥

અનાદેયનામકર્મ-

ભાવાર્થ- ઉચિત વચન હોવા છતાં અગ્રાહ્યપણા આદિના કારણ રૂપ કર્મ 'અનાદેયનામ.'

વિવેચન- જે કર્મના ઉદયથી યુક્તિથી યુક્ત વચન બોલનારો પણ લોકોથી પરિહરણીય વચનવાળો થાય છે. પૂજા-સત્કારને યોગ્ય પણ અભ્યુત્થાનાદિ સત્કારને લોક આચરતો નથી. તે 'અનાદેયનામ' છે, આવો અર્થ છે. કેટલાક પ્રભા વગરના શરીરને બનાવનારું કર્મ 'અનાદેયનામ' માને છે. 'ઉચિતવક્તૃ સંબંધી વચન આદિ અગ્રાહ્યતા પ્રયોજક કર્મત્વ' એ લક્ષણનો અર્થ છે. 'ઉચિતવક્તૃ સંબંધી' એવું પદ તો પૂર્વકથિત નીતિથી અસંભવદોષના વારણ માટે છે. આ કર્મની બન્ને સ્થિતિ પંચેન્દ્રિયની માફક છે.

अयशःकीर्त्तिनामाह—

ज्ञानविज्ञानादियुतत्वेऽपि यशःकीर्त्यभावप्रयोजकं कर्म अयशःकीर्तिनाम । इति स्थावरदशकम् । २९ ।

ज्ञानविज्ञानेति । व्यावहारिकं यथार्थज्ञानं ज्ञानं, शास्त्रसंस्कृतं ज्ञानं विज्ञानं, यतो ज्ञानादियोग्यगुणपूर्णोऽपि यो न यशःकीर्तिमान् परन्त्वश्लाघ्यो भवति तदयशःकीर्त्तिनामेत्यर्थः । ज्ञानविज्ञानादियुतत्वेऽपीत्यस्य सार्थकता पूर्ववद्भाव्या । स्थिती पञ्चेन्द्रियवत् । स्थावरनामप्रभृति यावदयशःकीर्त्तिकर्माणि विभागवाक्यस्थस्थावरदशकपदवाच्यानीत्याहेतीति ॥

अयशःकीर्तिनाम-

ભાવાર્થ- જ્ઞાનવિજ્ઞાન આદિ સંપન્નતા હોવા છતાંય યશઃકીર્તિના અભાવમાં પ્રયોજક કર્મ 'અયશઃકીર્તિનામ.' આ પ્રમાણે સ્થાવરદશક કહેવાય છે.

વિવેચન- વ્યાવહારિક યથાર્થ જ્ઞાન, તે જ્ઞાન અને શાસ્ત્ર દ્વારા સંસ્કાર પામેલ જ્ઞાન તે વિજ્ઞાન. ('મોક્ષે જ્ઞાનં વિજ્ઞાનમન્યતઃ'- એ ન્યાયથી મોક્ષવિષયક બુદ્ધિ, જ્ઞાન અને મોક્ષ સિવાય અન્ય-શાસ્ત્ર-શિલ્પ આદિ વિષયક બુદ્ધિ તે વિજ્ઞાન.) અર્થાત્ જ્ઞાન આદિ યોગ્ય ગુણથી પૂર્ણ છતાં જે યશકીર્તિવાળો થતો નથી પરંતુ અપ્રશંસનીય થાય, તે 'અયશઃકીર્તિનામ' એવો અર્થ છે. 'જ્ઞાનવિજ્ઞાન આદિ યુતત્વેપિ' આ પદની સાર્થકતા પૂર્વની માફક વિચારવી. આ કર્મની બંને સ્થિતિ પંચેન્દ્રિય મુજબ સમજવી.

આ પ્રમાણે સ્થાવર નામથી લઈને અયશઃકીર્તિ સુધીના કર્મો વિભાગવાક્યસ્થ સ્થાવર દશકપદથી વાચ્ય થાય છે.

नरकगतिनाम निरूपयति—

नारकत्वपर्यायपरिणतिप्रयोजकं कर्म नरकगतिः । ३० ।

नारकत्वेति । लक्षणन्तु नारकत्वपर्यायपरिणतिप्रयोजककर्मत्वम् । कृत्यञ्च मनुजगतिवत् । अस्योत्कृष्टा स्थितिः पञ्चेन्द्रियवत् । जघन्या तु सागरोपमसहस्रस्य द्वौ सप्तभागौ पल्योपमासंख्येयभागेन न्यूनौ, अबाधा त्वन्तर्मुहूर्त्तम् ॥

नरकायुषो लक्षणमाचष्टे—

आयुःपूर्णतां यावन्नरकस्थितिहेतुः कर्म नरकायुः । ३१ ।

आयुःपूर्णतामिति । यावत्स्वयोग्यायुः पूर्णत्वं नरकस्थितिहेतुत्वे सति कर्मत्वं लक्षणम् । नरकञ्च तीव्रशीतोष्णादिपीडाकरं स्थानम् । नरकगतावतिव्याप्तिवारणाय यावत्स्वयोग्यायुःपूर्णत्वमिति पदम् । नरकगतेरायुःपूर्णत्वेऽपि सत्तायां वर्त्तमानत्वान्न दोषः । त्रयस्त्रिंशत्सागरोपमाणि परा स्थितिरबाधा च पूर्वकोटित्रिभागः, जघन्यं दशसहस्रमबाधा चान्तर्मुहूर्त्तम् ॥

नरकानुपूर्वीलक्षणमाह–

बलान्नरकनयनानुगुणं कर्म नरकानुपूर्वी । इति निरयत्रिकम् । ३२ ।

बलादिति । प्रकृष्टं पापफलमुपभोक्तुं नरान्-गुरुपापकारिणः प्राणिनः कायन्ति शब्दयन्तीति नरकास्तद्गतौ व्रजतो जीवस्य द्विसमयादिना विग्रहेण अनुश्रेणिनियता गमनपरिणतिर्यतस्सा नरकानुपूर्वीति भावः । स्पष्टमन्यत् । उत्कृष्टा स्थितिः पञ्चेन्द्रियवत् । जघन्या तु नरकगतिवत् । इमान्येव विभागवाक्ये निरयत्रिकपदेनोक्तानीत्याहेतीति ॥

नरकगतिनाम-

भावार्थ- नारकपणा રૂપ પર્યાયની પરિણતિમાં પ્રયોજકભૂત કર્મ 'નરકગતિ.'

विवेचन- 'નારકપણા રૂપ પર્યાયપરિણતિ પ્રયોજક કર્મત્વ' એ લક્ષણ છે.પદકૃત્ય મનુષ્યગતિની માફક સમજવું.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-પંચેન્દ્રિય મુજબ. જઘન્ય સ્થિતિ-હજાર સાગરોપમના બે સપ્તમ ભાગ, પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન. અબાધાકાળ-અંતર્મુહૂર્ત.

नरकायुः-

भावार्थ- પોતાને યોગ્ય આયુની પૂર્ણતાપર્યંત નરકસ્થિતિ હેતુભૂત કર્મ 'નરકાયુઃ.'

विवेचन- 'પોતાને યોગ્ય આયુની પૂર્ણતા સુધી નરકસ્થિતિ હેતુત્વવિશિષ્ટ કર્મત્વ' એ લક્ષણ છે. નરક એટલે તીવ્ર (ઉત્કૃષ્ટ) ઠંડી, ગરમી આદિની પીડા કરનારું સ્થાન. નરકગતિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'यावत् स्वयोग्य आयुः पूर्णत्वम्' આવું પદ મૂકેલ છે, કેમ કે- આયુની પૂર્ણતા થવા છતાં નરકગતિ સત્તામાં વર્તમાન છે, માટે દોષ નથી.

નરકાયુઃ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-તેત્રીશ સાગરોપમ. અબાધાકાળ-પૂર્વકોડ વર્ષનો ત્રીજો ભાગ. જઘન્ય સ્થિતિ-દશ હજાર વર્ષ. અબાધાકાળ-અંતર્મુહૂર્ત.

नरकानुपूर्व्वी-

भावार्थ- બલાત્કારથી નરકમાં લઈ જવા અનુકૂળ કર્મ 'નરકાનુપૂર્વ્વી.' આ પ્રમાણે નરકત્રિક કહેવાય છે.

विवेचन- ઉત્કૃષ્ટ પાપના ફળ ભોગવવા માટે નરોને-ભારે પાપ કરનારા પ્રાણીઓને બોલાવે છે, માટે નરક કહેવાય છે.

તે નરકગતિમાં જતા જીવની દ્વિસમય આદિ રૂપ વિગ્રહ (વક્રગતિ દ્વારા) શ્રેણી અનુસાર નિયત ગમનપરિણતિ જેનાથી થાય છે, તે 'નરકાનુપૂર્વ્વી.' આમ ભાવ સમજવો. બીજું સ્પષ્ટ છે.

ઉત્કૃષ્ટ સ્થિતિ-પંચેન્દ્રિય મુજબ. જઘન્ય સ્થિતિ-નરકગતિ મુજબ.

આ પ્રમાણે વિભાગવાક્યમાં નરકગતિ-નરકાયુ-નરકાનુપૂર્વી રૂપ ત્રણ જ 'નિરયત્રિક' પદથી કહેલ છે.

सम्प्रति चारित्रमोहनीयस्य कषायवेदनीयनोकषायवेदनीयरूपेण द्वैविध्यात्कषायस्य च क्रोधमानमायालोभात्मकस्य प्रत्येकमनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानसंज्वलनभेदेन षोडशविधत्वात्तान् क्रमेणाभिधातुमादौ अनन्तानुबन्धिशब्दं निर्वक्ति—

अनन्तानुबन्धिनश्चानन्तरसंसारमूलनिदानमिथ्यात्वहेतुका अनन्तभवानुबन्धस्वभावा आजन्मभाविनो नरकगतिप्रदायिनः सम्यक्त्वघातिनः । ३३ ।

अनन्तानुबन्धिनश्चेति । अनन्तः संसारश्चतुर्गतिरूपस्तमनुबध्नन्त्यनुसन्दधतीत्येवंशीला ये जीवपरिणामविशेषाः क्रोधादयस्तेऽनन्तानुबन्धिनः, यद्यप्येतेषामितरकषायविरहितानामुदयो नास्ति तथापि अवश्यमनन्तभवभ्रमणमूलकारणमिथ्यात्वोदयापेक्षकत्वादेतेषामेवैतन्नाम । न पुनः सहजोदयानामन्यकषायाणामपि, तेषामवश्यं मिथ्यात्वोदयापेक्षकत्वाभावात् एतदेवाह-अनंतसंसारेति । अनन्तस्वरूपसंसारस्य मूलकारणं यन्मिथ्यात्वं तदेव हेतुर्येषामित्यर्थः । मिथ्यात्वसत्त्वे हि नियतमविरतिस्तत्सत्त्वे प्रमादस्तत्सत्त्वे चावश्यं कषाया इति मिथ्यात्वं कषायहेतुरिति भावः । कषायस्य च कर्मशरीरयोग्यपुद्गलग्रहणे प्रधानहेतुत्वादवश्यं तत्सत्त्वे भवसम्बन्ध इत्याशयेनाहानन्तभवानुबन्धस्वभावा इति । क्रोधादय एकैका अपि अनन्तसंसारानुबन्धिन इत्यर्थः । अनुबन्धः सम्बन्धः परस्पराश्लेषरूपः । एषामवधिमाहाऽऽजन्मभाविन इति । यावज्जीवभाविन इत्यर्थः । इष्टानिष्टवियोगसंयोगाभिलषितालाभाद्यन्यतमहेतुना क्रोधादयस्समुत्पन्ना न शाम्यन्त्यामरणं भवान्तरमप्यनुबध्नन्ति, अविद्यमानपश्चात्तापपरिणामास्तीव्रानुशया अत एवैषामाजन्मभावित्वमिति भावः । तत्फलमाह[१] नरकेति । तत्त्वार्थाश्रद्धानरूपमिथ्यात्वस्योदयात् सम्यक्त्वस्य संभव एव नास्तीति क्रोधादय एते स्वाभाविकस्यात्मनस्सम्यक्त्वस्य घातका[२] इत्याशयेनाह सम्यक्त्वघातिन इति ॥

હવે કષાયમોહનીય અને નોકષાયમોહનીય રૂપથી ચારિત્રમોહનીય બે પ્રકારનું હોવાથી ક્રોધ-માન-માયા-લોભ રૂપ કષાયો, દરેક ૧-અનંતાનુબંધી, ૨-અપ્રત્યાખ્યાન, ૩-પ્રત્યાખ્યાન, ૪-સંજ્વલનના ભેદથી (૪ × ૪ = ૧૬) સોલ પ્રકારના હોવાથી તે કષાયોને ક્રમસર કહેવા માટે પ્રારંભમાં અનંતાનુબંધી શબ્દને કહે છે.

---

१. प्रायेणानन्तानुबन्ध्युदये मृतो नरकगतावेव गच्छति, तेनानन्तानुबन्ध्युदयवतां मिथ्यादृशां केषाञ्चिदुपरितनग्रैवेयकेषूत्पत्तावपि न क्षतिः ॥ २. अनन्तानुबन्धिषूदितेषु न मिथ्यात्वक्षयोपशमस्तदभावाच्च न सम्यक्त्वमित्युपचारेण सम्यक्त्वधातकत्वमेषां न मुख्यतः, तैरेव सम्यक्त्वस्यावृतत्वेन मिथ्यात्वस्य वैयर्थ्यापत्तेः । कषायाणां केवलज्ञानावरणहेतुत्वाभावेऽपि कषायक्षयस्य तद्धेतुत्ववदनन्तानुबन्धिनां क्षयोपशमे सम्यक्त्वलाभो विज्ञेयः ॥

ભાવાર્થ- અનંતસંસારનું મૂળ (મુખ્ય) કારણભૂત મિથ્યાત્વજન્ય અનંતાનુબંધીઓ અનંતભવના અનુબંધના સ્વભાવવાળા, જન્મપર્યંત રહેનાર, નરકગતિ આપનારા અને સમ્યક્ત્વનો ઘાત કરનારા છે.

વિવેચન- અનંત (અંત વગરના, અનંતકાળ સુધી) ચાર ગતિ રૂપ સંસારના અનુબંધ-અનુસંધાન સ્વભાવવાળા (સતત સંબંધવાળા) જે જીવપરિણામ વિશેષ રૂપ ક્રોધ આદિ છે, તે 'અનંતાનુબંધી.'

જો કે આ અનંતાનુબંધી ક્રોધ આદિ કષાયોનો, અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાનાવરણ-સંજ્વલનકષાય રૂપ (ઈતર કષાયના ઉદયસહિત ઉદય છે, તો પણ અવશ્ય અનંતસંસારના મૂલ કારણભૂત મિથ્યાત્વના ઉદયના આક્ષેપકારક ખેંચનાર) (આક્ષેપ-અર્થાપત્તિ. જેમ કે- જાતિને વિશે શક્તિ માનનારા મીમાંસકના મતે વ્યક્તિનો આક્ષેપથી બોધ થાય છે અને તે અનુમાન રૂપ છે.

મીમાંસાશાસ્ત્રપ્રસિદ્ધ એક પ્રમાણ તથા થતું જ્ઞાન પ્રમિતિ- 'उपपाद्यज्ञानेनोपपादककल्पनमर्थापत्ति यथा पीनो देवदत्तो दिवा न भुङ्क्ते इत्यादौ पीनत्वविशिष्टस्य देवदत्तस्य रात्रिभोजित्वरूपार्थस्य शब्दानुक्तस्यापि सिद्धिः ।' અર્થાત્- મિથ્યાત્વના ઉદયના આપેક્ષથી-અર્થાપત્તિથી બોધ થાય છે.) માટે આ કષાયોમાં જ અનંતાનુબંધીપણાનો વ્યવહાર થાય છે. બાકીના કષાયો મિથ્યાત્વ ઉદયના અવશ્ય આક્ષેપક નથી. એથી તેઓની (સહજ) એકીસાથે ઉદયની ઉત્પત્તિ હોવા છતાં શેષ કષાયોમાં અનંતાનુબંધીપણાનો વ્યવહાર થતો નથી. એથી આ વિશિષ્ટ ક્રોધ આદિમાં અસાધારણ આ અનંતાનુબંધી નામ છે.

આ વસ્તુને કહે છે કે- 'અનંતસ્વરૂપી સંસારના મૂળ કારણભૂત જે મિથ્યાત્વ, તે જ હેતુ, જે કષાયોનો છે, તે કષાયો'- આવો અર્થ સમજવો.

મિથ્યાત્વની હયાતિમાં નિયમા અવિરતિ છે, અવિરતિની હાજરીમાં પ્રમાદ અવશ્ય છે અને પ્રમાદની સત્તામાં અવશ્ય કષાયો છે. આવી રીતે-ક્રમે મિથ્યાત્વ કષાયહેતુ છે, આવો ભાવ છે.

કર્મ (કાર્મણ) શરીરયોગ્ય પુદ્ગલના ગ્રહણમાં કષાય પ્રધાનહેતુ હોવાથી કર્મસત્ત્વમાં અવશ્ય ભવસંબંધ છે. આવા આશયથી કહે છે કે- 'અનંતભવના અનુબંધના સ્વભાવવાળા.'

Δ ક્રોધ વગેરે એક એક પણ (દરેક) અનંતસંસારના અનુબંધી છે, આવો અર્થ જાણવો.

Δ અનુબંધ એટલે પરસ્પર સંશ્લેષ રૂપ સંબંધ. આ અનંતાનુબંધી કષાયોની અવધિ કહે છે.

Δ અનંતાનુબંધી કષાયો જન્મપર્યંત રહેનારા છે, અર્થાત્ જાવજ્જીવ સુધી રહેનારા છે.

ઇષ્ટવિયોગ-અનિષ્ટસંયોગ-ઇષ્ટપ્રાપ્તિનો અભાવ વગેરેમાંથી કોઈ એક કારણથી ઉત્પન્ન થયેલા ક્રોધ વગેરે મરણપર્યંત શાંત થતા નથી, ભવાન્તરમાં પણ સાથે ચાલે છે અને પશ્ચાત્તાપ વગરના તીવ્ર વૈરભાવવાળા છે. એથી જ આ ક્રોધ આદિનું જન્મપર્યંત રહેવાપણું છે, આવો ભાવ છે.

અનંતાનુબંધી ક્રોધ આદિનું ફળ-

અનંતાનુબંધી ક્રોધ વગેરે નરકગતિને આપનારા છે, અર્થાત્ પ્રાયઃ અનંતાનુબંધીના ઉદયમાં મરેલો નરકગતિમાં જાય છે. તેથી અનંતાનુબંધી ઉદયવાળા કેટલાક મિથ્યાત્વીઓની ઉપરના ગ્રૈવેયકોમાં ઉત્પત્તિમાં

क्षति नथी. तत्त्वार्थ अश्रद्धान् રૂપ મિથ્યાત્વના ઉદયથી સમ્યક્ત્વનો સંભવ જ નથી, માટે આ ક્રોધ વગેરે સ્વાભાવિક પોતાના સમ્યક્ત્વના ઘાતી છે. એ આશયથી કહે છે કે- 'સમક્તિના ઘાતીઓ છે.

अधुनाऽनन्तानुबन्धिक्रोधस्वरूपमाह—

एवम्भूतं प्रीत्यभावोत्पादकं कर्म अनन्तानुबन्धिक्रोधः । ३४ ।

एवम्भूतमिति । अनन्तानुबन्धित्वे सति प्रीत्यभावोत्पादकत्वे सति कर्मत्वं लक्षणम् । यदुदयाज्जीवोऽनन्तानुबन्धिनं स्वपरोपघातनिरनुग्रहाहितक्रौर्यपरिणाममर्षाप्रीतिमन्युशब्दवाच्यं क्रोधमवाप्नोति तत्कर्मापि अनन्तानुबन्धिक्रोध उच्यत इति भावः । न चानन्तानुबन्धिपदं प्रीत्यभावे विशेषणं तस्यैव तादृशत्वान्न तु कर्मण इति वाच्यम्, तदनुकूलत्वेन कर्मणोऽपि तथात्वाभ्युपगमात् । आद्यसत्यन्तमत्राप्रत्याख्यानक्रोधादावतिप्रसङ्गवारणाय, द्वितीयञ्चानन्तानुबन्धिमानादावतिप्रसङ्गवारणाय । अस्य परा स्थितिः त्रिंशत्सागरोपमकोटीकोट्यः । वर्षसहस्रत्रितयं चाबाधा, जघन्या सागरोपमस्य च चत्वारस्सप्त भागाः पल्योपमासंख्येयभागन्यूनाः । अयं पर्वतराजितुल्यः क्रोधः शिलायामुत्पन्नाया राजेर्यावच्छिलारूपमवस्थानं तद्वदुत्पन्नानन्तानुबन्धिक्रोधस्य यावत्तत्र भवे जीवति तावदनुवृत्तिस्तदनुमरणाच्च प्रायो नरकप्रापकत्वात्तत्तुल्यत्वं भाव्यम् । क्षमया प्रतिहन्यतेऽयम्[२] ॥

અનંતાનુબંધી ક્રોધનું સ્વરૂપ-

ભાવાર્થ- અનંતાનુબંધી પ્રીતિના અભાવનું ઉત્પાદક કર્મ 'અનંતાનુબંધી ક્રોધ.'

વિવેચન- અનંતાનુબંધીત્વ હોયે છતે, પ્રીતિના અભાવના ઉત્પાદકપણું હોયે છતે, કર્મત્વ એ લક્ષણ છે. જેના ઉદયથી જીવ અનંતાનુબંધી સ્વ-પર ઉપઘાત, નિર્દયતા આદિથી થયેલ ક્રૂર પરિણામવાળા, અમર્ષ-અપ્રીતિ-મન્યુ શબ્દથી વાચ્ય એવા ક્રોધને પામે છે, તે કર્મ પણ 'અનંતાનુબંધી ક્રોધ' કહેવાય છે, એવો ભાવ છે.

શંકા- અનંતાનુબંધી પદ પ્રીતિના અભાવમાં વિશેષણ છે, કેમ કે-તે પ્રીતિનો અભાવ તાદેશ અનંતાનુબંધી છે. કર્મ અનંતાનુબંધી કેવી રીતે ?

સમાધાન- તે પ્રીતિના અભાવ અનુકૂળ(જનક)પણાની અપેક્ષાએ કર્મ પણ અનંતાનુબંધી તરીકે સ્વીકારાય છે.

---

૧. અનંતાનુબંધીઓનો ઉદય થયે છતે મિથ્યાત્વનો ક્ષયોપશમ નથી. મિથ્યાત્વના ક્ષયોપશમના અભાવથી સમ્યક્ત્વ નથી. આમ ઉપચારથી અનંતાનુબંધીઓ સમ્યક્ત્વા ઘાતક છે, મુખ્યથી નહિ; કેમ કે- અનંતાનુબંધીઓથી જ સમ્યક્ત્વ આવૃત્ત થવાથી મિથ્યાત્વની નિરર્થકતાની આપત્તિ થાય છે. જેમ કષાયોમાં કેવલજ્ઞાનાવરણ હેતુપણું નહિ હોવા છતાં કષાયક્ષય કેવલજ્ઞાનહેતુ છે, તેમ અનંતાનુબંધીઓના ક્ષયોપશમ થયે છતે સમ્યક્ત્વનો લાભ જાણવો.

૨. प्रतिहननञ्चोदयनिरोधोदितविफलीकरणरूपमेवमग्रेऽपि ॥

પદકૃત્ય- અપ્રત્યાખ્યાન ક્રોધ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અનંતાનુબંધિત્વે સતિ' એવું પ્રથમ વિશેષણ દલ મૂકેલ છે. અનંતાનુબંધી માન આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'પ્રીતિ અભાવ ઉત્પાદકત્વે સતિ' એવું બીજું વિશેષણ દલ મૂકેલ છે. કાળાદિના વારણ માટે વિશેષ્ય (કર્મત્વ) દલ રાખે છે.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ-ત્રણ હજાર વર્ષ. જઘન્ય સ્થિતિ-સાગરોપમના ચાર ભાગો, પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન.

ઉપમાનદર્શન-

આ અનંતાનુબંધી ક્રોધ પર્વત રાજિસદૃશ છે. પાષાણ પુંજરૂપ પર્વત (તેનો એક દેશ પણ પર્વત કહેવાય છે.) તે પર્વતમાં રાજિ એટલે ભેદ-રેખા તેના સરખો ક્રોધ. શિલામાં રાજિ ઉત્પન્ન થઈ જ્યાં સુધી શિલા રૂપ છે ત્યાં સુધી રહે છે, તેનો સાંધો થતો નથી. આ પ્રમાણે ઉત્પન્ન થયેલો અનંતાનુબંધી ક્રોધ ભવની અપેક્ષાએ જ્યાં સુધી તે ભવમાં જીવે છે, ત્યાં સુધી અનુવર્ત્તે છે-પાછળ રહે છે, મરણ બાદ પ્રાયઃ નરકમાં જીવની સાથે જાય છે. અર્થાત્ આ અનંતાનુબંધી ક્રોધ કોઈ પણ રીતે નિવારી શકાય એવો નથી એમ વિચારવું.

આ અનંતાનુબંધી ક્રોધ ક્ષમા વડે હણી શકાય છે. અહીં પ્રતિહનન એટલે ઉદયના નિરોધ રૂપ ઉદિતના નિષ્ફલીકરણ રૂપ સમજવું.

अनन्तानुबन्धिमानस्वरूपमाह—

तादृशं नम्रताविरहप्रयोजकं कर्म अनन्तानुबन्धिमानः । ३५ ।

तादृशमिति । अनन्तानुबन्धीत्यर्थः । यदुदयादनन्तानुबन्धिनं जात्याद्युत्सेकावष्टम्भा पराप्रणतिरूपं नम्रताविरहं गच्छति तत्कर्मानन्तानुबन्धिमान इत्यर्थः । कृत्यं पूर्ववदूह्यम् । स्थितौ चानन्तानुबन्धिक्रोधवत् । शैलस्तम्भसमानोऽयं मानः । कुतश्चित्कारणात्समुत्पन्नोऽनन्तानुबन्धिमान आमरणान्न व्यपगच्छति, जात्यन्तरानुबन्धी निरनुनयोऽप्रत्यवमर्शश्चेति भाव्यम् । मार्दवेन प्रतिहन्यतेऽयम् ॥

અનંતાનુબંધી માન-

ભાવાર્થ- તાદેશ અનંતાનુબંધી નમ્રતાના અભાવમાં પ્રયોજક કર્મ 'અનંતાનુબંધી માન.'

વિવેચન- જેના ઉદયથી ઉત્કૃષ્ટ-મહાન્-જાતિ-કુળ-જ્ઞાન આદિના નિમિત્ત દ્વારા અનંતાનુબંધી, બીજાને નમવાના અભાવ રૂપ નમ્રતાના અત્યંતાભાવને પામે છે, તે કર્મ 'અનંતાનુબંધી માન.' પદકૃત્ય પૂર્વની માફક વિચારવું. આ કર્મની બંને સ્થિતિ અનંતાનુબંધી ક્રોધની માફક સમજવી.

ઉપમાનવર્ણન-

શૈલ-પત્થરના થાંભલા જેવો કોઈ પણ રીતે અનમનીય 'અનંતાનુબંધી માન' છે. આ - કોઈ પણ નિમિત્તથી પેદા થયેલ માન મરણ સુધી જતું નથી. જન્માન્તરનું અનુબંધી-સહચર, બીજાઓને અનુનય

(વિનય-ખુશામત)ના અભાવવાળું અને પશ્ચાત્તાપના પરિણામ વગરનું આ 'અનંતાનુબંધી માન' છે. આ-માન માર્દવ (નમ્રતા)થી હણાય છે. અન્ય પૂર્વની માફક અહીં સમજવું.

अथानन्तानुबन्धिमायामाह—

ईदृक् सरलताभावप्रयोजकं कर्म अनन्तानुबन्धिमाया । ३६ ।

ईदृगिति । अनन्तानुबन्धीत्यर्थः । यदुदयतोऽनन्तानुबन्धिनीं वञ्चनाद्यात्मकात्मपरिणति-रूपां सरलत्वाभावात्मिकां मायामाप्नोति तत्कर्मानन्तानुबन्धिमायेति भावः । अनन्तानुबन्धित्वे सति सरलत्वाभावादिप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणम्, आदिना प्रणिध्युपनिधिकृत्यादीनां सङ्ग्रहः, कृत्यं प्राग्वत् । स्थिती चानन्तानुबन्धिक्रोधवत्, घनवंशमूलसदृशीयं माया, उपायशतेनापि ऋजुकर्तुमशक्यत्वात् । इयं आर्जवेन प्रतिहन्यते ॥

અનંતાનુબંધી માયા-

ભાવાર્થ- આવા (અનંતાનુબંધી) સરલતાના અભાવમાં પ્રયોજકભૂત કર્મ 'અનંતાનુબંધી માયા.'

વિવેચન- જેના ઉદયથી અનંતાનુબંધી, દંભ-કૂટ આદિ રૂપ આત્મપરિણામ રૂપ, સરલતાના અભાવવાચક માયાને પામે છે, તે કર્મ 'અનંતાનુબંધી માયા' આવો ભાવ છે.

'અનંતાનુબંધિત્વે સતિ સરલત્વાભાવ પ્રયોજકત્વે સતિ કર્મત્વ' એ લક્ષણ છે. આદિથી પ્રણિધિ, (વ્રતના પરિપાકના અભાવકારક આસક્તિ) ઉપધિ (ચિત્તની વિપરીત પ્રકારની પરિણતિ), નિકૃતિ (જેનાથી બીજો પરાજિત થાય તે છલ વગેરે) આદિનો સંગ્રહ થાય છે. પદકૃત્ય પૂર્વની માફક છે. બન્ને સ્થિતિ પૂર્વવત્ સમજવી.

ઘનવંશી મૂલ, અત્યંત વક્ર હોઈ સેંકડો ઉપાયોથી સીધું થઈ શકતું નથી અને તેની કુટિલતા અગ્નિથી પણ બાળી શકાતી નથી. આ રીતે જેનાથી પેદા થયેલ માનસિક કુટિલતા કોઈ પણ રીતે અટકતી નથી, તે અનંતાનુબંધી માયા. આ માયા આર્જવ(સરલતા)થી હણાય છે. બીજું સર્વ પૂર્વની માફક સમજવું.

अनन्तानुबन्धिलोभं लक्षयति—

ईदृशं द्रव्यादिमूर्च्छाहेतुः कर्मानन्तानुलब्धिलोभः । ३७ ।

ईदृशमिति । अनन्तानुबन्धीत्यर्थः । यस्योदयादनन्तानुबन्धिनमनुग्रहप्रवणद्रव्याद्य-भिकाङ्क्षावेशरूपमसंतोषात्मकजीवपरिणामविशेषं लोभमेति तत्कर्मानन्तानुबन्धिलोभ इति भावः । अनन्तानुबन्धित्वे सति द्रव्यादिमूर्च्छादिहेतुत्वे सति कर्मत्वं लक्षणं, कृत्यं पूर्ववत् । लोभोऽयं लाक्षारागसदृशः, सन्तोषेण प्रतिहन्यते । स्थिती चानन्तानुबन्धिक्रोधवत् ॥

અનંતાનુબંધી લોભ-

ભાવાર્થ- આવી દ્રવ્યાદિની મૂચ્છહિતુભૂત કર્મ 'અનંતાનુબંધી લોભ.'

વિવેચન- આવી એટલે અનંતાનુબંધી, એવો અર્થ કરવો. જેના ઉદયથી અનંતાનુબંધી ઉપકારપરાયણ દ્રવ્ય આદિ વિષયક અભિકાંક્ષાના આવેશ (અહંકાર) રૂપ, અસંતોષ નામક જીવના વિશિષ્ટ પરિણામ રૂપ લોભને પામે છે, તે કર્મ 'અનંતાનુબંધી લોભ.'- આવો ભાવ છે. 'અનંતાનુબંધિત્વે સતિ દ્રવ્યાદિ મૂર્ચ્છા (ઉત્કૃષ્ટ મોહવૃદ્ધિ) આદિ હેતુત્વે સતિ કર્મત્વ' એ લક્ષણ છે. પદકૃત્ય પૂર્વની માફક છે.

આ અનંતાનુબંધી રાગ રૂપ લોભ લાક્ષારાગ સરખો અને કીરમજી રંગથી રંગેલ રેશમી વગેરે વસ્ત્રના રંગ સરખો કોઈ પણ રીતે દૂર થઈ શકે નહિ, એવો 'અનંતાનુબંધી લોભ' છે. આ લોભ સંતોષથી હણાય છે. આ લોભની બન્ને સ્થિતિ પૂર્વના ક્રોધની માફક સમજવી.

सम्प्रत्यप्रत्याख्यानक्रोधाद्यभिधानायाऽप्रत्याख्यानस्वरूपमाह—

प्रत्याख्यानावरणभूता वर्षावधिभाविनस्तिर्यग्गतिदायिनस्सर्वदेशविरतिघातिनश्चाप्रत्याख्यानाः । ३८ ।

प्रत्याख्यानावरणभूता इति । देशसर्वविरतिभेदतः प्रत्याख्यानं द्विविधं । प्रत्याख्यानं नाम प्रतिषेधस्याचार्यसन्निधावाख्यानं भावतः, न हन्मि यावज्जीवं सर्वान् प्राणिन इत्यादिरूपतः । अल्पं प्रत्याख्यानमप्रत्याख्यानं देशविरतिरूपं तदप्यावृण्वन्तीत्यप्रत्याख्यानावरणास्त एवात्राप्रत्याख्यानशब्देनोक्ताः । तदेवाह प्रत्याख्यानावरणभूता इति देशतोऽपि प्रत्याख्यानस्यावरणभूता इत्यर्थः । एषामुदये हि विरतिर्न भवत्येव । किमेतेऽनन्तानुबन्धिवदाजन्मभाविन इत्यत्राह वर्षावधिभाविन इति । जघन्येनाष्टमासस्थितिका उत्कर्षेण वर्षस्थितिका इति भावः । न चानन्तानुबन्धिक्रोधमनुसृत्य मृतानां नरकेषूत्पत्तिरिवाप्रत्याख्यानावरणक्रोधमनुसृत्य मृतानां, किन्तु क्षुत्पिपासाशीतोष्णदंशमशकादिविविधव्यसनवशीकृततिर्यग्गतावेवेत्याह तिर्यग्गतिदायिन इति । किमेषां कार्यमित्यत्राह सर्वदेशविरतिघातिन इति । देशतस्सर्वतश्च विरतिं निरुन्धन्तीति भावः ॥

અપ્રત્યાખ્યાન ક્રોધ આદિ કહેવા માટે અપ્રત્યાખ્યાન સ્વરૂપ વર્ણન-

ભાવાર્થ- પ્રત્યાખ્યાનમાં આવરણભૂત, વર્ષ સુધી રહેનારા અને તિર્યંચગતિ આપનારા સર્વ-દેશ રૂપ વિરતિના ઘાતક 'અપ્રત્યાખ્યાન કષાયો' છે.

---

१. प्रायोवादापेक्षयेयमुक्तिः, अप्रत्याख्यानावरणोदयवतामविरतसम्यग्दृशां तिर्यङ्मनुष्याणाञ्च सुरेषूत्पत्तेः प्रत्याख्यानावरणोदयवताञ्च देशविरतानां देवगतरेप्रत्याख्यानावरणोदयवताञ्च सम्यग्दृष्टिदेवानां मनुजगतेश्च श्रुतेः ॥

विवेचन- દેશ અને સર્વવિરતિના ભેદથી પ્રત્યાખ્યાન બે પ્રકારનું છે. (૧) પ્રત્યાખ્યાનપ્રત્યક્ષ્માણ- 'હું સર્વ પ્રાણિઓને જીવજ્જીવ સુધી નહિ હણું 'ઇત્યાદિ રૂપ ભાવથી આચાર્યની સંનિધિમાં પ્રતિષેધનું કથન. (૨) અપ્રત્યાખ્યાન-અલ્પ ભેદથી પ્રત્યાખ્યાન-અપ્રત્યાખ્યાન દેશવિરતિ રૂપ અપ્રત્યાખ્યાનને આવરે તે.

પ્રત્યાખ્યાનના આવરણભૂત એટલે દેશથી પણ (સર્વથા) પ્રત્યાખ્યાનના આવરણભૂત કષાયો, એવો અર્થ સમજવો. આ અપ્રત્યાખ્યાન આવરણભૂત કષાયોના ઉદયમાં વિરતિ માત્ર થતી નથી.

શું આ કષાયો અનંતાનુબંધીની માફક આજન્મ રહેનારા છે ? તો જણાવે છે કે - 'એક વર્ષ સુધી રહેનારાં છે.' અર્થાત્ જઘન્યથી આઠ માસની અને ઉત્કૃષ્ટતાથી એક વર્ષની સ્થિતિવાળા છે, એવો ભાવ છે.

અનંતાનુબંધી ક્રોધની અપેક્ષાએ મરેલાઓની નરકમાં ઉત્પત્તિ છે. તેવી રીતે અપ્રત્યાખ્યાન-આવરણ ક્રોધની અપેક્ષાએ મૃત્યુ પામેલાની નરકગતિ નથી. પરંતુ ભૂખ-તરસ-ઠંડી-ગરમી-ડાંસ-મચ્છર વગેરે વિવિધ દુઃખપરાધીન તિર્યંચગતિમાં છે. આ કથન પ્રાયિક સમજવું, કારણ કે- અપ્રત્યાખ્યાનાવરણના ઉદયવાળા અવિરત સમ્યગ્દષ્ટિ તિર્યંચમનુષ્યોની દેવોમાં ઉત્પત્તિ છે, પ્રત્યાખ્યાનાવરણના ઉદયવાળા દેશવિરતોની દેવગતિનું શ્રવણ છે અને અપ્રત્યાખ્યાનાવરણ ઉદયવાળા સમ્યગ્દષ્ટિ દેવોની મનુષ્યગતિનું શ્રવણ છે.

આ અપ્રત્યાખ્યાન કષાયોનું શું કાર્ય છે ? તો કહે છે કે - 'સર્વદેશવિરતિઘાતી' છે. અર્થાત્ દેશથી અને સર્વથી વિરતિને રોકનારા છે, એવો ભાવ છે.

एकग्रन्थेन संक्षेपकामोऽप्रत्याख्यानक्रोधमानमायालोभानां स्वरूपाण्युपदर्शयति—

एतद्विशिष्टाः पूर्वोक्तस्वरूपाः क्रोधादयोऽप्रत्याख्यानक्रोधादयः । ३९ ।

एतद्विशिष्टा इति । अप्रत्याख्यानसहिता इत्यर्थः । पूर्वोक्तस्वरूपा इति प्रीत्यभावोत्पादककर्मत्वनम्रताविरहप्रयोजककर्मत्वसरलताभावप्रयोजककर्मत्वद्रव्यादिमूर्च्छाहेतुकर्मत्वरूपाइत्यर्थः । क्रोधादय इति । किन्त इत्यत्राहाप्रत्याख्यानक्रोधादय इति आदिनोभयत्र मानमायालोभानां ग्रहणम् । लक्षणं प्रयोजनञ्च पूर्ववदूह्यम् । स्थिती चानन्तानुबन्धिक्रोधवत् । क्रमेण भूराज्यस्थिस्तम्भमेषविषाणकर्दमरागसदृशा एते ॥

હવે એક ગ્રંથથી, સંક્ષેપની ઇચ્છાવાળા અપ્રત્યાખ્યાન ક્રોધ-માન-માયા-લોભના સ્વરૂપને દર્શાવે છે.

ભાવાર્થ- અપ્રત્યાખ્યાનવિશિષ્ટ-પૂર્વકથિત સ્વરૂપવાળા ક્રોધ વગેરે 'અપ્રત્યાખ્યાન ક્રોધ આદિ' કહેવાય છે.

વિવેચન- એતદ્ વિશિષ્ટ એટલે અપ્રત્યાખ્યાન સહિત, એવો અર્થ છે. પૂર્વોક્ત સ્વરૂપવાળા એટલે પ્રીતિ અભાવ ઉત્પાદક કર્મત્વ-નમ્રતાવિરહ પ્રયોજક કર્મત્વ-સરલતા અભાવ પ્રયોજક કર્મત્વ-દ્રવ્યાદિ મૂર્ચ્છાહેતુ કર્મત્વ રૂપ સ્વરૂપવાળાઓ, એવો અર્થ છે. એતદ્ વિશિષ્ટ-પૂર્વોક્ત સ્વરૂપવાળા ક્રોધ વગેરે.

તેઓને કેવી રીતે ઓળખાવાય છે ? તો કહે છે કે- 'અપ્રત્યાખ્યાન તરીકે ક્રોધ આદિ કહેવાય છે.' આદિ પદથી બંને ઠેકાણે માન-માયા-લોભનું ગ્રહણ કરવું. લક્ષણ અને પ્રયોજન પૂર્વની માફક વિચારવા. અનંતાનુબંધી ક્રોધની માફક બન્ને સ્થિતિ છે.

○ ક્રમથી ભૂરાજિ-પૃથ્વીરેખા સરખો અપ્રત્યાખ્યાન ક્રોધ. (સૂર્યના કિરણોના સમુદાયથી ગ્રહણ કરેલ સ્નેહવાળી-વાયુથી હણાયેલ ભૂમિની રાજિ-રેખા-ભેદ ઉત્પન્ન થયેલ-વરસાદની અપેક્ષાવાળા સંરોહવાળી-વાયુથી હણાયેલ ભૂમિની રાજિ-રેખા-ભેદ ઉત્પન્ન થયેલ-વરસાદની અપેક્ષાવાળા સંરોહવાળી અથવા ફૂટેલી પૃથ્વી સંબંધી રેખા, કચરા વગેરેથી ભરાયેલી કષ્ટથી દૂર થાય છે. એવી રીતે આ પણ પ્રત્યાખ્યાનાવરણની અપેક્ષાએ કષ્ટથી અટકે છે.)

○ અપ્રત્યાખ્યાન માન અસ્થિના સ્તંભ સરખો છે. જેમ હાડકું કે હાડકાનો થાંભલો ઘણા ઘણા ઉપાયો-અત્યંત મોટા કષ્ટથી નમે છે. એ પ્રમાણે જેના ઉદયમાં જીવ પણ અત્યંત મોટા કષ્ટથી નમે છે, તે માન, અપ્રત્યાખ્યાનાવરણ કહેવાય છે.

○ અપ્રત્યાખ્યાન માયા મેષ(ઘેટા)ના શીંગડા જેવી છે. જેમ મેષશૃંગની કુટિલતા અત્યંત કષ્ટથી દૂર થાય છે, તેમ તે અત્યંત કષ્ટથી દૂર થઈ શકે એવી છે.

○ અપ્રત્યાખ્યાન લોભ કર્દમ (ગાડાંની મેશ-કાદવ)ના રાગ સરખો છે. વસ્ત્ર ઉપર લાગેલ નિબિડ કાદવ સરખો તે અત્યંત કષ્ટથી દૂર થઈ શકે એવો છે.

प्रत्याख्यानावरणक्रोधादीनभिधातुं प्रत्याख्यानावरणस्वरूपमाह—

सर्वविरत्यावरणकारिणो मासचतुष्टयभाविनो मनुजगतिप्रदायिनस्साधुधर्मघातिनः प्रत्याख्यानाः । ४० ।

सर्वविरत्यावरणकारिण इति । सर्वविरतिरूपं प्रत्याख्यानमावृण्वन्तीति भावः । अस्योदये हि विरत्यविरतिर्भवति, उत्तमचारित्रलाभस्तु न भवति । अवधिमाह मास-चतुष्टयभाविन इति । उत्कर्षेणेयमुक्तिः, जघन्येन तु अहोरात्रं विज्ञेयम् कुत्रैषां जन्मप्रदत्व-मित्यत्राह मनुजगतिप्रदायिन इति मनुजेषूत्पत्तिं लभत इति भावः । कार्यमाह साधुधर्मघातिन इति साधुधर्मपरिणामोत्पत्तिं नाशयन्तीत्यर्थः ॥

પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ આદિને કહેવા માટે પ્રત્યાખ્યાનાવરણ સ્વરૂપનું વર્ણન-

ભાવાર્થ- સર્વવિરતિને રોકનારા, ચાર મહિના રહેનારા, મનુષ્યગતિ આપનારા અને સાધુધર્મના ઘાતી 'પ્રત્યાખ્યાન' છે.

વિવેચન- સર્વવિરતિ રૂપ પ્રત્યાખ્યાનને આવરનારા છે. ખરેખર, આ કષાયના ઉદયમાં દેશવિરતિ (વિરત્યવિરતિ) થાય છે, પરંતુ ઉત્તમ એવા ચરિત્રનો લાભ થતો નથી. અવધિને કહે છે કે- ઉત્કૃષ્ટથી ચાર

માસ અને જઘન્યથી અહોરાત્ર જાણવું. આ કષાયો કઈ ગતિ આપનારા છે ? તો કહે છે કે- 'મનુષ્યગતિને આપનારાં છે.' અર્થાત્ આ કષાયવાળો જીવ મનુષ્યોમાં ઉત્પત્તિને મેળવે છે. કાર્યને કહે છે કે - 'સાધુધર્મઘાતી છે.' અર્થાત્ સાધુધર્મના પરિણામની ઉત્પત્તિનો નાશ કરે છે.

प्रत्याख्यानावरणक्रोधचतुष्टयस्वरूपं संक्षेपेणाह—

ईदृशाः क्रोधादय एव प्रत्याख्यानक्रोधादयः । ४१ ।

ईदृशा इति । प्रत्याख्यानावरणभूता इत्यर्थः । क्रोधादय एवेति पूर्वोक्तस्वरूपाः क्रोधादय एवेत्यर्थः । प्रत्याख्यानक्रोधादय इति प्रत्याख्यानावरणभूताः क्रोधमानमायालोभा इत्यर्थः । लक्षणं प्रयोजनञ्च प्राग्वत् । स्थिती चानन्तानुबन्धिक्रोधवत्, क्रमेणैते वालुकाराजिदारुस्तम्भगोमूत्रिकाखञ्जनरागसदृशाः ॥

संक्षेपथी प्रत्याख्यानावरण क्रोध वगेरे चारना स्वरूपनुं वर्णन-

ભાવાર્થ- 'આવા ક્રોધ આદિ જ પ્રત્યાખ્યાન ક્રોધ વગેરે.'

विवेचन- આવા પ્રત્યાખ્યાનાવરણભૂત એવો અર્થ સમજવો. 'ક્રોધ વગેરે જ' એટલે પૂર્વકથિત સ્વરૂપવાળા ક્રોધ વગેરે જ, એવો અર્થ સમજવો. 'પ્રત્યાખ્યાન ક્રોધ વગેરે' એટલે પ્રત્યાખ્યાનાવરણભૂત ક્રોધ-માન-માયા-લોભ એવો અર્થ છે. લક્ષણ અને પ્રયોજન પૂર્વની માફક સમજવું. અનંતાનુબંધી ક્રોધની માફક બન્ને સ્થિતિ સમજવી.

ક્રમથી પ્રત્યાખ્યાન ક્રોધ વગેરે.

○ પ્રત્યાખ્યાન ક્રોધ-વાલુકા રાજિ-રેખા સરખો છે. જેમ વાલુકામાં કાષ્ઠ વગેરે હેતુથી ઉત્પન્ન થયેલી રાજિ-રેખા, વાયુની પ્રેરણાદિ સાપેક્ષ સંરોહવાળી અર્થાત્ સંજ્વલન ક્રોધની અપેક્ષાએ તીવ્ર હોવાથી, રેણુ મધ્યમાં રેખા જેમ લાંબા કાળે મટે છે, તેમ આ ક્રોધ લાંબા કાળે મટે છે.

○ પ્રત્યાખ્યાન માન-લાકડાના સ્તંભ સમાન છે. જેમ કોઈપણ સ્તંભ કાષ્ઠ અગ્નિની ગરમી-બાફ વગેરે ઘણા ઉપાયોથી કષ્ટથી નમે છે, તેમ માનના ઉદયમાં જીવ પણ કષ્ટથી નમે છે.

○ પ્રત્યાખ્યાન માયા-ગોમૂત્રિકા સરખી આ માયા છે. ગોમૂત્રિકા એટલે માર્ગમાં ચાલતા બળદની વક્રપણાએ પડેલી મૂત્રધારા 'ગોમૂત્રિકા' કહેવાય છે. જેમ આ પવન વગેરેથી સૂકાઈ ગયેલી ગોમૂત્રિકા થોડા કષ્ટથી દૂર થાય છે, તેમ જે કષાયથી પેદા થયેલી કુટિલતા કષ્ટથી દૂર થાય છે. તે ગોમૂત્રિકા સમાન પ્રત્યાખ્યાનાવરણી માયા છે.

○ પ્રત્યાખ્યાન લોભ-ખંજન રાગ સરખો છે. અર્થાત્ વસ્ત્રમાં લાગેલ દીવા વગેરેના કાજળ (ખંજન) સમાન (दीपमल्लिकामलः खंजनम्- દીવાના કોડીયાના મેલ સરખો) પ્રત્યાખ્યાનાવરણ લોભ કષ્ટથી હટાવી શકાય એવો છે.

संज्वलनक्रोधादीन्निर्वक्तुमादौ संज्वलनस्वरूपमाचष्टे–

ईषत्संज्वलनकारिणः पक्षावधयो देवगतिप्रदायिनो यथाख्यातचारित्रघातिनस्संज्वलनाः । ईदृशाश्च क्रोधादय एव संज्वलनक्रोधादयः । ४२ ।

ईषत्संज्वलनकारिण इति । परीषहोपसर्गादिसंपाते सति चारित्रीणमपि संईषद्ज्वलयन्तीति संज्वलनाः, एषामुदये हि यथाख्यातचारित्रलाभो न भवति,[१] अकषायचारित्रलाभो न भवतीति भावः । एषामप्यवधिमाह पक्षावधय इति । उत्कर्षेणेदम् पाक्षिकप्रतिक्रमणकाले प्रकर्षतो विध्यापनात्, जघन्येन तु पञ्चात्तापोत्पत्यनन्तरमेव व्यपगच्छन्तीति भावः । ईदृशं क्रोधादिकमनुमृतानां का गतिरित्यत्राह देवगतिप्रदायिन इति । तेषां कार्यमाह यथाख्यातेति । उपशान्तक्षीणकषायस्य यथाख्यातचारित्रावाप्तेरिति भावः । संक्षेपतस्संज्वलनक्रोधादिस्वरूपमुपदर्शयति ईदृशाश्चेति । संज्वलनात्मकाश्चेत्यर्थः । चशब्दः प्रकारभेदसमाप्तिद्योतकः । क्रोधादय एवेति लक्षणं पूर्ववत् । उत्कृष्टा स्थितिः प्राग्वत्, जघन्या तु संज्वलनक्रोधस्य मासद्वयं संज्वलनमानस्य मासः,[२] संज्वलनमायाया अर्धमासः, संज्वलनलोभस्यान्तर्मुहूर्त्तम्, सर्वेषामबाधाकालोऽन्तर्मुहूर्त्तम् । क्रमेणोदकराजितृणस्तम्भनिर्लेखनहरिद्रारागसदृशा एते ॥

संज्वलन क्रोध वगेरे कहेवा माटे आरंभमां संज्वलन स्वरूपनुं वर्णन-

भावार्थ-थोडा संज्वलन करनारा, पक्षनी अवधिवाळा अने देवगतिने आपनारा यथाख्यातचारित्रना घातीओ 'संज्वलनो' अने आवा क्रोध वगेरे ज संज्वलन क्रोध आदि छे.

विवेचन- परीषहो अने उपसर्गोनी झडी वरसावाथी चारित्रवंतने पण जरा जलावे छे, ते संज्वलनो. आ प्रमाणे संज्वलननो व्युत्पत्ति अर्थ छे. खरेखर, आ कषायोना उदयमां यथाख्यातचारित्रनो लाभ थतो नथी.

(संज्वलन कषायो फक्त यथाख्यातना उपघाती नथी, परंतु शेष चारित्रोना पण देशघातीओ थाय छे, के जेथी तेओना उदयमां शेष चारित्र पण अतिचारवाळुं थाय छे.) अर्थात् कषाय वगरना चारित्रनो लाभ थतो नथी.

---

१. संज्वलनाः न केवलं यथाख्यातोपघातिनः किन्तु शेषचारित्राणामपि देशोपघातिनो भवन्ति, यतस्तेषामुदये शेषचारित्रमपि सातिचारं भवतीति भावः ॥ २. व्यवहारनयापेक्षयाऽयं कालनियमः, बाहुबलिप्रभृतीनामन्येषां संयतादीनाञ्च संज्वलनस्य पक्षात्परतोऽपि मासवर्षादिकाले प्रत्याख्यानावरणानामप्रत्याख्यानावरणानामनन्तानुबन्धिनाञ्चान्तर्मुहूर्त्तादिकालं स्थितिश्रवणात् ॥

આ કષાયોની અવધિ ઉત્કૃષ્ટથી 'પખવાડીયા સુધી રહેનારી છે,' કેમ કે- પાક્ષિક પ્રતિક્રમણના સમયે ઉત્કૃષ્ટથી શાન્ત થાય છે. જઘન્યથી તો પશ્ચાત્તાપ પછીથી જ દૂર થાય છે.

આવા ક્રોધ આદિના ઉદયમાં મરેલાઓની શી ગતિ ? આ જવાબમાં કહે છે કે- 'દેવગતિના આપનારા' છે. તેઓના કાર્યને કહે છે કે- 'યથાખ્યાતચારિત્ર ઘાતીઓ' છે, કેમ કે- ઉપશાન્ત કષાયવાળા અને ક્ષીણ કષાયવળાને યથાખ્યાતચારિત્રની પ્રાપ્તિ હોય છે.

સંક્ષેપથી સંજવલન ક્રોધ આદિનું સ્વરૂપ દર્શાવે છે કે- આવા-સંજવલનસ્વરૂપી, એવો અર્થ સમજવો. અહીં 'च'કાર પ્રકારભેદની સમાપ્તિનો દ્યોતક છે. ક્રોધ વગેરે (માન-માયા-લોભ)નું લક્ષણ પૂર્વની માફક જ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ-પૂર્વની માફક. જઘન્ય સ્થિતિ-ક્રોધની બે મહિના, માનની એક મહિનો, માયાની પંદર દિન અને લોભની અંતર્મુહૂર્ત. અબાધકાળ-સર્વનો અંતર્મુહૂર્ત.

ક્રમથી સંજવલન ક્રોધ આદિ.

○ સંજવલન ક્રોધ-ઉદક રાજિના સરખો છે. જેમ પાણીમાં દંડ-લાકડી-સળી-આંગળી વગેરેમાંથી કોઈ એક નિમિત્તથી ઉત્પન્ન (કરાતી) થયેલ રાજિ-રેખા, પાણી, દ્રવદ્રવ્ય હોવાથી ઉત્પત્તિ પછી તુરંત હી મટી જાય છે, તેમ પૂર્વોક્ત નિમિત્તવશાત્ વિદ્વાન્ (ક્રોધના ફળના જાણ) અને અપ્રમત્ત સાધુને ઉત્પન્ન થયેલ સંજવલન ક્રોધ, 'હા ! મેં ખોટું કર્યું'- આવા પ્રકારના પશ્ચાત્તાપની ઉત્પત્તિ બાદ તુરંત હી નાશ પામે છે.

○ સંજવલન માન-તિનિશલતા (અથવા તૃણનો સ્તંભ)નો સરખો છે. જેમ નેતરની સોટી સુખપૂર્વક નમે છે, તેમ જે માનના ઉદયમાં જીવ પોતાનો આગ્રહ મૂકીને સુખથી જ નમે છે, તે સંજવલન માન.

○ સંજવલન માયા-સુથારના વાંસલાથી છોલાતા એવા ધનુષ્ય વગેરેની છોલાયેલ, અત્યંત વાંકી છાલ રૂપ નિર્લેખન સરખી માયા છે. જેમ આ અવલેખિકા કોમળ હોવાથી સુખપૂર્વક સીધી કરાય છે, તેમ જે માયાના ઉદયમાં હૃદયમાં ઉત્પન્ન થયેલ વક્રતા સુખપૂર્વક અટકે છે.

○ સંજવલન લોભ-હળદરના રંગ સરખો છે. જેમ વસ્ત્રમાં હળદરનો રંગ સૂર્યના તડકાના સ્પર્શ માત્રથી ઉડી જાય છે, તેમ આ લોભ નિમિત્તવશાત્ શીઘ્ર અટકી જાય છે.

अथ चारित्रमोहनीयस्यापरभेदं नोकषायाख्यं पूर्वोदितकषायसहचारिणं कषायोद्दीपकं सहचारिकषायसमफलं नवविधं क्रमेणाऽऽख्यातुमुपक्रमते–

हास्योत्पादकं कर्म हास्यमोहनीयम् । ४३ ।

हास्योत्पादकमिति । यस्योदयेन सनिमित्तमनिमित्तं वा हसति रङ्गावतीर्णनटवत् तत्कर्म हास्यमोहनीयमित्यर्थः । हास्योत्पादकत्वे सति कर्मत्वं लक्षणं, कृत्यं सुस्पष्टम् । उत्कृष्टा स्थितिरनन्तानुबन्धिक्रोधवत्, जघन्या तु सागरोपमस्य द्वौ सप्तभागौ पल्योपमासंख्येयभागन्यूनौ, अन्तर्मुहूर्त्तञ्चाबाधा ॥

रतिमोहनीयमाह–

पदार्थविषयकप्रीत्यसाधारणकारणं कर्म रतिमोहनीयम् । ४४ ।

पदार्थेति । पदार्थविषयकप्रीत्यसाधारणकारणत्वे सति कर्मत्वं लक्षणम् । लोभादावति-व्याप्तिवारणायासाधारणेति । सौभाग्यनामकर्मण्यतिव्याप्तिवारणाय पदार्थविषयकेति । स्थिती हास्यमोहनीयवत् ॥

अरतिमोहनीयमाचष्टे–

पदार्थविषयकोद्वेगकारणं कर्म अरतिमोहनीयम् । ४५ ।

पदार्थविषयकेति । पदार्थविषयकोद्वेगकारणत्वे सति कर्मत्वं लक्षणम् । दुर्भगनाम-कर्मण्यतिव्याप्तिवारणाय पदार्थविषयकेति । स्थिती हास्यमोहनीयस्येव ॥

शोकमोहनीयं वक्ति–

अभीष्टवियोगादिदुःखहेतुः कर्म शोकमोहनीयम् । ४६ ।

अभीष्टवियोगादीति । अभीष्टवियोगादिजन्यदुःखहेतुत्वे सति कर्मत्वं लक्षणम् । यदुदयात् प्रियविप्रयोगादौ स्वोरस्ताडमाक्रन्दति, परिदेवते, भूपीठे च लुठति, दीर्घं निश्वसिति, तच्छोकमोहनीयमित्यर्थः असातेऽतिव्याप्तिवारणाय जन्यान्तम् । स्थिती हास्यमोहनीयवत् ॥

નોકષાયના નિરૂપણની અવતરણીકા-

હવે ચારિત્રમોહનીયના બીજા ભેદ રૂપ, પૂર્વકથિત કષાયના સહચારી, કષાયના ઉદ્દીપક નોકષાય નામવાળા (કષાયનો) એકદેશ અથવા કષાયવિશેષ, નોકષાય-હાસ્ય આદિ, મિશ્ર અર્થવાળો 'નો' શબ્દ પણ છે. [કષાય સહકારી એટલે કષાયના કાર્યને કરવામાં સમર્થ છે. આ સહચારી કષાયોનું સ્વતંત્ર સામર્થ્ય નથી. જે દોષવાળો કષાય છે, તેના સહચારીઓ નોકષાયોનો પણ તે તે દોષવાળા જ છે. અનંતાનુબંધી આદિ સહચારી નોકષાયો અનંતાનુબંધી સ્વભાવવાળા જ થાય છે. તેથી આ સહચારી કષાયો પણ ચરણ આદિ ઉપઘાતકારી હોવાથી કષાયની તુલ્યતાએ નોકષાયો ગ્રહણ કરવા યોગ્ય છે.] અતએવ કષાય સમાન ફળવાળા નવ પ્રકારના નોકષાયને ક્રમથી કહેવા પ્રારંભ કરે છે.

હાસ્યમોહનીય-

ભાવાર્થ- હાસ્યનું ઉત્પાદક કર્મ 'હાસ્યમોહનીય.'

વિવેચન- જે કર્મના ઉદયથી નિમિત્ત સહિત કે રહિત, રંગભૂમિ ઉપર ઉતરેલ નટની માફક હસે છે, તે કર્મ 'હાસ્યમોહનીય' એવો અર્થ સમજવો.

'हास्योत्पादकत्वे सति कर्मत्व' એ લક્ષણ છે. પદકૃત્ય સુસ્પષ્ટ છે. આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-અનંતાનુબંધી ક્રોધની માફક. જઘન્ય સ્થિતિ-સાગરોપમના બે સપ્તમ ભાગો, પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન. અબાધાકાળ-અંતર્મુહૂર્ત.

રતિમોહનીય-

ભાવાર્થ- પદાર્થવિષયક પ્રીતિના અસાધારણભૂત કર્મ 'રતિમોહનીય.'

વિવેચન- જે કર્મના ઉદયથી નિમિત્ત હોય કે ન હોય, બાહ્ય-અભ્યંતર વસ્તુઓમાં અને શબ્દ આદિ ઇષ્ટવિષયોમાં જીવને પ્રમોદ થાય છે, તે 'રતિમોહનીય.' 'પદાર્થવિષયક પ્રીતિ અસાધારણ કારણત્વે સતિ કર્મત્વ' એ લક્ષણ છે. લોભ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અસાધારણ' એવું પદ મૂકેલ છે. સૌભાગ્યનામકર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'પદાર્થવિષયક' આવું પદ મૂકેલ છે. હાસ્યમોહનીયની માફક બન્ને સ્થિતિ વિચારવી.

અરતિમોહનીય-

ભાવાર્થ- પદાર્થ સંબંધી ઉદ્વેગનું કારણ કર્મ 'અરતિમોહનીય.'

વિવેચન- જે કર્મના ઉદયથી નિમિત્ત સહિત કે રહિત, બાહ્ય-અભ્યંતર વસ્તુઓમાં જીવને અરતિ-અપ્રીતિ થાય છે, તે 'અરતિમોહનીય.'

'પદાર્થવિષયક ઉદ્વેગ કારણત્વે સતિ કર્મત્વ' એ લક્ષણ છે. દુર્ભગનામકર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'પદાર્થવિષયક' એવું પદ મૂકેલ છે. આ કર્મની બન્ને સ્થિતિ હાસ્યમોહનીય મુજબ સમજવી.

શોકમોહનીય-

ભાવાર્થ- અભીષ્ટવિયોગ આદિ જન્ય દુઃખના હેતુભૂત કર્મ 'શોકમોહનીય.'

વિવેચન- જે કર્મના ઉદયથી નિમિત્ત સહિત કે રહિત જીવને શોક થાય છે, તે 'શોકમોહનીય.'

'અભીષ્ટવિયોગ આદિ જન્ય દુઃખહેતુત્વે સતિ કર્મત્વ' એ લક્ષણ છે. જેના ઉદયે જીવ, પ્રિય પદાર્થોના વિયોગ આદિના કાળમાં પોતાની છાતી ઠોકે છે, પોક મૂકે છે, માથું વગેરે પોતાના અવયવોને મારે છે, રડે છે, લાંબો નિઃસાસો મૂકે છે અને ધરણીતળ ઉપર ઢળી પડે છે, તે 'શોકમોહનીય' છે એવો અર્થ સમજવો. અસાતાવેદનીયમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અભીષ્ટવિયોગાદિ જન્ય' આવું પદ મૂકેલ છે. હાસ્યમોહનીય કર્મની માફક બન્ને સ્થિતિ અહીં સમજવી.

ભયમોહનીયમાચષ્ટે—

भयोत्पादासाधारणं कारणं कर्म भयमोहनीयम् । ४७ ।

भयोत्पादेति । यस्योदयेन सनिमित्तमनिमित्तं वा त्रस्यति, वेपते, उद्विजते, तद्भय-मोहनीयम् । भयोत्पादासाधारणकारणत्वे सति कर्मत्वं लक्षणम् । पराघातेऽतिव्याप्तिवारणाया-

साधारणेति स्वनिखिलभयकारणमित्यर्थः, पराघातेन तु सभ्यादीनां परेषामेव भयं भवति अनेन तु स्वस्येति भावः, स्थिती हास्यमोहनीयवत् ॥

जुगुप्सामोहनीयमाख्याति—

बीभत्सपदार्थावलोकनजातव्यलीकप्रयोजकं कर्म जुगुप्सामोहनीयम् । ४८ ।

बीभत्सेति । यदुदयात् पुरीषादिबीभत्सपदार्थेषु जुगुप्सावान् भवति, शुभाशुभद्रव्यविषयकं वा व्यलीकमुपजायते, तज्जुगुप्सामोहनीयमित्यर्थः । स्थिती हास्यमोहनीयवत् ॥

पुरुषवेदस्वरूपमाचष्टे—

स्त्रीमात्रसंभोगविषयकाभिलाषोत्पादकं कर्म पुरुषवेदः । ४९ ।

स्त्रीमात्रेति । उद्रिक्तश्लेष्मण आम्रफलाभिलाष इव यस्योदये पुंसः स्त्रियामभिलाषो भवति, तृणाग्निज्वालासमानः स पुरुषवेद इत्यर्थः । नपुंसकवेदेऽतिव्याप्तिवारणाय मात्रेति । पुरुषवेदमोहाग्नेर्भृशं ज्वलतस्समासादितप्रतिक्रियस्याश्वेव प्रशमो जायते समासादिततृणपुलकस्येव, नातीव स्थास्नुरनुबन्धः । उत्कृष्टा स्थितिरस्य हास्यमोहनीयवत् जघन्या त्वष्टौ वर्षाणि, अबाधाऽन्तर्मुहूर्त्तकालः ॥

स्त्रीवेदमाह—

पुरुषमात्रसंभोगविषयकाभिलाषोत्पादकं कर्म स्त्रीवेदः । ५० ।

पुरुषमात्रेति । पित्तद्रव्योदये मधुराभिलाषवत् यस्योदये पुंस्यभिलाषः स्त्रियास्समुपजायते दृढतरखदिरादिकाष्ठप्रवृद्धज्वालाकलापज्वलनवत्, बहुतरकालावस्थायी चिरप्रशाम्यः संभाषणस्पर्शनेन्धनाभिवर्धितस्स स्त्रीवेदः । नपुंसकवेदेऽतिव्याप्तिवारणाय मात्रपदम्, स्थिती हास्यमोहनीयवत् ॥

नपुंसकवेदमाख्याति—

पुंस्त्रीसंभोगविषयकाभिलाषोत्पादकं कर्म नपुंसकवेदः । इति कषायपञ्चविंशतिः ।५१।

पुंस्त्रीति । पित्तश्लेष्मोदये मज्जिकाभिलाषःवत् यस्योदये पण्डकस्य स्त्रीपुंसयोरभिलाषः समुदेति महानगरदाहदहनसन्निभकरीषकृशानुवदन्तर्विजृम्भमाणदीप्ततरकरनिकरो बहुतरकालप्रशमः स नपुंसकवेदः । स्त्रीपुरुषवेदयोरतिव्याप्तिवारणाय पुंस्त्रीति । स्थिती हास्यमोहनीयस्येव । इमान्येव पञ्चविंशतिकर्माणि विभागवाक्यघटककषायपञ्चविंशतिपदग्राह्याणीत्याह—इतीति । षोडशकषाया नवनोकषायाश्चेति मिलित्वेत्यर्थः ॥

ભયમોહનીય-

ભાવાર્થ - ભયની ઉત્પત્તિમાં અસાધારણ કારણભૂત કર્મ 'ભયમોહનીય.'

વિવેચન - જેના ઉદયથી સનિમિત્ત કે અનિમિત્ત જીવને ત્રાસને (અકસ્માત આવી પડતા ભયને) પામે છે, ગભરાય છે અને તથારૂપ સ્વસંકલ્પથી જીવને ઈહલોક-પરલોક-આદાન-અકસ્માત્-આજીવિકા-મરણ-અપકીર્તિ રૂપ સાત પ્રકારનો ભય થાય છે, તે 'ભયમોહનીય.'

લક્ષણ - 'ભયોત્પાદક અસાધારણ કારણત્વે સતિ કર્મત્વં.'

પદકૃત્ય - પરાઘાતકર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અસાધારણ' એવું પદ મૂકેલ છે. પોતાના સકલ ભયનું કારણ એવો અર્થ લેવો. પરાઘાતકર્મથી તો બીજા એવા સભ્યોને ભય થાય છે. આ કર્મથી તો પોતાને ભય થાય છે. આવો ભાવ છે. હાસ્યમોહનીય મુજબ બંને સ્થિતિ છે.

જુગુપ્સામોહનીય-

ભાવાર્થ - બીભત્સ પદાર્થના અવલોકનથી પેદા થયેલ ઘૃણાના પ્રયોજકભૂત કર્મ 'જુગુપ્સામોહનીય' છે.

વિવેચન - જે કર્મના ઉદયથી વિષ્ઠા-વિકૃત માંસ વગેરે બીભત્સ-ઘૃણાના વિષય રૂપ પદાર્થો પ્રત્યે જીવ, જુગુપ્સા-દુગંચ્છવાળો થાય છે. અથવા શુભ કે અશુભ દ્રવ્યવિષયક વ્યલીક-અસત્ય થાય છે, તે 'જુગુપ્સામોહનીય' એવો અર્થ છે. આ કર્મની બંને સ્થિતિ હાસ્યમોહનીય મુજબ સમજી લેવી.

પુરૂષવેદ-

ભાવાર્થ - માત્ર સ્ત્રી સંબંધી સંભોગવિષયક અભિલાષા-ઈચ્છાનું ઉત્પાદક કર્મ 'પુરુષવેદ.'

વિવેચન - જેમ અત્યંત કફરોગીને કેરી (ખાટી ચીજ)ની ઈચ્છા થાય છે, તેમ જે કર્મના ઉદયે અનેક આકારવાળી (સંકલ્પજન્ય પણ) સ્ત્રીઓ પ્રત્યે સંભોગવિષયક અભિલાષા થાય છે. 'પુરુષવેદ' ઘાસની અગ્નિની જ્વાલા સરખો છે, એમ અર્થ સમજવો. નપુંસકવેદમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'માત્ર' પદનું ગ્રહણ કરેલ છે. જેમ ઘાસનો પૂળો જલ્દી બળી જાય છે અને બૂઝી પણ જલ્દી જાય છે, તેનો અત્યંત સ્થિર, સતત સંબંધ ચાલતો નથી, તેમ અત્યંત જલતી પુરુષવેદ રૂપ મોહની આગ પ્રતિકાર પામતાની સાથે જ જલ્દી શાન્ત થઈ જાય છે.

પુરુષવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ-હાસ્યમોહનીયની માફક. જઘન્ય સ્થિતિ-આઠ વર્ષ સુધી. અબાધાકાળ-અંતર્મુહૂર્ત્ત.

સ્ત્રીવેદ-

ભાવાર્થ - કેવલ પુરુષ સંબંધી સંભોગવિષયક અભિલાષાનું ઉત્પાદક કર્મ 'સ્ત્રીવેદ.'

વિવેચન - પિત્તદ્રવ્યના ઉછાળામાં જેમ મીઠી ચીજની અભિલાષા થાય છે, તેમ જે કર્મના ઉદયથી નાના આકારવાળા (સંકલ્પજન્ય) પુરુષો પ્રત્યે સંભોગની અભિલાષા, સ્ત્રીઓને જન્મે છે. અત્યંત મજબૂત ખદિર આદિ લાકડાઓથી વધેલ જ્વાલાના સમુદાયવાળા અગ્નિની માફક, ઘણા ઘણા કાળ સુધી સ્થાયી,

સંભાષણ-સ્પર્શન આદિ રૂપ લાકડાઓથી ચારેય બાજુથી વધેલ, લાંબા કાળે શમનયોગ્ય તે સ્ત્રીવેદ રૂપી આગ છે. નપુંસકવેદમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'માત્ર' પદ છે. સ્ત્રીવેદની બંને સ્થિતિ હાસ્યમોહનીયની માફક છે.

નપુંસકવેદ-

ભાવાર્થ - સ્ત્રી-પુરુષ સંબંધી સંભોગવિષયક અભિલાષાનું ઉત્પાદક કર્મ 'નપુંસકવેદ.' આ પ્રમાણે પચીસ કષાયો છે.

વિવેચન - પિત્ત અને કફના ઉદયમાં શીખંડની અભિલાષાની માફક, જે કર્મના ઉદયમાં નપુંસકને સ્ત્રી અને પુરુષની અભિલાષા ઉગે છે. મહા નગરના દાહ માટે અગ્નિ સમાન, અંદરના ભાગમાં વિદ્યમાન અત્યંત દીપ્તિવાળા કણીયાના સમુદાયવાળા સુકાયેલા છાણાના અગ્નિની માફક, ઘણા લાંબા કાળે પ્રશમયોગ્ય એવો ઉદયગત નપુંસકવેદ રૂપ મહા મોહની આગ છે. સ્ત્રીવેદ અને પુરુષવેદમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'પુંસ્ત્રી'-આવું પદ છે. હાસ્યમોહનીય મુજબ બંને સ્થિતિ સમજવી.

વિભાગવાક્યમાં રહેલ સોલ કષાયો અને નવ નોકષાયો મળીને પચીશ કષાયો 'कषायपंचविंशति' પદથી ગ્રાહ્ય છે.

अथ तिर्यग्गतिमाह–

तिर्यक्त्वपर्यायपरिणतिप्रयोजकं कर्म तिर्यग्गतिः । ५२ ।

तिर्यक्त्वेति । तिर्यक्त्वपर्यायपरिणतिप्रयोजकत्वे सति कर्मत्वं तिर्यग्गतेर्लक्षणम्, कृत्यं मनुजगतिवत्, स्थिती पञ्चेन्द्रियवत् ॥

तिर्यगानुपूर्वीस्वरूपमाह–

तिर्यग्गतौ बलान्नयनहेतुकं कर्म तिर्यगानुपूर्वी । इति तिर्यग्द्विकम् । ५३ ।

तिर्यग्गताविति । बलात्तिर्यग्गतिनयनहेतुत्वे सति कर्मत्वं लक्षणम् । मनुजानुपूर्व्यादावतिव्याप्तिवारणाय तिर्यगिति । स्थिति च पञ्चेन्द्रियवदेव । इमे एव विभागवाक्यघटकतिर्यग्द्विकपदबोध्ये इत्याह इतीति ॥

तिर्यंचगति-

ભાવાર્થ - તિર્યક્ત્વપર્યાયની પરિણતિમાં પ્રયોજક કર્મ 'તિર્યગ્ગતિ.'

વિવેચન - 'તિર્યક્ત્વપર્યાયની પરિણતિમાં પ્રયોજક હોયે છતે કર્મત્વ'-આવું તિર્યગ્ગતિનું લક્ષણ છે. મનુષ્યગતિની માફક પદકૃત્ય જાણવું. પંચેન્દ્રિય મુજબ બંને સ્થિતિ સમજવી.

तिर्यंचानुपूर्वी-

ભાવાર્થ - બલાત્કારથી તિર્યંચગતિમાં લઈ જવામાં હેતુભૂત કર્મ 'તિર્યગાનુપૂર્વી'- આ પ્રમાણે તિર્યગ્ગૂદ્વિક્ સમજવું.

વિવેચન - 'બલાત્ તિર્યગ્ગતિનયન હેતુત્વ વિશિષ્ટ કર્મત્વ' લક્ષણ છે. મનુષ્યની આનુપૂર્વી આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'તિર્યગ્' આવું પદ છે. પંચેન્દ્રિય મુજબ બંને સ્થિતિ છે. આ પ્રમાણે વિભાગવાક્યમાં 'તિર્યગ્ગૂદ્વિક્' પદ છે.

एकेन्द्रियजातिनाम निरूपयति–

एकेन्द्रियव्यवहारहेतुः कर्म एकेन्द्रियजातिः । अस्याः स्पर्शेन्द्रियमेव । ५४ ।

एकेन्द्रियेति । यदुदयादयं पृथिवीकायिकादिरेकेन्द्रिय इति संज्ञां लभते व्यपदिश्यते च, तादृशं कर्मेत्यर्थः । एकेन्द्रियव्यवहारकारणत्वे[1] सति कर्मत्वं लक्षणम् । द्वीन्द्रियजात्यादिवारणायैकेति । अत्र द्रव्येन्द्रियमङ्गोपाङ्गनामेन्द्रियपर्याप्तिनामसामर्थ्याद्भवति । भावरूपन्तुतत्तदिन्द्रियावरणक्षयोपशमसामर्थ्याद्भवति, जातिनाम तु व्यवहारनिबन्धनसमानपरिणतौ निबन्धनमिति भाव्यम् । इयं जातिः कीदृशेन्द्रियव्यवहारप्रयोजिकेत्याशङ्कायामाहास्या इति, पञ्चम्यर्थः प्रयुक्तत्वं तथा चैकेन्द्रियजातिनामप्रयुक्तं स्पर्शेन्द्रियमेवेत्यर्थः, केवलस्पर्शेन्द्रियापेक्षया योऽयमेकेन्द्रियव्यवहारस्तत्र प्रयोजकमिदं कर्मेति भावार्थः । उत्कृष्टाऽस्य स्थितिः पञ्चेन्द्रियवत्, जघन्या तु देवगतिवत् ॥

એકેન્દ્રિય જાતિ-

ભાવાર્થ - એકેન્દ્રિય તરીકેના વ્યવહારમાં હેતુભૂત કર્મ 'એકેન્દ્રિયજાતિ.' આ જાતિમાં સ્પર્શનેન્દ્રિય છે. (જાતિ એટલે જન્મ. એકેન્દ્રિય આદિ શબ્દ વ્યવહારયોગ્ય પર્યાયથી જીવોની ઉત્પત્તિ-જાતિ, તદ્ભાવ-એકેન્દ્રિયત્વ આદિ પર્યાયના કારણભૂત નામકર્મજાતિ.)

---

१. ननु व्यवहारश्शब्दप्रयोगः, तथा चैकेन्द्रियादिशब्दप्रवृत्तिनिबन्धनभूतजातिविपाकवेद्यकर्मप्रकृतिरेकेन्द्रियादिजातिरिति लक्षणार्थः, तच्च न युक्तं शब्दप्रवृत्तिनिमित्तत्वेन क्वापि जात्यसिद्धेरितरथा हर्म्यादिपदप्रवृत्तिनिमित्ततया हरित्वादिजातेरपि सिद्धिः स्यात् तथाप्येकेन्द्रियादिशब्दप्रवृत्तिनिमित्ततया तादृशजातिस्वीकारे नारकादिव्यवहारनियामकतया पञ्चेन्द्रियत्वव्याप्यनारकत्वादिजातिसिद्धौ गतिनाम्नो वैयर्थ्यापत्तेश्चेति चेन्न, अपकृष्टचैतन्यादिनियामकतयैकेन्द्रियत्वादिजातिसिद्धेः, न तु शब्दप्रवृत्तिनिमित्ततया, सा च जातिरेकेन्द्रियादिव्यवहारनिबन्धना, लाघवात्तन्निबन्धनतया च जातिनामसिद्धिः । नारकत्वादिकं तु न जातिरूपम्, तिर्यक्त्वस्य पञ्चेन्द्रियत्वादिना साङ्कर्यात् । मानुषत्वावच्छेदेन पञ्चेन्द्रियत्वे तिर्यक्त्वाभावसामानाधिकरण्यस्यैकेन्द्रियत्वावच्छेदेन तिर्यक्त्वे पञ्चेन्द्रियत्वाभावसामानाधिकरणस्य सत्त्वात् तदुभयस्य च तिर्यक्पञ्चेन्द्रियत्वावच्छेदेन वृत्तेः, किन्तु सुखदुःखविशेषोपभोगनियामकपरिणामविशेषतया नारकत्वादीनां तन्नियामकत्वेन गतिनाम्न आवश्यकत्वादिति ॥

विवेचन - જે કર્મના ઉદયથી પૃથ્વીકાયિક આદિ 'એકેન્દ્રિય' એવી સંજ્ઞાને પામે છે અને એકેન્દ્રિય તરીકે વ્યવહારયોગ્ય બને છે, તેવું કર્મ 'એકેન્દ્રિય વ્યવહારકારણત્વ વિશિષ્ટ કર્મત્વ' એવું લક્ષણ છે.

[**શંકા** - વ્યવહાર એટલે શબ્દપ્રયોગ. તથાચ 'એકેન્દ્રિય આદિ શબ્દપ્રવૃત્તિ નિમિત્તભૂત-જાતિવિપાક વેદ્ય (જ્ઞેય) કર્મપ્રકૃતિ, એકેન્દ્રિય આદિ જાતિ' એવો લક્ષણાર્થ છે. તે ઠીક નથી, કેમ કે- કોઈપણ ઠેકાણે શબ્દપ્રવૃત્તિના નિમિત્તપણાએ ગતિની સિદ્ધિ થતી નથી. જો શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્તની અપેક્ષાએ જાતિની સિદ્ધિ માનવામાં આવે, તો હરિ આદિ શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્તની અપેક્ષાએ હરિત્વ આદિ રૂપ જાતિની પણ સિદ્ધિ થઈ જાય ! તો પણ એકેન્દ્રિય આદિ શબ્દમાં પ્રવૃત્તિ નિમિત્તની અપેક્ષાએ (તાદશ) તેવી એકેન્દ્રિયત્વ આદિ જાતિના સ્વીકારમાં નારક-દેવ-મનુષ્ય-તિર્યંચ આદિના વ્યવહારના નિયામકપણાએ પંચેન્દ્રિયત્વવ્યાપ્ય (અલ્પદેશવ્યાપી) નારકત્વ આદિ જાતિની સિદ્ધિ થતાં ગતિનામકર્મની વ્યર્થતાની આપત્તિ આવશે જ ને ?

સમાધાન - અપકૃષ્ટ ચૈતન્ય આદિ નિયામકપણાએ એકેન્દ્રિયત્વ આદિ જાતિની સિદ્ધિ છે. શબ્દપ્રવૃત્તિમાં નિમિત્તની અપેક્ષાએ એકેન્દ્રિયત્વ આદિ જાતિની સિદ્ધિ નથી અને તે જાતિ એકેન્દ્રિય જાતિ વ્યવહારનિબંધનભૂત છે. લાઘવની અપેક્ષાએ એકેન્દ્રિય આદિ વ્યવહાર નિબંધનપણાએ જાતિનામ સિદ્ધિ છે.

પંચેન્દ્રિયત્વવ્યાપ્ય નારકત્વ આદિ જાતિ રૂપ નથી, (તિર્યક્ત્વ આદિના જાતિપણામાં બાધક સંકર છે. પરસ્પર અત્યંત અભાવ સમાન અધિકરણવાળા બંનેનો એક ઠેકાણે સમાવેશ સંકર કહેવાય છે.) કેમ કે- તિર્યક્ત્વનું પંચેન્દ્રિયત્વ આદિની સાથે સાંકર્ય છે.

મનુષ્યમાં તિર્યક્ત્વ છોડીને પંચેન્દ્રિયપણું છે. મનુષ્યની અપેક્ષાએ તિર્યક્ત્વના અભાવનું સામાનાધિકરણ્ય પંચેન્દ્રિયપણામાં છે. એકેન્દ્રિયમાં પંચેન્દ્રિયપણું છોડીને તિર્યક્ત્વ છે. અર્થાત્ એકેન્દ્રિયની અપેક્ષાએ પંચેન્દ્રિયપણાના અભાવનું સામાનાધિકરણ્ય તિર્યક્ત્વમાં છે. તિર્યક્ત્વનું અને પંચેન્દ્રિયપણાનું તિર્યક્ પંચેન્દ્રિયપણાની અપેક્ષાએ તિર્યક્ પંચેન્દ્રિયમાં વિદ્યમાનપણું છે. પરંતુ સુખ-દુઃખવિશેષ ઉપભોગનિયામક વિશિષ્ટ પરિણામ રૂપ નરકત્વ આદિ પર્યાયના નિયામકપણાએ નારક આદિ ગતિ નામની આવશ્યકતા છે.]

'એકેન્દ્રિય વ્યવહારકારણત્વ વિશિષ્ટ કર્મત્વ 'એકેન્દ્રિય જાતિનામ. (જાતિ હોવાના કારણે પૃથ્વી આદિ ભેદોમાં એકેન્દ્રિયજાતિનામ વ્યાપક છે. એકેન્દ્રિયજાતિનામ સિવાય એકેન્દ્રિય સંજ્ઞાવ્યવહારનો અભાવ જ થઈ જાય.)

પદકૃત્ય-બેઈન્દ્રિયજાતિ આદિના વારણ માટે 'એક' એવું પદ મૂકેલ છે. અહીં-

(૧) દ્રવ્યેન્દ્રિય, અંગોપાંગ નામ અને ઇન્દ્રિયપર્યાપ્તિ નામના સામર્થ્ય (ઉદય)થી જન્મ થાય છે.

(૨) ભાવેન્દ્રિય, તે તે ઇન્દ્રિયાવરણ ક્ષયોપશમના સામર્થ્યથી જન્મ થાય છે.

(૩) જાતિનામ, તો એકેન્દ્રિય આદિ વ્યવહારનિબંધન બાહ્ય વિશિષ્ટ (વિચિત્ર) સમાન પરિણતિમાં મુખ્ય કારણ છે.

[જાતિનામકર્મનું કાર્ય અનન્ય સાધ્ય એકેન્દ્રિયાદિ વ્યવહારકારણ પરિણતિ રૂપ છે. અર્થાત્ જાતિનામકર્મના ઉદયથી જ એકેન્દ્રિય આદિની સમાન જાતિવાળા બીજા જીવોની સાથે સરખી બાહ્ય વિશિષ્ટ પરિણતિ, એકેન્દ્રિય આદિ શબ્દવાચ્ય છે, એમ અવશ્ય માનવું જોઈએ.]

આ જાતિ કેવી ઇન્દ્રિયવાળાના વ્યવહારમાં પ્રયોજક છે ? તો કહે છે કે- 'એકેન્દ્રિય જાતિનામ પ્રયુક્ત (જન્ય) સ્પર્શનેન્દ્રિય જ છે,' એવો અર્થ સમજવો. કેવળ સ્પર્શનેન્દ્રિયની અપેક્ષાએ જે આ એકેન્દ્રિય વ્યવહાર છે, તેમાં આ પ્રયોજક કર્મ છે, આવો ભાવાર્થ સમજવો.

ઉત્કૃષ્ટ સ્થિતિ-પંચેન્દ્રિય માફક, જઘન્ય સ્થિતિ-દેવગતિ મુજબ.

द्वीन्द्रियादिजातिनाम लक्षयति–

द्वीन्द्रियव्यवहारकारणं कर्म द्वीन्द्रियजातिः । स्पर्शरसने । त्रीन्द्रियव्यवहारसाधनं कर्म त्रीन्द्रियजातिः । स्पर्शरसनघ्राणानि । चतुरिन्द्रियव्यवहारनिदानं कर्म चतुरिन्द्रियजातिः । स्पर्शरसनघ्राणचक्षूंषि । ५५ ।

द्वीन्द्रियेति । द्वीन्द्रियव्यवहारकारणत्वे सति कर्मत्वं लक्षणम् । कृत्यं पूर्ववत् । कीदृशेन्द्रियव्यवहारे प्रयोजकमित्यत्राह-स्पर्शरसने इति, अस्या इत्यनुषज्यते, शिष्टं स्पष्टम् । अस्या उत्कृष्टा स्थितिरष्टादशसागरोपमकोटीकोट्यः, अष्टादशवर्षशतान्यबाधा, जघन्या तु देवगतिवत् । त्रीन्द्रियजातिनामाचष्टे-त्रीन्द्रियेति । लक्षणं कृत्यञ्च पूर्ववदेव । अस्या व्यवहारे निबन्धनानीन्द्रियाण्याह स्पर्शेति, अस्या इत्यनुषज्यते । स्थिती चास्या द्वीन्द्रियजातिवत् । चतुरिन्द्रियजातिनामाख्याति-चतुरिन्द्रियेति । स्पष्टं लक्षणं कृत्यञ्च । अस्या व्यवहारे निबन्धनानीन्द्रियाण्याह स्पर्शरसनेति । स्थिती च द्वीन्द्रियजातिवत् ॥

બેઈન્દ્રિય આદિ જાતિનામલક્ષણ-

ભાવાર્થ - બેઈન્દ્રિયવ્યવહારમાં કારણ રૂપ કર્મ 'બેઈન્દ્રિયજાતિ.' બેઈન્દ્રિયજાતિ નામજન્ય 'સ્પર્શન અને રસન' બે ઈન્દ્રિયો છે. તેઈન્દ્રિયવ્યવહારમાં સાધનભૂત કર્મ 'તેઈન્દ્રિયજાતિ.' તેઈન્દ્રિયજાતિ નામજન્ય 'સ્પર્શન-રસન-ઘ્રાણ એમ ત્રણ ઈન્દ્રિયો છે. ચતુરિન્દ્રિયવ્યવહારમાં નિદાનભૂત કર્મ 'ચતુરિન્દ્રિયજાતિ.' આ ચતુરિન્દ્રિયજાતિનામજન્ય 'સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ' એમ ચાર ઈન્દ્રિયો છે.

વિવેચન - બેઈન્દ્રિયવ્યવહાર કારણત્વ વિશિષ્ટ કર્મત્વ એ લક્ષણ છે. પદકૃત્ય પૂર્વની માફક છે. કેવી ઇન્દ્રિયવાળાના વ્યવહારમાં પ્રયોજક છે ? તો કહે છે કે- 'સ્પર્શન રસન' બે ઈન્દ્રિયો-બેઈન્દ્રિયજાતિજન્ય છે, એમ સમજવું. બાકી સ્પષ્ટ છે.

ઉત્કૃષ્ટ સ્થિતિ-૧૮ કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ-૧૮૦૦ વર્ષ. જઘન્ય સ્થિતિ-દેવગતિ મુજબ.

○ 'તેઈન્દ્રિયવ્યવહાર કારણત્વ વિશિષ્ટ કર્મત્વ' તેઈન્દ્રિયજાતિનું લક્ષણ છે અને પદકૃત્ય પૂર્વ મુજબ

સમજવું. કેવી ઇન્દ્રિયવાળાના વ્યવહારમાં પ્રયોજક છે ? તો કહે છે કે-આ તેઇન્દ્રિયજાતિજન્ય 'સ્પર્શન-રસન-ઘ્રાણ એમ ત્રણ ઇન્દ્રિયો છે.' આ તે ઇન્દ્રિયની બંને સ્થિતિ બેઇન્દ્રિયની માફક સમજવી.

○ 'चतुरिन्द्रियव्यवहार कारणत्व विशिष्ट कर्मत्व' चतुरिन्द्रियजातिनुं लक्षण छे. पदकृत्य पूर्व मुजब समजवुं. केवी ઇન્દ્રિયવાળાના વ્યવહારમાં પ્રયોજક છે ? તો કહે છે કે-આ ચતુરિન્દ્રિયજાતિજન્ય 'સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ એમ ચાર ઇન્દ્રિયો છે. આ ચતુરિન્દ્રિયની બંને સ્થિતિ બેઇન્દ્રિયજાતિની માફક સમજવી.

अथ कुखगत्यादीन्याह–

अप्रशस्तगमनप्रयोजकं कर्म कुखगतिः । यथा खरोष्ट्रादीनाम् । स्वावयवैरेव स्वपीडाजननिदानं कर्म उपघातनाम । शरीरनिष्ठाप्रशस्तवर्णप्रयोजकं कर्म अप्रशस्तवर्णनाम । यथा काकादीनाम् । शरीरनिष्ठाप्रशस्तगन्धप्रयोजकं कर्म अप्रशस्तगन्धनाम । यथा लशुनादीनाम् । शरीरवृत्त्यप्रशस्तरसप्रयोजकं कर्म अप्रशस्तस्पर्शनाम । यथा बब्बुलादीनाम् । इत्यप्रशस्तवर्णचतुष्कम् । ५६ ।

अप्रशस्तेति । अप्रशस्तगमनप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणम् । यद्वशेन च खरोष्ट्र-टोलादीनामिवाप्रशस्तगमनमङ्गिनामुपजायते सा कुत्सिता विहायोगतिः कुखगतिः । नरक-गत्यादिलक्ष्यताव्युदासाय लक्ष्ये खेति । शुभखगतावतिव्याप्तिवारणायाप्रशस्तेति । स्थिती च पञ्चेन्द्रियवत् । निदर्शनमाह यथेति । उपघातनाम निरूपयति-स्वावयवैरेवेति । स्वशरीरा-वयवैरेव प्रतिजिह्वागलवृन्दलम्बकचौरदन्तादिभिश्शरीरान्तर्वर्धमानैर्यदुदयादुपहन्यते जन्तुस्त-दुपघातनामेत्यर्थः । शरीराङ्गोपाङ्गघातकं स्वपराक्रमविजयाद्युपघातजनकं वोपघातनामेति तत्त्वार्थभाष्यम् । असातादावतिव्याप्तिवारणाय स्वावयवैरेवेति । पञ्चेन्द्रियवदेवास्य स्थिती । अप्रशस्तवर्णनामाह-शरीरनिष्ठेति । शरीरनिष्ठाप्रशस्तवर्णप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणम् । अप्रशस्तो वर्णोऽतिबीभत्सदर्शनःकृष्णादिवर्णः । प्रशस्तवर्णनाम्न्यतिव्याप्तिवारणायाप्रशस्तान्तम् । पुद्गलनिष्ठाप्रशस्तवर्णे कर्मणोऽप्रयोजकत्वेनाप्रशस्तवर्णनामकर्म फलानुमेयं न भवेदिति शरीरनिष्ठेति । पञ्चेन्द्रियवदस्य स्थिती । अप्रशस्तवर्णनामकर्मोदयवतो दृष्टान्तमाह यथेति । अप्रशस्तगन्धनामाचष्टे-शरीरेति । कुथितमृतमूषकादिदुर्गन्धताऽप्रशस्तगन्धः । शिष्टं सर्वम-प्रशस्तवर्णवत् । पञ्चेन्द्रियवदस्य स्थिती, निदर्शनमाह यथेति । अप्रशस्तरसनामाभिधत्ते-शरीरवृत्तीति । लक्षणं पूर्ववत् स्थिती च । दृष्टान्तमाह यथेति । अथाप्रशस्तस्पर्शनामाह-शरीरवृत्तीति । लक्षणं स्पष्टं कृत्यञ्च, स्थिती पूर्ववत् दृष्टान्तमाह यथेति । विभागवाक्ये एत एवाप्रशस्तवर्णचतुष्कपदेनोक्ता इत्याह इतीति ॥

કુખગતિ આદિનું લક્ષણ-

ભાવાર્થ - અશુભગમનમાં પ્રયોજક કર્મ 'કુખગતિ.' જેમ કે-ઊંટ, ગધેડા વગેરે કુખગતિવાળા કહેવાય છે. પોતાના અવયવોથી જ પોતાને પીડાનું કારણભૂત કર્મ 'ઉપઘાતનામ.' શરીરમાં રહેલ અશુભ વર્ણમાં પ્રયોજક કર્મ 'અપ્રશસ્તવર્ણનામ.' જેમ કે- કાગડા આદિ અશુભ વર્ણવાળા છે. શરીરમાં રહેલ અશુભ ગંધ પ્રયોજક કર્મ 'અપ્રશસ્તગંધનામ.' જેમકે-લસણ આદિ અશુભ ગંધવાળા છે. શરીરમાં રહેલ અશુભ રસ પ્રયોજક કર્મ 'અશુભરસનામ.' જેમ કે-લીંબડો આદિ અશુભ રસવાળા છે. શરીરમાં રહેલ અશુભ સ્પર્શપ્રયોજક કર્મ 'અશુભસ્પર્શનામ.' જેમ કે-બાવલ આદિ અશુભ સ્પર્શવાળા છે. આ પ્રમાણે 'અપ્રશસ્તવર્ણચતુષ્ક' સમજવું.

વિવેચન - 'અપ્રશસ્ત ગમનપ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ' એ કુખગતિનું લક્ષણ છે. જે કર્મના ઉદયે ગધેડા-ઊંટ-ટોલ-શિયાળ વગેરેની માફક મનુષ્ય આદિ શરીરધારીઓને ચાલ થાય છે, તે કુત્સિત-નિંદિત વિહાયોગતિ 'કુખગતિ' છે. નરકગતિ આદિમાં લક્ષ્યતાના વ્યવચ્છેદ માટે લક્ષ્યમાં 'ખ' એવું કહેલ છે. શુભખગતિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અપ્રશસ્ત' એવું પદ મૂકેલ છે. શુભખગતિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અપ્રશસ્ત' એવું પદ મૂકેલ છે. પંચેન્દ્રિય મુજબની બંને સ્થિતિ છે.

○ પડજીભ-ગલકંબલ (ગલવૃંદ-ગલાંકુર-લંબકરસોળી-ચોરદાંત) આદિ શરીરમાં વધતા, પોતાના શરીરના અવયવોથી જ, જે કર્મના ઉદયે જંતુ હણાય છે, તે 'ઉપઘાતનામ' આવો અર્થ સમજવો. બીજાઓ દ્વારા સ્વશરીરના અંગોપાંગના ઉપઘાતજનક અથવા સ્વપરાક્રમ (આત્મબળ) અને સ્વવિજય આદિના ઉપઘાતજનક કર્મ 'ઉપઘાતનામ' એમ તત્ત્વાર્થભાષ્ય કહે છે.

અસાતા આદિ કર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'સ્વાવયવૈરેવ' આવું પદ મૂકેલ છે. આ કર્મની બંને સ્થિતિ પંચેન્દ્રિય માફક સમજી લેવી.

○ 'શરીરમાં રહેલ અપ્રશસ્તવર્ણ પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ' એ અશુભ વર્ણ નામનું લક્ષણ છે. અપ્રશસ્તવર્ણ અત્યંત બીભત્સ દર્શનવાળો કૃષ્ણ વગેરે વર્ણ છે. પ્રશસ્તવર્ણનામકર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'શરીરનિષ્ઠ અપ્રશસ્ત' એવું પદ મૂકેલ છે. પુદ્ગલનિષ્ઠ અપ્રશસ્તવર્ણમાં કર્મનું અપ્રયોજકપણું હોવાથી અપ્રશસ્તવર્ણનામકર્મ, ફળ દ્વારા અનુમાન વિષય ન બને ! એટલા માટે 'શરીરનિષ્ઠ' એવું પદ મૂકેલ છે. આ કર્મની બંને સ્થિતિ પંચેન્દ્રિય મુજબની છે. અશુભવર્ણ નામકર્મના ઉદયવાળા કાગડા વગેરે છે.

અપ્રશસ્તગંધનામ-

'શરીરનિષ્ઠ અપ્રશસ્તગંધ પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ' એ અશુભ ગંધ નામનું લક્ષણ છે. જેમ કે-અશુભ ગંધવાળા લસણ આદિ. સડેલ-મરેલ ઉંદર વગેરેની દુર્ગંધ 'અપ્રશસ્તગંધ' બાકીનું સર્વ અપ્રશસ્તવર્ણની માફક સમજવું. પંચેન્દ્રિય મુજબ બંને સ્થિતિ અહીં વિચારવી.

અપ્રશસ્તરસનામ-

'શરીરનિષ્ઠ અપ્રશસ્તરસ પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ' એ અશુભ રસ નામનું લક્ષણ છે. દા. ત. અશુભ રસવાળા લીંબડો વગેરે. પૂર્વની માફક બંને સ્થિતિ છે.

અપ્રશસ્તસ્પર્શ નામ-

'शरीरनिष्ठ अप्रशस्तस्पर्श प्रयोजकत्व विशिष्ट कर्मत्व' એ અપ્રશસ્ત સ્પર્શ નામનું લક્ષણ છે. પદકૃત્ય સ્પષ્ટ છે. પૂર્વની માફક બંને સ્થિતિ છે. દા. ત. અશુભ સ્પર્શના ઉદયવાળા બાવલ વગેરે આ પ્રમાણે વિભાગવાક્યમાં 'અપ્રશસ્તવર્ણચતુષ્ક' પદ કહેલ છે.

ऋषभनाराचादिसंहननान्याह—

उभयतो मर्कटबन्धाकलितास्थिसंचयवृत्तिपट्टबन्धसदृशास्थिप्रयोजकं कर्म ऋषभनाराचम् । उभयतो मर्कटबन्धमात्रसंवलितास्थिसन्धिनिदानं कर्म नाराचम् । एकतो मर्कटबन्धविशिष्टास्थिसन्धिनिदानं कर्मार्धनाराचम् । केवलकीलिकासदृशास्थिबद्धास्थिनिचयप्रयोजकं कर्म कीलिका ॥ परस्परपृथक्स्थितिकानामस्थ्नां शिथिलसंश्लेषनिदानकर्म सेवार्त्तम् । इति संहननपञ्चकम् । ५७ ।

उभयत इति । उभयतो मर्कटबन्धसंवलितास्थिसंचयवृत्तिपट्टसदृशास्थिप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणम् अत्र तादृशास्थिमात्रप्रयोजकत्वे सतीति वाच्यमन्यथा वज्रर्षभनाराचे व्यभिचारापत्तेः । नाराचे व्यभिचारवारणाय पट्टसदृशास्थीति । अस्योत्कृष्टा स्थितिर्द्वादशसागरोपमकोटीकोट्यः, द्वादशवर्षशतान्यबाधा, पञ्चेन्द्रियवज्जघन्या । अस्य कर्मणः स्थाने वज्रस्यार्धं ऋषभस्यार्धं नाराचस्यार्धमिति कृत्वाऽर्धवज्रर्षभनाराचनाम पठन्ति तत्त्वार्थभाष्यकाराः । कर्मप्रकृतिग्रन्थेष्वत्र पट्टहीनं वज्रनाराचनाम पठितम् । नाराचसंहननमाचष्टेउभयत इति । उभयतो मर्कटबन्धमात्रसंवलितास्थिसन्धिनिदानत्वे सति कर्मत्वं लक्षणम्, वज्रर्षभनाराचादावतिव्याप्तिवारणाय मात्रपदम् । अर्धनाराचे व्यभिचारवारणायोभयत इति । चतुर्दशसागरोपमकोटीकोट्यः परा स्थितिः चतुर्दशवर्षशतान्यबाधा, जघन्या पञ्चेन्द्रियवत् । अर्धनाराचमाचष्टे-एकत इति । एकपार्श्वमात्रावच्छेदेन मर्कटबन्धविशिष्टास्थिसंधिनिदानत्वे सति कर्मत्वं लक्षणम् । नाराचादिवारणायैकपार्श्वमात्रावच्छेदेनेति । अत एव मात्रपदमपि, षोडशसागरोपमकोटीकोट्योऽस्य परा स्थितिरबाधा च षोडशवर्षशतानि जघन्या पञ्चेन्द्रियवत् । कीलिकामाह-केवलेति । केवलकीलिकासदृशास्थिबद्धास्थिनिचयप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणम् । वज्रर्षभनाराचे व्यभिचारवारणाय केवलेति । उत्कृष्टा स्थितिरस्याष्टादशसागरोपमकोटीकोट्यः, अष्टदशवर्षशतान्यबाधा जघन्या तु पञ्चेन्द्रियस्येव । अथ सेवार्त्तमाख्याति-परस्परेति । परस्परपृथक्स्थितिकानामस्थ्नां शिथिलसंश्लेषनिदानत्वे सति कर्मत्वं लक्षणम् ।

अस्य संहननस्योदये सति जीवो नित्यमेव स्नेहाभ्यङ्गादिरूपां परिशीलनामाकांक्षति । अस्यैव च सृपाटिकेति तत्त्वार्थे नामान्तरम् । विंशतिसागरोपमकोटीकोट्यऽस्य परा स्थितिः । वर्षसहस्रद्वयञ्चाबाधा, जघन्या पञ्चेन्द्रियवत् । इमानि संहननानि औदारिकशरीर एव भवन्ति । विभागवाक्येऽप्रथमसंहननशब्दवाच्यान्येतान्येवेत्याह इतीति ॥

ऋषभनाराच आदि संहननोना लक्षणो-

ભાવાર્થ - બે બાજુએ મર્કટબંધથી યુક્ત હાડકાઓના સમુદાયમાં રહેનાર પાટાના બંધ સરખા હાડકામાં પ્રયોજક કર્મ 'ઋષભનારાચ.'

બે બાજુએ મર્કટબંધ માત્રથી યુક્ત હાડકાના અનુસંધાનમાં કારણભૂત કર્મ 'નારાચ.'

એક બાજુથી મર્કટબંધથી વિશિષ્ટ હાડકાના અનુસંધાનમાં કારણભૂત કર્મ 'અર્ધનારાચ.'

કેવલ ખીલી સરખા હાડકાની સાથે બાંધેલ હાડકાની વિશિષ્ટ રચનામાં પ્રયોજક કર્મ 'કીલિકા.'

પરસ્પર જુદી સ્થિતિવાળા હાડકાઓના ઢીલા સંબંધમાં કારણભૂત કર્મ 'સેવાર્ત્ત.' આ પ્રમાણે સંહનનપંચક છે.

વિવેચન - બંને બાજુથી મર્કટબંધથી યુક્ત અસ્થિના સંચયમાં રહેનાર પટ્ટબંધસદૃશ 'અસ્થિપ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ' એ ઋષભનારાચનું લક્ષણ છે. અહીં 'તાદૃશ અસ્થિ માત્ર પ્રયોજકત્વે સતિ' એમ બોલવું. જો ઉભયતો મર્કટબંધ સંવલિત અસ્થિસંચયવૃત્તિ પટ્ટસદૃશ અસ્થિપ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ-એમ બોલવામાં આવે, તો વજ્રઋષભનારાચમાં અતિવ્યાપ્તિ રૂપ વ્યભિચારની આપત્તિ આવી જાય ! નારાચમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'પટ્ટબંધ સદૃશાસ્થિ' એવું પદ મૂકેલ છે.

આ સંઘયણમાં માત્ર ખીલી નથી. એ સિવાય બંને બાજુએ મર્કટબંધથી બાંધેલ બે હાડકાઓ પાટાના આકારવાળા ત્રીજા હાડકાથી વીંટાયેલ છે. તે ઋષભનારાચનું પ્રયોજક કર્મ પણ 'ઋષભનારાચ' નામ કહેવાય છે.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-બાર કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ-બારસો વર્ષ. જઘન્ય સ્થિતિ-પંચેન્દ્રિય મુજબ.

આ કર્મના સ્થાનમાં વજ્રનો અર્ધભાગ, ઋષભનો અર્ધ અને નારાચનો અર્ધ-એમ કરીને 'અર્ધવજ્રર્ષભનારાચ' નામ. આવા નામવાળું સંહનન તત્ત્વાર્થભાષ્યકાર કહે છે.

[अर्धवज्रर्षभनाराचनामतु वज्रर्षभनारारचनामर्धंकिल सर्वेषां वज्रस्यार्धं ऋषभस्यार्धं नाराचस्यार्धमिति भाष्यकारमतम् । कर्मप्रकृतिग्रन्थेषुवज्रनाराचनामैवं पट्टहीनं पठितं किमत्र तत्त्वमिति सम्पूर्णानुयोगधारिणः क्वचित् संविद्रते अर्धग्रहणाद् वा ऋषभम हीनं व्याख्येयम् ।]

नाराचसंहनन-

'उभयथी मर्कटबंध मात्र संवलित अस्थिसंधिनिदानत्व विशिष्ट कर्मत्व' એ નારાચસંહનનું લક્ષણ છે. વજ્રર્ષભનારાચ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'માત્ર' પદ મૂકેલ છે. અર્ધનારાચમાં અતિવ્યાપ્તિ રૂપ વ્યભિચારના વારણ માટે 'उभयतः' આ પ્રમાણે કહેલ છે.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-ચૌદ કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ-ચૌદશો વર્ષ. જઘન્ય સ્થિતિ-પંચેન્દ્રિયની માફક.

આ સંઘયણમાં કેવલ મર્કટબંધ જ છે. ખીલી નથી અને ઋષભસંજ્ઞાવાળો પાટો નથી. તેના કારણભૂત કર્મ 'નારાચ' કહેવાય છે.

અર્ધનારાચ-

એક પાર્શ્વ માત્રની અપેક્ષાએ 'મર્કટબંધ વિશિષ્ટ અસ્તિની સંધિનિદાનત્વ વિશિષ્ટ કર્મત્વ' એ અર્ધનારાચનું લક્ષણ છે. નારાચ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'એક પાર્શ્વ માત્રાવચ્છેદ' આ પ્રમાણે પદ મૂકેલ છે. એથી જ 'માત્ર પદ પણ છે.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-સોલ કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ-સોલસો વર્ષ. જઘન્ય સ્થિતિ-પંચેન્દ્રિય મુજબ.

અર્ધનારાચસંઘયણમાં એક બાજુથી મર્કટબંધ અને બીજી બાજુથી ખીલી હોય છે તે અર્ધનારાચ, તે કારણભૂત કર્મ 'અર્ધનારાચ.'

કીલિકા-

'કેવલ કીલિકાસદૃશ અસ્થિની સાથે બાંધેલ હાડકાની સંધિ-વિશિષ્ટ રચના પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ' એ કીલિકાનું લક્ષણ છે. વજ્રર્ષભનારાચમાં અતિવ્યાપ્તિ રૂપ વ્યભિચારના વારણ માટે 'કેવલ' આવું પદ મૂકેલ છે.

આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ-અઢારસો કોડાકોડી સાગરોપમ. અબાધાકાળ-અઢારસો વર્ષ. જઘન્ય સ્થિતિ-પંચેન્દ્રિય મુજબ.

અહીં ખીલી માત્રથી બાંધેલ હાડકાં જ હોય છે. તેનું કારણભૂત કર્મ 'કીલિકા' કહેવાય છે.

સેવાર્ત્ત-

'પરસ્પર જુદી-અલગ સ્થિતિવાળા હાડકાઓના શિથિલ સંબંધ નિદાનત્વ વિશિષ્ટ કર્મત્વ' એ સેવાર્ત્તનું લક્ષણ છે. આ સંઘયણનો ઉદય થવાથી જીવ રોજ તેલમાલીશ વગેરે સેવા ચંપીની ઇચ્છા કરે છે. આ છેવટ્ઠાસંઘયણમાં પરસ્પર છેડાના સ્પર્શ રૂપ સેવાને પામેલ હાડકાં હોય છે. જે સંઘયણ તેલ, ઘી વગેરે દ્રવ્ય સહિતનું ભોજન-તેલથી માલીશ-પગચંપી સેવા રૂપ-વારંવાર અભ્યાસ રૂપ પરિશીલનની અપેક્ષા રાખે છે, તે સેવાર્ત્ત છે. તેનું કારણભૂત કર્મ 'સેવાર્ત્ત. આ સેવાર્ત્તનામકર્મનું બીજું નામ 'સૂપાટિકા' તરીકે તત્ત્વાર્થભાષ્યમાં પ્રસિદ્ધ છે.

[सूपाटिका नाम, बे अग्रभाग-छेडाथी संगत जे चामडी-नस-मांसथी अवबद्ध जे हाडकां, ते 'सूपाटिका' कहेवाय छे. सूपाटिका एटले फलसंपुट. जेम फलकसंपुटमां बे पाटीया परस्पर स्पर्श मात्रथी रहे छे, तेम आ संघयणमां परस्पर अडीने हाडकां रहे छे.]

आ सघळांय संघयणो औदारिकशरीरमां ज लोढानो पाटो, लोढानी खीली अने लोढाना मर्कटबंधथी बंधायेल कमाडनी माफक होय छे.

अथ न्यग्रोधपरिमण्डलादिसंस्थानान्याह–

नाभेरूर्ध्वं विस्तृतिबाहुल्यसल्लक्षणनिदानं कर्म न्यग्रोधपरिमण्डलम् । नाभ्यधोभागमात्रस्य प्रमाणलक्षणवत्त्वप्रयोजकं कर्म सादिः । सलक्षण-पाण्यादिमत्त्वे सति निर्लक्षणवक्षःप्रभृतिमत्त्वप्रयोजकं कर्म कुब्जं । ५८ ।

नाभेरूर्ध्वमिति । नाभेरूर्ध्वमेवेत्यर्थः । यथा न्यग्रोधो वृक्ष उपरि संपूर्णावयवोऽधस्तु हीनस्तथेदमपि कर्म नाभेरुपरि विस्तारबहुलस्य संपूर्णलक्षणादिमत्त्वस्य चाधस्तद्धीनस्य शरीरस्य प्रयोजकमिति भावः । नाभेरूर्ध्वभागमात्रावच्छेदेन विस्तृतिबाहुल्यसल्लक्षणनिदानत्वे सति कर्मत्वं लक्षणम् । समचतुरस्रसंस्थानवारणाय नाभेरूर्ध्वभागमात्रावच्छेदेनेति । नाभेरूर्ध्व-निखिल-भागमात्रावच्छेदेनेत्यपि वाच्यं तेन यत्किञ्चित्पाण्यादीनां विस्तृतिबाहुल्यसल्लक्षण-प्रयोजके कुब्जनामकर्मणि नातिव्याप्तिः । स्थिती चर्षभनाराचवत् । सादिमाचष्टे–नाभ्यधो-भागेति । येन नाभेरधस्तादेव सर्वेऽवयवाः समीचीनेन लक्षणेन च युतास्तदित्यर्थः । नाभ्यधस्सर्वभागमात्रावच्छेदेन सुप्रमाणलक्षमवत्त्वप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणं समचतुरस्रे-ऽतिव्याप्तिवारणाय नाभ्यधस्सर्वभागमात्रावच्छेदेनेति । इदमेव साचिस्वातिशब्दाभ्यां व्यवह्रियते । स्थिती तु नाराचसंहननवत् । कुब्जमभिधत्ते–सलक्षणेति । यतः कन्धराया उपरितनावयवा हस्तपादश्च समचतुरस्रलक्षणयुक्तं अधस्तनकायस्तु लक्षणविसंवादी तत्कर्म कुब्जम् । सलक्षण-पाण्यादिमत्त्वे सति निर्लक्षणवक्षःप्रभृतिमत्त्वप्रयोजकत्वे सति कर्मत्वम् । आदिना पादकन्ध-रोपरितना अवयवा ग्राह्याः, प्रभृतिना च तद्भिन्नाः । हुण्डेऽतिव्याप्तिवारणायाद्यं सत्यन्तं, समचतुरस्रादावतिप्रसक्ति-वारणार्थं द्वितीयं सत्यन्तम् । पाण्यादिमत्त्वञ्च प्रयोजकतासम्बन्धेन । अर्धनाराचसंस्थानवदस्य स्थिती ॥

ન્યગ્રોધપરિમંડલ આદિ સંસ્થાનો-

ભાવાર્થ - નાભિથી ઉપરના ભાગમાં જ વિસ્તારથી વિશાળતા અને શુભ લક્ષણમાં નિદાનભૂત કર્મ 'ન્યગ્રોધપરિમંડલ.'

નાભિથી નીચેના ભાગમાં શુભ-પ્રમાણ લક્ષણસંપન્નતામાં પ્રયોજકભૂત કર્મ 'સાદિઃ.'

લક્ષણવંત હાથ વગેરેવાળા બનવામાં અને લક્ષણ વગરના છાતી વગેરેવાળા બનવામાં નિમિત્ત કર્મ 'કુબ્જ.'

વિવેચન-'ન્યગ્રોધપરિમંડલ'-

જેમ વડનું ઝાડ ઉપર સંપૂર્ણ અવયવ(વિશાલા શાખા)વાળું છે અને નીચેથી હીન છે, તેમ આ કર્મ પણ નાભિથી ઉપરના ભાગે વિસ્તાર-ઘણા, સંપૂર્ણ લક્ષણ આદિનું અને નીચેના ભાગે લક્ષણરહિત શરીરનું પ્રયોજક છે.

નાભિના ઊર્ધ્વભાગની અપેક્ષાએ 'વિસ્તૃતબહુલતા-સુલક્ષણના નિદાનત્વ વિશિષ્ટ કર્મત્વ' એ ન્યગ્રોધપરિમંડલનું લક્ષણ છે. સમચતુરસ્રસંસ્થાનમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'નાભેરૂર્ધ્વભાગમાત્રાવચ્છેદેન' આ પ્રમાણેનું પદ છે. નાભેરૂર્ધ્વનિખિલભાગમાત્રાવચ્છેદેન. એમ પણ કહેવું. તેથી યત્કિંચિત્ હાથ વગેરેના વિસ્તાર બાહુલ્ય-સુલક્ષણના પ્રયોજક 'કુબ્જનામ' કર્મમાં અતિવ્યાપ્તિ નથી. ઋષભનારાચની માફક બંને સ્થિતિ સમજવી.

સાદિસંસ્થાન-

જે કર્મથી નાભિથી નીચેના સઘળા અવયવો, શુભ લક્ષણથી યુક્ત-પૂર્વકથિત પ્રમાણયુક્ત થાય, તે કર્મ 'સાદિ.' નાભિના નીચેના સર્વભાગની અપેક્ષાએ, સુપ્રમાણ-લક્ષણનું પ્રયોજકપણું અને કર્મપણું એ સાદિનું લક્ષણ છે. 'સમચતુરસ્ર'માં અતિવ્યાપ્તિના વારણ માટે 'નાભિઅધઃસર્વભાગમાત્રાવચ્છેદેન.' આ 'સાદિ' સંસ્થાન જ સાચિ અને સ્વાતિ શબ્દથી વ્યવહારવિષય થાય છે. [પ્રવચનવેદીઓ સદિનો અર્થ શાલ્મલી વૃક્ષ કરે છે, કારણ કે-તેનો સ્કંધ અત્યંત લાંબો, ઉપરના ભાગે તદનુરૂપ વિશાળતા નથી.] નારાચસંહનની માફક બંને સ્થિતિ જાણવી.

કુબ્જસંસ્થાન-

જે કર્મના ઉદયથી કંઠના ઉપરના અવયવો અને હાથ-પગ સમચતુરસ્રના લક્ષણ જેવા લક્ષણથી યુક્ત (પૂર્વોક્ત પ્રમાણસંપન્ન), કંધરાથી કાયાનો નીચેનો ભાગ-છાતી-પેટ વગેરે, લક્ષણથી વિસંવાદી-લક્ષણ વગરનો, (ટૂંકો, વિકાર પામેલ, પેટનો મધ્યભાગ, કોઠો) થાય, તે કર્મ 'કુબ્જ' કહેવાય છે. 'લક્ષણવંત હાથ વગેરે સંપાદકત્વ વિશિષ્ટ નિર્લક્ષણ પક્ષઃપ્રભૃતિ પ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ' એ કુબ્જનું લક્ષણ છે. આદિથી પગ અને કંધરાના ઉપરના અવયવો પ્રભૃતિપદથી તેનાથી જુદા અવયવો લેવા. 'હુંડક'માં અતિવ્યાપ્તિના વારણ માટે પ્રથમ સત્યન્ત 'સલક્ષણ પાણિ આદિ મત્ત્વે સતિ' એવું પદ મૂકેલ છે. 'સમચતુરસ્ર આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે બીજું સતિ અંત નિર્લક્ષણવક્ષઃ પ્રભૃતિમત્ત્વ પ્રયોજકત્વે સતિ' એમ પદ મૂકેલ છે. અહીં પ્રયોજકતા સંબંધથી પાણિ આદિમત્ત્વ સમજવું. અર્થાત્ પ્રયોજકતા સંબંધ અવચ્છિન્ન પાણિ આદિમત્ત્વપ્રયોજકત્વ વિશિષ્ટ કર્મત્વ છે. અર્ધનારાચસંહનની માફક બન્ને સ્થિતિ છે.

वामनं हुण्डञ्चाभिधत्ते—

एतद्वैपरीत्यहेतुः कर्म वामनम् । सर्वावयवाशुभत्वनिदानं कर्म हुण्डम् । इति पञ्चसंस्थानानि । एते पापानुभवप्रकाराः । ५९ ।

एतदिति । निर्लक्षणपाण्यादिमत्त्वे सति सलक्षणवक्षःप्रभृतिमत्त्वप्रयोजकत्वे च सति कर्मत्वं लक्षणम् । समचतुरस्रादौ साद्यादौ क्रमेण व्यभिचारवारणाय सत्यन्तद्वयं । कीलिकावदस्य स्थिती । हुण्डमाह-सर्वेति । सर्वावयवाशुभत्वप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणम् । अशुभनामकर्मण्यतिव्याप्तिवारणाय सर्वेति । यद्यशुभपदेनात्र लक्षणविस्तारादिर्गृह्यते तदा नाशुभनामकर्मण्यतिप्रसक्तिः किन्तु न्यग्रोधादावेवेति बोध्यम् ॥ स्थिती च सेवार्त्तवत् । इतीति । विभागवाक्यान्तर्गताप्रथमसंस्थानशब्दवाच्यानीति शेषः । इमानि द्वयशीतिविधानि पापकर्माणि प्राणातिपातादिहेतुभिर्बद्धेन जीवेनानुभूयन्ते इत्याह एत इति । द्वयशीतिविधाःकर्मविशेषा इत्यर्थः ॥

वामन-हुंडकसंस्थान-

ભાવાર્થ - તે કુબ્જસંસ્થાનથી વિપરીતતાના હેતુભૂત કર્મ 'વામન.' સર્વ અશુભ અવયવોના અશુભપણામાં કારણભૂત કર્મ 'હુંડક.' આ પ્રમાણે પાંચ સંસ્થાનો છે. આ બધા ભેદો પાપના અનુભવના પ્રકાર ૩૫ છે.

વિવેચન - (લક્ષણ વગરના હાથ વગેરે) નિર્લક્ષણપાણિઆદિમત્ત્વ પ્રયોજકત્વે સતિ, સલક્ષણ વક્ષઃ (લક્ષણવંત છાતી વગેરે) પ્રભૃતિમત્ત્વ પ્રયોજકત્ત્વે સતિ કર્મત્વ' એ વામનનું લક્ષણ છે.' સમચતુરસ્ર' આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'નિર્લક્ષણપાણિઆદિમત્ત્વ પ્રયોજકત્વે સતિ' એવું પદ મૂકેલ છે. 'સાદિ' આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'સલક્ષણવક્ષઃપ્રભૃતિમત્ત્વ પ્રયોજકત્વે સતિ' એવું પદ રાખેલ છે. કીલિકાની માફક બંને સ્થિતિ છે.

'સર્વ અવયવ અશુભત્વ પ્રયોજકત્વે સતિ કર્મત્વ' એ હુંડકનું લક્ષણ છે. અશુભનામકર્મમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'સર્વ' એવું પદ છે. જો અશુભ પદથી લક્ષણવિસ્તાર આદિ ગ્રહણ કરાય છે, તો અશુભનામકર્મમાં અતિવ્યાપ્તિ નથી. પરંતુ ન્યગ્રોધ આદિમાં જ છે, આમ જાણવું. સેવાર્ત્તની માફક બંને સ્થિતિ અહીં સમજવી. વિભાગવાક્યની અંદર રહેલ અપ્રથમ સંસ્થાન શબ્દથી વાચ્ય છે.

પ્રાણાતિપાતાદિ ૩૫ હેતુઓથી બાંધેલા આ બ્યાશી પ્રકારના પાપકર્મો જીવથી અનુભવાય છે.

પાપહેતૂન્ દર્શયતિ—

पापबन्धहेतवस्तु प्राणातिपातमृषावादादत्तादानमैथुनपरिग्रहाप्रशस्तक्रोध-मानमायालोभरागद्वेष-कलहाभ्याख्यानपिशुनताऽरतिरतिपरपरिवादमाया-मृषावादमिथ्यात्वशल्यानि । इतिपापतत्त्वम् । ६० ।

पापबन्धहेतवस्तु इति । नियतपुल्लिंगो हेतुशब्दः । यद्यपि जीवस्याशुभध्यवसायविशिष्टा वाक्कायमनसामशुभव्यापारा बन्धहेतवस्तथापि तानेव विशेषतो दर्शयति, यद्वा व्यापारस्य शुभाशुभत्वं न शुभाशुभकर्मकारणत्वेन, शुभयोगस्यापि ज्ञानावरणादिबन्धहेतुत्वाभ्युपगमात् । किन्त्वशुभपरिणामनिर्वृत्तत्वादतस्ताने वाह प्राणातिपातेत्यादिना । प्राणानामतिपातो विनाशः पातनं शातनं वा प्रमत्तयोगाद्द्रव्यतो भावतश्च । मृषावादो विद्यमानस्यापलापः, अविद्यमानप्रकाशनं शास्त्रप्रतिषिद्धवागनुष्ठानञ्च । अदत्तादानं, परैरदत्तस्य परिगृहीतस्य वा पदार्थसार्थस्य स्वेच्छया ग्रहणं धारणञ्च । मैथुनं मोहकर्मोदयादुद्भूततीव्रकायादिपरिणामयोः स्त्रीपुंसयोर्मिथुनभावः परस्पराऽऽश्लेषः सुखोपलम्भकः । परिग्रहो बाह्याभ्यन्तरेषु लोभानुरक्तचित्तवृत्त्या अभिलाषः । अप्रशस्ताः क्रोधमानमायालोभरागद्वेषाः, प्रशस्तास्त्वेते न पापानुकूलाः । कलहो राटिः, अभ्याख्यानं प्रकटमसद्दोषारोपणं पिशुनता दौर्जन्यम्, मोहनी योदयाच्चित्तोद्वेगोऽरतिस्तत्फला विषयेषु मोहनीयोदयाद्या चित्ताभिरतिः साऽरतिरतिः, परपरिवादः परनिन्दा, मायया सह मृषा मायामृषा[१], मिथ्यात्वशल्यञ्च, अनेकधा प्राणिगणशलनाच्छल्यं, मिथ्यात्वं तत्त्वाश्रद्धानं, तदेव शल्यं । एते द्वयशीतिविधपापकर्मणां हेतवः । इति पापतत्त्वमवसितमित्याहेतीति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार**श्रीमद्विजयकमलसूरीश्वर**-
चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा** विनिर्मितस्य
तत्त्वन्यायविभाकरस्य स्वोपज्ञायां
न्यायप्रकाशव्याख्यायां पापतत्त्वनिरूपणो नाम **पञ्चमः किरणः** ॥

પાપના હેતુઓ-

ભાવાર્થ - પાપના બંધના હેતુઓ તો પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહ-અપ્રશસ્ત ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કલહ-અભ્યાખ્યાન-પિશુનતા-રતિઅરતિ-પર-પરિવાદ-માયામૃષાવાદ-મિથ્યાત્વશલ્ય.' પાપતત્ત્વ સમાપ્ત થાય છે.

વિવેચન - અહીં હેતુ શબ્દ નિયત (અજહત્) લિંગવાળો છે. જો કે જીવના અશુભ અધ્યવસાયવિશિષ્ટ મન-વચન-કાયાના અશુભ વ્યાપારો બંધના હેતુઓ છે, તો પણ તે બંધહેતુઓને જ વિશેષથી દર્શાવે છે. અથવા વ્યાપારનું શુભ અને અશુભપણું શુભાશુભ કર્મની કારણતાની અપેક્ષાએ નથી, કેમ કે-શુભ યોગ પણ જ્ઞાનાવરણ આદિ (અશુભ) બંધનો હેતુ છે એમ સ્વીકાર કરેલ છે પરંતુ યોગનું અશુભપણું વાસ્તવિક રીતે અશુભ આશયથી નિર્મિત બનેલું છે.

---

१. मायामृषावादोऽयं तृतीयकषायद्वितीयाश्रवसंयोगरूपः उपलक्षणोऽयमेवंविधसर्वसंयोगानाम् । वेषान्तर-भाषान्तरकरणेन परवञ्चनरूपोवा बोध्यः ॥

[तथाहि, पापस्थानक राग वगेरे प्रशस्त आशयथी सेवातां पुण्यबंध थाय छे. जेम के-देव-गुरु-धर्ममां जे राग ते प्रशस्त छे, कंचन-कामिनी आदिमां जे राग ते अप्रशस्त छे.]

अशुभ परिणामथी बनेला ते पाप रूप स्थानकोने 'प्राणातिपात' इत्यादि पदोथी कहे छे.

प्राणातिपात - द्रव्यथी अने भावथी प्रमाद सहित-योगथी जीवोना प्राणोनो नाश (प्राणथी वियोग) करवो.

मृषावाद - विद्यमान वस्तुने छूपावववी, अविद्यमान वस्तुने जाहेर करवी अने शास्त्रमां निषेध करेल भाषाप्रयोग करवो.

अदत्तादान - बीजाओओ नहि आपेल वस्तु लेवी, बीजाओओ चोरेला पदार्थसमुदायने स्वेच्छाथी लेवो अने धारवो.

मैथुन - मोहनीयकर्मना उदयथी पेदा थयेल तीव्र (अति उष्ण-उग्र) काय आदि परिणामवाळा स्त्री अने पुरुषनी सुखदायक-परस्पर आश्लेष रूप क्रिया.

परिग्रह - बाह्य अने अभ्यंतर पदार्थोनो लोभ रूप अनुरागथी युक्त चित्तवृत्तिथी अभिलाषा.

अप्रशस्त **क्रोध, मान, माया, लोभ, राग, द्वेष** रूप पापस्थानो छे, पण प्रशस्त क्रोध-मान-माया-लोभ-राग-द्वेष पापने अनुकूळ (जनक) नथी.

कलह - कजीयो, युद्ध.

अभ्याख्यान - खोटुं तहोमत, खोटुं कलंक चडावववुं.

पिशुनता - चाडीयापणुं, क्रूरता, दुर्जनता, मूर्खता.

रति - विषयो प्रत्ये मोहनीयना उदयथी जे चित्तमां प्रीति ते रति अथवा अरति फळवाळी रति-अरति विशिष्ट रति.

अरति - मोहनीयना उदयथी चित्तमां उद्वेग-अप्रीति.

परपरिवाद - पारकी निंदा.

मायामृषावाद - मायानी साथे मृषा. (आ मायामृषावाद, त्रीजा कषाय अने बीजा आश्रवना संयोग रूप छे. आवा प्रकारना सर्व संयोगनुं आ पद, उपलक्षण छे. अथवा बीजो वेष-बीजी भाषा करवा द्वारा परने ठगवा रूप मायामृषावाद छे-एम जाणवुं.)

मिथ्यात्वशल्य - अनेक प्रकारे प्राणिगणने शलन-दुःखमां लई जनार होवाथी झेर-अस्त्र रूप-कंटक रूप-संकट रूप मिथ्यात्वशल्य.

मिथ्यात्वशल्य - तत्त्वनी अश्रद्धा, ते रूप शल्य मिथ्यात्वशल्य.

આ અઢાર પાપસ્થાનકો બ્યાશી પ્રકારના પાપકર્મોના હેતુઓ છે. આ પ્રમાણે પાપતત્ત્વ અહીં પૂર્ણ થાય છે.

-: પ્રશસ્તિ :-

ઇતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વર** ચરણકમલમાં સ્થાપિત ભક્તિભરવાળા તેઓશ્રીના પટ્ટધર શ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ **'ન્યાયપ્રકાશ'** નામની (વ્યાખ્યા) ટીકામાં **'પાપતત્ત્વનિરૂપણ'**વાળું પાંચમું કિરણ સમાપ્ત.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિ**એ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **પાંચમા કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

● ઇતિ પાંચમું કિરણ ●

अथ षष्ठः किरणः

ननु निरूपितं पुण्यपापरूपं कर्म, सम्प्रति तदनन्तरमुद्दिष्ट आस्रवो निरूपणीयः । तत्र स किं स्वरूपो जीवो वा तत्पर्यायो वा अजीवो वा तत्पर्यायो वा स्यात्, चेतनाचेतनात्मक-पदार्थद्वयातिरिक्तस्याभावात्, जीवतत्पर्यायान्यतररूपत्वे जीव एव, अजीवतत्पर्यायान्यतर-रूपत्वे चाजीव एव भवेदित्याशङ्कायां लक्षणं निरूपयन् पदार्थं सूचयति-

शुभाशुभकर्मग्रहणहेतुराश्रवः । १ ।

शुभाशुभेति । शुभाशुभरूपे ये कर्मणी पुण्यपापात्मकेऽष्टविधे, तयोर्यद्ग्रहणमुपादानं बन्धात्मकं तत्र हेतुः साक्षात्कारणं शुभाशुभाध्यवसायविशेषः परम्पराकारणञ्चेन्द्रियकषाया-व्रतयोगक्रियाः, द्विविधो हेतुरास्रवपदार्थ इत्यर्थः । तथा च प्रतिक्षणं कर्मग्रहणव्यापृत-स्वभावत्वाद्भवस्थजीवस्यावश्यं केनचिद्धेतुना भाव्यं, निर्हेतुकस्य कार्यस्यानुत्पत्तेः । तथा च सति यस्तत्र हेतुः स आश्रवः, स चार्हदर्चनवन्दनसर्वविरतितपःस्वाध्यायवीतरागप्रणिधान-धर्मध्यानादिप्रशस्तानुष्ठानात् प्राणातिपातमृषावादकषायाद्यप्रशस्तकर्मभ्यश्च भवति, भवति हि यथाक्रमं सत्कृत्यासत्कृत्याभ्यामसतोरपि शुभाशुभाध्यवसायादिरूपयोः शुभाशुभाश्रवयोरा-विर्भावः, सतोश्च वृद्धिरिति भावार्थः, ननु शुभाशुभकर्मणामादानात्मकस्य बन्धस्य कारणमाश्रव इत्यायातं, तच्च न संभवति, बन्धाभावे आश्रवासंभवादन्यथा मुक्तस्यापि तदापत्तेः । यद्यास्रवमन्तरेणापि बन्ध इष्यते तर्हि कथमाश्रवस्य बन्धहेतुत्वं तदभावेऽपि जायमानं प्रति तस्य हेतुत्वासम्भवादिति चेन्मैवम्, उभयोरप्यन्योऽन्यं कार्यकारणभावाभ्युपगमात्, न च तर्हि बन्धाभावे नाश्रवस्तदभावे च न बन्ध इति परस्पराश्रयप्रसङ्ग इति वाच्यम्, बन्धाश्रवयोः कार्यकारणभावप्रवाहस्यानादितयोत्तरोत्तरं प्रति पूर्वपूर्वस्य कारणत्वाभ्युपगमेन तदनवकाशात्,

बीजाङ्कुरयोः कार्यकारणभाववत् । ननु बन्धास्रवयोरेतावता समतैव स्यान्न तु विशेषस्तथा चाऽऽश्रवहेतुर्बन्ध इत्यपि बन्धस्य लक्षणं स्यान्न चैतदस्ति, कषायाद्यनुविद्धस्य जीवस्य नूतनकर्मपुद्गलैः सह सम्बन्धो बन्ध इति लक्षणश्रवणादिति चेन्न, शरीरस्य स्नेहाभ्यङ्गाद्रेणु-संश्लेषवदास्रवस्योत्पत्त्यनन्तरमेव बन्धहेतुत्वात्, न चैवं बन्धस्य साक्षादाश्रवं प्रति हेतुत्वं, क्षेत्रकालादिसहकार्यपेक्षयोदयावस्थाप्राप्तस्यैव कर्मणोऽर्थक्रियाकारित्वात्, न तु बद्धमात्रेणास्रवं जनयितुमलम् । सोऽयमास्रवः पूर्वं द्विचत्वारिंशद्विधः प्रोक्तः । तत्र यद्यपि मनोवाक्कायानां शुभाशुभरूपा ये वीर्यान्तरायक्षयोपशमजन्या वीर्यप्राणोत्साहपराक्रमचेष्टाशक्तिसामर्थ्यादि-शब्दवाच्या योगास्त एवास्रवाः, तत्र कायात्मप्रदेशपरिणामोऽशुभो हिंसास्तेयाब्रह्मादिरूपः, एतद्विपरीतश्शुभो गमनादिक्रियाहेतुः काययोगः । भाषायोग्यपुद्गलात्मप्रदेशपरिणामोऽशुभ-स्सावद्यानृतपरुषपिशुनादिरूपः, शुभ एतद्विपरीतरूपो वाग्योगः । मनोयोग्यपुद्गलात्मप्रदेश-परिणामोऽशुभोऽभिध्याव्यापादेर्ष्यासूयादिरूपः, शुभश्चैतद्विपरीतरूपो मनोयोग इति, तथापि विवक्षाभेदाद्द्विचत्वारिंशद्विधाः प्रोक्ताः । अयमाश्रवस्सकषायस्याकषायस्यापि भवति, तत्र-कषायस्य वीतरागस्यैकसमयस्थितिककर्मण एवास्रवो भवति, सकषायस्य मिथ्यादृष्ट्यादि-सूक्ष्मसम्परायान्तस्य तु संसारपरिभ्रमणकारणकर्मण एवास्रवो भवतीति बोध्यम् । यद्यपीन्द्रिय-कषायाव्रतयोगानां क्रियास्वभावानतिवृत्तेः क्रियावचनेनैवैषां गतार्थता, व्यापाराभाव इन्द्रियादी-नामकिञ्चित्करत्वात्, तथापि क्रियास्वभावत्वमेतेषां न नियतं, नामस्थापनाद्रव्येन्द्रियादौ क्रियाभावात्, यद्वा नैवमेकान्ततस्तानि क्रियास्वभावान्यवेति, किन्तु द्रव्यार्थिकगुणभावे पर्यायार्थिकप्राधान्यात्स्यात्क्रियास्वभावानतिवृत्तिः, पर्यायार्थिकगुणभावे द्रव्यार्थिकप्राधान्या-त्स्यात्क्रियास्वभावातिवृत्तिरिति । शुभाशुभाश्रवपरिणामाभिमुखत्वादिन्द्रियकषायाव्रतानां द्र-व्यास्रवत्वं, भावास्रवः कर्मादानं, तच्च पञ्चविंशतिक्रियाभिरास्रवति कर्मेत्येतदर्थमिन्द्रिय-कषायाव्रतानामुपादानम् ॥

આશ્રવનિરૂપણ નામક છઠ્ઠું કિરણ

પુણ્ય અને પાપ રૂપ કર્મનું નિરૂપણ થઈ ગયું. હવે તેના પછી ઉદ્દેશગ્રંથમાં ગણાવેલ આશ્રવતત્ત્વને જણાવે છે.

શંકા - તે આશ્રવતત્ત્વ શું જીવસ્વરૂપી છે કે જીવપર્યાયસ્વરૂપી છે ? અથવા અજીવસ્વરૂપી છે કે અજીવપર્યાયસ્વરૂપી છે ? કેમ કે-ચેતન કે અચેતન રૂપ બે પદાર્થોથી જુદા પદાર્થનો અભાવ છે. જો આશ્રવતત્ત્વ જીવ કે અજીવનો પર્યાય હોય, તો જીવ જ કહેવાય, અથવા જો અજીવ કે અજીવપર્યાય રૂપ હોય, તો અજીવ જ બને ને ? આવી શંકાના સમાધાનમાં આશ્રવતત્ત્વનું લક્ષણ જણાવે છે.

ભાવાર્થ - શુભ-અશુભ કર્મના ગ્રહણમાં જે હેતુ, તે 'આશ્રવ' કહેવાય છે.

વિવેચન - પુણ્ય-પાપ રૂપ આઠ પ્રકારના જે શુભાશુભ કર્મ છે, તે બંને પ્રકારના કર્મનું બંધ રૂપે ઉપાર્જન છે. તેમાં જે હેતુ એટલે વિશિષ્ટ શુભાશુભ અધ્યવસાય સાક્ષાત્ કારણ છે. ઈન્દ્રિય, કષાય, અવ્રત, યોગ અને ક્રિયા એ પરંપરાકારણ છે. આ બે પ્રકારનો હેતુ આશ્રવપદાર્થ કહેવાય છે.

सूत्रार्थनी उपपत्ति-

સમયે સમયે સંસારી જીવનો કર્મગ્રહણના વ્યાપારનો સ્વભાવ હોવાથી અવશ્ય કોઈ ને કોઈ કર્મગ્રહણમાં હેતુ હોવો જ જોઈએ, કેમ કે-હેતુ વગર કાર્ય ઉત્પન્ન થતું નથી. અર્થાત્ ત્યાં-કર્મગ્રહણમાં જે હેતુ, તે 'આશ્રવ.'

શ્રી જિનેશ્વરદેવની પૂજા-વંદન, સર્વવિરતિ, તપ, સ્વાધ્યાય, વીતરાગનું ધ્યાન, ધર્મ-ધ્યાન આદિ પ્રશસ્ત અનુષ્ઠાનથી અને જીવહિંસા, અસત્યભાષણ, કષાય આદિ અપ્રશસ્ત ક્રિયાઓથી આશ્રવ થાય છે.

સત્ કર્ત્તવ્ય અને અસત્ કર્ત્તવ્યથી અવિદ્યમાન પણ શુભાશુભ અધ્યવસાય રૂપ શુભાશુભ આશ્રવનો આવિર્ભાવ થાય છે અને વિદ્યમાન શુભાશુભ અધ્યવસાય રૂપ આશ્રવમાં વૃદ્ધિ થાય છે.

જેમ કોઈ સરોવરમાં નાળા દ્વારા નિર્મળ કે ગંદુ પાણી દાખલ થાય છે, તેમ જીવમાં સારાં કે ખરાબ કર્મ દાખલ થાય છે. જીવ એક સરોવર છે, પાંચ ઈન્દ્રિયો વગેરે એનાં નાળાં છે અને કર્મ એ પાણી છે. આપણે જે શુભાશુભ કર્મ કરીએ, તે કર્મ રૂપ જળ ઈન્દ્રિયાદિ નાળાં દ્વારા જીવમાં દાખલ થાય છે. સારાં કર્મના આશ્રવથી પુણ્ય અને ખરાબ કર્મના આશ્રવથી પાપ બંધાય છે.

શંકા - આપશ્રીના ઉપરના કથનથી 'શુભાશુભ કર્મોના ગ્રહણ રૂપ બંધનું કારણ આશ્રવ છે' એમ ફલિત થાય છે તે સંભવિત નથી, કારણ કે-બંધના અભાવમાં આશ્રવનો અસંભવ છે. જો બંધના અભાવમાં આશ્રવ માનવામાં આવે, તો નિર્બંધમુક્તમાં આશ્રવની આપત્તિ આવશે. જો આશ્રવ સિવાય પણ બંધ માનવામાં આવે, તો આશ્રવમાં બંધનું હેતુપણું કેવી રીતે ? કેમ કે-આશ્રવના અભાવમાં પણ પેદા થતા બંધ પ્રત્યે આશ્રવના હેતુપણાનો અસંભવ છે. બરોબર છે ને ?

સમાધાન - આશ્રવ અને બંધનો પણ પરસ્પર કાર્ય અને કારણભાવનો સ્વીકાર હોઈ ઉપરોક્ત કથન બરોબર નથી.

શંકા - જો આમ છે, તો બંધના અભાવમાં આશ્રવ નથી અને આશ્રવના અભાવમાં બંધનો અભાવ હોઈ અન્યોન્ય આશ્રયનામક દોષની આપત્તિ આવી જાય ને ?

સમાધાન - ભાઈ ! અહીં અન્યોન્યાશ્રય નામક દોષનો અવકાશ નથી, કેમ કે-બંધ અને આશ્રવનો કાર્ય-કારણભાવનો પ્રવાહ અનાદિ હોઈ ઉત્તરોત્તર પ્રત્યે પૂર્વપૂર્વની કારણતાનો સ્વીકાર છે. દા. ત. જેમ બીજ અને અંકુરનો કાર્ય-કારણભાવ, અર્થાત્ જેમ બીજ પ્રત્યે અંકુર કારણ છે અને બીજ કાર્ય છે, જ્યારે અંકુર પ્રત્યે બીજ કારણ હોય ત્યારે અંકુર કાર્ય છે, એમ અહીં પણ પરસ્પર કાર્ય-કારણભાવ અનાદિનો છે એમ સમજવું.

शंका - આવા પ્રતિપાદનથી તો બંધ અને આશ્રવ બંને સમાન થઈ જાય છે, ભિન્નતા નથી દેખાતી, તો આશ્રવનો હેતુ બંધ છે, એમ બંધનું લક્ષણ થઈ જશે ને ? આમ તો નથી કહેવાતું, પરંતુ કષાય આદિથી કલુષિત જીવનો નવીન કર્મપુદ્ગલોની સાથે સંબંધ એ જ બંધ છે, આવું લક્ષણ સંભળાય છે, તો આપનું પ્રતિપાદન ઠીક કેવી રીતે કહેવાય ?

સમાધાન - બંધ પ્રત્યે આશ્રવ હેતુ છે. એટલે ચીકણી વસ્તુના લેપવાળા શરીરના ધૂળના સંબંધની માફક ઉત્પત્તિ થયા પછીથી જ આશ્રવ, બંધ પ્રત્યે હેતુ છે.

વળી બંધ, આશ્રવ પ્રત્યે સાક્ષાત્ હેતુ નથી, કેમ કે-ક્ષેત્ર-કાળ ઇત્યાદિ સહકારી (નિમિત્ત)ની અપેક્ષા રાખી ઉદય અવસ્થા પ્રાપ્ત જ કર્મ અર્થક્રિયાકારી (ફળદાયી) છે. પરંતુ માત્ર બદ્ધકર્મ, આશ્રવની ઉત્પત્તિ પ્રત્યે કારણ નથી.

આ આશ્રવ પહેલાં બેંતાલીશ પ્રકાર જણાવી દીધા છે. તે બેંતાલીશ પ્રકારના આશ્રવમાં જો કે મન-વચન-કાયાના શુભાશુભ રૂપ, જે વીર્યાંતરાયના ક્ષયોપશમથી જન્ય વીર્ય-પ્રાણ-ઉત્સાહ વગેરે પર્યાયવાચક શબ્દોથી વાચ્ય આત્મપ્રદેશોનો પરિસ્પંદ આદિ ક્રિયા રૂપ યોગો, તે જ આશ્રવો કહેવાય છે.

અશુભ કાયયોગ - ઔદારિક આદિ શરીર રૂપ પુદ્ગલોના આલંબનથી વીર્યાંતરાયકર્મક્ષયોપશમજન્ય આત્મપ્રદેશપરિણામ, સંસારનો અનુબંધી, સંસારહેતુ, નારક આદિ જન્મ રૂપ ફળદાયી હોઈ પાપ રૂપ, હિંસા-ચોરી-મૈથુન આદિ ક્રિયા રૂપ, તે અશુભ કાયયોગ.

શુભ કાયયોગ - અહિંસા-અચૌર્ય-બ્રહ્મચર્ય ઇત્યાદિ રૂપ, પ્રશસ્ત ગમન આદિ ક્રિયાનો હેતુ, તે શુભ કાયયોગ. (સાત આદિ અથવા સકલ કર્મક્ષયનો હેતુ હોવાથી શુભ એટલે પુણ્ય કહેવાય છે.)

અશુભ વચનયોગ - મતિજ્ઞાનાવરણ-અક્ષરશ્રુતાવરણ ઇત્યાદિ કર્મોના ક્ષયોપશમથી જન્ય આંતરિક વચનલબ્ધિજન્ય ભાષાવર્ગણા રૂપ ભાષાયોગ્ય પુદ્ગલના આલંબનથી ભાષાપરિણામ તરફ સન્મુખ એવો જે આત્મપ્રદેશોના પરિસ્પંદરૂપ પરિણામ, સાવદ્ય, (સાચું પણ વચન પાપવાળું વાચિક કર્મ અશુભ છે. જેમ કે-ચોરોને મારો ! હિંસક પશુ આદિને મારી નાખો ! ઇત્યાદિ.) અનૃત, (અયથાર્થ જ વચન. જેમ કે-જે ચોર નથી, છતાં તેને ચોર કહેવો.) પુરુષ, (સ્નેહ વગરનું વચન-કઠોર વચન. જેમ કે-હે જાલ્મ ! તને ધિક્કાર છે, તું મૂર્ખ છે, પાપાચારી છે વગેરે કહેવું.) પિશુન, (સાચું પણ પ્રીતિકારક નહિ હોવાથી બીજાના પરોક્ષમાં દોષસૂચક વચન.) સંદિગ્ધ-પ્રવચનવિરોધી ઇત્યાદિ રૂપ અશુભ વચનયોગ છે.

શુભ વચનયોગ - અશુભ વચનયોગથી વિપરીત અર્થાત્ અસાવદ્ય આદિ વચન-આગમવિહિતભાષણ, તે શુભ વાક્યોગ.

અશુભ મનોયોગ - શરીરધારી આત્માએ સર્વ પ્રદેશોથી ગ્રહણ કરેલ મનોવર્ગણાયોગ્ય સ્કંધ રૂપ પુદ્ગલજન્ય આત્માના વિશિષ્ટ પરાક્રમ રૂપ મનન આદિ પરિણામ, અશુભ અભિધ્યા, (પારકાનું ધન લેવાની ઇચ્છા) વ્યાપાદ, (કોઈનો દ્રોહ-ખરાબ કરવાનું ચિંતન) ઇર્ષ્યા, (બીજાના ગુણ-વૈભવ આદિ જોઈને અદેખાઈ કરવી) અસૂયા (બીજાના ગુણોમાં દોષનું આરોપણ કરવું, એમ આર્ત્ત-રૌદ્રધ્યાન આદિ રૂપ અશુભ મનોયોગ.

शुभ मनोयोग - अशुभ मनोयोगथी विपरीत એટલે अनभिध्या આદિ ધર્મ-શુક્લ-ધ્યાન આદિ રૂપ શુભ-કુશલ ચિંતન હોઈ શુભ મનોયોગ છે. અર્થાત્ જો કે કાયયોગ આદિ રૂપ યોગો જ આશ્રવ છે, તો પણ અપેક્ષાના ભેદથી બેંતાલીશ પ્રકારના આશ્રવો કહેલ છે.

આ શુભાશુભ ભેદવાળો મન-વચન-કાય રૂપ યોગ-આશ્રવ, સકષાય અને અકષાયને આશ્રવ હોય છે. ત્યાં અકષાયને ઉપશાન્તમોહ-ક્ષીણમોહ-કેવલી રૂપ વીતરાગને ઈર્યાપથ યોગ માત્ર નિમિત્તજન્ય જે કર્મની સ્થિતિ એક સમયની છે, તે કર્મ એક સમય સ્થિતિક કહેવાય છે. પ્રથમનો એક સમય બંધનો અને ત્રીજો એક સમય ક્ષયનો છે, જ્યારે વેદનાનો મધ્યમ એક સમય છે. મતલબ કે-અકષાયી વીતરાગને એક સમયની સ્થિતિવાળા સાતાવેદનીયકર્મનો આશ્રવ હોય છે-ઈર્યાપથકર્મ ગ્રહણ હોય છે.

सकषाय - મિથ્યાદૃષ્ટિથી માંડીને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનસ્થ સકષાય આત્માને સાંપરાયિક-ચાતુર્ગતિક સંસારના પરિભ્રમણમાં કારણભૂત કર્મનો આશ્રવ થાય છે, એમ સમજવું.

ઇન્દ્રિયાદિની આશ્રવતાની સિદ્ધિ-

જો કે ઇન્દ્રિય-કષાય-અવ્રત-યોગોમાં ક્રિયાસ્વભાવનું ઉલ્લંઘન નહિ થતું હોવાથી ક્રિયા રૂપ શબ્દથી જ આ ઇન્દ્રિય આદિનો અર્થ આવી જ જાય છે, તો ઇન્દ્રિયાદિ શબ્દો જુદાં કેમ ? ઇન્દ્રિય આદિમાં વ્યાપારનો અભાવ છે, એવી વાત પણ અકિંચિત્કર છે, કેમ કે-ઇન્દ્રિય આદિ ક્રિયાસ્વભાવી છે, તો પણ આ ઇન્દ્રિય આદિનું ક્રિયાસ્વભાવપણું નિયત નથી, કેમ કે- નામસ્થાપના દ્રવ્યેન્દ્રિય આદિમાં ક્રિયાભાવ છે. અથવા આ પ્રમાણે એકાન્તથી તે ઇન્દ્રિય આદિ ક્રિયાસ્વભાવવાળા નથી જ. પરંતુ ઇન્દ્રિય આદિમાં દ્રવ્યાર્થિક નયને ગૌણ કરી પર્યાયાર્થિક નયની પ્રધાનતાની અપેક્ષાએ ક્રિયાસ્વભાવ કાયમ છે. પર્યાયાર્થિક નયને ગૌણ કરી દ્રવ્યાર્થિક નયની પ્રધાનતાની અપેક્ષાએ ક્રિયાસ્વભાવ નથી. મતલબ એવો છે કે-શુભાશુભ આશ્રવના પરિણામ તરફ અભિમુખ હોવાથી ઇન્દ્રિય-કષાય-અવ્રતોનું દ્રવ્યાશ્રવપણું છે. કર્મનું ગ્રહણ ભાવાશ્રવ છે. તે પચીશ ક્રિયાઓથી કર્મનું ગ્રહણ થાય છે. એમ હોવાથી જ આ કર્મવર્ગણાનું આશ્રવ યાને કર્મ રૂપ સંબંધ ક્રિયાઓથી જ આત્મામાં થતો હોવાથી, ક્રિયા રૂપ યોગ, આશ્રવ મુખ્ય હોઈ કાર્ય રૂપ ભાવાશ્રવ છે. એની સિદ્ધિ માટે જ ઇન્દ્રિય-કષાય-અવ્રતોનું ગ્રહણ કરેલ છે.

वस्तुतस्तु कायवाङ्मनसां क्रिया आस्रवास्तेषां गतीन्द्रियकषायलेश्यायोगोपयोगज्ञानदर्शन-चारित्रवेदादिपरिणामवतो जीवस्य धर्मरूपत्वात्ते जीवात्मकाः, कायवाङ्मनःप्रभवत्वात्तत्स्वरूपा वा, एतदेवाभिप्रेत्याह—

पौद्गलिकोऽयम् । आत्मप्रदेशेषु कर्मप्रापका क्रिया द्रव्याश्रवः, कर्मोपार्जननिदानाध्यवसायो भावाश्रवः । २ ।

पौद्गलिकोऽयमिति । कायो हि जीवस्य निवासभूतः पुद्गलद्रव्यसंघातः, तद्योगाज्जीवस्य यो वीर्यपरिणामस्स काययोगः, आत्मयुक्तकायायत्ता वाग्वर्गणायोग्यस्कन्धा विसृज्यमाना

वाक्करणतामापद्यन्ते तत्सम्बन्धाच्चात्मनो या वीर्यपरिणतिः स वाग्योगः, जीवेन सर्वप्रदेशैर्गृहीता मनोवर्गणायोग्यस्कन्धाः करणभावमालम्बन्ते तत्सम्बन्धाच्चात्मनः पराक्रमविशेषो मनोयोगः, इत्येवं योगत्रिकैरात्मप्रदेशेषु कर्मप्रापिका क्रिया द्रव्याश्रव उच्यते, तदनुकूलाध्यवसायस्तु भावाश्रव इत्याशयेनाह-आत्मप्रदेशेष्विति । शेषं स्पष्टम् । तथा साम्परायिककर्मबन्धभाजां सत्स्वपीन्द्रियादिषु तुल्यतया निमित्तेषु तीव्रमन्दज्ञाताज्ञातभावेभ्यो[१] वीर्यविशेषादधिकरणविशेषाच्चास्रवाणां विशेषो विज्ञेयः ॥

વાસ્તવિક રીતિએ તો મન-વચન-કાયાની ક્રિયાઓ જ આશ્રવો કહેવાય છે. આશ્રવો ગતિ-ઇન્દ્રિય-કષાય-લેશ્યા-યોગ-ઉપયોગ-જ્ઞાન-દર્શન-ચારિત્ર-વેદ આદિ પરિણામવાળા જીવના ધર્મ રૂપ હોઈ જીવ રૂપ છે અને મન-વચન-કાયાથી જન્ય હોઈ અજીવસ્વરૂપી છે. આ વસ્તુ મનમાં ધારીને કહે છે કે-

ભાવાર્થ - આ આશ્રવ પૌદ્ગલિક છે. આત્માના પ્રદેશોમાં કર્મપ્રાપ્તિમાં કારણભૂત ક્રિયા 'દ્રવ્યાશ્રવ છે. કર્મના ઉપાર્જનમાં સાક્ષાત્ કારણભૂત અધ્યવસાય 'ભાવાશ્રવ' છે.

વિવેચન - કાયયોગ-પુદ્ગલદ્રવ્યના સમુદાયથી બનેલ આત્માના નિવાસભૂત તે કાયા છે. જેમ વૃદ્ધ યા દુર્બળને માર્ગમાં આલંબન લાકડી છે, તેમ વિષયોમાં ઉપકારક કાય છે. તેના આલંબને જે જીવનો વીર્યપરિણામ, તે 'કાયયોગ' કહેવાય છે. જેમ અગ્નિના સંબંધથી ઘટમાં લાલાશ પરિણામ છે, તેમ આત્મામાં કાય રૂપ કરણના સંબંધથી વીર્ય પરિણામ છે.

વાગ્યોગ - તેમજ આત્મા સહિત કાયનિમિત્તજન્ય ભાષાવર્ગણાના યોગ્ય સ્કંધો વિસર્જન કરાતા વચન રૂપ કરણતાને પામે છે. આ વચનકરણની સાથેના સંબંધથી આત્માના વીર્યનું ઉત્થાન ભાષકશક્તિ, તે 'વાગ્યોગ' કહેવાય છે.

મનોયોગ - શરીરધારી આત્માએ સર્વ પ્રદેશો દ્વારા ગ્રહણ કરેલ મનોવર્ગણાના યોગ્ય સ્કંધો શુભ આદિ મનન માટે કરણભાવને પામે છે. તેના સંબંધે આત્માનું વિશિષ્ટ પરાક્રમ 'મનોયોગ' કહેવાય છે.

દ્રવ્યાશ્રવ - આ પ્રમાણે ત્રણ યોગો દ્વારા આત્માના પ્રદેશોમાં કર્મપ્રાપક રૂપ ક્રિયા 'દ્રવ્યાશ્રવ' કહેવાય છે.

ભાવાશ્રવ - તે દ્રવ્યાશ્રવને જનક અધ્યવસાય 'ભાવાશ્રય' કહેવાય છે.

તથા સાંપરાયિક કર્મબંધ કરનારા જીવોમાં ઇન્દ્રિય આદિ નિમિત્તો સમાન હોવા છતાં, તીવ્ર-મંદ, જ્ઞાત-અજ્ઞાત ભાવોની અપેક્ષાએ વીર્યના ભેદથી અને અધિકરણના ભેદથી આશ્રવોનો ભેદ સમજવો.

---

१. परिणामस्य तीव्रमन्दभावे कर्मबन्धोऽपि तीव्रो मन्दश्च भवति, सिंहस्य गोर्घातिनश्च प्राणातिपाते समानेऽपि कर्मबन्धो न तुल्यः, शौर्याभिनिवेशिनो बहुलं कर्मबन्धात् । ज्ञातभावोऽभिसन्धाय प्राणातिपातादौ प्रवृत्तिः, अज्ञातभावोऽनभिसन्धाय तत्र प्रवृत्तिः, वीर्यान्तरायकर्मक्षयोपशमजन्यः सामर्थ्यविशेषो वज्रर्षभनाराचसंहननीयापेक्षः त्रिपृष्ठादीनां संरब्धसिंहपाटनादिरूपः तद्विशेषादपि कर्मबन्धविशेषः । अधिकरणं दुर्गतिप्रापकं निर्वर्त्तनासंयोजनादिभेदं कर्मबन्धविशेषहेतुरिति ॥

[પરિણામના તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ, મધ્યમ, મધ્યમતર, મધ્યસ્તમ, મંદ, મંદતર, મંદતમ ભાવ હોવાથી કર્મબંધ તીવ્ર-બંધ થાય છે. સિંહ મારનાર અને ગાય મારનારની હત્યા રૂપ ક્રિયા સરખી હોવા છતાં કર્મબંધ સરખો નથી, કેમ કે-કેસરીસિંહ મારનારમાં શૌર્યનું અભિમાન હોવાથી પ્રદીપ્ત તીવ્ર ભાવના કારણે ઘણો કર્મબંધ થાય છે.

જ્ઞાતભાવ - જાણી જોઈને જીવહિંસા આદિમાં પ્રવૃત્તિ, તે 'જ્ઞાતભાવ' છે. અજાણતાં જીવહિંસા આદિમાં પ્રવૃત્તિ, તે 'અજ્ઞાતભાવ' છે.

વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી જન્ય વિશિષ્ટ આત્માની શક્તિ, વજ્રઋષભનારાચસંહનની અપેક્ષાવાળું ત્રિપૃષ્ઠવાસુદેવ આદિનું સિંહને ફાડવા રૂપ સામર્થ્ય 'વીર્યવિશેષ' કહેવાય છે. એ વીર્યવિશેષથી કર્મબંધ વિશેષ છે.

અધિકરણ - તીવ્ર આદિ ભાવ રૂપ પરિણામવાળા આત્માને જીવ-અજીવ રૂપ વિષયો, સાંપરાયિક કર્મબંધના કારણો, દુર્ગતિ પ્રત્યે ગમનમાં નિમિત્ત હોઈ અધિકરણ શબ્દથી વાચ્ય બને છે. જીવાધિકરણ રૂપ સંરંભ આદિ અજીવ અધિકરણ રૂપ નિર્વર્ત્તના સંયોજના (શસ્ત્ર આદિ) આદિ ભેદવાળા અધિકરણના ભેદથી કર્મબંધમાં ભેદ છે.]

पूर्वोदितानामाश्रवभेदानां स्वरूपमनुक्रमेणोपवर्णयितुमारभते—

स्पर्शविषयकरागद्वेषजन्याश्रवः स्पर्शेन्द्रियाश्रवः । ३ ।

स्पर्शेति । स्पर्शश्शीतादिरूपेणाष्टविधः स्पर्शेन्द्रियजन्यप्रत्यक्षविषयः, तद्विषयकौ यौ रागद्वेषौ आनुकूल्यप्रातिकूल्याभ्यां प्रीत्यप्रीती तज्जन्यः कर्मबन्धानुगुण आत्माध्यवसायो वा योगक्रिया-विशेषो वा स्पर्शेन्द्रियास्रव उच्यत इत्यर्थः । तथा च स्पर्शविषयकरागद्वेषान्यतरजन्यत्वे सत्याश्रवत्वं लक्षणम् । रसनेन्द्रियास्रवादावतिप्रसङ्गभङ्गाय सत्यन्तम् । कालादिवारणाय विशेष्यम् । रसनेन्द्रियास्रवादावतिव्याप्तिवारणाय स्पर्शविषयकेति ॥

પૂર્વકથિત આશ્રવભેદોનું સક્રમ વર્ણન-

સ્પર્શનેન્દ્રિયાશ્રવ-

ભાવાર્થ - સ્પર્શ વિષયવાળા-રાગ-દ્વેષજન્ય આશ્રવ, તે 'સ્પર્શનેન્દ્રિયાશ્રવ.'

વિવેચન - શીત, ઊષ્ણ આદિ રૂપે સ્પર્શ આઠ પ્રકારનો પૂર્વે કહેલ છે. તે આઠ પ્રકારનો સ્પર્શ સ્પર્શનેન્દ્રિયજન્ય સાંવ્યવહારિક પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય છે. તે સ્પર્શવિષય નિમિત્તવાળા રાગ-દ્વેષ એટલે અનુકૂળતા-પ્રતિકૂળતાના હિસાબે રાજીપો અને અપ્રીતિ, તેનાથી થતો કર્મબંધને અનુકૂળ, આત્માનો અધ્યવસાય કે વિશિષ્ટ યોગ, તે 'સ્પર્શનેન્દ્રિય આશ્રવ' કહેવાય છે.

લક્ષણ - 'સ્પર્શવિષયક રાગ-દ્વેષાન્તરજન્ય આશ્રવ, તે 'સ્પર્શનેન્દ્રિયાશ્રવ'નું લક્ષણ છે. રસનેન્દ્રિય આશ્રવ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'સ્પર્શવિષયક રાગ-દ્વેષાન્યતરજન્ય' વાક્ય સમજવું. બન્ધ આદિના વારણ માટે આશ્રવત્વ રૂપ વિશેષ્ય દલ છે. પદકૃત્ય પૂર્વ મુજબ સમજવું.

रसनेन्द्रियाश्रवमाह—

रसविषयकरागद्वेषजन्याश्रवः रसनेन्द्रियाश्रवः । ४ ।

रसविषयकेति । अम्लादिभेदेन पञ्चविधा रसाः रसनेन्द्रियजन्यप्रत्यक्षविषयाः तद्विषयकौ यौ रागद्वेषौ आनुकूल्यप्रातिकूल्याभ्यां प्रीत्यप्रीती तदन्यतरजन्यः कर्मबन्धानुगुणो जीवाध्यवसाय-विशेषो योगविशेषो वाऽऽस्रवः रसनेन्द्रियास्रव इत्यर्थः, रसविषयकरागद्वेषान्यतरजन्यत्वे सत्याश्रवत्वं रसनेन्द्रियाश्रवस्य लक्षणम्, कृत्यं प्राग्वत् ॥

રસનેન્દ્રિયાશ્રવ-

ભાવાર્થ - રસવિષયક રાગ-દ્વેષથી જન્ય આશ્રવ, તે 'રસનેન્દ્રિયાશ્રવ.'

વિવેચન - અમ્લ આદિના ભેદથી પૂર્વોક્ત પાંચ પ્રકારના રસો છે. તે રસો રસનેન્દ્રિયજન્ય પ્રત્યક્ષ જ્ઞાનના વિષયો છે. તે રસ રૂપ વિષયનિમિત્ત જે રાગ અને દ્વેષ એટલે અનુકૂળતા અને પ્રતિકૂળતાથી પ્રીતિ અને અપ્રીતિમાંથી કોઈ એકથી જન્ય, કર્મબંધને અનુકૂળ વિશિષ્ટ જીવનો અધ્યવસાય કે વિશિષ્ટ યોગ રૂપ આશ્રવ 'રસનેન્દ્રિયાશ્રવ સમજવો.'

રસવિષયક રાગ-દ્વેષથી જન્ય આશ્રવ, તે 'રસનેન્દ્રિયાશ્રવ'નું લક્ષણ છે. પદકૃત્ય પૂર્વ મુજબ સમજવું.

ઘ્રાણેન્દ્રિયાશ્રવમાહ—

गन्धविषयकरागद्वेषजन्याश्रवः घ्राणेन्द्रियाश्रवः । ५ ।

गन्धेति । सुरभ्यसुरभिरूपघ्राणजप्रत्यक्षयोग्यगन्धविषयकानुकूल्यप्रातिकूल्यप्रयुक्तप्रीत्य-प्रीतिजन्याश्रवो घ्राणेन्द्रियाश्रव इत्यर्थः । गन्धविषयकरागद्वेषान्यतरजन्यत्वे सत्याश्रवत्वं लक्षणं, कृत्यं पूर्ववत् ॥

ઘ્રાણેન્દ્રિયાશ્રવ-

ભાવાર્થ - ગંધવિષયક રાગ-દ્વેષથી જન્ય આશ્રવ, તે 'ઘ્રાણેન્દ્રિયાશ્રવ.'

વિવેચન - સુગંધ-દુર્ગંધ રૂપ બે ભેદે ગંધ છે. ઘ્રાણેન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનજન્ય ગંધવિષયક અનુકૂળતા કે પ્રતિકૂળતાના નિમિત્તે પ્રીતિ કે અપ્રીતિજન્ય આશ્રવ 'ઘ્રાણેન્દ્રિયાશ્રવ' કહેવાય છે. ગંધવિષયક રાગ કે દ્વેષજન્ય આશ્રવ 'ઘ્રાણેન્દ્રિયાશ્રવ'નું લક્ષણ છે. પદકૃત્ય પૂર્વની માફક સમજવું.

चक्षुरिन्द्रियाश्रवं श्रोत्रेन्द्रियाश्रवञ्चाचष्टे—

रूपविषयकरागद्वेषजन्याश्रवश्चक्षुरिन्द्रियाश्रवः । शब्दविषयकरागद्वेष-जन्याश्रवः श्रोत्रेन्द्रियाश्रवः । इतीन्द्रियपञ्चकाश्रवः । ६ ।

रूपेति । श्वेतादिरूपेण पञ्चप्रकारे चक्षुर्ग्रहणयोग्यं यद्रूपं तद्विषयकानुकूल्यप्रातिकूल्यप्रयुक्तरागद्वेषान्यतरजन्य आश्रवश्चक्षुरिन्द्रियाश्रव इत्यर्थः, रूपविषयकरागद्वेषान्यतरजन्यत्वे सत्याश्रवत्वं लक्षणं कृत्यं प्राग्वत् । श्रोत्रेन्द्रियाश्रवमाचष्टे-शब्दविषयकेति । सचित्ताचित्तमिश्रात्मकत्रिविधशब्दविषयकरागद्वेषान्यतरजन्याश्रव इत्यर्थः । लक्षणं कृत्यञ्च स्फुटम् । एत एव विभागवाक्ये इन्द्रियपञ्चकपदेनोक्ता इत्याह इतीति ॥

चक्षु-श्रोत्रेन्द्रियाश्रव-

ભાવાર્થ - રૂપવિષયક રાગ-દ્વેષજન્ય આશ્રવ, તે 'चक्षुरिन्द्रियाश्रव.' શબ્દવિષયક રાગ-દ્વેષજન્ય આશ્રવ, તે 'श्रोत्रेन्द्रियाश्रव.' આ પ્રમાણે ઇન્દ્રિયપંચક આશ્રવ પૂર્ણ થાય છે.

વિવેચન - શ્વેત આદિ રૂપે પાંચ પ્રકારનું જે ચક્ષુરિન્દ્રિયથી ગ્રહણયોગ્ય રૂપ છે, તે રૂપવિષયક અનુકૂળતા અને પ્રતિકૂળતા નિમિત્તે રાગ અથવા દ્વેષથી જન્ય આશ્રવ, તે 'चक्षुरिन्द्रियाश्रव.' રૂપવિષયક રાગદ્વેષજન્યાશ્રવ, તે 'चक्षुरिन्द्रियाश्रव'નું લક્ષણ છે. પદકૃત્ય પૂર્વ મુજબ.

સચિત્ત-અચિત્ત-મિશ્ર રૂપ ત્રણ પ્રકારના શબ્દના વિષયવાળા રાગ અથવા દ્વેષથી જન્ય આશ્રવ 'श्रोत्रेन्द्रियाश्रव' કહેવાય છે. લક્ષણ અને પદકૃત્ય પૂર્વની માફક સમજવું. વિભાગ વાક્યમાં ઇન્દ્રિયપંચક પદથી આ પાંચ આશ્રવો જ કહેલ છે, એમ સમજવું.

अथ क्रोधाद्याश्रवानाह—

प्रीत्यभावप्रयुक्ताश्रवः क्रोधाश्रवः । अनम्रताजन्याश्रवो मानाश्रवः । कापट्यप्रयुक्ताश्रवो मायाश्रवः । सन्तोषशून्यताप्रयुक्ताश्रवो लोभाश्रवः । इति कषायचतुष्काश्रवः । ७ ।

प्रीत्यभावेति । प्रीत्यभावः क्रौर्यपरिणामः, क्रोधोऽनन्तानुबन्ध्यादिभेदः, तत्प्रयुक्त आश्रवः शुभाशुभाध्यवसायः क्रियाविशेषो वा क्रोधाश्रव इत्यर्थः । स च श्रुतजात्यादिगर्वावलम्बनाद्भवति । मायाश्रवमाचष्टे—कापटयेति । माया कापट्यं परविप्रलम्भः, छद्मप्रयोगस्तज्जन्यः शुभाशुभाध्यवसायो वा जीवक्रियाविशेषो वा मायाश्रव इत्यर्थः । लोभाश्रवमभिधत्ते—सन्तोषेति । लोभः सन्तोषशून्यता तृष्णापिपासाभिष्वङ्गास्वादलक्षणस्तज्जन्यः शुभाशुभाध्यवसायो वा क्रियाविशेषो वा लोभाश्रव इत्यर्थः । विभागवाक्ये, एत एव कषायचतुष्कपदेन ग्राह्या इत्याहेतीति ॥

કષાયચતુષ્કાશ્રવ-

ભાવાર્થ - પ્રીતિના અભાવથી જન્ય આશ્રવ 'ક્રોધાશ્રવ,' નમ્રતાના અભાવથી જન્ય આશ્રવ 'માનાશ્રવ,' માયા-કપટભાવથી જન્ય આશ્રવ 'માયાશ્રવ' અને સંતોષની શૂન્યતાથી જન્ય આશ્રવ 'લોભાશ્રવ.' આ પ્રમાણે કષાયચતુષ્ક આશ્રવ પૂર્ણ થાય છે.

વિવેચન - પ્રીતિનો અભાવ એટલે ક્રૂરતાનો પરિણામ, ક્રોધ, અનંતાનુબંધી આદિ ભેદવાળો, તે પ્રીતિના અભાવથી જન્ય, શુભાશુભ અધ્યવસાય કે વિશિષ્ટ ક્રિયા રૂપ આશ્રવ 'ક્રોધાશ્રવ' છે, એમ સમજવું. નમવાના અભાવ રૂપ અનમ્રતાથી જન્ય આશ્રવ 'માનાશ્રવ' છે. તે માનાશ્રવ શ્રુત-જાતિ આદિના અભિમાનના આલંબનથી પેદા થાય છે. માયા એટલે બીજાને ઠગવા રૂપ છદ્મપ્રયોગથી જન્ય શુભ-અશુભ અધ્યવસાય કે વિશિષ્ટ જીવક્રિયા 'માયાશ્રવ' કહેવાય છે. સંતોષશૂન્યતા એટલે તૃષ્ણા-પિપાસા-અભિષ્વંગ આસ્વાદ રૂપ લોભ, તે લોભથી જન્ય શુભાશુભ અધ્યવસાય કે વિશિષ્ટ ક્રિયા 'લોભાશ્રવ' કહેવાય છે. વિભાગવાક્યમાં આ ચાર જ કષાયચતુષ્ક પદથી ગ્રહણ કરેલ છે.

अधुना हिंसाश्रवमाह—

प्रमादिकर्तृकप्राणंवियोगजन्याश्रवो हिंसाश्रवः । ८ ।

प्रमादिकर्तृकेति । प्रमादिपुरुषकर्तृको यः प्राणवियोगस्तज्जन्याश्रव इत्यर्थः । कषाय-विकथेन्द्रियनिद्राऽऽसवैः प्रमादमुपगतः प्रमादी, तत्र षोडशविधाः कषायास्तत्परिणत आत्मा प्रमादी स्त्रीभक्तजनपदराजवृत्तान्तप्रतिबद्धा विकथा, रागद्वेषाविष्टचेताः स्त्र्यादिविकथापरिणतः प्रमादी, स्पर्शनादीन्द्रियद्वारकरागद्वेषसमासादितपरिणामविशेष आत्मा प्रमादी दर्शनावरण-कर्मोदयजन्यपञ्चविधनिद्रापरिणामविशिष्ट आत्मा प्रमादी । आसवो मद्यं मधुवारशीधुमदिरादि, तदभ्यवहाराद्विह्वलतामुपेतः प्रमत्तः । प्रमादिकर्तृकः, प्रमत्तव्यापारजन्यः । प्राणाः पञ्चेन्द्रियाणि आयुःकायवाङ्मनःप्राणापानाश्चेति द्रव्यपरिणामरूपा दशविधा यथासंभवं जीवेष्ववस्थिताः, तेषां वियोग आत्मनः पृथक्करणं, तज्जन्याश्रव इति भावः । प्राणिनः स्वतो निरवयवत्वेन पृथक्करणासम्भवात् प्राणवियोग इत्युक्तम्, तथा च प्राणवियोगपूर्वकः प्राणिवियोग इति वाच्यम्, जीवस्य तत्सम्बन्धिनः प्राणवियोगे दुःखोत्पाददर्शनात् । शरीरिणोऽन्यत्वेऽपि पुत्रकलत्रादिवियोगे सन्तापदर्शनात् । बन्धापेक्षया कथञ्चिच्छरीरशरीरिणोऽनन्यत्वाच्च । केवलं प्राणवियोगमात्रस्य हिंसात्वाभावात्प्रमादिपुरुषकर्तृकेत्युक्तम् । तथा च प्रमत्त एव हिंसको नाप्रमत्त इति प्रतिपादितम् । प्रमत्तो ह्यासागमनिरपेक्षो दूरोत्सारितपारमर्षसूत्रोद्देशः स्वच्छन्द-प्रधावितकायादिवृत्तिरज्ञानबहुलः प्राणिप्राणापहारमवश्यन्तया करोति । तत्र सोऽयं प्राणवियोगो हिंसापरनामा द्रव्यभावभेदेन द्विविधः, अत्र चतुर्भेदाः, कदाचिद्द्रव्यतः प्राणातिपातो न

भावतः, कदाचिद्भावतो न द्रव्यतः, कदाचिद्द्रव्यतो भावतश्च । कदाचिच्च द्रव्यतो न वा भावत इति । यो हि ज्ञानी श्राद्धः स्वीकृतजीवस्वतत्त्वः कर्मक्षपणार्थं प्रवृत्तचरणसम्पत् काङ्क्षिद्धर्मक्रियामधितिष्ठन् प्रवचनमातृभिरनुगृहीतः पादन्यासमार्गावलोकितपिपीलिकादिसत्त्वः समुत्क्षिप्तं चरणमक्षेत्रुमसमर्थः कदाचित् पिपीलिकादेरुपरि पादं न्यस्यति, उत्क्रान्तप्राणश्च प्राणी भवति तदास्यात्यन्तशुद्धाशयस्य दयादत्तावधानविमलचेतसः द्रव्यप्राणव्यपरोपणमात्रान्नास्ति हिंसकत्वम् । द्वितीये व्याधस्य प्रमत्तस्याकृष्टधनुषो लक्ष्यमृगमुद्दिश्य विसर्जितशिलीमुखस्य कदाचिच्छरपातस्थानादपसृते सारङ्गे चेतसोऽशुद्धत्वाद् द्रव्यतोऽविनष्टेष्वपि प्राणिषु व्याधस्य हिंसारूपेण परिणतत्वाद्भवत्येव भावतो हिंसा । तृतीये तत्रैव मृगो यदा म्रियते तदा द्रव्यभावाभ्यां हिंसकत्वम् । चतुर्थे तु शैलेशीकरणवर्तिनस्सिद्धाश्च, तेषां योगाभावेन द्रव्यभाव-हिंसाऽसंभवादतो द्वितीये तृतीय एव कल्पे हिंसकत्वं न प्रथमचतुर्थयोरिति दिक् ॥

હિંસાશ્રવ-

ભાવાર્થ - પ્રમાદી પુરુષ જેનો કર્ત્તા છે, એવા પ્રાણીના પ્રાણના વિયોગથી જન્ય આશ્રવ, તે 'હિંસાશ્રવ.'

વિવેચન - જેનો કર્ત્તા પ્રમાદવાળો પુરુષ છે, એવો જે પ્રાણોનો વિયોગ, તેનાથી જન્ય આશ્રવ 'હિંસાશ્રવ' કહેવાય છે. પ્રમાદી-કષાય-ઈન્દ્રિયવિષય-વિકથા-નિદ્રા-મદ્ય રૂપ નિમિત્તોથી પ્રમાદમાં ગયેલો 'પ્રમાદી' કહેવાય છે.

ત્યાં અનંતાનુબંધી આદિ સોલ પ્રકારના કષાયોમાં પરિણત આત્મા પ્રમાદી, સ્પર્શન આદિ ઈન્દ્રિયના વિષયગત રાગ-દ્વેષપરિણામી આત્મા પ્રમાદી, સ્ત્રી-ભોજન-દેશ-રાજા સંબંધી કથા-વિકથા નિમિત્તે રાગ-દ્વેષવિવશ મનવાળો આત્મા પ્રમાદી, દર્શનાવરણીયકર્મના ઉદયજન્ય પંચપ્રકારી નિદ્રા રૂપ પરિણામવિશિષ્ટ આત્મા પ્રમાદી, મદ્ય (મદિરા, શીધુ-શેલડીના રસનો એક દારૂ, દ્રાક્ષનો રસ, મહુડાનો દારૂ)- મદિરાપાન કરે છતે મૂર્ચ્છા-વિહ્વલતાને પામેલો આત્મા પ્રમાદી કહેવાય છે.

પ્રમાદિકર્ત્તૃક એટલે પ્રમત્તના વ્યાપારથી જન્ય, પ્રાણો એટલે પાંચ ઈન્દ્રિય, આયુષ્ય, કાય, વચન, મનોબળ, શ્વાસોશ્વાસ-એમ દ્રવ્યપરિણામ રૂપ દશ પ્રકારના પ્રાણો જીવોમાં સંભવ પ્રમાણે રહેલા છે. તે પ્રાણોનો વિયોગ એટલે આત્માથી પ્રાણોને છૂટા કરવા, તે પ્રાણવિયોગ (મરણ) જન્ય આશ્રવ 'હિંસાશ્રવ' કહેવાય છે.

પ્રાણવિયોગપદની સાર્થકતા-

જીવને સ્વથી અવયવ વગરનો હોવાથી જુદો કરી શકાતો નથી, માટે 'પ્રાણવિયોગ' આ પ્રમાણે કહેલ છે. પ્રાણોની સાથે જીવનો સંયોગ કે વિયોગ કર્મના હિસાબે સંભવિત છે, માટે પ્રાણોથી પ્રાણીનો વિયોગ છે એમ સમજવું.

शंका - આત્મા તો પ્રાણોથી જુદો છે, માટે પ્રાણોનો વિયોગ થવા છતાં પણ આત્માને કશું નુકસાન થતું નથી. વાસ્તે એ પ્રાણવિયોગ અધર્મ કેવી રીતે ગણાય ? ન જ ગણાય ને ?

समाधान - પ્રાણોનો વિયોગ થવા છતાં પૂર્વના પ્રાણોના સંબંધવાળા તે આત્માને પ્રાણવિયોગના કાળે દુઃખ-દર્દ ઉત્પન્ન થતું દેખાય છે, તેથી પાપની સિદ્ધિ છે. જેમ શરીરધારી જીવને પણ પુત્ર આદિથી ભિન્ન હોવા છતાં પુત્ર-સ્ત્રી આદિના વિયોગમાં સંતાપ દેખાય છે, તેમ અહીં સમજવું.

બંધની અપેક્ષાએ કથંચિદ્ શરીર અને શરીરી વિભિન્ન છે, માટે શરીરવિયોગથી શરીરીને દુઃખ થતું હોવાથી પ્રાણવિયોગ અધર્મ છે.

તથાચ કેવલ પ્રાણવિયોગ માત્રમાં હિંસાપણાનો અભાવ હોવાથી 'પ્રમાદી પુરુષ કર્તૃક પ્રાણવિયોગ એ હિંસા' છે, એમ કહેલ છે. એવં ચ પ્રમાદી પુરુષ જ હિંસક છે, અપ્રમત્ત પુરુષ અહિંસક કહેવાય છે, એવું પ્રતિપાદન કરેલ છે એમ જાણવું.

આગમની અપેક્ષા વગરનો, પરમ ઋષિપ્રણીત સૂત્રના ઉદ્દેશને દૂરથી ફેંકનારો, કાય વગેરેની વૃત્તિને સ્વચ્છંદ રીતે પ્રવર્ત્તાવનાર અને અજ્ઞાનની બહુલતાવાળો પ્રમાદી પુરુષ અવશ્ય જીવોના પ્રાણોનો વિયોગ હિંસાને કરે છે. ત્યાં પ્રાણવિયોગ જેનું બીજું નામ હિંસા છે, તે આ પ્રાણવિયોગ દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનો છે.

હિંસાની ચતુર્ભંગી-

(૧) કદાચિત્ દ્રવ્યથી હિંસા છે, ભાવથી હિંસા નથી. (૨) કદાચિત્ ભાવથી હિંસા છે, દ્રવ્યથી હિંસા નથી. (૩) કદાચિત્ દ્રવ્ય અને ભાવથી બન્ને હિંસા છે. (૪) કદાચિત્ દ્રવ્ય અને ભાવથી બન્ને હિંસા નથી.

(૧) પહેલો ભાંગો-જે શ્રદ્ધાસંપન્ન, જ્ઞાની, જીવના સ્વરૂપને સ્વીકારનારો, કર્મ ખપાવવા માટે ચારિત્રસંપદાથી પ્રવૃત્તિ કરનારો, કોઈ એક ધાર્મિક ક્રિયા કરનારો, આઠ પ્રવચનમાતાઓનો કૃપાપાત્ર, ચાલતાં ચાલતાં માર્ગમાં કીડી વગેરે જીવોને જોનારો, ઉઠાવેલ ચરણને બીજે ઠેકાણે મૂકવા અસમર્થ બનેલો, (અનિવાર્ય સંયોગમાં) કીડી વગેરે જીવો ઉપર પદન્યાસ કરે છે (ચાલે છે) અને પ્રાણ વગરનો પ્રાણી બને છે, તે અવસરે અત્યંત નિર્મળ મનવાળા અને દયામાં આપેલ ઉપયોગથી નિર્મળ ચિત્તવાળા આત્મામાં દ્રવ્યપ્રાણનો વિનાશ માત્રથી હિંસકપણું નથી.

(૨) બીજો ભાંગો-જેને ધનુષ્ય ખેંચેલું છે, એવા પ્રમાદી શિકારીએ બાણ ફેંક્યું, પણ ભાગ્યયોગે બાણના લક્ષ્યસ્થાનથી હરણ ખસી ગયું. તે વખતે શિકારીની દાનત ખરાબ હોવાથી દ્રવ્યથી પ્રાણીની હિંસા નહિ થવા છતાં હિંસાના પરિણામ હોવાથી શિકારીને ભાવથી હિંસા જ છે, દ્રવ્યથી નહિ.

(૩) ત્રીજો ભાંગો-ત્યાં જ જ્યારે હરણ મરે છે, ત્યારે દ્રવ્ય અને ભાવથી શિકારીમાં હિંસકપણું છે.

(૪) ચોથો ભાંગો-ચૌદમા ગુણસ્થાને આરૂઢ થયેલા અને શૈલેશીકરણમાં વર્તનારા સર્વ સંવરમાં રહેલા જીવનમુક્ત પરમાત્માઓમાં, તેમજ પરમ મુક્ત-અશરીરી સિદ્ધ પરમાત્માઓમાં યોગનો અભાવ હોવાથી દ્રવ્ય-ભાવહિંસાનો અભાવ છે, માટે સંપૂર્ણ-સર્વથા અહિંસક છે.

(જે સાધુ-સંતમાં મન-વચન-કાયની શુદ્ધિ હોય, તે ભાવથી પણ હિંસા કરતો નથી તેમજ દ્રવ્યથી પણ હિંસા કરતો નથી. આ કથન શુદ્ધિની પ્રધાનતાને લક્ષીને 'ધર્મપરીક્ષા' શાસ્ત્રમાં કરેલ છે.) (કેટલાક સ્થાન ઉપર શરીરધારી પ્રાણીઓને આ ભંગ-પ્રકાર અશક્ય છે એમ પણ કહેલ છે.) અર્થાત્ બીજા અને ત્રીજા ભાંગામાં હિંસકપણું છે તથા પ્રથમ અને ચોથા ભાંગામાં હિંસકપણું નથી, એમ સમજવું.

असत्याश्रवं लक्षयति—

अयथावद्वस्तुप्रवृत्तिजन्याश्रवोऽसत्याश्रवः । ९ ।

अयथावदिति । अयथावद्वस्तुप्रवृत्तिर्नाम-ये पदार्था यथार्थो न भवन्ति तेषु यथार्थतया वाक्कायमनसां प्रवर्त्तनम्, तज्जन्य आस्रव इत्यर्थः । अत्र प्रवृत्तिग्रहणेन कायजन्यानां पाणिनेत्रौष्ठपादाद्यवयवक्रियाणां अलीकानां परवञ्चनोपयुक्तानां, वाग्जन्यानां असद्वचनानां, मनोजन्यानामसद्विचाराणाञ्च सङ्ग्रहः । ज्ञानग्रहणेन वचनग्रहणेन वाऽन्यतमस्य सङ्ग्रहः स्यान्न तु सर्वेषाम् । नास्त्यात्मा, नास्ति परलोकः, इत्यादिवचनानि, श्यामाकतन्दुलप्रमाणोऽङ्गुष्ठपर्वमात्रप्रमाणो वा आदित्यवर्णो निष्क्रियो वाऽयमात्मेत्यादिवचनानि, अश्वं यो गां ब्रवीति गामश्वमेतादृशान्यपि वचनानि, हिंसापारुष्यारुन्तुदवचांसि च शास्त्रगर्हितत्वेनायथावद्वस्तुविषयकाण्येवेति न क्वाप्यव्याप्तिरप्रशस्तार्थत्वादिति ॥

असत्याश्रव-

ભાવાર્થ - અસત્ પદાર્થોમાં સદ્બુદ્ધિ-પ્રવૃત્તિજન્ય આશ્રવ, તે 'અસત્યાશ્રવ.'

વિવેચન - પ્રમત્તયોગથી જે પદાર્થો સદ્ભૂત નથી, તેઓમાં સદ્બુદ્ધિથી મન-વચન-કાયાની પ્રવૃત્તિજન્ય આશ્રવ 'અસત્યાશ્રવ' કહેવાય છે.

અહીં પ્રવૃત્તિના ગ્રહણથી કાયથી જન્ય હાથ, આંખ, હોઠ, પગ રૂપ અવયવો પરને ઠગવામાં ઉપયોગી હોઈ જુદી ક્રિયાઓનો, વચનજન્ય જુદા વચનોનો અને મનોજન્ય જુદા વિચારોનો સંગ્રહ સમજવો.

જ્ઞાનના ગ્રહણથી કે વચનના ગ્રહણથી કોઈ એકનો સંગ્રહ છે, સઘળાનો સંગ્રહ નથી.

અવ્યાપ્તિના અભાવની ચર્ચા-

'આત્મા નથી' (કેટલાક શુભાશુભ કર્મોનો કર્ત્તા, અનુભવ, સ્મરણ આદિ ક્રિયાઓના આધારભૂત વિદ્યમાન આત્માનું મોહથી નાસ્તિત્વ સ્વીકારે છે.), 'પરલોક નથી' (પરલોકી આત્માના અભાવથી પરલોકનો અભાવ છે. અર્થાત્ શુભાશુભ કર્મ, તેનો ઉપભોગ અને દાનફળના અભાવનો સંગ્રહ સમજવો.) વગેરે વગેરે વચનો. (અહીં ભૂતનિહ્નવ સમજવો.) (૧)

આ આત્મા સામોધાન્યના તંદુલ જેવડો છે. આ આત્મા અંગુઠાના પર્વ (પેરવા) જેટલો આત્મા છે.

[આ પ્રમાણે માનવા જતાં અર્થાત્ આત્મા શરીરના અમુક ભાગમાં માનતાં, બાકીના ભાગમાં ચેતનાનો અભાવ થાય ! બાકીના ભાગોમાં મચ્છર આદિ કરડતાં કે શસ્ત્રનો ઘા થતાં દુઃખવેદના ન થાય !]

'આ આત્મા સૂર્યવર્ણી છે.' આ આત્મા ભાસ્વર (તેજસ્વી) રૂપવાળો છે, એમ કેટલાકો માને છે. (પરંતુ આત્મા અરૂપી હોવાથી ભાસ્વર રૂપ કેમ સંભવે છે ? વળી શરીર આદિ કર્મપુદ્ગલો પણ અભાસ્વર છે.)

'આ આત્મા નિષ્ક્રિય છે.' (આવી માન્યતા પણ ખોટી છે, કેમ કે-નિષ્ક્રિય માનવાથી સંસારહાનિ-મુક્તિપ્રાપ્તિના ઉપાયના અનુષ્ઠાનનો અભાવ થાય છે.) એવં ઉપરોક્ત વચનો. (અભૂત ઉદ્ભાવન રૂપ વચનો.) (૨)

'જે ઘોડાને ગાય કહે છે અને ગાયને ઘોડો કહે છે,' આવાં અર્થાંતર રૂપ વચનો. (૩)

હિંસાયુક્ત-નિષ્ઠુર વચન-પૈશુન્યયુક્ત (જે જે વચન બોલતાં બીજાની પ્રીતિનો નાશ થાય, તે સઘળુંય વચન પિશુન કહેવાય છે.) મર્મભેદી વચનો સાચાં પણ શાસ્ત્રથી નિષિદ્ધ હોઈ અયથાવદ્ વસ્તુવિષયક અસત્ય જ છે. માટે કોઈ જગ્યાએ અવ્યાપ્તિ નથી, વ્યાપ્તિ છે, કેમ કે-અહીં અયથાવત્ વસ્તુનો અર્થ અપ્રશસ્ત સમજવો.

स्तेयाश्रवं निरूपयति—

स्वाम्यवितीर्णपदार्थस्वायत्तीकरणजन्याश्रवः स्तेयाश्रवः । १० ।

स्वामीति । स्वामिनाऽवितीर्णानां पदार्थानां यत्स्वायत्तीकरणं तज्जन्याश्रव इत्यर्थः । स्वामिपदं जीवतीर्थंकरगुरूणामुपलक्षकं, तेन स्वामिनाऽदत्तस्य तृणादेः, जीवेनादत्तस्य वा पुष्पफलादेस्तीर्थकरप्रतिषिद्धस्याधाकर्मिकाहारादेः, गुरुभिरननुज्ञातभोज्यादीनामपि सङ्ग्रहः । न चाष्टविधं कर्मान्येनादत्तं ग्रहीतुः स्तेयत्वं स्यादिति वाच्यम्, दानादानप्रवृत्तिनिवृत्तियोग्य-वस्तुष्वेव तदुपपत्त्या कर्मण्यसम्भवात् । अन्यथा स्वाम्यवितीर्णेतिपदस्य वैयर्थ्यापत्तेः, कर्मणः सूक्ष्मत्वेन करादिना ग्रहणविसर्जनासम्भवाच्च[१] । न च कथं तर्हि शुभाशुभकर्मणामादानं सङ्गच्छत इति वाच्यम्, शरीराहारशब्दादिविषयेषु रागद्वेषादिपरिणामेन कर्मबन्धस्यैवा-ऽऽदानरूपत्वात् । न च नित्यकर्मबन्धप्रसङ्ग इति वाच्यम्, गुप्त्यादिभिस्संवरणात् । स्वामिनेति पदेन केनाप्यपरिगृहीतस्य ग्रहणं स्तेयमिति व्युदस्तं, अपरिगृहीतस्य शास्त्रेणानुज्ञातस्य पदार्थस्य ग्रहणे शासने स्तेयत्वानुक्तेः, ननु शास्त्रस्य परत्वाभावात् परप्रदत्तानेषणीयादेर्ग्रहणे कथं स्तेयत्वमिति चेन्नैवम्, शास्त्रं हि ज्ञानमात्मपरिणामविशेषः, परिणामपरिणामिनोरभेदेन च शास्त्रस्यापि परत्वं निष्प्रत्यूहमेव ॥

१. आदानं हि ग्राह्यधार्यद्रव्यविषयत्वाद्द्रव्यैकदेशविषयं, नतु निखिलद्रव्यविषयं, ग्रहणधारणयोग्यश्च बादरपुद्गलस्कन्धरूपं द्रव्यं शरीराणि च साक्षात्, तद्द्वारा च जीवा नतु धर्मादयोऽविषयपुद्गला वा इति भावः ॥

स्तेयाश्रव-

ભાવાર્થ - સ્વામીએ નહિ આપેલ પદાર્થોને જે પોતાને આધીન કરવાથી થયેલ આશ્રવ, તે 'સ્તેય આશ્રવ.'

વિવેચન - માલિકે નહિ દીધેલ પદાર્થોને પોતાને આધીન કરવા દ્વારા થતો આશ્રવ 'સ્તેયાશ્રવ' કહેવાય છે. અહીં સ્વામીપદ જીવ-તીર્થંકર-ગુરુઓનું ઉપલક્ષક (ઉપાદાન લક્ષણા વડે પોતાને અને તેથી ઈતરનો બોધક શબ્દ) છે. તેથી સ્વામીએ નહિ દીધેલ ઘાસ વગેરેનો અથવા જીવે રાજીખૂશીથી નહિ આપેલ સચિત્ત ફળ-ફૂલ વગેરેનો, તીર્થંકરે નિષેધ કરેલ (સાધુને માટે આધાકર્મિક આહાર વગેરે ગૃહસ્થીઆશ્રી અપ્રાસુક-અનંતકાય-અભક્ષ્ય પદાર્થો વગેરે) આધાકર્મિક આહાર આદિનો, ગુરુઓએ અનુજ્ઞા નહિ આપેલ ભોજ્ય આદિનો પણ સંગ્રહ સમજવો.

શંકા - બીજાએ નહિ આપેલ આઠ પ્રકારના કર્મને ગ્રહણ કરનારને ચોરીનો દોષ ખરો કે નહિ ?

સમાધાન - દાન-આદાનની પ્રવૃત્તિ કે નિવૃત્તિયોગ્ય વસ્તુઓમાં જ દાન-આદાનની પ્રવૃત્તિ-નિવૃત્તિની ઉપપત્તિ (સંગતિ) હોવાથી કર્મમાં અસંભવ છે. અન્યથા (જો વસ્તુઓમાં દાન-આદાનની પ્રવૃત્તિ-નિવૃત્તિ ન માનવામાં આવે તો) 'સ્વામી અવિતીર્ણ' એવા પદની નિરર્થકતા આવી જાય છે. વળી કર્મનું અદૃષ્ટ-સૂક્ષ્મપણું હોવાથી હાથ વગેરેથી ગ્રહણ (લેવું) વિસર્જન (દેવું)નો કર્મમાં અસંભવ છે.

શંકા - જો આમ છે, તો શુભાશુભ કર્મોનું ગ્રહણ કેવી રીતે સંગત થાય ?

સમાધાન - શરીર, આહાર, શબ્દ આદિ વિષયોમાં રાગ-દ્વેષ આદિ પરિણામ દ્વારા કર્મબંધ જ આદાન રૂપ છે.

શંકા - ઓ હો ! નિત્ય જ કર્મબંધનો પ્રસંગ આવશે જ ને ?

સમાધાન - ગુપ્તિ, સમિતિ આદિથી કર્મનું સંવરણ થતું હોવાથી (આવતાં કર્મનો નિરોધ કરેલ હોવાથી) નિત્ય-સર્વથા નિરંતર કર્મના બંધનો પ્રસંગ નહિ જ આવે.

પદનું સાર્થક્ય-'સ્વામીએ' એવા પદથી, કોઈએ પણ નહિ ગ્રહણ કરેલ એવા પદાર્થનું ગ્રહણ સ્તેય-ચોરી છે, એવી માન્યતાનું ખંડન થાય છે, કેમ કે-જેનો કોઈ માલિક નથી અર્થાત્ કોઈએ નહિ ગ્રહણ કરેલ, શાસ્ત્રની અનુજ્ઞાવાળા પદાર્થના ગ્રહણમાં શ્રી જૈનશાસનમાં સ્તેયપણું કહેલ નથી.

શંકા - ગૃહસ્થ આપે છે, શાસ્ત્ર પ્રતિષેધ કરે છે. ત્યાં શાસ્ત્રનિષેધ મહાન્ છે પરંતુ શાસ્ત્રમાં પરપણાનો અભાવ હોવાથી બીજાએ આપેલ અનેષણીય (અશુદ્ધ) આદિના ગ્રહણમાં ચોરીનો દોષ કેવી રીતે લાગે ? કેમ કે - પર એટલે ચેતનાલક્ષણ આત્મા, તો શાસ્ત્ર પરશબ્દવાચ્ય કેવી રીતે કહેવાય ?

સમાધાન - આત્માનો વિશિષ્ટ પરિણામ રૂપ હોઈ જ્ઞાન પણ શાસ્ત્ર કહેવાય છે તે, પરિણામી આત્મામાં અભેદથી વર્તતો પરશબ્દવાચ્ય બને છે, કેમ કે- પરિણામ અને પરિણામીનો અભેદ છે. એટલે શાસ્ત્રનું પરત્વ અખંડ છે. [અહીં આદાન એટલે ગ્રહણયોગ્ય-ધારણયોગ્ય દ્રવ્યવિષય હોવાથી દ્રવ્યના એકદેશ રૂપ વિષયવાળું છે પરંતુ સર્વ દ્રવ્યરૂપ વિષયવાળું નથી. ગ્રહણ-ધારણયોગ્ય, સાક્ષાત્, બાદરપુદ્ગલસ્કંધ રૂપ દ્રવ્ય અને શરીરો છે. પુદ્ગલદ્રવ્ય દ્વારા જીવોનું ગ્રહણ-ધારણ છે, સાક્ષાત્ નથી. ધર્માસ્તિકાય આદિ અને અવિષમ-સૂક્ષ્મ પુદ્ગલો ગ્રહણ-ધારણયોગ્ય નથી, એમ સમજવું.]

अथ परिग्रहाश्रवमाख्याति—

द्रव्यादिविषयाभिकाङ्क्षाजन्याश्रवः परिग्रहाश्रवः । इत्यव्रतपञ्चकाश्रवः ।११।

द्रव्यादीति । बाह्यानां चेतनाचेतनानां रागादीनामाभ्यन्तराणामुपधीनां च संरक्षणार्जन-संस्कारादिलक्षणव्यापृतिर्द्रव्यादिविषयाभिकाङ्क्षा लोभपरिणतिरूपा विवेकभ्रंशिका तज्जन्याश्रव इत्यर्थः । तत्र बाह्यो विषयो वास्तुक्षेत्रधनधान्यशय्यासनयानकुप्यद्विचतुःपाद्भाण्डादिः, आभ्यन्तरश्च रागद्वेषक्रोधमानमायालोभमिथ्यादर्शनहास्यरत्यरतिभयशोकजुगुप्सावेदाख्य-श्चतुर्दशविधः, आदिनोपधीनां ग्रहणम् । न च यथाऽऽध्यात्मिकरागादौ जीवपरिणामस्वरूपे सङ्गः परिग्रह इत्युच्यते तथैव ज्ञानदर्शनचारित्रेष्वपि सङ्गः परिग्रहः स्यादिति वाच्यम् ज्ञानदर्शनचारित्रवतो-ऽप्रमत्तस्य मोहाभावेन परिग्रहासम्भवात्, ज्ञानादीनामहेयत्वेनात्मस्वभावानतिवृत्त्याऽपरि-ग्रहत्वाच्च । कर्मोदयतन्त्रत्वेन रागादीनामनात्मस्वभावत्वात् । शास्त्रसम्मतेषु चारित्रोप-योग्युपधिशय्याहारादिषु काङ्क्षाया आश्रवाहेतुत्वेन रागद्वेषमोहाभिप्रायकमभीतिपदम् । द्रव्यपदं द्रव्यक्षेत्रकालभावात्मकचतुर्विधपरिग्रहसूचकम् । इमे हिंसाद्याश्रवा विभागवाक्येऽव्रतपञ्चक-पदबोध्या इत्याहेतीति ॥

परिग्रहाश्रव-

ભાવાર્થ - દ્રવ્ય આદિ વિષયના લોભપરિણામી જન્યાશ્રવ, તે 'પરિગ્રહાશ્રવ.'

વિવેચન - બાહ્ય-સચિત્તાચિત્ત મિશ્રદ્રવ્યો પ્રત્યે અને અભ્યંતર રાગ આદિ પ્રત્યે કે ઉપધિઓ પ્રત્યે સંરક્ષણ-ઉપાર્જન-સંસ્કાર આદિ પ્રવૃત્તિ સંબંધી અર્થાત્ લોભની પરિણતિ રૂપ, વિવેકનો વિનાશકકારી, દ્રવ્ય આદિ વિષયની અભિકાંક્ષાજન્ય આશ્રવ 'પરિગ્રહાશ્રવ' કહેવાય છે.

ત્યાં બાહ્યવિષય-વાસ્તુ (ઘર, ગામ વગેરે), ક્ષેત્ર (ધાન્ય ઉગવાનું સ્થળ), ધન, (ચાર પ્રકારે-(૧) જેમ કે-ગણી શકાય તે 'ગણિમ.' દા. ત. સોપારી આદિ. (૨) તોળી શકાય તે 'ધરિમ' દા. ત. ગોળ આદિ. (૩) માપી શકાય તે 'મેય.' દા. ત. કાપડ આદિ. (૪) પરીક્ષાને યોગ્ય તે 'પારિચ્છેદ્ય.' દા. ત. માણેક આદિ. ધાન્ય, શય્યા, આસન, યાન (રથ આદિ વાહન), કુપ્ય (સોનું-રૂપું સિવાયની તમામ ધાતુ), દ્વિપદ, ચતુષ્પદ, ભાંડ (વાસણો-રાચરચીલું) વગેરે સમજવું.

આભ્યંતરવિષય-રાગ-દ્વેષ-ક્રોધાદિ ચાર કષાય, મિથ્યાદર્શન-હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સા-વેદ રૂપ નામવાળો ચૌદ પ્રકારનો પરિગ્રહ છે. આદિ પદથી ઉપધિઓનું ગ્રહણ કરવું.

શંકા - જેમ જીવના પરિણામ રૂપ-આધ્યાત્મિક રાગ આદિમાં (નો) સંગ એટલે પરિગ્રહ-અભ્યંતર પરિગ્રહ ગણાય છે, તેમ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં (નો) સંગ પણ આભ્યંતર પરિગ્રહ કેમ નહિ ?

સમાધાન - દર્શન-જ્ઞાન-ચારિત્રવાન્ એવા અપ્રમત્ત યોગીને મોહનો અભાવ હોઈ પરિગ્રહ નથી. જ્ઞાન-દર્શન-ચારિત્રનો સંગ પરિગ્રહ કહેવાય નહિ, કેમ કે-જ્ઞાન-દર્શન-ચારિત્ર એકાન્તે આત્માના સ્વભાવ રૂપ હોઈ આદેય-ઉપાદેય છે; જ્યારે રાગાદિ આભ્યંતર પરિગ્રહ કહેવાય છે, કેમ કે-કર્મના ઉદયને આધીન હોઈ અનાત્મજડજન્ય હોઈ જડમુખીસ્વભાવી-વિભાવ રૂપ હોઈ હેય છે.

પદકૃત્ય-ચારિત્ર પ્રત્યે શાસ્ત્રવિહિત-ઉપયોગી ઉપકરણભૂત ઉપધિ-શય્યા-આહાર આદિની ઇચ્છા આશ્રવનું કારણ નહિ હોવાથી રાગ-દ્વેષ-મોહના અભિપ્રાયદ્યોતક 'અભિ' એવું પદ છે. અર્થાત્ રાગ-દ્વેષ-મોહમૂલક કાંક્ષા-અભિકાંક્ષા-મૂર્ચ્છા, એ જ આશ્રવ રૂપ પરિગ્રહ છે એમ સમજવું. 'દ્રવ્ય' એવું પદ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ રૂપ ચાર પ્રકારના પરિગ્રહનું સૂચક છે.

આ હિંસા વગેરે આશ્રવો વિભાગવાક્યમાં 'અવ્રતપંચકપદ'થી જ્ઞેય છે, એમ સૂચન કરે છે.

अब्रह्माश्रवमाह—

सति वेदोदये औदारिकवैक्रियशरीरसंयोगादिजन्याश्रवोऽब्रह्माश्रवः ।१२।

सति वेदोदय इति । वेदोदये सति औदारिकवैक्रियशरीरसंयोगादिजन्यत्वे सति आश्रवत्वं लक्षणम् । आदिना पारस्परिकेक्षणवचनचिन्तनानां ग्रहणम् । वेदमोहोदयविरहितेनानुष्ठित-वन्दनादिकालीनशरीरसंयोगस्यास्रवनिमित्तत्वाभावसूचनाय वेदोदये सतीति । दैवमैथुना-श्रवसंग्रहाय वैक्रियेति । मानुषाद्यब्रह्मसंग्रहायौदारिकेति । मैथुनस्य स्त्रीपुंयोग एव प्रचुर-प्रयोगात् कर्म्मप्रयुक्तपुरुषद्वयादिविलक्षणसंयोगजन्याश्रवेऽव्याप्तिस्स्यादिति मैथुनशब्दं विहाय सामान्यतः शरीरसंयोग एवोक्तः । तेन स्त्रीपुंसयोः पुरुषयोः स्त्रियोश्च संयोगस्य विलक्षणस्य लाभः । अत्र वेदोदयवतोऽपि सतोऽन्यथा पुरुषादिसंयोगेऽब्रह्माश्रवप्रसङ्गवारणाय वेदोदये सतीत्यस्य वेदोदयप्रयुक्तत्वमर्थः, अन्वयश्चास्य संयोगे, उक्तसंयोगस्य वेदोदयप्रयुक्तत्वाभावान्न दोषः । न चैकस्य हस्तादिसंघट्टनादितोऽब्रह्माश्रवो न स्यादिति वाच्यम्, स्त्रीपुंसयो रत्यर्थे संयोगे परस्परकृतस्पर्शाभिमानादिवात्रापि करादिसंघट्टनात् स्पर्शाभिमानस्य तुल्यत्वात् । यथैकस्यापि पिशाचवशीकृतत्वात्सद्वितीयत्वं तथैकस्यापि वेदमोहोदयाविष्कृतकामपिशाच-वशीकृतत्वात्सद्वितीयत्वसिद्धेश्च ॥

अब्रह्माश्रव-

ભાવાર્થ - વેદનો ઉદય થયે છતે ઔદારિક-વૈક્રિય રૂપ શરીરના સંયોગ આદિ જન્યાશ્રવ, તે 'અબ્રહ્માશ્રવ.'

વિવેચન - વેદનો ઉદય થયે છતે ઔદારિક-વૈક્રિય રૂપ શરીરના સંયોગ આદિ (અહીં આદિ પદથી પરસ્પર નિરીક્ષણ-વચન-ચિંતનોનું ગ્રહણ છે.) જન્ય, એવો આશ્રવ 'અબ્રહ્માશ્રવ' છે.

पदकृत्य-वेद રૂપ મોહના ઉદયના અભાવવાળા પુરુષે કરેલ (ચૈત્ય-ગુરુ) વંદન આદિ કાલવર્તી શરીરસંયોગમાં આશ્રવના નિમિત્તપણાના અભાવના સૂચન માટે 'वेदोदय होये छते' એવું પદ મૂકેલ છે.

દેવ સંબંધી મૈથુન રૂપ આશ્રવના સંગ્રહ માટે 'वैक्रिय' આવું પદ મૂકેલ છે. મનુષ્ય આદિ અબ્રહ્મના સંગ્રહ માટે 'औदारिक' આવું પદ મૂકેલ છે.

મૈથુન શબ્દનો સ્ત્રી-પુરુષના યોગમાં જ પ્રચૂર પ્રયોગ હોવાથી કર્મજન્ય બે પુરુષ કે બે સ્ત્રી આદિના વિલક્ષણ-વિચિત્ર સંયોગજન્ય અબ્રહ્માશ્રવના લક્ષણમાં અવ્યાપ્તિના વારણ માટે મૈથુન શબ્દને છોડી સામાન્યથી 'शरीरसंयोग' એવું પદ મૂકેલ છે.

આ શરીરસંયોગ શબ્દનો પ્રયોગ, સ્ત્રી અને પુરુષના બંને પુરુષો અને બંને સ્ત્રીઓના વિલક્ષણ સંયોગનો લાભ-સ્વીકાર થાય છે.

અહીં વેદના ઉદયવાળા હોવા છતાં, અન્ય પ્રકારે પુરુષ આદિના સંયોગમાં અબ્રહ્માશ્રવના લક્ષણની અતિવ્યાપ્તિના વારણ માટે 'वेदनो उदय छते' એ વાક્યનો અર્થ 'વેદના ઉદયથી જન્ય' એમ કરવો અને આનો સંબંધ સંયોગ શબ્દની સાથે કરવો. અર્થાત્ ઉપરોક્ત સંયોગ વેદના ઉદયથી જન્ય નહિ હોવાથી દોષ નથી.

शंका - હાથ આદિનો સંઘટ્ટો આદિ પ્રકારથી એકને અબ્રહ્માશ્રવ નહિ જ થાય ને ?

समाधान - સ્ત્રી અને પુરુષના રતિ માટે સંયોગ થતાં પરસ્પર કરેલ સ્પર્શના અભિમાનથી જેમ આશ્રવ છે, તેમ અહીં પણ હાથ વગેરેના સંઘટ્ટાથી સ્પર્શના અભિમાનની સમાનતા હોવાથી આશ્રવ છે.

જેમ એક પણ પિશાચથી વશીકૃત હોવાથી બે કહેવાય છે, તેમ એક પણ વેદના મોહના ઉદયથી પ્રગટ થયેલ કામ રૂપ પિશાચથી વશીકૃત હોવાથી બે છે, એમ સિદ્ધિ સમજવી.

अधुना कायाश्रवमाह—

शरीरचेष्टाजन्याश्रवः कायाश्रवः । १३ ।

शरीरेति । शरीरपदमौदारिकायसप्तकान्यतमपरं यथौदारिककाययोग औदारिकमिश्रकाययोगो वैक्रियकाययोगो वैक्रियमिश्रकाययोग आहारककाययोग आहारकमिश्रकाययोगः कार्मणकाययोगः, तत्र प्रथमद्वितीयौ तिर्यङ्मनुष्याणामेव, केवलिसमुद्घातकाले चाद्यः प्रथमाष्टमसमययोरिष्टः, द्वितीयः केवलिसमुद्घाते द्वितीयषष्ठसप्तमसमयेषु, तृतीयो नारकदेवानां तिर्यङ्मनुष्याणाञ्च विभूतिप्राप्तानाम्, चतुर्थ औदारिकेण[१] सह ग्रहणकाले, देवनारकयोस्त्वपर्याप्तावस्थायाम् कार्मणेन सह, पञ्चम ऋद्धिप्राप्तस्य साधोरेव, षष्ठ औदारिकेण[२] सह ग्रहणकाले, सप्तमः

१. वैक्रियमिश्रं ह्यौदारिकेण कार्मणेन वा सह भवति, तत्र कार्मणेन मिश्रं देवनारकाणामपर्याप्तावस्थायां प्रथमसमयादनन्तरं, पञ्चेन्द्रियतिर्यङ्मनुष्याणाञ्च वैक्रियलब्धिमतां वैक्रियारम्भकाले वैक्रियपरित्यागकाले वा औदारिकेण मिश्रमिति भावः ॥ २. सिद्धप्रयोजनस्य चतुर्दशपूर्वविदः आहारकं परित्यज्य औदारिकमुपादानस्याऽऽहारकं प्रारभमाणस्य वा भवतीति भावः ॥

पुनर्विग्रहसमापत्तौ केवलिसमुद्घाते वा त्रिचतुर्थपञ्चमसमयेषु भवति । तत्र यथासम्भवमेभिर्जन्याश्रवः कायाश्रव इति भावः ॥

કાયાશ્રવ-

ભાવાર્થ - શરીરક્રિયાથી જન્યાશ્રવ, તે 'કાયાશ્રવ.'

વિવેચન - સાત શરીરના સમુદાય રૂપ કાયયોગ-અહીં શરીરપદ ઔદારિક વગેરે સાતના સમુદાયમાંથી કોઈ એક શરીરને ગ્રહણ કરનારું છે. જેમ કે-(૧) ઔદારિક કાયયોગ, (૨) ઔદારિક મિશ્રકાયયોગ, (૩) વૈક્રિયકાયયોગ, (૪) વૈક્રિયમિશ્રકાયયોગ, (૫) આહારક કાયયોગ, (૬) આહારક મિશ્રકાયયોગ અને (૭) કાર્મણકાયયોગ.

અધિકારી ભેદ-(૧) ઔદારિક કાયયોગ અને ઔદારિક મિશ્રકાયયોગ તિર્યંચો અને મનુષ્યોમાં જ હોય છે. કેવલીસમુદ્‌ઘાતકાળમાં પહેલા અને આઠમા સમયમાં ઔદારિક કાયયોગ હોય છે.

(૨) તે જ ઔદારિક કાયયોગ જ કાર્મણની સાથે સહચરિત 'ઔદારિક મિશ્રકાયયોગ કેવલીસમુદ્‌ઘાતમાં બીજા-છઠ્ઠા-સાતમા સમયોમાં હોય છે.

(૩) વિવિધ ક્રિયાકારણભૂત વૈક્રિયશરીરયોગ નારકી અને દેવોને તથા વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચો અને મનુષ્યોને હોય છે.

(૪) વૈક્રિયમિશ્રકાયયોગ=વૈક્રિયમિશ્ર, ઔદારિક અથવા કાર્મણ સાથે થાય છે. ત્યાં કાર્મણ સાથે મિશ્ર, દેવ-નારકોને અપર્યાપ્ત અવસ્થામાં પહેલા સમય પછી હોય છે, જ્યારે વૈક્રિયલબ્ધિવાળા પંચેન્દ્રિયતિર્યંચ મનુષ્યોને વૈક્રિય આરંભકાળમાં કે વૈક્રિયના પરિત્યાગકાળમાં ઔદારિક સાથે મિશ્ર હોય છે, એમ સમજવું.

(૫) આહારક કાયયોગ=આહારકલબ્ધિ પ્રાપ્ત સાધુને જ હોય છે.

(૬) આહારક મિશ્રકાયયોગ=આહારક લબ્ધિવંત સાધુને તે આહારક કાયયોગ ઔદારિકની સાથે આહારક મિશ્રકાયયોગ ગ્રહણકાળમાં હોય છે.

(૭) કાર્મણકાયયોગ=સર્વ કર્મના અંકુરાના બીજ રૂપ અને સાંસારિક સુખ-દુઃખના ભાજન રૂપ કર્મ જ કાર્મણશરીર, તેના વડે યોગ (વ્યાપાર) કાર્મણકાયયોગ કહેવાય છે. તે કાર્મણકાયયોગ વિગ્રહ (વક્ર) ગતિની પ્રાપ્તિમાં અથવા કેવલીસમુદ્‌ઘાતમાં ત્રીજા-ચોથા-પાંચમા સમયોમાં હોય છે.

मिथ्यात्वगुणेति । मिथ्यात्वं व्यक्ताव्यक्तभेदभिन्नं विपर्यस्तदृष्टिरूपं, तास्थ्यात्तद्व्यपदेश इति न्यायेन तद्योगाज्जीवोऽपि मिथ्यात्वं, अर्शाद्यजन्तेन वा मिथ्यात्वः, मिथ्यात्ववानित्यर्थः । तस्य यो गुणानां ज्ञानादीनां शुद्ध्यशुद्धिप्रकर्षाप्रकर्षकृतः स्वरूपविशेषः तदात्मकं स्थानं मिथ्यात्वगुणस्थानमित्यर्थः । अस्य संज्ञिपञ्चेन्द्रियतद्भिन्नजीवसम्बन्धित्वेन द्वैविध्यमित्याशयेनाह-व्यक्ताव्यक्तभेदेनेति । व्यक्ताव्यक्तहेतुनेत्यर्थः । तथा च व्यक्तमिथ्यात्ववतोऽव्यक्तमिथ्यात्ववतश्चेति तद्द्विविधमिति भावः । तत्र किंव्यक्तमिथ्यात्वं तदाह-कुदेवेति । देवगुरुधर्माभासरूपेषु देवगुरुधर्मबुद्धिरित्यर्थः, तेन यद्येषां कुत्सितत्वं तर्हि कथं देवगुरुधर्मशब्दप्रयोग इति शङ्का परास्ता । उपलक्षणमेतत् तेन जिनोपदिष्टजीवादिपदार्थेषु अश्रद्धा मिथ्याश्रद्धा विपरीतप्ररूपणा संशयकरणमनादरश्च गृह्यन्ते । तथाऽधर्मधर्मोन्मार्गमार्गाजीवजीवासाधुसाध्वमूर्त्तमूर्त्तेषु दशसु धर्माधर्ममार्गोन्मार्गजीवाजीवसाध्वसाधुमूर्त्तामूर्त्तसंज्ञानां, आभिग्रहिकानाभिग्रहिकाभिनिवेशिकसांशयिकानाञ्च मिथ्यात्वानां ग्रहणम् । अनाभोगिकं च मिथ्यात्वमव्यक्तमिथ्यात्ववत एवेति ध्येयम् । केषां व्यक्तमिथ्यात्वमित्यत्राह-इदञ्चेति । एवपदेनैकद्वित्रिचतुरसंज्ञिपञ्चेन्द्रियाणां व्यवच्छेदः, तत्र व्यक्तमिथ्यात्वक्रियाया अभावात् । ननु ज्ञानदर्शनचारित्रात्मका हि गुणाः, ज्ञानादीनां विपर्यासेन मिथ्यादृष्टौ कथं गुणस्थानसम्भव इति चेदुच्यते, तत्त्वेष्वास्थारूपजीवगुणस्य सर्वतो भावेन घातिनो मिथ्यात्वमोहनीयस्य विपाकोदयतो वस्तुप्रतिपत्तिरूपा दृष्टिर्यद्यपि विपर्यस्ता तथापि काचिन्मनुष्यपश्वादिप्रतिपत्तिरन्ततो निगोदावस्थायामपि तथाभूताव्यक्तस्पर्शमात्रप्रतिपत्तिरविपर्यस्ता भवति चन्द्रप्रभाकरप्रभायां सघनघनपटलसमाच्छादितायामपि काचित्प्रभेव । नहि तयोः प्रभा नूतनजलधरघनपटलेनैकान्तेन तिरस्कृता विनश्यति, दिनरजनिविभागाभावप्रसङ्गात् । तथा प्रबलमिथ्यादर्शनकर्मोदयेऽपि काचिदविपर्यस्ता दृष्टिर्भवतीत्येतदपेक्षया मिथ्यादृष्टेरपि गुणस्थानसम्भव उक्तः । न च कथमसौ मिथ्यादृष्टिरेव, कथंचिदविपर्यस्तप्रतिपत्त्यपेक्षया सम्यग्दृष्टित्वादिति वाच्यम्, जिनोदितैकाक्षरेऽप्यनादरे मिथ्यादृष्टित्वेनाप्रतिपन्नतत्त्वानामेषां सुतरां मिथ्यादृष्टित्वात् । न च जिनोदितसकलपदार्थाभिरोचनात्कतियपदार्थानामरोचनाच्च सम्यङ्मिथ्यादृष्टिरेवायमिति वाच्यम् । एकस्मिन्नपि वस्तुनि पर्याये वा एकान्तेन विप्रतिपत्तिं प्रतिपन्नस्यास्य मिथ्यादृष्टित्वात् । मतिदौर्बल्यादिना तत्रैकान्तेन सम्यक्परिज्ञानमिथ्यापरिज्ञानाभावत एकान्तेन श्रद्धानविप्रतिपत्त्यभाववत एव सम्यङ्मिथ्यादृष्टित्वादिति विभावनीयम् ॥

(१) પહેલા ગુણસ્થાનનું વર્ણન-

ભાવાર્થ - મિથ્યાત્વગુણસ્થાન વ્યક્ત અને અવ્યક્ત ભેદથી બે પ્રકારનું છે. કુદેવ-કુગુરુ-કુધર્મમાં સુદેવ-સુગુરુ-સુધર્મની બુદ્ધિ વ્યક્તમિથ્યાત્વ છે. વળી આ વ્યક્તમિથ્યાત્વ સંજ્ઞિપંચેન્દ્રિયોને જ હોય છે.

વિવેચન - મિથ્યાત્વ એટલે વ્યક્ત અને અવ્યક્તના ભેદવાળું વિપરીત દૃષ્ટિ રૂપ મિથ્યાત્વ કહેવાય છે. 'તેમાં રહેનાર તે' કહેવાય છે. આવા વ્યવહાર રૂપ ન્યાયના હિસાબે મિથ્યાત્વના સંબંધથી જીવ પણ મિથ્યાત્વ કહેવાય છે. અથવા 'અર્શ આદિ ગુણમાં અચ્' પ્રત્યય લાગે છે. આવા વ્યાકરણના હિસાબે મિથ્યાત્ववાળો 'મિથ્યાત્વ' કહેવાય છે. તે મિથ્યાત્વીનું જે જ્ઞાન આદિનું શુદ્ધિ-અશુદ્ધિ, પ્રકર્ષ-અપ્રકર્ષ દ્વારા કરેલ વિશિષ્ટ સ્વરૂપ, તે સ્વરૂપવિશેષ રૂપ સ્થાન 'મિથ્યાત્વગુણસ્થાન' કહેવાય છે, એવો ભાવાર્થ સમજવો.

○ આ મિથ્યાત્વગુણસ્થાન સંજ્ઞિપંચેન્દ્રિય અને સંજ્ઞિપંચેન્દ્રિયભિન્ન જીવ સંબંધી હોઈ બે પ્રકારવાળું છે. એ આશયથી કહે છે કે-'વ્યક્ત અને અવ્યક્તના ભેદથી બે પ્રકારનું' છે. અર્થાત્ વ્યક્ત-અવ્યક્ત હેતુથી બે પ્રકારનું મિથ્યાત્વ છે. તથાચ વ્યક્ત મિથ્યાત્વવાળાનું અને અવ્યક્ત મિથ્યાત્વવાળાનું, એમ મિથ્યાત્વ બે ભેદે છે. ત્યાં વ્યક્ત મિથ્યાત્વનું વર્ણન 'કુદેવ' ઇત્યાદિ પદોથી કહેલ છે. અર્થાત્ દેવઆભાસમાં, ગુરુ આભાસમાં અને ધર્મઆભાસમાં દેવબુદ્ધિ, અને ધર્મબુદ્ધિ, એ વ્યક્ત મિથ્યાત્વનો વ્યક્ત અર્થ છે. આવા કથનથી જેઓમાં જે કુત્સિતત્વ (કુત્વ) છે, તો દેવ-ગુરુ-ધર્મશબ્દનો પ્રયોગ કેમ ? આવી શંકાનું નિરસન થાય છે.

○ કુદેવથી ધર્મબુદ્ધિ પર્યંતનું પદ ઉપલક્ષણ રૂપ છે. તેથી શ્રી જિનેશ્વરદેવકથિત જીવ આદિ પદાર્થો પ્રતિ અશ્રદ્ધા, મિથ્યા શ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, સંશય કરવો અને અનાદરનું ગ્રહણ કરાય છે; તેમજ અધર્મ-ધર્મ, ઉન્માર્ગ-માર્ગ, અજીવ-જીવ, અસાધુ-સાધુ અને અમૂર્ત-મૂર્ત રૂપ દશ સ્થાનોમાં વિપરીત રૂપે ધર્મ-અધર્મ-માર્ગ-ઉન્માર્ગ-જીવ-અજીવ-સાધુ-અસાધુ અને મૂર્ત-અમૂર્ત બુદ્ધિઓનું તેમજ આભિગ્રહિક, અનાભિગ્રહિક તથા આભિનિવેશિક અને સાંશયિક રૂપ મિથ્યાત્વોનું ગ્રહણ છે. જ્યારે અવ્યક્ત મિથ્યાત્વવાળાને અનાભોગિક નામનું જ મિથ્યાત્વ હોય છે, એમ જાણવું.

○ કોને કોને વ્યક્ત મિથ્યાત્વ હોય છે ? આના જવાબમાં કહે છે કે-આ 'વ્યક્ત મિથ્યાત્વ' સંજ્ઞિપંચેન્દ્રિય જીવોને હોય છે. અહીં એવકારથી એકેન્દ્રિય-દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય અને અસંજ્ઞિપંચેન્દ્રિય જીવોનો વ્યવચ્છેદ સમજવાનો છે, કેમ કે-તે જીવોમાં વ્યક્ત મિથ્યાત્વની ક્રિયાનો અભાવ છે.

શંકા - જો જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ જ ગુણો છે, તો જ્ઞાન આદિ ગુણોનો વિપર્યાસ મિથ્યાદૃષ્ટિ જીવમાં હોઈ ગુણસ્થાનનો સંભવ કેવી રીતે ?

સમાધાન - તત્ત્વવિષયક આસ્થા રૂપ જીવ ગુણના સર્વથા ઘાતી એવા મિથ્યાત્વમોહનીયના વિપાક (રસ) રૂપ ઉદયથી વસ્તુની પ્રતિપત્તિ (નિર્ણય-જ્ઞાન) રૂપ દૃષ્ટિ જો કે વિપરીત છે, તો પણ કોઈ એક મનુષ્ય પશુ આદિ નિષ્ઠજ્ઞાન, અંતતઃ નિગોદ અવસ્થામાં પણ તથાભૂત અવ્યક્ત સ્પર્શ માત્રનું જ્ઞાન અવિપર્યસ્ત હોય છે. દા. ત. ચંદ્ર કે સૂર્યની ઘોર મેઘમાલાથી આચ્છાદિત પ્રભામાં પણ થોડી પ્રભા.

○ ચંદ્ર અને સૂર્યની પ્રભા નવીન મેઘના સઘન પડલથી એકાન્તે વિનાશયોગ્ય થતી નથી. અન્યથા દિવસ અને રાતના વિભાગના અભાવનો પ્રસંગ આવે ! તથા પ્રબળ મિથ્યાત્વનો ઉદય થતાં કોઈ એક અંશતઃ અવિપર્યસ્ત દૃષ્ટિ હોય છે. આ અપેક્ષાથી મિથ્યાદૃષ્ટિમાં પણ ગુણસ્થાનનો સંભવ કહેલો છે.

શંકા - જો આમ છે, તો આ મિથ્યાદૃષ્ટિ કેમ કહેવાય ? કેમ કે-કથંચિત્ અવિપર્યસ્ત પ્રતિપ્રત્તિ વિજ્ઞાનની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ છે ને ?

સમાધાન - શ્રી જિન-સર્વજ્ઞકથિત એક અક્ષરના પણ અનાદરમાં અપ્રતિપત્તિમાં મિથ્યાદૃષ્ટિપણું હોઈ તત્ત્વપ્રત્તિપત્તિ વગરના આ જીવોમાં અત્યંત મિથ્યાદૃષ્ટિપણું છે જ.

શંકા - શ્રી જિનકથિત સકલ પદાર્થમાંથી કેટલાક પદાર્થની રુચિ હોઈ અને કેટલાક પદાર્થની અરુચિ હોઈ, આ સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ કેમ નહિ ?

સમાધાન - એક પણ દ્રવ્યમાં કે દ્રવ્યના પર્યાયમાં એકાન્તથી વિપ્રતિપત્તિ (અસ્વીકાર)ને પામેલો આ મિથ્યાદૃષ્ટિ જ છે. અર્થાત્ મતિ-બુદ્ધિની દુર્બળતા આદિ કારણથી ત્યાં શ્રી જિનકથિત પદાર્થ માત્રમાં એકાન્તથી સમ્યક્ અને મિથ્યા રૂપ પરિજ્ઞાનના અભાવથી એકાન્તથી શ્રદ્ધાન અને અશ્રદ્ધાના અભાવવાળાને જ સમ્યગ્ મિથ્યાદૃષ્ટિપણું હોય છે- મિશ્રપણું સંભવે છે, એમ વિચારવું.

अव्यक्तमिथ्यात्वमाचष्टे—

अव्यक्तो मोहोऽव्यक्तमिथ्यात्वम् । इदमनादि । व्यक्तमिथ्यात्वप्रान्तरेव मिथ्यात्वगुणस्थानं भवेदिति केचित् । अस्य स्थितिर्भव्यजीवमाश्रित्यानादिसान्ता । सादिसान्ता च पतितभव्यस्य । अभव्यमाश्रित्यानाद्यनन्ता । ९ ।

अव्यक्त इति । अत्र मिथ्यात्वं न विपर्यस्तबुद्धिरूपम्, अव्यवहारराशिवृत्तित्वात् । किन्तु दर्शनप्रतिबन्धकमोहनीयप्रकृतिरूपमित्याशयेनोक्तमव्यक्तो मोह इति । इदञ्चाव्यक्तमिथ्यात्वं जीवेन सहानादिकालीनमित्याह-इदमिति । ननु मिथ्यादृष्टयस्सर्वाण्यपि जीवस्थानानि यद्यपि लभन्ते तथापि प्राप्तव्यक्तिमिथ्यात्वबुद्धय एव व्यवहारराशिवर्त्तिनो जीवाः प्रथमगुणस्थानं लभन्त इति रत्नशेखरसूरीणामभिप्रायं दर्शयति व्यक्तमिथ्यात्वेति । एव शब्देनाव्यवहारराशिवर्त्तिनामन्येषाञ्चाव्यक्तमिथ्यात्वभाजां व्युदासः । गुणस्थानबहिर्भूतस्य संसारिणो जीवस्य कस्याप्यभावादव्यक्तमिथ्यात्वभाज्जोऽपि प्रथमगुणस्थानान्तर्गता एवेति ग्रन्थकृदाशयः । मिथ्यात्वस्य कालचिन्तायामाह-अस्येति । मिथ्यात्वस्येत्यर्थः । चतुर्धा हि तस्य कालविभागस्सम्भवति, अनाद्यनन्तानादिसान्तसाद्यनन्तसादिसान्तभेदात् । तत्र भव्यजीवमाश्रित्याहभव्यजीवमाश्रित्येति । जातिभव्येतरभव्यजीवमाश्रित्येत्यर्थः, अनादिसन्तेति । अनादिमिथ्यादृष्टेर्भव्यजीवस्य सम्यक्त्वावाप्तौ सत्यां मिथ्यात्वस्य सान्तत्वादिति भावः । पतितभव्यस्येति ।

अनादिमिथ्यादृष्टेस्सम्यक्त्ववतः केनचिदपि कारणेन पुनः पतितस्य यन्मिथ्यात्वं तस्य तत्सादित्वात् तत्र च जघन्यतोऽन्तर्मुहूर्तं उत्कर्षेणार्हदादिप्रचुराशातनापापबहुलतयाऽपार्धपुद्गलपरावर्त्तं यावदुषित्वा पुनरपि सम्यक्त्वलाभे सान्तत्वाच्च । यस्तु पुनरभव्यस्तस्य मिथ्यात्वमनाद्यनन्तं, अनादिकालात्तस्मिन् सद्भावात्, आमामिकालेऽपि च तदभावासम्भवादित्याशयेनाह-अभव्यमाश्रित्येति । त्रयाणामेव भङ्गानां कण्ठतः प्रतिपादनात्साद्यनन्तत्वं तस्य न संभवतीति सूचितम्, प्रतिपतितसम्यग्दृष्टीनां मिथ्यात्वस्यैव सादित्वेन तेषामवश्यं पुनस्सम्यक्त्वलाभेन मिथ्यात्वस्यानन्तत्वासम्भवादिति भावः । एतादृशस्वामिकत्वेन प्रथमगुणस्थानकमपि तावत्कालप्रमाणमवसेयम् । अत्रस्थो जीवो बन्धयोग्यकर्मप्रकृतिषु विंशत्युत्तरशतसंख्याकासु तीर्थकृत्कर्माहारकद्वयं च विहायान्यासां बन्धकः । उदयप्रायोग्यकर्मप्रकृतीनां द्वाविंशत्युत्तरशतसंख्याकानां मध्यान्मिश्रसम्यक्त्वाऽऽहारकद्विकतीर्थकृत्कर्मेति पञ्चप्रकृतीनामनुदयेन शेषाणां वेदयिता, अष्टचत्वारिंशदधिकशतसत्ताकश्च भवति ॥

અવ્યક્ત મિથ્યાત્વનું વિવેચન-

ભાવાર્થ - અવ્યક્ત દર્શનમોહ અને અવ્યક્ત મિથ્યાત્વ અનાદિકાળથી છે. વ્યક્ત મિથ્યાત્વ પામનારમાં જ મિથ્યાત્વગુણસ્થાન હોય એમ કેટલાક માને છે. આ મિથ્યાત્વની સ્થિતિ ભવ્ય જીવની અપેક્ષાએ અનાદિસાન્ત, પતિત ભવ્યને અપેક્ષી સાદિસાન્ત અને અભવ્ય જીવને અનુલક્ષી અનાદિઅનંત છે.

વિવેચન - અવ્યક્ત મિથ્યાત્વ વિપર્યસ્ત બુદ્ધિ રૂપ નથી, કેમ કે-અવ્યવહારરાશિસ્થ જીવમાં વર્તનાર છે, કિન્તુ દર્શનપ્રતિબંધક મોહનીય પ્રકૃતિ રૂપ છે. આવા આશયથી કહેલ છે કે- 'અવ્યક્તમોહ અવ્યક્ત મિથ્યાત્વ છે. આ અવ્યક્ત મિથ્યાત્વ જીવની સાથે અનાદિકાળથી રહેનાર હોઈ 'આ અનાદિ' છે-એમ કહ્યું છે.

○ જો કે મિથ્યાદૃષ્ટિઓ સઘળાય જીવસ્થાનોને (ચૌદ જીવસ્થાનોને) પામે છે, તો પણ વ્યક્ત મિથ્યાત્વ બુદ્ધિને પામેલા જ વ્યવહારરાશિસ્થ જીવો પ્રથમ ગુણસ્થાનને પામે છે. આવા શ્રી રત્નશેખરસૂરિજીના અભિપ્રાયને દર્શાવે છે કે-'વ્યક્ત મિથ્યાત્વ પામેલાને જ મિથ્યાત્વગુણસ્થાનક હોય.' અહીં એવ(જ) કાર શબ્દથી અવ્યવહારરાશિસ્થ જીવોનો અને અવ્યક્ત મિથ્યાત્વવાળા બીજા જીવોનો વ્યવચ્છેદ છે.

○ આ ગ્રંથકારનો એવો આશય છે કે-ગુણસ્થાનથી બહાર શૂન્ય થયેલ એવો કોઈ પણ સંસારી જીવ નહિ હોવાથી અવ્યક્ત મિથ્યાત્વવાળાઓ પણ પ્રથમ ગુણસ્થાનકસ્થ છે જ.

○ મિથ્યાત્વની સ્થિતિની ચિંતામાં કહે છે કે-'આ મિથ્યાત્વની' સ્થિતિ ઇત્યાદિ.

તે મિથ્યાત્વના કાળનો વિભાગ ચાર પ્રકારે સંભવ છે. અર્થાત્ ૧-અનાદિઅનંત, ૨-અનાદિસાંત, ૩-સાદિઅનંત અને ૪-સાદિસાંત, એમ ભેદે કરી ચાર પ્રકારની સ્થિતિ છે.

---

१. सम्यक्त्वगुणनिमित्तकत्वात्तीर्थंकरनामबन्धस्याहारकद्वयस्याप्रमत्तयतिसम्बन्धिसंयमनिमित्तकत्वाच्चेति भावः ॥

○ ત્યાં ભવ્ય જીવને લક્ષી કહે છે કે-'ભવ્ય જીવને આશ્રી' અર્થાત્ જાતિભવ્યથી ભિન્ન-બીજા ભવ્ય જીવની અપેક્ષાએ અનાદિસાંત સ્થિતિ છે, કેમ કે-અનાદિ મિથ્યાદૃષ્ટિ એવા ભવ્ય જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ હોય છે, તે મિથ્યાત્વનું સાંતપણું છે એમ સમજવું.

○ 'પતિત ભવ્યની અપેક્ષાએ સાદિસાંત મિથ્યાત્વ,' અર્થાત્ જ્યારે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વવાળો થયા પછી સમકિત કોઈ એક કારણથી પડી ગયું, એટલે સમકિતથી પડેલા જીવનું જે મિથ્યાત્વ આદિવાળું હોઈ સાદિ, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી શ્રી જિનેશ્વરદેવ આદિની પ્રચૂર આશાતનાજન્ય પાપથી ભારેકર્મી થવાથી અપાર્ધ પુદ્ગલપરાવર્તકાળ સુધી રહી ફરીથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી સાંત છે.

○ વળી જે અભવ્ય છે, તેનું મિથ્યાત્વ અનાદિઅનંત છે. ભવિષ્યકાળમાં પણ તે મિથ્યાત્વના અભાવનો અસંભવ છે. આવા આશયથી કહે છે કે- 'અભવ્યને આશ્રી' ઇત્યાદિ.

○ ત્રણ પ્રકારોનું જ શબ્દથી પ્રતિપાદન હોઈ સાદિઅનંત નામનો મિથ્યાત્વનો પ્રકાર સંભવતો નથી, એમ સૂચિત કરેલ છે, કેમ કે-પતિત સમ્યગ્દૃષ્ટિવાળા જીવોમાં મિથ્યાત્વનું સાદિપણું હોઈ, તે જીવોમાં ફરીથી અવશ્ય નિયમા સમ્યક્ત્વનો લાભ થવાથી મિથ્યાત્વના અનંતપણાનો અસંભવ છે.

○ આવા આવા મિથ્યાત્વના સ્વામી હોઈ પ્રથમ ગુણસ્થાનક પણ તેટલા કાળપ્રમાણવાળું જાણવું.

○ પ્રથમ ગુણસ્થાનકમાં રહેલો જીવ, બંધયોગ્ય ૧૨૦ પ્રકૃતિઓમાંથી ૧-શ્રી તીર્થંકરનામકર્મ (સમ્યક્ત્વગુણનું નિમિત્ત પામીને બંધાય છે માટે), ૨-આહારકશરીર અને ૩-આહારક અંગોપાંગ રૂપ આહારક દ્વિક. (અપ્રમત્ત સાધુ સંબંધી સંયમનું નિમિત્ત પામીને બંધાય છે માટે) આ ત્રણ પ્રકૃતિઓને છોડી (સિવાય) ૧૧૭ કર્મપ્રકૃતિઓને બાંધનારો હોય છે.

○ ઉદયને યોગ્ય ૧૨૨ સંખ્યાવાળી કર્મપ્રકૃતિઓનાં મધ્યમાંથી ૧-મિશ્રમોહનીય, ૨-સમ્યક્ત્વમોહનીય, ૩-૪-આહારક દ્વિક અને ૫-તીર્થંકરનામકર્મ, એ પાંચ કર્મપ્રકૃતિઓનો ઉદય ન હોઈ ૧૧૭ કર્મપ્રકૃતિઓના ઉદયવાળો પ્રથમ ગુણસ્થાનકસ્થ જીવ હોય છે.

○ ૧૪૮ કર્મપ્રકૃતિઓની સત્તાવાળો પ્રથમ ગુણસ્થાનકસ્થ જીવ હોય છે.

[મિથ્યાત્વ આદિ હેતુઓ દ્વારા નવીન જ્ઞાનાવરણ આદિ કર્મનું ગ્રહણ બંધ કહેવાય છે. સ્વસ્થિતિ પ્રમાણે બાંધેલા કર્મપુદ્ગલોના ઉદયનો સમય પ્રાપ્ત થતાં, વિપાક અનુભવ રૂપે વેદવું-ભોગવવું તે ઉદય. બંધાયેલ જ્ઞાનાવરણ આદિ યોગ્ય પરમાણુ રૂપ કર્મોની સ્થિતિ સત્તા કહેવાય છે.]

अथ द्वितीयगुणस्थानस्वरूपं निरूपयति—

उपशमसम्यक्त्वपतितस्यानवाप्तमिथ्यात्वस्य सर्वथा यदपरित्यक्तसम्यक्त्वतयाऽवस्थानं तत्सास्वादनगुणस्थानम् । समयादिषडावलिकाकालपर्यन्तमिदम् । १० ।

उपशमेति । उपशमसम्यक्त्ववान् हि जीवो यदा शान्तानामनन्तानुबन्धिनां क्रोधादीनामन्यतमे उदीर्णे सत्युपशमसम्यक्त्वात्पतितो भवति परन्तु स यावन्मिथ्यात्वं नोपयाति तावन्मध्ये

पायसभुक्तवान्तस्य कञ्चन समयं क्षीरान्नरसस्वादानुवृत्तिरिव तस्य सम्यक्त्वरसानुवृत्तिर्भवति, एवम्भूततया तस्य यदवस्थानं तत्सास्वादनगुणस्थानं, सम्यक्त्वरसास्वादेन सह वर्त्तत इति सास्वादनस्तस्य गुणस्थानमिति व्युत्पत्तेरित्यर्थः । सासादनगुणस्थानं सासातनगुणस्थानञ्चेत्यस्यैव नामान्तरम् । तच्चेत्थमवसेयम्, संसारमाहासागरान्तःपतितो जीवो मिथ्यादर्शनमोहनीय-निदानानि यावदनन्तपुद्गलपरावर्त्ताननेकशारीरिकमानसिकदुःखलक्षाण्यनुभूय कथमपि भव्यत्व-परिपाकेनानाभोगनिर्वर्त्तितेनाध्यवसायविशेषेण यथाप्रवृत्तिकरणेनाऽऽयुर्वर्जानि ज्ञानावरणीयादि-कर्माणि सर्वाण्यपि पल्योपमासंख्येयभागन्यूनैकसागरोपमकोटीकोटिस्थितानि करोति, अत्र चान्तरे गुरुतरकठोरतरुग्रन्थिवद्दुर्भेदः कर्मपरिणामजन्यो जीवस्य घनरागद्वेषपरिणामरूपो-ऽऽभिन्नपूर्वो ग्रन्थिर्भवति, यथाप्रवृत्तिकरणेन कर्म क्षपयित्वा ग्रन्थिमिमां यावदभव्या-अप्यनेकशः समागच्छन्ति । ततो ग्रन्थिभेदविधानासमर्थाः पुनरपि कर्माण्युत्कृष्टस्थितिकानि संक्लेशवशा बध्नन्ति । यः पुनर्महात्मा कश्चिदासन्ननिर्वृतिसुखो दुर्धर्षवीर्यवानपूर्वकरणस्वरूपेण परमविशुद्धिविशेषेण विधाय भेदं तद्ग्रन्थेः मिथ्यात्वमोहनीयकर्मस्थितेरन्तर्मुहूर्त्तमुदय-क्षमादुपरि गत्वाऽनिवृत्तिकरणसंज्ञितेनान्तर्मुहूर्त्तकालमानं तत्प्रदेशवेद्यदलिकान्तर्मुहूर्त्तमाना-ऽन्तरकरणादधस्तनी प्रथमा, तत उपरितनी द्वितीया, तत्र प्रथमस्थितौ मिथ्यादृष्टिरेव, मिथ्यात्वदलिकवेदनात्, अन्तर्मुहूर्त्तेनापगतायाञ्च तस्यामन्तरकरणस्याद्य एव समये औपशमिकं सम्यक्त्वमवाप्नोति, मिथ्यात्वदलिकवेदनाभावात् । तस्याञ्चोपशान्ताद्धायामान्तर्मौहूर्त्तिक्यां जघन्येन समयशेषायामुत्कर्षेण षडावलिकाशेषायां कस्यचित्पुंसः केनचिन्निमित्तविशेषेणा-नन्तानुबन्ध्युदयो भवति, तदानीमसौ सास्वादनगुणस्थाने वर्त्तते, उपशमश्रेणिप्रतिपतितो वा सास्वादनत्वं यातीति कार्मग्रन्थिकमतम्, सिद्धान्तमते तु श्रेण्यास्समाप्तौ प्रतिपततः प्रमत्तगुणस्थाने-ऽप्रमत्तगुणस्थाने वाऽवतिष्ठते, कालगतस्तु देवेष्वविरतो भवतीति । सास्वादनोत्तरकालञ्चा-ऽवश्यं मिथ्यात्वोदयादयं मिथ्यादृष्टिर्भवतीति । स कियन्तं कालमस्मिन् गुणस्थाने वर्त्तत इत्यत्राह-समयादीति । जघन्येनैकः समय उत्कर्षेण षडावलिकाप्रमाणं, तत ऊर्ध्वं मिथ्यात्वोपगमात्, आवलिका चाऽसंख्यातसमयसमुदायरूपेति भावः ॥

બીજા ગુણસ્થાનના સ્વરૂપનું વર્ણન-

ભાવાર્થ - મિથ્યાત્વને નહિ પામેલ, ઔપશમિક સમકિતથી પડતા જીવનું જે સર્વથા સમ્યક્ત્વના અપરિત્યાગ રૂપે રહેવું, તે 'સાસ્વાદન ગુણસ્થાન.' આ જઘન્યથી સમય અને ઉત્કૃષ્ટતાથી છ આવલિકા સુધીનું છે.

વિવેચન - ખરેખર, ઉપશમ સમકિતવાળો જીવ જ્યારે શાન્ત એવા અનંતાનુબંધી ક્રોધ આદિમાં કોઈ એકનો ઉદય થવાથી ઉપશમ સમકિતથી પડેલો થાય છે, પરંતુ તે જ્યાં સુધી મિથ્યાત્વે ગયો નથી, ત્યાં સુધીના વચગાળામાં પહેલાં પાયસ (ખીર, દૂધપાક વગેરે) ખાધા પછી, ઉલટી કરનારને થોડાક સમય સુધી જેમ ખીરના રસના સ્વાદની અનુવૃત્તિ (અનુસંધાન) હોય છે, તેમ તે જીવને સમ્યક્ત્વરસની અનુવૃત્તિ હોય છે. આવી રીતે તેનું જે રહેવું, તે 'सास्वादन गुणस्थान.' અર્થાત્ સમ્યક્ત્વરસના આસ્વાદનની સાથે જે જીવ રહે, તે સાસ્વાદન જીવ કહેવાય છે. તેનું ગુણસ્થાન, તે 'सास्वादन गुणस्थान.' આવી વ્યુત્પત્તિથી પણ આવો અર્થ સમજવો.

○ सासादन गुणस्थान, साशातन गुणस्थान-એમ આનાં બીજાં નામો જાણવા.

તે આ પ્રમાણે જાણવું કે-સંસાર રૂપ મહાસાગરમાં પડેલો જીવ, મિથ્યાદર્શન મોહનીયજન્ય, અનંત પુદ્ગલપરાવર્ત્તકાળ સુધી અનેક શારીરિક-માનસિક લાખ્ખો દુઃખોને અનુભવીને, કોઈપણ રીતે ભવ્યતાના પરિપાકથી અનુભોગ(વિના ઇરાદે)થી થયેલ વિશિષ્ટ અધ્યવસાયથી યથાપ્રવૃત્તિ નામના કરણથી આયુષ્યકર્મ સિવાયના જ્ઞાનાવરણાદિ સર્વ કર્મોને પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એક સાગરોપમ કોડાકોડી સ્થિતિવાળા બનાવે છે. અહીં આગળ આ વખતે એકદમ ભારે કઠિન વૃક્ષની ગાંઠની માફક દુર્ભેદ્ય કર્મપરિણામથી જન્ય જીવનો ઘન-ગાઢ રાગ-દ્વેષ પરિણામ રૂપ પહેલાં કદી નહિ ભેદાયેલ એવી ગાંઠ હોય છે. યથાપ્રવૃત્તિકરણ દ્વારા કર્મ ખપાવીને આ ગાંઠ સુધી અભવ્યો પણ અનેકવાર આવે છે. ત્યારબાદ ગ્રંથીભેદ કરવામાં અસમર્થ, ફરીથી પણ સંકલેશવશે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા કર્મો બાંધે છે. વળી જે મહાત્મા, કોઈ એક નજીક મોક્ષસુખવાળો, દુર્ધર્ષ (અજેય) વીર્યવાળો અને અપૂર્વકરણસ્વરૂપ વિશિષ્ટ પરમ વિશુદ્ધિથી તે ગ્રંથિના ભેદને કરી, મિથ્યાત્વમોહનીય કર્મસ્થિતિના અંતર્મુહૂર્ત્તના કાલમાન સુધી કરે છે. તે કર્યે છતે તે કર્મની બે સ્થિતિ થાય છે. ૧-અંતર્મુહૂર્ત્ત માનવાળી અંતરકરણથી નીચેની પહેલી અને ૨-તેનાથી ઉપરની બીજી સ્થિતિ કહેવાય છે. ત્યાં પ્રથમ સ્થિતિમાં મિથ્યાદૃષ્ટિ જ હોય છે, કેમ કે-મિથ્યાત્વના દળિયાનો અનુભવ છે; અને અંતર્મુહૂર્ત્ત બાદ તે દૂર થયે છતે અંતકરણના પંહેલા જ સમયમાં ઔપશમિક સમ્યક્ત્વ પામે છે, કેમ કે-મિથ્યાત્વના દળિયાના અનુભવનો અભાવ છે. (અહીં જીવ પ્રથમ સ્થિતિના દલિકોને જ્યારે પૂરેપૂરા ભોગવી રહે છે અને સાથે સાથે બીજી સ્થિતિના દલિકોને જેમ રાખ અગ્નિને ઢાંકે છે, તેમ ભારેલા અગ્નિની માફક જેમ ઉદયમાં ન જ આવે, અંતર્મુહૂર્ત્ત સુધી તો ભોગવવા ન જ પડે, એવી રીતે દબાવી રાખે છે.) તે અંતર્મુહૂર્ત્તની ઉપશાન્ત અદ્ધામાં જઘન્યથી એક સમય બાકી રહે છતે, ઉત્કૃર્ષથી છ આવલિકા બાકી છતે, કોઈ એક પુરુષને કોઈ એક વિશિષ્ટ નિમિત્તથી અનંતાનુબંધીનો ઉદય થાય છે, ત્યારે આ જીવ સાસ્વાદન ગુણસ્થાનમાં વર્તે છે, અથવા ઉપશમશ્રેણીથી પડેલો જીવ સાસ્વાદનપણાને પામે છે. આ પ્રમાણેનો કાર્મગ્રંથિક મત છે. સિદ્ધાન્તમતમાં તો શ્રેણીની સમાપ્તિ બાદ પડેલો જીવ પ્રમત્ત ગુણસ્થાનમાં કે અપ્રમત્તગુણસ્થાનમાં રહે છે. કાળ પામેલો દેવોમાં અવિરત થાય છે. સાસ્વાદનના ઉત્તરકાળમાં અવશ્ય મિથ્યાત્વના ઉદયથી આ મિથ્યાદૃષ્ટિ થાય છે. તે કેટલા કાળ સુધી આ ગુણસ્થાનમાં રહે છે ? એના જવાબમાં 'समयादि' વગેરે કહેલ છે. અર્થાત્ જઘન્યથી એક સમય સુધી અને ઉત્કર્ષથી છ આવલિકા સુધી અહીં તે રહે છે. ત્યારબાદ તે મિથ્યાત્વને પામે છે. વળી આવલિકા એટલે અસંખ્યાત સમયોના સમુદાય રૂપ આવલિકા છે, આવો ભાવ સમજવો.

અવતરણિકા - ત્યાં ઉપશમસમકિત કોને કહેવાય છે ? કે જે સમકિતથી પડેલો, મિથ્યાત્વને નહિ પામેલો અને સાસ્વાદન ગુણસ્થાનનો ભજનારો થાય છે. માટે ઉપશમ સમ્યક્ત્વનો અર્થ-

तत्र किं तावदुपशमसम्यक्त्वं यस्मात्पतितोऽनवाप्तमिथ्यात्वस्सास्वादनगुणस्थान-भाग्भवतीत्यत्राह-

अनादिकालानुवृत्तमिथ्यात्वप्रथमकषायचतुष्कोपशमनजन्यं सम्यक्त्वमुपशमसम्यक्त्वम् । तद् द्विविधमन्तरकरणजन्यं स्वश्रेणिजन्यञ्चेति । उपशमसम्यक्त्वं करणत्रयापेक्षम् । ११ ।

अनादिकालेति । अनादिकालादनुवृत्तं यन्मिथ्यात्वं यच्च प्रथमकषायचतुष्कमनन्तानुबन्धिक्रोधमानमायालोभरूपं तस्योपशमेन जन्यं यत्सम्यक्त्वं तदुपशमसम्यक्त्वमित्यर्थः । एकस्यापि क्रोधादेरुदये प्रतिपातात् । एतस्य सम्यक्त्वस्य द्वैविध्यमाह-अन्तरेति । तत्रापूर्वकरणेनैव कृतग्रन्थिभेदस्य मिथ्यात्वपुद्गलराशेरकृतमिथ्यात्वमिश्रसम्यक्त्वरूपत्रिपुञ्जस्यानिवृत्तिकरणेनोदीर्णे मिथ्यात्वे क्षीणेऽनवाप्तेऽनुदीर्णे चान्तरकरणादन्तर्मुहूर्त्तकालं यावत् सर्वथा मिथ्यात्वावेदकस्यान्तरकरणौपशमिकसम्यक्त्वं भवति । उपशमश्रेणिं प्रपन्नस्य तु मिथ्यात्वस्यानन्तानुबन्धिनाञ्चोपशमे स्वश्रेणिगतमुपशमसम्यक्त्वं भवतीति बोध्यम् । नन्वन्तरकरणजन्यमुपशमसम्यक्त्वमुक्तं तत्र किं नामान्तरकरणमिति शङ्कायामुपशमसम्यक्त्वोपयोगिकरणत्रयप्रदर्शनद्वारेण तद्विदर्शयिषुः प्राहोपशमेति ॥

ભાવાર્થ - અનાદિકાળથી અનુવૃત્ત પાછળ ચાલતું મિથ્યાત્વ, અનંતાનુબંધી ચાર કષાયોના ઉપશમથી જન્ય 'સમ્યક્ત્વ-ઉપશમ સમ્યક્ત્વ' એમ બે પ્રકારનું છે. ૧-અંતરકરણથી જન્ય અને ૨-ઉપશમશ્રેણીથી જન્ય, એમ બે પ્રકારનું છે. વળી ત્રણ કરણની અપેક્ષાવાળું ઉપશમ સમકિત છે.

વિવેચન - અનાદિકાળથી અનુવૃત્તિવાળું મિથ્યાત્વ અને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ રૂપ ચાર કષાયો (કષાયચોકડી)-એમ પાંચના ઉપશમથી જન્ય જે સમ્યક્ત્વ, તે 'ઉપશમ સમ્યક્ત્વ' કહેવાય છે, કેમ કે- એકાદ ક્રોધ આદિનો ઉદય થતાં પડનારું છે. આ સમકિતના બે પ્રકાર કહે છે કે - 'અંતકરણજન્ય અને સ્વશ્રેણિજન્ય-એમ બે પ્રકારનું ઉપશમ સમ્યક્ત્વ છે.' ત્યાં અપૂર્વકરણ દ્વારા કરેલ ગ્રંથિભેદવાળું અને મિથ્યાત્વના પુદ્ગલોની રાશિમાંથી મિથ્યાત્વ-સમ્યક્ત્વ રૂપ ત્રણ પુંજને નહિ કરનારને, અનિવૃત્તિકરણ દ્વારા ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય કરે છે અને નહિ પ્રાપ્ત થયેલ મિથ્યાત્વના ઉદયનો અભાવ કર્યે છતે જે ક્ષયને (અંતકરણથી) અંતર્મુહૂર્ત્ત કાળ સુધી સર્વથા મિથ્યાત્વના વેદન નહિ કરનારને અંતકરણજન્ય ઔપશમિક સમ્યક્ત્વ હોય છે. (જેમ વનમાં દાવાનળ લાગ્યો હોય અને તે દાવાનળ પ્રસરતાં જ્યારે ઉખરભૂમિમાં આવે ત્યારે તે આપોઆપ ઓલવાઈ જાય, તેમ પ્રસ્તુતમાં મિથ્યાત્વવેદન રૂપ દાવાનળ અંતરકરણ રૂપ ઉખરભૂમિને પ્રાપ્ત થતાં શમી જાય છે.)

જે ઉપશમશ્રેણિને પ્રાપ્ત કરનારને તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચાર કષાયોનો ઉપશમ કર્યે છતે સ્વ (ઉપશમ) શ્રેણિગત ઉપશમ સમ્યક્ત્વ હોય છે, એમ સમજવું.

શંકા - અંતરકરણજન્ય ઉપશમ સમ્યક્ત્વ જે કહ્યું, ત્યાં અંતકરણ એટલે શું ?

સમાધાન - ઉપશમ સમ્યક્ત્વમાં ઉપયોગી ત્રણ કરણના પ્રદર્શન દ્વારા તે અંતરકરણને કહે છે.

અવતરણિકા - ત્યાં ત્રણ કરણનો અર્થ શો છે ? આ શંકાના જવાબમાં કહે છે કે-

तत्र किं नाम करणत्रयमित्यत्राह—

करणत्रयन्तु यथाप्रवृत्त्यपूर्वानिवृत्तिकरणरूपम् । आयुर्वर्जसप्तकर्मणस्स्थितिं पल्योपमासंख्येयभागहीनैककोटीकोटीपरिमाणां विधायाभिन्नपूर्वघनीभूतरागद्वेषात्मकग्रन्थिसमीपगमनानुकूलाध्यवसायो यथाप्रवृत्तिकरणम् । घनीभूतरागद्वेषग्रन्थिभेदनप्रयोजकापूर्वाध्यवसायोऽपूर्वकरणम् । मिथ्यात्वस्थितेरन्तर्मुहूर्त्तमुदयक्षणादुपर्यतिक्रम्योपरितनीं विष्कम्भयित्वान्तर्मुहूर्त्तपरिमाणं तत्प्रदेशवेद्यदलिकाभावप्रयोजकाध्यवसायोऽनिवृत्तिकरणम् । तादृशतत्प्रदेशवेद्यदलिकाभावोऽन्तरकरणम् । १२ ।

करणेति । यथाप्रवृत्तिकरणमपूर्वकरणमनिवृत्तिकरणञ्चेत्यर्थः । यथाप्रवृत्तिकरणस्वरूपमाह आयुरिति । आयुष उत्कृष्टस्थितेस्त्रयस्त्रिंशत्सागरोपमरूपत्वात्सागरोपमकोटीकोट्यन्तर्गतत्वेन तद्भिन्नत्वमुक्तम्, एवञ्च यादृशाध्यवसायविशेषादनाभोगनिर्वर्त्तितात् तद्भिन्नानि ज्ञानावरणादिकर्माणि निखिलान्यपि पृथक्पृथक्पल्योपमासंख्यातभागहीनैकसागरोपमकोटीकोटीस्थितिकानि भवन्ति, ततश्च कर्कशकर्मपटलापहस्ततवीर्यविशेषैरसुमद्भिः कर्मपरिणामजनितो दुर्भेदोऽभिन्नपूर्वो घनरागद्वेषरूपो ग्रन्थिः प्राप्यते तादृशाध्यवसायविशेषो यथाप्रवृत्तिकरणमित्यर्थः[१] । अधिकारी चास्य तथाभव्यत्वपरिपाकी किञ्चिन्न्यूनापार्धपुद्गलपरावर्त्तावशेषसंसारश्शुक्लपाक्षिकः, कृष्णपाक्षिकोऽभव्यो वा । आद्यो ग्रन्थिभेदं विधाय सम्यक्त्वं प्राप्नोति । द्वितीयस्त्वकृत्वा तद्भेदं पुनः परावर्त्तते । अस्यैवाथाप्रवृत्तकरणमपूर्वप्रवृत्तकरणमिति च नामान्तरम् । ग्रन्थिं समतिक्रामतो यत्करणं तदाह-घनीभूतेति । ये समुदञ्चितादभ्रदुर्वारवीर्यप्रसरा उत्कर्षतोऽपार्धपुद्गलपरावर्त्तान्तर्भाविसंसारित्वेनासन्ननिर्वृतिसुखा अननुभूतपूर्वं तं ग्रन्थिं येनाध्यव-

---

१. **अनादिकालादारभ्य यावद्ग्रन्थिस्थानं तावत्प्रथमं यथाप्रवृत्तकरणं भवति, कर्मक्षपणनिबन्धनस्याध्यवसायमात्रस्य सर्वदैव भावात्, अष्टानां कर्मप्रकृतीनामुदयप्राप्तानां सर्वदैव क्षपणात् । ग्रन्थिं समतिक्रामतोऽपूर्वकरणं, प्राक्तनाद्विशुद्धतराध्यवसायरूपेण तेनैव ग्रन्थेर्भेदात् । अभिमुखसम्यक्त्वे जीवेऽनिवृत्तिकरणं भवति तत एवातिशुद्धतमाध्यवसायादनन्तरं सम्यक्त्वलाभात् ॥**

सायविशेषेण भिन्दन्ति सोऽध्यवसायो जीवस्यापूर्वकरणमुच्यते । अस्य प्रथम समये विशुद्धिर्जघन्याऽल्पा च, तस्यैवोत्कृष्टानन्तगुणा, द्वितीयसमये जघन्याऽनन्तगुणा इत्येवं क्रमेण यावदन्तर्मुहूर्त्तपरिसमाप्ति भाव्यम् । अथ तृतीयमनिवृत्तिकरणमभिधत्ते-मिथ्यात्वेति । यादृशविशिष्टतरविशुद्धाध्यवसायमारूढो जीवः स्वाद्धायास्संख्येयेषु भागेषु गतेषु एकस्मिंश्च संख्येयतमे भागेऽवशिष्टे उदयक्षणादुपरि मिथ्यात्वस्थितेरन्तर्मुहूर्त्तमतिक्रम्योपरितनीञ्च विष्कम्भयित्वाऽन्तर्मुहूर्त्तकालपरिमाणं तत्प्रदेशवेद्यदलिकाभावं करोति सोऽध्यवसायविशेषोऽनिवृत्तिकरणमित्यर्थः । आसन्नसम्यक्त्वे जीवेऽनिवृत्तिकरणं भवति । अनेन च मिथ्यात्वकर्मणः स्थितिद्वयं जायत इति विज्ञेयम् । यत्र प्रविष्टानामखिलानां जीवानां समानकालीनानामेकाध्यवसायस्थानान्निवृत्तिर्व्यावृत्तिर्न भवति तदनिवृत्तिकरणं, अत्र हि प्रथमे समये ये वर्तन्ते वृत्ता वर्त्तिष्यन्ते च सर्वेषां तेषामेकमेवाध्यवसायस्थानम्, द्वितीये समयेऽपि तथैव, किन्तु प्रथमसमयभाविविशोधिस्थानापेक्षयाऽनन्तगुणमध्यवसायस्थानमेवमेव यावदनिवृत्तिकरणचरमसमयं विभाव्यम् । अनिवृत्तिकरणाद्धायास्संख्येयेषु भागेषु गतेषु एकस्मिंश्च संख्येयतमे भागेऽवशेषेमिथ्यात्वस्यान्तरकरणं करोति, अपूर्वकरणेऽनिवृत्तिकरणे च स्थितिघातरसघातगुणश्रेणिगुणसंक्रमा भवन्ति । करणत्रयञ्च प्रत्येकमन्तर्मुहूर्त्तकालमानम्, करणत्रयकालोऽप्यन्तर्मुहूर्त्तप्रमाण एव, अन्तर्मुहूर्त्तस्यासंख्येयभेदत्वादिति ॥

इत्थं संक्षेपेण करणत्रये निरूपिते सुज्ञानमेवान्तरकरणमपीति तत्स्वरूपमाह-तादृशेति । अन्तर्मुहूर्त्तकालमानेत्यर्थः । तन्निष्पादनकालोऽप्यन्तरकरणकाल एव, सोऽप्यन्तर्मुहूर्त्तपरिमाणः, प्रथमस्थितेः किञ्चिन्न्यूनोऽभिनवस्थितिबन्धाद्धया तु समानः, तथाहि प्रथमस्थित्यन्तरकरणे द्वे अपि अन्तर्मुहूर्त्तप्रमाणे युगपदारभते । अन्तरकरणप्रथमसमय एव चान्यं स्थितिबन्धं मिथ्यात्वस्यारभ्य स्थितिबन्धान्तरकरणे युगपदेव परिसमापयति । अन्तरकरणे च क्रियमाणे गुणश्रेणिसम्बन्धिनः संख्येया भागाः प्रथमद्वितीयस्थित्याश्रितास्तिष्ठन्ति, एकन्तु गुणश्रेण्यास्संख्येयतमं भागमन्तरकरणदलिकेन सहोत्किरति । तदित्थं अन्तरकरणस्थितेर्मध्याद्दलिकं कर्मपरमाण्वात्मकं गृहीत्वाधः प्रथमस्थितौ उपरि द्वितीयस्थितौ च प्रक्षिपति, एवं प्रतिसमयं तावत्प्रक्षिपति यावदन्तरकरणसत्कं सकलमपि तद्दलकमन्तर्मुहूर्त्तेन क्षीयते, अन्तरकरणादधस्तनी स्थितिः प्रथमा स्थितिरुपरितनी स्थितिर्द्वितीयेत्युच्यते, तत्र प्रथमस्थितौ वर्त्तमान उदीरणाप्रयोगेण प्रथमस्थितिसत्कं दलिकं समाकृष्योदयसये यत्प्रतिक्षिपति सोदीरणा, यत्तु द्वितीयस्थितेः सकाशात् उदीरणाप्रयोगेण समाकृष्योदयसमये प्रक्षिपति साप्युदीरणैव, आगाल इति नामान्तरेण प्रसिद्धा । उदयोदीरणाभ्यां प्रथमस्थितिमनुभवंस्तावद्गच्छति यावदावलिकाद्विकं

शेषं तिष्ठति, प्रथमस्थितेरावलिकाद्विकशेषे त्वागालो व्यवच्छिद्यते केवलमुदीरणैव प्रवर्त्तते । प्रथमस्थितावावलिकाशेषीभूतायामुदीरणापि व्यवच्छिद्यते, ततः केवलेनैवोदयेन तामावलिकामनुभवति, तस्यामपि चापगतायामुदयोऽपि मिथ्यात्वस्य न भवति दलिकाभावात् । तस्मिन्नेव समये उपशान्ताद्धायां प्रविशति तत्र प्रविष्टः प्रथमसमय एव मोक्षबीजभूतमौपशमिकं सम्यक्त्वमवाप्नोतीति तात्पर्यार्थः । प्रथमस्थितिचरमसमये द्वितीयस्थितिगतं दलिकमनुभागभेदेन त्रिधा करोति शुद्धमर्धशुद्धमशुद्धञ्चेति । तत्र शुद्धं सम्यक्त्वं देशघाति, देशघातिरसोपेतत्वात् । अर्धशुद्धं मिश्रमोहनीयमशुद्धन्तु मिथ्यात्वमेतदुभयं सर्वघाति, सर्वघातिरसोपेतत्वात् ॥

ભાવાર્થ - ત્રણ કરણ તો યથાપ્રવૃત્તિ-અપૂર્વ-અનિવૃત્તિ કરણ રૂપ છે. આયુષ્ય સિવાય સાત કર્મોની સ્થિતિને પલ્યોપમના અસંખ્યાત ભાગ હીન એક કોટાકોટી પ્રમાણવાળી કરીને, પહેલાં કદી નહિ ભેદેલ એવી સઘન (અત્યંગ ગાઢ) રાગ-દ્વેષાત્મક ગ્રંથિની સમીપમાં જવામાં અનુકૂળ અધ્યવસાય 'યથાપ્રવૃત્તિકરણ છે. સઘન રાગ-દ્વેષની ગાંઠને ભેદવામાં કારણભૂત અપૂર્વ અધ્યવસાય 'અપૂર્વકરણ છે.' અંતર્મુહૂર્ત્ત સુધી મિથ્યાત્વસ્થિતિના ઉદયક્ષણથી ઉપર અતિક્રમણ કરી, ઉપરની સ્થિતિને દબાવીને અંતર્મુહૂર્ત્ત સુધી તે મિથ્યાત્વના પ્રદેશથી વેદનયોગ્ય દળિયાના અભાવમાં કારણભૂત અધ્યવસાય 'અનિવૃત્તિકરણ' છે. તથાવિધ તે મિથ્યાત્વના પ્રવેશવેદ્ય દલિકનો અભાવ 'અંતકરણ' કહેવાય છે.

વિવેચન - 'કારણેત્તિ'નો અર્થ એ છે કે- 'યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ'-એ ત્રણ કરણો છે.

યથાપ્રવૃત્તિકરણનું સ્વરૂપ-આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ રૂપ હોવાથી સાગરોપમ કોટાકોટીમાં અંતર્ગત હોવાથી આયુષ્યકર્મથી ભિન્ન (સિવાય) એમ કહેલ છે. અર્થાત્ અનાભોગ (ઉપયોગ વગર) બનેલ તથાવિધ અધ્યવસાયવિશેષથી આયુષ્યકર્મ ભિન્ન, જ્ઞાનાવરણ આદિ સઘળા કર્મો જુદા જુદા, પલ્યોપમના અસંખ્યાતભાગ હીન એક કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળા થાય છે ત્યારબાદ કઠિન કર્મપટલોથી દૂર કરેલ વિશિષ્ટ વીર્યવાળા પ્રાણીઓ દ્વારા કર્મપરિણામથી પહેલાં નહિ ભેદાયેલ કર્મપરિણામથી જન્ય, દુર્ભેદ્ય, સઘન રાગ-દ્વેષ રૂપી ગાંઠ પ્રાપ્ત કરાય છે. તેવો વિશિષ્ટ અધ્યવસાય, એ 'યથાપ્રવૃત્તિકરણ' છે.

અધિકારીનું વર્ણન - આ યથાપ્રવૃત્તિકરણના અધિકારી (૧) તથાભવ્યતાના પરિપાકવાળા, કાંઈક ન્યૂન અપાર્ધ પુદ્ગલપરાવર્ત્ત રૂપ સંસાર જેમનો બાકી છે, એવો શુક્લપાક્ષિક જીવ અધિકારી છે. (૨) કૃષ્ણપાક્ષિક જીવ પણ અધિકારી છે. (૩) અભવ્ય જીવ પણ અધિકારી છે. પહેલો અધિકારી ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વ પામે છે. બીજો અધિકારી ગ્રંથિભેદ કર્યા સિવાય ફરીથી પાછો પડે છે.

આ યથાપ્રવૃત્તિકરણના 'અથાપ્રવૃત્તકરણ' અને 'અપૂર્વપ્રવૃત્તકરણ' એવાં બીજાં નામો છે. (અનાદિકાળથી માંડીને ગ્રંથિસ્થાન સુધીમાં પ્રથમ યથાપ્રવૃત્તિકરણ હોય છે.) ગ્રંથિને ઉલ્લંઘનારને જે કરણ હોય, તે કરણ કહે છે.

'घनीभूते'ति वाक्य-अर्थात् જેઓ ઉંચે ગયેલ, ઘણા દુઃખે કરીને વારી શકાય એવી વીર્યની ભરતીવાળા, ઉત્કર્ષથી અપાર્ધ પુદ્ગલપરાવર્ત્તની અંદર રહેલ સંસાર હોઈ નજીકમાં મોક્ષસુખવાળા છે, તેઓ પૂર્વે કદી નહિ અનુભવેલ એવી તે ગાંઠને જે વિશિષ્ટ અધ્યવસાયથી ભેદે છે, તે જીવનો અધ્યવસાય 'અપૂર્વકરણ' કહેવાય છે.

○ આ અપૂર્વકરણના પ્રથમ સમયમાં વિશુદ્ધિ જઘન્ય-અલ્પ છે. તેની જ ઉત્કૃષ્ટ-અનન્તગુણી વિશુદ્ધિ બીજા સમયમાં જઘન્ય, અનંતગુણી વિશુદ્ધિ ઇત્યાદિ આવા ક્રમથી અંતર્મુહૂર્ત્તની સમાપ્તિ સુધી વિશુદ્ધિ વિચારવી. અર્થાત્ પૂર્વ પૂર્વ સમયની વિશુદ્ધિથી ઉત્તરોત્તર સમયની અનંતગુણી વિશુદ્ધિ અહીં દર્શાવેલ છે.

અનિવૃત્તિકરણ-'મિથ્યાત્વ' આદિ પદથી સૂત્રમાં 'અનિવૃત્તિકરણ'નું સ્વરૂપ કહેલ છે. જેવા પ્રકારના વિશિષ્ટતર વિશુદ્ધ અધ્યવસાયમાં ચડેલો જીવ, અદ્ધા (ઉપશાન્ત અદ્ધા)માંથી સંખ્યાતા ભાગ ગયે છતે, એક સંખ્યાતમો, ભાગ બાકી રહ્યે છતે, મિથ્યાત્વસ્થિતિના ઉદયક્ષણથી ઉપર અંતર્મુહૂર્ત્ત સુધી ઉલ્લંઘન કરી, ઉપરની સ્થિતિને દબાવી અંતર્મુહૂર્ત્તકાળ પરિણામ, તે મિથ્યાત્વના પ્રદેશથી વેદવાયોગ્ય દળિયાના અભાવને કરે છે તે વિશિષ્ટ અધ્યવસાય, એ 'અનિવૃત્તિકરણ' કહેવાય છે.

○ આ અનિવૃત્તિકરણ વડે મિથ્યાત્વમોહનીયકર્મની બે સ્થિતિ થાય છે, એમ જાણવું.

○ અનિવૃત્તિકરણમાં દાખલ થયેલા સમાનકાળવર્તી સઘળા જીવોના એક અધ્યવસાય સ્થાનથી નિવૃત્તિ-વ્યાવૃત્તિ થતી નથી, તે 'અનિવૃત્તિકર' કહેવાય છે.

○ આ કરણમાં જેઓ પ્રથમ સમયમાં વર્તેલા, વર્તે છે અને વર્તનારા થશે, તે ત્રિકાલવર્તી સર્વ જીવોનું એક અધ્યવસાય સ્થાન છે. બીજા સમયમાં તે પ્રમાણે જ આ કરણમાં અંતિમ સમય સુધી સમજવું. પરંતુ પ્રથમ સમયવર્તી વિશુદ્ધિ સ્થાનની અપેક્ષાએ ઉત્તરોત્તર સમયમાં અનંતગુણી વિશુદ્ધિવાળુ અધ્યવસાય સ્થાન આ પ્રમાણે જ અનિવૃત્તિકરણના છેલ્લા સમય સુધી સમજવું. (અર્થાત્ વિવક્ષિત કોઈપણ સમયમાં આ કરણસ્થ ત્રણેય કાળના જીવોની પરિણામવિશુદ્ધિ એકસરખી હોય છે.

○ અનિવૃત્તિકરણના અદ્ધાના સંખ્યાતા ભાગો ગયા પછી એક સંખ્યાતમો ભાગ બાકી રહ્યે મિથ્યાત્વનું અંતરકરણ (ગાબડું પાડવું) કરે છે. અપૂર્વકરણમાં અને અંતરકરણમાં સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિ સંક્રમ થાય છે. પ્રત્યેક ત્રણ કરણ અંતર્મુહૂર્ત્તના કાળના માનવાળા છે. ત્રણેય કરણોનો કાળ પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણવાળો જ છે, કેમ કે-અંતર્મુહૂર્ત્તના અસંખ્યાત ભેદો છે.

આ પ્રમાણે ટૂંકાણમાં ત્રણ કરણોનું નિરૂપણ કર્યે છતે જ અંતરકરણ પણ સારી રીતે સમજી શકાય છે, માટે તેના સ્વરૂપને કહે છે.

'તાદૃશ' ઇત્યાદિ વાક્ય. અર્થાત્ તાદૃશ એટલે અંતર્મુહૂર્ત્તકાલમાનવાળો, એવો અર્થ જાણવો. તેના નિષ્પાદનનો કાળ પણ અંતરકરણ કાળમાં જ છે. તે પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણવાળો છે. અર્થાત્ પ્રથમ સ્થિતિથી કાંઈક ન્યૂન નવા સ્થિતિબંધ અદ્ધા (કાલ)ની સાથે તો સરખો છે. તથાહિ તે આ પ્રમાણે-

○ અંતર્મુહૂર્ત્ત પ્રમાણવાળી પ્રથમ સ્થિતિ અને અંતરકરણ એ બંનેનો એકીસાથે આરંભ કરે છે. અંતકરણ રૂપ ક્રિયાના પ્રથમ સમયથી જ મિથ્યાત્વના અન્ય સ્થિતિબંધનો પ્રારંભ થાય છે અને તે સ્થિતિબંધ તેમજ આ અંતરકરણની ક્રિયા એકીસાથે પૂરી થાય છે. વળી અંતરકરણની ક્રિયાની સાથે ગુણશ્રેણિ સંબંધી

સંખ્યાતા ભાગો અંતકરણના દળિયાની સાથે ઉકેરે છે. તેથી આ પ્રમાણે ઉકેરતાં અંતકરણની સ્થિતિની મધ્યમાંથી કર્મપરમાણુ રૂપ દળિયાને લઈ નીચે એટલે પ્રથમ સ્થિતિમાં અને ઉપર એટલે બીજી સ્થિતિમાં પ્રક્ષેપે છે. આ પ્રમાણે સમયે સમયે ત્યાં સુધી પ્રક્ષેપે છે, કે જ્યાં સુધી અંતકરણ સંબંધી સઘળાય તે દલિકનો અંતર્મુહૂર્ત્તમાં ક્ષય થાય છે. અંતકરણથી નીચેની સ્થિતિ 'પ્રથમ સ્થિતિ' અને ઉપરની સ્થિતિ 'દ્વિતિય સ્થિતિ' કહેવાય છે. ત્યાં અંતર્મુહૂર્ત્તવાળી પ્રથમ સ્થિતિમાં વર્તતો જીવ, ઉદીરણાપ્રયોગથી પ્રથમ સ્થિતિના દલિકોને ખેંચીને ઉદય સમયમાં (ઉધ્યાવલિકામાં) જે દાખલ કરે છે, તે 'ઉદીરણ' છે વળી જે બીજી સ્થિતિમાં રહેલા દલિકોને ઉદીરણાપ્રયોગથી આકર્ષીને ઉદય સમયમાં (ઉદયાવલિકામાં) ફેંકે છે, તે પણ 'ઉદીરણા' જ છે. આનું બીજું પ્રસિદ્ધ નામ 'આગાલ' છે.

○ ઉદય અને ઉદીરણા વડે પ્રથમ સ્થિતિનો અનુભવ કરતો ત્યાં સુધી જાય છે કે- માત્ર બે આવલિકા શેષ (બાકી) રહે ત્યારે આગાલનો વ્યવચ્છેદ થાય છે, ફક્ત ઉદીરણા પ્રવર્તે છે. પ્રથમ સ્થિતિમાં જ્યારે એક આવલિકા બાકી રહે, ત્યારે ઉદીરણાનો વ્યવચ્છેદ થાય છે. ફક્ત ઉદય વડે જ તે ઉદયાવલિકામાં રહેલા દલિકોનો અનુભવ કરે છે. તે છેલ્લી આવલિકા વ્યતિત થઈ જતાં મિથ્યાત્વનો ઉદય પણ બંધ પડી જાય છે, કેમ કે-આગળ વેદ્યદલિકોનો અભાવ છે.

○ તે જ સમયે ઉપશાન્ત અદ્ધામાં પ્રવેશ કરે છે. ત્યાં દાખલ થયેલાને (અંતરકરણના) પ્રથમ સમયમાં જ મોક્ષના બીજભૂત (અપૂર્વ આનંદજનક) ઔપશમિક સમ્યક્ત્વ પામે છે, એવું તાત્પર્ય છે.

○ પ્રથમ સ્થિતિના અંતિમ સમયમાં (મિથ્યાત્વભાવમાં મિથ્યાદૃષ્ટિપણે રહ્યો થકો જીવ) દ્વિતીય સ્થિતિમાં રહેલાં દલિકોને અનુભાગ (રસ)ના ભેદ તારતમ્યથી શુદ્ધ, અર્ધશુદ્ધ અને (મિશ્ર) અશુદ્ધ રૂપે ત્રણ પ્રકારના કરે છે. તેમાં (૧) શુદ્ધ દલિકો તે સમ્યક્ત્વમોહનીયનો પુંજ છે અને તે દેશઘાતી રસથી યુક્ત હોવાથી દેશાઘાતી છે. અર્થાત્ આ પુંજનો રસ વિશિષ્ટ શ્રદ્ધાન રૂપ દેશને રોકે છે, પરંતુ સામાન્ય શ્રદ્ધાનને તે રોકતો નથી. (૨) અર્ધશુદ્ધ દલિકોને મિશ્રમોહનીય પુંજ છે. (૩) અશુદ્ધ દલિકો તે મિથ્યાત્વમોહનીયનો પુંજ છે. (૪) આ બંને પુંજો સર્વઘાતી છે, કેમ કે-તે સર્વઘાતી રસથી યુક્ત છે. એટલે કે-તેમાં સર્વાંશે શ્રદ્ધાનનો ઘાત કરનારો રસ રહેલો છે.

હવે શ્રેણિગત ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય છે.

अथ श्रेणिगतं सम्यक्त्वमौपशमिकमुच्यते—

श्रेणितो मिथ्यात्वमोहनीयानन्तानुबन्धिचतुःकषायाद्युपशमनतः श्रेणिजन्योपशम-सम्यक्त्वं भवति । १३ ।

श्रेणित इति । यदि चतुर्थपञ्चमषष्ठसप्तमान्यतमगुणस्थानेऽनन्तानुबन्धिनो दर्शनमोहस्य च सर्वोपशमनायामुपशमसम्यक्त्वयुक्त उपशमश्रेणिं जीवस्सम्पद्यते तस्य यदौपशमिकं सम्यक्त्वं तच्छ्रेणिजन्योपशमसम्यक्त्वमुच्यत इति भावः ॥

ભાવાર્થ - શ્રેણિથી મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ચાર કષાય આદિના ઉપશમથી શ્રેણિજન્ય ઉપશમ સમ્યક્ત્વ થાય છે.

વિવેચન - જો ચોથા, પાંચમા, છઠ્ઠા કે સાતમા અર્થાત્ આ ચારમાંથી કોઈ એક ગુણસ્થાનમાં અનંત અનુબંધી અને દર્શનમોહનીયની સર્વ ઉપશમના હોય છે, તે ઉપશમ સમ્યકત્વયુક્ત ઉપશમશ્રેણિને જીવ પામે છે. તેનું જે ઔપશમિક સમ્યક્ત્વ, તે ઉપશમશ્રેણિજન્ય ઉપશમ સમ્યક્ત્વ કહેવાય છે, એમ ભાવ જાણવો.

શંકા - આ બે પ્રકારના ઉપશમ સમ્યક્ત્વને પામનારા બધાય શું આરોહકો જ હોય કે કાંઈ વિશેષ છે ?

આવી શંકામાં કહે છે કે -

ननु द्विविधमुपशमसम्यक्त्वं लभमानाः सर्वे किमारोहका एव स्युरुतास्ति कश्चिद्विशेष इत्याशङ्कायामाह—

उभयविधसम्यक्त्वात्पततः सास्वादनगुणस्थानं भवति । १४ ।

उभयविधेति । अस्ति विशेषः, कोऽसौ विशेष इत्याह पतत इति । न सर्वे आरोहका एव, किन्तु पतन्तीति भावः । ननु तर्हि किं तेषां गुणस्थानं भवतीत्यत्राह-सास्वादनेति । सास्वादनमपीति भावः, अत्र तु सास्वादनमुभयविधसम्यक्त्वात्पतत एव भवति नान्येषामिति सूचयितुं तथोक्तिरिति भाव्यम् । उपशमश्रेणितः[१] प्रतिपतन् कश्चिदनन्तानुबन्ध्युदये सास्वादनगुणस्थानं लभते । गुणस्थानमिदं प्रतिपतत एव भवति न त्वारोहतः, मिथ्यात्वगुणस्थानन्तु प्रतिपततोऽपि, मिश्रादीनि च प्रतिपतत आरोहतश्च । एकादशं दशमादारोहत एव, ततोऽग्रे आरोहणाभावात् ततोऽधःपातनियमात् द्वादशादीनि सर्वाणि आरोहत एव, तेभ्यः प्रतिपाताभावात् । प्रथमादन्यानि गुणस्थानानि भव्यस्यैव । ननु सास्वादनादितरेषां गुणस्थानानामूर्ध्वमूर्ध्वमारोहरूपतया गुणस्थानत्वं युक्तं, मिथ्यात्वस्याप्यव्यक्तमिथ्यात्वतो व्यक्तमिथ्यात्वप्राप्त्याऽऽरोहणस्वरूपत्वेन तथात्वं सास्वादनस्य सम्यक्त्वात्प्रपातरूपस्य कथं गुणस्थानत्वमिति चेन्न मिथ्यात्वगुणस्थानापेक्षयाऽस्याऽऽरोहणरूपत्वात् अपार्धपुद्गलपरावर्त्तावशेषसंसाराणां भव्यानामेवैतद्गुणस्थानेऽधिकारात् । अत्रस्थो जीव एकोत्तरशतबन्धकः, मिथ्यात्वनरकत्रिकैकेन्द्रियादिजातिचतुष्कस्थावरचतुष्काऽऽतपहुण्डसेवार्त्तनपुंसकवेदरूपषोडशप्रकृतिव्यवच्छेदात्[२] ।

---

१. आन्तर्मौहूर्त्तिक्यामुपशमाद्धायां जघन्यतस्समयशेषायामुत्कृष्टतः षडावलिकाशेषायां सत्यां कस्यचिन्महाबिभीषिकोत्थानकल्पोऽनन्तानुबन्ध्युदयो भवति, तदुदये चासौ सास्वादनसम्यग्दृष्टिगुणस्थाने वर्त्तते । मिथ्यात्वस्याद्याप्यप्राप्तत्वादव्यक्तमुपशमगुणस्य वेदनादस्य गुणस्थानस्य गुणस्थानत्वमिति भावः ॥

२. एतासां मिथ्यात्वप्रत्ययत्वान्नाग्रिमेषु बन्धः, यत एताः प्रायो नारकैकेन्द्रियविकलेन्द्रिययोग्यत्वादत्यन्ताशुभत्वाच्च मिथ्यादृष्टिरेव बध्नातीति ॥

तथा सूक्ष्मत्रिकाऽऽतपमिथ्यात्वोदयव्यवच्छेदान्नरकानुपूर्व्यनुदयाच्चैकादशोत्तरशतवेदयिता । तीर्थकृत्सत्ताऽसम्भवात् सप्तचत्वारिंशदधिकशतसत्ताकश्च भवति ॥

ભાવાર્થ - બન્નેય પ્રકારના સમ્યક્ત્વથી પડનારને 'સાસ્વાદન ગુણસ્થાન' હોય છે.

વિવેચન - હા ! વિશેષ છે, તો કયો વિશેષ છે ? તે કહે છે કે- 'પડનારને' હોય છે. અર્થાત્ બંને પ્રકારના ઉપશમ સમકિતને પામનારા સઘળા આરોહક નથી જ હોતા પરંતુ પડનારા હોય છે, એવો ભાવ સમજવો.

તો પછી તેઓને કયું ગુણસ્થાનક હોય છે ? આના જવાબમાં કહે છે કે- 'સાસ્વાદન' ઇત્યાદિ પદો, અર્થાત્ બંને પ્રકારના સમકિતથી પડનારને જ સાસ્વાદન ગુણસ્થાનક હોય છે, બીજાઓને નથી હોતું. આમ સૂચન કરવા માટે તથા પ્રકારનું કથન છે, એમ સમજવું.

ઉપશમશ્રેણીથી પડતો કોઈ એક આત્મા (અંતર્મુહૂર્ત્તમાનવાળી ઉપશાન્ત અદ્ધા, જઘન્યથી સમય બાકી રહે છતે, ઉત્કૃષ્ટથી છ આવલિકા બાકી છતાં, કોઈ એકને મહાભિભીષિકા (ભય)ના ઉત્થાન સરખો અનંતાનુબંધીનો ઉદય થાય છે. તેનો ઉદય થયે છતે આ જીવ સાસ્વાદન સમ્યગ્દષ્ટિગુણસ્થાનમાં વર્તે છે. હજુ સુધી મિથ્યાત્વગુણસ્થાન પ્રાપ્ત નહિ કરેલું હોવાથી અને અવ્યક્ત ઉપશમગુણનું વેદન હોવાથી આ ગુણસ્થાનનું ગુણસ્થાનપણું છે.)

અનંતાનુબંધીનો ઉદય થતાં સાસ્વાદન ગુણસ્થાન મેળવે છે. આ ગુણસ્થાન પડનારને જ હોય છે, ચડનારને નહિ. મિથ્યાત્વગુણસ્થાન તો પડનારને પણ હોય છે. મિશ્ર આદિ ગુણસ્થાનો પડનારને અને ચડનારને હોય છે. અગિયારમું ગુણસ્થાન દશમાંથી ચડનારને હોય છે. તેનાથી આગળ આરોહણનો (ઉપશમશ્રેણીવાળાને) અભાવ હોવાથી અને ત્યાંથી અધઃપતનનો નિયમ હોવાથી બારમા વગેરે સઘળા ગુણસ્થાનો ચડનારને (ક્ષપકશ્રેણીવાળાને) હોય છે, કેમ કે- તે બારમા વગેરે ગુણસ્થાનોથી પતનનો અભાવ છે. પ્રથમ ગુણસ્થાનથી બીજા ગુણસ્થાનો ભવ્ય જીવને હોય છે.

શંકા - સાસ્વાદન સિવાયના બીજા ગુણસ્થાનોનું ઉત્તરોત્તર આરોહણરૂપપણું હોવાથી ગુણસ્થાનપણું વ્યાજબી છે. વળી મિથ્યાત્વનું અવ્યક્ત મિથ્યાત્વમાંથી વ્યક્ત મિથ્યાત્વની પ્રાપ્તિની અપેક્ષાએ આરોહણસ્વરૂપપણું હોઈ શું ગુણસ્થાનપણું યુક્ત છે ?

સમાધાન - મિથ્યાત્વગુણસ્થાનની અપેક્ષાએ આસાસ્વાદનનું આરોહણરૂપપણું હોઈ, અપાર્ધ પુદ્ગલપરાવર્ત્ત રૂપ શેષ સંસારવાળા ભવ્યોને જ આ ગુણસ્થાનમાં અધિકાર હોવાથી ગુણસ્થાનપણું યુક્ત છે.

૦ આ સાસ્વાદન ગુણસ્થાનમાં રહેલો જીવ ૧૦૧ અર્થાત્ ૧૧૭માંથી ૧૦૧ કર્મપ્રકૃતિઓના બંધનો કર્તા છે. કેમ કે-૧-મિથ્યાત્વ, ૪-નરકત્રિક, ૮-એકેન્દ્રિય આદિ ચાર જાતિઓ, ૧૨-સ્થાવરચતુષ્ક, ૧૩-આતપ, ૧૪-હુંડ, ૧૫-સેવાર્ત અને ૧૬-નપુંસકવેદ રૂપ ૧૬ પ્રકૃતિઓનો વિચ્છેદ છે. (આ સોળ કર્મપ્રકૃતિઓ મિથ્યાત્વના નિમિત્તે બંધાતી હોઈ આગળના ગુણસ્થાનોમાં આ સોળનો બંધ નથી, કારણ કે- આ સોળને પ્રાયઃ નારક, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય યોગ્ય હોવાથી અને અત્યંત અશુભ હોવાથી મિથ્યાદષ્ટિ જ બાંધે છે.)

○ તેમજ ૩-સૂક્ષ્મત્રિક, ૪-આતપ અને ૫-મિથ્યત્વના ઉદયનો વ્યવચ્છેદક હોવાથી, ૬-નરક આનુપૂર્વીના ઉદયનો અભાવ હોવાથી ૧૧૧ કર્મપ્રકૃતિઓના ઉદયવાળો છે.

○ શ્રી તીર્થંકરનામકર્મની સત્તાનો અસંભવ હોવાથી ૧૪૭ કર્મપ્રકૃતિઓની સત્તાવાળો હોય છે.

સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જેનું બીજું નામ છે, એવું ત્રીજું મિશ્રગુણસ્થાન-

तृतीयं मिश्रगुणस्थानं सम्यङ्मिथ्यादृष्टिगुणस्थानापराभिधं निरूपयति—

मिश्रमोहनीयकर्मोदयादन्तर्मुहूर्त्तस्थितिकोऽर्हदुदिततत्त्वेषु द्वेषाभावो मिश्रगुणस्थानम् । यथान्नापरिचितनारिकेलद्वीपनिवासिमनुजस्यान्ने । अत्र जीवो नायुर्बध्नाति न वा म्रियते । अपि तु सम्यक्त्वं मिथ्यात्वं वाऽवश्यं याति । १५ ।

मिश्रेति । मिश्रमोहनीयकर्मोदयाद्दर्शनमोहनीयप्रकृतिविशेषोदयात् जीवेऽन्तर्मुहूर्त्तकालं लब्धौपशमिकसम्यक्त्वेन मिथ्यात्वमोहनीयं कर्म शोधयित्वा कृतत्रिपुञ्जमध्येऽर्धविशुद्धपुञ्जोदयतोऽर्धविशुद्धं यत्समतया सम्यक्त्वं मिथ्यात्वञ्च भवेद्येन नार्हदुदिततत्त्वेषु कश्चन द्वेषो न वा प्रीतिस्तन्मिश्रगुणस्थानमित्यर्थः, मिश्रत्वञ्चाऽस्योभयभावयोरेकरूपत्वात्, जात्यन्तरमेतत् बडवाखरयोस्संयोगेन जातस्य जात्यन्तराश्वतरवत्, दधिगुडसंयोगेन रसविशेषवच्च । समतायां निदर्शनमाह-यथेति । तस्य ह्यन्ने न द्वेषो न वा प्रीतिस्तद्वदिदमिति भावः । गुणस्थानेऽत्र जीवः किं करोतीत्यत्राह-अत्रेति । अस्मिन् गुणस्थान इत्यर्थः । तत्र हेतुमाह-अपित्विति । अस्यान्तर्मुहूर्त्तस्थितिकत्वाद्भावान्तरगमनमावश्यकं तत्रैव चायुर्बन्धो मरणञ्चेति भावः । एवं क्षीणमोहे सयोगिन्यपि न मरणसम्भवश्शेषाणि मरणयोग्यानि गुणस्थानानि, तत्रापि मिथ्यात्वसास्वादनाविरतसम्यग्दृष्टिरूपाणि गुणस्थानानि जीवेन सहोपयान्ति परभवं, नापराण्यष्टाविति बोध्यम् । अत्र मिथ्यात्ववत एव मिश्रगमनमिति सिद्धान्तमतम्, कार्मग्रन्थिकमते तु विहितविभागस्य सम्यक्त्ववतस्सम्यक्त्वप्रच्युतस्याष्टविंशतिसत्कर्मणो मिथ्यात्विनो वाऽर्धविशुद्धः पुञ्जो यदोदेति तदाऽर्धविशुद्धा भगवदर्हदुदिततत्त्वश्रद्धा जायत इत्यतस्सम्यक्त्वात्प्रच्युतस्यापि मिश्रगमनमिति ॥ एतद्गुणस्थानस्थो जीवश्चतुस्सप्ततेर्बन्धकः, तिर्यक्त्रिकस्त्यानर्द्धित्रिकदुर्भगदुःस्वरानादेयानन्तानुबन्धिमध्याकृतिमध्यसंहननचतुष्कनीचैर्गोत्रोद्योताप्रशस्तविहायोगतिस्त्रीवेदव्यवच्छेदान्मनुष्यदेवायुषोबन्धाच्च । वेदयिता शतस्य, मिश्रोदयाद्देवमनुष्यतिर्यगानुपूर्व्यनुदयादनन्तानुबन्धिस्थावरैकेन्द्रियविकलत्रिकोदयव्यवच्छेदाच्च । सप्तचत्वारिंशदुत्तरशतसत्ताकश्च भवति, तीर्थकृत्सत्ताभावात् ॥

ભાવાર્થ - મિશ્રમોહનીયકર્મના ઉદયથી અંતર્મુહૂર્ત્તની સ્થિતિવાળું શ્રી જિનેશ્વરકથિત તત્ત્વો પ્રતિ દ્વેષનો અભાવ, એ 'મિશ્રગુણસ્થાન' છે. જેમ અન્નથી અપરિચિત નાળિયેર દ્વીપનિવાસી મનુષ્યનો અન્ન પ્રતિ દ્વેષનો અભાવ, આ ગુણસ્થાનમાં જીવ આયુષ્ય બાંધતો નથી કે મરતો નથી, પરંતુ સમ્યક્ત્વગુણસ્થાનમાં કે મિથ્યાત્વગુણસ્થાનમાં નિયમા જાય છે.

વિવેચન - દર્શનમોહનીય પ્રકૃતિ વિશેષ રૂપ મિશ્રમોહનીયકર્મના ઉદયથી જીવમાં, અંતર્મુહૂર્ત્તકાળ પર્યંત પ્રાપ્ત ઔપશમિક સમ્યક્ત્વ દ્વારા મિથ્યાત્વમોહનીયકર્મને શુદ્ધ કરી રહેલા ત્રણ પુંજોના મધ્યમાં અર્ધવિશુદ્ધક નામક પુંજના ઉદયથી અર્ધવિશુદ્ધ એટલે જે સમાનતાથી સમ્યક્ત્વ અને મિથ્યાત્વ થાય, તે અર્ધવિશુદ્ધ પુંજ છે; જેથી શ્રી અરિહંત ભગવંતકથિત તત્ત્વો પ્રતિ કોઈ દ્વેષ નથી કે પ્રીતિ નથી, તે મિશ્રગુણસ્થાન છે એવો અર્થ સમજવો.

○ આ મિશ્રગુણસ્થાનમાં રહેલું મિશ્રપણું બંને (સમ્યક્ત્વ અને મિથ્યાત્વ) ભાવોની એકરૂપતા છે. આ એક જાત્યંતર (જુદી જાતિ) છે. જેમ કે-ઘોડી અને ગધેડાના સંયોગથી જન્મેલ જુદી જાતિ રૂપ ખચ્ચર અને દહીં અને ગોળના સંયોગથી વિશિષ્ટ (જુદા-વિચિત્ર) રસ.

સમાનતાના વિષયમાં દૃષ્ટાન્ત-'યથેત્તિ' પદવાક્યથી કહે છે કે- તે નાળિયેર દ્વીપનિવાસીને જેમ અન્ન પ્રતિ દ્વેષ નથી હોતો કે પ્રીતિ પણ હોતી નથી, તેમ અહીં સમજવું. આ ગુણસ્થાનમાં જીવ શું કરે છે ? તો અત્રેતિ પદથી કહે છે.

આ ગુણસ્થાનમાં જીવ આયુષ્ય (પરભવનું આયુષ્ય) બાંધતો નથી કે મરતો નથી. પરંતુ આ મિશ્રગુણસ્થાનની અંતર્મુહૂર્ત્તની સ્થિતિ હોવાથી, માવાંતર રૂપ ગુણસ્થાનાંતર આવશ્યક થાય છે. અર્થાત્ ગુણસ્થાનાંતર રૂપ સમ્યક્ત્વ કે મિથ્યાત્વમાં જીવ જાય છે. ત્યાં જ આયુષ્યનો બંધ અને મરણ થાય છે, એવો ભાવ સમજવો. આ પ્રમાણે ક્ષીણ-મોહમાં-સયોગી ગુણસ્થાનમાં પણ મરણનો સંભવ નથી. બાકીના ગુણસ્થાનો મરણયોગ્ય છે. તેમાં પણ મિથ્યાત્વ-સાસ્વાદન-અવિરત સમ્યગ્દૃષ્ટિ રૂપ ગુણસ્થાનો જીવની સાથે પરભવમાં જાય છે. બીજા આઠ જતાં નથી, એમ જાણવું. અહીં મિથ્યાત્વવાળાનું જ મિશ્રમાં ગમન છે, એમ સિદ્ધાંતમત છે. કર્મગ્રંથિકમતમાં તો, વિભાગ કરનાર સમ્યક્ત્વવાળાને અથવા સમ્યક્ત્વથી પડેલા અને મોહનીયની ૨૮ કર્મપ્રકૃતિની વિદ્યમાનતાવાળા મિથ્યાત્વીને અર્ધવિશુદ્ધ પુંજ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે અર્ધવિશુદ્ધ શ્રી અરિહંત ભગવંતકથિત તત્ત્વની શ્રદ્ધા પેદા થાય છે, માટે સમ્યક્ત્વથી પડેલાનું પણ મિશ્રમાં ગમન છે.

આ ગુણસ્થાનમાં રહેલો જીવ, ૭૪ કર્મપ્રકૃતિઓનો બંધકર્ત્તા છે, કેમ કે-૩ તિર્યંચત્રિક, ૬-સ્ત્યાનર્દ્ધિત્રિક, ૭-દુર્ભગ, ૮-દુઃસ્વર, ૯-અનાદેય, ૧૩-અનંતાનુબંધી, ૧૭-મધ્ય આકૃતિ ચાર, ૨૧ મધ્ય સંહનન ચાર, ૨૨-નીચ ગોત્ર, ૨૩-ઉદ્યોત, ૨૪ અશુભ વિહાયોગતિ, ૨૫-સ્ત્રીવેદનો વ્યવચ્છેદ છે તથા ૨૬-મનુષ્ય આયુષ્ય અને ૨૭-દેવ આયુષ્યના બંધનો અભાવ છે.

○ ૧૦૦ કર્મપ્રકૃતિઓના ઉદયવાળો થાય છે, કેમ કે-મિશ્ર મોહનીયના ઉદયનો પ્રક્ષેપ છે-દેવ આનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી અને તિર્યગ્ આનુપૂર્વીના ઉદયનો અભાવ છે. ૪-અનંતાનુબંધી, ૫-સ્થાવર, ૬-એકેન્દ્રિય અને ૯-વિકલેન્દ્રિયત્રિકના ઉદયનો વ્યવચ્છેદ છે.

० १४७ કર્મપ્રકૃતિઓની સત્તાવાળો હોય છે, કેમ કે-તીર્થંકરની સત્તાનો અભાવ છે.

अथ चतुर्थं गुणस्थानमाह–

सम्यक्त्वे सत्यप्रत्याख्यानावरणकषायोदयेन सावद्ययोगात्सर्वथाऽविरमणमविरतसम्यग्दृष्टिगुणस्थानम् । उत्कृष्टतो मनुजभवाधिकषट्षष्टिसागरोपमस्थितिकमिदम् । सम्यक्त्वञ्च भव्यसंज्ञिपञ्चेन्द्रियाणां निसर्गादुपदेशाद्वा भवति । उत्कृष्टतोऽपार्धपुद्गलपरावर्त्तावशिष्टसंसाराणामेतद्भवेत् । जघन्यतस्तद्भवमुक्तिगामिनोऽपि । १६ ।

सम्यक्त्वे सतीति । यत्राप्रत्याख्यानकषायोदयाज्जीवः सावद्ययोगप्रत्याख्यानं सुन्दरमिति जानन्नपि न पालयति केवलं सम्यक्त्वमात्रमनुभवति तादृशमित्यर्थः । इदमुक्तं भवति यो हि पूर्वोदितौपशमिकसम्यग्दृष्टिः शुद्धदर्शनमोहपुञ्जोदयवर्ती वा क्षायोपशमिकसम्यग्दृष्टिः, क्षीणदर्शनसप्तको वा क्षायिकसम्यग्दृष्टिविरतिप्रत्ययं दुरन्तनरकादिदुःखफलकं कर्मबन्धं, सावद्ययोगविरतिञ्च परममुनिप्रणीतसिद्धिसौधाध्यारोहनिःश्रेणिकल्पां जानन्नपि न विरतिमभ्युपगच्छति न च तत्पालनाय यततेऽप्रत्याख्यानावरणोदयेन विघ्नितत्वात्, ते ह्यल्पमपि प्रत्याख्यानमावृण्वन्ति, स इहाविरतसम्यग्दृष्टिरुच्यत इति । मिथ्यात्वमोहनीयस्योदीर्णस्य क्षयादनुदीर्णस्योपशमाच्च निर्वृत्तं सम्यक्त्वं क्षायोपशमिकसम्यक्त्वमुच्यते, यदुदयामागतं मिथ्यात्वं तद् वेदितत्वात्क्षीणं, यत्तु शेषं सत्तायामनुदयगतं वर्त्तते तदुपशान्तमुपशान्तं नाम विष्कम्भितोदयभावमपनीतमिथ्यात्वस्वभावञ्च शेषमिथ्यात्वं, अत्र च मिथ्यात्वमिश्रपुञ्जावाश्रित्य विष्कम्भितोदयं शुद्धपुञ्जमाश्रित्यापनीतमिथ्यात्वस्वभावमिति बोध्यम् । यद्यप्यौपशमिकेऽपि उदीर्णमिथ्यात्वस्य क्षयोऽनुदीर्णस्य चोपशमोऽस्ति तथाप्यत्र क्षायोपशमिकसम्यक्त्वे मिथ्यात्वं प्रदेशोदयेन वेद्यते, तत्र तदपि नेति विशेषोऽवसेयः । अत्र शोधितमिथ्यात्वपुद्गला यथावस्थिततत्त्वरुच्यध्यवसायात्मकदृष्टेः सम्यक्त्वावारका न भवन्त्यतस्तेऽप्युपचारेण सम्यक्त्वमुच्यन्त इत्यपि बोध्यम् । अनन्तानुबन्धिकषायचतुष्कक्षयानन्तरं मिथ्यात्वमिश्रसम्यक्त्वपुञ्जलक्षणे त्रिविधेऽपि दर्शनमोहनीये सर्वथा क्षीणे सति क्षायिकं सम्यक्त्वं भवति ॥ अस्य गुणस्थानस्योत्कृष्टां स्थितिमाह–उत्कृष्टत इति मनुजभवेति । क्षायोपशमिकमाश्रित्येदम्, क्षायिकमाश्रित्य तु त्रयस्त्रिंशत्सागरोपमाणि साधिकानि । तथाहि कश्चिदितः स्थानादुत्कृष्टस्थितिष्वनुत्तरविमानेषूत्पन्नः, तत्र चाऽविरतसम्यग्दृष्टित्वेन त्रयस्त्रिंशत्सागरोपमाणि स्थितस्ततश्च्युत्वाऽत्राऽप्याऽऽयातो यावदद्यापि विरतिं न लभते तावत्तद्भावेनैव स्थित इति मनुष्यभवसम्बद्धकतिपयवर्षाधिकत्रयस्त्रिंशत्सागरोपमत्वं विज्ञेयम् ।

कस्य कथं सम्यक्त्वमुपजायत इत्यत्राह-भव्येति । भव्यसंज्ञिपञ्चेन्द्रियप्राणिनो यथावद्भगवदुदितेषु जीवादिपदार्थेषु निसर्गादासादितसुनिर्मलत्वगुणरूपात्मस्वभावात्, उपदेशाद्वा सद्रूपदिष्टशास्त्रश्रवणाद्वा सम्यक्श्रद्धास्वरूपं सम्यक्त्वं समुन्मिषतीति भावः । दशविधमेतत् सम्यक्त्वमात्रस्य निसर्गोपदेशाज्ञासूत्रबीजाभिगमविस्तारक्रियासंक्षेपधर्मप्रयुक्तत्वात् । उपदेशादिकमन्तरेण क्षयक्षयोपशमादिना जीवाजीवादिपदार्थविषयिणी रुचिर्निसर्गसम्यक्त्वम् । परोपदेशप्रयुक्तजीवादिपदार्थाभिरुचिरुपदेशसम्यक्त्वं, सर्वज्ञाज्ञयैव धर्मानुष्ठानविषया रुचिराज्ञासम्यक्त्वं, सूत्राध्ययनाभ्यासजन्यविशिष्टज्ञानतो जीवादिविषयिणी रूचिस्सूत्रसम्यक्त्वं, एकेन पदेनानेकपदार्थप्रतिसन्धानद्वारा प्रसरणशीला रुचिर्बीजसम्यक्त्वं, अर्थः सकलसूत्रविषयिणी रुचिरभिगमसम्यक्त्वं, सर्वप्रमाणनयजन्यसर्वद्रव्यभावविषया रुचिर्विस्तारसम्यक्त्वं, दर्शनज्ञानचारित्रतपोविनयाद्यनुष्ठानविषयिणी रुचिः क्रियासम्यक्त्वं, अनभिगृहीतकुदृष्टेः प्रवचनानिष्णातस्य निर्वाणपदमात्रविषयिणी रुचिः संक्षेपरुचिः, धर्मपदवाच्यविषयकरुचिर्धर्मसम्यक्त्वमिति ॥ कदा तद्भवतीत्यत्राह-उत्कृष्टत इति । सम्यग्दृष्टीनां सर्वेषां किञ्चिन्न्यूनापार्धपुद्गलपरावर्त्तमात्रमेव संसारस्यावशेषात्, सोऽपि तीर्थकरादिकृताशातनाबहुलानामेव, न तु सर्वेषामिति भावः । जघन्यत इति, तस्मिन्नेव भवे मुक्तिगामिनोऽपीत्यर्थः ॥ अत्रस्थो जीवस्सप्तसप्ततेर्बन्धकस्तीर्थकृदायुर्द्विकस्य च बन्धात् । चतुरुत्तरशतस्य वेदयिता मिश्रोदयव्यवच्छेदात् । आनुपूर्वीचतुष्कसम्यक्त्वोदयाच्च । अष्टत्रिंशदधिकशतसत्ताकश्च । उपशमकस्तु चतुर्थादेकादशं यावत्सर्वत्राष्टचत्वारिंशदधिकशतसत्ताकः क्षपकस्य तु सत्ता तद्गुणस्थाने दर्शयिष्यते ॥

ચોથું અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન-

ભાવાર્થ - સમ્યક્ત્વ હોયે છતે અપ્રત્યાખ્યાન આવરણ રૂપ કષાયના ઉદયથી, સાવદ્યયોગથી અને સર્વથા અવિરમણ (અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન) ઉત્કૃષ્ટથી મનુષ્યભવથી અધિક ૬૬ સાગરોપમ સ્થિતિવાળું આ છે. સમ્યક્ત્વ, ભવ્ય-સંજ્ઞિપંચેન્દ્રિયોને નિસર્ગથી કે ઉપદેશથી થાય છે. ઉત્કૃષ્ટથી અપાર્ધ પુદ્ગલપરાવર્ત્ત રૂપ સંસાર જેઓને અવશિષ્ટ હોય છે, તેઓને આ સમ્યક્ત્વ થાય છે. જઘન્યથી તે જ ભવમાં મોક્ષે જનારને પણ થાય છે.

વિવેચન - જે સમ્યક્ત્વની હાજરીમાં અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી જીવ સાવદ્ય વ્યાપારનું પ્રત્યાખ્યાન સુંદર-સત્ય છે, એમ જાણતો હોવા છતાં પણ પાલન કરી શકતો નથી. ફક્ત સમ્યક્ત્વ માત્રનો અનુભવ કરે છે તેવું સમકિત હોય છે.

---

१. बद्धतीर्थकृन्नामकर्मणोऽबद्धायुषः प्राप्तक्षायिकसम्यक्त्वस्यापेक्षयेदम् ॥

કહેવાનો આશય એવો છે કે-જે પૂર્વકથિત ઔપશમિક સમ્યગ્દષ્ટિ અથવા શુદ્ધ થયેલ દર્શનમોહના પુંજના ઉદયમાં વર્ત્તમાન ક્ષાયોપશિક સમ્યગ્દષ્ટિ અથવા દર્શનસપ્તકનો ક્ષય કરનાર, ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અવિરતિના નિમિત્તથી જન્ય, દુરંત-નરક આદિ દુઃખ રૂપ ફળજનક કર્મબંધને અને પરમ મુનિપ્રણીત મોક્ષમહેલમાં ચડવામાં નિસરણી જેવી સાવદ્યયોગ વિરતિને જાણતો હોવા છતાં વિરતિનો સ્વીકાર કરી શકતો નથી. તેના પાલન માટે પ્રયત્ન કરી શકતો નથી, કેમ કે-અપ્રત્યાખ્યાન રૂપ આવરણના ઉદય દ્વારા વિરતિ રોકાયેલ છે. તે અપ્રત્યાખ્યાન કષાયો થોડા પણ પચ્ચક્ખાણને આવરે છે, માટે જ તે અહીં 'અવિરત સમ્યગ્દષ્ટિ' કહેવાય છે.

○ ઉદય પામેલ મિથ્યાત્વમોહનીયના ક્ષયથી અને નહિ ઉદય પામેલ મિથ્યાત્વના ઉપશમથી બનેલ સમ્યક્ત્વ 'ક્ષાયોપશમિક સમ્યક્ત્વ' કહેવાય છે.

જે ઉદયમાં આવેલ મિથ્યાત્વ, તે વેદિત હોવાથી ક્ષીણ છે, પરંતુ જે બાકી રહેલ ઉદયમાં નહિ આવેલ સત્તામાં વર્તે છે, તે ઉપશાન્ત કહેવાય છે. ઉપશાન્ત એટલે વિષ્કંભિત (દબાયેલ)-ઉદયભાવવાળું અને અપનીત (દૂર કરેલ) મિથ્યાત્વ સ્વભાવવાળું શેષ મિથ્યાત્વ 'ઉપશાન્ત' કહેવાય છે. અહીં મિથ્યાત્વપુંજ અને મિશ્રપુંજની અપેક્ષાએ વિષ્કંભિત ઉદયભાવવાળું અને શુદ્ધ પુંજની અપેક્ષાએ અપનીત મિથ્યાત્વભાવવાળું શેષ મિથ્યાત્વ કહેવાય છે, એમ સમજવું.

○ જો કે ઔપશમિકમાં પણ ઉદય પામેલ મિથ્યાત્વનો ક્ષય અને નહિ ઉદય પામેલ મિથ્યાત્વનો ઉપશમ છે, તો પણ અહીં ક્ષાયોપશમિક સમકિતમાં મિથ્યાત્વ પ્રદેશ ઉદયથી વેદાય છે. ત્યાં ઔપશમિક સમકિતમાં તે પ્રદેશોદય પણ નથી, આવો વિશેષ ભેદ સમજવો.

○ અહીં ક્ષાયોપશમિક સમકિતમાં શુદ્ધ કરેલા મિથ્યાત્વના પુદ્ગલો, યથાર્થ તત્ત્વરૂચિ રૂપ અધ્યવસાય આત્મક સમ્યક્ત્વને રોકનારા થતા નથી, તેથી તેઓ પણ (શુદ્ધ પુંજ રૂપ પુદ્ગલો પણ) ઉપચારથી (વ્યવહારથી) સમ્યક્ત્વ તરીકે કહેવાય છે, એમ સમજવું.

○ અનંતાનુબંધી ચાર કષાયોના ક્ષય બાદ મિથ્યાત્વપુંજ, મિશ્રપુંજ અને સમ્યક્ત્વપુંજ રૂપ ત્રણ પ્રકારવાળું પણ દર્શનમોહનીય સર્વથા ક્ષીણ થયે છતે ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે.

○ આ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિનું વર્ણન-ક્ષાયોપશમિક સમકિતની અપેક્ષાએ ઉત્કૃષ્ટથી મનુષ્યભવ અધિક ૬૬ સાગરોપમ સ્થિતિવાળું આ છે.

○ ક્ષાયિક સમ્યક્ત્વની અપેક્ષાએ સાધિક ૩૩ સાગરોપમપ્રમાણ સ્થિતિ છે. તે આ પ્રમાણે-કોઈ એક સ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલો અને ત્યાં અવિરત સમ્યગ્દષ્ટિપણાએ ૩૩ સાગરોપમ સુધી રહેલો, ત્યાંથી ચ્યવીને અહીં પણ આવેલો હજુ પણ જ્યાં સુધિ વિરતિને પામેલો-પામતો નથી, ત્યાં સુધી તે ભાવથી જ રહેલો છે, એમ ભાવ સમજવો.

[અહીં આઠ વર્ષનો માનવી ક્ષાયોપશમિક પામી, દીક્ષા ગ્રહણ કરી, આઠ વર્ષ ન્યૂન પૂર્વકોટી વર્ષો દીક્ષા પાળી, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સહિત વિજય આદિમાં ઉત્પન્ન થાય; અને ત્યાં ૩૩ (૨૨) સાગરોપમની સ્થિતિવાળું આયુષ્ય પૂર્ણ કરી, ફરીથી મનુષ્ય થઈ, પૂર્વોક્ત કથન પ્રમાણે દીક્ષા ગ્રહણ કરે

અને મરીને તે જ વિમાનમાં ઉત્પન્ન થાય; તેમજ ત્યાં ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવી મનુષ્ય થાય અને જો દીક્ષા લે, તો તે જ ભવમાં તે મોક્ષે જાય. આ પ્રમાણે ૬૬ સાગરોપમકાળ ઉપરાંત ત્રણ પૂર્વકોટી વિશેષ જેટલો વખત ક્ષાયોપશમિકની સ્થિતિ થાય.]

(આ ગુણસ્થાનની સ્થિતિ સાધિક ૩૩ સાગરોપમ છે. દેશોનક્રોડ પૂર્વ પ્રમાણ અધિક જાણવી, કારણ કે- પૂર્વભવે ચારિત્ર પાળી, અનુત્તર વિમાનનું આયુષ્ય બાંધી, મૃત્યુ પામતાં સમકિતગુણઠાણું પામી, અનુત્તરમાં જઈ, ૩૩ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, પુનઃ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય થાય. તે ચારિત્ર લઈને ઉપરને ગુણઠાણે ચડે તેટલો સર્વ વખત એકલું ચોથું ગુણસ્થાન જ હોય છે. તે પહેલાં છઠ્ઠું સાતમું યાવત્ અગિયારમું ગુણસ્થાન હતું અને તે પછી પણ ગુણસ્થાન પરાવર્તન પામે છે.)

(ક્ષાયિક સમકિત, ભવસ્થ જીવની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમથી કાંઈક અધિક અથવા અભવસ્થ જીવની અપેક્ષાએ અનંતકાળ.)

મનુષ્યભવ સંબંધી કેટલાક વર્ષ અધિક ૩૩ સાગરોપમપણું જાણવું.

કોને કેવી રીતે સમ્યક્ત્વનો સંભવ ?

ભવ્ય-સંજ્ઞિપંચેન્દ્રિય પ્રાણીને ભગવંતકથિત યથાર્થ જીવ આદિ પદાર્થોમાં સ્વાભાવિક પ્રાપ્ત કરેલ અત્યંત નિર્મળતારૂપ આત્મસ્વભાવથી અથવા ઉપદેશથી-સુગુરુએ ઉપદેશેલ શાસ્ત્રના શ્રવણથી સમ્યક્ શ્રદ્ધાસ્વરૂપ સમ્યક્ત્વ પ્રગટ થાય છે, એવો ભાવ છે.

○ આ સમ્યક્ત્વ દશ પ્રકારવાળું છે, કેમ કે- નિસર્ગ, ઉપદેશ, આજ્ઞા, સૂત્ર, બીજ, અભિગમ, વિસ્તાર, ક્રિયા, સંક્ષેપ અને ધર્મજન્ય છે.

(૧) નિસર્ગ સમ્યક્ત્વ-ઉપદેશ આદિ સિવાય જાતિસ્મરણ આદિ જન્ય ક્ષય ક્ષયોપશમ આદિ દ્વારા શ્રી જિનકથિત જીવ-અજીવ આદિ વિષયક રૂચિ 'નિસર્ગ સમ્યક્ત્વ.'

(૨) સર્વજ્ઞ કે છદ્મસ્થ ગુરુરૂપ પરના ઉપદેશથી જન્ય જીવ આદિ તત્ત્વવિષયક રૂચિ 'ઉપદેશ સમ્યક્ત્વ.'

(૩) શ્રી સર્વજ્ઞ-જિનેશ્વરની આજ્ઞા-પ્રવચન દ્વારા જ ધર્માનુષ્ઠાનના વિષયવાળી રૂચિ 'આજ્ઞારૂચિ.'

(૪) સૂત્રના અધ્યયનના અભ્યાસથી જન્ય વિશિષ્ટ જ્ઞાન દ્વારા જીવ આદિ વિષયવાળી રૂચિ 'સમ્યક્ત્વ.'

(૫) એક પદની રૂચિ-બોધ થતાં અનેક સમસ્ત પદાર્થ પ્રતિ સંધાન દ્વારા વ્યાપક થવાના સ્વભાવવાળી રૂચિ 'બીજસમ્યક્ત્વ.' અર્થાત્ એક પદની રૂચિ અનેક પદની રૂચિજનક બને છે.

(૬) અભિગમરૂચિ-અર્થની અપેક્ષાએ સકળ સૂત્રના વિષયવાળી રૂચિ 'અભિગમ સમ્યક્ત્વ.' અર્થાત્ આગમોના અર્થજ્ઞાન દ્વારા થતી આ રૂચિ છે.

(૭) વિસ્તારરૂચિ-સકલ પ્રમાણ-નયજ્ઞાન દ્વારા જન્ય સર્વ દ્રવ્ય-ભાવ(પર્યાય)ના વિષયવાળી રૂચિ 'વિસ્તાર સમ્યક્ત્વ.'

(८) દર્શન આચાર-જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપ આચાર, વિનય આદિ અનુષ્ઠાનોના વિષયવાળી રૂચિ 'ક્રિયા સમ્યક્ત્વ.'

(૯) જેને પરદર્શનનો આગ્રહ કે જ્ઞાન નથી અને જે જૈન પ્રવચનમાં નિષ્ણાત નથી, એવા જીવની નિર્વાણપદ માત્રના વિષયવાળી રૂચિ 'સંક્ષેપ સમ્યક્ત્વ.'

(૧૦) ધર્મપદથી વાચ્ય-અર્થના વિષયવાળી રૂચિ 'ધર્મ સમ્યક્ત્વ.'

સમકિતની ઉત્પતિનો કાળ-

સર્વ સમ્યગ્દષ્ટિઓને ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન કેવળ અપાર્ધ પુદ્ગલપરાવર્ત્ત રૂપ સંસાર જ બાકી રહેલ હોવાથી, તે ઉત્કૃષ્ટ અવિશિષ્ટ કાળ પણ તીર્થંકર આદિની કરેલ ઘણી આશાતનાથી ભારેકર્મી જીવો માટે જ સમજવો. બધા સમ્યગ્દષ્ટિઓને માટે નહિ, એવો ભાવ સમજવો.

○ જઘન્યથી તે જ ભવમાં મુક્તિગામીને પણ સમ્યક્ત્વ થાય છે.

○ આ ચોથા ગુણસ્થાનમાં રહેલો જીવ તીર્થંકરનામકર્મ તથા દેવાયુષ્ય અને મનુષ્ય આયુષ્ય-એ ત્રણ પ્રકૃતિ બાંધતો હોવાથી ૭૭ કર્મપ્રકૃતિનો બંધક છે.

○ મિશ્રમોહનીયના ઉદયનો વિચ્છેદ થવાથી અને ચાર આનુપૂર્વી તથા સમ્યક્ત્વમોહનીય-એમ પાંચનો ઉદય થવાથી ૧૦૪ કર્મપ્રકૃતિના ઉદયવાળો હોય છે.

○ (અહીંથી ઉપશમક અને ક્ષપક-એવા બે જીવના ભેદ પડવાથી ઉપશમક જીવને તો ચારથી અગિયારમા ગુણસ્થાન સુધી ૧૪૮ પ્રકૃતિની સત્તા હોય છે અને ક્ષપકને તો દરેક ગુણસ્થાનમાં જુદી જુદી સત્તા દર્શાવાશે.

○ કૂટ સાક્ષ્ય=લભ્ય કે દેયવસ્તુના વિષયમાં સાક્ષી રાખેલ પ્રમાણભૂત કરેલ લવાદની લાંચ-ઈર્ષ્યા આદિ નિમિત્તે કુડી સાક્ષી, અર્થાત્ 'હું આ વિષયમાં સાક્ષી છું'– આ પ્રમાણે ખોટી સાક્ષી આપવા રૂપ વચન, વસુરાજાની માફક આ લોક અને પરલોકમાં અનર્થહેતુ હોવાથી અસત્ય છે. આવું અસત્ય બોલનાર કર્મચંડાલ ગણાય છે.

○ આ કૂટ સાક્ષ્યને, બીજા પાપોના ટેકા રૂપ હોવાથી, લોકમાં પણ અત્યંત નિંદનીય હોવાથી અપદ-અલીક આદિ રૂપ પૂર્વના અલીકોથી અલગ રૂપે ગોઠવેલ છે.

○ આ મૃષાવાદ, ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-હાસ્ય-ભય-ક્રીડા-વ્રીડા (શરમ)-રતિ-અરતિ-દાક્ષિણ્ય-મૌખર્ય (વાચાળપણું) વિષાદ આદિથી પેદા થાય છે.

○ તે મૃષાવાદ સ્થૂલ અને સૂક્ષ્મ ભેદથી બે પ્રકારનો છે. સ્થૂલ મૃષાવાદ, શ્રાવકને જે પાંચ પ્રકારનો ઉપર કહી ગયા તે વર્જનીય જ છે, જ્યારે સૂક્ષ્મ મૃષાવાદમાં જણાય છે.-

○ ભૂત નિહ્નવ વગેરે અસત્યના ભેદો પૂર્વે કહેલ છે.

○ આ વ્રતનું ફળ વિશ્વાસ, યશકીર્તિ, સ્વાર્થસિદ્ધિ, પ્રિયવચનપણું, ગ્રાહ્યવચનપણું, સફળ વચનપણું વગેરે છે. આ પ્રમાણે બીજું વ્રત સમજવું.

ત્રીજા અણુવ્રતનું વર્ણન-

○ જેના વડે જનતામાં 'આ ચોર છે'-આવો જે વ્યવહાર તેમાં નિમિત્ત, નહિ દીધેલ પારકા દ્રવ્યના ગ્રહણ રૂપ સ્થૂલ અદત્તાદાનથી નિવૃત્તિ, તે 'ત્રીજું અણુવ્રત' કહેવાય છે.

○ જો કે સ્વામીઅદત્ત-જીવઅદત્ત-તીર્થંકરઅદત્ત-ગુરુઅદત્ત, એમ ચાર પ્રકારે અદત્તનો વિચાર કરવો. જેમ કે-(૧) માલિકે સુવર્ણ વગેરે જે વસ્તુ આપેલી નથી, તે 'સ્વામીઅદત્ત.' (૨) પોતાના સચિત્ત ફળ વગેરેનું પણ તોડવું, તે ફળના જીવે પોતાના પ્રાણો નહિ આપેલા હોવાથી 'જીવઅદત્ત.' (૩) સાધુઓને આધાકર્મ આદિ અને શ્રાવકોને પ્રાસુક પણ અનંતકાય-અભક્ષ્ય આદિ તીર્થંકરોની અનુજ્ઞાનો વિષય નહિ હોવાથી 'તીર્થંકરઅદત્ત.' (૪) સઘળા દોષોથી રહિત હોવા છતાં ગુરુની અનુજ્ઞા વગરનું જે ખવાય, તે 'ગુરુઅદત્ત' છે.

અહીં સ્થૂલ અદત્તાદાનવિરમણ વ્રતમાં સ્વામીઅદત્તનો અધિકાર છે અને તે પણ સ્થૂલ અને સૂક્ષ્મભેદે બે પ્રકારનું સ્વામીઅદત્ત છે.

○ સ્થૂલ વિષયવાળું સુવર્ણ વગેરેનું, ક્ષેત્ર અને ખલ (ખળું) વગેરેમાં રહેલ અલ્પ પણ ફળ-ધાન્ય વગેરેનું દુષ્ટ ભાવપૂર્વક લેવું, તે ચોરીના વ્યવહારનું કારણ હોવાથી સ્થૂલ કહેવાય છે. તેનાથી ભિન્ન, બીજું માલિકની રજા વગર ઘાસ-ઢેફાં (લાંકડાં) વગેરેનું લેવું સૂક્ષ્મ સ્વામીઅદત્ત છે. અહીં શ્રાવકને સૂક્ષ્મ સ્વામીઅદત્તમાં જયણા છે, જ્યારે સ્થૂલ (સ્વામી) અદત્તથી વિરતિ છે.

○ આ સ્થૂલ અદત્તાદાનવિરમણ રૂપ ત્રીજા વ્રતનું ફળ સર્વજનવિશ્વાસ-યશોવાદ-પ્રશંસા-સમૃદ્ધિ-વૃદ્ધિ-સમૃદ્ધિની સ્થિરતા ઐશ્વર્ય-સ્વર્ગ વગેરે છે.

આ પ્રમાણે ત્રીજું વ્રત જણાવેલ છે.

ચોથા અણુવ્રતનું વર્ણન-

○ પોતાની સ્ત્રીમાં જ સંતોષ અથવા પોતાની પરિણીત સ્ત્રી સિવાયની પરસ્ત્રીનો પરિત્યાગ, એ શ્રાવકોનું ચોથું અણુવ્રત છે.

○ પરસ્ત્રીપદથી પોતાના સિવાયના મનુષ્યોની, દેવોની અને તિર્યંચોની સ્ત્રીઓનું ગ્રહણ સમજવું.

○ જો કે અપરિગૃહીતા (નહિ ગ્રહણ કરેલ) દેવીઓ અને કેટલીક તિર્યંચની સ્ત્રીઓ સંગ્રહ કરનાર અને પરણનાર કોઈનો પણ અભાવ હોવાથી વેશ્યા સરખી ગણાય તો પણ, પ્રાયઃ પરજાતિ દ્વારા ભોગયોગ્ય હોવાથી પરસ્ત્રી તરીકે જ ગણી શકાય, માટે તે સ્ત્રીઓ વર્જનીય છે.

○ સૂક્ષ્મ અને સ્થૂલના ભેદથી મૈથુન બે પ્રકારનું છે. તેમાં કામ(વેદ)ના ઉદયથી જે ઇન્દ્રિયોનો અલ્પવિકાર તે સૂક્ષ્મમૈથુન કહેવાય છે, જયારે મન-વચન-કાયાના યોગો દ્વારા ઔદારિક-વૈક્રિય સ્ત્રીઓનો જે સંભોગ તે સ્થૂલમૈથુન કહેવાય છે. મૈથુનવિરતિ રૂપ બ્રહ્મચર્ય સર્વથી અને દેશથી-એમ બે પ્રકારનું છે. સર્વથા સર્વ સ્ત્રીઓ મન-વચન-કાયા દ્વારા સંગનો ત્યાગ, એ સર્વથી બ્રહ્મચર્ય કહેવાય છે. શ્રાવક સર્વથી અશક્ત હોયે છતે દેશથી તે ચોથા વ્રતનો સ્વીકાર કરે છે, તે દેશથી બ્રહ્મચર્ય, સ્વસ્ત્રીસંતોષ રૂપ કે પરસ્ત્રીત્યાગ રૂપ હોય છે-એમ સમજવું.

○ ગૃહસ્થને સ્વસ્ત્રીસંતોષ રૂપ વ્રત હોવાથી બ્રહ્મચારી સમાન રૂપે ગણેલ છે અને પરસ્ત્રીગમનમાં વધ, બંધન વગેરે દોષો પ્રગટ જ છે.

આ પ્રમાણે ચોથું અણુવ્રત જણાવેલ છે.

પાંચમું પરિગ્રહપરિમાણ રૂપ અણુવ્રત-

○ નવ પ્રકારના પરિગ્રહની ઇચ્છાનો સર્વથા ત્યાગ કરવામાં અસમર્થ શ્રાવકે ઇયત્તા કરણ (આટલો જ પરિગ્રહ મારે ખપે, વધારે નહિ, આવું પરિમાણ કરવું તે.) પાંચમું અણુવ્રત કહેવાય છે.

○ ત્યાં ધન-ધાન્ય-ક્ષેત્ર-વાસ્તુ-રૂપ્ય-સુવર્ણ-કુપ્ય-દ્વિપદ-ચતુષ્પદ રૂપ નવ પરિગ્રહ કહેવાય છે.

○ તે 'પરિગ્રહની વિરતિ' સર્વદેશના ભેદથી બે પ્રકારની છે. સર્વ પદાર્થોમાં સર્વથા મૂર્ચ્છાનો ત્યાગ સર્વથી 'પરિગ્રહવિરતિ' છે. દેશથી 'પરિગ્રહવિરતિ' એ બીજો ભેદ છે. સર્વથી પરિગ્રહવિરતિના સ્વીકારમાં શ્રાવકમાં સામર્થ્યનો અભાવ હોયે છતે શ્રાવકે દેશથી ઇચ્છાના નિરોધ રૂપ ઇચ્છાપરિમાણ કરવું જોઈએ.

○ ઇચ્છાનો વિસ્તાર સંસારીઓને સ્વાભાવિક કુદરતી છે, એથી તેની ઇયત્તાપરિમાણ કરવું એ મોટા ફળ માટે થાય છે.

○ જેમ જેમ અલ્પ લોભ અને પરિગ્રહ આરંભ હોય છે, તેમ તેમ સુખ વર્ધમાન-પ્રવર્ધમાન થાય છે અને (મહાન્ ઉપાધિના અભાવે) ધર્મની સંસિદ્ધિ (લાભ) થાય છે.

○ આ વ્રતનું ઐહિક ફળ એવું છે કે-સંતોષજન્ય સુખ, લક્ષ્મીની સ્થિરતા, યશ, કીર્તિ ઇત્યાદિ ફળ છે. વળી પરલોક સંબંધી એવું ફળ છે કે-નર સંબંધી સમૃદ્ધિ, દેવ સંબંધી સમૃદ્ધિ, સિદ્ધિની પ્રાપ્તિ વગેરે પારલૌકિક ફળ છે.

આ પ્રમાણે પાંચમું અણુવ્રત સમજવું.

○ આ અણુવ્રતોના પાલન માટે (જેમ અણુવ્રતો તેમ અણુવ્રતો પણ એકવાર ગ્રહણ કરેલ જાવજ્જીવ સુધીના છે, એમ ભાવવું-જાણવું.) સંસ્કારભૂત ત્રણ ગુણવ્રતો હોય છે.

○ દિગ્વ્રત, ભોગ-ઉપભોગવ્રત અને અનર્થદંડવિરમણ રૂપ ગુણવ્રતો છે.

○ નાના પ્રકારની દિશાઓ શાસ્ત્રમાં કહેલી છે. ત્યાં સૂર્યથી ઉપલક્ષિત જે દિશા, તે પૂર્વદિશા. તેના અનુક્રમથી દક્ષિણ આદિ દિશાઓ વિચારવી. ત્યાં દિશા સંબંધી વ્રત તે 'દિગ્વ્રત.'

આટલા-પૂર્વ આદિ દિશા-વિદિશા રૂપ ભાગોમાં જ ગમન આદિ કરવું, એ પરિમાણથી ઉપરભાગે ગમન આદિ નહિ કરવું. આવી દિશાઓથી ઇયત્તાપરિમાણ કરવા રૂપ 'દિગ્વ્રત' કહેવાય છે.

○ ગુણવ્રતોના સ્વીકાર સિવાય અણુવ્રતોની તથાપ્રકારની વિશુદ્ધિનો અભાવ હોવાથી આ ગુણવ્રત કહેવાય છે.

○ આ વ્રતથી મર્યાદિત ક્ષેત્રથી બહાર ત્રસ-સ્થાવર જીવને અભયદાન, લોભ રૂપ સાગરનું નિયંત્રણ ઇત્યાદિ મોટો લાભ થાય છે.

○ ગૃહસ્થ આરંભ-પરિગ્રહમાં પરાયણ હોવાથી જ્યાં જ્યાં જાય છે, ખાય છે, સુવે છે કે વ્યાપાર કરે છે, ત્યાં ત્યાં તપેલા લોઢાના ગોળાની માફક જીવહિંસા કરે છે. આથી તે ગૃહસ્થના જ હિંસા આદિ રૂપ પાપસ્થાનોને અટકાવનાર હોઈ આ ગુણવ્રત ગૃહસ્થોને છે, સાધુઓને નહિ, કેમ કે-સમિતિ, ગુપ્તિ આદિ જેમાં પ્રધાન છે, એવા મહાવ્રતોથી શોભતા મુનિઓ હોય છે. આ પ્રમાણે પ્રથમ ગુણવ્રત કહેલ છે.

બીજું ભોગોપભોગવિરમણ રૂપ (માન) વ્રત-

○ એક વાર જ ભોગવવાયોગ્ય વસ્તુ 'ભોગ' કહેવાય છે. જેમ કે-રાંધેલું અન્ન, પુષ્પમાળા, તાંબૂલ (પાન) આદિ, (અંતઃ-અંદર ખાવાયોગ્ય ભોગ.)

○ વારંવાર ભોગવવાયોગ્ય વસ્તુ 'ઉપભોગ' કહેવાય છે. જેમ કે - સ્ત્રી-વસ્ત્ર-અલંકાર-ઘર-શયન આદિ. (બાહ્યથી ભોગ તે ઉપભોગ.) તે ભોગ-ઉપભોગમાં શક્તિ પ્રમાણે પરિમાણ કરવું, તે 'ભોગોપભોગપરિમાણ વ્રત.'

○ શ્રાવકે ઉત્સર્ગની અપેક્ષાએ પાપ વગરના આહારભોજી થવું જોઈએ. તે જો ન હોવે, તો સચિત્તપરિહારી થવું જોઈએ. ત્યાં પણ જો અસમર્થતા હોવે, તો પાપકારી મદ્યમાંસ-અનંતકાય આદિનો પરિહાર કરી દરેક સચિત્તાચિત્ત રૂપ મિશ્ર, સચિત્ત આદિ વસ્તુઓનું પરિમાણ તો કરવું જ જોઈએ.

○ મહોત્સવ આદિ વિશિષ્ટ કારણ સિવાય અત્યંત માનસિક વિકાર, જનમાં અપકીર્તિ આદિના નિમિત્તભૂત અતિ ઉદ્ભટ વેષ-વાહન-દાગીના વગેરેનો પણ ત્યાગ કરવો જોઈએ.

અત્યંત મેલા-અત્યંત જાડા-અત્યંત ટૂંકા-છિદ્રવાળા વસ્ત્ર આદિ પહેરવામાં 'આ ખરાબ વસ્ત્રવાળો છે, આ કંજુસ છે' ઇત્યાદિ લોકની નિંદા-હાંસી આદિનો પ્રસંગ આવે, માટે નિજસંપત્તિ-અવસ્થાવિશિષ્ટ વય-નિવાસ-સ્થાન-કુલ આદિને યોગ્ય વેષ પહેરવો જોઈએ.

○ ઉચિત વેષ આદિમાં પ્રમાણનો નિયમ કરવો જોઈએ.

○ દાતણ, મર્દન આદિ માટેનું તેલ વગેરે, ઉંવટણું (શરીરસ્થ મેલ વગેરે દૂર કરનાર ચૂર્ણ-દ્રવ્ય), સ્નાન-વસ્ત્ર-વિલેપન (શરીર આદિમાં ચોપડવાને પીસેલો કેસર વગેરે પદાર્થ), આભરણ-ફૂલ-ફળ-ધૂપ-આસન-શયન-ભવન આદિનો તથા ચોખા વગેરે, દાળ, મિઠાઈ-પકવાન શાક-પેયા (કવાથ-ઉકાળો-કાંજી-રાબ-

ચોખાની ખીર આદિ), ખંડખાદ્ય (ખાંડના ખાવાયોગ્ય પદાર્થો) આદિ, અશન (ભાત, માંડા વગેરે), પાન (દ્રાક્ષાપાન વગેરે), ખાદિમ (ફળ વગેરે), સ્વાદિમ (તાંબૂલ, સોપારી વગેરે) આદિનો ત્યાગ કરવો જોઈએ. આ પ્રમાણે ભોજનની અપેક્ષાએ ભોગ-ઉપભોગનું વર્ણન કરેલ છે.

○ કર્મ (વ્યવસાય-ક્રિયા)ની અપેક્ષાએ પણ શ્રાવકે મુખ્ય વૃત્તિ (ઉત્સર્ગમાર્ગ)થી પાપ વગરના કર્મની પ્રવૃત્તિવાળા થવું જોઈએ. તેની અશક્તિમાં પણ અત્યંત પાપવાળા વિવેકી જનથી નિંદનીય મદ્ય (દારૂ) આદિના વેચાણ આદિ રૂપ કર્મ વર્જનીય છે. બાકીના કર્મોનું પણ પ્રમાણ કરવું જોઈએ.

○ ભોગ-ઉપભોગને યોગ્ય પદાર્થોનું પરિમાણ કરવા દ્વારા, બીજાઓના ત્યાગ દ્વારા આ વ્રત સિદ્ધિ થાય છે. આ વ્રત દ્વારા અવિરતિનો અવરોધ થાય છે.

ત્રીજું અનર્થદંડવિરમણ વ્રત-

અર્થદંડ-અર્થ એટલે ગૃહસ્થને ક્ષેત્ર-વાસ્તુ-ધન-ધાન્ય-શરીર (સ્વજન-પરજન આદિ) વગેરે વિષયવાળું પ્રયોજન, તેના માટેનો થતો આરંભ જીવહિંસાદિ, તે 'અર્થદંડ' કહેવાય છે. દંડ-નિગ્રહ-યાતના-વિનાશ, એમ દંડના પર્યાયશબ્દો છે.

○ પોતાના સ્વજન આદિ નિમિત્તે કરાતો ભૂતનો ઉપમર્દ, પ્રયોજનવાળો હોઈ અર્થદંડ થાય છે. તેનાથી વિપરીત 'અનર્થદંડ,' અર્થાત્ જેનાથી પ્રયોજન વગર જીવ પુણ્યધનના અપહારપૂર્વક પાપકર્મથી દંડાય છે તે અનર્થદંડ છે.

○ તે અનર્થદંડના અપધ્યાન-પાપકર્મોપદેશ-હિંસા (હિંસ્ર) અર્પણ (પ્રદાન)-પ્રમાદ આચરણના ભેદથી ચાર પ્રકારો છે.

○ અપધ્યાન-જે અપ્રશસ્ત (અશુભ) રૂપ આર્ત્ત-રૌદ્રના ભેદવાળું સ્થિર અધ્યવસાય રૂપ ધ્યાન તે અપધ્યાન. આ અંતર્મુહૂર્ત્ત પરિમાણવાળું છે.

○ પાપકર્મોપદેશ-પાપની પ્રધાનતાવાળું અથવા પાપહેતુભૂત કર્મ પાપકર્મ. જેમ કે-ખેતી વગેરે. તેનો ઉપદેશ એટલે તેમાં પ્રવર્તન કરાવનારું વાક્ય 'પાપકર્મોપદેશ' છે. જેમ કે-ખેતરને ખેડો ! બળદોના સમૂહને ષણ્ઢ બનાવો ! ઘોડાઓને લગામમાં રાખો ! શત્રુને કચરો ! યંત્રને ચલાવો ! શસ્ત્રને સજ્જ કરો-કરાવો ! ઇત્યાદિ રૂપ ઉપદેશ 'પાપ ઉપદેશ' કહેવાય છે.

તેમજ વર્ષાકાળ (ચોમાસું) નજીક આવી રહેલ છે. વલ્લરોમાં (બાજુ ઉપર રાખેલ નકામા કચરા વગેરેના જથ્થામાં-જંગલ ઝાડીમાં) આગ દો !

હળ, ફળું આદિ તૈયાર કરો ! વાવેતરનો વખત વહી જાય છે, માટે જલ્દી ધાન્યોને વાવો !

સાડા ત્રણ દિવસની અંદર ક્યારાઓ પાણીથી ભરેલા કરો અને ડાંગર વાવો !

કન્યા જુવાન થઈ છે, તો જલ્દી વિવાહ-લગ્ન કરો ! જહાજોના ભરવાના દિવસો નજીક આવી રહ્યા છે, માટે જહાજો તૈયાર કરો !

ઇત્યાદિ સઘળો પાપનો ઉપદેશ ઉત્સર્ગમાર્ગથી શ્રાવકે છોડી દેવો જોઈએ. અપવાદથી તો દાક્ષિણ્ય આદિના વિષયમાં જયણા કરવી.

○ હિંસક અર્પણ-હિંસ્ર-હિંસાના સાધનો. જેવાં કે શસ્ત્ર-આગ-ઝેર વગેરેનું આપવું. આવા પદાર્થો ઉત્સર્ગથી આપવા જ નહિ, પરંતુ અપવાદથી જયણા કરવી.

○ પ્રમાદથી કે પ્રમાદનું આચરવું એ 'પ્રમાદાચરણ.' વળી પ્રમાદો મદ્ય (દારૂ)-વિષય-કષાય-નિદ્રા-વિકથા રૂપ પાંચ પ્રકારના છે. તેનું આચરણ પણ વર્જનયોગ્ય છે.

○ આ પ્રમાણે જ ઘી વગેરેના પાત્રો ઉઘાડાં રહેવા દેવા-ઢાંકવા નહિ, જંતુ વગરની જગ્યા હોવા છતાં સચિત્ત (સજીવ) વસ્તુની ઉપર ઉભાં રહેવું અથવા ચાલવું, વસ્ત્ર વગેરે મૂકવાં, પંચવર્ણી નીલફુલ-કંથવા આદિથી આક્રાન્ત જમીન ઉપર ધોવાણ-ઇત્યાદિ અને ફોગટ પાંદડાં-ફૂલ આદિ તોડવાં, માટી-ખડી-વર્ણિકા (અરણેરો-હીંગળો-હરતાલ વગેરે) આદિ દબાવવા માટે આગ સળગાવવી, ગાય આદિને ઘા આપવો, શસ્ત્રો ચલાવવાં, કઠોર-મર્મ બોલવું, હાંસી-નિંદા કરવી આદિ, રાત્રે અથવા દિવસે સ્નાન કરવું-કેશ ગૂંથવાં-રાંધવું-ખાંડવું-દળવું-ભૂમિ ખોદવી-માટી વગેરે દબાવવી, લેપન (વિલેપન-લીંપવું) કરવું, લુગડાં ધોવાં-પાણી ગાળવું, ઇત્યાદિ 'પ્રમાદ આચરણ.' શ્લેષ્મ (કફ-બળખમ વગેરે) આદિને નાંખતી વેળાએ નહિ ઢાંકવા આદિ રૂપ અજયણા પણ પ્રમાદ આચરણ સમજવું, કેમ કે-તેમાં એક મુહૂર્ત્ત (બે ઘડી) પછી સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ અને તેના વિનાશ રૂપ વિરાધના આદિનો મહાન્ દોષ સંભવિત છે. એ પ્રમાણે અધિકરણભૂત પરભવીય શસ્ત્ર-શરીર આદિ નહિ વોસિરાવવા, મળ-મૂત્ર આદિ પણ નહિ વોસિરાવવા, તે પણ પ્રમાદ આચરણ છે. પોતાના કાર્ય ખાતર કરેલ હોવા છતાંય સળગતાં લાકડાં-દીવા આદિ નહિ બૂઝવવા, તે પણ પ્રમાદ આચરણ છે. અગ્નિ બૂઝવવાની ક્રિયાની અપેક્ષાએ તેને સળગતી રાખવામાં ત્રસ આદિ બહુ જીવોની વિરાધના રૂપી અધિક દોષ છે.

○ ઉઘાડા દીવા-ચૂલા વગેરે રાખવા તથા ચૂલા ઉપર ચંદરવા આદિ નહિ બાંધવા, તેમજ શોધ્યા વગરનાં લાકડાં-ધાન્ય-પાણી વગેરે વાપરવા, તે પણ પ્રમાણ આચરણ છે.

○ આ પ્રમાણે ચાર પ્રકારનો અનર્થદંડ અનર્થનો હેતુ છે અને તેના વિના અનિર્વાહ નહિ હોઈ નિરર્થક છે. તથાચ અપધ્યાન (દુર્ધ્યાન) વડે કોઈ ઇષ્ટસિદ્ધિ નથી, પરંતુ ઉલટો ચિત્તનો ઉદ્વેગ-શરીરની કૃશતા-શૂન્યપણું-ઘોર દુષ્કર્મનો બંધ-દુર્ગતિ આદિ રૂપ અનર્થ જ થાય છે. એથી અશક્ય પરિહાર રૂપ કદાચ ક્ષણ માત્ર અપધ્યાન થાય, ત્યારે પણ મનોનિગ્રહ રૂપ પ્રયત્નથી દુર્ધ્યાનનો તરત જ પરિહાર કરવો જોઈએ.

○ પાપનો ઉપદેશ અને હિંસ્રપ્રધાન-એ બંને પુત્ર-મિત્ર આદિ સ્વજન આદિમાં સંભવે છે. અન્યથા જો એમ ન હોય, તો નિર્વાહ આદિનું અદર્શન હોઈ અશક્યપરિહારવાળા બંને થાય છે. બીજાઓને વિશે તો પાપ આદિ અનર્થ ફળવાળા જ બંને થાય છે.

○ પ્રમાદ આચરણમાં ફોગટ જ અયતના આદિ નિમિત્તજન્ય હિંસા આદિ દોષ છે. વળી યતના વગરની પ્રવૃત્તિમાં સઘળે અનર્થદંડ જ છે. એથી દયાપૂર્વક સઘળા વ્યાપારોમાં સર્વશક્તિથી શ્રાવકે યતનામાં પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રમાણે ત્રીજું ગુણવ્રત સમજવું.

शिक्षापद व्रतो-

○ शिक्षापद व्रतो-शिक्षा એટલે અભ્યાસ. તે શિક્ષા માટે કે તે શિક્ષાના પદો (સ્થાનો-અભ્યાસ-વિષય)રૂપી વ્રતો 'શિક્ષાપદ વ્રતો' કહેવાય છે. આ શિક્ષાવ્રતો નિત્ય અભ્યાસયોગ્ય હોવાથી જો કે ગુણવ્રતોમાં સમાવેશ થાય છે, તો પણ ગુણવ્રતો પ્રાયઃ સ્વલ્પકાળની અવિધિવાળા છે એવો શિક્ષાવ્રત અને ગુણવ્રતમાં ભેદ છે, માટે બંને જુદા જુદા કહ્યા છે.

○ આ શિક્ષાવ્રતો-(૧) સામાયિક, (૨) દેશાવકાશિક, (૩) પૌષધોપવાસ, અને (૪) અતિથિસંવિભાગ રૂપે ચાર પ્રકારના છે. પહેલાંના બે નિયમપૂર્વક હંમેશાં પ્રતિદિવસ કર્ત્તવ્ય છે, એટલું જ નહિ પરંતુ વારંવાર ઉચ્ચાર કરવા યોગ્ય છે, જ્યારે પાછળના બે પ્રતિનિયત-પર્વતિથિ આદિમાં કર્ત્તવ્ય છે.

○ સામાયિક એટલે રાગ અને દ્વેષ વગરનો.

○ સમ અર્થાત્ જે સર્વ જીવોને આત્મસમાન દેખે છે, તે સમ ક્ષણે ક્ષણે નવી નવી કર્મની નિર્જરાની હેતુભૂત વિશુદ્ધિનો આય એટલે લાભ તે સમાય કહેવાય છે. તે સમાયને જ સામાયિક કહેવાય છે.

○ વાચિક-કાયિક સાવદ્ય (સપાપ) કર્મથી રહિત અને આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાનથી રહિત જીવની બે ઘડીના કાળ સુધીની સમતાપરિણતિ, તે 'સામાયિક' કહેવાય છે. મન-વચન-કાયાની ચેષ્ટા-ક્રિયાના પરિહાર સિવાય તે સામાયિક અસંભવિત હોવાથી બે વિશેષણો સાર્થક છે.

○ રાગ-દ્વેષ વગરનો આત્મા હોયે છતે આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્ર દ્વારા પ્રથમ-શાન્ત-રસજન્ય સુખ રૂપ લાભ અથવા સમ-મોક્ષ સાધન પ્રત્યે સમાન સમર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો લાભ, સમાયને જ સામાયિક કહે છે. વ્યાકરણના વિનય આદિ ગુણના ધોરણે આકૃતિગુણની અપેક્ષાએ ઠક્ (ઇક્) પ્રત્યય થયેલ છે. અથવા સમાય જ પ્રયોજન જેનું છે, તે સમાયિક છે. પ્રયોજન અર્થે ઇ ક ણ પ્રત્યય થયેલ છે.

○ સામાયિકમાં રહેલ શ્રાવક પણ સાધુસમાન થાય છે. એ કારણે જ સામાયિકવાળો દ્રવ્યથી દેવપૂજા આદિમાં અધિકારી લેખાતો નથી, કારણ કે-સામાયિકની સત્તામાં ભાવસ્તવ(પૂજા)ની પ્રાપ્તિ હોઈ દ્રવ્યસ્તવ રૂપ કારણ આવશ્યક નથી.

○ સામાયિકની વિધિ તો તે તે ગ્રંથોથી જાણવો.

○ આ વ્રત બહુ નિર્જરા રૂપ ફળવાળું હોઈ શ્રાવકને હંમેશાં કર્ત્તવ્ય રૂપ છે. આ પ્રમાણે પ્રથમ શિક્ષાવ્રત છે.

બીજું શિક્ષાવ્રત દેશાવકાશિક-

પહેલા દિગ્વ્રતના ગ્રહણસમયમાં ગ્રહણ કરેલ જાવજ્જીવ, વર્ષ કે ચાતુર્માસ સુધી દશેય દિશાઓમાં સો જોજન આદિ અવધિવાળા નિશ્ચિત કરેલ ગમન-આગમન આદિમાંથી મુહૂર્ત્ત-પ્રહર-દિન-અહોરાત્ર આદિ ઇષ્ટકાળ સુધી સંક્ષેપ (ઘટાડો) કરવો. ઘર, શય્યા કે સ્થાન આદિથી બહાર આગળ જવાના નિષેધ રૂપ દેશાવકાશિક વ્રત છે. દેશમાં એટલે દિગ્વ્રતમાં ગ્રહણ કરેલ પરિમાણના સંક્ષેપ રૂપ વિભાગમાં અવકાશ એટલે સ્થિતિ, તે દેશાવકાશ જેમાં છે, તે દેશાવકાશિક કહેવાય છે.

○ સર્વ વ્રત-નિયમોનો સંક્ષેપ કરવો આવશ્યક હોઈ, તે તે (વિશિષ્ટ-વ્યક્તિગત) વ્રતોનો સંક્ષેપ કરવામાં ભિન્ન ભિન્ન વ્રતપણાનો પ્રસંગ આવતાં, બાર સંખ્યાની સાથે વિશેષ હોઈ, આ વ્રત અણુવ્રત આદિના ભોગોપભોગપરિમાણ દિગ્વ્રત આદિના સંક્ષેપ કરવા રૂપ પણ છે, માટે આ વ્રત સર્વ વ્રત (નિયમ) સંક્ષેપકરણ રૂપ છે એમ વિચારવું. (દેશાવકાશિક એટલે દિશાપરિમાણનો નિત્ય સંક્ષેપ, અથવા સર્વ વ્રતોનો પ્રતિદિન સંક્ષેપ. આજે દશ સામાયિક કરીને આ વ્રતને સાચવવાની પ્રથા ચાલી છે. અથવા હમણાં ચૌદ નિયમોને-સચિત્તાદિ ચૌદ નિયમોને પ્રભાતકાળમાં શ્રાવકો ગ્રહણ કરે છે અને સાંજે સંકોચે છે તથા પચ્ચક્ખાણના અંતે 'દેશાવગાસિયં પચ્ચક્ખામિ' ઇત્યાદિ દ્વારા ગુરુ સમક્ષ આ વ્રત સ્વીકારે છે. વળી નિદ્રા આદિના અવસરે વિશેષથી સર્વ વ્રત સંક્ષેપ રૂપ આ વ્રત ગ્રંથી સહિત આદિ પચ્ચક્ખાણ દ્વારા સ્વીકારવું જોઈએ.)

○ આ વ્રતનો અતિચાર પણ, તે તે અનુસારી અતિચારોનો ઉપલક્ષક-ગ્રાહક જાણવો.

○ પ્રાણાતિપાતવિરમણ આદિ વ્રતાન્તરના સંક્ષેપકરણોમાં વધ, બંધ આદિ જ અતિચારો છે. દિગ્વ્રતના સંક્ષેપકરણમાં તો ક્ષેત્ર સંક્ષિપ્ત કરેલ હોવાથી પ્રેષ્યપ્રયોગ આદિ અતિચારો છે. વળી ભિન્ન અતિચારનો સંભવ હોવાથી દિગ્વ્રતના સંક્ષેપકરણને જ સાક્ષાત્ દેશાવકાશિકપણા રૂપે કહેલ છે. આ પ્રમાણે બીજું શિક્ષાપદ વ્રત છે.

પૌષધ ઉપવાસ નામક ત્રીજું શિક્ષાવ્રત-

પૌષધવ્રત એટલે અષ્ટમી-ચૌદશ-પુનમ-અમાસ રૂપ પર્વતિથિઓમાં આહાર, શરીરસત્કાર, અબ્રહ્મ અને પાપવ્યાપારોનો ત્યાગ એ 'પૌષધવ્રત' કહેવાય છે, કેમ કે-પૌષધોપવાસ ચાર પ્રકારનો છે. ત્યાં ધર્મનો પોષ એટલે પુષ્ટિને કરે, તે વ્રત પૌષધવ્રત પૌષધોપવાસ તરીકે કહેવાય છે. અર્થાત્ કહેલ પર્વદિવસોમાં કર્ત્તવ્યવિશિષ્ટ વ્રત તે પૌષધ. તે પૌષધ વડે ઉપવસન-અવસ્થાન 'પૌષધોપવાસ' અથવા પૌષધ એટલે અષ્ટમી આદિ પર્વદિવસે દોષોના આવરણોવાળા હોતા આત્માને આહાર-પરિહાર આદિ રૂપ ગુણોની સાથે (ઉપ) રહેવા રૂપ ઉપવાસ-પૌષધોમાં ઉપવાસ-પૌષધોપવાસ. આ તો વ્યુત્પત્તિ માત્ર છે. આ શબ્દની પ્રવૃત્તિ તો આહાર, શરીરસત્કાર, અબ્રહ્મચર્ય અને પાપવ્યાપારોના ત્યાગમાં છે. તથાચ પૌષધોપવાસ આહાર, શરીરસત્કાર, બ્રહ્મ અને અવ્યાપાર રૂપ વિષયના ભેદથી ચાર પ્રકારનો છે. પૌષધ શબ્દ પણ ત્યાં જોડાય છે. પૌષધોપવાસ ચાર પ્રકારનો છે. ત્યાં દરેકના દેશ અને સર્વના ભેદથી આઠ પ્રકારો થાય છે.

○ આહારપૌષધ-દેશથી વિગય વગરનું આયંબીલ, નીવિ વિગયવાળું એકાસન આદિ. એકવાર (કે બેવાર ભોજન) સર્વથી ચાર પ્રકારના આહારનો અહોરાત્ર પર્યંત ત્યાગ.

○ શરીરસત્કાર પૌષધ-દેશથી કોઈ એક શરીરસત્કાર નહિ કરવો, તેમજ સર્વથી સર્વ શરીરસત્કાર નહિ કરવો.

○ અબ્રહ્મત્યાગ રૂપ બ્રહ્મચર્યપૌષધ-દેશથી દિવસમાં જ કે રાત્રિમાં જ બ્રહ્મચર્ય પાળવું, તેમજ સર્વથી અહોરાત્ર પર્યંત બ્રહ્મચર્યનું પાલન કરવું.

○ અવ્યાપારપૌષધ-દેશથી કોઈ એક પણ કુવ્યાપાર નહિ કરવો, તેમજ સર્વથી તો સઘળા ખેતી, નોકરી, વ્યાપાર, પશુપાલન અને ઘરના કામકાજ આદિ નહિ કરવું.

○ જ્યારે દેશથી પૌષધ કહે છે, ત્યારે સામાયિક કરે છે ખરો અથવા નથી પણ કરતો. તેમજ જ્યારે સર્વથી પૌષધ કરે છે, ત્યારે નિયમા સામાયિક કરે છે, સામાયિક નહિ કરવામાં તેના ફળથી વંચિત રહે છે.

○ સર્વથી પૌષધ ચૈત્યઘરમાં, સાધુ પાસે, ઘરે અથવા પૌષધશાળામાં મણિ-સોના આદિના અલંકારો છોડી, માલાવિલેપન-વિલેપનયોગ્ય પિષ્ટપીઠી-ચંદન આદિ રૂપ વર્ણને છોડી અને શસ્ત્રોને પરિહરી પુસ્તકને ભણે છે-વાંચે છે-ધર્મધ્યાન નામક શુભ ધ્યાનને ધ્યાવે છે. જેમ કે-આ સાધુગુણોને મંદભાગી હું ધારણ કરવા સમર્થ નથી.

દેશ અને સર્વથી વિશેષિત બનેલા આ આહાર આદિ ચાર પદોના એક દ્વિ આદિ સંયોગથી જન્ય એંશી ભાંગા-પ્રકારો થાય છે.

○ આ ભાંગાના મધ્યમાં પૂર્વાચાર્યોની પરંપરાએ વિશિષ્ટ સામાચારીથી આહાર-પૌષધ જ દેશ-સર્વના ભેદથી બે પ્રકારનો પણ હમણાં કરાય છે, કેમ કે-સામાયિકની સાથે નિરવદ્ય આહારનો વિરોધ દેખાતો નથી. સર્વ સામાયિકવાળા સાધુ વડે-ઉપાધાનતપોવાહી શ્રાવક વડે પણ આહારનું ગ્રહણ કરાતું દેખાય છે. બાકીના ત્રણ પૌષધો સર્વથી જ ઉચ્ચરાય છે, કેમ કે-પ્રાયઃ સામાયિકની સાથે દેશથી શરીરસત્કાર-બ્રહ્મચર્ય-અવ્યાપારનો વિરોધ દેખાય છે; કેમ કે-સામાયિકમાં સાવદ્યયોગનું પચ્ચક્ખાણ ઉચ્ચારાય છે. શરીરસત્કાર આદિ ત્રણમાં તે પ્રાયઃ સાવદ્યયોગ જ સંભવે છે. તે બધું વિસ્તારથી બીજા ગ્રંથોથી જાણવું. આ પ્રમાણે ત્રીજું શિક્ષાવ્રત સમજવું.

अतिथिसंविभाग नामक चोथुं शिक्षाव्रत-

○ અતિથિ—સતત પ્રવૃત્તિના કારણે નિર્મળ અને સમાન આકારવાળા અનુષ્ઠાન હોઈ દિનવિભાગ રૂપ તિથિ-પર્વ આદિ જેની પાસે નથી, તે અતિથિ કહેવાય છે. કહ્યું છે કે-'તિથિ-પર્વ-ઉત્સવો જે મહાત્માએ સઘળા છોડી દીધા છે, તેને અતિથિ જાણો, એ સિવાયના બાકીનાને અભ્યાગત જાણો.' તે અતિથિની સાથે સંગત (આધાકર્મ આદિ બેંતાલીશ દોષરહિત) વિશિષ્ટ ભાગ-વિભાગ (પશ્ચાત્કર્મ આદિ દોષના પરિહાર માટે અંશદાન રૂપ વિભાગ) 'અતિથિસંવિભાગ' કહેવાય છે. તથાચ તિથિ, પર્વ આદિ લૌકિક પર્વના પરિત્યાગથી ભોજનના કાળમાં ઉપસ્થિત સાધુને (અહીં અભ્યાગતની નિવૃત્તિ થાય છે.) ન્યાયથી આવેલ (અન્યાયથી આવેલ અન્ન આદિના વ્યવચ્છેદ માટે ન્યાયાગત કહેલ છે. ન્યાય એટલે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શુદ્રોનું સ્વવૃત્તિ રૂપ અનુષ્ઠાન. લોકહેરી પ્રવાહથી સ્વવૃત્તિ પ્રાયઃ પ્રસિદ્ધ છે. તે તેવા ન્યાયથી આવેલ અર્જિત ન્યાયાગત છે.) કલ્પનીય (અકલ્પનીયના વ્યવચ્છેદ માટે આ પદ છે. ઉદ્ગમ આદિ દોષરહિત) એવા અન્ન-પાન આદિ. (આ વિશેષણ હિરણ્ય આદિના વ્યવચ્છેદ માટે છે.) દેશ (શાલી આદિ ધાન્યની સિદ્ધિવાળો દેશ), કાળ (સુકાળ-દુકાળ આદિ કાળ), શ્રદ્ધા (પાત્ર આદિ અપેક્ષાવાળો વિશુદ્ધ ચિત્તપરિણામ), સત્કાર (અભ્યુત્થાન-આસન-દાન-વંદના-પાછળ જવું ઇત્યાદિ રૂપ સત્કાર), ક્રમ (પેયા આદિ ક્રમથી પાકનું દાન જે દેશમાં-કાળમાં ક્રમપ્રસિદ્ધ છે, તે દેશ, કાળ આદિ ઔચિત્યથી.) અર્થાત્ દેશ-કાળ-શ્રદ્ધા-સત્કાર-ક્રમપૂર્વક (યુક્ત) ઉત્કૃષ્ટ ભક્તિથી અને આત્માના અનુગ્રહની બુદ્ધિથી (મારા ઉપર આ અનુગ્રહ-ઉપકાર મહાવ્રતી

મુનિઓ દ્વારા કરાય છે, કેમ કે-જે અશન આદિ મારી પાસેથી મુનિઓ લે છે, યતિ અનુગ્રહ બુદ્ધિથી દાનના વારણ માટે આત્માનુગ્રહ બુદ્ધયા એમ કહેલ છે.) જે અપાય છે, તે અતિથિસંવિભાગ છે. તે રૂપ વ્રત 'અતિથિસંવિભાગ' વ્રત કહેવાય છે. અહીં આદિ પદથી વસ્ત્ર, પાત્ર આદિનું ગ્રહણ કરવું.

શંકા - શાસ્ત્રમાં આહારદાતાના શ્રવણની માફક વસ્ત્ર આદિ દાતાઓ સંભળાતા નથી, અથવા વસ્ત્ર આદિના દાનનું ફળ સંભળાતું નથી, તો વસ્ત્રાદિ દાન શાસ્ત્રસિદ્ધ કે સફળ કેવી રીતે ?

સમાધાન - શ્રી ભગવતી આદિ સૂત્રમાં વસ્ત્ર આદિનું દાન સાક્ષાત્ (શબ્દતઃ) કહેલ છે. વળી તે વસ્ત્ર આદિ સંયમના ઉપકારક થાય છે, માટે વસ્ત્રાદિ દાન શાસ્ત્રસિદ્ધ અને સફળ છે.

અતિથિસંવિભાગ વ્રતની વિધિ-

પૌષધ ઉપવાસના પારણાના કાળમાં નિયમ છે કે-સાધુઓને વહોરાવ્યા સિવાય પોતે પારણું કરવું નહિ. અર્થાત્ પૌષધ પાર્યા પછી નિયમા સાધુઓને આપીને શ્રાવકે ભોજન કરવું કેવી રીતે ? જ્યારે ભોજનનો કાળ થાય, ત્યારે પોતે વસ્ત્ર-અલંકારાદિથી ભૂષિત બની, ઉપાશ્રયમાં જઈને સાધુઓને આમંત્રણ કરે કે-'ભિક્ષાગ્રહણ માટે પધારો.' સાધુઓની ત્યાં કયી સામાચારી છે ? તો કહેવાય છે કે-ત્યારે એક પડલનું, બીજો મુખવસ્ત્રિકાનું અને ત્રીજો પાત્રાઓનું પ્રમાર્જન-પડિલેહણ કરે છે, કેમ કે-અંતરાયના દોષો કે સ્થાપનાના દોષો ન લાગે એમ તેઓ માને છે. જો તે શ્રાવક પહેલી પોરિસીમાં આમંત્રણ કરે અને સાધુ જો નવકારશીના પચ્ચક્ખાણવાળો હોય, તો ભિક્ષા લેવા જઈને ભિક્ષા ગ્રહણ કરે, કારણ કે-સમય પસાર કરવો યોગ્ય છે. જો તે ઘણો ઘણો લાગે ત્યારે ભિક્ષા ગ્રહણ કરાય અને સ્થાપિત કરાય. અથવા જે ઉઘાડા પોરિસીમાં પૌષધ પારે છે, પારણાવાળો કે બીજો સાધુને આમંત્રણ આપે છે, પછીથી તે શ્રાવકની સાથે સંઘાટક (બે સાધુ) જાય છે, કેમ કે-એકલો સાધુ મોકલવો વ્યાજબી નથી. શ્રાવક તો આગળ માર્ગમાં ચાલે છે. ત્યારબાદ આ શ્રાવક સાધુઓને ઘરમાં તેડી લાવીને તે બંનેને આસન ઉપર બેસવાને આમંત્રણ કરે છે. જો તેઓ આસન ઉપર બેસે તો સારું. હવે જો તેઓ આસન ઉપર ન બેસે, તો પણ વિનય સાચવેલો ગણાય છે. ત્યારબાદ આ શ્રાવક ભાત-પાણી પોતે જ વહોરાવે છે, અથવા ભાજન પકડે છે, અથવા ઉભો જ રહે છે, કે જ્યાં સુધી વહોરાવાય છે. બંને સાધુઓ પણ પશ્ચાત્ કર્મના પરિહાર માટે બાકી રાખીને વહોરે છે. ત્યારબાદ વંદના દઈ ગુરુમહારાજને વળાવવા કેટલાંક પગલાં સુધી પાછળ જાય છે. ત્યારપછી પોતે પારણું કરે છે-ભોજન લે છે. જે સાધુઓને ન આપ્યું હોય તે ન ખાવું. જો તે ગ્રામ આદિમાં સાધુઓ ન હોય, તો ભોજનના અવસરે દ્વારસ્થ બની અવલોકન કરે છે અને વિશુદ્ધ ભાવથી વિચારે છે કે-'જો સાધુઓ હોત, તો નિસ્તારિત (તારેલો) હું થાત.'

પૌષધ ઉપવાસ બાદ પારણાની વિધિ છે કે-સાધુઓને વહોરાવીને જમે છે અથવા જમ્યા બાદ વહોરાવે છે. આ પ્રમાણે શ્રાવકોના બાર વ્રતો છે.

ઃ આ બાર વ્રતોનું અતિચાર વગર પાલન થતાં શ્રાવક ધર્મવિશિષ્ટ બને છે, માટે અતિચારો જાણવા જોઈએ. પ્રત્યેક વ્રતના પાંચ પાંચ અતિચારો છે.

શંકા - અતિચારો તો સંજ્વલન નામના કષાય ઉદયથી પેદા થાય છે. અપ્રત્યાખ્યાન નામના કષાયના ઉદયવાળા સમકિતીઓને અને પ્રત્યાખ્યાનકષાયના ઉદયવાળા દેશવિરતિધરોને તે અતિચારો કેવી રીતે

સંભવિત થાય ? કેમ કે-સંજ્વલન કષાયના ઉદયવાળાને જ અતિચારો સંભવિત છે. દેશવિરતિ અત્યંત અલ્પ છે. જેમ કે-કુંથુઆના શરીરમાં વ્રણ આદિનો અસંભવ છે, તો દેશવિરત આદિમાં અતિચારો કેમ સંભવે ?

સમાધાન - શ્રી ઉપાસકદશાંગ આદિ સૂત્રોમાં પ્રત્યેક વ્રતના પાંચ પાંચ અતિચારોનું કથન છે. સર્વવિરતિમાં સંજ્વલનકષાયના ઉદયમાં અતિચારો થાય છે. અપ્રત્યાખ્યાન આદિ બાકીના કષાયના ઉદયમાં મૂલગુણ આદિ છેદયોગ્ય થાય છે. આવા અભિપ્રાયથી સર્વવિરતિમાં સંજ્વલનના ઉદયને અતિચાર હેતુ રૂપે શાસ્ત્રમાં કહેલ છે. પરંતુ અતિચાર માત્ર સંજ્વલનના ઉદયથી જ જન્ય છે એમ સમજવાનું નથી. અર્થાત્ ત્રીજા પ્રત્યાખ્યાન નામના કષાયના ઉદયથી સર્વવિરતિના મૂલનો છેદ થાય છે, બીજા અપ્રત્યાખ્યાન નામક કષાયના ઉદયથી દેશવિરતિનો છેદ થાય છે. પ્રથમ અનંતાનુબંધી કષાયના ઉદયથી સમ્યક્ત્વનો મૂલચ્છેદ થાય છે. આવો અભિપ્રાય હોઈ જેમ સંજ્વલનના ઉદયમાં સર્વવિરતિ મેળવાય છે ત્યાં અતિચારો થાય છે, તેમ પ્રત્યાખ્યાન આવરણ નામક કષાયના ઉદયમાંદેશવિરતિ અને તેમાં અતિચારો થાય છે. તેવી રીતે અપ્રત્યાખ્યાનકષાયના ઉદયમાં સમકિત અને તેના અતિચારો હો ! કેમ કે-ન્યાય સર્વત્ર સરખો છે.

○ કષાયોનો ઉદય વિચિત્ર હોય છે તેથી આ ગુણલાભ પ્રત્યે અપ્રતિબંધક છે અને અતિચારો પ્રત્યે નિમિત્ત બને છે. જેમ કે-સંજ્વલનનો ઉદય.

○ પ્રથમ વ્રતના પ્રબળ ક્રોધ આદિ કષાયના ઉદયથી (૧) વધ, (૨) બંધ, (૩) છવિચ્છેદ, (૪) અતિભારારોપણ, અને (૫) ભક્તપાન વ્યવચ્છેદ.

○ વધ-ક્રોધથી ચાર પગવાળાં આદિ જીવોને લાકડી આદિથી દયા વગરના બનીને મારવું તે વધ છે. અહીં સર્વત્ર પ્રબળ કષાયના ઉદયથી સમજવાનું છે. તેથી જ કષાય વગર શ્રાવકે વિનય આદિની શિક્ષા માટે પુત્ર આદિ પ્રત્યે પણ સાપેક્ષતાથી આચરિત તાડન આદિમાં દોષ નથી. મર્મભાગને છોડીને મારવું.

○ બંધ-તે ચતુષ્પદ આદિને રજજુ-દોરડા આદિથી બાંધવાં તે બંધ. અહીં પણ પ્રબળ કષાયના ઉદયથી સમજવાનું છે. પુત્ર આદિને પણ કષાય વગર શિક્ષા માટે બાંધવામાં કોઈ દોષ નથી.

○ છવિચ્છેદ-છવિ એટલે શરીર કે ચામડી, તેનો છેદ-છવિચ્છેદ, અર્થાત્ કાન, નાક, ગાય, બળદ વગેરેને ગળે લટકતી ચામડાની ગોદડી (ગલકંબલ), પૂંછડા વગેરે કાપવા તે. આ પણ ક્રોધથી જ સમજવો. તેથી પાદવલ્મિક. (એક જાતનો પગ સુજી જવાના રોગથી હણાયેલ રાગવાળા પુત્ર આદિના શરીરના અવયવોના છેદ કરવા છતાં દોષ નથી.)

○ અતિભારારોપણ-અતિ ભાર એટલે શક્તિનો વિચાર કર્યા વગર અત્યંત ભાર, અર્થાત્ જે ઉપાડી નહિ શકાતો ભાર, તેનું આરોપણ અતિભારારોપણ. અર્થાત્ ગાય-બળદ-ઊંટ-ઘોડા-મનુષ્ય આદિના સ્કંધ ઉપર-પીઠ ઉપર કે માથા ઉપર અતિ ભાર મૂકવો. અહીં પણ ક્રોધથી કે લોભથી સમજવાનું છે.

○ ભક્તપાન વ્યવચ્છેદ-ક્રોધ આદિથી ગાય-ભેંસ-નોકર આદિ કોઈપણ પ્રાણીના ખાનપાનમાં અટકાયત કરવી, તે 'ભક્તપાન' નિષેધ છે. આ પાંચ અતિચારો નામ માત્રથી કહેલા છે. વિસ્તાર તો તે તે ગ્રંથોથી જાણવો. તે પ્રમાણે પણ સમજવાનું છે.

○ (१) સહસા અભ્યાખ્યાન, (૨) મિથ્યા ઉપદેશ, (૩) ગુહ્યભાષણ, (૪) કૂટ લેખ, અને (૫) વિશ્વાસુ મંત્રભેદ-એમ બીજા વ્રતના પાંચ અતિચારો છે.

(૧) વિચાર્યા વગર, (૨) અવિદ્યમાન, (અછતા) દોષનો આરોપ કરવો, તે સહસા અભ્યાખ્યાન. જેમ કે-અચોરને ચોર કહેવો, સદાચારીને પરસ્ત્રીગામી કહેવો, ઇત્યાદિ અસત્ય વચન 'સહસા અભ્યાખ્યાન.'

○ કેટલાક સહસા અભ્યાખ્યાનના બદલે 'રહસ્યાભ્યાખ્યાન' કહે છે. ત્યારે રહસ્ય એટલે એકાન્તમાં થયેલા અછતા આરોપો. જેમ કે-વૃદ્ધાને એકાન્તમાં કહે છે કે-'આ તારો ધણી તરુણીમાં અત્યંત આસક્ત છે. તરુણીને એકાન્તમાં કહે કે-આ તારો ભર્તાર પ્રૌઢ ક્રિયાવાળી પ્રૌઢ સ્ત્રીમાં આસક્ત છે.' ઇત્યાદિ રહસ્ય અભ્યાખ્યાન કહેવાય છે.

(૨) મિથ્યા ઉપદેશ-અસદ્ ઉપદેશ એટલે સાચું-જુઠું, બોલી-બોલાવી બીજાને પોતે ઠગે, અથવા પોતે બીજાની પાસે ઠગાવે, તે મિથ્યા ઉપદેશ. અર્થાત્ જેણે સત્ય વ્રતનો સ્વીકાર કર્યો છે, તેનું પરને પીડા કરનારું વચન અસત્ય જ છે, તેથી પ્રમાદથી પરપીડા કરનાર વચન રૂપ ઉપદેશ 'અતિચાર છે.' જેમ કે-'ગધેડા ઊંટ વગેરેને જોડો-વહાવો !' 'ચોરોને મારો !' ઇત્યાદિ. અથવા જે પ્રકારે અર્થ પદાર્થ છે, તે પ્રમાણે વચન રૂપ ઉપદેશ-બહુ સારો છે તેનાથી વિપરીત અયથાર્થ ઉપદેશ. જેમ કે-બીજાએ જ્યારે પૂછ્યું, ત્યારે સંદેહ થવાથી યથાર્થ જવાબ ન દેવો તે. અથવા બંનેના વિવાદ(કલહ)માં કોઈ એકને ઠગવાના ઉપાયનું શિક્ષણ-ઉપદેશ. (સારી રીતે નહિ જાણેલ મંત્ર, ઔષધિ આદિનો ઉપદેશ, માયાપ્રધાન-શાસ્ત્રનો અધ્યાપન આદિ.)

(૩) ગુહ્યભાષણ-જે બધાને કહેવાયોગ્ય નથી, તે ગુહ્યનો આકાર-ઇંગિત આદિથી જાણી અનધિકારીએ જ પ્રકાશ કરવો, તે 'ગુહ્યભાષણ.' જેમ કે-'આ લોકો આ, આ રાજાથી વિરુદ્ધ આદિની મંત્રણા કરે છે.' અથવા ગુહ્યભાષણ એટલે ચાડીચુગલી ખાવી. જેમ કે-બંનેની પ્રીતિ હોય છે, તે આકાર-ઇંગિત આદિથી એકના અભિપ્રાયને જાણી બીજાને તેવી રીતે કહે છે, કે જેથી પ્રીતિનો ભંગ થઈ જાય છે. આનું પણ અતિચારપણું રહસ્યાભ્યાખ્યાનની માફક હાસ્ય આદિથી સમજવું.

(૪) કૂટ લેખ-(ઠગવાના ઇરાદાથી) બીજાના જેવા અક્ષર, મુદ્રા (સિક્કા બનાવવા, મહોર, હસ્તાક્ષર, ઇત્યાદિ વગેરે દસ્તાવેજો કરવા) કરવા, એ 'કૂટ લેખ' કહેવાય છે. વળી આ, જો કે-કાયા વડે અસત્ય વાણી બોલું નહિ અથવા બોલાવું નહિ, એ અપેક્ષાએ વ્રતનો ભંગ જ થાય, તો પણ સહસાકાર (વિચાર્યા વગર કરવું) અનાભોગ, (અસાવધાનપણું) આદિ દ્વારા અતિક્રમ, (વ્રતભંગ માટે કોઈએ નિમંત્રણ કર્યે છતે અનિષેધ તે) વ્યતિક્રમ, (ગમન આદિ વ્યાપાર કરવામાં વ્યતિક્રમ) અતિચાર, (ક્રોધથી વધ, બંધ આદિ) અનાચાર, (જીવની હિંસા આદિમાં હોય છે) અતિચાર છે. અથવા મેં તો અસત્ય નહિ બોલવાની પ્રતિજ્ઞા કરી છે, નહિ કે તેવું લખવાની પણ. આ દૃષ્ટિએ વિચારતાં સાપેક્ષ વ્રતધારી મુગ્ધ બુદ્ધિને ઉદ્દેશીને અતિચાર ગણાય.

(૫) વિશ્વસ્ત મંત્રભેદ-આપણા ઉપર જેનો વિશ્વાસ બેઠો હોય, તે જનોએ વિશ્વાસપૂર્વક જે છૂપી વાત આપણને કરી હોય, તે વાત પ્રકાશમાં લાવવી તે. આ (વિશ્વસ્ત મંત્રભેદ) તો અનુવાદ (કથિતના કથન રૂપ) રૂપ હોઈ-સત્ય હોઈ જો કે આની અતિચારતા ઘટતી નથી, તો પણ મંત્રિત-વિચારેલ ગૂઢ મંત્રના પ્રકાશનથી

પેદા થયેલ લજ્જા આદિથી મિત્ર-સ્ત્રી આદિમાં મરણ આદિ અનર્થનો પણ સંભવ હોઈ, પરમાર્થથી આ વિશ્વસ્ત મતભેદનું અસત્યપણું છે, માટે કથંચિત્ ભંગ રૂપ હોઈ આની અતિચારતા જ છે. ગુહ્યભાષણમાં આકાર આદિથી જાણી અનધિકારી જ ગુહ્યને પ્રકાશે છે, જ્યારે અહીં તો સ્વયં (પોતે) મંત્રણા કરીને મંત્રનો ભેદ કરે છે. એમ આ બંનેમાં ભેદ છે એમ સમજવું.

સ્થૂલ અદત્તાદાનવિરતિના પાંચ અતિચારો-

(૧) સ્તેનાહૃતગ્રહ, (૨) સ્તેનપ્રયોગ, (૩) માનવિપ્લવ, (૪) શત્રુરાજ્યગમન, અને (૫) પ્રતિરૂપ વ્યવહાર.

(૧) સ્તેનાહૃતગ્રહ-ચોરોએ ચોરી કરી લાવેલ મહા કિંમતી ચીજોને અલ્પ મૂલ્યથી અથવા મફતમાં ગુપ્તપણે લેવી, તે 'સ્તેનાહૃતગ્રહ' કહેવાય છે. જેમ કે-નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે- 'ચોરી કરનાર, ચોરી કરાવનાર, ચોરી માટે મસલત કરનાર, ચોરીના ભેદને જાણનાર, ચોરીના માલને ખરીદનાર, ચોરને ભોજન કરાવનાર અને ચોરને સ્થાન આપનાર—એમ સાત પ્રકારનો ચોર કહેલ છે.' એક બાજુ ચોરી કરવાથી વ્રતનો ભંગ છે, જ્યારે બીજી બાજુ વાણિયાની કળા જ મારાથી કરાય છે, ચોરી કરાતી નથી, આવા અધ્યવસાયથી વ્રતની અપેક્ષા હોવાથી અભંગ છે. આમ ભંગાભંગ રૂપ પહેલો અતિચાર છે.

(૨) સ્તેનપ્રયોગ-ચોરી કરવા માટે પ્રેરણા કરવી. જેમ કે-'તમો ચોરી કરો ને ! કેમ કરતા નથી ? ઇત્યાદિ. અથવા લોઢાની કોશ, કાતર છેદવાનું સાધન ધુર્ધુરક આદિ (ભમરી-જંતુવિશેષ આદિ) ચોરને ચોરીના સાધનો પૂરા પાડવાં. અહીં જો કે 'હું ચોરી ન કરું-ન કરાવું'-આ પ્રમાણે વ્રતના સ્વીકાર કરનારને સ્તેનપ્રયોગ વ્રતના ભંગ રૂપ છે. તો પણ 'કેમ હમણાં તમે ધંધા વગરના-નવરા બેઠા છો ? જો તમારી પાસે ભોજન આદિ ન હોય, તો હું આપું છું. અથવા તમોએ આણેલ ચોરીનો માલ જો કોઈ વેચી આપનારો ન હોય, તો હું વેચી આપીશ.' આવા પ્રકારના વચનોથી ચોરોને ચોરીના ધંધામાં હોંશિયાર કરનારને પોતાની કલ્પનાથી ચોરીને છોડનાર વ્રતસાપેક્ષને આ અતિચાર રૂપ છે. એ બીજો અતિચાર સમજવો.

(૩) માનવિપ્લવ-પારકાને છેતરવા માટે ખોટાં કાટલાં અને માપાં રાખીને તે દ્વારા ખરીદી અને વેચાણનો વ્યવહાર કરવો તે, અર્થાત્ ઓછા-વધતાં માપાં-કાટલાં-ત્રાજવાં વગેરે દ્વારા લેવડ-દેવડ કરવી તે, 'હીનાધિક માનોન્માન' છે. અર્થાત્ આપતી વેળાઓછાં માપાં-કાટલાં વગેરેનો ઉપયોગ કરે અને લેતી વેળા અધિક માપાં-કાટલાં વગેરેનો ઉપયોગ કરે. આવું કૃત્ય કરનાર ચોર જ છે. (કુડવ-પાશેર જેટલું માપ, ચાર આંગળ પહોળું અને ચાર આંગળ ઊંડું એવું કોઈ ધાતુનું કે લાકડાનું માપ, સોળ કર્ષનો એક કુડવ આદિ. પલ એટલે આઠ રતિ ને બે માસાનું વજન, ચાર તોલાભાર, ચાર કર્ષ આદિ. હાથ (ચોવીશ આંગળપ્રમાણ) આદિ. આમ ત્રણ પ્રકારના માન છે.) અર્થાત્ કુડવ આદિ, પલ આદિ, હસ્ત આદિ રૂપ માનનું હીનપણું-અધિકપણું કરવું, તે માનવિપ્લવ. હીન માનથી દેવું અને અધિક માનથી લેવું, તે તત્ત્વથી ચોરી જ છે. આ પ્રમાણેનું વર્તન શ્રાવકને યોગ્ય નથી. એમ ત્રીજો અતિચાર જાણવો.

(૪) શત્રુરાજ્યગમન—રાજાની અનુજ્ઞા નહિ હોવા છતાં વ્યાપાર માટે શત્રુના રાજ્યમાં જવું તે. જો કે સ્વરાજ્યના સ્વામી રાજાની રજા ન હોવા છતાં શત્રુરાજ્યગમન, ચોરી રૂપ હોઈ, તે કરનારાઓને ચોરીના દંડના યોગથી અદત્તાદાન રૂપ હોઈ વ્રતભંગ જ છે. તો પણ શત્રુરાજ્યગમન કરનારા મેં તો વ્યાપાર જ કરેલ

છે, ચોરી નથી કરી, એવી કલ્પનાની અપેક્ષાએ વ્રતની અપેક્ષા હોઈ અને લોકમાં 'આ ચોર છે'-એવો વ્યવહાર ન થતો હોઈ અતિચારતા છે. ઉપલક્ષણથી રાજા દ્વારા નિષિદ્ધ વસ્તુઓનું લેવું પણ અતિચાર રૂપ છે. એમ ચોથો અતિચાર સમજવો.

(૫) પ્રતિરૂપ વ્યવહાર—સરખી વસ્તુના સંબંધથી અસલને બદલે બનાવટી બનાવી અસલ રૂપે ચલાવવી તે. જેમ કે-ઊંચી જાતના ચોખામાં હલકી જાતના ચોખા નાંખી તેને સારા તરીકે વેચવા ઇત્યાદિ. ઘીમાં ચરબીનો ભેળ કરવો, દૂધમાં પાણી નાંખી તેના પૂરા પૈસા લેવા, તેલને મૂત્રની સાથે ભેળવી, હિંગમાં ખેર આદિના લાકડા વગેરેનો લોટ, ચણા વગેરેનો લોટ, ગુંદર વગેરે. કેસરમાં બનાવટી કેસર અથવા કસુંબો આદિ ભેળવી, મજીઠમાં ચિત્રક આદિ (ચિત્રક, ઔષધિ આદિ) ભેળવી તત્સમાન કરી વેચાણ કરવું, અથવા ઉઠાવી લાવેલ ગાય આદિના શૃંગવાળા ગાય આદિને અગ્નિમાં પકાવેલ કાલિંગી ફળ (કાલિંગડું-તરબુચ)ના ગરમી-ઘામ-બાફ આદિથી વાંકાને સીધા અને સીધાને વાંકા કરે છે, કે જેથી તેનો સ્વામી ઓળખી શકે નહિ. એમ કરીને સુખપૂર્વક ધારણ-વેચાણ વગેરે કરે છે. આ પ્રમાણે પાંચમો અતિચાર માનવિપ્લવ અને પ્રતિરૂપ ક્રિયા-આ બંને બીજાને ઠગવા રૂપ હોઈ, પરધનગ્રહણ હોઈ ભંગ જ છે. કેવળ ખાતર પાડવા વગેરે ચોરી પ્રસિદ્ધ છે, મેં તો માત્ર વણિક કળા જ કરેલી છે. આવી વિચારણાની અપેક્ષાએ વ્રતના રક્ષણમાં ઉદ્યત હોઈ અતિચાર તરીકે લેખાય છે.

ચોથા વ્રતના પાંચ અતિચારો-

(૧) પરવિવાહકરણ, (૨) અપરિગૃહીતાગમન, (૩) ઇત્વરપરિગૃહીતાગમન, (૪) અનંગક્રીડા અને (૫) કામતીવ્રરાગ- એમ ચોથા વ્રતના પાંચ અતિચારો છે.

(૧) પરવિવાહકરણ-પોતાના સંતાન સિવાયના સંતાન પરશબ્દથી કહેવાય છે. પરસંતાનના કન્યાફળની પ્રાપ્તિની ઇચ્છાથી કે સ્નેહસંબંધના કારણે વિવાહ કરવા-પરણાવવા, એ પરવિવાહકરણ છે. વળી આ સ્વસ્ત્રીસંતોષીને પોતાની સ્ત્રી સિવાય સઘળી ત્યાજ્ય છે અને પરસ્ત્રીત્યાગીને જે સ્ત્રીને બીજો માલિક કે પતિ હોય તે સ્ત્રીઓનો ત્યાગ હોય છે. હવે એ ત્યાગ જો 'મન-વચન-કાયાએ પરસ્ત્રી સાથે મૈથુન કરું નહિ અને કરાવું નહિ'—આ પ્રકારનો હોય, તો વિવાહ જોડી આપવામાં મૈથુન કરાવ્યું એમ ગણાય. એ અપેક્ષાએ વ્રતનો ભંગ થાય છે. પરંતુ એની બુદ્ધિ એ છે કે-'હું તો વિવાહ જોડી આપું છું પણ મૈથુન કરાવતો નથી,' જેથી એ અપેક્ષાએ વ્રતનો અભંગ છે, માટે અહીં ભંગાભંગ રૂપવાળો અતિચાર છે.

કન્યાફળની લિપ્સા, સમ્યગ્દષ્ટિને અવ્યુત્પન્ન (અજ્ઞાન) અવસ્થામાં અને મિથ્યાદષ્ટિને તો ભદ્રક અવસ્થામાં અનુગ્રહ માટે વ્રતને આપતી વખતે તે સંભવે છે.

(૨) અનાત્તગમ-અનાત્ત એટલે નહિ ગ્રહણ કરાયેલી અપરિગૃહીતા વેશ્યા-કુલટા-પ્રોષિતભર્તૃકા (ધણી પ્રવાસે કે પરદેશ ગયો હોય તે સ્ત્રી) કુલાંગના અથવા અનાથા સાથે સ્ત્રીસેવન 'અનાત્તાગમ' કહેવાય છે. અનાભોગ આદિથી સ્વસ્ત્રીસંતોષીને આ અતિચાર છે.

(૩) ઇત્વરાત્તાગમ-અલ્પકાળવાળી સ્ત્રી. એટલે અમુક મુદત સુધી કોઈએ વેશ્યાને ભાડું આપી પોતાની કરીને રાખી હોય, તેવી વેશ્યાને સેવનારને સ્વબુદ્ધિની કલ્પનાથી સ્વસ્ત્રી હોઈ વ્રતની અપેક્ષા હોઈ ભંગ

નથી. થોડા કાળ સુધી ગ્રહણ કરેલ હોવાથી વસ્તુવૃત્તિથી પરસ્ત્રી હોઈ ભંગ છે, માટે ભંગાભંગ રૂપ હોઈ અતિચાર છે. આ પણ સ્વસ્ત્રીસંતોષીને જ છે, પરસ્ત્રીત્યાગીને નહિ, કેમ કે-ઇત્વરઆત્તાને વેશ્યા રૂપે ગ્રહણ કરેલ નથી. અનાથતા હોઈને જ પરસ્ત્રી નથી. શેષ બાકીના અતિચારો બંનેને 'સ્વસ્ત્રી સંતોષી-પરસ્ત્રીત્યાગીને) હોય છે.

(૪) અનંગક્રીડા-અનંગ એટલે કામ. કામપ્રધાના ક્રીડા 'અનંગક્રીડા.' કામ એટલે પુરુષને સ્ત્રી-પુંનપુંસકના સેવનની ઇચ્છા, હસ્તકર્મ આદિની ઇચ્છા, અથવા વેદના ઉદયથી સ્ત્રીને સ્ત્રી-પુરુષ-નપુંસકના સેવનની ઇચ્છા અથવા હસ્તકર્મ આદિની ઇચ્છા, નપુંસકને પણ નપુંસક-પુરુષ-સ્ત્રીના સેવનની ઇચ્છા, અથવા હસ્તકર્મ આદિની ઇચ્છા. એ અનંગ રૂપી કામ, તેના વડે કે તેમાં ક્રીડા કરવી-રમવું, એ 'અનંગક્રીડન' કહેવાય છે. અથવા કાર્ય પૂર્ણ થયું છતાં પોતાના ચિહ્નની સાથે લાકડા-ચામડા-માટી વગેરેના બનાવેલાં બનાવટી ગુહ્ય ઇન્દ્રિયો દ્વારા સ્ત્રીઓના અવાચ્ય ભાગની સાથે વારંવાર ક્રીડા કરવી. અથવા કેશ ખેંચવા-પ્રહાર દેવા. દાંત-નખ આદિ પ્રકારે મોહનીય કર્મના આવેશથી તેવી રીતે ક્રીડા કરે છે, કે જેથી બલવંત રાગ પેદા થાય છે. અથવા અંગ એટલે દેહનો અવયવ મૈથુનની અપેક્ષાએ સ્ત્રીચિહ્ન અને પુરુષચિહ્ન તેનાથી જુદાં અનંગ કહેવાય છે. અર્થાત્ સ્તન-કાખ-સાથળ-મુખ ઇત્યાદિ શરીરના અવયવોમાં ક્રીડા, તે 'અનંગક્રીડા.'

(૫) કામતીવ્રરાગ-કામમાં તીવ્ર રાગ, અત્યંત આગ્રહ. બીજા બધા કાર્યોને છોડી માત્ર મૈથુનમાં અધ્યવસાય હોઈ સ્ત્રીના મુખમાં-કાખમાં-સ્ત્રીચિહ્નમાં તૃપ્તિ વગર પુરુષચિહ્નને નાંખીને ઘણા કાળ સુધી નિશ્ચળ બની મરેલાની માફક રહે છે. વારંવાર ચકલો જેમ ચકલી ઉપર ચઢે, તેમ સ્ત્રી ઉપર ચઢે છે અને તેથી થયેલ બળના ક્ષયવાળો વાજીકરણોને (વીર્યની વૃદ્ધિ કરનાર ઔષધ, દવા વગેરેથી વીર્યની વૃદ્ધિ કરવી તે) ઉપયોગમાં લે છે. અહીં શ્રાવક અત્યંત પાપોથી ડરનાર હોઈ બ્રહ્મચર્ય પામવાને ઇચ્છુક હોવા છતાં, જ્યારે વેદના ઉદયને નહિ સહન કરનાર હોઈ બ્રહ્મચર્યનું પાલન નથી કરી શકતો, ત્યારે વેદની વેદનાને માત્ર ઉપશમન કરવા માટે સ્વસ્ત્રીસંતોષ આદિ વ્રતને સ્વીકારે છે. મૈથુન માત્રથી પાપના ઉપશમનો સંભવ હોય છે. તે અનંગક્રીડા-કામતીવ્રરાગ તો અર્થથી ત્યાગ કરેલ છે. તેના સેવનમાં કોઈ ફાયદો નથી. પરંતુ ઉલટો બળક્ષય આદિ અનર્થ અને રાજયક્ષ્મા આદિ (ટી.બી. વગેરે) રૂપ રોગો-દોષો પેદા થાય છે. આ પ્રમાણે પ્રતિસિદ્ધના આચરણથી ભંગ-નિયમ અબાધિત રાખવાથી અભંગ છે, માટે આ બંને અતિચાર રૂપ છે.

પાંચમા વ્રતના પાંચ અતિચારો-

(૧) ધન-ધાન્ય સંખ્યા (પ્રમાણ) અતિક્રમ, (૨) ક્ષેત્ર-વાસ્તુ સંખ્યાતિક્રમ, (૩) રૂપ્ય-સ્વર્ણ સંખ્યાતિક્રમ, (૪) ગો-મનુષ્ય આદિ સંખ્યાતિક્રમ, અને (૫) કુપ્ય સંખ્યાતિક્રમ,-એમ પાંચમા વ્રતના પાંચ અતિચારો છે. ધન-ધાન્ય આદિનું જાવજ્જીવ સુધી કે ચાતુર્માસિ આદિ કાળ સુધી જે પરિમાણ ગ્રહણ કરેલું છે, તેના ઉલ્લંઘન રૂપ આ અતિચારો છે. આ અતિચારો સાક્ષાત્ ગ્રહણ કરેલી સંખ્યાના અતિક્રમરૂપ નથી,પરંતુ બંધન (મોટા મોટા સો સો મણના એકેક સાટા રૂપ મૂઢા બાંધવા વગેરે), યોજન (આસન્ન ક્ષેત્ર આદિની સાથે એકતા કરવા રૂપ સંયોજન), દાન (અધિકને સ્ત્રી-પુત્ર આદિના નામે ચઢાવીદેવા રૂપ દાન), ગર્ભ (ગર્ભસ્થાનની ગણના નહિ કરવાથી) અને ભાવ (રૂપાન્તર બનાવવાથી) રૂપ પાંચ હેતુઓથી પોતાની બુદ્ધિથી વ્રતભંગ નહિ કરનારને જ અતિચારો છે.

(૧) ધન-ધાન્ય સંખ્યાતિક્રમ-ધાન્યના બંધનથી સંખ્યાતિક્રમ. જેમ કે-ધન-ધાન્યના પરિમાણ કરનારને કોઈપણ લભ્ય (લેણું) અથવા બીજું ધન-ધાન્ય આપે છે અને તે વ્રતભંગના ભયથી ચાર માસ આદિ મુદત બાદ ગ્રહણ કરનારને અથવા ધન-ધાન્ય આદિનું વેચાણ કર્યા બાદ ગ્રહણ કરીશ, આવી ભાવનાથી, રજ્જુ આદિથી મોટા મોટા મૂઢા બાંધવાથી, અથવા સત્યંકાર આદિ (અમુક વસ્તુ મારે ખરીદવી જ છે, એમ દર્શાવવાને ખાત્રી માટે જે પ્રથમ કાંઈ બહાનું આપવામાં આવે તે આદિથી) રૂપ બંધનથી સ્વીકાર કરીને તેના ઘરે જ સ્થાપન કરનારને આ અતિચાર છે.

(૨) ક્ષેત્ર-વાસ્તુ સંખ્યાતિક્રમ-ક્ષેત્ર-વાસ્તુના સંયોજનથી ક્ષેત્રાન્તર વાસ્તુ અંતરને મેળવવાની અપેક્ષાએ ગ્રહણ કરેલ સંખ્યાતિક્રમ રૂપ અતિચાર થાય છે. ત્યાં ક્ષેત્ર અથવા ઘર વગેરે વાસ્તુનું એક-બે આદિ પ્રમાણ કર્યું હોય છતાં અધિકની ઈચ્છા થતાં, સાથેના પૂર્વના ક્ષેત્ર આદિ નજીકના તે ક્ષેત્ર-ઘર લઈને પૂર્વની સાથે તેને એક કરવા-આંતરું દૂર કરવા માટે વાડ-ભીંત આદિનું આંતરું કાઢીને બે-ત્રણનું એક જ સળંગ ઘર-ક્ષેત્ર બનાવનારને વ્રતની અપેક્ષા હોઈ, કથંચિત્ વિરતિનો બાધ થવાથી અતિચાર છે.

(૩) રૂપ્ય-સુવર્ણ સંખ્યાતિક્રમ-રૂપા-સોનાના ધનથી ગ્રહણ કરેલ સંખ્યાનો અતિક્રમ. જેમ કે-કોઈએ પણ ચાતુર્માસ આદિ અવધિથી રૂપ્ય આદિની સંખ્યા કરેલ છે. ખુશ થયેલ રાજા આદિ તરફથી પ્રમાણથી અધિક મળેલ છે તે જ્યારે વ્રતભંગના ભયથી પ્રજા આદિના નામે ચઢાવી દે છે અથવા બીજાને આપી મૂકે છે, તેમજ અવધિ પૂર્ણ થયા પછી હું લઈ જઈશ-એવી ભાવનાથી આપે છે, માટે વ્રતની અપેક્ષા હોઈ, કથંચિત્ વિરતિના બાધથી અતિચાર છે.

(૪) ગો-મનુષ્ય આદિ સંખ્યાતિક્રમ-ગો-મનુષ્ય આદિની ગર્ભની અપેક્ષાએ સંખ્યા(પ્રમાણ)નો અતિક્રમ. જેમ કે-કોઈએ પણ સંવત્સર આદિ અવધિ દ્વારા દાસ-દાસી આદિ દ્વિપદ, તેમજ ગાય-ભેંસ આદિ ચતુષ્પદનું પરિમાણ કરેલું છે. સંવત્સર આદિ અવધિના મધ્યમાં જ પ્રસૂતિ થતાં અધિક દ્વિપદ-ચતુષ્પદ આદિ ભાવની અપેક્ષાએ વ્રતભંગ થાય ! આવા વ્રતભંગના ભયથી કેટલોક કાળ ગયા બાદ ગર્ભાધાન કરાવનારને ગર્ભસ્થ દ્વિપદ-ચતુષ્પદ આદિની વિદ્યમાનતાથી અપેક્ષાએ વ્રતભંગ હોવાથી અતિચાર છે.

(૫) કુપ્ય સંખ્યાતિક્રમ-કુપ્ય એટલે સોના-રૂપા સિવાયની તમામ ઘરવખરી જો પ્રમાણથી અધિક વધી જાય, તો સંખ્યા-નિયમ સાચવવાને બે વાડકીઓ ભાંગી એક મોટો વાડકો કરાવવો, નાની તપેલીઓ બદલીને મોટાં તપેલાં કરાવવાં અને થાળીઓ બદલીને થાળ કરાવનારને પર્યાયાન્તર બનાવવાથી સંખ્યાપૂરણની અપેક્ષાએ, સ્વાભાવિક સંખ્યાનો બાધ હોવાથી અપેક્ષાએ ભંગાભંગ રૂપ અતિચાર છે. આ પ્રમાણે અણુવ્રતોના પાંચ પાંચ અતિચારો સંક્ષેપમાં કહેલ છે.

दिग्परिमाण व्रतना अतियारो-

(૧) ઉર્ધ્વપ્રમાણાતિક્રમ, (૨) અધઃપ્રમાણાતિક્રમ, (૩) તિર્યક્પ્રમાણાતિક્રમ, (૪) ક્ષેત્રવૃદ્ધિ, અને (૫) સ્મૃતિભંશ-આ પ્રમાણે પાંચ પ્રથમ ગુણવ્રતના અતિચારો છે.

○ (૧) ઉર્ધ્વપ્રમાણાતિક્રમ-ઉંચે ગિરશિખર આદિમાં બે યોજન આદિ દ્વારા ગ્રહણ કરેલ પરિમાણથી અનાભોગ આદિ કારણે અધિક ગમન, તે 'ઉર્ધ્વાદિક્ પ્રમાણાતિક્રમ' કહેવાય છે.

० (२-३) तिर्यग्दिक्प्रमाणातिक्रम-अधोदिशामां भोंयरा वगेरेमां अने पूर्व आदि चार दिशा रूप तिर्यग्दिशामां विवक्षित नियमित प्रमाणथी अधिक जवुं, ते अतिचार छे.

० (४) क्षेत्रवृद्धि-दिग्व्रतना विषय रूप नाना पूर्व आदि देश रूप क्षेत्रने पश्चिम आदि क्षेत्रान्तरना परिमाणना प्रक्षेप द्वारा लांबु करवुं-मोटुं करवुं, ते क्षेत्रवृद्धि. जेम के-पूर्व अने पश्चिम दिशानुं-प्रत्येकनुं सो जोजनगमननुं परिमाण करेल छे. ते परिमाण करनारो, प्रयोजन उत्पन्न थये छते एक दिशामां ९९ जोजन स्थापीने बीजी दिशामां १०१ जोजननुं परिमाण करे छे. आ बन्नेय प्रकारथी २०० जोजननुं परिमाण अखंड छे. आवी रीते एक जग्याओ क्षेत्रने वधारनारने व्रतनी अपेक्षा होवाथी चोथो अतिचार छे.

(५) स्मृतिभ्रंश-सो जोजन जवानुं प्रमाण कर्या बाद, जती वखते अति व्याकुळतायी, प्रमादथी के मतिनी अपटुतायी भूली जाय के-में ५० जोजनप्रमाण कर्युं छे के १०० जोजन ? एम शंका पडतां जो ५० थी पण उपर अधिक गमन करे, तो आ सापेक्षतायी पांचमो अतिचार लागे अने निरपेक्षतायी १०० जोजन उपरांत जतां अतिचार नहि पण व्रतनो भंग ज थाय. तेथी स्वीकृत व्रतनुं वारंवार स्मरण करवुं जोईओ सर्व अनुष्ठाननुं मूळ स्मृतिउपयोगनी जागृति छे. [स्मृतिभ्रंश के अनाभोगथी जो प्रमाणनो अतिक्रम थाय तो ज्ञान थया बाद ते दोषथी पाछा हठवुं जोईओ, आगळ न जवुं जोईओ अने बीजाने पण नहि मोकलवो जोईओ. तीर्थयात्रा आदि धर्म निमित्ते नियमित क्षेत्रथी उपर जवुं-मोकलवुं वगेरे क्रियामां दोष नथी, केम के-धनप्राप्ति आदि ऐहिक फळ माटे ज अधिक गमननो नियम छे.]

बीजा गुणव्रतना पांच अतिचारो-

(१) सचित्त, (२) सचित्तप्रतिबद्ध (३) संमिश्र, (४) अभिषव, अने (५) दुष्पक्व आहार,-- एम बीजा व्रतना पांच अतिचारो छे.

० (१) सचित्त-चेतननी साथे वर्ते ते सचित्त. जेणे सचित्तनो त्याग अथवा परिमाण करेल छे. अनाभोग आदि कारणे सचित्त अथवा प्रमाणथी उपरांत अधिक सचित्त खानारने सचित्त आहार रूप पहेलो अतिचार छे.

० (२) सचित्तप्रतिबद्ध-सचित्त वृक्ष वगेरेनी साथे संबंध धरावनार गुंद वगेरेनुं अने पाकां फळो वगेरेनुं (ठळिया-गोटली वगेरे सचेतन पदार्थथी युक्त एवां बोर-केरी वगेरे पाका फळो, तेमज सचित्त बीज (ठळिया)वाळां खजुर वगेरेनुं) अनुपयोग आदिथी भक्षण करवुं, ए सावद्य आहारनी प्रवृत्ति रूप होई सचित्त आहारत्यागीने अतिचार छे. अथवा सचित्त होवाथी ठळिया आदि रूप बीजने छोडीश अने अचित्त होवाथी केवळ उपरनो बीजो भाग (गर्भ) हुं खाईश, आवी बुद्धिथी फळादिने मुखमां नांखनार सचित्तत्यागीने सचित्तप्रतिबद्ध आहार रूप बीजो अतिचार छे.

० (३) सचित्तमिश्र-संमिश्र-जळ अडधुं ऊनुं होय अने अडधुं ठंडु होय, एटले के- एनो केटलोक भाग सचित्त होय अने केटलोक भाग अचित्त होय तेवा जळ वगेरे, आदु-दाडम-बीजोरा-चीभडा वगेरे, सचित्त पदार्थथी मिश्रित पूरण वगेरे, तेमज तलथी मिश्रित जवधाना, ए संमिश्र कहेवाय छे. तेनुं अनाभोग-अतिक्रम आदिथी भक्षण करवुं पण अतिचार छे. अथवा सचित्त अवयवना संभववाळा आखा अथवा

અર્ધદાણા સહિત હોવાથી, તેમજ દળેલો તૂર્તનો લોટ 'આ અચિત્ત છે'—આવી બુદ્ધિથી આહાર-સંમિશ્રાહાર વ્રતની અપેક્ષા હોઈ અતિચાર છે. એમ ત્રીજો અતિચાર છે.

○ (૪) અભિષવ-દારૂ માત્ર, સૌવીરક આદિ (વિચિત્ર કાંજી, રાબ આદિ) ઉન્માદક કોઈપણ જાતના એક દ્રવ્ય કે વિવિધ દ્રવ્યોના મિશ્રણથી ઉત્પન્ન થતાં મદિરા વગેરે પ્રવાહી અને વૃષ્યદ્રવ્યનો (વીર્યની વૃદ્ધિ કરનાર ઔષધ-વનસ્પતિ-અડદ આદિ દ્રવ્યનો) ઉપયોગ સાવદ્ય આહારના ત્યાગીને ચોથો અતિચાર છે.

○ (૫) દુષ્પક્વાહાર-અડધા રંધાયેલા (ભુંજાયેલા) પૌંઆ-ચોખા-ચણા-જવ-ઘઉં-જાડા માંડા, કાકડી આદિ, કાચાં શાક, ફળ આદિ આ લોકમાં હાનિ કરનારા છે. જેટલા અંશે સચિત્ત છે, તેટલા અંશથી પરલોકને પણ હણે છે-હાનિ કરે છે. પૌંઆ આદિ કાચા-પાકા હોઈ કાચા ભાગમાં સચેતન અવયવ હોય છે. પાકા ભાગમાં અચેતન અવયવ હોઈ ખાનારને પાંચમો અતિચાર છે. આ પાંચ અતિચારો ભોજનની અપેક્ષાએ છોડવા જોઈએ. ભોગ-ઉપભોગના ઉત્પાદક વ્યાપારની અપેક્ષાએ તો ૧૫ અતિચારો શ્રી ધર્મસંગ્રહ આદિ ગ્રંથોથી જાણી લેવા.

આઠમા અનર્થદંડવિરમણ વ્રતના પાંચ અતિચારો-

(૧) કંદર્પ, (૨) કૌકુચ્ય, (૩) ભોગભૂરિતા, (૪) સંયુક્ત અધિકરણતા, અને (૫) મુખરતા,-એમ પાંચ અતિચારો ત્રીજા ગુણવ્રતના છે.

○ (૧) કંદર્પ-એટલે કામ. તે રૂપ હેતુથી જન્ય અથવા કામથી પ્રધાનતાવાળો વાણીનો વિલાસ, તે ઉપચારથી કંદર્પ સમજવો. તે રાગ-મોહ આદિ વિકારને ઉત્તેજન કરનારી હાસ્ય આદિ વચન રૂપ ક્રિયા રૂપ છે, એમ સમજવું. અહીં એવી સામાચારી છે કે-પોતાને કે પારકાને મોહને પ્રગટ કરનારું વાક્ય શ્રાવકે બોલવું ન જોઈએ, તો પછી અટ્ટહાસ્ય તો કલ્પે જ ક્યાંથી ? જે હસવાનું છે, તે હાસ્ય માત્ર પ્રમાદથી કરનારને અતિચાર રૂપ છે.

○ (૨) કૌકુચ્ય-કુત્કુચપણું એ જ કૌકુચ્ય. અર્થાત્ સ્તન-ભવાં-આંખ-ઓઠ-નાક-હાથ-પગ-મુખના વિકારો દ્વારા જે ચેષ્ટા કરે છે, તે કુત્કુચ કહેવાય છે. અહીં 'કુત્' એ નિપાત અવ્યય કુત્સા-નિંદા અર્થમાં છે. કુત્કુચનો ભાવ એટલે ક્રિયા કૌકુચ્ય કહેવાય છે. અર્થાત્ અનેક પ્રકારની ભાંડ-વિટની વિકારી વિચિત્ર ક્રિયા અથવા કૌકુચ્ય એટલે કુત્સિત-નિંદિત એવો કુશ એટલે સંકોચ આદિ વિકારી ક્રિયાવાળો તેનો ભાવ કૌકુચ્ય કહેવાય છે. બીજાઓ હસે છે, પોતાની લઘુતા થાય છે, તેવું શ્રાવકને બોલવું કે કરવું કલ્પતું નથી. વળી પ્રમાદથી તે પ્રકારે આચરતાં અતિચાર લાગે છે.

○ (૩) ભોગભૂરિતા-ભોગ (૭૫) અને ઉપભોગ (૭૫) જે સ્નાન-પાન-ભોજન-ચંદન-કંકુ-કેસર-કસ્તુરી-વસ્ત્ર-આભરણ આદિનું પોતપોતાના કુટુંબને વાપરવાની અપેક્ષાએ અધિકપણું, તે 'ભોગભૂરિતા' કહેવાય છે.

ભોગની અધિકતા પ્રમાદવિષ? આત્મક હોઈ પ્રમાદ આચરિતનો અતિચાર છે. જો લોભથી ઉપભોગયોગ્ય તેલ આદિની અધિકતા હોવે છતે બીજા લોકો તેલ આદિને માગીને તળાવ આદિમાં સ્નાન આદિમાં પ્રવૃત્તિ કરે છે, તથાચ અનર્થદંડ એવં પોરા વગેરેની હિંસા પણ અધિક થાય ! પરંતુ તાંબૂલ આદિમાં

પણ વિકલ્પ છે. વળી આ પ્રમાણે કલ્પતું નથી. ત્યાં ઉપભોગમાં કયો શાસ્ત્રોક્ત વિધિ છે ? તેના જવાબમાં પહેલાં સ્નાનની ઈચ્છાવાળાએ તો ઘરમાં સ્નાન કરવું જોઈએ. જો ત્યાં સામગ્રી ન હોય, તો તેલ-આમળા વગેરે માથામાં નાંખી, તે તમામને ખંખેરી, તળાવ આદિના કિનારા ઉપર બેસી ગાળેલા પાણીથી ખોબે ખોબે સ્નાન કરે છે. ઘરમાં પણ સ્નાન-ભોજન-તાંબૂલ-પુષ્પ આદિ ઘરવખરીની અલ્પતા ગુણકારક છે તથા જે પુષ્પ આદિમાં કુંથુઆ આદિ જંતુઓ પેદા થાય છે તેનો પરિહાર કરે છે. આ પ્રમાણે સઘળે ઠેકાણે સમજવું.

○ (૪) સંયુક્ત અધિકરણતા-અધિકરણ એટલે જેના દ્વારા નરક આદિનો અધિકારી બને. જેમ કે-ખાંડણીઓ-ખાંડણી આદિ સંયુક્ત એટલે બીજા અધિકરણ સાથે જોડેલ તે સંયુક્ત અધિકરણ. જેમ કે-ઉખલની સાથે મુશલ (સાંબેલું), હળની સાથે ફળું, ગાડાની સાથે ધોંસરી અને ધનુષ્યની સાથે બાણ ઈત્યાદિ રૂપ સંયુક્ત અધિકરણ તેનો ભાવ, તે 'સંયુક્ત અધિકરણત્વ' કહેવાય છે. આ સંયુક્ત અધિકરણત્વ હિંસ્રપ્રધાન નામક અનર્થદંડના વ્રતવાળાને અતિચાર છે. અહીં પણ સંપ્રદાયપરંપરા છે કે-શ્રાવકે સંયુક્ત (સજ્જ કરેલા) શકટ આદિ અધિકરણો નહિ રાખવા જોઈએ, કેમ કે-સંયુક્ત અધિકરણ ગમે તે માણસ વગર રજાએ સહેલાઈથી લઈ જઈ શકે ! જો અંગો છૂટા છૂટા રાખ્યા હોય, તો બીજાને સુખપૂર્વક વારી શકાય ! આ પ્રમાણે ચોથો અતિચાર જાણવો.

○ (૫) મૌખર્ય-મૂખરતા-જ્યાં-ત્યાં મુખ નાખનારો કે અતિશય મુખવ્યાપારને કરનારો, તે મુખર કહેવાય છે. તેનો ભાવ તે મુખરતા-વાચાળતા-ધૃષ્ટતા સરખું-સભ્યતા વગરનું-સંબંધશૂન્ય બહુ પ્રલાપ માત્ર મૌખર્ય છે. આ પાપ ઉપદેશ રૂપ અનર્થદંડત્યાગીને અતિચાર છે, કેમ કે-અતિશય વાચાળતા હોયે છતે પાપ ઉપદેશનો સંભવ છે. અપધ્યાનથી આચરિત વ્રતમાં તો અનાભોગ આદિ દ્વારા અપધ્યાનમાં પ્રવૃત્તિ. આ પ્રમાણે ગુણવ્રતના અતિચારો છે. પ્રથમ શિક્ષાવ્રત રૂપ સામાયિકત્વના પાંચ અતિચારો છે. (૩) યોગદુષ્પ્રણિધાન, (૪) સ્મૃતિ અનવધારણ, (૬) અનાદર,-એમ પ્રથમ શિક્ષાવ્રતના પાંચ અતિચારો છે. વળી યોગદુષ્પ્રણિધાન ત્રણ પ્રકારનું છે. જેમ કે-(૧) કાયદુષ્પ્રણિધાન, (૨) વચોદુષ્પ્રણિધાન, અને (૩) મનોદુષ્પ્રણિધાન.

(૧) કાયદુષ્પ્રણિધાન-કાયાને પાપવ્યાપારમાં પ્રવર્તાવવી, તેમજ શરીરના હાથ-પગ વગેરે અવયવોનું ઉપયોગરહિતપણે પ્રવર્તન કરવું, તે 'કાયદુષ્પ્રણિધાન' છે.

(૨) વચનદુષ્પ્રણિધાન-વર્ણ તથા સંસ્કાર એ બંનેથી રહિત, તેમજ જેમાંથી અર્થ ન નીકળે તેવી વાણી બોલવી, તથા શબ્દ-સંસ્કાર અને અર્થ વિનાની હાનિકારક ચપળ ભાષા બોલવી, તે 'વાચિકદુષ્પ્રણિધાન' છે.

(૩) મનોદુષ્પ્રણિધાન-ક્રોધ-લોભ-દ્રોહ-અભિમાન-ઈર્ષ્યા આદિ અને કાર્યની તત્પરતાથી થયેલ ઉતાવળ, ઈત્યાદિ માનસિક અશુભ-દુષ્ટ વ્યાપાર, એ 'મનોદુષ્પ્રણિધાન' કહેવાય છે.

(૪) સ્મૃતિ અનવધારણ-સામાયિક કરવાના સમયના વિષયવાળી સ્મૃતિનું અથવા પ્રબળ પ્રમાદના યોગથી મેં સામાયિક કર્યું છે કે નહિ ?-આ પ્રમાણેની સ્મૃતિના નિશ્ચયનો અભાવ, એવં સ્મરણના અભાવ રૂપ અતિચાર છે, કેમ કે-મોક્ષના અનુષ્ઠાનો સ્મૃતિ-ઉપયોગ રૂપી મૂળવાળાં છે. એમ ચોથો અતિચાર જાણવો.

(५) અનાદર-સામાયિક કરવામાં ઉત્સાહ ન રાખવો તે. અર્થાત્ સામાયિક કરવાનો સમય થયો હોય છતાં તેને વિશે પ્રવૃત્તિ ન કરવી. અથવા તો જેમ-તેમ કરીને તરત જ સામાયિક પારવું. એમ પાંચમો અતિચાર છે.

શંકા - કાયદુષ્પ્રણિધાન આદિ હોયે છતે સામાયિકની નિષ્ફળતા હોઈ સામાયિકનો અભાવ થાય ! અતિચાર તો તે સામાયિકની મલિનતા રૂપ હોય છે. આમ સામાયિકનો જ અભાવ હોયે છતે આ અતિચાર કેવી રીતે ? કેમ કે - ભંગ રૂપ જ આ બધા છે, અતિચાર રૂપ નથી.

સમાધાન - અનાભોગ આદિથી કાયદુષ્પ્રણિધાન આદિનું અતિચારપણું અદુષ્ટ છે.

શંકા - 'દ્વિવિધ-ત્રિવિધેન' - આ પ્રમાણે સાવદ્ય વ્યાપારનું પ્રત્યાખ્યાન 'સામાયિક' કહેવાય છે. ત્યાં કાયદુષ્પ્રણિધાન આદિ નિમિત્તે પ્રત્યાખ્યાનનો ભંગ થવાથી સામાયિકનો અભાવ છે. તે સામાયિકના ભંગથી પેદા થયેલ પ્રાયશ્ચિત કરવું જોઈએ. મનોદુષ્પ્રણિધાન અશક્યપરિહારવાળું છે, કેમ કે - મન અસ્થિર છે એથી સામાયિકના સ્વીકાર કરતાં અસ્વીકાર જ શ્રેયસ્કર છે. કહ્યું છે કે - 'અવિધિથી કરવા કરતાં નહિ કરવું ઉત્તમ છે. કેમ, બરોબર છે ને ?

સમાધાન - ના, બરોબર નથી, કેમ કે - સામાયિક દ્વિવિધ-ત્રિવિધથી સ્વીકારેલ છે. ત્યાં મન, વચન અને કાયા વડે સાવદ્ય કરું નહિ-કરાવું નહિ, એમ છ પ્રત્યાખ્યાન છે. આમાંથી કોઈ એક પ્રત્યાખ્યાનનો ભંગ થવા છતાં પણ બાકીનાનો (પાંચનો) સદ્ભાવ (વિદ્યમાનતા) હોવાથી, મિચ્છામિ દુક્કડંથી મનોદુષ્પ્રણિધાન માત્રની શુદ્ધિ થવાથી સામાયિકનો અત્યંત સર્વથા અભાવ નથી. આવી જ રીતે સર્વવિરતિ સામાયિકમાં પણ સ્વીકારેલ છે, કારણ કે - ગુપ્તિભંગમાં (મનોદુષ્પ્રણિધાન આદિમાં) મિચ્છામિ દુક્કડં પ્રાયશ્ચિત કહેલું છે, માટે સ્વીકાર કરતાં અસ્વીકાર મોટો શ્રેયસ્કર નથી. વળી અતિચારવાળા પણ અનુષ્ઠાનથી શુદ્ધિના લક્ષ્ય દ્વારા-અભ્યાસ દ્વારા કાળે કરીને નિરતિચાર અનુષ્ઠાન થાય છે, એમ આચાર્યભગવંતો કહે છે. બાહ્યો-ઈતરો પણ કહે છે કે-'અભ્યાસ એ ખરેખર કર્મોમાં કુશળતા અર્પે છે.' એક વાર પડવા માત્રથી પાણીનું બિંદુ પણ શિલા ઉપરથી નીચે જતું નથી.

વળી અવિધિથી કરવા કરતાં નહિ કરવું સારું છે, એમ પણ બોલવું વ્યાજબી નથી, કેમ કે-એ વચન ઉત્સૂત્રવચન છે, એમ સર્વજ્ઞો કહે છે. ધર્માનુષ્ઠાન નહિ કરવાથી મોટું પ્રાયશ્ચિત છે અને અવિધિએ કરવાથી લઘુ પ્રાયશ્ચિત છે. અથવા બીજાના ગુણોમાં દોષ આરોપ કરવાના સ્વભાવવાળા લોકોનું ગુણ ઉપર દોષના આરોપણગર્ભિત વચન છે. ધર્માનુષ્ઠાન નિરંતર કરવું જોઈએ, પણ તે માટે સર્વ શક્તિ દ્વારા વિધિમાં પ્રયત્ન કરવો જોઈએ. આ જ શ્રદ્ધાળુ સમ્યક્ત્વશાળી જીવનું લક્ષણ છે.

દશમા દેશાવકાશિક વ્રતના પાંચ અતિચારો-

(૧) પ્રેષ્યપ્રયોગ, (૨) પ્રેષ્યઆનયનપ્રયોગ, (૩) શબ્દાનુપાતન, (૪) રૂપાનુપાતન, અને (૫) પુદ્ગલપ્રેરણ (ક્ષેપ). એમ બીજા શિક્ષાવ્રતના પાંચ અતિચારો છે.

○ (૧) પ્રેષ્યપ્રયોગ-નોકર વગેરેને નિયમિત ક્ષેત્રની બહાર કાર્ય માટે મોકલવાં. પોતાને જવામાં દિવસ-પ્રહર-મુહૂર્ત્ત આદિ પ્રમાણવાળા દેશાવકાશિક વ્રતનો ભંગ થાય, માટે બીજાઓને મોકલવાં.

ગમન-આગમન આદિ વ્યાપારથી થયેલ જીવહિંસા ન થાઓ ! આવા અભિપ્રાયથી તે વ્રત બોલાય છે. તે જો સ્વયં કરેલ કે બીજા પાસે કરાવેલ હોય, તો કોઈ ફળમાં વિશેષ નથી. ઉલ્ટું પોતે જવામાં ઈર્યાપથની વિશુદ્ધિથી ફાયદો છે, બીજાને તો અનિપુણતા હોવાથી ઈર્યાસમિતિના અભાવમાં દોષ છે. એમ પહેલો અતિચાર છે.

○ (૨) પ્રેષ્યાનયનપ્રયોગ-નિયમિત ક્ષેત્રની બહાર રહેલ સચેતન આદિ દ્રવ્યો નોકર મારફતે ઈષ્ટ ક્ષેત્રમાં મંગાવવા. પોતે જવામાં તો વ્રતનો ભંગ થાય, બીજા પાસે મંગાવવામાં ભંગ નથી, આવી બુદ્ધિ દ્વારા જ્યારે સચેતન આદિ દ્રવ્ય મંગાવે છે, ત્યારે અતિચાર છે.

○ (૩) શબ્દાનુપાતન-છીંક-ખાંસી-ખોંખારો આદિ શબ્દો કાનમાં ઉતારવા. જેમાં કે-જેણે પોતાનું ઘર, વાડો, કિલ્લો આદિથી પરિમિત ભૂમિપ્રદેશનો અભિગ્રહ કરેલ છે, એવો આત્મા પ્રયોજન ઉત્પન્ન થતાં, નિયમિત ક્ષેત્રથી બહાર વ્રતભંગના ભયથી પોતે જવા અસમર્થ અને બહાર રહેલને બોલાવવા અસમર્થ હોતો, વાડ, કિલ્લા આદિની નજીક ઊભો રહીને ખાંસી-ખોંખારા આદિ શબ્દોને જેને બોલાવવાનો છે તેના કાનમાં પાડે છે અને તે, તે શબ્દોના શ્રવણથી તેની પાસે આવે છે. આવો શબ્દાનુપાતન નામવાળો અતિચાર સમજવો.

○ (૪) રૂપાનુપાતન-રૂપ એટલે શરીર સંબંધી આકાર, ઉત્પન્ન પ્રયોજનવાળો શબ્દનું ઉચ્ચારણ નહિ કરતો. જેને બોલાવવાનો છે તેની નજરમાં અંગો બતાવે છે અને તેને જોવાથી તે તેની પાસે આવે છે, એટલે સ્વીકારેલી મર્યાદા બહાર રહેલી વ્યક્તિને બોલાવીને કામ કરવાનું હોય ત્યારે આ અતિચાર લાગે છે.

○ (૫) પુદ્ગલપ્રેરણ-પુદ્ગલો એટલે પરમાણુઓના સમુદાયથી પેદા થયેલા બાદર પરિણામને પામેલા ઢેફાં વગેરે પુદ્ગલોનું ફેંકવું. વિશિષ્ટ દેશનો અભિગ્રહ હોવે છતે કાર્યાર્થી પરઘેર જવાનો નિષેધ હોવાથી, જ્યારે બીજાઓને જણાવવા માટે ઢેફાં વગેરેને ફેંકે છે, તે પડતાંની સાથે તૂર્ત જ તેઓ તેની પાસે દોડતાં આવે છે. ત્યાર બાદ તેઓને કાર્યમાં જોડનારને પોતે નહિ જનારને પણ અતિચાર લાગે છે. એમ પાંચમો અતિચાર લાગે છે.

અહીં પહેલાનાં બે અતિચારો, વિશેષ ઉત્પન્ન થયેલ શબ્દોના અર્થ જણાવનારી શક્તિ અથવા વિશિષ્ટ સંસ્કારરહિત બુદ્ધિ હોઈ, સહસાકાર આદિથી લાગે છે. છેલ્લા ત્રણ અતિચારો માયામાં તત્પરતાના કારણે અતિચાર લાગે છે. એમ વિવેક સમજવો. અહીં દિગ્વ્રતનું સંક્ષેપકરણ, અણુવ્રત આદિના સંક્ષેપકરણનું ઉપલક્ષણ-સૂચન છે, કેમ કે - અણુવ્રતોનો પણ સંક્ષેપ અવશ્ય કર્ત્તવ્ય છે એમ સમજવું.

શંકા - સઘળે સ્થાને દિગ્વ્રતના સંક્ષેપકરણના અતિચારો સંભળાય છે, જ્યારે બીજા વ્રતોના સંક્ષેપકરણના અતિચારો સંભળાતા નથી, તો બીજા વ્રતોનું સંક્ષેપકરણ 'દેશાવકાશિક' વ્રતરૂપે કહેવાય છે તે કેવી રીતે ?

સમાધાન - પ્રાણાતિપાતાદિ વિરમણ રૂપ બીજા વ્રતોના સંક્ષેપકરણોમાં વધ-બંધ આદિ રૂપ જ અતિચારો છે, જ્યારે દિગ્વ્રતના સંક્ષેપકરણમાં તો ક્ષેત્ર સંક્ષિપ્ત કરેલ હોવાથી પ્રેષ્યપ્રયોગ આદિ અતિચારો છે અને ભિન્ન અતિચારોનો સંભવ હોવાથી દિગ્વ્રતનું સંક્ષેપકરણ દેશાવકાશિક રૂપે સાક્ષાત્ કહેલ છે.

અગિઆરમા પૌષધોપવાસ વ્રતના પાંચ અતિચારો-

(૧) અપ્રત્યુત્પ્રેક્ષ્યાપમૃજ્યચ સંસ્તારઃ, (૨) અપ્રત્યુત્પ્રેક્ષ્યઅમૃતપ્રજ્યચાદાનં, (૩) અપ્રત્યુત્પ્રેક્ષ્યા-પ્રમૃજ્યચહાનં, (૪) અનાદર, અને (૫) અસ્મૃતિ, આ પ્રમાણે ત્રીજા શિક્ષાપદ વ્રતના અતિચારો છે.

૦ (૧) અપ્રત્યુપ્રેષ્યાપમૃજ્યચ સંસ્તાર : પૌષધવ્રતધારી વડે દર્ભ-ઘાસ-કાંબલ-વસ્ત્ર આદિ રૂપ સંસ્તાર કહેવાય છે. સંસ્તાર શબ્દ શય્યાનો ગ્રાહક છે. ત્યાં શય્યા એટલે શયન અથવા સર્વાંગીણ વસતિ, અઢી હાથપ્રમાણવાળો સંથારો. તે સંસ્તાર જોઈ અને પ્રમાર્જીને વાપરવો જોઈએ. પ્રત્યુપેક્ષણ એટલે આંખથી જોવું અને પ્રમાર્જન એટલે રજોહરણ, વસ્ત્રના છેડા વગેરેથી પ્રમાર્જવું. હવે જોયા વગર અને પ્રમાજર્યા વગર સંથારો વાપરે છે ત્યારે પૌષધવ્રતમાં અતિચાર લાગે છે. એમ પહેલો અતિચાર જાણવો.

૦ (૨) અપ્રત્યુત્પ્રેક્ષ્યાપ્રમૃજ્યચાદાનં - જોયા વગર અને પ્રમાજર્યા વગર ગ્રહણ એટલે દંડો-બાજોઠ-પાટ-પાટલા વગેરેનું લેવું તે પણ દંડ આદિના નિક્ષેપ-મૂકવાનું ઉપલક્ષણ (સૂચક) છે, તેથી બંને પણ જોઈ-પ્રમાર્જીને કરવું જોઈએ. જોયા વગર અને પ્રમાજર્યા વગર દંડ આદિનું લેવું અને મૂકવું, એ બીજો અતિચાર છે.

૦ (૩) અપ્રત્યુપ્રેક્ષ્યાપ્રમૃજ્યચહાનં-જોઈ, પ્રમાર્જીને મેલ-મૂત્ર-લીંટ-વડીનીતિ-લઘુનીતિ-અશુચિ આદિનો ત્યાગ, તે જોઈ-પ્રમાર્જીને ચોકખી જગ્યા આદિમાં કરવો જોઈએ. જોયા વગર-પ્રમાજર્યા વગર મેલ આદિનો ત્યાગ, એ ત્રીજો અતિચાર જાણવો. અહીં પ્રત્યુપ્રેક્ષણથી દુષ્પ્રત્યુપ્રેક્ષણ જેમ-તેમ જોવું અને અપ્રમાર્જનથી દુષ્પ્રમાર્જન જેમ-તેમ પ્રમાર્જવું, એમ સમજવાનું છે. નઞ્ રૂપ અવ્યયનો અર્થ કૃત્સા પણ દેખાતો હોઈ જેમ કુત્સિત બ્રાહ્મણ અબ્રાહ્મણ કહેવાય છે,તેમ કુત્સિત જેમ-તેમ જોવું-પ્રમાર્જવું, એ અપ્રત્યુપ્રેક્ષણ-અપ્રમાર્જન કહેવાય છે.

૦ (૪) અનાદર-પૌષધવ્રતના સ્વીકારમાં અને કરવામાં ઉત્સાહનો અભાવ, એ 'અનાદર' કહેવાય છે. આમ ચોથો અતિચાર જાણવો.

૦ (૫) અસ્મૃતિ-પૌષધવ્રતના સ્વીકારવિષયવાળા અને પૌષધવ્રતની કર્ત્તવ્યતાવિષયક સ્મરણનો અભાવ, તે પાંચમો અતિચાર છે.

અતિથિસંવિભાગ રૂપ બારમા વ્રતના ચોથા-શિક્ષાપદ વ્રતના પાંચ અતિચારો-

(૧) સચિત્તમાં સ્થાપન, (૨) સચિત્તસ્થગન, (૩) મત્સરભાવ, (૪) કાળલંઘ (અતિક્રમ), અને (૫) અન્ય અપદેશ.

૦ (૧) સચિત્તનિક્ષેપ - અચેતન એવા પૃથ્વી, કાચા પાણીથી ભરેલા ઘડા, ચૂલા, જવ, ઘઉં આદિ ધાન્ય વગેરે ઉપર, સાધુને આપવા યોગ્ય ભોજન આદિનું નહિ આપવાની બુદ્ધિથી માયાથી મૂકવું, તે પહેલો અતિચાર છે.

૦ (૨) સચિત્તસ્થગન-સચિત્ત-કંદમૂળ-પાંદડાં-ફૂલ-ફળ આદિથી પૂર્વોક્ત તથા પ્રકારની બુદ્ધિથી અન્નમોદક ખાજાં વગેરે ચતુર્વિધ આહાર ઢાંકવા, તે બીજો અતિચાર.

○ (૩) મત્સર-કોપ. જેમ કે - સાધુઓ દ્વારા યાચના થતાં કોપ કરે છે, (કોપથી) માગેલી ચીજ હોવા છતાં આપતો નથી. અથવા કોઈ યાચિત નિર્ધને પણ આપેલું દાન જોઈને, શું આનાથી પણ હું હીન છું ? આવી રીતે અદેખાઈથી આપે છે. એમ ત્રીજો અતિચાર જાણવો.

○ (૪) કાળલંઘ - કાળનું એટલે અહીં સાધુને ઉચિત ભિક્ષા સમયનું ઉલ્લંઘન. અહીં આવો ભાવ છે કે - ન્યૂન અથવા અધિક કાળને જાણી સાધુઓ વહોરશે નહિ અને તે સાધુઓ જાણશે ખરા કે - 'આ આપી રહ્યો છે.' આવા વિકલ્પથી દાન માટે સામે જવું, તે ચોથો અતિચાર છે.

○ (૫) અન્યાપદેશ - અન્ય એટલે પરસંબંધી, આ ગોળ-ખાંડ વગેરે છે, આવો અપદેશ (લક્ષ્યસ્વરૂપનું આચ્છાદાન) કરીને જે છળ કરવું તે. અહીં આવો ભાવ છે કે - 'આ પારકું છે, તેથી સાધુઓને અપાય નહિ.' આવું સાધુઓને રૂબરૂમાં ભણવું. સાધુઓ જાણે કે - જો આ ભોજન આદિ આનું છે, તો અમને કેવી રીતે તે ન આપે ? આ પ્રમાણે સાધુઓ ઉપર વિશ્વાસ બેસાડવા માટે અથવા આ દાનથી મારી માતા વગેરેને પુણ્ય હો ! આવું બોલવું તે પાંચમો અતિચાર છે. આ પ્રમાણેના અતિચારો 'આ ભોગથી (જાણીને) પણ કરાતા અતિચારો જ હોય છે.' આ પ્રમાણે શ્રી ઉપાસકદશાંગસૂત્ર ટીકા (વૃત્તિ) કહે છે. શ્રી ધર્મબિંદુ, શ્રી યોગશાસ્ત્રની ટીકા આદિમાં તો જયારે અનાભોગ આદિ અથવા અતિક્રમ આદિ વડે આ બધાને આચરે છે, ત્યારે અતિચારો છે, અન્યથા તો ભંગરૂપ જ છે. આમ સંક્ષેપમાં વિચારેલ છે. શબ્દવિસ્તાર તો બીજા ગ્રંથોથી જાણો.

अस्योत्कृष्टां स्थितिमाह—

उत्कर्षतो देशोनपूर्वकोटिं यावत्स्थितिकमिदम् । १८ ।

उत्कर्षत इति । गर्भस्थो हि किल नवमासान् सातिरेकान् गमयति, जातोऽपि चाष्टौ[१] वर्षाणि यावद् विरत्यनर्हो भवति तत ऊर्ध्वं देशविरतिं प्रतिपद्य पूर्वकोटिं जीवति तत उक्तं देशोनेति, किञ्चिदूनवर्षनवकलक्षणेन देशेनोनेत्यर्थः । यतिधर्मासमर्थस्यागारिण इयं देशविरतिर्भवति । अत्रस्थो जीवोऽप्रत्याख्यानकषायचतुष्कमनुष्यत्रिकाद्यसंहननौदारिकद्वयबन्धव्यवच्छेदात्सप्तषष्टेर्बन्धकः । अप्रत्याख्यानकषायाचतुष्कनरतिर्यगानुपूर्वीद्वयनरकत्रिकदेववैक्रियद्वयदुर्भगानादेययशोरूपसप्तदशप्रकृतीनामुदयव्यवच्छेदात्सप्ताशीतेर्वेदयिता, अष्टत्रिंशदधिकशतसत्ताकश्च भवति ॥

દેશવિરતિ ગુણસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિત-

ભાવાર્થ - ઉત્કૃષ્ટપણાએ દેશોનપૂર્વકોડ પર્યંતની સ્થિતિવાળું દેશવિરતિ ગુણસ્થાન છે.

---

१. वर्षाणामष्टानामधो वर्त्तमानानां परिभवक्षेत्रत्वेन देशतस्सर्वतो वा चरणपरिणामो न भवति, षाण्मासिकानां वज्रस्वामिनां चरणप्रतिपत्तिस्त्वाश्चर्यभूता कादाचित्कीति बोध्यम् ॥

विवेचन - ખરેખર, ગર્ભમાં રહેલો જીવ અધિક દિવસાદિ સહિત નવ મહિનાઓ પૂરા કરે છે. ત્યાર બાદ જન્મેલો છતાં આઠ વર્ષો સુધી વિરતિને અયોગ્ય કહેવાય છે. (આઠ વર્ષના નીચે વર્તતા જીવો પરિભવક્ષેત્ર રૂપ હોઈ દેશથી કે સર્વથી ચારિત્રપરિણામો થતા નથી. છ મહિનાવાળા વજસ્વામીની ચારિત્રપરિણામની પ્રાપ્તિ આશ્ચર્યભૂત હોઈ આપવાદિક ગણાય છે એમ સમજવું.)

આઠ વર્ષ પછી દેશવિરતિને સ્વીકારી પૂર્વકોડ વર્ષ પર્યંત જીવે છે, તેથી કહ્યું છે કે - 'દેશોનપૂર્વકોડની સ્થિતિવાળું' કાંઈક ન્યૂન વર્ષવાળા નવ વર્ષસ્વરૂપ 'દેશોન'નો અર્થ કરવો. સાધુધર્મ પ્રત્યે અસમર્થ ગૃહસ્થને દેશવિરતિ હોય છે.

○ દેશવિરતિ ગુણસ્થાનમાં રહેલો જીવ, અપ્રત્યાખ્યાન નામના ચાર [૪]કષાયો, [૭]મનુષ્યાત્રિક, [૮]પ્રથમ સંઘયણ, [૧૦]ઔદારિકદ્વિક, એમ દશના બંધનો વ્યવચ્છેદ હોવાથી ૬૭ કર્મપ્રકૃતિઓનો બંધકર્તા છે.

○ અપ્રત્યાખ્યાન નામના ચાર [૪]કષાય, નર આનુપૂર્વી, તિર્યગ્, આનુપૂર્વી એમ[૬] બે, [૯]નરકત્રિક, [૧૨]દેવત્રિક, [૧૪] વૈક્રિયદ્વિક-, [૧૫]દુર્ભગ, [૧૬]અનાદેય, [૧૭]અયશ, એમ ૧૭ કર્મપ્રકૃતિઓના ઉદયનો વ્યવચ્છેદ હોવાથી ૮૭ કર્મપ્રકૃતિઓના ઉદયવાળો કહેવાય છે.

○ ૧૩૮ કર્મપ્રકૃતિઓનો સત્તાવાળો આ જીવ છે.

अधुना षष्ठं गुणस्थानं निरूपयति–

संज्वलनकषायमात्रोदयप्रयुक्तप्रमादसेवनं प्रमत्तसंयतगुणस्थानम् । प्रमादाश्च मदिराकषायविषयनिद्राविकथानामानः पञ्च । देशविरत्यपेक्षयाऽत्र गुणानां विशुद्धिप्रकर्षोऽविशुद्ध्यपकर्षश्च, अप्रमत्तसंयतापेक्षया तु विशुद्ध्यपकर्षोऽविशुद्धिप्रकर्षश्च । एतदन्तर्मुहूर्त्तमानमिति केचित् । पूर्वकोटिं यावदित्यन्ये । १९ ।

संज्वलनेति । यो हि सर्वसावद्येभ्यस्सम्यगुपरतोऽपि केवलसंज्वलनकषायस्य तीव्रोदयान्मदिरादिपञ्चविधप्रमादेष्वन्यतमं सर्वान्वाऽन्तर्मुहूर्त्तं सेवते तस्येदं गुणस्थानमित्यर्थः, अन्तर्मुहूर्त्तादुपरि सप्रमादश्चेत् तस्मादधः पतनमेव स्यात्, प्रमादरहितश्चेदप्रमत्तगुणस्थानमारोहति । के ते प्रमादा इत्यत्राह-प्रमादाश्चेति । देशविरतगुणापेक्षयैतद्गुणानां विशुद्धिप्रकर्षोऽशुद्ध्यपकर्षश्च, अप्रमत्तसंयतगुणापेक्षया तु विपर्ययः, एवं सर्वगुणस्थानेषु भाव्यमित्यभिप्रायेणाह-देशविरत्यपेक्षयेति । अस्य स्थितौ मतभेदं दर्शयत्येतदिति, परतो गुणस्थानान्तरगमनात् मरणाद्वेति भावः, जघन्यतस्त्वेकस्समयस्तदूर्ध्वं मरणभावेनाधोगमनादिति । अष्टवर्षोनां पूर्वकोटिं यावदुत्कर्षतः प्रमत्तता स्यादिति केषाञ्चिन्मतमादर्शयति-पूर्वकोटिमिति । षष्ठसप्तमयोर्देशोनपूर्वकोटिं यावत्स्थितेर्व्यवस्था भगवतीसूत्रे त्वेवं-प्रमत्ताप्रमत्तगुणस्थाने प्रत्येकमन्त-

र्मुहूर्त्तप्रमाणे एव, ते च पर्यायेण जायमाने देशोनपूर्वकोटिं यावदुत्कर्षेण भवतः, महान्ति चाप्रमत्तापेक्षया प्रमत्तान्तर्मुहूर्त्तानि कल्प्यन्ते, एवं चान्तर्मुहूर्त्तानां प्रमत्ताद्धानां मेलने देशोनपूर्वकोटीकालमानं भवतीति दृश्यते । अत्र जीवः प्रत्याख्यानावरणकषायचतुष्कव्यवच्छेदात्त्रिषष्टेर्बन्धकः । तिर्यग्गतितिर्यगायुर्नीचैर्गोत्रोद्योतप्रत्याख्यानरूपाष्टप्रकृत्युदयव्यवच्छेदादाहारकद्वयोदयाच्चैकाशीतेर्वेदयिता, अष्टत्रिंशदधिकशतसत्ताकश्च भवति ॥

હવે છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાનનું વર્ણન-

ભાવાર્થ - સંજ્વલનકષાયના માત્ર ઉદયથી પ્રમાદના સેવનવાળું 'પ્રમતસંયત ગુણસ્થાન', વળી અપ્રમત્તસંયતના ગુણોની અપેક્ષાએ તો વિશુદ્ધિનો અપકર્ષ અને અવિશુદ્ધિનો પ્રકર્ષ. મદિરા-કષાય-વિષય-નિદ્રા અને વિકથા નામવાળા પાંચ પ્રમાદો કહેવાય છે. દેશવિરતિના ગુણની અપેક્ષાએ અહીંના ગુણોની વિશુદ્ધિનો ઉત્કર્ષ અને અવિશુદ્ધિનો અપકર્ષ, કેટલાક, આ ગુણસ્થાન અન્તર્મુહૂર્ત્ત માનવાળું છે એમ કહે છે, જ્યારે કેટલાક દેશોનપૂર્વકોડમાનવાળું માને છે.

વિવેચન - ખરેખર, જે સઘળા અપાપવ્યાપારોથી વિરતિવાળો છતાં કેવળ સંજ્વલનકષાયના તીવ્ર ઉદયથી મદિરા આદિ પાંચ પ્રકારના પ્રમાદોમાં કોઈ એક પ્રમાદને કે સઘળા પ્રમાદોને સેવે છે, તેનું આ ગુણસ્થાન (પ્રથમ ગુણસ્થાન) કહેવાય છે. અંતર્મુહૂર્ત્તથી ઉપર જો પ્રમાદી થાય, તો તેથી પ્રમત્ત ગુણસ્થાનથી અધઃપતન જ થાય ! જો પ્રમાદ વગરનો થાય, તો અપ્રમત્ત ગુણસ્થાનમાં ચડે છે. તે પ્રમાદો કેટલા છે ? આના જવાબમાં કહે છે કે - 'પ્રમાદોવેત્તિ' મદિરાદિ પ્રમાદો પાંચ છે. દેશવિરતિના ગુણોની અપેક્ષાએ આ ગુણસ્થાનના ગુણોની વિશુદ્ધિનો પ્રકર્ષ અને અશુદ્ધિનો અપ્રકર્ષ, અપ્રમત્તસંયતના ગુણની અપેક્ષાએ વિપર્યય અર્થાત્ વિશુદ્ધિનો અપકર્ષ અને અશુદ્ધિનો પ્રકર્ષ, આ પ્રમાણે સઘળા ગુણસ્થાનોમાં વિચારવું. આવા અભિપ્રાયથી કહે છે કે - 'દેશવિરતિ અપેક્ષયા' ઇત્યાદિ.

○ આ છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિમાં મતભેદ દર્શાવે છે કે - 'એતદ્' ઇતિ. અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનના અંતર્મુહૂર્ત્તના કાળ પછી બીજા ગુણસ્થાનમાં ગમન હોઈ અથવા મરણ હોઈ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તની સ્થિતિ છે. જઘન્યથી એક સમય છે, કેમકે - ત્યાર બાદ મરણભાવ થાય છે અથવા નીચે ગુણઠાણે જાય છે.

○ આઠ વર્ષ ન્યૂન પૂર્વકોડ સુધી ઉત્કૃષ્ટપણે પ્રમત્તપણું હોય છે, એમ કેટલાકના મતને દર્શાવે છે. 'પૂર્વકોટિ' ઇતિ વગેરે.

---

१. ननुदेशविरतादिवत्प्रचुरमपि कालं न कथं प्रमत्तत्वं भजेत । यतोऽन्तर्मुहूर्त्तमेव तदिति निश्चयः स्यादिति चेन्न, संक्लेशस्थानापेक्षं हि प्रमत्तत्वं, संक्लेशस्थानानि च संख्येयलोकाकाशप्रदेशप्रमाणानि, यावदुपशमश्रेणिं क्षपकश्रेणिं वा मुनिर्नारोहति तावदवश्यं स्वभावादेवान्तर्मुहूर्त्तं संक्लेशस्थानेषु स्थित्वा विशोधिस्थानं याति तत्रापि तावत्कालमेव स्थित्वा संक्लेशस्थानं याति, एवमेव निरन्तरं परावृत्तीः देशोनपूर्वकोटिं यावत्करोतीत्येकजीवाश्रयेणोत्कर्षतोऽप्यन्तर्मुहूर्त्तमिति भावः ॥

છઠ્ઠા અને સાતમા ગુણઠાણાની દેશોનપૂર્વકોટિ સુધીની સ્થિતિની વ્યવસ્થા શ્રી ભગવતીસૂત્રમાં તો આ પ્રમાણે છે કે - "પ્રમત્ત અને અપ્રમત્ત - એમ બે ગુણઠાણા, દરેક અંતર્મુહૂર્ત્તની સ્થિતિના પ્રમાણવાળા જ છે. શંકા-દેશવિરત આદિની માફક પ્રચુર પણ કાળને કેમ પ્રમત્તપણું ભજતું નથી ?, કે જેથી અંતર્મુહૂર્ત્તવાળું જ તે ગુણસ્થાન છે. એમ નિશ્ચય છે તે કેવી રીતે ? સમાધાન-ખરેખર, સંકલેશ સ્થાનની અપેક્ષાવાળું પ્રમત્તપણું છે અને સંકલેશ સ્થાનો અસંખ્યાત લોક આકાશપ્રદેશ પ્રમાણવાળા છે. જ્યાં સુધી મુનિ ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિ ઉપર ચડતો નથી, ત્યાં સુધી અવશ્ય સ્વભાવથી જ અંતર્મુહૂર્ત્ત સુધી સંકલેશ સ્થાનોમાં રહીને વિશોધિ સ્થાનમાં જાય છે. ત્યાં પણ તેટલા કાળ સુધી જ રહીને સંકલેશ સ્થાનમાં જાય છે. આ પ્રમાણે જ નિરંતર પરાવર્તનો દેશોનપૂર્વકોટિ સુધી કરે છે. એમ એક જીવની અપેક્ષાએ ઉત્કર્ષથી પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણવાળું છે. તે બંને અંતર્મુહૂર્ત્તની સ્થિતિવાળાઓ ક્રમપર્યાયથી પેદા થનાર છે, એટલે દેશોનપૂર્વ પૂર્વકોટિ સુધી વારાફરતી પ્રમત્ત પછી અપ્રમત્ત, અપ્રમત્ત પછી પ્રમત્ત-એમ ક્રમથી પરિવર્તનો પામતા બંને હોય છે." વળી અપ્રમત્તની અપેક્ષાએ પ્રમત્તના અંતર્મુહૂર્ત્તો મોટા છે એમ કલ્પાય છે. એવંચ અપ્રમત્તના અંતર્મુહૂર્ત્તોને અને પ્રમત્તના મહાન્ અંતર્મુહૂર્ત્તોની સાથે મેળવતાં પૂર્વકોટિનું માન થાય છે, એમ દેખાય છે.

○ પ્રમત્ત ગુણસ્થાનવર્તી જીવ ત્રીજા પ્રત્યાખ્યાનાવરણ નામક ચાર પ્રકારના કષાયના વ્યવચ્છેદથી ૬૩ કર્મપ્રકૃતિઓનો બંધકર્તા છે.

○ ૧-તિર્યંચગતિ, ૨-તિર્યંચ આયુ, ૩-નીચ, ગોત્ર, ૪-ઉદ્યોત પ્રત્યાખ્યાનાવરણ નામક ચાર કષાયો એવં આઠ કર્મપ્રકૃતિઓના ઉદયનો વ્યવચ્છેદ થવાથી, આહારકદ્વિકનો ઉદય થવાથી ૮૧ કર્મપ્રકૃતિઓના ઉદયવાળો છે.

○ ૧૩૮ કર્મપ્રકૃતિઓની સત્તાવાળો હોય છે.

एतर्हि सप्तमं गुणस्थानमाह—

संज्वलनकषायनोकषायाणां मन्दोदयतः प्रमादाभावोऽप्रमत्तसंयतगुणस्थानम् । नोकषाया हास्यादयष्षड् वेदत्रयञ्च । अन्तर्मुहूर्त्तस्थितिकमिदम् । २० ।

संज्वलनेति । यत्र हि महाव्रती साधुः संज्वलनाभिधक्रोधादीनां कषायचतुष्टयानां नोकषायाणां नवविधानाञ्च मन्दोदयतोऽतीव्रविपाकोदयेन पूर्वोदितपञ्चविधप्रमादरहितो भवति तदप्रमत्ततसंयतगुणस्थानमित्यर्थः । अत्र नष्टाखिलप्रमादो महाव्रतादिभिरष्टादशसहस्रशीलाङ्ग-लक्षषैरन्वितो ज्ञानध्यानधनो मौनी सम्यक्त्वमिश्रमिथ्यात्वानन्तानुबन्धिचतुष्टयलक्षणसप्तकाति-रिक्तैकविंशतिप्रकृतिरूपस्य मोहनीयस्य प्रशमाय क्षयाय वा निरालम्बनध्यानप्रवेशप्रारम्भं कुरुते । के ते नोकषाया इत्यत्राह--नोकषाया इति । हास्यादय इत्यादिना रत्यरतिशोक-भयजुगुप्सा ग्राह्याः, वेदत्रयञ्चेति, पुंस्त्रीनपुंसकरूपमित्यर्थः । स्थितिमस्य गुणस्थानस्याह-अन्तरिति । जघन्या त्वेकः समयः । अत्र वर्त्तमानो जीवः शोकारत्यस्थिराशुभायशोऽसातव्य-

वच्छेदादाहारकद्विकबन्धाच्चैकोनषष्टेर्बन्धकः । तथा यदि देवायुरपि न बध्यते तदाष्टपञ्चाशतो बन्धकः । एवं स्त्यानर्द्धित्रिकाहारकद्विकोदयव्यवच्छेदात् षट्सप्ततेर्वेदयिता, अष्टत्रिंशदधिकशतसत्ताकश्च भवति ॥

सातमा अप्रमत्तसंयत गुणस्थाननुं वर्णन-

भावार्थ - संज्वलनकषाय अने हास्य आदि नव नोकषायोना मंद उदयथी प्रमादनो अभाव, ए 'अप्रमतसंयत गुणस्थान.' नोकषायना हास्य आदि छ अने त्रण-एम नव भेदो छे. आ अंतर्मुहूर्त्तनी स्थितिवाळुं छे.

विवेचन - खरेखर, जे गुणस्थानमां महाव्रतधारी साधु संज्वलन नामक क्रोधादि चार कषायोना अने हास्य आदि नव प्रकारना नोकषायना मंद उदयथी तीव्र विपाकोदयना अभावपूर्वक पूर्वकथित पांच प्रकारना प्रमादोथी रहित थाय छे, ते 'अप्रमत्तसंयत गुणस्थान' एवो अर्थ छे. अहीं जेनो समस्त प्रमाददोष नष्ट थयो छे, महाव्रत आदि अढार हजार शीलांगना लक्षणोथी अन्वित, ज्ञान-ध्यानरूपी धनवाळो मौनी, सम्यक्त्व मिश्र-मिथ्यात्व-अनंतानुबंधी चार, एवं सातना समुदायथी जुदा एकवीश प्रकृतिरूप मोहनीयना उपशम माटे के क्षय माटे निरालंबन ध्यानमां प्रवेशनो आरंभ करे छे. कया कया नोकषायो छे ? तेना जवाबमां कहे छे के - 'नोकषाय' ईति. हास्य आदि अहीं आदि पदथी रति-अरति-शोक-भय-जुगुप्सा लेवां. पुं-स्त्री-नपुंसक रूप त्रण वेदो समजवां. आ गुणठाणानी स्थितिने कहे छे के - 'अंत' ईति. अर्थात् जघन्य एक समय छे,उत्कृष्ट अंतर्मुहूर्त्तनी स्थिति छे.

० अप्रमत्त गुणस्थानवर्ती जीव शोक-अरति-अस्थिर-अशुभ-अयश-अशाता, एम छ कर्मप्रकृतिओनो व्यवच्छेद थवाथी, आहारकद्विकनो बंध थवाथी ५८ कर्मप्रकृतिओनो बंधकर्ता छे, तेमज देव आयुष्य न बांधे तो ५८ कर्मप्रकृतिओनो बंधक छे.

० ए प्रमाणे स्त्यानर्द्धित्रिक अने आहारकद्विक रूप पांचना उदयनो व्यवच्छेद थवाथी छोंतेर कर्मप्रकृतिओना उदयवाळो अने १३८ कर्मप्रकृतिओनी सत्तावाळो छे.

इदानीमष्टमं गुणस्थानं प्रदर्शयति—

स्थितिघातरसघातगुणश्रेणिगुणसंक्रमापूर्वस्थितिबन्धात्मकानामर्थानां विशुद्धिप्रकर्षादपूर्वतया निर्वर्त्तनमपूर्वकरणगुणस्थानम् । २१ ।

स्थितिघातेति । स्थितेर्घातः स्तोककरणं करणविशेषेण, एवं रसघातोऽपि, गुणानां श्रेणिरनन्तगुणवृद्धिकरणम्, गुणेन संक्रमणं-नयनं गुणसंक्रमः, अपूर्वायास्स्थितेर्लघुतया बन्धोऽपूर्वस्थितिबन्धः । एतेषां विशुद्धिविशेषादिदम्प्रथमतया करणं यत्रेत्यर्थः । अपूर्वमभिनव-

१. कश्चित्प्रमत्तः सन् सुरायुर्बद्धमारभते बन्धञ्च समापयति तदा सप्त व्यवच्छिद्यन्त इति भावः ।

मनन्यसदृशं करणं स्थितिघातरसघातगुणश्रेणिगुणसंक्रमस्थितिबन्धानां पञ्चानां पदार्थानां निर्वर्त्तनं यत्र तदपूर्वकरणमिति व्युत्पत्तेः ॥

હવે આઠમા ગુણસ્થાનનું વર્ણન-

ભાવાર્થ - સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણિ-ગુણસંક્રમ-અપૂર્વ સ્થિતિબંધ રૂપ અર્થોને વિશુદ્ધિના પ્રકર્ષથી અપૂર્વ રૂપે કરવાં, તે 'અપૂર્વકરણ ગુણસ્થાન' કહેવાય છે.

વિવેચન - સ્થિતિઘાત એટલે વિશિષ્ટ કરણથી સ્થિતિને અલ્પ કરવી. એ પ્રમાણે રસઘાત પણ સમજવો. ગુણોની શ્રેણિ એટલે અનંતગુણી વૃદ્ધિ કરવી. ગુણદ્વારા સંક્રમણ, ગુણસંક્રમ અને અપૂર્વ સ્થિતિનો લઘુ રૂપે બંધ, એ અપૂર્વ સ્થિતિબંધ છે. અપૂર્વ એટલે નવાં, કરણ એટલે સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણિ-ગુણસંક્રમ-સ્થિતિબંધ રૂપ પાંચ પદાર્થોને જ્યાં કરવાનાં છે, તે અપૂર્વકરણ છે, એવી વ્યુત્પત્તિ સમજવી.

स्थितिघातादीनां किं स्वरूपमित्याशङ्कायामाह–

प्रचुरमानाया ज्ञानावरणीयादिकर्मस्थितेरपवर्त्तनाभिधकरणेन तनूकरणं स्थितिघातः । प्रचुररसस्य तेनैव करणेन तनूकरणं रसघातः । तेनैव करणेनावतारितस्य दलिकस्य प्रतिक्षणमसंख्येयगुणवृद्ध्या विरचनं गुणश्रेणिः । २२ ।

प्रचुरमानाया इति । गरीयस्या ज्ञानावरणादिकर्मणां स्थितेरपवर्त्तनाकरणेनाल्पीकरणमित्यर्थः । रसघातस्वरूपमाह–प्रचुररसस्येति । कर्मपरमाणुगतस्निग्धलक्षणस्य प्रचुरीभूतस्य रसस्येत्यर्थः, तेनैव करणेनापवर्त्तनाकरणेनेत्यर्थः, पूर्वगुणस्थानेष्वेतौ द्वावपि विशुद्ध्यल्पतयाऽल्पावेव करोत्यस्मिंस्तु विशुद्धिवृद्धितः बृहत्प्रमाणतयेमावपूर्वौ करोति । गुणश्रेणिस्वरूपमाचष्टे–तेनैव करणेनेति । अपवर्त्तनाकरणेनैवोपरितनस्थितेर्विशुद्धिवशादवतारितस्य दलिकस्यान्तर्मुहूर्त्तं यावदुदयक्षणादुपरि द्रुततरक्षपणाय प्रतिक्षणमसंख्येयगुणवृद्ध्या शुद्ध्यपकर्षतः पूर्वगुणस्थानेषु दलिकरचनामाश्रित्य लघीयस्तया कालतो द्राघीयस्तया दलिकस्याल्पस्यापवर्त्तनाकरणेन कृतस्य कालतो ह्रस्वस्तरतया दलिकरचनामाश्रित्य च पृथुतरतया बहुतरस्य तस्य यद्विरचनं सा गुणश्रेणिरित्यर्थः ॥

સ્થિતિઘાત આદિનું સ્વરૂપ-

ભાવાર્થ - પ્રચુર પ્રમાણવાળી જ્ઞાનાવરણ આદિ કર્મોની સ્થિતિને અપવર્તના નામના કરણથી અલ્પ કરવી તે સ્થિતિઘાત, પ્રચુર રસને તે જ કરણથી અલ્પ કરવો તે રસઘાત અને તેજ કરણથી ઉતારેલ દળિયાને ક્ષણેક્ષણે અસંખ્યાત ગુણવૃદ્ધિ વડે રચવાં તે ગુણશ્રેણિ.

વિવેચન - લાંબી જ્ઞાનાવરણ આદિ કર્મોની સ્થિતિને અપવર્તનાનામકરણથી ટૂંકી કરવી, એ અર્થ સ્થિતિઘાતનો સમજવો.

○ કર્મોના પરમાણુઓમાં રહેલ સ્નિગ્ધ લક્ષણવાળા પ્રચુર રસને તે જ અપવર્તનાકરણથી અલ્પ કરવો, એ રસઘાત છે એવો અર્થ છે.

○ આ અપૂર્વ ગુણસ્થાનમાં વિશુદ્ધિની વૃદ્ધિથી મોટા પ્રમાણ રૂપે હોઈ બંનેને અપૂર્વ જ કરે છે.

○ ગુણશ્રેણિ સ્વરૂપવર્ણન તે જ અપવર્તનાકરણથી ઉપરની સ્થિતિમાંથી વિશુદ્ધિના વશે કરી ઉતારેલ દળિયાને અન્તર્મુહૂર્ત્ત સુધી ઉદયના ક્ષણથી ઉપર જલ્દી જલ્દી ક્ષય કરવા માટે ક્ષણે ક્ષણે અસંખ્યાતગુણી વૃદ્ધિથી, શુદ્ધિના અપકર્ષથી પૂર્વના ગુણસ્થાનોમાં કાળથી ઘણી લાંબી અને દલિકરચનાની અપેક્ષાએ અલ્પ દલિકના અપવર્તનથી અપૃથુતર ગુણે શ્રેણિને અહીં તો વિશુદ્ધિ હોવાથી, અપૂર્વ એટલે કાળથી હ્રસ્વતર, દલિકરચનાની અપેક્ષાએ અપૃથુતરને બહુતર દલિકના અપવર્તન દ્વારા ફરીથી પૃથુતર રૂપ અપૂર્વ ગુણશ્રેણિને રચે છે.

गुणसंक्रमस्वरूपमाह—

बध्यमानशुभप्रकृतिष्वबध्यमानाशुभप्रकृतिदलिकस्य विशुद्धितो नयनं गुणसंक्रमः । २३ ।

बध्यमानेति । गुणेन प्रतिसमयमसंख्येयलक्षणेन गुणकारेण संक्रमो बध्यमानप्रकृतिव्यतिरिक्तप्रकृतिदलिकं बध्यमानासु शुभप्रकृतिषु प्रक्षिप्य बध्यमानप्रकृतिरूपतया तस्य परिणमनं गुणसंक्रमः, अपूर्वकरणादारभ्य षट्चत्वारिंशदशुभप्रकृतीनां संक्रमो भवति, ताश्च प्रकृतयो मिथ्यात्वातपनारकायुर्वर्जा मिथ्यादृष्टियोग्यास्त्रयोदश, अनन्तानुबन्धितिर्यगायुरुद्योतवर्जास्सास्वादनयोग्या एकोनविंशतिः, मध्यमकषायाष्टकास्थिराशुभायशः कीर्त्तिशोकारत्यसातवेदनीयाः । तत्र मिथ्यात्वस्यानन्तानुबन्धिनाञ्चापूर्वकरणादर्वागेव संक्रमः, अत एवाविरतसम्यग्दृष्ट्यादयश्च क्षपयन्ति । आतपोद्योते च शुभे, अशुभप्रकृतीनामेव गुणसंक्रमात् । आयुषाञ्च परप्रकृतौ संक्रमासंभवादिह तद्वर्जनं बोध्यम् । निद्राद्विकोपघाताप्रशस्तवर्णादिनवकहास्यरतिजुगुप्सानां त्वपूर्वकरणे स्वस्वबन्धव्यवच्छेदादारभ्य गुणसंक्रमो भवति तदेतदुक्तं बध्यमानशुभप्रकृतिष्वबध्यमानाशुभप्रकृतिदलिकस्येति ॥

ગુણસંક્રમનું સ્વરૂપ-

ભાવાર્થ - બંધાતી શુભ પ્રકૃતિઓમાં નહિ બંધાતી અશુભ પ્રકૃતિઓના દલિકનું વિશુદ્ધિથી લઈ જવું, એ 'ગુણસંક્રમ' છે.

વિવેચન - ગુણથી એટલે સમયે સમયે અસંખ્યાત રૂપ લક્ષણવાળા ગુણકારથી, (ગુણાકારથી) સંક્રમ એટલે બંધાતી પ્રકૃતિઓથી, ભિન્ન અબંધાતી પ્રકૃતિઓનું દલિક, બંધાતી શુભ પ્રકૃતિઓમાં ફેંકીને બંધાતી પ્રકૃતિ રૂપે તેનું પરિવર્તન 'ગુણસંક્રમ' અપૂર્વકરણથી માંડીને ૪૬ અશુભ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે.

४६ કર્મપ્રકૃતિઓનું વર્ણન-

મિથ્યાત્વ-આતપ-નરકઆયુ એ ત્રણરહિત, મિથ્યાદૃષ્ટિ-યોગ્ય ૧૩, અનંતાનુબંધી ૪, તિર્યંચ આયુ ઉદ્યોત એક વર્જીને આસ્વાદને જતી (યોગ્ય) ૧૯, મધ્યમ ૮, કષાય-અસ્થિર-અશુભ-અયશ શોક-અરતિ અસાતા ૧૪, એ સર્વ મળીને ૪૬ પ્રકૃતિઓનો અપૂર્વકરણે આરંભથી જ ગુણસંક્રમ આરંભાય છે. ત્યાં મિથ્યાત્વનો અને અનંતાનુબંધીઓનો અપૂર્વકરણથી પહેલાં જ સંક્રમ થાય છે અને તેથી જ અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિઓ ખપાવે છે.

○ આતપ અને ઉદ્યોત નામકર્મ એ શુભ છે, માટે એનો ગુણસંક્રમ થતો નથી, કેમ કે - અશુભ કર્મપ્રકૃતિઓનો જ ગુણસંક્રમ છે.

○ આયુષ્યોનો પરપ્રકૃતિમાં સંક્રમનો અસંભવ હોઈ તે આયુષ્યોનું વર્જન સમજવું.

○ નિદ્રાદ્વિક ૨, ઉપઘાત૩, અશુભ વર્ણ૧૨, આદિ નવક, હાસ્ય૧૩, રતિ૧૪, ભય૧૫, જુગુપ્સા૧૬-એ ૧૬ પ્રકૃતિઓ અશુભ છે,તેથી અપૂર્વકરણમાં જ્યાં જ્યાં બંધ વિચ્છેદ પામે છે, ત્યાંથી પ્રારંભીને એં સોળનો ગુણસંક્રમ શરૂ થાય છે. માટે જ અહીં કહ્યું છે કે - બંધાતી શુભ પ્રકૃતિઓમાં નહિ બંધાતી અશુભ પ્રકૃતિના દલિકનું વિશુદ્ધિથી લઈ જવું-પરિવર્તન કરવું, એ 'ગુણસંક્રમ' છે.

अपूर्वस्थितिबन्धमाख्याति—

विशुद्धिप्रकर्षेण गुर्व्याः कर्मस्थितेर्लघुतया बन्धनमपूर्वस्थितिबन्धः । अन्तर्मुहूर्त्तकालमेतत् । अत्रस्थो जीवः क्षपक उपशमकश्चेति द्विविधः । २४ ।

विशुद्धिप्रकर्षेणेति । प्राक्कर्मणामशुद्धत्वाद्दाघीयस्तया बद्धायाः स्थितेर्विशुद्धिवशात् पल्योपमासंख्येयभागेन हीनहीनतरहीनतमतया बन्धनमपूर्वस्थितिबन्ध इत्यर्थः । अस्य गुणस्थानस्य कालमानमाह--अन्तरिति । जघन्यतस्त्वेकस्समयः । अत्र श्रेणिद्वयं दर्शयितुमाह-अत्रस्थ इति । क्षपणार्हत्वादुपशमनार्हत्वाच्च क्षपणोपशमनाभावेऽपि राज्यार्हकुमारस्य राजवत् तथोच्यत इति बोध्यम् । गुणस्थानेऽस्मिन् त्रैकालिकानेकजीवापेक्षया प्रतिसमयं यथोत्तरमधिकवृद्ध्याऽसंख्येयलोकाकाशप्रदेशप्रमाणान्यध्यवसायस्थानानि भवन्ति[१] । आद्यक्षण एवैतद्गुणस्थानप्रपन्न-त्रैकालिकनानाजीवाश्रयेण जघन्यादीन्युत्कृष्टान्तानि असंख्येयलोकाकाशप्रदेशप्रमाणान्यध्यवसायस्थानानि भवन्ति, ततोऽधिकाधिकानि द्वितीयादिक्षणेषु तु स्युः । स्वभावविशेषाच्च द्वितीयादिसमयेषु अध्यवसायस्थानानां वृद्धिः । अत्र च

१. यद्यप्यत्र कालत्रयापेक्षणात् अनन्तजीवैरस्य प्रतिपन्नत्वात्प्रतिपत्स्यमानत्वाच्चैतद्गुणस्थानं प्रतिपन्नानामनन्ताध्यवसायस्थानानि प्रसज्यन्ते तथापि बहूनामेतत्स्थानप्रतिपत्तृणामेकाध्यवसायस्थानवर्तित्वादपि न दोषः । अध्यवसायस्थानानां भिन्नत्व एव तथा सम्भवात् ॥

प्रथमसमयजघन्याध्यवसायादनन्तगुणविशुद्धं प्रथमसमयोत्कृष्टाध्यवसायस्थानम् । तस्माच्च द्वितीयसमयजघन्याध्यवसायस्थानमनन्तगुणविशुद्धम्, ततश्च तदुत्कृष्टमनन्तगुणविशुद्धमित्येवं यावद् द्विचरमसमयोत्कृष्टाध्यवसायस्थानाच्चरमसमयजघन्याध्यवसायस्थानमनन्तगुणविशुद्धं तस्मादपि तदुत्कृष्टमनन्तगुणविशुद्धमिति । अस्यैव च निवृत्तिबादरसम्परायमिति नामान्तरम् । अनेकजीवानामेतद्गुणस्थानं युगपत्प्रविष्टानां परस्परमध्यवसायस्थानव्यावृत्तेः । एकसमयगतानि चामून्यध्यवसायस्थानानि परस्परं षट्स्थानपतितानीति[1] दिक् ॥ अथ क्षपकश्रेणिरुपशमश्रेणिश्च बोधायोच्यते संक्षेपतः प्रसङ्गात् । वर्षाष्टकोपरि वर्त्तमानो वज्रर्षभनाराचसंहननवान् शुद्धध्यानार्पितमना अविरतदेशविरतप्रमत्ताप्रमत्तसंयतानामन्यतमः पुमान् क्षपकश्रेणिप्रतिपत्तौ भवति । केवलं यद्यप्रमत्तसंयतः पूर्ववित्तर्हि शुक्लध्यानोपगतः, शेषस्तु सर्वोऽपि धर्मध्यानोपगतः । सम्प्रति प्रथममनन्तानुबन्धिनां विसंयोजना प्रोच्यते, श्रेणिप्रतिपत्तुरवश्यं पूर्वमनन्तानुबन्धिनो विसंयोजनाया आवश्यकत्वात् । अनन्तानुबन्धिनां विसंयोजकश्चतुर्गतिको जीवस्तत्राऽपि देवो नैरयिको वाऽविरतसम्यग्दृष्टिः, तिर्यक्पञ्चेन्द्रियः सर्वाभिः पर्याप्तिभिः पर्याप्तोऽविरत-सम्यग्दृष्टिर्देशविरतो वा, मनुष्यस्त्वविरतसम्यग्दृष्टिर्देशविरतस्सर्वविरतो वा भवति । तत्र यथासम्भवं विशुद्धपरिणामोऽनन्तानुबन्धिनां क्षपणाय यथाप्रवृत्त्यपूर्वानिवृत्तिकरणानि करोति, अन्तरकरणं तु न करोत्यत एव प्रथमस्थितिमपि न करोति, उपशमोऽपि न भवति, तेषां गुणसंक्रमश्चात्रापूर्वकरणप्रथमसमयात्प्रवर्त्तते । तथाहि तादृशसमय एव दलिकमनन्तानुबन्धिनां शेषकषायात्मकपरप्रकृतौ स्तोकं संक्रमयति, द्वितीये समये ततोऽसंख्येयगुणं, तृतीये च ततोऽप्यसंख्येयगुणमेवमेव यावदपूर्वकरणचरमसमयम् । एष गुणसंक्रमः । अपूर्वकरणे उद्वलनासंक्रमानुविद्धगुणसंक्रमेणानन्तानुबन्धिनश्शेषप्रकृतिरूपतया व्यवस्थापनेन विनाशयति । उद्वलनासंक्रमे तु प्रथमतः पल्योपमासंख्येयभागमात्रं स्थितिखण्डमन्तर्मुहुर्त्तेन कालेनोत्कीर्यते । उत्किरणं नाम घनदलान्वितस्याल्पदलोत्तारणं, तदेव चोद्वलनमुच्यते । ततो द्वितीयं स्थितिखण्डं प्रथमस्थितिखण्डाद्विशेषहीनतरं पल्योपमासंख्येयभागमात्रमन्तर्मुहूर्त्तेन कालेन विनाशयति, एवं प्रत्येकमन्तर्मुहूर्त्तेन कालेनोत्कीर्यमाणानि

---

१. अनन्तभागवृद्धयसंख्यातभागवृद्धिसंख्यातभागवृद्धि संख्येयगुणवृद्धयसंख्येयगुणवृद्धयनन्तगुणवृद्धिरूपषट्स्थानकपतितानीत्यर्थः ॥

२. प्रथमस्थितिखण्डस्य स्थित्यपेक्षया बृहत्तरस्य द्वितीयादिस्थितिखण्डानाञ्च विशेषविशेषहीनानां यद्धातनं तेन निष्पन्नो य उद्वलनासंक्रमस्तदनुविद्ध इत्यर्थः ॥

पल्योपमासंख्येयभागमात्राणि स्थितिखण्डानि पूर्वपूर्वस्थित्यपेक्षया विशेषतो हीनानि विनाशयति, इत्येवंरूप उद्वलनासंक्रमः । अनिवृत्तिकरणं च प्राप्तो गुणसंक्रमानुविद्धोद्वलनासंक्रमेणाधस्तादावलिकामात्रं मुक्त्वोपरि निरवशेषानन्तानुबन्धिनो विनाशयति, आवलिकामात्रं तु स्तिबुकसंक्रमेण वेद्यमानासु प्रकृतिषु संक्रमयति, ततोऽन्तर्मुहूर्त्तात्परतोऽनिवृत्तिकरणपर्यवसाने शेषकर्मणामपि स्थितिघातरसघातगुणश्रेणयो न भवन्ति, किन्तु स्वभावस्थ एव भवति चतुर्विंशतिसत्कर्मा । तदेवं क्षपिताऽनन्तानुबन्धिचतुष्को दर्शनमोहनीयक्षपणाय यतते, तदारम्भको मनुष्यो जिनकालसम्भवी वर्षाष्टकोपरि वर्त्तमानो वज्रर्षभनाराचसंहननश्च भवति । दर्शनमोहक्षपणार्थं यथाप्रवृत्त्यादीनि त्रीणि करणानि करोति, अनिवृत्तिकरणाद्धायाञ्च वर्त्तमानो दर्शनत्रिकस्य स्थितिसत्कर्म तावदुद्वलनासंक्रमेणोद्वलयति यावत्पल्योपमासंख्येयभागमात्रमवतिष्ठते, ततो मिथ्यात्वदलिकं सम्यक्त्वमिश्रयोः प्रक्षिपति, तच्चैवं, प्रथमसमये स्तोकं द्वीतीयसमये ततोऽसंख्येयगुणमेवं यावदन्तर्मुहूर्त्तचरमसमयं, आवलिकागतं मुक्त्वा शेषं द्विचरमसमयसंक्रमितदलिकादसंख्येय-गुणं संक्रमयति, आवलिकागतन्तु स्तिबुकसंक्रमेण सम्यक्त्वे प्रक्षिपति, एवं मिथ्यात्वं क्षपितम् । ततोऽन्तर्मुहूर्त्तेन सम्यङ्मिथ्यात्वमप्यनेनैव क्रमेण सम्यक्त्वे प्रक्षिपति, ततस्सम्यङ्मिथ्यात्वं क्षपितम् । ततस्सम्यक्त्वमपवर्त्तयितुं तथा लग्नो यथाऽन्तर्मुहूर्त्तेन तदप्यन्तर्मुहूर्तमात्रस्थितिकं जातं, तच्च क्रमेणानुभूयमानमनुभूयमानं सत् समयाधिकावलिकाशेषं जातं, ततोऽनन्तरसमये तस्योदीरणाव्यवच्छेदस्ततो विपाकानुभवेनैव केवलेन वेदयति यावच्चरमसमयं, ततोऽनन्तरसमयेऽसौ क्षायिकसम्यग्दृष्टिर्जायते । इह यदि बद्धायुः क्षपकश्रेणिमारभते तदाऽनन्तानुबन्धिक्षयानन्तरञ्च मरणसम्भवतो व्युपरमते, ततः कदाचिन्मिथ्यात्वोदयाद्ध्रुवोऽप्यनन्तानुबन्धिन उपचिनोति, तद्बीजस्य मिथ्यात्वस्याविनाशात् । क्षीणमिथ्यादर्शनस्तु नोपचिनोति मिथ्यात्वाभावात् । क्षीणसप्तकः पूर्वबद्धायुराश्रित्य सर्वगतिभाग्भवति यदि तिर्यङ्मनुष्यो वा भवति तदाऽसंख्येयवर्षायुष्केष्वेव । बद्धायुष्कोऽपि यदि तदानीं कालं न करोति तथापि सप्तके क्षीणे नियमादवतिष्ठते, न तु चारित्रमोहक्षपणाय यत्नमादधाति, अथ क्षीणसप्तको गत्यन्तरं संक्रामन् कतितमे भवे मोक्षमुपयातीति चेदुच्यते तृतीये चतुर्थे वा भवे[१] इति । तथा क्षीणसप्तकः पूर्वबद्धायुष्कोऽपि यदि तदानीं कालं न करोति

१. यदि स्वर्गे नरके वा गच्छति तदा स्वर्गभवान्तरितो नरकभवान्तरितो वा तृतीयभवे मोक्षमुपयाति, यदि तु तिर्यक्षु मनुष्येषु वोत्पद्यते तदावश्यमसंख्येयवर्षायुष्केष्वेव, न संख्येयवर्षायुष्केषु, ततस्तद्भवानन्तरं देवभवं ततश्च्युत्वा मनुष्यभवं ततो मोक्षं यातीति चतुर्थभवे मोक्षगमनम् । इदञ्च प्रायिकं, क्षीणसप्तकस्य कृष्णस्य पञ्चमभवेऽपि मोक्षगमनश्रवणात् ।

तर्हि कश्चिद्वैमानिकेष्वेव बद्धायुष्कश्चारित्र-मोहनीयोपशमार्थमपि यतते, न शेषभवेषु बद्धायुष्कः । यदि पुनरबद्धायुः क्षपकश्रेणिमारभते ततः सप्तके क्षीणे नियमादनुपरतपरिणाम एव चारित्रमोहनीयक्षपणाय यतते । यतमानश्च तत्र यथाप्रवृत्त्यादीनि त्रीणि करणानि करोति, अप्रमत्तगुणस्थाने यथाप्रवृत्तिकरणमपूर्वगुणस्थाने-ऽपूर्वकरणमनिवृत्तिबादरसम्पराये ऽनिवृत्तिकरणम् । तत्रापूर्वकरणे स्थितिघातादिभिरप्रत्याख्यानप्रत्याख्यानावरणकषायाष्टकमनिवृत्तिकरणाद्धाप्रथमसमये पल्योपमासंख्येयभागमात्रस्थितिकं यथा भवेत्तथा क्षपयति । अनिवृत्तिकरणाद्धायाश्च संख्येयेषु भागेषु गतेषु स्त्यानर्द्धित्रिकनरकतिर्यग्गतिनरकतिर्यगानुपूर्व्येकद्वित्रिचतुरिन्द्रियजातिस्थावरातपोद्योतसूक्ष्मसाधारणानां षोडशप्रकृतीनामुद्वलनासंक्रमेणोद्वल्यमानानां पल्योपमासंख्येयभागमात्रा स्थितिर्जाता, ततो बध्यमानासु प्रकृतिषु तानि षोडशापि कर्माणि गुणसंक्रमेण प्रतिसमयं प्रक्षिप्यमाणानि निःशेषतोऽपि क्षीणानि भवन्ति, इहाप्रत्याख्यानप्रत्याख्यानावरणकषायाष्टकं पूर्वमेव क्षपयितुमारब्धं परं तन्नाद्यापि क्षीणं केवलमपान्तराल एव पूर्वोक्तं प्रकृतिषोडशकं क्षपितं पश्चात्तदपि कषायाष्टकमन्तर्मुहूर्त्तेन क्षपयतीत्येष सूत्रादेशः । अन्ये त्वाहुः षोडशकर्माण्येव पूर्वं क्षपयितुमारभते केवलमपान्तरालेऽष्टौ कषायान् क्षपयति पश्चात् षोडशकर्माणीति । ततोऽन्तर्मुहूर्त्तेन नवानां नोकषायाणां चतुर्ण्णां संज्वलनानाञ्चाऽन्तरकरणं करोति । तच्च कृत्वा नपुंसकवेददलिकमुपरितनस्थितिगतमुद्वलनविधिना क्षपयितुमारभते । तच्चाऽन्तर्मुहूर्त्तेन पल्योपमासंख्येयभागमात्रं भवति, ततःप्रभृति बध्यमानासु प्रकृतिषु गुणसंक्रमेण तद्दलिकं प्रक्षिपति, तच्चैवं प्रक्षिप्यमाणमन्तर्मुहूर्त्तेन निःशेषं क्षीणम् । अधस्तनस्थितिदलिकं च यदि नपुंसकवेदेन क्षपकश्रेणिमारूढस्ततोऽनुभवतः क्षपयति, अन्यथा[1] त्वावलिकामात्रं तद्भवति, तच्च वेद्यमानासु प्रकृतिषु स्तिबुकसंक्रमेण संक्रमयति । तदेवं क्षपितो नपुसंकवेदः । ततोऽन्तर्मुहूर्त्तेन स्त्रीवेदोऽप्यनेनैव क्रमेण क्षिप्यते, ततः षट् नोकषायान् युगपत्क्षपयितुमारभते, ततः प्रभृति च तेषामुपरितनस्थितिगतं दलिकं न पुरुषवेदे संक्रमयति किन्तु संज्वलनक्रोध एव, एतेऽपि च पूर्वोदितविधिना क्षिप्यमाणा अन्तर्मुहूर्त्तेन निःशेषं क्षीणास्तत्समय एव च पुंवेदस्य[2] बन्धोदयोदीरणाव्यवच्छेदः, समयोनावलिकाद्विकबद्धं मुक्त्वाऽशेषदलिकक्षयश्च, ततोऽसाविदानीमवेदको जातः, क्रोधं च वेदयतस्तस्य[3] क्रोधाद्धायास्त्रयो विभागा भवन्ति,

१. नपुंसकवेदेन श्रेणिमनारूढश्चेदित्यर्थः । २. पुंवेदिनः प्रारम्भकस्यैतत् । यदा नपुंसकवेदी प्रारम्भकः तदा प्रथमं स्त्रीवेदनपुंसकवेदौ युगपत्क्षपयति, तत्क्षयसमय एव पुंवेदबन्धव्यवच्छेदः । ततः पुंवेदहास्यषट्के युगपत्क्षपयति । यदा स्त्रीवेदी प्रारम्भकः तदा प्रथमं नपुंसकवेदं ततस्त्रीवेदं क्षपयति तत्क्षयसमकालमेव च पुंवेदबन्धव्यवच्छेदः, ततः पुंवेदहास्यषट्कयोर्युगपत्क्षय इति ॥ ३. पुंवेदिन इत्यर्थः ॥

अश्वकर्णकरणाद्धा किट्टिकरणाद्धा किट्टिवेदनाद्धा चेति, तत्राश्वकर्णकरणाद्धायां वर्त्तमानः प्रतिसमयमनन्तान्यपूर्वस्पर्धकानि चतुर्णामपि संज्वलनना-नामन्तरकरणादुपरितनस्थितौ करोति, अथ कमिदं स्पर्धकमुच्यते-इह तावदनन्तानन्तैः परमाणुभिर्निष्पन्नान् स्कन्धान् जीवः कर्मतया गृह्णाति तत्र चैकैकस्मिन् स्कन्धे यः सर्वजघन्यरसः परमाणुस्तस्याऽपि रसः केवलिप्रज्ञया छिद्यमानः सर्वजीवेभ्योऽनन्तगुणान् रसभागान् प्रयच्छति अपरस्तानप्येकाधिकानन्यस्तु द्व्याधिकानेवमेकोत्तरयावृद्ध्या ता वन्नेयं यावदन्त्यपरमाणुरभव्यानन्तगुणान् सिद्धानन्त-भागेनाधिकान् रसभागान् प्रयच्छति, तत्र जघन्यरसा ये केचन परमाणवस्तेषां समुदायस्समान-जातीयत्वादेका वर्गणेत्युच्यते, अन्येषां त्वेकाधिकर-सभागयुक्तानां समुदायो द्वितीया वर्गणा, अपरेषां तु द्व्यधिकरसभागयुक्तानां समुदायस्तृतीया वर्गणा, एवमनया दिशैकैकरसभागवृद्धा-नामणूनां समुदायरूपा वर्गणास्सिद्धान्तभागकल्पा अभव्यानन्तगुणा वाच्याः । एतासाञ्च समुदायः स्पर्धकमित्युच्यते । इत ऊर्ध्वमेकोत्तरया निरन्तरया वृद्ध्या प्रवर्धमानः रसो न लभ्यते किन्तु सर्वजीवानन्तगुणैरेव रसभागैः, ततस्तेनैव क्रमेण ततःप्रभृति द्वितीयं स्पर्धकमारभयते, एवमेव च तृतीयमेवं तावद्वाच्यं यावदनन्तानि स्पर्धकानि, एतेभ्य एव चेदानीं प्रथमादिवर्गणा गृहीत्वा विशुद्धिप्रकर्षवशादनन्तगुणहीनरसाः कृत्वा पूर्ववत्स्पर्धकानि करोति, न चैवंभूतानि पूर्वं कदाचनापि कृतानि ततोऽपूर्वाणीत्युच्यन्ते, अस्यां चाश्वकर्णकरणाद्धायां वर्त्तमानः पुंवेदं समयोनावलिकाद्विकेन कालेन क्रोधे गुणसंक्रमेण संक्रमयन् चरमसमये सर्वसंक्रमेण संक्रमयति, तदेवं क्षीणः पुंवेदः, अश्वकर्णकरणाद्धायाश्च समाप्तायां किट्टिकरणाद्धायाञ्च वर्त्तमानश्चतुर्णामपि संज्वलनानामुपरितनस्थितिदलिकस्य किट्टीः करोति, किट्टयो नाम पूर्वस्पर्धकेभ्यः प्रथमादि-वर्गणा गृहीत्वा विशुद्धिप्रकर्षवशादत्यन्तहीनरसाः कृत्वा तासामेकोत्तरवृद्धित्यागेन बृहद-न्तरालतया व्यवस्थापनम् । यथा यासामेव वर्गणानामसत्कल्पनयाऽनुभागभागानां शतमेको-त्तरादि वाऽऽसीत् तासामेव विशुद्धिप्रकर्षादनुभागभागानां दशकस्य पञ्चदशकादेश्च व्यवस्थापन-मिति । एताश्च किट्टयः परमार्थतोऽनन्ता अपि स्थूलजातिभेदापेक्षया द्वादश कल्प्यन्ते, एकैकस्य कषायस्य तिस्रस्तिस्रः, तद्यथा, प्रथमा द्वितीया तृतीया च, एवं क्रोधेन क्षपकश्रेणिं प्रतिपन्नस्य द्रष्टव्यम् । यदा तु मानेन प्रतिपद्यते तदोद्वलनाविधिना क्रोधे क्षपिते सति शेषाणां त्रयाणां पूर्वक्रमेण नव कीट्टीः करोति, मायया चेत्प्रतिपन्नस्तर्हि क्रोधमानयोरुद्वलनविधिना क्षपितयोः सतोः शेषद्विकस्य पूर्वक्रमेण षट् किट्टीः करोति, यदि पुनर्लोभेन प्रतिपद्यते तत उद्वलनविधिना क्रोधत्रिके क्षपिते सति लोभस्य किट्टित्रिकं करोति, एष किट्टिकरणविधिः ॥ किट्टिकरणाद्धायां

निष्ठितायां क्रोधेन प्रतिपन्नः सन् क्रोधस्य प्रथमकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तावद्यावत्समयाधिकावलिकामात्रं शेषः । ततोऽनन्तरसमये द्वितीयकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तावद्यावत्समयाधिकावलिकामात्रं शेषः । ततस्तृतीयकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तावद्यावत्समयाधिकावलिकामात्रं शेषः, तिसृष्वपि चामूषु किट्टिवेदनाद्धासूपरितनस्थितिगतं दलिकं गुणसंक्रमेणापि प्रतिसमयमसंख्येयगुणवृद्धिलक्षणे संज्वलने माने प्रक्षिपति, तृतीयकिट्टि-वेदनाद्धायाश्चरमसमये संज्वलनक्रोधस्य बन्धोदयोदीरणानां युगपद्व्यवच्छेदः, सत्कर्माऽपि च तस्य समयोनावलिकाद्विकबद्धं मुक्त्वाऽन्यन्नास्ति सर्वस्य माने प्रक्षिप्तत्वात्, ततो मानस्य प्रथमकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तावद्यावदन्तमुहूर्त्तं, क्रोधस्याऽपि च बन्धादौ व्यवच्छिन्ने सति तस्य दलिकं समयोनावलिकाद्विकेन कालेन गुणसंक्रमेण संक्रमयन् चरमसमये सर्वं संक्रमयति, मानस्यापि च प्रथमकिट्टिदलिकं प्रथमस्थितीकृतं वेद्यमानं समयाधिकावलिकाशेषं जातं, ततो मानस्य द्वितीयकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तावद्यावत्समयाधिकावलिकामात्रं शेषः, ततस्तृतीयकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तावद्यावत्समयाधिकावलिकामात्रं शेषः, तस्मिन्नेव च समये मानस्य बन्धोदयोदीरणानां युगपद्व्यवच्छेदः, सत्कर्मापि च तस्य समयोनावलिकाद्विकबद्धमेव, शेषस्य क्रोधशेषस्येव मायायां प्रक्षिप्तत्वात्, ततो मायायाः प्रथमकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तावद्यावदन्तर्मुहूर्त्तं संज्वलनमानस्य च बन्धादौ व्यवच्छिन्ने सति तस्य दलिकं समयोनावलिकाद्विकेन कालेन गुणसंक्रमेण मायायां सर्वं प्रक्षिपति, मायाया अपि च प्रथमकिट्टिदलिकं द्वितीयस्थितिगतं प्रथमस्थितीकृतं वेद्यमानं समयाधिकावलिकाशेषं जातं, ततो मायाया द्वितीयकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तावद्यावत्समयाधिकावलिकामात्रं शेषः, ततस्तृतीयकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तावद्यावत्समयाधिकावलिकामात्रं शेषः, तस्मिन्नेव च समये मायाया बन्धोदयोदीरणानां युगपद्व्यवच्छेदः, सत्कर्मापि च तस्याः समयोनावलिकाद्विकबद्धमात्रमेव, शेषस्य गुणसंक्रमेण लोभे प्रक्षिप्तत्वात् ततो लोभस्य प्रथमकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयति च तावद्यावदन्तर्मुहूर्त्तं, संज्वलनमायायाश्च बन्धादौ व्यवच्छिन्ने सति तस्या दलिकं समयोनावलिकाद्विकेन कालेन गुणसंक्रमेण

लोभे सर्वं संक्रमयति, संज्वलनलोभस्य च प्रथमकिट्टिदलिकं प्रथमस्थितीकृतं वेद्यमानं समयाधिकावलिकामात्रं शेषं जातं, ततो लोभस्य द्वितीयकिट्टिदलिकं द्वितीयस्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च, तां च वेदयमानस्तृतीयाकिट्टिदलिकं गृहीत्वा सूक्ष्मकिट्टीः करोति तावद्यावद् द्वितीयकिट्टिदलिकस्य प्रथमस्थितीकृतस्य वेद्यमानस्य समयाधिकावलिकामात्रं शेषः, तस्मिन्नेव च समये संज्वलनलोभस्य बन्धव्यच्छेदो बादरकषायोदयोदीरणाव्यवच्छेदोऽनिवृत्तिबादरसम्परायगुणस्थानकव्यवच्छेदश्च युगपज्जायते ततस्सूक्ष्मकिट्टिदलिकं द्वितीय स्थितिगतमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च तदानीमसौ सूक्ष्मसम्पराय उच्यते, पूर्वोक्ताश्चावलिकास्तृतीयकिट्टिगताः शेषीभूतास्सर्वा अपि वेद्यमानासु परप्रकृतिषु स्तिबुकसंक्रमेण संक्रमयति प्रथमद्वितीयकिट्टिगताश्च यथास्वं द्वितीयकिट्टयन्तर्गता वेद्यन्ते, सूक्ष्मसम्परायश्चलोभस्य सूक्ष्मकिट्टीर्वेदयमानः सूक्ष्मकिट्टिदलिकं समयोनावलिकाद्विकबद्धं च प्रतिसमयं स्थितिघातादिभिस्तावत्क्षपयति यावत्सूक्ष्मसम्परायाद्धायाः संख्येया भागा गता भवन्त्येकोऽवशिष्यते, ततस्तस्मिन् संख्येये भागे संज्वलनलोभं सर्वापवर्त्तनयाऽपवर्त्य सूक्ष्मसम्परायाद्धासमं करोति, सा च सूक्ष्मसम्परायाद्धाऽद्याप्यन्तर्मुहूर्त्तमाना, ततः प्रभृति च मोहस्य स्थितिघातादयो निवृत्ताः, शेषकर्मणान्तु प्रवर्त्तन्त एव, तां च लोभस्यापवर्त्तितां स्थितिमुदयोदीरणाभ्यां वेदयमानस्तावद्गतो यावत्समयाधिकावलिकामात्रं शेषः, तत उदीरणा स्थिता, तत उदयेनैव केवलेन तां वेदयते यावच्चरमसमयं, तस्मिंश्च चरमसमये ज्ञानावरणपञ्चकदर्शनावरणचतुष्कयशःकीर्त्युच्चैर्गोत्रान्तरायपञ्चकरूपाणां षोडशकर्मणां बन्धव्यवच्छेदः, मोहनीयस्योदयसत्ताव्यवच्छेदश्च भवति, ततोऽसौ क्षीणकषायो जायते, तस्य च शेषकर्मणां स्थितिघातादयः पूर्ववत्प्रवर्त्तन्ते यावत्क्षीणकषायाद्धायाः संख्येया भागा गता भवन्त्येकस्संख्येयो भागोऽवतिष्ठते, तस्मिंश्च ज्ञानावरणपञ्चकान्तरायपञ्चकदर्शनावरणचतुष्टय-निद्राद्विकरूपाणां षोडशकर्मणां स्थितिसत्कर्म सर्वापवर्त्तनयाऽपवर्त्य क्षीणकषायाद्धासमं करोति, केवलं निद्राद्विकस्य स्वस्वरूपापेक्षया समयन्यूनं सामान्यतः कर्मरूपतया तु तुल्यं, सा च क्षीणकषायाद्धाऽद्याप्यन्तर्मुहर्त्तमाना, ततः प्रभृति च तेषां स्थितिघातादयः स्थिताः, शेषाणान्तु भवन्त्येव, तानि च षोडशकर्माणि निद्राद्विकहीनानि उदयोदीरणाभ्यां वेदयमानस्ता-वद्गतो यावत्समयाधिकावलिकामात्रं शेषः, तत उदीरणा निवृत्ता, तत आवलिकामात्रं यावदुदयेनैव केवलेन तानि वेदयते यावत्क्षीणकषायाद्धाया द्विचरमसमयम्, तस्मिंश्च द्विचरमसमये निद्राद्विकं स्वरूपसत्तापेक्षया क्षीणं, चतुर्दशानां च प्रकृतीनां चरमसमये क्षयः, ततोऽनन्तरसमये केवली

जायत इति क्षपकश्रेणिः ॥ अथोपशमश्रेणिस्त-दारम्भकोऽप्रमत्तसंयत एव, उपशमश्रेणिपर्यवसाने त्वप्रमत्तप्रमत्तसंयतदेशविरताविरतानामन्यतमो भवति, अन्ये त्वविरतदेशविरतप्रमत्ताप्रमत्त-संयतानामन्यतमोऽनन्तानुबन्धिनः कषायानुपशमयति दर्शनत्रिकादिकं तु संयम एव वर्त्तमान इत्याहुः । तत्र प्रथममनन्तानुबन्धिनामुपशमनाऽभिधीयते, अविरतादीनामन्यतमोऽन्यतमस्मिन् योगे वर्त्तमानस्तेजःपद्मशुक्ललेश्यान्यतमलेश्यायुक्तः साकारोपयोगयुक्तोऽन्तःसागरोपम-कोटीकोटिस्थितिसत्कर्मा करणकालात्पूर्वमप्यन्तर्मुहूर्त्तं यावद्विशुद्ध्यमानचित्तसन्ततिरवतिष्ठते, तथावतिष्ठमानश्च परावर्त्तमानाः[१] प्रकृतीः शुभा एव बध्नाति, नाऽशुभाः, प्रतिसमयञ्चाऽशुभानां कर्मणामनुभागमनन्तगुणहान्या करोति शुभानाञ्चाऽनन्तगुणवृद्ध्या, स्थितिबन्धेऽपि च पूर्णे सत्यन्यं स्थितिबन्धं पूर्वपूर्वस्थितिबन्धापेक्षया पल्योपमासंख्येयभागहीनं करोति, पूर्णे चान्तर्मुहूर्त्ते क्रमेण प्रत्येकमान्तर्मुहूर्त्तिकानि त्रीणि यथाप्रवृत्त्यादीनि करणानि करोति, चतुर्थीं तूपशमाद्धां, करणवक्तव्यता च सर्वापि कर्मप्रकृतेरवसेया, अनिवृत्तिकरणाद्धायाश्च संख्येयेषु भागेषु गतेषु एकस्मिन् भागेऽवतिष्ठमानेऽनन्तानुबन्धिनामधस्तादावलिकामात्रं मुक्त्वाऽन्त-र्मुहूर्त्तमानमन्तरकरणमभिनवस्थितिबन्धाद्धासमेनान्तर्मुहूर्त्तेन करोति, अन्तरकरणदलिकं चोत्कीर्यमाणं बध्यमानासु परप्रकृतिषु प्रक्षिपति प्रथमस्थित्यावलिकागतं च दलिकं स्तिबुकसंक्रमेण वेद्यमानासु परप्रकृतिषु प्रक्षिपति, अन्तरकरणे च कृते द्वितीयसमये-ऽनन्तानुबन्धिन उपशमिता भवन्ति, उपशमना नाम यथा रेणुनिकरः सलिलबिन्दु-निवहैरभिषिच्याभिषिच्य द्रुघणादिभिर्निकुट्टितो निःस्पन्दो भवति तथा कर्मरेणुनिकरोऽपि विशुद्धिवारिपूरेण परिषिच्य परिषिच्यानिवृत्तिकरणरूपद्रुघणनिकुट्टितः संक्रमणोदयोदीरणा-निधत्तनिकाचनाकरणानामयोग्यो भवति, अन्ये त्वनन्तानुबन्धिनामुपशमनां न मन्यन्ते किन्तु विसंयोजनां-क्षपणां, सा च प्रागेवोक्ता, संप्रति दर्शनत्रिकस्योपशमना भण्यते, इह क्षायोपशमिकसम्यग्दृष्टिः संयमे वर्त्तमानोऽन्तर्मुहूर्त्तेन दर्शनत्रिकमुपशमयति, उपशमयंश्च

---

१. याः प्रकृतयोऽन्यस्याः प्रकृतेर्बन्धमुदयं वा विनिवार्य स्वकीयं बन्धमुदयमुभयं वा दर्शयन्ति ताः परावर्त्तमानाः । तत्र ज्ञानावरणपञ्चकमन्तरायपञ्चकं दर्शनावरणचतुष्टयं यशोघाततीर्थकरोच्छ्वासमिथ्यात्व-भयजुगुप्सागुरुलघूपघातनिर्माणतैजसवर्णादिचतुष्ककार्मणानि चेत्येकोनत्रिंशत्प्रकृतयो बन्धमुदयञ्चाश्रित्या-परावर्त्तमानाः, आसां बन्धस्योदयस्य वा शेषप्रकृतिभिर्बध्यमानाभिर्वेद्यमानाभिर्वा हन्तुमशक्यत्वात् । शेषा बन्धमाश्रित्यैकनवतिसंख्या उदयापेक्षया सम्यक्त्वसम्यङ्मिथ्यात्वसहितास्त्रिनवतिः परावर्त्तमानाः ॥ षोडश कषाया निद्रापञ्चकं च स्वोदये सजातीयप्रकृत्युदयनिरोधात्परावर्त्तमानाः स्थिरशुभास्थिराशुभप्रकृतयो बन्धं प्रति परावर्त्तमानाः ॥ इतरास्तु बन्धोदयाभ्यामपि परावर्त्तमाना इति ॥

पूर्वोक्तकरणत्रयनिर्वर्त्तनेन विशुद्ध्या वर्धमानोऽनिवृत्तिकरणाद्धाया असंख्येयेषु भागेषु गतेष्वन्तरकरणं करोति, तच्च कुर्वन् सम्यक्त्वस्य प्रथमस्थितिमन्तर्मुहूर्त्तमानां स्थापयति मिथ्यात्वमिश्रयोश्चावलिकामात्रं उत्कीर्यमाणञ्च दलिकं त्रयाणामपि सम्यक्त्वस्य प्रथमस्थितौ प्रक्षिपति, मिथ्यात्वमिश्रयोः प्रथमस्थितिदलिकं सम्यक्त्वस्य प्रथमस्थितिदलिकमध्ये स्तिबुकसंक्रमेण संक्रमयति, सम्यक्त्वस्य पुनः प्रथमस्थितौ विपाकानुभवतः क्रमेण क्षीणायामुपशमसम्यग्दृष्टिर्भवति, उपरितनदलिकस्य चोपशमना त्रयाणामपि मिथ्यात्वादीनामनन्तानुबन्धिनामुपरितनस्थितिदलिकस्येवावसेया, एवमुपशान्तदर्शनत्रिकः प्रमत्ताप्रमत्तपरिवृत्तिशतानि कृत्वा चारित्रमोहमुपशमयितुकामः पुनरपि यथाप्रवृत्त्यादीनि त्रीणि करणानि करोति, केवलमिह यथाप्रवृत्तिकरणमप्रमत्तगुणस्थानेऽपूर्वकरणञ्चापूर्वकरणगुणस्थाने अनिवृत्तिकरणञ्चानिवृत्तिबादरसंपरायगुणस्थानके अपूर्वकरणे च स्थितिघातादिभिर्विशुद्ध्य ततोऽनन्तरसमयेऽनिवृत्तिकरणे प्रविशति, अनिवृत्तिकरणाद्धायाश्च संख्येयेषु भागेषु गतेषु दर्शनसप्तकवर्जितानामेकविंशतेर्मोहनीयप्रकृतीनामन्तरकरणं करोति[१], तत्र यस्य वेदस्य संज्वलनस्य चोदयोऽस्ति तयोः स्वोदयकालमानां प्रथमस्थितिं करोति शेषाणान्त्वेकादशकषायाणामष्टानां च नोकषायाणामावलिकामात्रं, वेदत्रिकसंज्वलनचतुष्कोदयकालमानमन्तरकरणगतदलिकप्रक्षेपस्वरूपञ्च कर्मप्रकृतिटीकातोऽवसेयम्[२], अन्तरकरणञ्च कृत्वा ततो नपुंसकवेदमन्तर्मुहूर्त्तेनोपशमयति, तथाहि प्रथमसमये स्तोकं, द्वितीयसमये ततोऽसंख्येयगुणं, एवञ्च प्रतिसमयमसंख्येयगुणं तावदुपशमयति यावच्चरमसमयं, परप्रकृतिषु च प्रतिसमयमुपशमितदलिकापेक्षया तावदसंख्येयगुणं प्रक्षिपति यावद् द्विचरमसमयम्, चरमसमये तूपशम्यमानं दलिकं परप्रकृतिषु संक्रम्यमाणदलिकापेक्षयाऽसंख्येयगुणं द्रष्टव्यम् । उपशान्ते च नपुंसकवेदे स्त्रीवेदं प्रागुक्तविधिनाऽन्तर्मुहूर्त्तेनोपशमयति, ततोऽन्तर्मुहूर्त्तेन हास्यादिषट्कं तस्मिंश्चोपशान्ते तत्समयमेव पुरुषवेदस्य बन्धोदयोदीरणाव्यवच्छेदः, ततः समयोनावलिकाद्विकेन पुंवेदमुपशमयति, ततो

१. अनन्तानुबन्धिवर्जानां द्वादशानां कषायाणां नव नोकषायाणामित्यर्थः ॥ २. स्त्रीवेदनपुंसकवेदयोरुदयकालस्सर्वस्तोकः, स्वस्थाने तु परस्परं तुल्यः ततः पुरुषवेदस्य संख्येयगुणः ततस्संज्वलनक्रोधस्य विशेषाधिकः, ततोऽपि संज्वलनमानस्य विशेषाधिकः, ततोऽपि संज्वलनमायायास्ततोऽपि संज्वलनलोभस्येति स्वोदयकालप्रमाणं वेद्यम् । अन्तरकरणसत्कदलिकप्रक्षेपविधिश्च येषां कर्मणां तदानीं बन्ध उदयश्च विद्यते तेषामन्तरकरणसत्कदलिकं प्रथमस्थितौ द्वितीयस्थितौ च प्रक्षिपति, यथा पुरुषवेदारूढः पुरुषवेदस्य । येषां केवलमुदय एव तेषामन्तरकरणसत्कदलिकं प्रथमस्थितावेव प्रक्षिपति, यथा स्त्रीवेदस्य । येषान्तु केवलं बन्ध एव तेषां तद्दलिकं द्वितीयस्थितावेव प्रक्षिपति, यथा संज्वलनक्रोधारूढस्संज्वलनमानादीनाम् । येषां पुनर्नबन्धो नाप्युदयस्तेषां दलिकं परप्रकृतौ प्रक्षिपति यथा द्वितीयतृतीयकषायाणामिति ॥

युगपदन्तर्मुहूर्त्तमात्रेणाप्रत्याख्यानप्रत्याख्यानावरणक्रोधौ, तदुपशान्तौ च तत्समयमेव संज्वलनक्रोधस्य बन्धोदयोदीरणाव्यवच्छेदः, ततस्समयोनावलिकाद्विकेन संज्वलनक्रोधमुपशमयति ततोऽन्तर्मुहूर्त्तेनाऽप्रत्याख्यानप्रत्याख्यानावरणमानौ युगपदुपशमयति, तदुपशान्तौ च तत्समयमेव संज्वलनमानस्य बन्धोदयोदीरणाव्यवच्छेदः, ततस्समयोनावलिकाद्विकेन संज्वलनमानमुपशमयति, ततो युगपदन्तर्मुहूर्त्तेनाऽप्रत्याख्यानप्रत्याख्यानावरणमाये उपशमयति, तदुपशान्तौ च तत्समयमेव संज्वलनमायाया बन्धोदयोदीरणाव्यवच्छेदः, ततोऽसौ लोभवेदको जातः, लोभवेदनाद्धायाश्च त्रयो विभागास्तद्यथा-अश्वकर्णकरणाद्धा किट्टिकरणाद्धा किट्टिवेदनाद्धा च, तत्राद्ययार्द्धयोस्त्रिभागयोर्वर्त्तमानः संज्वलनलोभस्य द्वितीयस्थितेः सकाशाद्दलिकमाकृष्य प्रथमस्थितिं करोति वेदयते च, अश्वकर्णकरणाद्धायाञ्च वर्त्तमानः प्रथमसमय एव त्रीनपि लोभानप्रत्याख्यानप्रत्याख्यानावरणसंज्वलनरूपान् युगपदुपशमयितुमारभते । विशुद्ध्या वर्धमानश्चापूर्वाणि स्पर्धकानि करोति संज्वलनमायायाश्च बन्धादौ व्यवच्छिन्ने सति ततः समयोनावलिकाद्विकेन संज्वलनमायामुपशमयति, एवमश्वकर्णकरणाद्धायां गतायां किट्टिकरणाद्धायां प्रविशति, तत्र च पूर्वस्पर्धकेभ्योऽपूर्वस्पर्धकेभ्यश्च द्वितीयस्थितिगतं दलिकं गृहीत्वा प्रतिसमयमनन्ताः किट्टीः करोति । किट्टिकरणाद्धायाश्चरमसमये युगपदप्रत्याख्यानप्रत्याख्यानावरणलोभावुपशमयति तदुपशान्तौ च तत्समयमेव संज्वलनलोभबन्धव्यवच्छेदो बादरसंज्वलनलोभोदयोदीरणाव्यवच्छेदश्च, ततोऽसौ सूक्ष्मसंपरायो भवति, तदा चोपरितनस्थितेः सकाशात्कतिपयाः किट्टीः समाकृष्य प्रथमस्थितिं सूक्ष्मसंपरायाद्धातुल्यां करोति वेदयते च, सूक्ष्मसम्परायाद्धा चाऽन्तर्मुहूर्त्तमाना, शेषं च सूक्ष्मं किट्टीकृतं दलिकं समयोनावलिकाद्विकबद्धं चोपशमयति, सूक्ष्मसम्परायाद्धायाश्च चरमसमये संज्वलनलोभ उपशान्तो भवति, ततोऽनन्तरसमयेऽसावुपशान्तमोहो भवति, स च जघन्येनैकसमयमुत्कर्षतोऽन्तर्मुहूर्त्तं यावदुपतिष्ठते तत ऊर्ध्वं नियमादसौ प्रतिपतति, प्रतिपातश्च द्विधा भवक्षयेणाद्धाक्षयेण च, तत्र भवक्षयो म्रियमाणस्य, अद्धाक्षय उपशान्ताद्धायां समाप्तायां । अद्धाक्षयेण च प्रतिपतन् यथैवारूढस्तथैव प्रतिपतति, यत्र यत्र बन्धोदयोदीरणा व्यवच्छिन्नास्तत्र तत्र प्रतिपतता सता तेन ता अद्धाक्षयेणारभ्यन्त इति यावत्, प्रतिपतंश्च तावत्प्रतिपतति यावत्प्रमत्तसंयतगुणस्थानं, कश्चित्पुनस्ततोऽप्यधस्तनं[1] गुणस्थानद्विकं याति कोऽपि[2] सास्वादनभावमपि, यः पुनर्भवक्षयेण

१. पश्चानुपूर्व्या पतितः प्रमत्तगुणस्थानमागत्य तत्र विश्रम्य प्रमत्ताप्रमत्तगुणस्थानकयोः प्रभूतानि सहस्राणि यावत्परिवृत्तीः कृत्वा कश्चिद्देशविरताविरतसम्यग्दृष्टिगुणस्थानद्विकमपि गच्छेदिति भावः । २. येषां मतेनाऽनन्तानुबन्धिनामुपशमना भवति तेषां मतेन कश्चित्सास्वादनभावमपि गच्छेदिति भावः ॥

प्रतिपतति स नियमादनुत्तरविमानसर्वार्थसिद्धवासिषूत्पद्यते, उत्पन्नश्च प्रथमसमय एव सर्वाण्यपि बन्धनादीनि करणानि प्रवर्त्तयतीति विशेष इत्युपशमश्रेणिः ॥ अस्मिन्नष्टमगुणस्थाने जीवः निद्राद्विकदेवद्विकपञ्चेन्द्रियत्वप्रशस्तविहायोगतित्रसनवकवैक्रियाहारकतैजसकार्मणवैक्रियाङ्गोपाङ्गाहारकाङ्गोपाङ्गाद्यसंस्थाननिर्माणतीर्थकृत्त्ववर्णचतुष्कामुरुलघूपघातपराघातोच्छ्वासरूपद्वात्रिंशत्प्रकृतिव्यवच्छेदात् षड्विंशतिबन्धकः । अन्त्यसंहननत्रिकसम्यक्त्वोदयव्यवच्छेदाद् द्वासप्ततेर्वेदयिता, अष्टत्रिंशदधिकशतसत्ताकश्च भवति ॥

અપૂર્વ સ્થિતિબંધનું સ્વરૂપ-

ભાવાર્થ - વિશુદ્ધિના પ્રકર્ષથી, લાંબી કર્મસ્થિતિને હ્રસ્વરૂપે બાંધવી, એ 'અપૂર્વ સ્થિતિબંધ' કહેવાય છે. આ ગુણસ્થાન અન્તર્મુહૂર્ત્તના કાળવાળું છે. આ ગુણસ્થાનમાં રહેલો જીવ ક્ષપક અને ઉપશમક ભેદથી બે પ્રકારનો છે.

વિવેચન - અશુદ્ધિના કારણે પહેલાં કર્મોની બાંધેલી ઘણી દીર્ઘ સ્થિતિને વિશુદ્ધિના કારણે પલ્યોપમના અસંખ્યાત ભાગે હીન-હીનતર-હીનતમ રૂપે બાંધવી, તે અપૂર્વ સ્થિતિબંધ છે એમ સમજવું.

○ આ અપૂર્વકરણના ઉત્કૃષ્ટ સ્થિતિમાનને કહે છે કે - આ ગુણસ્થાન અન્તર્મુહૂર્ત્તના કાળવાળું છે. અર્થાત્ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત.

○ અહીં બે શ્રેણિને બતાવતાં કહે છે કે - અહીં રહેલો જીવ ક્ષપક અને ઉપશમકભેદે બે પ્રકારનો છે.

○ જો કે અહીં ક્ષપણા અને ઉપશમના નહિ હોવા છતાં જેમ રાજ્યયોગ્ય કુમારને રાજા કહેવાય છે, તેમ ક્ષપણાને યોગ્ય અને ઉપશમનાને યોગ્ય હોઈ ક્ષપક અને ઉપશમક એમ કહેવાય છે.

○ આ ગુણસ્થાનમાં ત્રણેય કાળના અનેક જીવોની અપેક્ષાએ સમયે સમયે યથોત્તર (આગળ આગળ) અધિક વૃદ્ધિ હોવાથી અસંખ્યાત લોકાલોક પ્રદેશ પ્રમાણવાળા અધ્યવસાય સ્થાનો હોય છે. (જો કે અહીં ત્રણ કાળની અપેક્ષાએ અનંત જીવો આને પામેલ છે અને પામશે. એટલે આ ગુણસ્થાનને પામેલાઓના અનંત અધ્યવસાયસ્થાનનો પ્રસંગ આવે, તો પણ આ ગુણસ્થાનને પામનારા એવા બહુ નાના જીવો, એક અધ્યવસાય સ્થાનવર્તી હોઈ દોષ નથી. અધ્યવસાય સ્થાનોના ભેદમાં જ દોષનો સંભવ છે.)

○ પ્રથમ ક્ષણમાં જ આ અપૂર્વકરણ ગુણસ્થાનને પામેલા ત્રણેય કાળના નાના જીવોની અપેક્ષાએ જઘન્યથી ઉત્કૃષ્ટ પર્યંત અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણવાળા અધ્યવસાય સ્થાનો હોય છે. તેનાથી અધિક અધિક, બીજા આદિ ક્ષણોમાં હોય છે.

○ વળી સ્વભાવના વિશેષથી બીજા આદિ સમયોમાં અધ્યવસાય સ્થાનોની વૃદ્ધિ સમજવી.

○ વળી અહીં (૧) પ્રથમ સમય જઘન્ય અધ્યવસાયથી અનંત ગુણવિશુદ્ધ પ્રથમ સમય ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન છે. (૨) તેનાથી દ્વિતીય સમય જઘન્ય અધ્યવસાય સ્થાન અનંત ગુણવિશુદ્ધ છે. (૩)

---

१. देवायुर्वर्जायुर्बन्धे उपशमश्रेण्यारोहणाभावादिति भावः ॥

તેનાથી દ્વિતીય સમય ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન અનંત ગુણવિશુદ્ધ છે. આ પ્રમાણે ચાલતાં ઠેઠ દ્વિચરમ સમય ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન અનંત ગુણવિશુદ્ધ છે. તેના કરતાં પણ ચરમ સમય ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન અનંત ગુણવિશુદ્ધ છે.

આનું બીજું નામ નિવૃત્તિ બાદર સંપરાય છે, કેમ કે - અનેક જીવોનું ગુણસ્થાન છે. એટલે એકીસાથે આ ગુણસ્થાનમાં દાખલ થયેલા અનેક જીવોના પરસ્પરના અધ્યવસાય સ્થાનોમાં વ્યાવૃત્તિ ભેદ છે.

○ વળી એક સમયમાં રહેલ આ અનેક જીવોના અધ્યવસાય સ્થાનો પરસ્પર છ સ્થાન પતિત છે. (૧-અનન્ત ભાગવૃદ્ધિ, ૨-અસંખ્યાત ભાગવૃદ્ધિ, ૩-સંખ્યાત ભાગવૃદ્ધિ, ૪-અસંખ્યાત ગુણવૃદ્ધિ, ૫-અસંખ્યાત ગુણવૃદ્ધિ અને ૬-અનંત ગુણવૃદ્ધિ રૂપ છ સ્થાનોમાં રહેલા છે.

प्रसंगोपात क्षपणश्रेणी-उपशमश्रेणीनुं संक्षेपमां स्वरूपवर्णन-

○ આઠ વર્ષ ઉપર વર્તતો વજ્રઋષભનારાચ સંઘયણવાળો, શુક્લધ્યાનમાં અર્પિત મનવાળો, અવિરત દેશવિરત અને પ્રમત્ત-અપ્રમત્ત સંયતોમાંથી કોઈ એક પુરુષ (આત્મા) કેવળીકામમાં ક્ષપકશ્રેણીનો સ્વીકારનાર થાય છે. ફક્ત જો અપ્રમતસંયત પૂર્વધર હોય તો શુક્લધ્યાની, બાકીના સર્વે ધર્મધ્યાની હોય છે.

अनंतानुबंधी विसंयोजनानुं स्वरूप-

○ હવે પહેલાં અનંતાનુબંધી ક્ષપણા કહેવાય છે, કેમ કે-શ્રેણી સ્વીકારનારને પહેલાં અવશ્ય અનંતાનુબંધીની વિસંયોજના આવશ્યક છે.

○ અનંતાનુબંધીઓનો વિસંયોજક ચારેય ગતિના પર્યાપ્ત (અધિકારી) જીવો, ત્યાં પણ દેવ અથવા નારકી અવિરત સમ્યગ્દષ્ટિ, તિર્યંચપંચેન્દ્રિય = સર્વ પર્યાપ્તિઓથી પર્યાપ્ત અને અવિરત સમ્યગ્દષ્ટિ, અથવા તિર્યંચપંચેન્દ્રિય = સર્વ પર્યાપ્તિઓથી પર્યાપ્ત અને દેશવિરત, મનુષ્ય તો = અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરત, અથવા સર્વવિરત હોય છે.

○ ત્યાં સંભવ પ્રમાણે વિશુદ્ધ પરિણામવાળો અનંતાનુબંધીઓના ક્ષપણ માટે યથાપ્રવૃત્તિ, અપૂર્વ અનિવૃત્તિ રૂપ ત્રણ કારણો કરે છે, અંતરકરણ કરતો નથી. એથી જ પ્રથમ સ્થિતિને પણ કરતો નથી. ક્ષય કરવાનો હોવાથી ઉપશમ પણ થતો નથી. તે અનંતાનુબંધીઓનો ગુણસંક્રમ અહીં અપૂર્વકરણના પ્રથમ સમયથી પ્રવર્તે છે. તે આ પ્રમાણે - તેવા પ્રથમ સમયમાં જ અનંતાનુબંધીઓના દલિકને શેષ કષાય રૂપ પરપ્રકૃતિમાં થોડો સંક્રમાવે છે. બીજા સમયમાં તેનાથી અસંખ્યાતાગુણો સંક્રમ, ત્રીજા સમયમાં તેનાથી પણ અસંખ્યાતગુણો સંક્રમ ઠેઠ અપૂર્વકરણના છેલ્લા સમય સુધી અસંખ્યાતગુણો સંક્રમ થાય છે. આ ગુણસંક્રમ સમજવો.

○ અપૂર્વકરણમાં ઉદ્વલના સંક્રમથી (સ્થિતિની અપેક્ષાએ ઘણાય પ્રથમ સ્થિતિરૂપ ખંડનું અને વિશેષ-વિશેષહીન એવા દ્વિતીય આદિ સ્થિતિરૂપ ખંડોનું ઘાતન, તેનાથી બનેલો જે ઉદ્વલના સંક્રમ તેથી) સહિત ગુણ સંક્રમ દ્વારા, અનંતાનુબંધીઓને શેષ પ્રકૃતિરૂપે વ્યવસ્થિત કરી (પરિણમાવી) વિનાશ કરે છે.

○ ઉદ્વલના સંક્રમમાં તો પહેલા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઉપરના પ્રથમ સ્થિતિખંડને અન્તર્મુહૂર્ત્તના કાળમાં ઉકેરે છે, અર્થાત્ વિનાશ પમાડે છે.

○ ઉત્કીરણ એટલે વન (ઘણા-સઘન) દલિકવાળાના અલ્પ દલિકો ઉતારવાં, તે જ ઉદ્વલન કહેવાય છે.

○ ત્યાર બાદ પ્રથમ સ્થિતિખંડ કરતાં વિશેષ હીનતર, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા બીજા સ્થિતિખંડને અન્તર્મુહૂર્ત્તના કાળમાં ઉવેલે છે - ક્ષયવિશેષ કરે છે. આ પ્રમાણે દરેક પૂર્વપૂર્વ સ્થિતિની અપેક્ષાએ વિશેષ હીન, અન્તર્મુહૂર્ત્તના કાળમાં ઉત્કીરાતા (ઉવેલાતા) પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા દરેક સ્થિતિખંડોને ઉવેલે છે - ક્ષય કરે છે. આ પ્રમાણેનો આવો ઉદ્વલના સંક્રમ જાણવો.

○ વળી અનિવૃત્તિકરણને પામેલો ગુણસંક્રમથી સહિત ઉદ્વલના સંક્રમ વડે નીચેની આવલિકા માત્રને (સ્તિબુક ઉદયાવલિકા માત્રને) છોડી ઉપર સઘળા અનંતાનુબંધીઓનો વિનાશ કરે છે. આવલિકા માત્રને તો સ્તિબુક સંક્રમ વડે (સ્તિબુકસંક્રમ = ઉદયના વિષયવાળો છે. સહજ રીતે જ ઉદય પ્રાપ્ત અનુદયવર્તીના દલિક, ઉદયપ્રાપ્તિમાં સંક્રમે ત્યાં સ્તિબુકસંક્રમ પ્રવર્તે છે. આ સ્તિબુકમાં પ્રતિસમય કેવળ એક જ સ્થિતિ (સમય) સ્વતુલ્ય એક જ સ્થિતિમાં (સમયમાં) સંક્રમે છે. સ્તિબુક એટલે જલબિંદુ જેમ એકેક ટપકીને પડે છે, તેમ અનુદયવતીને, એકેક સમય ટપકતો જાય (ઉદયવતીમાં પડતો જાય) તે 'સ્તિબુકસંક્રમ' પ્રદેશોદય પણ આ જ છે. અર્થાત્ સ્તિબુકસંક્રમ કહો કે પ્રદેશોદય કહો તે એક જ છે.) વેદાતી પ્રકૃતિઓમાં સંક્રમાવે છે, તેથી અન્તર્મુહૂર્ત્ત પછી અનિવૃત્તિકરણના અંતે શેષ કર્મોની પણ સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણીઓ થતી નથી, પરંતુ સ્વભાવસ્થ જ (મોહનીયની) ૨૪ ચોવીશ કર્મની સત્તાવાળો થાય છે.

○ આ પ્રમાણે અનંતાનુબંધી ચારનો ક્ષય કરનારો દર્શનમોહનીયને ખપાવવા માટે પ્રયત્ન કરે છે. તેનો આરંભક કેવલીકાળમાં (વર્ત્તમાન ચોવીશીમાં શ્રી ઋષભદેવના કાળથી પ્રારંભીને શ્રી જંબૂસ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ત્યાં સુધીના કાળમાં) જન્મેલો આઠ વર્ષની ઉપરની વયવાળો વજ્રઋષભ સંહનનવાળાં મનુષ્ય હોય છે.

○ દર્શનમોહને ખપાવવા માટે યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણો કરે છે અને અનિવૃત્તિકરણના કાળમાં વર્તતો ત્રણ દર્શનની સ્થિતિ સત્તાવાળા કર્મને જ્યાં સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું રહે, ત્યાં સુધી ઉદ્વલના સંક્રમ વડે ઉદ્વેલે છે - વિનાશ કરે છે. ત્યાર બાદ મિથ્યાત્વના દલિકને સમ્યક્ત્વમોહનીય મિશ્રમાં ફેંકે છે. તે આ પ્રમાણે - પ્રથમ સમયમાં થોડા અને બીજા સમયમાં તેના કરતાં અસંખ્યાતગુણા. એ પ્રમાણે ઠેઠ અંતર્મુહૂર્ત્તના છેલ્લા સમય સુધી આવલિકા (ઉદય આવલિકા)માં રહેલને છોડી બાકીનાને દ્વિચરમ સમય સુધી સંક્રમાવેલા દલિક કરતાં અસંખ્યાતગુણા સંક્રમાવે છે. આવલિકાગતને તો સ્તિબુકસંક્રમ વડે સમ્યક્ત્વમોહનીયમાં ફેંકે છે. આ પ્રમાણે મિથ્યાત્વનો ક્ષય કરેલો જાણવો.

○ ત્યાર બાદ અન્તર્મુહૂર્ત્તમાં સમ્યક્-મિથ્યાત્વ-મિશ્રમોહનીયને પણ આ જ ક્રમે કરી સમ્યક્ત્વમોહનીયમાં ફેંકે છે. તેથી મિશ્રમોહનીય ક્ષપિત થયું.

○ ત્યાર બાદ સમ્યક્ત્વમોહનીયને ખપાવવા માટે તેવી રીતે લાગ્યો કે - જેવી રીતે અન્તર્મુહૂર્ત્તમાં તે સમ્યક્ત્વમોહનીય પણ અન્તર્મુહૂર્ત્ત સ્થિતિવાળું થઈ ગયું અને તે ક્રમથી અનુભવાતું હોતું સમય અધિક આવલિકા શેષ જેનામાં છે એવું તે થયું. ત્યાર બાદ અનંતર સમયમાં તેની ઉદીરણાનો વ્યવછેદ, તે પછી કેવલ વિપાક અનુભવ વડે જ ચરમ સમય સુધી વેદે છે. ત્યાર બાદ અનંતર સમયમાં આ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થાય છે.

○ જો અહીં જેણે આયુષ્ય બાંધ્યું છે એવો ક્ષપકશ્રેણીનો આરંભ કરે,તો અનંતાનુબંધી ક્ષય પછી મરણ સંભવ હોઈ અટકી જાય છે.

○ ત્યાર બાદ કદાચિત્ મિથ્યાત્વના ઉદયથી ફરીથી પણ અનંતાનુબંધીઓને બાંધે છે, સંચિત કરે છે, કેમ કે - અનંતાનુબંધીઓનું બીજભૂત મિથ્યાત્વના વિનાશનો અભાવ છે.

○ જેણે મિથ્યાત્વ ક્ષીણ કર્યું છે, એવો તો અનંતાનુબંધીઓને સંચિત કરતો નથી, કેમ કે - મિથ્યાત્વનો અભાવ છે.

○ પૂર્વે જેણે આયુષ્ય બાંધ્યું છે, એવો ક્ષીણસપ્તક પૂર્વે બાંધેલ આયુષ્યના અનુસારે સર્વ ગતિને ભજનારો થાય છે.જો તિર્યંચ અથવા મનુષ્ય થાય, નો અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળામાં જ (યુગલિકોમાં જ) પેદા થાય છે.

○ બાંધેલ આયુષ્યવાળો પણ તે વખતે કાળ ન કરે તો પણ ક્ષીણ સપ્તકમાં જ રહે છે, પરંતુ ચારિત્રમોહનને ખપાવવા માટે પ્રયત્ન કરતો નથી. હવે ક્ષીણસપ્તકવાળો બીજી ગતિમાં જતો, કેટલામાં ભાગમાં મોક્ષે જાય છે ? - આવા પ્રશ્નના જવાબમાં કહેવાય છે કે - ત્રીજે ભવે કે ચોથે ભવે મોક્ષમાં જાય છે. (અહીં મનુષ્યભવમાં ક્ષાયિક સમકિત પામીને દેવગતિમાં અથવા નરકગતિમાં જાય. ત્યાંથી નીકળીને પુનઃ મનુષ્ય થઈ મોક્ષે જતાં ત્રીજે ભવે મોક્ષે જાય. જેમ શ્રેણિક આદિ. તથા તિર્યંચમાં અથવા મનુષ્યમાં જાય તો અવશ્ય યુગલિકોમાં જ જાય. ત્યાંથી દેવ થઈ, ત્યાંથી મનુષ્ય થઈ, મોક્ષે જતાં ચોથે ભવે મોક્ષે જાય. કૃષ્ણ મહારાજા નરકાયુ બાંધી ક્ષાયિકસમકિત પામી નરકે ગયા છે. ત્યાંથી નીકળી મનુષ્ય થઈ, ત્યાંથી પાંચમા કલ્પમાં દેવ થઈને મનુષ્યભવમાં આવી, બારમા અમમ તીર્થંકર થઈ મોક્ષે જવાના છે. એ અપેક્ષાએ પ્રાયિક પાંચ ભવ.) તેવી રીતે ક્ષીણસપ્તક આત્મા, પૂર્વે આયુષ્યના બંધવાળા પણ જો તે વખતે કાળ ન કરે, તો કોઈ એક વૈમાનિકમાં જ બાંધેલ આયુષ્યવાળો, ચારિત્રમોહનીય કર્મના ઉપશમ માટે પણ પ્રયત્ન કરે છે. શેષ ભવ ગતિઓના બાંધેલ આયુષ્યવાળો ચારિત્રમોહના ઉપશમ માટે પ્રયત્ન કરતો નથી.

ચારિત્ર મોહનીયના ક્ષયનો ક્રમ-

જો કે જેણે આયુષ્ય નથી બાંધ્યું એવો જીવ, ક્ષપકશ્રેણીનો આરંભ કરે છે ત્યારે સપ્તકનો ક્ષય થયા બાદ નિયમા અવિરત પરિણામવાળો જ, ચારિત્રમોહનીયને ખપાવવા માટે પ્રયત્ન કરે છે. પ્રયત્ન કરનાર ત્યાં યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણો કરે છે.

○ યથાપ્રવૃત્તિકરણ સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાં કરે છે. અપૂર્વકરણ આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનમાં કરે છે. અનિવૃત્તિકરણ નવમા અનિવૃત્તિ બાદરસંપરાયમાં કરે છે.

○ ત્યાં અપૂર્વકરણમાં સ્થિતિઘાત આદિ પાંચ પદાર્થો શરૂ થાય છે. ત્યાં પ્રથમ સમયથી જ સ્થિતિઘાતાદિ એવી રીતે પ્રવર્તે છે, કે જેથી અપૂર્વના પર્યંતે તથા અનિવૃત્તિકરણ અદ્ધાના પ્રથમ સમયમાં અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ રૂપ આઠ મધ્યમ કષાયો છે. તેઓની સ્થિતિ સત્તા (પ્રથમ અન્તઃ કો૦ કો૦ સા૦ હતી તે ઘટીને) જેવી રીતે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી શેષ રહે, તેવી રીતે તે કષાયોને ખપાવે છે.

○ વળી અનિવૃત્તિકરણ અદ્ધાના સંખ્યાતા ભાગ વ્યતીત થાય, ત્યારે સ્ત્યાનર્દ્ધિ ૩, નરકદ્વિક ૨, તિર્યંચદ્વિક ૨, (ગતિ આનુપૂર્વી રૂપ બે) એક-દ્વિ-ત્રિ-ચતુરિન્દ્રિય જાતિરૂપ ચાર, સ્થાવર-આતપ-ઉદ્યોત-સૂક્ષ્મ-સાધારણ એ ૧૬ પ્રકૃતિઓની ઉદ્વલના સંક્રમ વડે ઘટતાં પહેલાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિ રહે છે. ત્યારબાદ એ ૧૬ પ્રકૃતિઓને, બંધાતી સ્વસંક્રમયોગ્ય પ્રકૃતિઓમાં ગુણસંક્રમ વડે સમયે સમયે ફેંકી ફેંકી, સંક્રમાવી સંક્રમાવી સંપૂર્ણરૂપે ક્ષીણ કરે છે.

○ અહીં પ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ રૂપ આઠ કષાયોને પહેલાં જ ખપાવવા માટે આરંભ કરેલ પરંતુ તે હજુ સુધી ક્ષીણ થયા નથી. ફક્ત વચમાં જ પૂર્વકથિત સોળ ૧૬ પ્રકૃતિઓ ખપાવી નાંખી, પછીથી તે આઠ કષાયોને અન્તર્મુહૂર્ત્તમાં ખપાવે છે એવું સૂત્રનું વચન છે. કેટલાક તો કહે છે કે-સોળ ૧૬ કર્મોને જ પહેલાં ખપાવવા માટે આરંભે છે, ફક્ત વચમાં આઠ કષાયોને ખપાવે છે, પછીથી સોળ કર્મોને ખપાવે છે.

○ ત્યારબાદ અન્તમુહૂર્ત્તમાં નવ ૯ નોકષાય અને ચાર ૪ સંજ્વલનોનું અંતરકરણ કરે છે. (જેથી એ દરેકને પ્રથમ સ્થિતિ અને દ્વિતીયા (ઉપરી) સ્થિતિ-એમ બે વિભાગવાળી સ્થિતિ થાય છે અને એ બે વિભાગ વચ્ચે કર્મપ્રદેશરહિત અન્તર્મુહૂર્ત્ત જેટલી સ્થિતિ હોય છે.) તે અંતરકરણ કરીને ઉપરી (બીજી) સ્થિતિમાં રહેલ નપુંસકવેદ દલિકને ઉદ્વલન વિધિ વડે ખપાવવા માટે આરંભ કરે છે. તે નપુંસકવેદ દલિક અન્તર્મુહૂર્ત્તમાં પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલું થાય છે, ત્યારથી માંડી બંધાતી પ્રકૃતિઓમાં ગુણસંક્રમ વડે તે નપુંસકવેદ દલિકને ફેંકે છે, સંક્રમાવે છે અને તે આ પ્રમાણે ફેંકાતું, અન્તર્મુહૂર્ત્તમાં સઘળું ખપાવી દીધેલ છે.

○ અને નીચેની (પ્રથમ) સ્થિતિના દલિકને નપુંસકવેદે ક્ષપકશ્રેણીમાં ચઢેલો ત્યારબાદ અનુભવથી ખપાવે છે. અન્યથા નપુંસકવેદે શ્રેણીમાં નહિ ચઢેલો જો હોય તો અર્થાત્ અન્યવેદે આરંભી હોય તો, માત્ર આવલિકા જેટલી જ બાકી રહી હોય છે, તેને સ્તિબુકસંક્રમ વડે ઉદયવતી પરપ્રકૃતિમાં સંક્રમાવી આવલિકા જેટલા કાળમાં સર્વથા ક્ષય કરે છે. ઇતિ નપુંસકવેદ ક્ષયઃ.

○ નપુંસકવેદનો ક્ષય કર્યા બાદ અન્તર્મુહૂર્ત્ત માત્રમાં સ્ત્રીવેદનો ક્ષય પણ નપુંસકવેદની ક્ષયની પદ્ધતિએ જ કરે છે.

○ સ્ત્રીવેદનો ક્ષય કર્યા બાદ ૬ નોકષાયનો ક્ષય, એકીસાથે આરંભે છે, ત્યાંથી આરંભી તે છના ઉપરની સ્થિતિમાં રહેલ દલિકને પુરુષવેદમાં સંક્રામવતો નથી, પરંતુ સંજ્વલન ક્રોધમાં જ સંક્રમાવે છે.

○ છ નોકષાયો પણ પૂર્વકથિત વિધિ વડે સંક્રમાવાતા અન્તર્મુહૂર્ત્તમાં સઘળા ક્ષીણ થાય છે અને તે જ સમયમાં પુરુષવેદના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. (જેથી પુરુષવેદની પ્રથમ સ્થિતિનો સર્વથા ક્ષય થયો, પરંતુ દ્વિતીયા સ્થિતિમાં સમયોન બે આવલિકા સુધીની પૂર્વબદ્ધ સ્થિતિઓ વિદ્યમાન છે.) શેષ સર્વ સ્થિતિઓ ક્ષય પામી છે. એ સમયોન બે આવલિકાબદ્ધ સ્થિતિ દલિકને છોડી સઘળા દળિયાંનો ક્ષય કરે છે. એ સમયોન બે આવલિકાબદ્ધ સ્થિતિ દલિકો સં૦ ક્રોધના ગુણસંક્રમ વડે સંક્રમતાં જાય છે. (આ પ્રકાર પુરુષવેદે શ્રેણીપ્રારંભક આશ્રયી કહ્યો. પરંતુ જો શ્રેણીપ્રારંભક નપુંસકવેદ હોય, તો પ્રથમ સ્ત્રીવેદ નપુંસકવેદનો સમકાળે ક્ષય કરે છે અને ક્ષય સમયે પુરુષવેદના બંધાદિ વિચ્છેદ પામે છે. ત્યારબાદ પુરુષવેદ હાસ્યાદિ છ એ સાતનો સમકાળે ક્ષય થાય છે. જો શ્રેણીપ્રારંભક સ્ત્રી હોય, તો પ્રથમ નપુંસકવેદનો ક્ષય કરી

સ્ત્રીવેદનો ક્ષય કરે અને સ્ત્રીવેદના ક્ષય સમયે જ પુરુષવેદનો બંધ વિચ્છેદ પામે છે ત્યારપછી પુરુષવેદ હાસ્યાદિ છ એ સાતનો સમકાળે ક્ષય થાય છે.) ત્યારબાદ આ હવે અવેદક થયો.

○ ક્રોધને અનુભવતા (ઉદયવાળા) પુરુષવેદીના ક્રોધ અદ્ધાના ત્રણ વિભાગો થાય છે. જેમ કે-(૧) અશ્વકર્ણકરણાદ્ધા, (૨) કિટ્ટિકરણ અદ્ધા અને (૩) કિટ્ટિવેદનાદ્ધા.

○ અશ્વકર્ણકરણકાળમાં વર્તતો જીવ, ચારેય સંજ્વલન કષાયોની અંતરકરણથી ઉપરની સ્થિતિમાં સમયે સમયે અનંત અનંત અપૂર્વ સ્પર્ધકો કરે છે.

○ સ્પર્ધક કયી ચીજ છે ? તેના જવાબમાં સ્પર્ધકનું સ્વરૂપવર્ણન કરાય છે. અહીં અનંત અનંત પરમાણુઓથી બનેલા સ્કંધોને જીવ કર્મરૂપે ગ્રહણ કરે છે અને ત્યાં એક એક સ્કંધમાં જે સર્વ જઘન્ય રસવાળો પરમાણુ છે, તે પરમાણુનો પણ રસ, કેવલિના જ્ઞાન વડે છેદાતો (ભેદાતો) સર્વ જીવો કરતાં અનંતગુણા એવા રસભાગોને આપે છે. (કરે છે.) બીજો પરમાણુગત રસ, તે રસભાગોને પણ એકથી અધિકોને આપે છે. ત્રીજો તો બેથી અધિકોને આપે છે. એ પ્રમાણે એક ઉત્તર વૃદ્ધિ વડે ત્યાં સુધી લઈ જવું કે-ઠેઠ છેલ્લો પરમાણુ, અભવ્યો કરતાં અનંતગુણા, સિદ્ધો કરતાં અનંતભાગે અધિક રસભાગોને આપે છે. ત્યાં જે કોઈ જઘન્ય રસવાળા પરમાણુઓ છે, તેઓનો સમુદાય સમાન જાતિવાળો હોઈ એક 'વર્ગણા' તરીકે, એક અધિક રસભાગવાળા અન્ય પરમાણુઓનો સમુદાય બીજી 'વર્ગણા' તરીકે અને બે અધિક રસભાગવાળા બીજા પરમાણુઓનો સમુદાય 'ત્રીજી વર્ગણા' તરીકે કહેવાય છે. આ પ્રમાણેની દિશા વડે એક એક રસભાગની વૃદ્ધિવાળા પરમાણુઓના સમુદાયરૂપ વર્ગણાઓ અને સિદ્ધોના સમુદાયરૂપ વર્ગણાઓ સિદ્ધોના અનંતમાં ભાગ સરખી અભવ્યોથી અનંતગુણી કહેવી.

○ વળી આ બધી વર્ગણાઓનો સમુદાય 'સ્પર્ધક' કહેવાય છે.

○ આનાથી ઉપર (આગળ) એકોત્તર નિરંતર (અત્રૂટિત) વૃદ્ધિથી વધતો રસ મેળવાતો નથી. પરંતુ સર્વ જીવો કરતાં અનંતગુણા જ રસભાગોથી રસ મેળવાય છે. તેથી જ તે ક્રમથી ત્યારથી માંડી બીજું સ્પર્ધક આરંભે છે. એ પ્રમાણે જ ત્રીજું.

○ એ પ્રમાણે ઠેઠ અનંત સ્પર્ધકો કરે છે. આ સ્પર્ધકોથી જ હમણાં પ્રથમ આદિ વર્ગણાઓ લઈને વિશુદ્ધિના પ્રકર્ષના વશે અનંતગુણહીન રસવાળી વર્ગણાઓ કરીને પૂર્વની માફક સ્પર્ધકો કરે છે. આવાં પહેલાં કદિય નહિ કરેલાં હોઈ અપૂર્વ કહેવાય છે. (પૂર્વ-સ્પર્ધકોમાં જે રસ છે તેમાં પ્રતિસમય કેટલાક સ્પર્ધકોમાં અત્યંત હીનરસ કરવો-ઘટાડવો, કે જે રસ અનાદિકાળમાં જીવે કદી પણ એવો અત્યંત હીન રસ કર્યો નથી. એવા અતિ હીનરસવાળા નવા બનાવેલાં સ્પર્ધકો તે અપૂર્વ સ્પર્ધકો કહેવાય છે.) આ પ્રથમ અશ્વકર્ણકરણમાં પૂર્વસ્પર્ધકો અને અપૂર્વ સ્પર્ધકો-એમ બંને પ્રકારના સ્પર્ધકો વિદ્યમાન છે.

○ ત્યાં પહેલાં અશ્વકર્ણકરણ કાળમાં વર્તતો જીવ, ચારેય સંજ્વલન કષાયોની ઉપરની દ્વિતીયા સ્થિતિમાં પ્રતિસમય અનંત અનંત અપૂર્વ સ્પર્ધકો કરે છે. તે સાથે પુરુષવેદને ગુણસંક્રમ વડે બંધાતા સં૦ ક્રોધમાં સંક્રમાવે છે. તે સમયોન બે આવલિકા જેટલા જ તુલ્યકાળમાં સર્વ સ્થિતિઓ સંક્રાન્ત થઈ જાય છે અને તેમાં છેલ્લા સમયે ગુણસંક્રમથી નહિ પરંતુ સર્વ સંક્રમથી સર્વ પુરુષવેદ સક્રાન્ત થઈ જાય છે, જેથી પુરુષવેદનો સર્વથા ક્ષય સં૦ ક્રોધના પહેલા વિભાગમાં (અશ્વકર્ણકરણ કાળમાં) થાય છે.

○ પુરુષવેદનો ક્ષય થયા બાદ અશ્વકર્ણકરણ સમાપ્ત થાય છે. ત્યારબાદ કિટ્ટીકરણના કાળમાં વર્તતો જીવ ચારેય સંજ્વલન કષાયોની ઉપરની સ્થિતિના દલિકોની કિટ્ટીઓને કરે છે.

○ કિટ્ટીઓ એટલે પૂર્વસ્પર્ધકોમાંથી પ્રથમ આદિ વર્ગણાઓ લઈ વિશુદ્ધિના પ્રકર્ષવશે અત્યંત હીનરસવાળી બનાવી, તે વર્ગણાઓને એ ઉત્તરવૃદ્ધિના ત્યાગથી મોટા અંતરાલપણાએ વ્યવસ્થા કરવી, (પૂર્વ-પૂર્વ સ્પર્ધકોમાંથી કેટલાક સ્પર્ધકોમાં રસ ઘટાડતાં ઘટાડતાં એટલો ઘણો ઘટાડી દેવો, કે જેથી એ એકોત્તેર વૃદ્ધિવાળો વર્ગણાક્રમ પણ તૂટી જાય, જેથી એ સ્પર્ધકની અંદર એકૈકાંશ અધિક રસવાળી વર્ગણાઓ ક્રમશઃ ન મળે.) જેમ કે-જે વર્ગણાઓમાંથી અસત્ કલ્પના વડે રસભાગવાળી ૧૦૦ કે ૧૦૧ વગેરે હતી, તે વર્ગણાઓને વિશુદ્ધિ પ્રકર્ષથી રસભાગવાળી દશ, પંદર વગેરે છૂટી પાડીને વ્યવસ્થિત કરવી. (જેમ કોઈ સ્પર્ધકમાં અસત્કલ્પનાએ પહેલી વર્ગણા ૧૫ રસાંશવાળા પરમાણુવાળી હોય, બીજી ૨૦-૨૨ રસાંશવાળી હોય અને ત્રીજી ૨૫ રસાંશવાળી હોય. એમ ત્રૂટિત વર્ગણાઓ બની જાય, કે જેથી આ ત્રૂટિત વર્ગણાવાળા રસસ્પર્ધકો તે કિટ્ટિસ્પર્ધકો કહેવાય.)

○ આ (બાદર) કિટ્ટિઓ પરમાર્થથી (દરેક કષાયની) અનંત છે, પણ સ્થૂલ જાતિભેદની અપેક્ષાએ ૧૨ ભેદવાળી કરાય છે. દરેક કષાયના ત્રણ ત્રણ કિટ્ટિભેદ કરવાથી ૧૨ ભેદવાળી કષાયની કિટ્ટિ બાદરકિટ્ટિઓ છે. (૧) પ્રથમા જાતિ, (૨) દ્વિતીયા જાતિ અને (૩) તૃતીયા જાતિ-એમ પ્રથમ જાતિના ક્રોધ-માન-માયા-લોભ એવી રીતે કિટ્ટિના ભેદ ૧૨ સમજવા.

○ જેણે ક્રોધ વડે શ્રેણિ પ્રારંભી હોય, તેના કિટ્ટિના બાર ભેદ જાણવા.

○ જ્યારે માન વડે શ્રેણિ પ્રારંભી હોય તો કિટ્ટિના ૯ ભેદ તેના જાણવા, કારણ કે-ક્રોધને ઉદ્વલના વિધિથી ક્ષય કરે છે, જેથી ક્રોધની પ્રથમા સ્થિતિના અભાવે કિટ્ટિકરણ ન હોય; કારણ કે-કિટ્ટિઓ તેની કરવાની છે, જેનો ક્રમે ઉદય થવાનો છે. માટે અનુદિત ક્રોધની કિટ્ટિઓ થતી નથી, તેથી ક્રમે ઉદયમાં આવવાયોગ્ય શેષ ત્રણ કષાયોની ત્રણ ત્રણ મળી ૯ નવ કિટ્ટિઓ થાય છે.

○ જો માયા વડે શ્રેણિ પ્રારંભી હોય, તો ક્રોધ અને માનનો ઉદ્વલન વિધિ વડે ક્ષય થયે છતે માન પણ (અનુદિત હોવાથી) તેની કિટ્ટિઓ ન થાય. માયા-લોભ રૂપ શેષ બાકીના પૂર્વક્રમથી છ ૬ કિટ્ટિઓને કરે છે.

○ જો લોભે શ્રેણિ પ્રારંભી હોય, તો ક્રોધ-માન-માયારૂપ ત્રણ કષાયનો ક્ષય થયે છતે (માયા પણ અનુદિત હોવાથી) માત્ર લોભની જ ૩ ત્રણ કિટ્ટિઓ થાય. એ પ્રમાણે ૪ સંજ્વલન કષાયનો કિટ્ટિકરણ વિધિ.

○ કિટ્ટિકરણકાળ સમાપ્ત થયા બાદ સં૦ ક્રોધથી શ્રેણિને પામનારો ક્રોધની બીજી સ્થિતિમાં રહેલ પ્રથમ કિટ્ટિના દલિકને ખેંચી પ્રથમ સ્થિતિવાળું કરે છે અને જ્યાં સુધી સમય અધિક આવલિકા (ચરમ આવલિકા) માત્ર શેષ રહે ત્યાં સુધી વેદે છે.

○ ત્યારબાદ તરત જ દ્વિતીય સ્થિતિમાં રહેલ દ્વિતીય કિટ્ટિના દલિકને ખેંચી પ્રથમ સ્થિતિવાળું બનાવે છે અને જ્યાં સુધી સમય અધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી વેદે છે.

○ ત્યારપછી બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટિના દલિકને ખેંચીને પ્રથમ સ્થિતિવાળું બનાવે છે અને જ્યાં સુધી સમય અધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી વેદે છે.

○ વળી આ ત્રણ પણ કિટ્ટિવેદન કાળમાં ઉપરી (બીજી) સ્થિતિમાં રહેલ દલિકને સમયે સમયે અસંખ્યાતગુણ વૃદ્ધિ લક્ષણવાળા ગુણસંક્રમ વડે પણ સંજ્વલન માનમાં ફેંકે છે.

○ ત્રીજા કિટ્ટિવેદન કાળના છેલ્લા સમયમાં સંજ્વલન ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો એકીસાથે વ્યવચ્છેદ થાય છે.

○ સં૦ ક્રોધરૂપ કર્મની સત્તાવાળો હોવા છતાંય સમયોન બે આવલિકા સુધીમાં બંધાયેલી સ્થિતિવાળા તે સં૦ ક્રોધની સત્તા રહેલી છે. શેષ સર્વ ક્રોધ, માનમાં ગુણસંક્રમ વડે સંક્રમ્યો છે અને નિર્જર્યો છે.

○ ત્યારબાદ સં૦ માનના બીજી સ્થિતિમાં રહેલ પ્રથમ કિટ્ટિના દલિકને ખેંચીને પ્રથમ સ્થિતિવાળું કરે છે અને જ્યાં સુધી અન્તર્મુહૂર્ત્ત છે ત્યાં સુધી વેદે છે.

○ અને સં૦ ક્રોધના પણ બંધ આદિનો વ્યવચ્છેદ થયે છતે તે તેના દલિકને સમયોન બે આવલિકાવાળા કાળમાં ગુણસંક્રમ વડે સંક્રમાવતો ચરમ સમયમાં સઘળું સંક્રમાવે છે.

○ માનનો પણ પ્રથમ સ્થિતિરૂપે કરેલ અનુભવાતું પ્રથમ કિટ્ટિનું દલિક સમય અધિક આવલિકા શેષ રહે એવું થયું. ત્યારબાદ માનના, બીજી સ્થિતિમાં રહેલ બીજી કિટ્ટિના દલિકને ખેંચી પ્રથમ સ્થિતિવાળું કરે છે; અને જ્યાં સુધી સમય અધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી વેદે છે અને તે જ સમયમાં માનના બંધ-ઉદય-ઉદીરણાનો એકીસાથે વ્યવચ્છેદ થાય છે; અને તે સં૦ માનની સમયોન બે આવલિકા પ્રમાણવાળું બાંધેલ જ સત્તાવાળું કર્મ છે, કેમ કે-એ સિવાયનો સઘળો માન-માયામાં ફેંકેલ છે.

○ ત્યારપછી માયાના, બીજી સ્થિતિમાં રહેલ પ્રથમ કિટ્ટિના દલિકને ખેંચીને પ્રથમ સ્થિતિસ્થ કરે છે અને જ્યાં સુધી અન્તર્મુહૂર્ત્ત છે ત્યાં સુધી ભોગવે છે; અને સં૦ માનના બંધ આદિનો વ્યવચ્છેદ થયે છતે તે તેનું દલિક, સમયોન બે આવલિકા માત્ર કાળમાં ગુણસંક્રમ દ્વારા માયામાં સઘળું ફેંકે છે. માયાનું પણ બીજી સ્થિતિમાં રહેલ પ્રથમ કિટ્ટિક દલિકને પ્રથમ સ્થિતિરૂપે વેદાતું સમય અધિક આવલિકા શેષવાળું થયું. ત્યારબાદ બીજી સ્થિતિમાં રહેલ બીજી કિટ્ટિકના દલિકને ખેંચીને પ્રથમ સ્થિતિવાળું બનાવે છે અને જ્યાં સુધી સમયાધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી વેદે છે ત્યારપછી બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટિના દલિકને ખેંચીને પ્રથમ સ્થિતિવાળું બનાવે છે અને જ્યાં સુધી સમય અધિક આવલિકા શેષ રહે ત્યાં સુધી ભોગવે છે. અને તે જ સમયમાં માયાના બંધ-ઉદય-ઉદીરણાનો એકીસાથે વ્યવચ્છેદ, અને તે માયાનું સમયોન બે આવલિકા પ્રમાણવાળું બાંધેલ જ સત્તાવાળું કર્મ છે, કેમ કે-આ સિવાયની બાકી સઘળી માયાનો ગુણસંક્રમ લોભમાં ફેંકેલ છે.

○ ત્યારબાદ સ્થિતિમાં રહેલ પ્રથમ કિટ્ટિદલિકને ખેંચીને પ્રથમ સ્થિતિવાળું બનાવે છે અને જ્યાં સુધી અન્તર્મુહૂર્ત્ત છે ત્યાં સુધી વેદે છે અને સં૦ માયાના દલિકને સમયોન બે આવલિકા માત્ર કાળમાં તથા સંક્રમથી લોભમાં સઘળું સંક્રમાવે છે; અને સં૦ લોભના પ્રથમ કિટ્ટિનું દલિક, પ્રથમ સ્થિતિરૂપે કરેલ, વેદાતું સમયાધિક આવલિકા માત્ર શેષવાળું થયું. ત્યારબાદ લોભની બીજી સ્થિતિમાં રહેલ બીજી કિટ્ટિના દલિકને ખેંચીને પ્રથમ સ્થિતિવાળું કરે છે અને વેદે છે. તેને (માયાને) અનુભવતો ત્રીજી કિટ્ટિના દલિકને લઈને ત્યાં સુધી સૂક્ષ્મ કિટ્ટિઓને કરે છે, કે જ્યાં સુધી પ્રથમ સ્થિતિરૂપે કરેલ વેદાતા બીજી કિટ્ટિના દલિકના સમય અધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી. અને તે જ સમયમાં સં૦ લોભના બન્ધનો વ્યવચ્છેદ,

બાદરકષાયની ઉદય-ઉદીરણાનો વ્યવચ્છેદ, અનિવૃત્તિ બાદરકષાયની ઉદય-ઉદીરણાનો વ્યવચ્છેદ અને અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનકનો વ્યવચ્છેદ એકીસાથે થાય છે.

○ બીજી સ્થિતિમાં રહેલ સૂક્ષ્મ કિટ્ટિના દલિકને ખેંચી પ્રથમ સ્થિતિવાળું કરે છે અને વેદે છે. તે વખતે આ સૂક્ષ્મસંપરાયવાળો કહેવાય છે.

○ વળી પૂર્વે કહેલ ત્રીજી કિટ્ટિમાં રહેલ, બાકી રહેલ બધી આવલિકાઓને પણ વેદાતી, પરપ્રકૃતિઓમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવે છે અને અનુક્રમે પ્રથમ કિટ્ટિગત આવલિકા દ્વિતીય કિટ્ટિમાં અતંર્ગત અને દ્વિતીય કિટ્ટિગત આવલિકા તૃતીય કિટ્ટિમાં અંતર્ગત રૂપે વેદાય છે.

○ વળી સૂક્ષ્મ સંપરાયવાળો, લોભની સૂક્ષ્મ કિટ્ટિઓને વેદતો, સમયોન બે આવલિકા પ્રમાણવાળું બાંધેલું સૂક્ષ્મ કિટ્ટિદલિકને સમયે સમયે સ્થિતિઘાત આદિથી ત્યાં સુધી ખપાવે છે, કે જ્યાં સુધી સૂક્ષ્મ સંપરાયકાળના સંખ્યાતા ભાગો ગયેલા થાય છે, એક ભાગ અવશિષ્ટ રહે છે.

○ ત્યારબાદ તે સંખ્યાતમાં ભાગમાં સં૰ લોભને સર્વ અપવર્તના વડે અપવર્તીને સૂક્ષ્મસંપરાયકાળ સમાન કરે છે.

○ હજુ સુધી તે સૂક્ષ્મ સંપરાયકાળ અન્તર્મુહૂર્ત પ્રમાણવાળો છે.

○ વળી ત્યારથી માંડીને મોહના (સં૰ લોભના) સ્થિતિઘાત વગેરે અટકી ગયા છે. બાકીના છ કર્મોના તો સ્થિતિઘાત આદિ પ્રવર્તે જ છે.

○ આ રીતે સર્વ અપવર્તિત તે લોભની સ્થિતિને ઉદય-ઉદીરણા વડે વેદાતો ત્યાં સુધી ગયો, કે જ્યાં સુધી સમય અધિક આવલિકા માત્ર શેષ રહે છે.

○ ત્યારબાદ સૂક્ષ્મ લોભની ઉદીરણા સમાપ્ત થતાં કેવળ ઉદય વડે ચરમ સમય સુધી તે લોભની સ્થિતિને વેદે છે.

○ તે ચરમ ઉદય આવલિકા પણ સમાપ્ત થતાં સૂક્ષ્મ સંપરાયના ચરમ (પર્યંત) સમયમાં જ્ઞાનાવરણીય પાંચ (૫) દર્શનાવરણીય ચાર (૪), યશકીર્તિ-ઉચ્ચ ગોત્ર બે (૨), અને અંતરાય પાંચ (૫)-એમ સોલ (૧૬) કર્મોના બંધનો વિચ્છેદ થાય છે અને મોહનીયકર્મનો (સં૰ લોભનો) ઉદય અને સત્તાનો વ્યવચ્છેદ થાય છે. (બંધવિચ્છેદ તો નવમાને અંતે પ્રથમથી જ થઈ ગયો છે.)

○ ત્યારબાદ આ આત્મા ક્ષીણકષાયવાળો થાય છે.

○ વળી તે આત્માના શેષ કર્મોના (છ કર્મના) સ્થિતિઘાત આદિ, પૂર્વની માફક ત્યાં સુધી પ્રવર્તે છે, કે જ્યાં સુધી ક્ષીણકષાયના કાળના સંખ્યાતા ભાગો ચાલ્યા ગયેલા હોય છે. ત્યાં સુધી એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. તે અવશિષ્ટ સંખ્યાત ભાગમાં જ્ઞાનાવરણ (૫), અંતરાય (૫), દર્શનાવરણ (૪) અને નિદ્રાદ્વિક (૨) રૂપ ૧૬ કર્મોની સ્થિતિને (સ્થિતિ સત્કર્મને) સર્વ અપવર્તના વડે અપવર્તીને ક્ષીણકષાયના કાળ જેટલી (સમાન ટૂંકી) કરે છે. ફક્ત બે નિદ્રાની સ્વસ્વરૂપની અપેક્ષાએ સમયન્યૂન, સામાન્યથી કર્મરૂપપણાએ તુલ્ય સ્થિતિ(સ્થિતિ સત્કર્મ)ને કરે છે. તે ક્ષીણકષાયનો કાળ હજુ સુધી પણ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણવાળો છે. ત્યારથી માંડીને તે કર્મોના સ્થિતિઘાત આદિ નિવૃત્તિ થાય છે. બાકીના કર્મોના તો હોય છે.

બે નિદ્રા સિવાયના ચૌદ કર્મોને ઉદય-ઉદીરણાથી વેદતો ત્યાં સુધી ગયો, કે જ્યાં સુધી સમય અધિક આવલિકા માત્ર બાકી રહે.

○ ત્યારબાદ ઉદીરણા નિવૃત્ત થાય છે.

○ ત્યારપછી આવલિકા માત્ર કાળમાં કેવળ ઉદયથી જ તે પૂર્વોક્ત ચૌદ કર્મોને વેદે છે. ક્ષીણકષાયના કાળના છેલ્લા બે સમય બાકી રહે ત્યાં સુધી તે છેલ્લા બે સમયમાં બે નિદ્રા (ક્ષીણમોહના ઉપાન્ત્ય-છેલ્લાના પહેલા સમયમાં) સ્વરૂપ સત્તાની અપેક્ષાએ ક્ષય પામે અને છેલ્લા સમયમાં (એ બે નિદ્રા) સ્તિબુક સંક્રમ વડે પરરૂપ સત્તાથી ક્ષય પામે છે. તે સાથે શેષ ચૌદ કર્મપ્રકૃતિઓનો પણ સત્તાક્ષય.

○ ત્યારબાદ તરત જ કેવલી (સયોગીકેવલી) થાય છે. એમ ક્ષપકશ્રેણિનો ક્રમ સમજવો.

ઉપશમશ્રેણિનું વર્ણન-

આરંભક=ઉપશમશ્રેણિનો આરંભક અપ્રમત્ત સાધુ જ છે. ઉપશમશ્રેણિના અંતમાં તો અપ્રમત્તસંયત-પ્રમત્તસંયત-દેશવિરત અવિરતમાંથી કોઈ એક હોય છે. બીજાઓ કેટલાક કહે છે કે-"અવિરત દેશવિરત-પ્રમત્ત-અપ્રમત્ત સંયતોમાંથી કોઈ એક અનંતાનુબંધી કષાયને ઉપશમાવે છે. દર્શનત્રિક આદિને તો સંયમમાં વર્તતો જ ઉપશમાવે છે."

○ ત્યાં પહેલાં અનંતાનુબંધીઓની ઉપશમના કહેવાય છે. અવિરત આદિમાંનો કોઈ એક, કોઈ એક યોગમાં વર્તતો, તે જ પદ્મ-શુકલલેશ્યામાંથી કોઈ એક લેશ્યાવાળો સાકાર (જ્ઞાન) ઉપયોગથી યુક્ત, અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ સહિત કર્મવાળો, કરણના કાળથી પહેલાં પણ અંતર્મુહૂર્ત સુધી વિશુદ્ધ થતી ચિત્તની પરંપરાવાળો રહે છે.

○ તે પ્રકારે રહે તો પરાવર્તમાન શુભ પ્રકૃતિઓને બાંધે છે (પરાવર્તમાન=૯૩ જે પ્રકૃતિ, બીજી પ્રકૃતિનો બંધ, ઉદય કે બંધોદય પરાવર્તીને (બદલી—અટકાવી) પોતાનો બંધ, ઉદય કે બંધોદય પ્રવર્તાવે, તે પરાવર્તમાન (૯૩) પ્રકૃતિઓ છે.) તે ૧૨૨ની અપેક્ષાએ અપરાવર્તના (૨૯) સિવાયની શેષ સર્વ જાણવી. જેમ સાતાપ્રકૃતિ અસાતાના બંધાદિને અટકાવીને જ બંધાય અથવા ઉદયમાં આવે. એ પ્રમાણે પરાવર્તમાન પ્રકૃતિઓ સાતા-અસાતાવત્ પરસ્પર વિરુદ્ધ હોવાથી પરાવર્તિત થાય છે. અપરાવર્તમાન (૨૯) જે પ્રકૃતિ અન્ય પ્રકૃતિના બંધાદિને પરાવર્ત્યા વિના તેના ચાલુ બંધાદિમાં પોતાનો પણ બંધાદિ પ્રવર્તાવે, તે અપરાવર્તમાન (૨૯) પ્રકૃતિઓ છે. જ્ઞાના૦ (૫), અન્ત૦ (૫), દર્શના૦ (૪), પરાઘાત-તીર્થંકર-ઉચ્છ્વાસ-મિથ્યાત્વ-ભય-જુગુપ્સા-અગુરુલઘુ-ઉપઘાત-નિર્માણ-તૈજસ-વર્ણ આદિ ચાર, કાર્મણ, એમ (૨૯); એમાં જો મતિજ્ઞાનવ૦ બંધાતું હોય, તો શેષજ્ઞાના૦ પણ બંધાય. ઇત્યાદિ રીતે એ(૨૯)માંની કોઈપણ પ્રકૃતિ પોતાના બંધાદિના પ્રસંગે અન્ય પ્રકૃતિના બંધાદિને રોકતી નથી. આ (૨૯) અપરા૦ પ્રકૃતિઓ બંધ અને ઉદયને આશ્રીને અપરાવર્તમાન છે, કેમ કે-આ પ્રકૃતિઓના બંધ કે ઉદય શેષપ્રકૃત્તિઓ દ્વારા હણી શકાતા નથી. બાકીની બંધની અપેક્ષાએ (૯૧) અને ઉદયની અપેક્ષાએ સમ્યક્ત્વ અને સમ્યક્મિથ્યાત્વ (મિશ્ર) સહિત (૯૩) પરાવર્તમાન છે. (૧૬) કષાયો અને (૫) નિદ્રા પોતાના ઉદયમાં સમજાતીય પ્રકૃતિના ઉદયના નિરોધથી પરાવર્તમાન, સ્થિર-શુભ-અસ્થિર-અશુભ પ્રકૃતિઓ બંધની અપેક્ષાએ પરાવર્તમાન, બીજી

પ્રકૃતિઓ તો બંધ ઉદયથી પણ પરાવર્તમાન છે. અશુભ પ્ર૦ ને બાંધતો નથી. સમયે સમયે અશુભ કર્મોના રસને અનંતગુણ હાનિથી કરે છે અને શુભોના રસને અનંતગુણ વૃદ્ધિથી કરે છે.

૦ અને સ્થિતિબંધ પૂર્ણ થયે છતે અન્ય સ્થિતિબંધને પૂર્વપૂર્વ સ્થિતિબંધની અપેક્ષાએ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હીન કરે છે અને અન્તર્મુહૂર્ત્ત પૂર્ણ થયે છતે ક્રમથી દરેક અન્તર્મુહૂર્ત્તક યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણો કરે છે અને ચોથા ઉપશમના કાળને કરે છે. કરણોનું સઘળું વર્ણન પણ કર્મપ્રકૃતિ નામના ગ્રંથથી જાણવું.

૦ વળી અનિવૃત્તિકરણ અદ્ધા(કાળ)ના સંખ્યાતા ભાગો ગયા બાદ એક ભાગ (રહ્યે છતે, અનંતાનુબંધીઓની નીચેની (પ્રથમ) આવલિકા માત્રને છોડી, અન્તર્મુહૂર્ત્ત પ્રમાણવાળા અન્તરકરણને નવીન સ્થિતિબંધના કાળસમાન અન્તર્મુહૂર્ત્તમાં કરે છે. ઉકેરાતા (ઉવેલાતા) અંતરકરણના દલિકને બંધાતી પરપ્રકૃતિઓમાં ફેંકે છે અને પ્રથમ સ્થિતિના આવલિકામાં રહેલ દલિકને સ્તિબુકસંક્રમ વડે વેદાતી પરપ્રકૃતિઓમાં ફેંકે છે. તેમજ અંતરકરણ કર્યા બાદ બીજા સમયમાં અનંતાનુબંધીઓના ઉપરની (બીજી) સ્થિતિના દલિકને ઉપશમાવવા માટે આરંભ કરે છે. તે આ પ્રમાણે-

૦ પ્રથમ સમયમાં થોડું, બીજા સમયમાં તેના કરતાં અસંખ્યાતગુણું અને ત્રીજા સમયમાં તેના કરતાં અસંખ્યાતગુણું, જ્યાં સુધી અન્તર્મુહૂર્ત્તમાં પૂર્ણરૂપે અનંતાનુબંધીઓ-ઉપશમ પ્રાપ્ત થાય છે.

૦ ઉપશમના એટલે જેમ રેણુનો જથ્થો પાણીના બિંદુઓના સમૂહોથી સીંચી સીંચી ઘણ વગેરેથી કૂટેલો સ્થિર થાય છે, તેમ કર્મરૂપી રજનો જથ્થો પણ વિશુદ્ધિરૂપી જળના સમૂહથી સીંચી સીંચી અનિવૃત્તિકરણરૂપી ઘણથી કૂટેલાં સંક્રમણ-ઉદય-ઉદીરણા-નિધત્ત-નિકાચનારૂપી કરણોને અયોગ્ય થાય છે.

૦ બીજાઓ-કેટલાક તો અનંતાનુબંધીઓની ઉપશમના માનતા નથી, પરંતુ વિસંયોજના-ક્ષપણાને માને છે. તેનું વર્ણન પહેલાં થઈ ગયું છે.

૦ હવે દર્શનત્રિકની ઉપશમના કહેવાય છે.

અહીં ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિવાળો અને સંયમમાં વર્તતો, અન્તર્મુહૂર્ત્તમાં દર્શનત્રિક ઉપશમાવે છે.

૦ અને તે ઉપશમાવતો પૂર્વે કહેલ ત્રણ કરણોના કરવા દ્વારા, વિશુદ્ધિથી વધતો અને અનિવૃત્તિકરણ અદ્ધા(કાળ)ના અસંખ્યાત ભાગો ગયા બાદ અંતરકરણ કરે છે.

૦ તે અંતરકરણ કરતો, સમ્યક્ત્વની અન્તર્મુહૂર્ત્ત પ્રમાણવાળી પ્રથમ સ્થિતિને અને મિથ્યાત્વ-મિશ્રનું આવલિકા પ્રમાણવાળું ઉકેરાતું દલિક, ત્રણનાં પણ દલિકો, સમ્યક્ત્વની પ્રથમ સ્થિતિમાં ફેંકે છે-(નીચેના અન્તર્મુહૂર્ત્તમાં) સંક્રમાવે છે. (મિથ્યાત્વની અને મિશ્રની સ્તિબુક આવલિકા બાકી રાખીને અને સમ્યક્ત્વમોહનીયની અન્તર્મુહૂર્ત્ત સ્થિતિ નીચેથી બાકી રાખીને, તેથી ઉપરની અન્તર્મુહૂર્ત્ત જેટલી સ્થિતિમાં નવા સ્થિતિબંધ જેટલા કાળે અંતર બનાવે. ત્યાં અંતર બનાવવાની સ્થિતિમાં રહેલા ત્રણેય દર્શનમોહનીયના કર્મપ્રદેશો પ્રતિસમય અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ પ્રમાણે સમ્યક્ત્વના બાકી રહેલા નીચેના અન્તર્મુહૂર્ત્તમાં (પ્રથમ સ્થિતિમાં) સંક્રમાવે છે.)

મિથ્યાત્વ અને મિશ્રના પ્રથમ સ્થિતિના દલિકને સમ્યક્ત્વ (મોહનીય)ની પ્રથમ સ્થિતિના દલિકમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવે છે.

વળી સમ્યક્ત્વની તો પ્રથમ સ્થિતિ, વિપાક અનુભવથી (ઉદયથી) ક્રમથી ક્ષીણ થયે છતે ઉપશમ સમ્યગ્દષ્ટિ થાય છે.

○ ત્રણ એવા મિથ્યાત્વ આદિના ઉપરના દલિકની ઉપશમના અનંતાનુબંધીઓના ઉપરની સ્થિતિના દલિકની માફક સમજવી. આ પ્રમાણે ઉપશાન્ત દર્શનત્રિકવાળો, પ્રમત્ત અને અપ્રમત્તના સેંકડો પરિવર્તનો કરી, ચારિત્રમોહનીયને ઉપશમાવવાની ઇચ્છાવાળો ફરીથી પણ યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણો કરે છે. ફક્ત અહીં યથાપ્રવૃત્તિકરણ અપ્રમત્ત ગુણસ્થાનમાં, અપૂર્વકરણ અપૂર્વકરણ ગુણસ્થાનમાં, અનિવૃત્તિકરણ અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનમાં અને અપૂર્વકરણમાં સ્થિતિઘાત આદિથી વિશુદ્ધ કરીને પછી તરતના સમયમાં અનિવૃત્તિકરણમાં પેસે છે.

○ અનિવૃત્તિકરણ અદ્ધા(કાળ)ના સંખ્યાતા ભાગો ગયા બાદ દર્શન સિવાયના (૨૧) મોહનીય પ્રકૃતિઓના (અનંતાનુબંધી વર્જીને, બાર કષાયો, નવ કષાયોના) અંતરકરણ કરે છે.

○ ત્યાં જે વેદનો અને સંજ્વલનકષાયનો ઉદય છે, તે બંનેની પોતાના ઉદયકાળ પ્રમાણવાળી પ્રથમ સ્થિતિને કરે છે. બાકીના (૧૧) કષાયોની અને (૮) નોકષાયોની (પ્રથમ સ્થિતિની) આવલિકા માત્ર હોય છે.

○ ત્રણ વેદ, સંજ્વલનકષાય ચારના ઉદયકાળનું માન અને અંતરકરણગત દલિકના પ્રક્ષેપનું સ્વરૂપ કર્મપ્રકૃતિની ટીકાથી જાણવું.

○ વળી અંતરકરણ કર્યા બાદ નપુંસકવેદને અન્તર્મુહૂર્ત્તમાં ઉપશમાવે છે. તે આ પ્રમાણે-

પ્રથમ સમયમાં થોડું અને બીજા સમયમાં તેના કરતાં અસંખ્યાતગણું, વળી એ પ્રમાણે સમયે સમયે અસંખ્યગુણું ત્યાં સુધી ખપાવે છે, કે જ્યાં સુધી ચરમ સમય આવે. અને પરપ્રકૃતિઓમાં સમયે સમયે ઉપશમ પામેલ દલિકની અપેક્ષાએ ત્યાં સુધી અસંખ્યાતગુણું ફેંકે છે, કે જ્યાં સુધી છેલ્લા બે સમય રહે. છેલ્લા સમયમાં તો ઉપશમવિષય થતું દલિક પરપ્રકૃતિઓમાં સંક્રમણવિષય થતાં દલિકની અપેક્ષાએ અસંખ્યાતગુણું જાણવું.

○ વળી નપુંસકવેદ ઉપશાન્ત થયા બાદ સ્ત્રીવેદને પૂર્વકથિત વિધિથી અન્તર્મુહૂર્ત્તમાં ઉપશમાવે છે ત્યારબાદ અન્તર્મુહૂર્ત્તમાં હાસ્ય આદિ છ ૬ ઉપશમાવે છે. તે ઉપશાન્ત થયે છતે તે વખતે જ પુરુષવેદના બંધ-ઉદય-ઉદીરણાનો વ્યવચ્છેદ થાય છે. ત્યારબાદ સમયોન બે આવલિકામાં પુરુષવેદને ઉપશમાવે છે. તે પછી એકીસાથે અન્તર્મુહૂર્ત્ત માત્રમાં અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન ક્રોધને ઉપશમાવે છે. તે જે વખતે ઉપશાન્ત થાય, તે જ વખતે સં૰ ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો વ્યવચ્છેદ, બાદ સમયોન બે આવલિકામાં સં૰ ક્રોધને ઉપશમાવે છે. તે પછી અન્તર્મુહૂર્ત્તમાં અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન માનને એકીવખતે ઉપશમાવે છે. તેમના ઉપશમના સમયમાં જ સં૰ માનના બંધ-ઉદય-ઉદીરણા વ્યવચ્છેદ, ત્યારબાદ સમયોન બે આવલિકામાં સં૰ માનને ઉપશમાવે છે. ત્યારપછી એકીસાથે અન્તર્મુહૂર્ત્તમાં અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન માયાને ઉપશમાવે છે.

તેના ઉપશમના સમયમાં જ સં૦ માયાના બંધ-ઉદય-ઉદીરણાનો વ્યવચ્છેદ થાય છે. તે પછી આ લોભને વેદનારો થયો. લોભવેદન અદ્ધા(કાળ)ના ત્રણ વિભાગો થાય છે. તે આ પ્રમાણે-

(૧) અશ્વકર્ણકરણાદ્ધા, (૨) કિટ્ટિકિરણાદ્ધા અને (૩) કિટ્ટિવેદનાદ્ધા.

૦ ત્યાં પહેલાંના બે વિભાગોમાં વર્તતો જીવ, સં૦ લોભની દ્વિતીય સ્થિતિમાંથી દલિકને ખેંચી પ્રથમ સ્થિતિવાળું બનાવે છે અને વેદે છે.

અશ્વકર્ણકરણના અદ્ધા(કાળ)માં વર્તતો, પ્રથમ સમયમાં જ ત્રણ પણ અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન-સંજ્વલન રૂપ લોભને એકીસાથે ઉપશમાવવા માટે આરંભ કરે છે.

૦ વિશુદ્ધિ દ્વારા વધતો અપૂર્વ સ્પર્ધકો કરે છે. સં૦ માયાનાં બંધ આદિના વિચ્છેદ બાદ સમયોન બે આવલિકામાં સં૦ માયાને ઉપશમાવે છે. આ પ્રમાણે અશ્વકર્ણકરણ અદ્ધાના ગયા બાદ કિટ્ટિકરણ અદ્ધામાં પ્રવેશ કરે છે.

૦ ત્યાં પૂર્વસ્પર્ધકોમાંથી અને અપૂર્વસ્પર્ધકોમાંથી બીજી સ્થિતિમાં રહેલ દલિકને લઈને સમયે સમયે અનંત કિટ્ટિઓને કરે છે.

કિટ્ટિકરણ અદ્ધાના છેલ્લા સમયમાં એકીસાથે અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ લોભને ઉપશમાવે છે. તે લોભની ઉપશાન્તિ બાદ તરત જ તે સમયે જ સં૦ લોભના બંધનો વ્યવચ્છેદ અને બાદર સં૦ લોભના ઉદય-ઉદીરણાનો વ્યવચ્છેદ થાય છે. ત્યારપછી આ સૂક્ષ્મસંપરાયવાળો થાય છે. તે વખતે જ ઉપરની સ્થિતિમાંથી કેટલીક કિટ્ટિઓને ખેંચી, સૂક્ષ્મસંપરાય કાળસમાન કાળવાળી પ્રથમ સ્થિતિને કરે છે અને વેદે છે.

૦ વળી સૂક્ષ્મસંપરાય અદ્ધા, અન્તર્મુહૂર્ત્ત માનવાળી છે અને કિટ્ટિ કરેલ સૂક્ષ્મ દલિક, કે જે સમયોન બે આવલિપ્રમાણ બાંધેલું શેષ છે તેને ઉપશમાવે છે.

૦ સૂક્ષ્મસંપરાય અદ્ધાના ચરમ સમયમાં સં૦ લોભ ઉપશાન્ત (ઉપશમ વિષયવાળો) થાય છે,

૦ ત્યારબાદ તરતના સમયમાં જ આ, ઉપશાન્તમોહવાળો થાય છે.

૦ તે ઉપશાન્તમોહ જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત સુધી ઉપસ્થિત રહે છે ત્યારબાદ નિયમા આ, પડે છે.

૦ વળી આ પ્રતિપાત બે પ્રકારના છે. (૧) ભવક્ષયથી પ્રતિપાત અને (૨) અદ્ધાક્ષયથી પ્રતિપાત.

(૧) મરણ પામનારને ભવક્ષયથી પ્રતિપાત છે. (જો મરણનો પ્રસંગ ઉપસ્થિત થાય, તો તે સર્વોપશાન્તિ એક સમય, બે સમય યાવત્ સમયોન અન્તર્મુહૂર્ત્ત સુધી હીનાધિક કાળ સુધી રહીને, ત્યારબાદ મરણ પામી તરત જ અનુત્તરમાં ઉત્પન્ન થવાથી ચોથા ગુણસ્થાનયોગ્ય સત્તર મોહનીય પ્રકૃતિઓનો ઉદય શરૂ થાય છે, કે જેથી તે મરણના કારણથી ઉપશાન્તિનું જે પતન થાય છે, તે ભવક્ષયથી પ્રતિપાત કહેવાય છે.

(૨) ઉપશાન્ત અદ્ધા (કાળ) સમાપ્ત થયા બાદ અદ્ધાક્ષયથી પ્રતિપાત (જો અગિયારમા ગુણસ્થાને મરણનો પ્રસંગ ઉપસ્થિત ન થાય, તો આ ગુણસ્થાનનો જે અન્તર્મુહૂર્ત્ત કાળ છે તે સંપૂર્ણ થાય છે. ત્યારબાદ

કાળ સમાપ્તિ થયે છતે અવશ્ય પતન થાય છે. આ પ્રકારનું અવ્યાઘાતી પતન તે અદ્ધાક્ષયથી પ્રતિપાત કહેવાય છે.) કહેવાય છે.

○ વળી અદ્ધાક્ષયથી જે પ્રકારે-ક્રમે કરી ચઢ્યો તે જ પ્રકારે-ક્રમે કરી પડે છે. (દશમાંથી નવમે, નવમાંથી આઠમે, આઠમાંથી સાતમે અને સાતમાંથી છઠ્ઠે-એમ નીચે પડતો પડતો પ્રમત્ત સુધી આવીને, ત્યાં વિસામો લઈને, પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનના ઘણા હજારો સુધી પરાવર્ત્તનો કરી, કોઈ દેશવિરત-અવિરત સમ્યગ્દષ્ટિ રૂપ બે સ્થાનને પણ પ્રાપ્ત કરે છે.) અર્થાત્ પડતો પડતો પ્રમત્તગુણસ્થાન સુધી પડે છે-ટકે છે. કોઈ તો તેનાથી નીચેના બે ગુણસ્થાનોને પામી ટકે છે. કોઈ તો (જેઓના મતે અનંતાનુબંધીઓની ઉપશમના થાય છે, તેઓના મતે સાસ્વાદન ભાવને પણ પામે છે.) સાસ્વાદનપણાને પણ પામે છે. (કોઈ બીજે ગુણસ્થાને આવી મિથ્યાદષ્ટિ પણ થાય.)

○ વળી ભવક્ષય રૂપ પ્રકારથી જે પડે છે, તે નિયમા (દેવના આયુષ્યને છોડી બીજા આયુના બંધમાં ઉપશમશ્રેણિમાં ચઢી નહિ શકાતું હોવાથી) અનુત્તર વિમાન રૂપ સર્વાર્થસિદ્ધવાસીઓમાં ઉત્પન્ન થાય છે. વળી ઉત્પન્ન થયેલો, પ્રથમ સમયમાં જ સઘળાય બંધન આદિ કરણો પ્રવર્તાવે છે. આવો વિશેષ છે. આ પ્રમાણે ઉપશમશ્રેણિ સમાપ્ત થાય છે.

○ અપૂર્વકરણ નામક આઠમા ગુણસ્થાનમાં જીવને અપૂર્વકરણના પહેલા ભાગમાં (અપ્રમત્તમાં કહ્યા શ્રમણે) ૫૮ પ્રકૃતિનો બંધ છે ત્યારબાદ ૨ નિદ્રાદ્વિકનો બંધ વિચ્છેદ થયેથી બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા ભાગમાં (૫૬) પ્રકૃતિનો બંધ હોય. ત્યારબાદ ૪-દેવદ્વિક, ૫-પંચેન્દ્રિય જાતિ, ૬-શુભ વિહાયોગતિ, ૧૫-ત્રસ નવક (૯), ૧૭-વૈક્રિયદ્વિક, ૧૯-આહારકદ્વિક, ૨૦-સમચતુરસ્ર સંસ્થાન, ૨૧-નિર્માણ, ૨૨-જિનનામ, ૨૬-વર્ણચતુષ્ક, ૨૭-અગુરુલઘુ, ૨૮-ઉપઘાત, ૨૯-પરાઘાત, ૩૦-ઉચ્છ્વાસ, ૩૧-તૈજસ્, ૩૨-કાર્મણ, એમ બત્રીશ (૩૨) પ્રકૃતિઓનો વિચ્છેદ થવાથી (સાતમા ભાગે) (૨૬) પ્રકૃતિઓનો બંધકર્તા હોય છે.

○ છેલ્લા ત્રણ સંઘયણોનો અને સમ્યક્ત્વમોહનીયના ઉદયનો વિચ્છેદ થતાં (૭૨) કર્મપ્રકૃતિઓના ઉદયવાળો હોય છે.

○ ૧૩૮ કર્મપ્રકૃતિની સત્તાવાળો હોય છે.

अधुना नवमं गुणस्थानमाचष्टे —

अन्योऽन्याध्यवसायस्थानव्यावृत्त्यभावविशिष्टसूक्ष्मसम्परायापेक्षस्थूलकषायोदयवत्स्थानमनिवृत्तिकरणगुणस्थानम् । अन्तर्मुहूर्त्तकालमेतत् । अत्रस्थोऽपि द्विविधः क्षपक उपशमकश्चेति । क्षपकश्रेणिस्थः क्षपकः, अयं दर्शनावरणीयप्रकृतित्रिकं नामप्रकृतित्रयोदशकं मोहनीयप्रकृतिर्विंशतिञ्चात्र क्षपयति । उपशमश्रेणिस्थ उपशमकः । मोहनीयप्रकृतिर्विंशतिमेवोपशमयत्ययम् । २५ ।

अन्योऽन्येति । युगपदेव यत्स्थानप्रविष्टानामनेकेषामपि जीवानां परस्पराध्यवसायस्थानानि न व्यावृत्यन्ते तथा सूक्ष्मसम्परायापेक्षया यत्र स्थूलकषायोदयो भवेत् तादृशमनिवृत्तिकरणगुणस्थानमित्यर्थः । युगपदेतद्गुणस्थानं प्राप्तानामनेकेषामपि जीवानामन्योऽन्यमध्यवसायस्थानस्य निवृत्तिर्नास्ति यत्र, यदीयगुणस्थानाद्धायामान्तर्मौहूर्त्तिक्यां प्रथमसमयादारभ्य प्रतिसमयमनन्तगुणविशुद्धं यथोत्तरमध्यवसायस्थानं भवति, यावन्तश्चाऽन्तर्मुहूर्त्ते समयास्तावन्त्येवाऽध्यवसायस्थानानि तत्प्रविष्टानां भवन्ति नाऽधिकानि, एकसमयप्रविष्टानां सर्वेषामप्येकाध्यवसायस्थानत्वात्, तथा सूक्ष्मकिट्टीकृतकषायोदयापेक्षया स्थूलः कषायोदयो भवति तादृशमनिवृत्तिकरणगुणस्थानमिति भावः । अस्योत्कृष्टकालमाह-अन्तरिति । जघन्यतस्त्वेकस्समयः । अत्रापि जीवद्वैविध्यं दर्शयति-अत्रस्थोऽपीति । क्षपकस्वरूपमाह-क्षपकेति । कषायाष्टकादीनां क्षपयितेत्यर्थः । काः कर्मप्रकृतीः क्षपयतीत्यत्राह-अयमिति । दर्शनावरणीयत्रिकमिति, निद्रानिद्राप्रचलाप्रचलास्त्यानर्द्धिरूपमित्यर्थः, नामेति, नरकद्विकतिर्यग्द्विकसाधारणोद्योतसूक्ष्मनामैकद्वित्रिचतुरिन्द्रियजात्यातपस्थावररूपमित्यर्थः । मोहनीयेति, अप्रत्याख्यानप्रत्याख्यानकषाय-नपुंसकस्त्रीवेदहास्यरत्यरतिभयशोकजुगुप्सापुरुषवेदसंज्वलनक्रोधमानमायारूपामित्यर्थः । उपशमकस्वरूपमाह-उपशमेति । कषायाष्टकादीनामुपशमयितेत्यर्थः । मोहनीयेति । अप्रत्याख्यानप्रत्याख्यानसंज्वलनक्रोधमानमायाऽप्रत्याख्यानप्रत्याख्यानलोभहास्य-षट्कवेदत्रयरूपविंशतिप्रकृतिमेवेत्यर्थः । अत्रस्थो जीवो हास्यरत्यरतिभयशोकजुगुप्साव्यवच्छेदाद् द्वाविंशतेर्बन्धकः । अत्र षड्विंशतिप्रकृतिभ्यो हास्यादिषट्कप्रकृतिविगमे विंशतेरवशेषाद्यद्यपि द्वाविंशतेर्बन्धकत्वमनुपपन्नं तथापि नानाजीवापेक्षया तथोक्तिः, एकजीवापेक्षया तु चतसृणामेवापगमः । हास्यषट्कोदयव्यवच्छेदाच्च षट्षष्टेर्वेदयिता, त्र्युत्तरशतसत्ताकश्च, मानान्तपञ्चत्रिंशत्प्रकृतिसत्ताव्यवच्छेदात् ॥

હવે નવમું ગુણસ્થાન કહે છે-

ભાવાર્થ - પરસ્પર અધ્યવસાય સ્થાનોની વ્યાવૃત્તિ (પરિવર્તન)ના અભાવવિશિષ્ટ સૂક્ષ્મસંપરાયની અપેક્ષાએ સ્થૂલકષાયના ઉદયવાળું સ્થાન અનિવૃત્તિગુણસ્થાન. આ અન્તર્મુહૂર્ત્ત કાળવાળું છે. અહીં રહેલો જીવ ક્ષપક અને ઉપશમના ભેદે બે પ્રકારનો છે. ક્ષપકશ્રેણિમાં રહેલ ક્ષપક, આ દર્શનાવરણીયની ત્રણ પ્રકૃતિઓને, નામકર્મની (૧૩) પ્રકૃતિઓને અને મોહનીયની (૨૦) કર્મપ્રકૃતિઓને ખપાવે છે. ઉપશમશ્રેણિમાં રહેલ ઉપશમક કહેવાય છે. આ મોહનીયની (૨૦) કર્મપ્રકૃતિઓને ઉપશમાવે છે.

વિવેચન - એકીસાથે જ જે સ્થાનમાં દાખલ થયેલ છે એવા અનેક (બહુ)પણ જીવોના પરસ્પર અધ્યવસાયસ્થાનો પલટાતા નથી, તેમજ સૂક્ષ્મપરંપરાયની અપેક્ષાએ જ્યાં સ્થૂલકષાયનો ઉદય હોય તેવું

ગુણસ્થાન, એ 'અનિવૃત્તિ ગુણસ્થાન.' એકીસાથે આ ગુણસ્થાનને પામનારા (પામેલા) અનેક પણ જીવોના પરસ્પર અધ્યવસાયસ્થાનની જ્યાં નિવૃત્તિ નથી, જેના ગુણસ્થાનના અન્તર્મુહૂર્તકાળ પ્રથમ સમયથી માંડી સમયે સમયે અનંતગુણું વિશુદ્ધ ઉત્તર ઉત્તરનું અધ્યવસાયસ્થાન હોય છે. અને જેટલા અન્તર્મુહૂર્તમાં સમયો છે, તેટલા જ અધ્યવસાય સ્થાનો તેમાં દાખલ થયેલાઓને હોય છે, અધિક નહિ, કેમ કે-એક સમયમાં દાખલ થયેલા સઘળાઓને પણ એક (સમાન) અધ્યવસાયસ્થાન હોય છે, તેમજ સૂક્ષ્મકિટ્ટિ રૂપે કરેલ કષાયના ઉદયની અપેક્ષાએ સ્થૂલકષાયનો ઉદય હોય છે. તેવું વિશિષ્ટ ગુણસ્થાન 'અનિવૃત્તિકરણ' ગુણસ્થાન છે, એવો ભાવ સમજવો. આ ગુણસ્થાનના ઉત્કૃષ્ટ કાળને કહે છે કે-'ઉત્કૃષ્ટથી આ ગુણસ્થાન અન્તર્મુહૂર્તના કાળવાળું છે અને જઘન્યથી એક સમયવાળું છે.' અહીં પણ જીવના બે પ્રકારો દર્શાવે છે. 'અહીં રહેલો પણ ઇતિ.'

'क्षपकेति' અર્થાત્ આઠ કષાય વગેરેને ખપાવનારો કયી કયી પ્રકૃતિઓને ખપાવે છે ? તેના જવાબમાં કહે છે કે-'अयं' ઇતિ. અર્થાત્ આ ક્ષપક નિદ્રા નિદ્રા-પ્રચલા-પ્રચલા-સ્ત્યાનર્દ્ધિરૂપ ત્રણ દર્શનાવરણીય કર્મને, ૨-નરકદ્વિક, ૪-તિર્યંચદ્વિક, ૫-સાધારણ, ૬-ઉદ્યોત, ૭-સૂક્ષ્મનામ, ૮-એક, ૯-દ્વિ, ૧૦-ત્રિ, ૧૧-ચતુરિન્દ્રિય જાતિ, ૧૨-આતપ, ૧૩-સ્થાવરરૂપ (૧૩) તેર નામપ્રકૃતિઓને, ૪-અપ્રત્યાખ્યાન કષાય, ૮-પ્રત્યાખ્યાન કષાય, ૯-નપુંસકવેદ, ૧૦-સ્ત્રીવેદ, ૧૧-હાસ્ય, ૧૨-રતિ, ૧૩-અરતિ, ૧૪-ભય, ૧૫-શોક, ૧૬-જુગુપ્સા, ૧૭-પુરુષવેદ, ૧૮સંજ્વલન ક્રોધ, ૧૯-માન, ૨૦-માયા રૂપ (૨૦) વીસ મોહનીય પ્રકૃતિઓને ખપાવે છે.

'ઉપશમ' ઇતિ. અર્થાત્ આઠ કષાય વગેરેને ઉપશમાવનાર, ૩-અપ્રત્યાખ્યાન, ૬-પ્રત્યાખ્યાન, ૯-સંજ્વલન ક્રોધ-માનમાયા, ૧૦-અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન, ૧૧-લોભ, ૧૭-હાસ્ય આદિ છ (૬) ત્રણ વેદ રૂપ મોહનીય(૨૦)ની વીસ પ્રકૃતિને ઉપશમાવે છે, આવો અર્થ સમજવો.

આ ગુણસ્થાનમાં જીવ હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સાનો વ્યવચ્છેદ થવાથી (૨૨) બાવીશ કર્મપ્રકૃતિઓનો બંધક છે. અહીં (૨૬) છવ્વીસ પ્રકૃતિઓમાંથી છ (૬) પ્રકૃતિઓના વિગમ (વિનાશ) થયે છતે (૨૦) વીસ શેષ હોવાથી બાવીશ(૨૨)નું બંધકપણું જો કે યુક્ત નથી, તો પણ નાના (અનેક) જીવોની અપેક્ષાએ તે પ્રકારનું કથન છે. એક જીવની અપેક્ષાએ તો ચાર કર્મપ્રકૃતિઓનો જ અપગમ (વિનાશ) છે.

૦ હાસ્ય વગેરે છ(૬)ના ઉદયના વિચ્છેદથી (૬૬) છાસઠ કર્મપ્રકૃતિઓના ઉદયવાળો છે.

૦ ૧૦૩ એકસોત્રણની સત્તાવાળો છે, કેમ કે-માનપર્યંતની ૩૫ પાંત્રીશ પ્રકૃતિની સત્તાનો વિચ્છેદ છે.

साम्प्रतं दशमं गुणस्थानस्वरूपमाह–

मोहनीयविंशतिप्रकृतीनां शमनात् क्षयाद्वा सूक्ष्मतया लोभमात्रावस्थानस्थानं सूक्ष्मसम्परायगुणस्थानम् । अन्तर्मुहूर्त्तमानमेतत् । २६ ।

मोहनीयेति । विंशतिप्रकृतिरूपे मोहे शान्ते क्षीणे वा सूक्ष्मखण्डीभूतातिदुर्जय-संज्वलनलोभमात्रावस्थानस्य स्थानमित्यर्थः, शमनात् क्षयादिति पदाभ्यामत्रस्थोऽपि जीवः

क्षपक उपशमश्चेति द्विविध इति सूचितम्। अत्र क्षपकश्रेण्या समागत उपशमश्रेण्या समागतश्च संज्वलनलोभं क्रमेण क्षपयत्युपशमयति चेत्यर्थः। सूक्ष्मतयेति-अनिवृत्तिबादरेण किट्टीकृतत्वादिति भावः। अस्य कालनियममाह-अन्तरिति। उपशान्तकषायस्तु संज्वलनलोभमुपशमय्यैकादशगुणस्थानं यातीति। क्षपकस्तु लोभं क्षपयित्वोर्ध्वं द्वादशगुणस्थानं यातीति च विज्ञेयम्। सूक्ष्मसम्परायाद्धाचरमसमये तस्य लोभस्य क्षयो वोपशमो वा भवतीति विभावनातोऽन्तर्मुहूर्त्तमानमुक्तम्, अत्रस्थो जीवः पुंवेदसंज्वलनचतुष्कबन्धव्यवच्छेदात्सप्तदशकर्मप्रकृतेर्बन्धकः, त्रिवेदत्रिसंज्वलनोदयव्यवच्छेदात् षष्टेर्वेदयिता, मायासत्ताव्यवच्छेदाद्द्व्युत्तरशतसत्ताकश्च॥

દશમા ગુણસ્થાનનું સ્વરૂપ-

ભાવાર્થ - મોહનીયની વીસ (૨૦) પ્રકૃતિઓના ઉપશમથી કે ક્ષયથી સૂક્ષ્મરૂપે માત્ર લોભને રહેવાનું સ્થાન, એ 'સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન.' આ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણવાળું છે.

વિવેચન - વીસ (૨૦) પ્રકૃતિરૂપ મોહ, શાન્ત કે ક્ષીણ થયા બાદ સૂક્ષ્મ ખંડ રૂપ અત્યંત દુર્જય સં૦ લોભ માત્રના રહેવાનું સ્થાન, એવો અર્થ સમજવો.

○ 'ઉપશમથી' કે 'ક્ષયથી'-એવા બે પદો દ્વારા આ ગુણસ્થાનમાં રહેલો પણ જીવ ક્ષપક અને ઉપશમક-એમ બે પ્રકારનો છે, એમ સૂચન કરેલ છે. અર્થાત્ અહીં ક્ષપકશ્રેણિથી આવેલો અને ઉપશમશ્રેણિથી આવેલો ક્રમથી સં૦ લોભને ખપાવે છે અને ઉપશમાવે છે. 'સૂક્ષ્મપણે' અર્થાત્ અનિવૃત્તિ બાદર દ્વારા કિટ્ટિ કરેલ (ખંડ રૂપે કરેલ) હોઈ સૂક્ષ્મપણું અહીં સમજવું.

આ ગુણસ્થાનના કાળના માપને કહે છે કે-'અન્તર્મુહૂર્ત્ત જેટલા કાળમાનવાળું આ છે.'

○ ઉપશાન્ત કષાયવાળો તો સં૦ લોભને ઉપશમાવીને અગિયારમા (૧૧મા) ગુણસ્થાને જાય છે.

○ ક્ષપક તો લોભને ખપાવી ઉપર (અગિયારમાને છોડી ઉપર) બારમા (૧૨મા) ગુણસ્થાને જાય છે, એમ જાણવું.

○ સૂક્ષ્મસંપરાય અદ્ધાના છેલ્લા સમયમાં તે લોભનો ક્ષય કે ઉપશમ થાય છે. એવી વિભાવનાથી 'અન્તર્મુહૂર્ત્ત માનવાળું આ છે'- એમ કહેલ છે.

○ આ ગુણસ્થાનમાં રહેલ જીવ, પુરુષવેદ અને સં૦ ચારના બંધનો વિચ્છેદ થવાથી (૧૭) કર્મપ્રકૃતિઓનો બંધક છે.

○ ત્રણ વેદના અને સં૦ ક્રોધ-માન-માયાના ઉદયનો વિચ્છેદ થવાથી ૬૦ કર્મપ્રકૃતિઓના ઉદયવાળો છે.

○ માયાની સત્તાનો વ્યવચ્છેદ થવાથી ૧૦૨ કર્મપ્રકૃતિઓની સત્તાવાળો છે.

उपशमश्रेणिद्वारा समायातस्योपशान्तसंज्वलनलोभस्य प्राप्यं गुणस्थानमेकादशमाह-

उपशमश्रेण्या सर्वकषायामुदयायोग्यतया व्यवस्थापनस्थानमुपशान्तमोहगुणस्थानम् । अत्राष्टाविंशतिमोहनीयप्रकृतीनामुपशमो भवति, उपशान्तमोहस्तूत्कर्षेणाऽन्तर्मुहूर्त्तकालमत्र तिष्ठति । तत ऊर्ध्वं नियमादसौ प्रतिपतति । चतुर्वारं भवत्यासंसारमेषा श्रेणिः । २७ ।

उपशमश्रेण्येति । उपशमश्रेण्या सर्वेषां क्रोधादीनां कषायाणां विद्यमानानामपि भस्मच्छन्नाग्निरिव संक्रमणोद्वर्त्तनादिकरणायोग्यतया यत्र व्यवस्थापनं तादृशमुपशान्तमोहगुणस्थानमित्यर्थः, इदमेव चोपशान्तकषायवीतरागच्छद्मस्थगुणस्थानमित्यप्युच्यते, क्रोधमानमायालोभोदयविगमात्, ज्ञानावरणीयादिघातिकर्मोदयावस्थानाच्च । सूक्ष्मस्यापि संज्वलनलोभस्य सर्वथोपशमनादष्टाविंशतिमोहनीयप्रकृतीनामुपशमो जात इत्याशयेनाह-अत्रेति । एतद्गुणस्थान उपशमयितुस्स्थितिकालनियममाह-उपशान्तमोहस्त्विति । जघन्येनैकस्समय इत्यपि बोध्यम् । अन्तर्मुहूर्त्तानन्तरमसौ क्व यातीत्यत्राह-तत ऊर्ध्वमिति । उपशान्तस्यावश्यमुदयनियमेनोदिते च चारित्रमोहनीये च्यवत्येवेति भावः । ननूपशमश्रेणिरेकेनासंसारं कतिवारं कर्तुं शक्यत इत्यत्राह-चतुर्वारमिति । एकस्मिन् भवे तूत्कर्षतो द्वौ वारावुपशमश्रेणिं प्रतिपद्यते परन्तु तस्य नियमेन तस्मिन् भवे न क्षपकश्रेणिः, यस्त्वेकवारमुपशमश्रेणिं प्रतिपद्यते तस्य क्षपकश्रेणिर्भवेदपि, आगमाभिप्रायेण तु एकस्मिन् भवे एकामेव श्रेणिं प्रतिपद्यत इति ध्येयम् । ननूपशमश्रेणिमविरतादय एवारभन्ते ते च यथासम्भवं मिथ्यात्वानन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरणानामुपशमाद्भवन्ति, अन्यथा तेषामुदये सम्यक्त्वादिलाभ एव न स्यात् ततः कथमिदानीमुपशमस्तेषामुच्यत इति चेन्न पूर्वं हि तेषां क्षयोपशम एवासीत् नोपशमस्तत इदानीमुपशमः क्रियते । ननु क्षयोपशमोऽप्युदिते कर्मांशे क्षीणेऽनुदितेचोपशान्ते भवति उपशमोऽपि चैवम्भूत इति तयोर्विशेषाभाव इति चेन्न क्षयोपशमे तदावारकस्य कर्मणः प्रदेशतोऽनुभवनात्, उपशमे तु सर्वथा तदभावात्, ननु यदि सत्यपि क्षयोपशमे मिथ्यात्वानन्तानुबन्ध्यादिकषायाणां प्रदेशानुभवोऽस्ति तर्हि कथं न सम्यक्त्वादिगुणविघातः, तदुदये नियमेन सतोऽपि सम्यक्त्वादेरपगमात्, यथा सास्वादनसम्यग्दृष्टेरिति चेन्न प्रदेशानुभवस्य मन्दानुभावत्वात्, मन्दानुभावो ह्युदयो न स्वावार्यगुणविघातमाधातुमलम्, यथा चतुर्ज्ञानिनो मतिज्ञानावरणादीनां विपाकतोऽप्युदयः । तथाहि मतिज्ञानावरणादिकं कर्म ध्रुवोदयं ध्रुवोदयत्वाच्चाऽवश्यं विपाकतोऽनुभवनीयं, विपाकानुभवापेक्षयैव ध्रुवोदयत्वा-

भिधानात्, अथ च तत्सकलचतुर्ज्ञानिनो न मत्यादिज्ञानविघातकृद् भवति, तदुदयस्य मन्दानुभावत्वात्, तद्यदि विपाकतोऽप्यनुभूयमानं मन्दानुभावोदयत्वान्न स्वावार्यगुणविघाताय प्रभवति, तदा प्रदेशतोऽनुभूयमानमनन्तानुबन्ध्याद्यपि सुतरां तद्गुणविघातय न भविष्यति, तदुदयस्यातीव मन्दानुभावत्वादिति ॥ अत्रस्थो जीव एकप्रकृतेर्बन्धकः, एकोनषष्टि-प्रकृतेर्वेदयिता, अष्टचत्वारिंशद-धिकशतसत्ताकश्च[1] भवेदिति ॥

અગિયારમા ગુણસ્થાનનું વર્ણન-

ઉપશમશ્રેણિ દ્વારા આવેલ ઉપશાન્ત સં૦ લોભવાળાને લભ્ય અગિયાર (૧૧)મા ગુણસ્થાનને કહે છે.

ભાવાર્થ - ઉપશમશ્રેણિથી સર્વ કષાયોને ઉદયને અયોગ્યરૂપે સ્થાન કરવા, તે 'ઉપશાન્ત-મોહગુણસ્થાન.' અહીં (૨૮) અઠ્ઠાવીશ મોહનીય પ્રકૃતિઓનો ઉપશમ થાય છે. ઉપશાન્તમોહવાળો તો અહીં ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્તના કાળ સુધી રહે છે ત્યારબાદ નિયમથી આ પડે છે. આખા સંસારચક્રમાં એક જીવને ચાર વાર જ ઉપશમશ્રેણિ થાય છે.

વિવેચન - ઉપશમશ્રેણિથી વિદ્યમાન પણ સઘળા ક્રોધ આદિ કષાયોને રાખથી ઢાંકેલ અગ્નિની માફક સંક્રમણ, ઉદ્વર્તના આદિ કરણોના અયોગ્યરૂપે જ્યાં બનાવવાના છે, તેનું ઉપશાન્ત-મોહગુણસ્થાન છે, એવો અર્થ સમજવો. આ જ 'ઉપશાન્તકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાન' રૂપે કહેવાય છે, કેમ કે-ક્રોધ-માન-માયા-લોભના ઉદયનો વિનાશ છે. કર્મો=જ્ઞાનાવરણીય આદિ ઘાતીકર્મોના ઉદયની વિદ્યમાનતા છે. સૂક્ષ્મ એવા પણ સં૦ લોભનો સર્વથા ઉપશમ હોવાથી (૨૮) મોહનીયની પ્રકૃતિઓનો ઉપશમ થયેલ છે. એવા આશયથી કહે છે કે-'અહીં.....ઇત્યાદિ.' આ ગુણસ્થાનમાં ઉપશમ કરનારના સ્થિતિરૂપ કાળના નિયમને કહે છે. 'ઉપશાન્તમોહસ્તુ' ઇત્યાદિ જઘન્યથી એક સમય પણ અહીં સમજવો. અંતર્મુહૂર્ત્ત બાદ આ ક્યાં જાય છે ? એના જવાબમાં કહે છે કે- 'ત્યારપછી નિયમથી આ પડે છે.' અર્થાત્ ઉપશાન્તમાં અવશ્ય ઉદયનો નિયમ હોઈ અને ચારિત્રમોહનીયનો ઉદય થતાં પડે છે, એમ સમજવું. એક જીવ સંસારચક્રમાં કેટલીકવાર ઉપશમશ્રેણિ કરી શકે છે ? આના જવાબમાં કહે છે કે-'સઘળા ભવચક્રમાં એક જીવ ચાર વાર ઉપશમશ્રેણિ કરી શકે છે.

એક ભવમાં તો ઉત્કૃષ્ટથી બે વાર ઉપશમશ્રેણિ પામે છે પરંતુ તેને નિયમથી તે ભવમાં ક્ષપકશ્રેણિ નથી.

૦ વળી જે એક વાર ઉપશમશ્રેણિને પામે છે, તેને ક્ષપકશ્રેણિ થાય પણ ખરી. આગમના અભિપ્રાયથી તો એક ભવમાં એક જ શ્રેણિને પામે છે એમ ધારવું.

શંકા - અવિરત વગેરે ઉપશમશ્રેણિનો આરંભ કરે છે અને તેઓ સંભવ પ્રમાણે મિથ્યાત્વ અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન આવરણોના ઉપશમથી થાય છે. જો એમ માનવામાં ન આવે, તો તેઓના ઉદયમાં સમ્યક્ત્વ આદિનો લાભ જ ન થાય. તેથી હમણાં તેઓનો ઉપશમ કેમ કહેવાય છે ?

---

१. पूर्वगुणस्थानेष्वप्युपशमकस्येयत्येव सत्ता विज्ञेया ॥

समાધાન - એમ ન બોલો, કેમ કે-પહેલાં તેઓની પાસે ક્ષયોપશમ જ હતો, ઉપશમ ન હતો; તેથી હમણાં ઉપશમ કરાય છે.

શંકા - ક્ષયોપશમ પણ ઉદય પામેલ કર્મ અંશ ક્ષીણ થયા બાદ અને નહિ ઉદય પામેલ કર્મનો અંશ ઉપશાન્ત થયા બાદ થાય છે. ઉપશમ પણ એવો જ છે-એવી જ રીતે થયેલ છે, માટે આ બંનેમાં વિશેષ તફાવત નથી. કેમ બરોબર છે ને ?

સમાધાન - આ કથન બરોબર નથી, કેમ કે-ક્ષયોપશમના તે ગુણને આવરણ કરનાર કર્મનો પ્રદેશથી ઉદય રૂપ અનુભવે છે. ઉપશમમાં તો સર્વથા (પ્રદેશ ઉદયનો પણ) ઉદયનો અભાવ છે. આમ તફાવત સમજવો.

શંકા - જો ક્ષયોપશમ હોવા છતાંય મિથ્યાત્વ અનંતાનુબંધી કષાયોનો પ્રદેશરૂપ અનુભવ છે, તો કેમ સમ્યક્ત્વ આદિ ગુણોનો વિઘાત ન થાય ? કેમ કે-તેના ઉદયથી નિયમથી વિદ્યમાન પણ સમ્યક્ત્વ આદિનો વિનાશ છે. જેમ કે-સાસ્વાદન સમ્યગ્દષ્ટિ.

સમાધાન- પ્રદેશરૂપે અનુભવ, મંદ અનુભાવ (રસવિપાક)વાળો છે. ખરેખર, મંદરસવાળો ઉદય સ્વ આવાર્ય (આવરણયોગ્ય જ્ઞાનાદિ) ગુણનો વિનાશ કરવા માટે સમર્થ થતો નથી. જેમ કે-ચાર જ્ઞાનવાળાનો મતિજ્ઞાનાવરણ આદિનો વિપાક રૂપે પણ ઉદય-મંદ ઉદયના કારણે આવાર્યગુણનો ધ્વંસ કરવા માટે સમર્થ થતો નથી.

ઘટના તે આ પ્રમાણે=મતિજ્ઞાન આવરણ આદિ ક્રમે ધ્રુવ ઉદયવાળું છે, કેમ કે-તે તે પ્રકૃતિ ધ્રુવોદયથી છે.

[ધ્રુવોદયી=૨૭=જ્ઞાનાવ૦ ૫, અંત૦ ૫, દર્શનાવ૦ ૪, મિથ્યાત્વ, નિર્માણ, સ્થિર, અસ્થિર, તૈ૦ કા૦ વર્ણાદિ ૪, અગુ૰-અશુભ-શુભ એ (૨૭) ધ્રુવોદયી પ્રકૃતિ છે. પોતાના ઉદયવિચ્છેદ સ્થાન (ગુણસ્થાન) સુધી જેનો ધ્રુવ-નિરંતર ઉદય હોય, તે ધ્રુવોદયી, એ અર્થ હોવાથી એ ૨૭ પ્રકૃતિઓ જે જે ગુણસ્થાને ઉદયવિચ્છેદ પામે છે, ત્યાં સુધી કોઈ પણ સમય ઉદયના અભાવવાળો નથી. એ પ્રકૃતિઓ અનાદિકાળથી ઉદયવાળી હોય છે. એમાં મિથ્યાત્વ પહેલા ગુણ૰ સુધી ધ્રુવોદયી છે. શેષ ૧૪ ઘાતીપ્રકૃતિઓ ક્ષીણમોહ (૧૨મા) સુધી ધ્રુવોદયી અને નામકર્મની ૧૨ પ્રકૃતિઓ તેરમા અંત સમય સુધી ધ્રુવોદયી છે.]

અર્થાત્ અવશ્ય વિપાક રૂપે અનુભવયોગ્ય છે. વિપાક અનુભવની અપેક્ષાએ જ ધ્રુવ ઉદયપણાનું કથન છે. એવંચ તે મતિજ્ઞાનાવરણ આદિ ધ્રુવોદય કર્મ સમસ્ત ચાર જ્ઞાનવાળાના મતિ આદિ ચાર જ્ઞાનોમાં વિઘાત કરનારું થતું નથી, કેમ કે-તે ધ્રુવોદયી કર્મનો ઉદય મંદરસવાળો છે. તે જ્યારે વિપાક(ઉદય)થી પણ અનુભવાતું કર્મ (ધ્રુવોદયી કર્મ) મંદ અનુભવવાળા ઉદયના હિસાબે પોતાના આવાર્યગુણના વિઘાત માટે સમર્થ થતું નથી. ત્યારે તો પ્રદેશ ઉદયની અપેક્ષાએ અનુભવાતું મિથ્યાત્વ અનંતાનુબંધી પણ બિલકુલ તે સમ્યક્ત્વાદિ ગુણના વિઘાત માટે સમર્થ ન જ થાય. એમાં પૂછવાનું શું હોય ? કેમ કે-તે પ્રદેશોદય અત્યંત મંદરસવાળો છે.

૦ અહીં ઉપશાન્તમોહ નામક ગુણસ્થાનમાં રહેલ જીવ એક (શાતાવેદનીય રૂપ) પ્રકૃતિનો બંધક છે.

○ ५९ કર્મપ્રકૃતિના ઉદયવાળો છે.

○ અને ૧૪૮ કર્મપ્રકૃતિઓની સત્તાવાળો છે. અર્થાત્ પૂર્વના ગુણસ્થાનોમાં પણ ઉપશમકની આટલી જ સત્તા સમજવી.

ક્ષપકશ્રેણિને પામેલો, કિટ્ટી કરેલ સં૦ લોભવાળો થતો હોઈ (સૂક્ષ્મ લોભના અંશોને-ખંડોને ખપાવતો ખપાવતો તરત જ બારમા ગુણસ્થાને જાય છે.)

अथ क्षपकश्रेणिमाश्रित्य किट्टीकृतसंज्वलनलोभस्य ततः प्राप्यं स्थानं द्वादशमाचष्टे —

क्षपकश्रेण्या कषायनिस्सत्तापादकं स्थानं क्षीणमोहगुणस्थानम् । क्षपकश्रेणिश्चाभवमेकवारमेव भवति । एतदनन्तरमेव सकलत्रैकालिकवस्तुस्वभावभासकेवलज्ञानावाप्तिः । आन्तर्मौहूर्त्तिकमिदम् । २८ ।

क्षपकश्रेण्येति । क्षपकश्रेण्या कषायाणां सर्वेषां यत्र सत्ताराहित्यकरणं तादृशं स्थानं क्षीणमोहगुणस्थानमित्यर्थः, अस्याः श्रेण्या आभवमेकधैव संभव इत्याह-क्षपकश्रेणिश्चेति अत्र चोपान्त्यसमये निद्राप्रचले क्षीणमोहस्यान्त्यसमये च चक्षुर्दर्शनावरणादि दर्शनचतुष्क ज्ञानावरणपञ्चकान्तरायपञ्चकानि क्षपयति, ततोऽशेषसामान्यविशेषावभासिकेवलज्ञानवान् भवतीत्याह-एतदनन्तरमेवेति । कालमानमस्याह-आन्तरिति । एतद्गुणवर्त्ती जीवो दर्शनचतुष्क ज्ञानावरणान्तरायदशकोच्चैर्गोत्रयशोरूपषोडशबन्धव्यवच्छेदादेकस्य सातवेदनीयस्य बन्धकः, संज्वलनलोभर्षभनाराचनाराचोदयव्यवच्छेदात्सप्तपञ्चाशत्प्रकृतेर्वेदयिता, लोभसत्ताक्षपकत्वादेकोत्तरशतसत्ताकश्च भवति । तथा चतुर्थगुणस्थान एकप्रकृतेः[१] पञ्चम एकस्याः[२] सप्तमेऽष्टानां[३] नवमे षट्त्रिंशत्प्रकृतीनां[४] द्वादशे सप्तदशप्रकृतीनां[५] क्षय इति कृत्वा क्षीणमोहान्ते त्रिषष्टि-प्रकृतीनां स्थितिक्षयः शेषाः पञ्चाशीतिप्रकृतयो जरद्वस्त्रप्रायाः सयोगिगुणस्थाने भवन्तीति ॥

બારમા ક્ષીણમોહ ગુણસ્થાનનું સ્વરૂપ-

ભાવાર્થ - ક્ષપકશ્રેણિ દ્વારા કષાયોને સત્તાશૂન્ય કરનારું સ્થાન 'ક્ષીણમોહ ગુણસ્થાન' કહેવાય છે. સઘળા સંસારચક્રમાં એક જ વાર ક્ષપકશ્રેણિ થાય છે. આના પછી તરત જ ત્રણેય કાળના, સકલ વસ્તુ અને પોતાના પર્યાયને જાણનાર કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ ગુણસ્થાન અન્તર્મુહૂર્ત્તના કાળવાળું છે.

---

१. नारकायुषः स्थित्यभावः । २. तिर्यगायुषः स्थित्यभावः । ३. दर्शनमोहनीयसप्तकस्य क्षयः देवायुषश्च स्थित्यभावः । ४. नरकतिर्यग्द्विकसाधारणोद्योतसूक्ष्मविकलत्रिकैकेन्द्रियजातिस्त्यानर्द्धित्रिकातपस्थावरमध्यमाष्टकषायनपुंसकस्त्रीवेदहास्यादिषट्कपुंवेदसंज्वलनक्रोधमानमायानामित्यर्थः । ५. संज्वलनलोभनिद्राद्विकज्ञानान्तरायदशकदर्शनावरणीयचतुष्कक्षयः कर्मग्रन्थे तु संज्वलनलोभस्य दशमान्ते क्षयः ॥

વિવેચન - જે ગુણસ્થાનમાં ક્ષપકશ્રેણિ દ્વારા સઘળા કષાયોને સત્તા વગરના કરવાનું થાય છે, તેવું સ્થાન 'ક્ષીણમોહ ગુણસ્થાન' એવો અર્થ સમજવો. આ ક્ષપકશ્રેણિનો ભવચક્રમાં એક જીવને એક જ વાર સંભવ હોઈ કહે છે કે-'ક્ષપકશ્રેણિ.....'

અર્થાત્ અહીં ઉપાન્ત્ય (છેલ્લાના પહેલા) સમયમાં નિદ્રા અને પ્રચલાને ખપાવે છે અને ક્ષીણમોહના છેલ્લા સમયમાં ચક્ષુદર્શન આદિ રૂપ દર્શનચતુષ્ક-જ્ઞાનાવરણ પંચક-અંતરાય પંચકોને ખપાવે છે. ત્યારબાદ સમસ્ત સામાન્ય વિશેષ પ્રકાશક કેવળજ્ઞાનવાળો થાય છે.

○ આ ગુણસ્થાનમાં વર્તતો જીવ દર્શનચતુષ્ક-જ્ઞાનાવરણ પંચક-અંતરાય પંચક-ઉચ્ચ ગોત્ર-યશરૂપ સોલ (૧૬) કર્મપ્રકૃતિઓના બંધનો વિચ્છેદ થવાથી એક (૧) શાતાવેદનીયનો બંધક છે.

○ સં૦ લોભ, ઋષભનારાચના ઉદયનો વિચ્છેદ થવાથી (૫૭) સત્તાવન કર્મપ્રકૃતિના ઉદયવાળો છે.

○ લોભની સત્તાનો ક્ષપક હોવાથી ૧૦૧ એકસોએકની સત્તાવાળો થાય છે.

○ તથા ચોથા ગુણસ્થાનમાં એક પ્રકૃતિનો ક્ષય (નારક આયુષ્યની સ્થિતિનો સત્તાનો અભાવ), પાંચમા ગુણસ્થાનમાં એક પ્રકૃતિનો ક્ષય (તિર્યંચ આયુષ્યની સ્થિતિનો સત્તાનો અભાવ), સાતમા (૭) ગુણસ્થાનમાં આઠ કર્મપ્રકૃતિનો ક્ષય (દર્શનમોહનીય સપ્તકનો ક્ષય, દેવાયુષ્યની સ્થિતિનો અભાવ), નવમા (૯) ગુણસ્થાનમાં ૩૬ કર્મપ્રકૃતિઓનો ક્ષય (૨-નરકદ્વિક, ૪-તિર્યંચદ્વિક, ૫-સાધારણ, ૬-ઉદ્યોત, ૭-સૂક્ષ્મ, ૧૦-વિકલત્રિક, ૧૧-એકેન્દ્રિયજાતિ, ૧૪-સ્ત્યાનર્દ્ધિત્રિક, ૧૫-આતપ, ૧૬-સ્થાવર, ૨૪-મધ્યમ કષાયાષ્ટક, ૨૫-નપુંસકવેદ, ૨૬-સ્ત્રીવેદ, ૩૨-હાસ્યાદિ છ (૬), ૩૩-પુંવેદ, સં૦ ૩૪-ક્રોધ, ૩૫-માન, ૩૬-માયારૂપ (૩૬) કર્મપ્રકૃતિઓનો ક્ષય), બારમા (૧૨) ગુણસ્થાનમાં ૧૭ કર્મપ્રકૃતિઓનો ક્ષય (૧-સં૦ લોભ, ૩-નિદ્રાદ્વિક, ૮-જ્ઞાનાવરણ પંચક, ૧૩-અંતરાય પંચક, ૧૭-દર્શનાવરણીય ચતુષ્ક, એમ સત્તર કર્મપ્રકૃતિનો ક્ષય. કર્મગ્રંથમાં તો સં૦ લોભનો દશમાના અંતમાં ક્ષય કથિત છે.), એમ કરીને-એવી રીતે ક્ષીણમોહગુણસ્થાનના અંતમાં (૬૩) કર્મપ્રકૃતિની સ્થિતિનો ક્ષય, બાકીની (૮૫) કર્મપ્રકૃતિઓ ઘસાઈ ગયેલા વસ્ત્ર જેવી સયોગીગુણસ્થાનમાં હોય છે.

અધુના ત્રયોદશં ગુણસ્થાનમાહ—

योगत्रयवतः केवलज्ञानोत्पादकं स्थानं सयोगिगुणस्थानम् । इदञ्चोत्कृष्टतो देशोनपूर्वकोटिप्रमाणम् । जघन्यतोऽन्तर्मुहूर्त्तम् । २९ ।

योगत्रयवत् इति । मनोवाक्काययोगात्मकयोगत्रयवतः केवलज्ञानोद्भवप्रयोजकस्थानमित्यर्थ। योगो नाम वीर्यान्तरायक्षयक्षयोपशमसमुद्भूतलब्धिविशेषाविर्भूतो जीवस्यो वीर्यविशेषः स्थामोत्साहपराक्रमचेष्टाशक्तिसामर्थ्यादिपर्यायः । स द्विविधः, सकरणोऽकरणश्चेति । ज्ञेयदृश्येष्वखिलवस्तुषूपयुञ्जानस्य केवलिनः केवलज्ञानदर्शनयोर्योऽसावप्रतिघो वीर्यविशेषः सोऽकरणः, स नात्र विवक्षितः । मनोवाक्कायकरणको योगस्त्वत्र विवक्षितः, तैर्योगैरुपेतः केवली

सयोगिकेवलीत्युच्यते, केवलिनोऽपि मनोवाक्कायजा योगा भवन्ति । तत्र काययोगो गमनागमननिमेषोन्मेषादिषु । वाग्योगो धर्मदेशनादिषु । मनोयोगोऽनुत्तरदेवैर्मनःपर्यववद्भिर्वा मनसा पृष्टस्य मनसैव देशनायां, ते हि भगवत्प्रयुक्तानि मनोद्रव्याणि अवधिज्ञानेन मनः पर्यवज्ञानेन वा पश्यन्ति, दृष्ट्वा च ते विवक्षितवस्त्वालोचनाकारान्यथानुपपत्त्याऽलोकस्वरूपादिकमपि बाह्यमर्थं पृष्टमवगच्छन्तीति । सयोगिकेवल्ययं तीर्थकृदतीर्थकृच्च भवति । येन हि पूर्वस्मिन् भवेऽर्हत्सिद्धप्रवचनगुरुस्थविरबहुश्रुततपस्विषु वात्सल्यादिभिर्विंशतिपुण्यस्थानकैस्तीर्थकृत्कर्माजितं तस्यात्रोदयात्त्रिभुवनाधिपतिर्जिनेन्द्रस्तीर्थकरश्चतुस्त्रिंशदतिशयैर्युक्तस्तीर्थं प्रवर्तको भवति । यस्य तु न तीर्थकृत्कर्म स इतरः सामान्यकेवली, केवलिनामत्र गुणस्थाने स्थितिमाह-इदञ्चेति । चतुरशीतिलक्षेण चतुरशीतिलक्षे गुणिते लब्धा संख्या पूर्वमुच्यते तेषां कोटिः-पूर्वकोटिस्तत्प्रमाणं देशोनमस्य गुणस्थानस्य कालमानमित्यर्थः । देशोनेति, किञ्चिदूनवर्षनवकलक्षणदेशोनेत्यर्थः । जघन्यकालमानमाह-जघन्यत इति । अत्रेदमवसेयं यस्याऽऽयुषस्स्थितिर्वेदनीयादिकर्मणस्सकाशान्यूना भवति तदा स कर्मणां समीकरणार्थं समुद्घातं करोति नेतरः । तत्र वेदनादिभिरेकीभावमुपगतेन जन्तुना बहूनां वेदनीयादिकर्मप्रदेशानां कालान्तरानुभवयोग्यानामुदीरणाकरणेनाकृष्योदये प्रक्षिप्यानुभूय च निर्जरीकरणं समुद्घातः, स च सप्तधा वेदनाकषायमरणवैक्रियतैजसाहारककेवलिभेदात् । वेदनासमुद्घातादयष्षडनुक्रममसातवेदनीयकषायान्तर्मुहूर्त्तावशिष्टायुर्वैक्रियशरीरनामतैजसशरीरनामाहारकशरीरनामकर्माश्रयाः प्रत्येकमान्तर्मौहूर्त्तिकाः, केवलिसमुद्घातस्तु सदसद्वेद्याशुभशुभनामोच्चनीचैर्गोत्रकर्माश्रयोऽष्टसामयिकः । आहारककेवलिसमुद्घातातिरिक्ताः पञ्चैकेन्द्रियाणां, एष्वेव वैक्रियवर्जिताश्चत्वारो विकलेन्द्रियाणामसंज्ञिपञ्चेन्द्रियाणाञ्च, सर्वे च मनुष्याणां भवन्ति । अन्तर्मुहूर्त्तावशेषायूः केवली वेदनीयायुषोस्तुल्यताकरणाय नानादिक्षु आलोकान्तमात्मप्रसारणया दण्डकपाटमन्थानान्तरालपूरणानि चतुर्भिस्समयैः कुर्वन् व्यापीभूत्वा चतुर्भिश्चोपसंहरन् स्वशरीरस्थो भवति, परं तदानीं मनोवाग्योगौ न व्यापारयति । तत्र प्रथमाष्टमसमययोरौदारिकाङ्गयोगः, द्वितीयषष्ठसप्तमसमयेषु औदारिकमिश्रकाययोगः तृतीयचतुर्थपञ्चमसमयेषु च केवलं कार्मणकाययोगो भवति । अत एव तदानीमनाहारकश्च समुद्घाताच्च निवृत्तो योगत्रयमपि व्यापारयति । ततो योगनिरोधाय ध्यानं ध्यायति । अत्रस्थो जीव एकविधबन्धकः, ज्ञानान्तरायदर्शनचतुष्कोदयव्यवच्छेदाद् द्विचत्वारिंशत्प्रकृतीनां वेदयिता, निद्राप्रचलाज्ञानान्तरायदर्शनचतुष्करूपषोडशप्रकृतीनां सत्ताव्यवच्छेदात्पञ्चाशीतिसत्ताको भवति ॥

તેરમા ગુણસ્થાનનું વર્ણન-

ભાવાર્થ - ત્રણ યોગવાળાનું, કેવલજ્ઞાનનું ઉત્પાદકસ્થાન, એ 'સયોગીગુણસ્થાન.' આ ગુણસ્થાન ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોડ પ્રમાણવાળું છે, જઘન્યથી અન્તર્મુહૂર્ત્તનું છે.

વિવેચન - મન-વચન-કાયયોગ રૂપ ત્રણ યોગવાળાનું કેવલજ્ઞાનના પ્રાદુર્ભાવમાં પ્રયોજકસ્થાન 'સયોગીગુણસ્થાન.' યોગ એટલે વીર્ય અંતરાયના ક્ષય કે ક્ષયોપશમથી પેદા થયેલ લબ્ધિવિશેષથી પ્રગટેલ જીવનો વીર્યવિશેષ. સ્થાન-ઉત્સાહ-પરાક્રમ-ચેષ્ટા-શક્તિ-સામર્થ્ય આદિ પર્યાયવાળો છે, તે સકરણ-અકરણના ભેદથી બે પ્રકારનો છે.

અકરણ વીર્ય=જ્ઞેય (જ્ઞાનવિષય) દૃશ્ય (દર્શનવિષય) રૂપ સમસ્ત વસ્તુઓમાં ઉપયોગવાળા કેવલીનો જે આ અપ્રતિહત-વિશિષ્ટ વીર્ય, તે અકરણ કહેવાય છે. તે અહીં વિવક્ષિત નથી. મન-વચન-કાયરૂપી કરણજન્ય યોગ તો અહીં વિવક્ષિત છે. તે યોગોથી યુક્ત કેવલી 'સયોગીકેવલી' રૂપે કહેવાય છે. કેવલીને પણ મન-વચન-કાયજન્ય યોગો (વ્યાપારો) હોય છે. કેવલીમાં કાયયોગ=જવા=આવવામાં આંખ મીંચવી-ઉઘાડવી ઇત્યાદિ ક્રિયામાં વચનયોગ=ધર્મદેશના આદિમાં અને મનોયોગ=અનુત્તરવિમાનવાસી દેવોએ કે મનઃપર્યવજ્ઞાની મુનિઓએ મનદ્વારા પૂછેલ પ્રશ્નના જવાબમાં મનોયોગનો ઉપયોગ છે. તે અનુત્તરવિમાનવાસી દેવો કે મનઃપર્યવજ્ઞાની મુનિઓ, ખરેખર, ભગવંતે પ્રયોગમાં લીધેલા મનોદ્રવ્યોને અવધિજ્ઞાન વડે કે મનઃપર્યવજ્ઞાન વડે જુએ છે અને જોયા બાદ તેઓ વિવક્ષિત વસ્તુના આલોચનાના આકારની અન્યથા અનુપપત્તિથી પૂછેલા બાહ્ય અર્થને, અલોકસ્વરૂપ આદિને પણ જાણે છે.

○ આ સયોગીકેવલી તીર્થંકર અને અતીર્થંકર હોય છે.

○ ખરેખર, જેણે પૂર્વભવમાં શ્રી અરિહંત-સિદ્ધ-પ્રવચન-ગુરુ-સ્થવિર-બહુશ્રુત અને તપસ્વીઓમાં, વાત્સલ્ય આદિથી (૨૦) વીસ પવિત્ર સ્થાનકોથી શ્રી તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરેલ છે, તેનો ઉદય થવાથી ત્રિભુવનના અધિપતિ, જિનેન્દ્ર-તીર્થંકર ચોત્રીશ (૩૪) અતિશયોથી યુક્ત તીર્થપ્રવર્તક થાય છે.

જેની પાસે તીર્થંકરકર્મ નથી, તે અતીર્થંકર અર્થાત્ સામાન્યકેવલી કહેવાય છે. કેવલીઓની આ ગુણસ્થાનમાં સ્થિતિને કહે છે. (૮૪) લાખને (૮૪) લાખે ગુણતાં જે સંખ્યા મળે છે, તે 'પૂર્વ' કહેવાય છે. તે પૂર્વોની કોટિ એટલે કોડપૂર્વ, તે દેશોન કોડપૂર્વ, આ ગુણસ્થાનનું ઉત્કૃષ્ટ પ્રમાણ છે. કાંઈક ન્યૂન નવ વર્ષ રૂપ 'દેશોન'નો અર્થ સમજવો. જઘન્ય કાળમાનને કહે છે કે-'જઘન્યતઃ' ઇતિ.

○ અહીં આમ સમજવાનું છે કે-જે કેવલીભગવંતની આયુષ્યની સ્થિતિ વેદનીય-નામ-ગોત્રકર્મોની સ્થિતિ કરતા ન્યૂન હોય છે, ત્યારે તે કેવલી, તે વેદનીય આદિ કર્મોની સ્થિતિને સરખી (આયુષ્યની સ્થિતિ સમાન) કરવા માટે સમુદ્‌ઘાતને કરે છે, બીજા નહિ.

○ સમુદ્‌ઘાતનો અર્થ અને પ્રસંગોપાત તેના ભેદોનું સ્વરૂપ. ત્યાં વેદના આદિની સાથે એકીભાવ-એકતાને પામેલો જીવ, કાળાંતરે ભોગવવાયોગ્ય ઘણા વેદનીય આદિ કર્મપ્રદેશોને (પુદ્‌ગલોને) ઉદીરણના નામકરણ માટે આકર્ષીને ઉદયમાં ફેંકી-ખપાવી નાખવા, તે 'સમુદ્‌ઘાત' કહેવાય છે.

[સમુદ્‌ઘાતમાં સમ્ એકીભાવવાચી છે, ઉપ્ પ્રાબલ્યવાચી છે અને ઘાત શબ્દ, ગતિ અને સંહારવાચી છે. આત્મપ્રદેશોને બહાર કાઢવા એ અર્થ ગતિપક્ષનો છે, જ્યારે કર્મપુદ્‌ગલોનો વિનાશ કરવો અને તેનું પરિશાટન કરવું એ સંહારપક્ષનો છે.] તે સમુદ્‌ઘાત (૧) વેદના, (૨) કષાય, (૩) મરણ, (૪) વૈક્રિય, (૫) તૈજસ્ (૬) આહારક અને (૭) કેવલીના ભેદથી સાત પ્રકારે છે.

૦ વેદના સમુદ્‌ઘાત આદિ (૬) છ સમુદ્‌ઘાતો, અનુક્રમે અશાતાવેદનીયકર્મ, કષાય (ચારિત્રમોહનીયકર્મ), અન્તર્મુહૂર્ત્ત અવશિષ્ટ આયુષ્યકર્મ વૈક્રિયશરીર-નામકર્મ, તૈજસ શરીરનામકર્મ અને આહારકશરીરનામકર્મના આશ્રયવાળા છે તથા દરેક અન્તર્મુહૂર્ત્ત કાળવાળા છે. કેવલીસમુદ્‌ઘાત તો સાત-અસાતરૂપ વેદનીય, શુભ-અશુભનામકર્મ અને ઉચ્ચ-નીચ ગોત્રના આશ્રયવાળો છે તથા આઠ (૮) સમયના કાળવાળો છે.

અધિકારી=આહારક, કેવલીસમુદ્‌ઘાત સિવાયની પાંચ (૫) સમુદ્‌ઘાત તો વાયુકાય સહિત એકેન્દ્રિય જીવોને હોય છે. આહારક-કેવલી-વૈક્રિય સિવાયની (૪) ચાર સમુદ્‌ઘાતો વિકલેન્દ્રિય જીવોને અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોને હોય છે. સઘળી સમુદ્‌ઘાતો મનુષ્યોને હોય છે. નારકોને (૪), ભવનપતિ-વ્યંતર-જ્યોતિષી, વૈમાનિકને (૫), પંચેન્દ્રિયતિર્યંચ પૈકી કેટલાકને તેજોલબ્ધિ હોવાથી પ્રાથમિક (૫) સમુદ્‌ઘાત હોય છે.

૦ અન્તર્મુહૂર્ત્તપ્રમાણ શેષ આયુષ્યવાળા કેવલીભગવાન વેદવાયોગ્ય નામ-ગોત્ર-વેદનીયકર્મ અને આયુષ્યની સ્થિતિ, સમાન કરવા માટે પોતાના આત્મપ્રદેશો ઉર્ધ્વલોકાન્તથી અધોલોકાન્ત સુધી ફેલાવવા વડે પહેલા એક સમયમાં આત્મપ્રદેશોને દંડ આકાર સરખા (દીર્ઘ શ્રેણિવાળા) કરે છે; બીજા સમયમાં પૂર્વ-પશ્ચિમ દિશામાં આત્મપ્રદેશોને કપાટ-કમાડ સરખો આકાર રચે છે; કપાટ આકાર વિસ્તારેલા આત્મપ્રદેશોને પુનઃ ત્રીજા સમયમાં દક્ષિણથી ઉત્તરદિશા સુધી વિસ્તારી મંથાર આકાર રચે છે અને ચોથા સમયમાં મંથનના આંતરા પૂરવાથી ૧૪ રજ્જુપ્રમાણ લોકને સંપૂર્ણ પૂરે છે. (અર્થાત્ લોકમાં સર્વત્ર કેવલીના આત્મપ્રદેશો વ્યાપ્ત થઈ જાય છે.) એ પ્રમાણે સમુદ્‌ઘાત કરનારા કેવલીભગવાન ચાર સમયે સંપૂર્ણ લોકવ્યાપ્ત થઈ જાય છે. પૂર્વકથિત પ્રકાર વડે કેવલીભગવાન પોતાના આત્મપ્રદેશોને વિસ્તારવાના પ્રયોગથી કર્મના અંશોને સમાન કરી તે સમુદ્‌ઘાતથી ઉલટા ક્રમે પાછા ફરે છે. અર્થાત્ ચાર સમયમાં સર્વલોક સંપૂર્ણ કરીને પાંચમા સમયે અંતરપૂર્તિથી નિવર્તે છે. (અર્થાત્ આ મંથનના આંતરામાં વિસ્તારેલા આત્મપ્રદેશોને સંહરી મંથાનસ્થ થાય છે.) છઠ્ઠા સમયમાં મંથાનથી નિવર્તે છે. (અર્થાત્ મંથાનપણે વિસ્તારેલા આત્મપ્રદેશોને સંહરી કપાટસ્થ થાય છે.) સાતમા સમયમાં કપાટ સંહરે છે અને તેથી દંડસ્થ થાય છે. ત્યારબાદ આઠમા સમયમાં દંડ સંહરીને સ્વભાવસ્થ (દેહસ્થ) થાય છે પરંતુ તે વખતે મન-વચનના યોગનો વ્યાપાર નથી હોતો.

૦ આ સમુદ્‌ઘાતના પહેલા અને આઠમા સમયે મુનિ, ઔદારિક કાયયોગી હોય છે; બીજા-છઠ્ઠા-સાતમા સમયમાં ઔદારિક મિશ્રકાયયોગી હોય છે; ત્રીજા-ચોથા-પાંચમા સમયમાં એક કાર્મણકાયયોગી હોય છે. એથી જ તે વખતે અનાહારક હોય છે. (ત્રીજા-ચોથા-પાંચમા સમયમાં કેવલીભગવાન કર્મણયોગવાળા હોવાથી અનાહારક=ઔદારિક શરીરપ્રાયોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ નહિ કરનારા છે.)

૦ કેવલીભગવાન સમુદ્‌ઘાતથી નિવર્ત્યા બાદ મન-વચન-કાયરૂપ ત્રણ યોગનો ઉપયોગ કરે છે અને ત્યારપછી ત્રણ યોગને રોકવા માટે ત્રીજું શુકલધ્યાન ધ્યાય છે.

○ અહીં રહેલો જીવ એક પ્રકારનો બંધક (શાતાવેદનીય બંધક) હોય છે.

○ (૫) જ્ઞાનાવરણ, (૫) અંતરાય અને (૪) દર્શનાવરણીયના ઉદયનો વિચ્છેદ થવાથી (૪૨) કર્મપ્રકૃતિના ઉદયવાળો હોય છે.

○ (૨) નિદ્રા-પ્રચલા, (૫) જ્ઞાનાવરણ, (૫) અંતરાય અને (૪) દર્શનાવરણ, એ ૧૫ પ્રકૃતિનો સત્તાવિચ્છેદ થવાથી (૮૫) પ્રકૃતિની સત્તાવાળો હોય છે.

सम्प्रत्यन्तिमं चतुर्दशं गुणस्थानमाह —

योगप्रतिरोधिशैलेशीकरणप्रयोजकं स्थानमयोगिगुणस्थानम् । आदिमह्रस्व[१]पञ्चस्वरोच्चारणाधिकरणकालमात्रमानमेतत् । इति चतुर्दशगुणस्थानानि । ३० ।

योगेति । योगनिरोधावस्थारूपा या शैलेशी तत्करणप्रयोजकं यत्स्थानं तदयोगिगुणस्थानमित्यर्थः, लेश्याविधुरपरमप्रकर्षप्राप्तयथाख्यातचारित्रस्य शीलस्य ईशः शीलेशोऽयोगिकेवली, तस्य त्रिभागेन संकुचिताऽऽत्मदेहस्य इयं शैलेशी, मेरुश्शैलेशः तस्येव वा निष्प्रकम्पावस्था भगवतस्सा शैलेशीति वा व्युत्पत्तिः । अत्र पूर्वोक्तस्त्रिविधोऽपि योगः प्रत्येकं सूक्ष्मबादरभेदेन द्विधा, केवलोत्पत्तेरनन्तरं जघन्येनान्तर्मुहूर्त्तकालमुत्कर्षेण देशोनपूर्वकोटिं विहृत्याऽन्तर्मुहूर्त्तावशेषायुष्कस्सयोगिकेवली शैलेशीं प्रतिपित्सुः शुक्लध्यानविशेषध्यायी प्रथमं बादरकाययोगाश्रयेण स्थूलवाङ्मनोयोगयुग्मं सूक्ष्मीकरोति । ततस्सूक्ष्मवाक्चित्तयोरवष्टम्भेन बादरकाययोगं सूक्ष्मत्वं नयति । ततस्सूक्ष्मकाययोगे तिष्ठन् सूक्ष्मवाक्चित्तयोर्निग्रहं करोति, ततश्च तत्रैव तिष्ठन् सूक्ष्मक्रियमनिवृत्तिशुक्लध्यानं ध्यायन् सूक्ष्मकाययोगं स्वात्मनैव निरुणद्धि, अन्यस्यावष्टम्भभूतस्य योगान्तरस्याभावात्, तन्निरोधानन्तरं समुच्छिन्नक्रियमप्रतिपाति शुक्लध्यानं ध्यायन् अ इ उ ऋ लृ इत्यादिमह्रस्वपञ्चस्वरोच्चारणाधिकरणकालमानं शैलेशीकरणमारभते, योगलेश्याकलङ्कविप्रमुक्तयथाख्यातचारित्रस्वामिसम्बन्धिनी या त्रिभागोनस्वदेहावगाहनायामुदरादिरन्ध्रपूरणप्रयुक्तसंकुचितस्वप्रदेशस्यात्मनोऽत्यन्तस्थिराऽवस्थितिस्साशैलेशी तस्यां करणं-पूर्वरचितशैलेशीसमयसमानगुणश्रेणिकस्य वेदनीयनामगोत्राख्यस्याघातिकर्मत्रितयस्यासंख्येयगुणया श्रेण्याऽऽयुःशेषस्य तु यथास्वरूपस्थितया श्रेण्या निर्जरणं शैलेशीकरणं, तत्राऽसौ प्रविष्टोऽयोगिकेवली भवति । अत्रौदारिकद्विकास्थिरद्विकविहायोगतिद्विकप्रत्येकत्रिकसंस्थानषट्कागुरुलघुचतुष्कवर्णचतुष्कनिर्माणकर्मतैजसकार्मणद्वयप्रथमसंहननस्वरद्विकैकवेदनीयरूपत्रिंशत्प्रकृत्युदयव्यवच्छेदो बोध्यः, मुक्त्युपान्त्यसमये देहपञ्चक

१. द्रविडतैलङ्गादिभाषायां एकारौकारयोरपि ह्रस्तत्वात्तद्धारणायादिमेति ॥

बन्धनपञ्चकसंघातपञ्चकाङ्गोपाङ्गत्रयसंस्थानषट्कवर्णपञ्चकरसपञ्चकसंहननषट्कस्पर्शाष्टकगन्धद्वयनीचैर्गोत्रानादेयदुर्भगागुरुलघूपघातपराघातनिर्माणापर्याप्तोच्छ्वासायशोविहायोगतिद्वयशुभाशुभस्थैर्याऽस्थैर्यदेवगत्यानुपूर्वीप्रत्येकसुस्वरदुःस्वरैकवेदनीया द्वासप्ततिप्रकृतयः क्षयमुपयान्ति, अन्त्यसमये चैकवेद्यादेयपर्याप्तत्रसबादरमनुष्यायुर्यशोमनुष्यगत्यानुपूर्वीसौभाग्योच्चैर्गोत्रपञ्चेन्द्रियत्वतीर्थकृन्नामानीति त्रयोदशप्रकृतीः क्षयं नीत्वा कर्मसम्बन्धविमोक्षलक्षणसहकारिसमुत्थस्वभावविशेषादूर्ध्वं गच्छन् प्राप्तसिद्धत्वनामा ऋजुश्रेण्या यावत्स्वाकाशप्रदेशेष्विहावगाहस्तावद्भ्य एव प्रदेशेभ्य ऊर्ध्वमप्यवगाहमानो विवक्षितसमयाच्चान्यसमयान्तरमस्पृशन् लोकान्तं व्रजति न परतोऽपि, धर्मास्तिकायाभावात् तत्र गतश्शाश्वतं कालमवतिष्ठत इत्यभिप्रायेणोक्तमादिमेति । एतद्गुणस्थानस्थो जीवोऽबन्धकः, उपर्युक्तत्रयोदशप्रकृतिवेदयिता । अन्त्यसमयद्वयात्पूर्वं पञ्चाशीतिसत्ताकः, उपान्त्यसमये त्रयोदशप्रकृतिसत्ताकः, चरमसमये त्वसत्ताको बध्यः । गुणस्थानेष्वेषु बहुवक्तव्यत्वेऽपि संक्षेपेण ग्रन्थगौरवभिया प्रोक्तमित्याशयेनोपसंहरतीति, विस्तरतस्त्वागमेभ्योऽवगन्तव्य इति भावः ॥

છેલ્લા ચૌદમા ગુણસ્થાનનું વર્ણન-

ભાવાર્થ - યોગના નિરોધ અવસ્થારૂપ શૈલીશીકરણનું કારણરૂપ સ્થાન, એ 'અયોગી ગુણસ્થાન.' પ્રથમના પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચારણના આધારરૂપ કાળ માત્ર પ્રમાણવાળું આ ગુણસ્થાન છે. આ પ્રમાણે ચૌદ (૧૪) ગુણસ્થાનનું સ્વરૂપ સમાપ્ત થાય છે.

વિવેચન - યોગની નિરોધ અવસ્થારૂપ જે શૈલેશી, તેને કરવામાં નિમિત્તભૂત જે સ્થાન, તે 'અયોગી ગુણસ્થાન' કહેવાય છે.

શૈલેશી=લેશ્યા વગરના, પરમ પ્રકર્ષને પ્રાપ્ત યથાખ્યાતચારિત્રરૂપ (સર્વ સંવર) શીલનો ઈશ=શીલેશ—અયોગીકેવલી. ત્રીજા ભાગે સંકુચિત ન્યૂન સ્વશરીરવાળા તે અયોગીકેવલીની આ યોગનિરોધ અવસ્થા, તે 'શૈલેશી.'

અથવા શૈલેશ જ એટલે મેરૂ, તે મેરૂની માફક ભગવંતની જે અકંપ અવસ્થા, તે 'શૈલેશી' એમ વ્યુત્પત્તિજન્ય અર્થો સમજવા. અહીં પૂર્વે કહેલ ત્રણ પ્રકારનો પણ યોગ, પ્રત્યેક સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે પ્રકારે છે.

---

१. अत्र केचित् मनुष्यानुपूर्व्या द्विचरमसमये व्यवच्छेदः उदयाभावात्, उदयवतीनां हि स्तिबुकसंक्रमाभावात्स्वरूपेण चरमसमयेदलिकं दृश्यत एवेति युक्तस्तासां चरमसमये व्यवच्छेदः, आनुपूर्वीनाम्नान्तु क्षेत्रविपाकित्वेन भवापान्तरालगतावेवोदयः, तेन भवस्थस्य तदुदयासम्भवः, तदसम्भवाच्चायोग्यवस्थाद्विचरमसमय एव मनुष्यानुपूर्व्यास्सत्ताव्यवच्छेद इति द्विचरमसमये त्रिसप्ततिप्रकृतीनां चरमसमये द्वादशानां सत्ताव्यवच्छेद इति वदन्ति ॥

○ કેવલજ્ઞાનની ઉત્પત્તિ થયા બાદ જઘન્યથી અન્તર્મુહૂર્ત્તકાળ સુધી ઉત્કૃષ્ટથી દેશોન-પૂર્વકોડ સુધી વિહાર કરી, અન્તર્મુહૂર્ત્તનું જ્યારે આયુષ્ય બાકી રહ્યું હોય ત્યારે, શૈલેશીને પામવાની ઇચ્છાવાળા શુક્લધ્યાનવિશેષ (ત્રીજું શુક્લધ્યાન) ધ્યાન કરનારા સયોગીકેવલી, પહેલા બાદરકાયયોગના આશ્રય દ્વારા સ્થૂલ વચન અને મનના યોગને સૂક્ષ્મ કરે છે.

○ ત્યારબાદ સૂક્ષ્મ વચન અને મનના આધારે બાદરકાયયોગને સૂક્ષ્મ બનાવે છે.

○ ત્યારપછી સૂક્ષ્મ બાદરકાયયોગમાં રહીને સૂક્ષ્મ વચન અને મનનો વિચ્છેદ કરે છે.

○ ત્યારબાદ ત્યાં જ રહેતો, શુક્લધ્યાનના ત્રીજા પાયારૂપ સૂક્ષ્મ ક્રિયા અનિવૃત્તિવાળા શુક્લધ્યાનને આત્મસ્પંદનારૂપ સૂક્ષ્મક્રિયા મટીને હવે કદી પણ બાદરક્રિયા થવાની નથી. તે સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિક શુક્લધ્યાનને ધ્યાવતો સૂક્ષ્મકાયયોગને પોતાના આત્મા વડે જ રોકે છે, કેમ કે-આધાર (ટેકારૂપ) બીજા યોગાન્તરનો અભાવ છે.

○ સૂક્ષ્મક્રિયાનિરોધ બાદ અપ્રતિપાતિ (નહિ પાડનાર) સમુચ્છિન્ન (સર્વથા નિવૃત્ત) સૂક્ષ્મકાયયોગ રૂપ ક્રિયાવાળું ચોથા પાયા રૂપ શુક્લધ્યાનને ધ્યાવતો અ-ઇ-ઉ-ઋ-ઌ આ પ્રમાણેના પ્રથમ (દ્રાવિડ-તૈલંગ આદિ ભાષામાં એકાર ઓકારને હ્રસ્વ ગણે છે, માટે તેના વારણ માટે આદિમ-પ્રથમ એમ સમજવું.) હ્રસ્વ એવા પાંચ સ્વરોના ઉચ્ચારણના આધાર કાળમાનવાળા શૈલેશીકરણનો આરંભ કરે છે.

○ યોગ-લેશ્યાના કલંકથી રહિત યથાખ્યાતચારિત્ર(સર્વ સંવર)ના સ્વામી-સંબંધી, જે ત્રીજા ભાગે ન્યૂન પોતાના શરીરની અવગાહનામાં ઉદર આદિના પોલાણ ભાગો-નાસિકા વગેરેના છિદ્રો પૂરાવાથી સંકુચિત (પોતાના આત્મપ્રદેશો ઘન થવાથી લઘુ) આત્મપ્રદેશવાળા આત્માની અત્યંત સ્થિર અવસ્થા શૈલેશી. તેમાં કરવું એટલે પૂર્વે રચેલ શૈલેશી સમયના સરખી ગુણશ્રેણિવાળા, વેદનીય-નામ-ગોત્રનામક ત્રણ અઘાતીકર્મનું અસંખ્યાતગુણી શ્રેણિથી શેષ આયુષ્યનું તો યથાસ્વરૂપે સ્થિત શ્રેણિથી નિર્જરવું, એ શૈલેશીકરણ. તે શૈલેશીકરણમાં પ્રવેશ કરનારો અયોગીકેવલી થાય છે.

○ અહીં ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, અસ્થિર, અશુભ, શુભ વિહાયોગતિ, અશુભ વિહાયોગતિ, પ્રત્યેક સ્થિર, શુભ સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, વામન, કુબ્જ, હુંડ, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તૈજસ-કાર્મણ-શરીર, વજ્રઋષભનારાચસંઘયણ, દુઃસ્વર, સુસ્વર સાતા કે અસાતાવેદનીય રૂપ (૩૦) ૩૦ પ્રકૃતિઓના ઉદયનો વ્યવચ્છેદ જાણવો.

○ અયોગી કેવલીભગવાનની મુક્તિના ઉપાન્ત્ય (છેલ્લાના પહેલા) સમયમાં (૫), શરીરનામકર્મ (૫), બંધનનામકર્મ (૫), સંઘાતનામકર્મ (૩), અંગોપાંગનામકર્મ (૯), સંસ્થાનનામકર્મ (૫), વર્ણનામકર્મ (૫), રસનામકર્મ (૬), સંઘયણનામકર્મ (૬), સ્પર્શનામકર્મ (૨), ગંધનામકર્મ (૧), નીચ ગોત્ર (૧), અનાદેયનામકર્મ (૧), દૌર્ભાગ્યનામકર્મ (૧), અગુરૂલઘુનામકર્મ (૧), ઉપઘાતનામકર્મ (૧), પરાઘાતનામકર્મ (૧), નિર્માણનામકર્મ (૧), અપર્યાપ્તનામકર્મ (૧), ઉચ્છ્વાસનામકર્મ (૧), અપયશનામકર્મ (૧), વિહાયોગતિનામકર્મ (૧), શુભનામકર્મ (૧), અશુભનામકર્મ (૧), સ્થિરનામકર્મ (૧), અસ્થિરનામકર્મ (૧), દેવગતિનામકર્મ (૧), દેવાનુપૂર્વીનામકર્મ (૧), પ્રત્યેક નામકર્મ (૧), સુસ્વરનામકર્મ (૧), દુઃસ્વરનામકર્મ (૧), સાતા કે અસાતાવેદનીય રૂપ (૭૨) કર્મપ્રકૃતિઓ ક્ષયને પામે છે.

○ મુક્તિના અંત્ય (છેલ્લા) સમયમાં (૧), કોઈપણ એક વેદનીયકર્મ (૧), પર્યાપ્તનામકર્મ (૧), ત્રસનામકર્મ (૧), બાદરનામકર્મ (૧), મનુષ્ય આયુ (૧), સુયશનામકર્મ (૧), મનુષ્યગતિનામકર્મ (૧), મનુષ્ય આનુપૂર્વીનામકર્મ (૧), સૌભાગ્યનામકર્મ (૧), ઉચ્ચ ગોત્ર (૧), પંચેન્દ્રિયનામકર્મ (૧), તીર્થંકરનામકર્મ (૧),—એમ તેર (૧૩) પ્રકૃતિઓનો ક્ષય કરીને, કર્મસંબંધથી મૂકાવવા રૂપ, સહકારીથી પેદા થયેલ વિશિષ્ટ સ્વભાવથી ઊંચે જતો, સિદ્ધત્વ નામ(પર્યાય)ને પામનારો, ઋજુશ્રેણિ દ્વારા જેટલા પોતાના આકાશપ્રદેશોમાં અહીં અવગાહ છે, તેટલા જ પ્રદેશોથી પર (ઉપર) પણ અવગાહન કરતો, વિવક્ષિત સમય કરતા બીજા સમયાન્તરને નહિ સ્પર્શ કરતો, લોકાન્ત સુધી જાય છે, આગળ પછી જતો નથી; કેમ કે-લોકાન્તથી આગળ ધર્માસ્તિકાય નામક ગતિસહાયક દ્રવ્ય નથી. લોકાન્ત પર્યંત ગયેલ (સિદ્ધ આત્મા) શાશ્વત(અનંત)કાળ સુધી રહે છે. (સ્થિતિ કરે છે.) આવા અભિપ્રાયથી કહેલું છે કે— 'आदिम .....' ઇત્યાદિ.

○ આ ગુણસ્થાનમાં રહેલો જીવ અબંધક છે.

○ ઉપરોક્ત તેર (૧૩) કર્મપ્રકૃતિનો અનુભવ કરનારો છે.

○ છેલ્લા બે સમયથી પહેલાં (૮૫) કર્મપ્રકૃતિની સત્તાવાળો હોય છે.

○ છેલ્લાના પહેલાં સમયમાં (૧૩) પ્રકૃતિની સત્તાવાળો હોય છે.

○ છેલ્લા સમયમાં સત્તા વગરનો જાણવો.

આ ગુણસ્થાનોમાં ઘણું વક્તવ્ય છે, પણ સંક્ષેપમાં ગ્રંથના ગૌરવના ભયથી કહેલ છે. આ પ્રમાણેના આશયથી ઉપસંહાર કરે છે. 'इति' આદિ. વિસ્તારથી તો આગમોથી જાણવું, એમ ભાવ છે.

इत्थं प्रसङ्गतो गुणस्थानानि संवरस्य विभावनार्थं निरूप्याश्रवतां कर्मणां निरोधसाधनभूतान् समित्यादीन् क्रमेण निरूपयितुमुपक्रमते—

उपयोगपूर्विका प्रवृत्तिस्समितिः । सेर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गभेदेन पञ्चधा । स्वपरबाधापरिहाराय युगमात्रनिरीक्षणपूर्वकं रत्नत्रयफलकं गमनमीर्या । कर्कशादिदोषरहितहितमितानवद्यासन्दिग्धाभिद्रोहशून्यभाषणं भाषा । सूत्रानुसारेणान्नादिपदार्थान्वेषणमेषणा । उपधिप्रभृतीनां निरीक्षणप्रमार्जनपूर्वकग्रहणस्थापनात्मकक्रियाऽऽदाननिक्षेपणा । जन्तुशून्यपरिशोधितभूमौ विधिना मूत्रपुरीषादिपरित्यजनमुत्सर्गः ।३१।

उपयोगेति । उपयोगपूर्वकत्वे सति प्रवृत्तित्वं लक्षणं स्वपरप्राणिपीडापरिहारेच्छया गमनादिप्रवृत्तिरिति भावः । उदासीनप्रवृत्तिवारणाय विशेषणं ज्ञानादिवारणाय विशेष्यम्, ईर्यादिपञ्चानामेव समितित्वात् । योगक्रियारूपप्रवृत्तेर्विवक्षणाच्च ज्ञानादिरूपात्मप्रवृत्तौ न दोषः । उपयोगपूर्वकत्वस्य साकाङ्क्षत्वादाकाङ्क्षावारणाय वा प्रवृत्तिपदम् । तां विभजते सेति,

समितिरित्यर्थः । पञ्चानामीर्यादीनां तान्त्रिकी संज्ञाऽन्वर्था विज्ञेयेति भावः ॥ अथेर्यासमितिं स्वरूपयति-स्वपरेति । स्वस्य परस्य वा यथा बाधा न भवेत् तथा पुरतो युगमात्रं प्रेक्षमाणो बीजहरितादिप्रदेशान् परिहरन् यद्गमनं करोति यया च रत्नत्रयं सुरक्षितं भवेत्सेर्या-समितिरित्यर्थः । स्वपरबाधापरिहारप्रयोज्ययुगमात्रनिरीक्षणपूर्वकत्वे सति रत्नत्रयफलकत्वे सति च गमनत्वं लक्षणम् । स्वपरबाधापरिहारप्रयोज्ययुगमात्रनिरीक्षणपूर्वकगतित्वस्य सत्काराद्यभिलाषुकपुरुषकर्तृकगतौ गतत्वात्तद्वारणाय रत्नत्रयफलकत्वे सतीति । धर्मार्थं प्रयतमानस्य गमने व्यभिचारवारणाय स्वपरबाधापरिहारप्रयोज्ययुगमात्रनिरीक्षणपूर्वकत्वे सतीत्युक्तम् ॥ भाषासमितेर्लक्षणमाह-कर्कशादीति । हितं स्वस्य परस्य वा मोक्षपद-प्रापणसमर्थं, मितमनर्थकबहुप्रलपनशून्यं प्रयोजनमात्रसाधनं वचनं, अनवद्यं जीवनिकाया-नामनुपघातकं, असंदिग्धं स्फुटार्थं व्यक्ताक्षरं वा अभिद्रोहशून्यं क्रोधमायालोभैरयुक्तं, एवंविधं कर्कशादिदोषशून्यञ्च भाषणं भाषासमितिरित्यर्थः । अहितामितावद्यसंदिग्धादिवचनवारणाय तत्तत्पदग्रहणमवसेयम् । एषणासमितिमाचष्टे-सूत्रेति । आगमानुसारेणाशनखाद्यस्वाद्यभेद-भिन्नस्यान्नस्य, आरनालतण्डुलक्षालनादेरुद्गमादिदोषपरिशुद्धस्य पानस्य, रजोहरणादिचतुर्दश-विधोपधीनां स्थविरकल्पयोग्यानां जिनकल्पयोग्यानां द्वादशविधानां आर्यिकायोग्यानां पञ्चविंशतिविधानामुपधीनां गवेषणैषणासमितिरित्यर्थः । सूत्रानुसारेणेत्यनेन दोषवर्जनमभिमतं, तत्राधाकर्मौद्देशिकादिषोडशगृहस्थहेतुका उद्गमदोषाः, धात्रीपिण्डदूतीपिण्डादिषोडशसाधुजन्या उत्पादनादोषाः, उभयजन्याश्च शङ्कितम्रक्षितादयो दशैषणा दोषाः, एभिर्दोषै रहिता अन्नादयः श्रुतचरणधर्मसाधकाः । तथा चोद्गमादिदोषरहितान्नादिपदार्थान्वेषणमेषणासमितेर्लक्षणम् । वनीपककर्तृकभक्ताद्येषणायां व्यभिचारनिरासायोद्गमादिदोषरहितेति ॥ आदाननिक्षेपणा-समितिमाख्याति-उपधीति । उपधयश्चतुर्दशविधा द्वादशविधाः पञ्चविंशतिविधाश्च, प्रभृतिपदेन पीठफलकाद्यौपग्रहिकोपकरणानां ग्रहणं, एतेषामुपयोगाय निरीक्ष्य स्थिरतरं प्रमृज्य च रजोहरणेन ग्रहणस्थापनारूपा क्रिया आदाननिक्षेपणासमितिरित्यर्थः । निरीक्षणप्रमार्जन-पूर्वकोपधिविषयग्रहणस्थापनात्मकक्रियात्वमस्या लक्षणम्, उदासीनपुरुषकृतोपधिविषयक-ग्रहणस्थापनात्मकक्रियावारणाय निरीक्षणप्रमार्जनपूर्वकेति ॥ उत्सर्गसमितिस्वरूपप्रकाशनाया-ऽऽह-जन्तुशून्येति । स्थावरजङ्गमजन्तुशून्यायां परिशोधितभूमावुज्झितव्यवस्तुयोग्यायां विधिना निरीक्षणप्रमार्जनात्मकेन मूत्रपुरीषादीनां परित्याग उत्सर्गसमितिरित्यर्थः । आदिना वस्त्र-पात्रादीनां ग्रहणम् । तथा च जीवाविराधनेन योग्यभूमौ विधिना मूत्रपुरीषादित्यजनं

लक्षणार्थः, सर्वत्र रत्नत्रयफलकत्वं विवक्षणीयं, तेन पूजाद्यभिलाषुकानुष्ठितोक्तक्रियायां व्युदासः । इति चेष्टावतां संवरसिद्धिफलवत्यः क्रिया उक्ताः ॥

આ પ્રમાણે પ્રસંગથી સંવરની વિભાવના માટે ગુણસ્થાનોનું નિરૂપણ કરી આશ્રવવાળા (આવતા) કર્મોની નિરોધ અવસ્થામાં સાધનભૂત સમિતિ આદિનું ક્રમથી નિરૂપણ કરવા માટે આરંભ કરે છે.

સમિતિઓ-

ભાવાર્થ - ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ. એ 'સમિતિ' કહેવાય છે. તે સમિતિ ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગના ભેદથી પાંચ પ્રકારે છે. સ્વ-પરની પીડાના પરિહાર માટે યુગ માત્ર (ચાર હાથ ભૂમિપ્રમાણ) જોવાપૂર્વક રત્નત્રયીરૂપ ફળજનક ગમન, તે 'ઈર્યાસમિતિ' કહેવાય છે. કર્કશ આદિ દોષ વગરનું હિત, મિત, અનવદ્ય, અસંદિગ્ધ અને દ્રોહશૂન્ય બોલવું, તે 'ભાષાસમિતિ.' સૂત્રના અનુસારે અન્ન આદિ પદાર્થોનું અન્વેષણ, એ 'એષણાસમિતિ.' ઉપધિ વગેરેનું નિરીક્ષણ-પ્રમાર્જનપૂર્વક, લેવી-મૂકવી રૂપ ક્રિયા, એ આદાનનિક્ષેપસમિતિ.' જંતુશૂન્ય-પરિશોધિત (શુદ્ધ) ભૂમિમાં વિધિથી મૂત્ર-પુરીષ (ઠલ્લો-માત્રુ) આદિ વસ્તુ પરઠવવી, એ 'ઉત્સર્ગસમિતિ.'

વિવેચન - ઉપયોગપૂર્વક હોયે છતે પ્રવૃત્તિપણું, એ સમિતિનું લક્ષણ છે. અર્થાત્ સ્વ-પર પ્રાણીવિષયક પીડાના પરિહારની ઇચ્છાથી ગમન આદિરૂપ પ્રવૃત્તિ.

લક્ષણસંગતિ - ઉપયોગહીનથી ઉદાસીન પ્રવૃત્તિમાં અતિવ્યાપ્તિના વારણ માટે ઉપયોગપૂર્વકત્વ રૂપ વિશેષણ મૂકેલ છે, જ્ઞાન આદિમાં અતિવ્યાપ્તિના માટે પ્રવૃત્તિત્વરૂપ વિશેષ્યદલ મૂકેલ છે, કેમ કે-ઈર્યા આદિ પાંચ પ્રવૃત્તિઓ જ સમિતિરૂપ છે. રત્નત્રયીરૂપ યોગક્રિયારૂપ પ્રવૃત્તિની વિવક્ષા હોવાથી જ્ઞાન આદિરૂપ આત્માની પ્રવૃત્તિમાં દોષ (અતિવ્યાપ્તિ) નથી. અથવા ઉપયોગપૂર્વકત્વ સાકાંક્ષ (આંકાક્ષા સહિત) હોવાથી આકાંક્ષામાં અતિવ્યાપ્તિના વારણ માટે પ્રવૃત્તિપદનો નિવેશ છે.

○ પાંચ ઈર્યા આદિ પ્રવૃત્તિઓને શાસ્ત્રમાં સમિતિ તરીકે પરિભાષિત કરાય છે. અર્થાત્ સમિતિ શબ્દ શાસ્ત્રીય સંજ્ઞા છે. તે અન્વર્થ-સાર્થક પણ છે એમ સમજવું.

[સં એ ઉપસર્ગ, પ્રશંસા અર્થવાળો છે. પ્રશસ્ત ચેષ્ટા તે સમિતિ. અહીં પ્રવૃત્તિમાં પ્રશસ્તપણું એટલે સર્વજ્ઞપ્રવચન અનુસારિપણું સમજવાનું છે.]

ઈર્યાસમિતિનું સ્વરૂપ વર્ણન-

પોતાને કે બીજાને બાધ ન થાય તેવી રીતે આગળ યુગપ્રમાણ જમીનને જોતો, બીજ-સચિત્ત વનસ્પતિવાળા પ્રદેશોને છોડતો જે ગમન કરે છે, એથી રત્નત્રયી સુરક્ષિત થાય છે, તે 'ઈર્યાસમિતિ.' સ્વ-પર બાધાના પરિહારથી પ્રયોજ્ય યુગ માત્ર નિરીક્ષણપૂર્વક, રત્નત્રયી ફળવાળું ગમન 'ઈર્યા'નું લક્ષણ છે.

સત્કાર આદિ અભિલાષુક પુરુષ કર્તૃકગતિમાં અતિવ્યાપ્તિવારણ માટે 'રત્નત્રયફલક' એવું વિશેષણ છે. ધર્મના માટે પ્રયત્ન કરનારના ગમનમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'સ્વ–પર બાધાપરિહાર પ્રયોજ્ય યુગ માત્ર નિરીક્ષણપૂર્વક' એવું વિશેષણ છે.

ભાષાસમિતિનું લક્ષણ-

હિત એટલે પોતાને કે બીજાને મોક્ષપદ આપવા સમર્થ, મિત એટલે નિરર્થક ઘણા પ્રલોપથી શૂન્ય પ્રયોજન

માત્ર સાધનવાળું વચન, અનવદ્ય એટલે જીવનસમુદાય રક્ષક, અસંદિગ્ધ એટસે સ્પષ્ટ અક્ષર કે અર્થવાળું, અભિદ્રોહશૂન્ય એટલે ક્રોધ-માયા-લોભથી રહિત અને કર્કશ આદિ દોષથી શૂન્યભાષણ, તે 'ભાષાસમિતિ.' તથાચ અહિત-અમિત-સાવદ્ય-સંદિગ્ધ આદિ વચનના વારણ માટે તે તે પદનું ગ્રહણ જાણવું.

એષણાસમિતિનું વર્ણન-

આગમના અનુસારે અશન-ખાદિમ-સ્વાદિમ ભેદવાલા અન્નની, આરનાલ-તંદુલક્ષાલન (ચોખાનું ધોવાણ) આદિ રૂપ, ઉદ્‌ગમ આદિ દોષરહિત, પાનની, સ્થવિરકલ્પયોગ્ય રજોહરણ આદિ ચૌદ પ્રકારની ઉપધિની, જિનકલ્પયોગી બાર પ્રકારની ઉપધિની, સાધ્વીયોગ્ય પચીશ પ્રકારની ઉપધિની ગવેષણા, તે 'એષણાસમિતિ.'

'સૂત્રના અનુસારે'—આ વચનથી દોષવર્જન ઈષ્ટ છે. ત્યાં આધાકર્મ-ઔદ્દેશિક વગેરે સોળ ગૃહસ્થહેતુજન્ય ઉદ્‌ગમ દોષો, ધાત્રીપિંડ-દૂતીપિંડ વગેરે સોળ સાધુજન્ય ઉત્પાદના દોષો, ઉભયજન્ય શંક્તિ-મ્રક્ષિત વગેરે દશ એષણા દોષો, આ દોષોથી રહિત અન્ન વગેરે શ્રુત-ચારિત્રરૂપ ધર્મના સાધક છે. તથાચ ઉદ્‌ગમ આદિ દોષરહિત અન્ન આદિ પદાર્થોનું અન્વેષણ 'એષણાસમિતિ'નું લક્ષણ છે. યાચકકર્તૃક ભોજન આદિની એષણામાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ઉદ્‌ગમ આદિ દોષરહિત' એમ કહેલું છે.

આદાનનિક્ષેપણાસમિતિ-

ચૌદ-બાર-પચીશ પ્રકારની ઉપધિઓના, પ્રભૃતિઓના, પ્રભૃતિપદથી પીઠ-ફલક આદિ ઔપગ્રહિક ઉપકરણોના ઉપયોગ માટે અત્યંત સ્થિરતાપૂર્વક જોઈને અને રજોહરણથી પ્રમાર્જીને લેવા-મૂકવારૂપ ક્રિયા, તે 'આદાનનિક્ષેપણાસમિતિ.' તથાચ નિરીક્ષણ-પ્રમાર્જનપૂર્વક ઉપધિવિષયક ગ્રહણ-સ્થાપનરૂપ પ્રક્રિયાપણું આનું લક્ષણ છે. ઉદાસીન પુરુષકૃત ઉપધિવિષયક ગ્રહણ-સ્થાપનારૂપ ક્રિયાના વારણ માટે 'નિરીક્ષણ-પ્રમાર્જનપૂર્વક' એમ કહેલ છે.

ઉત્સર્ગસમિતિનું વર્ણન-

ત્રસ-સ્થાવર જંતુશૂન્ય, છોડવાયોગ્ય વસ્તુયોગ્ય પરિશોધિત ભૂમિમાં નિરીક્ષણ-પ્રમાર્જનરૂપ વિધિથી મૂત્ર-પુરીષ (લઘુ-વડીનીતિ) આધિનો ત્યાગ, તે 'ઉત્સર્ગસમિતિ' આદિથી વસ્ત્ર-પાત્ર આદિનું ગ્રહણ છે. તથાચ જીવોની વિરાધના ન થાય તેવી રીતે યોગ્ય ભૂમિમાં મૂત્ર-પુરીષ આદિનો ત્યાગ, એ લક્ષણનો અર્થ છે. સર્વત્ર રત્નત્રય ફલકારકપણું વિવક્ષાયોગ્ય છે. તેથી પૂજા વગેરેના અભિલાષીઓએ કરેલ કે કહેલ ક્રિયાઓનો નિરાસ થાય છે. આ પ્રમાણેની ચેષ્ટાવાળાઓમાં સંવરસિદ્ધિ ફળવાળી ક્રિયાઓ કહેલ છે.

अथ कायादिनिरोधात् संवरफलिका गुप्तीराह—

योगस्य सन्मार्गगमनोन्मार्गगमननिवारणाभ्यामात्मसंरक्षणं गुप्तिः । सा च कायवाङ्मनोरूपेण त्रिधा । शयनासननिक्षेपादानचंक्रमणेषु चेष्टानियमः कायगुप्तिः । उपसर्गपरीषहभावाभावेऽपि शरीरे नैरपेक्ष्यं, योगनिरोद्धुस्सर्वथा चेष्टापरिहारोऽपि कायगुप्तिः । अर्थवद्भूविकारादिसंकेतहुंकारादिप्रवृत्तिरहितं शास्त्रविरुद्धभाषणशून्यं वचोनियमनं वाग्गुप्तिः । अनेन सर्वथा वाङ्निरोधस्सम्यग्भाषणञ्च लभ्यते । भाषासमितौ सम्यग्भाषणमेव । सावद्यसंकल्पनिरोधो मनोगुप्तिः । ३२ ।

योगस्येति । कायवाङ्मनोरूपस्य योगस्य ये सन्मार्गगमनोन्मार्गगमननिवारणे ताभ्यामात्मसंरक्षणं गुप्तिरित्यर्थः । योगसम्बन्धिसन्मार्गोन्मार्गप्रवृत्त्यप्रवृत्तिप्रयुक्तात्मसंरक्षणत्वं लक्षणं, तेन वाचि मनसि च गमनागमनयोरसत्त्वेन नाव्याप्तिशङ्का । रागद्वेषापरिणत-पुरुषकर्तृकत्वमपि निवेशनीयम्, तेन निबिडबन्धनबद्धतस्करादिकर्तृकयोगसम्बन्धिनिग्रहस्य व्युदासः । सर्वथा कायादिचेष्टानिरोधस्याप्यत्र विवक्षितत्वेन गुप्तेर्व्यापकत्वात्[1] न व्याप्येर्यास-मित्यादावतिव्याप्तिशङ्कासम्भवः, परिमितकालविषयस्सर्वयोगनिग्रहोऽपि गुप्तिस्तत्रासमर्थस्य कुशलेषु प्रवृत्तिस्समितिरिति भेदात् । तस्या विभागमाचष्टे सा चेति । तत्र कायगुप्तिं निरूपयति शयनेति । शयनादिविषयककायक्रियानियमत्वं लक्षणं, नेत्रपरिस्पन्दादिस्वाभाविकक्रियायाः कुतूहलेन कृतस्य नियमस्य वारणाय शयनादिविषयकेति । शयनादिविषयकमानसिक-नियमवारणाय कायक्रियेति । उच्छृंखलपुरुषानुष्ठितशयनादिविषयकनियमवारणाय नियमपदेन शास्त्रीयो नियमो ग्राह्यः । तथा च निशीथिनीप्रथमयामादनन्तरं गुर्वनुज्ञानात्सप्रमाणायां वसतौ स्वावकाशनिरीक्षणप्रमार्जनपूर्वकं संस्तरणपट्टद्वयमास्तीर्य सपादं कायमूर्ध्वमधश्च प्रमृज्यानु-ज्ञापितसंस्तारकावस्थानोऽनुष्ठितसामायिकविधिर्वामबाहूपधान आकुंचितजानुस्ताम्रचूडवद्विव-हायसि प्रसारितजङ्घः प्रमार्जितपृथ्वीतलन्यस्तपादो वा संकोचसमये भूयः प्रमार्जितसन्दंशक उद्वर्त्तनकाले च रजोहरणेन प्रमृष्टकायो नात्यन्ततीव्रनिद्रश्शयीत । यत्र भुवि विवक्षितमासनं तत्रावेक्षणप्रमार्जने विधाय बहिर्निषद्यामास्तीर्य निविशेत, निविष्टोऽप्याकुञ्चनप्रसारणादिकं पूर्वेणैव विधिना कुर्वीत, वर्षादिषु च वृसिकापीठिकादिकमनेनैव विधिनावेक्ष्य प्रमृज्य च तत्र संनिवेशनं कुर्वीत । दण्डकोपकरणचेष्टाभोजनादिविषयौ निक्षेपादानावपि वीक्षणप्रमार्जनपूर्वकौ निर्दुष्टौ स्याताम् । गमनमपि प्रयोजनवतो युगमात्रप्रदेशविन्यस्तदृष्टेर्जीवपरित्यागेन मन्दं मन्दं पदं न्यसतः प्रशस्तं स्यादित्यादिरूपाः कर्त्तव्याकर्त्तव्यविषयाश्शास्त्रीय व्यवस्था अवगन्तव्याः, एवमन्येऽपि नियमाः शास्त्रीयाः प्रदर्श्यन्ते उपसर्गेति, उपसर्गा देवादिकृतोपद्रवाः परीषहा अग्रे वक्ष्यमाणाः क्षुधादयः, तेषां भावेऽभावे वा स्वीये शरीरे यत्नैरपेक्ष्यमभिमानाभावस्सा कायगुप्तिरित्यर्थः, सति ह्यभिमाने तद्धारणायासती कायचेष्टा स्यादेवेति नियमभङ्गस्स्यादिति भावः । अपरमपि नियममाह–योगेति । योगः शरीरवाङ्मनोरूपस्तस्य निरोद्धुः केवलिनः

१. गुप्तेर्व्यापकत्वञ्च यस्समितस्स नियमाद्गुप्तः, गुप्तयो हि प्रतीचाराप्रतीचारोभयरूपाः प्रतीचारो नाम कायिको वाचिको व्यापारः, तथा च यस्समितः सम्यग्गमनभाषणादिचेष्टायां प्रवृत्तस्य गुप्तोऽपि भवति । यस्तु कायवाचौ निरुध्य शुभं मन उदीरयन् धर्मध्यानाद्युपयुक्तचित्तो भवति स गुप्त उच्यते न तु समितः केवलाप्रतीचार रूपत्वात्तस्येति बोध्यम् ॥

कायोत्सर्गभाजो वा यस्सर्वथा कायचेष्टापरिहारस्साऽपि कायगुप्तिरित्यर्थस्तदुक्तम् 'कायक्रिया-निवृत्तिः कायोत्सर्गे शरीरगुप्तिस्स्या'दिति । यद्यपि कायव्यापारो मनोव्यापारसंसृष्ट एव, तथापि कायचेष्टायास्साक्षात्कायेनैव निष्पादितत्वात् बहिरुपलक्ष्यमाणत्वाच्च प्राधान्येन विवक्षा ॥ वाग्गुप्तेस्स्वरूपमाह-अर्थवदिति । न केवलं वचोनियमनमात्रं वचोगुप्तिः, सार्थकभ्रूविकारादि-सहितवचोनियमस्य वाग्गुप्तित्वापत्तेरित्यत आहार्थवदित्यादि । कस्मैचित्प्रयोजनाय कृतैर्भ्रू-विकारादिसङ्केतैर्हुंकारादिप्रवृत्तिभिश्च रहितमित्यर्थः । आद्येनादिना नेत्रमुखकरादिनर्त्तनस्य, द्वितीयेन च शरलोष्टोत्क्षेपादेर्ग्रहणम् । यद्वा शास्त्रानुसारिभाषणमपि वाग्गुप्तिर्भवतीत्याह-शास्त्रविरुद्धभाषणशून्यमिति । ननु शास्त्रविरुद्धभाषणशून्यमित्यनेन शास्त्रानुसारिभाषण-रूपवचोलाभेन योगनिरोद्धुस्सर्वथा मौनरूपायां गुप्तौ लक्षणमिदमव्याप्तमतिव्याप्तञ्च भाषा-समितावित्यत्राह-अनेनेति । तथा च नियमनशब्दस्य शास्त्रानुसारिवचनेऽवचने च रूढत्वेन नाव्याप्तिं । सम्यग्भाषणञ्चेति । सम्यगुपयुक्तस्य लोकागमाविरोधेन भाषणमित्यर्थः, ननु भाषासमितौ कथमतिव्याप्तिपरिहार इत्यत्राह-भाषासमितावितिं । एवशब्देनाभाषणस्य व्युदासः । भाषणाभाषणरूपत्वाद्वाग्गुप्तेर्भाषणमात्रस्वरूपभाषासमित्यपेक्षया वैलक्षण्यं व्यापकत्वं चात एव शास्त्रानुसारिभाषणरूपमित्यनुक्त्वा शास्त्रविरुद्धभाषणशून्यमित्युक्तम् । उक्तञ्च 'अनृतादि-निवृत्तिर्वा मौनं वा भवति वाग्गुप्ति' रिति ॥ अथ मनोगुप्तिमाह-सावद्येति । अवद्यं गर्हितं पापं तेन सहितो यस्संकल्पश्चिन्तनमार्त्तरौद्रध्यायित्वं चित्तचाञ्चल्यं वा तस्य निरोधोऽकरणमित्यर्थः । सावद्यसंकल्पनिरोधत्वं लक्षणम्, अनेन च निरवद्यसंकल्पस्सरागसंयमादौ, संसारहेतौ च संकल्पनिरोधश्च मनोगुप्तिरिति लभ्यते । न सर्वथा मनोनिरोधोऽसम्भवात् योगनिरोधावस्था-मन्तरेण तदसम्भवात् ॥

ભાવાર્થ - યોગના, સન્માર્ગમાં જવા દ્વારા, ઉન્માર્ગના ગમનથી અટકવા દ્વારા આત્માનું સંરક્ષણ, એ 'ગુપ્તિ' છે. તે ગુપ્તિ કાય-વચન-મનના રૂપે ત્રણ પ્રકારની છે. સુવામાં-બેસવામાં-લેવા-મૂકવામાં-ચાલવામાં ચેષ્ટાનો નિયમ, એ 'કાયગુપ્તિ.' ઉપસર્ગ-પરીષહ હોય કે ન હોય, તો પણ શરીરમાં નિરપેક્ષતા-નિઃસ્પૃહતા અને યોગનિરોધનો સર્વથા ચેષ્ટાપરિહાર પણ 'કાયગુપ્તિ.' સાર્થક ભૂવિકાર આદિ, સંકેત-હુંકાર આદિ પ્રવૃત્તિરહિત-શાસ્ત્રવિરુદ્ધ ભાષણ-શૂન્ય વાણીનો નિયમ, એ 'વચનગુપ્તિ.' આ કથન દ્વારા સર્વથા વાણીનિરોધ અને સમ્યગ્ભાષણ એમ મેળવાય છે. ભાષાસમિતિમાં સમ્યગ્ (નિરવદ્ય આગમાનુસારિ) ભાષણ જ છે. સાવદ્ય સંકલ્પનો નિરોધ, એ 'મનોગુપ્તિ.'

વિવેચન - કાય-વચન-મનરૂપ યોગનું જે સન્માર્ગમાં ગમન અને ઉન્માર્ગગમનથી નિવારણ છે, તે બન્નેથી આત્માનું સંરક્ષણ, એ 'ગુપ્તિ'-એમ અર્થ સમજવો.

લક્ષણ અને લક્ષણપદ ચર્ચા-

યોગ સંબંધી સન્માર્ગમાં પ્રવૃત્તિ-ઉન્માર્ગથી અપ્રવૃત્તિ(નિવૃત્તિ)થી જન્ય આત્મસંરક્ષણપણું ગુપ્તિનું લક્ષણ છે, તેથી વચનમાં અને મનમાં ગમન-આગમનનો અભાવ હોવાથી અવ્યાપ્તિની શંકા નથી. 'રાગ-દ્વેષમાં અપરિણત પુરુષે કરેલ એવું પણ લક્ષણમાં ગોઠવવું,' તેનાથી મજબૂત બંધનથી બાંધેલ ચોર આદિએ કરેલ યોગ સંબંધી નિગ્રહ, એ ગુપ્તિરૂપે ગણાતો નથી, કેમ કે-અહીં રાગ-દ્વેષની પરિણતિ છે.

○ યોગોનો સર્વથા નિરોધ અથવા યોગપ્રવૃત્તિ દ્વારા મોક્ષમાર્ગાનુકૂલ પરિણામ ગુપ્તિ તરીકે કહેવાય છે.

○ આ ગુપ્તિઓમાં સર્વથા કાય આદિ ચેષ્ટાનિરોધ ગુપ્તિરૂપે વિવક્ષિત હોવાથી, ગુપ્તિનું વ્યાપકપણું હોવાથી, (ગુપ્તિનું વ્યાપકપણું એવી રીતે છે કે-'જે સમિતિવાળો છે, તે નિયમથી ગુપ્તિવાળો છે. ખરેખર, ગુપ્તિઓ પ્રતિચાર અને અપ્રતિચાર રૂપે ઉભય રૂપ છે. પ્રતિચાર એટલે કાયિક અને વાચિક વ્યાપાર. તથાચ જે સમિતિવાળો, સમ્યગ્ગમન ભાષણ આદિ ક્રિયામાં પ્રવૃત્ત (પ્રવૃત્તિવાળો) છે, તે ગુપ્ત પણ હોય છે. જે કાયવચનનો નિરોધ કરીને શુભ મનની ઉદીરણા કરતાં ધર્મધ્યાન આદિમાં ઉપયુક્ત ચિત્તવાળો થાય છે, તે ગુપ્ત (ગુપ્તિવાળો) કહેવાય છે. પરંતુ સમિતિ (સમિતિવાળો) કહેવાતો નથી, કેમ કે-તે ગુપ્તિનું કેવલ અપ્રતિચારપણું છે એમ જાણવું.) વ્યાપ્યભૂત ઈર્યાસમિતિ આદિમાં અતિવ્યાપ્તિની શંકાનો સંભવ નથી, કેમ કે-પરિમિત કાળરૂપ વિષયવાળો યોગનો નિગ્રહ પણ ગુપ્તિ છે. તે ગુપ્તિમાં અસમર્થની શુભોમાં પ્રવૃત્તિ સમિતિ છે, આવો ભેદ છે.

કાયગુપ્તિનું નિરૂપણ કરે છે કે – **'शयनेति'** અર્થાત્ લક્ષણ અને લક્ષણપદ ચર્ચા.

શયન આદિ વિષયવાલી ક્રિયાનું નિયમપણું લક્ષણ છે. નેત્રની સ્પંદ આદિરૂપ સ્વાભાવિક ક્રિયાના કુતૂહલથી કરેલ નિયમમાં અતિવ્યાપ્તિના વારણ માટે શયન આદિ વિષયક, એવું પદ મૂકેલ છે. શયન આદિ વિષયક માનસિક નિયમમાં અતિવ્યાપ્તિના નિવારણ માટે 'કાયક્રિયા'—એવું પદ મૂકેલ છે.

ઉચ્છૃંખલ પુરુષે કરેલ શયન આદિ વિષયક નિયમમાં અતિવ્યાપ્તિના વારણ માટે નિયમપદથી શાસ્ત્રીય (શાસ્ત્રવિહિત) નિયમ લેવાનો છે.

શયન - તથાચ રાત્રિના પ્રથમ પ્રહર પછી ગુરુઓની અનુજ્ઞાપૂર્વક પ્રમાણવાળી વસતિ(સ્થાન)માં સ્વ અવકાશને (પોતાની (૩॥) હાથપ્રમાણ ભૂમિપ્રદેશોને) જોવા-પ્રમાર્જવાપૂર્વક સંથારો અને ઉત્તરપટ્ટાને બીછાવી (પાથરી), પાદ (પગ) સહિત કાયાને ઉંચે-નીચે (મુખવસ્ત્રિકા-રજોહરણ વડે) પ્રમાર્જીને (પૂંજીને) અનુજ્ઞા મળ્યા બાદ સંથારામાં અવસ્થિતિવાળો, સામાયિક-નમસ્કાર કરનારો (કરેમિ ભંતે અને નવકારમંત્ર કરનારો) થઈ, ડાબા હાથરૂપી ઓશિકાવાળો, જાનુ (ઢીંચણના)ના આકુંચન (સંકોચ)વાળો, અથવા કૂકડાની માફક આકાશમાં પસારેલ જંઘાવાળો, અથવા પ્રમાર્જેલ પૃથ્વીતળ ઉપર પગને મૂકનારો, સંકોચસમયમાં ફરીથી સંડાશાને (ઢીંચણોને) પ્રમાર્જનારો, ઉદ્વર્તના (પાસુ બદલતાં)ના કાળમાં રજોહરણથી કાયાનું પ્રમાર્જન કરનારો અને અત્યંત તીવ્ર નિદ્રાવાળો બન્યા સિવાય શયન કરે.

આસન - જે ભૂમિપ્રદેશમાં બેસવાનું છે, તે વિવક્ષિત આસન કહેવાય છે. ત્યાં નિરીક્ષણ અને પ્રમાર્જન કરી સંથારાથી બહાર બીછાવવાના ઊનના આસનરૂપ નિષદ્યાને પાથરીને બેસે. તે આસન ઉપર બેઠેલો પણ

આકુંચન (સંકોચ) પસારણ વગેરે પૂર્વની વિધિથી કરે. વર્ષા આદિ ઋતુઓમાં વૃસિકા (વ્રત પાળનારનું દર્ભનું આસન વગેરેને) આ વિધિ જોઈ-પ્રમાર્જી પીઠક આદિને (પાટ-પાટલા વિશિષ્ટઆસન વગેરેને), આ વિધિ વડે જોઈ-પ્રમાર્જી ત્યાં બેસે.

આદાનનિક્ષેપ - દંડક, ઉપકરણ, ચેષ્ટાજન્ય ભોજન આદિ રૂપ વિષય વિષયક લેવું અને મૂકવું પણ નિરીક્ષણ-પ્રમાર્જનપૂર્વક કરેલ દોષ વગરનું થાય.

ચંક્રમણ - યુગ માત્ર પ્રદેશમાં સ્થાપિત દૃષ્ટિવાળા પ્રયોજનવાળાનું જીવના પરિત્યાગથી મંદ મંદ રીતે પગને સ્થાપન કરનારનું-ચાલનારનું ગમન પણ પ્રશસ્ત થાય. ઇત્યાદિરૂપ કર્ત્તવ્ય (આમ કરવું)-અકર્ત્તવ્ય (આમ ન કરવું) વિષયવાળી શાસ્ત્રવિહિત વ્યવસ્થાઓ જાણવી.

○ આ પ્રમાણે બીજા પણ શાસ્ત્રીય નિયમો બતાવાય છે. 'उपसर्ग' ઇતિ.

કાયગુપ્તિ - અર્થાત્ દેવ આદિએ કરેલ ઉપદ્રવરૂપ ઉપસર્ગો અને આગળ પણ કહેવાતા ક્ષુધા આદિ પરીષહો, તેઓની વિદ્યમાનતા કે અવિદ્યમાનતામાં શરીરમાં જે નિરપેક્ષતા-અભિમાનનો અભાવ, તે 'કાયગુપ્તિ' કહેવાય છે.

○ શરીરમાં અભિમાન-અપેક્ષા જો હોય, તો અતિવ્યાપ્તિના વારણ માટે 'નૈરપેક્ષ્ય' અભિમાનનો અભાવ કહેલ છે, કારણ કે-જો અભિમાનપૂર્વકની ચેષ્ટા ખોટી કાયચેષ્ટા થાય, તો નિયમનો ભંગ થાય જ, આવો ભાવ સમજવો.

○ બીજા પણ નિયમને કહે છે કે-'योगेति ।'

અર્થાત્ શરીર-વચન-મનરૂપ યોગ છે, તેને રોકનાર કેવલીનો અથવા કાયોત્સર્ગ કરનારનો જે સર્વથા કાયચેષ્ટાનો પરિહાર છે, તે પણ 'કાયગુપ્તિ'નો અર્થ છે. કહ્યું છે કે-'કાયાની ક્રિયાની નિવૃત્તિ, કાયોત્સર્ગમાં-શરીરગુપ્તિ કહેવાય છે.' જો કે કાયાનો વ્યાપાર મનના વ્યાપારની સાથે સંસર્ગવાળો જ હોય છે, તો પણ કાયાની ક્રિયા સાક્ષાત્ કાયા વડે જ બનાવેલી હોવાથી, બહારથી દેખાતી હોવાથી પ્રધાનતાની અપેક્ષાએ કાયચેષ્ટાની વિવક્ષા છે.

વચનગુપ્તિ - વચનગુપ્તિના સ્વરૂપને કહે છે કે-'अर्थवदिति ।' અર્થાત્ કેવળ વચનના નિયમન માત્રને વચનગુપ્તિ રૂપે કહેવાતું નથી, કેમ કે-અર્થવાળા ભ્રૂવિકાર આદિ સહિત, વચનનિયમમાં વચનગુપ્તિની અતિવ્યાપ્તિની પ્રાપ્તિ થાય. માટે કહે છે કે- 'अर्थवदिति ।' અર્થાત્ કોઈ એક પ્રયોજન માટે કરેલ ભ્રૂવિકાર આદિ સંકેતોથી અને હુંકારા આદિ પ્રવૃત્તિઓથી રહિત એવો અર્થ કરવો. પહેલા આદિપદથી નેત્ર-મુખ-હાથ વગેરેના નર્તનનું અને બીજા આદિપદથી બાણ, ડેફા આદિનું ગ્રહણ સમજવું. અથવા શાસ્ત્રને અનુસરતું ભાષણ પણ 'વચનગુપ્તિ' થાય છે. માટે કહ્યું છે કે-'શાસ્ત્રવિરુદ્ધ ભાષણ શૂન્ય' ઇતિ આદિ.

શંકા - 'શાસ્ત્રવિરુદ્ધ ભાષણ શૂન્ય'- એવા વાક્યથી શાસ્ત્ર અનુસારી ભાષણરૂપ વચનનો લાભ થવાથી, યોગનિરોધકની સર્વથા મૌનરૂપ વચનગુપ્તિમાં આ લક્ષણની અવ્યાપ્તિ અને ભાષાસમિતિમાં અતિવ્યાપ્તિ કેમ નહિ ?

સમાધાન - આના જવાબમાં કહે છે કે - આ વચનગુપ્તિના કથનથી સર્વથા વચનનિરોધ (મૌન) અને સમ્યગ્ભાષણ પ્રાપ્ત થાય છે. તથાચ નિયમન શબ્દ શાસ્ત્ર અનુસારી વચનમાં અને શાસ્ત્રવિરુદ્ધના અવચનમાં રૂઢ હોઈ અવ્યાપ્તિ નથી. સમ્યગ્ભાષણ પણ વાગ્ગુપ્તિ કહેવાય છે. અર્થાત્ સમ્યગ્ ઉપયોગવાળાનું લોક અને આગમની સાથે વિરોધ ન આવે, તેવું ભાષણ બોલવું એમ છે. (આમ વાણીનિયમને વાગ્ગુપ્તિ કહેવાય છે.)

શંકા - ભાષાસમિતિમાં કેવી રીતે અતિવ્યાપ્તિનો પરિહાર ?

સમાધાન - આના જવાબમાં કહે છે કે - ભાષાસમિતિમાં સમ્યગ્ભાષણ જ છે. અહીં એવકારથી ભાષણના અભાવનો નિષેધ છે.

○ ભાષણ-અભાષણ રૂપ હોઈ વાગ્ગુપ્તિની ભાષણ માત્ર સ્વરૂપવાળી ભાષાસમિતિની અપેક્ષાએ વિલક્ષણતા (વિશેષતા) અને વ્યાપકતા છે. એથી જ શાસ્ત્ર અનુસારી ભાષણ રૂપ એમ નહિ કહીને 'શાસ્ત્રવિરુદ્ધ ભાષણ શૂન્ય'-એવું કહેલું છે. કહ્યું છે કે-મૃષાવાદ આદિથી નિવૃત્તિ અથવા મૌન, એ વચનગુપ્તિ છે.

મનોગુપ્તિ - હવે મનોગુપ્તિને કહે છે કે- 'सावद्येति.' અર્થાત્ અવદ્ય પાપ, તેનાથી સહિત જે સાવદ્યરૂપ સંકલ્પ-ચિંતન-આર્ત્ત-રૌદ્રધ્યાન, તે સાવદ્ય સંકલ્પ અથવા ચિત્તની ચંચળતાના કારણે જે સાવદ્ય ચિંતન રૂપ સાવદ્ય સંકલ્પનો નિરોધ, તે 'મનોગુપ્તિ.'

લક્ષણ - સાવદ્ય સંકલ્પનું નિરોધપણું મનોગુપ્તિનું લક્ષણ છે. આ કથનથી નિરવદ્ય, (કુશલ-ધર્માનુબંધી અનુષ્ઠાન) કર્મના ઉચ્છેદ માટે જેટલો અધ્યવસાય પ્રવર્તે છે, તે સર્વ અધ્યવસાય સંકલ્પ, સરાગસંયમ આદિમાં અને સંસારહેતુભૂત અકુશલમાં સંકલ્પનિરોધ, એમ બંને મનોગુપ્તિ તરીકે પ્રાપ્ત થાય છે.

અહીં સર્વથા મનોનિરોધ નથી, કેમ કે-અસંભવ છે. અર્થાત્ યોગનિરોધવાળી અવસ્થા સિવાય તેનો અસંભવ છે. આ પ્રમાણે કાય આદિના નિરોધ આદિથી કાય આદિ નિમિત્તજન્ય આવતા કર્મ બંધ થવાથી સંવરસિદ્ધિ જાણવી.

अथ समितिगुप्त्योस्संवरहेतुत्वमभिधायानन्तरोद्दिष्टस्य परीषहस्य स्वरूपमुपदर्शयति—

प्रतिबन्धकसमवधाने सत्यपि समभावादविचलनं परीषहः । ३३ ।

प्रतिबन्धकेति । समन्तादापतितेषु सविधिभक्तपानाद्यलाभादिषु समभावाद्वैगुण्यमनवलम्ब्याविचलनं निष्प्रकम्पचित्ततयाऽवस्थानं परीषह इत्यर्थः । परिपूर्वात्सहेर्भावेऽकारः परिषहणं परीषहः, क्षुधादिजय इत्यर्थः । न तावदचप्रत्ययः पचादिनिबन्धनः कर्त्तरि तस्य विधानात् । न कर्मसाधनो घञ्, सहेरुपधावृद्धिप्रसङ्गात्, नाऽपि पुंसि संज्ञायां घः, तस्य करणाधिकरणयोर्विधानात् । प्रतिबन्धकसमवधानेऽपि साम्यतया क्षुधादिजन्यदुःखसहनत्वं लक्षणम् । क्लेशेन दुःखसहनस्य परीषहत्वाभावात्साम्यतयेति । परीषहपदवाच्यानां क्षुधादि-

जयानामात्यन्तिकनिवृत्तिसाधनसम्यग्दर्शनादितोऽच्यवनं कर्मनिर्जरणञ्च प्रयोजनम् । तत्र परीषहाः सोढव्याश्च नैगमसंग्रहव्यवहारर्जुसूत्रनयेनाविरतदेशविरतविरतानां भवन्ति, त्रयाणामपि परीषहवेदनीयासातादिकर्मोदयजनितस्य क्षुधादेस्तत्सहनस्य च यथायोगं सकामाकामनिर्जराहेतोस्सम्भवात् । शब्दसमभिरूढैवम्भूतानां मतेन विरतस्यैव भवन्ति निरुपचरितपरीषहशब्दवृत्तेस्तत्रैव सम्भवात् । उत्पादकमेषां द्रव्यं नैगमनयेन [१]जीवो जीवाः, अजीवोऽजीवाः, जीवाजीवौ, जीवा अजीवः, जीवोऽजीवाः, जीवा अजीवाश्चेत्यष्टौ । संग्रहनये जीवोऽजीवो वा, न द्वित्वबहुत्वे । व्यवहारेऽजीव एव, शेषाणां मतेन जीव एव परिषह्यमाणस्यैव परीषहत्वात्परिषहणस्योपयोगात्मकस्य जीवस्वाभाव्येन जीवद्रव्यत्वात् । गुणसंहतिरूपस्यैव द्रव्यत्वात् । तत्तल्लक्षणनिरूपणावसरे कर्मप्रकृतयः पुरुषाश्च वक्ष्यन्ते । एषणीयस्य अनेषणीयस्य चाग्रहणात् ग्रहणे वाऽपरिभोगात् नैगमसङ्ग्रहव्यवहाराणां मतेन सहनं भवति, स्थूलदर्शिनामेषामन्नादिपरिहारस्यैव क्षुधादिसहनत्वेनेष्टत्वात्, शेषाणां मतेन तु नाभुञ्जानस्यैव तत्सहनमपि तु प्रासुकमन्नादिकल्प्यञ्च गृह्णतो भुञ्जानस्याऽपि भवति भावप्रधानत्वात् । यदाश्रित्य क्षुधादिर्भवति तद्वस्त्वेव परीषह इति नैगमः, क्षुधादिजनिता वेदना तदुत्पादकञ्च परीषह इति सङ्ग्रहव्यवहारौ, वैदनां प्रतीत्य जीवे परीषह इति ऋजुसूत्रः, परीषहोपयुक्त आत्मैव परीषह इति शब्दसमभिरूढैवम्भूताः । एकजीवापेक्षया जघन्योत्कृष्टत एषां वर्त्तनाऽग्रे वक्ष्यते । नैगमसङ्ग्रहव्यवहाराणां मतेन वर्षलक्षणं कालमाश्रित्य परीषहो भवति उत्पादकवस्तूनामपि परीषहत्वोक्तेः, ऋजुसूत्रमतेऽन्तर्मुहूर्त्तं, वेदनाया उपयोगात्मिकायास्तावन्मानत्वात् । शब्दादिनयमतेन एक-स्समयस्तन्मतेनोपयोगात्मकपर्यायस्य प्रतिसमयमन्यान्यत्वात् ॥

પરીષહનું વર્ણન-

અવતરણિકા-હવે સમિતિ-ગુપ્તિઓનું સંવરહેતુપણું કહીને સમિતિ-ગુપ્તિ બાદ ઉપદેશગ્રંથમાં કહેલ પરિષહના સ્વરૂપનું વર્ણન.

ભાવાર્થ - પ્રતિબંધકની સત્તા હોવા છતાં સમભાવથી સહાયમાન થવું નહિ, તે 'પરીષહ' છે.

---

१. चपेटादिना पुरुषेणोदीरितत्वाज्जीवो निमित्तं, बहुभिस्तथात्वे जीवाः, जीवप्रयोगरहितेन गृहपाताद्यचेतनेनोदीरितत्वादजीवः, बहुभिरजीवैस्तथात्वेऽजीवाः, लुब्धकेन बाणादिना तथात्वे जीवाऽजीवौ, अनेकैः पुरुषैरेकेन शिलादिना तथात्वे जीवा अजीवश्च, लुब्धकैरनेकैर्बाणादिभिस्तथात्वे जीवोऽजीवाश्च, बहुभिर्लुब्धकैर्बहुभिर्बाणादिभिस्तथात्वे तु जीवा अजीवश्चेति भावः । न द्वित्वबहुत्वे इति, सामान्यग्राहित्वादस्य नयस्येति भावः । अजीव एवेति, कर्मण एव कारणत्वात्तस्यैव च सर्वजनप्रतीतिनिमित्तत्वादिति भावः ॥

વિવેચન - ચારેય બાજુથી આવી પડેલ વિધિ સહિત ભક્ત(અશન)પાન આદિનો અલાભ આદિ હોયે છતે, સમભાવથી-વિરૂપતાના આલંબન લીધા સિવાય-અકમ્પચિત્તપણે રહેવું, એ 'પરીષહ' કહેવાય છે.

વ્યુત્પત્તિજન્ય અર્થ-પરિ+સહ=પરિનામક ઉપસર્ગ સહના પૂર્વે છે. ભાવમાં (ધાતુ અર્થ ક્રિયારૂપ ભાવ અર્થમાં) અર્થાત્ સહન કરવું. એ અર્થમાં અકાર (અપ્રત્યય) થવાથી પરિષહણ-સહન કરવું. અર્થાત્ ક્ષુધા આદિનો જય 'પરિષહ' કહેવાય છે. અહીં 'અચ્' પ્રત્યય જે પચ આદિ (પાણિનીય વ્યાકરણ પ્રસિદ્ધ એક ગણ) નિમિત્તજન્ય જે 'અચ્' પ્રત્યય તે અહીં નથી, કેમ કે-તે પ્રત્યય 'કર્તા' અર્થમાં અર્થાત્ પચ એટલે જેમ પકાવનાર અર્થમાં વિહિત હોઈ, અહીં સહનાર એ અર્થ ઈષ્ટ નથી. વળી કર્મસાધનજન્ય (કર્મણિપ્રયોગ દ્વારા થતો) ઘઞ્ પ્રત્યય નથી. અર્થાત્ પરિષહ્યતે ઇતિ.

જો પરિ + ષહ + ઘઞ્ એમ કરવામાં આવે, તો 'પરીષાહ' બની જાય, કેમ કે-ઉપાંત્ય (છેલ્લાની પહેલા) સ્વરની વૃદ્ધિ થાય છે માટે 'પરિષહ' ઈષ્ટ છે.

સહનવિષયરૂપ-'પરિષાહ' ઈષ્ટ નથી એટલે કર્મસાધનજન્ય ઘઞ્ પ્રત્યય નથી. વળી પુંલિંગમાં સંજ્ઞામાં થતો 'ઘ' પ્રત્યય પણ નથી, કેમ કે-તેનું કરણમાં અને અધિકરણમાં વિધાન છે. સહન કરવાનું કરણ અને અધિકરણ આધાર, એ અર્થ અધિકૃત નથી.

લક્ષણ - પ્રતિબંધકની હાજરીમાં પણ સમતાપૂર્વક ક્ષુધા આદિ જન્ય દુઃખ આદિનું સહન કરવાપણું લક્ષણ છે.

પદકૃત્ય - પ્રયોજન-ક્લેશપૂર્વક, દુઃખના સહનમાં (અકામનિર્જરામાં) પરીષહપણાનો અભાવ હોવાથી 'સમભાવપૂર્વક'-એમ કહેલ છે. પરીષહપદવાચ્ય (પરીષહ શબ્દના અર્થરૂપ) ક્ષુધા આદિ જયોનું, આત્યંતિક નિર્વૃત્તિરૂપ મોક્ષમાર્ગ સાધનભૂત સમ્યગ્દર્શન આદિથી અચ્યવન (અપતન) અને કર્મનિર્જરા-એ બે પ્રયોજન છે (ઉદ્દેશ્ય છે.)

○ પરીષહો સહન કરવાને યોગ્ય છે.

નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્રનય વડે અવિરત-દેશવિરત-સર્વવિરતોને બને છે, કેમ કે-અવિરત આદિ ત્રણેયને પરીષહવેદનીય અસાતા આદિ કર્મના ઉદયથી પેદા થયેલ ક્ષુધા આદિમાં અને તે ક્ષુધાદિના સહનમાં યોગ પ્રમાણે સકામ-અકામનિર્જરા હેતુનો સંભવ છે.

○ શબ્દ-સમભિરૂઢ=એવંભૂતોના નયમત વડે વિરતમાં જ પરીષહો સહનયોગ્ય બને છે, કેમ કે-નિરુપચરિત-યથાર્થ પરીષહ શબ્દ વર્તતો હોવાથી તે વિરતમાં સકામનિર્જરા હેતુનો સંભવ છે.

○ આ પરીષહોનું ઉત્પાદક-નિમિત્તભૂત દ્રવ્ય, નૈગમનયની અપેક્ષાએ (૧) એક જીવઘણા જીવો, (૨) એક અજીવ-અનેક અજીવો, (૩) જીવ અને અજીવ-એમ બંને, (૪) અનેક જીવો-એક અજીવ, (૫) એક જીવ અનેક અજીવો, (૬) અનેક જીવો-અનેક અજીવો, (૭) એક અજીવ-બીજો અજીવ, (૮) એક જીવ-બીજો જીવ. (ચપેટા-તમાચો વગેરેથી એક પુરુષ, પરીષહોમાં પ્રેરક હોવાથી જીવ નિમિત્ત છે. ઘણા જીવો તથા પ્રકારે પ્રેરક હોવાથી ઘણા જીવો, જીવના પ્રયોગથી રહિત ઘરના પડવા વગેરે રૂપ અચેતન પ્રેરક હોવાથી એક અજીવ-ઘણા અજીવો પ્રેરક હોવાથી અનેક અજીવો, શિકારી-બાણ આદિથી પ્રેરક હોવાથી

જીવ-અજીવ એમ બંને, અનેક પુરુષો એક શિલા આદિથી પ્રેરક હોઈ જીવો અને એક અજીવ, ઘણા શિકારીઓ-બાણ આદિથી પ્રેરક હોઈ જીવ-અજીવો, ઘણા શિકારીઓ અને ઘણા બાણ આદિથી પ્રેરક હોઈ જીવો અને અજીવો નિમિત્ત છે.)

○ સંગ્રહનયના-મતમાં એક જીવ અથવા એક અજીવ અહીં દ્વિવચન-બહુવચન નથી, કેમ કે-સંગ્રહનય સામાન્ય ગ્રાહી છે.

○ વ્યવહારનયમાં અજીવ જ નિમિત્ત છે, કેમ કે-પરીષહોમાં કર્મનું જ કારણ છે અને તે કર્મ સર્વ જનની પ્રતીતિમાં નિમિત્ત છે.

○ બાકીના ઋજુસૂત્ર આદિ નયોના મતમાં જીવ જ કારણ છે, કેમ કે-પરીષહનના વિષયભૂત જ (પરિસહન કરનાર) પરીષહ હોવાથી અને ક્ષુધા આદિ જયરૂપ પરિષહણ ઉપયોગ આત્મક છે અને ઉપયોગ જીવનો સ્વભાવ છે. માટે જ પરીષહોમાં ક્ષુધા આદિ જયોમાં જીવદ્રવ્ય જ નિમિત્ત છે. અથવા ક્ષુધાદિ જયો ઉપયોગરૂપ-જીવસ્વભાવરૂપ, ક્ષુધા આદિ જયો જીવદ્રવ્ય છે. ગુણસમુદાયરૂપ જ દ્રવ્ય કહેવાય છે.

○ તે તે લક્ષણના નિરૂપણના અવસરમાં કર્મની પ્રકૃતિઓ અને પુરુષો (અધિકારીઓ) કહેવાશે.

○ એષણીય અને અનેષણીયના નહિ ગ્રહણ કરવાથી અથવા ગ્રહણ કર્યા બાદ નહિ ભોજન કરવાથી, નૈગમ સંગ્રહ વ્યવહારમતોના મતે સહન થાય છે, કેમ કે-સ્થૂલ દૃષ્ટિવાળા આ ત્રણ નયોના મતે અન્ન આદિનો પરિહાર જ ક્ષુધા આદિ રૂપે ઈષ્ટ માનેલ છે. બાકીના નયોના મતે તો અન્ન આદિ પરિહાર કરનાર નહિ ખાનારને તે પરીષહ સહન નથી માનેલ, પરંતુ પ્રાસુક (અચિત્ત) કલ્પ્ય અન્ન આદિ લેનારને અને ખાનારને પણ પરીષહસહન માનેલ છે, કેમ કે-આ નયો ભાવની પ્રધાનતાના વાદીઓ છે.

○ જે આશ્રી ક્ષુધા (ભૂખ) આદિ થાય છે, તે વસ્તુ જ પરીષહ છે, એમ નૈગમનય માને છે.

○ ક્ષુધા આદિથી થયેલ વેદના (પીડા) અને તે ક્ષુધા આદિ વેદનાનું ઉત્પાદક નિમિત, એ 'પરીષહ' કહેવાય છે. એમ સંગ્રહ વ્યવહારનય માને છે.

○ વેદનાને અપેક્ષીને જીવમાં 'પરીષહ'-એમ ઋજુસૂત્રનું મંતવ્ય છે.

○ પરીષહમાં ઉપયોગમય આત્મા જ 'પરીષહ' છે, એમ શબ્દ-સમભિરૂઢ-એવંભૂતનયો માને છે.

○ એક જીવની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટથી આ પરીષહોની વર્તના (સ્થિતિ) આગળ કહેવાશે.

○ નૈગમ સંગ્રહ વ્યવહારનયોના મતે વર્ષરૂપ કાળને અપેક્ષી પરીષહ થાય છે, કેમ કે-ઉત્પાદક નિમિત્તભૂત વસ્તુઓ પણ પરીષહ તરીકે કહેવાય છે.

○ ઋજુસૂત્રમતમાં અન્તર્મુહૂર્ત્ત કાળપર્યંત પરીષહ હોય છે, કેમ કે-અનુભવ-ઉપયોગ-આત્મવેદનાનું માન તેટલું જ છે.

○ શબ્દ આદિ નયમતે એક સમય છે, કેમ કે-તે શબ્દાદિ નયના મતે ઉપયોગરૂપ પર્યાય સમયે સમયે જુદો જુદો હોય છે.

परीषहभेदश्च सम्बन्धितया कतिविध इत्याशङ्कायां तं विभजते—

स च क्षुत्पिपासाशीतोष्णदंशाचेलारतिस्त्रीचर्यानैषेधिकशय्याऽऽक्रोशवधयाचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कारप्रज्ञाऽज्ञानसम्यक्त्वरूपेण द्वाविंशतिविधः । सत्यामप्यतिशयितक्षुद्वेदनायां सविधिभक्ताद्यलाभेऽपि क्षुधोपसहनं क्षुत्परीषहः । सत्यां पिपासायामदुष्टजलाद्यभावेऽपि तृट्परिषहणं पिपासापरीषहः । प्रचुरशीतबाधायामप्यत्यल्पैरेव वस्त्रादिभिश्शीतोपसहनं शीतपरीषहः । प्रभूतोष्णसन्तापेऽपि जलावगाहनाद्यनासेवनमुष्णपरीषहः । ३४ ।

स चेति । परीषहश्चेत्यर्थः, द्वाविंशतिविध इत्यनेन सम्बन्धः । ननु सहनस्वरूपस्य परीषहस्याविशेषेण कथं द्वाविंशतिविधत्वमित्यत्राह–क्षुदिति । तथा च परिसोढव्यानां क्षुधादीनां द्वाविंशतिविधत्वेन तत्साध्यसहनस्याऽपि द्वाविंशतिविधत्वमिति भावः । सम्यक्त्वरूपेणेति, साध्यत्वादिति शेषः । न च परिषह्यन्त इति कर्मव्युत्पत्त्या व्युत्पन्नेन बाहुलकघप्रत्ययान्तेन परीषहशब्देन क्षुधादय एव वाच्या इति वाच्यम् । क्षुधादीनां संवर रूपत्वाभावात् । तज्जयस्यैव तथात्वात् संवररूपस्यैव परीषहस्य वाच्यत्वात् । अत एव सर्वत्र मूले जयपरत्वेनैव परीषहा लक्षिता इति । अथातिदुस्सहत्वात्क्षुद्वेदनायास्तत्सहनरूपक्षुत्परीषहमेवादौ लक्षयति–सत्यामपीति । अनशनाध्वरोगतपस्स्वाध्यायश्रमवेलातिक्रमावमौदर्यासद्वेद्योदयादिभ्यो जठरविदाहिन्यां शरीरेन्द्रियहृदयसंक्षोभिकायां क्षुद्वेदनायां समुदितायां तस्याः सहनं क्षुत्परीषह इति भावः । क्रोधादिजन्यक्षुधुपसहनस्य परीषहत्ववारणाय सविधिभक्ताद्यलाभेऽपीति, एतेनास्य विशेषणस्यातिशयताद्योतकत्वेन साम्यताया लाभात् साम्यताप्रयुक्तक्षुधोपसहनत्वस्यैव लक्षणार्थत्वेन क्रोधादिजन्यक्षुधोपसहने क्रोधप्रयुक्तत्वस्यैव सत्त्वान्नातिव्यासिरेवमग्रलक्षणेष्वपि भाव्यम्, शास्त्रप्रतिपादितेन भक्तेन तां शमयतोऽनेषणीयञ्च समुत्सृजतः क्षुत्परीषहः, लक्षणन्तु सविधिभक्ताद्यलाभेऽपि क्षुधोपसहनत्वमेवेति ध्येयम् । क्षुधायाश्चतुर्दशस्वपि गुणस्थानेषु सम्भवस्तत्कारणस्य वेदनीयस्य सद्भावादिति ॥ बुभुक्षापीडितस्य पिपासासंभवात्तज्जयरूपं पिपासापरीषहमाह–सत्यामिति । स्नानावगाहपरिषेकत्यागिनोऽतिलवणस्निग्धरूक्षविरुद्धाहाराऽऽतपानशनपित्तज्वरादिभिरुदितां शरीरेन्द्रियशोषिकां पिपासां क्षुद्भिन्नसामर्थ्यवर्तीं प्रत्यनादियमाणस्य, निदाघेऽपि विहारादिषु हृदेष्वासन्नेष्वप्यप्कायिकजीवपरिज्ञानेन जलमनादधानस्य, भिक्षाकालेऽप्यनेषणीयजलाद्यनभिलाषुकस्य पिपासासहनं जायत इति भावः । अदुष्टजलाद्य-भावेऽपि तृट्परीषहणत्वं लक्षणं, कृत्यमूह्यम् । पिपासेयं सर्वेष्वपि

गुणस्थानेषु सम्भविनीति ॥ शीतपरीषहमाह-प्रचुरेति । महत्यपि शीते जीर्णवसने नाकल्प्यानि वासांसि गृह्णाति, शीतत्राणायाऽऽगमोक्तेन विधिनैषणीयमेव कल्पादि गवेषयेत्परिभुञ्जीत वा, नापि शीतार्तो ज्वलनं ज्वालयेत्, नान्यज्वालितं वा सेवेत, एवमनुतिष्ठता शीतोपसहनं कृतं भवेदिति भावः । सर्वेषु गुणस्थानेषु शीतं सम्भवि ॥ उष्णपरीषहमाचष्टे-प्रभूतेति । पटीयो नैदाघदिवाकरकरनिकरसन्तप्तकलेवरस्य तृष्णानशनपित्तरोगधर्मश्रमार्दितस्य स्वेदशोषदाहाभ्यर्दितस्य जलावगाहनव्यजनवातावलेपनकदलीपत्राद्यासेवनविमुखस्य पूर्वानुभूतशीतलद्रव्यप्रार्थनापेतान्तरङ्गस्योष्णवेदनाप्रतीकारक्रियानादरस्य चारित्रिणश्चारित्ररक्षणायोष्णतासहनमुष्णपरीषह इति भावः, प्रभूतोष्णसन्तापेऽपि जलावगाहनाद्यनासेवनत्वं लक्षणम् । चारित्रिकर्तृकत्वं सर्वत्र वाच्यमन्यथा पूजाद्यभिलाषिणाऽनुष्ठिततादृशानासेवनस्याप्युष्णपरीषहत्वप्रसक्तिः स्यात्, उष्णोऽयमखिलेषु गुणस्थानेषु सम्भवी ॥

પરીષહભેદોનું વર્ણન-

વિષયતારૂપ સંબંધથી સંબંધીપણું હોઈ પરીષહના ભેદો કેટલા પ્રકારના છે ? આવી આશંકા હોયે છતે પરીષહોના વિભાગ કહે છે કે-

ભાવાર્થ - વળી તે પરીષહ-ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, અવસ્ત્ર, અરતિ, વનિતા, ચર્યા નૈષેધિક, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણ્ણ, સ્પર્શ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, સમ્યક્ત્વ રૂપે બાવીશ (૨૨) પ્રકારનો છે. અત્યંત ક્ષુધાની વેદના હોયે છતે, સવિધિ ભક્ત આદિના અલાભમાં પણ ક્ષુધાને સહન કરવી, એ 'ક્ષુત્પરિષહ ।' તરસ હોવા છતાં નિર્દોષ જળ આદિના અભાવમાં પણ તૃષા સહન કરવી, એ 'પિપાસાપરિષહ ।' પ્રચૂર ઠંડીની બાધા હોવા છતાંય અલ્પ જ વસ્ત્ર આદિથી ઠંડી સહન કરવી, એ 'શીતપરિષહ ।' ઘણી ગરમીથી સંતાપ હોવા છતાં જળસ્નાન આદિનું આસેવન નહિ કરવું, એ 'ઉષ્ણપરિષહ ।'

વિવેચન - તે પરીષહનો સંબંધ બાવીશ પ્રકારના, એવા શબ્દની સાથે છે.

શંકા - સહન સ્વરૂપવાળા પરીષહમાં વિશેષ ભેદ નહિ હોવાથી બાવીશ પ્રકારનો પરીષહ છે, એવો ભેદ કેવી રીતે કહેવાય ?

સમાધાન - સહન કરવાના વિષયભૂત ક્ષુધા આદિ બાવીશ પ્રકારના હોઈ, તે પરીષહભૂત ક્ષુધાદિ રૂપ (વિષયનું) સહન પણ બાવીશ (૨૨) પ્રકારનું છે. એ કથન છે, એ કથન યુક્તિયુક્ત છે. અર્થાત્ ક્ષુધાથી માંડી સમ્યક્ત્વ પર્યંત પરીષહવિષય છે.

---

૧. यद्यपि शीतोष्णयोरेकदैकत्रासम्भवस्तथापि आत्यन्तिके शीते तथाविधाग्निसन्निधौ च युगपदेवैकस्य पुंससम्भवतस्तौ, एकदिगवच्छेदेन शीतस्यापरदिगवच्छेदेनोष्णस्य सम्बन्धादिति नाशक्यम्, कालकृतशीतोष्णयोरेवाश्रयणात्, तयोर्योगपद्यासम्भवात्, एवंविधव्यतिकरस्य वा प्रायेण तपस्विनामभावादिति बोध्यम् ॥

शंका - 'परिषहयन्ते' -આવી કર્મવ્યુત્પત્તિ દ્વારા વ્યુત્પન્ન અને બાહુલકથ નામક પ્રત્યય અંતવાળા પરીષહ શબ્દથી ક્ષુધા આદિ જ પરીષહનો અર્થ (સહનવિષય ક્ષુધા આદિ રૂપ અર્થ) કેમ વાચ્ય ન થાય ? શો વાંધો ?

સમાધાન - વિષય (સાધ્યભૂત) ક્ષુધા આદિમાં સંવરરૂપપણાનો અભાવ હોઈ પરીષહવાચ્ય ક્ષુધા આદિ ન બની શકે, કેમ કે-ક્ષુધા આદિના જયમાં જ સંવરરૂપપણું છે, માટે સંવરરૂપ જ પરીષહવાચ્ય છે.

એથી જ સઘળા મૂલમાં જયપર (પર્યવસિત) પણાએ જ પરીષહો લક્ષિત (લક્ષણ વિષયભૂત) છે.

હવે અત્યંત દુઃસહ હોવાથી ક્ષુધાવેદનાના સહનરૂપ ક્ષુત્પરીષહને આરંભમાં લક્ષિત કરે છે કે - 'सत्यामपीति ।' અર્થાત્ અનશન-માર્ગ-રોગ-તપ અને સ્વાધ્યાયશ્રમ વેળાનો અતિક્રમ-ઉનોદરિતા-અસાતાવેદનીયના ઉદય આદિના કારણોથી જઠર અને આંતરડાને બાળનારી, શરીર-ઇન્દ્રિય-હૃદયમાં ખળભળાટ કરનારી ક્ષુધાની વેદના પ્રગટ થયે છતે, તે ક્ષુધાવેદનાનું સહન કરવું, તે 'ક્ષુત્પરિષહ' કહેવાય છે.

પદકૃત્ય - ક્રોધ આદિથી જન્ય ક્ષુધાના સહનમાં પરીષહપણાના વારણ માટે 'सविधि (વિધિ પ્રમાણે) ભોજન આદિનો અલાભ હોવા છતાંય'-એમ કહેલ છે. આ કથનદ્વારા સામ્યતાનો લાભ હોવાથી સમતાજન્ય ક્ષુધાનું ઉપસહનપણું જ લક્ષણનો અર્થ હોઈ ક્રોધ આદિ જન્ય ક્ષુધાના ઉપસહનમાં ક્રોધજન્યપણું જ હોવાથી અતિવ્યાપ્તિ નથી. એમ આગળના લક્ષણોમાં પણ વિચારણા કરવી. અર્થાત્ શાસ્ત્રમાં પ્રતિપાદિત ભોજનદ્વારા તે ક્ષુધાવેદના શમાવનારને અને અનેષણીય (અશુદ્ધ)ને પરઠવનારને (અશુદ્ધ ભોજનત્યાગીને) 'ક્ષુત્પરીષહ' છે.

લક્ષણ - વિધિસર ભોજન આદિની અપ્રાપ્તિમાં પણ ક્ષુધાનું ઉપસહનપણું જ 'ક્ષુત્પરીષહ'નું લક્ષણ છે, એમ સમજવું.

○ ક્ષુધાનો પણ ચૌદ (૧૪) ગુણસ્થાનોમાં સંભવ છે, કેમ કે-તે 'ક્ષુધાના કારણભૂત વેદનીયનો સંભવ છે.

○ ક્ષુધાથી પીડિતને પિપાસાનો સંભવ હોવાથી તે પિપાસાના જયરૂપ પિપાસાપરીષહને કહે છે. સ્નાન-જળના અવગાહનદ્વારા જળસિંચનના ત્યાગીને, અતિ ખારા-ચિકણા-લૂખા એવા આહાર વિરુદ્ધ આહાર, તડકો-ભોજનનો અભાવ-પિત્તજ્વર આદિ કારણોથી પ્રકટ થયેલ, શરીર અને ઇન્દ્રિયને શોષ કરનારી, ક્ષુધાભિન્ન સામર્થ્યવાળી પિપાસા તરફ અનાદર કરનારને ઉનાળામાં પણ વિહાર આદિમાં, નજીકના જળાશયોમાં પણ અપ્કાય જીવોના પરિજ્ઞાનથી જળને નહિ ગ્રહણ કરનારને, ભિક્ષાના કાળમાં પણ અનેષણીય (અશુદ્ધ) જળની ઇચ્છા નહિ કરનારને પિપાસાનું સહન થાય છે.

લક્ષણ - નિર્દોષ જળ આદિના અભાવમાં પણ તૃષાનું પરીષહપણું પિપાસાપરીષહનું લક્ષણ છે.

પદકૃત્ય અહીં વિચારવું.

○ આ પિપાસા સઘળાય ગુણસ્થાનોમાં સંભવિત છે.

હવે શીતપરીષહને કહે છે-

ઘણી-સખ્ત ઠંડી હોવા છતાં જીર્ણ (જુના)વસ્ત્ર હોયે છતે, અકલ્પ્ય વસ્ત્રોને ગ્રહણ કરતો નથી. ઠંડીથી બચવા માટે આગમકથિત વિધિથી એષણીય કલ્પ આદિ(કંબળ-વસ્ત્ર વગેરે)ની ગવેષણા કરે કે ભોગવે !

ઠંડીથી પીડિત થઈ અગ્નિને ચેતાવે નહિ અથવા બીજાએ સળગાવેલ અગ્નિનું સેવન કરે નહિ. આ પ્રમાણે કરનારે શીતનું ઉપસહન કરેલું થાય, એમ ભાવ સમજવો. સઘળાય ગુણસ્થાનોમાં શીતનો સંભવ છે.

ઉષ્ણપરીષહને કહે છે-

જોરદાર ઉનાળાના સૂર્યના કિરણસમુદાયથી તપેલ શરીરવાળાને, તરસ-ભોજનનો અભાવ, પિત્તરોગ-ઘામ-પરિશ્રમથી પીડિતને, પરસેવો-દાહ-શોષથી પીડિતને, જળ અવગાહન-સ્નાન-પંખો-પવન-ચંદન આદિનો લેપ-કેળના પત્ર આદિના સેવનથી રહિતને, પૂર્વે અનુભવેલ ઠંડા પદાર્થોની પ્રાર્થનાથી રહિત હૃદયવાળાને, ઉષ્ણજન્ય વેદનાના પ્રતિકારની ક્રિયાના અનાદરવાળાને, ચારિત્રીને ચારિત્રની રક્ષા માટે ઉષ્ણતાનું સહન 'ઉષ્ણપરીષહ' કહેવાય છે.

લક્ષણ - ઘણી ગરમીથી સંતાપ છતાં જળ અવગાહન આદિના આસેવન રહિતપણું 'ઉષ્ણપરીષહ'નું લક્ષણ છે.

○ અહીં સઘળા પરીષહોના લક્ષણોમાં સાધુ કર્તૃકપણું (કૃતપણું) કહેવું. અન્યથા જો એમ કહેવામાં ન આવે, તો પૂજાના અભિલાષીને કરેલ તેવા અનાસેવનમાં પણ ઉષ્ણપરીષહપણાનો પ્રસંગ આવી જાય. આ ઉષ્ણ સઘળાય ગુણસ્થાનોમાં સંભવિત છે.

दंशपरीषहं निर्वक्ति —

समभावतो दंशमशकाद्युपद्रवसहनं दंशपरीषहः । एते वेदनीयक्षयोपशमजन्याः । सदोषवस्त्रादिपरिहारेणाल्पमूल्याल्पवस्त्रादिभिर्वर्त्तनमवस्त्रपरीषहः । अप्रीतिप्रयोजक-संयोगसमवधाने सत्यपि समतावलम्बनमरतिपरीषहः । कामबुद्ध्या स्त्र्याद्यङ्ग-प्रत्यङ्गादिजन्यचेष्टानामवलोकनचिन्तनाभ्यां विरमणं स्त्रीपरीषहः । एते च चारित्र-मोहनीयक्षयोपशमजन्याः । ३५ ।

समभावत इति । दंशमशकमत्कुणवृश्चिकादिक्षुद्रसत्त्वैर्बाध्यमानोऽपि निजकर्मविपाकमनु-चिन्तयन्न तत्स्थानादपगच्छेत्, न च तदपनयनाय धूमविद्यामंत्रौषधादीनि प्रयुञ्जीत, न वा व्यजनादिभिर्निवारयेत्, तथा च दंशाद्युपद्रवजयस्स्यात्, समभावतो दंशाद्युपद्रवसहनत्वं लक्षणम्। दंशाद्युपद्रवोऽपि निखिलेषु गुणस्थानेषु सम्भवति । एषां क्षुधादीनां पञ्चानां वेदनीयोदये समवतारात् तेषां जयाश्चारित्रमोहनीयक्षयोपशमादिजन्या इत्याहैत इति, वेदनीये सति क्षयोपशमजन्याः, अर्थात् चारित्रमोहनीयक्षयोपशमादिजन्या इत्यर्थः, सहनस्य चारित्र-

रूपत्वादिति भावः, एवमग्रेऽपि । उक्तञ्च भगवतीटीकायां "एतेषु पीडैव वेदनीयोत्था, तदधिसहनन्तु चारित्रमोहनीयक्षयोपशमादिसम्भवमधिसहनस्य चारित्ररूपत्वादिती" ति, सहनस्य केवलं चारित्रमोहनीयक्षयोपशमादिजन्यत्वेन वेदनीयचारित्रावरणक्षयोपशमजन्या इत्यनुक्त्वा केवलं वेदनीयक्षयोपशमजन्या इत्युक्तं, क्षुधादौ तज्जये च कारण-प्रदर्शनाय तथोपन्यासः कृतः । ज्ञानावरणवेदनीयमोहनीयाऽन्तरायात्मकप्रकृतिचतुष्टयोदय एव द्वाविंशतीनां जेयानां क्षुधादीनामवतारो यथायोगं भवत । एते पञ्चैव परीषहा वेदनीये सति चारित्रमोहनीयक्षयोपशमादिजन्या इति न वाच्यमन्येषामपि भावात् किन्तु क्रमं परीषहाणमुद्दिश्यैवमुक्तमिति भावः ॥ अथावस्त्रपरीषहमाह-सदोषेति । उद्गमादिदोषविशिष्टवस्त्रादिपरिहारेणेत्यर्थः । इदञ्चाल्पमूल्यानामल्पवस्त्राणां दुष्टानामग्राह्यताज्ञापनाय । अल्पमूल्येति । इदञ्च निर्दुष्टबहुमूल्याल्पवस्त्रपरिग्रहव्युदासाय । अन्यथा परिग्रहादिदोषः प्रसज्येत । अल्पवस्त्रेति । इदञ्च निर्दुष्टाल्पमूल्यनिरर्थकबहुवस्त्रसङ्ग्रहनिराकरणाय । एवञ्च सर्वथा वस्त्रशून्यतायामेवाऽवस्त्रपरीषहत्वं निराकृतं । लक्षणं स्पष्टम्, अस्य संभवो नवमगुणस्थानं यावत् । चारित्रमोहनीयस्य सम्भवात् । नाग्रिमगुणस्थानकेषु, तत्र मोहनीयस्य क्षीणत्वादिति ॥ अरतिपरीषहमभिधत्ते-अप्रीतीति । सूत्रोपदेशेन विहरतस्तिष्ठतो वा संयमविषयकधृतिवैपरीत्यमुत्पद्यते, एतादृशाप्रीतिप्रयोजकसंयोगसम्भवेऽपि सम्यग्धर्माराधनरतिमता भवितव्यं तथासत्यरतिविजयो भवेदिति भावः । अप्रीतिप्रयोजकसंयोगसमवधानाऽसमवधानकालीनसाम्यभावावलम्बनत्वं लक्षणम् । क्षुत्परीषहादिव्युदासाय कालीनान्तम् । नवमगुणस्थानं यावदियमरतिः ॥ स्त्रीपरीषहमाह-कामबुद्ध्येति । कामबुद्ध्या स्त्रीणामङ्गप्रत्यङ्गसंस्थानहसितललितविभ्रमादिचेष्टानां यद्विलोकनं चिन्तनं वा, ताभ्यां सर्वथा विरमणमित्यर्थः । कामप्रयुक्तस्त्र्याद्यङ्गप्रत्यङ्गादिचेष्टावलोकनचिन्तनप्रवृत्तिराहित्यं लक्षणम् । धर्मोपदेशबुद्ध्या स्त्र्याद्यङ्गाद्यवलोकने दोषाभावात्कामबुद्ध्येत्युक्तम् । अवलोकनमात्रोक्तौ चिन्तनस्य, तन्मात्रोक्तौ चावलोकनस्य व्युदासासम्भवादुभयोर्ग्रहणम् । नवमगुणस्थानं यावत्कामबुद्ध्या स्त्र्याद्यङ्गाद्यवलोकनादिसम्भवः चारित्रमोहनीयोदयसम्भवात्, अग्रिमेषु स्थानेषु न संभवः मोहनीयस्य क्षपणादुपशमाद्वा तस्मादयं परीषहश्चारित्रमोहनीये सति चारित्रमोहनीयक्षयोपशमजन्य इत्यभिप्रायेणाह-एते चेति । अवस्त्रारतिस्त्रीपरीषहाश्चेत्यर्थः । चारित्रमोहनीय-क्षयोपशमजन्या इति यथाक्रमं जुगुप्साया अरतिमोहनीयस्य पुंवेदस्य च क्षयादुपशमाद्वा परीषहा एते भवन्तीति भावः ॥

દંશપરીષહને કહે છે -

ભાવાર્થ - સમભાવથી ડાંસ-મચ્છર આદિના ઉપદ્રવનું સહન 'દંશપરીષહ' છે. આ પરીષહો વેદનીય-ક્ષયોપશમજન્ય છે. દોષવાળા વસ્ત્ર આદિના પરિહારથી અલ્પ મૂલ્યવાળા વસ્ત્ર આદિથી વર્તવું. 'અવસ્ત્રપરીષહ' અપ્રીતિના કારણભૂત સંયોગની હાજરી હોવા છતાં સમતાનું આલંબન લેવું, એ 'અરતિપરીષહ.' કામબુદ્ધિથી સ્ત્રી આદિના અંગ-પ્રત્યંગ આદિ જન્ય ક્રિયાઓના અવલોકન-ચિંતનથી અટકવું, એ 'સ્ત્રીપરીષહ. અને આ પરીષહો ચારિત્રમોહનીય ક્ષયોપશમથી જન્ય છે.

વિવેચન - દંશપરીષહો=ડાંસ-મચ્છર-માંકડ-વીંછી વગેરે ક્ષુદ્ર જંતુઓ દ્વારા બાધાવાળો હોવા છતાં, પોતાના કર્મના વિપાકનું ચિંતન કરનારો તે સ્થાનથી ખસે નહિ; વળી તે ડાંસ આદિને હટાવવા માટે ધૂમાડો-વિદ્યા-મંત્ર-ઔષધિ આદિનો પ્રયોગ કરે નહિ; અથવા પંખા વગેરેથી ડાંસ આદિનું નિવારણ ન કરે ! તથાચ ડાંસ આદિના ઉપદ્રવનો જય થઈ શકે.

લક્ષણ - સમભાવથી ડાંસ વગેરે ઉપદ્રવોનું સહનપણું લક્ષણ છે. ડાંસ આદિનો ઉપદ્રવ પણ સઘળા ગુણસ્થાનોમાં સંભવે છે. આ પાંચ ક્ષુધા આદિનું વેદનીયનો ઉદય થયે છતે આગમન છે, તે ક્ષુધા આદિના જયો ચારિત્રમેહનીયના ક્ષયોપશમ આદિથી જન્ય છે, માટે જ કહે છે.

વેદનીય છતે ક્ષયોપશમજન્ય એટલે કે-ચારિત્રમોહનીયના ક્ષયોપશમજન્ય, એવો અર્થ સમજવો, કેમ કે-સહન ચારિત્રરૂપ છે. એ પ્રમાણે આગળ ઉપર સમજવું.

○ વળી શ્રી ભગવતીસૂત્રની ટીકામાં કહ્યું છે કે-"આ પરીષહોમાં પીડા જ માત્ર વેદનીય છે. તેનું અધિસહન તો ચારિત્રમોહનીયના ક્ષયોપશમ આદિથી જન્ય છે, કેમ કે- અધિસહન ચારિત્રરૂપ છે." ઇતિ.

સહન, કેવલ ચારિત્રમોહનીય ક્ષયોપશમ આદિ જન્ય હોઈ, 'વેદનીય ચારિત્રાવરણ ક્ષયોપશમજન્ય'-એમ નહિ કહીને કેવળ 'વેદનીય ક્ષયોપશમજન્ય છે'-એમ કહેલ છે. અર્થાત્ ક્ષુધા આદિ વેદનીય છે અને ક્ષુધા આદિ જન્ય ચારિત્રમોહનીય ક્ષયોપશમજન્ય છે. એટલે ક્ષુધા આદિમાં અને ક્ષુધા આદિના જયમાં કારણને દેખાડવા માટે તેવા પ્રકારનો ઉપન્યાસ કરેલ છે. (ક્ષુધા આદિમાં વેદનીય કારણ છે અને ક્ષુધા આદિના જયમાં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ કારણ છે, એમ જણાવવા માટે તેવો વાક્યરચનારૂપ ઉપન્યાસ કરેલ છે.)

○ જ્ઞાનાવરણ-વેદનીય-મોહનીય-અન્તરાય (મોહનીયના) દર્શનમોહનીય-ચારિત્રમોહનીય-એ બે ભેદ જુદા પાડીને પાંચ ભેદ ન પાડીએ તો, એમ ચાર કર્મપ્રકૃતિઓનો ઉપદ્રવ હોયે છતે જીતવાલાયક સાધ્ય બાવીશ (૨૨) ક્ષુધા આદિની ઉત્પત્તિ યોગ પ્રમાણે થાય છે.

○ આ પાંચ જ પરીષહો, વેદનીય હોયે છતે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ આદિ જન્ય છે એમ નહિ કહેવું, કેમ કે-બીજા પરીષહોમાં પણ વેદનીય હોયે છતે ચારિત્રમોહનીય ક્ષયોપશમ આદિ જન્યત્વનો સદ્‌ભાવ છે. પરંતુ પરીષહોના ક્રમને ઉદ્દેશીને જ આમ કહેલ છે, એમ સમજવું.

હવે અવસ્ત્રપરીષહને કહે છે-

ઉદ્ગમ-ઉત્પાદન એષણાના દોષવાળા વસ્ત્ર આદિના પરિહારથી એવો અર્થ જાણવો. અર્થાત્ આ વાક્ય સદોષ અલ્પ મૂલ્યવાળા અલ્પ વસ્ત્રો ગ્રહણ કરવા યોગ્ય નથી, એ જણાવવા માટે છે.

○ 'અલ્પ મૂલ્યવાળા'- બે વાક્ય, નિર્દોષ પણ બહુમૂલ્ય-કિંમતવાળા અલ્પ વસ્ત્રના પરિગ્રહ(ગ્રહણ)ના નિષેધ માટે છે, અન્યથા પરિગ્રહ આદિ દોષનો પ્રસંગ આવી જાય છે.

○ 'અલ્પ વસ્ત્રો'- એ વાક્ય, નિર્દોષ અલ્પ મૂલ્યવાળા નિરર્થક ઘણા વસ્ત્રોના નિષેધ માટે છે.

આ પ્રમાણે સર્વથા વસ્ત્રરહિતપણામાં (નગ્નપણામાં) અવસ્ત્ર નામક પરીષહપણાનું નિરાકરણ કરેલું જાણવું.

○ લક્ષણ સ્પષ્ટ છે. આ અવસ્ત્રપરીષહનો સંભવ નવમા ગુણસ્થાનક (બાદરસંપરાય નામક) સુધી છે, કેમ કે-ચારિત્રમોહનીય (જુગુપ્સા નામક મોહનીય)નો સંભવ છે. આગળ ગુણસ્થાનોમાં સંભવ નથી, કેમ કે-ત્યાં મોહનીયનો ક્ષય (કે ઉપશમ) છે.

અરતિપરીષહને કહે છે-

સૂત્રના ઉપદેશ અનુસાર વિહાર કરનારને અથવા ઉભા રહેનારને (વર્તનારને) સંયમમાં અધૃતિ-કંટાળો પેદા થાય છે. આવા અપ્રીતિજનક સંયોગની હાજરીમાં પણ સારી રીતે ધર્મની આરાધનામાં પ્રીતિવાળા મુનિએ થવું જોઈએ. તે પ્રમાણે થાય તો અરતિનો વિજય થઈ શકે, એવો ભાવ જાણવો.

લક્ષણ - અપ્રીતિના નિમિત્તના સંયોગની હાજરી કે ગેરહાજરીના કાળમાં સમભાવનું આલંબનપણું લક્ષણ છે.

પદકૃત્ય - ક્ષુધાપરીષહ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે કાલીન પર્યંત વિશેષણ કહેલ છે.

સ્ત્રીપરીષહને કહે છે-

કામબુદ્ધિથી સ્ત્રીઓના અંગ-ઉપાંગ-સંસ્થાન (શરીર આકાર)-હાસ્ય-લલિત-વિભ્રમ આદિ (હાવભાવ આદિ) ચેષ્ટાઓનું જે જોવું કે વિચારવું, તે બંનેથી સર્વથા વિરામ કરવો (સ્ત્રીપરીષહ વિજય કરવો), એવો અર્થ છે.

લક્ષણ - કામજન્ય સ્ત્રી આદિ અંગ-પ્રત્યંગ આદિ ચેષ્ટાના અવલોકન-ચિંતનરૂપ પ્રવૃત્તિથી રહિતપણું લક્ષણ છે.

પદકૃત્ય - ધર્મના ઉપદેશની બુદ્ધિથી સ્ત્રીઅંગ આદિના અવલોકનમાં દોષના અભાવથી 'કામબુદ્ધિથી'-એમ કહેલ છે. અવલોકન માત્રના કથનમાં ચિંતનના નિષેધનો અસંભવ હોવાથી અને ચિંતન માત્રના કથનમાં અવલોકનના નિષેધનો અસંભવ હોવાથી, અવલોકન-ચિંતન એમ બંનેનું ગ્રહણ કરવું.

○ આ સ્ત્રીપરીષહ નવમા ગુણસ્થાનક સુધી છે, કેમ કે-કામબુદ્ધિથી સ્ત્રીના અંગ આદિના અવલોકન આદિનો સંભવ છે, કેમ કે-(વેદરૂપ) ચારિત્રમોહનીયના ઉદયનો સંભવ છે. આગળના ગુણસ્થાનોમાં સંભવ

નથી, કેમ કે-મોહનીયનો ક્ષય કે ઉપશમ છે તેથી આ પરીષહ (જયરૂપ પરીષહ) ચારિત્રમોહનીય (નો ઉદય) છતે ચારિત્રમોહનીયના ક્ષયોપશમજન્ય છે. આવા અભિપ્રાયથી કહે છે કે-અવસ્ત્ર-અરતિ-સ્ત્રીપરીષહો-વિષયરૂપ પરીષહો ચારિત્રમોહનીયના ઉદયે થાય છે અને જયરૂપ પરીષહો ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી થાય છે. ચારિત્રમોહનીય ક્ષયોપશમજન્ય એટલે ક્રમસર જુગુપ્સામોહનીયના-અરતિ-મોહનીયના-પુંવેદમોહનીયના ક્ષયોપશમથી જયરૂપ આ પરીષહો થાય છે, એમ જાણવું.

चर्यापरीषहमाह--

एकत्र निवासममत्वपरिहारेण सनियमं ग्रामादिभ्रमणजन्यक्लेशादिसहनं चर्यापरीषहः । वेदनीयक्षयोपशमजन्योऽयम् । स्त्रीपशुपण्डकवर्जिते स्थाने निवासादनुकूलप्रतिकूलोपसर्गसम्भवेऽप्यविचलितमनस्कत्वं निषद्यापरीषहः । चारित्रमोहनीयक्षयोपशमजन्योऽयम् । प्रतिकूलसंस्तारकवसतिसेवनेऽनुद्विग्नमनस्कत्वं शय्यापरीषहः । अयञ्च वेदनीयक्षयोपशमजन्यः । निर्मूलं समूलं वा स्वस्मिन् कुप्यत्सु जनेषु समतावलम्बनमाक्रोशपरीषहः । चारित्रमोहनीयक्षयोपशमजन्योऽयम् । परप्रयुक्ताडनतर्जनादीनां कायविनश्वरत्वविभावनया सहनं वधपरीषहः । वेदनीयक्षयोपशमजन्योऽयम् । ३६ ।

एकत्रेति । निस्संगतामपगतस्य संयतस्य क्लेशक्षमस्य देशकालप्रमाणोपेतमध्वगमनमनुभवतो यानवाहनादिगमनमस्मरतस्सम्यग्व्रज्यादोषमुज्झतश्चर्यापरीषहो भवति, चर्या चरणं द्विविधं द्रव्यतो भावतश्च, ग्रामानुग्रामविहरणं द्रव्यतश्चर्या, एकस्थानस्थस्याऽपि तत्र निर्ममत्वं भावतश्चर्या सैव परीषहः, एतदुभयप्रदर्शनायैकत्रनिवासममत्वपरिहारेणेत्युक्तम् । सनियममिति। एकरात्रं ग्रामे पञ्चरात्रं नगरेऽवस्थातव्यमित्यादिनियमपूर्वकमित्यर्थः । सर्वेषु गुणस्थानेषु ग्रामादिभ्रमणजन्यक्लेशादिसम्भवो वेदनीयोदयादतश्चर्यापरीषहस्य वेदनीये सति चारित्रमोहनीयक्षयोपशमजन्यत्वमित्याशयमाविष्करोति वेदनीयेति ॥ निषद्यापरीषहं वक्ति-स्त्रीति । निषीदन्त्यस्यामिति निषद्या स्थानं, स्त्रीपशुपण्डकविवर्जितम्, विदितसंयमतत्त्वस्य स्त्रीपश्वादिवर्जितस्थानवासिनोऽनुकूलप्रतिकूलोपसर्गसम्भवेऽपि तत्प्रदेशादविचलतो मन्त्रविद्यादिप्रतीकाराननपेक्षमाणस्य प्रागनुभूतसुखास्तरणादिस्पर्शसुखमविगणयतोऽविचलितमनस्कत्वं निषद्यापरीषह[१] इति भावः । नैषेधिकीति केचिदत्र पठन्ति, निषेधनं निषेधः पापकर्मणां गमनादिक्रियायाश्च प्रतिषेधः, स प्रयोजनं यस्यास्सा नैषेधिकी शून्यागारश्मशानादिका

१. चर्या हि ग्रामादिषु सञ्चरणमतो विहाररूपा, निषद्या तु ग्रामादिषु प्रतिपन्नमासकल्पादेः स्वाध्यायादिनिमित्तं शय्यातो विविक्तोपाश्रये गत्वा निषदनमिति अवस्थानरूपमित्यनयोर्विरोधः, चर्यायां वर्त्तमानो यदाऽनिवृत्ततत्परिणाम एवं विश्रामभोजनाद्यर्थमित्वरकालं शय्याया आसेव्यमानत्वात् न तया शय्याया विरोध इति बोध्यम् ॥

○ ક્ષપકશ્રેણિદ્વારા આવેલ બાર(૧૨)મા આદિ ગુણસ્થાનોમાં વર્તનારાઓનું સર્વથા કષાયોના ક્ષયથી તેવું (નિષ્કષાય) બીજું ચારિત્ર (યથાખ્યાતચારિત્ર) જઘન્યથી અંતમુહૂર્ત્તની સ્થિતિવાળું અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટિ પ્રમાણવાળું હોય છે.

યથાખ્યાતચારિત્ર છદ્મસ્થરૂપ અને કેવલીરૂપ સ્વામી(અધિકારી)ના ભેદથી બે પ્રકારનું છે. છદ્મસ્થ સંબંધી યથાખ્યાતચારિત્ર બે પ્રકારનું છે. (૧) મોહક્ષયજન્ય અને (૨) મોહના ઉપશમથી જન્ય. કેવલી સંબંધી યથાખ્યાતચારિત્ર સયોગી-અયોગીના ભેદથી બે પ્રકારનું છે.

○ ત્યાં (યથાખ્યાતચારિત્રના વિભાગોમાં) પ્રથમ ચારિત્રનું કષાયની સત્તાની સાથે સમાન અધિકરણપણું અને તે કષાયનો નિયમથી ઉદય હોવાથી તે ગુણસ્થાનથી જે રીતિથી આવ્યો, તેવી જ રીતે પડે છે.

० क्षपकश्रेणिद्वारा કષાયોનો સર્વથા ક્ષય થવાથી બીજા ચારિત્રવાળાને પ્રતિપાતનો અભાવ છે. અર્થાત્ આ જ ચારિત્ર મોક્ષ પ્રત્યે અવ્યવહિત (સાક્ષાત્) સાધન છે. સામાયિક આદિ પણ અહીં સુધી પહોંચવામાં ક્રમથી શ્રેણિ (નિસરણી) સરખા હોવાથી અસાધારણ કારણો જ છે. ગુપ્તિ આદિ તો પાંચ પ્રકારના ચારિત્રમાં નિર્મળતાકારક હોવાથી પરંપરાએ ઉપકારીભૂત જ છે, એમ સમજવું.

सम्प्रति प्रसङ्गादेतेषां विशेषप्रतिपत्त्यर्थं सामायिकादिसंयमिन आश्रित्य षट्त्रिंशत्प्रकारेण विवेचयितुकामस्तान् प्रकारान्नामग्राहमादौ वक्ति —

तत्र द्वाराणि प्रज्ञापनावेदरागकल्पचारित्रप्रतिसेवनाज्ञान-तीर्थलिङ्गशरीरक्षेत्रकाल-गतिसंयमसन्निकर्षयोगोपयोगकषायलेश्यापरिणामबन्धवेदनोदीरणोपसम्पद्ज्ञानसंज्ञा-ऽऽहारभवाकर्षकालमानान्तरसमुद्घातक्षेत्रस्पर्शनाभावपरिणाल्पबहुत्वेभ्यः षट्त्रिंश-द्विधानि । ४७ ।

तत्रेति । द्वाराणीत्यस्य षट्त्रिंशद्विधानीत्यग्रेतनेनान्वयः ॥

પ્રકારોનું નામગ્રહણ-

હમણાં પ્રસંગ પર આ ચારિત્ર સંબંધી વિશેષ બોધને માટે-સામાયિક આદિ સંયમધરોની અપેક્ષાઓ રાખીને છત્રીશ (૩૬) પ્રકારોથી વિવેચન કરવાની ઇચ્છાવાળા, તે પ્રકારોનું નામગ્રહણ કરીને આરંભમાં કહે છે.

ભાવાર્થ - ત્યાં દ્વારો-પ્રકારો, ૧-પ્રજ્ઞાપના, ૨-વેદ, ૩-રાગ, ૪-કલ્પ, ૫-ચારિત્ર, ૬-પ્રતિસેવના, ૭-જ્ઞાન, ૮-તીર્થ, ૯-લિંગ, ૧૦-શરીર, ૧૧-ક્ષેત્ર, ૧૨-કાળ, ૧૩-ગતિ, ૧૪-સંયમ, ૧૫-સંનિકર્ષ, ૧૬-યોગ, ૧૭-ઉપયોગ, ૧૮-કષાય, ૧૯-લેશ્યા, ૨૦-પરિણામ, ૨૧-બંધ, ૨૨-વેદના, ૨૩-ઉદીરણા, ૨૪-ઉપસંપદ્હાન, ૨૫-સંજ્ઞા, ૨૬-આહાર, ૨૭-ભવ, ૨૮-આકર્ષ, ૨૯-કાલમાન, ૩૦-અંતર, ૩૧-સમુદ્ઘાત, ૩૨-ક્ષેત્ર, ૩૩-સ્પર્શના, ૩૪-ભાવ, ૩૫-પરિણામ, ૩૬-અલ્પબહુત્વદ્વારા છત્રીશ (૩૬) પ્રકારના છે.

अथादौ प्रज्ञापनाद्वारमाह –

तत्र प्रज्ञापनाद्वारे-सामायिकसंयत इत्वरिको यावत्कथिकश्चेति द्विविधः । छेदोप-स्थापनीयस्सातिचारी निरतिचारी चेति द्विविधः । परिहारविशुद्धिको निर्विशमानो निर्विष्टकायिकश्चेति द्विविधः । सूक्ष्मसम्परायसंयत उपशमश्रेणितः प्रच्यवमानः, उपशम-क्षपकश्रेण्यन्यतरारूढश्चेति द्विविधः । यथाख्यातोऽपि छद्मस्थः केवली चेति द्विविध इति बोध्यम् । ४८ ।

तत्रेति । सामायिकस्संयमस्तेन संयत इत्यर्थः । इत्वरिक इति । भाविव्यपदेशान्तर-योग्यात्पकालिकसंयमयुक्त इत्यर्थः । स च प्रथमान्तिमतीर्थसाधुर्बोध्यः । यावत्कथिक इति ।

व्यपदेशान्तरायोग्ययावज्जीवसंयमभृत्, मध्यमतीर्थकृद्विदेहक्षेत्रसम्बन्धिसाधुरिति भावः । सातिचारीति । अतिचारवानारोप्यमाणसंयमवानित्यर्थः । निरतिचारीति । अतिचारविधुर आरोप्यमाणपुनर्व्रतिक इत्यर्थः । सोऽयं शैक्षकः पार्श्वनाथतीर्थादन्तिमतीर्थं संक्रममाणश्च । निर्विशमान इति । प्रक्रान्तचारित्रभोक्तेत्यर्थः । निर्विष्टकायिक इति । उपभुक्तप्रक्रान्तचारित्र इत्यर्थः । इतरत्स्पष्टम् ॥

આદિમાં (૧) પ્રજ્ઞાપનાદ્વાર-

ભાવાર્થ - તે છત્રીશ દ્વારો પૈકી પ્રજ્ઞાપનાદ્વાર=સામાયિક સંયમી, ઇત્વરિક અને યાવત્કથિકના ભેદથી બે પ્રકારનો છે. છેદોપસ્થાપનીય સંયમી, સાતિચારી અને નિરતિચારીના ભેદથી બે પ્રકારે છે. પરિહારવિશુદ્ધિક, નિર્વિશ માનક અને નિર્વિષ્ટ કાયિકના ભેદથી બે પ્રકારનો છે. સૂક્ષ્મસંપરાય સંયમી, ઉપશમશ્રેણિથી પડનાર અને ઉપશમ કે ક્ષપકશ્રેણિમાં ચડેલો, એમ બે પ્રકાકરનો છે. યથાખ્યાત સંયમી પણ છદ્મસ્થ અને કેવલીના ભેદથી બે પ્રકારનો છે, એમ જાણવું.

વિવેચન - અર્થાત્ 'સામાયિક નામક સંયમથી સંયત' તે સામાયિક સંયત કહેવાય છે.

○ ઇત્વરિક એટલે ભાવિમાં બીજા વ્યપદેશ(સંજ્ઞાવ્યવહાર)ને યોગ્ય અલ્પકાળના સંયમ સહિત 'ઇત્વરિક સા૦ સં૦' સમજવો. યાવત્કથિક એટલે બીજા વ્યપદેશને અયોગ્ય, યાવજ્જીવ સુધી સંયમધારી, મધ્યમ તીર્થંકર સંબંધી-વિદેહક્ષેત્ર સંબંધી સાધુ 'યા૦ સા૦ સં૦ કહેવાય છે. સાતિચારી છેદોપસ્થાપનીય= અતિચારવાળો, આરોપાતા સંયમવાળો 'સા૦ છે૦ સં૦' નિરતિચારી. છેદોપસ્થાપનીય=અતિચાર વગરનો, આરોપાતા ફરીથી વ્રત સંયમી. તે આ શૈક્ષક અને શ્રી પાર્શ્વનાથના તીર્થમાંથી શ્રી વીરતીર્થમાં સંક્રામક 'યા૦ સા૦ સં૦' કહેવાય છે.

○ પરિહારવિશુદ્ધિક-(૧) નિર્વિશમાનક=આરંભેલ ચારિત્રનો ભોક્તા (પરિહારકલ્પનો તપ કરનાર-પરિહારી, એવી સંજ્ઞાવાળો.) (૨) નિર્વિષ્ટકાયિક-ભોગવી લીધેલ-પ્રકાન્ત ચારિત્રવાળો. (પરિહારકલ્પનો તપ પૂર્ણ કરનારો-અનુપરિહારી એવી સંજ્ઞાવાળો.) બીજું બધું સ્પષ્ટ છે.

વેદદ્વારમાહ—

वेदद्वारे-सामायिको नवमगुणस्थानावधि वेदको वेदत्रयवांश्च । नवमान्ते तूपशमात्क्षयाद्वा वेदानामवेदकोऽपि भवेत् । एवं छेदोपस्थापनीयोऽपि । पारिहारिकः पुरुषवेदो वा पुंनपुंसकवेदो वा स्यात् । सूक्ष्मसम्परायो यथाख्यातश्चावेदक एवेति ।४९।

वेदद्वार इति । सामायिक इति, यावन्नवमगुणस्थानं सामायिकसंयतव्यपदेशः, नवमे च वेदानामुपशमः क्षयो वा भवति, अतस्तदवधि सवेदः, वेदत्रयवानपि । उपशान्ते वा क्षीणे वा वेदे तदानीमवेदकोऽपीति भावः । इदमेवातिदिशत्यन्यत्रापि एवमिति । पारिहारिक इति तपोविशेषयुक्तः परिहारविशुद्धिक इति यावत् । परिहारविशुद्धिकलब्धेः स्त्रियोऽभावान्न स्त्री-

वेदकः । पुंनपुंसकवेदो वेति । पुरुष एव सन् यो वर्द्धितकत्वादिभावान्नपुंसकवेदको, न तु जन्मनपुंसकवेदक इत्यर्थः । अस्योपशमक्षपकश्रेण्योरभावेनावेदको नेति भावः । सूक्ष्मसम्पराय इति । उपशमक्षपकश्रेणिद्वय ऐवैतयोर्भावेनावेदकावेवेति भावः । एवञ्चोपशान्तवेदकौ वा क्षीणवेदकौ वैतौ स्यातामिति तात्पर्यम् ॥

(२) वेदद्वार-

ભાવાર્થ - વેદદ્વારમાં સામાયિક સંયત, નવમા ગુણસ્થાન સુધી વેદવાળો અને ત્રણ વેદવાળાઓ નવમા ગુ૦સ્થા૦ના અંતમાં વેદોનો ઉપશમ થવાથી કે ક્ષય થવાથી વેદ વગરનો પણ થાય. આ પ્રમાણે છેદોપસ્થાપનીય જાણવો. પરિહારવિશુદ્ધિક ચા૦વાળો, પુરુષવેદી કે નપુંસકવેદી થાય. સૂક્ષ્મ સં૦ચા૦વાળો અને યથાખ્યાતચા૦ વાળો વેદ વગરનો જ છે.

વિવેચન - 'સામાયિક' ઇતિ અર્થાત્ નવમા ગુણસ્થાનક સુધી.

○ સામાયિક સંયત તરીકેનો વ્યવહાર થાય છે. વળી નવમા ગુ૦સ્થા૦માં વેદોનો ઉપશમ કે ક્ષય થાય છે. એથી નવમા સુધી, વેદ સહિત, ત્રણ વેદવાળાઓમાંથી કોઈ એક વેદવાળો હોય.

વેદ, ઉપશાન્ત કે ક્ષીણ થયા બાદ તે વખતે વેદ વગરનો પણ થાય છે, એવો ભાવ સમજવો. આનો અતિદેશ બીજે સ્થાને કરે છે. 'એવં.....'ઇતિ.

○ 'પારિહારિક' ઇતિ. પારિહારક એટલે વિશિષ્ટ તપવાળો પરિહારવિશુદ્ધિક, એવો અર્થ સમજવો.

પરિહારી, સ્ત્રીઓમાં પરિહારવિશુદ્ધિક લબ્ધિનો અભાવ હોવાથી સ્ત્રીવેદી નથી હોતો, પરંતુ પુરુષવેદી કે નપુંસકવેદી હોઈ શકે છે. પુરુષ જ હોતો વર્દ્ધિતકત્વ (વર્દ્ધિતક-ચિપ્પિત મંત્ર ઉપહત-ઔષધિ ઉપહત-ઋષિશપ્ત-દેવશપ્ત.

"आयत्यां राजान्तः पुरमहल्लक पदप्रायत्यादि निमित्तं यस्य बालत्वेऽपि छेदंदत्वा वृषणौगालितौ भवतः स 'वादतकः' यस्तुजातमात्र स्याऽगुष्ठांगुलीभि मेर्दयित्व । वृषणौ द्राव्येति सचिप्पितः ए तयो श्चैवकृते सतिकिल नपुंषक वेदोदयः सम्पद्यते, तथाकस्यचिन्मंत्र सामर्थ्या दन्य स्यतु तथाविधौषधी प्रभावात् पुं.वेद स्त्रीवेदेवा समुपहते ॥" આદિના ભાવથી (સત્તાથી) નપુંસક કૃત્રિ નપુંસકવેદી સમજવો, પરંતુ જન્મથી નપુંસકવેદી નહિ.

આ પરિહારવિશુદ્ધિક ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિનો અભાવ હોઈ વેદરહિત બની શકતા નથી, એમ ભાવ છે.

○ 'સૂક્ષ્મસંપરાય' ઇતિ- સૂક્ષ્મસંપરાય અને યથખ્યાતચારિત્ર, ઉપશમશ્રેણઈમાં અને ક્ષપકશ્રેણિમાં હોવાથી સૂ૦ચા૦વાળા. અને યથા૦ચા૦વાળા-એમ બંને વદેરહિત જ જાણળાં. અર્થાત્ ઉ૦શ્રેણિવાળા ઉપશાન્ત વેદવાળા અને ક્ષપકશ્રેણઈવાણા ક્ષીણવેદી જાણવા, એવું તાત્પર્ય છે.

रागद्वारमाह —

रागद्वारे-सामायिकादिचत्वारस्संयतास्सरागा एव । यथाख्यातसंयतस्त्वराग एवेति ॥५०।

रागद्वार इति । सामायिकादीति । सामायिकच्छेदोपस्थापनीयपरिहारविशुद्धिकसूक्ष्मसम्परायसंयतास्सरागा एव सकषाया एवेत्यर्थः । अराग एवेति, अकषाय एवेत्यर्थः, उपशान्तकषायवीतरागः क्षीणकषायवीतरागश्चेति भावः ॥

(૩) રાગદ્વાર-

ભાવાર્થ - 'રાગદ્વારમાં સામાયિક આદિ ચાર (૪) સંયતો સરાગ જ છે. યથાખ્યાત સંયતો રાગ વગરના જ છે. ઈતિ.

અનુવાદ - 'સામાયિક આદિ' ઇતિ=સામાયિક સંયત, પરિહારવિશુદ્ધિક સંયત, સૂક્ષ્મસંપરાય સંયત-અને છેદોપસ્થાપનીય સંયત રૂપ ચાર (૪) સંયતો સરાગ જ એટલે સકષાય, એમ અર્થ જાણવો.

અરાગ એટલે કષાય વગરના જ-ઉપશાન્તકષાય રૂપ વીતરાગ અને ક્ષીણકષાયરૂપ વીતરાગ, એવો ભાવ છે.

कल्पद्वारमाह—

कल्पद्वारे-सामायिकसूक्ष्मसम्परायययथाख्याताः स्थितकल्पेऽस्थितकल्पे च, छेदोपस्थापनीयस्स्थितकल्प एव भवेत् । परिहारविशुद्धिकोऽपीदृश एव । अस्थितकल्पो मध्यमतीर्थकरतीर्थेषु विदेहे चेति ॥ अथवा सामायिको जिनकल्पस्थविरकल्पकल्पातीतेषु भवेत् छेदोपस्थापनीयपरिहारविशुद्धियो न कल्पातीते । सूक्ष्मसम्परायययथाख्यातौ तु कल्पातीत एव स्याताम् । ५१ ।

कल्पद्वार इति । दशविधसाधुसमाचारः कल्पः, स च सततं प्रथमचरमजिनसाधुभिरवश्यमासेव्यते, अतस्सततासेव्यमानस्स कल्पः स्थितकल्पः । साधुसमाचारेषु दशस्वाद्याश्चत्वारो नियतं मध्यमजिनसाधुभिरासेव्यन्ते नेतरे, इत्यस्थितकल्पा उच्यन्ते[१] । सामायिक इति, एषां चतुर्विंशतितीर्थंकरतीर्थेषु सत्त्वेनैते स्थितकल्पेऽस्थितकल्पे च भवन्तीति भावः । छेदोपस्थापनीय इति । छेदोपस्थापनीयपरिहारविशुद्धिकयोस्तु महाविदेहे मध्यमतीर्थकरतीर्थेषु चासत्त्वेनास्थितकल्पस्य चात्रैव भावात् स्थितकल्प एव तौ भवत इति भावः । ईदृश एव स्थितकल्पवृत्तिरेवेत्यर्थः ॥ कल्पस्य जिनकल्पस्थविरकल्परूपेण द्वैविध्यात्तमप्याश्रित्याह-अथवेति । कल्पातीतः, जिनकल्पस्थविरकल्पाभ्यामन्य इत्यर्थः, छेदोपस्थापनीयेति ।

१. कालस्वभावात्साधवस्त्रिविधपरिणामिनः, तत्राद्यसाधव ऋजुजडा अन्त्यसाधवो वक्रजडा मध्यमास्तु ऋजुप्राज्ञाः, तत्र ऋजुजडा यावन्मात्रं परिस्फुटेन वचसा वार्यते तावन्मात्रमेवैते वर्जयन्ति न सामर्थ्यलब्धमिति तेषां दशधा समाचार आज्ञप्तः, अंत्यसाधवश्च वक्रत्वेन किमप्यकृत्यं प्रतिसेव्यापि न कथयन्ति नालोचयन्ति चेति एषामपि दशधा समाचार आज्ञप्तः, तथाविधसामग्रीसमवधान एवैते तथा प्रवर्त्तन्ते न स्वतः, तथा चरणं न घ्नन्ति. मध्यमास्तु रहस्यपि यत्प्रतिसेवितं तदवश्यमालोचयन्ति, तज्जातीयानर्थाञ्चाभ्यूह्य वर्जयन्ति, अतस्तेषां चतुर्षु नियमः कृत इति ॥

स्यातामिति परेणान्वयः । कल्पातीत एवेति । न जिनकल्पे न वा स्थविरकल्पे स्यातां, जिनकल्पस्थविरकल्पधर्माणामभावादिति भावः ॥

(४) કલ્પદ્વાર-

ભાવાર્થ - સામાયિક-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાત સંયતો સ્થિતકલ્પમાં અને અસ્થિતકલ્પમાં છે, છેદોપસ્થાપનીય સંયત સ્થિતકલ્પમાં જ હોય. પરિહારવિશુદ્ધિક સંયત પણ સ્થિતકલ્પવર્તી જ છે. અસ્થિતકલ્પ મધ્યમ તીર્થંકરોના તીર્થોમાં અને વિદેહક્ષેત્રમાં છે. અથવા સામાયિક સંયત જિનકલ્પ-સ્થવિરકલ્પ-કલ્પાતીતોમાં હોય છે. છેદોપસ્થાપનીય સંયત અને પરિહારવિશુદ્ધિક સંયત કલ્પાતીતમાં નથી. સૂક્ષ્મસંપરાય સંયત અને યથાખ્યાત સંયત તો કલ્પાતીતમાં જ હોય છે.

વિવેચન - કલ્પ એટલે સાધુ સંબંધી દશ પ્રકારનો વિશિષ્ટ આચાર. અને તે કલ્પ નિરંતર પહેલા અને છેલ્લા જિનેશ્વરના સાધુઓથી અવશ્ય આચરાય છે. એથી સતત આચરાતો હોઈ તે કલ્પ 'સ્થિતકલ્પ' કહેવાય છે. સાધુઓના દશ (૧૦) આચારો પૈકી પહેલાના ચાર (૪) આચારો નિયમ (નિયમા) મધ્યમ જિનેશ્વરના સાધુઓથી આચરાય છે. બીજા છ(૬) આચારો નિયત નહિ આચરાતા હોવાથી 'અસ્થિત કલ્પ' કહેવાય છે. [કાળના સ્વભાવથી સાધુઓ ત્રણ પ્રકારની પ્રકૃતિવાળા થાય છે. ત્યાં પ્રથમ સાધુઓ 'ઋજુ-જડ,' છેલ્લા સાધુઓ 'વક્ર-જડ' અને મધ્યમ સાધુઓ 'ઋજુ-પ્રાજ્ઞ' હોય છે. ત્યાં ઋજુ અને જડસ્વભાવીઓ, જેટલું ચોક્ખા શબ્દથી વારણ કરાય છે તેટલું જ માત્ર છોડે છે, પરંતુ સામર્થ્ય (અર્થાપત્તિ)થી પ્રાપ્ત જાણીને છોડી શકતા નથી. તેઓને દશ પ્રકારનો આચાર-કલ્પ કહેલો છે. છેલ્લા સાધુઓ વક્રપણાના કારણે કાંઈ પણ અકર્ત્તવ્ય આચરવા છતાં કહેતા નથી અને આલોચના લેતા નથી. તેઓને પણ દશ પ્રકારનો આચાર-કલ્પ જણાવેલો છે. તથા પ્રકારની સામગ્રીની હયાતિમાં જ આ સાધુઓ તેવી રીતે પ્રવર્તે છે, સ્વતઃ નહિ. તેવી રીતે ચારિત્રને હણતા નથી. મધ્યમ સાધુઓ તો ગુપ્તમાં પણ જે આચરેલું છે, તેની અવશ્ય આલોચના (પ્રાયશ્ચિત) લે છે અને તે જાતિના (સમાન) અર્થો-પદાર્થોને વિચારીને છોડે છે, તેથી તેઓના ચાર આચારોમાં જ નિયમ કરેલો છે.]

○ સામાયિક સંયત, સૂક્ષ્મસંપરાય સંયત અને યથાખ્યાત સંયત ચોવીશ (૨૪) તીર્થંકરોના તીર્થમાં હોવાથી આ૦ સા૦ આદિ ત્રણ સંયતો, સ્થિતકલ્પમાં અને અસ્થિતકલ્પમાં હોય છે, એવો ભાવ સમજવો.

○ છેદોપસ્થાપનીય સંયત અને પરિહારવિશુદ્ધિક સંયત મહાવિદેહક્ષેત્રમાં અને મધ્યમ તીર્થંકરોના તીર્થોમાં નહિ હોવાથી ત્યાં અસ્થિતકલ્પ જ હોવાથી સ્થિતકલ્પમાં જ છે. ૫૦ સં૦ પણ આવો જ એટલે સ્થિતકલ્પવૃત્તિ જ છે, એમ સમજવું.

○ કલ્પ, જિનકલ્પ અને સ્થવિરકલ્પના રૂપે બે પ્રકારનો છે. કલ્પાતીત એટલે જિનકલ્પ અને સ્થવિરકલ્પથી ભિન્ન-બીજો જુદો ભેદ છે, એમ અર્થ છે.

અર્થાત્ છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિક, એ કલ્પાતીતમાં નથી હોતા, જ્યારે સૂ૦ સં૦ અને ય૦ સં૦ -એ બંને 'કલ્પાતીતમાં જ હોય છે. અર્થાત્ જિનકલ્પમાં અથવા સ્થવિરકલ્પમાં નથી હોતા, કેમ કે-સૂક્ષ્મસંપરાય સંયતમાં અને યથાખ્યાત સંયતમાં જિનકલ્પ અને સ્થવિરકલ્પના ધર્મોનો અભાવ છે, એમ જાણવું.

चारित्रद्वारमाह—

चारित्रद्वारे-सामायिकः पुलाको बकुशः कषायकुशीलो वा स्यात् । एवं छेदोपस्थापनीयोऽपि । परिहारविशुद्धिकसूक्ष्मसम्परायौ कषायकुशीलावेव । यथाख्यातस्तु निर्ग्रन्थः स्नातको वेति । ५२ ।

चारित्रद्वार इति । सामायिक इति, पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातकरूपेण पञ्चनिर्ग्रन्थभेदा अग्रे वक्ष्यन्ते । तानाश्रित्येयं विचारणा बोध्या, पुलाकादिपरिणामस्य चारित्रत्वात् । सामायिकच्छेदोपस्थापनीयौ प्रतिसेवनाकुशीलावपि स्यातां, न तु कषायकुशीलाविति केचित् । कषायकुशीलावेवेति । न तु पुलाकबकुशप्रतिसेवनाकुशीलनिर्ग्रन्थस्नातकरूपा इति भावः । यथाख्यातस्त्विति । उपशान्तक्षीणमोहो निर्ग्रन्थः सयोगायोगकेवली च स्नातक इति भावः ॥

(५) चारित्रद्वार-

ભાવાર્થ - સામાયિક સંયત પુલાક, બકુશ અથવા કષાયકુશીલ હોય. આ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત પણ જાણવો. પરિહારવિશુદ્ધિક સંયત અને સૂક્ષ્મસંપરાય સંયત કષાયકુશીલ જ હોય. યથાખ્યાત સંયત તો નિર્ગ્રંથ અથવા સ્નાતક હોય.

વિવેચન - પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક રૂપે પાંચ નિર્ગ્રન્થો આગળ કહેવાશે. તેઓને આશ્રી આ વિચારણા જાણવી, કેમ કે-પુલાક આદિના પરિણામ ચારિત્રરૂપ છે.

○ સામાયિક સંયત અને છેદોપસ્થાપનીય સંયત, પ્રતિસેવના કુશીલ પણ હોય છે, પરંતુ કષાયકુશીલ નથી હોતા, એમ કેટલાકો કહે છે.

○ પરિહારવિશુદ્ધિક અને સૂક્ષ્મસંપરાય-એ બે કષાયકુશીલ જ હોય છે, પરંતુ પુલાક, બકુશ, પ્રતિસેવના, કુશીલ અને નિર્ગ્રન્થ સ્નાતકરૂપ હોતા નથી.

○ યથાખ્યાત સંયત તો ઉપશાન્ત કે ક્ષીણમોહવાળો 'નિર્ગ્રન્થ કહેવાય છે. સયોગી અને અયોગીકેવલી 'સ્નાતક કહેવાય છે. અર્થાત્ ય૦ સં૦ નિર્ગ્રન્થ કે સ્નાતક હોય છે.

प्रतिसेवनाद्वारमाश्रित्याह—

प्रतिसेवनाद्वारे-सामायिकच्छेदोपस्थापनीयौ मूलोत्तरगुणप्रतिसेवकावप्रतिसेवकौ च भवतः । परिहारविशुद्धिकोऽप्रतिसेवकः । एवं सूक्ष्मसम्परायययथाख्यातावपि विज्ञेया-विति ॥५३।

प्रतिसेवनाद्वार इति । अत्र परिनिवीत्युपसर्गपूर्वकादेव षेवृधातोः षिवुधातोर्वा षत्वविधानेन प्रतिपूर्वकस्य षत्वाप्राप्तेः प्रतिसेव्यत इति प्रतिसेवनेत्येव व्युत्पत्तिः, इदमेव द्वारं विराधनाद्वारमित्यप्युच्यते । मूलोत्तरगुणप्रतिसेवकाविति । इमौ प्रतिसेवकावप्रतिसेवकौ च, यदि प्रतिसेवकौ तदा मूलगुणानां प्राणातिपातविरमणादीनामनाश्रवाणामन्यतमं प्रतिसेवेताम् ।

संज्वलनकषायोदयात्संयमप्रतिकूलार्थस्य कस्यचित्सेवना प्रतिसेवना । तथोत्तरगुणानां दशविध-प्रत्याख्यानानामन्यतमं प्रतिसेवेतामिति भावः । उपलक्षणञ्चैतत् तेन पिण्डविशुद्धयादीनां विराध-कत्वमपि सम्भाव्यते ॥

(૬) प्रतिसेवनाद्वार-

ભાવાર્થ - સામાયિક સંયત અને છેદોપસ્થાપનીય સંયત, મૂલ ઉત્તરગુણના પ્રતિસેવક અને અપ્રતિસેવક હોય છે. પરિહારવિશુદ્ધિક સંયત અપ્રતિસેવક હોય છે. એ પ્રમાણે સૂક્ષ્મસંપરાય સંયત અને યથાખ્યાત સંયતો સમજવા ઈતિ.

વિવેચન - અહીં પરિ-નિ-વિ, આવા ઉપસર્ગ પૂર્વમાં હોય, પછીથી આવેલ 'षे-वृ' ધાતુથી કે 'षि-वु' ધાતુથી 'ष' પણાનું વિધાન હોવાથી પ્રતિઉપસર્ગ પૂર્વે હોય અને પછીથી આવેલ 'षे-वृ' ધાતુમાં 'ष' પણાની પ્રાપ્તિ નહિ હોવાથી 'प्रतिसेव्यते' પ્રતિસેવાય તે 'प्रतिसेवना,' આવી જ વ્યુત્પત્તિ છે. આ જ દ્વાર 'વિરાધનાદ્વાર' તરીકે કહેવાય છે.

આ, સા૦ સં૦ અને છે૦ સં૦ રૂપ બંને પ્રતિસેવક અને અપ્રતિસેવક હોય છે. જો પ્રતિસેવક છે, તો અનાશ્રવ (સંવરરૂપ) એવા પ્રાણાતિપાતવિરમણ આદિરૂપ મૂલગુણોમાંથી કોઈ એક મૂલગુણનો વિરાધક હોઈ શકે. અર્થાત્ પ્રતિસેવના એટલે સંજવલનકષાયના ઉદયથી સંયમપ્રતિકૂળ કોઈ એક અર્થની પ્રતિસેવના વિરાધના, તેમજ ઉત્તરગુણરૂપ દશ પ્રકારના પચ્ચક્ખાણોમાંથી કોઈ એક પચ્ચક્ખાણની પ્રતિસેવના કરે, એવો ભાવ છે. આ પદ ઉપર લક્ષણ રૂપ છે, તેથી પિંડવિશુદ્ધિ આદિની પણ વિરાધના સમજવી.

ज्ञानद्वारमाचष्टे —

ज्ञानद्वारे-सामायिकादिचतुर्ण्णां द्वे वा त्रीणि वा चत्वारि वा ज्ञानानि भवन्ति । यथाख्यातस्यैकादशद्वादशगुणस्थानयोश्चत्वारि ज्ञानानि, ऊर्ध्वगुणस्थानयोः केवलज्ञानं भवतीति । ५४ ।

ज्ञानद्वार इति । द्वे वेति । आभिनिबोधिकज्ञानश्रुतज्ञाने इत्यर्थः । त्रीणि वेति । आभिनिबोधिकश्रुतावधिज्ञानानि, आभिनिबोधिश्रुतमनःपर्यवज्ञानानि वेत्यर्थः । चत्वारि वेति, आभिनिबोधिकश्रुतावधिमनःपर्यवज्ञानानीत्यर्थः । चत्वारि ज्ञानानीत्युत्कर्षेणेति शेषः, तथा च छद्मस्थवीतरागयथाख्यातचारित्रिणो द्वे वा त्रीणि वा चत्वारि वा ज्ञानानि भवन्तीति भावः । ऊर्ध्वगुणस्थानयोरिति, सयोग्ययोगिगुणस्थानयोरित्यर्थः ॥

(૭) ज्ञानद्वार-

ભાવાર્થ - સામાયિક સંયત આદિ ચારને બે જ્ઞાનો, ત્રણ જ્ઞાનો કે ચાર જ્ઞાનો હોય છે. અગિયાર (૧૧)મા અને બાર(૧૨)મા ગુણસ્થાનકવર્તી યથાખ્યાત સંયતને ઉત્કૃષ્ટથી ચાર (૪) જ્ઞાનો હોય છે. ઉપરના એટલે તેર(૧૩)મા અને ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં કેવળજ્ઞાન હોય છે.

विवेचन - सा० आदि (४) संयतोने बे ज्ञानो એટલે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. ત્રણ જ્ઞાનો એટલે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન; અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન; અથવા ચાર જ્ઞાનો એટલે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન એમ સમજવું.

(११)मा अने (१२)मा गुणस्थानवर्ती य०चारित्रने उत्कृष्टथी चार ज्ञान होय छे, એમ જાણવું. તથાચ છદ્મસ્થ વીતરાગ યથાખ્યાતચારિત્રીને બે જ્ઞાનો, ત્રણ જ્ઞાનો અથવા ચાર જ્ઞાનો હોય છે, એવો ભાવ છે. સયોગી અને અયોગી ગુણસ્થાનમાં કેવલજ્ઞાન હોય છે, એવો અર્થ સમજવો. હવે જ્ઞાનના પ્રસંગથી વચમાં જ જ્ઞાનના વિશેષભૂત શ્રુતના પ્રકારને વિચારે છે.

अथ ज्ञानप्रसङ्गेन मध्य एव ज्ञानविशेषभूतस्य श्रुतस्य प्रकारं विभावयति—

श्रुतद्वारे-सामायिकच्छेदोपस्थापनीययोर्जघन्यतोऽष्टौ प्रवचनमातर उत्कर्षतस्तु यावच्चतुर्दशपूर्वं श्रुतम् । परिहारविशुद्धस्य जघन्यतो नवमपूर्वस्याचारवस्तु । उत्कृष्टतस्त्वपूर्णदशपूर्वं यावत् । सूक्ष्मसम्परायिकस्य तु सामायिकस्येव । यथाख्यातस्य निर्ग्रन्थस्य सामायिकस्येव । स्नातकस्य श्रुतं नास्तीति । ५५ ।

श्रुतद्वार इति । तथा च ज्ञानद्वार एव श्रुतद्वारस्यान्तर्गततया नाधिकद्वारशङ्का कार्य्या । आचारवस्त्विति । नवमस्य पूर्वस्य तृतीयाऽऽचारवस्तुनामाधिकारविशेष इति भावः । अपूर्णदशपूर्वमिति । देशोनदशपूर्वमित्यर्थः। सामायिकस्येवेति । जघन्यतोऽष्टौ प्रवचनमातर उत्कृष्टतस्तु यावच्चतुर्दशपूर्वमित्यर्थः, श्रुतं नास्तीति, केवलज्ञानित्वादिति भावः ॥

(८) श्रुतद्वार-

ભાવાર્થ - સામાયિક સંયત-છેદોપસ્થાપનીય સંયત, જઘન્ય અપેક્ષાએ આઠ પ્રવચનની માતાઓ, ઉત્કૃષ્ટથી તો ચૌદપૂર્વ સુધીનું શ્રુત; પરિહારવિશુદ્ધિનું જઘન્ય નવમા પૂર્વની આચારવસ્તુ. ઉત્કૃષ્ટથી તો અપૂર્ણ દશપૂર્વ સુધીનું હોય છે. સૂક્ષ્મસંપરાયવાળાનું તો સામાયિક સંયતની માફક શ્રુત સમજવું. યથાખ્યાતચારિત્રવાળા નિર્ગ્રન્થનું સામાયિક સંયતની માફક શ્રુત સમજવું. સ્નાતક ચારિત્રવાળાને શ્રુત હોતું નથી. ઇતિ.

विवेचन - तथाच ज्ञानना द्वारमां ज श्रुतज्ञान अंतर्गत थतुं होवाथी अधिक द्वारनी शंका करवी नहि. 'आचारवस्तु'=नवमा पूर्वनो त्रीजो आचारवस्तु नामक अधिकारविशेष, એ આચારવસ્તુનો અર્થ છે. 'अपूर्ण दश' पूर्व ઇતિ=દેશથી ન્યૂન દશેય પૂર્વ સુધીનું શ્રુત, એવો અર્થ જાણવો. [परिहारविशुद्धिक संयत અપૂર્વ આગમનું અધ્યયન કરતા નથી, કારણ કે-તે કલ્પને અનુલક્ષીને પ્રકર્ષથી ગ્રહણ કરેલ યોગની આરાધનાથી જ કૃતકૃત્યતાને પામે છે. પૂર્વે ભણેલા શ્રુતનું તો હંમેશાં એકાગ્ર મનવાળા બની પ્રાયઃ અનુસ્મરણ કરે જ છે.] य० चा० ने જઘન્યથી આઠ પ્રવચનમાતાઓ, ઉત્કૃષ્ટથી તો ચૌદપૂર્વ સુધીનું શ્રુત હોય છે. સ્નાતક સંયતને શ્રુત હોતું નથી, કેમ કે-તે કેવલજ્ઞાની છે, એમ ભાવ સમજવો.

---

१. परिहारविशुद्धिकोऽपूर्वमागमं नाधीते, यतस्तत्कल्पमधिकृत्य प्रगृहीतोचितयोगाऽऽराधनात एव कृतकृत्यतां भजते, पूर्वाधीतन्तु विस्रोतसिकाक्षयनिमित्तं नित्यमेवैकाग्रमनास्सम्यक् प्रायोऽनुस्मरतीति ॥

तीर्थद्वारमाह–

तीर्थद्वारे-तीर्थेऽप्यतीर्थेऽपि सामायिको भवेत् । अतीर्थे तु तीर्थंकरः प्रत्येकबुद्धश्च स्यात् । छेदोपस्थापनीयपरिहारविशुद्धिकौ तीर्थ एव । सूक्ष्मसंपराययथाख्यातौ सामायिक इवेति ।५६ ।

तीर्थद्वार इति । स्पष्टम् ॥

(૯) तीर्थद्वार-

ભાવાર્થ - તીર્થમાં પણ-અતીર્થમાં પણ સામાયિક સંયત હોય છે. અતીર્થમાં તો તીર્થંકર ભગવાન અને પ્રત્યેકબુદ્ધ હોય, એમ જાણવું.

છેદોપસ્થાપનીય સંયત અને પરિહારવિશુદ્ધિક સંયત તીર્થમાં જ હોય છે. સૂક્ષ્મસંપરાયમાં સંયત અને યથાખ્યાત સંયત, સામાયિક સંયતની માફક તીર્થમાં પણ અને અતીર્થમાં પણ હોઈ શકે છે.

लिङ्गद्वारमाह –

लिङ्गद्वारे-सामायिकच्छेदोपस्थापनीयसूक्ष्मसंपराययथाख्याता द्रव्यतस्स्वलिङ्गेऽन्यलिङ्गे गृहिलिङ्गेऽपि । भावतस्तु स्वलिङ्ग एव भवेयुः । परिहारविशुद्धिकस्तु द्रव्यतो भावतश्च स्वलिङ्ग एवेति ।५७ ।

लिङ्गद्वार इति । लिङ्गं द्विधा, द्रव्यभावभेदात्, भावलिङ्गं ज्ञानादि, द्रव्यलिङ्गं तु द्विधा स्वपरलिङ्गभेदात्, स्वलिङ्गं रजोहरणादिकं, परलिङ्गं द्विविधं कुतीर्थिकलिङ्गं गृहस्थलिङ्गञ्चेति । स्पष्टमन्यत् ॥

(૧૦) लिंगद्वार-

ભાવાર્થ - સામાયિક સંયત, છેદોપસ્થાપનીય સંયત, સૂક્ષ્મસંપરાય સંયત અને યથાખ્યાત સંયતો, દ્રવ્યની અપેક્ષાએ સ્વલિંગમાં, અન્ય લિંગમાં અને ગૃહસ્થલિંગમાં પણ હોય છે; ભાવની અપેક્ષાએ તો સ્વલિંગમાં જ હોય છે; 'પરિહારવિશુદ્ધિક તો દ્રવ્યથી અને ભાવથી સ્વલિંગમાં જ હોય છે.' (નિયમથી આ, દ્રવ્ય અને ભાવલિંગ રૂપી ઉભયમાં વર્તે છે. એકના પણ અભાવમાં વિવક્ષિત કલ્પને ઉચિત સામાચારીના યોગનો અભાવ છે.)

વિવેચન - અહીં દ્રવ્ય અને ભાવના ભેદમાં લિંગ બે પ્રકારનો છે. ભાવલિંગ તો જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ છે. દ્રવ્યલિંગ તો સ્વ અને પરરૂપ લિંગના ભેદથી બે પ્રકારનો છે. સ્વલિંગ એટલે રજોહરણ (ધર્મધ્વજ-ઓઘો) અને મુખવસ્ત્રિકા. પરલિંગ તો કુતીર્થિકલિંગ અને ગૃહસ્થ આદિ લિંગના ભેદથી બે પ્રકારનો છે. બીજું બધું સ્પષ્ટ છે.

---

१. नियमेनोभयत्र वर्त्तते, एकेनापि विना विवक्षितकल्पोचितसामाचार्ययोगादितिभावः ॥

शरीरद्वारमाह—

शरीरद्वारे सामायिकच्छेदोपस्थापनीययोरौदारिकतैजसकार्मणानि, औदारिकतैजसकार्मणवैक्रियाणि, औदारिकवैक्रियाऽऽहारकतैजसकार्मणानि वा शरीराणि भवन्ति । शेषाणान्त्वौदारिकतैजसकार्मणानीति । ५८ ।

शरीरद्वार इति । कार्मणवैक्रियाणीति । पूर्वापेक्षयाऽत्र वैक्रियस्यैवाधिक्यप्रदर्शनाय क्रमोल्लंघनम् । शेषाणामिति, परिहारविशुद्धिकसूक्ष्मसम्परायययथाख्यातानामित्यर्थः । त्रीण्येव शरीराणि भवन्तीति भावः ॥

(११) शरीरद्वार-

ભાવાર્થ - સામાયિક સંયતમાં અને છેદોપસ્થાપનીય સંયતમાં ઔદારિક-તૈજસ-કામર્ણરૂપ શરીરો છે, પણ ઔદારિક-તૈજસ-કાર્મણ-વૈક્રિયરૂપ શરીરો હોય છે, અથવા ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણરૂપ શરીરો હોય છે. બાકીના સંયતોને ઔદારિક-તૈજસકાર્મણરૂપ શરીરો હોય છે.

'औदारिक-तैजस-कार्मण-वैक्रियाणि.' અહીં આ વાક્યમાં પૂર્વની અપેક્ષાએ વૈક્રિયની અધિકતા બતાવવા માટે ક્રમનું ઉલ્લંઘન છે.

શેષ એટલે પરિહારવિશુદ્ધિક-સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત સંયતોને, એવો અર્થ સમજવો. અર્થાત્ ૫૦ સં૦, સૂ૦ સં૦ અને ય૦ સં૦ ને ઔદારિક-તૈજસ-કાર્મણરૂપ ત્રણ જ શરીરો હોય છે, એવો ભાવ સમજવો.

क्षेत्रद्वारमाह—

क्षेत्रद्वारे-जन्मसद्भावावाश्रित्य सामायिकच्छेदोपस्थापनीयसूक्ष्मसम्पराययथाख्याताः कर्म भूम्यां संहरणापेक्षया त्वकर्मभूमौ भवेयुः । परिहारविशुद्धिकस्तु कर्मभूमावेव भवेत् । नास्य संहरणं भवेदिति । ५९ ।

क्षेत्रद्वार इति । जन्मसद्भावाविति । जन्म-उत्पत्तिः, सद्भावो विवक्षितक्षेत्रादन्यत्र तत्र वा जातस्य तत्र चरणभावेनास्तित्वम् । कर्मभूम्यामिति । अकर्मभूमौ जन्मतो न भवन्ति, तत्र जातानां चारित्राभावात्, अत्रैवैते चत्वारः स्वयं विहरन्ति, परकृतविहारापेक्षया तु कर्म भूमावकर्मभूमौ वेत्यपि बोध्यम्, पञ्चभरतपञ्चमहाविदेहपञ्चैरावतानि कर्मभूमयः । हैमवतहरिवर्षदेवकुरूत्तरकुरुरम्यकैरण्यवतानि पञ्चभिर्गुणितानि षड्कर्मभूमय इति । संहरणापेक्षयेति, संहरणं नाम क्षेत्रान्तरात्क्षेत्रान्तरे देवादिभिर्नयनम् । अकर्मभूमाविति, कर्मभूमावपीति बोध्यम् । कर्मभूमावेवेति, तत्रैव जायते विहरति चेति भावः । नास्येति, एतल्लब्धिमतो देवादिभिस्संहर्त्तुमशक्यत्वादिति भावः ॥

(१२) क्षेत्रद्वार-

ભાવાર્થ - જન્મ અને સદ્‌ભાવ(સંભવ)ની અપેક્ષાએ સામાયિક સંયત-છેદોપસ્થાપનીય સંયત-સૂક્ષ્મસંપરાય સંયત-યથાખ્યાત સંયતો, કર્મભૂમિરૂપ ક્ષેત્રમાં હોય છે. સંહરણની અપેક્ષાએ તો અકર્મભૂમિરૂપ ક્ષેત્રમાં સંભવે છે. પરિહારવિશુદ્ધિક સં૰ તો કર્મભૂમિરૂપ ક્ષેત્રમાં જ હોય છે. આનું સંહરણ હોતું નથી.

વિવેચન - 'જન્મસદ્‌ભાવૌ' ઇતિ=જન્મ એટલે ઉત્પત્તિ, સદ્‌ભાવ એટલે બીજા ક્ષેત્રમાં કે વિવક્ષિત ક્ષેત્રમાં જન્મેલાનું ત્યાં =વિવક્ષિત ક્ષેત્રમાં કે બીજા ક્ષેત્રમાં ચરણ(ચારિત્ર)પણાએ વિદ્યમાનતા. 'કર્મભૂમ્યાં' ઇતિ=અકર્મભૂમિમાં જન્મની અપેક્ષાએ સા૰ સંયતો હોતા નથી, કેમ કે-અકર્મભૂમિમાં જન્મેલાઓને ચારિત્રનો અભાવ છે. આ જ કર્મભૂમિમાં સા૰ સંયત આદિ ચાર સંયતો વિહાર કરે છે. પરકૃતસંહરણની અપેક્ષાએ તો કર્મભૂમિમાં કે અકર્મભૂમિમાં વિહારનો સંભવ છે. (૫) પાંચ ભરત (૫) પાંચ મહાવિદેહ અને (૫) પાંચ ઐરવતક્ષેત્રો કર્મભૂમિ તરીકે ઓળખાય છે.

પાંચ (૫) હૈમવત, (૫) પાંચ હરિવર્ષ, પાંચ (૫) દેવકુરુ, પાંચ (૫) ઉત્તરકુરુ, પાંચ (૫) રમ્યક્ પાંચ (૫) ઐરણ્યવત, એમ ત્રીશ (૩૦) અકર્મભૂમિરૂપ ક્ષેત્રો છે.

'સંહરણાપેક્षया' ઇતિ=સંહરણ એટલે એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રોમાં દેવ આદિ દ્વારા લઈ જવું.

'અકર્મભૂમૌ' ઇતિ=અકર્મભૂમિમાં અને કર્મભૂમિમાં પણ એમ સમજવું.

'કર્મભૂમૌ એવ' ઇતિ=પરિહારવિશુદ્ધિક સંયત તો તે કર્મભૂમિમાં જન્મે છે અને વિચરે છે.

'નાસ્ય' ઇતિ=આ પરિહારવિશુદ્ધિ નામક લબ્ધિવાળાને દેવ આદિ ઉપાડી (સંહરણ કરી) બીજે ઠેકાણે લઈ જઈ શકતા નથી, એવો ભાવ સમજવો.

कालद्वारमाह—

कालद्वारे-सामायिक उत्सर्पिण्यामवसर्पिण्यां नोउत्सर्पिण्यवसर्पिण्यामपि काले स्यात् । तत्र यद्युत्सर्पिण्यां स्यात्तदा जन्मतो दुष्षमादुष्षमसुषमासुषमदुष्षमारूपे अरकत्रये, सद्भावतस्तृतीयतुर्ययोः, संहरणतो यत्र क्वापि स्यात् । यद्यवसर्पिण्यां तदा जन्मसद्भावा-भ्यां तृतीयचतुर्थपञ्चमेषु पूर्वक्रमविपरीतेष्वरकेषु, संहरणतस्सर्वेषु स्यात् । यदि नोउत्सर्पिण्यवसर्पिण्यां तदा महाविदेहे दुष्षमसुषमासदृशारके स्यात् । एवं छेदोप-स्थापनीयोऽपि, परन्तु जन्मसद्भावापेक्षया नोउत्सर्पिण्यवसर्पिण्यां न स्यात् । ६० ।

कालद्वार इति । उत्सर्पिण्यवसर्पिणी नोउत्सर्पिण्यवसर्पिणी चेति त्रिविधः कालः । तत्राद्यौ द्वौ कालौ भरतैरावतक्षेत्रयोः, तृतीयो महाविदेहहैमवतादिषु भवति । जन्मतो दुःषमेति, द्वितीयतृतीयचतुर्थरूप इत्यर्थः । तत्र द्वितीयस्यान्ते जायते तृतीये चरणं प्रतिपद्यते, तृतीय-

चतुर्थयोस्तु जायते चरणं प्रतिपद्यते चेति बोध्यम् । सद्भावमाश्रित्य तु तस्य तृतीयचतुर्थयोरेव सत्तेत्याह सद्भावत इति । तयोरेव चरणप्रतिपत्तेरिति भावः । यत्र क्वापीति, षट्स्वपीति भावः । पूर्वक्रमविपरीतेष्विति, सुषमदुष्षमादुष्षमसुषमादुष्षमारूपेष्वित्यर्थः । संहरणतस्त्विति, देवादिकृतसंहरणावच्छेदेनेत्यर्थः । सर्वेष्विति, अरकेष्विति शेषः, यस्य कस्यचिदरकस्य सदृशः कालो यत्र तत्रापीत्यर्थः । सुषमसुषमायाः सदृशः कालो देवकुरूत्तरकुरुषु, सुषमासमकालो हरिवर्षरम्यकेषु, सुषमदुष्षमासमानकालो हैमवतैरण्यवतेषु, दुष्षमसुषमातुल्यकालो महाविदेहेषु, दुष्षमादुष्षमदुष्षमासन्निभः कालो न क्वापि क्षेत्र इति बोध्यम् । छेदोपस्थापनीयस्य प्रायः सामायिकतुल्यत्वेऽपि तत्र यो विशेषस्तमाहैवमित्यादिना, प्राय इति शेषः । छेदोपस्थापनीयः प्राय एवमेव सामायिकवदेवेत्यर्थः । प्रायश्शब्दसूचितं विशेषमाह परन्त्विति । छेदोपस्थापनीयस्य चतुर्विधारकतुल्यारकवत्सु क्षेत्रेषु नो जन्म न वा सद्भावः, संहरणतस्तु स्यात्सद्भाव इति भावः ॥

(१३) कालद्वार-

ભાવાર્થ - સામાયિક સંયત ઉત્સર્પિણીકાળમાં, અવસર્પિણીકાળમાં, નોઉત્સર્પિણી-અવસર્પિણીરૂપ પણ કાળમાં હોય છે. ત્યાં જો ઉત્સર્પિણીમાં હોય, ત્યારે જન્મથી દુઃષમાં-દુઃષમ-સુષમાસુષમ-દુઃષમારૂપ ત્રણ આરાઓમાં, સદ્ભાવ(સંભવ)થી ચોથા આરામાં, સંહરણની અપેક્ષાએ ગમે તે કાળમાં હોય. જો અવસર્પિણીમાં હોય, ત્યારે જન્મ અને સદ્ભાવની અપેક્ષાએ પૂર્વના ક્રમથી વિપરીત એવા (૩)જા, (૪)થા અને (૫)મા આરાઓમાં સંહરણની અપેક્ષાએ સઘળાય આરાઓમાં હોય. જો નોઉત્સર્પિણી અવસર્પિણીમાં હોય, ત્યારે દુઃષમસુષમા સમાન આરારૂપ કાળવાળા મહાવિદેહક્ષેત્રમાં હોય. આ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયતો પણ સમજવા. પરંતુ જન્મ અને સદ્ભાવની અપેક્ષાએ નોઉત્સર્પિણી અવસર્પિણીકાળમાં હોતા નથી.

વિવેચન - ઉત્સર્પિણી-અવસર્પિણી-નોઉત્સર્પિણી અવસર્પિણી, એમ ત્રણ પ્રકારનો કાળ છે. ત્યાં પહેલાના બે કાળ ભરત અને ઐરવતક્ષેત્રમાં હોય છે. ત્રીજો (નોઉત્સર્પિણી અવસર્પિણીરૂપ કાળ) મહાવિદેહ-હૈમવત આદિ ક્ષેત્રમાં હોય છે.

'જન્મતો દુઃષમા' ઇતિ=(૨)જા, ૩(જા) અને (૪)થા રૂપ આરાઓમાં, એવો અર્થ કરવો. ત્યાં બીજા આરાના અંતે જન્મેલ છે અને ત્રીજા આરામાં ચારિત્ર લે છે, ત્રીજા-ચોથા આરામાં જન્મ લે છે અને ત્રીજા-ચોથા આરામાં ચારિત્ર લે છે, એમ સમજવું. સદ્ભાવ(સત્તા)ની અપેક્ષાએ તો તે સામાયિક સંયતની ત્રીજા-ચોથા આરામાં જ સત્તા હોય છે, માટે કહે છે કે-'સદ્ભાવતઃ' ઇતિ. અર્થાત્ તે ત્રીજા અને ચોથા આરામાં જ ચારિત્રની પ્રતિપત્તિ (આદર-સ્વીકાર) છે, એમ ભાવ સમજવો.

'યત્ર કવાપી'તિ=છએ આરાઓમાં પણ એવો ભાવ જાણવો.

'પૂર્વક્રમવિપરીતેષુ' ઇતિ=સુષમદુઃષમા-દુઃષમ-સુષમા દુઃષમાં રૂપ આરાઓમાં, એવો અર્થ જાણવો.

'संहरतस्तु' ईति=देव आदिએ કરેલ સંહરણની અપેક્ષાએ, એવો અર્થ સમજવો.

'सर्वेषु' ईति=શેષ પ્રમાણથી સઘળા આરાઓમાં, એવો અર્થ છે. અર્થાત્ જે કોઈ આરાનો સરખો કાળ જ્યાં છે, ત્યાં સર્વત્ર ગમે તે કાળમાં પણ, એવો ભાવ જાણવો.

સુષમસુષમાના સરખો કાળ (મહાવિદેહમાં આવેલ) દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્રોમાં, સુષમાના સરખો કાળ હરિવર્ષ અને રમ્યક્ક્ષેત્રોમાં, દુઃષમસુષમાનો સમાન કાળ હૈમવત અને ઐરણ્યવતક્ષેત્રમાં, દુઃષમસુષમાને સમાનકાળ મહાવિદેહક્ષેત્રોમાં, દુઃષમાદુઃષમ-દુઃષમાના સરખો કાળ કોઈ પણ ક્ષેત્રમાં નિત્ય નથી, એમ સમજવું.

○ છેદોપસ્થાપનીય સંયતનું પ્રાયઃ સામયિક સં૦ ની સાથે સમાનપણું હોવા છતાં ત્યાં જે વિશેષ છે તેને કહે છે.

'એવં' ઈત્યાદિ અહીં 'પ્રાયઃ'-એમ શબ્દ સમજવો.

અર્થાત્ છેદોપસ્થાપનીય સંયત પ્રાયઃ એવમેવ-સામાયિક સંયતના જેવો જ સમજવો, એવો અર્થ છે.

પ્રાયઃ શબ્દ સૂચિત વિશેષને કહે છે કે-'परंतु' ईति.

અર્થાત્ છેદોપસ્થાપનીય સંયતનો ચોથા આરાના સમાન આરાવાળા ક્ષેત્રોમાં જન્મ થતો નથી કે સદ્ભાવ હોતો નથી, પરંતુ સંહરણની અપેક્ષાએ સંભવરૂપ સદ્ભાવ હોય, એવો ભાવ સમજવો.

परिहारविशुद्धिसंयतमधिकृत्याह—

परिहारविशुद्धिसंयत उत्सर्पिण्यवसर्पिण्योः काले स्यान्न तु नोउत्सर्पिण्यवसर्पिणीकाले । उत्सर्पिण्यवसर्पिण्योर्यथायोगं द्वितीयतृतीयचतुर्थपञ्चमारकेषु । ६१ ।

परिहारविशुद्धिसंयत इति । परिहारविशुद्ध्या संयम इत्यर्थः । उत्सर्पिण्यवसर्पिण्योः काल इति । उत्सर्पिण्यवसर्पिणीसंज्ञके काल इत्यर्थः, उत्सर्पिणीनामके कालेऽवसर्पिणी नामके काले चेति भावार्थः । यथायोगमिति । उत्सर्पिण्यां जन्मतो दुष्षमादुष्षमसुषमासुषमदुष्षमारूपेषु, सद्भावतस्तु दुष्षमसुषमासुषमदुष्षमारूपयोरवसर्पिण्यां जन्मतस्सुषमदुष्षमादुष्षमसुषमारूपयोस्सद्भावतस्सुषमदुःषमादुष्षमसुषमादुष्षमारूपेष्वरकेष्विति भावः ॥

પરિહારવિશુદ્ધ સંયતનો અધિકાર કહે છે-

ભાવાર્થ - પરિહારવિશુદ્ધક સંયત ઉત્સર્પિણી અને અવસર્પિણીના કાળમાં હોય, પરંતુ નોઉત્સર્પિણી અવસર્પિણીના કાળમાં હોતા નથી. ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં યોગ પ્રમાણે (૨)જા, (૩)જા, (૪) થા અને (૫)મા આરાઓમાં હોય છે.

વિવેચન - પરિહારવિશુદ્ધિ નામક સંયતથી સંયત-પરિહારવિશુદ્ધિક સંયત, એવો અર્થ જાણવો.

'यथायोगं' ઇતિ=ઉત્સર્પિણીમાં જન્મની અપેક્ષાએ દુઃષમાદુઃષમ, સુષમાસુષમ અને દુઃષમારૂપ આરાઓમાં, સદ્ભાવની અપેક્ષાએ તો દુઃષમસુષમા-સુષમદુઃષમાં રૂપ બે આરાઓમાં, અવસર્પિણીમાં જન્મની અપેક્ષાએ સુષમદુઃષમા-દુઃષમસુષમા રૂપ બે આરાઓમાં અને સદ્ભાવની અપેક્ષાએ સુષમદુઃષમા-દુઃષમસુષમા-દુઃષમાં રૂપ ત્રણ આરાઓમાં પરિહારવિશુદ્ધિક સંયત હોય છે, એવો ભાવ જાણવો.

अथ सूक्ष्मसम्परायययथाख्यातावाश्रित्याह-

सूक्ष्मसम्परायो जन्मसद्भावाभ्यां कालत्रये, अरकमाश्रित्य तु यथायोगं सामायिकवत्स्यात् । यथाख्यातोऽप्येवम्, संहरणतस्तु सर्वेष्वरकेषु । ६२ ।

कालत्रय इति । उत्सर्पिण्यवसर्पिणीनोउत्सर्पिण्यवसर्पिणीरूपे कालत्रय इत्यर्थः । अरकेषु कथमित्यत्राहारकमाश्रित्येति । यथायोगं सामायिकवदिति । सामायिको हि उत्सर्पिण्यां जन्मतो द्वितीयतृतीयचतुर्थेषु भवति, अयमपि तथैव, सामायिकस्सद्भावापेक्षया तृतीयचतुर्थयोः । अयन्तु सद्भावतो द्वितीयतृतीयचतुर्थेषु, द्वितीयस्यान्ते जायते तृतीये तु चरणं प्रतिपद्यते, तृतीयचतुर्थयोस्तु जायते चरणं प्रतिपद्यते च, चरणभावेन सद्भावविवक्षणे तृतीयचतुर्थयोरेवायमपि । अवसर्पिण्यां सामायिको जन्मसद्भावाभ्यां तृतीयचतुर्थपञ्चमेषु, अयं तु जन्मतस्तृतीय-चतुर्थयोः, सद्भावापेक्षया तृतीयचतुर्थपञ्चमेष्विति यथायोगशब्दार्थ इति भावः । इदमेव यथाख्यातेऽप्यतिदिशति यथाख्यातोऽपीति, उभयोस्संहरणं स्यान्नवेत्याशंकायामाह संहरणत-स्त्विति । ननु सूक्ष्मसम्परायययथाख्यातयोरपगतवेदत्वात् कथं संहरणं, क्षीणवेदानां संहरणस्य शास्त्रे निषिद्धत्वादिति सत्यम्, सामायिकादिषु पूर्वं संहृतो यदा सूक्ष्मसंपरायो यथाख्यातो वा भवति तदा भूतसंहरणमाश्रित्यैवमुक्तत्वेनादोषादिति ध्येयम् ॥

હવે સૂક્ષ્મસંપરાય સંયત અને યથાખ્યાત સંયતની અપેક્ષાએ કહે છે-

ભાવાર્થ - સૂક્ષ્મસંપરાય સંયત જન્મ અને સદ્ભાવથી ત્રણ કાળમાં આરાની અપેક્ષાએ તો યોગ પ્રમાણે સામાયિક સંયતની માફક હોય છે. યથાખ્યાત સંયત પણ એ પ્રમાણે જાણવો. સંહરણની અપેક્ષાએ સઘળા આરાઓમાં હોય છે.

વિવેચન - ઉત્સર્પિણી, અવસર્પિણી અને નોઉત્સર્પિણી અવસર્પિણી રૂપ ત્રણ કાળમાં હોય છે.

'યથાયોગ' સામાયિકવત્ 'ઇતિ=ખરેખર, સામાયિક સંયત **ઉત્સર્પિણીરૂપમાં** જન્મની અપેક્ષાએ (૨)જા, (૩)જા અને (૪)થા આરાઓમાં હોય છે. તેવી જ રીતે આ સૂક્ષ્મસંપરાય સંયત પણ હોય છે. **સામાયિક સંયત** સદ્ભાવની અપેક્ષાએ (૩)જા અને (૪)થા આરાઓમાં હોય છે. આ **સૂક્ષ્મસંપરાય** સં૦ તો સદ્ભાવથી (૨)જા, (૩) જા અને (૪) થા આરાઓમાં, બીજા આરાના અંતમાં જન્મ થાય છે, (૩)જામાં તો ચારિત્ર સ્વીકારે છે તથા (૩)જા અને (૪)થામાં જન્મેલ છે અને ચારિત્ર સ્વીકારે છે. ચરણભાવની અપેક્ષાએ

સદ્‌ભાવની વિવક્ષામાં (૩)જા અને (૪)થામાં જ આ (સૂ૦ સં૦) પણ સમજવા. અવસર્પિણીમાં સામાયિક સંયત તો જન્મથી અને સદ્‌ભાવથી (૩)જા, (૪)થા અને (૫)મા આરાઓમાં, આ સૂ૦ સં૦ તો જન્મથી (૩)જા અને (૪)થા આરાઓમાં, સદ્‌ભાવની અપેક્ષાએ (૩)જા, (૪)થા અને (૫)મા આરાઓમાં હોય છે. આ પ્રમાણે યથાયોગ શબ્દનો અર્થ છે, એમ ભાવ જાણવો.

○ આ જ વસ્તુને યથાખ્યાત સંયતમાં અતિદેશ (ભલામણ) કરે છે. ય૦ સં૦ પણ આ પ્રમાણે છે.

આ સૂ૦ સં૦ અને ય૦ સં૦ રૂપ બંનેનું સંહરણ થાય કે નહિ ? આવી શંકામાં જવાબ આપે છે કે- 'संहरणवस्तु' ઇતિ.

શંકા - સૂક્ષ્મસંપરાય સંયત અને યથાખ્યાત સંયતનું વેદનો ક્ષય હોવાથી સંહરણ કેવી રીતે ? કેમ કે- વેદના ક્ષયવાળાઓનું સંહરણ શાસ્ત્રમાં નિષિદ્ધ છે.

સમાધાન - ઠીક છે, પરંતુ સામાયિક આદિ ચારિત્રો હોયે છતે, પહેલાં સંહરણ કરાયેલો સામાયિક આદિ સંયત જ્યારે સૂક્ષ્મસંપરાય કે યથાખ્યાત સંયત૦ બને છે, ત્યારે ભૂતકાળના સંહરણની અપેક્ષાએ આ પ્રમાણે કહેલ હોઈ દોષ નથી, એમ જાણવું.

का इमा उत्सर्पिण्यादय इत्यत्राह —

रूपरसाद्युत्कर्षप्रयोजकः काल उत्सर्पिणी । रूपरसादिहानिप्रयोजकः कालोऽवसर्पिणी । तत्रावसर्पिण्यां सुषमसुषमासुषमासुषमदुष्षमादुष्षमसुषमादुष्षमादुष्षमदुष्षमारूपाष्षडरका भवन्ति । उत्सर्पिण्यां व्युत्क्रमतष्षडरकास्त एव । ६३ ।

रूपेति । उत्सर्पति वर्धत अरकापेक्षया, उत्सर्पयति वा भावानित्युत्सर्पिणीति विग्रहः । रूपरसादीनामुत्कर्षः[१] क्षेत्रे भवति स च कालहेतुकस्तस्माद्रूपरसाद्युत्कर्षप्रयोजकीभूतो यः कालस्सोत्सर्पिणीत्युच्यत इति भावः । आदिना जीवगतानामनुभवायुःप्रमाणशरीरादीनां ग्रहणम् । सूक्ष्माद्धासागरोपमाणां दशभिः कोटीकोटीभिर्निष्पन्नोऽयमुत्सर्पिणीकालविशेषः । अवसर्पिणीस्वरूपमाह रूपरसेति । अवसर्पति हीयत अरकापेक्षया, अवसर्पयति भावान् रूपादीनित्यवसर्पिणीति विग्रहो लक्षणं स्पष्टम् । अयमपि कालविशेष उत्सर्पिणी परिमाण एव । यत्र तु भावा रूपादिस्वरूपा न हीयन्ते न वा वर्द्धन्ते तादृशः कालविशेषो नोउत्सर्पिण्यवसर्पिणीत्युच्यते । मूले तु सुस्पष्टत्वान्न पृथग्लक्षिता । अथावसर्पिणीं विभजते तत्रेति । सुषमसुषमाया

१. अत्र कालस्वरूपतो नित्य इति न तस्य हानिरुपपद्यतेऽन्यथाऽहोरात्रं सर्वदा त्रिंशन्मुहूर्त्तात्मकमेव न स्यात्, किन्तु अनन्तगुणपरिहाणिभिर्वर्णगन्धरसस्पर्शादिभिर्हीयमानोऽनन्तगुणवृद्धिभिस्तैर्वर्धमानः कालोहीयमानकालो वर्धमानकालश्चेत्युच्यत इति द्रव्यतो नित्यत्वं पर्यायतोऽनित्यत्वमित्याशयेन रूपरसाद्युत्कर्षेत्यादि रूपेण लक्षणं प्रणीतमिति ॥

अतिशोभनत्वेन तस्या एव प्रथमं निर्दिदिक्षया क्रममुल्लंघ्यावसर्पिण्वेवादौ विभक्ता । सुषमसुषमेति । शोभनास्समा वर्षा यत्रेति सुषमा, अत्यन्तसुषमत्वाद्वीप्सया सुषमसुषमेति । सर्वथा दुष्षमानुभावरहित एकान्तसुषमारूपो सागरोपमचतुष्कोटीकोटिरूपोऽयं कालः । सुषमेति । सागरोपमाणां कोटीकोटित्रयात्मिका सुषमसुषमापेक्षया हानिमती बोध्या । सुषमदुष्षमेति । दुष्टास्समा यत्र सा दुष्षमा, सुषमा चासौ दुष्षमा चेति विग्रहः । सुषमानुभावबहुलाऽल्पदुष्षमानुभावा सागरोपमाणां कोटीकोटिद्वयप्रमाणाऽवसेया । दुष्षमसुषमेति, दुष्षमा चासौ सुषमा चेति कर्मधारयः, दुष्षमानुभावबहुलाऽल्पसुषमानुभावा द्विचत्वारिंशद्वर्षसहस्रन्यूनैकसागरोपमकोटीकोटिप्रमाणा भवति । दुष्षमेति । इयमेकविंशतिवर्षसहस्रमाना दुष्षमानुभावा । दुष्षमदुष्षमेति । अस्या अपि मानमेकविंशतिवर्षसहस्राणि, सर्वथा सुषमानुभावरहिताऽतिदुष्षमानुभावा चेति षड्भागा अवसर्पिण्या द्रष्टव्याः । अत्र सुषमसुषमायां मनुष्याणां गव्यूतत्रितयं शरीरोच्छ्रायस्त्रीणि च पल्योपमान्यायुः शुभपरिणामोऽपि कल्पवृक्षादिरनेकश्च, तत एषां परतो भागेष्वनन्तगुणा परिहाणिः, सुषमायां गव्यूतद्वयं समुच्छ्रायः पल्योपमद्वयमायुः कल्पवृक्षादिश्च । सुषमदुष्षमायामेकगव्यूतसमुच्छ्राय एकपल्योपमायुः कल्पवृक्षादिः । दुष्षमसुषमायां पूर्वकोट्यायुः पंशशतधनुस्समुच्छ्रयः दुष्षमायां दुःषमदुष्षमायाञ्चानियतं शरीरोच्छ्रयादिः, तथाप्येवं भण्यते दुष्षमायान्तु प्रारम्भे वर्षशतमायुः सप्तहस्तसमुच्छ्रयः, दुःषमदुष्षमायां पर्यन्ते तु हस्तप्रमाणं वपुः षोडशवर्षाणि परमायुर्निरवशेषौषधिपरिहाणिश्चेति बोध्यम् । उत्सर्पिण्यामपि त एव भागास्तावन्मानास्तत्स्वरूपाः पूर्वोदितक्रमविपरीतक्रमा भवन्तीत्यभिप्रायत आहोत्सर्पिण्यामिति । एवञ्च विंशतिसूक्ष्माद्धासागरोपमकोटीकोटीप्रमाणद्वादशारकरूपमवसर्पिण्युत्सर्पिण्योः कालचक्रं पञ्चसु भरतेषु पञ्चस्वैरवतेषु चानाद्यनन्तं परिवर्त्तते । कुरुषु तु सुषमसुषमातुल्यः कालः, हरिरम्यकेषु सुषमातुल्यः, हैमवतैरण्यवतेषु सुषमदुष्षमानिभः, षट्पञ्चाशदन्तरद्वीपसहितपञ्चविदेहक्षेत्रेषु दुष्षमसुषमासदृश इति दिक् ॥

---

१. ननूच्चत्वं शरीरस्य स्वावगाढमूलक्षेत्रादुपरितननभःप्रदेशावगाहित्वं, तत्पर्यवा असंख्याता एवेति कथमनंतभागपरिहाणिः, एवमायुषः पर्यवा एकसमयोनादिरूपा असंख्याता एव, आयुःस्थितेरसंख्यातसमयात्मकत्वात्कथमनन्तैरायुःपर्यवैर्हानिः, उच्यते, प्रथमारके प्रथमसमयोत्पन्नमुत्कृष्टं शरीरोच्चत्वं भवति, ततो द्वितीयादिसमयोत्पन्नानां यावतामेकनभःप्रतरावगाहिलक्षणपर्यवाणां हानिस्तावत्पुद्गलानन्तकं हीयमानं द्रष्टव्यमाधारहानावाधेयहानेरावश्यकत्वात्, तेनोच्चपर्यवाणामप्यनन्तत्वं सिद्धं, नभःप्रतरावगाहस्य पुद्गलोपचयसाध्यत्वात्, एवं प्रतिसमयं हीयमानस्थितिस्थानकारणीभूतान्यनन्तान्यायुःकर्मदलिकानि परिहीयन्ते, ततः कारणहानौ कार्यहानेरावश्यकत्वात्तानि च भवस्थितिकारणत्वादायुःपर्यवा एव, अतस्तेऽनन्ता इति ॥

ઉત્સર્પિણી આદિનું સ્વરૂપ-

ભાવાર્થ - રૂપ-રસ આદિના ઉત્કર્ષના કારણભૂત કાળ, એ 'ઉત્સર્પિણી' કહેવાય છે. રૂપ-રસ આદિની હાનિમાં કારણભૂત કાળ, એ 'અવસર્પિણી' કહેવાય છે. ત્યાં અવસર્પિણીમાં સુષમસુષમા-સુષમા-સુષમદુઃષમા-દુઃષમસુષમા-દુઃષમા-દુઃષમદુઃષમા રૂપ છ (૬) આરાઓ હોય છે. ઉત્સર્પિણીમાં પશ્ચાનુપૂર્વીથી તે જ છ (૬) આરાઓ છે.

વિવેચન - 'રૂપ' ઇતિ=ઉત્સર્પિણી શબ્દાર્થ જે કાળ-આરાઓની અપેક્ષાએ વધતો જાય છે તે અથવા રૂપ-રસ આદિ ભાવોની વૃદ્ધિમાં કારણ તે કાળ (વિગ્રહ અપેક્ષાએ) 'ઉત્સર્પિણી' કહેવાય છે.

અર્થાત્ રૂપ-રસ આદિનો ઉત્કર્ષ (અહીં કાળસ્વરૂપની અપેક્ષાએ નિત્ય છે, એટલે તે કાળની હાનિયુક્ત નથી. નહિ તો રાત-દિવસ, (૩૦) ત્રીશ મુહૂર્તરૂપ જ થાય. પરંતુ અનંતગુણ પરિહાનિવાળા વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદિથી હીયમાન-ઘટતો, અનંતગુણવૃદ્ધિવાળી તે વર્ણ આદિથી વધતો કાળ 'હીયમાનકાળ' અને 'વર્ધમાનકાળ' કહેવાય છે. એમ દ્રવ્યથી નિત્યપણું અને પર્યાયથી અનિત્યપણું છે. એવા આશયથી 'રૂપ-રસ આદિ ઉત્કર્ષ ઇત્યાદિ રૂપે લક્ષણ રચેલું છે.) ક્ષેત્રમાં થાય છે. તેથી રૂપ-રસ આદિના ઉત્કર્ષમાં કારણભૂત જે કાળ, તે 'ઉત્સર્પિણી' કહેવાય છે. અહીં આદિ પદથી અનુભવરૂપ આયુષ્યપ્રમાણે-શરીર આદિનું ગ્રહણ છે.

○ દશ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધા સાગરોપમોથી બનેલો આ ઉત્સર્પિણીરૂપ વિશિષ્ટ કાળ છે.

○ અવસર્પિણી શબ્દાર્થ=આરાઓની અપેક્ષાએ જે હીન થાય છે તે અથવા રૂપ-રસ આદિ ભાવોને ઘટાડવામાં કારણભૂત જે કાળ, તે (વિગ્રહની અપેક્ષાએ) 'અવસર્પિણી.' લક્ષણ સ્પષ્ટ છે. આ વિશિષ્ટ કાળ પણ ઉત્સર્પિણી જેટલા પરિમાણવાળો જ છે.

○ વળી જ્યાં રૂપ-રસ આદિ ભાવો (સ્વરૂપો) ઘટતા કે વધતા નથી, તેવો વિશિષ્ટ કાળ, 'નોઉત્સર્પિણી અવસર્પિણી' કહેવાય છે. મૂળમાં તો સુસ્પષ્ટ હોવાથી જુદું લક્ષણ કરેલું નથી.

હવે અવસર્પિણીનો વિભાગ કરે છે.

સુષમસુષમા=અત્યંત શોભન હોવાથી સુષમસુષમાને જ પહેલાં કહેવાની ઇચ્છાથી ક્રમનું ઉલ્લંઘન કરી અવસર્પિણીનો જ આદિમાં વિભાગ કરેલ છે.

○ 'સુષમસુષમા' ઇતિ=શોભન (સુંદર)સમા એટલે વર્ષો જ્યાં હોય છે. આ પ્રમાણે 'સુષમા'ની વ્યુત્પત્તિ છે. અત્યંત સુષમા હોઈ-વીપ્સા હોઈ, દ્વિવારપણું હોઈ 'સુષમસુષમા'-એમ સિદ્ધ થાય છે. અર્થાત્ સર્વ પ્રકારે દુઃષમાના પ્રભાવથીરહિત, એકાન્ત સુષમારૂપ ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળો આ કાળ છે.

○ સુષમા=ત્રણ કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી, સુષમસુષમાની અપેક્ષાએ હાનિવાળી સમજવી.

○ 'સુષમદુઃષમા' ઇતિ=અસુંદરસમા એટલે વર્ષો જ્યાં છે તે દુઃષમાં, સુષમા એવી દુઃષમા, એવો વિગ્રહ છે. સુષમાના પ્રચૂર પ્રભાવવાળી, દુઃષમાના અલ્પ પ્રભાવવાળી બે (૨) કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી જાણવી.

○ 'दुःषमसुषमा' ईति=दुःषमां એવી સુષમા, એમ કર્મધારય સમાસ સમજવો. દુઃષમાના પ્રચૂર પ્રભાવવાળી, સુષમાના અલ્પ પ્રમાણવાળી, ૪૨ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી દુઃષમસુષમા જાણવી.

○ 'दुःषमा ईति=આ (૨૧) એકવીશ હજાર વર્ષ માનવાળી દુઃષમાના પ્રભાવવાળી હોય છે.

'दुःषमदुःषमा'નું પ્રમાણ પણ એકવીશ (૨૧) હજાર વર્ષનું છે. સર્વથા સુષમાના પ્રભાવથી રહિત અને અત્યંત દુઃષમાના પ્રભાવવાળી છે. એવા છ (૬) ભાગ અવસર્પિણીના જાણવા.

○ અહીં સુષમસુષમામાં મનુષ્યોની સરીરની ઉંચાઈ (અવગાહના) ત્રણ ગાઉની હોય છે, ત્રણ પલ્યોપમનું આયુષ્ય હોય છે અને કલ્પવૃક્ષ આદિ શુભ પરિણામવાળાં અનેક હોય છે. બાદ આ શરીરની અવગાહના આયુષ્ય આદિમાં પછીના ભાગોમાં અનંતગુણી હાનિ થાય છે.

[**शंका** - ઉચ્ચપણું એટલે સ્વ અવગાહ મૂળ ક્ષેત્ર કરતાં ઉપરના આકાશપ્રદેશોની સાથે અવગાહ (અવગાહીને રહેવું) છે. તેના પર્યાયો અસંખ્યાત જ છે, માટે અનંત ભાગે હાનિ કેવી રીતે ? એ પ્રમાણે આયુષ્યના એક સમય ન્યૂન આદિરૂપ પર્યાયો અસંખ્યાત જ, કેમ કે-આયુષ્યની સ્થિતિ અસંખ્યાત સમયરૂપ છે, તો કેવી રીતે આયુષ્યના અનંતા પર્યાયોથી હાનિ ? **समाधान** - પ્રથમ આરામાં પ્રથમ સમયમાં ઉત્પન્ન શરીરનું ઉચ્ચપણું હોય છે તેના કરતાં દ્વિતીય વગેરે સમયોમાં ઉત્પન્ન જેટલા એક પ્રતરમાં અવગાહીરૂપી પર્યાયોની હાનિ થાય છે, તેટલા અનંતા પુદ્ગલો હીયમાન (હીનતાને પામતા) જાણવા, કેમ કે-આધારની હાનિમાં આધેયની હાનિ આવશ્યક છે. તેથી ઉચ્ચ પર્યાયોનું પણ અનંતપણું સિદ્ધ છે, કેમ કે- આકાશપ્રતરમાં અવગાહ પુદ્ગલોના ઉપચયથી સાધ્ય છે. આ પ્રમાણે સમયે સમયે હીયમાન (ઘટતી) સ્થિતિ, સ્થાનના કારણભૂત અનંતા આયુષ્યકર્મના દળિયાઓ હીયમાન થાય છે. તેથી કારણની હાનિમાં કાર્યની હાનિ આવશ્યક હોઈ અને તે આયુષ્યકર્મના દળિયાઓ ભવ્યસ્થિતિમાં કારણભૂત હોવાથી આયુષ્યના પર્યાયો જ સમજવા. એથી તે અનંતા કહેવાય છે.]

○ સુષમામાં બે (૨) ગાઉની શરીરની ઉંચાઈ, બે પલ્યોપમનું આયુષ્ય અને કલ્પવૃક્ષ આદિ.

○ સુષમદુઃષમામાં એક (૧) ગાઉની શરીરની ઉંચાઈ, (૧) એક પલ્યોપમનું આયુષ્ય અને કલ્પવૃક્ષ આદિ.

○ દુઃષમસુષમામાં પૂર્વ કોટિ (કોડપૂર્વકો)નું આયુષ્ય, પાંચસો (૫૦૦) ધનુષ્યપ્રમાણ શરીરની ઉંચાઈ.

○ દુઃષમામાં અને દુઃષમદુઃષમામાં શરીરની અવગાહના આદિ અનિયત છે.

○ તો પણ આ પ્રમાણ કહેવાય છે કે-દુષમામાં તો પ્રારંભમાં સૌ (૧૦૦) વર્ષનું આયુષ્ય અને સાત (૭) હાથની ઉંચાઈ.

○ છેલ્લા આરારૂપ દુઃષમદુઃષમામાં એક હાથનું શરીર, સોલ (૧૬) વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય અને સઘળી ઔષધિઓની હાનિ, એમ સમજવું. (ફળ પરિપકવ થતાં જે વૃક્ષ નાશ પામે છે, તે ઘઉં-ડાંગર-જવ વગેરે રૂપ ઔષધિઓની હાનિ સમજવી.)

○ ઉત્સર્પિણીમાં પણ તે જ ભાગો, તેટલા જ પ્રમાણવાળા, તે સ્વરૂપવાળા અને પૂર્વકથિત ક્રમથી વિપરીત ક્રમવાળા હોય છે.

○ આ પ્રમાણે વીશ (૨૦) સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ કોડાકોડી પ્રમાણરૂપ બાર (૧૨) આરારૂપ અવસર્પિણી અને ઉત્સર્પિણીનું કાળચક્ર, પાંચ (૫) ભરતોમાં અને પાંચ (૫) ઐરવતોમાં અનાદિઅનંત કાળમાં ફર્યા કરે છે. દેવકુરુ-ઉત્તરકુરુમાં તો સુષમસુષમા સરખો કાળ છે. હરિવર્ષ અને રમ્યકમાં સુષમા સમાન કાળ છે. હૈમવંત અને ઐરણ્યવંતક્ષેત્રમાં સુષમદુઃષમા સરખો કાળ છે. (૫૬) છપ્પન અંતરદ્વીપ સહિત પાંચ (૫) મહાવિદેહક્ષેત્રોમાં દુઃષમસુષમાના સરખો કાળ છે.

सम्प्रति गतिद्वारमाह—

गतिद्वारे-सामायिकछेदोपस्थापनीयौ मृत्वा देवगतिं यायाताम् । तत्रापि वैमानिक एव । तत्रापि जघन्यतः प्रथमदेवलोकमुत्कृष्टतस्त्वनुत्तरविमानं यावत् । विराधकश्चेद्यः कोऽपि भवनपतिः स्यात् । परिहारविशुद्धिको वैमानिक एव स्यात् । तत्रापि जघन्यतस्सौधर्मकल्प उत्कृष्टतस्सहस्त्रारकल्पे स्यात् । सूक्ष्मसम्परायोऽनुत्तरविमाने स्यात् । यथाख्यातसंयतो देवगतौ स्याच्चेत्तदाऽनुत्तरविमान एव स्यादथवा सिद्धिगतिं यायादिति । ६४ ।

गतिद्वार इति । तत्रापीति देवगतावपीत्यर्थः, वैमानिक एवेत्यत्रैवशब्देन भवनवासि वानमन्तरज्योतिष्केषूत्पादो व्युदस्यते । तत्रापीति, वैमानिकेष्वपीत्यर्थः । प्रथमदेवलोकमिति सौधर्मदेलोकमित्यर्थः । एतत्सर्वं संयमाविराधनया बोध्यम् । देवलोके स्थितिस्तु जघन्येन द्वे पल्योपमे, उत्कर्षेण तु त्रयस्त्रिंशत्सागरोपमाणीति । तद्विराधकश्चेद्भवनपतीनामन्यतमेषु देवेषूत्पत्तिः, विराधितसंयमस्य भवनपत्याद्युत्पादस्य शास्त्रानुमतत्वादित्याशयेनाह विराधकश्चेदिति । संयमाविराधकत्वे त्वाह परिहारविशुद्धिक इति, स्पष्टमन्यत् । संयमविराधकश्चेद्भवनपत्यन्यतमेषूत्पद्यते, देवलोके स्थितिरपि जघन्येन द्वे पल्योपमे, उत्कर्षेणाष्टादशसागरोपमाणीति । अनुत्तरविमान इति, अजघन्योत्कृष्टत इति भावः । अयमविराधनां प्रतीत्याहमिन्द्रतयोत्पद्यते, विराधनां प्रतीत्य तु यः कोऽपि भवनपतिः स्यादिति बोध्यम् । अनुत्तरविमान एवेति, अजघन्योत्कृष्टत इति भावः उभयोरपि संयतयोर्देवलोके स्थितिरजघन्योत्कृष्टतस्त्रयस्त्रिंशत्सागरोपमाणीत्यपि बोध्यम् । यदा तु न देवगतौ तदात्वाहाथवेति ॥

(१४) गतिद्वार-

ભાવાર્થ - સામાયિક સંયત અને છેદોપસ્થાપનીય સંયત કાળધર્મ પામીને દેવગતિમાં જાય છે. તે દેવગતિમાં પણ વૈમાનિક જ થાય છે. તે વૈમાનિકોમાં પણ જઘન્યથી પ્રથમ દેવલોક અને ઉત્કૃષ્ટથી તો

અનુત્તરવિમાન સુધી જાય છે. જો જે કોઈપણ સાધુ વિરાધક (પ્રતિસેવક) બને, તો ભવનપતિ નામક દેવ બને છે. પરિહારવિશુદ્ધિક સાધુ વૈમાનિક બને છે. સૂક્ષ્મસંપરાય સંયત અનુત્તરવિમાનમાં વૈમાનિક બને છે. યથાખ્યાત સંયમી. દેવગતિમાં અનુત્તરવિમાનમાં જ વૈમાનિક બને છે અથવા સિદ્ધિગતિમાં જાય છે.

વિવેચન - 'વૈમાનિક એવ' ઇતિ=અહીં એવકારથી ભવનવાસી-વાનવ્યંતર-જ્યોતિષ્કોમાં ઉત્પત્તિનો નિષેધ કરાય છે. 'તથાપિ' ઇતિ=તે વૈમાનિકોમાં પણ એવો અર્થ કરવો. 'પ્રથમ દેવલોક' ઇતિ=સૌધર્મ નામક દેવલોક સુધી એવો અર્થ સમજવો.

આ બધો ફલાદેશ સંયમની અવિરાધનાની અપેક્ષાએ સમજવો.

દેવલોકમાં સ્થિતિ તો જઘન્યથી બે (૨) પલ્યોપમની અને ઉત્કૃષ્ટથી તો તેત્રીશ (૩૩) સાગરોપમની છે.

તે સામાયિક-છોદોપસ્થાપનીય ચારિત્રનો વિરાધક જો સાધુ હોય, તો તેની ભવનપતિઓના ગમે તે દેવોમાં ઉત્પત્તિ છે, કેમ કે-વિરાધિત સંયમવાળાની ભવનપતિ આદિમાં ઉત્પત્તિ શાસ્ત્રદ્વારા અનુમત છે. એવા આશયથી કહે છે કે-સંયમના અવિરાધક પ૦ વિ૦ સંયતના દેવલોકમાં સ્થિતિ પણ જઘન્યથી બે (૨) પલ્યોપમની અને ઉત્કૃષ્ટથી અઢાર (૧૮) સાગરોપમની છે, એમ જાણવું.

૦ 'અનુત્તરવિમાન' ઇતિ=નહિ જઘન્યથી કે નહિ ઉત્કૃષ્ટથી, અર્થાત્ જઘન્યથી કહો કે ઉત્કૃષ્ટથી કહો, બંને રીતે અનુત્તરવિમાનમાં આ સૂ૦ સં૦ અવિરાધનાની અપેક્ષાએ અહમિન્દ્રરૂપે ઉત્પન્ન થાય છે, જ્યારે વિરાધનાની અપેક્ષાએ તો ગમે તે સાધુ ભવનપતિ થાય છે.

૦ 'અનુત્તરવિમાને એવં' ઇતિ=જઘન્યથી નહિ અને ઉત્કૃષ્ટથી નહિ, એવી રીતે ઉપશમશ્રેણિ દ્વારા પ્રાપ્ત યથાખ્યાત સંયમયુક્ત સાધુ કાળ કરીને અનુત્તરવિમાનમાં જ જાય છે, સૂક્ષ્મસંપરાય સંયત-ઉપશાન્તમોહી યથાખ્યાત સંયતરૂપ બંનેની પણ દેવલોકમાં સ્થિતિ, અજઘન્ય ઉત્કૃષ્ટથી તેત્રીશ (૩૩) સાગરોપમની હોય છે. ક્ષીણમોહી યથાખ્યાત સંયત કાળ કરીને સિદ્ધિગતિમાં જાય છે.

के देवलोकाः के वा भवनपतय इति प्रसङ्गेनोदितायामाशंकायां अग्रे वक्ष्यमाणानपि संक्षेपतोऽत्र वक्ति –

तत्र सौधर्मैशानसनत्कुमारमाहेन्द्रब्रह्मलान्तकमहाशुक्रसहस्त्राराऽऽनतप्राणताऽऽरणाऽच्युतभेदेन द्वादशविधा देवलोकाः कल्पोपपन्नदेवानाम् । तदुपरि सुदर्शनसुप्रतिबद्धमनोरमसर्वभद्रविशालसुमनससौमनसप्रीतिकरादित्यभेदेन नव ग्रैवेयकाः तदुपरि विजयवैजयन्तजयन्तापराजितसर्वार्थसिद्ध भेदेन पञ्चानुत्तराः । उभये कल्पातीतानाम् ।६५।

तत्रेति । देवा हि सामान्येन विमानवासिज्योतिष्कव्यन्तरभवनपतिभेदेन चतुर्विधाः । विमानवासिनोऽपि कल्पोपपन्नाः कल्पातीताश्चेति द्विविधाः । एवंविधानां देवानां निवासयोग्यस्थानं देवलोक इत्याशयेन तत्स्थानान्याह-सौधर्मेत्यादिना । ज्योतिष्कोपरितनप्रस्ताराद-

संख्येययोजनाध्वानमारुह्य मेरूपलक्षितदक्षिणभागार्धे प्राग्व्यवस्थितः प्राचीप्रतीच्यायत उदग्दक्षिणविस्तीर्णोऽर्धचन्द्राकृतिर्भास्वरः परिक्षेपत आयामविष्कम्भाभ्याञ्चासंख्येययोजनकोटी-कोट्यो लोकान्तविस्तारस्सर्वरत्नमयोऽशोकसप्तपर्णचम्पकचूतसौधर्मावतंसकोपशोभितशक्रावा-सस्सौधर्मः कल्पः । तस्योपरि चोदग्व्यवस्थित ईषदुपरितनकोट्यां समुच्छ्रिततरो मध्य-व्यवस्थिताङ्कस्फटिकरजतजातरूपेशानावतंसकविभूषित ऐशानकल्पः । सौधर्मस्योपरि बहूनि योजनान्यतिक्रम्य सौधर्मकल्पवत्सनत्कुमारः । अस्योपरि माहेन्द्रः कल्प ऐशानकल्पवत् । सनत्कुमारमाहेन्द्रकल्पयोरुपरि बहूनि योजनान्यतीत्य मध्यवर्ती सकलनिशाकराकृतिर्ब्रह्मकल्पः । एवमुपर्युपरि लान्तकमहाशुक्रसहस्रारास्त्रय कल्पाः, तदुपरि बहूनि योजनान्यतिक्रम्य सौधर्मै-शानकल्पद्वयवदानतप्राणतनामानौ द्वौ कल्पौ, तदुपरि समश्रेणिव्यवस्थितौ सनत्कुमार-माहेन्द्रवदारणाच्युताविति द्वादश देवलोकाः ॥ तत्र कीदृशानां देवानां निवास इत्यत्राह-कल्पोपपन्नदेवानामिति । दीव्यन्तीति देवाः, प्राग्भवोपात्तपुण्यप्राग्भारोपनतविशिष्टभोगसुखाः प्राणिविशेषाः, तत्र कल्पा इन्द्रादिदशतया कल्पनात् कल्पाः, कल्पाः आचाराः ते चात्रेन्द्रसामानिक[१]त्रायस्त्रिंशदादिव्यवस्थारूपाः, तान् प्रतिपन्नाः कल्पोपपन्नाः, ते च ते देवाश्च कल्पोपपन्नदेवा वैमानिकविशेषास्तेषामेते लोका इत्यर्थः । तदुपरीति द्वादशदेवलोकोपरीत्यर्थः, नव ग्रैवेयका इति । लोकपुरुषस्य ग्रीवाप्रदेशे भवा ग्रैवेयकास्ते नव यथागमं व्यवस्थितास्सुदर्शनादि-शब्दवाच्या नवविधा इत्यर्थः । तदुपरीति ग्रैवेयकोपरीत्यर्थः । अभ्युदयविघ्नहेतूनां जयात्, कर्मणां विजितप्रायतयोपस्थितपरमकल्याणत्वाद्वा प्रतनुकर्मपटला-वच्छिन्ना विजयवैजयन्त-जयन्ताः, अभ्युदयविघ्नहेतुभिर्न पराजिताः क्षुधादिभिर्वा न पराजिता अपराजिताः, सांसारिक-सर्वकर्त्तव्यपरिसमाप्त्याऽनन्तरजन्मनि सकलकर्मक्षयलक्षणमोक्षस्य भावित्वेन सिद्धप्रायास्सर्वार्थ-सिद्धा एतेषां विमानविशेषा अप्येतन्नामका एव । मूले तु विमानविशेषाणां नामान्यभिहितानि । अनुत्तरा इति, न विद्यन्ते उत्तराणि प्रधानानि विमानानि येभ्यस्तेऽनुत्तराः, देवलोका अपि अनुत्तरा उच्यन्त इति भावार्थः । विमानान्येतानि न

---

१. ये इन्द्रतुल्यतया द्युतिवैभवादिभ्यश्चरन्ति ते सामानिकाः, ये तु मंत्रिकल्पाः परस्परेण साहाय्यकारिण उदात्ताचारास्संसारभीरवो गृहपतयस्त्रयस्त्रिंशत्परिमाणास्त्रायस्त्रिंशाः, कल्पयोर्देवाः सम्यग्दृष्टयोऽपि मिथ्यादृष्टयोऽपि सम्यङ्मिथ्यादृष्टयोऽपि, अनुत्तरोपपातिनस्तु सम्यग्दृष्टय एव, विमानाधिपतयस्तु सम्यग्दृष्टय एव, सुलभबोधिताहेतुतीर्थकृदाशातनापरिहारान्यथानुपपत्तेः । सामानिकदेवा न विमानाधिपतयः, देवीनामिव मूलविमानैकदेश एव तदुत्पत्तियोग्यं स्थानम् । जिनजन्मोत्सवादौ तेषां सिंहासनानां शक्रविमाने मण्डितत्वात् । शक्राग्रमहिषीसिंहासनमण्डनवदिति बोध्यम् ॥

परस्परमुपर्युपरि भवन्ति परन्तु मध्ये सर्वार्थसिद्धविमानं परितश्चत्वारीति । उभय इति ग्रैवेयका अनुत्तराश्चेत्यर्थः । कल्पातीतानामिति, इन्द्रादिदशतया कल्पनाविरहिणामित्यर्थः, तेषां सर्वेषामपि अहमिन्द्रत्वादिति भावः । तथा च षड्विंशतिर्वैमानिका विज्ञेयाः ॥

દેવલોકો કેટલા અને કયા કયા છે ? અથવા ભવનપતિઓ કેટલા અને કયા કયા ? આ પ્રમાણેની પ્રસંગથી ઉગેલી આશંકામાં ઉપર કહેવાતા દેવલોકને અહીં સંક્ષેપથી કહે છે-

ભાવાર્થ - સૌધર્મ-ઐશાન-સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મ-લાન્તક-મહાશુક્ર-સહસ્રાર-આનત-પ્રાણત-આરણ-અચ્યુતના ભેદથી બાર (૧૨) પ્રકારના કલ્પોપપન્નદેવોના દેવલોકો છે. તેના ઉપર સુદર્શન-સુપ્રતિબદ્ધ-મનોરમ-સર્વભદ્ર-વિશાલ-સુમનસ-સૌમનસ-પ્રીતિકર આદિત્યના ભેદથી નવ (૯) ગ્રૈવેયકો છે. તેના ઉપર વિજય-વૈજયન્ત-જયન્ત-અપરાજિત-સર્વાર્થસિદ્ધના ભેદથી પાંચ (૫) અનુત્તરો છે. ગ્રૈવેયકો અને અનુત્તરલોકો કલ્પાતીત છે.

વિવેચન - ખરેખર, દેવો સામાન્યથી વિમાનવાસી-જ્યોતિષી-વ્યંતર-ભવનપતિના ભેદથી ચાર પ્રકારના છે.

○ વિમાનવાસી દેવો પણ કલ્પોપપન્ન અને કલ્પાતીતના ભેદથી બે પ્રકારના છે. આવા પ્રકારના દેવોના નિવાસને યોગ્યસ્થાન 'દેવલોક' કહેવાય છે.

○ જ્યોતિષ્ક દેવલોકના ઉપરના પ્રસ્તારથી અસંખ્યાત જોજન=પ્રમાણ માર્ગ ઉપર ચડ્યા બાદ, મેરૂપર્વતથી ઉપલક્ષિત (સૂચિત) દક્ષિણરૂપ અર્ધભાગમાં પૂર્વમાં વ્યવસ્થિત, પૂર્વદિશા અને પશ્ચિમદિશામાં લાંબો, ઉત્તરદિશા અને દક્ષિણદિશામાં વિસ્તીર્ણ (પહોળો), અર્ધચંદ્ર સરખી આકૃતિવાળો, દેદીપ્યમાન, પરિક્ષેપ(પરિધિ)ની અપેક્ષાએ આયામ, વિષ્કંભથી અસંખ્યાત જોજન કોડાકોડીરૂપ, લોકના અંત સુધી વિસ્તારવાળો, સઘળા રત્નમય, અશોક-સપ્તપર્ણ-ચંપક-આમ્ર-સૌધર્માવતંસકથી ઉપશોભિત, શક્રના આવાસરૂપ, સૌધર્મકલ્પ (દેવલોક) છે અને તેના ઉપર ઉત્તરમાં વ્યવસ્થિત, થોડા ઉપરના અગ્રભાગ દ્વારા ખૂબ ઉંચો, મધ્યમાં વ્યવસ્થિત, અંકસ્ફટિક-રજત-જાતરૂપ (સુવર્ણ) ઐશાન-અવતંસકથી વિભૂષિત ઐશાનકલ્પ (દેવલોક) છે.

○ સૌધર્મદેવલોક ઉપર ઘણા જોજનોને ઉલ્લંઘી સૌધર્મકલ્પ(દેવલોક)ની માફક સનત્કુમારદેવલોક છે.

○ આ સનત્કુમારદેવલોક ઉપર માહેન્દ્રદેવલોક ઐશાનદેવલોકના જેવો છે. સનત્કુમાર માહેન્દ્રકલ્પ ઉપર ઘણા જોજનોના ઉલ્લંઘન બાદ મધ્યવર્તી સકલ (પૂર્ણ) ચંદ્રના જેવી આકૃત્તિવાળો બ્રહ્મકલ્પ (દેવલોક) છે.

○ આ પ્રમાણે ઉપરાઉપરી લાંતક-મહાશુક્ર-સહસ્રારરૂપ ત્રણ કલ્પો (દેવલોક) છે.

○ તેના ઉપર ઘણા જોજનોના અતિક્રમણ બાદ સૌધર્મ-ઐશાનરૂપ બે કલ્પો જેવા આનત અને પ્રાણત નામના બે કલ્પો(દેવલોકો) છે.

○ તેના ઉપર સમશ્રેણિમાં વ્યવસ્થિત, સનત્કુમાર-માહેન્દ્ર જેવા આરણ અને અચ્યુત નામના બે કલ્પો છે. આ પ્રમાણે બાર (૧૨) દેવલોકો છે. ત્યાં બાર (૧૨) દેવલોકોમાં કેવા દેવોના નિવાસ છે ? આના જવાબમાં કહે છે કે-'કલ્પોપપન્નાનાં' ઈતિ.

કલ્પોપપન્ન=દીપે-ક્રીડા કરે ઇત્યાદિ અર્થવાળા તે દેવો, અર્થાત્ પૂર્વભવમાં ઉપાર્જિત પુણ્યપુંજોના ઉદયથી પ્રાપ્ત થયેલ ભોગસુખવાળા વિશિષ્ટ જીવો 'દેવો' કહેવાય છે.

ત્યાં કલ્પ એટલે ઇન્દ્ર આદિ દશ(૧૦)ના રૂપે રચનાવ્યવહાર હોઈ 'કલ્પ' કહેવાય છે. આચારો અહીં ૧-ઇન્દ્ર, ૨-સામાનિક=દ્યુતિ, વૈભવ આદિની અપેક્ષાએ ઇન્દ્રની સમાનતાથી વિચરે છે, તે 'સામાનિક' કહેવાય છે.

૩-ત્રાયસ્ત્રિંશ=જેઓ મંત્રી જેવા, પરસ્પર મદદગાર, ઉદાત્ત આચારવાળા, સંસારથી ડરનારા, ગૃહપતિઓ (૩૩) તેત્રીશ પ્રમાણવાળા 'ત્રાયસ્ત્રિંશો' કહેવાય છે. (બે કલ્પમાં દેવો સમકિતીઓ પણ, મિથ્યાત્વીઓ પણ અને મિશ્રદૃષ્ટિઓ પણ હોય છે. અનુત્તરોપપાતીઓ અને ઇન્દ્રો સમકિતીઓ જ છે, કેમ કે-સુલભબોધિતાના હેતુભૂત તીર્થંકર (પ્રતિમાદિ)ની આશાતનાના પરિહારની વ્યાપ્તિ (અન્યથાનુપપત્તિ) છે. સામાનિક દેવો વિમાનના અધિપતિઓ (ઇન્દ્રો) નથી, દેવીઓની જેમ મૂળ વિમાનના એકદેશ-ભાગમાં જ તેઓની ઉત્પત્તિને યોગ્ય સ્થાન છે, કેમ કે-જન્મના ઉત્સવ આદિમાં તેઓના સિંહાસનો શક્રના વિમાનમાં મંડિત હોય છે. જેમ કે-શક્રની અગ્રમહિષીના સિંહાસનોનું મંડન, એમ જાણવું.) ઇત્યાદિ કલ્પોને પામેલા 'કલ્પોપપન્ન' કહેવાય છે.

'નવ ગ્રૈવેયકા' ઈતિ=લોકરૂપી પુરુષના ગ્રીવાના પ્રદેશમાં-ભાગમાં થનારા 'ગ્રેવેયકો' તે નવ (૯) સંખ્યામાં એટલે આગમ પ્રમાણે વ્યવસ્થિત, સુદર્શન આદિ શબ્દથી વાચ્ય નવ પ્રકારના છે.

તે ગ્રૈવેયકો ઉપર અભ્યુદયના વિઘ્નના હેતુઓના જયથી અથવા કર્મોનો લગભગ વિજય પ્રાપ્ત કરેલો હોઈ, અતિ પાતળા કર્મના આવરણથી યુક્ત, એવા વિજય, વૈજયન્ત અને જયન્ત-એ ત્રણ અનુત્તરો તથા અભ્યુદયના વિઘ્નોના હેતુઓથી નહિ હારેલા અથવા ક્ષુધા આદિથી નહિ હારેલા, નપરાજિતા 'અપરાજિત અનુત્તરો' કહેવાય છે.

સર્વાર્થસિદ્ધો=સાંસારિક-સર્વ કાર્યોની પરિસમાપ્તિ હોઈ, તુર્ત જ પછીના જન્મમાં સકલ કર્મના ક્ષયરૂપ મોક્ષ થવાનો હોઈ, સિદ્ધ જેવા અતએવ 'સર્વાર્થસિદ્ધ અનુત્તરો' કહેવાય છે. આ અનુત્તરદેવોના વિશિષ્ટ વિમાનો પણ વિજય આદિ નામવાળા જ જાણવા.

○ મૂળમાં તો વિશિષ્ટ વિમાનોનાં નામો કહેલા છે.

'અનુત્તરા' ઈતિ=જે વિમાનો કરતાં બીજા કોઈ વિમાનો પ્રધાનો નથી, તે 'અનુત્તર વિમાનો' કહેવાય છે. દેવલોકો પણ 'અનુત્તરો' કહેવાય છે, એવો ભાવાર્થ સમજવો.

○ આ વિજય આદિ વિમાનો પરસ્પર ઉપરાઉપરી હોતા નથી, પરંતુ મધ્યમાં સર્વાર્થસિદ્ધ વિમાન છે. ચારેય બાજુ ચાર (૪) વિમાનો છે, એમ સમજવું.

'કલ્પાતીતાના. ઇતિ=ઇન્દ્ર આદિરૂપ દશ પ્રકારના કલ્પવ્યવહારથી રહિત 'કલ્પાતીત' કહેવાય છે, કેમ કે-સઘળા ગ્રૈવેયકો અને અનુત્તરો અહમિન્દ્ર રૂપે પ્રસિદ્ધ છે, એમ ભાવ જાણવો. તથાચ (૨૬) છવ્વીશ વૈમાનિકો જાણવા.

अथ ज्योतिष्कादिदेवभेदानाह—

चन्द्रसूर्यग्रहनक्षत्रतारकाः पञ्च ज्योतिष्काः । पिशाचभूतयक्षराक्षसकिन्नरकिम्पुरुषमहोरगगन्धर्वा अष्टविधा व्यन्तराः । असुरनागसुपर्णविद्युदग्निद्वीपोदधिदिक्पवनस्तनितकुमारभेदेन दशविधा भवनपतयः । ६६ ।

चन्द्रेति । नवत्यधिकसप्तशतयोजनानि भूभागादूर्ध्वं तारकविमानप्रस्तारः । ततो दशयोजनानामुपरि सूर्यविमानप्रस्तारः । ततोऽशीतियोजनानामूर्ध्वञ्चन्द्रविमानप्रस्तारः । तदुपरि विंशतियोजनान्यारुह्य नक्षत्रग्रहाणां विमानप्रस्तारः । एतद्विमानवर्त्तिनोऽपि चन्द्रादय उच्यन्ते । ते च द्विविधा मनुष्यक्षेत्रवर्त्तिनो मानुषोत्तरपर्वतात्परतो यावत्स्वयम्भूरमणसमुद्रं वर्त्तिनश्चेति । तत्र प्रथमे मेरोः प्रादक्षिण्येन सर्वदा भ्रमणशीलाः, अपरे च सदावस्थानस्वभावाः, अत एव घण्टावत्स्वस्थानस्था एव तिष्ठन्ति । ज्योतिष्का इति, द्योतयन्ति जगत् प्रकाशयन्तीति ज्योतींषि विमानानि, तेषां लोका ज्योतिष्काः, तेषु भवा अपि ज्योतिष्का इति भावः । अथ तृतीयदेवभेदान्व्यन्तरानाह पिशाचेति । देवत्वावान्तरतत्तन्नामकर्मोदयप्रयुक्ता एते देवभेदा व्यन्तराः, विविधमन्तरं शैलान्तरं कन्दरान्तरं वनान्तरं वाऽऽश्रयरूपं येषां ते व्यन्तराः, विगतं अन्तरं विशेषो मनुष्येभ्यो येषां ते वा व्यन्तराः, मनुष्यानपि चक्रवर्त्तिवासुदेवप्रभृतीन् भृत्यवदुपचरन्ति केचिद्व्यन्तरा इति मनुष्येभ्यो विगतान्तरा इति विग्रहः । चतुर्थदेवभेदानाहासुरेति । कुमारशब्दोऽसुरादिभिः प्रत्येकं योज्यः । एते हि देवाः कान्तदर्शनास्सुकुमारा मृदुमधुरललितगतयश्शृङ्गाराभिजातरूपविक्रियाः कुमारवच्चोद्धतरूपवेषभाषाऽऽभरणप्रहरणावरणपातयानवाहका उल्बणरागाः क्रीडनपराश्चेत्यतः कुमारा उच्यन्ते । भवनपतय इति । भवनानां पतयस्तन्निवासित्वात्स्वामिनो भवनपतयः । नागकुमाराद्यपेक्षया बाहुल्यतो भवननिवासित्वं द्रष्टव्यम् । प्रायो हि ते भवनेषु कदाचिदावासेषु वसन्ति । असुरकुमारास्तु प्राचुर्येणावासेषु कदाचिद्भवनेषु । बहिर्वृत्तान्यन्तस्समचतुरस्राण्यधःकर्णिकासंस्थानानि भवनानि, कायमानस्थानीया महामण्डपा विचित्रमणिरत्नप्रभाभासितसकलदिक्चक्रा आवासा इति, विस्तरस्त्वन्यत्र निभालनीयः ॥

હવે જ્યોતિષ્ક આદિ દેવભેદોને કહે છે-

ભાવાર્થ - ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા, એમ પાંચ (૫) 'જ્યોતિષીદેવો' કહેવાય છે. પિશાચ-ભૂત-યક્ષ-રાક્ષસ-કિન્નર-કિંપુરુષ-મહોરગ-ગંધર્વ એમ દશ પ્રકારના 'વ્યંતરદેવો' કહેવાય છે. અસુરકુમાર-નાગકુમાર-સુવર્ણકુમાર-વિદ્યુત્કુમાર-અગ્નિકુમાર-દ્વીપકુમાર-ઉદધિકુમાર-દિક્કુમાર-પવનકુમાર-સ્તનિતકુમારના ભેદથી દશ પ્રકારના 'ભવનપતિદેવો' કહેવાય છે.

વિવેચન - મેરૂના સમતલ ભૂમિભાગથી (૭૯૦) સાતસોનેવું યોજનપ્રમાણ ઉંચે તારાઓના વિમાનનો પ્રસ્તાર આવે છે ત્યારબાદ દશ (૧૦) જોજન ઉપર સૂર્યવિમાનનો પ્રસ્તાર આવે છે ત્યારબાદ (૮૦) એંશી જોજન ઉપર (ઉંચે) ચંદ્રવિમાનનો પ્રસ્તાર આવે છે. તેના ઉપર (૨૦) વીશ જોજન ચડ્યા બાદ નક્ષત્ર-ગ્રહોના વિમાનનો પ્રસ્તાર આવે છે. આ વિમાનમાં વર્તનારાઓ પણ ચંદ્ર આદિ કહેવાય છે.

○ વળી તેઓ મનુષ્યક્ષેત્રવર્તીઓ અને માનુષોત્તર પર્વત પછી સ્વયંભૂરમણ સમુદ્ર સુધી રહેનારા છે.

○ ત્યાં પહેલાના મનુષ્યક્ષેત્રવર્તી ચંદ્ર આદિ પાંચ જ્યોતિષીઓ મેરૂપર્વતની ચારેય બાજુ પ્રદક્ષિણાગતિરૂપે હંમેશાં ભ્રમણના સ્વભાવવાળા 'ચર' છે. બીજાઓ મનુષ્યલોકની બહારના સૂર્ય વગેરે જ્યોતિષ્ક વિમાનો સ્વભાવથી એક જગ્યાએ કાયમ સ્થિર છે, ગતિમાન નથી; એથી જ ઘંટાની માફક સ્વસ્થાનમાં જ સ્થાયીભાવે રહે છે. 'જ્યોતિષ્કાः' ઈતિ=જગતમાં પ્રકાશ કરે છે, તે જ્યોતિ-પ્રકાશ વિમાનરૂપ દેવલોકો 'જ્યોતિષ્ક' કહેવાય છે. તે વિમાનોમાં થનાર દેવો પણ 'જ્યોતિષ્ક' કહેવાય છે, એમ ભાવ છે.

○ હવે ત્રીજા દેવના ભેદરૂપ વ્યંતરદેવોને કહે છે. 'પિશાચ' ઈતિ=દેવોના પેટાભેદરૂપ તે તે નામકર્મના ઉદયથી જન્ય, આ પિશાચ આદિ ભેદવાળા વ્યંતરો, વ્યંતર શબ્દાર્થ=વિવિધ જાતના અંતર=પર્વતોના, ગુફાઓના અને વનોના આંતરાઓરૂપ આશ્રયોમાં વસે છે, માટે તેઓ 'વ્યંતર' કહેવાય છે; અથવા મનુષ્યોથી અંતર-ભેદ વગરના છે. કેટલાક વ્યંતરો ચક્રવર્તી-વાસુદેવ વગેરે મનુષ્યોની પણ નોકરની માફક સેવા કરે છે, માટે મનુષ્યોથી અંતર વગરના 'વ્યંતરો' કહેવાય છે.

○ ચોથા દેવભેદ રૂપ ભવનપતિ દેવોને કહે છે. અહીં કુમાર શબ્દ, અસુર આદિ દરેક શબ્દોની સાથે જોડવા. જેમ કે-અસુરકુમાર-નાગકુમાર ઈત્યાદિ.

○ આ ભવનપતિ દેવો, ખરેખર, મનોહર દર્શનવાળા મૃદુ-મધુર-લલિત ગતિવાળા, શૃંગારથી થયેલ રૂપ-સૌન્દર્યસંપન્ન કુમારની માફક ઉદ્ધત રૂપ-વેશ-ભાષા-આભરણ-શસ્ત્ર-ઢાલ-પડવું-જવું વગેરે વહન કરનારા (યાન-રથ વગેરે વાહનના વાહક), ઉત્કટ રાગવાળા અને ક્રીડાપરાયણ હોઈ 'કુમાર' કહેવાય છે.

○ 'ભવનપતयः' ઈતિ=ભવનોના પતિઓ ભવનનિવાસી હોવાથી સ્વામીઓ 'ભવનપતિઓ' કહેવાય છે.

○ નાગકુમાર વગેરેની અપેક્ષાએ મોટેભાગે ભવનનિવાસીપણું જાણવું. ખરેખર, પ્રાયः કરીને મોટેભાગે તેઓ ભવનોમાં-કદાચિત્ આવાસોમાં વસે છે. અસુરકુમારો તો મોટેભાગે આવાસોમાં અને કદાચિત્ ભવનોમાં વસે છે.

○ આ ભવનો બહારથી ગોળ, અંદરથી સમચતુરસ્ર (સમચોરસ) અને નીચે તળિયે પુષ્કર(કમલ) કર્ણિકાના જેવા આકારવાળાં છે.

○ આવાસો=કાયમાન(શરીરના બરોબર માપવાળી-તૃણ-કાષ્ઠથી બનાવેલી ઝુંપડી-ઘરની ઉપર કરેલી તૃણ-કાષ્ઠની જોડી)ના સ્થાન બરોબર, મહામંડપ જેવા જાતજાતના મણિ-રત્નોની પ્રભાથી સઘળી દિશાઓના ચક્રને પ્રકાશિત કરનારા 'આવાસો' હોય છે. શબ્દ વિસ્તારરૂપ વિસ્તાર તો બીજા ગ્રંથમાં જોવો.

अथ संयमद्वारमाचष्टे—

संयमद्वारे-सामायिकछेदोपस्थापनीयपरिहारविशुद्धिकसूक्ष्मसम्परायाणां प्रत्येकं संयमस्थानान्यसंख्यातानि । यथाख्यातस्य त्वेकमेव संयमस्थानमिति । ६७ ।

संयमद्वार इति । संयमश्चारित्रं तस्य स्थानानि विशुद्धिप्रकर्षाप्रकर्षकृतभेदाः, ते च प्रत्येकं सर्वाकाशप्रदेशाग्रगुणितसर्वाकाशप्रदेशपरिमाणाः पर्यवोपेता भवन्तीति, तेन चारित्रद्वारादस्य नाभेदशङ्का कार्य्या, संयमस्थानस्यात्र विचार्यमाणत्वात् । असंख्यातानीति, सूक्ष्मसम्परायस्य त्वान्तर्मौहूर्त्तिकान्यसंख्येयानि संयमस्थानानि क्षयोपशमवैचित्र्याद्भवन्ति, तदद्धाया अन्तर्मुहूर्त्तमानत्वात् तत्र प्रतिसमयं संयमविशुद्धिविशेषस्य भावादिति विशेषो बोध्यः । एकमेव संयमस्थानमिति । एकस्मिन्नेव समये कषायाणामुपशमेन क्षयेण वा चरणशुद्धेर्निर्विशेषत्वादिति भावः । अत्र संयमस्थानस्याल्पबहुत्वचिन्तायां संयमस्थानानि सर्वाण्येकविंशतिरसद्भावस्थापनया, तत्र यथाख्यातस्य प्रथममजघन्योत्कृष्टमेकं, ततोऽधस्तनानि चत्वारि तस्मादसंख्येयगुणानि सूक्ष्मसम्परायस्य, ततोऽधस्तनानि चत्वारि विहायाष्टौ पराणि ततोऽसंख्येयगुणानि परिहारविशुद्धिकस्य, त्यक्तानि चत्वारि पूर्वोदितान्यष्टौ ततोऽधस्तनानि चत्वारि चेति षोडशपूर्वेभ्योऽसंख्यातगुणानि सामायिकछेदोपस्थानीययोः, एतानि च द्वयोरपि तुल्यान्येवेति विज्ञेयम् ॥

(१५) संयमद्वार-

ભાવાર્થ - સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિક-સૂક્ષ્મસંપરાય સંયતોના પ્રત્યેક-દરેક દરેકના સંયમસ્થાનો અસંખ્યાત છે. યથાખ્યાત સંયતનું તો એક જ સંયમસ્થાન છે, એમ સમજવું.

વિવેચન - સંયમ એટલે ચારિત્ર, તેના સ્થાનો એટલે વિશુદ્ધિના પ્રકર્ષ અને અપ્રકર્ષ દ્વારા કરેલ ભેદોરૂપ છે.

○ તે સ્થાનરૂપ ભેદો, દરેકે દરેક, સર્વ આકાશપ્રદેશના અગ્રથી ગુણિત સર્વ આકાશપ્રદેશ પરિમાણવાળા પર્યાય સહિત હોય છે, એમ સમજવું. તેથી જ ચારિત્રદ્વારની સાથે આ દ્વારની અભેદની શંકા કરવી નહિ, કેમ કે-અહી સંયમના સ્થાનોનો જ વિચાર છે.

'असंख्यातानि' ઇતિ=સૂક્ષ્મસંપરાયના તો અંતર્મુહૂર્ત્ત સમયના અસંખ્યાત સંયમસ્થાનો ક્ષયોપશમની વિચિત્રતાથી હોય છે, કેમ કે-તે સૂ૦ સં૦ ની અદ્ધા અંતર્મુહૂર્ત્તમાનવાળી છે. ત્યાં સમયે સમયે સંયમની વિશિષ્ટ વિશુદ્ધિ હોય છે, એમ વિશેષ જાણવો.

'એકમેવ સંયમસ્થાનં' ઇતિ=યથાખ્યાતચારિત્રનું એક જ સંયમસ્થાન છે, કેમ કે-એક જ સમયમાં કષાયોના ઉપશમ કે ક્ષયદ્વારા ચારિત્રની શુદ્ધિમાં વિશેષ ભેદ પડતો નથી, એવો ભાવ છે.

૦ અહીં સંયમસ્થાનની અલ્પબહુત્વની વિચારણામાં સઘળા સંયમસ્થાનો અસદ્‌ભાવ સ્થાપના (કલ્પના) વડે એકવીશ (૨૧) છે.

૦ ત્યાં યથાખ્યાતનું પ્રથમ (સંયમસ્થાન) જઘન્યથી નહિ કે ઉત્કૃષ્ટથી નહિ, અર્થાત્ એક છે, તેનાથી નીચે રહેલ ચાર (૪) છે. અર્થાત્ તેનાથી અસંખ્યાતગુણા સૂક્ષ્મસંપરાયના સંયમસ્થાનો છે.

૦ તેનાથી નીચેના ચાર (૪) છોડીને આઠ (૮) છે. અર્થાત્ સૂક્ષ્મ સં૦ ના સંસ્થાન કરતાં પરિહારવિશુદ્ધિકના સંયમસ્થાનો અસંખ્યાતગુણા છે.

૦ છોડેલા ચાર (૪), પૂર્વ કહેલ આઠ (૮) અને તેનાથી નીચેના ચાર (૪), એમ સોલ (૧૬), અર્થાત્ પૂર્વના સંયમસ્થાનો કરતાં અસંખ્યાતગુણા સામાયિક અને છેદોપસ્થાપનીયના સંયમસ્થાનો છે; અને આ સંયમસ્થાનો સામાયિક અને છેદોપસ્થાપનીયમાં પણ સરખાં છે, એમ જાણવું.

सन्निकर्षद्वारमभिधत्ते –

सन्निकर्षद्वारे-सामायिकसंयतस्य चारित्रपर्याया अनन्ताः । एवं यथाख्यातपर्यन्तानां सर्वेषां बोध्याः । सामायिकस्सामायिकान्तराद्धीनस्समानोऽधिकोऽपि स्यात् । हीनाधिकत्वे च षट्स्थानपतिततत्वं स्यात् । एवं छेदोपस्थापनीयपरिहारविशुद्धिकापेक्षयाऽपीत्थमेव भाव्यम् । सूक्ष्मसम्परायिकयथाख्यातापेक्षया त्वनन्तगुणहीनचारित्रपर्यायवान् स्यात् । ६८ ।

सन्निकर्षद्वार इति । चारित्रपर्याया इति, सर्वविरतिरूपपरिणामस्य चारित्रस्य पर्याया भेदास्ते च बुद्धिकृता विषयकृता वा बोध्याः । बोध्या इति, चारित्रपर्याया अनन्ता इत्यनुषज्यते । ननु सामायिकादीनां सर्वेषां चारित्रभेदस्यानन्तत्वाविशेषेण साम्यतापत्त्या स्वस्वसजातीयेभ्यस्स्वविजातीयेभ्यो वा हीनाधिभावोऽस्ति नवेत्याशंकायामाह सामायिक इति । सामायिकान्तरादिति, स्वसजातीयादित्यर्थः । हीन इति, विशुद्धसंयमस्थानसम्बन्धित्वेन विशुद्धतरपर्यायापेक्षयाऽविशुद्धसंयमस्थानसम्बन्धित्वेनविशुद्धतराः प्रर्याया हीनाः, तद्योगात्संयतोऽपि हीन इति भावः । समान इति, सदृशविशुद्धिकपर्याययोगात्समान इत्यर्थः । अधिकोऽपीति, विशुद्धतरपर्याययोगादधिक इत्यर्थः, षट्स्थानपतिततत्वमिति । वस्तूनामनन्तासंख्यातसंख्यातभागैः, संख्याता-

संख्यातानन्तगुणैश्च वृद्धिर्वा हानिर्वा भवति, सर्वविरतिविशुद्धिस्थानादीनां वस्तूनां वृद्धिर्वा हानिर्वा विचिन्त्यमाना षट्स्थानगता प्राप्यते यथा अनन्तभागवृद्धिरसंख्यातभाग वृद्धिः, संख्यातभागवृद्धिः, संख्यातगुणवृद्धिः, असंख्यातगुणवृद्धिः, अनन्तगुणवृद्धिश्च, एवं हानावपीति । स्वविजातीयसंयतापेक्षयाप्येवमेव हीनाधिकत्वं स्यादित्याहैवमिति । इत्थमेवेति, हीनस्समानोऽधिकोऽपि स्यात् हीनाधिकत्वे च षट्स्थानपतितत्वं स्यादित्यर्थः । विजातीयसंयतापेक्षया सामायिकस्य विशेषस्तमधिकृत्याह सूक्ष्मेति । अनन्तगुणेति तथाविधविशुद्धिविरहादिति भावः ॥

(१६) सन्निकर्ष द्वार-

ભાવાર્થ - સામાયિક સંયમના ચારિત્રપર્યાયો અનંતા છે. આ પ્રમાણે યથાખ્યાત સુધીના સઘળા સંયતોના ચારિત્રના પર્યાયો અનંતા સમજવા. સામાયિક સંયત, બીજા સામાયિક સંયતની (ચારિત્રની અપેક્ષાએ) હીન અથવા સરખો કે અધિક પણ હોય છે. વળી હીન-અધિકપણામાં ષટ્ (છ) સ્થાનમાં પતિતપણું થાય છે. એ પ્રમાણે છેદોપસ્થાપનીય પરિહારવિશુદ્ધિકની અપેક્ષાએ આ જ પ્રમાણે વિચારવાનું છે.

સૂક્ષ્મસંપરાયિક, યથાખ્યાતની અપેક્ષાએ તો અનંતગુણહીન ચારિત્રપર્યાયવાળો સામાયિક સંયત હોય છે.

વિવેચન - સર્વવિરતિ પરિણામરૂપ ચારિત્રના પર્યાયો, ભેદો છે; અને તે પર્યાયો બુદ્ધિ દ્વારા કરેલા કે વિષય દ્વારા કરેલા અનંતા સમજવા.

શંકા - સઘળા સામાયિક આદિ સંયતોના ચારિત્રભેદના અનંતપણામાં વિશેષ નહિ હોવાથી સામ્યતાની પ્રાપ્તિ થવાથી પોતપોતાના સજાતીય કરતાં કે વિજાતીયો કરતા હીન કે અધિક ભાવ છે કે નહિ ?

સમાધાન - 'સામાયિકાન્તરાદ્' ઇતિ=અર્થાત્ સ્વજાતીય કરતાં, એવો અર્થ છે.

'હીન' ઇતિ=અર્થાત્ વિશુદ્ધ સંયમસ્થાન સંબંધી હોઈ વિશુદ્ધતર પર્યાયની અપેક્ષાએ વિશુદ્ધ પર્યાયો અને અવિશુદ્ધતર પર્યાયની અપેક્ષાએ અવિશુદ્ધ સંયમસ્થાન સંબંધી હોઈ, અવિશુદ્ધતર પર્યાયો 'હીન' કહેવાય છે. તેના યોગે કરી સંયમ પણ 'હીન' કહેવાય છે.

'સમાન' ઇતિ=સમાન વિશુદ્ધિવાળા પર્યાયના યોગથી 'સમાન' છે, એવો અર્થ સમજવો.

'અધિકોઽપિ' ઇતિ=વિશુદ્ધતર પર્યાયના યોગથી 'અધિક' છે, એવો અર્થ જાણવો.

'ષટ્સ્થાન પતિત્વં' ઇતિ=વસ્તુઓની અનંત-અસંખ્યાત-સંખ્યાત ભાગોથી અને સંખ્યાત-અસંખ્યાત-અનંતગુણોથી વૃદ્ધિ અને હાનિ થાય છે. સર્વવિરતિના વિશુદ્ધિના સ્થાન આદિની કે વસ્તુઓની આદિ કે હાનિ વિચારાતી છ (૬) સ્થાનમાં પ્રાપ્ત થાય છે. જેમ કે-૧-અનંતભાગવૃદ્ધિ, ૨-અસંખ્યાતભાગવૃદ્ધિ, ૩-સંખ્યાતભાગવૃદ્ધિ, ૪-સંખ્યાતગુણવૃદ્ધિ, ૫-અસંખ્યાતગુણવૃદ્ધિ અને ૬-અનંતગુણવૃદ્ધિ, એ પ્રમાણે હાનિમાં પણ સમજવાનું છે.

○ પોતાનાથી વિજાતીય સંયતની અપેક્ષાએ પણ આ પ્રમાણે જ હીન-અધિકપણું હોય છે.

'ઇત્થમેવ' ઇતિ=અર્થાત્ હીન-સમાન-અધિક પણ હોય છે; અને હીન-અધિકપણામાં ષટ્(છ) સ્થાન પતિતપણું સમજવું.

○ વિજાતીય જે સંયત છે, તેની અપેક્ષાએ જે સામાયિકમાં વિશેષ છે તેને અનુલક્ષીને કહે છે કે- સૂક્ષ્મસંપરાયિક, યથાખ્યાતની અપેક્ષાએ તો અનંતગુણે હીન ચારિત્રપર્યાયવાળો સામાયિક સંયત હોય છે.

छेदोपस्थापनीय आद्यत्रयचारित्र्यपेक्षया सामायिकवत्स्यात् । अन्त्यद्वयापेक्षयाऽपि तथैव । एवमेव परिहारविशुद्धिकोऽपि । सूक्ष्मसम्पराय आद्यत्रयापेक्षयानन्तगुणाधिक एव । सूक्ष्मसम्परायान्तरापेक्षया तुल्योऽनन्तगुणेन हीनोऽधिकोऽपि स्यात् । यथाख्याता-पेक्षयाऽनन्तगुणहीनः । यथाख्यातस्तु विजातीयसंयतापेक्षयाऽनन्तगुणेनाधिक एव, सजातीयापेक्षया तु तुल्य एवेति । ६९ ।

आद्यत्रयचारित्र्यपेक्षयेति-सामायिकछेदोपस्थापनीयपरिहारविशुद्धिकरूपसजातीय-विजातीयसंयतापेक्षयेत्यर्थः । सामायिकवदिति, हीनाधिकसमत्वानि भवेयुर्हीनाधिकत्वे तु षट्स्थानपतितत्वञ्च भवेदिति भावः । अन्त्यद्वयापेक्षयापि तथैवेति, सूक्ष्मसम्परायययथाख्यात-रूपविजातीयसंयतापेक्षयाऽनन्तगुणहीनचारित्रपर्यायवानित्यर्थः । परिहारविशुद्धिकोऽपि सामा-यिकतुल्य एवेत्याह एवमेवेति । अनन्तगुणाधिक एवेति । सामायिकछेदोपस्थापनीयपरिहार-विशुद्धिकानां तथाविधविशुद्धपर्यायाभावेनाऽयमनन्तगुणाधिक एव, न हीनो न वा समान इति भावः । सजातीयसंयतान्तरापेक्षया तु हीनाधिकतुल्यतास्युरेवेत्याह-सूक्ष्मेति । यथाख्याता-पेक्षया तु कथमित्यत्राह-यथाख्यातेति । अनन्तगुणहीन इति, अनन्तगुणेन हीन एवेत्यर्थः समत्वे वाऽयमपि यथाख्यात एव स्यादिति भावः । यथाख्यातोऽपि विजातीयचारित्र्यपेक्षयाऽधिक एवान्यथा स्वरूपहान्यापत्तेः, सजातीयान्तरापेक्षया तुल्य एव, परस्परं तारतम्याभावादित्याशयेनाह यथाख्यातस्त्विति । अल्पबहुत्वचिन्तायान्तु सामायिकछेदोपस्थापनीययोर्जघन्याश्चारित्रपर्यायाः परस्परं तुल्यास्सर्वेभ्यस्स्तोकाश्च । परिहारविशुद्धिकसंयतस्य जघन्याश्चारित्रपर्याया अनन्तगुणा-स्तस्यैवोत्कर्षकाश्चारित्रपर्याया अनन्तगुणाः, सामायिकछेदोपस्थापनीययोश्चैतयोरुत्कर्षकाश्चारित्र-पर्याया द्वयोरपि तुल्याः परिहारतस्त्वनन्तगुणाः, सूक्ष्मसम्परायस्य जघन्यकाश्चारित्रपर्याया अनन्त-गुणास्तस्यैव चोत्कर्षकाश्चारित्रपर्याया अनन्तगुणाः, यथाख्यातसंयतस्याजघन्योत्कृष्टकाश्चारित्र-पर्याया अनन्तगुणा इति ॥

छेदोपस्थापनीय संयत-

भावार्थ - छेदोपस्थापनीय संयत पहेलाना त्रण चारित्रनी अपेक्षाओ सामायिकनी माफक होय छे, छेल्ला बे चारित्रनी अपेक्षाओ पण ते प्रमाणे ज छे. ओ प्रमाणे ज परिहारविशुद्धिक संयत पण जाणवो. सूक्ष्मसंपराय संयत पहेलाना त्रणनी अपेक्षाओ अनंतगुणा अधिक ज छे. बीजा सूक्ष्मसंपराय संयतनी अपेक्षाओ तुल्य-समान, अनंतगुणा हीन-अधिक पण होय छे. यथाख्यात संयतनी अपेक्षाओ अनंतगुणा हीन होय छे. यथाख्यात संयत तो विजातीय संयतनी अपेक्षाओ तो तुल्य-समान ज समजवा. ईति.

विवेचन - त्रण चारित्रनी अपेक्षाओ=सामायिक-छेदोपस्थापनीय-परिहारविशुद्धिक रूप सजातीय-विजातीय संयतनी अपेक्षाओ.

'सामायिक वत्' ईति=सामायिकनी माफक हीनपणुं-अधिकपणुं-समानपणुं होय छे. हीन-अधिकपणामां तो षट् (छ) स्थान पतितपणुं होय छे, एम भाव समजवो.

'अन्त्यद्वयापेक्षयाऽपि तथैव' ईति=सूक्ष्मसंपराय-यथाख्यातरूप विजातीय संयतनी अपेक्षाओ अनंतगुणाहीन चारित्रपर्यायवाळो छे, एम समजवुं.

○ परिहारविशुद्धिक पण सामायिकना सरखो ज छे. माटे कहे छे के-'एवमेव' ईति.

'अनंतगुणाधिक एव' ईति=सामायिक-छेदोपस्थापनीय-परिहारविशुद्धिकोमां तथाविध विशुद्ध पर्यायनो अभाव होवाथी आ सूक्ष्मसंपराय संयत अनंतगुणो अधिक ज छे, हीन नथी के समान नथी, एवो भाव छे.

○ बीजा सजातीय संयतनी अपेक्षाओ तो हीनता-अधिकता-समानता होय छे ज. माटे कहे छे के-'सूक्ष्म' ईति.

सूक्ष्मसंपराय यथाख्यातनी अपेक्षाओ अनंतगुणा हीन ज छे. अथवा तुल्यतामां आ सूक्ष्मसंपराय पण यथाख्यात ज थाय छे, एटलो भाव जाणवो.

○ यथाख्यात पण विजातीय संयतनी अपेक्षाओ अधिक ज छे. जो एम मानवामां न आवे, तो (अन्यथा) स्वरूपनी हानिनी आपत्ति आवी जाय छे.

○ बीजा सजातीयनी अपेक्षाओ समान ज छे, केम के-परस्पर तरतमतानो अभाव छे.

○ अल्पबहुत्वनी विचारणामां तो सामायिक-छेदोपस्थापनीयना जघन्य चारित्रपर्यायो परस्पर समान अने सर्वथी थोडा छे.

○ परिहारविशुद्धिक संयतना जघन्य चारित्रपर्यायो अनंतगुणा छे. तेना ज उत्कृष्ट चारित्रपर्यायो अनंतगुणा छे.

○ आ सामायिक-छेदोपस्थापनीय रूप बंनेना उत्कृष्ट चारित्रपर्यायो तुल्य छे, परिहार करतां अनंतगुणा छे. सूक्ष्मसंपरायना जघन्य चारित्रपर्यायो अनंतगुणा छे अने तेना ज उत्कृष्ट चारित्रपर्यायो अनंतगुणा छे. यथाख्यात संयतना जघन्य नहि अने उत्कृष्ट नहि, एवा चारित्रपर्यायो अनंतगुणा छे. ईति.

योगद्वारमाह-

योगद्वारे-आद्याश्चत्वारस्संयता योगत्रयवन्तः । यथाख्यातस्तु सयोगी अयोगी चेति ।७०।

योगद्वार इति । योगत्रयवन्त इति, मनोवाक्कायरूपयोगत्रयवन्तो न त्वयोगिन इत्यर्थः । सयोगीति, एकादशद्वादशत्रयोदशगुणस्थानान्तर्भावेण योगत्रयवानित्यर्थः । अयोगीति चतुर्दशगुणस्थानान्तर्भावेण योगत्रयाभाववानित्यर्थः ॥

(१७) योगद्वार-

ભાવાર્થ - પહેલાના ચાર (૪) સાધુઓ ત્રણ યોગવાળા હોય છે. યથાખ્યાત સંયત તો સયોગી અને અયોગી-એમ બે પ્રકારે છે.

વિવેચન - 'योगत्रयवन्तः ઇતિ=અર્થાત્ મન-વચન-કાયરૂપ ત્રણ યોગવાળાઓ, પરંતુ અયોગી નથી એવો અર્થ સમજવો.

'સયોગી' ઇતિ=અગિયાર (૧૧)મા-બાર(૧૨)મા-તેર(૧૩)મા ગુણસ્થાનમાં અન્તર્ભાવ હોવાથી સયોગી પણ યોગવાળો, એમ અર્થ છે. 'અયોગી' ઇતિ=ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં અન્તર્ભાવ હોઈ અયોગી-ત્રણ યોગના અભાવવાળા હોય છે, એવો અર્થ છે.

उपयोगद्वारमाख्याति—

उपयोगद्वारे-आद्यास्त्रयो यताख्याताश्च साकारनिराकारोपयोगवन्तः स्युः सूक्ष्मसम्परायस्तु साकारोपयोग्येवेति । ७१ ।

उपयोगद्वार इति । उपयुज्यते वस्तुपरिच्छेदं प्रति व्यापार्यते जीव एभिरित्युपयोगा बोधरूपा जीवस्य स्वतत्त्वभूता व्यापारः, ते च द्विधा-साकारा अनाकाराश्च, तत्राकारः, प्रतिवस्तु प्रतिनियतो ग्रहणपरिणामरूपो विशेषः, सहाकारेण वर्त्तन्त इति साकारः, सामान्यविशेषात्मके वस्तुनि विशेषांशग्राहिण इत्यर्थः । तद्विपरीतास्त्वनाकाराः सामान्यांशग्राहिण इत्यर्थः । आद्या इति । सामायिकछेदोपस्थापनीयपरिहारविशुद्धिका यथाख्याताश्च साकारोपयोगवन्तो निराकारोपयोगवन्तश्च । साकारोपयोग्येवेति, नाऽनाकरोपयोगयुक्तस्तस्य तथास्वभावत्वादिति भावः ॥

(१८) उपयोगद्वार-

ભાવાર્થ - પહેલાના ત્રણ સંયતો અને યથાખ્યાત સંયતો, સાકાર (જ્ઞાન) નિરાકાર (દર્શન)રૂપ ઉપયોગવાળા હોય છે. સૂક્ષ્મસંપરાય સંયત તો સાકાર (જ્ઞાન) ઉપયોગવાળો જ હોય છે. ઇતિ.

વિવેચન - ઉપયોગ=જેવો વડે વસ્તુપરિચ્છેદ પ્રત્યે જીવ વ્યાપારવાળો બનાવાય છે, તે 'ઉપયોગો.' અર્થાત્ બોધરૂપ જીવના સ્વભાવભૂત વ્યાપારો 'ઉપયોગા. કહેવાય છે. તે વ્યાપારો સાકાર અને અનાકાર

રૂપે બે પ્રકારના છે. ત્યાં આકાર એટલે પ્રત્યેક વસ્તુમાં પ્રતિનિયત (વ્યાપક) ગ્રહણપરિણામરૂપ વિશેષ આકાર સાથે વર્તનારા ઉપયોગો સાકાર ઉપયોગો=સામાન્ય વિશેષ આત્મક વસ્તુમાં વિશેષરૂપ અંશને ગ્રહણ કરનારા ઉપયોગો, તેનાથી વિપરીતો ઉપયોગો=અનાકારરૂપ, સામાન્યરૂપ અંશને ગ્રહણ કરનારા ઉપયોગો.

○ 'आद्या' ઇતિ=સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિકો અને યથાખ્યાતો સાકાર ઉપયોગવાળો નથી, કેમ કે-તે સૂક્ષ્મસંપરાય સંયતનો તથાસ્વભાવ છે.

कषायद्वारं वक्ति —

कषायद्वारे-सामायिकस्सकषाय एव । छेदोपस्थापनीयोऽप्येवम् । परन्तु श्रेणिगतयोस्तु प्रथमं चत्वारः कषायाः, ततः क्रोधादिषु क्रमेण प्रथमादीन् विहाय त्रयो द्वावेको वा स्यात् । परिहारविशुद्धिकस्तु सकषाय एव श्रेणिप्राप्त्यभावात् । सूक्ष्मसम्परायस्संज्वलनलोभकषायवान् यथाख्यातस्त्वकषायीति । ७२ ।

कषायद्वार इति । सकषाय एवेति एवशब्देनाकषायत्वव्यवच्छेदः । तथात्वेऽपि यो विशेषस्तमाह परन्त्विति । श्रेणिगतयोरिति । उपशमश्रेणिं वा क्षपकश्रेणिं वा प्रविष्टयोस्सामायिकछेदोपस्थापनीययोरित्यर्थः । प्रथममिति, श्रेणिप्रतिपत्तिपूर्वमित्यर्थः । चत्वार इति, संज्वलनक्रोधमानमायालोभरूपा इत्यर्थः, तत इति, श्रेणिना संज्वलनक्रोधादिके उपशान्ते क्षीणे वेत्यर्थः । क्रमेणेति, क्रोधं विहाय त्रयः, क्रोधमानौ विहाय द्वौ, क्रोधमानमाया हित्वैको वा स्यादित्यर्थः । सकषाय एवेति । संज्वलनक्रोधमानमायालोभलक्षणचतुःकषायवानेव, न तु तस्य त्रयो द्वावेको वा कषायो भवेदित्यर्थः । किमयमेवमेव भवेदित्यत्राह श्रेणीति, उपशमक्षपकान्यतरश्रेणिप्राप्त्यभावात्, तथास्वभावत्वादिति भावः । यथाख्यातस्त्विति । उपशान्तकषायवान् क्षीणकषायवान्वा स्यादिति भावः ॥

(१८) कषायद्वार-

भावार्थ - सामायिक संयत कषायवाળો જ છે, છેદોપસ્થાપનીય સંયત પણ એ પ્રમાણે છે પરંતુ શ્રેણિને પામનાર તે બંનેને શ્રેણિના સ્વીકાર પહેલાં સંજ્વલનના ક્રોધ આદિ ચાર કષાયો હોય છે ત્યારબાદ ક્રોધ આદિમાંથી ક્રમથી પ્રથમ આદિને છોડીને ત્રણ (૩), બે (૨) કે એક કષાય હોય છે. પરિહારવિશુદ્ધિક તો સકષાય જ હોય છે, કેમ કે-શ્રેણિની પ્રાપ્તિનો અભાવ છે. સૂક્ષ્મસંપરાય સંયત તો સંજ્વલન લોભરૂપ કષાયવાળો હોય છે, યથાખ્યાત સંયત તો કષાય વગરનો હોય છે. ઇતિ.

विवेचन - 'सकषाय एव' ઇતિ=અહીં એવકારથી અકષાયપણાનો વ્યવચ્છેદ સમજવો. અકષાયપણું હોવા છતાં જે વિશેષ છે તેને કહે છે. ઉપશમશ્રેણિમાં કે ક્ષપકશ્રેણિમાં પ્રવેશ કરેલ સામાયિક-

છેદોપસ્થાપનીયમાં શ્રેણિના સ્વીકાર પહેલાં જે ચાર (૪) સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભરૂપ કષાયો હતાં, તેમાંથી શ્રેણિદ્વારા સંજ્વલન ક્રોધ વગેરે ઉપશાન્ત કે ક્ષીણ થયે છતે ક્રમથી ક્રોધને છોડી ત્રણ (૩), ક્રોધ અને માનને છોડી બે (૨), અથવા ક્રોધ-માન-માયાને છોડી એક (લોભકષાય) હોય છે.

○ પરિહારવિશુદ્ધિક સંયત તો સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભરૂપ ચાર કષાયોવાળા જ છે, પરંતુ તેને ત્રણ (૩), બે (૨) કે એક (૧) કષાયો હોતા નથી, કેમ કે- 'તે પરિહારવિશુદ્ધિકમાં ઉપશમ કે ક્ષપકરૂપ શ્રેણિની પ્રાપ્તિનો અભાવ છે, કેમ કે-તે પ્રકારનો જ સ્વભાવ છે.

○ યથાખ્યાત સંયત તો અકષાયી એટલે ઉપશાન્ત કષાયવાળો કે ક્ષીણકષાયવાળો હોય છે.

लेश्याद्वारमभिधत्ते —

लेश्याद्वारे-सामायिकछेदोपस्थापनीयौ षड्विधलेश्यावन्तौ । परिहारविशुद्धिकः शुभलेश्यात्रयवान् । सूक्ष्मसम्परायश्शुक्लमात्रलेश्यावान् । यथाख्यातस्तु परमशुक्ललेश्यावान्, चतुर्दशगुणस्थाने तु लेश्यारहित इति । ७३ ।

लेश्याद्वार इति । कृष्णादिद्रव्यसाचिव्यप्रयुक्तजीवपरिणामविशेषो लेश्या । योगनिमित्तेयं, तेन सहान्वयव्यतिरेकानुविधानात् । तत्रापि योगघटकद्रव्यरूपा, न तु योगनिमित्त-कर्मद्रव्यरूपा, योगनिमित्तकर्मणो घात्यघात्यन्यतरात्मकत्वात्, तत्र च घातिस्वरूपत्वे यथाख्याते सयोगिनि परमशुक्ललेश्याया असत्त्वप्रसङ्गः, अघातिस्वरूपत्वे तु चतुर्दशगुण-स्थानस्थे यथाख्याते लेश्यायाः सत्त्वप्रसङ्गश्च स्यात् । अयोगिनो योगपरिणामाभावे लेश्यापरिणामाभावाद्योगपरिणाम एव लेश्या, योगघटकत्वेन चास्याः कषायाणामुदयोप-बृंहकत्वमनुभागहेतुत्वञ्च, इयं भावलेश्या, द्रव्यलेश्या तु कृष्णादिद्रव्यात्मिका, सा च कृष्ण-नीलकापोततेजःपद्मशुक्लभेदात् षोढा । कृष्णद्रव्यसम्बन्धप्रयुक्ताविशुद्धपरिणामः कृष्णलेश्या, एवं नीलनीललोहितलोहितपीतशुक्लद्रव्यप्रयुक्तत्वं नीलादिलेश्यानां भाव्यम् । कृष्ण-नीलकापोताअशुभाश्शेषाश्शुभाः । षड्विधलेश्यावन्ताविति, सकषायमेवाश्रित्येदम् । शुभलेश्यात्रयवानिति, तेजःपद्मशुक्ललेश्यावानिति भावः । भावलेश्यापेक्षया प्रशस्ता एते । परमशुक्ललेश्यावानिति, अतिविशुद्धपरिणामत्वात् शुक्लध्यानस्य तृतीयो भेदस्तत्रोपयोगिनी, परमशुक्ललेश्येत्युच्यते, एकादशद्वादशगुणस्थानस्थयोः केवलं शुक्ला । चतुर्दशे तु नास्ति लेश्येत्याह-चतुर्दशेति । योगाभावादिति भावः ॥

१. पूर्वप्रतिपन्नस्तु सर्वास्वपि कथञ्चिद्भवति, तत्रापि नात्यन्तसंक्लिष्टासु वर्त्तते, तथा भूतासु वर्त्तमानो न प्रभूतं कालमवतिष्ठते, किन्तु स्तोकम्, तत्र प्रवृत्तिस्तु कर्मवशादिति ॥

(२०) લેશ્યાદ્વાર-

ભાવાર્થ - સામાયિક-છેદોપસ્થાપનીય સંયતો છ (૬) પ્રકારની લેશ્યાવાળા છે, પરિહારવિશુદ્ધિક સંયત ત્રણ (૩) શુભ લેશ્યાવાળો છે, સૂક્ષ્મસંપરાય સંયત માત્ર (કેવલ) શુક્લલેશ્યાવાળો છે, યથાખ્યાત સંયત તો પરમ શુક્લલેશ્યાવાળો છે અને ચૌદ (૧૪)મા ગુણસ્થાનમાં તો યથાખ્યાત સંયત લેશ્યા વગરનો છે. ઇતિ.

વિવેચન - કૃષ્ણ-નીલ વગેરે દ્રવ્યોના સાન્નિધ્યથી જન્ય જીવનો વિશિષ્ટ પરિણામ-અધ્યવસાય 'લેશ્યા' કહેવાય છે.

○ આ લેશ્યા યોગના નિમિત્તથી જન્ય છે, કેમ કે-યોગની સાથે લેશ્યાનું અન્વય-વ્યતિરેકનું અનુવિધાન છે. (યોગ હોવે છતે લેશ્યા છે, એમ અન્વય અને યોગના અભાવમાં લેશ્યાનો અભાવ છે, એમ વ્યતિરેકનું અનુવિધાન છે.) ત્યાં પણ યોગવૃત્તિ દ્રવ્યરૂપ છે, પરંતુ યોગમાં નિમિત્ત કર્મદ્રવ્યસ્વરૂપ લેશ્યા નથી, કેમ કે-યોગ નિમિત્ત કર્મો ઘાતી કે અઘાતીરૂપ છે. વળી ત્યાં જો ઘાતીસ્વરૂપ લેશ્યા માનવામાં આવે, તો સયોગી (કેવલી) યથાખ્યાત સંયતમાં પરમ શુક્લલેશ્યાનો અભાવનો પ્રસંગ આવી જાય ! જો અઘાતીકર્મસ્વરૂપ લેશ્યા માનવામાં આવે, તો ચૌદ(૧૪)મા ગુણસ્થાનકવર્તી યથાખ્યાત સંયતમાં લેશ્યાની વિદ્યમાનતાનો પ્રસંગ આવી જાય ! અર્થાત્ અયોગીમાં યોગજન્ય પરિણામનો અભાવ હોવાથી લેશ્યારૂપ પરિણામનો અભાવ છે, માટે યોગજન્ય પરિણામ જ 'લેશ્યા' કહેવાય છે.

○ વળી યોગમાં વૃત્તિ હોઈ, આ લેશ્યાનું કષાયોના ઉદયમાં ઉપબૃંહક-ઉત્તેજકપણું છે અને અનુભાગ-રસમાં હેતુપણું છે. આ 'ભાવલેશ્યા' સમજવી.

○ દ્રવ્યલેશ્યા તો કૃષ્ણ વગેરે દ્રવ્યરૂપ છે અને તે કૃષ્ણ-નીલ-કાપોત-તેજઃ-પદ્મ-શુક્લના ભેદથી (૬) છ પ્રકારની છે.

○ કૃષ્ણદ્રવ્યના સંબંધથી જન્ય અવિશુદ્ધ પરિણામ 'કૃષ્ણલેશ્યા' કહેવાય છે. એ પ્રમાણે નીલદ્રવ્યથી જન્ય નીલલેશ્યા, નીલલોહિતદ્રવ્યજન્ય કાપોતલેશ્યા, લોહિતદ્રવ્યજન્ય તેજોલેશ્યા, પીતદ્રવ્યજન્ય પદ્મલેશ્યા, શુક્લદ્રવ્યજન્ય શુક્લલેશ્યા, એમ છ દ્રવ્યલેશ્યાઓ વિચારવી.

કૃષ્ણ-નીલ-કાપોતલેશ્યાઓ અશુભ છે. તેજઃ-પદ્મ-શુક્લલેશ્યાઓ શુભ છે.

○ સામાયિક-છેદોપસ્થાપનીય સંયતો છ (૬) પ્રકારની લેશ્યાવાળાઓ છે. અહીં સકષાયની અપેક્ષાએ આ કથન છે.

○ પરિહારવિશુદ્ધિક-તેજઃ-પદ્મ-શુક્લરૂપ શુભ ત્રણ (૩) લેશ્યાવાળો છે.

[પૂર્વપ્રતિપન્ન પરિહારવિશુદ્ધિક તો સઘળી લેશ્યાઓમાં પણ કથંચિત્ (અપેક્ષાએ) હોય છે. ત્યાં પણ અત્યંત સંક્લિષ્ટ (નીચ) લેશ્યાઓમાં વર્તતો નથી, તથા ભૂત (અશુભ) લેશ્યાઓમાં વર્તતો ઘણા કાળ સુધી રહેતો નથી પણ થોડા કાળ સુધી રહે છે. ત્યાં પ્રવૃત્તિ તો કર્મના વશે કરીને થાય છે.]

○ આ બધી સંયતો લેશ્યાની અપેક્ષાએ પ્રશસ્ત-શુભ છે. યથાખ્યાત સં૦ માં અતિ વિશુદ્ધ પરિણામ હોવાથી શુક્લધ્યાનનો જે ત્રીજો ભેદ છે તેમાં આ લેશ્યા ઉપયોગી છે, માટે આ લેશ્યા 'પરમ શુક્લલેશ્યા' તરીકે કહેવાય છે.

અગિયાર(૧૧)મા અને બાર(૧૨)મા ગુણસ્થાનવર્તીઓમાં કેવલ શુકલલેશ્યા હોય છે, ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં તો લેશ્યા હોતી નથી.

ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં તો યથાખ્યાત સંયત લેશ્યા વગરનો છે, કેમ કે-યોગનો અભાવ છે.

परिणामद्वारमाह—

परिणामद्वारे-सामायिकच्छेदोपस्थापनीयपरिहारविशुद्धिका वर्द्धमानहीयमानस्थिरपरिणामवन्तः । सूक्ष्मसम्परायः श्रेण्यां वर्धमानो हीयमानश्च स्यान्न स्थिरपरिणामवान् । तत्कालस्तु जघन्यतस्समय एक उत्कृष्टतोऽन्तर्मुहूर्त्तपरिमाणः । एवमाद्यानां कालो ज्ञेयः । यथाख्यातस्तु न हीयमानपरिणामवान् । वर्धमानपरिणामकालस्तु जघन्यत उत्कृष्टतश्चान्तर्मुहूर्त्तमानमिति । स्थितिस्तु जघन्येनैकस्समयः । उत्कृष्टतस्त्रयोदशगुणस्थानस्थस्य किञ्चिदूनपूर्वकोटिपर्यन्ता बोध्येति । ७४ ।

परिणामद्वार इति । त्रिविधः परिणामश्शुद्धेर्वर्धमानहीयमानस्थिरभेदात् । शुद्धेरुत्कर्षप्राप्तिर्वर्धमानपरिणामः, अपकर्षप्राप्तिर्हीयमानपरिणामः, अवस्थानञ्च स्थिरपरिणामः । त्रिविधोऽप्ययं परिणामस्सामायिकछेदोपस्थापनीयपरिहारविशुद्धिकानां भवतीत्याह सामायिकेति । न स्थिरपरिणामवानिति, गुणस्थानकस्वभावादिति भावः । ननु सूक्ष्मसम्परायसंयतस्य वर्धमानहीयमानपरिणामौ कियत्कालं भवत इत्यत्राह तत्कालस्त्विति, वर्धमानो हीयमानश्च काल इत्यर्थः । जघन्यत इति । तावेकसमयवर्त्तिनावित्यर्थः । प्रतिपत्तिसमयानन्तरमेव मरणसम्भवादिति भावः । सिंहावलोकनन्यायेन सामायिकादित्रयाणां परिणामकालमाहाऽऽद्यानामिति । काल इति, वर्धमानकालो हीयमानकालोऽवस्थितकालो वेति भावः । तत्र वर्धमानपरिणामकाले बाधिते कषायेणैकसमयमनुभवनाज्जघन्येनैकस्समयः, वर्धमानपरिणामस्यान्तर्मुहूर्तकालावस्थानस्वभावत्वादुत्कर्षेणान्तर्मुहूर्त्तः । एवमेव हीयमानावस्थितपरिणामौ बोध्यौ । यथाख्यातस्य वर्धमानावस्थितपरिणामावेवेत्याह यथाख्यातस्त्विति । प्रत्येकं कालमानमाह वर्धमानेति । यः केवलज्ञानमुत्पादयिष्यति यश्च शैलेशीं प्रतिपन्नस्तस्यैवं बोध्यः, तदुत्तरकालं तद्व्यवच्छेदात् । एकस्समय इति, उपशमाद्धायाः प्रथमसमयानन्तरमेव मरणादिति भावः । किञ्चिदूनेति, नववर्षोनेत्यर्थः । पूर्वकोट्यायुषः पुरुषस्य जन्मतो जघन्येन नवसु वर्षेषु गतेषु केवलज्ञानमुत्पद्यते, ततोऽसौ तदूनां पूर्वकोटीमवस्थितपरिणामश्शैलेशीं यावद्विहरति शैलेश्याश्च वर्द्धमानपरिणामः स्यात्, अतो देशोनेत्युक्तमिति भावः ॥

(२१) परिणामद्वार-

ભાવાર્થ - સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિકો, વર્ધમાન-હીયમાન અને સ્થિરપરિણામ-વાળાઓ છે. સૂક્ષ્મસંપરાય સંયત શ્રેણિમાં વર્ધમાન અને હીયમાન પરિણામવાળો છે, સ્થિરપરિણામવાળો નથી. તેનો કાળ તો જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત પરિણામવાળો છે. આ પ્રમાણે પહેલાના સામાયિક આદિ ત્રણનો પરિણામકાળ જાણવો. યથાખ્યાત સંયત તો હીયમાનપરિણામવાળો નથી. વર્ધમાન પરિણામકાળ તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્તના માનવાળો છે. સ્થિતિ તો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી તેરમા ગુણસ્થાનવર્તીની, કાંઈક ન્યૂન પૂર્વકોડ વર્ષો સુધીની જાણવી. ઇતિ.

વિવેચન - શુદ્ધિનો પરિણામ વર્ધમાન-હીયમાન-સ્થિરના ભેદથી ત્રણ પ્રકારનો છે. વર્ધમાનપરિણામ એટલે શુદ્ધિના ઉત્કર્ષની પ્રાપ્તિ, હીયમાનપરિણામ એટલે શુદ્ધિના અપકર્ષની પ્રાપ્તિ અને સ્થિરપરિણામ એટલે શુદ્ધિનું સ્થિર રહેવું. ત્રણ પ્રકારનો પણ આ પરિણામ, સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિકોને હોય છે.

○ ગુણસ્થાનકના સ્વભાવથી સૂક્ષ્મસંપરાયી, શ્રેણિમાં ચડતો અને ઘટતો છે, પરંતુ સ્થિરપરિણામી નથી.

શંકા - સૂક્ષ્મસંપરાય સંયતમાં વર્ધમાન અને હીયમાનરૂપ બે પરિણામો કેટલા કાળ સુધી રહે છે ?

સમાધાન - આના જવાબમાં કહે છે કે-જઘન્યની અપેક્ષાએ તે વર્ધમાન અને હીયમાન એક સમયવર્તી છે, કેમ કે-સૂક્ષ્મસંપરાયના સ્વીકારના સમય પછી તરત જ મરણનો સંભવ છે, એવો ભાવ છે.

સિંહ અવલોકન ન્યાયથી સામાયિક આદિ ત્રણ સંયતોના પરિણામના કાળને કહે છે કે-વર્ધમાનકાળ, હીયમાનકાળ કે અવસ્થિત(સ્થિર)કાળ જાણવો. ત્યાં વર્ધમાનપરિણામનો કાળ કષાયથી બાધિત થયે છતે એક સમય સુધીનો અનુભવ હોવાથી, જઘન્યથી એક સમય વર્ધમાનપરિણામ અંતર્મુહૂર્ત્તકાળ સુધી રહેવાનો સ્વભાવ હોવાથી ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત છે. એ પ્રમાણે જ હીયમાન અને અવસ્થિત પરિણામ જાણવા.

○ યથાખ્યાત સંયતમાં વર્ધમાન અને અવસ્થિત પરિણામ જ હોય છે.

વર્ધમાનપરિણામના કાળના માનને કહે છે કે-વર્ધમાનપરિણામનો કાળ તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત છે, કેમ કે-જે કેવલજ્ઞાનને પેદા કરશે અને જે શૈલેશીને પામેલો છે, તેનો જ આ પ્રમાણેનો કાળ જાણવો. તેના પછી તે વર્ધમાનપરિણામનો વ્યવચ્છેદ છે.

વ૦૫૦ની જઘન્ય સ્થિતિ એક સમય છે, કેમ કે-ઉપશમ અદ્ધામાંથી પ્રથમ સમય પછી તરત જ મરણ હોય છે.

○ પૂર્વકોડ વર્ષોના આયુષ્યવાળા પુરુષને જન્મથી જઘન્યથી નવ (૯) વર્ષો ગયા પછી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યારબાદ આ નવ વર્ષ ન્યૂન ક્રોડપૂર્વ વર્ષો સુધી અવસ્થિત (સ્થિર) પરિણામવાળો શૈલેશી સુધી વિચરે છે અને શૈલેશીમાં વર્ધમાનપરિણામવાળો થાય છે.

बन्धद्वारमाचष्टे—

बन्धद्वारे-सामायिकादयस्त्रयोऽष्टौ कर्मप्रकृतीरायुर्वर्जसप्तकर्मप्रकृतीर्वा बध्नन्ति । सूक्ष्मसम्परायो मोहनीयायुर्वर्जषट्कर्मप्रकृतीर्बध्नाति । यथाख्यातस्तु एकादशद्वादशत्रयोदशगुणस्थानेषु वेदनीयमेव बध्नाति । चतुर्दशे तु बन्धरहित एवेति । ७५ ।

बन्धद्वार इति । अष्टौ कर्मप्रकृतीरिति, आयुर्बंधकाले परिपूर्णा इति शेषः । आयुर्वर्जेति, त्रिभागाद्यवशिष्टायुषामेव जीवानामायुर्बन्धकतया विभागद्वयादौ नायुर्बन्धकत्वमिति तादृशमाश्रित्यायुर्वर्जेत्युक्तम् । मोहनीयायुर्वर्जेति । अप्रमत्तत्वाद्बादरकषायोदयाभावाच्चेति भावः । वेदनीयमेवेति, बन्धहेतुषु योगानामेव सत्त्वादिति स्पष्टार्थः । बन्धरहित एवेति, बन्धहेतूनां सर्वेषामभावादिति तात्पर्यार्थः ॥

(२२) બંધદ્વાર-

ભાવાર્થ - સામાયિક આદિ ત્રણ સંયતો આઠ (૮) કર્મપ્રકૃતિઓને કે આયુષ્ય સિવાય સાત (૭) કર્મપ્રકૃતિઓને બાંધે છે. સૂક્ષ્મસંપરાય સંયત મોહનીય અને આયુષ્યકર્મ સિવાય છ (૬) કર્મપ્રકૃતિઓને બાંધે છે; અને યથાખ્યાત સંયત તો અગિયાર(૧૧)મા, બાર(૧૨)મા, તેર(૧૩)મા ગુણસ્થાનોમાં વેદનીયને જ બાંધે છે; જ્યારે ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં તો યથાખ્યાત સંયત બંધ વગરનો જ છે. ઇતિ.

વિવેચન - આઠ કર્મપ્રકૃતિઓને બાંધે છે, અર્થાત્ આયુષ્યના બંધકાળમાં પરિપૂર્ણ (આઠ કર્મપ્રકૃતિઓ)ને બાંધે છે. [જ્યારે આયુષ્યકર્મ બંધાતું હોય, ત્યારે નિયમા (૮) આઠ પણ કર્મની પ્રકૃતિઓ બંધાય છે. જ્યારે મોહનીયકર્મ બંધાતું હોય, ત્યારે આઠ (૮) કે આયુષ્યવર્જી સાત (૭) બંધાય છે. જ્ઞાનાવરણ-દર્શનાવરણ-નામ-ગોત્ર અને અંતરાયો બંધાતે છતે આઠ (૮), સાત (૭), છ (૬) અને પાંચ (૫) મોહનીય અને આયુષ્યને વર્જી સૂક્ષ્મસંપરાયમાં પ્રાપ્ત થાય છે. વેદનીય તો બંધાતે છતે આઠ (૮), સાત (૭), છ (૬) અને એક (૧) બંધાય છે. ત્યાં વેદનીયરૂપ એક કર્મપ્રકૃતિ ઉપશાન્તમોહ આદિ ત્રણ ગુણસ્થાનોમાં બંધાય છે. ત્યાં આઠ કર્મપ્રકારની પ્રકૃતિના બંધકો અપ્રમત્ત સુધીના જીવો હોય છે. સાત કર્મપ્રકૃતિ બંધકો અનિવૃત્તિ બાદર સુધીના જીવો હોય છે. છ (૬) પ્રકારની કર્મપ્રકૃતિ બંધકો સૂક્ષ્મસંપરાયી હોય છે. આ બધા સરાગો-રાગવાળાઓ છે, કેમ કે-મોહનીયકર્મનો ઉદય છે એમ જાણવું.]

---

१. आयुषि बध्यमाने नियमेनाष्टावपि प्रकृतयो बध्यन्ते, मोहनीये तु बध्यमाने अष्टौ, आयुर्वर्जास्सप्त वा, ज्ञानदर्शनावरणनामगोत्रान्तरायेषु बध्यमानेषु, अष्टौ, सप्त, षट्, षट् च मोहनीयायुर्वर्जासूक्ष्मसम्पराये प्राप्यन्ते, वेदनीये तु बध्यमानेऽष्टौ सप्त षडेका च, तत्रैका वेदनीयरूपा उपशान्तादित्रिषु स्थानेषु तत्राष्टविधबन्धकाः अप्रमत्तान्ताः, सप्तविधबन्धकाः अनिवृत्तिबादरान्ताः षड्विधबन्धकास्सूक्ष्मसम्परायाः, एते सरागाः मोहनीयोदयादिति बोध्यम् ॥

'आयुर्वर्ज' ईति=त्रि(त्रीजो) भाग आदि अवशिष्ट आयुष्यवाळा જ જીવો આયુષ્યકર્મ બાંધનારા હોવાથી બીજા ભાગ આદિમાં આયુષ્યકર્મના બાંધનારા હોતા નથી. માટે તેવાને અપેક્ષીને 'अयुर्वर्ज' ईति-એ પ્રમાણે કહેલ છે.

'મોહનીય આયુર્વર્જ' ઈતિ=સૂક્ષ્મસંપરાય સંયત અપ્રમત્ત હોવાથી અને બાદરકષાયનો અભાવ હોવાથી, મોહનીય અને આયુષ્યકર્મને છોડી છ (૬) કર્મપ્રકૃતિઓને બાંધે છે.

'वेदनियमेव' ईति=બંધહેતુઓ પૈકી યોગોની વિદ્યમાનતા હોવાથી યથાખ્યાત સંયત વેદનીયને જ બાંધે છે.

'બંધરહિત એવ' ઈતિ=સઘળા બંધના હેતુઓનો અભાવ હોવાથી ચૌદ(૧૪)મા ગુણસ્થાનસ્થ બંધરહિત છે.

वेदनाद्वारमाह—

वेदनाद्वारे-सामायिकाद्याश्चत्वारोऽष्टौ कर्मप्रकृतीरनुभवन्ति । यथाख्यातस्तु निर्ग्रन्थावस्थायांमोहवर्जसप्तकर्मप्रकृतीनां वेदको मोहनीयस्योपशान्तत्वात्क्षीणत्वाद्वा । स्नातकावस्थायां घातिकर्मप्रकृतिक्षयाच्चतसृणां वेदक इति । ७६ ।

वेदनाद्वार इति । अष्टाविति, नियमेनेति शेषः । मोहवर्जेति, तत्र हेतुमाह मोहनीयस्येति, उपशमश्रेण्या क्षपकश्रेण्येति भावः ॥

(२३) वेदनाद्वार-

ભાવાર્થ - સામાયિક આદિ ચાર (૪) સંયતો આઠ (૮) કર્મપ્રકૃતિઓને અનુભવે છે. યથાખ્યાત સંયત તો નિર્ગ્રંથ અવસ્થામાં મોહને છોડીને સાત (૭) કર્મપ્રકૃતિઓનો અનુભવ કરનારા છે, કેમ કે-મોહનીય ઉપશાન્ત કે ક્ષીણ થયેલ છે. સ્નાતક અવસ્થામાં ઘાતીકર્મપ્રકૃતિઓનો ક્ષય થવાથી ચાર (૪) અઘાતીકર્મપ્રકૃતિઓનો વેદક (અનુભવકર્તા) છે.

વિવેચન - 'अष्टा'वित्ति નિયમા આઠ (૮) કર્મપ્રકૃતિઓનો અનુભવ કરે છે. [મોહનીયના ઉદયમાં આઠ (૮) કર્મપ્રકૃતિઓનો ઉદય અને મોહનીય વર્જી ત્રણ (૩) ઘાતીકર્મોના ઉદયમાં (૮) આઠ કે (૭) સાત કર્મપ્રકૃતિઓનો ઉદય થાય છે. ત્યાં આઠેયનો ઉદય ઉપશાન્તમોહમાં કે ક્ષીણમોહમાં હોય છે. વેદનીય-આયુષ્ય-નામ-ગોત્રના ઉદયમાં (૮) આઠ, (૭) સાત કે ચાર (૪) કર્મપ્રકૃતિઓનો ઉદય છે. સૂક્ષ્મસંપરાય સુધી આઠેયનો, ઉપશાન્તમોહમાં કે ક્ષીણમોહમાં સાતેયનો, વેદનીય આદિ અઘાતી ચારેય(૪)નો સયોગીકેવલીમાં અને અયોગીકેવલીમાં ઉદય હોય છે.]

---

१. मोहनीयस्योदयेऽष्टानामुदयः, मोहनीयवर्जानां त्रयाणां धातिकर्मणामुदयेऽष्टानां सप्तानां वा तत्राष्टानां सूक्ष्मसम्परायगुणस्थानं यावत् सप्तानामुपशान्तमोहे क्षीणमोहे वा, वेदनीयायुर्नामगोत्राणामुदयेऽष्टानां सप्तानां चतसृणां वोदयः, सूक्ष्मसम्परायं यावदष्टानां उपशान्तमोहे क्षीणमोहे वा सप्तानां चतसृणामेतासामेव वेदनीयादीनां सयोगिकेवलिन्ययोगिकेवलिनि चेति ॥

○ ઉપશમશ્રેણિથી કે ક્ષપકશ્રેણિથી મોહનીય, ઉપશાન્ત કે ક્ષીણ થવાથી મોહવર્જીત (૭) સાત કર્મપ્રકૃતિઓનો ય૦ સં૦ નિર્ગ્રન્થ અવસ્થામાં વેદક છે.

उदीरणाद्वारमाह—

उदीरणाद्वारे-सामायिकछेदोपस्थापनीयपरिहारविशुद्धिका अष्टौ सप्त षड्वा कर्मप्रकृतीरुदीरयन्ति । सूक्ष्मसम्पराय आयुर्वेदनीयवर्जषट्कर्मप्रकृतीरायुर्वेदनीयमोहवर्जपञ्चकर्मप्रकृतीर्वोदीरयति । यथाख्यातस्तु द्वे वा पञ्च वा कर्मप्रकृतीरुदीरयति चतुर्दशगुणस्थाने त्वनुदीरक इति । ७७ ।

उदीरणाद्वार इति । उदयावलिकातो बहिर्वर्त्तिनीनां स्थितीनां दलिकस्य कषायैस्सहितेनासहितेन वा योगसंज्ञकेन वीर्यविशेषेण समाकृष्योदयावलिकायां प्रवेशनमुदीरणा, तस्याः पञ्चस्थानानि, सप्ताष्टौ षट् पञ्च द्वे इति । अष्टाविति, प्रमत्तगुणस्थानं यावत्परिपूर्णा अष्टप्रकृतीरित्यर्थः । सप्तेति, केवलमनुभूयमानभवायुष्कावलिकावशेषे सत्यायुष आवलिकाप्रविष्टत्वेनोदीरणाया अभावादिति भावः । षड्वेति, अप्रमत्तापूर्वकरणानिवृत्तिबादरा वेदनीयायुर्वर्जानां षण्णां कर्मणामुदीरकाः, न तु वेदनीयायुषोः, तदुदीरणायोग्याध्यवसायाभावात् अतिविशुद्धत्वादिति भावः । सूक्ष्मसम्पराय इति, यावन्मोहनीयमावलिकाशेषं न भवति तावत् षण्णां, आवलिकाशेषे च मोहनीये तस्याप्युदीरणाया अभावात्पञ्चानामुदीरक इति भावः । द्वे वेति, क्षीणमोहे ज्ञानदर्शनावरणान्तरायेष्वावलिकामात्रावशिष्टेषु तेषामुदीरणाया अभावान्नामगोत्रलक्षणे द्वे एव कर्मणी उदीरयतीति भावः । पञ्च वेति, उपशान्तमोहे वेद्यमानस्यैवोदीरणानियमेन मोहनीयस्योदयाभावेनोदीरणाया अभावाद्वेदनीयायुषोश्च पूर्वोक्तकारणेनाभावात्, क्षीणमोहे मोहस्य क्षीणत्वाच्च पञ्चानां कर्मणामुदीरक इति भावः । अनुदीरक इति, उदीरणाया योगसव्यपेक्षत्वेन तत्र योगाभावादिति भावः ॥

(૨૪) ઉદીરણાદ્વાર-

ભાવાર્થ - સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિકો આઠ (૮), સાત (૭) અથવા છ (૬) કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરે છે. સૂક્ષ્મસંપરાય સંયતને આયુષ્ય-વેદનીયને છોડી છ (૬) કર્મપ્રકૃતિઓની અથવા આયુષ્ય-વેદનીય-મોહનીયને છોડી પાંચ (૫) કર્મપ્રકૃતિઓની ઉદીરણા હોય છે. યથાખ્યાત સંયતને તો બે અથવા પાંચ (૫) કર્મપ્રકૃતિઓની ઉદીરણા હોય છે. ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં યથાખ્યાત સંયત તો ઉદીરણા વગરના હોય છે. ઇતિ.

વિવેચન - ઉદીરણા એટલે ઉદયાવલિકાથી બહાર વર્તનારી સ્થિતિઓના દલિકોનો કષાયોની સાથે રહેલ કે સાથે નહિ રહેલ યોગ નામના વિશિષ્ટ વીર્યદ્વારા ખેંચીને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવવો,

તે ઉદીરણા. તે ઉદીરણાના સાત (૭), આઠ (૮), છ (૬), પાંચ (૫), બે (૨) એવી રીતે પાંચ (૫) સ્થાનો છે.

'અષ્ટૌ' ઇતિ=પ્રમત્તગુણસ્થાન સુધી પરિપૂર્ણ આઠ (૮) કર્મપ્રકૃતિઓની ઉદીરણા હોય છે. 'સપ્ત' ઇતિ=સાત, કેમ કે-કેવલ અનુભવાતા ભવના આયુષ્યની આવલિકા બાકી રહ્યે છતે આયુષ્ય, આવલિકામાં પ્રવિષ્ટ હોવાથી ઉદીરણાનો અભાવ છે, એવો ભાવ છે.

'ષડ્વા' ઇતિ=અથવા છ (૬) અપ્રમત્ત-અપૂર્વકરણ-અનિવૃત્તિ બાદરવાળાઓ વેદનીય-આયુષ્યને છોડી છ (૬) કર્મોની ઉદીરણા કરનારા છે. પરંતુ વેદનીય-આયુષ્યના ઉદીરકો નથી, કેમ કે-તેની ઉદીરણાયોગ્ય અધ્યવસાયનો અભાવ છે. એથી જ અતિ વિશુદ્ધ છે.

'સૂક્ષ્મસંપરાય' ઇતિ=સૂક્ષ્મસંપરાય સંયત, આવલિકા શેષવાળું મોહનીયકર્મ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી છ (૬) કર્મોનો ઉદીરક છે. જ્યારે આવલિકા શેષવાળું મોહનીયકર્મ હોવે છતે, તે મોહનીયની પણ ઉદીરણાનો અભાવ હોવાથી પાંચ (૫) કર્મોના ઉદીરક બને છે.

'દ્વે વા' ઇતિ=ક્ષીણમોહવાળો હોયે છતે જ્ઞાનાવરણ-દર્શનાવરણ અને અંતરાયો, આવલિકા માત્ર અવશિષ્ટવાળા હોયે છતે, જ્ઞાનાવરણ આદિની ઉદીરણાનો અભાવ હોવાથી, નામ અને ગોત્રરૂપ બે કર્મોની, ક્ષીણમોહ યથાખ્યાત સંયત ઉદીરણા કરે છે.

'પંચ વા' ઇતિ=ઉપશાન્તમોહવાળામાં અનુભવાતા કર્મની જ ઉદીરણાનો નિયમ હોવાથી, મોહનીયના ઉદયનો અભાવ હોઈ ઉદીરણાનો અભાવ હોવાથી અને વેદનીય તથા આયુષ્યકર્મોનો ઉદીરક હોય છે; તેમજ ક્ષીણમોહવાળામાં મોહ ક્ષીણ હોવાથી પાંચ કર્મોનો ઉદીરક છે.

'અનુદીરકઃ' ઇતિ=ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં યથાખ્યાત સંયત ઉદીરણા વગરનો છે, કેમ કે-ઉદીરણા યોગની અપેક્ષાવાળી હોવાથી, ત્યાં ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં યોગનો અભાવ હોવાથી ઉદીરણાનો અભાવ છે.

उपसम्पद्धानद्वारमाचष्टे —

उपसम्पद्धानद्वारे-सामायिकस्सामायिकत्वं त्यजन् छेदोपस्थापनीयत्वं सूक्ष्मसम्परायत्वमसंयतत्वं वा प्राप्नुयात् । छेदोपस्थापनीयः छेदोत्वं त्यजन् सामायिकत्वं परिहार-विशुद्धिकत्वं सूक्ष्मसम्परायत्वमसंयतत्वं वा प्राप्नुयात् । परिहारविशुद्धिकः परिहार-विशुद्धिकत्वं त्यजन् पुनर्गच्छद्याश्रयणाच्छेदोपस्थापनीयत्वं देवत्वोत्पत्तावसंयतत्वं वा भजेत् । सूक्ष्मसम्परायस्तत्त्वं श्रेणिप्रतिपातेन त्यजन् पूर्वं सामायिकश्चेत्तत्त्वं छेदोपस्थापनीयश्चेतत्त्वं श्रेणिसमारोहणतो यथाख्यातत्वं वा यायात् । यथाख्यातसंयतस्तु तत्त्वं त्यजन् श्रेणिप्रतिपाततो सूक्ष्मसम्परायत्वं असंयमं वा प्रतिपद्यते, उपशान्तमोहत्वे मरणाद्देवोत्पत्तिं स्नातकत्वे तु सिद्धिगतिं प्रतिपद्यत इति । ७८ ।

उपसम्पद्धानद्वार इति । उपसम्पत् छेदोपस्थापनीयत्वादीनां सामायिकादेः प्राप्तिः, हानं तस्यैव सामायिकत्वादीनां त्यागस्ते अधिकृत्य विचार इत्यर्थः । छेदोपस्थापनीयत्वमिति चतुर्यामधर्मात्पञ्चयामधर्मसंक्रमे पार्श्वनाथशिष्यवत् तथा शिष्यको वा महाव्रतारोपण इति भावः । सूक्ष्मसम्परायत्वमिति, श्रेणिप्रतिपत्तित इति भावः । असंयतत्वमिति भावप्रतिपातादिति भावः । त्यजन्निति, यथाऽऽदिदेवतीर्थसाधुरजितस्वामितीर्थं प्रतिपद्यमानः, अजितस्वामिशासने छेदोपस्थापनीयत्वाभावादिति भावः । परिहारविशुद्धिकत्वमिति परिहारविशुद्धिकसंयमे हि छेदोपस्थापनीयसंयतस्यैव योग्यता, अत एव सामायिकस्य स्वस्वभावपरित्यागे परिहारविशुद्धिकत्वप्राप्तिर्मूले नोक्तेति भावः । सूक्ष्मसम्परायत्वं श्रेण्यारोहणाद्भावप्रतिपाताच्चासंयतत्वं संयतासंयतत्वं वा प्रतिपद्यत इत्याह सूक्ष्मसम्परायत्वमिति, स्पष्टं शिष्टम् । तत्त्वमिति, सूक्ष्मसम्परायत्वमित्यर्थः । श्रेणिप्रतिपातेनेति, अद्धाक्षयेण भवक्षयेण वोपशमश्रेणितः प्रतिपातेनेत्यर्थः, येन संयमेन सूक्ष्मसम्परायत्वमाप्तः तत्त्वं पतन्नवाप्नोतीत्याशयेनाह पूर्वमिति । श्रेण्यां वर्द्धमानः सूक्ष्मसम्परायो यथाख्यातत्वमेवाप्नोतीत्याह श्रेणिसमारोहणत इति । तत्त्वं त्यजन्निति, यथाख्यातत्वं त्यजन्नित्यर्थः, श्रेणीप्रतिपातत इति उपशमश्रेणितः प्रतिपातादित्यर्थः । स्पष्टमन्यत् ॥

(२५) ઉપસંપદ્‌હાનદ્વાર-

ભાવાર્થ - સામાયિક સંયત, સામાયિકપણાને છોડતો, છેદોપસ્થાપનીયપણાને કે સૂક્ષ્મસંપરાયપણાને કે અસંયતપણાને પામે છે. છેદોપસ્થાપનીયપણાને છોડતો, સામાયિકપણાને, પરિહારવિશુદ્ધિકપણાને, સૂક્ષ્મસંપરાયપણાને કે અસંયતપણાને પામી શકે છે. પરિહારવિશુદ્ધિક, પરિહારવિશુદ્ધિકપણાને છોડતો, ફરીથી ગચ્છ આદિનો આશ્રય કરવાથી છેદોપસ્થાપનીયપણું કે દેવપણાની ઉત્પત્તિમાં અસંયતપણાને પામી શકે છે. સૂક્ષ્મસંપરાયવાળો, સૂક્ષ્મસંપરાયપણાને શ્રેણિથી પડવાદ્વારા છોડતો, પહેલાંનો જો સામાયિક સંયત હોય તો સામાયિકપણાને અને જો છેદોપસ્થાપનીય હોય તો છેદોપસ્થાપનીયપણાને કે શ્રેણિથી ચડવાદ્વારા યથાખ્યાતપણાને પામે છે. યથાખ્યાત સંયત તો યથાખ્યાતપણાને શ્રેણિથી પડવાદ્વારા છોડતો, સૂક્ષ્મસંપરાયપણાને કે અસંયમને પામે છે, ઉપશાન્તમોહપણામાં મરણ થવાથી દેવગતિમાં ઉત્પત્તિને પામે છે, સ્નાતકપણામાં તો સિદ્ધિગતિને પામે છે.

વિવેચન - ઉપસંપદ્=છેદોપસ્થાપનીયપણા આદિની સામાયિક આદિમાં પ્રાપ્તિ, હાન એટલે તે સામાયિક સંયતિમાં જ સામાયિકપણા આદિનો ત્યાગ, તે ઉપસંપદ્‌હાનને અધિકૃત કરીને વિચાર, ઉપસંપદ્ હાનરૂપ દ્વારનો અર્થ સમજવો.

'છેદોપસ્થાપનિયત્વં' ઇતિ=ચાર મહાવ્રતવાળા ધર્મમાંથી પંચમહાવ્રતવાળા ધર્મના સંક્રમણમાં શ્રી પાર્શ્વનાથશિષ્યની માફક છેદોપસ્થાપનીયપણું અથવા તથાપ્રકારનો શિષ્ય, કે જેમાં મહાવ્રતોનું આરોપણ થાય છે તેમાં છેદોપસ્થાપનીયપણું સંભવે છે.

'सूक्ष्मसंपरायत्वं' ઇતિ=શ્રેણિની પ્રતિપત્તિની અપેક્ષાએ સૂક્ષ્મસંપરાયપણું સમજવું.

'असंयतत्वं' ઇતિ=ભાવથી પડવાની અપેક્ષાએ અસંયતપણું સમજવું.

'त्यजन्' ઇતિ=જેમ શ્રી આદિદેવ તીર્થનો સાધુ શ્રી અજિતસ્વામીના તીર્થને પામનારો (પામતો) હોય ત્યારે છેદોપસ્થાપનીયપણાનો ત્યાગ થાય છે, કેમ કે-શ્રી અજિતનાથસ્વામીના શાસનમાં છેદોપસ્થાપનીયપણાનો અભાવ છે.

'परिहारविशुद्धिकत्वं' ઇતિ=પરિહારવિશુદ્ધિક સંયમમાં ખરેખર છેદોપસ્થાપનીય સંયતની જ યોગ્યતા હોય છે. એથી જ સામાયિકમાં સ્વસ્વ ભાવના પરિત્યાગમાં પરિહારવિશુદ્ધિકપણાની પ્રાપ્તિ મૂલસૂત્રમાં કહેલી નથી.

○ સૂક્ષ્મસંપરાયપણાને શ્રેણિમાં ચડવાની અપેક્ષાએ, ભાવના પડવાની અપેક્ષાએ, અસંયતપણાને, સંયત અસંયતપણાને પામે છે.

'तत्त्वं' ઇતિ=તત્ત્વ એટલે સૂક્ષ્મસંપરાયપણું, એવો અર્થ સમજવો.

○ 'श्रेणिप्रत्तिपातेनं' ઇતિ=અદ્ધા(સમય)ક્ષયની અપેક્ષાએ કે ભવના ક્ષયની અપેક્ષાએ, ઉપશમશ્રેણિથી પડવાની અપેક્ષાએ, જે સંયમદ્વારા સૂક્ષ્મસંપરાયપણું પ્રાપ્ત કરેલ છે, પડતો તે સંયમને પામે છે.

○ શ્રેણિમાં વર્તતો સૂક્ષ્મસંપરાય સંયત યથાખ્યાતપણાને જ પામે છે. ય૦ સંયત યથાખ્યાતપણાને છોડતો, ઉપશમશ્રેણિથી પડવાની અપેક્ષાએ સૂ૦ સં૦ પણાને કે અસંયમને પામે છે.

संज्ञाद्वारमाचष्टे –

संज्ञाद्वारे-सामायिकछेदोपस्थापनीयपरिहारविशुद्धिकास्संज्ञोपयुक्ता नोसंज्ञोपयुक्ता भवन्ति, संज्ञोपयुक्ता आहारादिष्वासक्ताः, नोसंज्ञोपयुक्ता आहारादिष्वासक्तिरहिताः । सूक्ष्मसम्परायययथाख्यातौ तु आहारादिकर्त्तृत्वेऽपि नोसंज्ञोपयुक्तौ स्यातामिति । ७९ ।

संज्ञाद्वार इति । जीवस्संज्ञायतेऽनयेति संज्ञा, वेदनीयमोहोदयाश्रिता ज्ञानदर्शनावरणक्षयोपशमाश्रिता च विचित्राहाराद्यभिलाषादिक्रिया, सा चोपाधिभेदाद्दशविधा, आहार[१]भयपरिग्रहमैथुनक्रोधमानमायालोभौघलोकभेदात् । सामायिक इति, संज्ञोपयुक्ता इति वेदनीयमोहोदयादिनिमित्तसद्भावादिति भावः । नोसंज्ञोपयुक्ता भवनिमित्तोपशमप्रभावादिति भावः । सरागत्वे निरभिष्वङ्गतायास्सर्वथाऽभाव इति नियमाभावादिति तात्पर्यम् । नोसंज्ञोपयुक्ता इति, ज्ञानप्रधानोपयोगवन्तः, आहाराद्युपभोगेऽपि तत्रानभिष्वक्ताः नीरागत्वादिति भावः । संज्ञोपयुक्तशब्दार्थमाह संज्ञोपयुक्ता इति, नोसंज्ञोपयुक्तशब्दार्थमाह नोसंज्ञोपयुक्ता इति, स्पष्टमवशिष्टम् ॥

१. तत्राहारसंज्ञा वेदनीयोदयात्, भयपरिग्रहैमैथुनक्रोधमानमायालोभसंज्ञाः मोहोदयात्. ओघसंज्ञा ज्ञानावरणीयाल्पक्षयोपशमात्. लोकः स्वच्छन्दपरिकल्पितविकल्परूपः, लोकसंज्ञा च ज्ञानावरणीयक्षयोपशमात् मोहोदयाच्च भवति ॥

(२६) संज्ञाद्वार-

ભાવાર્થ - સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિકો સંજ્ઞોપયુક્ત અને નોસંજ્ઞોપયુક્ત હોય છે. સંજ્ઞોપયુક્ત એટલે આહાર આદિમાં આસક્ત, નોસંજ્ઞોપયુક્ત એટલે આહાર આદિમાં આસકિત વગરના કહેવાય છે. સૂક્ષ્મસંપરાય સંયત અને યથાખ્યાત સંયતો તો આહાર આદિ કરનારાઓ છતાં આહાર આદિમાં આસકિત વગરના હોય છે.

વિવેચન - જેના વડે જીવ જણાય છે તે સંજ્ઞા, વેદનીય-મોહનીયના ઉદયને આશ્રિત અને જ્ઞાનાવરણ-દર્શનાવરણના ક્ષયોપશમને આશ્રિત, કિંચિત આહાર આદિની અભિલાષા આદિરૂપ ક્રિયા; અને તે સંજ્ઞા ઉપાધિના ભેદરૂપ આહાર-ભય-પરિગ્રહમૈથુન-ક્રોધ-માન-માયા-લોભ-ઓઘ-લોકરૂપ ઉપાધિના ભેદથી દશ (૧૦) પ્રકારની છે.

[ત્યાં આહારસંજ્ઞા વેદનીયકર્મના ઉદયથી થાય છે. ભય-પરિગ્રહ-મૈથુન-ક્રોધ-માન-માયા-લોભરૂપ. સંજ્ઞાઓ મોહનીયકર્મના ઉદયથી થાય છે. ઓઘસંજ્ઞા જ્ઞાનાવરણીયના અલ્પ ક્ષયોપશમથી થાય છે. લોક એટલે સ્વચ્છંદ પરિકલ્પિત વિકલ્પરૂપ છે. લોકસંજ્ઞા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી અને મોહનીયકર્મના ઉદયથી થાય છે.]

'સામાયિક' ઇતિ=સામાયિક આદિ ત્રણ સંજ્ઞોપયુક્તા=આહાર આદિમાં આસક્ત હોય છે, કેમ કે-વેદનીય અને મોહનીયના ઉદય આદિ રૂપ નિમિત્તનો સદ્ભાવ છે.

નોસંજ્ઞોપયુક્તા=આહાર આદિમાં આસક્ત વગરના છે, કેમ કે-સંસારના નિમિત્તોના ઉપશમનો પ્રભાવ છે.

○ 'સરાગપણામાં અનાસકિતનો સર્વથા અભાવ છે'-એવા નિયમનો અભાવ છે.

'નોસંજ્ઞોપયુક્તાઃ' ઇતિ=જ્ઞાનની પ્રધાનતા વિશિષ્ટ ઉપયોગવાળાઓ, આહાર આદિના ઉપયોગમાં પણ તે આહાર આદિમાં અનાસક્ત હોય છે, કેમ કે-રાગરહિતપણું છે.

आहारकद्वारमाह—

आहारकद्वारे-सामायिकाश्चत्वार आहारका एव, यथाख्यातस्त्रयोदशगुणस्थानं यावदाहारकश्चतुर्दशगुणस्थाने केवलिसमुद्घाततृतीयचतुर्थपञ्चमसमयेष्वनाहारक इति ।८०।

आहारकद्वार इति । औदारिकवैक्रियाहारकपुद्गलादानमाहारस्तं करोतीत्याहारकः । तत्तद्भवयोग्यपुद्गलादानस्यावश्यकत्वात्सामायिकादीनामाहारकत्वमेवेत्यभिप्रायेणाह सामायिका इति, सामायिकत्वादिविशिष्टा इत्यर्थः, यथाख्यातस्सयोग्यन्तमाहारक एवेत्याह यथाख्यात इति । अष्टसामयिके समुद्घाते तृतीयचतुर्थपञ्चमसमयेषु केवलकार्मणयोगयुतत्वेनाहारग्रहणासम्भवादनाहारकः, अयोगिनश्शैलेश्यवस्थायां ह्रस्वपञ्चस्वरोच्चारणप्रमाणमात्रमानायाञ्च तथेति भावः ॥

(२७) आहारकद्वार-

ભાવાર્થ - સામાયિક આદિ ચાર સંયતો આહારક-આહાર કરનારા જ છે. યથાખ્યાત સંયત તેર(૧૩)મા ગુણસ્થાનક સુધી આહારક છે અને ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં કેવલિસમુદ્‌ઘાતના-ત્રીજા-ચોથા-પાંચમા સમયોમાં અનાહારક છે.

વિવેચન - ઔદારિક-વૈક્રિય-આહારક શરીરોના પુદ્‌ગલોનું ગ્રહણ 'આહાર' કહેવાય છે. તે આહારને કરે છે એટલે 'આહારક' કહેવાય છે. તે તે ભવને યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ આવશ્યક હોવાથી સામાયિક આદિનું આહારકપણું જ છે.

○ સામાયિકત્વ આદિ વિશિષ્ટ સામાયિક આદિ ચાર સંયતો આહારક જ છે.

○ યથાખ્યાત સંયત સયોગીકેવળી સુધી આહારક જ છે.

○ આઠ (૮) સમયવાળા કેવલિસમુદ્‌ઘાતમાં ત્રીજા-ચોથા-પાંચમા સમયોમાં કેવળ કાર્મણયોગથી સહિતપણું હોવાથી, આહારગ્રહણનો અસંભવ હોવાથી, ચૌદ(૧૪)મા ગુણસ્થાનમાં યથાખ્યાત સંયત અનાહારક છે. અયોગીની પાંચ (૫) હ્રસ્વસ્વરના ઉચ્ચારણ માત્ર પ્રમાણના માનવાળી શૈલેશીરૂપ અવસ્થામાં 'અનાહારક' કહેવાય છે.

भवद्वारमाह—

भवद्वारे-सामायिको जघन्यतः एकं भवमुत्कृष्टतोऽष्टौ भवान् गृह्णीयात् । एवं छेदोपस्थापनीयोऽपि । परिहारविशुद्धिको जघन्यत एकमुत्कृष्टतस्त्रीन् । एवं यथाख्यातं यावदिति । ८१ ।

भवद्वार इति । सामायिक उत्कृष्टपरिणामतो यदि क्षपकश्रेणिमारोहेत्तदा तस्मिन्नेव भवे सिद्ध्यतीत्याह जघन्यत इति । यदि तु श्रेणिमनारूढो जघन्येन सामायिकचारित्रं स्पृशेत्तदा ऽऽष्टौ भवग्रहणानि तस्य स्युरित्याशयेनाहोत्कृष्टत इति । जघन्यत एकमिति, परिहारविशुद्धिकस्तत्त्वं विहाय छेदोपस्थापनीयत्वमवाप्य विशुद्धिविशेषेण क्षपकश्रेणिमारोहति चेत्तदेदमिति भावः । देवलोकगमनञ्चेद्भवेत्तदा मनुष्यो भूत्वा तेनैव भवेन सिद्ध्यतीत्याशयेनाहोत्कृष्टतस्त्रीनिति । एवमिति यथाख्यातस्तु तद्भाव एव मृत्वाऽनुत्तरदेवत्वविशेषमाप्य पुनर्मनुष्यो भूत्वा यदि सिद्ध्येत्तदा भवत्रयं बोध्यम् ॥

(२८) ભવદ્વાર-

ભવાર્થ - સામાયિક સંયત જઘન્યથી એક ભવને ગ્રહણ કરે છે અને ઉત્કૃષ્ટથી આઠ (૮) ભવોને ગ્રહણ કરે છે. એ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત પણ સમજવો. પરિહારવિશુદ્ધિક સંયત જઘન્યથી એક ભવને અને ઉત્કૃષ્ટથી ત્રણ ભવોને ગ્રહણ કરે છે. આ પ્રમાણે યથાખ્યાત સુધી સમજવું. ઇતિ.

વિવેચન - સામાયિક સંયત, ઉત્કૃષ્ટ પરિણામથી જો ક્ષપકશ્રેણિમાં ચડે, તો તે જ ભવમાં સિદ્ધ થાય છે. એ અપેક્ષાએ કહે છે કે - જઘન્યતઃ ઇતિ. વળી જો શ્રેણિમાં ચડેલો નથી હોતો, તો જઘન્યથી સામાયિક ચારિત્રનો સ્પર્શ કરે તો આઠ (૮) ભવગ્રહણો તેને હોય છે.

'જઘન્યતાઃ એકં' ઇતિ=પરિહારવિશુદ્ધિકપણાને છોડી, છેદોપસ્થાપનીયપણાને પામી, વિશિષ્ટ વિશુદ્ધિ દ્વારા જો ક્ષપકશ્રેણિમાં ચડે છે ત્યારે આ વસ્તુ છે. અર્થાત્ જઘન્યથી એક ભવનું ગ્રહણ કરે છે. જો દેવલોકમાં ગમન થાય, તો મનુષ્ય બનીને તે જ ભવથી સિદ્ધ થાય છે.

'એવં' ઇતિ=યથાખ્યાત સંયત તો તે ભાવમાં જ કાળ કરીને અનુત્તરરૂપ વિશિષ્ટ દેવપણું પામી, ફરીથી મનુષ્ય બની, જો સિદ્ધ થાય ત્યારે તેને ત્રણ ભવો જાણવા.

आकर्षद्वारमभिधत्ते —

आकर्षद्वारे-सामायिक एकभवमाश्रित्य जघन्यत एकवारं, उत्कृष्टतश्शत-पृथक्त्ववारं सामायिकसंयतत्वं प्राप्नोति । छेदोपस्थापनीयो जघन्यत एकवारमुत्कृष्टतो विंशतिपृथक्त्ववारं छेदोपस्थापनीयत्वं प्राप्नुयात् । परिहारविशुद्धिको जघन्यत एकवारमुत्कृष्टततस्त्रिवारं प्राप्नुयात् । सूक्ष्मसम्परायो जघन्यत एकवारमुत्कृष्टतश्चतुरो वारान् प्रतिपद्यते, यथाख्यातस्तु जघन्यत एकवारमुत्कृष्टतो द्विवारं यथाख्यातत्वं प्राप्नुयादिति । ८२ ।

आकर्षद्वार इति । आकर्षणमाकर्षः प्रथमतया मुक्तस्य वा सामायिकत्वादेर्ग्रहणमित्यर्थः । स चैकं भवं नानाभवांश्चाश्रित्य विचार्यते तत्रैकभवाश्रयेण सामायिकस्य जघन्यत एक आकर्ष उत्कर्षेण चाकर्षाणां शतपृथक्त्वं भवति परतस्तु प्रतिपातोऽलाभो वेत्याशयेनाह सामायिक इति । पृथक्त्वं द्विप्रभृत्यानवभ्य उच्यते, शतपृथक्त्वमिति, शतद्वयादारभ्य यावन्नवशतमित्यर्थः । विंशतिपृथक्त्ववारमिति, पञ्चषादिविंशतय आकर्षाणां भवन्तीति भावः । त्रिवारमिति, एकस्मिन् भवे उत्कर्षेण वारत्रयमेव परिहारविशुद्धिकत्वोक्तेरिति भावः । प्राप्नुयादिति परिहार-विशुद्धिकत्वमित्यादिः । चतुरो वारानिति, एकभवे उपशमश्रेणिद्वयसम्भवे प्रत्येकं संक्लिश्यमान-विशुद्ध्यमानलक्षणसूक्ष्मसम्परायद्वयभावाच्च चत्वार आकर्षास्तस्य सम्भवन्तीति भावः । प्रतिपद्यत इति सूक्ष्मसम्परायत्वमित्यादिः । द्विवारमिति, उपशमश्रेणिद्वयसम्भवादिति भावः ॥

(२९) आकर्षद्वार-

ભાવાર્થ - સામાયિક સંયત, એક ભવને આશ્રી જઘન્યથી એક વાર અને ઉત્કૃષ્ટથી ૨૦૦ થી ૯૦૦ વાર સામાયિક સંયતપણું પામે છે. અર્થાત્ જઘન્યથી સામાયિક સંયતનો એક આકર્ષ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ (૨૦૦ થી ૯૦૦) આકર્ષો છે. છેદોપસ્થાપનીય સંયત, જઘન્યથી એકવાર અને ઉત્કૃષ્ટથી (૨૦) વીસ

પૃથક્ત્વ વાર (૧૮૦) વાર છેદોપસ્થાપનીયપણું (ચારિત્ર) પામી શકે છે. પરિહારવિશુદ્ધિક, જઘન્યથી એકવાર અને ઉત્કૃષ્ટથી ત્રણવાર પરિહારવિશુદ્ધિપણાને પામી શકે છે. સૂક્ષ્મસંપરાય સંયત, જઘન્યથી એકવાર અને ઉત્કૃષ્ટથી ચાર વાર સૂક્ષ્મસંપરાયચારિત્રને પામી શકે છે. યથાખ્યાત સંયત તો જઘન્યથી એકવાર અને ઉત્કૃષ્ટથી બે વાર યથાખ્યાતપણું પામી શકે છે. ઇતિ.

વિવેચન - આકર્ષણ-ખેંચવું તે આકર્ષ. અર્થાત્ પ્રથમપણે મૂકેલ સામાયિકપણા આદિનું ગ્રહણ 'આકર્ષ' કહેવાય છે. વળી તે આકર્ષ એક ભવને અને નાના અનેક ભવોને આશ્રીને વિચારાય છે. ત્યાં એક ભવની અપેક્ષાએ સામાયિકનો જઘન્યથી એક આકર્ષ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ (૨૦૦ થી ૯૦૦) આકર્ષો હોય છે. પછીથી તો પ્રતિપાત કે અપ્રાપ્તિ હોય છે. પૃથક્ત્વ એટલે (બે ૨)થી માંડી નવ (૯) સુધીની સંખ્યા કહેવાય છે.

'શતપૃથક્ત્વં' ઇતિ=બસો (૨૦૦)થી માંડી નવસો (૯૦૦) સુધીની સંખ્યા કહેવાય છે.

'વિંશતિપૃથક્ત્વં વારં' ઇતિ=પાંચ-છ આદિ વીસીઓ આકર્ષોની થાય છે, આવો ભાવ છે.

'ત્રિવારં' ઇતિ=એક ભવમાં ઉત્કૃષ્ટથી ત્રણ વાર જ પરિહારવિશુદ્ધિકપણાને પામે છે.

'ચતુરોવારાન્' ઇતિ=એક ભવમાં બે વાર ઉપશમશ્રેણિનો સંભવ હોવાથી, દરેક ઉપશ્રેણિમાં સંક્લિશ્યમાન અને વિશુદ્ધ્યમાનરૂપ બે સૂક્ષ્મસંપરાયનો સદ્ભાવ હોઈ ચાર (૪) આકર્ષો તે સૂક્ષ્મસંપરાયના થાય છે.

'પ્રતિપદ્યતે' ઇતિ=બે ઉપશમશ્રેણિનો સંભવ હોવાથી બે વાર યથાખ્યાતપણાને પામે છે.

अथ नानाभवावच्छेदेन विचारयति–

अनेकभवाश्रयेण सामायिकस्य जघन्यतो द्विवारं उत्कृष्टतस्सहस्रपृथक्त्वमाकर्षा भवन्ति । छेदोपस्थापनीयस्य जघन्यतो द्विवारमुत्कृष्टतो नवशतादूर्ध्वं सहस्रावध्याकर्षा भवन्ति । परिहारविशुद्धिकस्य जघन्यतो द्विवारमुत्कृष्टतस्सप्ताकर्षाः, सूक्ष्मसम्परायस्य जघन्यतो द्विवारमुत्कृष्टतो नवाकर्षाः, यथाख्यातस्य जघन्यतो द्विवारमुत्कृष्टतः पञ्चाकर्षा भवन्तीति । ८३ ।

अनेकभवाश्रयेणेति । अनेकभवत्वस्य प्रथमाधारभूतभवद्वये जघन्यतः प्रतिभवमेकस्यौ-वाकर्षस्योक्तत्वादनेकभवापेक्षया जघन्यतो द्वावेवाकर्षौ भवत इत्यभिप्रायेणाह जघन्यतो द्विवार-मिति । सहस्रपृथक्त्वमिति सहस्रद्वयादारभ्य यावन्नवसहस्रं सहस्रपृथक्त्वमुच्यते । सामायिकस्य ह्येकभवे आकर्षाणां शतपृथक्त्वकथनात् भवानामुत्कृष्टतश्चाष्टत्वाच्छतपृथक्त्वेऽष्टभिर्गुणिते सहस्रपृथक्त्वं भवतीति भावः । नवशतादूर्ध्वमिति । आकर्षाणां षड्विंशतिरेकभवेऽस्य भवति, भवाश्चास्योत्कर्षेणाष्टौ, तथा चाकर्षास्ता अष्टाभिर्गुणिताः षष्ठ्यधिकनवशतानि भवन्ति ।

संभवमात्राश्रयणेनेदमुक्तम्, अन्यथा सामायिकस्य नवानां शतानामेकभवीयानामष्टभिर्गुणने शतद्वयाधिकसप्तसहस्राणि बोध्यान्येवमन्येषामपि ज्ञेयं । उत्कर्षतस्सप्तेति । भवैकावच्छेदेनाकर्षाणां त्रित्वात् भवस्यापि त्रित्वादेकत्र तेषां त्रयं द्वितीये द्वयं तृतीयेऽपि द्वयमित्येवं विकल्पनया सप्ताकर्षा इति भावः । नवाकर्षा इति । अस्यैकस्मिन् भवे आकर्षचतुष्कस्योक्तत्वाद्भवत्रयस्याभिधानाच्चैकत्र चत्वारो द्वितीयेऽपि चत्वारस्तृतीये चैक इति कृत्वा नवाऽऽकर्षा भवन्तीति भावः । पञ्चाकर्षा इति, अस्यैकत्र भवे द्वावाकर्षौ भवत्रयञ्चेत्यतः एकत्र द्वौ द्वितीये द्वौ तृतीये चैक इति पञ्चाकर्षा इति भावः ॥

નાના ભવની અપેક્ષાએ આકર્ષ વિચાર-

ભાવાર્થ - અનેક ભવની અપેક્ષાએ સામાયિકના આકર્ષો જઘન્યથી બેવાર અને ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ બે હજારથી નવ હજાર થાય છે. છેદોપસ્થાપનીયના જઘન્યથી બેવાર અને ઉત્કૃષ્ટથી નવસો (૯૦૦)થી ઉપર હજાર (૧૦૦૦) સુધીના આકર્ષો થાય છે. પરિહારવિશુદ્ધિકના જઘન્યથી બેવાર અને ઉત્કૃષ્ટથી સાત (૭) આકર્ષો હોય છે. સૂક્ષ્મસંપરાયના જઘન્યથી બે વાર અને ઉત્કૃષ્ટથી નવ (૯) આકર્ષો છે. યથાખ્યાતના જઘન્યથી બે વાર અને ઉત્કૃષ્ટથી પાંચ (૫) આકર્ષો હોય છે.

વિવેચન - અનેક ભવપણાના પ્રથમ આધારભૂત બે ભવોમાં, જઘન્યથી પ્રત્યેક ભવમાં એક આકર્ષ કહેલ હોઈ અનેક ભવની અપેક્ષાએ જઘન્યથી બે જ આકર્ષો હોય છે.

બે હજારથી માંડી નવ હજાર સુધીની સંખ્યા 'સહસ્રપૃથક્ત્વ' કહેવાય છે. ખરેખર, સામાયિકના એક ભવમાં શતપૃથક્ત્વ રૂપ આકર્ષોનું કથન હોવાથી અને ઉત્કૃષ્ટથી આઠ ભવો હોવાથી, જો શતપૃથક્ત્વને આઠ(૮)થી ગુણવામાં આવે, તો 'સહસ્રપૃથક્ત્વ' થાય છે, એવો ભાવ જાણવો.

'નવશતાદૂર્ધ્વં' ઇતિ=આ છેદોપસ્થાપનીયના ઉત્કૃષ્ટથી એક ભવમાં એકસોવીશ (૧૨૦) આકર્ષો થાય છે. આના ઉત્કૃષ્ટથી આઠ (૮) ભવો હોય છે. તથાચ તે એકસોવીશ આકર્ષોને આઠથી ગુણ્યે છતે ૯૬૦ આકર્ષો થાય છે. સંભવ માત્રની અપેક્ષાએ આ કહેલું છે. અન્યથા, સામાયિકના એક ભવના નવસો (૯૦૦) આકર્ષોને આઠ(૮)થી ગુણતાં સાત હજાર બસો (૭૨૦૦) જાણવાં. એ પ્રમાણે અન્ય સંયમોનું જાણવું.

'ઉત્કર્ષતઃ સપ્ત' ઇતિ=પરિહારવિશુદ્ધિકના ઉત્કર્ષથી સાત (૭) આકર્ષો હોય છે. એક ભવની અપેક્ષાએ ત્રણ (૩) આકર્ષો હોય છે. ભવો પણ ત્રણ (૩) છે. એક ભવમાં ત્રણ (૩) આકર્ષો, બીજા ભવમાં બે (૨) આકર્ષો અને ત્રીજા ભવમાં બે (૨) આકર્ષો હોય છે. એ પ્રમાણે વિકલ્પનાથી સાત (૭) આકર્ષો થાય છે.

'નવઆકર્ષા' ઇતિ=આ સૂક્ષ્મસંપરાયના એક ભવમાં ચાર (૪) આકર્ષો કહેલ હોઈ, ત્રણ (૩) ભવોનું કથન હોવાથી એક ભવમાં ચાર (૪) આકર્ષો થાય છે, બીજા ભવમાં પણ ચાર (૪) આકર્ષો થાય છે અને ત્રીજા ભવમાં એક (૧) આકર્ષ-એમ કરીને નવ (૯) આકર્ષો થાય છે.

'पंचाकर्षा' इति=આ યથાખ્યાતના એક ભવમાં બે (૨) આકર્ષો થાય છે અને ત્રણ (૩) ભવો હોય છે. એથી એક ભવમાં બે (૨) આકર્ષો, બીજા ભવમાં બે (૨) આકર્ષો અને ત્રીજા ભવમાં (૧) એક આકર્ષ-એમ પાંચ (૫) આકર્ષો થાય છે.

कालमानद्वारमाचष्टे –

कालमानद्वारे-सामायिकस्य संयमकालमानं जघन्येनैकस्समयः । उत्कृष्टतो देशोननववर्षन्यूनपूर्वकोटिं यावत् । एवमेव छेदोपस्थापनीयस्य । परिहारविशुद्धिकस्य जघन्येनैकस्समयः, उत्कृष्टत एकोनत्रिंशद्वर्षन्यूनकोटिं यावत् । सूक्ष्मसम्परायस्य जघन्येनैकस्समयः । उत्कृष्टतोऽन्तर्मुहूर्त्तम् । यथाख्यातस्य तु सामायिकस्येव स्यादिति । ८४ ।

કરણસાધન ધ્યાન શબ્દ કરણની પ્રશંસામાં પરાયણ, શબ્દની પ્રવૃત્તિ દેખાયેલી હોય છતે. જેમ કે-'साधु असिः छिनत्ति.' (તલવાર સારી રીતે છેદે છે.) આ પ્રમાણે પ્રયોક્તા (પ્રયોજકકર્તા) અને નિર્વર્ત્ય (કર્મ) વિદ્યમાન હોવા છતાં, છેદન, ઉદ્યમન (ઉગામવું) અને નિપતન (પડવું) રૂપ ક્રિયાને આધીન હોવાથી, અસિમાં (તલવારમાં) સાધકતમપણું હોવા છતાં, સ્વાતંત્ર્યની વિવક્ષા હોવાથી કર્તાના ધર્મનો અધ્યારોપ કરાય છે. તેવી રીતે ધ્યાનની ઇચ્છાવાળો આત્મા જ્ઞાનાવરણીય ક્ષયોપશમ અને વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમને આધીન હોવાથી, ધ્યાતા-ધ્યેય હોવા છતાં ધ્યાન આદિ પરિણામમાં કર્તૃપણું યુક્ત છે અને આ ધ્યાનમાં પર્યાય અને પર્યાયીના ભેદની વિવક્ષાથી અર્થાત્ ચિત્તમાં કરણપણું પણ વિવક્ષિત છે. (જેમ દૃઢત્વ-પ્રૌઢતા-તીક્ષ્ણતા આદિ ધર્મથી સ્વતંત્રપણાની વિવક્ષાથી કરણનું કર્તૃપણું છે, તેમ અહીં એકાગ્રતા-સ્થિરતા આદિ ધર્મથી સ્વતંત્રપણાની વિવક્ષાથી કરણનું કર્તૃપણું સમજવું અને સાધકતમપણાની અપેક્ષાથી કરણપણું સમજવું.)

○ જો કે એક શબ્દ, એક સંખ્યાવાચી, અન્ય અર્થવાચી, અસહાયવાચી, પ્રથમ અને કેવલવાચી એમ કોશની અપેક્ષાએ ઘણા અર્થનો વાચી હોવા છતાં, પ્રસ્તુતમાં એક શબ્દ સંખ્યાવાચક-એક શબ્દ છે. ખરેખર, વિશિષ્ટ વીર્યથી બાધા વગરના સ્થાનમાં પ્રજ્વલિત (પ્રકટિત કરેલ) દીપની શિખા(જ્વાલા)ની માફક ચિત્તની (જ્ઞાનધારાની) એક વિષયમાં (આલંબનમાં) સ્થિરતા કરવી. અર્થાત્ અનિયત-અસ્થિર ક્રિયા (વિશિષ્ટ) અર્થનું (વિષયનું) નિયત-સ્થિર એવી વિશિષ્ટ ક્રિયાના કર્તાપણાએ અવસ્થાપન [તથાચ મનની એકાગ્રતાના આલંબનવાળું 'ધ્યાન' ધ્યાનની અભ્યાસરૂપ ક્રિયા 'ભાવના' કહેલ બે પ્રકારથી રહિત જે મનની ચેષ્ટા-ચલચિત્તતા, તે 'ચિંતા'-એમ સૂચિત કરાય છે.] 'ધ્યાન' કહેવાય છે અને તે વચન અને કાયાના નિરોધમાં જ હોય છે. અથવા મન-વચન-કાયાના નિરોધપૂર્વક, એવો તેનો અર્થ છે. ચેતસ્ શબ્દ, કે જેનું બીજું નામ ચિંતા છે, અર્થાત્ ચેતસ્ એટલે જ્ઞાન, એવો અર્થ કરવો. તે જ્ઞાનધારાને એક જ વિષયમાં સ્થાપન 'ધ્યાન' કહેવાય છે અને વ્યગ્રતામાં (વિવિધ વિષયમાં જતું હોવાથી વ્યાકુળતામાં) તે ચિત્તનું જ્ઞાનપણું જ છે, ધ્યાનપણું નથી. તથાચ ત્રણ યોગના નિરોધપૂર્વક જ્ઞાનરૂપ ચિત્તની એક વિષયમાં સ્થિરતા કરવી, એ 'ધ્યાન' છે એમ ફલિત અર્થ છે.

○ આ લક્ષણ છદ્મસ્થોના અને કેવલીઓના ધ્યાનોમાં વ્યાપક છે, [યોગનિરોધ જ કેવલીને ધ્યાન છે, પરંતુ ચિત્તની સ્થિરતાપાદન રૂપ ધ્યાન નથી, કેમ કે-ચિત્તનો જ અભાવ છે; અને યોગો ઔદારિક આદિ શરીરસંયોગથી પેદા થયેલા આત્મપરિણામવિશેષ વ્યાપારો જ છે.] કેમ કે-ત્યાં કેવલીઓના ધ્યાનમાં પણ ત્રણ યોગોના નિરોધપૂર્વક જ્ઞાનમાં એક વિષયની સ્થિરતાના આપાદનની વિદ્યમાનતા છે.

शंका - એક અર્થમાં (વિષયમાં) ચિત્તના એક ક્રિયાના કર્તાપણાએ જો અવસ્થાપનપણાને જ ધ્યાનપણું છે, તો અર્થ-વ્યંજન-યોગની સંક્રાન્તિઓમાં (પરસ્પર સંક્રમણોમાં) અર્થસંક્રમમાં=દ્રવ્યથી પર્યાયમાં અને પર્યાયથી દ્રવ્યમાં સંક્રમવિશિષ્ટ શુક્લધ્યાનમાં અવ્યાપ્તિરૂપ દોષથી યુક્ત લક્ષણ છે, કેમ કે-શુક્લધ્યાનમાં એક વિષયકપણાનો અભાવ છે. તો દોષનું લક્ષણમાં નિવારણ કેવી રીતે ?

સમાધાન - અહીં એક શબ્દ પ્રધાનતાવાચક છે, એમ સમજવાથી દોષનું નિવારણ છે. ખરેખર, સંક્રમરૂપ શુક્લધ્યાનમાં તેનું તેનું પ્રધાનપણું સિદ્ધ છે. (દ્રવ્યનું કે પર્યાયનું પ્રધાનપણું સિદ્ધ છે.) આ ધ્યાન અંતર્મુહૂર્ત્તના પરિમાણવાળું જ છે. (બે ઘડી-૪૮ મિનિટોનું મુહૂર્ત્ત-(૭૭) લવપ્રમાણવાળો કાળ-મુહૂર્ત્તની અંદરનો કાળ અંતર્મુહૂર્ત્ત કહેવાય છે.) તે છદ્મસ્થ જીવોની અપેક્ષાએ સમજવાનું છે.

[તેના પછીથી ભાવના કે ચિંતા હોય છે, અથવા બહુ વસ્તુના સંક્રમણ (પરિવર્તન) હોયે છતે ઘણા લાંબા ગાળા સુધી પણ ધ્યાનનો પ્રવાહ (ધારા) હોય છે. પરંતુ એક (વિષય) જ ધ્યાન દિવસ આદિ પરમાણુવાળું હોતું નથી.] દિવસ ધ્યાન આદિના પરિમાણવાળું નથી. અર્થાત્ મોહનીયકર્મના પ્રભાવજન્ય સંક્લેશથી, શુભ ધ્યાન અથવા વિશુદ્ધિની અપેક્ષાએ અશુભ ધ્યાન પરિવર્તન પામે છે. શુભ ધ્યાન મટી અશુભ ધ્યાન બને છે કે અશુભ ધ્યાન મટી શુભ ધ્યાન બને છે. આ પલટાતો પાટો અંતર્મુહૂર્ત્તમાં પલટાય છે. અંતર્મુહૂર્ત્ત પછીનું ધ્યાન દુર્ધ્યાન કહેવાય છે. દુર્ધ્યાન થતું હોવાથી અંતર્મુહૂર્ત્ત ઉપરાંત ધ્યાનનો કાળ નથી. અંતર્મુહૂર્ત્તથી વધારે વખત સુધી ધ્યાન લંબાવવાથી ઇન્દ્રિઓનો ઉપઘાત થવાનો પ્રસંગ થવાથી દિવસ આદિ પરિમાણવાળું ધ્યાન નથી.

○ એથી જ શ્વાસોશ્વાસ (શ્વાસોચ્છ્વાસ)ના નિરોધને ધ્યાન કહેવાતું નથી, કેમ કે-શ્વાસપ્રશ્વાસ નિરોધજન્ય ઉત્કૃષ્ટ વેદનાથી શરીરના પતનનો પ્રસંગ છે.

○ માત્રા દ્વારા કાળની ગણનાને 'ધ્યાન' કહેવાતું નથી, [અ-ઈ-ઉ વગેરે હ્રસ્વ સ્વરો પૈકી ગમે તે એક બોલવામાં જેટલો વખત લાગે, તે 'માત્રા' કહેવાય છે. સ્વર વિના કેવળ વ્યંજન બોલતાં જેટલો વખત લાગે, તે 'અર્ધમાત્રા' કહેવાય છે. માત્રા કે અર્ધમાત્રા જેટલો વખત જાણવાનો મહાવરો કર્યા બાદ બીજી ક્રિયાઓનો વખત આ દ્વારા માપવો, તેને 'માત્રા વડે કાળની ગણના' કહેવામાં આવશે.] કેમ કે- વ્યગ્રતા હોવાથી ધ્યાનસ્વરૂપની હાનિનો પ્રસંગ છે, અર્થાત્ ધ્યાનવિષયક વસ્તુનું ધ્યાન ન કરાતાં ચિત્ત માત્રાની ગણતરી કરવામાં રોકાયેલું રહે છે. એટલે કે-આવી દશામાં ચિત્તની વ્યગ્રતા હોઈ, તેને 'ધ્યાન' કહેવામાં આવતું નથી.

○ આ ધ્યાન ગુપ્તિ આદિથી કરાય છે.

○ ઉત્તમ સંહનન (સંઘયણ) સિવાયના બીજા સંઘયણવાળાઓનું તેટલા અંતર્મુહૂર્ત્ત કાળ સુધી અધ્યવસાયના ધારણના સામર્થ્યનો અભાવ હોઈ ઉત્તમ (પ્રકૃષ્ટ) સંહનન(હાડકાઓનો વિશિષ્ટ બાંધો)વાળા જ ધ્યાનના અધિકારી છે. ઉત્તમ સંહનનો (૧) વજ્ર (ખીલી) ઋષભ (પાટો) નારાચ (મર્કટબંધ) સંહનન, (૨) વજ્રનારાચસંહનન, (૩) નારાચસંહનન અને (૪) અર્ધનારાચસંહનન-એમ ચાર (૪) ઉત્તમ સંઘયણો કહેવાય છે.

नन्वनेन ध्यानेनाऽऽर्त्तादयस्संगृहीता नवेति शङ्कायां सामान्येनोक्तं ध्यानं विभजमानस्सर्वानुस्यूतत्वं लक्षणस्याऽऽविष्करोति –

तदार्त्तरौद्रधर्मशुक्लभेदेन चतुर्विधम् ।३०।

तदिति । ध्यानमित्यर्थः शोकाक्रन्दनविलापादिलक्षणमार्त्तम् । उत्सन्नबद्धादिलक्षणं रौद्रम् । जिनप्रणीतभावश्रद्धानादिलिङ्गं धर्मम् । अबाधाऽसंमोहनादिलक्षणं शुक्लमिति, विस्तरस्तु यथाक्रममिति ॥

ધ્યાનવિભાગ-

શું આ ધ્યાન દ્વારા આર્ત્ત આદિનો સંગ્રહ કરેલો છે કે નહિં ? આવી શંકાઓમાં સામાન્યથી કહેલ ધ્યાનનો વિભાગ કરતાં લક્ષણનું સર્વમાં વ્યાપ્તપણું છે, એમાં આવિષ્કાર કરતા કહે છે.

ભાવાર્થ - તે ધ્યાન, આર્ત્ત-રૌદ્ર-ધર્મ્ય-શુક્લના ભેદથી ચાર પ્રકારનું છે.

વિવેચન - શોક કરવો, રડવું, રૂદનપૂર્વક બોલવું આદિ લક્ષણવાળું 'આર્ત્ત' છે. બીજાને ઉચ્છિન્ન કે બદ્ધ કરું, આવા ક્રૂર પરિણામ આદિ ચિહ્નવાળું 'રૌદ્ર' છે. શ્રી જિનકથિત ભાવોની શ્રદ્ધા આદિ ચિહ્નવાળું 'ધર્મ્ય' છે. બાધાનો અભાવ, સંમોહનો અભાવ આદિ લક્ષણવાળું 'શુકલ' છે. શબ્દપ્રપંચરૂપ વિસ્તાર તો ક્રમસર કહેવાતો છે.

अथाऽऽर्त्तं लक्षयति —

इष्टानिष्टवियोगसंयोगरोगनिदानान्यतमविषयकं सोद्वेगचिन्तनमार्त्तम् । षष्ठगुणस्थानं यावदिदं भवति ।३१।

इष्टानिष्टेति । ऋतं दुःखं शारीरं मानसञ्चाऽनेकप्रकारं, अथवाऽर्दनमार्त्तिस्तत्र भवमार्त्तम् । तद्धि चतुर्विधं, तत्र[१] प्रथममिष्टानां मनोहराणां विषयाणां वियोगे सति तत्प्राप्त्यर्थं सोद्वेगचिन्तनं अर्थान्तरचिन्तनादाधिक्येन प्रकृतेऽवरोधः, ते कथं नाम मे स्युरित्येवं विचिन्तनरूपम् । द्वितीयं, अनिष्टानां शब्दस्पर्शरसगन्धानां विषयाणां संयोगे-इन्द्रियसम्बद्धे सोद्वेगचिन्तनं तद्वियोगाय, कथमहमेभ्यो विमुच्येयेति चेतसो निश्चलीकरणम् । तृतीयं, रोगस्य प्रकुपितानां पवनपित्तश्लेष्मणां सन्निपातेन संजातस्य शूलज्वरादिरूपस्य प्रतिचिकीर्षां प्रत्यागूर्णस्यानवस्थितमनसः धैर्योपरमात् सोद्वेगचिन्तनम् । चतुर्थं पुनः निदानं कारणं मोक्षसुखं विरहय्य पुनर्भवविषयकसुखाय हेतुभूतं कामोपहतचेतसां तद्विषयकं सोद्वेगचिन्तनमिति । चतुर्विधमपीदमार्त्तं कृष्णनीलकापोतलेश्याबलाधानमज्ञानप्रभवं पौरुषेयपरिणामसमुत्थं पापप्रयोगाधिष्ठितं परिभोगप्रसङ्गं नानासङ्कल्पासङ्गं धर्माश्रयपरित्यागि कषायाश्रयोपस्थानमनुपशमप्रवर्धनं

१. अमनोज्ञवस्तुसम्बन्धेन सम्बद्धस्य तद्वियोगार्थं स्मृतिः मनोज्ञवस्तुसंयोगेन सम्बद्धस्यामनोज्ञवियोगार्थं स्मृतिः, प्रथमो भेदः, शूलशिरोरोगादिवेदनाया वियोगप्रणिधानं तादृशवेदनाया अभावेऽपि असम्प्रयोगचिन्ता द्वितीयो भेदः, इष्टवस्तूनामिष्टवेदनायाश्चावियोगाध्यवसानं तृतीयो भेदः, निषेवितकामभोगसम्प्रयोगसम्प्रयुक्तस्य तदविप्रयोगस्मृतिसमन्वाहारश्चतुर्थो भेद इत्यपि क्वचित् ॥

प्रमादमूलमकुशलकर्मादानं कटुकविपाकासद्वेद्यं तिर्यग्भवगमनपर्यवसानं क्रन्दनशोचनपरिदेवनताडनादिलिङ्गगम्यं विज्ञेयम् । ध्यानस्यास्य ध्यातारं दर्शयति षष्ठेति, अविरतास्संयतासंयताः प्रमत्तसंयताश्चाऽस्य ध्यातारः केचित्प्रमत्तसंयता निदानं वर्जयित्वा प्रमादोदयोद्रेकादार्त्तत्रयं विदधति नाप्रमत्तसंयतादयोऽस्य ध्यातार इति भावः ॥

आर्त्तध्याननुं लक्षण-

भावार्थ - ઇષ્टવિયોગ-અનિષ્टસંયોગ-રોગ કે નિદાનરૂપ વિષયવાળું ઉદ્વેગપૂર્વક ચિંતન, એ 'આર્त્તધ્યાન' કહેવાય છે. આ ધ્યાન છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે.

विवेचन - ऋत એટલે શરીર સંબંધી અને માનસિક દુઃખ અથવા અર્દન એટલે અતિ=પીડા, તે દુઃખ કે પીડાથી થયેલ ધ્યાન, એ 'આર્त્ત' કહેવાય છે. વળી તે આર્त્તધ્યાન ચાર (૪) પ્રકારનું છે.

○ (૧) ઇષ્टવિયોગરૂપ આર્त્તધ્યાન=ઇષ્ટ-મનોહર વિષયોનો વિયોગ થયા બાદ તેની પ્રાપ્તિ માટે ઉદ્વેગપૂર્વકનું ચિંતન. તે મનોહર વિષયો મને કેવી રીતે મળે ? ઇત્યાદિ ચિંતનરૂપ 'આર્त્તધ્યાન' છે. [ત્યાં ચાર પ્રકારોમાં એટલે અમનોહર વસ્તુના વિયોગ માટે સ્મૃત્તિ-ચિંતા, તેમજ મનોહર વસ્તુના સંયોગથી વિયોગ ન થાય એવી સ્મૃતિ-ચિંતા 'પ્રથમ ભેદ' છે. શૂળ-મસ્તકવેદના-રોગ આદિ જન્ય વેદનાના વિયોગનો વિચાર તથા તેવી વેદનાના અભાવમાં પણ વેદનાનો સંયોગ ન થાય એની ચિંતા, એમ 'બીજો ભેદ' છે. ઇષ્ટ વસ્તુઓનો અને ઇષ્ટ સુખના અનુભવરૂપ વેદનાના વિયોગના અભાવનો અધ્યવસાય, એ (૩) 'ત્રીજો ભેદ' છે. અત્યંત સેવિત કામભોગોના સંયોગથી યુક્ત અને કામભોગના સંયોગનો વિયોગ ન થાય એવી સ્મૃતિ-ચિંતા, એ (૪) 'ચોથો ભેદ છે.' એમ કેટલાક કહે છે.]

○ (૨) અનિષ્टસંયોગજન્ય આર્त્તધ્યાન=અણગમતા શબ્દ-સ્પર્શ-રસ-ગંધરૂપ વિષયોનો સંયોગ-ઇન્દ્રિયોની સાથે સંબંધરૂપ સંયોગ થવાથી, તેના વિયોગ માટે ઉદ્વેગપૂર્વકનું ચિંતન. જેમ કે-'હું કેવી રીતે આ અનિષ્ટ વિષયોથી મુક્ત થાઉં ?'-આવું ચિત્તનું નિશ્ચલીકરણ (નિશ્ચલ કરવું તે), એ બીજો ભેદ છે.

○ (૩) રોગજન્ય આર્त્તધ્યાન=પ્રકુપિત થયેલ વાયુ-પિત્ત-શ્લેષ્મ(કફ) (ધાતુ)ના સન્નિપાતથી (વિષયતારૂપ ત્રિદોષથી) થયેલ શૂલ-જ્વર (તાવ) આદિ રૂપ રોગની પ્રતિકારની ઇચ્છા (ચિકિત્સા) પ્રત્યે ઉદ્યમવંત, અસ્થિર મનવાળાનું ધૈર્યના અભાવથી ઉદ્વેગપૂર્વકનું ચિંતન, એ ત્રીજો ભેદ છે.

○ (૪) નિદાનજન્ય આર્त્તધ્યાન=શાશ્વત મોક્ષસુખને છોડી સંસારના વિષયસુખો માટે હેતુરૂપ નિદાન, (નિયાણું-લાંબા કાળ સુધી તપશ્ચર્યા કર્યા બાદ કામભોગ-સુખોની ઇચ્છા) કામથી હણાયેલ ચિત્તવાળાઓનું વિષયસુખ વિષયવાળું ઉદ્વેગપૂર્વકનું ચિંતન, એ 'નિદાનજન્ય આર્त્તધ્યાન' કહેવાય છે.

○ આ ચાર પ્રકારનું પણ આર્त્તધ્યાન, કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાના બળનું આધાન (સ્થાપન-ધારણ) કરનારું છે. અજ્ઞાનરૂપી પ્રભવ-મૂળવાળું આર્त્તધ્યાન છે. પૌરુષેય (પુરુષ-આત્માએ કરેલ) પરિણામથી પેદા થયેલ આર્त્તધ્યાન છે.

પાપનો પ્રયોગ જેના પાયામાં છે, એવું આર્त્તધ્યાન છે.

ભોગ-ઉપભોગના પ્રસંગને પામી થનારું આર્ત્તધ્યાન છે.

અનેક સંકલ્પ-વિકલ્પોના ચારેય બાજુના ઘેરાના સંગથી જન્ય 'આર્ત્ત' છે.

ધર્મના સ્થાનોના-નિમિત્તોના પરિત્યાગ કરાવનારું 'આર્ત્તધ્યાન' છે.

કષાયોના સ્થાનો-નિમિત્તોની ઉપસ્થિતિવાળું 'આર્ત્તધ્યાન' છે.

અશાન્તિ-અસમાધિને વધારનારું 'આર્ત્તધ્યાન' છે.

પ્રમાદના મૂલરૂપ 'આર્ત્તધ્યાન' છે. પાપકર્મોનું ગ્રહણ કરાવનારું 'આર્ત્તધ્યાન' છે. કડવા વિપાકવાળું અસાતાવેદનીયનું જનક 'આર્ત્ત' છે. અંતે તિર્યંચગતિમાં ગમન કરાવાનારું 'આર્ત્તધ્યાન' છે. શોક કરવો, રડવું, કરૂણ વિલાપ કરવો, છાતી કૂટવી વગેરે ચિહ્નોથી ગમ્ય 'આર્ત્તધ્યાન' છે.

○ આ આર્ત્તધ્યાનના ધ્યાતા-અધિકારીને દર્શાવે છે. અવિરતો, સંયતાસંયતો (દેશવિરતિધરો) અને પ્રમત્તસંયતો આ આર્ત્તધ્યાનના ધ્યાતાઓ (અધિકારીઓ) છે. કેટલાક પ્રમત્તસંયતો (પ્રમાદી સાધુઓ) નિદાન (નિયાણા) નામના આર્ત્તધ્યાનને છોડી પ્રમાદના ઉદયના ઉદ્રેક (આવિર્ભાવ)થી ત્રણ આર્ત્તધ્યાનોને કરે છે. અપ્રમત્તસંયત આદિઓ આ આર્ત્તધ્યાનના ધ્યાતાઓ (અધિકારીઓ) નથી.

अथ रौद्रमाह—

हिंसाऽसत्यस्तेयसंरक्षणान्यतमानुबन्धिचिन्तनं रौद्रम् । आपञ्चममेतत् ।३२।

हिंसेति । रोदयतीति रुद्रः क्रूरस्तस्येदं कर्म रौद्रं तत्र भवं वा । तदपि चतुर्विकल्पं[१], हिंसानुबन्धिचिन्तनं-हिंसानिमित्तं चिन्तनमाद्यं, असत्यनिमित्तं द्वितीयं, स्तेयनिमित्तं तृतीयं, चतुर्थन्तु संरक्षणानुबन्धि विषयाणां शब्दादीनां तदानीं मनसः परितोषकराणां पश्चाच्च भृशं भीकरफलानां तत्साधनभूतानाञ्च धनधान्यादीनां संरक्षणानुबन्धिध्यानमित्यर्थः । तदिदं अतिकृष्णनीलकापोतलेश्याबलाधानं प्रमादाधिष्ठानं, नरकगतिफलावसानं मारणाभिलाष-मरणेहाऽपरव्यसनप्रसन्नतानिर्दयत्वपरक्लेशकारित्वादिलिङ्गगम्यं, तीव्रवधबन्धसंक्लिष्टाध्यवसाय-प्रसवमवसेयम् । अस्य ध्यातारमाचष्टे आपञ्चममेतदिति । देशविरतं यावदित्यर्थः । आर्त्तरौद्रे ध्याने प्रकृष्टतमरागद्वेषानुगतत्वात् नरकादिचतुर्गतिकसंसारस्यैव हेतू भवतो न जातुचिन्मुक्तिहेतू इत्यवधेयम् ॥

રૌદ્રધ્યાનનું નિરૂપણ-

ભાવાર્થ - હિંસાનુબંધી-અસત્યાનુબંધી-સ્તેયાનુબંધી કે સંરક્ષણાનુબંધી ચિંતન, એ 'રૌદ્રધ્યાન' કહેવાય છે. આ ધ્યાન પાંચમા ગુણસ્થાન સુધી છે.

---

१. **एकेन्द्रियादीनां वधवेधबन्धनदहनाङ्कनमारणादिप्रणिधानं, पिशुनासभ्यासद्भूतघातादिवचनप्रणिधानं, परलोकापायनिरपेक्षपरद्रव्यहरणप्रणिधानं, शब्दादिविषयसाधनपरिपालनव्यग्रत्वमिति चतुर्विधं रौद्रध्यानमिति भावः ॥**

વિવેચન - રુદ્ર એટલે જે બીજાઓને રડાવે તે રુદ્ર-ક્રૂર. તે ક્રૂરનું કર્મ અથવા ક્રૂરથી થયેલ જે હોય, તે 'રૌદ્ર' કહેવાય છે. તે રૌદ્રધ્યાન પણ ચાર ભેદવાળું છે. [એકેન્દ્રિય આદિ જીવોના ૧-વધ-બંધન-વધ-દહન-અંકન-મારણ આદિનો વિચાર, ૨-પિશુન-અસભ્ય-અસત્ય-ઘાત આદિના વચનનું ચિંતન, ૩-પરલોકના અપાયથી નિરપેક્ષ બીજાના દ્રવ્યના હરણનો વિચાર, અને ૪-શબ્દ આદિ વિષયના સાધનોના પરિપાલનમાં વ્યગ્રતા, એમ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન છે.]

(૧) હિંસાનુબંધી ચિંતનરૂપ રૌદ્રધ્યાન=હિંસારૂપી નિમિત્તજન્ય ચિંતન (હિંસા સંબંધી સતત વિચાર કરવો), એ 'હિંસાનુબંધી રૌદ્રધ્યાન' છે.

(૨) અસત્યરૂપી નિમિત્તજન્ય ચિંતન=જુઠું બોલવાની વૃત્તિમાં જે ક્રૂરતા આવે છે, તેને લીધે જે સતત ચિંતા થયા કરે તો તે 'અસત્યાનુબંધી રૌદ્રધ્યાન.'

(૩) ચોરીરૂપી નિમિત્તજન્ય ચિંતન=દ્રવ્યની ચોરી કરવાના ઉપાયમાં મનને રોકવાનો સતત વિચાર કરવો તે, ક્રોધ-લોભ આદિ કષાયોને વશ બની પરનું દ્રવ્યાદિ હરી લેવાનો સતત સંકલ્પ, તે 'સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન' છે.

(૪) સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન=તાત્કાલિક પરિતોષ કરનારા અને પછીથી અત્યંત ભયંકર ફળ આપનારા શબ્દ આદિ વિષયોના અને તે વિષયોના સાધનભૂત ધનધાન્ય આદિના સંરક્ષણનું સતત ચિંતન, તે 'વિષયસંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન' છે.

આ રૌદ્રધ્યાન અત્યંત કૃષ્ણ-નીલ લેશ્યાના બળનું આધાન (સ્થાપન-ધારણ) જેનાથી થાય છે એવું રૌદ્રધ્યાન છે, પ્રમાદના પાયા ઉપર ઉભું રહેલ રૌદ્રધ્યાન છે અને અંતે નરકગતિનું ફળ આપનાર 'રૌદ્રધ્યાન' છે.

મારવાની અભિલાષા, મારવાની ઇચ્છા, બીજાનું દુઃખ દેખી રાજી થવું, નિર્દયતા, બીજાને ક્લેશ કરવાપણું, ઇત્યાદિ ચિહ્નોથી ગમ્ય (જાણી શકાય), એવું રૌદ્રધ્યાન છે.

તીવ્ર વધનો અને બંધનો સંક્લિષ્ટ અધ્યવસાય આ રૌદ્રધ્યાનનો જનક છે, એમ જાણવું. આ રૌદ્રધ્યાનના ધ્યાતાને (અધિકારીને) કહે છે કે-આ રૌદ્રધ્યાન દેશવિરત ગુણસ્થાનક સુધી રહે છે.

○ આ આર્ત્ત અને રૌદ્રરૂપ બે અશુભ ધ્યાનો, ઉત્કૃષ્ટતમ રાગ અને દ્વેષથી અનુગતવ્યાપ્ત હોવાથી નરક આદિ ચાર ગતિવાળા સંસારના હેતુઓ છે, કદાચિત્ મોક્ષના હેતુ નથી એમ અવધારવું.

सम्प्रति धर्मध्यानमाह—

आज्ञापायविपाकसंस्थानान्यतमविषयकं पर्यालोचनं धर्मध्यानम् । अप्रमत्ततः क्षीणमोहं यावत् ।३३।

आज्ञेति । धर्मः क्षमादिदशलक्षणकः, तत्सम्बन्धिध्यानं धर्मध्यानम् । तच्चतुर्विधं, आज्ञाविषयकपर्यालोचनं, अपायविषयकपर्यालोचनं, विपाकविषयकपर्यालोचनं, संस्थान-

विषयकपर्यालोचनञ्चेति । तत्रोपदेष्टुरभावेऽपि मन्दबुद्धित्वेऽपि कर्मोदयात्सूक्ष्मत्वाच्च वस्तूनां लिङ्गनिदर्शनालाभेऽपि अवितथवादिनः क्षीणरागद्वेषास्सर्वज्ञा अन्यथासन्तमन्यथा न जानन्त्येव न भाषन्त एव तत्कारणाभावात् अतस्सर्वथा सत्यमिदं तच्छासनं संसारसागरोत्तारकञ्चेत्याज्ञां प्रमाणीकृत्यार्थावधारणमाज्ञाविषयकं पर्यालोचनरूपं प्रथमं धर्मध्यानम् । रागद्वेषकषायेन्द्रियवशीभूतानां प्राणिनां शारीरमानसदुःखचिन्तनं द्वितीयम्, रागद्वेषादिभिः प्रदुष्टान्तःकरणा जन्तवो मूलोत्तरप्रकृतिविभागसम्भूतजन्मजरामरणगहनविपिनपरिभ्रमणपरिश्रमप्रभवप्रभूतदुःखाकुलास्सांसारिकसुखस्पृहयालवश्शरीरेन्द्रियाद्याश्रवद्वारप्रवाहपतिता मिथ्यात्वाज्ञानाविरतिपरिणता यथायोगमार्त्तरौद्रध्यानविशेषाभ्यां पर्याप्तं कर्मजालमादाय दीर्घकालं नरकादिगतिष्वपायैर्युज्यन्ते । केचिदिहापि कृतवैरानुबन्धाः परस्परमाक्रोशवधबन्धाद्याक्रोशभाजः क्लिश्यन्त इत्येवं प्रत्यवायप्रायेऽस्मिन् संसारे उद्वेगार्थमपायानां विचिन्तनं द्वितीयं धर्मध्यानम् । विपाकः कर्मफलानुभवस्तद्विवेकः प्रति प्रणिधानं विपाकविषयकपर्यालोचनं, तत्र ज्ञानावरणाद्यष्टविधं कर्मप्रकृतिस्थित्यनुभावप्रदेशभेदभिन्नमिष्टानिष्टविपाकपरिणामं जघन्यमध्यमोत्कृष्टस्थितिकं नरकादिविविधविपाकं, तद्यथा ज्ञानावरणादुर्मेधस्त्वं, दर्शनावरणाच्चक्षुरादिवैकल्यं निद्राद्युद्भवश्च, असद्वेद्याद् दुःखं सद्वेद्यात्सुखानुभवः, मोहनीयाद्विपरीतग्राहिता चारित्रविनिवृत्तिश्च, आयुषोऽनेकभवप्रादुर्भावः, नाम्नोऽशुभप्रशस्तदेहादिनिर्वृत्तिर्गोत्रादुच्चनीचकुलोत्पत्तिः अन्तरायादलाभ इति, एवं निरुद्धचेतसः कर्मविपाकानुस्मरणं तृतीयं धर्मध्यानं । लोकद्रव्यसंस्थानस्वभावावधानं संस्थानविषयकपर्यालोचनम्, लोकस्य द्रव्यस्य च संस्थानमाकारविशेषः, लोकस्याधोमुखमल्लसंस्थानमधोलोकः, तदुर्ध्वं झल्लर्याकृतिस्तिर्यग्लोकः, स च ज्योतिर्व्यन्तरा-

---

१. अपायोपायजीवाजीवविपाकविरागभवसंस्थानाऽऽज्ञाहेतुविचयानि चेति चतुर्विधेन संक्षिप्तमपि दशविधं तत् । दुष्टमनोवाक्कायव्यापाराणामपायः कथं हेयः स्यादित्येवंभूतस्संकल्पप्रबन्धो दोषपरिवर्जनस्य कुशलप्रवृत्तित्वादपायविचयम् । तेषामेव कुशलानां स्वीकरणमुपायः स कथमनुमेयः स्यादिति संकल्पप्रबन्ध उपायविचयं । असंख्येयप्रदेशात्मकसाकारानाकारोपयोगलक्षणादिस्वकृतकर्मफलोपभोगित्वादिचिन्तनं जीवविचयम् । धर्माधर्माकाशकालपुद्गलानामनन्तपर्यायात्मकत्वादिविचारोऽजीवविचयम् । विपाकविचयं टीकायामुक्तमेव । प्रेत्य स्वकृतकर्मफलभोगार्थं पुनः प्रादुर्भावो भवः, स चारघट्टघटीयंत्रवन्मूत्रपुरीषांत्रतंत्रनिबद्धदुर्गन्धजठरपुस्कोटरादिष्वजस्रमावर्त्तनं, न चाऽत्र किञ्चिज्जन्तोः स्वकृतकर्मफलमनुभवतश्चेतनमचेतनं वा सहायभूतं शरणतां प्रतिपद्यत इत्यादि भवसंक्रांतदोषपर्यालोचनं भवविचयम् । संस्थानविचयन्तु टीकायामुक्तम् । आज्ञाविचयमपि तत्रैव आगमविषयप्रतिपत्तौ तर्कानुसारिबुद्धेः पुंसः स्याद्वादप्ररूपकागमस्य कषच्छेदतापशुद्धिसमाश्रयणीयत्वगुणानुचिन्तनं हेतुविचयमिति ॥

कुलोऽसंख्येयद्वीपसमुद्रपरिवेष्टितः ऊर्ध्वलोक ऊर्ध्वीकृतमृदङ्गाकृतिरुत्कृष्टशुभपरिणामोपेतः कल्पोपपन्नकल्पातीतदेवव्यापृत इत्येवं विचारणा, द्रव्याणां तावद् धर्माधर्मौ लोकाकारौ गतिस्थितिहेतू, आकाशमवगाहलक्षणं, आत्मान उपयोगलक्षणाश्शरीरादर्थान्तरभूता अरूपाः कर्तार उपभोक्तारो निजकर्मणां शरीराकारा मुक्तौ त्रिभागहीनाकाराः, कालो वर्त्तनादिपरिणामी समयात्मकः, पुद्गलद्रव्यं शरीरादिकार्यं, द्रव्यञ्चोत्पादव्ययध्रौव्ययुक्तमनन्तधर्मात्मकं नित्यानित्यैकानेकभेदाभेदसदसदादिस्वरूपमित्येवं प्रणिधानं चतुर्थं धर्मध्यानमित्यर्थः, ननु भावनानां धर्मध्यानेऽन्तर्भावस्तज्जातीयत्वादिति चेन्न, अनित्यादिविषयविचिन्तनस्य ज्ञानरूपत्वे भावनाव्यपदेशात्, एकाग्रचिन्तानिरोधरूपत्वे धर्मध्यानत्वादित्येवं प्रवृत्तिनिमित्तभेदात् । ध्यानोपरमकालभावित्वाच्च भावनानां ततोर्थान्तरत्वात् । अस्य ध्यातारमाहाप्रमत्तत इति, सर्वप्रमादै रहिता अप्रमत्तास्तेभ्य आरभ्य क्षीणमोहपर्यन्तवर्तिनोऽस्य ध्यातारः, अत्र लक्षणघटकतया ध्यानकारणभूतो ध्यातव्यवस्तुनिर्देशो धर्मध्यानावान्तरभेदः, अप्रमत्तत इत्यादिना ध्यातारश्च प्रदर्शिता उपलक्षकतया । तेन ज्ञानदर्शनचारित्रवैराग्यविषया भावनाः, योग्यदेशकालाऽऽसनविशेषा वाचनाद्यालम्बनं मनोनिरोधादिक्रमः, अनित्यत्वादिभावनाः लेश्याविशेषः श्रद्धानादिलिङ्गं सुरलोकादिफलं च गृह्यते । सदा हि ज्ञानविषयकोऽभ्यासोऽशुभव्यापारनिरोधेन चेतस एकस्मिन् विषयेऽवस्थापको विशुद्धिकृद् भवनिर्वेदकृच्च भवति, एवं च ज्ञानेन ज्ञातपरमार्थो निष्प्रकम्पं ध्यायति । शङ्कादिदोषरहितत्वात्प्रशमस्थैर्यादिगुणगणोपेतः तत्त्वान्तरेऽभ्रान्तचित्तो दर्शनशुद्ध्या ध्यानाय प्रवर्त्तते, चारित्रभावनयोपात्तकर्मक्षपणमनुपात्ताशुभानादानं सम्यक्त्वादि शुभकर्मादानमयत्वेन ध्यानञ्च प्राप्नोति, जगत्तत्त्वस्य सम्यग्ज्ञानाद्विषयस्नेहसङ्गाभावादिह लोकादिसप्तभयराहित्यादिहपरलोकाकांक्षावैधुर्यात् तथाविधक्रोधादिराहित्याच्च वैराग्यभावितमना ध्याने निश्चलो भवति, अपरिणतयोगादीनां युवत्यादिव्यतिरिक्तापेक्षया विजनो देशो ध्यानयोग्यदेशः, युवत्यादियुतदेशस्तु सर्वदा वर्ज्य एव । परिणतयोगानां सुनिश्चलमनसां तु जनाकीर्णो जनशून्यो वा देशो ध्यानाय कल्पते । यत्र काले मनोयोगादिस्वास्थ्यमुत्तमं लभते स एव ध्यानकालो न तु दिवसनिशावेलाविशेषाः । या काचिन्निषण्णतादिरूपा देहावस्था प्रकृतध्यानानवरोधिनी स एवाऽऽसनविशेषो ग्राह्यो न त्विदमेवासनं कार्यमिति नियमः । श्रुतधर्मानुगतानां वाचनप्रच्छनपरिवर्त्तनानुचिन्तनादीनां चारित्रधर्मानुगतानां सामायिकादिसामाचारीणां सम्यगासेवनया वरं धर्मध्यानं समारोहति,

योगनिरोधक्रमस्तु धर्मध्याने न नियमितः परन्तु यथा स्वास्थ्यं भवेत्तथा कार्यः । धर्मध्यानोपरमेऽपि सदा साधुनाऽनित्याशरणैकत्वसंसारभावनाः सचित्तादिष्वनभिष्वङ्गभवनिर्वेदादिस्थिरतायै भावनीयाः । अत्र स्थितस्य क्रमविशुद्धाः पीतपद्मशुक्ललेश्यास्तीव्रमन्दादिभेदा अनुकूला भवन्ति । आगमोपदेशाऽऽज्ञानिसर्गतस्तीर्थंकरप्ररूपितानां द्रव्यादिपदार्थानां श्रद्धानमस्य लिङ्गं, सूत्रमागमः, तदनुसारेण कथनमुपदेशः, अर्थ आज्ञा निसर्गः स्वभावः । तथा जिनसाधुगुणोत्कीर्त्तनप्रशंसादानविनयसम्पन्नः श्रुतशीलसंयमरतो धर्मध्यायीति विज्ञायते, तथैवं ध्यायतस्सुरलोकादिकं भवतीति धर्मध्याने निमित्तानि विज्ञेयानि । क्षीणमोहं यावदिति, उपशान्तमोहक्षीणमोहयोस्तु शुक्ले ध्याने वक्ष्यमाणे प्राथमिकद्विभेदे अपि भवत इत्यपि बोध्यम् ॥

धर्मध्याननुं वर्णन-

भावार्थ - आज्ञा, अपाय, विपाक के संस्थानना विषयवाळुं पर्यालोचन-सतत चिंतन, ए 'धर्मध्यान' कहेवाय छे. आ धर्मध्यान अप्रमत्तथी मांडी क्षीणमोह सुधी होय छे.

विवेचन - क्षमा आदिरूप दश लक्षणवाळो 'धर्म' कहेवाय छे. ते धर्म संबंधी ध्यान, ए 'धर्मध्यान' छे. ते धर्मध्यान चार प्रकारनुं छे.

धर्मध्यानना चार प्रकारो-

(१) आज्ञाविषयक पर्यालोचन-अहीं उपदेशकनो अभाव होवा छतां, मंदबुद्धि होवा छतां, ज्ञानावरणीयकर्मना उदयथी अने वस्तुओनुं सूक्ष्मपणुं होवाथी लिंग (हेतु) अने निदर्शन (दृष्टान्त) नहीं मळवा छतां, राग-द्वेषना सर्वथा क्षयवाळा (वीतराग) सर्वज्ञो सत्यवादी ज होय छे. तेओ जे प्रकारे वस्तु छे ते ज प्रकारवाळी वस्तुने जाणे छे, उलटी रीते जाणतां ज नथी, बोलतां ज नथी, केम के-तेना कारणभूत राग-द्वेषनो अभाव छे. आ ज कारणसर आ जैनशासन (सर्वज्ञ-आज्ञा) सर्वथा सत्य ज छे. आ साचुं जैनशासन ज दुःखगहन संसारसागरथी पार उतारनारुं छे. आवी रीते जिननी आज्ञाने प्रमाण करीने तत्त्वार्थना अवधारण-निर्णयरूप आज्ञाविषयक पर्यालोचनरूप प्रथम (१) धर्मध्यान छे.

(२) अपायविषयक पर्यालोचन-राग-द्वेष-कषाय-ईन्द्रिय आदिने आधीन बनेला प्राणीओना शरीर संबंधी अने मन संबंधी दुःखोनुं चिंतन, ए बीजुं धर्मध्यान छे. अर्थात् राग-द्वेष आदिथी अत्यंत दुष्ट अंतःकरणवाळा जीवो, मूल अने उत्तरना विभागवाळी कर्मप्रकृतिओए आपेल जन्म-जरा-मरणथी गहन एवा भवनना परिभ्रमणना परिश्रमथी जन्य दुःखोथी आकुळ-व्याकुळ बनेला, सांसारिक सुखोनी स्पृहा-कामनावाळा, शरीर-ईन्द्रिय आदिरूप आश्रवद्वारना प्रवाहमां पडेला, मिथ्यात्व-अज्ञान-अविरतिना परिणामोथी परिणमेला, योग प्रमाणे विशिष्ट आर्त्तध्यान-रौद्रध्यान द्वारा पर्याप्त कर्म जाळने ग्रहण करी, दीर्घकाळ सुधी नरक आदि गतिओमां जीवो दुःखी थाय छे. केटलाक अहीं पण वैरपरंपराने करनारा,

અરસપરસ આકોશ-વધ-બંધન વગેરે કષ્ટોના ભાગી દેખાય છે-ક્લેશવાળા જણાય છે. આ કારણથી પ્રત્યવાય-દુઃખમય આ સંસારથી અત્યંત ઉદ્વેગ થાય, એ હેતુથી સંસારીઓના દુઃખોનો-તત્કારણ કર્મોનો વિચાર, એ આ બીજું ધર્મધ્યાન છે.

(૩) વિપાકવિષયક પર્યાલોચનરૂપ ધર્મધ્યાન-નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવભવોમાં કર્મોના વિપાક ફળ-રસના અનુભવનો વિવેકરૂપ વિચાર, તે વિપાકવિષયક પર્યાલોચન રૂપ ત્રીજું ધર્મધ્યાન છે. ત્યાં જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોનું કર્મપ્રકૃતિ-સ્થિતિરસ-પ્રદેશના ભેદવાળું, ઇષ્ટ-અનિષ્ટ વિપાક પરિણામવાળું જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ સ્થિતિવાળું અને નરક આદિ વિવિધ વિપાકવાળું છે. જેમ કે-(૧) જ્ઞાનાવરણીયકર્મથી દુર્બુદ્ધિ અજ્ઞાનતા પમાય છે. (૨) દર્શનાવરણીયકર્મચક્ષુ (આંખ) આદિ ઇન્દ્રિયોના અભાવને અને નિદ્રા આદિની ઉત્પત્તિને કરે છે. (૩) અસાતાવેદનીયકર્મથી દુઃખ અને સાતાવેદનીયકર્મથી સુખનો અનુભવ થાય છે. (૪) મોહનીયકર્મથી વિપરીત (ઉલટું) ગ્રહણ (વિપરીત દર્શન-જ્ઞાનરૂપ ગ્રહણ) થાય છે અને ચારિત્રનો અભાવ થાય છે-અવિરતિ થાય છે. (૫) આયુષ્યકર્મથી અનેક ભવો-જન્મોની પ્રાપ્તિ (ઉદય) થાય છે. (૬) નામકર્મથી શુભ-અશુભ શરીર આદિનું સર્જન થાય છે. (૭) ગોત્ર નામના કર્મથી ઉચ્ચ-નીચ કુળોમાં ઉત્પત્તિ થાય છે. (૮) અંતરાયકર્મથી લાભ-પ્રાપ્તિ-સિદ્ધિનો અભાવ થાય છે. આ પ્રમાણે સ્થિર ચિત્તવાળાનું કર્મવિપાકનું ચિંતન, એ ત્રીજું ધર્મધ્યાન કહેવાય છે.

(૪) સંસ્થાનવિષયક પર્યાલોચનરૂપ ધ્યાન-લોકના અને દ્રવ્યોના વિશિષ્ટ આકારરૂપ સંસ્થાનનો વિચાર, તે સંસ્થાનવિષયક પર્યાલોચન કહેવાય છે. અર્થાત્ લોકનો અને દ્રવ્યનો વિશિષ્ટ આકાર સંસ્થાન. જેમ કે-

○ લોકમાં નીચા મુખવાળા મલ્લક(દીવો કરવાનું કોડિયું)ના જેવા આકારવાળો 'અધોલોક' છે, ઝલ્લરી (ખંજરી) અથવા થાળના આકાર જેવો 'તીર્છાલોક' છે અને તે જ્યોતિષી-વ્યંતરોથી વ્યાપ્ત અસંખ્યાત દ્વીપો અને સમુદ્રોથી વિંટળાયેલો છે.

○ ઉંચો કરેલ મૃદંગના આકાર જેવો, ઉત્કૃષ્ટ શુભ પરિણામોથી સહિત, કલ્પોપપન્ન અને કલ્પાતીત દેવોથી ભરેલ, એવો ઉર્ધ્વલોક છે. આવા પ્રકારની વિચારણા અને દ્રવ્યોના આકારનો વિચાર એવો છે કે-લોકના જેવા આકારવાળા, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામના બે દ્રવ્યો ક્રમથી ગતિમાં કારણરૂપ અને સ્થિતિમાં હેતુરૂપ છે. આકાશદ્રવ્ય તો અવગાહ-અવકાશ-જગ્યા દેવાના લક્ષણવાળું છે. વળી આત્માઓ-આત્મદ્રવ્ય તો ઉપયોગરૂપ લક્ષણવાળા, શરીરથી જુદા પદાર્થરૂપ, રૂપ વગરના (રૂપ-રસ-ગંધ-સ્પર્શ વગરના) નિજકર્મોના કર્તા અને ભોક્તાઓ, શરીર આકાર-પરિમાણવાળા અને મુક્તિમાં ત્રીજા ભાગે હીન સંસ્થાનવાળા આત્માઓ હોય છે. કાળ નામનું દ્રવ્ય વર્તના આદિ પરિણામવાળું અને સમયસ્વરૂપી છે. પુદ્ગલદ્રવ્ય શરીર આદિ કાર્યરૂપ છે. દ્રવ્ય એટલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત, અનંત ધર્મરૂપ નિત્ય-અનિત્ય, એક-અનેક, ભેદ-અભેદ, સદ્-અસદ્ આદિ સ્વરૂપવાળું દ્રવ્ય છે. આવી રીતે પદાર્થસ્વરૂપનું પરિજ્ઞાનરૂપ તત્ત્વ અવબોધથી સમ્યક્ ક્રિયાનુષ્ઠાન થાય છે અને સમ્યક્ ક્રિયાનુષ્ઠાનથી મોક્ષપ્રાપ્તિ થાય છે, માટે ધર્મધ્યાન અત્યંત અનિવાર્ય-આવશ્યક છે.

शंका - ધ્યાનની જાતિવાળી ભાવનાઓનો સમાવેશ-અંતર્ભાવ ધર્મધ્યાનમાં થશે જ ને ? કેમ કે-ધ્યાન સમાન જાતિવાળી ભાવનાઓ છે. બરોબર ને ?

समाधान - અનિત્ય આદિ વિષયવાળા ચિંતનમાં જ્ઞાનરૂપપણું થયે છતે ભાવનાનો વ્યવહાર છે, જ્યારે એકાગ્રતાપૂર્વક ચિંતાના નિરોધરૂપપણું થયે છતે ધર્મધ્યાનપણાનો વ્યવહાર છે. એ જ કારણે પ્રવૃત્તિના નિમિત્તમાં ભેદ હોવાથી ધ્યાન અને ભાવનામાં ભેદ છે. વળી ધ્યાનના વિરામકાળ પછી ભાવના વર્તતી હોવાથી ભાવના અને ધ્યાન એ બંને જુદા છે. [અપાય, ઉપાય, જીવ, અજીવ, વિપાક, વિરાગ, ભવ, સંસ્થાન, આજ્ઞા અને હેતુરૂપ પર્યાલોચનરૂપ ધર્મધ્યાન, સંક્ષિપ્તથી ચાર પ્રકારનું પણ વિસ્તારથી દશ પ્રકારનું છે.]

(૧) અપાયવિચય-દુષ્ટ મન-વચન-કાયાના વ્યાપારોનો અપાય (દોષ) કેવી રીતે છોડવો ? આવા પ્રકારની સંકલ્પના રચના, દોષપરિવર્જન પણ કુશલ પ્રવૃત્તિરૂપ હોવાથી 'અપાયવિચય' ધર્મધ્યાન છે.

(૨) તે શુભ મન-વચન-કાયાના વ્યાપારોના સ્વીકારરૂપ ઉપાય, તે કેવી રીતે જાણવો કે અનુમેય હોઈ શકે ? એવો સંકલ્પ કરવો, એ 'ઉપાયવિચય' ધર્મધ્યાન છે.

(૩) અસંખ્યાત પ્રદેશરૂપ જ્ઞાન-દર્શન-ઉપયોગ-લક્ષણ આદિ રૂપ પોતે કરેલ કર્મના ફળનું ભોગવવાપણું આત્મામાં છે, ઇત્યાદિ ચિંતન, એ 'જીવવિચય' ધર્મધ્યાન છે.

(૪) ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્ગલોનું અનંતપર્યાય આત્મકપણા આદિનું ચિંતન, એ 'અજીવવિચય' ધર્મધ્યાન છે.

(૫) વિપાકવિચય તો ટીકામાં કહેલ છે.

(૬) પરલોકમાં પોતે કરેલ કર્મફળ ભોગવવા માટે ફરીથી જન્મવું તે ભવ. વળી તે ભવ અરઘટ્ટ ઘંટીયંત્રની માફક મૂત્ર-પુરીષ આંતરડાના તાંતણાથી બંધાયેલ દુર્ગંધીવાળા જઠર (કુક્ષિ)રૂપ શરીરથી બખોલ આદિમાં હંમેશાં આવર્ત્તન-ફરીથી જન્મવું-આવવું. વળી અહીં ગર્ભાવાસ આદિમાં પોતે કરેલ કર્મના ફળને અનુભવતા જીવને ચેતન કે અચેતન કોઈ વસ્તુ સહાયભૂત તે શરણભૂત થતી નથી. ઇત્યાદિ ભવમાં સંક્રાન્ત (ઉપસ્થિત થયેલ) દોષના પર્યાલોચનરૂપ 'ભવવિચય' ધર્મધ્યાન કહેવાય છે.

(૭) સંસ્થાન વિચયરૂપ ધર્મધ્યાન ટીકામાં કહેલ છે.

(૮) આજ્ઞાવિચયરૂપ ધર્મધ્યાન તે ટીકામાં જ કહેલ છે.

(૯) આગમકથિત વિષયની પ્રતિપત્તિ સ્વીકારમાં તર્કાનુસારિ બુદ્ધિવાળા તાર્કિક પુરુષ પ્રત્યે સ્યાદ્વાદપ્રરૂપક શ્રી જિનેન્દ્ર ભગવાનનું આગમશાસ્ત્ર, કષ-છેદ-તાપ શુદ્ધિથી વિશિષ્ટ છે. આવા ઉત્તમ ગુણનો વિચાર, એ 'હેતુવિચય' ધર્મધ્યાન છે.

(૧૦) વિરાગવિચય નામક ધર્મધ્યાન-શરીર આદિ ક્ષણિક પદાર્થો વિનાશી છે, એવો વૈરાગ્યનો વિચાર, એ 'વિરાગવિચય' ધર્મધ્યાન છે.

સ્વામીનું વર્ણન-આ ધર્મધ્યાનના ધ્યાતા સ્વામીને કહે છે કે-'अप्रमत्तत:' ઇતિ.

અપ્રમત્ત-સર્વ પ્રમાદોથી રહિત અપ્રમત્તો કહેવાય છે. તે અપ્રમત્તોથી માંડી ક્ષીણમોહ પર્યંત વર્તનારાઓ આ ધર્મધ્યાનના સ્વામીઓ છે. અહીં લક્ષણમાં કહેલ ધ્યાનના કારણભૂત આજ્ઞાદિરૂપ ધ્યાતવ્ય વસ્તુનો નિર્દેશ ધર્મધ્યાનના અવાન્તર ભેદવાળો છે. વળી 'અપ્રમત્તતઃ' ઇત્યાદિ ઉપલક્ષક વાક્યથી ધ્યાતાઓ સ્વામીઓ દર્શાવેલ છે.

તે કારણથી (૧) જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્યરૂપ વિષયવાળી ભાવનાઓ, અર્થાત્ (અ) જ્ઞાનભાવના-જ્ઞાનનો નિત્ય અભ્યાસ હોવાથી જ્ઞાનભાવનાથી મનની ત્યાં જ સ્થિરતાવાળો ગુણ જ એક માત્ર સાર છે, એમ જાણનારો નિશ્ચળ મતિવાળો અનાયાસે જ ધર્મધ્યાન કરે છે. (આ) દર્શનભાવના-શંકા આદિ શલ્ય વગરનો, શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય-સ્થૈર્ય-પ્રભાવના-યાતના-સેવા-ભક્તિયુક્ત, અમૂઢ ચિત્તવાળો અને દર્શનભાવના(સંસ્કાર-અભ્યાસ)થી નિર્મળતમ બુદ્ધિવાળો અસ્ખલિત જ ધર્મધ્યાન કરે છે. (ઇ) ચારિત્રભાવના-ચારિત્રભાવના અભ્યાસમાં અધિષ્ઠિત થયેલો નવાં કર્મો લેતો નથી, જૂનાં કર્મોને નિર્જરે છે કે શુભ કર્મોને બાંધે છે, તેથી પ્રયત્ન વગર જ ધર્મધ્યાયી બને છે. (ઈ) વૈરાગ્યભાવના-જગતના અને કાયાના સ્વભાવને વિચારવાથી જગતના સ્વભાવનો જ્ઞાતા; નિઃસંગ, નિર્ભય, વૈરાગી અને વૈરાગ્યભાવનામાં સ્થિર ચિત્તવાળો લીલા વડે ધર્મધ્યાયી બને છે.

(૨) તથા યોગ્ય દેશ-કાળ આસનવિશેષો-યોગ્ય દેશ એટલે સ્ત્રી-પશુ-પંડકરૂપ કંટકરહિત દેશ. કાળ પણ એટલે જે કાળમાં જ મનની સમાધિ ઉત્પન્ન થાય છે, તે જ ધ્યાનકાળ.

૦ આસનવિશેષ એટલે વિશિષ્ટ કાયાની અવસ્થા.

(૩) વાચના-પૃચ્છના-પરિવર્તન-ચિંતન-સદ્ધર્મ આવશ્યક આદિરૂપ સામાયિક આદિ આલંબનો છે. આ આલંબનોથી ધર્મધ્યાનના શિખર ઉપર ચડે છે.

(૪) મનોયોગનિગ્રહ આદિ ધ્યાન પ્રત્તિપત્તિના ક્રમરૂપ છે.

(૫) અનિત્ય આદિ ભાવનાઓ.

(૬) પીત આદિ શુભ લેશ્યાઓ

(૭) સમસ્ત જીવ આદિ પદાર્થોની શ્રદ્ધા, શ્રી જિનેશ્વર અને સાધુના ગુણોનું ઉત્કીર્તન તથા પ્રશંસા, તેમજ વિનય-દાનો, એ ધર્મધ્યાનના લિંગો છે.

(૮) દેવલોક આદિ રૂપ કાળ.

આ ઉપરોક્ત બધું ગ્રહણ થાય છે.

'ક્ષીણમોહં યાવદિતિ'-ઉપશાન્ત' અને ક્ષીણમોહ ગુણસ્થાનકમાં તો પ્રાથમિક પૃથક્ત્વ અને વિતર્ક-એકત્વવિતર્ક એ બે ભેદવાળા કહેવાતા બે શુક્લધ્યાનો પણ હોય છે, એમ પણ જાણવું.

[ઉપશાન્તમોહ અને ક્ષીણમોહમાં સામાન્યથી ધર્મધ્યાન કહેલ છે, તેથી અગિયાર અંગના જાણકાર ઉપશાન્તમોહ કે ક્ષીણમોહમાં ધર્મધ્યાન જાણવું. બાકીનાને પૂર્વવિદોને શુકલધ્યાનના પહેલાના બે શુકલધ્યાન કહેલ છે.]

अथान्तिमं शुक्लध्यानमाह–

आज्ञाद्यविषयकं निर्मलं प्रणिधानं शुक्लम् । तच्च पृथक्त्ववितर्कैकत्ववितर्क-सूक्ष्मक्रियव्युपरतक्रियभेदेन चतुर्विधम् ।३४।

आज्ञादीति । आज्ञापायाद्यविषयकनिर्मलप्रणिधानत्वं लक्षणं आर्त्तादिवारणाय निर्मलेति, धर्मध्यानव्यावृत्तये आज्ञाद्यविषयकेति, तादृशज्ञानवरणाय प्रणिधानमिति । लक्षणेनास्य भेदाप्राप्तेः कण्ठतस्तमाह तच्चेति । पृथक्त्ववितर्कमाद्यं, पृथक्त्वेन भेदेन-विस्तीर्णभावेन वितर्कः श्रुतं यस्मिंस्तत्पृथक्त्ववितर्कं, एकत्ववितर्कं द्वितीयं, एकत्वेनाभेदेन वितर्को व्यञ्जनरूपोऽर्थरूपो वा यस्य तदेकत्ववितर्कं, सूक्ष्मक्रियं तृतीयं, सूक्ष्मा क्रिया यस्मिन्तत्सूक्ष्मक्रियं, अत्रोच्छ्वासनिश्वासादिकायक्रिया सूक्ष्मा भवति, व्युपरतक्रियं तुर्यं, व्युपरता योगाभावात् क्रिया यस्य तद्व्युपरतक्रियमिति विग्रहः ॥

અંતિમ શુકલધ્યાનને કહે છે-

ભાવાર્થ - આજ્ઞા આદિના વિષય વગરનું નિર્મળ ચિત્તની એકાગ્રતારૂપ પ્રણિધાન, એ 'શુક્લધ્યાન' કહેવાય છે. વળી તે ધ્યાન પૃથકત્વવિતર્ક, એકત્વવિતર્ક, સૂક્ષ્મક્રિય અને વ્યુપરતક્રિયના ભેદથી ચાર પ્રકારનું છે.

વિવેચન - આજ્ઞા અપાય આદિના વિષય વગરનું નિર્મળ પ્રણિધાનપણું, એ શુક્લ ધ્યાનનું લક્ષણ છે.

લક્ષણ સમન્વય-આર્ત્ત આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'નિર્મલ'-એવું પ્રણિધાનનું વિશેષણ મૂકેલ છે. ધર્મધ્યાનમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'આજ્ઞા આદિના વિષય વગરનું'- એમ કહેલ છે.

તાદંશ-આજ્ઞાદિ અવિષયક નિર્મળ જ્ઞાનમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'પ્રણિધાન' મૂકેલ છે. લક્ષણ દ્વારા આ ધ્યાનના ભેદની પ્રાપ્તિ નહીં હોવાથી શબ્દથી આ ધ્યાનના ભેદને કહે છે કે-

(૧) પૃથકત્વવિતર્ક રૂપ પ્રથમ શુક્લધ્યાન-પૃથકત્વવિતર્કની વ્યુત્પત્તિજન્ય અર્થ=પૃથકત્વ એટલે ભેદ (અનેકત્વ) અને વિસ્તૃત ભાવથી વિતર્ક એટલે શ્રુત જે ધ્યાનમાં છે, તે 'પૃથકત્વવિર્તક' શુક્લધ્યાન છે.

(૨) એકત્વવિતર્ક રૂપ બીજું શુકલધ્યાન-એકત્વવિર્તકનો વ્યુત્પત્તિજન્ય અર્થ=એકત્વ એટલે અભેદની સાથે અને વિતર્ક એટલે વ્યંજનરૂપ (અર્થવાચક શબ્દરૂપ) વિતર્ક કે અર્થરૂપ વિતર્ક જેમાં છે, તે ધ્યાન 'એકત્વવિતર્ક' શુક્લધ્યાન છે.

(૩) સૂક્ષ્મક્રિય નામક ત્રીજા શુકલધ્યાનનો વ્યુત્પત્તિજન્ય અર્થ એવો છે કે-જે શુક્લધ્યાનમાં સૂક્ષ્મ ક્રિયા હોય છે, તે સૂક્ષ્મક્રિયા કહેવાય છે. અહીં ઉચ્છ્વાસ-નિઃશ્વાસ આદિ કાયાની ક્રિયા સૂક્ષ્મરૂપ હોય છે.

(૪) વ્યુપરતક્રિય નામક ચોથા શુકલધ્યાનનો વ્યુત્પત્તિ (વિગ્રહ)જન્ય અર્થ એવો છે કે-વ્યુપરત-વિરત

(નિરુદ્ધ) છે, કેમ કે-યોગોનો અભાવ છે. ક્રિયા જે શુક્લધ્યાનમાં છે, તે ધ્યાન 'વ્યુપરતક્રિય' કહેવાય છે, એમ વ્યુત્પત્તિ જાણવી.

अथ प्रत्येकं तेषां भावमाह–

पूर्वविदां पूर्वश्रुतानुसारतोऽन्येषां तमन्तरेणार्थव्यञ्जनयोगान्तरसङ्क्रान्तिसहितमेकद्रव्य उत्पादादिपर्यायाणामनेकनयैरनुचिन्तनं पृथक्त्ववितर्कम् । इदं सविचारम् ।३५।

पूर्वविदामिति । एकस्मिन् द्रव्ये पुद्गलात्मादिरूप उत्पादव्ययध्रौव्यमूर्त्तामूर्त्तनित्यानित्यादियथायोग्यपर्यायाणां नानानयैर्द्रव्यास्तिकादिभिरनुचिन्तनं स्मरणं, कथमित्यत्राह पूर्वविदां पूर्वश्रुतानुसारेण, अन्येषां मरुदेव्यादीनां तमन्तरेणापि स्त्रियः पूर्वश्रुतानधिकारात् । एतेन पूर्वज्ञानस्यैकान्तनियमो नास्तीति सूचितम्, पूर्वं प्रणयनात् पूर्वाणि चतुर्दश, तद्विदः पूर्वविदस्तेषां पूर्वविदां, पुनः कथंभूतं चिन्तनमित्यत्राहार्थव्यञ्जनयोगान्तरसङ्क्रान्तिसहितमिति । अर्थो ध्येयः-द्रव्यं पर्यायो वा, व्यञ्जनं तस्य वाचकं वचनं, योगः कायवाङ्मनःकर्मलक्षणः, अन्यो योगो योगान्तरं तेषां संक्रान्तिः, परिवर्त्तनं द्रव्यं विहाय पर्यायं पर्यायं विहाय द्रव्यं यदुपैति साऽर्थसङ्क्रान्तिः, काययोगं त्यक्त्वा योगान्तरं गृह्णाति तच्च त्यक्त्वाऽन्ययोगमिति योगसङ्क्रान्तिः, अर्थव्यञ्जनयोन्तरसहितत्वादिदं ध्यानं सविचारमुच्यत इत्याशयेनाहेदमिति । सविचारमिति, सह विचारेणार्थव्यञ्जनयोगान्तरसङ्क्रान्त्या वर्त्तत इति सविचारम् । योगान्तरसङ्क्रान्तिरूपत्वादस्य ध्यानस्य योगत्रयव्यापारवतस्सम्भव इत्यपि पदेनानेन सूच्यते ॥

શુક્લધ્યાનના દરેક વિભાગના ભાવાર્થને કહે છે-

ભાવાર્થ - પૂર્વવેતાઓનું પૂર્વશ્રુતજ્ઞાન અનુસારે, બીજાઓનું પૂર્વશ્રુત સિવાયના શ્રુતજ્ઞાનથી અર્થ-વ્યંજન-યોગાન્તરની સંક્રાન્તિ સહિત એક જ દ્રવ્યમાં ઉત્પાદ આદિ પર્યાયોનું અનેક નયોથી અનુચિંતન, એ 'પૃથક્ત્વવિતર્ક' કહેવાય છે. આ ધ્યાન સવિચાર છે.

વિવેચન - પુદ્ગલ, આત્મા આદિરૂપ એક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-મૂર્ત-અમૂર્ત-નિત્ય-અનિત્ય આદિ યથાયોગ્ય પર્યાયોનું અનેક નયોથી-દ્રવ્ય આસ્તિક આદિ અનેક નયોથી અનુચિંતન-સ્મરણ કેવી રીતે ? તો કહે છે કે-'પૂર્વવિદોનું પૂર્વશ્રુત અનુસારે', પૂર્વવિદ્ સિવાયના બીજા મરુદેવી આદિનું શુક્લધ્યાન પૂર્વશ્રુતજ્ઞાન વગરના બીજા શ્રુતજ્ઞાન વડે છે, કેમ કે-સ્ત્રીઓને પૂર્વશ્રુતજ્ઞાનનો અધિકાર નથી. આ કથનથી પૂર્વશ્રુતજ્ઞાનનો એકાન્ત નિયમ નથી, એમ સૂચન કરેલ છે. પહેલાં રચાતાં હોવાથી પૂર્વો ચૌદ (૧૪) છે. તેના જાણકારો 'પૂર્વવિદ્' કહેવાય છે. તે પૂર્વવિદોનું અર્થ-વ્યંજન-યોગાન્તરની સંક્રાન્તિ સહિતનું ધ્યાન.

અર્થાદિ સંક્રાન્તિનું વર્ણન-અર્થ-ધ્યેય (ધ્યાનવિષય) દ્રવ્ય અથવા પર્યાય, વ્યંજન એટલે તે અર્થનો વાચક શબ્દ, યોગ એટલે મન-વચન-કાયાનો વ્યાપાર, યોગાન્તર બીજો યોગ. અર્થ-વ્યંજન યોગાન્તરોની સંક્રાન્તિ એટલે પરિવર્તન.

○ અર્થાત્ દ્રવ્યને છોડી પર્યાયને જે પામે છે, તેમજ પર્યાયને છોડી દ્રવ્યને જે પામે છે, તે અર્થ 'સંક્રાન્તિ' સમજવી.

○ એક શ્રુતવચન(શબ્દ)ને ગ્રહણ કરી બીજા શબ્દનું આલંબન કરે છે અને તે પણ છોડી બીજા વચનને પામે છે, તે 'વ્યંજનસંક્રાન્તિ' જાણવી. કાયયોગને છોડીને યોગાન્તરનું ગ્રહણ કરે છે અને તે છોડીને બીજા યોગને ગ્રહણ કરે છે, તે 'યોગાન્તર સંક્રાન્તિ' કહેવાય છે.

અર્થ-વ્યંજન-યોગાન્તર સહિત હોવાથી આ ધ્યાન 'સવિચાર' કહેવાય છે.

સવિચાર એટલે અર્થ-વ્યંજન-યોગાન્તર ધ્યાન કહેવાય છે.

○ આ ધ્યાન યોગાન્તર સંક્રાન્તિ રૂપ હોઈ ત્રણ યોગના વ્યાપારવાળામાં જ સંભવિત છે, એ પણ આ પદથી સૂચિત થાય છે.

अथ द्वितीयप्रकारभावमाह—

पूर्वविदां पूर्वश्रुतानुसारेणाऽन्येषां तद्भिन्नश्रुतानुसारेणाऽर्थव्यञ्जनयोगान्तरसङ्क्रान्तिरहितमेकद्रव्ये एकपर्यायविषयानुचिन्तनमेकत्ववितर्कम् । इदन्त्वविचारम् ।३६।

पूर्वविदामिति । व्याख्यातोऽर्थः, तद्भिन्नश्रुतानुसारेणेति, अत्र मरुदेव्यादीनां द्रव्यश्रुताभावेऽपि यत्किञ्चित् श्रुतमस्त्येवेति-सूचयितुं तमन्तरेणेत्यनुक्त्वा तद्भिन्नश्रुतानुसारेणेत्युक्तम् । अर्थव्यञ्जनयोगान्तरसंक्रान्तिरत्र नास्तीत्याहार्थव्यञ्जनयोगान्तरसङ्क्रान्तिरहितमिति, एकद्रव्य इति, अभेदेनेति शेषः, अभेदेनैकद्रव्ये पर्यायविषयकालोचनमित्यर्थः, द्रव्याभिन्नपर्यायविषयकं पर्यायाभिन्नद्रव्यविषयकं वेति यावत् । अर्थव्यञ्जनयोगान्तरसंक्रान्तिरहितत्वादेवेदं ध्यानमविचारमुच्यत इत्याहेदन्त्विति ॥

शुक्लध्यानना बीजा प्रकारना भावने कहे छे-

भावार्थ - "पूर्वविदोनुं पूर्वना श्रुत अनुसारे, ते सिवायना बीजाओनुं पूर्वथी भिन्न श्रुतज्ञान अनुसारे, अर्थ-व्यंजन-योगान्तर संक्रान्तिथी रहित, એક જ દ્રવ્યમાં એક પર્યાયરૂપે વિષયનું અનુચિંતન, એ 'એકત્વવિતર્ક' નામક શુક્લધ્યાન છે. આ શુક્લધ્યાન તો અવિચારરૂપ છે.'

विवेचन - 'तद्भिन्न श्रुतानुसारेण' इति=અહીં મરૂદેવી આદિમાં દ્રવ્ય(પૂર્વ)શ્રુતનો અભાવ હોવા છતાં, यत्किंचित्-पूर्वद्रव्यश्रुत सिवायनुं अर्थात् ભાવશ્રુત કે પૂર્વના શ્રુતથી ભિન્ન શ્રુત તો અવશ્ય છે, એમ સૂચવવા માટે 'તેના સિવાય'-એમ નહીં કહેતાં પૂર્વશ્રુતથી ભિન્ન ભાવશ્રુત કે પૂર્વથી ભિન્ન શ્રુતના અનુસારે, એમ કહેલ છે.

○ આ ધ્યાનમાં અર્થ-વ્યંજન-યોગાન્તર સંક્રાન્તિ નથી.

○ 'એક દ્રવ્યે' ઇતિ. અર્થાત્ અભેદથી એક દ્રવ્યમાં પર્યાયવિષયનો વિચાર; એવો અર્થ જાણવો. દ્રવ્યથી અભિન્ન પર્યાયના વિષયનું ધ્યાન કે પર્યાયથી અભિન્ન દ્રવ્યના વિષયનું ધ્યાન બીજું શુક્લધ્યાન-એકત્વવિતર્ક શુક્લધ્યાન કહેવાય છે.

○ અર્થ-વ્યંજન-યોગાન્તર-સંક્રાન્તિ રહિત હોવાથી જ આ ધ્યાન અવિચાર કહેવાય છે.

अथ सूक्ष्मक्रियमाह–

सूक्ष्मकायक्रियाप्रतिरुद्धसूक्ष्मवाङ्मनःक्रियस्य सूक्ष्मपरिस्पन्दात्मकक्रियावद्ध्यानं सूक्ष्मक्रियम् । इदमप्रतिपाति, प्रतिपाताभावात् ।३७।

सूक्ष्मकायक्रियेति । मोक्षगमनप्रत्यासन्नसमये केवलिनो मनोवाग्योगद्वये निरुद्धे सत्यर्धनिरुद्धकाययोगस्योच्छ्वासनिःश्वासलक्षणा तन्वी क्रियैव यत्र तथाविधं सूक्ष्मक्रियात्मकं ध्यानमित्यर्थः । प्रथमं मनोयोगनिग्रहे ततो वाग्योगनिग्रहे ध्यानमिदं भवति । ध्यातुरस्य परिणामविशेषस्य प्रवर्धमानत्वेनेदं ध्यानमप्रतिपातीत्युच्यते, इत्याहेदमिति, हेतुमाह प्रतिपाताभावादिति, परिणामविशेषस्येत्यादिः ॥

सूक्ष्मक्रिय नामक शुक्लध्यानने कहे छे-

भावार्थ - सूक्ष्म એવી કાયક્રિયાથી રોકેલ સૂક્ષ્મ વચન અને સૂક્ષ્મ મનની ક્રિયાવાળાનું સૂક્ષ્મ પરિસ્પંદ આત્મક ક્રિયાવાળું ધ્યાન, એ 'સૂક્ષ્મક્રિય' કહેવાય છે. આ ધ્યાન અપ્રતિપાતી છે, કેમ કે-પ્રતિપાતનો અભાવ છે.

विवेचन - મોક્ષગમનના નજીકના સમયમાં-યોગનિરોધના કાળમાં મન-વચનરૂપ બે યોગનો નિરોધ કર્યા બાદ, અર્ધા કાયયોગને રોકનારને ઉચ્છ્વાસ-નિઃશ્વાસરૂપ સૂક્ષ્મક્રિયા જ જે ધ્યાનમાં છે, તેવા પ્રકારનું સૂક્ષ્મ ક્રિયાત્મક ધ્યાન છે.

○ પહેલાં મનનો નિગ્રહ થાય છે, ત્યારબાદ વચનયોગનો નિરોધ થાય છે. અર્થાત્ વચનયોગનો નિરોધ થયે છતે આ ત્રીજું શુક્લધ્યાન હોય છે.

○ આ શુક્લધ્યાનના સ્વામીનો વિશિષ્ટ પરિણામ અત્યંત વધતો જતો હોઈ આ ધ્યાન અપ્રતિપાતિક કહેવાય છે. અર્થાત્ જ્યાં સુધી વ્યુપરતક્રિય નામનું ચોથું ધ્યાન ન આવે, ત્યાં સુધી પડતું નથી-કાયમ રહે છે. અર્થાત્ પરિણામધારા ચડતી હોઈ ઠેઠ વ્યુછિન્નક્રિય-ચોથા છેલ્લા શિખર સુધી જીવને લઈ જાય છે.

अथ व्युपरतक्रियमाचष्टे–

निरुद्धसूक्ष्मकायपरिस्पन्दात्मकक्रियस्य ध्यानं व्युपरतक्रियम् इदमप्यप्रतिपाति । आद्ये द्वे एकादशद्वादशगुणस्थानयोरन्त्ये द्वे केवलिन एव त्रयोदशचतुर्दशगुणस्थानक्रमेण ।३८।

निरुद्धेति । शैलेश्यवस्थावस्थितानां मनोवाक्काययोगत्रयरहितानां यद्ध्यानं तद्व्युपरतक्रियमुच्यते । ननु शुक्लध्यानस्यान्तिमभेदद्वये मनसोऽभावेन मनोविशेषरूपध्यानत्वं कथमस्तीति चेन्न मनोमात्रस्य ध्यानरूपत्वाभावात् किन्तु सुनिश्चलस्यैव योगस्य तथात्वात् तस्य केवलिनस्सयोगिनस्सूक्ष्मक्रियात्मके ध्यानेऽक्षतेः, कायात्मकयोगस्य सुनिश्चलत्वात् न च तथाऽप्ययोगिनो ध्याने चतुर्थे योगस्यापि कायस्याभावेन तत्राऽनुपपत्तित्वादवस्थ्यमिति वाच्यम्, कुलालचक्रभ्रमणवन्मनःप्रभृतियोगोपरमेऽपि पूर्वप्रयोगाद्ध्यानोपपत्तेः, द्रव्यमनसोऽभावेऽपि भावमनसस्सत्त्वेन ध्यानसम्भवात्, चेतसो ज्ञानरूपत्वेनैकविषयस्थिरीभूतज्ञानपरिणामरूपध्यानस्यात्राप्यक्षतत्वाच्च ॥ प्रवर्धमानपरिणामविशेषवत्त्वादिदमप्यप्रतिपातीत्याहेदमपीति । शुक्लध्यानस्याधिकारिणमाहाद्ये इति । पृथक्त्ववितर्कैकत्ववितर्के इत्यर्थः, एकादशद्वादशगुणस्थानयोरिति । यथाक्रममिति शेषः, तथा च पृथक्त्ववितर्कमेकादशे, एकत्ववितर्कं द्वादश इत्यर्थः । अन्तिमावधिप्रदर्शनपरमिदं, नाग्रिमगुणस्थानवर्त्तिनी इमे भवत इति भावः । तेन पृथक्त्ववितर्कस्याऽपूर्वगुणस्थानादिवर्त्तिनस्सम्भवेऽपि न क्षतिः । एकत्ववितर्कन्तु द्वादशगुणस्थान एव । अपूर्वगुणस्थानादाद्वादशमिदमपीति केचित् । अन्त्ये द्वे इति सूक्ष्मक्रियव्युपरतक्रिये इत्यर्थः, सूक्ष्मक्रियं सयोगिनो[1] व्युपरतक्रियमयोगिन इति तात्पर्यम् । अत्र भावनादेशकालासनविशेषा धर्मध्यानवत् । ध्यातव्या अवान्तरभेदा ध्यातारश्च मूल एव प्रदर्शिताः, क्षान्तिमार्दवार्जवादीन्यालम्बनानि, मनोयोगनिग्रहस्ततो वाग्योगनिग्रहस्ततः काययोगनिग्रह इति भवान्तकाले केवलिन आश्रित्य योगनिग्रहक्रमः, छद्मस्थस्त्रिभुवनविषयमन्तःकरणं प्रतिवस्तु त्यागलक्षणक्रमेण संकोच्याणौ विधायाऽतीव निश्चलशुक्लं ध्यायति, जिनस्तु चरमद्वयध्याता ततोऽपि[2] प्रयत्नविशेषान्मनोऽपनीयाविद्यमानान्तःकरणो भवति । तत्राऽपि शैलेशीमप्राप्तोऽन्तर्मुहूर्त्तेनाऽऽद्यं शैलेश्यां च द्वितीयं ध्यायति । आश्रवद्वारापायान् संसारशुभानुभावं अनन्तभवसन्तानं वस्तुविपरिणामञ्च[3] चिन्तयतीति भावना, आद्यद्वयभेदापेक्षयाऽस्य भावना, शुक्ललेश्या प्रथमत्रयभेदेऽन्तिमे च लेश्याविरहो बोध्यः । अवधासंमोहविवेकव्युत्सर्गा लिङ्गानि । शुभाऽऽस्रवनिर्जरानुत्तरामरसुखानि द्वयोश्शुक्लयोः अन्त्ययोस्तु परमनिर्वाणं फलमिति बोध्यम् ॥

---

१. काययोग एव सूक्ष्मक्रियस्य भावात्, एकत्ववितर्कस्य कायवाङ्मनोऽत्यतमयोग एव भावात् पृथक्त्ववितर्कस्य तु मनोवाक्काययोगव्यापारवत एव भावादिति भेदो विज्ञेयः ॥ २. अणोरपीत्यर्थः ॥ ३. भाविनारकाद्यपेक्षयेति भावः ॥

अत्र ध्याने षोडशपादात्मक एकेन्द्रियविकलेन्द्रियस्थावरसंज्ञ्यसंज्ञिमनुजगतित्रसकाय-पञ्चेन्द्रिययोगत्रयकषायचतुष्टयाहारकानाहारकोपशमक्षयोपशमक्षायिकसम्यक्त्ववेदत्रिक-ज्ञानत्रिकदर्शनत्रिकभव्याभव्यमिथ्यात्वसास्वादनमिश्राविरतिदेशविरतिगतित्रिकाज्ञानत्रिकलेश्या-षट्ककेवलज्ञानदर्शनसामायिकछेदोपस्थापनीयपरिहारविशुद्धिसूक्ष्मसम्परायययथाख्यातमनः-पर्यवान् षट्त्रिंशद्विधानाश्रित्य विचार्यमाणे, एकेन्द्रियविकलेन्द्रियस्थावरासंज्ञिनां मनसोऽभावेन नैकविधमपि ध्यानं सम्भवति, मनुजगतित्रसकायपञ्चेन्द्रियक्षायिकसम्यक्त्वभव्येषु प्रत्येकं षोडशविधध्यानस्य सम्भवः, योगत्रयाहारकत्वयोः पञ्चदशविधध्यानसामानाधिकरण्यस्य सम्भवः, व्युपरतक्रियात्मकध्यानविशेषसामानाधिकरण्यासम्भवात् । उपशमसम्यक्त्वकषाय-चतुष्टयवेदत्रिकेषु त्रयोदशविधध्यानसहचारित्वस्य सम्भवः, क्षीणमोहादिगुणस्थानेष्वेषाम-सम्भवेन तत्स्थानभाव्येकत्ववितर्कसूक्ष्मक्रियव्युपरतक्रियैस्सहचारित्वासम्भवात् । ज्ञानत्रिक-दर्शनत्रिकसंज्ञित्वेषु चतुर्दशविधध्यानसहवृत्तित्वसम्भवः, मनोविरहकालभाविसूक्ष्मक्रियव्यु-परतक्रियध्यानविशेषसहवृत्तित्वासम्भवात् । अनाहारकत्वकेवलज्ञानदर्शनेषु सूक्ष्मक्रियव्यु-परतक्रियध्यानविशेषसामानाधिकरण्यमेव । त्रयोदशचतुर्दशगुणस्थानभावित्वात्तेषाम् । इतर-ध्यानानां मनोविषयकत्वाच्च । पञ्चसु लेश्यासु क्षायोपशमिकसम्यक्त्वे च द्वादशध्यान-सहचारित्वं, शुक्लध्यानसामानाधिकरण्याभावात् । शुक्ललेश्यायाश्च व्युपरतक्रियातिरिक्त-ध्यानविशिष्टत्वं, अयोगिनि लेश्यावैधुर्यात् । सामायिकछेदोपस्थापनीययोर्निदानातिरिक्तार्त्त-भेदत्रयं धर्मध्यानचतुष्टयं पृथक्त्ववितर्कञ्च भवति । परिहारविशुद्धिकस्याऽनन्तरोक्तानि पृथक्त्ववितर्कविरहितानि भवन्ति श्रेणिप्राप्त्यभावात् । सूक्ष्मसम्परायस्य पृथक्त्ववितर्कं धर्मचतुष्टयं वा । दशमगुणस्थानमात्रवृत्तित्वात्तस्य यथाख्यातस्य चतुर्विधं शुक्लध्यानं धर्मध्यानं वा । मनःपर्यवज्ञानिनो निदानातिरिक्तमार्त्तत्रयं धर्मचतुष्टयं शुक्लस्याद्यद्वयञ्च भवति । गतित्रिकाज्ञानत्रिकाविरतिदेशविरत्यभव्यतामिथ्यात्वसास्वादनमिश्रभावानां ध्यानाष्टकसाहचर्यं, धर्मशुक्लाभावादिति दिक् ॥

व्युपरतक्रिय नामक शुक्लध्यानने कहे छे-

भावार्थ - सूक्ष्म એવા કાયની પરિસ્પંદ આત્મક ક્રિયાના નિરોધક જીવનું ધ્યાન, એ 'व्युपरतक्रिय' કહેવાય છે. આ પણ 'અપ્રતિપાતી' છે. પ્રાથમિક બે શુકલધ્યાનો અગિયારમા અને બારમા, ગુણસ્થાનકમાં હોય છે અને અંતિમ બે શુકલધ્યાનો કેવલીને જ ક્રમથી તેરમા અને ચૌદમા ગુણસ્થાનકમાં હોય છે.

विवेचन - મેરૂની માફક સકળ આત્મપ્રદેશોની નિષ્પ્રકંપરૂપ શૈલેશી અવસ્થામાં રહેલ, મન-વચન-કાયારૂપી ત્રણ યોગોથી રહિત જીવોનું ધ્યાન, તે 'व्युपरतक्रिय' કહેવાય છે.

શંકા - શુકલધ્યાનના અંતિમ (છેલ્લા) બે ભેદોમાં મનનો અભાવ હોવાથી એકાગ્રચિંતાનિરોધ-પ્રણિધાનરૂપ વિશિષ્ટ મનરૂપ ધ્યાનપણું કેવી રીતે ઘટે ?

સમાધાન - એકાગ્રચિંતાનિરોધ-પ્રણિધાનરૂપ વિશિષ્ટ મનને જ માત્ર ધ્યાન કહેવાતું નથી, પરંતુ નિરુદ્ધ-અત્યંત નિશ્ચળ યોગ ધ્યાનરૂપ છે. માટે જ સયોગીકેવલીના સૂક્ષ્મક્રિય આત્મક ધ્યાનમાં યોગની સુનિશ્ચળતા નિરોધરૂપ ધ્યાનપણું અખંડ-અક્ષત છે, કેમ કે-અહીં કાય આત્મક યોગની સુનિશ્ચળતા છે.

શંકા - તો પણ અયોગીકેવલીના ચોથા શુકલધ્યાનમાં કાયરૂપ યોગનો અભાવ હોવાથી, ત્યાં યોગનિરોધરૂપ ધ્યાનની અઘટમાનતા તો તદવસ્થ જ છે ને ?

સમાધાન - કુંભારના ચક્રના ભ્રમણની માફક મન આદિ યોગનો વિરામ હોવા છતાં, પૂર્વપ્રયોગની અપેક્ષાએ યોગનિરોધ-અયોગ-સકળ આત્મપ્રદેશોની સુનિશ્ચળતારૂપ ધ્યાનની ઘટમાનતા છે. વળી દ્રવ્યમનનો અભાવ છતાં, કેવળજ્ઞાન આદિ ઉપયોગરૂપ ભાવમનની સત્તા હોવાથી અયોગરૂપ ધ્યાનની ઘટમાનતા છે. ભાવમનનું જ્ઞાનરૂપપણું હોઈ એક (સર્વ દ્રવ્યપર્યાય) વિષય સ્થિરભૂત જ્ઞાન પરિણામરૂપ ધ્યાનનું અહીં અક્ષતપણું છે. સ્વસ્વરૂપ સ્થિરતારૂપ ધ્યાન તો અખંડ જ છે.

○ અત્યંત વધતા વિશિષ્ટ પરિણામની અપેક્ષાએ આ વ્યુપરતક્રિય નામક ચોથું ધ્યાન અપ્રતિપાતી છે, તે મુક્ત જીવ થાય ત્યાં સુધી નિવૃત્ત થતું નથી (અનિવર્તિ છે) અને ઠેઠ મોક્ષમહેલમાં પહોંચાડી દે છે. બસ, પછી આત્મસ્વરૂપની રમણતારૂપ સ્થિરતા તો અનંત જ છે ને ?

○ અહીં ભાવના-દેશ-કાળ-આસનવિશેષો ધર્મધ્યાનની માફક સમજવાં. અવાન્તર ભેદો (પેટાભેદો) ધ્યાન વિષયરૂપ છે અને ધ્યાતાઓ (સ્વામીઓ) મૂલમાં જ પ્રદર્શિત કરેલ છે. ક્ષમા-મૃદુતા-ઋજુતા આદિ આલંબનો છે. પહેલાં મનોયોગનો નિગ્રહ (નિરોધ) થાય છે, ત્યારબાદ વચનયોગનો નિગ્રહ અને તે પછી કાયયોગનો નિગ્રહ, એવો ભવની સમાપ્તિના કાળમાં કેવલીની અપેક્ષાએ યોગનિગ્રહનો ક્રમ છે. છદ્મસ્થ, ત્રિભુવનના વિષયવાળા અંતઃકરણને, દરેક વસ્તુના ત્યાગરૂપી ક્રમથી સંકોચીને, અણુ-પરમાણુમાં કરીને (બાંધીને), અત્યંત નિશ્ચળ બનેલો શુકલધ્યાન ધરાવે છે. પરંતુ જિન-કેવલી તો છેલ્લા બે શુકલધ્યાનોનું ધ્યાન ધરનાર ૧-તે અણુ-પરમાણુના ધ્યાન કરતાં પણ વિશિષ્ટ પ્રયત્ન વીર્યોલ્લાસથી મનને દૂર કરી અંતઃકરણ વગરના થાય છે. ત્યાં પણ શૈલેશી અવસ્થાને નહીં પામનારા અંતર્મુહૂર્ત્ત સુધી સૂક્ષ્મક્રિય નામક પહેલાં શુકલધ્યાનને ધ્યાવે છે અને શૈલેશી અવસ્થાને પામનારા બીજા વ્યુપરતક્રિય નામક શુકલધ્યાનને ધ્યાવે છે.

૨-શુકલધ્યાનના અધિકારી-સ્વામીને કહે છે કે-'આદ્યે' ઇતિ=પૃથકત્વવિતર્ક અને એકત્વવિતર્કરૂપ બે, એવો અર્થ જાણવો. 'એકાદશદ્વાદશ ગુણસ્થાનયોઃ' ઇતિ. ક્રમ પ્રમાણે અર્થાત્ પૃથકત્વવિતર્ક અગિયારમા ગુણસ્થાનમાં અને એકત્વવિતર્ક બારમા ગુણસ્થાનમાં છે, એવો અર્થ જાણવો. અંતિમ અવધિને બતાવનારું આ પદ છે. અર્થાત્ અગ્રિમ-આગળના ગુણસ્થાનકોનું ધ્યાન કરનાર.

૩-આ બે શુકલધ્યાનો નથી, તેથી પાછળના અપૂર્વ ગુણસ્થાન આદિ વર્તી એવા પૃથકત્વવિતર્કના સંભવમાં (સત્તામાં) પણ ક્ષતિ-હાનિ નથી. એકત્વવિતર્ક તો બારમા ગુણસ્થાનકમાં જ છે. કેટલાક 'અપૂર્વ ગુણસ્થાનથી બારમા સુધી આ પણ છે'-એમ કહે છે.

० 'अनत्येद्वे' ईति=सूक्ष्मक्रिय अने व्युपरतक्रिय एवां बंने शुकलध्यानो, एवो अर्थ छे. सूक्ष्मक्रिय नामनुं शुकलध्यान सयोगीकेवलीने (काययोगमां ज सूक्ष्मक्रिय नामक ध्यान होय छे. एकत्ववितर्क नामक शुकलध्यान काय-वचन-मनयोगमांथी कोई एक योगमां ज होय छे. पृथकत्ववितर्क नामक शुकलध्यान तो मन-वचन-कायथोग रूप त्रण योगना व्यापारवाळामां ज होय छे, एम भाव जाणवो.) होय छे. व्युपरतक्रिय नामक शुकलध्यान अयोगीकेवलीने होय छे, एवुं तात्पर्य छे.

० आश्रव द्वारा, अपाक्षेने, संसारनी अशुभ असरोने भावि नारक आदिनी अपेक्षाओ, अनंत भवोनी परंपराने, वस्तुओना विपरिणाम-विकारने विचित्र परिणामने चिंतवे छे. तेवी भावना, प्राथमिक बे भेदनी अपेक्षाओ आ ध्याननी भावना छे. शुकललेश्या पहेलाना त्रण भेदमां होय छे अने छेल्ला ध्यानमां लेश्यानो अभाव जाणवो. अहीं अहिंसा (अव्यय निश्चळता)-असंमोह-प्रीति-अप्रीतिनो अभाव-विवेक-देह उपधिओनो विवेक, व्युत्सर्ग (संगत्याग) (परम आनंद), ए चिह्नो छे. शुभ आश्रव, निर्जरा अने अनुत्तर देवविमानना सुखो पहेलाना बे शुकलध्यानोनुं फळ छे. (उपशान्तमोहनी अपेक्षाओ) छेल्ला बे शुकलध्यानोनुं फळ परम निर्वाण छे, एम जाणवुं.

अहीं १६ पाद(पाया-भेद) रूप ध्यानमां १-एकेन्द्रिय, २-विकलेन्द्रिय, ३-स्थावर, ४-संज्ञी, ५-असंज्ञी, ६-मनुजगति, ७-त्रसकाय, ८-पंचेन्द्रिय, ९-योगत्रय (त्रण योग), १०-कषायचतुष्टय (चार कषायो), ११-आहारक, १२-अनाहारक, १३-उपशमसम्यक्त्व, १४-क्षयोपशमसम्यक्त्व, १५-क्षायिकसम्यक्त्व, १६-वेदत्रिक (त्रण वेदो), १७-ज्ञानत्रिक, १८-दर्शनत्रिक, १९-भव्य, २०-अभव्य, २१-मिथ्यात्व, २२-सास्वादन, २३-मित्र, २४-अविरति, २५-देशविरति, २६-गतित्रिक, २७-अज्ञानत्रिक, २८-लेश्याषटक (छ लेश्याओ), २९-केवलज्ञान, ३०-दर्शन, ३१-सामायिक, ३२-छेदोपस्थापनीय, ३३-परिहारविशुद्धि, ३४-सूक्ष्मसंपराय, ३५-यथाख्यात, ३६-मनःपर्याय रूप (३६) छत्रीश प्रकारसेनी अपेक्षाओ विचार करवामां आवे तो-

(१) १-एकेन्द्रिय, २-विकलेन्द्रिय, ३-स्थावर अने ४-असंज्ञी मार्गणामां मननो अभाव होई एक प्रकारनुं पण ध्यान संभवतुं नथी.

(२) १-मनुष्यगति, २-त्रसकाय, ३-पंचेन्द्रिय, ४-क्षायिकसम्यक्त्व अने ५-भव्य मार्गणाओमां दरेक दरेक सोल (१६) प्रकारना ध्यानो संभवे छे.

(३) १-त्रण योग अने २-आहारकपणामां पंदर (१५) प्रकारना ध्याननना समानाधिकरणपणानो संभव छे. जयां जयां त्रण योगो अने आहारकपणुं छे, त्यां त्यां पंदर (१५) प्रकारना ध्याननी सत्ता छे, केम के-त्रण योग अने आहारकपणुं जयां होय, त्यां व्युपरतक्रिय नामक विशिष्ट ध्यान रहेतुं नथी.

(४) १-उपशमसम्यक्त्व, २-कषायचतुष्टय, ३-वेदत्रिकमां तेर (१३) प्रकारना ध्याननना सहचारिपणानो संभव छे, केम के-क्षीणमोह आदि त्रण गुणस्थानोमां तेर (१३) प्रकारवाळा ध्यानोनो असंभव होई ते क्षीणमोह आदि गुणस्थानोमां थनार एकत्ववितर्क-सूक्ष्मक्रिय-व्युपरतक्रिय नामक ध्यानोनी साथे उपशमसमंकित आदि त्रण वर्गणानो सहचारिपणानो असंभव छे.

(५) १-ज्ञानत्रिक, २-दर्शनत्रिक, संज्ञीपणामां चौद (१४) प्रकारना ध्यानोनुं सहवृत्तित्व-सहचारिपणानो संभव छे, एम के-मननना अभावकाळमां थनार सूक्ष्मक्रिय व्युपरतक्रिय नामक विशिष्ट ध्याननना सहवृत्तित्व-सहचारिपणानो ज्ञानत्रिक आदि मार्गणामां असंभव छे.

(६) १-अनाहारकत्व, २-केवलज्ञान, ३-केवलदर्शनोमां सूक्ष्मक्रिय-व्युपरतक्रिय नामक विशिष्ट ध्यानोनुं सामानाधिकरण्य ज छे. अनाहारक आदिमां सूक्ष्मक्रिय अने व्युपरतक्रियनी सत्ता छे, केम के-तेरमा अने चौदमा गुणस्थानोमां ते (अनाहारकत्व आदि) सूक्ष्मक्रिय आदि होय छे-थाय छे अने बीजा ध्यानो मनना आलंबने थनारा छे.

(७) १-पांच लेश्याओमां अने २-क्षायोपशमिक-सम्यक्त्वमार्गणामां बार प्रकारना ध्यानोनुं सहचारित्व (तेओनी साथे विद्यमानत्व) छे, केम के-शुकलध्यानोना (तेओनी साथे अविद्यमानत्व होई) सामानाधिकरण्यनो (सत्तानो) अभाव छे.

(८) शुकललेश्यामां व्युपरतक्रिय नामक ध्यान सिवाय बीजा शुकलध्यानोथी विशिष्टपणुं छे, केम के-अयोगीमां चौदमा गुणस्थानकमां लेश्यानो अभाव छे, व्युपरत शुकलध्याननो संभव छे.

(९) १-सामायिक अने २-छेदोपस्थापनीय मार्गणामां निदानरूप (पाया) भेद सिवाय (आर्त्तध्याननना त्रण भेदो) धर्मध्याननना चार भेदो अने पृथक्त्ववितर्क नामक शुकलध्याननो एक पायो छे.

(१०) १-परिहारविशुद्धिक मार्गणामां पूर्वकथित ध्यानो पृथक्त्ववितर्क वगरना होय छे, केम के-श्रेणिनी प्राप्तिनो अभाव छे.

(११) १-सूक्ष्मसंपरायमां पृथक्त्ववितर्क नामक शुकलध्यान के चार प्रकारनुं धर्मध्यान छे, केम के-ते दशमा गुणस्थानक सुधी होय छे.

(१२) १-यथाख्यात मार्गणामां चार प्रकारनुं शुकलध्यान के धर्मध्यान होय छे.

(१३) १-मनःपर्यायज्ञानरूप मार्गणामां मनःपर्यायज्ञानीने निदान सिवाय त्रण आर्त्तध्यानो-चार धर्मध्यानो शुकलध्याननना पहेलाना बे भेदो होय छे.

(१४) १-गतित्रिक, २-अज्ञानत्रिक, ३-अविरति, ४-देशविरति, ५-अभव्यत्व, ६-मिथ्यात्व, ७-सास्वादन, ८-मिश्रभावरूप मार्गणाओमां मुख्यत्वे आर्त्तध्याननना चार भेदो-रौद्रध्याननना चार भेदो, एम ध्यानाष्टक होय छे, केम के-धर्मध्यान अने शुकलध्याननो अभाव छे. (अहीं सम्यक्त्व सहित अविरति देशविरतिमां धर्मध्यान पण गौणरूप कहेल छे.)

अथाऽभ्यन्तरस्तपोभेदस्यावान्तरमन्तिमं व्युत्सर्गमाह—

अनेषणीयस्य संसक्तस्य वाऽन्नादेः कायकषायाणाञ्च परित्यजनमुत्सर्गः ।३९।

इति निर्जरातत्त्वम् ॥

अनेषणीयस्येति । विविधस्योत्सर्गो व्युत्सर्गः, व्युत्सर्जनं व्युत्सर्गः । स द्विविधः, बाह्य आभ्यन्तरश्चेति । अनेषणीय संसक्तस्यान्नपानोपध्यादेर्बाह्यद्रव्यस्य शास्त्रोदितविधिना परित्यागे बाह्यव्युत्सर्गः । आभ्यन्तरस्तु पर्यन्तकाले कायस्य संसारपरिभ्रामककषायाणां करणत्रिकैः कृतकारितानुमतिभिश्च परित्यागः, तदेतदभिप्रायेण समुच्चित्य तत्स्वरूपमाहानेषणीयस्येति । न चाऽपरिग्रहादस्य गतार्थत्वमिति वाच्यम्, तस्य धनहिरण्याद्यमूर्च्छाविषयकत्वात् । न च प्रायश्चित्तान्तर्गतोऽयमिति वाच्यम्, तस्य प्रतिद्वन्द्व्यतिचारसापेक्षत्वात्, अस्य तु निरपेक्षत्वात्[१] । नचाऽनेकत्रास्य वचनमनर्थकमिति वाच्यम् क्वचित्सावद्यप्रत्याख्यानात्, क्वचिन्निरवद्यस्यापि नियतकालं प्रत्याख्यानात् क्वचिच्चाऽनियतकालमिति निवृत्तिधर्मस्य पुरुषशक्त्यपेक्षत्वादुत्तरोत्तरगुणप्रकर्षादुत्साहोत्पादनार्थत्वाच्च न पौनरुक्त्यमितिभावः । अथ निर्जरां निगमयतीतीति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानंदसूरीश्वर**पट्टधर **श्रीमद्विजयकमलसूरीश्वर**चरण-नलिनसन्न्यस्तात्मभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा** विनिर्मितस्य तत्त्वन्यायविभाकरस्य स्वोपज्ञायां न्यायप्रकाशव्याख्यायां निर्जरानिरूपणं **नामाष्टमः किरणः** ॥

હવે અભ્યંતર તપરૂપ ભેદના છેલ્લા અવાન્તર ભેદરૂપ વ્યુત્સર્ગને કહે છે.

વ્યુત્સર્ગનું વર્ણન કહે છે-

ભાવાર્થ - અનેષણીય કે સંસક્ત એવા અન્ન આદિનો, કાય અને કષાયનો પરિત્યાગ, એ 'વ્યુત્સર્ગ' છે.

વિવેચન - વિવિધ વસ્તુનો ઉત્સર્ગ (ત્યાગ), તે વ્યુત્સર્ગ. તે વ્યુત્સર્ગ બાહ્ય અને અભ્યંતર ભેદથી બે પ્રકારનો છે.

(૧) અનેષણીય એટલે ઉદ્ગમ આદિ દોષોથી અશુદ્ધિ, સંસક્ત દોષવાળા અન્નપાન (બાર આદિ ભેદથી યુક્ત ઉપધિથી અધિક ઉપધિ)-વસ્ત્ર-પાત્ર-ઉપધિ આદિરૂપ બાહ્ય દ્રવ્યનો શાસ્ત્રકથિત વિધિપૂર્વક પરિત્યાગ, એ 'બાહ્ય વ્યુત્સર્ગ' છે.

(૨) આભ્યંતર વ્યુત્સર્ગ તો પર્યંતકાળમાં (મૃત્યુકાળમાં) કાયાનો અને સંસારમાં ભમાડનારા કષાયોનો મન-વચન-કાયારૂપ ત્રણ કરણોથી કરવા, કરાવવા અને અનુમતિ (અનુમોદન) આદિરૂપે ત્યાગ, તે 'આભ્યંતર વ્યુત્સર્ગ' કહેવાય છે.

શંકા - અપરિગ્રહ મહાવ્રતના કહેવાથી શું વ્યુત્સર્ગ કહેવાતો નથી ?

---

१. अतिचारविशेषापेक्षणरहितत्वात्, सामान्येन निर्जरार्थत्वादिति भावः ॥

સમાધાન - તે અપરિગ્રહ મહાવ્રત, ધન-હિરણ્ય આદિની અમૂર્ચ્છના વિષયવાળું છે, માટે અપરિગ્રહમાં વ્યુત્સર્ગનો સમાવેશ થતો નથી.

શંકા - પ્રાયશ્ચિત્તના પાંચમા વિભાગમાં વ્યુત્સર્ગ (વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્ત અર્થાત્ કાઉસ્સગ્ગ-કાયોત્સર્ગરૂપ પ્રાયશ્ચિત્ત થાય છે. જેમ અશુદ્ધ અન્ન-પાન-ઉપકરણનું પ્રતિષ્ઠાપન કરી કાયોત્સર્ગ કરવો જોઈએ, તેમ ગમન-આગમન-વિહાર-શ્રુત-સાવદ્ય-સ્વપ્નદર્શન નૌસંતરણ-ઉચ્ચાર-પ્રસવણ આદિ કર્યા પછી કાયોત્સર્ગ કરવારૂપ પ્રાયશ્ચિત્ત થાય છે.) કહેલ છે એટલે પ્રાયશ્ચિત્તમાં આવી જાય છે, તો એને જુદું કેમ કહો છો ?

સમાધાન - તે વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્ત-વિરુદ્ધ અતિચારની અપેક્ષા રાખે છે, જ્યારે આ તપરૂપ વ્યુત્સર્ગ વિશિષ્ટ અતિચારની અપેક્ષા રાખતું નથી. સામાન્યથી તે નિર્જરારૂપ ફળ હેતુવાળું છે.

શંકા - અનેક સ્થળે (અનેકવાર) આ વ્યુત્સર્ગ શબ્દનિરર્થક કેમ નહિ ?

સમાધાન - કોઈ સ્થળે સાવદ્યનું પ્રત્યાખ્યાન (ત્યાગ) હોઈ, કોઈ સ્થળે નિરવદ્યનું પણ નિયત (અમુક) કાળ સુધી પ્રત્યાખ્યાન હોઈ, કોઈ સ્થળે અનિયતકાળ સુધી આ પ્રમાણે નિવૃત્તિધર્મ પુરુષની (આત્માની) શક્તિની અપેક્ષાવાળો હોઈ, ઉત્તરોત્તર ગુણનો પ્રકર્ષ હોઈ અને ઉત્સાહના ઉત્પાદનનું પ્રયોજન હોઈ પુનરુક્તિ દોષ નથી, એવો ભાવ સમજવો.

હવે નિર્જરાતત્ત્વનો ઉપસંહાર કરે છે. ઇતિ નિર્જરા તત્ત્વમ્.

-: પ્રશસ્તિ :-

ઇતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર પટ્ટધર શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વર ચરણકમલમાં ભક્તિસમુદાયને સ્થાપન કરનાર, તેમના જ પટ્ટધર એવા શ્રી વિજયલબ્ધિસૂરિએ રચેલ 'તત્ત્વન્યાયવિભાકર'ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામક વ્યાખ્યામાં જીવનિરૂપણ નામનું આઠમું કિરણ સમાપ્ત થાય છે.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિ**એ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **આઠમા કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

આઠમું કિરણ સમાપ્ત

● ● ●

नवम किरणः

अथोक्त आगन्तुककर्मनिरोधकस्संवरो बद्धकर्मविध्वंसिका निर्जरा च, तत्र किमात्मकः कर्मणां बन्धः केन वा स इत्याकांक्षायामुपोद्घातसङ्गत्या बद्धकर्मणामित्यादिनिर्जरालक्षणेन बन्धस्य स्मृतत्वात्प्रसङ्गसङ्गत्याऽवसरसङ्गत्या वा बन्धं निरूपयितुकामः प्रथमं बन्धं लक्षयति--

आत्मप्रदेशैश्शुभाशुभकर्मसम्बन्धो बन्धः ।१।

आत्मप्रदेशैरिति । सहार्थे तृतीया, आत्मप्रदेशैस्सह शुभानां पुण्यरूपाणामशुभानां पापात्मकानाञ्च कर्मणां पुद्गलविशेषाणां सम्बन्धो नीरक्षीरवत्परस्पराश्लेषः कथञ्चिद्भेदाभेदरूपस्तदतिरिक्तसंबन्धाभावात् सम्बन्धनरूपत्वाद्बन्ध इत्यर्थः । आत्मना सहैव सम्बन्धानां कर्मपुद्गलानां सम्बन्धो बन्ध उच्यते न घटादिना पुद्गलसम्बन्धस्येति सूचयितुमात्मेत्युक्तं, प्रदेशेन सहाऽपि बन्ध इति सूचयितुं प्रदेशैरिति । अत्र शुभाशुभकर्मसम्बन्धस्यैवबन्धरूपत्वं विवक्षितं, न तु शुभाशुभात्मककर्मवर्गणानामित्यभिप्रायं सूचयितुं शुभाशुभकर्मसम्बन्ध इति, अत एव पुण्यपापाभ्यां बन्धस्य पृथगुपादानं कृतम् । वस्तुतः कर्मणश्शुभरूपत्वमशुभरूपत्वञ्चेति द्वैविध्यमेव, उभयविधेनाऽपि कर्मणा सम्बन्धो बन्धो भवतीति सूचयितुं शुभाशुभेति, कर्मपदेन कर्मयोग्यपुद्गला ग्राह्याः, जीवग्रहणपूर्वं तेषां कर्मपरिणामाभावात् । शुभाशुभकर्मपदेनोत्तरप्रकृतिबोधात्तस्यैव बन्धो लक्षितो न मूलप्रकृतिबन्धस्तथाचाऽव्याप्तिस्तत्र स्यात्तद्वारणायात्मप्रदेशैः कर्मसम्बन्धो बन्ध इत्येव लक्षणशरीरं विज्ञेयम् । अयञ्च भावबन्ध उच्यते । यस्तु प्रयोगबन्धो विस्रसाबन्धश्च द्रव्यबन्धरूपस्स नेहविवक्षितोऽप्रकृतत्वात्[1] । आत्मप्रदेशैः पुद्गलसम्बन्धस्य न बन्धत्वं, मुक्तात्मना जीवेन सह पुद्गलसम्बन्धसत्त्वात्, पुद्गलानां व्यापकत्वात् लोकस्याञ्जनचूर्णपूर्णसमुद्गकवत्पुद्गलैः परिपूर्णत्वात् कर्मपदोपादाने च

१. प्रयोगेण भावबन्धो द्रव्यबन्धश्च भवति तत्र प्रयोगजन्यो द्रव्यबन्धो नेह विवक्षितस्तेन भावबन्धस्य प्रयोगजन्यत्वेऽपि न क्षतिरितिभावः ॥

कर्मयोग्यपुद्गलानामेव ग्रहेण तत्सम्बन्धस्य तत्र विरहान्न क्षतिः, रागादिगुणयोगाद्धि जीवः कायादियोगेन कर्मवर्गणायोग्यपुद्गलस्कन्धानादाय कर्मरूपतया परिणमय्याऽऽत्मसात्करोति नान्य इति, आत्मप्रदेशैरित्यनेन जीवस्स्वप्रदेशावगाढमेव दलिकं गृह्णाति न त्वनन्तरपरम्पर-प्रदेशावगाढं, तत्राऽपि एकस्मिन् जीवप्रदेशे यदवगाढं ग्रहणप्रायोग्यं दलिकं तदेकमपि सर्वैरेवात्मप्रदेशैर्गृह्णाति तस्य सर्वप्रदेशानां शृंखलावयवानामिव परस्परं संबद्धत्वात्, व्याप्रियमाणे चैकप्रदेशेऽनन्तरपरम्परतया तद्द्रव्यग्रहणाय सर्वप्रदेशानामपि व्याप्रियमाणत्वात्तथा सर्वत्रापि सर्वप्रदेशेष्वपि सर्वान् ग्रहणप्रायोग्यानवगाढान् स्कन्धान्सर्वैरेवाऽऽत्मप्रदेशैर्गृह्णातीत्यप्यर्थ-स्सूचितः । ननु कर्मैव नास्ति कुतस्तस्य जीवप्रदेशैस्सम्बन्ध इति चेन्न, आत्मा स्वरूपेण शश्वज्ज्ञानवान् तत्स्वभावत्वात्, यो यत्स्वभावस्स शश्वत्तद्वान् यथोष्णस्वभावो वह्निश्शश्वदौष्ण्यवान् ज्ञानस्वभावश्चाऽऽत्माततस्सोऽपि शश्वत्तद्वानित्यनुमानेन शश्वज्ज्ञानवतः स्वगोचरज्ञानप्रतिबन्ध-[१]दर्शनेनतत्प्रतिबन्धकज्ञानावरणादिकर्मसिद्धेः, भूताविष्टपुरुषस्य स्वज्ञानप्रतिबन्धकभूतवत् । तच्च कर्मपौद्गलिकमेव, नात्मगुणरूपं अमूर्त्तेरनुग्रहोपघाताभावात् आकाशं ह्यमूर्त्तं दिगादीना-ममूर्त्तानां नानुग्राहकं न वोपघातकञ्च दृष्टं तथैवामूर्त्तं कर्म कथममूर्त्तस्यात्मनोऽनुग्रहोप-घातयोर्हेतुर्भवेत् । न च तथापि कथं मूर्त्तेन कर्मणाऽमूर्त्तस्यात्मनो बन्धो नहि पुद्गलेनामूर्त्तेन अमूर्त्तानामाकाशादीनामनुग्रहोपघातौ दृष्टाविति वाच्यम्, आत्मनः कर्मसम्बन्धस्यानादित्वे-नैकान्तिकामूर्त्तत्वासिद्धेः । अत एवामूर्त्तस्य ज्ञानस्य कथं मूर्तेन ज्ञानावरणीयेन प्रतिबन्ध इति शंकापि परास्ता कथञ्चिन्मूर्त्तादात्मनो ज्ञानस्य सर्वथा भेदाभावेन तस्याऽपि कथञ्चिन्मूर्त्तत्वात् । एवञ्च निखिलकर्मात्मकस्य कर्माधारभूतस्य सर्वेषामौदारिकादिशरीराणां कारणभूतस्य प्रवाहतोऽनादिरूपस्य आमोक्षं जीवाविनाभूतस्य कार्मणशरीरस्य मिथ्यात्वादिप्रसूतस्य सिद्धौ तच्छरीरयुक्तो जीवः कर्मप्रायोग्यवर्गणा औदारिकादिवर्गणाश्च गृह्णन् योगवान् कषाय-स्नेहानुलिप्तः कर्मरजोभिरौदारिकादिशरीरैश्च कथञ्चिदभेदेन सम्बध्यते, अत एव च

१. अखिलज्ञेयज्ञातृस्वभावस्यात्मनो ज्ञानं सप्रतिबन्धकं, स्वगोचरज्ञानप्रतिबन्धदर्शनात् भूताविष्टपुरुषज्ञानवत् इत्यनुमाने तेन भूताविष्टपुरुषज्ञानप्रतिबन्धकभूतवत् निखिलज्ञेयज्ञातृस्वभावस्यात्मनोऽपि ज्ञानस्य प्रतिबन्धकं कर्म सिद्ध्यति तेन च कार्मणशरीरमारभ्यते, तदभावे औदारिकादिशरीरसम्बन्धासिद्धेः, न हि मूर्त्तामूर्त्त-योर्घटाकाशयोरिवौदारिकादिशरीरात्मनोः परस्परानुप्रवेशस्सम्भवति । न च कथं कार्मणशरीरस्यात्मनामूर्त्तेन सम्बन्धः, अनादिकालादात्मना कथञ्चित्तादात्म्यस्याभ्युपगम्यमानत्वेन तत्र पर्यनुयोगा सम्भवात् । जीवकर्म-संयोगस्यानादित्वेऽपि बीजाङ्कुरयोर्मध्येऽनिवर्तितकार्यस्य कस्यचिन्नाशः तत्समाननाशवत् तपस्संयमाद्यपायात्स व्यवच्छिद्यत इति बोध्यम् ॥

तदवच्छिन्नस्यात्मनस्सुखदुःखानुभवः, स्ववीर्येणौदारिकादिपुद्गलानां चेतनतया परिणमितत्वात् । अन्यथा शरीरस्य जीवादत्यन्तभेदात्तदवच्छेदेन तस्य सुखदुःखसंवेदनं न स्यादिति । न च कार्मणशरीरस्य मूर्त्तत्वे औदारिकादिशरीरवत्तस्यैन्द्रियकत्वप्रसङ्ग इति वाच्यम्, मूर्त्तमात्रस्यैन्द्रियकत्वमिति नियमाभावात्, अत्यन्तसूक्ष्मतया परिणतत्वेन तस्य वैक्रियादिशरीरस्येव चर्मचक्षुषामतीन्द्रियत्वोपपत्तेः । कार्मणशरीरवत्त्व एव जीवो भवान्तरं प्राप्नोति, नान्यथा, औदारिकादिशरीरस्य तद्भव एव त्यागात् शरीरान्तरस्य चाभावात् । न चाऽशरीरस्यैव भवान्तरप्राप्तिरिति वाच्यम्, सदेहस्यैव तस्याऽत्र गमनदर्शनेनाऽन्यत्राऽपि तथाऽनुमानात्, अत एव पूर्वप्रयोगादेवाशरीरस्य मुक्तस्य गमनमुक्तं, न चाऽचेतनस्य कथं देशान्तरप्रापणसामर्थ्यमिति वाच्यम् चेतनाधिष्ठितस्याचेतनस्याऽपि पोतादेरिव देशान्तरप्रापणसामर्थ्योपलम्भात् । तस्मात्कार्मणशरीरेणानादिसम्बन्धस्याऽऽत्मनस्संसारिण औदारिकादिशरीरसम्बन्धाद्बन्धसिद्धिरिति ॥

श्री बंधनिरूपण नामक नवम किरण

હવે આગંતુક (આવનાર-નવા) કર્મોનો નિરોધ કરનાર સંવર (તત્ત્વ) કહી દીધેલ છે અને બંધાયેલ (પ્રાચીન) કર્મોનો ધ્વંશ કરનારી નિર્જરાનું કથન કરી દીધેલ છે. ત્યાં બંધ કયા સ્વરૂપવાળો છે અથવા કયા કારણથી બંધરૂપી કાર્ય છે ? આવી આકાંક્ષા ઉપસ્થિત થવાથી (પ્રકૃતસિદ્ધ અર્થક ચિંતારૂપ પ્રકૃત ઉપસાધકત્વરૂપ) ઉપોદ્‌ઘાત સંગતિ દ્વારા 'બદ્ધ કર્મણામ્' ઇત્યાદિ નિર્જરાલક્ષણથી બંધનું સ્મરણ કરેલ હોવાથી પ્રસંગસંગતિ કે (અનંતર વક્તવ્યત્વરૂપ) અવસરસંગતિથી બંધત્વનું નિરૂપણ કરવાની ઇચ્છાવાળા પહેલાં બંધ(કાર્યરૂપ બંધ)નું લક્ષણ કરે છે.

ભાવાર્થ - આત્માના પ્રદેશોની સાથે શુભ-અશુભ કર્મોનો સંબંધ, તે 'બંધ' કહેવાય છે.

વિવેચન - 'आत्मप्रदेशैः' ઇતિ. અહીં ત્રીજી વિભક્તિ 'સાથે' એવા અર્થવાળી છે, અર્થાત્ આત્માના પ્રદેશોની સાથે પુણ્યરૂપ એવા શુભ, પાપરૂપ અશુભ, વિશિષ્ટ પુદ્‌ગલરૂપ કર્મોનો ક્ષીર-નીરની માફક, પરસ્પર આશ્લેષ-એકતાવાળો સંબંધ, કથંચિત્ ભેદ-અભેદરૂપ, તેનાથી બીજા અધિક સંબંધનો અભાવ હોવાથી સંબંધન રૂપ સંબંધ હોઈ 'બંધ' કહેવાય છે.

○ આત્માની સાથે જ સંબંધવાળા કર્મપુદ્‌ગલોનો સંબંધ કહેવાય છે પરંતુ ઘટ આદિની સાથે પુદ્‌ગલસંબંધ બંધ કહેવાતો નથી. એવું સૂચન કરવા માટે 'આત્મા' એમ કહેલ છે. પ્રદેશની સાથે પણ બંધ છે, એમ સૂચવવા માટે 'પ્રદેશૈઃ' એમ કહેલ છે.

○ અહીં શુભ-અશુભ કર્મસંબંધનું જ બંધરૂપપણું વિવક્ષિત છે પરંતુ શુભ-અશુભરૂપ કર્મવર્ગણાઓનું બંધપણું વિવક્ષિત નથી. એવો અભિપ્રાય જણાવવા માટે 'શુભ-અશુભ કર્મસંબંધ' એમ કહેલ છે. એથી જ પુણ્ય-પાપતત્ત્વ કરતાં બંધતત્ત્વનું જુદું ગ્રહણ કરેલ છે.

વાસ્તવિક રીતે કર્મનું શુભરૂપપણું અને અશુભરૂપપણું-એમ બે પ્રકારના કર્મની સાથે સંબંધ 'બંધ' થાય છે, એમ સૂચવવા માટે 'શુભાશુભ' કહેલ છે.

○ કર્મપદથી 'કર્મયોગ્ય પુદ્ગલો' ગ્રહણ કરવાના છે, કેમ કે-જીવના ગ્રહણ કર્યા પહેલાં તે પુદ્ગલોમાં કર્મપરિણામનો (કર્મરૂપે પરિણમવાનો) અભાવ છે.

○ 'શુભ-અશુભ કર્મ' પદથી ઉત્તરપ્રકૃતિનો બોધ થવાથી, તે ઉત્તરપ્રકૃતિનો જ બંધ લક્ષણવિષય થાય છે પરંતુ મૂલપ્રકૃતિનો બંધ લક્ષિત થતો નથી. એટલે (લક્ષ્ય એક દેશમાં અવૃત્તિત્વ) અવ્યાપ્તિ નામક દોષ ત્યાં થાય, માટે તે દોષને નિવારવા માટે 'આત્મપ્રદેશોની સાથે કર્મનો સંબંધ એ બંધ' કહેવાય છે, એવું જ લક્ષણનું શરીર (આકાર) જાણવું.

○ અને આ ભાવબંધ કહેવાય છે. વળી જે (આત્મપ્રયત્ન) પ્રયોગબંધ અને (સ્વાભાવિક) વિસ્રસાબંધરૂપ બે પ્રકારોનો દ્રવ્યબંધ અહીં વિવક્ષિત નથી, કેમ કે-અપ્રકૃત છે. (પ્રયોગથી ભાવબંધ અને દ્રવ્યબંધ થાય છે. ત્યાં પ્રયોગજન્યપણું હોવા છતાં ક્ષતિ નથી, એવા ભાવ છે.)

○ આત્મપ્રદેશની સાથે પુદ્ગલસંબંધનું બંધપણું નથી, કેમ કે-મુક્તસ્વરૂપી જીવની સાથે પુદ્ગલસંબંધનું અસ્તિત્વ છે, પુદ્ગલોનું વ્યાપકપણું છે. અંજનચૂર્ણથી ભરેલા ડાબડાની માફક ચૌદ રાજલોક પુદ્ગલોથી પરિપૂર્ણ ભરેલો છે. વળી કર્મપુદ્ગલના ગ્રહણ કરવામાં કર્મયોગ્ય પુદ્ગલોનું જ ગ્રહણ કરવાથી, તે મુક્ત આત્મામાં કર્મયોગ્ય પુદ્ગલોના સંબંધનો સર્વથા અભાવ હોવાથી કોઈ ક્ષતિ નથી, કારણ કે-જીવ, રાગ આદિરૂપ વિભાવગુણના યોગથી કાય આદિ યોગ દ્વારા કર્મવર્ગણાના યોગ્ય પુદ્ગલસ્કંધોને લઈ, કર્મરૂપપણાએ પરિણમાવી આત્મસાત્ (આત્માધીન) કરે છે. જીવ સિવાયનો બીજો નહીં. ઈતિ.

○ 'आत्मप्रदेशैः' 'આત્મપ્રદેશોની સાથે.' આ કથન દ્વારા જીવ સ્વપ્રદેશમાં અવગાઢ જ (અવગાહીને રહેલ) દલિક (કર્મદળિયા)ને ગ્રહણ કરે છે, નહીં કે અંતર પરમ્પરપ્રદેશમાં અવગાઢ દલિકને ત્યાં પણ એક જીવપ્રદેશમાં જે અવગાઢગ્રહણ પ્રાયોગ્ય દલિક છે તે એક દલિકને પણ સઘળાય આત્મપ્રદેશોથી ગ્રહણ કરે છે. તે દલિકનો સર્વ પ્રદેશોનો શૃંખલાના અવયવોની માફક પરસ્પર સંબંધ છે.

○ વળી તે કર્મયોગ્ય પુદ્ગલદ્રવ્યના ગ્રહણ માટે એક પ્રદેશ વ્યાપારવાળો થયે છતે, અનંત પરંપરાએ સઘળા પ્રદેશો પણ વ્યાપારવાળા થાય છે તથા સઘળે ઠેકાણે પણ (સર્વ પ્રકૃતિપુદ્ગલોના) સર્વ પ્રદેશો પૈકી પણ અવગાઢ (એક ક્ષેત્ર અવગાઢ સૂક્ષ્મસ્થિત) ગ્રહણયોગ્ય સર્વ સ્કંધોને સઘળા જ આત્મપ્રદેશો વડે ગ્રહણ કરે છે, એવો પણ અર્થ સૂચિત થાય છે.

શંકા - જો કર્મ જ નથી, તો ક્યાંથી તેનો (કર્મનો) જીવપ્રદેશોની સાથે સંબંધ ?

સમાધાન - આત્મા સ્વરૂપથી હંમેશાં જ્ઞાનવાળો છે, કેમ કે-જ્ઞાન આત્માનો સ્વભાવ છે. જે જે સ્વભાવવાળો હોય તે હંમેશાં તે સ્વભાવવાળો હોય જ. જેમ ઉષ્ણ સ્વભાવવાળો અગ્નિ હંમેશાં ઉષ્ણતાવાળો છે, તેમ આત્મા જ્ઞાનસ્વભાવી છે, માટે તે આત્મા પણ હંમેશાં જ્ઞાનવાળો છે. એવા અનુમાનથી નિત્યજ્ઞાનવાળા આત્મામાં સ્વવિષયવાળા (આત્મવિષયક) જ્ઞાનના પ્રતિબંધકના દર્શનથી [સકળ જ્ઞેયજ્ઞાતૃ સ્વભાવવાળા આત્માનું જ્ઞાન પ્રતિબંધકવાળું છે. સ્વવિષયવાળા જ્ઞાનનો પ્રતિબંધ દેખવાથી, ભૂતથી

આવિષ્ટ પુરુષના જ્ઞાનની માફક આવું અનુમાન હોયે છતે, ભૂતથી આવિષ્ટ પુરુષજ્ઞાનના પ્રતિબંધક ભૂતની માફક સમસ્ત જ્ઞેયજ્ઞાતૃત્વ સ્વભાવવાળા આત્માનું પોતાના પણ જ્ઞાનના પ્રતિબંધ તરીકે કર્મ સિદ્ધ થાય છે અને તેથી કાર્મણશરીર આરંભાય છે. તેના અભાવમાં ઔદારિક આદિ શરીરના સંબંધની અસિદ્ધિ છે. વળી મૂર્ત-અમૂર્ત એવા ઘટ આકાશની માફક ઔદારિક આદિ શરીર અને આત્માનો પરસ્પર અનુપ્રવેશ સંભવતો નથી. તો પછી કાર્મણશરીરનો અમૂર્ત એવા આત્માની સાથે કેવી રીતે સંબંધ જાણવો ? અનાદિકાળથી આત્માની સાથે કર્મનું કથંચિત્ તાદાત્મ્ય સ્વીકારાતું હોવાથી ત્યાં પ્રશ્નને અવકાશ નથી. જીવકર્મનો સંયોગ અનાદિ હોવા છતાં બીજ અને અંકુરના મધ્યમાંથી અકૃત કાર્ય એવા કોઈ એક બીજ કે અંકુરનો નાશ છે. તેના સરખા નાશની માફક તપ, સંયમ આદિ ઉપાયથી જીવકર્મના સંયોગનો સર્વથા વિયોગ થાય છે-કરાય છે એમ જાણવું.] તે નિત્યજ્ઞાન પ્રતિબંધકજ્ઞાન આવરણ આદિ કર્મની સિદ્ધિ હોવાથી. જેમ કે-ભૂતથી આવિષ્ટ પુરુષમાં સ્વજ્ઞાનપ્રતિબંધક ભૂત.

○ વળી તે કર્મ પૌદ્ગલિક (રૂપી) છે, આત્મગુણરૂપ નથી, કેમ કે-અરૂપી-અમૂર્તમાં અનુગ્રહ અને ઉપઘાત અર્થાત્ લાભાલાભ કરવાનો અભાવ છે. સબબ કે-જેમ આકાશ અરૂપી છે, એટલે અમૂર્ત એવા દિશા આદિ દ્રવ્યોમાં અનુગ્રહ કરનાર અને ઉપઘાતક દેખાયેલ નથી. તેવી રીતે જો કર્મ અરૂપી માનવામાં આવે, તો આત્મામાં અનુગ્રહ અને ઉપઘાતમાં હેતુ કેવી રીતે થાય ? માટે કર્મ રૂપી છે એમ સાબિત થાય છે, કેમ કે-આત્મા પ્રત્યે અનુગ્રાહક, ઉપઘાતક છે.

શંકા - તો પણ રૂપી એવા કર્મની સાથે અરૂપી એવા આત્માનો બંધ કેવી રીતે ? કેમ કે- પુદ્ગલથી અને અરૂપીથી એવા આકાશ આદિમાં અનુગ્રહ અને ઉપઘાત દેખાયેલા નથી.

સમાધાન - આત્મામાં કર્મનો સંબંધ અનાદિથી હોઈ (અભેદ) એકતા હોઈ એકાન્તથી અરૂપીપણું નથી. આ જ કારણથી અરૂપી એવા જ્ઞાનમાં રૂપી એવા જ્ઞાનાવરણીયકર્મથી પ્રતિબંધ (આચ્છાદાન) કેવી રીતે ?

○ એવી શંકા પણ ખંડિત થઈ જાય છે. (અપેક્ષાએ) કથંચિત્ રૂપી એવા આત્માથી જ્ઞાનનો સર્વથા ભેદનો અભાવ હોવાથી તે જ્ઞાનમાં પણ કથંચિત્ મૂર્તપણું છે.

○ એવં ચ-એવી રીતે સઘળા કર્મસ્વરૂપ, કર્મોના આધારભૂત, સઘળા ઔદારિક આદિ શરીરોના કારણભૂત, પ્રવાહની અપેક્ષાએ અનાદિરૂપ, મોક્ષ સુધી જીવની સાથે બરોબર કાયમ લાગેલ, મિથ્યાત્વ આદિ હેતુજન્ય, કાર્મણશરીરની સિદ્ધિ થયે છતે કાર્મણ, શરીરયુક્ત જીવ, કર્મપ્રાયોગ્ય વર્ગણાઓને અને ઔદારિક વર્ગણાઓને ગ્રહણ કરતો, યોગવાળો, કષાયના સ્નેહ(ચીકાશ)થી લેપાયેલો, કર્મરૂપ રજની સાથે અને ઔદારિક આદિ શરીરોની સાથે કથંચિત્ અભેદભાવથી જોડાય છે-બંધાય છે. વળી એથી જ કર્મસંબંધથી વિશિષ્ટ આત્મામાં સુખ-દુઃખનો અનુભવ છે, કેમ કે-સ્વવીર્ય વડે ઔદારિક આદિ પુદ્ગલોને ચેતનપણાએ પરિણમાવેલ છે.

○ જો અપેક્ષાએ જીવ અને કર્મને અભિન્ન ન માનવામાં આવે, તો જીવથી શરીરનો અત્યંત ભેદ થવાથી શરીરના અવલંબને-આધારે થતું જીવમાં સુખ-દુઃખનું સંવેદન-અનુભવ ન થાય !

शंका - જો કાર્મણશરીરને રૂપી માનવામાં આવે, તો ઔદારિક આદિ શરીરની માફક ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષનો વિષય-આંખોથી દેખાતું થવાનો પ્રસંગ કામર્ણશરીરમાં કેમ નહીં આવે ?

समाधान - એવો કોઈ નિયમ નથી કે-જે જે મૂર્ત હોય, તે સઘળાય ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષના વિષય હોય. અત્યંત સૂક્ષ્મપણાએ પરિણમન હોવાથી તે કાર્મણશરીર, વૈક્રિય આદિ શરીરની માફક ચર્મચક્ષુવાળા જીવોને માટે અતીન્દ્રિય છે, ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી, પરંતુ પર છે.

○ વળી કાર્મણશરીરની સત્તામાં જ જીવ બીજા ભવને પામે છે, અન્યથા કાર્મણશરીર વગરનો જીવ ભવાંતરને પામતો નથી, કેમ કે-ઔદારિક આદિ સ્થૂલ શરીરનો તે જ ભવમાં ત્યાગ કરેલ છે અને બીજા શરીરનો અભાવ છે.

शंका - શરીર વગરનો જ જીવ ભવાંતર પામે છે એમ માનીએ તો શો વાંધો ?

समाधान - દેહવાળા તેનું જ અહીં ગમન (આગમન)નું દર્શન હોવાથી બીજે ઠેકાણે પણ તેવી રીતે ગમનનું અનુમાન છે. એથી જ પૂર્વના પ્રયોગથી જ શરીરરહિત (કર્મરહિત) મુક્તનું ગમન કહેલું છે.

शंका - અચેતનનું (શરીરનું) દેશાંતરપ્રાપ્તિનું સામર્થ્ય કેવી રીતે ?

समाधान - ચેતનથી અધિષ્ઠિત એવા શરીરનું પણ વહાણ આદિની માફક દેશાંતરપ્રાપ્તિના સામર્થ્યનો અનુભવ છે.

તેથી કાર્મણશરીરની સાથે અનાદિથી સંબંધવાળા આત્મામાં, ઔદારિક આદિ શરીરના સંબંધથી બંધ સિદ્ધિ છે એમ જાણવું.

ननु कारणमन्तरेण न क्वापि कार्यं दृष्टं, बन्धश्च कार्यं तेनापि सकारणेन भवितव्यं, यद्यकस्मात्स तर्हि मोक्षोऽपि तथैव स्यात् न च तौ तथा, तदर्थं क्रियायाः विरोधप्रसङ्गात् अतो बन्धकारणनिर्देशोऽवश्यं वाच्य इति तत्कारणान्याह—

स च मिथ्यात्वाविरतिकषाययोगैर्यथायोगं समुत्पद्यते ।२।

स चेति । बन्धश्चेत्यर्थः । ननु बन्धकारणता मिथ्यात्वादीनां समुदाये वा स्यादवयवे वा स्यादित्याशङ्क्यामाह यथायोगमिति । तथा च न सर्वेषामेव हेतुत्वमपि तु मिथ्यादृष्टेश्चत्वारः समुदिता बन्धहेतवः, सास्वादनसम्यग्दृष्टिसम्यङ्मिथ्यादृष्ट्यसंयतसम्यग्दृष्टीनामविरत्यादयस्त्रयः, संयतासंयतस्याविरतिमिश्रौ कषाययोगौ च, प्रमत्तसंयतस्य, अप्रमत्तादीनां चतुर्णां च कषाययोगौ, शान्तक्षीणकषायसयोगकेवलिनां योग एव, अयोगकेवलिनां न बन्धहेतुः । तत्रापि मिथ्यात्वादीनि अवान्तरभेदविशिष्टानि प्रत्येकं बन्धकारणानि, नहि सर्वाणि मिथ्यात्वादीनि एकत्र जीवे युगपत्सम्भवन्ति नाऽपि हिंसादयः सर्वे परिणामा इति यथायोगशब्दरहस्यार्थः । यद्यपि तत्त्वार्थे प्रमादमपि गृहीत्वा पञ्चहेतुकत्वं बन्धस्योक्तं, तथाऽप्यत्र कर्मग्रन्थानुसारेण

चातुर्विध्यमुक्तम्, तत्र प्रकर्षेण माद्यत्यनेनेति प्रमादः, विषयक्रीडाभिष्वङ्गः, यत्नारब्धेऽप्यनुत्थानशीलता वा । प्रचुरकर्मेन्धनप्रभवनिरन्तराविध्यातशारीरमानसानेकदुःखहुतवहज्वालाकलापपरीतमशेषमेव संसारवासगृहं पश्यंस्तन्मध्यवर्त्त्यपि, सति च तन्निर्गमनोपाये वीतरागप्रणीतधर्मचिन्तामणौ यस्माद्विचित्रकर्मोदयसाचिव्यजनितात्परिणामविशेषादपश्यन्निव तदुभयमविगणय्य विशिष्टपरलोकक्रियाविमुख एवाऽऽस्ते जीवस्स खलु प्रमादस्तत्र हेतवोऽष्टौ, अज्ञानं-मूढतारूपम्, किमेवं स्यादन्यथावेत्यादिरूपस्संशयः, विपर्यस्ततामतिपत्तिरूपं मिथ्याज्ञानं, रागो द्वेषो विस्मरणशीलता लक्षणस्स्मृति भ्रंशः, अर्हत्प्रणीतधर्मानादरात्मकोऽनुद्यमः, मनोवाक्कायानां दुष्टताकरणमिति, प्रमादोऽयं मद्यविषयकषायादिभिर्जायत इति मिथ्यात्वादिचतुर्विधेष्वेव यथायथमन्तर्भाव इति कृत्वा लाघवार्थिना मूलकारेण पृथङ्नोक्त इत्यवधेयम् । एते चत्वारो बन्धस्य सामान्यहेतवो विशेषहेतवस्तु प्रदोषनिह्नवादयोऽग्र आवेदयिष्यन्ते इति दिक् ॥

अवतरणिका - કારણ વગર કોઈપણ સ્થળે કાર્ય દેખાયેલું નથી, અને બંધ એ કાર્ય છે. તે બંધ પણ કારણવાળો (હેતુજન્ય) હોવો જોઈએ. જો અકસ્માત-કારણ વગરનો તે બંધ માનવામાં આવે, તો મોક્ષ પણ અકસ્માત કારણ વગરનો થાય ! કારણ વગરના બંધ-મોક્ષ નથી, કેમ કે-મોક્ષ માટે થતી ક્રિયાનો વિરોધ-અભાવનો પ્રસંગ થાય છે. ક્રિયારૂપી હેતુગમ્ય બંધ-મોક્ષ છે. એથી બંધના કારણોનો નિર્દેશ અવશ્ય કહેવો જોઈએ. આ મુદ્દાથી તે બંધના કારણોને કહે છે.

ભાવાર્થ - તે બંધ, મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગો વડે યોગ પ્રમાણે ઉત્પન્ન થાય છે.

વિવેચન - તે બંધરૂપી કાર્ય (કાર્યરૂપે બંધ) થાય છે. મિથ્યાત્વ આદિનો સમુદાય અથવા ચારમાંથી કોઈ એક રૂપ અવયવ બંધ પ્રત્યે કારણ છે ? આવી આશંકામાં કહે છે કે-'યથાયોગં' ઇતિ. યોગ પ્રમાણે તથાચ એકાન્તે સઘળા ચાર પણ-ત્રણ પણ-બે પણ અને એક પણ હોઈ શકે છે. અર્થાત્ મિથ્યાદૃષ્ટિમાં (૪) ચારનો સમુદાય બંધ પ્રત્યે હેતુ છે. સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ-સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ-અસંયત સમ્યગ્દૃષ્ટિઓમાં અવિરતિ આદિ ત્રણ(૩)નો સમુદાય બંધ પ્રત્યે કારણ છે. સંયતાસંયતમાં અવિરતિથી મિશ્ર કષાય અને યોગ, બંધ પ્રત્યે હેતુ છે. પ્રમત્તસંયતમાં અને અપ્રમત આદિ ચારમાં કષાય અને યોગ, એ બંધ પ્રત્યે હેતુ છે.

○ ઉપશાન્તમોહ ક્ષીણકષાય સયોગીકેવલીઓમાં માત્ર યોગ જ બંધ પ્રત્યે હેતુ છે.

○ અયોગીકેવલીઓને બંધના હેતુનો અભાવ છે એટલે બંધાભાવ છે.

○ ત્યાં પણ પ્રત્યેક મિથ્યાત્વ આદિ બંધના કારણો અવાન્તર ભેદવિશિષ્ટ સમજવાના છે, કેમ કે-એક જીવમાં સર્વ મિથ્યાત્વ આદિ કારણો એકીસાથે હોતા નથી, હિંસા આદિ સર્વ પરિણામો પણ એકીસાથે હોતા નથી. આ પ્રમાણે યથાયોગ્ય શબ્દનો રહસ્યરૂપ અર્થ જાણવો.

○ જો કે તત્ત્વાર્થમાં પ્રમાદને પણ લઈને (મંદબુદ્ધિ પ્રતિપત્તિના હેતુની અપેક્ષા રાખીને પ્રમાદને પણ ગણીને) બંધના પાંચ (૫) હેતુઓ ગણાવેલ છે. તો પણ અહીં કર્મગ્રંથના અનુસારે (પ્રમાદને અસંયમ આદિમાં અંતર્ભાવ રાખીને) બંધ-હેતુ ચાર (૪) પ્રકારનો કહેલ છે.

○ ત્યાં પ્રમાદ એટલે જેના પ્રકર્ષથી મદવાળો જીવ થાય છે તે પ્રમાદ, વિષયક્રિડામાં આસક્તિ કે પ્રયત્નથી આરંભેલમાં નહીં ઉઠવાનો સ્વભાવ, પુષ્કળ કર્મરૂપી ઇન્ધન(લાકડાં)થી જન્ય નિરંતર, નહીં બૂઝાયેલ એવા શારીરિક-માનસિક દુઃખોરૂપી અગ્નિઓની જ્વાળાઓના સમુદાયથી ભરેલ (ભરચક) એવા સઘળા જ સંસારરૂપી નિવાસ ઘરને, તેના મધ્યમાં રહેલો પણ જોતો છતાં, વળી તે સંસારવાસ ઘરમાંથી નીકળવાના ઉપાયરૂપ વીતરાગ શ્રી જિનેશ્વરદેવકથિત ધર્મરૂપી ચિંતામણિ વિદ્યમાન હોવા છતાં, જે વિચિત્ર કર્મના ઉદયની સહાયથી પેદા થયેલ વિશિષ્ટ પરિણામ (ઔદયિકભાવથી) નથી જોતો, એમ કરી તે સંસારના દુઃખદાવાનળના ભયને પણ નહીં ગણી (તરછોડી) વિશિષ્ટ પરલોકની ક્રિયાથી વિમુખ જ ચોક્કસ તે જીવ રહે છે, તેમાં મુખ્યત્વે પ્રમાદ જ હેતુ છે.

○ તે પ્રમાદના પણ આઠ હેતુઓ છે. (૧) મૂઢતારૂપ અજ્ઞાન, (૨) શું આમ સાચું છે કે જુઠું ? ઇત્યાદિ રૂપ સંશય, (૩) વિપરિતતાના સ્વીકારરૂપ મિથ્યાજ્ઞાન, (૪) રાગ, (૫) દ્વેષ, (૬) ભૂલવાના સ્વભાવરૂપ સ્મરણનો નાશ, (૭) શ્રી અરિહંતભગવાન કથિત ધર્મમાં અનાદરરૂપ ઉદ્યમનો અભાવ, અને (૮) દુષ્ટ મન કરવું, દુષ્ટ વચન કરવું તથા દુષ્ટ કાયાની પ્રવૃત્તિ કરવી. આ પ્રમાણે આ પ્રમાદ મદ્ય (સુરા)-વિષય-કષાય-વિકથા અને નિદ્રાથી પેદા થાય છે.

○ મદ્ય અને વિષયરૂપ પ્રમાદનો અંતર્ભાવ અવિરતિમાં જ વિવક્ષિત છે. કષાયો તો જુદા જ કહેલા છે. વિકથા, નિદ્રાનો યોગમાં અંતર્ભાવ છે. એવી રીતે અંતર્ભાવ થતો હોઈ કહે છે કે-મિથ્યાત્વ આદિ ચાર પ્રકારના બંધ-હેતુઓમાં જેવી રીતે જ્યાં અંતર્ભાવ થતો હોય, ત્યાં તેવી રીતે અંતર્ભાવ છે એમ કરીને, લાઘવના અર્થી એવા મૂલકારે જુદો પ્રમાદને કહેલો નથી એમ જાણવું. આ બંધના ચાર હેતુઓ સામાન્ય હેતુઓ છે. પરંતુ પ્રદ્વેષ, નિહ્નવ આદિરૂપ વિશેષ હેતુઓ તો આગળ ઉપર જણાવાશે. એમ દિક્‌દર્શન સમજવું.

तत्र मिथ्यात्वादीनामवान्तरभेदापेक्षया बन्धस्य सप्तपञ्चाशद्विधत्वात्तानाख्यातुमादौ मिथ्यात्वं निर्वक्ति-

तत्रायथार्थश्रद्धानं मिथ्यात्वम् । तच्चाऽऽभिग्रहिकानाभिग्रहिकाऽऽभिनिवेशिक-सांशयिकानाभोगिक भेदेन पञ्चविधम् ।३।

तत्रेति । मिथ्यात्वादिचतुष्टय इत्यर्थः । यथार्थश्रद्धा हि सम्यग्दर्शनं, तद्विपरीतं मिथ्यात्वं, तत्त्वार्थश्रद्धानाभावोऽतत्त्वाध्यवसायरूपः, न तु विपर्यस्तश्रद्धानं विवक्षितं, सांशयिकादाव-सम्बन्धमानत्वात् तथा च तेषामसम्यग्रूपतया सम्यग्दर्शनविपरीतत्वान्नासङ्ग्रहः । तद्विभजते तच्चेति ॥

ત્યાં મિથ્યાત્વ આદિના અવાન્તર ભેદોની અપેક્ષાએ બંધ (૫૭) સત્તાવન પ્રકારનો છે. તેઓનું વર્ણન કરવા માટે આરંભમાં મિથ્યાત્વને કહે છે.

ભાવાર્થ - ત્યાં અયથાર્થ શ્રદ્ધા 'મિથ્યાત્વ' છે. અને તે ૧-આભિગ્રાહિક, ૨-અનાભિગ્રાહિક, ૩-અભિનિવેશિક, ૪-સાંશયિક અને ૫-અનાભોગિકના ભેદથી પાંચ પ્રકારનું છે.

વિવેચન - યથાર્થ શ્રદ્ધાનું નામ સમ્યગ્દર્શન છે. તેનાથી વિપરીત મિથ્યાત્વ છે. તત્ત્વાર્થશ્રદ્ધાનનો અભાવ, અતત્ત્વના અધ્યવસાય-નિશ્ચયરૂપ મિથ્યાત્વ અહીં સમજવું. પરંતુ વિપર્યસ્ત (વિપરીત)ની શ્રદ્ધારૂપ મિથ્યાત્વ વિવક્ષિત નથી, કેમ કે-સાંશયિક આદિ મિથ્યાત્વમાં સંબંધવાળું થતું નથી. તથાચ તે સાંશયિક આદિ સમ્યગ્ મિથ્યાત્વરૂપ હોઈ સમ્યગ્દર્શનથી વિપરીત હોવાથી અસંગ્રહ થતો નથી. અર્થાત્ તેઓના સંગ્રહ કરવા માટે વિપર્યસ્ત શ્રદ્ધાન મિથ્યાત્વ વિવક્ષિત નથી. તે મિથ્યાત્વનો વિભાગ કરે છે. હવે આભિગ્રાહિક મિથ્યાત્વને કહે છે.

अथाऽऽभिग्रहिकमाचष्टे—

कुदर्शने सद्दर्शनजन्यं श्रद्धानमाभिग्रहिकम् ।४।

कुदर्शन इति । कुदेवकुगुरुकुधर्ममये दर्शने सद्दर्शनमिति मान्यता । इदमेव दर्शनं समीचीनं नान्यदित्येवं वा यच्छ्रद्धानं, दर्शनाभासे तस्मिन् ग्राह्यत्वमतिस्तदभिग्रह आग्रहस्तन्निर्वृत्तत्वादाभिग्रहिकं मिथ्यात्वमुच्यत इति भावः । कुदर्शनविशेष्यकसद्दर्शनत्वप्रकारकज्ञानजन्यश्रद्धानत्वं लक्षणम् । सद्दर्शने सद्दर्शनत्वप्रकारकज्ञानजन्यश्रद्धानवारणाय कुदर्शनविशेष्यकेति । कुदर्शनं दर्शनमितिश्रद्धानस्य मिथ्यारूपत्वाभावात्सदिति, कुदर्शनं तुच्छमिति ज्ञानजन्यस्वदर्शनश्रद्धानेऽतिप्रसक्तिनिवारणाय सद्दर्शनत्वप्रकारकेति । अर्हद्दर्शनं सत्यमन्यद्वेति सांशयिकमिथ्यात्वे व्यभिचारवारणाय जन्यश्रद्धानमिति[१] । एवमग्रेऽपि यथासम्भवमूह्यम् ॥

ભાવાર્થ - કુદર્શનમાં સુદર્શનની શ્રદ્ધા, એ 'આભિગ્રાહિક' છે.

વિવેચન - કુદેવ-કુગુરુ-કુધર્મમય દર્શનમાં આ સદ્(સુ) દર્શન છે. આવી માન્યતા-બુદ્ધિ, અથવા આ જ દર્શન સાચું છે, બીજું નહિ-એવી બુદ્ધિ-નિશ્ચય, દર્શનાભાસ રૂપ તે દર્શનમાં ઉપાદેયપણાની બુદ્ધિ, તે રૂપ અભિગ્રહ એટલે આગ્રહ, તેનાથી બનેલ મિથ્યાત્વ, એ 'આભિગ્રાહિક મિથ્યાત્વ' કહેવાય છે એવો ભાવ છે.

લક્ષણ - કુદર્શનરૂપ વિશેષ્યવાળા, સુદર્શનત્વરૂપ પ્રકાર-વિશેષણવાળા જ્ઞાનથી જન્ય શ્રદ્ધાન-નિશ્ચયપણું લક્ષણ છે.

પદકૃત્ય - સદ્દર્શનમાં સદ્દર્શનત્વપ્રકારક જ્ઞાનજન્ય શ્રદ્ધાનમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'કુદર્શન વિશેષ્યક' એવું કહેલ છે. 'કુદર્શન દર્શન છે'-આવી શ્રદ્ધામાં મિથ્યારૂપપણાનો અભાવ હોવાથી 'સદ્' એમ કહેલ છે.

---

१. लक्षणमिदमुपलक्षणं तेन सद्दर्शनधर्मिककुदर्शनत्वप्रकारकज्ञाननिबन्धनश्रद्धानत्वस्याऽपि सङ्ग्रहः । दर्शनशब्दोपादानेन देवगुरुधर्माणामपि तदन्तर्गततया तेऽपि गृहीता एवेति न न्यूनता बोध्या ॥

'કુદર્શન તુચ્છ છે.'-આવા જ્ઞાનજન્ય સ્વદર્શનની શ્રદ્ધામાં અતિવ્યાપ્તિના વારણ માટે 'સદ્દર્શનત્વપ્રકારક' એમ કહેલ છે. 'અર્હદ્દર્શન સાચું છે કે બીજું દર્શન ?'-આવા સાંશયિક મિથ્યાત્વમાં વ્યભિચારના વારણ માટે 'જન્ય શ્રદ્ધાન' એવું લક્ષણ કહેલું છે. આ પ્રમાણે આગળના લક્ષણમાં સંભવ પ્રમાણે વિચારવું.

अनाभिग्रहिकमभिधत्ते—

सर्वदर्शनविशेष्यकसमत्वप्रकारकप्रतिपत्तिप्रयोजकं श्रद्धानमनाभिग्रहिकम् ॥५॥

सर्वदर्शनेति । सर्वाणि दर्शनानि[1] समीचीनान्येवेति मन्वानस्सर्वत्र साम्यतया श्रद्धां विदधाति सा श्रद्धा अनाभिग्रहिकमिथ्यात्वमिति भावः । तथा मन्वानो यदा सन्देग्धि तदा सांशयिकं मिथ्यात्वं भवति तद्वारणाय श्रद्धानपदम् । अत्र तादृशप्रतिपत्तिजन्यं श्रद्धानं जनकमप्यनाभिग्रहिकं भवतीति सूचयितुं पूर्वत्र जन्यतयाऽत्र च जनकतया लक्षणमभिहितमिति ध्येयम् ॥

અનાભિગ્રાહિક મિથ્યાત્વનું વર્ણન-

ભાવાર્થ - સર્વદર્શન વિશેષ્યવાળી અને સમત્વ પ્રકારવાળી પ્રતિપત્તિમાં પ્રયોજક શ્રદ્ધાન, એ 'અનાભિગ્રાહિક મિથ્યાત્વ' કહેવાય છે.

વિવેચન - સઘળા દર્શનો (દેવ-ગુરુ-ધર્મો) સાચા જ છે, આમ માનતો સઘળે ઠેકાણે સમાનતા-સમતા વડે શ્રદ્ધાને કરે છે. તે શ્રદ્ધાએ 'અનાભિગ્રાહિક મિથ્યાત્વ' છે.

પદકૃત્ય - તે પ્રકારે માનતો જયારે સંદેહ કરે છે, ત્યારે સાંશયિક મિથ્યાત્વ થાય છે. તેના વારણ માટે 'શ્રદ્ધાન' એ પદ મૂકેલ છે. અહીં તાદેશ પ્રતિપત્તિજન્ય અને જનક પણ શ્રદ્ધાન અનાભિગ્રાહિક થાય છે, એવા સૂચન માટે પૂર્વલક્ષણમાં જન્યપણાએ અને અહીં જનકપણાએ લક્ષણ કહેલ છે, એમ ધારવું.

आभिनिवेशिकमाख्याति —

तत्त्ववेत्तृत्वेऽप्यतदर्थेषु तदर्थताऽभिग्रह आभिनिवेशिकं ॥६॥

तत्त्ववेत्तृत्वेऽपीति । शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानत्वेऽपीत्यर्थः । तेन श्रीजिनभद्रसिद्धसेनादिप्रावचनिकप्रधानविप्रतिपत्तिविषयके पक्षद्वयेऽप्यन्यतरस्य वस्तुनः शास्त्रबाधितत्वात् तदन्यतरश्रद्धानवतो नाभिनिवेशित्वप्रसङ्गः । तेषां स्वाभ्युपगतार्थे शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानेऽपि पक्षपातेन तत्प्रतिसन्धानाभावात् किन्त्वविच्छिन्नप्रावचनिकपरम्परया स्वाभ्युपगतार्थानुकूलत्वेन शास्त्रतात्पर्यस्यैव प्रतिसन्धानात् । अतदर्थेषु अतथाभूतेष्वर्थेषु,

१. एवं देवगुरुधर्माणामपि ग्रहणं विज्ञेयम् ॥

तदर्थताभिग्रहः-दुष्टाभिनिवेशेन तथाश्रद्धानमित्यर्थः, गोष्ठामहिलादयो हि दुरभिनिवेश-विप्लावितधियश्शास्त्रतात्पर्यबाधं प्रतिसन्धायैवान्यथा श्रद्दधते । अभिनिवेशे दुष्टत्वञ्च सम्यग्वक्तृवचनानिवर्त्तनीयत्वं, तेन सम्यग्दृष्टेरपि अनाभोगात्प्रज्ञापकदोषाद्वा अन्यथा श्रद्धानसंभवेऽपि नाभिनिवेशिकत्वम्, तेषामभिनिवेशस्य सम्यग्वक्तृवचननिवर्त्तनीयत्वादिति भावः ॥

આભિનિવેશિક મિથ્યાત્વને કહે છે-

ભાવાર્થ - 'તત્ત્વવેત્તાપણું હોવા છતાં જે તથાભૂત અર્થ ન હોય, તેવા અયથાર્થોમાં યથાર્થતાનો આગ્રહ, એ 'આભિનિવેશિક મિથ્યાત્વ' કહેવાય છે.

વિવેચન - શાસ્ત્રના તાત્પર્ય વિષયક બાધનું પ્રતિસંધાન-અનુસંધાનપણું હોવા છતાં એવો અર્થ છે તેથી શ્રી જિનભદ્ર-સિદ્ધસેન આદિ પ્રાવચનિક પુરુષપ્રધાનોના વિપ્રતિપત્તિ (બે વિરુદ્ધ કોટી સ્થાપનાર શબ્દ)ના વિષયવાળા બે પક્ષમાં પણ કોઈ એક (કોટીરૂપ) વસ્તુશાસ્ત્રથી બાધિત હોવાથી, તેનાથી ભિન્ન બીજી એક કોટીરૂપ શ્રદ્ધાનવાળામાં આભિનિવેશિપણાનો પ્રસંગ નથી, કેમ કે-તેઓના પોતાના માનેલા અર્થમાં શાસ્ત્રતાત્પર્યના બાધના પ્રતિસંધાનમાં પણ પક્ષપાતપૂર્વકના તે પ્રતિસંધાનનો અભાવ છે પરંતુ અવિચ્છિન્ન પ્રાવચનિકોની પરંપરાથી પોતે માનેલ અર્થનું અનુકૂળપણું હોઈ શાસ્ત્રતાત્પર્યનું જ પ્રતિસંધાન-અનુસંધાન છે.

○ તથાભૂત જે અર્થો ન હોય, તેવા અયથાર્થ અર્થોમાં યથાર્થતાનો અભિગ્રહ કદાગ્રહથી તે પ્રકારનો નિશ્ચય (શ્રદ્ધાન), એવો અર્થ છે.

○ જેમ કે-ગોષ્ઠામાહિલ વગેરે, દુરાગ્રહથી ભ્રષ્ટ બુદ્ધિવાળાઓ શાસ્ત્રના તાત્પર્યના બાધનું અનુસંધાન કરીને જ ઉલટી શ્રદ્ધા ધારણ કરે છે.

○ આભિનિવેશનમાં દુષ્ટત્વ એટલે સમ્યગ્ વક્તા (યથાર્થ વક્તા)ના વચનથી અનિવારણીય-અનિવાર્યપણું છે. તેથી સમ્યગ્દૃષ્ટિમાં પણ અનુપયોગથી અથવા પ્રજ્ઞાપક (શિક્ષક)ના દોષથી, અન્યથા ઉલટી શ્રદ્ધાનો સંભવ છતાં આભિનિવેશિકપણું નથી. તેઓનો આભિનિવેશ સમ્યગ્ વક્તાના વચનથી નિવારી શકાય છે.

सांशयिकं वक्ति -

अर्हत्तत्त्वधर्मिकसत्यत्वसंशयजनकंमिथ्यात्वं सांशयिकम् ।७।

अर्हत्तत्त्वेति । भगवत्प्रोक्तानि जीवादितत्त्वानि सत्यानि नवेत्येवंरूपस्य संशयस्य जनकंतज्जन्यं वा यन्मिथ्यात्वं तत्सांशयिकमित्यर्थः । अन्यप्रोक्ततत्त्वेषु सत्यत्वसंशयस्य जनकं न तादृङमिथ्यात्वमित्यतोऽर्हदिति यद्यपि सूक्ष्मार्थादिविषयस्संशयस्साधूनामपि संभवति तथापि स आगमोदितभगवद्वचनप्रामाण्यपुरस्कारेण निवर्त्तते, स्वरसवाहितयाऽनिवर्त्तमानश्च स सांशयिकमिथ्यात्वरूपस्सन्ननाचारापादक एव, अत एवाकांक्षामोहोदयादाकर्षप्रसिद्धिरिति ॥

સાંશયિક મિથ્યાત્વને કહે છે-

ભાવાર્થ - શ્રી અરિહંતકથિત તત્ત્વવિષયક સત્યપણાના સંશયનું જનક મિથ્યાત્વ, એ 'સાંશયિક મિથ્યાત્વ' કહેવાય છે.

વિવેચન - ભગવંતે કહેલા જીવ આદિ તત્ત્વો સાચાં છે કે નહિ ? એવા રૂપનું સંશયનું જનક અથવા તજ્જન્ય (સંશયજન્ય) જે મિથ્યાત્વ, તે 'સાંશયિક મિથ્યાત્વ' કહેવાય છે.

○ અન્યે કહેલા તત્ત્વમાં સત્યતાના સંશયનું જનક તેવું મિથ્યાત્વ થતું નથી, માટે 'અર્હત્તત્ત્વ' એમ કહેલ છે. જો કે સૂક્ષ્મ અર્થ આદિ વિષયવાળો સંશય (પ્રશ્નરૂપ શંકા) સાધુઓમાં પણ સંભવે છે, તો પણ તે સંશય આગમકથિત ભગવંતના વચનપ્રમાણતા પુરસ્કાર દ્વારા (ભગવાનનું વચન પ્રમાણ છે-સત્ય છે, આવી શ્રદ્ધાથી) દૂર થાય છે. વળી જો તે સંશય સ્વાભાવિક રીતે દૂર થતો નથી, તો તે સંશય સાંશયિક મિથ્યાત્વરૂપ હોતો અનાચારનો સર્જક બને છે. એથી જ આકાંક્ષા નામક મોહના ઉદયથી આકર્ષ (અમુક વખત આવે ને જાય)ની પ્રસિદ્ધિ છે.

अथानाभोगिकमिथ्यात्वमाह -

दार्शनिकोपयोगशून्यजीवानां मिथ्यात्वमनाभोगिकम् ।८।

दार्शनिकेति । विशेषज्ञानविकलानामित्यर्थः, ते च विचारशून्या एकेन्द्रियादयो वा, अन्ततस्स्पर्शोपयोगस्यैकेन्द्रियादावपि सत्त्वादुपयोगशून्यजीवाप्रसिद्धिप्रयुक्तासम्भवन्यक्काराय दार्शनिकेति । तत्राऽऽभिग्रहिकाभिनिवेशिके विपर्यासरूपत्वेन सानुबन्धक्लेशमूलत्वादरीयसी, शेषाणि च त्रीणि नात्यन्तानर्थसम्पादकानि विपरीतावधारणरूपत्वाभावेन सुप्रतीकारत्वात् इति ॥

હવે અનાભોગિક મિથ્યાત્વને કહે છે-

ભાવાર્થ - દાર્શનિક ઉપયોગશૂન્ય જીવોનું મિથ્યાત્વ, એ 'અનાભોગિક' કહેવાય છે.

વિવેચન - વિશેષજ્ઞાનરહિત જીવોનું મિથ્યાત્વ, એ 'અનાભોગિક' એવો અર્થ જાણવો. તેઓ વિચારથી શૂન્ય કે એકેન્દ્રિય આદિ જીવો જાણવા. અંતની અપેક્ષાએ એકેન્દ્રિય આદિમાં પણ સ્પર્શ વિષયનો ઉપયોગ હોવાથી ઉપયોગ શૂન્ય જીવોની અપ્રસિદ્ધિ દ્વારા જન્ય અસંભવના વારણ માટે 'દાર્શનિક' ઇતિ કહેલ છે.

○ ત્યાં આભિગ્રાહિક અને આભિનિવેશિક-એ બન્ને વિપર્યાસરૂપ હોઈ, અનુબંધવાળા ક્લેશ(કર્મ-કષાય)નું મૂળ હોઈ મહાન છે-ગરિષ્ઠ છે.

○ અનાભિગ્રાહિક-સાંશયિક-અનાભોગિક, એ ત્રણ મિથ્યાત્વો અત્યંત અનર્થ સંપાદક નથી, કેમ કે-વિપરીત નિશ્ચયનો અભાવ હોઈ સારી રીતે પ્રતિહાર-નિવારણયોગ્ય છે.

अविरतिमाख्याति -

हिंसाद्यव्रतेभ्यः करणैर्योगैश्चाऽविरमणमविरतिः । तस्याश्च मनः पञ्चेन्द्रियाणां स्वस्वविषयेभ्यः पृथिव्यप्तेजोवायुवनस्पतित्रसरूपषड्विधजीवहिंसातश्चाप्रतिनिवर्त्तनरूपत्वाद्द्वादशविधत्वम् ।९।

हिंसाद्यव्रतेभ्य इति । अविरमणमविरतिः, केभ्यः, अव्रतेभ्यः, तथाचाऽव्रतेभ्योऽविरमणमविरतिः । अकरणं हि विरतिः करणञ्चाऽविरतिस्तथा च कैः करणमितिकरणाकांक्षा जायते, तत्राऽऽह-करणैर्योगैश्चेति । इन्द्रियैर्मनोवाक्कायरूपयोगैश्चेत्यर्थः, यदि कायेनैवेन्द्रियाणामपि ग्रहणं भवतीत्युच्यते तदा करणैः कृतकारितानुमतिभिरित्यर्थः । अव्रतानि कानीत्यत्राह हिंसादीति । आदिनाऽसत्यस्तेयाऽब्रह्मपरिग्रहाणां ग्रहणम्, यद्यपि हिंसादिभ्योऽविरमणमेवाव्रतं तथापि हिंसादीनामपि अविरतिं प्रत्यनुकूलतयाऽव्रतत्वोक्तिः, न च हिंसादयो व्रतरूपा अपि स्युस्तद्विषयकविरमणरूपत्वाद्व्रतस्येति वाच्यम्, अत्यन्तप्रतिकूलतया विरतिं प्रति तथाकथनस्यानुचितत्वात् एवञ्च हिंसाद्यव्रतेभ्यः कृतकारितानुमतिमनोवाक्कायान्यतमेन करणमितियावत् । तस्या द्वादशविधत्वं द्वादशस्थानप्रदर्शनद्वारा प्रकटयति तस्याश्चेति, अविरतेश्चेत्यर्थो द्वादशविधत्वमित्यनेनाऽस्य सम्बन्धः । कथं द्वादशविधत्वमित्यत्राह मन इति । मनसस्स्वस्वविषयेभ्योऽप्रतिनिवर्त्तनमित्येका पञ्चेन्द्रियाणां घ्राणरसनचक्षुश्श्रोत्रस्पर्शानां स्वस्वविषयेभ्योऽप्रतिनिवर्त्तनानीति पञ्च, षड्विधजीवहिंसादिभ्योऽप्रतिनिवर्त्तनानीति षट् मिलित्वा च द्वादशविधत्वमिति भावः ॥

અવિરતિનું વર્ણન-

ભાવાર્થ - હિંસા આદિ અવ્રતોથી કરવા-કરાવવા-અનુમોદવારૂપ કરણો વડે અને મન-વચન-કાયારૂપ યોગો વડે નહિ અટકવું. એ 'અવિરતિ' કહેવાય છે. તે અવિરતિ, મનં અને પાંચ ઈન્દ્રિયોનું પોતપોતાના વિષયોથી અનિવર્તનરૂપ પૃથિવીકાય-અપ્કાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાય અને ત્રસરૂપ છ પ્રકારના જીવોની હિંસાથી અપ્રતિનિવર્તન રૂપ (૧૨) બાર પ્રકારની છે.

વિવેચન - નહિ અટકવું એ અવિરતિ. કયી વસ્તુઓથી નહિ અટકવું ? આના જવાબમાં અવ્રતોથી નહિ અટકવું તે અવિરતિ. અર્થાત્ નહિ કરવું (કરાવવું-અનુમોદવું) તે ખરેખર વિરતિ અને કરવું તે અવિરતિ. કોના વડે કરવું ? આવી કરવાની આકાંક્ષા થાય છે ત્યાં કહે છે કે - 'કરણો વડે અને યોગો વડે' ઈતિ, અર્થાત્ ઈન્દ્રિયો વડે અને મન-વચન-કાયરૂપ યોગો વડે, એવો અર્થ છે. જો કાયાથી જ ઈન્દ્રિયોનું પણ ગ્રહણ થાય છે એમ કહેવાય, તો કરણો વડે, કરેલ-કરાવેલ અનુમતિ વડે એવો અર્થ જાણવો. અવ્રતો કયા છે ? એના જવાબમાં કહે છે કે - 'હિંસા આદિ' ઈતિ. આદિ પદથી અસત્ય-ચોરી-અબ્રહ્મ અને પરિગ્રહોનું

ગ્રહણ છે. જો કે હિંસા આદિથી નહિ અટકવું જ અવ્રત છે, તો પણ હિંસા આદિનું અવિરતિ પ્રત્યે અનુકૂળપણું હોવાથી 'અવ્રત'પણાનું કથન છે.

શંકા - હિંસા આદિ વ્રતરૂપ પણ થાય, કેમ કે-તે અહિંસા આદિરૂપ વિષયવાળા વિરમણરૂપ વ્રત છે ને ?

સમાધાન - એમ નહિ, કેમ કે-વિરતિ પ્રત્યે હિંસા આદિ અત્યંત પ્રતિકૂળ હોઈ તેવું કથન અનુચિત છે.

એવં ચ હિંસા આદિ અવ્રતોથી કરેલ-કરાવેલ-અનુમતિ દ્વારા મન-વચન-કાયામાંથી કોઈ એકથી નહિ અટકવું, એ 'અવિરતિ' છે એવો ભાવ છે. અર્થાત્ હિંસા આદિમાંથી કોઈ એકનું કરેલ-કરાવેલ-અનુમતિ દ્વારા મન-વચન-કાયમાંથી કોઈ એકથી કરવું, એ 'અવિરતિ' છે. તે અવિરતિના બાર (૧૨) પ્રકારોને બાર સ્થાનોના પ્રદર્શન દ્વારા પ્રગટ કરે છે. અવિરતિ બાર પ્રકારોરૂપ છે. કેવી રીતે દ્વાદશવિધપણું છે ? આના જવાબમાં કહે છે કે- 'મન' ઇતિ. (૧) મનને પોતપોતાના વિષયોથી પાછું નહિ હઠવું (૧), (૬) ઘ્રાણ-રસન-ચક્ષુ-શ્રોત્ર-સ્પર્શનરૂપ પાંચ ઇન્દ્રિયોનું પોતપોતાના વિષયોથી પાછું નહિ હઠવું એમ (૫), (૧૨) પૃથિવીકાય આદિ છ પ્રકારના જીવોની હિંસાથી નહિ અટકવારૂપ છ (૬) મળીને બાર (૧૨) પ્રકારો અવિરતિના જાણવા, એવો ભાવ છે.

कषायमाह -

कषायः पूर्वोदितपञ्चविंशतिविधः । वेदत्रयहास्यषट्कात्मकनोकषायः कषाय-सहगामित्वात्कषायपदवाच्यः ।१०।

कषाय इति । पूर्वोदितेति पापनिरूपणोदितेत्यर्थः । तथाचाऽनन्तानुबन्धिक्रोधमान-मायालोभाः, अप्रत्याख्यानक्रोधमानमायालोभाः, प्रत्याख्यानक्रोधमानमायालोभाः, संज्वलन-क्रोधमानमायालोभा इति षोडशविधः कषायः । पुंस्त्रीनपुंसकहास्यरत्यरतिशोकभयजुगुप्सारूपो नवविधो नोकषाय इति मेलनतः कषायः पञ्चविंशतिविध इति भावः । ननु नवविधनो-कषायस्य कथं कषायत्वमित्यत्राह वेदत्रयेति पुंस्त्रीनपुंसकेतिवेदत्रयेत्यर्थः, हास्यषट्केति, हास्यरत्यरतिभयशोकजुगुप्साषट्केत्यर्थः । कषायसहगामित्वादिति कषायेण सहैव वर्त्तमान-त्वादित्यर्थः, दिग्दर्शनमिदं, तेन यद्दोषो यः कषायस्तत्सहचारिणां हास्यादीनामपि तद्दोषत्वेन तत्कार्यकारित्वात्कषायत्वं तत्राप्यल्पकार्यकारित्वाच्च नोकषायत्वमितिबोध्यम् ॥

હવે કષાયને કહે છે-

ભાવાર્થ - કષાય પૂર્વકથિત પચીશ (૨૫) પ્રકારવાળો છે. ત્રણ વેદ-હાસ્ય આદિ છ (૬) રૂપ નોકષાય, કષાયની સાથે જનાર હોવાથી કષાયપદવાચ્ય કહેવાય છે.

વિવેચન - પાપનિરૂપણમાં કહેલ અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, અપ્રત્યાખ્યાન ક્રોધ-માન-માયા-લોભ, પ્રત્યાખ્યાન, ક્રોધ-માન-માયા-લોભ, સંજવલન ક્રોધ-માન-માયા-લોભ, એમ (૧૬) પ્રકારનો

કષાય, પું-સ્ત્રી-નપુંસક-હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સારૂપ (૯) નવ પ્રકારનો નોકષાય, એમ મેળવવાથી કષાય (૨૫) પચીશ પ્રકારનો થાય છે.

શંકા - નવ પ્રકારના નોકષાયનું કષાયપણું કેવી રીતે ?

સમાધાન - પુરુષ-સ્ત્રી-નપુસંક એમ ત્રણ વેદો, હાસ્યષટ્ક એટલે હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સારૂપ છ (૬)-એમ (૯) નોકષાય, કષાયસહગામી હોવાથી એટલે કષાયની સાથે વર્તતા-રહેતા હોવાથી, આ તો દિગ્દર્શન છે. તેથી જે દોષવાળો જે કષાય છે, તે કષાયની સાથે રહેનારા (સહચારીઓ) હાસ્ય આદિ પણ તે દોષવાળા હોઈ-તે કષાયનું કાર્ય કરનારા હોઈ હાસ્ય આદિમાં કષાયપણું છે. વળી ત્યાં પણ અલ્પ કાર્ય કરનારા હોઈ નોકષાયપણું છે, એમ સમજવું.

चतुर्थं योगमाचष्टे –

योगो मनोवाक्कायव्यापारः । तत्र सत्यासत्यमिश्रव्यवहारविषयकमनोवाग्व्यापारा अष्टौ, तथौदारिकौदारिकमिश्रवैक्रियवैक्रियमिश्राऽऽहारकाऽऽहारकमिश्रकार्मणशरीर-जन्यव्यापारास्सप्तेति पञ्चदशयोगाः ।११।

योग इति । युज्यतेऽनेनेतियोगः, तत्र यद्यपि बन्धेऽभीप्सितालब्धवस्तुलाभे मेलने संयोगे शब्दादीनां प्रयोगे समुदायशब्दस्यावयवार्थसम्बन्धे द्रव्यतो बाह्ये मनोवाक्कायव्यापारे भावतोऽध्यवसायविशेषे च योगशब्दो वर्त्तते तथापि प्रकृतोपयोगिनं तदर्थं सूचयितुं मनोवाक्कायव्यापार इत्युक्तत्वान्मनोवाक्कायव्यापार एवात्र विवक्षितः । सोऽयं योगो द्विविधः, द्रव्ययोगो भावयोगश्चेति । जीवेनागृहीतानि गृहीतानि वा स्वव्यापाराप्रवृत्तानि मनोवागादि-द्रव्याणि द्रव्ययोगः । जीवस्य परिणामविशेषो वीर्यस्थामादिशब्दवाच्यो भावयोगः । अयमपि द्विधा प्रशस्तोऽप्रशस्तश्चेति । तत्र प्रशस्तस्सम्यक्त्वादिरात्मनोऽपवर्गेण योजनात्, अप्रशस्तो मिथ्यात्वादिरष्टविधकर्मभिर्योजनात् । यद्वा मनोवाक्कायप्रवर्त्तकानि द्रव्याणि मनोवाक्काय-परिस्पन्दात्मो योगश्च द्रव्ययोगः, एतदुभययोगहेतुरध्यवसायो भावयोगः । तत्र द्रव्ययोगश्शुभो-ऽशुभो शुभाशुभश्च व्यवहारनयमात्रापेक्षया विधिमतिक्रम्य दानादिवितरणचिन्तनात्मक-मनोयोगस्तथैव दानादिधर्मोपदेशात्मकवाग्योगस्तथैव जिनपूजावन्दनादिकायपरिस्पन्दात्मक-काययोगश्च शुभाशुभो भवति । भावयोगस्तु शुभो वाऽशुभो वा न शुभाशुभरूपः, आगमे शुभाशुभात्मकाध्यवसायस्थानस्य तृतीयस्यानुक्तत्वात् । तदेवं योगा अनुपयुक्तस्य कर्मबन्धा-योपयुक्तस्य च कर्मनिर्जराकारिणो भवन्ति । सोऽयं योगः स्वरूपेणैकोऽपि मनोवाक्काय-लक्षणसहकारिभेदात्त्रिविधः, मनसा करणेन योगो मनोयोगो वाचा करणेन योगो वाग्योगः कायेन करणेन योगः काययोग इति । स वीर्ययोगो वीर्यान्तरायक्षयक्षयोपशमसमुत्थल-

ब्धिविशेषप्रत्ययोऽभिसन्ध्यनभिसन्धिपूर्वकत्वात्सकरणः, अकरणश्च भवति । तत्रालेश्यस्य केवलिनः कृत्स्नयोर्ज्ञेयदृश्ययोरर्थयोः केवलज्ञानं केवलदर्शनञ्चोपयुञ्जानस्य योऽसावपरिस्पन्दोऽप्रतिघो वीर्यविशेषः सोऽकरणः । स च नेहाधिक्रियते वीर्यान्तरायक्षयोपशमजन्यवीर्यविशेषस्यैव सकरणस्य कर्मसम्बन्धकस्याधिकृतत्वात् । तत्रौदारिकादि शरीरस्यात्मनो-वीर्यपरिणतिविशेषः काययोगः, औदारिकवैक्रियाऽऽहारकशरीरव्यापाराहृतवाग्द्रव्यपुञ्जसाचिव्याज्जीवव्यापारो वाग्योगः, मनसा करणेन युक्तस्य जीवस्य योगो जीवपर्यायो दुर्बलस्य यष्टिकाद्रव्यवदुपष्टम्भकरो मनोयोगः । सोऽयं मनोव्यापारो वाग्व्यापारश्च प्रत्येकं सत्यमृषासत्यमृषाऽसत्यमृषाभेदेन चतुर्विधत्वादुभयमेलनेनाष्टविधमनोवाग्जन्यो योग इत्याशयेनाह सत्यासत्येति । मिश्रः सत्यमृषारूपो व्यवहारोऽसत्यमृषारूपः । काययोगस्य भेदमाह तथेति तत्र शुद्धा औदारिकवैक्रियाऽऽहारककार्मणशब्दा व्याख्याता औदारिकमिश्रस्तूच्यते औदारिक एवापरिपूर्णो मिश्र इति, यथा गुडमिश्रं दधि न गुडतया नापि दधितया व्यपदिश्यते ताभ्यामपरिपूर्णत्वादपितु मिश्र इति तद्वदत्रापि औदारिकमिश्रमौदारिकत्वेन कार्मणत्वेन वा न व्यपदिश्यते किन्तु औदारिकमिश्रतयेति, एवं वैक्रियाऽऽहारकमिश्रावपि । यद्वा शुद्धा औदारिकाद्यास्तत्पर्याप्तकस्य मिश्रास्त्वपर्याप्तकस्येति । तत्रोत्पत्तावौदारिककायः कार्मणेन, औदारिकशरीरिणश्च वैक्रियाऽऽहारककरणकाले च वैक्रियाहारकाभ्यां मिश्रो भवतीत्यौदारिकमिश्रः । देवाद्युत्पत्तौ कार्मणेन वैक्रियमिश्रः कृतवैक्रियस्य चौदारिकप्रवेशाद्धायामौदारिकेण । आहारकमिश्रस्तु साधिताऽऽहारककायप्रयोजनः पुनरौदारिकप्रवेशे औदारिकेणेति । कार्मणस्तु विग्रहे केवलिसमुद्घाते चेति । एतेभ्यो जन्या व्यापाराःसप्त कायव्यापारा इति मिलित्वा पञ्चदशयोगा भवन्तीतिभावः । ननु मनोवाग्योगाः काययोगविशेषा एव, शरीरिणां कस्याञ्चिदप्यवस्थायां काययोगस्यानिवृत्तेः, अशरीरिणामेव तन्निवृत्त्यभ्युपगमात् तथा च मनोवाग्योगास्तद्भिन्ना न सन्तीति चेदुच्यते, एकस्यैव काययोगस्योपाधिभेदात्तथाव्यवहारात् । येन काययोगेन हि मनोवाग्द्रव्याणामुपादानं करोति स काययोगः, येन संरम्भेण वचोद्रव्याणि मुञ्चति स वाग्योगः, येन तु मनोद्रव्याणि चिन्तायां व्यापारयति स मनोयोग इति । तथाच मनोवाग्योगौ काययोग एव, कायेनैव तद्द्रव्यग्रहणात्, प्राणापानवत् तथाहि प्राणापानव्यापारः कायेनैव तद्द्रव्यग्रहणात्कायिकयोगान्न भिद्यते तथा मनोवाग्योगावपि, न चेत्तथा, प्राणापानयोगोऽपि योगान्तरं स्यान्न चैतदिष्टं, तस्मात्काययोग एवाऽयं तद्वदिमावपि । न च मनोवाग्योगवत्प्राणापानव्यापारः किमितिनोक्तः, काययोगत्वस्याविशेषात्, अन्यथा प्राणापान-

व्यापारवत्तौ पृथग् न वाच्यावुपाधिभेदेनापि, उपाधिभेदेन योगचतुष्टयस्यैव वक्तव्यत्वौचित्यादितिवाच्यम् लोकलोकोत्तररूढस्य व्यवहारस्य सिद्ध्यर्थं तयोरेवोक्तत्वात् कायव्यापारातिरिक्ततया हि वाग्व्यापारो मनोव्यापारश्च स्पष्टतया दृश्यते लोके, यथा वाचः स्वाध्यायाचरणं परप्रबोधनादिकं मनसश्च धर्मध्यानादिकं व्यापारः, नैवं प्राणापानयोस्तयो स्तनुयोगान्तर्वर्त्तितयैव व्यवहारात् न च जीवयत्यसाविति प्रतीतिजननादिकं प्राणापानफलमस्तीति वाच्यम्, एवंविधप्रयोजनमात्रस्य सर्वत्र विद्यमानत्वेन धावनवल्गनादिव्यापाराणामपि योगत्वप्रसङ्गात् तस्माद्विशिष्टव्यवहाराङ्गभूतपरप्रत्ययनादिफलत्वाद् वाङ्मनोयोगावेव पृथग्वाच्यौ तदेवं तनुयोगो वाङ्निसर्गविषये व्याप्रियमाणो वाग्योगो मनने व्याप्रियमाणो मनोयोगो भवति वाग्विषयो योगो वाग्योगः मनोविषयो योगो मनोयोग इति व्युत्पत्तेः । यद्वा काययोगगृहीतवाग्द्रव्यसमूहसाचिव्यात्तन्निसर्गार्थं यो जीवव्यापारविशेषस्स वाग्योगो वाचा सहकारिकारणभूतया जीवस्य योगो वाग्योग इति व्युत्पत्तेः, काययोगगृहीतमनोद्रव्यसमूहसहकारेण वस्तुचिन्तनाय योऽयं जीवस्य व्यापारः स मनोयोगो मनसा सहकारिकारणभूतेन जीवस्य योगो मनोयोग इति व्युत्पत्तेः, अस्मिन् पक्षे च मनोवाग्योगौ काययोगाद्भिन्नावेव, वाङ्मनोद्रव्यनिसर्गचिन्तनादिकाले सतोऽपि काययोगस्याविवक्षणादितिदिक् ॥

ચોથા યોગને કહે છે-

ભાવાર્થ - યોગ એટલે મન-વચન-કાયાનો વ્યાપાર. ત્યાં સત્ય-અસત્ય-મિશ્રવ્યવહારના વિષયવાળા મન અને વચનના વ્યાપારો આઠ (૮) છે, તેમજ ઔદારિક-ઔદારિકમિશ્ર-વૈક્રિય-વૈક્રિયમિશ્ર-આહારક-આહારકમિશ્ર અને કાર્મણશરીરથી જન્ય વ્યાપારો સાત (૭) છે. એવી રીતે પંદર યોગો છે.

વિવેચન - જેના વડે જોડાય તે યોગ કહેવાય છે, એ વ્યુત્પત્તિજન્ય અર્થ છે. ત્યાં જો કે બંધમાં (બાંધવામાં) ઈષ્ટ અને નહિ મળેલ વસ્તુની પ્રાપ્તિમાં, મેળવવામાં, સંયોગમાં, શબ્દ આદિના પ્રયોગમાં, સમુદાય શબ્દના અવયવ અર્થની સાથે સંબંધમાં, દ્રવ્યથી બાહ્ય એવા મન-વચન-કાયાના વ્યાપારમાં અને ભાવથી વિશિષ્ટ અધ્યવસાયમાં યોગ શબ્દ પ્રવર્તે છે. તો પણ પ્રકૃતિમાં ઉપયોગી એવા તે યોગના અર્થને સૂચવવા માટે મન-વચન-કાયાનો વ્યાપાર વિવક્ષિત છે. આ યોગ બે પ્રકારનો છે. એક દ્રવ્યયોગ અને બીજો ભાવયોગ.

○ જીવે નહીં ગ્રહણ કરેલા અથવા ગ્રહણ કરેલા સ્વવ્યાપારની પ્રવૃત્તિના નહીં વિષય બનેલા મન-વચન આદિના દ્રવ્યો 'દ્રવ્યયોગ' કહેવાય છે. જીવનો વિશિષ્ટ પરિણામ વીર્ય-સ્થાન આદિ શબ્દથી વાચ્ય 'ભાવયોગ' કહેવાય છે.

આ ભાવયોગ પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદથી બે પ્રકારનો છે. (૧) ત્યાં પ્રશસ્ત ભાવયોગ સમ્યક્ત્વ આદિ છે, કેમ કે-આત્માને અપવર્ગ-મોક્ષની સાથે જોડનાર છે. (૨) અપ્રશસ્ત ભાવયોગ મિથ્યાત્વ

આદિ છે, કેમ કે-આત્માને આઠ પ્રકારના કર્મની સાથે જોડે છે. અથવા (૧) મન-વચન-કાયાના પ્રવર્ત્તક (પ્રવૃત્તિમાં હેતુભૂત) દ્રવ્યો અને (૨) મન-વચન-કાયાના પરિસ્પંદરૂપ યોગ, એ 'દ્રવ્યયોગ' છે.

આ બે યોગના હેતુરૂપ અધ્યવસાય, એ 'ભાવયોગ' છે. ત્યાં દ્રવ્યયોગ શુભ-અશુભ-શુભાશુભ ભેદે હોય છે. વ્યવહારનય માત્રની અપેક્ષાએ વિધિનું ઉલ્લંઘન કરી દાનાદિ દેવાના ચિંતનરૂપ મનોરથોરૂપી મનોયોગ, તેમજ દાન આદિ ધર્મના ઉપદેશરૂપ વચનયોગ, તેવી જ રીતે શ્રી જિનપૂજા-વંદન આદિરૂપ કાયપરિસ્પંદ ક્રિયારૂપ કાયયોગ 'શુભાશુભ' રૂપ મિશ્ર થાય છે. ભાવયોગ તો શુભ અથવા અશુભરૂપ થાય છે, શુભાશુભરૂપ મિશ્રભાવયોગ થતો નથી, કેમ કે-આગમમાં ત્રીજું (૩) શુભાશુભરૂપ અધ્યવસાયનું સ્થાન કહેલ નથી. તે કારણથી જ યોગો ઉપયોગવગરના(પ્રમત) જીવમાં કર્મના બંધ માટે થાય છે અને ઉપયોગવાળા (અપ્રમત) જીવમાં કર્મની નિર્જરા કરનારા થાય છે.

○ આ યોગ સ્વરૂપની અપેક્ષાએ એક હોવા છતાં મન-વચન-કાયારૂપ સહકારીઓના ભેદથી ત્રણ પ્રકારનો છે.

(૧) મનરૂપી કરણ વડે યોગ (વ્યાપાર) મનોયોગ, (૨) વચનરૂપી કરણ વડે યોગ વચનયોગ અને (૩) કાયારૂપી કરણ વડે યોગ કલ્પયોગ, એમ સમજવું.

○ તે વીર્યયોગ, વીર્યાન્તરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી પેદા થયેલ વિશિષ્ટ લબ્ધિરૂપ નિમિત્તજન્ય અભિસંધિ (ઇચ્છા) કે અનભિસંધિ (અનિચ્છા) પૂર્વક હોઈ, 'સકરણ' 'અને અકરણ' હોય છે.

○ અકરણ વીર્યયોગ એટલે ત્યાં લેશ્યા વગરના, સમસ્ત જ્ઞેય-દૃશ્યરૂપ અર્થ માત્રમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનરૂપી ઉપયોગવાળા કેવલીને જે આ અપરિસ્પંદ (નિષ્ક્રિય) અપ્રતિહત-વિશિષ્ટ વીર્ય છે, તે 'અકરણ' કહેવાય છે. તેનો અહીં અધિકાર નથી, કેમ કે-વીર્યાન્તરાયના ક્ષયોપશમજન્ય વિશિષ્ટ વીર્યરૂપ જ કર્મની સાથે સંબંધ કરાવનાર એવા સકરણ વીર્યયોગનો અધિકાર છે. (૧) ત્યાં ઔદારિક આદિ શરીરવાળા આત્માનો વિશિષ્ટ વીર્યપરિણામ, એ 'કાયયોગ' છે. (૨) ઔદારિક-વૈક્રિય-આહારક શરીરના વ્યાપારથી ગ્રહણ કરેલ વચન દ્રવ્યોના સમુદાયની સહાયથી જે જીવનો વ્યાપાર, એ 'વાગ્યોગ' છે. (૩) મનરૂપી કરણની સાથે જોડાયેલ જીવનો યોગ-જીવપર્યાય, દુર્બળ (નિર્બળ)ને લાકડીની માફક સહાય કરનારો, 'એ મનોયોગ' છે.

○ તે આ મનનો વ્યાપાર અને વચનનો વ્યાપાર પ્રત્યેક સત્ય-અસત્ય-સત્યાસત્ય-અસત્યામૃષાના ભેદથી ચાર પ્રકારનો હોઈ, બંનેને મેળવવાથી આઠ (૮) પ્રકારનો મન-વચનજન્ય યોગ છે.

○ અહીં મિશ્રનો અર્થ સત્યમૃષારૂપ અને વ્યવહાર એટલે અસત્યામૃષારૂપ છે.

○ કાયયોગના ભેદને કહે છે. ત્યાં શુદ્ધ ઔદારિક-વૈક્રિય-આહારક-કાર્મણ શબ્દોની વ્યાખ્યા (વિવેચન) પૂર્વે કરેલ છે.

ઔદારિક મિશ્ર-ઔદારિક જ અપરિપૂર્ણ મિશ્ર કહેવાય છે. જેમ કે-ગોળથી મિશ્રિત દહીં, દહીં પણ ન કહેવાય અને ગોળ પણ ન કહેવાય, પણ મિશ્ર કહેવાય છે; કેમ કે-બંને અપૂર્ણ છે. તેવી રીતે અહીં પણ

ઔદારિકમિશ્ર ઔદારિકરૂપે કાર્મણરૂપે કહેવાતા નથી પરંતુ મિશ્રરૂપે કહેવાય છે. એ પ્રમાણે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર પણ સમજવા. અથવા શુદ્ધ (એકલા) ઔદારિક વગેરે યોગો પર્યાપ્ત અવસ્થાવાળાને અને મિશ્રયોગો અપર્યાપ્ત અવસ્થાવાળાને હોય છે, એમ જાણવું.

○ ત્યાં ઉત્પત્તિમાં ઔદારિક કાય, કાર્મણ સાથે અને ઔદારિક શરીરવાળાને વૈક્રિય કરવાના અને આહારક કરવાના કાળમાં વૈક્રિય આહારકની સાથે મિશ્ર થાય છે, એમ ઔદારિકમિશ્ર જાણવો.

○ દેવ આદિની ઉત્પત્તિમાં કાર્મણની સાથે વૈક્રિયમિશ્ર અને વૈક્રિય કરનારને ઔદારિક પ્રવેશના કાળમાં ઔદારિકની સાથે વૈક્રિયમિશ્ર થાય છે.

○ આહારકમિશ્ર તો, આહારક કાયના કાર્યને સાધનાર, ફરીથી ઔદારિકના પ્રવેશમાં ઔદારિકની સાથે આહારકમિશ્ર થાય છે.

○ કાર્મણયોગ તો વિગ્રહગતિમાં (અંતરાલગતિમાં-વક્રગતિમાં) અને કેવલીસમુદ્ઘાતમાં હોય છે.

આ યોગોથી જન્ય વ્યાપારો સાત (૭) કાયના વ્યાપારો છે. એમ મળીને પંદર (૧૫) યોગો થાય છે-હોય છે.

શંકા - મન-વચનના યોગો કાયયોગના ભેદો જ છે, કેમ કે-શરીરધારીઓની કોઈ પણ અવસ્થામાં કાયયોગનો અભાવ નથી. શરીર વગરના શરીરીઓમાં જ કાયયોગના અભાવનો સ્વીકાર છે. તો મન-વચનના યોગો તે કાયયોગથી જુદા નથી ને ?

સમાધાન - એક જ કાયયોગના ઉપાધિ(વિશેષણ-ધર્મ-વિષય આદિ રૂપ ઉપાધિ)ના ભેદથી તથા પ્રકારનો વ્યવહાર છે. તે આવી રીતે-જેમ કે-જે કાયયોગ વડે મન-વચનના દ્રવ્યોનું ગ્રહણ કરે છે, તે 'કાયયોગ.' જે સંરમ્ભ (જે કાયયોગની વેગવિશિષ્ટ ક્રિયા) વડે વચનના દ્રવ્યોને મૂકે છે, તે 'વાગ્યોગ.' જેના વડે મનના દ્રવ્યોને ચિંતનમાં ઉપયોગ કરે છે, તે 'મનોયોગ.'

શંકા - જો આમ છે, તો મન-વચનના યોગો કાયયોગરૂપ જ થયા, કેમ કે-કાયાથી જ મન-વચનના દ્રવ્યોનું ગ્રહણ છે. જેમ પ્રાણાપાન (શ્વાસોશ્વાસ) તથાહિ શ્વાસોશ્વાસરૂપ વ્યાપાર કાયા વડે જ તેના દ્રવ્યના ગ્રહણથી કાયિક ભોગથી ભિન્ન થતો નથી, તેમ મન-વચનના બે યોગો પણ જાણવા. જો આમ ન માનો, તો પ્રાણાપાનયોગ પણ બીજા (ચોથા) યોગ તરીકે જાય ! આ તો ઇષ્ટ નથી. તેથી શ્વાસોશ્વાસ કાયયોગરૂપ છે. તેની માફક મન-વચનયોગ પણ કાયયોગરૂપ છે ને ? તથાચ મન-વચન-યોગની માફક પ્રાણાપાન વ્યાપાર કેમ રહ્યો નથી ? કેમ કે-કાયયોગ કરતાં પ્રાણાપાન વ્યાપારમાં ભેદ નથી. જો કાયયોગ કરતાં પ્રાણાપાન વ્યાપારમાં ભેદ નથી માટે જુદો કહ્યો નથી, તો ઉપાધિભેદથી પણ તે મન-વચનરૂપ બે યોગો તેમજ હોઈ જુદા ન કહેવા જોઈએ. અન્યથા જો એમ ન માનો, તો ઉપાધિભેદથી મન-વચન-કાય-પ્રાણાપાનરૂપ (૪) ચાર યોગો જ કહેવા વ્યાજબી છે ને ?

સમાધાન - લોકમાં અને લોકોત્તરમાં રૂઢ બનેલ વ્યવહારની સિદ્ધિઓ માટે તે મન-વચનરૂપ બે યોગો કહેલ છે. ખરેખર, લોકમાં કાયાના વ્યાપારથી ભિન્નરૂપે વચનનો વ્યાપાર અને મનનો વ્યાપાર સ્પષ્ટપણે દેખાય છે. જેમ કે-વાણીનો. સ્વાધ્યાયનું આચરણ-પરને પ્રતિબોધનું દાન વગેરે વ્યાપાર છે અને મનનો

ધર્મધ્યાન આદિ વ્યાપાર છે. પરંતુ એ પ્રમાણે ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ કાયયોગની અંદર વર્તનારરૂપે વ્યવહાર હોવાથી કાયયોગથી પ્રાણાપાન વ્યાપાર ભિન્ન નથી.

શંકા - 'આ જીવાડનાર છે'-આવી પ્રતીતિજનન આદિ પ્રાણાપાનનું ફળ છે, તો પ્રાણાપાન યોગ કેમ જુદો નહિં ?

સમાધાન - આવા પ્રકારનું પ્રયોજન માત્ર સઘળે ઠેકાણે વિદ્યમાન હોઈ, દોડવું-વળગવું ઇત્યાદિ વ્યવહારોમાં પણ યોગપણાનો પ્રસંગ થાય છે, તેથી વિશિષ્ટ કોટિના વ્યવહારના અંગભૂત પરપ્રત્યાયન આદિ (બીજાને પ્રતીતિ-જ્ઞાન આપવા આદિ) ફળવાળા હોઈ મન-વચનયોગો જ જુદા કહેવા જોઈએ. તેથી જ આ પ્રમાણે જ્યારે કાયયોગ વાણીના વિસર્જનના વિષયમાં વ્યાપારવાળો થતો યોગ 'વચનયોગ' થાય છે, ચિંતનમાં વ્યાપારવાળો થતો યોગ 'મનોયોગ' થાય છે, વાણીના વિષયવાળો યોગ 'વાગ્યોગ' થાય છે અને મનના વિષયવાળો યોગ એ 'મનોયોગ' થાય છે, એવી વ્યુત્પત્તિ છે.

અથવા કાયયોગથી ગ્રહણ કરેલ વચનદ્રવ્ય (શબ્દદ્રવ્ય)ના સમૂહની સહાયથી તે છોડવા માટેનો જે વિશિષ્ટ જીવનો વ્યાપાર તે 'વાગ્યોગ' છે, કેમ કે-સહકારી કારણભૂત વાણીની સાથે જીવનો યોગ 'વાગ્યોગ' એવી વ્યુત્પત્તિ છે. અને કાયયોગ વડે ગ્રહણ કરેલ મનના દ્રવ્યના સમૂહના સહકારથી વસ્તુના ચિંતન માટે જે આ જીવનો વ્યાપાર તે 'મનોયોગ' છે, કેમ કે-સહકારી કારણભૂત મનની સાથે જીવનો યોગ 'મનોયોગ' છે, એવી વ્યુત્પત્તિ છે.

○ વળી આ પક્ષમાં મન-વચનરૂપ બે યોગો કાયયોગથી જુદા જ છે, કેમ કે-વચનદ્રવ્ય, વિસર્જન અને મનોદ્રવ્ય, ચિંતન આદિના કાળમાં વિદ્યમાન એવા કાયયોગની વિવક્ષા નથી.

तदेवं सप्रभेदान् बन्धहेतूनभिधाय प्रकृतिस्थित्यनुभागप्रदेशरूपेण चातुर्विध्यस्य बन्धस्य पूर्वोक्तस्वरूपस्य प्रथमं प्रकृतिबन्धमधुना लक्षयति -

रक्तद्विष्टात्मसम्बद्धानां कार्मणस्कन्धानां परिणामविशेषेण स्वस्वयोग्यकार्य-व्यवस्थापनं प्रकृतिबन्धः ।१२।

रक्तद्विष्टेति । रागो मायालोभकषायलक्षणः, द्वेषः क्रोधमानकषायलक्षणस्ताभ्यां केवलयोगेन वा युक्तेनात्मना सम्बद्धानां गृहीतानामित्यर्थः, अत एव रक्तद्विष्टसंबद्धानामित्यनुक्त्वा रक्तद्विष्टात्मसंबद्धानामित्युक्तं तेनाकषायिबन्धस्यापि संग्रहः । अनेनात्मनि कर्मसम्बन्धे हेतुरादर्शितः[१], रागादिस्नेहगुणयोगादात्मनि कर्मपुद्गलद्रव्यं लगतीति । कार्मणस्कन्धानामिति, कर्मयोग्यस्कन्धानामित्यर्थः । एतेन क्षेत्रान्तरावगाढाः कर्मपुद्गला न ग्रहणयोग्या भिन्नदेशस्थानां[२]

१. विशिष्टो हेतुरादर्शितः, तेन मिथ्यादर्शनाविरत्यादीनां कर्मबन्धहेतुत्वेऽपि न क्षतिः, उक्तञ्च 'यदतिदुःखं लोके यच्च सुखमुत्तमं त्रिभुवने । तज्जानीहि कषायाणां वृद्धिक्षयहेतुजं सर्वं' मिति । तत्र रागद्वेषहेतुकोबन्धस्स साम्परायिकबन्ध उच्यते, केवलयोगहेतुको बन्ध ईर्यापथिकबन्ध उच्यते, स चोपशान्तक्षीणमोहसयोगिकेवलिनां भवति, वेदनीयस्यैकस्यैव च स बन्धो विज्ञेय इति । २. अनाश्रितानां तद्भावपरिणामाभावादिति भावः ।

ग्रहणयोग्यत्वाभावादिति सूचितम्, यत्र ह्याकाशे जीवोऽवगाढस्तत्र य आकाशप्रदेशा आत्मन्याश्रितास्तत्र ये कर्मपुद्गला रागादिस्नेहयोगत आत्मनि लगन्ति[१] त एव कर्मपुद्गला जीवानां सङ्ग्रहयोग्या इति गूढार्थः । परिणामविशेषेणेति, अध्यवसायविशेषेणेत्यर्थः । आत्मा हि सर्वप्रकृतिप्रायोग्यपुद्गलान् सामान्येनादाय तानध्यवसायविशेषेण ज्ञानावरणीयत्वादिरूपेण परिणमयति तथापरिणमने हेतुरध्यवसायविशेष उक्तः । स्वस्वयोग्यकार्यव्यवस्थापनमिति । तेषां पुद्गलानां स्वस्वयोग्यकार्यकरणसमर्थतयाऽऽरचनमित्यर्थः । केषाञ्चित्पुद्गलानां ज्ञानावरण-समर्थत्वेन केषाञ्चिद्दर्शनावरणसमर्थत्वेन केषाञ्चित्सुखदुःखानुभवसमर्थतया केषाञ्चिद्दर्शन-चारित्रमोहकतया केषाञ्चिदायुष्ट्वेन केषाञ्चिदतिशरीराद्याकारेण केषाञ्चिद्गोत्रत्वेन केषाञ्चि-च्चान्तरायत्वेन व्यवस्थापनमितिभावः । स्थित्यनुभागप्रदेशबन्धानां यस्समुदायस्स प्रकृतिबन्ध इत्यपि लक्षणं कषायप्रयुक्तप्रकृतिबन्धे सङ्गच्छते न तूपशान्तमोहादौ केवलयोगवशाद्ध्यमाने प्रकृतिबन्धे तत्र स्थित्यनुभागाभावात् यदि तु तत्रापि समयद्वयस्थितिः कश्चनानुभागोऽपि विद्यत इति विभाव्यते तदा लक्षणमिदं युज्यत एवेति बोध्यम् ॥

अवतरणिका - તેથી આ પ્રમાણે પ્રભેદપૂર્વક બંધના હેતુઓને કહી, પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ-પ્રદેશરૂપે જેનું સ્વરૂપ પૂર્વ કહેલ છે, એવા ચાર પ્રકારના બંધમાંથી પ્રથમ 'પ્રકૃતિબંધ'નું લક્ષણ જણાવે છે.

ભાવાર્થ - રાગ-દ્વેષથી વિશિષ્ટ આત્માની સાથે સંબંધવાળા, પરિણામવિશેષથી કાર્મણસ્કંધોના પોતપોતાને યોગ્ય કાર્યની વ્યવસ્થા કરનાર પ્રકૃતિબંધ છે.

વિવેચન - રાગ, માયા-લોભનામક કષાયરૂપ છે. દ્વેષ, ક્રોધ-માનનામક કષાયરૂપ છે. તે બેથી અથવા કેવળ યોગની સાથે યુક્ત એવા આત્મા વડે ગ્રહણ કરેલા, એવો અર્થ જાણવો. એથી જ 'રક્ત-દ્વિષ્ટ સંબદ્ધાનાં'-એમ નહિ કહીને 'રક્ત-દ્વિષ્ટ આત્મસંબદ્ધાનાં'-એમ કહેલ છે તેથી 'અકષાયી બંધ'નો સંગ્રહ કરેલ છે.

○ આ વાક્યથી આત્મામાં કર્મના સંબંધમાં હેતુ બતાવ્યો છે. [વિશિષ્ટ હેતુ દર્શાવ્યો છે, તેથી મિથ્યાદર્શન-અવિરતિ આદિનું કર્મબંધમાં હેતુપણું હોવા છતાં ક્ષતિ નથી. કહ્યું છે કે - 'જે લોકમાં અત્યંત દુઃખ છે અને ત્રિભુવનમાં ઉત્તમ સુખ છે, તેમાં પહેલામાં કષાયોની વૃદ્ધિ એ હેતુ છે, બીજામાં કષાયનો ક્ષય હેતુ છે. સઘળુંય સુખ-દુઃખ કષાયના ક્ષય-વૃદ્ધિજન્ય છે. ત્યાં રાગ-દ્વેષરૂપી મૂળવાળો બંધ 'સાંપરાયિક બંધ' કહેવાય છે. કેવળ યોગરૂપી હેતુજન્ય બંધ 'ઇર્યાપથિક બંધ' કહેવાય છે અને તે ઉપશાન્તમોહ-ક્ષીણમોહ સયોગીકેવળીઓને હોય છે અને એક વેદનીય(શાતાવેદનીય)નો જ બંધ જાણવો.] રાગ આદિ સ્નેહ(સ્નિગ્ધતા-ચીકાશ)નામક ગુણના યોગથી આત્મામાં કર્મપુદ્ગલદ્રવ્ય લાગે છે.

---

१. न तु गतिसमापन्ना इत्यर्थः, गतिपरिणता हि ते वेगवत्त्वात् गच्छेयुरेव, नत्वात्मनि श्लिष्यन्त इति भावः ॥

○ 'कार्मण स्कन्धानाम' ईति. कर्मयोग स्कंधोनी, एवो अर्थ छे. आ वाक्यथी बीजा क्षेत्रोमां अवगाहीने रहेला कर्मपुद्गलो ग्रहणने योग्य नथी, केम के-भिन्न देशमां रहेला अनाश्रित (स्वदेशना आश्रये नहि रहेला-अस्थित-गतिमान) कर्मस्कंधो ग्रहणनी योग्यता वगरना छे, एम सूचन करेल छे.

खरेखर, जे आकाशमां जीव अवगाहीने रहेलो छे त्यां जे आकाशप्रदेशो छे, त्यां आत्माना आश्रये रहेला जे कर्मपुद्गलो स्थित छे-अगतिमान छे, ते ज कर्मपुद्गलो राग आदिना स्नेहना योगथी आत्मामां लागे छे, ते ज कर्मपुद्गलो जीवोने ग्रहणयोग्य छे एम गूढ अर्थ समजवो.

○ 'परिणाम विशेषण' ईति. विशिष्ट अध्यवसायथी एवो अर्थ जाणवो. खरेखर, आत्मा सर्व प्रकृतिप्रायोग्य पुद्गलोने सामान्यथी ग्रहण करी, ते सर्व प्रकृतियोग्य पुद्गलोने विशिष्ट अध्यवसायथी ज्ञान आवरण कारकत्व आदि स्वभावरूपे परिणमावे छे तथा ते प्रकारना परिणमनमां हेतु, अहीं विशिष्ट अध्यवसाय तरीके कहेलो छे.

○ 'स्वस्वयोग्य कार्यव्यवस्थापनम्'-ते पुद्गलोनुं पोतपोताना कार्य करवामां समर्थपणाओ सर्जन करवुं, एवो अर्थ जाणवो. अर्थात् ते ग्रहण करेल सर्व प्रकृति-प्रायोग्य पुद्गलोमांथी केटलाक पुद्गलोने ज्ञानना आवरणमां समर्थपणाओ, केटलाक पुद्गलोने दर्शनना आवरणमां समर्थपणाओ, केटलाक पुद्गलोने सुख-दुःखना अनुभवमां समर्थपणाओ, केटलाक पुद्गलोने सम्यग्दर्शन-चारित्रमां मोहकारकपणाओ, केटलाक पुद्गलोने आयुष्यरूपे, केटलाक पुद्गलो गति-शरीर आदि आकारे, केटलाक पुद्गलोने गोत्रपणाओ, केटलाक पुद्गलोने अंतरायरूपे परिणमनरूप सर्जन करनार 'प्रकृतिबंध' छे. अहीं स्वभाववाचक प्रकृति शब्द छे. (पंचसं.-गा.४३२) ईत्यादि ग्रंथमां प्रसिद्ध स्थिति-अनुभाग-प्रदेशबंधनो जे समुदाय, ते 'प्रकृतिबंध' छे. एवुं पण लक्षण कषायजन्य प्रकृतिबंधमां संगत थाय छे. परंतु उपशान्तमोह आदिमां संगत थतुं नथी, केम के-केवळ योगरूप कारणना वशे करी बंधाता प्रकृतिबंधमां स्थितिबंध अनुभागबंधनो अभाव छे. जो उपशान्तमोह आदिमां पण बे समयनी स्थितिवाळो कोई एक अनुभाग (रस) पण विद्यमान छे एम मनाय, त्यारे आ लक्षण संगत थाय ज एम जाणवुं.

अधुना स्थितिबन्धमाह -

प्रविभक्तानां कर्मस्कन्धानां विशिष्टमर्यादया स्थितिकालनियमनं स्थितिबन्धः ।१३।

प्रविभक्तानामिति । ज्ञानावरणीयत्वादिरूपेण प्रविभक्तानामित्यर्थः, विशिष्टमर्यादयेति, यथा ज्ञानावरणदर्शनावरणान्तरायवेदनीयानां त्रयस्त्रिंशत्सागरोपमकोटीकोट्यः सप्ततिर्मोहनीयस्य नामगोत्रयोर्विंशतिरायुषस्त्रयस्त्रिंशत्सागरोपमाणि परास्थितिर्जघन्या च द्वादशमुहूर्त्ता वेदनीयस्य नामगोत्रयोरष्टौ शेषाणामन्तर्मुहूर्त्तमित्येवं रूपेणेति भावः, इत्थं यत्स्थितिकालस्य नियमनं स स्थितिबन्ध इत्यर्थः । स्थितिरियं द्विधा कर्मत्वेनावस्थितिरूपाऽनुभवयोग्या चेति, तत्राद्यभेदमधिकृत्य जघन्योत्कृष्टप्रमाणमभिहितं, द्वितीया चाबाधाकालहीना येषां कर्मणां यावत्यस्सागरोपमकोटीकोट्यस्तेषां तावन्तिवर्षशतान्यबाधाकालः तत्र च स्वोदयतः कर्म

काञ्चिदपि बाधां जीवस्य नोत्पादयति, नवा तत्र वेद्यदलिकनिक्षेपः किन्तु तत ऊर्ध्वमेव, तथाचाबाधाकालहीनाऽनुभवयोग्या स्थितिरिति भाव्यम्, विशेषप्रकृतीनां स्थितिस्तु तत्तन्निरूपण एवोक्तेति ॥

હવે સ્થિતિબંધને કહે છે-—

ભાવાર્થ - જ્ઞાનાવરણ આદિ વિભાગવાળા કર્મસ્કંધોનો વિશિષ્ટ મર્યાદાપૂર્વક સ્થિતિના કાળનો નિયમ, એ 'સ્થિતિબંધ' કહેવાય છે.

વિવેચન - જ્ઞાન આવરણીયત્વ આદિ રૂપે વિભાગવાળા, એવો અર્થ 'પ્રવિભક્ત'નો સમજવો.

० 'विशिष्ट मायादया' ईति. જેમ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાય-વેદનીયોની દરેકની ત્રીશ (૩૦) કોડાકોડી સાગરોપમની, મોહનીયની સિત્તેર (૭૦) કોડાકોડી સાગરોપમની, નામ-ગોત્રની વીશ (૨૦) કોડાકોડી સાગરોપમની અને આયુષ્યની તેત્રીશ (૩૩) સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. જઘન્ય સ્થિતિ વેદનીયની બાર (૧૨) મુહૂર્ત્તની તથા નામ અને ગોત્રની આઠ (૮) મુહૂર્ત્તની છે. બાકીના કર્મોની અંતર્મુહૂર્ત્તની જઘન્ય સ્થિતિ છે. આ પ્રમાણે જે સ્થિતિકાળનું નિયમન, તે 'સ્થિતિબંધ' સમજવો. આ સ્થિતિ (૧) કર્મપણાએ અવસ્થાનરૂપ અને (૨) અનુભવયોગ્યના ભેદથી બે પ્રકારની છે. (૧) ત્યાં પહેલા ભેદની અપેક્ષાએ જઘન્ય-ઉત્કૃષ્ટ પ્રમાણ કહી દીધું છે અને બીજી અબાધાકાળહીન અનુભવયોગ્ય સ્થિતિ જાણવી. ત્યાં અબાધાકાળ એટલે જે કર્મોની જેટલી સાગરોપમ કોટાકોટિ છે, તે કર્મોના તેટલા (સો) ૧૦૦ વર્ષો અબાધાકાળ કહેવાય છે. જેમ કે-એક (૧) સાગરોપમ કોટાકોટિનો ૧૦૦ વર્ષનો આબાધાકાળ ત્યાં અબાધાકાળ દરમિયાન કર્મ પોતાના ઉદયથી કોઈપણ જાતની બાધા જીવને પહોંચાડતું નથી, અથવા ત્યાં વેદ્ય-અનુભવયોગ્ય દળિયાનો નિક્ષેપ (પ્રક્ષેપ) નથી. પરંતુ અબાધાકાળ પૂર્ણ થયા બાદ સઘળો અનુભવ થાય છે. તથાચ અબાધાકાળથી હીન (રહિત) અનુભવયોગ્ય સ્થિતિ છે, એમ વિચારવું. વિશેષ (ઉત્તર) પ્રકૃતિઓની સ્થિતિ તો તેના તેના નિરૂપણમાં કહેલી છે, એમ જાણવું.

अथ रसबन्धमाचष्टे –

परिपाकमुपयातानां विशिष्टकर्मस्कन्धानां शुभाशुभविपाकानुभवनयोग्यावस्था रसबन्धः ।१४।

परिपाकेति । रसबन्धोऽनुभावबन्धोऽनुभागबन्ध इति पर्यायाः । परिपाकमुपयातानां फलं दातुमभिमुखीभूतानां विशिष्टकर्मस्कन्धानां ज्ञानावरणीयत्वादिना व्यवस्थापितकर्मस्कन्धानां शुभाशुभविपाकानुभवनयोग्यावस्था रसबन्ध इत्यर्थः, विपाकानुभावो हि द्विविधः शुभोऽशुभश्चेति शुभप्रकृतीनां शुभो रसः शुभाध्यवसायनिष्पन्नत्वात्, अशुभप्रकृतीनाञ्चाशुभोऽशुभाध्यवसायनिष्पन्नत्वात्, तत्राशुभप्रकृतीनां तादृशतादृशकषायनिष्पाद्यः कटुकः कटुकतरः कटुकतमोऽतिकटुकतमः शुभप्रकृतीनाञ्च मधुरो मधुरतरो मधुरतमोऽतिमधुरतरश्च रसो

यथासंख्यमेकद्वित्रिचतुस्स्थानिको भवति, निम्बरसवदिक्षुरसवच्च, निम्बादीनामिक्ष्वादीनां हि सहजोऽक्वथितः कटुको मधुरश्च रस एकस्थानिक उच्यते स एव भागद्वयप्रमाणस्थाल्यां क्वथितोऽर्धावर्त्तितः कटुकतरो मधुरतरश्च द्विस्थानिको भवति, भागत्रयप्रमाणश्च क्वथितः कटुकतमो मधुरतमस्त्रिस्थानिको भागचतुष्टयप्रमाणो विभिन्नस्थाने क्वथितश्चतुर्थभागान्तोऽतिकटुकतमोऽतिमधुरतमश्च भवति, एवं कर्मापि । इयमुपमा सर्वजघन्यस्पर्धकरसस्य जघन्यात्मिका विज्ञेया । स्पर्धकान्यसंख्यानि भवन्ति, उत्तरोत्तरस्पर्धकानि चानन्तगुणरसानि, अशुभानां निम्बोपमवीर्यो य एकस्थानिको रसस्तस्मादनन्तगुणवीर्यो द्विस्थानिकस्ततोऽप्यनन्तगुणवीर्यस्त्रिस्थानिकस्तस्मादप्यनन्तगुणवीर्यश्चतुस्स्थानिकः । शुभप्रकृतीनां सर्वासां पुनरेकस्थानिको रसो नास्त्येव, इतिपञ्चसंग्रहाभिप्रायः, दानलाभभोगोपभोगवीर्यान्तरायाणां पञ्चानां मतिश्रुतावधिमनःपर्यवज्ञानावरणानां चतुर्णां चक्षुरचक्षुरवधिदर्शनावरणानां त्रयाणां पुंवेदसंज्वलनक्रोधमानमायालोभानां मेलनया सप्तदशविधानां कर्मणामेवैकस्थानिकरसवत्त्वं तद्भिन्नाशुभप्रकृतीनामपि एकस्थानिको रसो न भवति, अनिवृत्तिबादरासंख्येयभागेभ्यः परत एव तत्प्राप्तिसंभवेन तत्र च सप्तदशप्रकृतीर्विना शिष्टानां बन्धस्यैवाभावात् केवलज्ञानदर्शनावरणयोस्तत्र बन्धेऽपि सर्वघातित्वेन तयोर्द्विस्थानिकरसवत्त्वेनैव निर्वर्त्तनात् । शुभानामेकस्थानिकरसाभावे कारणन्तु संक्लेशस्थानानि विशोधिस्थानानि च प्रत्येकमसंख्येयलोकाकाशप्रदेशप्रमाणानि, प्रासादमारोहतामारोहणे सोपानस्थानानि यावन्ति, तावन्त्येव यथाऽवतरतामपि, तथा यान्येव क्षपकभिन्नो विशुद्धिसंक्लेशस्थानान्यारोहति संक्लिश्यमानस्तावत्स्थानान्यवरोहति तेष्वेवावतारात् विशुद्धिस्थानानि तु विशेषाधिकानि क्षपकश्रेणिकामारोहतः क्षपकस्य विशुद्धिस्थानेषु पुनस्संक्लेशाभावतो निवर्त्तनाभावात् अतस्तानि विशुद्धिस्थानान्येव, न तु संक्लेशस्थानानि तस्माद्विशुद्धिस्थानानामधिकत्वं तथाचात्यन्तविशुद्धौ वर्त्तमानश्शुभप्रकृतीनां चतुस्स्थानिकं रसमभिनिर्वर्त्तयति, अत्यन्तसंक्लेशे वर्त्तमानस्य शुभप्रकृतयो बन्ध एव नागच्छन्ति । या अपि वैक्रियतैजसकार्मणाद्याश्शुभा नरकप्रायोग्यास्संक्लिष्टोऽपि बध्नाति तासामपि स्वभावतस्सर्वसंक्लिष्टोऽपि द्विस्थानिकमेव रसं विदधाति । येषु मध्यमाध्यवसायस्थानेषु शुभप्रकृतयो बध्यन्ते तेषु तासां द्विस्थानिकपर्यन्त एव रसो बध्यते नैकस्थानिको मध्यमपरिणामत्वादेव । तत्र गिरिरेखासदृशैरनन्तानुबन्धिभिः कषायैरशुभप्रकृतीनां चतुस्स्थानिकरसबन्धः, आतपशोषिततडागमहीरेखासदृशैरप्रत्याख्यानावरणैस्त्रिस्थानिकरसबन्धः, वालुकारेखासदृशैः प्रत्याख्यानावरणैर्द्विस्थानिकरसबन्धः, जलरेखासदृ-

शैस्संज्वलनाभिधैः कषायैः पूर्वोदितसप्तदशाशुभप्रकृतीनामेकस्थानिकरसबन्धः । शुभानान्तु वालुकाजलरेखासदृशैः कषायैश्चतुस्स्थानिकरसबन्धः, महीरेखासदृशैस्त्रिस्थानिको रसबन्धः, गिरिरेखासदृशैर्द्विस्थानिको रसबन्धः, आसामेकस्थानिकरसबन्धो नास्त्येव । तत्रानुभागो रागद्वेषपरिणामवशेन जीवेन कर्मरूपतया परिणमितस्याऽऽत्मप्रदेशैस्संश्लेषमुपगतस्य पुनरप्यावेष्टनपरिवेष्टनरूपतयाऽतिगाढतरं बद्धस्याऽबाधाकालातिक्रमेणोत्तरकालवेदनयोग्यतया संचितस्योत्तरोत्तरस्थितिषु प्रदेशहान्या रसवृद्ध्याऽवस्थापितस्य समानजातीयप्रकृत्यन्तरदलिककर्मणोपचयं नीतस्येषत्पाकाभिमुखीभूतस्य विशिष्टापाकमुपागतस्यातएव फलं दातुमभिमुखीभूतस्य सामग्रीवशादुदयप्राप्तस्य बद्धेन जीवेन निष्पादितस्याऽनाभोगिकवीर्येण बन्धसमय एव ज्ञानावरणीयादितया व्यवस्थापितस्य प्रदोषनिह्नवादिविशेषप्रत्ययैरुत्तरोत्तरं परिणामं प्रापितस्य परनिरपेक्षमुदयप्राप्तस्य परेण वोदयमुपनीतस्य स्वपररूपेण वोदयमुपनीयमानस्य कर्मणः काञ्चिद्गतिं स्थितिं भवं वा प्राप्य स्वयं, परं वा पुद्गलपरिणामं प्राप्य भवति, तत्र ज्ञानावरणीयस्य दशविधः[१], दर्शनावरणीयस्य नवविधः, वेदनीयस्याष्टविधः, मोहनीयस्य पञ्चविधः, आयुषश्चतुर्विधः शुभाशुभनामकर्मणश्चतुर्दशविधः, गोत्रस्याष्टविधः, अन्तरायस्य पञ्चविध[२] इति । तदेवं कृतस्थितिकस्य स्वस्मिन् काले परिपाकमितस्य या शुभाशुभाकारेणानुभूयमानावस्था स रसबन्ध इति दिक् ॥

હવે રસરૂપ બંધને કહે છે-

ભાવાર્થ - પરિપકવદશાને પામેલા વિશિષ્ટ કર્મસ્કંધોના શુભ-અશુભરૂપ વિપાકના અનુભવને યોગ્ય અવસ્થા, એ 'રસબંધ' છે.

વિવેચન - રસબંધ, અનુભાવ અને અનુભાગબંધ, એવા ત્રણ પર્યાયવાચક શબ્દો છે.

પરિપાકને પામેલા, ફળદાન માટે અભિમુખ થયેલ, વિશિષ્ટ કર્મસ્કંધોની-જ્ઞાન આવરણીયપણા આદિથી વ્યવસ્થાના વિષય કરેલ કર્મસ્કંધોની શુભ અશુભ વિપાકને અનુભવવાને યોગ્ય અવસ્થા, એ 'રસબંધ' છે. ખરેખર, વિપાકરૂપ અનુભાવ શુભ-અશુભરૂપે બે પ્રકારનો છે. (૧) શુભ પ્રકૃતિઓનો શુભ

---

१. श्रोत्रेन्द्रियविषयक्षयोपशमावरणश्रोत्रेन्द्रियोपयोगावरणचक्षुर्विषयक्षयोपशमावरणचक्षुरुपयोगावरणघ्राणविषयक्षयोपशमावरणघ्राणोपयोगावरणरसनाविषयक्षयोपशमावरणरसनोपयोगावरणस्पर्शनविषयक्षयोपशमावरणस्पर्शनोपयोगावरणरूपेण दशविधः । निद्रा निद्रानिद्रा प्रचला प्रचलाप्रचलास्त्यानर्द्धिचक्षुर्दर्शनावरणाचक्षुर्दर्शनावरणावधिदर्शनावरणकेवलदर्शनावरणरूपेण नवविधः । मनोज्ञशब्दरूपगंधरसस्पर्शा मनोवचःकायसुखिता चेत्यष्टविधः । सम्यक्त्ववेदनीयमिथ्यात्ववेदनीयसम्यङ्मिथ्यात्ववेदनीयकषायवेदनीयनोकषायवेदनीयभेदतः पञ्चविधः । २. प्रज्ञापनायास्त्रयोविंशतिपदमत्र द्रष्टव्यम् ।

રસ છે, કેમ કે-શુભ અધ્યવસાયથી બનેલો છે અને અશુભ કર્મપ્રકૃતિઓનો અશુભ રસ છે, કેમ કે-અશુભ અધ્યવસાયથી બનેલો છે.

○ ત્યાં અશુભ પ્રકૃતિઓનો તેવા તેવા (વિશિષ્ટ) કષાયોથી નિષ્પાદ્ય (સાધ્ય) કટુક-કટુકતર-કટુકતમ-અતિ કટુકતમ રસ હોય છે અને શુભ પ્રકૃતિઓનો મધુર-મધુરતર-મધુરતમ-અતિ મધુરતમ રસ હોય છે. અનુક્રમે એક-દ્વિ-ત્રિ-ચતુઃ (એક-બે-ત્રણ-ચાર) સ્થાનિક ઠાણીઓ-ગુણો હોય છે. નિંબ(લીંબડા)ના રસની માફક અને ઇક્ષુ-શેલડીના રસની માફક કડવો-મીઠો હોય છે.

○ ખરેખર, નિંબ (લીંબડા) આદિનો-ઇક્ષુ આદિનો સહજ સ્વાભાવિક-નહિ ઉકાળેલો કટુક અને મીઠો રસ એક સ્થાનિક (એક ઠાણીઓ-એકગુણો) કહેવાય છે.

○ તે જ બે ભાગ(અંશ)રૂપ પ્રમાણવાળો ઉકાળેલો-થાળીમાં ગરમ કરેલો-અર્ધો આવર્તિત-બળીને રહેલો કટુકતર અને મધુરતર (બે ઠાણીઓ-દ્વિગુણો) થાય છે.

○ વળી ત્રણ ભાગ (અંશ)રૂપ પ્રમાણવાળી થાળીમાં ઉકાળેલો-ચોથા ભાગરૂપ અંતવાળો-અતિ કટુકતમ અને અતિ મધુરતમ થાય છે. એ પ્રમાણે કર્મમાં સમજવાનું છે.

[ધારો કે-આપણી પાસે એક શેર લીંબડાનો રસ છે. એમાં જે કડવાશ રહેલી હોય, તેને સ્વાભાવિક યાને એક સ્થાનિક (એક ઠાણીઓ) રસ કહેવામાં આવે છે. જો આ રસને ઉકાળી તેનો અડધો ભાગ (એક દ્વિતીયાંશ) બળી જાય તેટલો, એટલે અડધોશેર બાકી રાખીએ, તો તે રસ પહેલાં કરતાં વધારે કડવો (કટુકતર) બનેલો કહેવાય એ નિઃસંદેહ છે. આ અડધાશેર રસમાં શેર રસ જેટલી કડવાશ હોવાથી, એટલે આની કડવાશ પ્રથમ કરતાં બમણી હોવાથી તે દ્વિસ્થાનિક યાને બે ઠાણીઓ રસ કહેવાય. જો શેર રસને ઉકાળીને તેના બે ભાગ જેટલો તેને ઓછો બનાવીને અર્થાત્ ત્રીજે ભાગે (એક દ્વિતીયાંશ) તે બાકી રહે તેમ કરીએ, તો તે રસ દ્વિસ્થાનિક કરતાં પણ વધારે કડવો છે યાને પ્રથમ અપેક્ષાએ કટુકતમ છે. આ એક તૃતીયાંશ રસમાં સ્વાભાવિક રસ કરતાં ત્રણગુણી કડવાશ રહેલી હોવાથી તેને ત્રિસ્થાનિક યાને ત્રણ ઠાણીઓ રસ કહેવાય. એવી રીતે જો શેર રસને ઉકાળીને તેના ત્રણ ભાગ જેટલો રસ બાળી નાંખી ચોથે ભાગે (એક ચતુર્થાંશ) યાને (૦।) પાશેર બાકી રહે તેમ કરીએ, તો તે રસ ત્રિસ્થાનિક કરતાં પણ વધારે કડવો છે. પ્રથમની અપેક્ષાએ અતિ કટુકતમ છે. આ પાશેર રસમાં શેર રસ જેટલી કડવાશ હોવાથી તે ચતુઃસ્થાનિક યાને ચાર ઠાણીઓ રસ કહેવાય છે. આ પ્રમાણે જેમ લીંબડાની કડવાશ વધારી શકાય છે, તેમ ઓછી-મંદ કરી શકાય છે. જો એક શેર લીંબડાના રસમાં એક શેર પાણી રેડીએ, તો આ બશેર મિશ્રણમાં પહેલા જેટલી કડવાશ રહેલી હોવાથી એકંદર રીતે તેની કડવાશ અડધી થયેલી ગણાય. એવી રીતે જો બશેર પાણી રેડીએ, તો તેની કડવાશ ત્રીજે ભાગે રહેશે. એવી રીતે જો ત્રણ શેર પાણી રેડીએ, તો કડવાશ ચોથે ભાગે રહેશે. આમ તે મંદ-મંદતર-મંદતમ બને છે.]

○ આ ઉપમા સર્વ જઘન્ય સ્પર્ધક (રસાંશની અપેક્ષાએ સમાનજાતીય પરમાણુ સમુદાય(વર્ગણા)રૂપ અનંત વર્ગણાઓનો સમુદાય સ્પર્ધક કહેવાય છે.) રસની જઘન્ય રૂપ સમજવી.

○ સ્પર્ધકો અસંખ્યાત છે અને ઉત્તરોત્તરના સ્પર્ધકો અનંતગુણા રસવાળા છે.

○ અશુભ કર્મપ્રકૃતિઓનો લીંબડા જેવી શક્તિવાળો જે એક ઠાણીઓ રસ છે, તેના કરતાં અનંતગુણી શક્તિવાળો બે ઠાણીઓ રસ છે, તેના કરતાં પણ અનંતગુણી શક્તિવાળો ત્રણ ઠાણીઓ રસ છે અને તેના કરતાં પણ અનંતગુણી શક્તિવાળો ચાર ઠાણીઓ રસ છે.

○ સર્વ શુભ પ્રકૃતિઓનો તો એક ઠાણીઓ રસ નથી જ, એવો પંચસંગ્રહનો અભિપ્રાય છે.

○ દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યરૂપ પાંચ (૫) અંતરાયો, ચાર (૪) મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યયરૂપ જ્ઞાનાવરણો, ત્રણ (૩) ચક્ષુ-અચક્ષુ-અવધિદર્શનાવરણરૂપ ત્રણ દર્શનાવરણો, પુંવેદ-સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભરૂપ પાંચ (૫) મોહનીયકર્મો, એમ મેળવવાથી સત્તર (૧૭) પ્રકારના કર્મોનો એક ઠાણીઓ રસ અને તેનાથી ભિન્ન અશુભ પ્રકૃતિઓનો પણ એક ઠાણીઓ રસ હોતો નથી; કેમ કે-અનિવૃત્તિ બાદરકાળમાં અસંખ્યાત ભાગો પછી જ તે એક ઠાણીઆ રસની પ્રાપ્તિનો સંભવ હોઈ અને ત્યાં સત્તર (૧૭) પ્રકૃતિઓ સિવાય બાકીની પ્રકૃતિઓના બંધનો જ અભાવ હોવાથી, કેવલજ્ઞાનાવરણ-કેવલદર્શનાવરણનો ત્યાં બંધ હોવા છતાં, સર્વ ઘાતીરૂપે હોઈ બે ઠાણીઆ રસરૂપે જ સર્જન છે.

○ શુભ કર્મપ્રકૃતિઓના એક ઠાણીઆ રસના અભાવમાં કારણ તો, સંકલેશ સ્થાનરૂપ રસબંધના અધ્યવસાયો અને વિશોધિ સ્થાનરૂપ રસબંધના અધ્યવસાયો, દરેકના અસંખ્યાત લોકના આકાશપ્રદેશના પ્રમાણવાળા છે. જેમ પ્રાસાદ ઉપર ચડનારાઓને ચડવામાં સોપાનસ્થાનો (પગથિયાં) જેટલાં છે, તેટલા જ પ્રાસાદ ઉપરથી નીચે ઉતરનારાઓને છે, પણ (તેવી રીતે અહીં પણ જેટલા જ સંક્લિશ્યમાનને અશુભ અધ્યવસાયો છે, તેટલા જ વિશુદ્ધ્યમાનને શુભ અધ્યવસાયો છે.) તેવી રીતે જે જે, ક્ષપક(ક્ષપકશ્રેણિવાળા)થી ભિન્ન જીવ વિશુદ્ધ કે સંક્લેશ (કષાય)ના સ્થાનો ઉપર ચડે છે.

○ સંક્લિશ્યમાન જીવ તેટલા સ્થાનેથી નીચે ઉતરે છે, કેમ કે-તે તેટલા સ્થાનોથી જ ઉતરવાનું છે.

○ વિશેષ અધિક વિશુદ્ધિસ્થાનો ક્ષપકશ્રેણિ ઉપર ચડનાર ક્ષપકને છે, કેમ કે-વિશુદ્ધિસ્થાનોમાં તો સંક્લેશ (કષાય)નો અભાવ હોવાથી પડવાનું નથી. એથી જ તે વિશુદ્ધિસ્થાનો જ છે પરંતુ સંક્લેશસ્થાનો નથી, તેથી વિશુદ્ધિસ્થાનોનું અધિકપણું છે.

○ તથાચ અત્યંત વિશુદ્ધિમાં વર્તનારો જીવ શુભ પ્રકૃતિઓના ચઉઠાણીઆ રસને બનાવે છે.

○ અત્યંત સંક્લેશ(કષાયના ઉદય)માં વર્તનાર આત્માને શુભ પ્રકૃતિઓ બંધમાં આવતી જ નથી-બંધાતી નથી.

○ વળી જે વૈક્રિય-તૈજસ્-કાર્મણ વગેરે શુભ પ્રકૃતિઓને નરક પ્રાયોગ્યને સંક્લેશવાળો પણ બાંધે છે, તે કર્મપ્રકૃતિઓના સ્વભાવથી સર્વથા (અત્યંત) સંક્લેશવાળો પણ દ્વિઠાણીઆ રસને કરે છે.

○ જે મધ્યમ અધ્યવસાય સ્થાનોમાં (સ્થાનવાળાઓમાં) શુભ પ્રકૃતિઓ બંધાય છે, તે સ્થાનોમાં તે કર્મપ્રકૃતિઓનો દ્વિ(બે)ઠાણીઓ સુધીનો જ રસ બંધાય છે, એક ઠાણીઓ બંધાતો નથી, કેમ કે-મધ્યમ પરિણામ જ છે.

○ ગિરિની રેખા જેવા અનંતાનુબંધી કષાયોથી અશુભ પ્રકૃતિઓનો ચઉ(ચાર)ઠાણીઆ રસનો થાય છે.

○ તડકાથી શોષાયેલ તળાવની પૃથ્વીની રેખા જેવા અપ્રત્યાખ્યાન આવરણરૂપ કષાયોથી ત્રિ(ત્રણ) ઠાણીઆ રસનો બંધ થાય છે.

○ વાલુકા(રેતી)ની રેખા જેવા પ્રત્યાખ્યાનાવરણરૂપ કષાયોથી બે (દ્વિ) ઠાણીઆ રસનો બંધ થાય છે.

○ જળની રેખા જેવા સંજ્વલન નામના કષાયોથી પૂર્વે કહેલ ઉત્તર (૧૭) અશુભ પ્રકૃતિઓનો એક ઠાણીઆ રસનો બંધ થાય છે. પરંતુ શુભ પ્રકૃતિઓનો તો વાલુકા અને જળરેખા જેવા કષાયોથી ચઉ(ચાર)ઠાણીઆ રસનો બંધ થાય છે. પૃથ્વીની રેખા જેવા કષાયોથી દ્વિ(બે) ઠાણીઆ રસનો બંધ, આ શુભ પ્રકૃતિઓનો એક ઠાણીઆ રસનો બંધ નથી જ.

(૧) ત્યાં રાગ-દ્વેષરૂપ પરિણામને આધીન બનેલા જીવે કર્મરૂપપણાએ પરિણમાવેલ કર્મનો, (૨) આત્માના પ્રદેશોની સાથે સંશ્લેષ(આત્યંતિક સંબંધ)ને પામેલ કર્મનો, (૩) ફરીથી પણ આવેષ્ટન-પરિવેષ્ટનરૂપપણાએ અત્યંત ગાઢતમ બાંધેલા કર્મનો, (૪) અબાધાકાળના અતિક્રમણ(ઉલ્લંઘન) પછીના કાળમાં વેદન (અનુભવ) યોગ્યપણે સંચિત (એકઠું કરેલ) કર્મનો, (૫) ઉત્તર ઉત્તર (આગળ આગળ)ની સ્થિતિઓમાં પ્રદેશની હાનિથી, રસની વૃદ્ધિથી અવસ્થાના વિષય કરેલ કર્મનો, (૬) સમાન જાતિવાળી બીજી પ્રકૃતિના દલિક(પ્રદેશ)ના કર્મ (પ્રક્ષેપ ક્રિયા) વડે વૃદ્ધિને પામેલ કર્મનો, (૭) થોડા પાક તરફ અભિમુખ થયેલ કર્મનો, (૮) વિશિષ્ટ પાકને પામેલ એથી જ ફળ આપવા અભિમુખ થયેલ કર્મનો, (૯) સામગ્રીના વશે ઉદયને પામેલ કર્મનો, (૧૦) બંધાયેલા જીવે કરેલ કર્મનો, (૧૧) અનાભોગિક વીર્યથી બંધના કાળે જ જ્ઞાનાવરણીયપણા આદિરૂપે વ્યવસ્થાના વિષયરૂપ બનેલ કર્મનો, (૧૨) પ્રદોષ-નિહ્નવ આદિ વિશિષ્ટ નિમિત્તો વડે ઉત્તર ઉત્તર પરિણામને પામેલ કર્મનો, (૧૩) પરની અપેક્ષા વગર ઉદયને પામેલ કર્મનો, (૧૪) અથવા બીજા વડે ઉદયને પામેલ કર્મનો, અને (૧૫) અથવા સ્વ-પરરૂપે ઉદયમાં લાવતા કર્મનો, (કોઈ એક ગતિ-સ્થિતિ-ભવને પામીને પોતાનો) અથવા પર એવા પુદ્ગલપરિણામને પામી અનુભાગ-રસ થાય છે.

○ ત્યાં જ્ઞાનાવરણીય કર્મનો (શ્રોત્રેન્દ્રિયવિષય ક્ષયોપશમાવરણ-શ્રોત્રેન્દ્રિયોપયોગાવરણ-ચક્ષુવિષય ક્ષયોપશમાવરણ-ચક્ષુઉપયોગાવરણ-ઘ્રાણવિષયક્ષયોપશમાવરણ-ઘ્રાણોપયોગાવરણ-રસનાવિષય ક્ષયોપશમાવરણ-રસનોપયોગાવરણ-સ્પર્શનવિષય ક્ષયોપશમાવરણ-સ્પર્શનોપયોગાવરણરૂપે) દશ (૧૦) પ્રકારનો રસ છે. દર્શનાવરણીયકર્મનો (નિદ્રા-નિદ્રાનિદ્રા-પ્રચલા-પ્રચલાપ્રચલા-સ્ત્યાનર્દ્ધિ-ચક્ષુદર્શનાવરણ-અચક્ષુદર્શનાવરણ-અવધિદર્શનાવરણ અને કેવલદર્શનાવરણરૂપે) નવ પ્રકારનો રસ છે. વેદનીયકર્મનો આઠ પ્રકારનો છે. (મનોજ્ઞ-સુંદર શબ્દ-રૂપ-ગંધ-રસ-સ્પર્શ-મનનું-વચનનું અને કાયાનું સુખ, એમ આઠ પ્રકારનો) રસ છે. મોહનીયકર્મનો (સમ્યક્ત્વવેદનીય (મોહનીય)-મિથ્યાત્વવેદનીય (મોહનીય)-સમ્યગ્ મિથ્યાત્વવેદનીય (મોહનીય)-કષાયમોહનીય-નોકષાયમોહનીયના ભેદથી પાંચ પ્રકારનો) રસ છે. આયુષ્યકર્મનો ચાર (૪) પ્રકારનો, શુભ-અશુભ નામકર્મનો ચૌદ (૧૪) પ્રકારનો, ગોત્રકર્મનો આઠ (૮) પ્રકારનો અને અંતરાયકર્મનો પાંચ (૫) પ્રકારનો રસ છે (અહીં શ્રી પ્રજ્ઞાપનાસૂત્રનું ત્રેવીશમું પદ જોવું.) તેથી આ પ્રમાણે સ્થિતિ કરનાર, પોતાના કાળમાં પરિપાકને પામેલ કર્મની જે શુભ કે અશુભરૂપ અનુભવાતી અવસ્થા, તે રસનો બંધ છે એમ દિગ્દર્શન જાણવું.

अथ प्रदेशबन्धमाह –

प्रकृत्यादित्रयनिरपेक्षं दलिकसंख्याप्राधान्येन कर्मपुद्गलानां ग्रहणं प्रदेशबन्धः ।१५।

प्रकृत्यादीति । तत्राष्टविधबन्धकेनैकाध्यवसायेन गृहीतस्याष्टौ भागाः सप्तविधबन्धकस्य सप्तभागाः षड्विधबन्धकस्य षड्भागाः, एकविधबन्धकस्यैको भाग इति दलिकानां भागाः, तत्र हि जीवो यदाऽऽयुषो बन्धकालेऽष्टविधबन्धको भवति, तदाऽनन्तस्कन्धात्मकस्य शेषकर्मापेक्षया आयुषोऽल्पस्थितिकत्वेन गृहीतस्य कर्मद्रव्यस्य सर्वस्तोको भाग आयुष्कतया-परिणमते । तत आयुष्कभागापेक्षयाधिकस्स्वस्थाने तुल्यस्थितिकत्वेन तुल्यो नामगोत्रयोर्भागः, ततस्तयोरपेक्षया विशेषाधिकस्स्वस्थाने तुल्यस्थितिकत्वेन तुल्योऽन्तरायावरणयोर्भागः, ततस्तयोरधिको मोहनीयस्य भागः, ततो वेदनीयस्याधिकः, सुखदुःखजननस्वभावस्य वेदनीयस्य तद्भावपरिणतपुद्गलानामाधिक्यत एव स्वकार्यजननसमर्थत्वात् शेषाणान्तु स्वल्पत्वेऽपि तत्सम्भवात् । वेदनीयाच्छेषकर्मणां भागस्य हीनाधिकत्वे स्थितिविशेष एव निबन्धनम्, यथा नामगोत्रादेरायुष्काद्यपेक्षया स्थितेराधिक्ये तयोर्भागस्याधिकत्वं हीनत्वे च हीनत्वमिति । यद्यपि स्थित्युनुरोधेन भागो भवन्नायुषस्सकाशान्नामगोत्रयोर्भागस्य संख्यात-गुणत्वं स्यात्तथापि गत्यादिनिखिलकर्मकलापानामायुष्कोदयमूलत्वेनायुषः प्रधानत्वाद् बहुपुद्गल-द्रव्यं तत् । यतोर्भागस्य विशेषाधिकत्वन्तु नामगोत्रयोस्सततबन्धित्वेन, आयुष्कं हि कादाचित्कबन्धि, ततोऽल्पद्रव्यम् । यद्यपि च ज्ञानावरणाद्यपेक्षया मोहनीयभागस्य संख्यातगुणस्थितिकत्वेन संख्यातगुणत्वं प्राप्तं न विशेषाधिकत्वं तथापि चारित्रमोहनीयस्य कषायलक्षणस्य चत्वारिंशत्सागरोपमकोटीकोटीस्थितिकत्वेनैतदपेक्षया तद्भागस्यविशेषाधिक-त्वमुक्तं, दर्शनमोहनीयद्रव्यं तु सर्वघातित्वेन चारित्रमोहनीयदलिकादनन्तभाग एव वर्त्तत इति न किञ्चित्तेन वर्धत इति । तत्राल्पतरप्रकृतिबन्धस्सर्वोत्कृष्टयोगव्यापारवान् पर्याप्तस्संज्ञीजीव उत्कृष्टप्रदेशबन्धं करोति, बहुतरप्रकृतिबन्धको मन्दयोगोऽपर्याप्तकोऽसंज्ञी जघन्यप्रदेशबन्धं विधत्ते । तथा प्रदेशबन्धश्चतुर्विध उत्कृष्टोऽनुत्कृष्टो जघन्योऽजघन्यश्चेति । सर्वबहवः कर्मस्कन्धा यदा गृह्यन्ते स उत्कृष्टः प्रदेशबन्धः, ततस्स्कन्धहानिमाश्रित्य यावत्सर्वस्तोक-कर्मस्कन्धग्रहणं तावत्सर्वोऽप्यनुत्कृष्टः, यदा सर्वस्तोककर्मस्कन्धग्रहणं स जघन्यः, तत एकस्कन्धवृद्धिमाश्रित्य यावत्सर्वबहुस्कन्धग्रहणं तावत्सर्वोऽप्यजघन्यः । तत्र ज्ञानदर्शनावरण-वेदनीयनामगोत्रान्तरायलक्षणमूलप्रकृतिषट्केऽनुत्कृष्ट एव प्रदेशबन्धः साद्यनादिध्रुवाध्रुवरूपेण चतुर्विधः, प्रकृतिषट्कस्योत्कृष्टप्रदेशबन्धः क्षपकस्योपशमकस्य वा सूक्ष्मसम्परायस्य

सर्वोत्कृष्टयोगे वर्त्तमानस्यैकं द्वौ वा समयौ यावत्प्राप्यते, मोहनीयायुःकर्मद्वयस्याबन्धकत्वात्तस्य, उत्कृष्टयोगेनैवोत्कृष्टप्रदेशबन्धलाभादुत्कृष्टयोगस्य, उत्कृष्टयोगावस्थानकालस्य तावन्मानत्वादेकद्विसमयस्यात्रग्रहणम् । तथाचोत्कृष्टं प्रदेशबन्धं विधायोपशान्तमोहावस्थाञ्चारुह्य पुनः प्रतिपत्योत्कृष्टयोगाद्वाऽस्मादेव प्रतिपत्य यदा पुनरनुत्कृष्टप्रदेशबन्धं करोति तदाऽसौ सादिः । एतत्स्थानमप्राप्तपूर्वाणामनादिर्निरन्तरं बध्यमानत्वात् । ध्रुवोऽभव्यानां भव्यानां त्वध्रुव इति । जघन्येऽजघन्ये उत्कृष्टे च साद्यध्रुवलक्षणो द्विप्रकारो बन्धः । उपरि वर्णितस्सूक्ष्मसम्पराय उत्कृष्टप्रदेशबन्धस्सादिस्तत्प्रथमतया बध्यमानत्वात् । उपशान्ताद्यवस्थायां पुनरनुत्कृष्टबन्धगमने च स नावश्यं भवतीत्युध्रुवः । जघन्यः पुनरमीषां षट्कर्मणां प्रदेशबन्धोऽपर्याप्तस्य सर्वमन्दवीर्यलब्धिकस्य सप्तविधबन्धकस्य सूक्ष्मनिगोदस्य भवाद्यसमये लभ्यते, द्वितीयादिसमये त्वसंख्येयगुणवृद्धेन वीर्येणास्य वर्धमानत्वात्, द्वितीयादिसमयेष्वयमप्यजघन्यं बध्नाति, पुनस्संख्यातेनासंख्यातेन वा कालेन पूर्वोक्तजघन्ययोगं प्राप्य स एव जघन्यप्रदेशबन्धं करोति पुनरप्यजघन्यमित्येवं जघन्याजघन्ययोः प्रदेशबन्धयोस्संसरतामसुमतां द्वावपि साद्यध्रुवौ भवतः । मोह आयुषि च चतुर्विधे प्रदेशबन्धे साद्यध्रुवलक्षणो द्विविधो बन्धो भवति । मिथ्यादृष्टिस्सम्यग्दृष्टिर्वाऽनिवृत्तिबादरान्तस्सप्तविधबन्धकाल उत्कृष्टयोगे वर्त्तमानो मोहनीयस्योत्कृष्टप्रदेशबन्धं, पुनरनुत्कृष्टयोगं प्राप्यानुत्कृष्टं प्रदेशबन्धं करोति पुनरुत्कृष्टं पुनरप्यनुत्कृष्टमित्येवमुत्कृष्टानुत्कृष्टप्रदेशयोस्संसरतां जन्तूनां द्वावपि बन्धौ साद्यध्रुवौ भवतः, जघन्याजघन्यौ त्वेतत्प्रदेशबन्धौ सूक्ष्मनिगोदादिषु संसरतामसुमतां कर्मषट्कनिरूपण उपर्येव भावितौ तद्वदेवात्रापि । आयुष्कस्य त्वध्रुवबंधित्वादेव तत्प्रदेशबन्ध उत्कृष्टादिचतुर्विकल्पोऽपि साद्यध्रुव एव भवतीति, एवंरूपेण कर्मपुद्गलानामेव प्रकृतिस्थितिरसनिरपेक्षं दलिकसंख्याप्राधान्येनैव यद्ग्रहणं करोति स प्रदेशबन्धो विज्ञेयः । तत्र योगस्थानानि कारणं प्रकृतयः प्रदेशाश्च तत्कार्यं, स्थितिबन्धाध्यवसायस्थानानि कारणं स्थितिविशेषास्तत्कार्यं, अनुभागबन्धाध्यवसायस्थानानि कारणमनुभागस्थानानि तत्कार्यं, तथा प्रकृतिप्रदेशबन्धयोर्योग एव प्रधानं कारणं, मिथ्यात्वाविरतिकषायाणामभावेऽपि उपशान्तमोहादिगुणस्थानेषु वेदनीयस्य प्रकृतिप्रदेशबन्धसद्भावात् । स्थित्यनुभागबन्धयोस्तु कषायजनितजीवाध्यवसायविशेषः कारणं तदभावे उपशान्तमोहादिषु तयोरभावात् मिथ्यात्वाविरत्यभावेऽपि प्रमत्तादौ कषायसद्भावेन तयोस्सत्त्वाच्च । मिथ्यादृष्टिगुणस्थानवर्त्ती मिथ्यात्वादिचतुःप्रत्ययैर्ज्ञानावरणादिकर्म सास्वादनमिश्राविरतिदेशविरतिलक्षणेषु मिथ्यात्ववर्जैस्त्रिभिः, प्रमत्ताप्रमत्तापूर्वकरणानिवृत्तिबादरसूक्ष्म-

सम्परायेषु कषाययोगाभ्यां, उपशान्तमोहक्षीणमोहसयोगिषु योगेन यथायोगं बध्नाति । इति मूलप्रकृत्याश्रयेण सामान्येन बन्धा उक्ताः, उत्तरप्रकृत्याश्रयेण तु कर्मप्रकृत्यादितोऽवसेया इति दिक् ॥

હવે પ્રદેશબંધને કહે છે- —

ભાવાર્થ - પ્રકૃતિ-સ્થિતિ-રસરૂપ ત્રણની અપેક્ષા વગર દળિયાની સંખ્યાની પ્રધાનતાથી કર્મપુદ્ગલોનું ગ્રહણ, તે 'પ્રદેશબંધ' કહેવાય છે.

વિવેચન - ત્યાં અષ્ટ પ્રકારના કર્મને બાંધનારે, વિચિત્રતાગર્ભિત-એક અધ્યવસાય વડે ગ્રહણ કરેલા દળિયાના આઠ (૮) ભાગો થાય છે. સાત પ્રકારના બંધના સાત (૭) ભાગો, છ (૬) પ્રકારના બંધના છ (૬) ભાગો અને એક પ્રકારના બંધકને એક ભાગ છે, એમ દલિકોના દળિયાના પ્રદેશોના ભાગો છે.

○ ખરેખર, ત્યાં જીવ જ્યારે આયુષ્યના બંધકાળમાં અષ્ટ(૮)વિધ બંધક થાય છે, ત્યારે બાકીના કર્મોની સ્થિતિની અપેક્ષાએ આયુષ્ય અલ્પ સ્થિતિવાળું હોવાથી, ગ્રહણ કરેલા તે અનંત સ્કંધસ્વરૂપી કર્મદ્રવ્યનો સર્વથી થોડો ભાગ આયુષ્યનો હોય છે-આયુપણે પરિણમે છે.

○ તેના કરતાં આયુષ્યના ભાગની અપેક્ષાએ નામ અને ગોત્રોનો વિશેષાધિક ભાગ છે. સ્વસ્થાનમાં સમાન સ્થિતિવાળા હોઈ નામ અને ગોત્રનો તુલ્ય (સમાન) અંશ-ભાગ છે.

○ તેના કરતાં નામ અને ગોત્રની અપેક્ષાએ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયનો ભાગ વિશેષાધિક છે. પોતાના સ્થાનમાં સમાન સ્થિતિવાળા હોઈ ત્રણેયનો ભાગ તુલ્ય છે.

○ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયની અપેક્ષાએ મોહનીયમાં વિશેષાધિક ભાગ છે.

○ તેના કરતાં વેદનીયનો સર્વથી વિશેષાધિક છે. અહીં એવો પ્રશ્ન થાય છે કે-વેદનીયકર્મની સ્થિતિ તો અલ્પ છે પણ ભાગ તે સર્વથી વિશેષાધિક છે. ત્યાં શું કારણ છે ? તેના જવાબમાં કહેવાય છે કે-સુખ અને દુઃખને પેદા કરવાનું સ્વભાવવાળું વેદનીયકર્મ છે. વળી તે વેદનીયકર્મપણે પરિણમેલા પુદ્ગલો સ્વભાવથી પ્રચૂર-પુષ્કળ હોતા જ સુખ-દુઃખરૂપ પોતાના કાર્યને પ્રગટ કરવા સમર્થ થાય છે. બાકીના કર્મપુદ્ગલો તો સ્વલ્પ પણ પોતાના કાર્યને કરે છે. વળી પ્રત્યક્ષ સિદ્ધ છે કે-પુદ્ગલોના પોતાના કાર્યને પેદા કરવામાં અલ્પ-બહુત્વે કરેલ સામર્થ્યની વિચિત્રતા છે. જેમ કે-થોડું પણ ઝેર (વિષ) મારવા આદિ કાર્ય કરે છે. પરંતુ ઢેફાં વગેરે પ્રચૂર-પુષ્કળ દ્રવ્ય તે કાર્ય કરે છે, એમ અહીં પણ ઘટના કરી લેવી.

○ વેદનીયકર્મ સિવાય બાકીના કર્મોના ભાગની હીનતા અને અધિકતામાં વિશિષ્ટ સ્થિતિ એ જ મૂળ કારણ છે. જેમ કે-નામ-ગોત્ર આદિની આયુષ્ય આદિની અપેક્ષાએ સ્થિતિના અધિકપણામાં નામ-ગોત્રના ભાગની અધિકતા છે અને હીનતામાં હીનતા છે.

○ જો કે સ્થિતિના અનુરોધથી (અનુસારે) ભાગ થતો છે. આયુષ્યની અપેક્ષાએ નામ-ગોત્રનો ભાગ સંખ્યાતગુણો થાય, તો પણ ગતિ આદિ સમસ્ત કર્મકલાપો આયુષ્યના ઉદયરૂપી મૂળવાળા હોઈ, આયુષ્યની પ્રધાનતા હોવાથી તે આયુષ્ય બહુ પુદ્ગલ-દ્રવ્યવાળું છે.

○ તે નામ અને ગોત્રના ભાગની વિશેષ અધિકતા તો નામ-ગોત્રનો સતત (નિરંતર) બંધ હોવાથી છે. ખરેખર, આયુષ્યકર્મ તો કદાચિત્ (એક વખત) બંધવાળું છે, તેથી અલ્પ દ્રવ્યવાળું છે.

○ વળી જો કે જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયની અપેક્ષાએ મોહનીયકર્મનો ભાગ સંખ્યાતગુણી સ્થિતિવાળો હોઈ સંખ્યાતગુણપણું પ્રાપ્ત છે, વિશેષ અધિકપણું પ્રાપ્ત નથી. તો પણ કષાયરૂપી ચારિત્રમોહનીયકર્મ ચાલીશ (૪૦) કોટાકોટી સાગરોપમની સ્થિતિવાળું હોઈ, આ અપેક્ષાએ તે મોહનીયનો ભાગ વિશેષાધિક કહેલ છે.

○ દર્શનમોહનીય દ્રવ્ય તો સર્વઘાતી હોઈ ચારિત્રમોહનીયના દળિયાં કરતાં અનંતમા ભાગમાં જ વર્તે છે, માટે તેથી કાંઈ વધતું નથી એમ સમજવું.

○ ત્યાં અલ્પતર (અત્યંત અલ્પ) પ્રકૃતિના બંધવાળો=સર્વોત્કૃષ્ટ યોગના વ્યાપારવાળો પર્યાપ્તસંજ્ઞી જીવ ઉત્કૃષ્ટ પ્રદેશના બંધને કરે છે.

○ બહુતર (અત્યંત બહુ) પ્રકૃતિના બંધને કરનારો, યોગની મંદતાવાળો, અપર્યાપ્તઅસંજ્ઞી જીવ જઘન્ય પ્રદેશના બંધને કરે છે.

○ તેમજ પ્રદેશબંધ ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ-જઘન્ય-અજઘન્યના ભેદથી ચાર (૪) પ્રકારનો છે.

(૧) ઉત્કૃષ્ટ પ્રદેશબંધ-સર્વથી બહુ કર્મસ્કંધો જ્યારે ગૃહિત થાય છે, ત્યારે 'ઉત્કૃષ્ટ પ્રદેશબંધ' છે.

(૨) અનુત્કૃષ્ટ પ્રદેશબંધ-તેમાંથી સ્કંધહાનિની અપેક્ષાએ જ્યાં સુધી સર્વથી થોડો કર્મસ્કંધ ગૃહિત થાય, ત્યાં સુધી સઘળોય 'અનુત્કૃષ્ટ બંધ' કહેવાય છે.

(૩) જઘન્ય પ્રદેશબંધ-જ્યારે સર્વથી થોડા કર્મસ્કંધનું ગ્રહણ થાય, ત્યારે 'જઘન્ય પ્રદેશબંધ' કહેવાય છે.

(૪) અજઘન્ય પ્રદેશબંધ-તેમાં તેના કરતાં એક સ્કંધની વૃદ્ધિની અપેક્ષાએ જ્યાં સુધી સર્વથી બહુ સ્કંધોનું ગ્રહણ થાય, ત્યાં સુધી સઘળો 'અજઘન્ય પ્રદેશબંધ' કહેવાય છે.

ત્યાં જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-નામ-ગોત્ર-અંતરાયરૂપ છ (૬) મૂળભૂત પ્રકૃતિઓમાં અનુત્કૃષ્ટ જ પ્રદેશબંધ સાદિ-અનાદિ-ધ્રુવ-અધ્રુવરૂપે ચાર (૪) પ્રકારનો છે.

○ જ્ઞાનાવરણ આદિ છ (૬) પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ, સર્વોત્કૃષ્ટ યોગમાં વર્તતા સૂક્ષ્મસંપરાયવાળા ક્ષપક કે ઉપશમકમાં એક સમય સુધીનો કે બે સમય સુધીનો પ્રાપ્ત થાય છે, કેમ કે-તે સૂક્ષ્મસંપરાયમાં મોહનીયકર્મનો અને આયુષ્યકર્મનો બંધ નથી. વળી અહીં સૂક્ષ્મસંપરાયમાં ઉત્કૃષ્ટ યોગથી જ ઉત્કૃષ્ટ પ્રદેશબંધનો લાભ છે. ઉત્કૃષ્ટ યોગના રહેવાના કાળનું માન તેટલું જ હોવાથી એક-બે સમયવાળા ઉત્કૃષ્ટ યોગનું ગ્રહણ કરેલ છે.

તથાચ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરીને અને ઉપશાન્તમોહની અવસ્થા ઉપર ચડીને, ફરીથી પડીને, અથવા આ ઉત્કૃષ્ટ યોગથી જ પડીને જ્યારે ફરીથી અનુત્કૃષ્ટ પ્રદેશબંધને કરે છે, ત્યારે આ 'સાદિ અનુત્કૃષ્ટ પ્રદેશબંધ' કહેવાય છે.

○ જેણે કદી આ સ્થાન (સૂક્ષ્મસંપરાયનું સ્થાન) પૂર્વે પ્રાપ્ત નથી કરેલ, એવા જીવોમાં 'અનુત્કૃષ્ટ પ્રદેશબંધ' અનાદિરૂપ છે, કેમ કે-નિરંતર અનુત્કૃષ્ટ પ્રદેશો બંધાતા છે.

○ અભવ્ય જીવોમાં અનુત્કૃષ્ટ પ્રદેશબંધ ધ્રુવ છે. ભવ્ય જીવોમાં અનુત્કૃષ્ટ પ્રદેશબંધ અધ્રુવ છે. ઈતિ.

જઘન્ય-અજઘન્ય-ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સાદિ અને અધ્રુવના ભેદે બે પ્રકારનો છે.

(૧) સાદિ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ-ઉપર કહેલ સૂક્ષ્મસંપરાયવાળો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સાદિ (આદિવાળો) છે, કેમ કે-તે પ્રથમપણાએ બંધાતો છે.

(૨) અધ્રુવ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ-ઉપશાન્ત આદિ અવસ્થામાં ફરીથી અનુત્કૃષ્ટ બંધમાં જવામાં, તે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ અવશ્ય થતો નહિ હોવાથી અધ્રુવ છે.

(૩-૪-૫-૬) જઘન્ય-અજઘન્ય-પ્રદેશબંધનું સાદિ અધ્રુવરૂપે વર્ણન-જઘન્ય પ્રદેશબંધ-પૂર્વે કહેલ આ છ (૬) કર્મોનો જઘન્ય પ્રદેશબંધ, અપર્યાપ્તા-સર્વથી મંદ વીર્યની લબ્ધિવાળા સાત (૭) પ્રકારનો કરનાર, એવો સૂક્ષ્મ નિગોદમાં ભવના પ્રથમ સમયમાં મેળવાય છે, કેમ કે-બીજા વગેરે રૂપ સમયમાં તે અસંખ્યાતગુણા વધેલા વીર્યથી આ (જીવનું-નિગોદીઆ જીવનું) વર્ધમાનપણું છે. બીજા વગેરે સમયોમાં આ સૂક્ષ્મ નિગોદવાળો જીવ પણ અજઘન્ય પ્રદેશબંધને કરે છે. વળી ફરીથી સંખ્યાતા કે અસંખ્યાતા કાળ બાદ, પૂર્વે કહેલ જઘન્ય યોગને પામી તે જ જીવ જઘન્ય પ્રદેશબંધને કરે છે, ફરીથી પણ અજઘન્યને બાંધે છે. આવી રીતે જઘન્ય-અજઘન્યરૂપ પ્રદેશબંધમાં સંસારમાં ફરતા પ્રાણીઓના બેય-સાદિ અને અધ્રુવ નામના ભેદો હોય છે.

○ મોહનીયકર્મમાં અને આયુષ્યકર્મમાં ચાર (૪) પ્રકારના પ્રદેશબંધ પૈકી સાદિ-અધ્રુવના ભેદે એ પ્રકારનો બંધ હોય છે.

○ મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિથી માંડી અનિવૃત્તિ બાદર પર્યન્ત સાત (૭) પ્રકારના બંધકાળમાં ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો આત્મા મોહનીયના ઉત્કૃષ્ટ પ્રદેશબંધને કરે છે. વળી ફરીથી અનુત્કૃષ્ટ યોગને પામી અનુત્કૃષ્ટ પ્રદેશબંધને કરે છે. ફરીથી ઉત્કૃષ્ટને અને તે પછી ફરીથી અનુત્કૃષ્ટને કરે છે. આવી રીતે ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ પ્રદેશમાં સંસારમાં ફરતા જંતુઓને બે પણ-સાદિ અને અધ્રુવ બંધ થાય છે.

○ વળી જઘન્ય-અજઘન્ય નામક આ પ્રદેશબંધ તો સૂક્ષ્મ નિગોદ આદિમાં સંસારમાં (ફરતા) જીવોમાં છ (૬) કર્મોના નિરૂપણમાં ઉપર જ હમણાં વિચારી ગયા તેની માફક અહીં પણ વિચારવા.

○ આયુષ્યકર્મ તો અધ્રુવબંધી હોવાથી જ, તે આયુષ્યકર્મનો પ્રદેશબંધ ઉત્કૃષ્ટ આદિ ચાર ભેદવાળો પણ સાદિ અને અધ્રુવરૂપે જ બે ભેદવાળો થાય છે. ઈતિ. આવા રૂપે કર્મપુદ્ગલોનું જ પ્રકૃતિ-સ્થિતિ-રસની અપેક્ષા વગરનું દળિયાની સંખ્યાની પ્રધાનતાએ જ જે ગ્રહણ કરે છે, તે પ્રદેશબંધ જાણવો.

○ ત્યાં પ્રકૃતિરૂપ કાર્ય અને પ્રદેશરૂપ કાર્ય પ્રત્યે યોગ(રૂપ)સ્થાનો કારણ છે, વિશિષ્ટ સ્થિતિરૂપ કાર્ય પ્રત્યે સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો કારણ છે, અનુભાગસ્થાનરૂપ કાર્ય પ્રત્યે અનુભાગબંધના અધ્યવસાય સ્થાનો કારણ છે, તેમજ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધરૂપ કાર્ય પ્રત્યે યોગ જ પ્રધાન કારણ છે; કેમ કે-મિથ્યાત્વ-

અવિરતિ-કષાયોનો અભાવ છતાં ઉપશાન્તમોહ આદિ ગુણસ્થાનોમાં વેદનીયની પ્રકૃતિબંધ-પ્રદેશબંધની સત્તા છે.

○ સ્થિતિબંધ અને રસબંધરૂપ કાર્ય પ્રત્યે કષાયથી પેદા થયેલ જીવનો વિશિષ્ટ અધ્યવસાય કારણ છે. વળી તે કષાયના અભાવમાં ઉપશાન્તમોહ આદિમાં સ્થિતિબંધ-રસબંધનો અભાવ છે અને મિથ્યાત્વ-અવિરતિના અભાવમાં પણ પ્રમત્ત આદિમાં કષાયની વિદ્યમાનતાથી સ્થિતિબંધ-રસબંધની વિદ્યમાનતા છે.

○ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવર્તી જીવ મિથ્યાત્વ આદિ ચાર (૪) કારણોથી, સાસ્વાદન-મિશ્ર-અવિરતિ-દેશવિરતિરૂપ ગુણસ્થાનોમાં વર્તમાન જીવ મિથ્યાત્વને વર્જી ત્રણ કારણોથી, પ્રમત્ત-અપ્રમત્ત-અપૂર્વકરણ-અનિવૃત્તિ બાદર-સૂક્ષ્મસંપરાય-ગુણસ્થાનવર્તી જીવ કષાય અને યોગરૂપ બે કારણોથી અને ઉપશાન્તમોહ-ક્ષીણમોહ-સયોગી ગુણસ્થાનવર્તી જીવ એક માત્ર યોગરૂપ કારણથી સંભવ પ્રમાણે જ્ઞાનાવરણ આદિ કર્મને બાંધે છે. આ પ્રમાણે મૂળપ્રકૃતિના આશ્રયે સામાન્યથી બંધો કહેલ છે. ઉત્તરપ્રકૃતિનો બંધ અપેક્ષાએ તો કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવો. આ પ્રમાણે દિગ્દર્શન કરાવેલ છે.

ननु जीवो रागाद्याविष्टो यत्कर्म बध्नाति तदध्यवसायविशेषेण, तत्र किं चतुर्विधमपि बन्धमेकेनैवाध्यवसायेन बध्नाति, उत विभिन्नेन, तत्र यद्येकेन तर्हि कथमेकेन बन्धवैचित्र्यं, यदि त्वनेकेन तर्हि तादृशतादृशाध्यवसायविगमे तादृशतादृशबन्धाभावप्रसक्त्या कदाचिद्रागिणोऽपि प्रकृतिबन्धमात्रं कदाचित्स्थितिबन्धसहितं, कदाचित्त्रयं कदाचिच्चतुष्टयमपि स्यान्नतु चतुष्टयनियम न चैतदिष्टमित्याशंकायामाह -

बन्धाश्चैते चत्वार एकविधाध्यवसायविशेषेण जायन्ते सङ्क्रमोद्वर्त्तनादिकरणविशेषाश्च ।१६।

बन्धाश्चैत इति । एकविधेति, तथाचैकेनैवाध्यवसायेन चतुर्विधो बन्धो युगपज्जायत इत्यर्थः, न च कथं कार्यवैचित्र्यमिति वाच्यम्, योगस्य प्रकृतिप्रदेशबन्धयोः कषायस्य स्थितिरसबन्धयोर्निमित्तत्वेन विचित्रैकाध्यवसायेन विचित्रकार्योत्पत्तौ बाधकाभावात् तथा च योगेन कषायेन च सामान्येन गृहीतानां कर्मपुद्गलानां विचित्राध्यवसायविशेषादेकविधाज्ज्ञानावरणीयत्वादिभेदेन स्थितिमत्त्वेन रसवत्त्वेन प्रदेशवत्त्वेन च परिणमनं जायत इति भावः । न केवलं बन्धा एवैते एकविधाध्यवसायेन जायन्ते किन्तु करणविशेषा अपीत्याह सङ्क्रमेति ॥

अवतरणिका-शंका - રાગ-દ્વેષથી ઘેરાયેલો જીવ જે કર્મ બાંધે છે, તે વિશિષ્ટ અધ્યવસાયથી બાંધે છે એ તો બરાબર છે, પણ ત્યાં શું ચાર પ્રકારના પણ બંધને એકીસાથે વિશિષ્ટ એક એક અધ્યવસાયથી બાંધે છે ? ત્યાં જો એક અધ્યવસાયથી કહો, તો કેવી રીતે એકથી બંધમાં વિચિત્રતા ? જો અનેક અધ્યવસાયોથી કહો,

તો તેવા તેવા અધ્યવસાયોના અભાવમાં તેવા તેવા બંધના અભાવનો પ્રસંગ આવવાથી કદાચિત્ રાગી જીવમાં પણ માત્ર પ્રકૃતિનો બંધ, કદાચ સ્થિતિબંધ સહિત પ્રકૃતિબંધ, કદાચ પ્રકૃતિ આદિ ત્રણ, કદાચિત્ ચારનો પણ થાય ! તો પછી ચાર બંધોનો નિયમ રહેતો નથી. વળી આ ઇષ્ટ નથી. આવી આ શંકામાં કહે છે કે-

ભાવાર્થ-સમાધાન - વળી આ પ્રકૃતિ આદિ ચાર (૪) બંધો એક પ્રકારના વિશિષ્ટ અધ્યવસાયથી એકીસાથે થાય છે, એટલું જ નહિ પણ સંક્રમ આદિ વિશિષ્ટ કરણો પણ થાય છે.

વિવેચન - તથાચ વિશિષ્ટ એક અધ્યવસાયથી પ્રકૃતિ આદિ ચાર પ્રકારનો બંધ એકીસાથે (ક્રમથી નહિ) થાય છે, એવો અર્થ છે.

શંકા - એક અધ્યવસાયરૂપકરણમાં એકવિધપણું હોઈ કાર્યમાં વિચિત્રપણું કેવી રીતે ?

સમાધાન - જો કે યોગથી પ્રકૃતિપ્રદેશબંધ, કષાયથી સ્થિતિઅનુભાગબંધ છે, તો પણ તે તેના ક્ષયોપશમવાળી અને ઉદયવાળી શરીર(યોગ)કષાય વગેરે પ્રકૃતિઓનો એકીસાથે ઉદય હોવાથી, ક્ષયોપશમ હોવાથી, વિચિત્ર એક અધ્યવસાયથી વિચિત્ર કાર્યની ઉત્પત્તિમાં બાધક નથી.

જેમ ચિત્ર-વિચિત્ર મોરના બચ્ચાની ઉત્પત્તિ થયે છતે ચક્ષુવિષયથી દૂર પણ ગર્ભનું-બીજનું જ વિચિત્રપણું પ્રતીત થાય છે, તેમ એકીસાથે જ પ્રકૃતિ આદિ વિચિત્ર બંધોમાં એક અધ્યવસાયની વિચિત્રતા બિલકુલ સિદ્ધ જ છે.

○ તથાચ યોગ વડે અને કષાય વડે સામાન્યથી ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોનું એક (પ્રકારના) વિશિષ્ટ વિચિત્ર અધ્યવસાયથી જ્ઞાનાવરણીયપણા આદિ (પ્રકૃતિ) ભેદે કરી સ્થિતિબંધરૂપે-રસબંધરૂપે-પ્રદેશબંધરૂપે પરિણમન થાય છે, એવો ભાવાર્થ જાણવો.

અરે, કેવળ એકલા આ બંધો જ એક અધ્યવસાય વિશેષથી થાય છે એમ નહિ, પરંતુ એકવિધ અધ્યવસાય વિશેષથી કારણવિશેષો પણ થાય છે. અર્થાત્ બંધો થાય છે અને સંક્રમણ-ઉદ્વર્તનાદિ વિશિષ્ટ કરણો એક અધ્યવસાયવિશેષથી થાય છે, એમ જાણવું.

कियन्ति करणानीत्यत्राह –

करणविशेषाश्च बन्धनसङ्क्रमोद्वर्त्तनापवर्त्तनोदीरणोपशमनानिधत्ति निकाचनाभेदादष्टविधाः ।१७।

करणविशेषाश्चेति । दात्रादिद्रव्यकरणे क्षेत्रकरणे कालकरणे भावकरणे निष्पादने संयमव्यापारे समाचरणे करणकारणानुमोदनरूपे करणत्रिके जीववीर्यविशेषेऽपि च करणशब्दप्रवृत्तेरत्र जीववीर्यविशेषग्रहणाय विशेषपदमुक्तम् । बध्यते येन, संक्रम्यन्ते येन, उद्वर्त्येते यया, अपवर्त्येते यया, उदीर्यते यया, उपशम्यते यया, निधीयते यया, निकाच्यते ययाऽऽत्मपरिणत्याऽध्यवसायरूपयेति तत्तच्छब्दव्युत्पत्तिरवसेया । तत्र बन्धनकरणाध्य-

वसायास्सर्वस्तोकास्तेभ्य उदीरणाध्यवसाया असंख्येयगुणास्ततोऽपि संक्रमाध्यवसाया असंख्येयगुणा उद्वर्त्तनापवर्त्तने संक्रमभेदावतस्तत्रान्तर्भावः । तत उपशान्तोपशमनाध्यवसाया असंख्येयगुणास्ततोऽपि निधत्त्यध्यवसायास्ततोऽपि निकाचनाध्यवसाया इति ॥

કરણો કેટલા છે ?

ભાવાર્થ - કરણવિશેષો, બંધન-સંક્રમણ-ઉદ્વર્તના-અપવર્તના ઉદીરણા-ઉપશમના-નિધત્તિ-નિકાચનાના ભેદથી આઠ (૮) પ્રકારના છે.

વિવેચન - દાતા વિ. રૂપ દ્રવ્યકરણમાં, ક્ષેત્રકરણમાં, કાળકરણમાં, ભાવકરણમાં, નિષ્પાદનમાં, સંયમવ્યાપારમાં, સમાચરણમાં, કરણ-કારણ-અનુમોદનરૂપ ત્રિકરણમાં, જીવવીર્યવિશેષમાં પણ કરણ શબ્દની પ્રવૃત્તિ છે. અહીં જીવવીર્યવિશેષના ગ્રહણ માટે વિશેષ પદ કહેલ છે.

બંધન-જે વીર્યવિશેષથી બંધાય તે બંધન. સંક્રમણ-જે વીર્યવિશેષથી સંક્રમણ થાય તે સંક્રમણ. ઉદ્વર્તના-જે વીર્યપરિણતિથી ઉદ્વર્તન થાય તે ઉદ્વર્તના. અપવર્તના-જે વીર્યપરિણતિથી અપવર્તન થાય તે અપવર્તના. ઉદીરણા-જે વીર્યપરિણતિથી ઉદીરણા થાય તે ઉદીરણા. ઉપશમના-જે વીર્યપરિણતિથી ઉપશમન થાય તે ઉપશમના. નિધત્તિ-જે વીર્યપરિણતિથી નિધત્તિ થાય તે નિધત્તિ. નિકાચના-જે અધ્યવસાયરૂપ આત્મપરિણતિરૂપ વીર્યપરિણતિથી કર્મ નિકાચિત થાય તે નિકાચના. આ પ્રમાણે તે તે શબ્દોની વ્યુત્પત્તિ જાણવી.

○ ત્યાં બંધનકરણના અધ્યવસાયો સર્વથી થોડા છે. તે અધ્યવસાયો કરતાં ઉદીરણાકરણના અધ્યવસાયો અસંખ્યાતગુણા છે. તેના કરતાં પણ સંક્રમણના અધ્યવસાયો અસંખ્યાતગુણા છે. ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણ રૂપ બે કરણો સંક્રમણના ભેદરૂપ છે, માટે તે બંનેનો સમાવેશ તે સંક્રમણકરણમાં સમજવાનો છે. તેના કરતાં ઉપશાન્તના ઉપશમનાકરણના અધ્યવસાયો અસંખ્યાતગુણા છે. તેના કરતાં પણ નિધત્તિના અધ્યવસાયો અસંખ્યાતગુણા છે. તેના કરતાં પણ નિકાચનના અધ્યવસાયો અસંખ્યાતગુણા છે.

अथ करणस्वरूपमादर्शयति -

तत्र बद्धात्मनो वीर्यपरिणामविशेषः करणं । वीर्यञ्चात्र योगकषायरूपं विवक्षितम् ।१८।

तत्रेति । बद्धात्मन इति सश्लेश्यस्येत्यर्थः, तेनायोगिनां सिद्धानाञ्च व्यावृत्तिस्तद्वीर्यस्य बन्धाद्यहेतुत्वात् । वीर्यपरिणामविशेष इति । क्षायिकक्षायोपशमिकरूपवीर्यलब्धिजन्यो वीर्यविशेष इत्यर्थः, अयञ्च छद्मस्थानां सयोगिनाञ्च भवति, उभयेषामपि स बुद्ध्यबुद्धिपूर्वकत्वाभ्यां द्विविधः, धावनवल्गनादिक्रियासु नियुज्यमानो बुद्धिपूर्वकः, भुक्ताहारस्य धातुमलत्वादि-परिणामापादक एकेन्द्रियादीनां तत्तत्क्रियाप्रयोजकश्चाबुद्धिपूर्वकः, तत्रापि क्षायोपशमिकवीर्य-

लब्धिजन्यं छाद्मस्थिकं वीर्यमकषायिसकषायिभेदतो द्विविधमुपशान्तमोहक्षीणमोहानामकषायिकं सूक्ष्मसम्परायान्तानाञ्च सकषायिकं विज्ञेयं, तथा च बन्धाद्यनुकूलतया मनोवाक्कायसहकृतः कषायसहकृतश्च स्थूलसूक्ष्मपरिस्पन्दो वीर्यपरिणामविशेष उच्यते इति भावः । तत्तत्क्रियासहितानां मनोवाक्कायानान्तु योगात्मकत्वमितरस्य कषायात्मकत्वमेतौ कषाययोगौ च वीर्यमुच्यत इत्याशयेनाह-वीर्यञ्चेति । अत्र बन्धादिप्रकरणे, योगः परिणामालम्बनग्रहणसाधनं प्रकृतिप्रदेशबन्धयोर्निमित्तं, कषायस्स्थितिरसबन्धहेतुः कषायाः क्रोधमानमायालोभास्तज्जनितो जीवस्याध्यवसायविशेषः कषायशब्देनेहोच्यते । एतस्य वीर्यविशेषस्य योगस्य विषयेऽविभागवर्गणास्पर्धकान्तरस्थानान्तरोपनिधापरम्परोपनिधावृद्धिसमयजीवाल्पबहुत्वप्ररूपणाः कर्मप्रकृत्यादितोऽवसेयाः ॥

કરણના સ્વરૂપનું વર્ણન-

ભાવાર્થ - ત્યાં બદ્ધ આત્માનો (લેશ્યાવાળા આત્માનો) વિશિષ્ટ વીર્યપરિણામ, એ કરણ કહેવાય છે. વળી અહીં વીર્ય, યોગ-કષાયરૂપ વિવક્ષિત છે.

વિવેચન - 'બદ્ધાત્મન' ઇતિ. બદ્ધ આત્મા એટલે લેશ્યાવાળા આત્માનો, એવો અર્થ છે. તેથી અયોગીકેવલીઓની અને સિદ્ધોની વ્યાવૃત્તિ છે, કેમ કે-અયોગીકેવલીઓનું અને સિદ્ધોનું કૈવલિક પણ અલેશ્યવીર્ય, બંધ આદિમાં હેતુરૂપ નથી.

'વીર્યપરિણામવિશેષ'-ક્ષાયિક-ક્ષાયોપશમિક રૂપ વીર્યલબ્ધિજન્ય વિશિષ્ટ વીર્ય, તે વીર્યપરિણામવિશેષ.

○ વળી આ વીર્યપરિણામવિશેષ છદ્મસ્થોને અને સયોગીકેવલીઓને હોય છે. બંનેને પણ તે વિશિષ્ટ પરિણામ, બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકના ભેદે બે પ્રકારનો છે.

(૧) દોડવું-વળગવું-ચાલવું વગેરે ક્રિયાઓમાં જોડાતો વિશિષ્ટ વીર્યપરિણામ, એ બુદ્ધિપૂર્વકનો છે. (૨) ખાધેલા આહારના ધાતુ-મલપણા આદિ પરિણામને કરનારો અને એકેન્દ્રિય આદિ જીવોને તે તે ક્રિયામાં પ્રયોજક કારણરૂપ વિશિષ્ટ વીર્યપરિણામ, એ અબુદ્ધિપૂર્વકનો છે. ત્યાં પણ ક્ષાયોપશમિક વીર્યલબ્ધિજન્ય, છાદ્મસ્થિક વીર્ય અકષાયી અને સકષાયીના ભેદથી બે પ્રકારનું છે. (૧) ઉપશાન્તમોહ-ક્ષીણમોહ જીવોમાં અકષાયી સલેશ્યવીર્ય હોય છે. (૨) સૂક્ષ્મસંપરાય સુધીના જીવોમાં સલેશ્ય-સકષાયિક વીર્ય જાણવું. તથાચ બંધ આદિ પ્રત્યે અનુકૂળ (જનકપણાએ) મન-વચન-કાયરૂપ સહકારી સહિત અને કષાયરૂપ સહકારી સહિત સ્થૂલ-સૂક્ષ્મ પરિસ્પંદરૂપ (કંપનાદિ ક્રિયારૂપ) વિશિષ્ટ વીર્યપરિણામ, કરણરૂપે કહેવાય છે એવો ભાવ છે.

તે તે ક્રિયાથી સહિત મન-વચન-કાયયોગ તરીકે કહેવાય છે. કષાય અને યોગ એ બંને વીર્ય તરીકે કહેવાય છે. અહીં બંધ આદિ પ્રકરણમાં (૧) પ્રકૃતિબંધ-પ્રદેશબંધરૂપ કાર્ય પ્રત્યે પરિણામ, આલંબન અને ગ્રહણના સાધનભૂત યોગ છે. (૨) સ્થિતિબંધ અને રસબંધ રૂપ કાર્ય પ્રત્યે કષાય હેતુ છે. અહીં ક્રોધ-માન-માયા-લોભરૂપી કષાયોથી પેદા થયેલ જીવનો વિશિષ્ટ અધ્યવસાય, કષાય શબ્દથી કહેવાય છે.

० આ વીર્યવિશેષરૂપ યોગના વિષયમાં, અવિભાગ વર્ગણા સ્પર્ધકાન્તર સ્થાન-અનંતરોપનિધા-પરંપરોપનિધા-વૃદ્ધિસમય-જીવ અલ્પ-બહુત્વરૂપ પ્રરૂપણાઓ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવી. ઇતિ.

अथ करणविशेषान् लक्षयितुमुपक्रमते –

कर्मणामात्मप्रदेशैस्सहान्योऽन्यानुगमनप्रयोजकवीर्यपरिणामो बन्धनकरणम् । अत्र योगात्मकवीर्येण प्रकृतिप्रदेशयोः कषायैश्च स्थित्यनुभागयोर्बन्धो जायते ।१९।

कर्मणामिति । जीवप्रदेशैस्सहान्योऽन्यानुगतीक्रियतेऽष्टप्रकारं कर्म येन वीर्यविशेषेण तद्बन्धनकरणमित्यर्थः । जीवो हि योगेनौदारिकादिशरीरयोग्यान् पुद्गलस्कन्धान् गृह्णाति, तत्र योगानां जघन्यमध्यमोत्कृष्टत्वे पुद्गलानामपि स्तोकमध्यमप्रभूतानां ग्रहणं जायते, ग्रहणयोग्यां पुद्गलस्कन्धा अन्यतो विज्ञेयाः । स्वप्रदेशावगाढं ग्रहणयोग्यं दलिकमेकमपि सर्वैरेवात्मप्रदेशैः[१] शृंखलावयवानामिव परस्परं सम्बद्धैर्गृह्णाति पुद्गलद्रव्याणाञ्च परस्परं सम्बन्धस्नेहतो विज्ञेयः । तथाच बन्धनकरणसामर्थ्याद्बध्यमानानां मूलोत्तरप्रकृतीनां ज्ञानावारकत्वादिस्वभाववैचित्र्याद्भेदो भवति । दृष्टश्चैतत्तृणदुग्धादीनां स्वभावभेदाद्वस्तुभेदस्तथात्रापि कर्मत्वेन तुल्यत्वेऽपि स्वभाव-भेदाद्भेदः । अयञ्च प्रकृतिबन्धः, कर्मणां ज्ञानावारकत्वादिस्वभावस्यैव प्रकृतित्वात्, यथा मोदकस्य वातविनाशकत्वादिस्वभावः प्रकृतिः । तथाचाविवक्षितस्थितिरसप्रदेशः प्रकृतिबन्धो-ऽविवक्षितरसप्रकृतिप्रदेशः स्थितिबन्धोऽविवक्षितप्रकृतिस्थितिप्रदेशो रसबन्धोऽविवक्षित-प्रकृतिस्थितिरसः प्रदेशबन्ध इत्यपि बन्धचतुष्टयलक्षणमूह्यम् । कर्मणां स्थितिश्च मोदकस्य द्वित्रिदिनावस्थानरूपेव प्रतिनियतकालावस्थानरूपा, तस्य स्निग्धमधुरादिरसवत्कर्मणोऽपि रसः शुभाशुभादिः, तथा तस्य प्रदेशा यथैकद्विप्रसृत्यादिप्रमाणास्तथा कर्मणोऽपि बहुतरबहुतमादिरूपा अवसेयाः । तत्र प्रकृतिप्रदेशबन्धौ योगतः स्थितिरसबन्धौ कषायत इत्याहात्रेति । युक्तिः[२] पूर्वमेवोक्ता । प्रकृतिबन्धः पूर्वमादर्शितः साद्यध्रुवादिश्च । प्रदेशबन्धोऽपि जन्तुनाष्टविधबन्धकेन यदेकेनाध्यवसायेन विचित्रतागर्भेण गृहीतं दलिकं तस्याष्टौ भागा भवन्ति, सप्तविधबन्धकस्य

---

१. आत्मप्रदेशाश्चासंख्येयास्तेषु सर्वप्रकृतिपुद्गला बध्यन्ते एकैकोऽप्यात्मप्रदेशोऽनन्तैर्ज्ञानावरणादिकर्मस्क-न्धैर्बद्धः । अनन्तानन्तप्रदेशाः कर्मवर्गणार्हाः पुद्गला बध्यन्ते । न संख्येयप्रदेशा नवाऽसंख्येयप्रदेशा नाप्यनन्तप्रदेशाः । अनन्ते राशौ पुनरनन्तपुद्गलप्रक्षेपादनन्तानन्त इति व्यवहार इति ॥

२. मिथ्यात्वादिचतुष्टयस्य सामान्येन कर्मबन्धहेतुत्वेऽपि प्राथमिककारणत्रयाभावेऽप्युपशान्तमोहादिगुण-स्थानकेषु योगबलतो वेदनीयस्य बन्धात् योगाभावेनायोगिगुणस्थाने बन्धाभावाच्च प्रकृतिप्रदेशबन्धयोर्योग एव प्रधानं कारणमवसीयते, कर्मणो जघन्योत्कृष्टरूपतया स्थितिर्बन्धोत्तरकालीनस्थितिसेवनरूपमनुभवनञ्च क्रोधादिरूपकषायजनितजीवाध्यवसायविशेषात्मककषायाद्भवतीति भावः ॥

सप्तभागाः, षड्विधबन्धकस्य षड्भागा एकविधबन्धकस्य त्वेको भाग इति मूलप्रकृतिभागविभागा उक्ताः, तत्रोत्तरप्रकृतीनान्तु ज्ञानावरणीयस्य स्थित्यनुसारेण पूर्वोदितरूपेण यो मूलभाग आभजति तस्यानन्ततमो भागः केवलज्ञानावरणाय दीयते, तस्यैव भागस्य सर्वघातिप्रकृतियोग्यत्वात्, शेषस्य भागचतुष्टयं विधाय मतिश्रुतावधिमनःपर्यवज्ञानावरणेभ्य एकैको भागो दीयते । दर्शनावरणस्यापि यो मूलभागः प्राप्तस्तस्यानन्ततमं भागं षोढा विधाय सर्वघातिभ्यां निद्रापञ्चककेवलदर्शनावरणाभ्यां दीयते, शेषस्य भागत्रयं विधाय चक्षुरचक्षुरवधिदर्शनावरणेभ्य एकैको भागो दीयते । अन्तरायस्य प्राप्तं मूलभागं निखिलमपि पञ्चधा कृत्वा दानान्तरायादिभ्यो दीयते, सर्वघात्यवान्तरभेदाभावात् । शेषस्य भागचतुष्टयं विधाय मतिश्रुतावधिमनःपर्यवज्ञानावरणेभ्य एकैको भागो दीयते । अन्तरायस्य प्राप्तं मूलभागं निखिलमपि पञ्चधा कृत्वा दानान्तरायादिभ्यो दीयते, सर्वघात्यवान्तरभेदाभावात् । मोहनीयस्य लब्धभागेऽनन्ततमं सर्वघातिप्रकृतियोग्यं द्विधा कृत्वा दर्शनमोहनीयचारित्रमोहनीयाभ्यां प्रयच्छति । दर्शनमोहनीयस्य प्राप्तो भागस्सर्वोऽपि मिथ्यात्वमोहनीयस्यैव भवति चारित्रमोहनीयभागन्तु द्वादशधा विभज्याद्यद्वादश कषायेभ्यो दीयते । मोहनीयशेषभागं द्विधा कृत्वा कषायमोहनीयाय नोकषायमोहनीयाय च दीयते । कषायमोहनीयभागं चतुर्धा विधाय संज्वलनक्रोधादिभ्यः, नोकषायमोहनीयभागं पञ्चधा कृत्वा बध्यमानवेदाय बध्यमानहास्यादियुगलाय भयजुगुप्साभ्याञ्च दीयते, नान्येभ्यो बन्धाभावात् । तथा वेदनीयायुर्गोत्रेषु यो मूलभाग आभजति स एषां स्वस्वैकप्रकृतेर्बध्यमानाया उपढौकते द्विप्रभृतीनाममीषां युगपद्बन्धाभावात् । नाम्नो भागस्तु यदा यदा यावत्यो बन्धमायान्ति तावतीभ्यस्तदा तदा समानतया विभज्य दीयते । विस्तरोऽन्यत्र ॥ अनुभागस्य कारणं काषायिका अध्यवसायाः, ते च द्विधा, शुभा अशुभाश्च, शुभैः क्षीरखण्डरसोपमाह्लादजनकभागं कर्मपुद्गलानामाधत्ते निम्बकोशातकीरसोपमञ्चाशुभैः, ते च शुभा अशुभा वाऽध्यवसायाः प्रत्येकमसंख्येयलोकाकाशप्रदेशप्रमाणाः शुभाः केवलं विशेषाधिकाः । यानेव ह्यनुभागबन्धाध्यवसायान् क्रमिकान् संक्लिश्यमानः क्रमेणाधोऽध आस्कन्दति तानेव विशुध्यमानः क्रमेणोर्ध्वमूर्ध्वमारोहतीति सोपानारोहणावतरणतुल्यानामुभयेषां साम्येऽपि क्षपकस्याध्यवसायविशेषे वर्त्तमानस्य श्रेणिमारोहतस्तेभ्यः प्रतिपाताभावेन शुभानामशुभापेक्षया विशेषत आधिक्यम् । एवञ्च येन केनाप्यध्यवसायेनानुभागनिमित्तेन जीवो योग्यपुद्गलादानसमये कर्मपरमाणौ प्रत्येकं रसस्य निर्विभागान् भागान् सर्वजीवेभ्योऽनन्तगुणानुत्पादयति, कर्मवर्गणान्तःपातिन कर्मपरमाणवो हि जीवग्रहणपूर्वं प्रायो

नीरसा एकस्वरूपा आसन् यदा तु जीवेन गृह्यन्ते ते तदानीं ग्रहणसमय एव काषायिकाध्यवसायेन तादृशतादृशरसा विभागा ज्ञानावारकत्वादिविचित्रस्वभावा आपद्यन्ते, जीवानां पुद्गलानाञ्च शक्तेरचिन्त्यत्वात्, न चेदमसम्भवि, गोगृहीतशुष्कतृणादिपरमाणूनामत्यन्तनीरसानामपि क्षीरादिरूपत्वेन सप्तधातुत्वेन च परिणामदर्शनात्, ते च रसा विभागाः कर्मपरमाणुषु क्वचित्स्तोकाः क्वचित्तेभ्यः प्रभूताः, क्वचिच्च प्रभूततमा भवन्ति, अत्र वर्गणास्पर्धकादिविचारः कर्मग्रन्थेभ्यो द्रष्टव्याः । स्थितिबन्धेऽपि संक्लेशस्थानानि विशोधिस्थानान्यपि सर्वत्रासंख्येयगुणतया पूर्ववदेव भाव्यानि, तत्र मूलप्रकृतीनां जघन्योत्कृष्टा च स्थितिरग्रेऽस्माभिर्वक्ष्यते मूल एव सा च कर्मरूपतयाऽवस्थानस्वरूपा विज्ञेया, अनुभवप्रायोग्या तु सैवाबाधाकालहीना येषां कर्मणां यावत्यस्सागरोपमकोटीकोट्यस्तेषां तावन्ति वर्षशतान्यबाधाकालो विज्ञेयः । अबाधाकालहीनश्च कर्मदलिकनिषेकः, जघन्यस्त्वबाधाकालोन्तर्मुहूर्त्तम् । बन्धकानाश्रित्य जघन्योत्कृष्टस्थितिविवेचना कर्मप्रकृत्यादितः कार्या । एवं स्थितिस्थानादिप्ररूपणान्यपि । इत्येवं बन्धनकरणविचारो दिशा दर्शित इति ॥

કરણવિશેષોના લક્ષણોનો ઉપક્રમ-

ભાવાર્થ - કર્મોના આત્મપ્રદેશોની સાથે પરસ્પર અનુગમ-સંશ્લેષરૂપ સંબંધમાં પ્રયોજક વીર્યનો પરિણામ, એ 'બંધનકરણ' છે. અહીં યોગરૂપી વીર્યથી પ્રકૃતિ અને પ્રદેશનો તથા કષાયોથી સ્થિતિ અને અનુભાગનો બંધ થાય છે.

વિવેચન - જીવના પ્રદેશોની સાથે આઠ (૮) પ્રકારનું કર્મ, જે વીર્યવિશેષથી પરસ્પર અનુગત કરાય છે, તે બંધનકરણ છે એવો અર્થ છે.

○ ખરેખર, જીવ યોગ દ્વારા ઔદારિક આદિ શરીરયોગ્ય પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરે છે. ત્યાં યોગોના, જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટપણામાં, થોડા મધ્યમ-ઘણા પુદ્ગલોનું પણ ગ્રહણ થાય છે. ગ્રહણયોગ્ય પુદ્ગલસ્કંધો બીજા ગ્રંથથી જાણવા.

○ સ્વપ્રદેશોમાં અવગાઢ, ગ્રહણયોગ્ય એક દલિકને પણ સઘળા આત્મપ્રદેશોની સાથેનો (આત્માના પ્રદેશો અસંખ્યાત છે. તેઓમાં સર્વ પ્રકૃતિના પુદ્ગલો બંધાય છે. એક એક (પ્રત્યેક) પણ આત્માનો પ્રદેશ અનંત જ્ઞાનાવરણ આદિ કર્મસ્કંધોથી બંધાયેલા છે. અનંતાનંત પ્રદેશવાળા કર્મવર્ગણાયોગ્ય પુદ્ગલો બંધાય છે, સંખ્યાત પ્રદેશવાળા-કે અસંખ્યાત પ્રદેશવાળા પુદ્ગલો બંધાતા નથી, પરંતુ અનંત પ્રદેશવાળા પુદ્ગલો બંધાય છે. અનંત રાશિમાં ફરીથી અનંત પુદ્ગલોના પ્રક્ષેપથી અનંતાનંત તરીકે વ્યવહાર થાય છે.) શૃંખલાના અવયવોની માફક પરસ્પર સંબંધવાળા સઘળા આત્મપ્રદેશોની સાથેનો પુદ્ગલદ્રવ્યોનો પરસ્પર સંબંધ સ્નેહથી (રાગાદિના સ્નેહથી) જાણવો.

○ तथाच બંધન-કરણના સામર્થ્યથી બંધાતી મૂલ-ઉત્તર પ્રકૃતિઓમાં જ્ઞાનાવરણત્વ આદિરૂપ સ્વભાવની વિચિત્રતાથી ભેદ સમજવાનો છે. વળી આ જોયેલું છે કે-ઘાસ-દૂધ આદિમાં સ્વભાવના ભેદથી વસ્તુમાં ભેદ છે. [ગાય વગેરે ઘાસ ખાઈને જ્યારે તેને દૂધરૂપે પરિણમાવે છે, ત્યારે તેમાં મધુરતાનો સ્વભાવ બંધાય છે. આ સ્વભાવ અમુક વખત સુધી તો કાયમ રહેશે જ. એ પ્રકારની તેની કાળમર્યાદા એ જ સમયે નક્કી થાય છે. એ મધુરતામાં તીવ્રતા આદિ વિશેષતાઓ ઉદ્ભવે છે અને એ દૂધનું પૌદ્ગલિક પરિણામનું પણ સમકાળે જ નિર્માણ થાય છે. તેમ અહીં પ્રકૃતિબંધાદિમાં સમજવું.]

○ પ્રકૃતિબંધ-અહીં પ્રકૃતિ એટલે કર્મોનો જ્ઞાન આવારકત્વ આદિરૂપ સ્વભાવ જ જાણવો. જેમ કે-સૂંઠ વગેરે પદાર્થોના બનેલા લાડુનો સ્વભાવ વાયુ, કફ આદિને હરવાનો છે.

○ તથાચ અવિવક્ષિત (અમુક જ એમ નહિ) સ્થિતિ-રસ-પ્રદેશવાળો 'પ્રકૃતિબંધ,' અવિવક્ષિત રસ-પ્રકૃતિ-પ્રદેશવાળો 'સ્થિતિબંધ', અવિવક્ષિત પ્રકૃતિ-સ્થિતિ-પ્રદેશવાળો 'રસબંધ' અને અવિવક્ષિત પ્રકૃતિ-સ્થિતિ-રસવાળો 'પ્રદેશબંધ'-એ પ્રકારે પણ ચાર બંધનું લક્ષણ વિચારવું.

○ વળી કર્મોની સ્થિતિ પ્રતિનિયત કાળ સુધી રહેનારી છે.

○ સ્થિતિબંધ-જેમ પૂર્વે કહેલ લાડુની સ્થિતિમાં કોઈ લાડુ બે-ત્રણ આદિ દિવસો સુધી સારો રહે છે, પછી સ્વભાવ બદલાય છે.

○ રસબંધ-જેમ કોઈ લાડુ રસે કરીને મીઠો, તીખો કે કડવો હોય, તેમ કોઈ કર્મ શુભ રસવાળું અને અશુભ રસવાળું હોય છે, કે જેથી જીવને સુખ-દુઃખનો અનુભવ થાય છે.

○ પ્રદેશબંધ-જેમ કોઈ લાડુમાં ઓછો કે વધારે લોટ હોય છે, તેમ કોઈ કર્મ ઓછા પ્રદેશવાળું કે વધારે પ્રદેશ(અણુઓ)વાળું બંધાય છે.

○ ત્યાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી હોય છે તથા સ્થિતિબંધ અને રસબંધ કષાયથી થાય છે. અહીં યુક્તિ પૂર્વે જ કહેલ છે. [મિથ્યાત્વ આદિ ચારનું સામાન્યથી કર્મબંધનું હેતુપણું છતાં, પહેલાના ત્રણ કરણના અભાવમાં પણ ઉપશાન્તમોહ આદિ ગુણસ્થાનોમાં યોગના બળથી વેદનીયનો બંધ છે. યોગના અભાવથી અયોગીગુણસ્થાનમાં બંધનો અભાવ છે. એથી જ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધમાં માત્ર યોગ જ પ્રધાન કારણ જણાય છે. કર્મની જઘન્ય-ઉત્કૃષ્ટરૂપપણાએ સ્થિતિ અને બંધના પછીના કાળમાં સ્થિતિના સેવનરૂપ અનુભવન, ક્રોધ આદિ રૂપ કષાયોથી પેદા થયેલ જીવના અધ્યવસાયવિશેષ રૂપ કષાયથી થાય છે, એવો ભાવ છે.]

○ પ્રકૃતિબંધ સાદિ-અધ્રુવ આદિના ભેદે પૂર્વે દર્શાવ્યો છે.

○ પ્રદેશબંધના નિરૂપણમાં પણ પૂર્વે આઠ (૮) પ્રકારના બંધક જીવ વડે જે વિચિત્રતાગર્ભિત એક અધ્યવસાય વડે ગ્રહણ કરેલ દલિક છે, તેના આઠ (૮) ભાગો થાય છે. સાત (૭) પ્રકારના બંધકના સાત (૭) ભાગો, છ (૬) પ્રકારના બંધકના છ (૬) ભાગો અને એક પ્રકારના બંધકનો તો એક (૧) ભાગ હોય છે. આ પ્રમાણે મૂળ પ્રકૃતિના ભાગના વિભાગો કહેલા છે.

○ ત્યાં ઉત્તરપ્રકૃતિઓનો તો જ્ઞાનાવરણીયની સ્થિતિ અનુસારે પૂર્વે કહેલરૂપે જે મૂળ ભાગ આવે છે (ભાગ પડે છે), તેનો અનંતમો ભાગ કેવળજ્ઞાનાવરણને અપાય છે, કેમ કે-તે જ ભાગ સર્વઘાતી પ્રકૃતિયોગ્ય છે. બાકી રહેલના ચાર ભાગ કરીને મતિજ્ઞાનાવરણ-શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ અને મનઃપર્યવજ્ઞાનાવરણને એક એક ભાગ અપાય છે.

○ દર્શનાવરણનો પણ જે મૂળ ભાગ પ્રાપ્ત છે, તેના અનંતમા ભાગને છ (૬) પ્રકારે કરીને સર્વઘાતી પાંચ નિદ્રાને અને કેવળદર્શનાવરણને અપાય છે. બાકી રહેલના ત્રણ ભાગ કરીને ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ અને અવધિદર્શનાવરણને એક એક ભાગ અપાય છે.

○ અંતરાયના પ્રાપ્ત સઘળાય મૂળ ભાગને પાંચ પ્રકારો કરીને દાનાન્તરાય આદિને અપાય છે, કેમ કે-સર્વ ઘાતીના અવાન્તર ભેદનો અભાવ છે.

○ મોહનીયના પ્રાપ્તભાગમાં સર્વ ઘાતી પ્રકૃતિયોગ્ય અનંતમા ભાગને બે પ્રકારે કરીને દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયને આપે છે.

○ દર્શનમોહનીયનો પ્રાપ્ત સઘળો ભાગ મિથ્યાત્વમોહનીયનો જ થાય છે. ચારિત્રમોહનીયના ભાગને તો બાર પ્રકારે વિભાગ કરીને પહેલાના બાર (૧૨) કષાયોને અપાય છે.

○ મોહનીયના બાકી રહેલા ભાગને બે પ્રકારો કરીને કષાયમોહનીયને અને નોકષાયમોહનીયને અપાય છે.

○ કષાયમોહનીયના ભાગને ચાર પ્રકારો કરીને સંજ્વલન ક્રોધ આદિ ચારને અને નોકષાયમોહનીયના ભાગને પાંચ પ્રકારો કરીને બંધાતા વેદને, બંધાતા હાસ્ય આદિ યુગલને (બેને) અને ભય-જુગુપ્સાને અપાય છે, બીજાઓને નહિ, કેમ કે-બંધનો અભાવ છે.

○ તેમજ વેદનીય-આયુષ્ય-ગોત્રમાં જે મૂળ ભાગ વિભક્ત થાય છે, તે મૂળ ભાગ વેદનીય આદિ ત્રણ કર્મોની બંધાતી પોતપોતાની એક પ્રકૃતિને આપે છે, કેમ કે-આ બે વગેરેનો એકીસાથે બંધનો અભાવ છે, એકીસાથે એકનો બંધ હોય છે.

○ નામકર્મનો ભાગ તો, જ્યારે જ્યારે જેટલી પ્રકૃતિઓ બંધમાં આવે છે, ત્યારે ત્યારે તેટલી કર્મપ્રકૃતિઓને સમાનતાથી વહેંચીને અપાય છે. વિશેષ શબ્દવિસ્તાર બીજા ગ્રંથમાં છે.

○ અનુભાગ(રસ)ના કારણભૂત કષાય સંબંધી અધ્યવસાયો છે અને તે શુભ-અશુભના ભેદે બે પ્રકારના છે. તે શુભ અધ્યવસાયો દ્વારા કર્મપુદ્ગલોમાંના ખીર-ખાંડના રસ જેવા આહ્લાદજનક ભાગને ગ્રહણ કરે છે અને તે અશુભ અધ્યવસાયો દ્વારા લીંબડા-કોશાતકી (પયેલનો વેલો, અધોડા નામની વનસ્પતિ)ના રસ જેવા ખેદજનક કર્મપુદ્ગલના ભાગને ગ્રહણ કરે છે.

○ તે શુભ કે અશુભ અધ્યવસાયો, દરેકે દરેક સંખ્યાત લોકાકાશના પ્રમાણવાળા છે. ફક્ત શુભ અધ્યવસાયો વિશેષાધિક છે.

○ ખરેખર, જે ક્રમિક (ક્રમાગત-ક્રમવર્તી) એવા રસબંધના અધ્યવસાયોને જ સંક્લિષ્ટ (અશુદ્ધ) બનાવતો સંક્લિષ્ટ આત્મા ક્રમે કરીને નીચે નીચે જાય છે, તે જ રસબંધના અધ્યવસાયોને વિશુદ્ધ કરતો

અસંકિલષ્ટ આત્મા ક્રમે કરીને ઊંચે ઊંચે ચડે છે. આ પ્રમાણે સોપાનના આરોહણ-અવરોહણ સરખા તે બંને અધ્યવસાયોની સમાનતા છતાં, વિશિષ્ટ અધ્યવસાયમાં વર્તનાર શ્રેણિમાં ચડનાર ક્ષપકના શુભ અધ્યવસાયો અશુભ અધ્યવસાયોની અપેક્ષાએ વિશેષ અધિક છે, કેમ કે-તે શુભ અધ્યવસાયોથી પતનનો અભાવ છે.

○ વળી આ પ્રમાણે જે કોઈ પણ અનુભાગ(રસ)માં નિમિત્તભૂત અધ્યવસાયથી જીવ, યોગ્ય પુદ્ગલના ગ્રહણસમયમાં કર્મપરમાણુમાં, સર્વ જીવો કરતાં અનંતગુણ, પ્રત્યેક રસના નિર્વિભાગ (જેનો વિભાગ થઈ શકે નહિ એવા) ભાગોને ઉત્પન્ન કરે છે.

○ ખરેખર, કર્મવર્ગણાની અંદર રહેલા કર્મપરમાણુઓ જીવના ગ્રહણ પહેલાં પ્રાયઃ નીરસ-એકસ્વરૂપવાળા હતા. વળી જ્યારે તેઓ જીવથી ગ્રહિત થાય છે, ત્યારે ગ્રહણસમયમાં જ કષાય સંબંધી અધ્યવસાયથી તેવા તેવા રસવાળા વિભાગો જ્ઞાન આવરકત્વ આદિ વિચિત્ર સ્વભાવવાળા પ્રાપ્ત થાય છે, કેમ કે-જીવોની અને પુદ્ગલોની શક્તિ અચિંત્ય છે. વળી આ વસ્તુ અસંભવિત નથી, કેમ કે-ગાય વડે ગ્રહણ કરાયેલ અત્યંત નીરસ પણ શુષ્ક ઘાસ વગેરે પરમાણુઓના ક્ષીર (દૂધ) આદિ રૂપપણાએ અને સાત (૭) ધાતુપણાએ પરિણામનું દર્શન છે.

○ વળી તે રસરૂપ વિભાગો, કર્મપરમાણુઓમાં કવચિત્ થોડા, કવચિત્ તેના કરતાં ઘણાં અને કવચિત્ ઘણા ઘણા હોય છે. અહીં વર્ગણા-સ્પર્ધક આદિ વિચારો કર્મગ્રંથોથી જાણવા. સ્થિતિબંધમાં પણ સંકલેશ(કષાય)સ્થાનો-વિશોધિસ્થાનો પણ સઘળે ઠેકાણે અસંખ્યાતગુણપણાએ પૂર્વની માફક જ વિચારવા.

○ મૂળ પ્રકૃતિઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ આગળ મૂળ સૂત્રમાં કહેવાશે, અને તે સ્થિતિ કર્મરૂપપણાએ અવસ્થાનસ્વરૂપવાળી જાણવી. અનુભવપ્રયોગ્ય સ્થિતિ તો અબાધાકાળહીન જાણવી. જે કર્મોની જેટલી સાગરોપમ કોટાકોટી છે, તેટલા સો વર્ષનો અબાધાકાળ જાણવો. વળી અબાધાકાળહીન કર્મદલિક નિષેક હોય છે. (પ્રત્યેક કર્મની અબાધાકાળ રહિત સ્થિતિમાં તે તે કર્મોનો નિષેક (ભોગવવાપણું) થાય છે, તે પ્રાણીઓને કર્મના પરિભોગને અર્થે છે. નિષેક એટલે શું ? કર્મના દળ જે પહેલા સમયમાં વધારે હોય, તે બીજા સમયમાં એથી ઓછાં થાય, એમ અનુક્રમે ઓછાં ઓછાં થતાં જાય. એવી રીતે કર્મના દળની રચના પ્રાણીઓ વેદવા માટે કરે, તે 'નિષેક' કહેવાય છે.)

○ જઘન્ય અબાધાકાળ અંતર્મુહૂર્ત્તનો છે.

○ બંધકોની અપેક્ષાએ જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિની વિવેચના કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી કરવી. એ પ્રમાણે સ્થિતિ-સ્થાન આદિની પ્રરૂપણાઓ પણ કરવી. આ પ્રમાણે બંધનકરણના વિચારનું દિગ્દર્શન છે.

अथ सङ्क्रमणकरणं स्वरूपयति –

अन्यकर्मरूपतया व्यवस्थितानां प्रकृतिस्थित्यनुभागप्रदेशानामन्यकर्मरूपतया-व्यवस्थापनहेतुर्वीर्यविशेषस्संक्रमणम् ।२०।

अन्यकर्मेति । तथा तथा बध्यबन्धकभावे जीवकर्मणोर्हि परस्परं सव्यपेक्षत्वम् । जीवाध्यवसायविशेषमाश्रित्य कर्मवर्गणान्तःपातिनो जीवस्वप्रदेशागाढाः पुद्गला ज्ञानावरणीयादिकर्मरूपतया परिणमन्ते, जीवोऽपि स्वप्रदेशावगाढतथाविधकर्मविपाकोदयात्तथापरिणमते । तत्र संक्लेशसंज्ञितेन विशोधिसंज्ञितेन वा येन वीर्यविशेषेणान्यकर्मरूपतया व्यवस्थितानांविवक्षितबध्यमानप्रकृत्यादिव्यतिरिक्ततया स्थितानां प्रकृत्यादीनां-अन्यकर्मरूपतया-बध्यमानासु प्रकृत्यादिषु मध्येऽबध्यमानप्रकृत्यादिदलिकं प्रक्षिप्य बध्यमानप्रकृतिरूपतया, बध्यमानानां वा प्रकृतीनामितरेतररूपतया परिणमयति स वीर्यविशेषस्सङ्क्रमणमित्यर्थः । यथा बध्यमानसातवेदनीयेऽबध्यमानासातवेदनीयस्य, उच्चैर्गोत्रे वा तादृशे नीचैर्गोत्रस्य तादृशस्येत्यादि । तथा बध्यमाने मतिज्ञानावरणीये बध्यमानस्यैव श्रुतज्ञानावरणीयस्य श्रुतज्ञानावरणीये वा तादृशे तादृशमतिज्ञानावरणीयस्येत्यादि । सोऽयं सङ्क्रमः प्रकृतिस्थित्यनुभागप्रदेशरूपविषयभेदाच्चतुर्विध इति सूचयितुं प्रकृतिस्थित्यनुभागप्रदेशानामित्युक्तम् । दर्शनत्रिकस्य बन्धं विनापि संक्रमाद् बन्धघटितं संक्रमलक्षणं नोक्तम् । मिथ्यात्वस्यैव हि बन्धो न सम्यक्त्वसम्यङ्मिथ्यात्वयोः[१], विशुद्धसम्यग्दृष्टि सम्यक्त्वसम्यङ्मिथ्यात्वयोः, पतद्ग्रहरूपबन्धाभावेऽपि मिथ्यात्वं सङ्क्रमयति, सम्यक्त्वे च सम्यङ्मिथ्यात्वम् । संक्रम्यमाणप्रकृतेराधारभूता प्रकृतिः पतद्ग्रह उच्यते, किन्तु कृतेऽन्तरकरणे प्रथमस्थितौ समयोनावलिकात्रिकशेषायां बध्यमानेष्वपि संज्वलनेषु चतुर्ष्वपि प्रकृत्यन्तरदलिकसंक्रमाभावात्तदानीं न तेषां पतद्ग्रहत्वं, तथान्तरकरणे कृते द्वयोरावलिकयोः प्रथमस्थितिसत्कयोः पुंवेदस्य प्रकृत्यन्तरसंक्रमाभावेन न पतद्ग्रहत्वं, मिथ्यात्वे क्षपिते सम्यङ्मिथ्यात्वस्य सम्यङ्मिथ्यात्वयोश्च क्षपितयोस्सम्यक्त्वस्योद्वलितयोस्तु सम्यक्त्वसम्यङ्मिथ्यात्वयोर्मिथ्यात्वस्य न पतद्ग्रहत्वमित्यादिकं विभावनीयम् । दर्शनमोहनीयचारित्रमोहनीययोरायुषां मूलप्रकृतीनाञ्च परस्परं न सङ्क्रमः । यो यस्मिन् दर्शनमोहनीये वर्तते न तस्यान्यत्र संक्रमोऽविशुद्धदृष्टित्वात् । तथा परप्रकृतिषु संक्रान्तं दलिकमावलिकामात्रकालं बन्धावलिकागतमुदयावलिकागतमुद्वर्त्तनावलिकागतञ्चोद्वर्त्तनादिसकलकरणायोग्यम्, दर्शनमोहनीयत्रिकवर्जमुपशान्तमोहनीयं सकलकरणायोग्यं द्रष्टव्यम् । तत्र सम्यक्त्वसम्यङ्मिथ्यात्वनरकद्विकमनुजद्विकदेवद्विकवैक्रियसप्तकाहारकसप्तकतीर्थकरोच्चैर्गोत्ररूपाश्चतुर्विंशति-

---

१. बद्धमिथ्यात्वपुद्गलानां मदनकोद्रवस्थानीयानामौषधविशेषकल्पेनौपशमिकसम्यक्त्वानुगतेन विशोधिस्थानेन शुद्धार्धविशुद्धाविशुद्धकरणादिति भावः ॥

प्रकृतय आयुश्चतुष्टयञ्चाध्रुवसत्ताकम् । शेषं पुनस्त्रिंशदुत्तरं प्रकृतिशतं ध्रुवसत्कर्म, ततोऽपि सातासातवेदनीयनीचैर्गोत्रमिथ्यात्वरूपं प्रकृतिचतुष्टयमपसार्यते, ततोऽवशिष्टास्सर्वा ध्रुवसत्कर्म-प्रकृतयः षड्विंशत्युत्तरशतसंख्यास्सङ्क्रममधिकृत्य साद्यादिरूपतया चतुर्विधा अपि भवन्ति। आसां हि संक्रमस्संक्रमविषयप्रकृतिबन्धव्यवच्छेदे न भवति, तासां पुनर्बन्धारम्भे भवत्यतोऽसौ सादिः । तत्तद्बन्धव्यवच्छेदस्थानमप्राप्तस्य पुनरनादिः, अभव्यस्य कदाचिदपि व्यवच्छेदाभावेन ध्रुवः । कालान्तरे व्यवच्छेदसम्भवेन भव्यस्य त्वध्रुवः । अध्रुवसत्कर्मणामध्रुवसत्कर्मत्वादेव संक्रमस्साद्यध्रुवः सातासातवेदनीयनीचैर्गोत्राणान्तु परावर्त्तमानत्वात्साद्यध्रुवोऽवसेयः, बध्यमाने सातेऽसातस्य, असाते वा तादृशे सातस्य, उच्चैर्गोत्रे तथाविधे नीचैर्गोत्रस्य, नीचैर्गोत्रे तादृशे उच्चैर्गोत्रस्य संक्रमो नान्यदाऽत एषां संक्रमस्य सादित्वमध्रुवत्वञ्च । मिथ्यात्वस्य तु संक्रमो विशुद्धसम्यग्दृष्टेर्भवति, विशुद्धसम्यग्दृष्टित्वञ्च कादाचित्कमतस्तस्य संक्रमो साद्यध्रुव एवेति । मिथ्यादृष्ट्यादिप्रमत्तान्तास्सातवेदनीयस्य संक्रामकाः, परतस्संक्रम्यमाणप्रकृत्याधारभूतासात-वेदनीयस्य बन्धाभावान्नेतरे तत्संक्रामकाः, अपि तु तत्र साते बध्यमानेऽसातस्यैव संक्रमः । अनन्तानुबन्धिनां मिथ्यादृष्ट्यादयोऽपूर्वकरणान्ता यशःकीर्त्तेस्सङ्क्रामका नेतरे, परतः केवलायास्तस्या एव बन्धेन पतद्ग्रहाभावात् । अनन्तानुबन्धिवर्जद्वादशकषायाणां नोकषायाणाञ्च मिथ्यादृष्ट्यादयो निवृत्तिबादरसम्परायान्तास्सङ्क्रामका न परे, परतस्तेषामुपशमात्क्षयाद्वा । मिथ्यात्वसम्यङ्मिथ्यात्वयोरविरतसम्यग्दृष्ट्यादय उपशान्तमोहपर्यवसानास्संक्रामकाः, न परे, परतस्तयोस्सत्ताया अभावात् । सम्यङ्मिथ्यात्वं पुनर्मिथ्यादृष्टिरपि संक्रमयति, सम्यक्त्वस्य मिथ्यादृष्टिरेव सङ्क्रामको नान्ये, मिथ्यात्वे वर्त्तमानस्यैव संक्रामकत्वात् । उच्चैर्गोत्रस्य मिथ्यादृष्टिसास्वादनौ, अन्येषां नीचैर्गोत्राबन्धकत्वात् । इतरासां मतिज्ञानावरणीयादिप्रकृतीनां सूक्ष्मसम्परायपर्यवसाना मिथ्यादृष्ट्यादयस्सङ्क्रामका न परे परतो बन्धाभावेन पतद्ग्रहा-भावादिति । एवं ज्ञानावरणपञ्चकदर्शनावरणनवकषोडशकषायभय-जुगुप्सातैजससप्तक-वर्णादिविंशतिनिर्माणागुरुलघूपघातान्तरायपञ्चकलक्षणाः पतद्ग्रहा ध्रुवबन्धिन्यस्सप्तषष्टिप्रकृत-यस्साद्यनादिध्रुवाध्रुवरूपचतुर्भेदाः । अभव्यभव्यापेक्षया ध्रुवाध्रुवत्वे, स्वस्वबन्धव्यवच्छेदे पतद्ग्रहत्वभावेन तत्र संक्रमासंभवाद्बन्धारम्भे च हेतुतः पतद्ग्रहत्वेन सादित्वं तत्तद्बन्ध-व्यवच्छेदस्थानमप्राप्तस्यानादित्वं, शेषास्त्वध्रुवबन्धिन्योऽष्टाशीतिसंख्याः प्रकृतयोऽध्रुवबन्धित्वादेव पतद्ग्रहत्वमधिकृत्य साद्यध्रुवा भावनीयाः । मिथ्यात्वस्य पुनर्ध्रुवबन्धित्वेऽपि यस्य सम्यक्त्वमिथ्यात्वे विद्येते स एव ते तत्र संक्रमयति नान्य इति तस्य साद्यध्रुवपतद्ग्रहत्वं

भाव्यम्, विशेषोऽत्र कर्मप्रकृत्यादितोऽवसेयः । अष्टमूलप्रकृतीनामष्टपञ्चाशदधिकशतसंख्याकोत्तरप्रकृतीनाञ्च या स्थितिर्ह्रस्वीभूता सती दीर्घीकृता दीर्घीभूता सती ह्रस्वीकृता पतद्ग्रहप्रकृतिस्थितिषु वा मध्ये नीत्वा निवेशिता स स्थितिसंक्रम उच्यते, तत्र स्थितीनामन्यत्र निवेशनं न साक्षादशक्यत्वादपितु स्थितियुक्तपरमाणुद्वारैर्व[1], ततो मूलप्रकृतीनां परस्परं संक्रमाभावात् तासां प्रकृत्यन्तरनयनलक्षणस्स्थितिसङ्क्रमो न भवति किन्तु द्वावेवोद्वर्त्तनापवर्त्तनालक्षणौ सङ्क्रमौ, ह्रस्वीभूतस्य दीर्घीकरणमुद्वर्तना, दीर्घीभूतस्य ह्रस्वीकरणमपवर्त्तनेति । एवमनुभागसंक्रमोऽपि मूलोत्तरप्रकृतिविषयः, लक्षणन्तु यस्तासां रसो ह्रस्वीभूतस्सन् दीर्घीकृतो दीर्घीभूतस्सन् ह्रस्वीकृतोऽन्यप्रकृतिस्वभावेन परिणमितो वा स सर्वोऽप्यनुभागसंक्रमः, परन्तु मूलप्रकृतीनां परस्परं सङ्क्रमाभावेनान्यप्रकृतिस्वभावपरिणामरूपरससङ्क्रमो न भवति[2] । एवं यत्संक्रमप्रायोग्यं कर्मदलिकमन्यप्रकृतिरूपतया परिणम्यते स प्रदेशसङ्क्रमः, स चोद्वलनाविध्यातयथाप्रवृत्तगुणसर्वसङ्क्रमभेदेन पञ्चविधः, घनदलान्वितस्याल्पदलस्योत्किरणमुद्वलनं[3], यासां प्रकृतीनां गुणप्रत्ययो भवप्रत्ययतो वा बन्धो न भवति तासां संक्रमकरणं विध्यातसङ्क्रमः । अपूर्वकरणप्रभृतयोऽबध्यमानाशुभप्रकृतीनां सम्बन्धिकर्मदलिकं प्रतिसमयमसंङ्ख्येयगुणतया बध्यमानासु प्रकृतिषु यत्प्रक्षिपन्ति स गुणसङ्क्रमः । सर्वेषामपि संसारस्थानां जीवानां ध्रुवबन्धिनीनां बन्धे परावर्त्तमानप्रकृतीनान्तु स्वस्वभवबन्धयोग्यानां बन्धेऽबन्धे वा यस्सङ्क्रमः प्रवर्त्तते स यथाप्रवृत्तसंक्रमः । चरमसमये यत्परप्रकृतिषु प्रक्षिप्यते दलिकं स सर्वसङ्क्रम उच्यते । अत्र सर्वेषां विशेषः कर्मप्रकृत्यादितो विज्ञेय इति दिक् ॥

संक्रमणकरणना स्वरूपनुं वर्णन-

ભાવાર્થ - અન્ય કર્મરૂપપણાએ વ્યવસ્થિત પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ-પ્રદેશકર્મોને અન્ય કર્મરૂપપણાએ વ્યવસ્થા કરવામાં હેતુરૂપ વિશિષ્ટ વીર્ય, એ 'संक्रमणकरण' કહેવાય છે.

---

१. तथाच कर्मपरमाणूनां ह्रस्वस्थितिकालतामपहाय दीर्घस्थितिकालतया व्यवस्थापनं, तेषामेव दीर्घस्थितिकालतामपहाय ह्रस्वस्थितिकालतया व्यवस्थापनं, पुनः संक्रम्यमाणप्रकृतिस्थितीनां पतद्ग्रहप्रकृतौ नीत्वा निवेशनमिति भाव्यम् ॥

२. उद्वर्त्तनापवर्त्तनारूपौ संक्रमौ तु भवत इति भावः ।

३. यथाऽनन्तानुबन्धिचतुष्टयसम्यक्त्व-मिथ्यात्ववेदद्विकनरकद्विकवैक्रियसप्तकाहारकसप्तकमनुजद्विकोच्चैर्गोत्राणां पल्योपमासंख्येयभागमात्रमन्तर्मुहूर्त्तेन कालेन स्थितिखण्डमुत्किरति पुनस्तथैव द्वितीयं प्रथमखण्डाद्विशेषहीनं, एवमेव पूर्वस्मात्पूर्वस्माद्विशेषतो हीनानि स्थितिखण्डानि यावद् द्विचरमस्थितिखण्डमन्तर्मुहूर्त्तकालेनोत्कीर्यन्त इति ॥

વિવેચન - 'अन्य कर्म ईति.' ખરેખર, જીવ (બંધક) અને કર્મ (બધ્ય)ના તે તે પ્રકારે બધ્ય-બંધકભાવ સંબંધમાં પરસ્પર બંને અપેક્ષાવાળા છે.

○ જીવના વિશિષ્ટ અધ્યવસાયની અપેક્ષા રાખીને કર્મવર્ગણાની અંદર રહેલ જીવના પોતાના પ્રદેશમાં અવગાઢ પુદ્ગલો જ્ઞાનાવરણ આદિ કર્મરૂપપણાએ પરિણત થાય છે. જીવ પણ પોતાના પ્રદેશમાં અવગાઢ તથાપ્રકારના કર્મના વિપાકરૂપ ઉદયથી તે પ્રકારે પરિણમે છે.

○ ત્યાં સંક્લેશનામક કે વિશોધિનામક જે વિશિષ્ટ વીર્ય વડે અન્ય કર્મરૂપપણાએ વ્યવસ્થિત, એટલે વિવક્ષિત-બંધાતી પ્રકૃતિ આદિના ભિન્નપણાએ રહેલ પ્રકૃતિ આદિને અન્ય કર્મરૂપપણાએ, એટલે બંધાતા પ્રકૃતિ આદિના દલિકને ફેંકીને બંધાતી પ્રકૃતિરૂપપણાએ, અથવા બંધાતી કર્મપ્રકૃતિઓને ઇતરેતર ભિન્ન ભિન્ન રૂપપણાએ જે પરિણમાવે છે, તે વિશિષ્ટ વીર્યસંક્રમણ છે, એવો ભાવાર્થ છે. જેમ કે-બંધાતા સાતાવેદનીય કર્મમાં નહીં બંધાતા અસાતાવેદનીયનું સંક્રમણ, તાદેશ-બંધાતા ઉચ્ચ ગોત્રમાં નહીં બંધાતા નીચ ગોત્રનું સંક્રમણ.

○ તેમજ બંધાતા મતિજ્ઞાનાવરણીયમાં નહીં બંધાતા જ શ્રુતજ્ઞાનાવરણીયનું સંક્રમણ, બંધાતા શ્રુતજ્ઞાનાવરણીયમાં નહીં બંધાતા મતિજ્ઞાનાવરણીયનું સંક્રમણ ઇત્યાદિ.

○ આ સંક્રમણ પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ-પ્રદેશરૂપ વિષયના ભેદથી ચાર પ્રકારનું છે, એમ સૂચવવા માટે 'प्रकृति-स्थिति-अनुभाग-प्रदेशानाम्'-એમ કહેલ છે.

○ દર્શનત્રિકનું બંધ સિવાય સંક્રમણ થતું હોવાથી બંધઘટિત (સહિત) સંક્રમનું લક્ષણ કહેલ નથી.

○ ખરેખર, મિથ્યાત્વનો જ બંધ છે, સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયનો (બાંધેલા મિથ્યાત્વના મદન (મીનો પાવેલ) કોદરા જેવા પુદ્ગલો ઔષધવિશેષ જેવા ઔપશમિક સમ્યક્ત્વ પાછળ રહેલ વિશોધિ સ્થાન વડે શુદ્ધ-અર્ધશુદ્ધ-અવિશુદ્ધ કરવાથી શુદ્ધ સમ્યક્ત્વમોહનીય આદિ જાણવા.) બંધ નથી. વિશુદ્ધ સમ્યગ્દષ્ટિ જીવ, સમ્યક્ત્વ-સમ્યગ્ મિથ્યાત્વનો પતદ્ગ્રહરૂપ બંધના અભાવમાં પણ મિથ્યાત્વનું સંક્રમણ કરે છે અને સમ્યક્ત્વમાં સમ્યગ્ મિથ્યાત્વને સંક્રમાવે છે.

○ સંક્રમણ વિષયભૂત પ્રકૃતિના આધારભૂત પ્રકૃતિ 'પતદ્ગ્રહ' કહેવાય છે.

○ પરંતુ (નવમા ગુણસ્થાનકમાં) અંતરકરણ કર્યા બાદ, સમયન્યૂન ત્રણ આવલિકા શેષવાળી પ્રથમ સ્થિતિમાં બંધાતા પણ સંજ્વલનોમાં-ચારોમાં પણ બીજા પ્રકૃતિના દલિકના સંક્રમનો અભાવ હોવાથી તે વખતે તેઓનું પતદ્ગ્રહણપણું નથી.

○ તેમજ અંતરકરણ કર્યે છતે પ્રથમ સ્થિતિ સંબંધી બે આવલિકામાં પુંવેદનું બીજી પ્રકૃતિમાં સંક્રમનો અભાવ હોવાથી પતદ્ગ્રહણપણું નથી.

○ મિથ્યાત્વ ક્ષપિત (ક્ષયપ્રાપ્ત) થયે છતે સમ્યગ્ મિથ્યાત્વ(મિશ્ર)નું, મિથ્યાત્વસમ્યગ્ મિથ્યાત્વ ક્ષપિત (ક્ષયપ્રાપ્ત) થયે છતે, સમ્યક્ત્વનું સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય ઉદ્વલિતના (ઉદ્વલના પ્રાપ્ત) થયે છતે, પતદ્ગ્રહણપણું નથી ઇત્યાદિ વિચારવું જોઈએ.

○ ઉત્તર પ્રકૃતિરૂપ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો, ચારેય આયુષ્યનો અને મૂળ પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ થતો નથી.

○ જે જીવ જે દર્શનમોહનીયમાં વર્તે છે, તેનો બીજે સંક્રમ થતો નથી, કેમ કે-અવિશુદ્ધ દૃષ્ટિ છે.

○ તેમજ પરપ્રકૃતિઓમાં સંક્રાન્ત દલિક, આવલિકા માત્ર કાળ સુધી, બંધ આવલિકામાં ગયેલ, ઉદય આવલિકામાં રહેલ અને ઉદ્વર્તના આવલિકામાં રહેલ (દલિક) ઉદ્વર્તના આદિ સકળ કરણોને અયોગ્ય થાય છે. દર્શનમોહનીય ત્રિકને છોડીને ઉપશાન્ત મોહનીયકર્મ સકળ કરણને અયોગ્ય છે, એમ જાણવું.

○ ત્યાં સમ્યક્ત્વ, સમ્યગ્ મિથ્યાત્વ, નરકદ્વિક-મનુજદ્વિક-દેવદ્વિક-વૈક્રિય સપ્તક-આહારક સપ્તક, તીર્થંકર-ઉચ્ચ ગોત્રરૂપ ચોવીશ (૨૪) પ્રકૃતિઓ અને ચાર (૪) આયુષ્યો 'અધ્રુવ સત્તાવાળા' છે.

○ બાકી રહેલ એકસોત્રીશ (૧૩૦) ધ્રુવસત્તાક છે.

○ તેમાંથી સાતાવેદનીય, અસાતાવેદનીય, નીચ ગોત્ર અને મિથ્યાત્વરૂપ ચાર પ્રકૃતિઓ બાદ કરીને, ૧૩૦-૪=૧૨૬ બાકી રહેલ ધ્રુવસત્તાક સઘળી-૧૨૬ સંખ્યાવાળી પ્રકૃતિઓ સંક્રમણને અપેક્ષી, સાદિ આદિ (અનાદિ-ધ્રુવ-અધ્રુવ) રૂપપણાએ ચાર પ્રકારવાળી પણ થાય છે.

○ ખરેખર, આ પ્રકૃતિઓનો સંક્રમ, સંક્રમના વિષયભૂત પ્રકૃતિબંધના વ્યવચ્છેદમાં થતો નથી. તે પ્રકૃતિઓનો ફરીથી બંધના આરંભમાં સંક્રમ થાય છે, માટે આ સંક્રમ 'સાદિ' કહેવાય છે.

○ તે તે બંધના વ્યવચ્છેદના સ્થાનને પ્રાપ્ત નહિ થયે સંક્રમવિષયનો સંક્રમ 'અનાદિ' છે.

○ અભવ્યમાં કદાચિદ્ પણ વ્યવચ્છેદનો અભાવ હોવાથી સંક્રમ 'ધ્રુવ' છે.

○ કાલાન્તરમાં વ્યવચ્છેદનો સંભવ હોવાથી ભવ્યમાં તો સંક્રમ 'અધ્રુવ' છે.

○ અધ્રુવ સત્તાવાળાં કર્મોમાં અધ્રુવ સત્તા હોવાથી જ સંક્રમ 'સાદિ અધ્રુવ' છે. સાતાવેદનીય-અસાતાવેદનીય-નીચ ગોત્રોમાં તો પરાવર્ત માનતા હોવાથી 'સાદિ-અધ્રુવ' સંક્રમ જાણવો. બંધાતા સાતાવેદનીયમાં અસાતાવેદનીયનો, બંધાતા અસાતાવેદનીયમાં સાતાવેદનીયનો, બંધાતા ઉચ્ચ ગોત્રમાં નીચ ગોત્રનો, બંધાતા નીચ ગોત્રમાં ઉચ્ચ ગોત્રનો સંક્રમ છે, બીજે વખતે નહીં. એથી જ આ પ્રકૃતિઓનો સંક્રમ સાદિ અને અધ્રુવ છે.

○ મિથ્યાત્વનો સંક્રમ વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવને હોય છે. વળી વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિપણું કદાચિત્ પેદા થનારું છે, એથી મિત્થાત્વનો સંક્રમ સાદિ-અધ્રુવ જ છે.

○ મિથ્યાદૃષ્ટિથી માંડી પ્રમત્ત સુધીના જીવો સાતાવેદનીયનો સંક્રમ કરનારા છે. પછીથી સંક્રમના વિષયભૂત પ્રકૃતિના આધારભૂત અસાતાવેદનીયના બંધનો અભાવ હોવાથી બીજાઓ (અપ્રમત્તાદિ) તે સાતાવેદનીયના સંક્રમક નથી, પરંતુ ત્યાં બંધાતા સાતાવેદનીયમાં અસાતાવેદનીયનો જ સંક્રમ છે.

○ મિથ્યાદૃષ્ટિથી અપ્રમત્તસંયત સુધીના જીવો અનંતાનુબંધીઓના સંક્રામક છે, બીજા જીવો નહીં, કેમ કે-સાતમા ગુણસ્થાનક પછીથી અનંતાનુબંધીઓનો ઉપશમ કે ક્ષય થાય છે.

○ મિથ્યાદૃષ્ટિથી માંડી અપૂર્વકરણ સુધીના જીવો યશઃકીર્તિરૂપ કર્મના સંક્રામક છે, બીજા જીવો નહીં, કેમ કે-અપૂર્વકરણ પછીથી ફક્ત તે યશઃકીર્તિનો જ બંધ હોવાથી 'પતદ્ગ્રહ'નો અભાવ છે.

○ મિથ્યાદૃષ્ટિથી માંડી નિવૃત્તિ બાદરસંપરાય સુધીના જીવો અનંતાનુબંધી સિવાય (૧૨) બાર કષાયોના 'સંક્રામક' છે, બીજાઓ નહીં, કેમ કે-પછીથી તે બાર કષાય-નોકષાયોનો ઉપશમ કે ક્ષય છે.

○ અવિરત સમ્યગ્દૃષ્ટિથી માંડી ઉપશાન્તમોહ સુધીના જીવો મિથ્યાત્વ અને સમ્યગ્ મિથ્યાત્વ(મિશ્ર)ના સંક્રામક છે, બીજાઓ નહીં, કેમ કે-ઉપશાન્તમોહ પછી તે મિથ્યાત્વ-મિશ્રની સત્તાનો (વિદ્યમાનતાનો) અભાવ છે.

○ મિથ્યાદૃષ્ટિ પણ મિશ્રને સંક્રમાવે છે, મિથ્યાદૃષ્ટિ જ સમ્યક્ત્વમોહનીયનો સંક્રામક છે, બીજાઓ નહિ, કેમ કે-મિથ્યાત્વમાં વર્તતો જ જીવ સમ્યક્ત્વમોહનીયનો સંક્રામક બની શકે છે.

મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદનવાળા જીવો ઉચ્ચ ગોત્રના સંક્રામક છે, કેમ કે-બીજાઓ નીચ ગોત્રના બંધક હોતા નથી.

○ મિથ્યાદૃષ્ટિથી માંડી સૂક્ષ્મસંપરાય સુધીના જીવો બીજી મતિજ્ઞાન આવરણીય આદિ પ્રકૃતિઓના સંક્રામકો છે, બીજાઓ નહિ, કેમ કે- સૂક્ષ્મસંપરાય પછીથી મતિજ્ઞાનાવરણીય આદિ પ્રકૃતિઓનો-બંધનો અભાવ હોવાથી પતદ્ગ્રહનો અભાવ છે. ઈતિ.

○ આ પ્રમાણે જ્ઞાનાવરણ પંચક (૫), દર્શનાવરણ નવક (૯), કષાયષોડશક (૧૬), ભય-જુગુપ્સા (૨), તૈજસ્ સપ્તક (૭), વર્ણ આદિ વિંશતિ (૨૦), નિર્માણ-અગુરૂલઘુ-ઉપઘાત (૩), અંતરાયપંચક (૫), પતદ્ગ્રહ એવં 'ધ્રુવબંધ'વાળી સડસઠ (૬૭) પ્રકૃતિઓ સાદિ-અનાદિ-ધ્રુવ-અધ્રુવરૂપ ચાર (૪) ભેદવાળી છે.

○ અભવ્યની અપેક્ષાએ ધ્રુવપણું અને ભવ્યની અપેક્ષાએ અધ્રુવપણું છે. પોતપોતાના બંધના વિચ્છેદમાં પતદ્ગ્રહણપણાનો અભાવ હોઈ ત્યાં સંક્રમનો સંભવ હોવાથી અને બંધના આરંભમાં હેતુથી પતદ્ગ્રહણપણું હોઈ 'સાદિપણું' છે. તે તે બંધના વ્યવચ્છેદના સ્થાનને નહિ પ્રાપ્ત કરનારનું 'અનાદિપણું' છે.

○ બાકીની અધ્રુવબંધવાળી અઠ્યાસી (૮૮) સંખ્યાવાળી પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી પતદ્ગ્રહણપણાની અપેક્ષાએ સાદિ-અધ્રુવરૂપે વિચારવી.

○ વળી મિથ્યાત્વનું ધ્રુવબંધીપણું હોવા છતાં જેની પાસે સમ્યક્ત્વ મિથ્યાત્વ છે (મિશ્રમોહનીય) છે, તે જ આત્મા તે સમ્યક્ત્વ મિથ્યાત્વને તે મિથ્યાત્વમાં સંક્રમાવે છે, બીજાઓ નહીં. આ પ્રમાણે તે મિથ્યાત્વનું સાદિ-અધ્રુવ-પતદ્ગ્રહણપણું વિચારવું. અહીં વિશેષ તત્ત્વ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવું.

સ્થિતિસંક્રમ - આઠ (૮) મૂળ પ્રકૃતિઓની અને એકસોઅઠ્ઠાવન (૧૫૮) સંખ્યાવાળી ઉત્તરપ્રકૃતિઓની જે સ્થિતિ ટૂંકીને લાંબી કરેલી અને લાંબીને ટૂંકી કરેલી, અથવા પતદ્ગ્રહ પ્રકૃતિ સ્થિતિઓના મધ્યમાં લઈ જઈને સ્થાપિત કરેલી, તે 'સ્થિતિસંક્રમ' કહેવાય છે.

○ ત્યાં સ્થિતિઓનું બીજે ઠેકાણે સ્થાપન સાક્ષાત્ નથી, કેમ કે-અશક્ય છે પરંતુ સ્થિતિયુક્ત પરમાણુઓ દ્વારાએ જ તે સમજવું.

○ તેથી મૂળ પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમનો અભાવ હોવાથી તે મૂળ પ્રકૃતિઓનો બીજી પ્રકૃતિઓમાં લઈ જનારો સ્થિતિસંક્રમ થતો નથી, પરંતુ ઉદ્વર્તના અને અપવર્તના રૂપ બંને સંક્રમો જ થાય છે.

○ હ્રસ્વને દીર્ઘ કરનાર ઉદ્વર્તના છે અને લાંબાને ટૂંકું બનાવનાર અપવર્તના છે, એમ જાણવું.

○ આ પ્રમાણે અનુભાગ (રસ) સંક્રમ પણ મૂળ-ઉત્તર પ્રકૃતિના વિષયવાળો છે. લક્ષણ તો, જે રસ તે પ્રકૃતિઓનો હ્રસ્વ હતો તે દીર્ઘ કરેલો, દીર્ઘ હતો તે હ્રસ્વ કરેલો. અથવા અન્ય કર્મપ્રકૃતિના સ્વભાવે પરિણામાવેલો તે સઘળોય રસ 'અનુભાગસંક્રમ' કહેવાય છે.

○ પરંતુ મૂળ પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમનો અભાવ હોવાથી અન્ય પ્રકૃતિ સ્વભાવ-પરિણામરૂપ રસ સંક્રમ થતો નથી. (ઉદ્વર્તના-અપવર્તનારૂપ સંક્રમો તો થાય છે.)

○ પ્રદેશસંક્રમ-આ પ્રમાણે જે સંક્રમપ્રાયોગ્ય કર્મદલિક અન્ય પ્રકૃતિરૂપપણાએ પરિણમાવાય, તે 'પ્રદેશસંક્રમ' કહેવાય છે. તે પ્રદેશસંક્રમ ઉદ્વલના-વિધ્યાત-યથાપ્રવૃત્ત-ગુણ-સર્વસંક્રમના ભેદે પાંચ પ્રકારનો છે.

(૧) ઉદ્વલના-ઘન-અનલ્પ દળવાળાને અલ્પ દળવાળા તરીકે ઉત્કિરણ (ગોઠવવું), તે 'ઉદ્વલના.' (જેમ કે-અનંતાનુબંધી ચાર, સમ્યક્ત્વ-મિથ્યાત્વ-વેદદ્વિક-નરકદ્વિક-વૈક્રિયસપ્તક-આહારકસપ્તક-મનુજદ્વિક ઉચ્ચ ગોત્રકર્મોને પલ્યોપમના અસંખ્યેય ભાગ જેટલા સ્થિતિખંડને ઉકેરે છે. (ઉવેલે છે-વિનાશ કરે છે.) એટલે કે-તે ભાગમાં રહેલા ઉપર્યુક્ત પ્રમાણની સ્થિતિવાળા કર્મદલિકોને ત્યાંથી ઉઠાવે છે અને તેમ કરીને જે સ્થિતિ નીચે ખંડિત થવાની નથી તેમાં, એટલે કે-જેમાં રહેલા દલિકો અનુભવાતાં નથી તે સ્થિતિમાં તેને પ્રક્ષેપે છે-ગોઠવે છે. આ પ્રમાણે સ્થિતિખંડને ઉકેરવાની ક્રિયા અંતર્મુહૂર્તમાં પૂરી થાય છે.)

(૨) વિધ્યાતસંક્રમ-જે કર્મપ્રકૃતિઓનો ગુણપ્રત્યય (નિમિત્તવિશિષ્ટ) ગુણસ્થાનપ્રાપ્તિના હેતુથી કે ભવના પ્રત્યય(હેતુ)થી બંધ થતો નથી, તે કર્મપ્રકૃતિઓનું સંક્રમણ કરવું તે 'વિધ્યાતસંક્રમ.'

(૩) અપૂર્વકરણ-(આઠમા ગુણસ્થાનક વાચક ન ગણતાં ૪-૫-૬-૭ ગુણસ્થાન વગેરે વાળાઓ નહીં બંધાતી અશુભ પ્રકૃતિઓ સંબંધી કર્મદલિકને દરેક સમયે અસંખ્યાત ગુણપણાએ બંધાતી પ્રકૃતિઓમાં જે ફેંકે છે, તે 'ગુણસંક્રમ' કહેવાય છે.

(૪) સઘળાય સંસારસ્થ જીવોની ધ્રુવબંધીની કર્મપ્રકૃતિઓના બંધમાં, પોતપોતાના ભવમાં બંધયોગ્ય પરાવર્તમાન (અધ્રુવ) પ્રકૃતિઓના બંધમાં કે અબંધમાં જે સંક્રમ પ્રવર્તે છે, તે 'યથાપ્રવૃત્ત સંક્રમ' કહેવાય છે.

(૫) ચરમ (છેલ્લા) સમયમાં જે દલિક પરપ્રકૃતિઓમાં ફેંકાય છે, તે 'સર્વસંક્રમ' કહેવાય છે.

અહીં તમામનું વિશેષ તત્ત્વ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવું. એમ દિગ્દર્શન.

अधुनोद्वर्त्तनामाचष्टे –

कर्मस्थित्यनुभागयोः प्रभूतीकरणप्रयोजकवीर्यपरिणतिरुद्वर्त्तना ।२१।

कर्मेति । स्थित्यनुभागमात्रविषयेयमुद्वर्त्तनेतिसूचनाय कर्मस्थित्यनुभागयोरित्युक्तमेवमेवोत्तरलक्षणे विज्ञेयम् । उदयावलिकातो बहिर्वर्त्तिनीनां स्थितीनामुद्वर्त्तना भवति

उदयावलिकागतास्तु सकलकरणायोग्याः । तथाऽबाधाकालादुपरितन्य एव स्थितयः उद्वर्त्त्यन्ते, बध्यमानप्रकृत्यबाधया समानो हीना वा या पूर्वबद्धप्रकृतीनां स्थितिस्साऽबाधाकालान्तः प्रविष्टत्वान्नोद्वर्त्त्यते । तथाचाबाधान्तःप्रविष्टा निखिला अपि स्थितय उद्वर्त्तनापेक्षया परित्याज्या भवन्ति, तत्रोत्कृष्टाऽबाधोत्कृष्टातीत्थापना भवति, द्विसमयेनोना सा द्विसमयोनोत्कृष्टातीत्थापना, एवं प्रतिसमयहान्या तावदतीत्थापना भवन्ति यावज्जघन्याऽबाधाऽन्तर्मुहूर्त्तप्रमाणा, ततोऽपि जघन्यतराऽतीत्थापना यावदुदयावलिका तावद्वाच्या, उदयावलिकागतानां तु स्थितीनामनुद्वर्त्तनीयत्वात् । कर्मदलिकनिक्षेपविचारस्तु कर्मप्रकृत्यादितो बोध्य इति दिक् ॥

હવે ઉદ્વર્ત્તનાકરણને કહે છે-

ભાવાર્થ - કર્મોની સ્થિતિ અને અનુભાગમાં પ્રભૂતીકરણ-વધારો કરવામાં પ્રયોજક વીર્યપરિણતિ, એ 'ઉદ્વર્ત્તના' કહેવાય છે.

વિવેચન - 'કર્મ' ઇતિ. સ્થિતિ અને રસરૂપ બંને માત્ર વિષયવાળી આ 'ઉદ્વર્ત્તના' છે. આ પ્રમાણેના સૂચન માટે 'કર્મસ્થિતિ અનુભાગયોઃ'-એમ કહેલ છે. આ પ્રમાણે આગળના લક્ષણમાં જાણવું. ઉદય આવલિકાથી બહાર વર્તનારી સ્થિતિઓની ઉદ્વર્ત્તના થાય છે, ઉદય આવલિકામાં રહેલ સ્થિતિઓ તો સકળ કરણોને અયોગ્ય છે.

○ તેમજ અબાધાકાળથી ઉપર રહેનારી જ સ્થિતિઓ ઉદ્વર્ત્તનાના વિષય બને છે.

○ બંધાતી પ્રકૃતિની અબાધાની સાથે સમાન કે હીન જે પૂર્વે બાંધેલ પ્રકૃતિઓની સ્થિતિ છે, તે અબાધાકાળની અંદર પ્રવિષ્ટ હોવાથી ઉદ્વર્ત્તનાનો વિષય નથી.

○ તથાચ અબાધાની અંદર પ્રવિષ્ટ સઘળીય સ્થિતિઓ ઉદ્વર્ત્તનાની અપેક્ષાએ ત્યાજ્ય થાય છે. ત્યાં ઉત્કૃષ્ટ અબાધા ઉત્કૃષ્ટ 'અતીત્થાપના' એમ કહેવાય છે. અતીત્થાપના ઉલ્લંઘન યોગ્ય છે. (ઉદ્વર્ત્તનામાં નહીં ગણવાયોગ્ય છે.)

○ સમયથી ન્યૂન જે ઉત્કૃષ્ટ અબાધા 'સમયોન ઉત્કૃષ્ટ અતીત્થાપના' થાય છે, બે સમયોથી ન્યૂન તે અબાધા 'દ્વિસમયોન ઉત્કૃષ્ટ અતીત્થાપના.' આ પ્રમાણે દરેક સમયની હાનિ દ્વારા તેટલી અતીત્થાપનાઓ થાય છે. જ્યાં સુધી જઘન્ય અબાધા અન્તર્મુહૂર્ત્ત પ્રમાણવાળી, ત્યાં સુધી અબાધા અતીત્થાપના અસંખ્ય જાણવી. ત્યારબાદ તેનાથી પણ જઘન્યતર અતીત્થાપના ઉદયાવલિકા સુધી કહેવી, કેમ કે-ઉદય આવલિકામાં રહેલ સ્થિતિઓ તો ઉદ્વર્ત્તનીય નથી હોતી. કર્મદલિકોના નિક્ષેપનો વિચાર તો કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવો. એવું દિગ્દર્શન છે.

अथापवर्त्तनामाह –

कर्मस्थित्यनुभागयोर्ह्रस्वीकरणप्रयोजकवीर्यविशेषोऽपवर्त्तना ।२२।

कर्मस्थितीति । कर्मपरमाणूनां दीर्घस्थित्यनुभागवतां[१] दीर्घस्थित्यनुभागावपहृत्य ह्रस्व-स्थितिरसवत्तया व्यवस्थापने प्रयोजकीभूतवीर्यविशेष इत्यर्थः । उदयावलिकाया बाह्यान् समयमात्रद्विसमयमात्रादिस्थितिभेदानपवर्तयति । उदयवतीनामनुदयवतीनां प्रकृतीनामुदय-समयादारभ्यावलिकामात्रा स्थितिरुदयावलिकेति विज्ञेया । ते चापवर्त्त्यमानास्स्थितिविशेषा यावद्बंधावलिकाहीना सर्वा कर्मस्थितिस्तावल्लभ्यन्ते । उदयावलिकाया उपरितनी या समयमात्रा स्थितिस्तस्या दलिकमपवर्त्तयन्नुदयावलिकाया उपरितनौ द्वौ त्रिभागौ समयोनावतिक्रम्याधस्तेन समयाधिके तृतीये भागे निक्षिपति, एष जघन्यो निक्षेपो जघन्या चातीत्थापना, यदाचोदयावलिकाया उपरितनी द्वितीया स्थितिरपवर्त्त्यते तदातीत्थापना प्रागुक्तप्रमाणा समयाधिका भवति निक्षेपस्तु तावन्मात्र एव । एवं तृतीया यदापवर्त्त्यते तदा प्रागुक्तमाना-ऽतीत्थापना द्विसमयाधिका भवति निक्षेपस्तु तावानेव । एवमतीत्थापना प्रतिसमयं तावद्वर्धयितव्या यावदावलिका परिपूर्यते निक्षेपविषयाणां स्थितीनाञ्च समयाधिक आवलिकात्रिभाग एवानुवर्त्तते, ततः परमतीत्थापना सर्वत्र तावन्मात्रैव प्रवर्त्तते, निक्षेपस्तु यावद्बन्धावलिकातीत्थापनाऽऽवलिकारहिताऽपवर्त्त्यमानास्थितिसमयरहिता च सकलापि कर्मस्थितिस्तावद्वर्धते । इत्येवं निर्व्याघातापवर्त्तना विज्ञेया । सव्याघाताऽपवर्त्तनोद्वर्त्तना-पवर्त्तनयोस्संयोगेनाल्पबहुत्वं कर्मप्रकृत्यादिभ्यो विज्ञेयम् । एवमनुभागोद्वर्त्तनापवर्त्तनादि-कमपि तत एवाऽवगन्तव्यम् । उद्वर्त्तनापवर्त्तने संक्रमभेदावेव स्थित्यनुभागाश्रये इत्यलं विस्तरेण ॥

હવે અપવર્ત્તનાકરણને કહે છે-

ભાવાર્થ - કર્મોની સ્થિતિ અને રસમાં ઘટાડો કરવામાં પ્રયોજક વિશિષ્ટ વીર્ય, એ 'અપવર્ત્તનાકરણ' છે.

વિવેચન - 'કર્મસ્થિતિ' ઇતિ. અપવર્ત્તના સ્થિતિ અને રસના વિષયવાળી છે, પ્રકૃતિ અને પ્રદેશના વિષયવાળી નથી. એવા આશયથી કહેલ છે કે-'સ્થિતિરસવાળા.'

કર્મપરમાણુઓની દીર્ઘ સ્થિતિ અને રસનું અપહરણ કરી હ્રસ્વ સ્થિતિ તથા રસવાળા રૂપે વ્યવસ્થા કરવામાં પ્રયોજકભૂત વીર્યવિશેષ, એવો અર્થ છે.

૦ ઉદયાવલિકામાંથી બહાર રહેલ (ઉદયાવલિકામાં રહેલ સ્થિતિ આદિ સકલ કરણને અયોગ્ય હોઈ અપવર્ત્તનાને અયોગ્ય છે, માટે બાહ્ય કહેલ છે.) સમય માત્ર-દ્વિસમય માત્ર આદિ સ્થિતિના ભેદોનું અપવર્ત્તન કરે છે.

---

१. अपवर्त्तना च स्थित्यनुभागविषयेव, न प्रकृतिप्रदेशविषयेत्याशयेनोक्तं स्थित्यनुभागवतामिति । के तेस्थितिविशेषा यानपवर्त्तयतीत्यत्राहोदयावलिकाया इति, उदयावलिकागतास्तुनिखिलकरणायोग्यत्वेना-पवर्त्तनानर्हत्वात् बाह्यानिति ॥

○ ઉદયાવલિકા-ઉદયવાળી કે ઉદય વિનાની પ્રકૃતિઓની ઉદય સમયથી માંડી માત્ર આવલિકાવાળી સ્થિતિ 'ઉદયાવલિકા' છે, એમ જાણવી.

○ તે બધા અપવર્ત્તના વિષયરૂપ સ્થિતિવિશેષો, જ્યાં સુધી બંધાવલિકાહીન સઘળી કર્મસ્થિતિ છે, ત્યાં સુધી મેળવાય છે.

○ ઉદયાવલિકાની ઉપરની જે માત્ર સમયવાળી સ્થિતિ છે, તેના દલિકનું અપવર્ત્તન કરતો, ઉદયાવલિકાના ઉપરના સમયન્યૂન બે વિભાગોનું અતિક્રમણ કરી નીચેના સમય અધિકવાળા ત્રીજા ભાગમાં નિક્ષેપ કરે છે-અપવર્ત્તાય છે. આ જઘન્ય નિક્ષેપ અને જઘન્ય 'અતીત્થાપના' કહેવાય છે.

○ વળી જ્યારે ઉદયાવલિકાની ઉપરની બીજી સ્થિતિ અપવર્ત્તનાનો વિષય બને છે, ત્યારે પૂર્વોક્ત પ્રમાણવાળી અતીત્થાપના સમયથી અધિક બને છે અને નિક્ષેપ તો તેટલા પ્રમાણવાળો જ છે.

○ આ પ્રમાણે અતીત્થાપના સમયે સમયે ત્યાં સુધી વધારવી, કે જ્યાં સુધી આવલિકા પૂરાય છે અને નિક્ષેપ વિષયવાળી સ્થિતિઓની સમયથી અધિક આવલિકાનો ત્રીજો ભાગ જ અનુવર્તે છે. તે પછી અતીત્થાપના સઘળે ઠેકાણે તેટલા પ્રમાણવાળી જ પ્રવર્તે છે.

○ નિક્ષેપ તો જ્યાં સુધી બંધાવલિકા અતીત્થાપના-આવલિકારહિત અને અપવર્ત્તના વિષયરૂપ સ્થિતિ સમયરહિત સઘળીય કર્મસ્થિતિ વધે છે ત્યાં સુધી.

○ આ પ્રમાણે નિર્વ્યાઘાતરૂપ અપવર્ત્તના જાણવી.

○ સવ્યાઘાત અપવર્ત્તના, ઉદ્વર્ત્તના અને અપવર્ત્તનાનું પરસ્પર (સંયોગથી) અલ્પ-બહુપણું કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવું.

એ પ્રમાણે અનુભાગના ઉદ્વર્ત્તના-અપવર્ત્તના વગેરે પણ તે ગ્રંથોથી જ જાણવું.

○ સ્થિતિ અને અનુભાગના આશ્રયભૂત ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના સંક્રમના ભેદરૂપ જ છે. આ પ્રમાણે વિસ્તારથી સર્યું.

सम्प्रत्युदीरणामाह –

अनुदितकर्मदलिकस्योदयावलिकाप्रवेशनिदानमात्मवीर्यमुदीरणा ।२३।

अनुदितेति । येन योगसंज्ञकवीर्यविशेषेण कषायसहितेन तद्रहितेन वोदयावलिका-बहिर्वर्त्तिनीभ्यस्स्थितिभ्यः परमाण्वात्मकं दलिकमपकृष्योदयावलिकायां प्रक्षिप्यते स एष वीर्यविशेष उदीरणेत्यर्थः । सापि प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदतश्चतुर्धा । प्रत्येकमपि मूलोत्तर-प्रकृतिविषयत्वाद्द्विविधम् । अष्टधा च मूलप्रकृतिविषया, बन्धनादीनां पृथगविवक्षितत्वे द्वार्विंशत्यधिकशतमुदयसमकक्षतयोत्तरप्रकृतीनां भवति, पृथक् तद्विवक्षायान्तु अष्टपञ्चाशदधिक-शतभेदास्तासाम् । ज्ञानावरणदर्शनावरणनामगोत्रान्तरायाणां मूलप्रकृतीनां अनादित्वं

ध्रुवत्वमध्रुवत्वञ्च । वेदनीयमोहनीययोश्चतुर्विधत्वमपि । तत्र ज्ञानावरणदर्शनावरणान्तरायाणां यावत्क्षीणमोहगुणस्थानकस्य समयाधिकावलिकाशेषो न भवति तावत्सर्वजीवानामुदीरणाया अवश्यंभावेन, नामगोत्रयोश्च यावत्सयोगिचरमसमयं तावत्सर्वेषामवश्यंभावेनानादित्वं, ध्रुवत्वमभव्यापेक्षयाऽध्रुवत्वञ्च भव्यापेक्षयेति । वेदनीयस्य यावत्प्रमत्तगुणस्थानकं मोहनीयस्य सूक्ष्मसम्परायगुणस्थानकं यावदुदीरणाया भावेनाप्रमत्तादिगुणस्थानकेभ्यः प्रतिपततो वेदनीयस्योपशान्तमोहगुणस्थानकाच्च प्रतिपततो मोहनीयस्योदीरणायास्सादित्वं, तत्स्थानमप्राप्तस्यानादित्वं, ध्रुवत्वाध्रुवत्वे पूर्ववत् । आयुरुदीरणायास्सादित्वमध्रुवत्वञ्च । पर्यन्तावलिकायामायुषो नियमेनोदीरणाया अभावादध्रुवत्वं पुनरपि भवोत्पत्तिप्रथमसमये प्रवर्त्तमानत्वाच्च सादित्वं । उतरप्रकृतीनान्तु कर्मप्रकृत्यादिभ्यो ज्ञातव्याः । ज्ञानावरणदर्शनावरणान्तरायाणां क्षीणमोहान्तास्सर्वेप्युदीरकाः । मोहनीयस्य सूक्ष्मसम्परायान्ता उदीरकाः । वेदनीयस्य प्रमत्तगुणस्थानकपर्यन्तास्सर्वेऽप्युदीरकाः । आयुषोऽचरमावलिकप्रमत्तान्ता उदीरकाः, नामगोत्रयोस्तु सयोगिकेवलिपर्यवसानास्सर्वेऽप्युदीरका इति । अधिकमन्यत्र द्रष्टव्यम् । तथा ज्ञानावरणवेदनीयायुर्गोत्रान्तरायाणामेकैकमुदीरणास्थानं, यथा ज्ञानावरणान्तराययोः पञ्चप्रकृत्यात्मकमेकैकं, वेदनीयायुर्गोत्राणां वेद्यमानैकप्रकृत्यात्मकं, नैतासां[1] द्वित्र्यादिकाः प्रकृतयो युगपदुदीर्यन्ते युगपदुदयाभावात् । दर्शनावरणीये चक्षुर्दर्शनावरणादीनां पञ्चानां चतसृणां वा प्रकृतीनां युगपदुदीरणा भवति । मोहनीये एकस्या द्वयोश्चतसृणां पञ्चानां षण्णामष्टानां नवानां दशानां वा । नामकर्मणो दशोदीरणास्थानानि एकचत्वारिंशत्-द्विचत्वारिंशत्-पञ्चाशत्-एकपञ्चाशत्-द्विपञ्चाशत्-त्रिपञ्चाशत्-चतुःपञ्चाशत् पञ्चपञ्चाशत्-षट्पञ्चाशत्-सप्तपञ्चाशच्चेति । विशेषस्त्वन्यतो द्रष्टव्य इत प्रकृत्युदीरणा । स्थित्युदीरणायां प्रथमं लक्षणमुच्यते, उदयो हि द्विविधः, सम्प्राप्त्यसम्प्राप्तिभेदात् कालक्रमेण कर्मदलिकस्योदयहेतुद्रव्यक्षेत्रादिसामग्रीसम्प्राप्तौ य उदयस्स सम्प्राप्त्युदयः, अकालप्राप्तं कर्मदलिकमुदीरणाप्रयोगेण वीर्यविशेषसंज्ञितेन समाकृष्य कालप्राप्तेन दलिकेन सहानुभूयते सोऽसम्प्राप्त्युदयः, तथाचासम्प्राप्त्युदय एवोदीरणा या स्थितिरप्राप्तकालापि सती उदीरणाप्रयोगेण सम्प्राप्त्युदये प्रक्षिप्ता दृश्यते केवलचक्षुषा सा स्थित्युदीरणेति । भेदादिकमन्यतो द्रष्टव्यम् । अनुभागोदीरणायां संज्ञाद्विभेदा, स्थानघातिभेदात् स्थानं चतुर्विधं एकद्वित्रिचतुस्स्थानभेदात् एतच्च पूर्वमुपदर्शितम् घातिसंज्ञा तु सर्वघातिदेशघात्यघातिभेदतस्त्रिविधा । तथा शुभकर्मणामनुभागः क्षीरखण्डरसोपमः, अशुभ-

१. वेदनीयायुर्गोत्रप्रकृतीनामित्यर्थः ।

कर्मणान्त्वशुभो घोषातकीनिम्बरसोपमः । स्वविषयं याः पूर्णतया घ्नन्ति तास्सर्वघातिन्यः, केवलज्ञानदर्शनावरणेआद्यद्वादशकषाया मिथ्यात्वं निद्रापञ्चकञ्चेति विंशतिः । एता हि प्रकृतयो यथायोगमात्मघात्यं गुणं सम्यक्त्वं ज्ञानं दर्शनं चारित्रं वा सर्वात्मना घातयन्ति । मतिश्रुतावधिमनःपर्यवज्ञानावरणानि चक्षुरचक्षुरवधिदर्शनावरणानि संज्वलनकषाया नोकषाया अन्तरायाश्च पञ्चविंशतिप्रकृतयो देशघातिन्यः । ज्ञानादिगुणैकदेशविघातित्वात् । केवलज्ञान-दर्शनावरणीयाभ्यामावृतयोरपि केवलज्ञानदर्शनयोर्मन्दमन्दतरादिविशिष्टप्रकाशरूपाणां मतिज्ञानादि-चक्षुर्दर्शनादीनां ज्ञानदर्शनैकदेशरूपाणां विघातकत्वात् आद्यद्वादशकषायक्षयोपशमसमुत्थ-चारित्रलब्धेरतिचारसम्पादकतया देशतो विघातकत्वात् सर्वद्रव्यैकदेशविषयदानादि-विघातकारित्वाच्च । नामगोत्रवेदनीयायुरन्तर्गतास्तु प्रकृतयो हन्तव्याभावान्न किमपि घ्नन्तीति ता अघातिन्यः । सर्वघातिनीनां रसो हि ताम्रभाजनवन्निश्छिद्रो घृतवदतिस्निग्धो द्राक्षावत्तनु-प्रदेशोपचितः स्फटिकाभ्रवन्निर्मलः सकलस्वविषयघातित्वेन सर्वघाती । देशघातिनीनान्तु रसः कश्चिद्वंशदलनिर्मापितकटवदतिस्थूलच्छिद्रशतवत्संकुलः, कश्चित्कम्बलवन्मध्यमविवरशतसंकुलः, कोऽपि मसृणवासोवदतिसूक्ष्मविवरसंवृतोऽल्पस्नेहो विमलश्च स्वविषयैकदेशघातित्वाद्देशघाती भवति । अघातिनीनां रस उभयविलक्षणः[1] । विपाकोऽपि पुद्गलक्षेत्रभवजीवविपाकभेदाच्चतुर्विधः । पुद्गलानधिकृत्य[2] यस्य रसस्य फलदानाभिमुख्यं स पुद्गलविपाकः । स च संस्थानषट्कसंहन-नषट्कातपशरीरपञ्चकाङ्गोपाङ्गत्रयोद्योतनिर्माणस्थिरास्थिरवर्णादिचतुष्कागुरुलघुशुभाशुभपराघातो-पघातप्रत्येकसाधारणनाम्नां षट्त्रिंशत्प्रकृतीनाम् । क्षेत्रे गत्यन्तरसंक्रमणहेतुनभःपथे यस्य रसस्य फलदानाभिमुख्यं स रसः क्षेत्रविपाको यथा चतसृणामानुपूर्वीणाम्[3] । भवे नरकादिरूपे स्वयोग्ये यस्य रसस्य फलदानाभिमुखता स भवविपाको यथा चत्वार्यायूंषि परभवे संक्रमेणाप्युदया-भावात्[4] । गतीनान्तु परभवे संक्रमादुदयेन स्वभवव्यभिचारित्वान्न भवविपाकित्वम् । जीवमेवाधिकृत्य यो रसोऽनुग्रहोपघातादिसम्पादनाभिमुखो भवति स जीवविपाकः[5] । यथा

१. अघातिन्यो न कञ्चन ज्ञानादिगुणं घातयन्ति केवलं सर्वघातिनीभिस्सह वेद्यमानास्सर्वघातिरसविपाकं दर्शयन्ति देशघातिनीभिश्च सह वेद्यमाना देशघातिरसं, चोरैस्सह वर्त्तमानोऽचौरो यथा चौर इवाभासते तद्वदितिभावः ॥ २. शरीरतया परिणतेषु पुद्गलेषु यासां विपाकस्ताः पुद्गलविपाकिन्य इतिभावः ॥ ३. ननु विग्रहगत्यभावेऽपि संक्रमकरणेनानुपूर्वीणामुदयो विद्यत इति कथं क्षेत्रविपाकिन्यस्ताः, न गतिवज्जीवविपाकिन्य इति चेदुच्यते विद्यमानेऽपि संक्रमे यथा तासां क्षेत्रप्राधान्येन स्वकीयो विपाकोदयो न तथाऽन्यासामिति क्षेत्रविपाकिन्य एवेति ॥ ४. यथा मोक्षगामिनोऽशेषा गतयो मनुष्यभवे क्षयं यान्तीति भवं प्रति गतीनां न नैयत्यमितिभावः ॥ ५. यद्यपि सर्वा एव प्रकृतयः परमार्थतस्साक्षात्परम्परया वा जीवस्यैवानुग्रहमुपघातञ्च कुर्वन्तीति जीवविपाकिन्य एव तथापि मुख्यतया क्षेत्रभवपुद्गलेषु तद्विपाकस्य विवक्षितत्वात् तथा प्रोक्ता इति ॥

ज्ञानावरणपञ्चकं दर्शनावरणनवकं वेदनीयद्वयं दर्शनमोहनीयत्रिकं पञ्चविंशतिमोहनीयप्रकृतयोऽन्तरायपञ्चकं गतिचतुष्टयं जातिपञ्चकं विहायोगतिद्विकं त्रसत्रिकं स्थावरत्रिकं सुस्वरदुस्स्वरसुभगदुर्भगादेयानादेययशःकीर्त्ययशःकीर्त्तितीर्थकरोच्छ्वासनामानि गोत्रद्वयञ्चेत्यष्टसप्ततिप्रकृतयः। उदययोग्यतापेक्षयाऽष्टसप्ततिरिति, बन्धयोग्यतामाश्रित्य तु सम्यक्त्वसम्यङ्मिथ्यात्वपरिहारेण षट्सप्ततिर्बोध्या । प्रत्ययसाद्यानादिस्वामित्वप्ररूपणा अन्यतो विज्ञेयाः । एवं साद्यनादिस्वामित्वप्ररूपणात्मिकाप्रदेशोदीरणापि ॥

હવે ઉદીરણાને કહે છે-

ભાવાર્થ - નહીં ઉદયમાં આવેલ કર્મોના દલિકને ઉદયાવલિકાના પ્રવેશમાં નિદાનરૂપ આત્મવીર્ય, એ 'ઉદીરણા' કહેવાય છે.

વિવેચન - 'अनुदित' ઇતિ. જે યોગનામક વીર્યવિશેષ વડે, કષાયવાળા કે કષાય વગરના જીવ વડે ઉદય આવલિકાથી બહાર રહેલ સ્થિતિઓમાંથી પરમાણુરૂપ દલિક ખેંચીને ઉદય આવલિકામાં ફેંકાય છે, તે આ જ વીર્યવિશેષ 'ઉદીરણા' કહેવાય છે.

તે ઉદીરણા પણ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશના ભેદથી ચાર (૪) પ્રકારની છે. દરેકે દરેક મૂળ અને ઉત્તરપ્રકૃતિના વિષયવાળી હોઈ બે પ્રકારની છે. વળી મૂળપ્રકૃતિના વિષયવાળી ઉદીરણા (૮) આઠ પ્રકારની છે.

○ બંધન આદિની પૃથગ્ વિવક્ષા નહીં કરવાથી (૧૨૦) એકસોવીશ ઉત્તરપ્રકૃતિની-ઉદયની સરખી કક્ષા હોઈ ઉદીરણા (૧૨૦) પ્રકારની છે.

જો બંધન આદિથી જુદી વિવક્ષા કરવામાં આવે, તો (૧૫૮) એકસોઅઠ્ઠાવન ભેદવાળી ઉદીરણા સમજવી.

○ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-નામ-ગોત્ર-અંતરાયરૂપ મૂળપ્રકૃતિઓ, અનાદિ-ધ્રુવ-અધ્રુવ, એમ ત્રણ ભેદવાળી છે.

○ વેદનીય-મોહનીય તો ચાર ભેદવાળી પણ છે.

○ ત્યાં જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયોની, જ્યાં સુધી ક્ષીણમોહગુણસ્થાનનોસમયથી અધિક આવલિકાનો શેષ ન થાય, ત્યાં સુધી સર્વ જીવોમાં ઉદીરણાનો અવશ્યંભાવ હોવાથી અને નામ-ગોત્રની, સયોગીકેવલીના ચરમ સમય સુધી સઘળા જીવોમાં અવશ્યંભાવ થવાથી ઉદીરણાનું અનાદિપણું છે. અભવ્યની અપેક્ષાએ ધ્રુવપણું અને ભવ્યની અપેક્ષાએ અધ્રુવપણું છે.

○ પ્રમત્ત ગુણસ્થાનક સુધી વેદનીયની અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી મોહનીયની ઉદીરણા હોવાથી, અપ્રમત્ત આદિ ગુણસ્થાનકોથી પડનાર જીવના વેદનીયની અને ઉપશાન્તમોહ ગુણસ્થાનકથી પડનારના મોહનીયની ઉદીરણાનું સાદિપણું છે. તે સ્થાનને નહિ પામેલાની ઉદીરણાનું અનાદિપણું છે. પૂર્વની માફક ધ્રુવત્વ-અધ્રુવત્વ છે.

○ આયુષ્યની ઉદીરણાનું સાદિપણું અને ધ્રુવપણું છે.

○ પર્યન્ત આવલિકામાં આયુષ્યના નિયમથી ઉદીરણાનો અભાવ હોવાથી અધ્રુવપણું, ફરીથી પણ ભવની ઉત્પત્તિના પ્રથમ સમયમાં પ્રવર્તતી હોવાથી સાદિપણું છે.

○ ઉત્તરપ્રકૃતિઓના તો ઉદીરણાના ભેદો કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવાં.

○ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયોના સઘળાય ક્ષીણમોહ સુધીના જીવો ઉદીરકો છે.

○ મોહનીયના સૂક્ષ્મસંપરાય સુધીના જીવો ઉદીરકો છે.

○ વેદનીયના પ્રમત્ત ગુણસ્થાન સુધીના સઘળાય જીવો ઉદીરકો છે.

○ આયુષ્યના ચરમ આવલિકા વગરના પ્રમત્ત સુધીના જીવો ઉદીરકો છે. નામ અને ગોત્રના તો સયોગીકેવલી સુધીના સઘળાય ઉદીરકો છે. ઇતિ. અધિક બીજા ગ્રંથમાં જોવું.

○ તેમજ જ્ઞાનાવરણ-વેદનીય-આયુષ્ય-ગોત્ર-અંતરાયોનું દરેકને એક એક ઉદીરણાસ્થાન છે. જેમ કે-જ્ઞાનાવરણ-અંતરાયનું પાંચ પ્રકૃતિરૂપ એક એક સ્થાન છે. વેદનીય-આયુષ્ય-ગોત્રોનું વેદાતા એક પ્રકૃતિરૂપ સ્થાન છે. આ વેદનીય-આયુ અને ગોત્ર પ્રકૃતિઓની બે-ત્રણ આદિ પ્રકૃતિઓ એકીસાથે ઉદીરાતી નથી, કેમ કે-એકીસાથે ઉદયનો અભાવ છે.

○ દર્શનાવરણીયમાં ચક્ષુદર્શન આદિ પાંચ કે ચાર પ્રકૃતિઓની એકીસાથે ઉદીરણા થાય છે.

○ મોહનીયમાં એક-બે-ચાર-પાંચ-છ-(સાત)-આઠ-નવ કે દશની એકીસાથે ઉદીરણા છે.

○ નામકર્મના ૧-(૪૧), ૨-(૪૨), ૩-(૫૦), ૪-(૫૧), ૫-(૫૨), ૬-(૫૩), ૭-(૫૪), ૮-(૫૫), ૯-(૫૬), ૧૦-(૫૭)-એમ કર્મપ્રકૃતિઓના દશ (૧૦) ઉદીરણાસ્થાનો છે. વિશેષ તો બીજેથી જાણવું. ઇતિ 'પ્રકૃતિ ઉદીરણા.'

○ સ્થિતિ ઉદીરણાનું પહેલાં લક્ષણ કહેવાય છે. ખરેખર ઉદય, સંપ્રાપ્તિ અને અસંપ્રાપ્તિના ભેદે બે પ્રકારનો છે. કાળના ક્રમથી કર્મદલિકનો, ઉદયના હેતુભૂત દ્રવ્ય-ક્ષેત્ર આદિ સામગ્રીની સંપ્રાપ્તિ હોયે છતે જે ઉદય, તે 'संप्राप्त्युदय' છે.

○ કાળ વગર પ્રાપ્ત કર્મદલિક, વીર્યવિશેષ નામક ઉદીરણાના પ્રયોગથી ખેંચીને કાળપ્રાપ્ત દલિકની સાથે અનુભવાય છે, તે 'असंप्राप्त्युदय' છે. તથાચ અસંપ્રાપ્ત્યુદય જ ઉદીરણા, જે સ્થિતિ નહિ પ્રાપ્ત થયેલ કાળવાળી પણ હોતી, ઉદીરણા પ્રયોગથી સંપ્રાપ્ત્યુદયમાં કેવલજ્ઞાનરૂપી ચક્ષુથી ફેંકાયેલી દેખાય છે, તે 'સ્થિતિઉદીરણા' એમ જાણવું. ભેદ વગેરે બીજેથી જાણવું.

○ અનુભાગની ઉદીરણામાં સંજ્ઞા, સ્થાન અને ઘાતીના ભેદથી બે પ્રકારવાળી છે.

સ્થાન-એક-બે-ત્રણ-ચાર સ્થાનના ભેદથી ચાર પ્રકારનું છે. વળી આ પૂર્વે (એક ઠાણીયો રસ વગેરે પૂર્વે)કહેલ છે.

ઘાતીસંજ્ઞા તો સ્વઘાતી-દેશઘાતી-અઘાતીના ભેદથી ત્રણ પ્રકારની છે.

○ તથા શુભ કર્મોનો રસ ક્ષીર-ખાંડના રસ જેવો છે. અશુભ કર્મોનો રસ ઘોષાતકી-લીંબડાના રસ જેવો છે.

○ જે કર્મપ્રકૃતિઓ પોતાના વિષયને પૂર્ણપણાએ ઘા કરે છે, તે 'સર્વઘાતિની' કહેવાય છે.

કેવલજ્ઞાનાવરણ-કેવલદર્શનાવરણ-પહેલાના બાર કષાયો, મિથ્યાત્વ અને પાંચ નિદ્રાઓ, એમ વીશ (૨૦) સર્વઘાતિની છે.

ખરેખર, આ સર્વઘાતી પ્રકૃતિઓ, યોગ પ્રમાણે પોતાના ઘાતના વિષયરૂપ ગુણસમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન કે ચારિત્રને સર્વ રીતે પૂર્ણપણે હણે છે.

○ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવરૂપ જ્ઞાનાવરણો, ચક્ષુ-અચક્ષુ-અવધિરૂપ દર્શનાવરણો, સંજ્વલન કષાયો-નોકષાયો અને અંતરાયો, એમ પચીશ (૨૫) પ્રકૃતિઓ 'દેશઘાતિની કહેવાય છે, કેમ કે-જ્ઞાન આદિ ગુણના એકદેશની વિઘાતક છે. તથાહિ કેવલદર્શનાવરણથી આવૃત્ત પણ કેવલજ્ઞાનના અને દર્શનના મંદ-મંદતર આદિ વિશિષ્ટ પ્રકારરૂપ જ્ઞાન-દર્શનના એકદેશરૂપ મતિજ્ઞાન આદિ, ચક્ષુદર્શન આદિના વિઘાતક છે અને સર્વ દ્રવ્યોના એકદેશવિષયક દાન આદિના વિઘાતકારી છે.

○ નામ-ગોત્ર-વેદનીય-આયુષ્યરૂપમાં અંતર્ગત પ્રકૃતિઓ તો હનનયોગ્ય નહિ હોવાથી કોઈને પણ હણતા નથી, માટે તે પ્રકૃતિઓ 'અઘાતિની' કહેવાય છે.

○ સર્વઘાતિની પ્રકૃતિઓનો ખરેખર રસ તાંબાના ભાજનની માફક છિદ્ર વગરનો, (નક્કર) ઘીની માફક અત્યંત સ્નિગ્ધ (ચીકણો), દ્રાક્ષની માફક થોડા (સૂક્ષ્મ) પ્રદેશોથી ઉપચિત, સ્ફટિક તેમજ અબરખની માફક નિર્મળ અને સઘળા પોતાના વિષય(હંતવ્ય)ના ઘાતી હોઈ 'સર્વઘાતી' કહેવાય છે.

○ દેશઘાતિની કર્મપ્રકૃતિઓનો તો કોઈક રસ વાંસદળથી બનાવેલ કટ (સાદડી વગેરે)ની માફક અત્યંત સ્થૂલ, સેંકડો છિદ્રોથી યુક્ત, કોઈક રસ કંબલની માફક મધ્યવર્તી, સેંકડો છિદ્રોથી વ્યાપ્ત, કોઈક રસ કોમળ (લીસા-ચીકણા) વસ્ત્રની માફક અત્યંત સૂક્ષ્મ, (ઝીણા) છિદ્રોથી સહિત, અલ્પ સ્નેહવાળો (ચીકણો) અને નિર્મળ, સ્વવિષયના એકદેશ(અંશ)નો ઘાતી હોઈ 'દેશઘાતી' થાય છે.

○ અઘાતિઓનો રસ ઉભયથી વિલક્ષણ-વિજાતીય છે. [અઘાતિનીઓ, કોઈ એક જ્ઞાન આદિ ગુણમાં ઘાત કરતો નથી, ફક્ત સર્વઘાતિઓની સાથે વેદાતી અઘાતિનીઓ સર્વઘાતી રસના વિપાકને દર્શવે છે અને દેશઘાતિનીઓની સાથે વેદાતી અઘાતિનીઓ દેશઘાતી રસના વિપાકને દર્શવે છે. ચોરોની સાથે રહેનાર શાહુકાર જેમ ચોરની માફક ભાસે છે, તેની માફક અહીં ભાવ સમજવો.]

○ વિપાક પણ પુદ્ગલ-ક્ષેત્ર-ભવ-જીવવિપાકના ભેદથી ચાર પ્રકારનો છે.

(૧) પુદ્ગલોને આશ્રી (શરીરપણે પરિણમેલા પુદ્ગલોમાં જે પ્રકૃતિઓનો વિપાક, તે પુદ્ગલવિપાકિની કહેવાય છે.) જે રસનું ફળદાન તરફ સન્મુખપણું તે પુદ્ગલવિપાક છે; અને તે છ (૬) સંસ્થાન, છ (૬) સંઘયણ, આતપ (૫) પાંચ શરીરો, (૩) ત્રણ અંગોપાંગો, ઉદ્યોત-નિર્માણ-સ્થિર-અસ્થિર-વર્ણ આદિ ચાર (૪) અગુરૂલઘુ-શુભ-અશુભ-પરાઘાત-ઉપઘાત-પ્રત્યેક સાધારણરૂપ છત્રીશ (૩૬) પ્રકૃતિઓ 'પુદ્ગલવિપાકીની' છે.

(૨) બીજી ગતિના સંક્રમણહેતુભૂત આકાશમાર્ગરૂપ ક્ષેત્રમાં જે રસનું ફળદાનનું સન્મુખપણું, તે રસ 'ક્ષેત્રવિપાક' છે. જેમ કે-ચાર (૪) આનુપૂર્વીઓનો રસ.

(૩) સ્વયોગ્ય નરક આદિરૂપ ભવમાં જે રસનું ફળદાનનું સન્મુખપણું, તે 'ભવવિપાક' છે. જેમ કે-ચાર (૪) આયુષ્યોનો રસ. કેમ કે-પરભવમાં સંક્રમથી પણ ઉદયનો અભાવ છે. ગતિઓનો પરભવમાં સંક્રમથી-ઉદયથી હોવાથી સ્વભાવની સાથે વિસંવાદી-વ્યભિચારી હોવાથી 'ભવવિપાકી' નથી. (જેમ મોક્ષગામી જીવની બધી ગતિઓ મનુષ્યભવમાં ક્ષય પામે છે, માટે ભવ પ્રતિ ગતિઓનો નિયમ નથી.)

૦ (૪) જીવને આશ્રી જે રસ ઉપકાર-ઉપઘાત આદિ કરવામાં અભિમુખ થાય છે, તે 'જીવવિપાક' કહેવાય છે. જેમ કે-જ્ઞાનાવરણ પાંચ (૫), દર્શનાવરણ નવ (૯), વેદનીય બે (૨), દર્શનમોહનીય ત્રણ (૩), મોહનીયની પચીશ (૨૫) પ્રકૃતિઓ, અંતરાય પાંચ (૫), ગતિ ચાર (૪), જાતિ પાંચ (૫), વિહાયોગતિ બે (૨), ત્રસત્રિક ત્રણ (૩), સ્થાવરત્રિક ત્રણ (૩), સુસ્વર-દુસ્વર-સુભગ-દુર્ભગ-આદેય-અનાદેય-યશઃકીર્તિ-અયશઃકીર્તિ, તીર્થંકર-ઉચ્છ્વાસ નામરૂપ અને બે (૨) ગોત્ર, એમ અઠ્ઠોતેર (૭૮) પ્રકૃતિઓ 'જીવવિપાકી' છે. ઉદય યોગ્યતાની અપેક્ષાએ તો અઠ્ઠોતેર (૭૮) પ્રકૃતિઓ સમજવી. બંધયોગ્યતાની અપેક્ષાએ તો સમ્યક્ત્વ અને સમ્યગ્ મિથ્યાત્વના પરિહારથી છોતેર(૭૬) પ્રકૃતિઓ જાણવી. પ્રત્યય-સાદિ-અનાદિ-સ્વામીત્વની પ્રરૂપણાઓ બીજેથી જાણવી.

આ પ્રમાણે સાદિ-અનાદિ-સ્વામીત્વપ્રરૂપણારૂપ પ્રદેશઉદીરણા પણ જાણવી.

अधुनोपशमनामाख्याति –

कर्मणामुदयोदीरणानिधत्तिनिकाचनाकरणायोग्यत्वेन व्यवस्थापनाहेतुर्वीर्यपरिणतिरुपशमना । उदयश्च यथास्थितिबद्धानां कर्मपुद्गलानामबाधाकालक्षयात्संक्रमापवर्त्तनादिकरणविशेषाद्वोदयसमयप्राप्तानामनुभवनम् ।२४।

कर्मणामिति । यादृशवीर्यविशेषतः कर्मणामुदयस्योदीरणानिधत्तिनिकाचनानामयोग्यतया व्यवस्थापनं भवति तादृशवीर्यपरिणतिरुपशमनेत्यर्थः । कर्मणामुपशमना द्विविधा, कृतकरणाऽकृतकरणा चेति, यथाप्रवृत्त्यपूर्वानिवृत्तिकरणसाध्यक्रियाविशेषकृता करणकृता, यथाप्रवृत्त्यादिकरणक्रियाविशेषमन्तरेणापि वेदनानुभवनादिकारणैर्योपशमना साऽकृतकरणेत्यर्थः, द्वैविध्यमिदं देशोपशमनाया एव, न सर्वोपशमनायास्तस्याः करणेभ्य एव भावात् । अकरणकृतोपशमनाया अकरणाऽनुदीर्णरूपभेदभिन्नायास्सम्प्रत्यनुयोगस्य व्यवच्छिन्नत्वेन कृतकरणोपशमनाऽत्र किञ्चिद्विचार्यते कृतकरणोपशमना देशसर्वविषयभेदतो द्विविधा, सर्वविषयोपशमना गुणोपशमना प्रशस्तोपशमनेति नामद्वयवती देशविषयोपशमना अगुणोपशमनाऽप्रशस्तोपशमना चेति नामद्वयवती । तत्र सर्वोपशमना मोहनीयस्यैव, शेषकर्मणान्तु देशोपशमना । पञ्चेन्द्रियस्संज्ञी सर्वपर्याप्तः उपशमलब्ध्युपदेश श्रवणलब्धिकरणत्रयहेतु-

प्रकृष्टयोगलब्धित्रिकयुक्तो वा करणकालात्प्रागपि यावदन्तर्मुहूर्तं प्रतिसमयमनन्तगुणवृद्ध्या विशुद्ध्याऽवदायमानचित्तसन्ततिरभव्यसिद्धिकविशोधिकमतिक्रम्य वर्त्तमानो मतिश्रुताज्ञान-विभङ्गज्ञानानामन्यतमस्मिन् साकारोपयोगे वर्त्तमानो मनोवाक्कायान्यतमयोगे वा वर्त्तमानो विशुद्धलेश्यान्यतमयुक्तः कृतान्तस्सागरोपमकोटीकोटिप्रमाणस्थितिकायुर्वर्जसप्तकर्मा चतुस्स्थानकाशुभकर्मानुभागस्य द्विस्थानककारी द्विस्थानकशुभकर्मानुभागस्य च चतुस्स्थानकारी ज्ञानावरणीयादिसप्तचत्वारिंशद्ध्रुवप्रकृतीस्स्वस्वभवप्रायोग्याः परावर्त्तमानमध्यस्था अतिविशुद्ध-परिणामत्वेनायुर्वर्जाश्शुभा एव बध्नन् बध्यमानप्रकृतीनां स्थितिमन्तस्सागरोपमकोटीकोटि-मात्रप्रमाणां बध्नन् जघन्यमध्यमोत्कृष्टयोगवशतः प्रदेशाग्रं जघन्यमध्यमोत्कृष्टरूपेण बध्नन् परिपूर्णे च स्थितिबन्धे पूर्वस्थितिबन्धापेक्षयापल्योपमासंख्येयभागन्यूनमन्यं स्थितिबन्धं कुर्वन् तथैवान्यमन्यं स्थितिबन्धं विदधत् बध्यमानानां प्रकृतीनामनुभागमशुभानां द्विस्थानकं प्रतिसमयमनन्तगुणहीनं बध्नन् शुभानाञ्च चतुस्स्थानकं प्रतिसमयमनन्तगुणवृद्धं कुर्वन्नेवमेवमेव यावदन्तर्मुहूर्त्तपरिसमाप्तिं व्यापृतः परिणामविशेषाणि प्रत्येकमान्तर्मौहूर्त्तिकानि समुदायेना-प्यान्तर्मौहूर्त्तिकानि त्रीणि यथाप्रवृत्त्यपूर्वनिवृत्तिकरणानि विधायान्तर्मौहूर्त्तिकीमुपशमना-द्धामवाप्नोति । करणत्रयनिरूपणा अन्यतोऽवगन्तव्या, अनिवृत्तिकरणाद्धायास्संख्येयेषु भागेषु गतेषु संख्येयतम एकस्मिंश्च भागेऽवशेषेऽन्तर्मुहूर्त्तमात्रमधो मुक्त्वा मिथ्यात्वस्यान्तरकरणं करोति, अन्तरकरणं नामोदयक्षणादुपरि मिथ्यात्वस्थितिमन्तर्मुहूर्त्तमानामतिक्रम्योपरितनीञ्च विष्कम्भयित्वा मध्येऽन्तर्मुहूर्त्तमानं तत्प्रदेश वेद्यदलिकाभावकरणं, तन्निष्पादनकालो-ऽप्यन्तरकरणकाल एव, सोऽप्यन्तर्मुहूर्त्तप्रमाणः प्रथमस्थितेः किञ्चिन्न्यूनोऽभिनवस्थितिबन्धाद्धया समानः । तथा हि प्रथमस्थित्यन्तरकरणे द्वे अपि अन्तर्मुहूर्त्तप्रमाणे युगपदारभते, अन्तरकरण-प्रथमसमय एव चान्यं स्थितिबन्धं मिथ्यात्वस्यारभते स्थितिबन्धान्तरकरणे युगपत् समापयति । अन्तरकरणे च क्रियमाणे गुणश्रेणेस्संख्येयतमं भागमन्तरकरणदलिकेनोत्किरति, उत्कीर्यमाणञ्च दलिकं प्रथमस्थितौ द्वितीयस्थितौ च प्रक्षिपति । अन्तरकरणादधस्तनी स्थितिः प्रथमोपरितनी च द्वितीयेत्युच्यते, तत उदयोदीरणाभ्यां प्रथमस्थितिमनुभवन् तावद्गतो यावदावलिकाद्विकं शेषम् । तत्र स्थितस्य पूर्वप्रवृत्तो द्वितीयस्थितेस्सकाशादुदीरणाप्रयोगेण दलिकं समाकृष्योदये प्रक्षेपरूप आगालोऽत्र न भवति किन्तु केवलमुदीरणैव । साऽपि तावदेव यावदावलिकाशेषो न भवति । ततस्सापि निवर्त्तते ततः केवलेनैवोदयेन तामावलिकामनुभवति तस्यामप्यपगतायां मिथ्यात्वस्योदयोऽपि निवर्त्तते तद्दलिकाभावात् तस्मिंश्चापगते उपशान्ताद्धासमागमस्तत्र

प्रथमसमय एव चोपशमसम्यक्त्वं लभते । अत्रोदयोदीरणादीनां निवृत्तेरीदृशोपशमनाकरणाध्यवसाय एवोपशमनेत्युच्यते । परं तत्रौपशमिकलाभप्रथमसमयादारभ्य मिथ्यात्वदलिकं प्रतिसमयं यावदन्तर्मुहूर्त्तं सम्यक्त्वसम्यङ्मिथ्यात्वयोस्संक्रमयति, प्रथमस्थितिचरमसमये द्वितीयस्थितिगतदलिकस्यानुभागभेदेन शुद्धमिश्राशुद्धतया विभक्तत्वात् । अयं गुणसंक्रम उच्यतेऽन्तरकरणस्थितेनौपशमिकसम्यक्त्वलक्षणप्रशस्तगुणान्वितेन क्रियमाणत्वात् । इत्येवं सम्यक्त्वोत्पादो निरूपितः । ईदृशौपशमिकसम्यक्त्वयुतो न चारित्रमोहोपशमाय यतते किन्तु वेदकसम्यग्दृष्टिः क्षायोपशमिकसम्यग्दृष्ट्यपरनामा, स चाविरतो देशविरतस्सर्वविरतो वा विशोध्यद्धायां वर्त्तमान एव, संक्लेशाद्धायां वर्तमानस्तु न चारित्रमोहनीयोपशमनाय प्रवर्त्तते । तत्राविरतो यथाप्रवृत्त्यपूर्वकरणे विधाय देशविरतस्सर्वविरतो वा भवति देशविरतस्तु करणद्वयं कृत्वा सर्वविरतिमवाप्स्यति, अनयोः प्रतिपत्त्यनन्तरं यावदन्तर्मुहूर्त्तं वर्धमानपरिणामनियमात् तावन्मानां उदयावलिकाया उपरि गुणश्रेणिं प्रतिसमयं दलिकरचनापेक्षयानन्तगुणवृद्धामारचयति ततः परं कोऽपि वर्धमानपरिणामः कोऽपि च हीयमानपरिणामः कोऽप्यवस्थितपरिणामश्च भवति । वर्धमानपरिणाम ऊर्ध्वमपि वर्धमानां गुणश्रेणिं करोति हीयमानो हीयमानामवस्थितोऽवस्थितां । परिणामह्रासेन देशसर्वविरतिपरिणामात् आभोगमन्तरेण परिभ्रष्टास्सन्तः[१] पुनः पूर्वप्रतिपन्नां देशविरतिं सर्वविरतिं वा प्रतिपद्यमाना अकृतकरणा एव प्रतिपद्यन्ते, ये त्वाभोगेनैव[२] मिथ्यात्वं गताः पुनस्तत्प्रपित्सवः करणपुरस्सरमेव प्रतिपद्यन्ते तदेवं कृतकरणाकृतकरणदेशविरतिसर्वविरतिलाभो विज्ञेयः । एवं चारित्रमोहोपशमनाऽन्यत्र[३] द्रष्टव्या। एवमुपशान्तमोहनीयप्रकृतयस्संक्रमणोद्वर्त्तनापवर्त्तनोदीरणानिधत्तिनिकाचनाकरणानामयोग्या भवन्ति, दर्शनमोहनीयत्रिके तूपशान्तेऽपि सङ्क्रमापवर्त्तने भवतः, तत्र सम्यक्त्वे मिथ्यात्वसम्यङ्मिथ्यात्वयोः सङ्क्रमः, अपवर्त्तना तु त्रयाणामपि । यद्यप्युपशान्ते मोहे संक्रमणोद्वर्त्तनापवर्त्तनान्यपि करणानि न भवन्ति ततो लक्षणे तदनभिधानान्न्यूनता तथापि सर्वविधोपशमनासंग्रहायैतानि विहाय लक्षणमाचरितमन्यथा देशोपशमनासङ्ग्रहो न स्यादिति। इति सर्वोपशमना संक्षेपत आदर्शिता । यथाप्रवृत्तापूर्वकरणाभ्यां प्रकृत्यादीनां देशोपशमना

---

१. केवलं कथञ्चित्परिणामह्रासाद्देशविरतोऽविरतिं सर्वविरतो वा देशविरतिं प्रतिपन्नस्सन् भूयोऽपि पूर्वप्रतिपन्नां देशविरतिं सर्वविरतिं वा करणरहितोऽपि प्रतिपद्यते एवमकृतकरणेऽनेकशो गमागमं करोतीतिभावः ॥
२. यस्त्वाभोगप्रतिपत्त्या नष्टकरणो देशविरतेस्सर्वविरते र्वा परिभ्रष्टो मिथ्यात्वञ्चगतस्स भूयोऽपि जघन्येनान्तर्मुहूर्त्तकालेन उत्कर्षतः प्रभूतेन कालेन पूर्वप्रतिपन्नामपि देशविरतिं सर्वविरतिं वा करणद्वयपुरस्सरमेव प्रतिपद्यत इतिभावः ॥ ३. गुणस्थानग्रन्थे पूर्वोक्ते ॥

प्रकृतिस्थित्यनुभागप्रदेशदेशोपशमनारूपेण प्रत्येकं मूलप्रकृत्युत्तरप्रकृतिविषयकत्वभेदभिन्नेन चतुर्विधा । देशोपशमना सर्वेषां कर्मणां भवति, एकद्वित्रिचतुरिन्द्रियासंज्ञिसंज्ञिपञ्चेन्द्रियतिर्यङ्नारकदेवा मनुष्याश्च यथासंभवमपूर्वकरणगुणस्थानपर्यवसाना देशोपशमनया मूलप्रकृतिमुत्तरप्रकृतिं वोपशमयितुं समर्थाः । देशोपशमनयोपशमितानां कर्मणामुद्वर्त्तनापवर्त्तनासंक्रमणरूपाणि करणानि प्रवर्त्तन्ते नान्यानि । दर्शनत्रिकोपशमका विरतास्त्वापूर्वकरणान्तिमसमयं यावद्देशोपशमनां कुर्वन्ति, अनन्तानुबन्धिनां विसंयोजने चातुर्गतिका अपि स्वापूर्वकरणान्तिमसमयं यावद्देशोपशमकाः । शेषचारित्रमोहनीयप्रकृतीनामुपशमनायां क्षपणायां वा यावदपूर्वकरणगुणस्थानचरमसमयं तावद्देशोपशमना । शेषप्रकृतीनाञ्च सर्वोपशमना न भवत्येव किंतु देशोपशमनैव सापि चाऽपूर्वकरणगुणस्थानं यावत् । अधिकं कर्मप्रकृत्यादिभ्यो विज्ञेयमितिदिक् ॥ लक्षणान्तर्गतोदीरणादीनां करणविशेषत्वेन ज्ञातत्वादुदयपदार्थं निर्वक्ति-उदयश्चेति । स्थितिक्षयेण प्रयोगेण वा द्विविध उदयो भवति, उदयहेतूनां द्रव्यक्षेत्रकालभवभावरूपाणां प्राप्तौ स्थितेरबाधाकालरूपाया नाशे सति च यः कर्मपुद्गलानां स्वभावत उदयः प्रवर्त्तते स स्थितिक्षयेणोदयः । यः पुनरुदयेऽन्यस्य प्रवर्त्तमाने करणविशेषरूपप्रयोगेणोदयो भवति स प्रयोगेणोदय इत्याशयेनोक्तं कर्मपुद्गलानामित्यादिना । प्रायो यत्रोदयस्तत्रोदीरणा यत्रोदीरणा तत्रोदय इति, उदयस्योदीरणासहभावित्वाज्ज्ञानावरणपञ्चकदर्शनावरणचतुष्टयान्तरायपञ्चकसंज्वलनलोभवेदत्रयसम्यक्त्वसम्यङ्मिथ्यात्वरूपविंशतिप्रकृतिं मुक्त्वा शेषाणां उदीरणावदेव साद्यनादिकं भवति । एतासान्तु स्वस्वोदयपर्यवसान उदीरणामन्तरेणापि केवलेनोदयेनावलिकाकालमात्रमनुभवनं भवति । विशेषोऽत्रान्यतोविलोकनीय इति ॥

હવે ઉપશમનાને કહે છે-

ભાવાર્થ - કર્મોને ઉદય-ઉદીરણા-નિધત્તિ-નિકાચનારૂપ કરણના અયોગ્યપણાએ વ્યવસ્થિત કરવામાં હેતુરૂપ વીર્યની પરિણતિ, એ 'ઉપશમના' કહેવાય છે. અને ઉદય=અબાધાકાળના ક્ષયથી કે સંક્રમ-અપવર્ત્તના આદિ કરણવિશેષથી ઉદયના સમયને પામેલા, સ્થિતિ પ્રમાણે બાંધેલા કર્મપુદ્ગલોનો અનુભવ, એ 'ઉદય' છે.

વિવેચન - 'કર્મણામિતિ, જેવી વીર્યવિશેષથી કર્મોનું ઉદય-ઉદીરણા-નિધત્તિ-નિકાચનારૂપ કરણોના અયોગ્યપણાએ વ્યવસ્થાપના થાય છે, તેવી વીર્યપરિણતિ, એ 'ઉપશમના' એવો અર્થ છે.

---

१. मूलोत्तरप्रकृतिविषयउदयो ध्रुवाध्रुवसाद्यनादिरूपतश्चतुर्विधः, ज्ञानदर्शनावरणान्तरायाणामुदयः क्षीणमोहान्तसमयं यावत् मोहस्योपशान्तमोहगुणस्थानकं यावत् वेदनीयनामगोत्रायुषां सयोगान्तसमयं यावद्भाव्यः, तत्र स्थित्युदयमधिकृत्याह स्थितिक्षयेणेति । अनुभागमधिकृत्याह प्रायो यत्रेति ॥

○ કર્મોની ઉપશમના, કૃતકરણા અને અકૃતકરણાના ભેદથી બે પ્રકારની છે. (૧) યથાપ્રવૃત્તિ-અપૂર્વ-અનિવૃત્તિકરણથી સાધ્ય-ક્રિયાવિશેષથી કરાયેલ ઉપશમના, એ 'કૃતકરણા' છે.

○ (૨) યથાપ્રવૃત્તિ આદિ કરણસાધ્ય ક્રિયાવિશેષ સિવાય સ્વાભાવિક પણ વેદના-અનુભવન આદિ કરણોથી જે ઉપશમના, તે 'અકૃતકરણા' એમ સમજવું. આ બે પ્રકારો દેશ ઉપશમનાના જ જાણવા, સર્વોપશમનાના નથી, કેમ કે-તે સર્વોપશમના કરણોથી જ થાય છે.

○ અકરણ-અનુદીર્ણરૂપ ભેદવાળી અકરણકૃત ઉપશમનાનો હમણાં અનુયોગ (અર્થ-વ્યાખ્યા) વ્યવચ્છિન્ન હોવાથી, કૃતકરણ ઉપશમના, દેશ અને સર્વરૂપ વિષયના ભેદથી બે પ્રકારની છે.

○ સર્વવિષયોપશમના-ગુણ ઉપશમના અને પ્રશસ્તોપશમના, આવા બે નામવાળી 'સર્વવિષયોપશમના' છે.

○ દેશવિષયોપશમના-અગુણોપશમના અને અપ્રશસ્તોપશમના, આવા બે નામવાળી 'દેશવિષયોપશમના' છે.

○ ત્યાં સર્વોપશમના મોહનીયકર્મની જ છે, બાકીના કર્મોની તો દેશોપશમના છે.

○ પંચેન્દ્રિય, સંજ્ઞી અને સર્વપર્યાપ્ત, ઉપશમલબ્ધિ-ઉપદેશશ્રવણલબ્ધિ ત્રણ કરણરૂપ હેતુવાળો કે ઉત્કૃષ્ટ યોગરૂપ ત્રણ લબ્ધિથી યુક્ત, કરણકાળથી પહેલાં પણ અંતર્મુહૂર્ત્ત સુધી, સમયે અનંતગુણી વૃદ્ધિ એવી વિશુદ્ધિથી શુદ્ધ થતી ચિત્તની પરંપરાવાળો, અભવ્યસિદ્ધિક વિશોધિનું અતિક્રમણ કરી, વર્તતો, મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન-વિભંગજ્ઞાનોમાંના કોઈ એક જ્ઞાનરૂપ સાકાર ઉપયોગમાં વર્તતો, અથવા મન-વચન-કાયયોગમાંથી કોઈ એક યોગમાં વર્તતો, વિશુદ્ધ લેશ્યામાંથી કોઈ એક વિશુદ્ધ લેશ્યાથી યુક્ત, આયુષ્યને વર્જી, સાતેય કર્મોની સાંતઃ સાગરોપમ કોડાકોડી પ્રમાણવાળી સ્થિતિને કરનારો, ચાર ઠાણીઆ રસવાળા અશુભ કર્મના રસને બે ઠાણીઓ રસ બનાવનારો અને બે ઠાણીઆ રસવાળા શુભ કર્મના રસને ચાર ઠાણીઓ બનાવનાર, પરાવર્તમાનના મધ્યમાં રહેલ સ્વસ્વભવપ્રાયોગ્ય, જ્ઞાનાવરણીય આદિ સુડતાલીશ (૪૭) ધ્રુવ પ્રકૃતિઓને અતિ વિશુદ્ધ પરિણામ દ્વારા આયુષ્ય વર્જી શુભ તરીકે જ બાંધતો, બંધાતી પ્રકૃતિઓની સ્થિતિને સાંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણરૂપે બાંધતો, જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ યોગના વશથી પ્રદેશોને જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટરૂપે બંધાતો, વળી સ્થિતિબંધ પૂર્ણ થયા બાદ પૂર્વસ્થિતિબંધની અપેક્ષાએ પલ્યોપમના સંખ્યાતભાગ ન્યૂન બીજા સ્થિતિબંધને કરતો, તેવી જ રીતે બીજા બીજા સ્થિતિબંધને કરતો, બંધાતી અશુભ પ્રકૃતિઓના બે ઠાણીઆ રસને સમયે સમયે અનંતગુણ હીનરૂપે બાંધતો, શુભોના ચાર ઠાણીઆ રસને સમયે સમયે અનંતગુણ વૃદ્ધિરૂપે કરતો, આ જ પ્રમાણે અંતર્મુહૂર્ત્તની પરિસમાપ્તિ સુધી વ્યાપારવાળો, દરેક અંતર્મુહૂર્ત્તવાળા અને સમુદાયથી પણ અંતર્મુહૂર્ત્તવાળા પરિણામવિશેષરૂપ ત્રણ-યથા-પ્રવૃત્તિ-અપૂર્વ-અનિવૃત્તિકરણે કરીને, અંતર્મુહૂર્ત્ત કાળવાળી ઉપશમ અદ્ધા(સમય)ને પામે છે. ત્રણ કરણોના નિરૂપણો બીજેથી જાણવા.

○ અનિવૃત્તિકરણ અદ્ધા(કાળ)ના સંખ્યાતા ભાગો ગયા પછી એક સંખ્યાતો ભાગ બાકી રહ્યે છતે, અંતર્મુહૂર્ત્ત ભાગ સુધી નીચે મૂકીને મિથ્યાત્વનું અંતર કરવારૂપ અંતરકરણ કરે છે.

○ અંતરકરણ એટલે ઉદયના ક્ષણથી ઉપર અંતર્મુહૂર્ત્ત માનવાળી મિથ્યાત્વની સ્થિતિને ઉલ્લંઘીને અને ઉપરની સ્થિતિને દબાવીને, મધ્યમાં અંતર્મુહૂર્ત્તના માનવાળા તેના પ્રદેશથી વેદવાયોગ્ય દલિકોના અભાવનું કરવું, તેના નિષ્પાદનનો કાળ પણ અંતરકરણના કાળમાં જ છે તે પણ, અંતર્મુહૂર્ત્ત પ્રમાણવાળા પ્રથમ સ્થિતિના બે અંતરકરણોને પણ એકીસાથે આરંભે છે અને અંતરકરણના પ્રથમ સમયમાં જ મિથ્યાત્વના બીજા સ્થિતિબંધને આરંભે છે તથા સ્થિતિબંધ અને અંતરકરણને એકીસાથે પૂર્ણ કરે છે.

○ વળી કરાતા અંતરકરણમાં ગુણશ્રેણિના સંખ્યાત ભાગને અંતરકરણના દલિક વડે ઉકેરે છે અને ઉકેરાતા દલિકને પ્રથમ સ્થિતિમાં અને બીજી સ્થિતિમાં ફેંકે છે.

○ અંતરકરણથી નીચેની સ્થિતિ પ્રથમ અને ઉપરની સ્થિતિ દ્વિતીય, એમ કહેવાય છે ત્યારબાદ ઉદય-ઉદીરણા વડે પ્રથમ સ્થિતિને અનુભવતા, જ્યાં સુધી આવલિકા દ્વિક શેષ રહેલ છે, ત્યાં સુધી ગયેલો છે.

○ ત્યાં રહેલાને પૂર્વપ્રવૃત્ત દ્વિતીય સ્થિતિમાંથી ઉદીરણાપ્રયોગથી દલિક ખેંચીને ઉદયમાં પ્રક્ષેપરૂપ આગાલ અહીં હોતો નથી, પરંતુ ફક્ત ઉદીરણા જ હોય છે. તે ઉદીરણા પણ જ્યાં સુધી શેષ આવલિકા ન થાય ત્યાં સુધી જ છે ત્યારબાદ તે ઉદીરણા પણ નિવૃત્ત થાય છે ત્યાર પછી કેવળ ઉદય વડે જ તે આવલિકાને અનુભવે છે. તે આવલિકા પણ ચાલી જતાં મિથ્યાત્વનો ઉદય પણ અટકે છે. તેના દલિકોનો અભાવ હોવાથી તે મિથ્યાત્વ ચાલ્યા જતાં ઉપશાન્ત અદ્ધાનો સમાગમ છે અને ત્યાં પ્રથમ સમયમાં જ ઉપશમસમ્યક્ત્વ પામે છે. અહીં ઉદય-ઉદીરણા આદિનો અભાવ થવાથી આવો ઉપશમનાકરણનો અધ્યવસાય જ 'ઉપશમના' કહેવાય છે.

○ વળી બીજું, ત્યાં ઔપશમિકના લાભના પ્રથમ સમયથી માંડી મિથ્યાત્વ દલિકને સમયે સમયે અંતર્મુહૂર્ત્ત સુધી સમ્યક્ત્વ અને સમ્યગ્ મિથ્યાત્વમાં સંક્રમાવે છે, કેમ કે-પ્રથમ સ્થિતિના ચરમ સમયમાં બીજી સ્થિતિમાં રહેલ દલિકના રસના ભેદથી શુદ્ધ-મિશ્ર-અશુદ્ધરૂપે વિભાગ છે.

○ આ ગુણસંક્રમણ કહેવાય છે, કેમ કે-ઔપશમિક સમ્યક્ત્વરૂપ પ્રશસ્ત ગુણસંપન્ન અંતરકરણમાં રહેલા આત્મા વડે કરાતું છે. આ પ્રમાણે સમ્યક્ત્વની ઉત્પત્તિનું નિરૂપણ પૂરું થાય છે.

○ આવા ઔપશમિક સમ્યક્ત્વવાળો ચારિત્રમોહના ઉપશમ માટે પ્રયત્ન કરતો નથી, પરંતુ ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ એવા બીજા નામવાળો વેદક સમ્યગ્દષ્ટિ, વળી તે અવિરત, દેશવિરત કે સર્વવિરત વિશોધિ અદ્ધામાં (કાળમાં) વર્તતો જ ચારિત્રમોહના ઉપશમ માટે પ્રયત્ન કરે છે પરંતુ સંક્લેશ અદ્ધા(કાળ)માં વર્તતો ચારિત્રમોહનીયના ઉપશમ માટે પ્રવર્તતો નથી.

○ ત્યાં અવિરત, યથાપ્રવૃત્તિ-અપૂર્વરૂપ બે કરણો કરીને દેશવિરત કે સર્વવિરત થાય છે. દેશવિરત તો બે કરણો કરીને સર્વવિરતિ પામશે, કેમ કે-આ બે કરણોની પ્રતિપત્તિ પછી અંતર્મુહૂર્ત્ત સુધી વર્ધમાન પરિણામનો નિયમ છે.

તેટલા પ્રમાણવાળી ઉદયાવલિકાની ઉપર ગુણશ્રેણિને સમયે સમયે દલિકરચનાની અપેક્ષાએ અનંતગુણ વૃદ્ધરૂપે બનાવે છે. ત્યારબાદ કોઈ એક આત્મા વર્ધમાન પરિણામવાળો, કોઈ એક આત્મા હીયમાન પરિણામવાળો અને કોઈ એક આત્મા અવસ્થિત (સ્થિર) પરિણામવાળો થાય છે.

○ વર્ધમાન પરિણામવાળો આગળ પણ વધતી ગુણશ્રેણિને કરે છે; હીયમાન, હીયમાન ગુણશ્રેણિને અને અવસ્થિત, અવસ્થિત ગુણશ્રેણિને કરે છે.

○ પરિણામના ઘટવાથી, દેશ-સર્વવિરતિ પરિણામથી, આભોગ (ઉપયોગ) સિવાય, પરિભ્રષ્ટ થયેલા (કેવળ કથંચિત્ પરિણામ ઘટવાથી દેશવિરત અવિરતિને અથવા સર્વવિરત દેશવિરતિને પામેલો હોતો, ફરીથી પણ પૂર્વપ્રતિપન્ન દેશવિરતિ કે સર્વવિરતિને કરણ વગરનો પણ પામે છે. આ પ્રમાણે અકૃતકરણવાળો અનેકવાર ગમનાગમન કરે છે, એવો ભાવ છે.) હોતો, ફરીથી પૂર્વપ્રતિપન્ન દેશવિરતિ કે સર્વવિરતિને અકૃતકરણવાળાઓ જ પામે છે. જેઓ આભોગથી (ઉપયોગથી) (જે આભોગ (ઉપયોગ)ની પ્રતિપત્તિથી નષ્ટ કરણવાળો દેશવિરતિથી કે સર્વવિરતિથી પરિભ્રષ્ટ થયેલો, મિથ્યાત્વે ગયેલો, ફરીથી પણ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત કાળથી-ઉત્કૃષ્ટથી ઘણા કાળે પૂર્વપ્રતિપન્ન પણ દેશવિરતિ કે સર્વવિરતિને બે કરણોના કરવાપૂર્વક પામે છે.) મિથ્યાત્વે ગયેલાઓ ફરીથી તે પામવાની ઇચ્છાવાળાઓ કરણપૂર્વક જ પામે છે. તેથી આ પ્રમાણે કૃતકરણ અને અકૃતકરણરૂપ દેશવિરતિ-સર્વવિરતિ લાભ જાણવો.

○ આ પ્રમાણે ચારિત્રમોહનીયની ઉપશમના બીજે (પૂર્વોક્ત ગુણસ્થાન ગ્રંથમાં) જાણવી.

○ આ પ્રમાણે ઉપશાન્તમોહનીય પ્રકૃતિઓ સંક્રમણ-ઉદ્વર્ત્તના-અપવર્ત્તના-ઉદીરણા-નિધત્તિ-અને નિકાચના કરણોને અયોગ્ય થાય છે.

○ દર્શનમોહનીય ત્રિકમાં તો ઉપશાન્ત થયા છતાં સંક્રમણ-અપવર્ત્તના નામક બે કરણો થાય છે. ત્યાં સમ્યક્ત્વમાં મિથ્યાત્વ-મિશ્રનો સંક્રમ છે, ત્રણેયની તો અપવર્ત્તના થાય છે.

○ જો કે ઉપશાન્તમોહમાં સંક્રમણ-ઉદ્વર્ત્તના-અપવર્તનાકરણો પણ થતા નથી, તેથી લક્ષણમાં તેના નહીં કહેવાથી ન્યૂનતા છે. તો પણ સર્વવિધ ઉપશમના સંગ્રહ માટે આ ત્રણ કરણો છોડીને લક્ષણ કરેલું છે, અન્યથા દેશથી ઉપશમનાનો સંગ્રહ ન થાય. આ પ્રમાણે સર્વોપશમના સંક્ષેપથી દર્શાવેલ છે.

○ દેશોપશમના=યથાપ્રવૃત્ત-અપૂર્વકરણ વડે પ્રકૃતિ આદિની દેશોપશમના, પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ-પ્રદેશરૂપ દેશોપશમના રૂપે, દરેક દરેક મૂળપ્રકૃતિ-ઉત્તરપ્રકૃતિ વિષયક દેશોપશમના ચાર પ્રકારની છે.

○ દેશોપશમના સઘળા કર્મોની થાય છે.

એકેન્દ્રિય-દ્વિન્દ્રિય-ત્રિન્દ્રિય-ચઉરિન્દ્રિય-અસંજ્ઞી-સંજ્ઞી-પંચેન્દ્રિય-તિર્યંચ-નારકો-દેવો અને મનુષ્યો, સંભવ પ્રમાણે અપૂર્વ ગુણસ્થાન સુધીના જીવો, દેશ ઉપશમના વડે મૂળપ્રકૃતિને કે ઉત્તરપ્રકૃતિને ઉપશમાવવા માટે સમર્થ થાય છે.

○ દેશ ઉપશમના વડે ઉપશમાવેલ કર્મોમાં, ઉદ્વર્ત્તના-અપવર્ત્તના-સંક્રમણરૂપ કરણો પ્રવર્ત્તે છે, બીજા નહીં.

○ દર્શનત્રિકના ઉપશમકો-વિરતો પોતાના અપૂર્વકરણના અંત સમય સુધી દેશોપમના કરે છે.

○ અનંતાનુબંધીઓના વિસંયોજનમાં (વિષયમાં) ચતુર્ગતિના જીવો પણ પોતાના અપૂર્વકરણના અંતિમ સમય સુધી દેશોપશમકો હોય છે.

ο શેષ (બાકીના) ચારિત્રમોહનીય પ્રકૃતિઓની ઉપશમનામાં કે ક્ષપણામાં અપૂર્વકરણ ગુણસ્થાનના ચરમ સમય સુધી દેશોપશમના થાય છે.

ο વળી શેષ પ્રકૃતિઓની સર્વોપશમના થતી જ નથી, પરંતુ દેશોપશમના જ અને તે પણ અપૂર્વ ગુણસ્થાનક સુધી. વિશેષ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવું, એમ દિગ્દર્શન છે.

લક્ષણની અંદર રહેલ ઉદીરણા આદિ કરણવિશેષ છે એમ જાણેલું હોઈ, હવે ઉદયપદના અર્થને કહે છે.

ઉદય-સ્થિતિના ક્ષયથી (મૂલ-ઉત્તરપ્રકૃતિ વિષયવાળો ઉદય ધ્રુવ-અધ્રુવ-સાદિ-અનાદિ રૂપથી ચાર પ્રકારનો છે. જ્ઞાન-દર્શનાવરણ-અંતરાયોનો ઉદય ક્ષીણમોહના અંત સમય સુધી, મોહનો ઉદય ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધી અને વેદનીય-નામ-ગોત્ર-આયુષ્યોનો ઉદય સયોગી ગુણસ્થાનકના અંત સમય સુધી જાણવો. ત્યાં સ્થિતિના ઉદયની અપેક્ષાએ કહે છે કે-'स्थितिक्षयेणे'ति.) અથવા પ્રયોગથી બે પ્રકારનો ઉદય થાય છે. ઉદયના હેતુરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ-ભવોની પ્રાપ્તિ થતાં અબાધાકાળરૂપ સ્થિતિનો ક્ષય થવાથી જે કર્મપુદ્ગલોનો સ્વભાવથી ઉદય પ્રવર્ત્તે છે, તે 'સ્થિતિક્ષયથી ઉદય' જાણવો.

ο વળી જે અન્યના પ્રવર્ત્તતા ઉદયમાં કરણવિશેષરૂપ પ્રયોગથી ઉદય પ્રવર્ત્તે છે, તે પ્રયોગથી ઉદય કહેવાય છે. એવા આશયથી કહ્યું છે કે-'कर्मपुद्गलनाम्' ઇત્યાદિ.

ο પ્રાયઃ કરીને જ્યાં ઉદય છે ત્યાં ઉદીરણા છે અને જ્યાં ઉદીરણા છે ત્યાં ઉદય છે. આ પ્રમાણે ઉદય-ઉદીરણા સહભાવી હોઈ, જ્ઞાનાવરણ પાંચ (૫), દર્શનાવરણ ચાર (૪), અંતરાય પાંચ (૫), સંજ્વલન લોભ-વેદ ત્રણ (૩) અને સમ્યક્ત્વ-સમ્યગ્ મિથ્યાત્વરૂપ વીશ (૨૦) પ્રકૃતિઓને મૂકીને બાકીનીઓનું ઉદીરણા માફક જ સાદિ-અનાદિ થાય છે.

ο આ પ્રકૃતિઓનો તો પોતપોતાના ઉદયના અંતમાં ઉદીરણા સિવાય પણ કેવળ ઉદયથી આવલિકા કાળ સુધીનો અનુભવ થાય છે. વિશેષ અન્ય ગ્રંથથી જોવો. ઇતિ

अथ निधत्तिमाह -

कर्मणामुद्वर्त्तनापवर्त्तनान्यकरणायोग्यत्वेन व्यवस्थापनानुकूलवीर्यविशेषो निधत्तिः ।२५।

कर्मणामिति । येन वीर्यविशेषेण कर्मणामुद्वर्त्तनापवर्त्तनाभिन्नानि करणानि न प्रवर्त्तन्ते प्रवर्त्तेते च ते तादृशो वीर्यविशेषो निधत्तिनामेत्यर्थः । देशोपशमनावद्भेदस्वामिनावस्यापि । यत्रगुणश्रेणिस्तत्र प्रायो देशोपशमनानिधत्तिनिकाचनायथाप्रवृत्तसङ्क्रमा अपि सम्भवन्ति, तत्र गुणप्रदेशाग्रं स्तोकं ततो देशोपशमनाया असंख्येयगुणं ततो निधत्तमसंख्येयगुणं ततो निकाचितमसंख्येयगुणं ततोऽपि यथाप्रवृत्तसंक्रमेण संक्रान्तमसंख्येयगुणं भवति । स्वामिनस्तु सर्वेऽप्येकद्वित्रिचतुरिन्द्रियासंज्ञिसंज्ञिपञ्चेन्द्रियतिर्यङ्नारकदेवा मनुष्याश्च यथासम्भवमपूर्वकरण-

पर्यवसानास्सर्वकर्मणां देशोपशमनास्वामिनः । अथ प्रसङ्गाद्देशोपशमना किञ्चिद्विचार्यते । देशोपशमना मूलप्रकृतीनामष्टानामपूर्वगुणस्थानकादूर्ध्वं गत्वा पततां प्रवर्त्तमाना सादिः, तत्स्थानमप्राप्तानामनादिः, ध्रुवाऽभव्यानां, भव्यानां त्वध्रुवा देशोपशमनामधिकृत्य मोहनीयस्य चतुःपञ्चषट्सप्ताष्टैकविंशतिभेदेन षट्प्रकृतिस्थानानि, शेषाणि तु अनिवृत्तिबादरे प्राप्यमाणत्वादत्र न सम्भवन्ति । मिथ्यादृष्टिसास्वादनसम्यङ्मिथ्यादृष्टिवेदकसम्यग्दृष्टीनामष्टाविंशतिस्थानं, उद्वलितसम्यक्त्वस्य मिथ्यादृष्टेः सम्यङ्मिथ्यादृष्टेर्वा षड्विंशतिसत्कर्मणो मिथ्यादृष्टेस्सम्यक्त्वमुत्पादयतोऽपूर्वकरणात्परतः पञ्चविंशतिस्थानं वेदितव्यं मिथ्यात्वप्रदेशोपशमनाया अभावात् । तथानन्तानुबन्धिनामुद्वलनेऽपूर्वकरणात्परतो विद्यमानस्य चतुर्विंशतिस्थानं, चतुर्विंशतिसत्कर्मणो वा चतुर्विंशतिस्थानं । क्षपितसप्तकस्यैकविंशतिस्थानमिति । नामकर्मणस्तु त्र्युत्तरशतं द्वयुत्तरशतं षण्णवतिः पञ्चनवतिः, त्रिनवतिः, चतुरशीतिद्वर्यशीतिश्चेति देशोपशमनायोग्यानि । तत्रादिमानि चत्वारि यावदपूर्वकरणगुणस्थानकचरमसमयं तावद्वेदितव्यानि न परतः, शेषाणि त्रीणि एकेन्द्रियाणां भवन्ति श्रेणिं प्रतिपद्यमानानान्तु न सम्भवन्ति शेषाणि स्थानानि अपूर्वकरणगुणस्थानकात्परतोलभ्यन्त इति तानि देशोपशमनाऽयोग्यानि । ज्ञानावरणदर्शनावरणवेदनीयान्तरायाणामेकैकं प्रकृतिस्थानं देशोपशमनायोग्यं तत्र ज्ञानावरणान्तराययोः पञ्चप्रकृत्यात्मकं, दर्शनावरणस्य नवप्रकृत्यात्मकं, वेदनीयस्य द्विप्रकृत्यात्मकं आयुषो द्वे प्रकृतिस्थाने द्वे प्रकृती एका च, तत्राबद्धपरभवायुष्कस्यैका, बद्धपरभवायुषस्तु द्वे, गोत्रस्य द्वे प्रकृतिस्थाने देशोपशमनायोग्ये, एका द्वे चेति, अनुद्वलितोच्चैर्गोत्रस्य द्वे, उद्वलितोच्चैर्गोत्रस्यैकेति ॥

एवं स्थित्यनुभागप्रदेशदेशोपशमनास्थित्यनुभागप्रदेशसंक्रमवत्प्रायो भवत्यतस्साऽन्यत्र द्रष्टव्या ॥

હવે નિધત્તિકરણને કહે છે-

ભાવાર્થ - કર્મોની ઉદ્વર્ત્તના-અપવર્ત્તનાથી ભિન્ન કરણોના અયોગ્યપણાએ વ્યવસ્થા કરવાને અનુકૂળ વીર્યવિશેષ, એ 'નિધત્તિ' કહેવાય છે.

વિવેચન - કર્મણામિતિ. જે વીર્યવિશેષથી કર્મોમાં ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના સિવાયના કરણો પ્રવર્ત્તતા નથી અને તે ઉદ્વર્ત્તના અને અપવર્ત્તનારૂપી બે કરણો પ્રવર્ત્તે છે, તેવો વીર્યવિશેષ 'નિધત્તિ' નામવાળો, એવો અર્થ છે. આ નિધત્તિકરણના પણ દેશોપશમનાની માફક ભેદ અને સ્વામી સમજવા.

○ જ્યાં ગુણશ્રેણિ છે, ત્યાં પ્રાયઃ દેશોપશમના-નિધત્તિ-નિકાચના-યથાપ્રવૃત્ત-સંક્રમો પણ થાય છે. ત્યાં ગુણપ્રદેશો થોડા છે, તેનાથી દેશોપશમના અસંખ્યાતગુણા છે, તેનાથી નિધત્ત અસંખ્યાતગુણા છે, તેનાથી નિકાચિત અસંખ્યાતગુણા છે અને તેનાથી યથાપ્રવૃત્ત સંક્રમથી સંક્રાન્ત અસંખ્યાતગુણા હોય છે.

○ સ્વામીઓ-સઘળાય એકેન્દ્રિય-દ્વિન્દ્રિય ત્રિન્દ્રિય-ચૌરિન્દ્રિય-અસંજ્ઞી-સંજ્ઞીપંચેન્દ્રિય-તિર્યંચ-નારકો-દેવો અને મનુષ્યો, સંભવ પ્રમાણે અપૂર્વકરણ સુધીના જીવો, સર્વ કર્મોની દેશોપશમનાના સ્વામીઓ છે.

હવે પ્રસંગથી દેશોપશમના કંઈક વિચારાય છે.

○ દેશોપશમના, આઠ (૮) મૂલપ્રકૃતિઓની અપૂર્વ ગુણસ્થાનકથી આગળ જઈને પડનારાઓને પ્રવર્ત્તતી 'સાદિ' કહેવાય છે. તે નહીં પ્રાપ્ત કરનારાઓને 'અનાદિ' છે, અભવ્યોને 'ધ્રુવ' છે અને ભવ્યોને તો 'અધ્રુવ' છે.

○ દેશોપશમનાને ઉદ્દેશી મોહનીયના ૪-૫-૬-૭-૮-૨૧ના ભેદથી છ (૬) પ્રકૃતિસ્થાનો છે. બાકીના સ્થાનો તો અનિવૃત્તિ બાદરમાં પ્રાપ્ત થતા હોવાથી અહીં સંભવિત નથી.

○ મિથ્યાદૃષ્ટિ-સાસ્વાદન-સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ-વેદક સમ્યગ્દૃષ્ટિઓને (૨૮) સ્થાનો છે, સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરનાર મિથ્યાદૃષ્ટિને કે સમ્યગ્ મિથ્યાદૃષ્ટિને (૨૭) સ્થાનો છે અને ઉદ્વલિત સમ્યક્ત્વવાળા સમ્યક્ મિથ્યાદૃષ્ટિને અથવા અનાદિ મિથ્યાદૃષ્ટિને છવીશ (૨૬) સ્થાનો છે. છવીશની સત્તાવાળા સમ્યક્ત્વને પેદા કરતાં મિથ્યાદૃષ્ટિને અપૂર્વકરણથી પછી (૨૫) સ્થાનો જાણવાં, કેમ કે-મિથ્યાત્વપ્રદેશના ઉપશમનાનો અભાવ છે.

○ તેમજ અનંતાનુબંધીઓના ઉદ્વલનમાં અપૂર્વકરણથી પછી વિદ્યમાનને (૨૪) સ્થાનો છે, ચોવીશ સત્તાવાળાને (૨૪) સ્થાનો છે.

○ સપ્તકના ક્ષય કરનારને (૨૧) સ્થાનો છે. ઇતિ.

○ નામકર્મના તો ૧-૧૦૩, ૨-૧૦૨, ૩-૯૬, ૪-૯૫, ૫-૯૩, ૬-૮૪, ૭-૮૨, આ પ્રમાણે દેશોપશમનાના યોગ્ય સ્થાનો છે.

ત્યાં પહેલાના ચાર સ્થાનો અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમય સુધી જાણવા, પછીથી નહિ. બાકીના ત્રણ સ્થાનો એકેન્દ્રિયોને હોય છે, શ્રેણિને પામનારાને તો સંભવતા નથી. શેષ સ્થાનો અપૂર્વગુણસ્થાનક પછી મેળવાય છે, માટે તે દેશોપશમનાને અયોગ્ય છે.

○ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયોને એક એક પ્રકૃતિસ્થાન દેશોપશમનાને યોગ્ય છે. ત્યાં જ્ઞાનાવરણ અને અંતરાયને પાંચ પ્રકૃતિરૂપ એક એક સ્થાન, દર્શનાવરણને નવ પ્રકૃતિરૂપ એક એક સ્થાન અને વેદનીયને બે પ્રકૃતિરૂપ એક એક સ્થાન હોય છે.

○ આયુષ્યને તો બે પ્રકૃતિસ્થાન રૂપ બે પ્રકૃતિઓ અને એક પ્રકૃતિ હોય છે. ત્યાં પરભવના આયુષ્યને નહીં બાંધનારને એક પ્રકૃતિ, પરભવના આયુષ્યને બાંધનારને બે આયુષ્યના સ્થાનો (એક ચાલુ અને એક પરભવનું) હોય છે.

० ગોત્રને બે પ્રકૃતિસ્થાનો દેશોપશમનાને યોગ્ય છે. એક અને બે એમ છે. ઉચ્ચ ગોત્રની ઉદ્વલના નહિ કરનારને બે છે, ઉચ્ચ ગોત્રની ઉદ્વલના કરનારને એક પ્રકૃતિ છે, એમ જાણવું.

આવી રીતે સ્થિતિ-અનુભાગ-પ્રદેશ-દેશોપશમના, સ્થિતિ-અનુભાગ-પ્રદેશ-સંક્રમની માફક પ્રાયઃ થાય છે, માટે તે દેશોપશમના બીજે સ્થાને જાણવી.

अथ निकाचनामाह -

करणसामान्यायोग्यत्वेनावश्यवेद्यतया व्यवस्थापनाप्रयोजकवीर्यविशेषो निकाचना ।२६।

करणेति । येन वीर्यविशेषेण कर्माणि सकलकरणायोग्यत्वेनावश्यवेद्यतया च व्यवस्थापयति स वीर्यविशेषो निकाचनेत्यर्थः । इयमपि भेदादितो देशोपशमनातुल्यैवावसेयेति ॥

હવે નિકાચનાને કહે છે-

ભાવાર્થ - સઘળા કરણોને અયોગ્ય હોઈ અવશ્ય વેદવાયોગ્યપણાએ વ્યવસ્થાકારક વીર્યવિશેષ, એ 'નિકાચના' કહેવાય છે.

વિવેચન - જે વિશિષ્ટ વીર્યથી કર્મોને સકળ કરણોને અયોગ્યરૂપે અને અવશ્ય વેદવાયોગ્યરૂપે આત્મા વ્યવસ્થિત કરે છે, તે વિશિષ્ટ વીર્ય 'નિકાચના' એવો અર્થ છે.

આ નિકાચના પણ ભેદ વગેરેથી દેશોપશમનાની તુલ્ય જ જાણવી. ઇતિ.

इत्येवं चतुर्विधं बन्धं करणानि च लक्षयित्वाऽथ मूलोत्तरभेदभिन्नं प्रकृतिबन्धं पुण्यपापनिरूपणे निरूपितोत्तरभेदं सम्प्रति मूलभेदप्रदर्शनेन साङ्गं विदधातुकाम आह -

तत्र मूलप्रकृतिबन्धश्च ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायभेदेनाष्टविधः ।२७।

तत्रेति । ज्ञानदर्शनयोर्द्वन्द्वोत्तरमावरणशब्देन तत्पुरुषस्ततस्सर्वेषां द्वन्द्वः । ज्ञानं दर्शनं हि जीवस्य स्वतत्त्वभूतं तदभावे जीवत्वस्यैवायोगात् चेतनालक्षणत्वाज्जीवस्य, ज्ञानदर्शनयोरपि मध्ये ज्ञानं प्रधानं, तद्वशादेव सकलशास्त्रादिविचारसन्ततिप्रवृत्तेः । किञ्च सर्वा अपि लब्धयो जीवस्य साकारोपयोगयुक्तस्य जायन्ते न दर्शनोपयोगयुक्तस्य । अपि च यस्मिन् समये सकलकर्म विमुक्तो जीवस्संजायते तस्मिन् समये ज्ञानोपयोगयुक्त एव, न दर्शनोपयोगयुक्तः, दर्शनोपयोगस्य द्वितीयसमये भावात् । ततो ज्ञानं प्रधानं तदावरणं ज्ञानावरणं कर्म, ततस्तत्प्रथममुक्तं । तदनन्तरं च दर्शनावरणं, ज्ञानोपयोगाच्च्युतस्य दर्शनोपयोगात् । एते च ज्ञानदर्शनावरणे स्वविपाकमुपदर्शयती यथायोगमवश्यं सुखदुःखरूपवेदनीयकर्मविपाकोदयनिमित्ते

भवतः, तथा हि ज्ञानावरणमुपचयोत्कर्षप्राप्तं विपाकतोऽनुभवन् सूक्ष्मसूक्ष्मतरवस्तुविचारासमर्थ मात्मानं जानानः खिद्यते भूरिलोकः, ज्ञानावरणकर्मक्षयोपशमपाटवोपेतश्च सूक्ष्मसूक्ष्मतराणि वस्तूनि निजप्रज्ञया विन्दानो बहुजनातिशायिनमात्मानं पश्यन् सुखं वेदयते । तथाऽतिनिबिडदर्शनावरणविपाकोदये जात्यन्धादिरनुभवति दुःखसम्मोहं वचनगोचरातिक्रान्तं, दर्शनावरणक्षयोपशमपटिष्ठतापरिकरितश्च स्पष्टचक्षुराद्युपेतो यथावद्वस्तुनिकुरुम्बं सम्यगवलोकमानो वेदयतेऽमन्दमानन्दसन्दोहम् । तत एतदर्थप्रतिपत्त्यर्थं दर्शनावरणानन्तरं वेदनीयग्रहणम् । वेदनीयञ्च सुखदुःखे जनयतीत्यभीष्टानभीष्टविषयसम्बन्धे चावश्यं संसारिणां रागद्वेषौ, तौ च मोहनीयहेतुकौ, तत एतदर्थप्रतिपत्तये वेदनीयानन्तरं मोहनीयग्रहणं, मोहनीयमूढाश्च जन्तवो बह्वारम्भाः परिग्रहप्रभृतिकर्मादानासक्ता नरकाद्यायुष्कमारचयन्ति, ततो मोहनीयानन्तरमायुर्ग्रहणम् । नरकाद्यायुष्कोदये चावश्यं नरकगत्यादिनामान्युदयमायान्ति, तत आयुरनन्तरं नामग्रहणम् । नामकर्मोदये च नियमादुच्चनीचान्यतरगोत्रकर्मविपाकोदयेन भवितव्यमतो नामग्रहणानन्तरं गोत्रग्रहणम् । गोत्रोदयेन चोच्चैःकुलोत्पन्नस्य प्रायो दानलाभान्तरायादिक्षयोपशमो भवति राजप्रभृतीनां प्राचुर्येण दानलाभादिदर्शनात् । नीचैःकुलोत्पन्नस्य तु दानलाभान्तरायाद्युदयो नीचजातीनां तथा दर्शनात्, तत एतदर्थप्रतिपत्त्यर्थं गोत्रानन्तरमन्तरायग्रहणमिति । यस्य ज्ञानावरणीयं तस्य नियमेन दर्शनावरणीयमस्ति, यस्य दर्शनावरणीयमस्ति तस्यापि नियमेन ज्ञानावरणीयमस्ति । यस्य ज्ञानावरणीयमस्ति, यस्य नियमेन वेदनीयमस्ति, यस्य वेदनीयमस्ति तस्य केवल्यपेक्षया ज्ञानावरणीयं नास्ति, तद्भिन्नापेक्षया चास्ति तत् । मोहक्षये सति यावदनुत्पन्नकेवलज्ञानं तस्य क्षपकस्य ज्ञानावरणीयमस्ति मोहनीयञ्च नास्ति, अक्षपकस्य तूभयमस्ति । मोहनीयसत्त्वे ज्ञानावरणस्यावश्यम्भावनियमात् । ज्ञानावरणेन सह वेदनीयवदायुर्नामगोत्राणामपि भाव्यम् । अन्तरायस्य तु दर्शनावरणीयवत्परस्परं व्याप्यव्यापकभावो विज्ञेयः । दर्शनावरणीयेन समं शेषकर्मणां भावाभावविचारो ज्ञानावरणीयवदेव । वेदनीयेन सहाक्षीणमोहापेक्षया नियमेन मोहनीयमस्ति क्षीणमोहापेक्षया तु मोहनीयं नास्ति, यस्य तु मोहनीयमस्ति तस्य नियमेन वेदनीयमस्ति । एवं वेदनीयेन सहायुर्नामगोत्राणां परस्परं व्याप्यव्यापकभावो विज्ञेयः । अन्तरायस्तु वेदनीयसत्त्वेऽकेवलिनां नियमेनास्ति, केवलिनान्तु नास्ति । अन्तरायसत्त्वे च वेदनीयं नियमेन वर्त्तते । यस्य मोहनीयमस्ति तस्य नियमेनायुरस्ति यस्यायुरस्ति तस्याक्षीणमोहस्य मोहनीयमस्ति क्षीणमोहस्य तु नास्ति । एवमेव यस्य मोहनीयं तस्य नामगोत्रान्तरायाणि नियमात्सन्ति, यस्य तु तानि सन्ति तस्याक्षीणमोहस्य मोहनीयमस्ति परस्य नास्ति । यस्यायुरस्ति तस्य नियमेन

नामगोत्रे यस्य नामगोत्रे तस्य नियमेनायुरस्ति । यस्य त्वायुस्तस्यान्तरायः केवल्यपेक्षया नास्ति, अकेवल्यपेक्षयात्वस्ति । नामगोत्रयोश्च परस्परं व्याप्यव्यापकभावनियमः, नामसत्त्वेऽन्तरायस्तु क्वचित् स्यात्क्वचिन्न स्यात् । अन्तरायसत्त्वे तु नामावश्यमस्ति । एवं गोत्रान्तराययोरपि भाव्यमिति ॥

આ પ્રમાણે ચાર પ્રકારના બંધના અને કરણોના લક્ષણ બતાવીને, હવે મૂલ-ઉત્તરના ભેદવાળા, જેના ઉત્તરભેદોનું વર્ણન પુણ્ય અને પાપના નિરૂપણમાં કરેલ છે એવા, હમણાં મૂલભેદના દર્શાવવા દ્વારા અંગ સહિત કરવાની ઇચ્છાવાળા પ્રકૃતિબંધને કહે છે.

હવે મૂળપ્રકૃતિબંધને કહે છે-

ભાવાર્થ - ત્યાં વળી મૂલપ્રકૃતિબંધ, જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-મોહનીય-આયુષ્ય-નામ-ગોત્ર-અંતરાયના ભેદથી આઠ (૮) પ્રકારનો છે.

વિવેચન - જ્ઞાન અને દર્શનનો દ્વન્દ્વસમાસ કર્યા બાદ આવરણ શબ્દની સાથે તત્પુરુષ કરવો અને ત્યારપછી સર્વ પદોનો દ્વન્દ્વ સમાસ કરવો.

ખરેખર, જ્ઞાન-દર્શન જીવના સ્વભાવભૂત છે. તેના અભાવમાં જીવપણાનો અભાવ હોઈ, જીવનું ચેતનાલક્ષણ હોઈ, વળી જ્ઞાન અને દર્શનના મધ્યમાં જ્ઞાન પ્રધાન છે; કેમ કે-જ્ઞાનના વશે જ સકળ શાસ્ત્ર આદિ વિચારપરંપરાની પ્રવૃત્તિ છે, વળી સઘળીય લબ્ધિઓ સાકારરૂપ ઉપયોગવાળા જીવમાં જ ઉત્પન્ન થાય છે, દર્શનરૂપ ઉપયોગવાળામાં નહીં. વળી જે સમયમાં સકળ કર્મોથી રહિત જીવ થાય છે, તે સમયમાં જ્ઞાનરૂપ ઉપયોગવાળો જ હોય છે, દર્શનરૂપ ઉપયોગવાળો નહિ; કેમ કે-બીજા સમયમાં દર્શનરૂપ ઉપયોગ હોય છે, તેથી જ્ઞાન પ્રધાન છે. તેને આવરનાર જ્ઞાનાવરણકર્મ છે તેથી તે પહેલાં કહેલું છે અને ત્યારબાદ દર્શનાવરણ કહેલું છે, કેમ કે-જ્ઞાનના ઉપયોગથી ખસેલાને દર્શન ઉપયોગ છે.

○ આ જ્ઞાન-દર્શનાવરણો સ્વવિપાકને બતાવતાં, યોગ પ્રમાણે અવશ્ય સુખ-દુઃખ રૂપે વેદનીયકર્મના વિપાક ઉદય પ્રત્યે નિમિત્ત થાય છે.

○ તથાહિ વૃદ્ધિના ઉત્કર્ષને પામેલા જ્ઞાનાવરણનો ઉદયથી અનુભવ કરનારો ઘણો લોક, સૂક્ષ્મ-સૂક્ષ્મતર વસ્તુના વિચારમાં પોતાને અશક્ત જાણતો શોકાતુર બને છે; અને જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમની પટુતા(તીક્ષ્ણતા-નિપુણતા) સંપન્ન આત્મા, પોતાની પ્રતિભાથી સૂક્ષ્મ-સૂક્ષ્મતર વસ્તુઓને જાણતો (મેળવતો),ઘણા જનોથી આત્માને મહાન માનતો સુખ-આનંદને અનુભવે છે.

તેવી રીતે અત્યંત ગાઢ દર્શનાવરણના વિપાક ઉદયમાં જન્માંધ આદિ આત્મા, અવર્ણનીય દુઃખથી મુંઝવણને અનુભવે છે; અને દર્શનાવરણના ક્ષયોપશમની પટિષ્ઠતા સંપન્ન આત્મા, સ્પષ્ટ ચક્ષુ આદિવાળો અને યથાર્થ વસ્તુના સમુદાયને સારી રીતે જોતો અમંદ આનંદના વૃંદને અનુભવે છે. તેથી જ આ વસ્તુ દર્શાવવા માટે દર્શનાવરણ પછી વેદનીયનું ગ્રહણ કરેલ છે.

અને વેદનીય સુખ-દુઃખને પેદા કરે છે. આ પ્રમાણે ઇષ્ટ-અનિષ્ટ વિષયો સંબંધમાં અવશ્ય સંસારીઓને રાગ અને દ્વેષ જે થાય છે, તે મોહનીયકર્મથી પેદા થાય છે. તેથી આ અર્થના સ્વીકાર માટે વેદનીય બાદ

મોહનીયનું ગ્રહણ છે. વળી મોહનીયથી મૂઢ બનેલા જંતુઓ, ઘણાં આરંભવાળા-પરિગ્રહ વગેરે કર્માદાનમાં આસક્ત થયેલા નરક આદિના આયુષ્યને બાંધે છે, તેથી મોહનીય બાદ આયુષ્યનું ગ્રહણ કરે છે. નરક આદિના આયુષ્યના ઉદયમાં અવશ્ય નરકગતિ આદિ નામકર્મો ઉદયમાં આવે છે, તેથી આયુષ્ય બાદ નામકર્મનું ગ્રહણ છે. વળી નામકર્મના ઉદયમાં નિયમા ઉચ્ચ-નીચમાંથી કોઈ એક ગોત્રકર્મના વિપાક ઉદય થાય જ, એથી નામગ્રહણ બાદ ગોત્રનું ગ્રહણ છે. ગોત્રના ઉદયથી ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલાને પ્રાયઃ દાન-લાભ આદિ અંતરાયોનો ક્ષય (ક્ષયોપશમ) થાય છે, કેમ કે-રાજા વગેરેમાં પ્રચુરતાથી દાન-લાભ આદિ દેખાય છે; અને નીચ કુળમાં ઉત્પન્ન થયેલાને તો દાન-લાભ આદિ અંતરાયોનો ઉદય છે, કેમ કે-નીચ જાતિઓમાં તેમજ દેખાય છે. તેથી આ વસ્તુના સ્વીકાર માટે ગોત્ર બાદ અંતરાયનું ગ્રહણ છે.

○ જેમાં જ્ઞાનાવરણીય છે. તેમાં નિયમા દર્શનાવરણીય છે. જેમાં દર્શનાવરણીય છે, તેમાં નિયમા જ્ઞાનાવરણીય છે. જેમાં જ્ઞાનાવરણીય છે, તેમાં નિયમા વેદનીય છે. જેમાં વેદનીય છે, તેમાં કેવલીની અપેક્ષાએ જ્ઞાનાવરણીય નથી. તે કેવલી ભિન્નની અપેક્ષાએ તે જ્ઞાનાવરણીય છે.

○ મોહનો ક્ષય થવાથી જયાં સુધી કેવળજ્ઞાન ઉત્પન્ન નથી થયું, એવા તે ક્ષપકને જ્ઞાનાવરણીય છે અને મોહનીય નથી. અક્ષપકને તો બંને છે, કેમ કે-મોહનીયકર્મની સત્તામાં જ્ઞાનાવરણીયની અવશ્ય સત્તાનો નિયમ છે. જ્ઞાનાવરણીયની સાથે વેદનીયની માફક આયુષ્ય-નામ-ગોત્રનો પણ વિચાર કરવો.

અંતરાયનો તો દર્શનાવરણીયની માફક વ્યાપ્ય વ્યાપકભાવ જાણવો. દર્શનાવરણીયની સાથે બાકીના કર્મોનો ભાવાભાવનો વિચાર જ્ઞાનાવરણીયની માફક જાણવો. વેદનીયની સાથે અક્ષીણમોહની અપેક્ષાએ નિયમા મોહનીય છે, ક્ષીણમોહની અપેક્ષાએ તો મોહનીય નથી. જેમાં મોહનીય છે, તેમાં તો નિયમા વેદનીય છે. આ પ્રમાણે વેદનીયની સાથે આયુષ્ય-નામ-ગોત્રોનો પરસ્પર વ્યાપ્ય વ્યાપકભાવ જાણવો.

અંતરાય તો વેદનીયની વિદ્યમાનતામાં અકેવલીઓને નિયમા છે, કેવલીઓને તો નથી.

અંતરાયની હાજરીમાં વેદનીય નિયમા વર્તે છે. જેમાં મોહનીય છે, તેમાં નિયમા આયુષ્ય છે. જેમાં આયુષ્ય છે, તે અક્ષીણમોહમાં મોહનીય છે, ક્ષીણમોહમાં તો નથી. એ પ્રમાણે જેમાં મોહનીય છે, તેમાં નામ-ગોત્ર-અંતરાયો નિયમા છે. જેમાં તે નામ-ગોત્ર અંતરાયો છે, તે અક્ષીણમોહમાં મોહનીય છે, ક્ષીણમોહમાં નથી. જેમાં આયુષ્ય છે, તેમાં નિયમા નામ-ગોત્ર છે. જેમાં નામ-ગોત્ર છે, તેમાં નિયમા આયુષ્ય છે. જેમાં આયુષ્ય છે, તેમાં અંતરાય કેવલીની અપેક્ષાએ નથી, અકેવલીની અપેક્ષાએ તો છે. નામ અને ગોત્રનો પરસ્પર વ્યાપ્ય વ્યાપકભાવ નિયમા છે. નામની સત્તામાં અંતરાય તો કવચિત્ (અક્ષીણમોહમાં) હોય અને કવચિત્ (ક્ષીણમોહમાં) ન હોય. પરંતુ અંતરાયની સત્તામાં તો નામ અવશ્ય છે. આ પ્રમાણે ગોત્ર અને અંતરાયમાં વિચારવું.

ज्ञानावरणीयादीनामवान्तरभेदा एव प्रकृतिबन्धस्योत्तरभेदा विंशतियुतशतरूपा इत्याह -

एषामवान्तरभेदा विंशत्युत्तरशतात्मका बोध्याः । विवृताश्चैते पुण्यपापतत्त्वयोः । उदये च सम्यक्त्वमोहनीयमिश्रमोहनीयसहिता द्वाविंशत्युत्तरशतभेदा भवन्ति । सत्तायान्त्वष्टपञ्चाशदुत्तरशतभेदाः स्युः । विवृताश्चैते सर्वे कर्मग्रन्थे ।२८।

एषामिति । ज्ञानावरणीयादिकर्मणामित्यर्थः । के ते भेदा इत्यत्राह विवृता इति, एते-भेदाः, उदये कियन्तो भेदा इत्यत्राहोदये चेति । अयं भावः, बन्धोदययोश्चिन्त्यमानयोर्बन्धननामानि संघातननामानि च स्वस्वशरीरान्तर्गततया विवक्ष्यन्ते, न तु पृथक्तया, तथा वर्णचतुष्टयस्योत्तरभेदाः क्रमेण पञ्चद्विपञ्चाष्टसंख्याका बन्धोदययोर्न पृथक् विवक्षणीयाः परन्तु वर्णगन्धरसस्पर्शाश्चत्वार एव । बन्धे चिन्त्यमाने च सम्यक्त्वसम्यङ्मिथ्यात्वे न गृह्येते तयोर्बन्धाभावात् । तथा च बन्धचिन्तने बन्धनपञ्चकसंघातनपञ्चकवर्णादिषोडशकानि सत्तागतनाम्नस्त्रिनवतेरपनीयन्ते शेषास्सप्तषष्टिर्गृह्यन्ते, मोहनीयप्रकृतयश्च सम्यक्त्वसम्यङ्मिथ्यात्वहीनाष्षड्विंशतिस्तत्तस्सर्व-प्रकृतिसंख्यायोगे बन्धे विंशत्युत्तरशतं प्रकृतयो भवन्ति । उदये च चिन्त्यमाने सम्यक्त्वमिश्रे अप्युदयमायात इति ते अपि परिगृह्येते, तस्मादुदये द्वाविंशंशतमित्यभिप्रायेणोक्तं सम्यक्त्वे-त्यादि । सत्तायां कियन्त इत्यत्राह सत्तायान्त्विति । सत्तायान्तु चिन्त्यमानायां बन्धन-पञ्चकसंघातनपञ्चकवर्णादिषोडशकञ्च संयोज्य प्रकृतीनामष्टचत्वारिंशं शतं विज्ञेयम् । यदा तु पुनर्गर्गर्षिशिवशर्मप्रभृत्याचार्याणां मतेनाष्टपञ्चाशदधिकं प्रकृतिशतं सत्तायामधिक्रियते तदा बन्धनानि पञ्चदश विवक्ष्यन्ते ततोऽष्टचत्वारिंशदधिकस्य प्रकृतिशतस्योपरिबन्धनगततादृश-प्रकृतयोऽधिकाः प्राप्यन्ते तदा भवत्यष्टपञ्चाशदुत्तरं प्रकृतिशतमितिभावः । तदेतत्सर्वं कर्मग्रन्थादौ दर्शितमित्याह विवृता इति, श्रीविजयदेवेन्द्रसूरिमहर्षिकृते, कर्मग्रन्थे-कर्मविपाकादिग्रन्थषट्क इतिभावः ॥

જ્ઞાનાવરણીય આદિના પેટાભેદો જ પ્રકૃતિબંધના ૧૨૦ રૂપ ઉત્તરભેદોનું વર્ણન-

ભાવાર્થ - આ કર્મોના પેટાભેદો ૧૨૦ રૂપ જાણવાં. આ પેટાભેદોનું વિવરણ પુણ્ય અને પાપતત્ત્વમાં કરેલ છે. વળી ઉદયનાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય સાથે ૧૨૨ ભેદો થાય છે. સત્તામાં તો ૧૫૮ ભેદો હોય છે. આ બધાનું વિવરણ કર્મગ્રંથમાં છે.

વિવેચન - એષામિતિ=આ જ્ઞાનાવરણીય આદિ કર્મોનો એવો અર્થ છે. તે કયા કયા ભેદો ? આના જવાબમાં કહે છે કે-'આ ભેદોનું વિવરણ પુણ્ય-પાપતત્ત્વમાં કરેલ છે.' ઉદયમાં કેટલા ભેદો છે ? આના જવાબમાં કહે છે કે-'અને ઉદયમાં ઇત્યાદિ.' અહીં આ ભાવ છે કે-બંધ અને ઉદયના વિચારમાં બંધનનામકર્મો-સંઘાતનનામકર્મો પોતાના શરીરમાં અંતર્ગતપણાએ વિવક્ષિત કરાય છે પરંતુ અલગરૂપે નહીં. તેવી રીતે વર્ણ ચતુષ્ટયના કર્મથી ૫-૨-૫-૮ સંખ્યાવાળા ઉત્તરભેદો, બંધ અને ઉદયમાં અલગરૂપે વિવક્ષાયોગ્ય થતા નથી, પરંતુ વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપે ચાર જ છે. વળી બંધના ચિંતનમાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય ગ્રહણયોગ્ય થતા નથી, કેમ કે-તે બંનેનો બંધ થતો નથી. તથાચ બંધચિંતામાં પાંચ બંધનો, પાંચ સંઘાતનો અને વર્ણ આદિ સોળ (૧૬) સત્તાગત નામમાંથી (૯૩માંથી) બાદ કરતાં બાકીની

સડસઠ (૬૭) ગ્રહણ કરાય છે; અને મોહનીયની પ્રકૃતિઓ સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયહીન એવં છવીશ (૨૬) છે. તેથી સર્વ પ્રકૃતિઓની સંખ્યાના યોગમાં બંધમાં ૧૨૦ પ્રકૃતિઓ હોય છે.

○ અને ઉદયની ચિંતામાં સમ્યક્ત્વ અને મિશ્ર પણ ઉદયમાં આવે છે, માટે તે બંને ઉદયમાં લેવાય છે, તેથી ઉદયમાં ૧૨૨ છે. એવા અભિપ્રાયથી કહ્યું છે કે-'સમ્યક્ત્વે' ત્યાદિ.

○ સત્તામાં તો, સત્તાની ચિંતામાં પાંચ બંધનો-પાંચ સંઘાતનો અને વર્ણાદિ સોળ, એમ ભેળવીને પ્રકૃતિઓ ૧૪૮ જાણવી. વળી જ્યારે ગર્ગઋષિ-શિવશર્મ વગેરે આચાર્યોના મતે ૧૫૮ સત્તામાં મનાય છે, ત્યારે ૧૫ બંધનોની વિવક્ષા કરાય છે.

તે આ બધું કર્મગ્રંથ આદિ ગ્રંથોમાં બતાવેલું છે. માટે કહે છે કે-'શ્રી વિજયદેવેન્દ્રસૂરિમહર્ષિકૃત કર્મવિપાક આદિ (૬) છ ગ્રંથરૂપ કર્મગ્રંથમાં આ બધાનું વિવરણ કરેલ છે.'

अथ ज्ञानावरणस्वरूपमाह -

आत्मनो विशेषबोधावरणकारणं कर्म ज्ञानावरणम् ।२९।

आत्मन इति । सामान्यविशेषात्मके वस्तुनि विशेषग्रहणात्मको यो बोधस्तज्ज्ञानं तदावरणकारणं यत्कर्म तज्ज्ञानावरणमित्यर्थः । सामान्यविशेषात्मकवस्तुनिष्ठविशेषविषयकबोधावरणकारणत्वे सति कर्मत्वं लक्षणं, अत्र सामान्यविशेषात्मकेतिविशेषणं वस्तुनस्सामान्यविशेषात्मकत्वमिति दर्शयितुं । तेन सामान्यरूपत्वमेव विशेषरूपत्वमेव वा वस्तुनस्स्वरूपमिति पक्षो निरस्तो दर्शनावरणवारणाय वस्तुनिष्ठविशेषविषयकेतिपदम् । अत्र विशेषहेतवो[1] ज्ञानस्य ज्ञानवतां ज्ञानसाधनानाञ्च प्रदोषो निह्नवो मात्सर्यमन्तराय आसादनमुपघातश्च । मत्यादिज्ञानपञ्चकं मोक्षं प्रति मूलसाधनमित्युक्तौ कस्यचिदनभिव्याहार्यो योऽन्तर्दौर्जन्यपरिणामः स प्रदोषः । यत्किञ्चित् परनिमित्तमभिसन्धाय ज्ञानिनो ज्ञानस्य वाऽपलापो निह्नवः । दानयोग्याय दानार्हमपि भावितं ज्ञानं यस्मान्न दीयते तन्मात्सर्यम् । कालुष्यादिना ज्ञानस्य व्यवच्छेदकरणमन्तरायः । मनसा वचसा कायेन वा ज्ञानस्य ज्ञानिनो वाऽनादर आसादनम्, प्रशस्तज्ञानदूषणमुपघात इति । इत्थमेव च दर्शनविषया हेतवो दर्शनपदप्रक्षेपेणैत एव भाव्याः ॥

હવે જ્ઞાનાવરણનું સ્વરૂપ કહે છે-

- ભાવાર્થ - આત્માના વિશેષ બોધમાં આવરણનું કારણ કર્મ, એ 'જ્ઞાનાવરણ' કહેવાય છે.

વિવેચન - आत्मनः ઇતિ. સામાન્ય વિશેષરૂપી વસ્તુમાં વિશેષના ગ્રહણરૂપ જે બોધ, તે 'જ્ઞાન.' તેમાં આવરણનું કારણ જે કર્મ, તે 'જ્ઞાનાવરણ' એવો અર્થ છે.

---

१. ज्ञानदर्शनयोस्तद्वत्तद्धेतूनाञ्च ये किल विघ्ननिह्नवपैशुन्याऽऽशातनाघातमत्सराः, ते ज्ञानदर्शनावरणकर्महेतव आश्रवाः ॥ इति ॥

लक्षण - सामान्य विशेषस्वरूपी वस्तुमां रहेल विशेषना विषयवाळा बोधमां आवरणनुं कारणपणुं होये छते कर्मपणुं, ए ज्ञानावरणनुं लक्षण छे.

पदकृत्य - अहीं वस्तुनुं सामान्य विशेषात्मक एवुं विशेषण, वस्तुनुं सामान्य विशेषात्मकत्वरूप स्वरूप दर्शावा माटे छे, तेथी सामान्यरूपपणुं ज के विशेषरूपपणुं ज वस्तुनुं स्वरूप छे, एवा एकान्तिक पक्षनुं खंडन थाय छे.

दर्शनावरणमां अतिव्याप्तिना वारण माटे 'वस्तुनिष्ठ विशेष विषयक'- एवुं पद मूकेलुं छे.

ज्ञानावरणबंधना विशेष हेतुओ-

(१) मति आदि ज्ञान, साधु आदि ज्ञानी अने ज्ञानसाधन पुस्तक आदि प्रत्ये अनिष्ट आचरणथी-शत्रुताथी ज्ञानावरणीयकर्म बंधाय छे.

(२) मति आदि ज्ञानो मोक्ष प्रत्ये मूळ साधन छे, एवा कथनमां कोई एकनो अकथनीय जे अंतमां रहेल दुर्जनतानो परिणाम, हार्दिक अप्रीतिरूप 'प्रदोष'-प्रद्वेष, ए ज्ञानावरणनो विशेष हेतु छे.

(३) जे कांई परनिमित्तने उद्देशीने अर्थात् जे ज्ञानीनी पासे अभ्यास कर्यो होय ते तेने छूपावे, ते 'ज्ञानी के ज्ञाननो निह्नव' ज्ञानावरणनो विशेष हेतु छे.

(४) दानपात्रने, दानयोग्य पण भावित ज्ञान जे कारणथी अपातुं नथी, ते मात्सर्यदोष ज्ञानावरणनो विशेष हेतु छे.

(५) मलिनता आदिथी ज्ञाननो व्यवच्छेद करवारूप, ज्ञानी आदि प्रत्ये भोजन-पान-वस्त्र-उपाश्रयलाभना निवारवारूप अंतराय, ए ज्ञानावरणनो विशेष हेतु छे.

(६) मनथी, वचनथी के कायाथी ज्ञान के ज्ञानीनो अनादर, जाति आदिना उघाडवा आदि हेलना, 'आसादन-आशातना' ज्ञानावरणनो विशेष हेतु छे.

(७) ज्ञान-ज्ञानी-ज्ञानसाधननो मूळथी विनाश, प्रशस्त एवा ज्ञानमां दूषणरूप उपघात, ए ज्ञानावरणनो विशेष हेतु छे. आ प्रमाणे ज दर्शनविषयवाळा हेतुओ ज्ञानना स्थाने दर्शनपदना प्रक्षेपथी आ ज विचारवा.

अथ दर्शनावरणस्वरूपमाह -

आत्मनस्सामान्यबोधावरणसाधनं कर्म दर्शनावरणम् ।३०।

आत्मन इति । सामान्यविशेषात्मके वस्तुनि सामान्यग्रहणात्मको यो बोधो दर्शनं तदावरणकारणं कर्मेत्यर्थः । वस्तुनिष्ठसामान्यविषयकबोधावरणकारणत्वे सति कर्मत्वं लक्षणम् ॥ ज्ञानदर्शनावरणयोरालस्यस्वपनशीलतानिद्रादरप्राणातिपातादयोऽपि हेतवोऽवसेयाः ॥

હવે દર્શનાવરણનું સ્વરૂપવર્ણન-

ભાવાર્થ - આત્માના સામાન્ય બોધમાં આવરણનું સાધનભૂત કર્મ, એ 'દર્શનાવરણ' છે.

વિવેચન - आत्मन ईति. સામાન્ય વિશેષસ્વરૂપી વસ્તુમાં સામાન્યના ગ્રહણરૂપ જે બોધ, એ 'દર્શન', તેના આવરણનું કારણ કર્મ, એવો અર્થ છે.

લક્ષણ - વસ્તુમાં રહેલ સામાન્ય વિષયવાળા બોધના આવરણનું કારણપણું હોતે છતે કર્મપણું લક્ષણ છે.

જ્ઞાનાવરણ-દર્શનાવરણના આલસ્ય, નિદ્રાનો આદર, ઉંઘણસી સ્વભાવ, હિંસા આદિ પણ વિશેષ હેતુઓ જાણવા.

वेदनीयं लक्षयति -

सुखदुःखानुभवप्रयोजकं कर्म वेदनीयम् ।३१।

सुखेति । यद्यपि वेदनीयत्वमनुभवयोग्यत्वं तच्च सर्वकर्मणां तथापि पङ्कजादिशब्दवदस्य शब्दस्य रूढिविषयत्वात्सातासातरूपमेव कर्म वेदनीयमुच्यते शास्त्रव्यवहारात् । अत एव चानुभवप्रयोजकमित्यनुक्त्वा सुखदुःखानुभवप्रयोजकमित्युक्तम् । तत्र[1] दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनानि स्वपरोभयस्थान्यसद्वेद्यस्य भूतव्रत्यनुकम्पादानसरागसंयमादियोगक्षान्तिशौचानि सद्वेद्यस्य[2] हेतवः । विरोधिद्रव्योपनिपातादभिलषितवियोगादनिष्टश्रवणान्निष्ठुरश्रवणादात्मनः पीडालक्षणः परिणामो दुःखम् । अनुग्राहकबान्धवादिसम्बन्धविच्छेदे वैक्लव्यविशेषः शोकः । परीवादपरिभवपरुषवचनादिश्रवणनिमित्तापेक्षः कलुषान्तःकरणस्य तीव्रानुशयपरिणामस्तापः । परितापजन्याश्रुपातप्रचुरविलापाङ्गविकाराद्यभिव्यङ्ग्यमाक्रन्दनम् । प्राणिप्राणवियोजनं वधः । संक्लेशप्रवणं स्वपरानुग्रहाभिलाषविषयमनुकम्पाप्रचुरं परिदेवनम् । यद्यपि शोकादयस्सर्वे दुःखजातीया एव तथापि यथा गौरित्युक्ते अनिर्ज्ञातविशेषे तत्प्रतिपादनाय खण्डमुण्डशुक्लाद्युपादानं क्रियते तथा दुःखमित्युक्ते विशेषाज्ञानात्कतिपयविशेषप्रदर्शनेन तद्विवेकप्रतिपत्तये शोकादीनामुक्तिर्बोध्या । एतानि च दुःखादीनि कदाचित् क्रोधाद्याविष्टेनात्मना स्वस्मिन् कषायवशात्कदाचित्परस्मिन् जनयति कदाचिच्चाधमर्णसमवाये सत्युत्तमर्णस्य तन्निरोधपरस्य भुजिक्रियानिवृत्तावुभयत्र क्षुत्कृतानि दुःखादीनि सम्भवन्ति । आयुर्नामगोत्रोदयवशाद्भवन्तीति भूतानि प्राणिनः, अहिंसादिव्रताभिसम्बद्धाः व्रतिनस्तेष्वनुग्रहार्द्रीकृतचेतसोऽनुकम्पनमनुकम्पा ।

---

१. दुःखशोकवधास्तापक्रन्दने परिदेवनम् । स्वान्योभयस्थाः स्युरसद्वेद्यस्वामी इहाश्रवाः ॥ २. देवपूजागुरूपास्तिपात्रदानदयाक्षमाः । सरागसंयमो देशसंयमोऽकामनिर्जरा । शौचं बालतपश्चेति सद्वेद्यस्य स्युराश्रवाः ॥

परानुग्रहबुद्ध्याऽऽत्मीयवस्त्वतिसर्जनं दानम् । संज्वलनकषायसहवर्त्तिनः पुरुषस्य प्राणिवधाद्युपरतिस्सरागसंयमः, आदिना संयमासंयमाकामनिर्जराबालतपोयोगा ग्राह्याः । अनात्यन्तिकीविरतिस्संयमासंयमः । विषयनिवृत्तिश्चात्माभिप्रायेणाकुर्वतः पारतन्त्र्याद्भोगनिरोधोऽकामनिर्जरा । यथार्थप्रतिपत्त्यभावादज्ञानिनस्तपो बालतपः । लोकाभिमतनिरवद्यक्रियानुष्ठानं योगः । मनोवाक्कायैर्धर्मप्रणिधानात्क्रोधनिवृत्तिः क्षान्तिः । लोभतृष्णादिभिरुपरमश्शौचमित्येवं कारणैस्सद्वेद्यं भवतीति ॥

વેદનીયનું લક્ષણ-

ભાવાર્થ - સુખ-દુઃખના અનુભવમાં પ્રયોજક કર્મ, એ 'વેદનીય' છે.

વિવેચન - સુખેત્તિ. જો કે વેદનીયત્વ એટલે અનુભવયોગ્યપણું અને તે સર્વ કર્મોનું છે, તો પણ 'પંકજ' આદિ શબ્દની માફક આ વેદનીય શબ્દ, રૂઢિવિષયવાળો રૂઢ (વ્યુત્પત્તિ-એક જાતિની શબ્દશક્તિથી રહિત પરાવૃત્તિ અસહ-યોગરૂઢ=પરાવર્તન-પર્યાયનો અસહિષ્ણુ) હોઈ, સાતા-અસાતારૂપ જ કર્મ 'વેદનીય' કહેવાય છે. કેમ કે-શાસ્ત્રનો વ્યવહાર છે. એથી જ અનુભવપ્રયોજક એમ નહીં કહીને સુખ-દુઃખના અનુભવપ્રયોજક એમ કહ્યું છે.

અસાતાવેદનીયના વિશેષ હેતુઓ-દુઃખ એટલે વિરોધી દ્રવ્યના સમાગમથી, ઈષ્ટના વિયોગથી, અનિષ્ટના સાંભળવાથી અને કઠોર સાંભળવાથી આત્માનો પીડારૂપ પરિણામ, એ 'દુઃખ' છે. શોક એટલે ઉપકારી-બાંધવ આદિના સંબંધવિચ્છેદમાં વિશિષ્ટ વ્યાકુળતા-ગભરાટ, એ 'શોક.'

તાપ એટલે નિંદા-તિરસ્કાર-કઠોર વચન આદિના શ્રવણના નિમિત્તથી જન્ય મલિન અંતઃકરણવાળાનો તીવ્ર પશ્ચાત્તાપરૂપ પરિણામ, એ 'તાપ.'

આક્રંદન એટલે પશ્ચાત્તાપથી જન્ય અશ્રુપાત-પ્રચુર વિલાપ, અંગવિકાર આદિથી અભિવ્યક્ત, એ 'આક્રંદન.'

વધ એટલે પ્રાણીઓના પ્રાણોનો વિયોગ.

પરિદેવન એટલે સંક્લેશજનક, સ્વ-પર તરફથી ઉપકારની અભિલાષાવાળો અનુકંપાતુલ્ય, એ 'પરિદેવન'-દિલગીરી-આર્ત્તનાદ.

જો કે શોક વગેરે સઘળા દુઃખજાતીય જ છે, તો પણ જેમ 'ગાય' એમ કહ્યું છતે, વિશેષ જ્ઞાન વગરના જીવમાં તેના પ્રતિપાદન માટે ખંડ-મુંડ-શુકલ આદિનું ગ્રહણ કરાય છે, તેમ 'દુઃખ' એમ કહ્યે છતે વિશેષ અજ્ઞાન હોવાથી કેટલાક વિશેષોના પ્રદર્શનથી તેના વિવેકની પ્રતિપ્રત્તિ માટે શોક આદિનું વચન જાણવું. વળી આ દુઃખ આદિ, કદાચિત્ ક્રોધ આદિથી ઘેરાયેલો આત્મા, પોતાનામાં અને કદાચિત્ અધમર્ણ (દેવાદાર)ના સમવાય (સમૂહ) હોયે છતે, તે સમુદાયના નિરોધમાં પરાયણ-ઉત્તમર્ણ-લેણદારની ભોજનક્રિયાના અભાવમાં બંને ઠેકાણે ભૂખે કરેલા દુઃખ વગેરે સંભવે છે. આ બધા અશાતાવેદનીય વિશેષ હેતુઓ છે.

शातावेदनीयना विशेष हेतुओ-

(१) सर्वभूतानुकंपा-आयुष्य, नाम अने गोत्रना उदयवशे थाय छे. ते भूत एटले प्राणीओ ते सघळा प्राणीओ प्रत्ये दया.

(२) व्रतीओ प्रति विशिष्ट अनुकंपा-अहिंसा आदि व्रतनी साथे संबंधवाळा देशव्रती-सर्वव्रतीओमां अनुग्रहथी आर्द्र चित्तवाळानी अनुकंपाविशेष-भक्तिविशेष उत्कृष्ट भक्ति.

(३) परना अनुग्रहना अभिप्रायथी पोतानी वस्तुनुं अति सर्जन-त्याग, ते 'दान' छे.

(४) संज्वलन कषायरूप रागवाळा साधुनो प्राणीहिंसा आदिथी विरतिरूप, ते 'सरागसंयम' छे.

आदिथी संयमासंयम-अकामनिर्जरा-बालतपोयोग लेवां. तथाहि आत्यंतिक विरतिनो अभाव, ते संयमासंयम (देशविरति) छे.

अकामनिर्जरा-आत्मकल्याणना अभिप्रायथी विषयत्यागने नहीं करनारनो परतंत्रताथी भोगनो निरोध, ए 'अकामनिर्जरा' छे.

बालतप-यथार्थ ज्ञान अने प्रतिपत्तिना अभावथी अज्ञानीनो तप, ए 'बालतप' छे.

लोकथी अभिमत-लौकिक निरवद्य क्रियानुष्ठान, ए 'योग' छे.

क्षान्ति-मन, वचन अने कायाथी धर्मबुद्धिथी क्रोधनो त्याग, ए 'क्षमा' छे.

शौच-लोभ-तृष्णा आदिथी विराम, आवा प्रकारना कारणोथी शातावेदनीय थाय छे. इति.

मोहनीयं कर्म स्वरूपयति –

रागद्वेषादिजनकं कर्म मोहनीयम् ।३२।

रागेति । मोहयति सदसद्विकलं करोत्यात्मानमिति मोहनीयम् । मोहाय-हेयोपादेय-विवेकाभावाय चित्तव्याकुलतायै मिथ्यात्वकषायविषयाभिलाषाय वा योग्यं मोहनीयम् । अत एवात्मा रक्तो द्विष्टश्च भवतीत्याशयेन रागद्वेषादिजनकत्वे सति कर्मत्वं लक्षणमुक्तं, यावदेव हि मोहनीयं तावद्दोषाः, तत्क्षये चावश्यम्भावी कर्मक्षयोऽतो रागद्वेषयोः प्रधानं कारणमिदम् । आदिना कामगुणा ग्राह्याः, वेदस्य मोहनीयान्तःपतितत्वात् । केवलिनां श्रुतस्य संघस्य धर्मस्य देवानाञ्चावर्णवादा दर्शनमोहनीयस्य[१] हेतवः । केवलिनां विषयेऽवास्तविकदोषोद्भावनं, असभ्यवाक्प्रयोगो निन्दाप्रकटनमित्यादयः केवल्यवर्णवादाः । तीर्थकरोपदिष्टयथास्थित-

१. वीतरागे श्रुते संघे धर्मे सर्वसुरेषु च । अवर्णवादिता तीव्रमिथ्यात्वपरिणामिता । सर्वज्ञसिद्धदेवाप्रह्नवो धार्मिकदूषणम् । उन्मार्गदर्शनानर्थाऽऽग्रहोऽसंयतपूजनम् । असमीक्षितकारित्वं गुर्वादिष्ववमानना । इत्यादयो दृष्टिमोहस्याश्रवाः परिकीर्त्तिताः ॥

ज्ञेयानुसारिणि साङ्गोपाङ्गे श्रुतेऽविदग्धप्राकृतभाषाप्रचुरमिदं व्रतकायप्रायश्चित्तप्रमादोपदेश-पुनरुक्ताबहुलं कुत्सितापवादप्रायमित्यादिभाषणं श्रुतावर्णवादः । चतुर्विधे संघे संयतादिविषये सचित्तादिव्यवहारपरायणाः परिपेलवबाह्यशौचाचारा जन्मान्तरकृतकर्मोदयजन्यकेशोल्लुञ्चना-तापनादिदुःखानुभविनः कलहकारिणोऽसहिष्णवः प्रागदत्तदाना भूयोऽपि दुःखिता एव भविष्यन्तीत्येवंरूपा अवर्णवादाः, एवमेव श्रावकप्रभृतिसंघादिषु भाव्यम् । क्रोधादिकषायो-दयादात्मनश्शब्दादिविषयेषु गार्ध्यादयस्तीव्रपरिणामाश्चारित्रमोहनीयस्य हेतवो भाव्याः ॥

મોહનીયકર્મનું સ્વરૂપવર્ણન-

ભાવાર્થ - રાગ-દ્વેષ આદિ જનક કર્મ, એ મોહનીય કહેવાય છે.

વિવેચન - રાગેતિ. આત્માને સદ્-અસદ્ના ભાન-વિવેકરહિત કરે છે, આવો મોહનીય શબ્દનો અર્થ છે.

અથવા મોહને માટે, હેય-ઉપાદેયના વિવેકના અભાવ માટે, ચિત્તની વ્યાકુળતા માટે કે મિથ્યાત્વ-કષાય-વિષયની અભિલાષા માટે યોગ્ય, એ 'મોહનીય' કહેવાય છે.

એ મોહનીયથી જ આત્મા રાગી અને દ્વેષી થાય છે. એવા આશયથી રાગ-દ્વેષ આદિ જનકપણું હોયે છતે કર્મપણું એમ લક્ષણ કહેલું છે.

ખરેખર, જ્યાં સુધી મોહનીય છે, ત્યાં સુધી દોષો છે. વળી તે દોષોના ક્ષયમાં કર્મક્ષય અવશ્ય થાય છે. એથી આ મોહનીય રાગ અને દ્વેષનું પ્રધાન કારણ છે.

આદિથી કામગુણો લેવા, કેમ કે-વેદ, મોહનીયની અંદર વર્તમાન છે.

દર્શનમોહનીયના વિશેષ હેતુઓ-

○ ભગવાન પરમઋષિ કેવલીનો અવર્ણવાદ=કેવલીઓના વિષયમાં અવાસ્તવિક દોષનું ઉદ્ભાવન, અસભ્ય વચનનો પ્રયોગ, નિંદા કરવી. (જેમ કે-સમવરણભૂમિમાં અપ્કાય-પૃથ્વીકાયના આરંભના અનુમોદીઓ છે વગેરે રૂપ નિંદા.)

---

१. कषायोदयतस्तीव्रः परिणामो य आत्मनः । चारित्रमोहनीयस्य स आश्रव उदीरितः ॥ उत्प्रासनं सकंदर्पोपहासोहासशीलता, बहुप्रलापो दैन्योक्तिर्हास्यस्यामी स्युराश्रवाः, देशादिदर्शनौत्सुक्यं चित्रे रमणखेलने । परचित्तावर्जना चेत्याश्रवाः कीर्त्तिता रतेः ॥ असूयापापशीलत्वं परेषां रतिनाशनम् । अकुशलप्रोत्सहनं चारतेराश्रवा अमी ॥ परशोकाविष्करणं स्वशोकोत्पादशोचने । रोदनादिप्रसक्तिश्च शोकस्यैते स्युराश्रवाः ॥ स्वयं भयपरीणामः परेषामथ भापनम् । त्रासनं निर्दयत्वं च भय प्रत्याश्रवा अमी ॥ चतुर्वर्णस्य संघस्य परिवादजुगुप्सने । सदाचारजुगुप्सा च जुगुप्सायां स्युराश्रवाः ॥ ईर्ष्या विषादगार्ध्ये च मृषावादोऽतिवक्रता । परदाररतासक्तिः स्त्रीवेदस्याश्रवा इमे ॥ स्वदारमात्रसंतोषोऽनीर्ष्यामन्दकषायता । अवक्राचारशीलत्वं पुंवेदस्याश्रवा इति ॥ स्त्रीपुंसानङ्गसेवोग्राः कषायास्तीव्रकामना । पाखंडिस्त्रीव्रतभंगः षंडवेदाश्रवा अमी ॥ साधूनां गर्हणा धर्मोन्मुखता विघ्नकारिता । मधुमांसविरतानामविरत्यभिवर्णनम् ॥ विरताविरतानां चान्तरायकरणं मुहुः । अचारित्रगुणाख्यानं तथा चारित्रदूषणम् ॥ कषायनोकषायाणामन्यस्थानामुदीरणम् । चारित्रमोहनीयस्य सामान्येनाश्रवा अमी ॥

○ અર્હત્કથિત સાંગોપાંગ શ્રુતનો અવર્ણવાદ=તીર્થંકરોથી ઉપદિષ્ટ યથાર્થ જ્ઞેયના અનુસારી સાંગોપાંગ શ્રુતના વિષયમાં અવિદગ્ધ પ્રાકૃત ભાષાનિબદ્ધ, વ્રત-કાય-પ્રાયશ્ચિત્ત-પ્રમાદોપદેશ-પુનરુક્તિથી યુક્ત, કુત્સિત અપવાદતુલ્ય આ શ્રુત છે ઇત્યાદિ ભાષણ, એ શ્રુતનો અવર્ણવાદ છે.

○ ચાતુર્વર્ણ સંઘનો અવર્ણવાદ=સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રી સંઘમાં, સાધુ આદિના વિષયમાં, સાધુઓ તો સચિત્તાદિના વ્યવહાર પરાયણ, બાહ્ય શૌચ આચારથી રહિત, જન્માન્તરમાં કરેલ કર્મોદયજન્ય કેશોલ્લુંચન-આતાપના આદિ દુઃખના અનુભવીઓ, કજીયા કરાવનારાઓ, અસહિષ્ણુઓ, પહેલાં દાન નહિ દેનારા, ફરીથી પણ દુઃખી જ થશે, આવા પ્રકારના સાધુ સંબંધી અવર્ણવાદો છે. આ પ્રમાણે શ્રાવક વગેરે રૂપ સંઘ આદિમાં વિચારવું. પંચમહાવ્રતરૂપ સાધનવાળા, ક્ષમાદિ દશ લક્ષણવાળા, ધર્મનો અવર્ણવાદ, ભવનપતિ-વ્યંતર-જ્યોતિષિક-વૈમાનિકરૂપ ચાર પ્રકારના દેવોનો અવર્ણવાદ, ઇત્યાદિ દર્શનમોહનીયના હેતુઓ છે.

○ ક્રોધ આદિ કષાયોના ઉદયથી આત્માના શબ્દ આદિ વિષયોમાં ગૃદ્ધિ-આસક્તિ આદિ ઉત્કૃષ્ટ પરિણામો, એ ચારિત્રમોહનીયના વિશેષ હેતુઓ વિચારવાં.

अथायुषस्स्वरूपमाह -

गतिचतुष्टयस्थितिप्रयोजकं कर्म आयुः ।३३।

गतिचतुष्टयेति । देवतिर्यङ्मनुजनरकरूपगतिचतुष्टयेत्यर्थः । स्वस्वकृतकर्मभिः प्राप्तनराकादिगतो निर्गन्तुमिच्छतोऽपि जन्तोः प्रतिबन्धकतया यदा गच्छति न तु निष्क्रमणायावकाशं ददाति स्थितिपर्यन्तञ्च तत्रैव तं स्थापयति तदायुःकर्मेत्यर्थः । गतिचतुष्टयस्थितिप्रयोजकत्वे सति कर्मत्वं लक्षणम् । प्रभूतप्राणिप्राणव्यपरोपणमनवरतखण्डनीपेषणीचुल्ल्युदकुम्भप्रमार्जनीव्यापारो बाह्याभ्यन्तरवस्तुषु ममत्वं कुणपाहाराभ्यवहारित्वं कषायोदयात्तीव्रपरिणामो मिथ्यादर्शनश्लिष्टाचारत्वमुत्कृष्टमानत्वं शैलभेदसदृशरोषस्तीव्रलोभानुरागपरपरितापप्रणिधानवधबन्धनाभिनिवेशानृतवचनप्रस्वादनाविरतमैथुनोपसेवास्थिरवैरावशेन्द्रियनिरनुग्रहस्वभावकृष्णलेश्यापरिणामरौद्रध्यानादयो नरकायुषो हेतवः[१] । मनोवाक्कायशठत्वमिथ्यात्वावष्टम्भा-

१. पंचेन्द्रियप्राणिवधो बहुवारंभपरिग्रहौ । निरनुग्रहता मांसभोजनं स्थिरवैरता ॥ रौद्रध्यानं मिथ्यात्वानन्तानुबन्धिकषायता । कृष्णनीलकपोताश्च लेश्या अनृतभाषणम् ॥ परद्रव्यापहरणं मुहुर्मैथुनसेवनम् । अवशेन्द्रियता चेति नरकायुष आश्रवाः ॥ उन्मार्गदेशना मार्गप्रणाशो गूढचित्तता । आर्त्तध्यानं सशल्यत्वं मायारंभपरिग्रहौ ॥ शीलव्रते सातिचारो नीलकापोतलेश्यता । अप्रत्याख्यानकषायास्तिर्यगायुषआश्रवाः ॥ अल्पौ परिग्रहारंभौ सहजे मार्दवार्जवे । कापोतपीतलेश्यात्वं धर्मध्यानानुरागिता ॥ प्रत्याख्यानकषायत्वं परिणामश्च मध्यमः । संविभागविधाचित्तं देवतागुरुपूजनम् ॥ पूर्वालापप्रियालापौ ज्ञानप्रज्ञापपनीयता । लोकयात्रासु माध्यस्थ्यं मानुषायुष आश्रवाः ॥ सरागसंयमो देशसंयमोऽकामर्निजराकल्याणमित्रसंपर्को धर्मश्रवणशीलता । पात्रे दानं तपः श्रद्धा रत्नत्रयाविराधना । मृत्युकाले परीणामो लेश्ययोः पद्मपीतयोः ॥ बालं तपोऽग्नितोयादि साधनोल्लंबनानिच । अव्यक्तसामायिकतालं देवस्यायुष आश्रवाः ॥

धर्मदेशनाकूटकर्मनील-कापोतलेश्यापरिणामार्त्तध्यानादयस्तिर्यगायुषो हेतवः । अल्पारम्भ-परिग्रहस्वभावमार्दवार्जवमिथ्यादर्शनालिङ्गितातिविनीतता वालुकाराजिसदृशरोषस्वागताद्य-भिलाषलोकयात्राऽनुग्रहौदासीन्यगुरुदेवतातिथिपूजासंविभागशीलताकापोतलेश्यापरिणाम-धर्मध्यानादयो मनुष्यायुषो हेतवः । सरागसंयमो देशविरतिरकामनिर्जराबालतपःकल्याणमित्र-सम्पर्कधर्मश्रवणतपोभावनापात्रदानतपनलेश्यापरिणामाव्यक्तसामायिकाविराधितसम्यग्दर्शनादयो दैवायुषो हेतव इति ॥

આયુષ્યકર્મના સ્વરૂપનું વર્ણન-

ભાવાર્થ - ચાર ગતિઓમાં સ્થિતિનું પ્રયોજક કર્મ, એ આયુઃ.

વિવેચન - ગતિચતુષ્ટયેતિ. દેવ-તિર્યંચ-મનુષ્ય-નરકરૂપ ચાર ગતિઓ, એવો અર્થ છે.

○ પોતપોતાના કરેલા કર્મોથી પ્રાપ્ત નારક આદિ ગતિઓમાંથી નીકળવાને ઇચ્છનાર જંતુ માટે પ્રતિબંધકપણાને જે પામે છે, પરંતુ નીકળવા માટે અવકાશ આપતું નથી અને સ્થિતિ સુધી ત્યાં જ તેને સ્થાપે છે, તે 'આયુઃકર્મ' કહેવાય છે.

લક્ષણ - ચાર ગતિઓમાં સ્થિતિપ્રયોજકપણું હોયે છતે કર્મપણું, એ આયુઃકર્મનું લક્ષણ છે.

નારક આયુષ્યના હેતુઓ- (૧) બહુ આરંભ=ઘણા-વિપુલ આરંભ, પ્રાણીના પ્રાણનો નાશ નિરંતર મુશલ-ઘંટી-ચૂલા-પાણીના ઘડા અને સાવરણીનો વ્યાપાર. (૨) બહુપરિગ્રહતા=શરીર આદિ અભ્યંતર અને સુવર્ણ આદિ બાહ્ય વસ્તુઓમાં મૂર્ચ્છા-મમત્વ, માંસાહારની ક્રિયા, કષાયના ઉદયથી તીવ્ર પરિણામ, મિથ્યાત્વ સંબંધી આચાર, ઉત્કૃષ્ટઅનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, પંચેન્દ્રિયવધ, બીજાને પરિતાપ કરનાર આશય, વધ-બંધન, કદાગ્રહ, જુઠું વચન, ઉત્કૃષ્ટ-ઘણો સ્વાદ, સતત-વારંવાર મૈથુનસેવન, સ્થિર વૈરભાવ, અવશેન્દ્રિય, નિર્દય સ્વભાવ, કૃષ્ણલેશ્યાપરિણામ, રૌદ્રધ્યાન આદિ નારક આયુષ્યના હેતુઓ છે.

તિર્યંચ આયુષ્યના હેતુઓ - મન-વચન-કાયાની શઠતા, મિથ્યાત્વ, સ્તબ્ધતા, ઉન્માર્ગ-અધર્મ દેશના, કુટકર્મ, નીલ-કાપોત લેશ્યાપરિણામ, સશલ્યતા ગૂઢચિત્તતા, માર્ગધ્વંશ, માયા-શીલવ્રતમાં અતિચાર, અપ્રત્યાખ્યાની કષાયો, આર્ત્તધ્યાન આદિ તિર્યંચ આયુષ્યના કારણો છે.

મનુષ્ય આયુષ્યના હેતુઓ - અલ્પ પરિગ્રહ-આરંભ, સ્વાભાવિક મૃદુતા-સરળતા, કાપોતલેશ્યાપરિણામ, ધર્મધ્યાનનો અનુરાગ, મિથ્યાદર્શનયુત અતિ વિનય, પ્રત્યાખ્યાની કષાય, મધ્યમ પરિણામ, સંવિભાગ (સુપાત્રાદિ દાન)નું કરવું, દેવ-ગુરુપૂજા, અતિથિસત્કાર, પહેલાં બોલવું, પ્રિય બોલવું, લોકયાત્રામાં માધ્યસ્થ્ય, જ્ઞાનપાત્રતા, ધર્મધ્યાન આદિ મનુષ્ય આયુષ્યના હેતુઓ છે.

દેવ આયુષ્યના હેતુઓ - પાત્રમાં દાન, તપ, શ્રદ્ધા, રત્નત્રયીની અવિરાધના, મૃત્યુકાળમાં પદ્મ-પીત લેશ્યાપરિણામ, સરાગસંયમ, દેશવિરતિ, અકામનિર્જરા, બાલતપ, કલ્યાણમિત્ર સંબંધ, ધર્મશ્રવણ, ભાવના, અવ્યક્ત સામાયિક, એ દેવ સંબંધી આયુષ્યના હેતુઓ છે.

सम्प्रति नामकर्माऽऽचष्टे -

नरकगत्यादिनानापर्यायप्रयोजकं कर्म नामकर्म ।३४।

नरकेति । यद्धि जीवं नारकोऽयं तिर्यग्योनिकोऽयं मनुजोऽयं देवोऽयं एकेन्द्रियोऽयं द्वीन्द्रियोऽयं त्रीन्द्रियोऽयं चतुरिन्द्रियोऽयं औदारिकोऽयं वैक्रियोऽयं हस्तवानयं पादवानयमित्यादिव्यपदेशैरनेकधा नामयति-करोति तन्नामकर्मेत्यर्थः । कायवाङ्मनःकौटिल्यं विसंवादो मिथ्यादर्शनं मायाप्रयोगो पिशुनताऽस्थिरचित्ततादयश्चाशुभस्य हेतवः[१] । कायवाङ्मनोऋजुत्वमविप्रलम्भो धार्मिकदर्शनसम्भ्रमस्संसारभीरुता प्रमादवर्जनं सद्भावार्पणं सम्यक्त्वमार्जवादयश्च शुभस्य हेतव इति ॥

હવે નામકર્મ કહે છે-

ભાવાર્થ - નરકગતિ આદિના પર્યાયમાં પ્રયોજક કર્મ, એ 'નામકર્મ' કહેવાય છે.

વિવેચન - નરકેતિ. ખરેખર, જે કર્મજીવને, આ નારકી-તિર્યંચ-મનુષ્ય-દેવ-એકેન્દ્રિય-દ્વિન્દ્રિય-ત્રિન્દ્રિય-ચૌરિન્દ્રિય-ઔદારિક-વૈક્રિય-હાથવાળો-પગવાળો છે, આ પ્રમાણેના વ્યવહારોથી અનેક પ્રકારવાળો નમાવે છે-કરે છે, તે 'નામકર્મ' કહેવાય છે એવો અર્થ છે.

અશુભ નામકર્મના હેતુઓ - મન-વચન-કાયાની વક્રતા, અનેકરૂપતા, અસમંજસતા, વિસંવાદ-અન્યથારૂપતા, મિથ્યાત્વ, માયાપ્રયોગ, ચાડી ખાવી, ચિત્તની ચંચળતા વગેરે અશુભ નામકર્મના હેતુઓ છે.

શુભ નામકર્મના હેતુઓ - મન-વચન-કાયાની સરળતા, નહીં ઠગવું, ધાર્મિકજનદર્શનમાં સંભ્રમ, સંવેગ(આદર)ભાવ, પ્રમાદનો ત્યાગ, સદ્ભાવનું અર્પણ, સમ્યક્ત્વ, સરળતા વગેરે શુભ નામકર્મના હેતુઓ છે.

अथ गोत्रमाख्याति -

उच्चनीचजातिव्यवहारहेतुः कर्म गोत्रम् ।३५।

---

१. मनोवाक्कायवक्रत्वं परेषां विप्रतारणम् । मायाप्रयोगोमिथ्यात्वं पैशुन्यं चलचित्तता ॥ सुवर्णादि प्रतिच्छन्दकरणं कूटसाक्षिता । वर्णगन्धरसस्पर्शान्यथोपपादनानि च । अङ्गोपाङ्गच्यावनानि यंत्रपंजरकर्म च । कूटमानतुलाकर्मान्यनिन्दाऽत्मप्रशंसनम् ॥ हिंसानृतस्तेयाब्रह्ममहारम्भपरिग्रहाः ॥ परुषासभ्यवचनंशुचिवेषादि नामदाः ॥ मौखर्याक्रोशौ सौभाग्योपघाताः कार्मणक्रियाः । परकौतूहलोत्पादः परहास्यविडम्बने ॥ वेश्यादीनामलंकारदानं दावाग्निदीपनम् । देवादिव्याजाद्वन्धादिचौर्यतीव्रकषायता ॥ चैत्यप्रतिश्रयारामप्रतिमानां विनाशनम् । अङ्गारादिक्रिया चेत्यशुभस्य नाम्न आश्रवः । एतएवान्यथारूपास्तथा संसारभीरुता । प्रमादहानं सद्भावार्पणं क्षान्त्यादयोऽपि च ॥ दर्शने धार्मिकाणाञ्च संभ्रमः स्वागतक्रिया । परोपकारसारत्वमाश्रवाः शुभनामनि ॥

उच्चेति । गूयते संशब्द्यत उच्चावचैश्शब्दैर्यत् तद्गोत्रं, उच्चनीचकुलोत्पत्तिलक्षण-पर्यायविशेषवेद्यं कर्म, पूज्योऽयमपूज्योऽयमित्यादिव्यपदेशरूपां गां त्रायतेऽर्थाविसंवादेन पालयति यत्तद् गोत्रम् । तथाचोच्चनीचान्यतरविषयकव्यवहारासाधारणकारणत्वे सति कर्मत्वं लक्षणम् । उभयगोत्रसङ्ग्रहायान्यतरेति । तिर्यग्गत्यादावतिव्याप्तिवारणायासाधारणेति । तत्र परनिष्ठयथार्थायथार्थान्यतरदोषोद्भावनेच्छा, स्वनिष्ठयथार्थायथार्थान्यतरगुणोद्भावनाभिप्रायः, सदसद्गुणच्छादनोद्भावने जातिकुलरूपबलश्रुताज्ञैश्वर्यतपोमदपरावज्ञानोत्प्रासनकुत्सनादयो नीचै-र्गोत्रस्य कारणानि[१] । आत्मनिन्दापरप्रशंसे गुणोत्कृष्टेषु विनयेन वृत्तिर्विज्ञानादिभिरुत्कृष्टस्यापि सतस्तत्कृतमदविरहो जातिकुलरूपबलवीर्यज्ञानैश्वर्यतपोविशेषवतोऽपि स्वोत्कर्षाप्रणिधानं परावज्ञानौद्धत्यनिन्दास्तवोपहासपरपरिवादनिवृत्तिरित्यादय उच्चैर्गोत्रस्य हेतवः ॥

હવે ગોત્રને કહે છે-

ભાવાર્થ - ઉચ્ચ-નીચ જાતિના વ્યવહારમાં હેતુકર્મ, એ 'ગોત્ર' કહેવાય છે.

વિવેચન - ઉચ્ચેતિ. ઉંચા-નીચા શબ્દોથી જે બોલાવાય, તે ગોત્ર. ઉચ્ચ-નીચ કુળમાં ઉત્પત્તિરૂપ પર્યાયવિશેષથી જ્ઞેયકર્મ 'ગોત્રકર્મ.' આ પૂજ્ય છે, આ અપૂજ્ય છે, ઇત્યાદિ વ્યવહારરૂપ જે વાણીની રક્ષા કરે છે, તે વાણીને અર્થના અવિસંવાદથી પાળે છે, તે 'ગોત્રકર્મ.'

લક્ષણ - તથાચ ઉચ્ચ કે નીચના વિષયવાળા વ્યવહારમાં અસાધારણ કારણપણું હોયે છતે કર્મપણું ગોત્રનું લક્ષણ છે.

પદકૃત્ય - તિર્યંચગતિ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અસાધારણ' ઇતિ કહેલ છે. ઉભય ગોત્રના સંગ્રહ માટે 'અન્યતર' ઇતિ કહેલ છે.

નીચગોત્રના હેતુઓ - ત્યાં-પરમાં રહેલ સાચા કે જુઠ્ઠા દોષોને પ્રગટ કરવાની ઇચ્છા, પોતામાં રહેલ સાચા કે જુઠ્ઠા ગુણોને પ્રગટ કરવાનો અભિપ્રાય, પોતાનામાં અવિદ્યમાન ગુણોને પણ પ્રગટ કરવા, બીજાના વિદ્યમાન ગુણો ઢાંકવા, જાતિ-કુળ-બળ-રૂપ શ્રુત-આજ્ઞા-ઐશ્વર્ય-તપ સંબંધી મદ, (ગર્વ) પરનો તિરસ્કાર, મશ્કરી-ઠઠ્ઠો, નિંદા કરવી, ધિક્કારવું, દોષ મૂકવો વગેરે નીચગોત્રના કારણો છે.

ઉચ્ચગોત્રના હેતુઓ - આત્માની (પોતાની) નિંદા, પારકાની પ્રશંસા, ગુણોથી ઉત્કૃષ્ટો તરફ વિનયપૂર્વક વર્તન, વિજ્ઞાન આદિથી ઉત્કૃષ્ટ છતાં વિજ્ઞાનાદિ જન્ય ગર્વનો અભાવ, જાતિ-કુળ-બળ-વીર્ય-જ્ઞાન-ઐશ્વર્ય-તપો વિશેષવાળા છતાં સ્વ ઉત્કર્ષના સંકલ્પનો અભાવ, પરનો તિરસ્કાર, ઉદ્ધતા, નિંદાગર્ભિત સ્તુતિ, ઉપહાસ, પરનિંદાનો અભાવ, ઇત્યાદિ ઉચ્ચગોત્રના હેતુઓ છે.

---

१. परस्य निन्दावज्ञोपहासास्सद्गुणलोपनम् । सद्सद्दोषकथनमात्मनस्तु प्रशंसनम् ॥ सदसद्गुणशंसा च स्वदोषाच्छदनं तथा । जात्यादिभिर्मदश्चेति नीचैर्गोत्राश्रवा अमी ॥ नीचैर्गोत्राश्रवविपर्यासो विगतगर्वता । वाक्कायचित्तैर्विनय उच्चैर्गोत्राश्रवा अमी ॥

अथाष्टममन्तरायकर्म लक्षयति -

आत्मनो वीर्यादिप्रतिबन्धकं कर्मान्तरायकर्म ।३६।

आत्मन इति । दातृप्रतिगृहीत्रोरन्तर्मध्ये एत्योदयद्वीर्यं प्रत्युत्पन्नं वस्तु यदुपहन्यते आगामिनो वा लब्धव्यस्य मार्ग उपहन्यते च तदन्तरायं कर्मेत्यर्थः । आदिना भोगोपभोगदानलाभा गृह्यन्ते । वीर्यादीनां विघ्नकरणं ज्ञानप्रतिषेधसत्कारोपघातादयोऽस्य हेतवः । अत्र प्रदोषादयो विशेषहेतवो ज्ञानावरणादीनां प्रदेशबन्ध एव हेतव इति न नियमः, एभिर्ज्ञानावरणे बध्यमाने युगपदितरेषामपि कर्मणां बन्धात्तथापि अनुभागविशेषे नियमेन हेतुतया विशिष्य हेतवो दर्शिताः ॥

આઠમા અંતરાયકર્મનું લક્ષણ-

ભાવાર્થ - આત્માના વીર્ય આદિમાં પ્રતિબંધ કરનારું કર્મ, એ 'અંતરાયકર્મ.'

વિવેચન - આત્મન ઇતિ. દેનાર અને લેનારના મધ્યમાં આવીને વીર્યસંપન્ન જે વર્ત્તમાન વસ્તુ હણાય છે અથવા ભવિષ્યમાં મેળવવાયોગ્ય વસ્તુનો માર્ગ હણાય છે, તે 'અંતરાયકર્મ' છે એવો વ્યુત્પત્યર્થ છે. આદિથી ભોગ-ઉપભોગ-દાન-લાભ લેવાય છે. વીર્ય આદિમાં વિઘ્ન કરવું, સકપટ કે નિષ્કપટ વિઘાત કરવો, જ્ઞાનપ્રતિષેધ, સુખ કે સત્કારનો ઉપઘાત વગેરે આ અંતરાયકર્મના હેતુઓ જાણવા.

○ અહીં પ્રદોષ વગેરે હેતુઓ, જ્ઞાનાવરણ આદિના વિશેષ હેતુઓ, પ્રદેશબંધ પ્રત્યે જ હેતુઓ છે, એવો નિયમ નથી, કેમ કે-આ હેતુઓથી જ્ઞાનાવરણ બંધાતાં એકીસાથે બીજા પણ કર્મોનો બંધ છે, તો પણ અનુભાગ વિશિષ્ટ રસ પ્રત્યે નિયમથી હેતુપણું હોઈ વિશેષ હેતુઓ દર્શાવેલા છે.

अथ मूलकारो मूलप्रकृतीनां स्थितिमाह -

ज्ञानदर्शनावरणवेदनीयान्तरायाणां त्रिंशत्सागरोपमकोटीकोटिकालं यावत्, मोहनीयस्य सप्ततिसागरोपमकोटीकोटिकालं यावत्, विंशतिसागरोपमकोटीकोटिकालं यावन्नामगोत्रयोः, आयुषश्च त्रयस्त्रिंशत्सागरोपमकालं यावत्परास्थितिर्बोध्या । एवमेव वेदनीयस्य द्वादशमुहूर्त्ता, नामगोत्रयोरष्टमुहूर्त्ता, शेषाणाञ्चान्तर्मुहूर्त्तमपरा स्थितिरिति ।३७।

॥ इति बन्धतत्त्वम् ॥

ज्ञानेति । त्रिंशदिति । उत्कृष्टसंक्लेशे स्थितस्य मिथ्यादृष्टेरियं परास्थितिः । सप्तति-सागरोपमेति । मिथ्यात्वापेक्षयेयम् । सम्यङ्मिथ्यात्वस्योत्कर्षतोऽप्यन्तर्मुहूर्त्तमानत्वात्, कषायस्य चत्वारिंशत्सागरोपमकोटिकोटिप्रमाणत्वात् । नोकषायाणाञ्च विंशतिसागरोपमकोटीकोटि-प्रमाणत्वात् । विंशतीति । नरकतिर्यग्गत्येकेन्द्रियादिजात्यपेक्षयेयम् । नीचैर्गोत्रापेक्षया च

गोत्रस्य तावती स्थितिः । त्रयस्त्रिंशदिति । देवनरकायुषोऽपेक्षयेयम् । तत्र ज्ञानावरणादि-चतुर्णामबाधाकालश्च त्रीणि वर्षसहस्राणि एतद्धीना कर्मस्थितिरनुभवयोग्या-कर्मदलिकनिषेकः, ज्ञानावरणीयादिकं हि कर्म उत्कृष्टस्थितिकं बद्धं सद्बन्धसमयादारभ्य त्रीणि वर्षसहस्राणि यावन्न किञ्चिदपि जीवस्य बाधां स्वोदयत उत्पादयति, तावत्कालमध्ये दलिकनिषेकस्याभावात् तत ऊर्ध्वं हि दलिकनिषेकः, निषेको नाम क्रमेण यावच्चरमसमयं रचना । द्वादशमुहूर्त्ता इति, सातवेदनीयस्य सकषायस्येदं, इतरस्य तु प्रथमसमये बन्धो द्वितीयसमये वेदनं तृतीयसमये त्वकर्मीभवनमिति, अष्टमुहूर्त्ता इति, यशःकीर्त्युच्चैर्गोत्रापेक्षयेदम् । शेषाणामिति ज्ञानावरण-दर्शनावरणमोहनीयायुरन्तरायाणामित्यर्थः । पञ्चानां ज्ञानावरणानां चक्षुर्दर्शनावरणादीनां चतुर्णां दर्शनावरणानां उदयापेक्षया सम्यक्त्वसम्यङ्मिथ्यात्वयोस्संज्वलनलोभस्य पञ्चानामन्तरायप्रकृतीनां तिर्यगायुषश्चापेक्षयेयं स्थितिरिति। इतरासान्तु प्रकृतीनां जघन्योत्कृष्टस्थितयस्तत्तत्प्रकृतिनिरूपण एवोक्ता इति दिक् । अथ बन्धतत्त्वं निगमयतीतीति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार**श्रीमद्विजयकमलसूरीश्वर** चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **लब्धिसूरिणा** विनिर्मितस्य तत्त्व-न्यायविभाकरस्य स्वोपज्ञायां न्यायप्रकाशव्याख्यायां बन्धनिरूपणनामा

॥ नवमः किरणः समाप्तः ॥

હવે મૂલકાર, મૂલપ્રકૃતિઓની સ્થિતિને કહે છે-

ભાવાર્થ - જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયોની (૩૦) ત્રીશ કોડાકોડી સાગરોપમના કાળ સુધી સ્થિતિ છે, મોહનીયની સિત્તેર (૭૦) કોડાકોડી સાગરોપમના કાળ સુધીની સ્થિતિ છે, (૨૦) વીશ કોડાકોડી સાગરોપમના કાળ સુધીની સ્થિતિ નામ અને ગોત્રકર્મની છે. તેમજ આયુષ્યકર્મની તેત્રીશ (૩૩) સાગરોપમના કાળની સ્થિતિ છે. આ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. આ પ્રમાણે વેદનીયના બાર (૧૨) મુહૂર્ત્તો, નામ અને ગોત્રના આઠ (૮) મુહૂર્ત્તો, બાકીના કર્મોની અંતર્મુહૂર્ત્તની જઘન્ય સ્થિતિ છે. ઇતિ.

વિવેચન - જ્ઞાનેતિ. જ્ઞાનાવરણાદિની ત્રીશ (૩૦) કોડાકોડી સાગરોપમરૂપ, ઉત્કૃષ્ટ સંક્લેશ-કષાયમાં રહેલા મિથ્યાદૃષ્ટિને ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

૦ (૭૦) કોડાકોડી સાગરોપમની મોહનીયની, મિથ્યાત્વ મોહનીયકર્મની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, કેમ કે-મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણવાળી સ્થિતિ છે. કષાયની ચાલીશ (૪૦) કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી ઉત્કૃષ્ટ સ્થિતિ છે અને નોકષાયોની વીશ (૨૦) કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

૦ નામગોત્રની વીશ (૨૦) કોડાકોડી સાગરોપમની, નરક-તિર્યંચગતિ અને એકેન્દ્રિય આદિ જાતિની અપેક્ષાએ નામની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. વળી નીચગોત્રની અપેક્ષાએ ગોત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ તેટલી જાણવી.

○ આયુષ્યની તેત્રીશ (૩૩) સાગરોપમની, દેવ અને નરકના આયુષ્યની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

ત્યાં જ્ઞાનાવરણ આદિ ચાર (૪) કર્મોનો અબાધાકાળ ત્રણ (૩) હજાર વર્ષોનો છે. ત્રણ હજાર વર્ષ ન્યૂન-હીન કર્મસ્થિતિ, અનુભવયોગ્ય-કર્મદલિક નિષેક-રચના થાય છે. ખરેખર, ઉત્કૃષ્ટ સ્થિતિવાળા જ્ઞાનાવરણ આદિ ચાર કર્મો બંધાયેલા હતા, બંધ સમયથી માંડી ત્રણ હજાર વર્ષો સુધી જીવને કોઈ જાતની બાધા પોતાના ઉદયથી પહોચાડતા નથી, કેમ કે-તેટલા કાળના મધ્યમાં દલિક-નિષેક-રચનાનો અભાવ છે. ખરેખર, ત્યારબાદ દલિકોનો નિષેક થાય છે. નિષેક એટલે કર્મપુદ્ગલોના અનુભાગો (દલિકો)ની રચના. તે નિષેક (ભોગ્યકાળ) પ્રથમ સ્થિતિમાં ઘણો (બહુ), બીજી સ્થિતિમાં વિશેષ હીન, આવા ક્રમથી છેલ્લા સમય સુધીની રચના જાણવી.

બાર (૧૨) મુહૂર્ત્તો-કષાયવાળાને સાતાવેદનીયની જઘન્ય સ્થિતિનું વર્ણન છે. નિષ્કષાયને તો પ્રથમ સમયમાં સાતાવેદનીયનો બંધ, બીજા સમયમાં વેદન-અનુભવ અને ત્રીજા સમયમાં અકર્મા થવાનું છે. ઇતિ.

આઠ (૮) મુહૂર્ત્તો-યશઃકીર્તિ અને ઉચ્ચ ગોત્રની અપેક્ષાએ આ કથન છે.

'શોષણ' ઇતિ. જ્ઞાનાવરણ-દર્શનાવરણ-મોહનીય-આયુષ્ય-અંતરાયરૂપ બાકીના કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે.

○ પાંચ (૫) જ્ઞાનાવરણોની, (૪) ચક્ષુદર્શનાવરણ આદિરૂપ દર્શનાવરણોની, ઉદયની અપેક્ષાએ સમ્યક્ત્વમોહનીયની-મિશ્રમોહનીયની-સંજ્વલન લોભની પાંચ (૫), અંતરાયપ્રકૃતિઓની, તિર્યંચ આયુષ્યની અપેક્ષાએ આ જઘન્ય સ્થિતિ છે.

બીજી કર્મપ્રકૃતિઓની તો જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિઓ તે તે પ્રકૃતિઓના નિરૂપણમાં જ કહેલી છે. ઇતિ દિક્. હવે 'ઇતિ' પદથી બંધતત્ત્વનો ઉપસંહાર કરે છે.

ઇતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્**વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર શ્રીમદ્**વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સારી રીતે સ્થાપિત પોતાની ભક્તિના સમુદાયવાળા તેઓશ્રીના પટ્ટધર શ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ **'ન્યાયપ્રકાશ'** નામની વ્યાખ્યામાં **'સંવરનિરૂપણ'** નામનું નવમું કિરણ સમાપ્ત.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિ**એ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **નવમા કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

● નવમું કિરણ સમાપ્ત ●

अथ दशमः किरणः

तदेवं बन्धविगमोपायभूतसंवरनिर्जरानिरूपणोत्तरकालं बन्धं प्ररूप्य तत्प्रतिद्वन्द्वि-भूतमवसरप्राप्तमोक्षतत्त्वं निरूपयति –

कृत्स्नकर्मविमुक्त्याऽऽत्मनः स्वात्मन्यवस्थानं मोक्षः ।१।

कृत्स्नेति । कृत्स्नं निखिलं यत्कर्म मूलोत्तरप्रकृतिभेदभिन्नं तस्य या विमुक्तिरात्म-प्रदेशेभ्योऽत्यन्तमपगमस्तयाऽऽत्मनो यत्स्वात्मन्यवस्थानं स्वस्वभावेन वर्त्तनं स मोक्ष इत्यर्थः । विमुक्तिपदेन कृत्स्नस्य कर्मपुद्गलस्य कर्मत्वेन रूपेण क्षयोऽत्र विवक्षितो न द्रव्यत्वेन, तन्मुखेन तस्य नित्यत्वात्, कर्मत्वेनैव तस्य नाशात्, कर्मयोग्यपुद्गलेष्वात्मना परिगृहीतेष्वेव कर्मत्वपर्यायोत्पादेन तस्मादत्यन्तमपगतेषु तेषु तत्पर्यायनाशेन तद्रूपेण तेषामपि नाशात् । ननु पौद्गलिककर्मप्रकृतीनामेव किं निरासो मोक्षः, उतौपशमिकक्षायोपशमिकौदयिकक्षायिक-पारिणामिकानां भावानामपीत्याशंकायामाहाऽऽत्मन इति, तथा च स्वस्य यत्स्वरूपं तस्मिन्न-वस्थानं वर्त्तनमित्यर्थः, तेन केवलसम्यक्त्वज्ञानदर्शनानि जीवस्य स्वरूपं तद्रूपेणाऽऽत्मनो-ऽवस्थानं मोक्षः, एते च भावाः क्षायिकाः, औपशमिकक्षायोपशमिकौदयिकानान्तु सर्वथा अभाव एवेति सूचितम्, कथमेषामभाव इत्यत्राह विमुक्तयेति, कर्मत्वेन पुद्गलसत्त्वे ह्युपशमादयः सम्भवन्ति, तस्यैव विमुक्तया तदाधाराणां तेषां सम्भव एव नास्ति, यस्तु न तदाधारः क्षायिकादिर्भावस्सोऽस्त्येव त्रिविधदर्शनमोहनीयादीनामात्यन्तिकक्षयेणैव केवलसम्यक्त्वादीनां भावादिति भावः । एतेन सर्वथाऽऽत्माभावो[१] मोक्ष इति निरस्तं मोक्षाधारपदार्थस्या-ऽऽवश्यकत्वात् । न च केवलसम्यक्त्वज्ञानदर्शनानामेव यदि सत्त्वं तर्ह्यनन्तवीर्यसुखादीनामपि निवृत्तिप्रसङ्ग इति वाच्यम् । तदविनाभावित्वेन तेषामत्रैवाऽन्तर्गतत्वात्, अनन्तसामर्थ्याभावे हि नानन्तावबोधस्सम्भवति, सुखमपि च न ज्ञानातिरिक्तं किञ्चिदपि तु ज्ञानविशेषरूपमेव, एवं

१. धर्मिणमात्मानं विना सदनुष्ठानमोक्षादीनां विचारायोग्यत्वात्, नहि वन्ध्यासुतस्याभावे तन्निष्ठसुरूप-कुरुपत्वादीन् कश्चिदारभते चिन्तयितुमिति भावः ॥

सिद्धत्वास्तित्वादिभावा अपि तदविनाभाविन एव, भव्यत्वन्तु केवलसम्यक्त्वादिनिष्पत्ति-विनाशित्वेन तदुत्पत्तौ नास्त्येवेति भावः । नन्वात्माभाव एव मोक्षः, तथा हि संसारो नारकतिर्यङ्मनुष्यदेवत्वमेव, नान्यः, नारकादिपर्यायभिन्नश्च न कोऽपि जीवः, कदाचिदपि तद्भिन्नत्वेन जीवस्यानुपलब्धेः, ततो नारकादिभावनाशे जीवस्य स्वस्वरूपनाशात्सर्वथा जीवाभाव एव प्राप्त इति चेन्न, पर्यायमात्रनाशे पर्यायिणस्सर्वथा नाशस्यानिष्टत्वात्, नहि कनककुण्डलादिपर्यायनाशे स्वर्णस्य नाशः कस्यापीष्टः । न च संसारः कर्मकृतः, ततस्तन्नाशे संसारो नश्यति तथा तन्नाशे च जीवस्यापि नाश एवेति वाच्यम्, कारणव्यापकयोरेव कार्यव्याप्यनिवर्त्तकत्वात् संसारश्च कर्मकार्यमतस्तन्नाशे तन्नाशो युक्तःजीवस्तु न कर्मकृतः, अनादिकालप्रवृत्तत्वात् अतः कर्मनाशे न तस्य नाशः । विकारानुपलम्भाच्च न सर्वथा विनाशधर्मा, दृश्यन्ते हि मुद्गरादिना ध्वस्तस्य घटस्य कपाललक्षणा विनाशधर्माः, न तथा जीवस्यातो नित्यत्वं तद्धर्मत्वाच्च मोक्षस्यापि नित्यत्वम् ॥ ननु स्वात्मन्यवस्थानमित्यनेन ज्ञानादिमत्त्वं मुक्तस्योक्तं तन्न सङ्गच्छते ज्ञानकारणाभावात्, ज्ञाने हि शरीरेन्द्रियादिकं कारणं मुक्तस्य तदभावान्न ज्ञानं भवितुमर्हतीति चेन्न व्याप्त्यसिद्धेः, न हि शरीरेन्द्रियादीनि ज्ञानस्य कारणं व्यापकं वा, येन तन्निवृत्तौ तस्यापि निवृत्तिः स्यात्, ज्ञानस्यात्मस्वभावत्वेन शरीरादिनिवृत्तावपि न तन्निवृत्तिः, तस्मादस्ति मुक्तो जीवस्स च ज्ञानरहित इति विरुद्धं वचनमेव । स्वात्मनि देहे प्रत्यक्षानुभवादेव जीवस्य ज्ञानस्वरूपत्वसिद्धेः, इन्द्रियव्यापारोपरमेऽपि तद्व्यापारोपलब्धार्थानुस्मरणादिन्द्रियसत्त्वेऽपि चान्यमनस्कतायामनुपलम्भात् । अदृष्टाश्रुता-नामप्यर्थानां तथाविधक्षयोपशमपाटवाद्व्याख्यानाद्यवस्थायां कदाचित्स्फुरणाच्च तस्मात्सर्वदा प्रकाशमय एव जीवः, परं संसार्यवस्थायांछद्मस्थः किञ्चिन्मात्रमवभासयति क्षीणाक्षीणा-वरणछिद्रैश्चावभासनात्, सच्छिद्रकुड्याद्यन्तरितप्रदीपवत् । मुक्तावस्थायाञ्च सर्वावरण-क्षयात्सर्वमर्थं प्रकाशयति, विगतकुड्याद्यावरणप्रदीपवत्, न तु जीवस्य तदानीं प्रकाशाभावः, इति सिद्धं तदानीं ज्ञानस्वरूपत्वम्[१] । एवं सुखादि स्वरूपत्वमपि[२] भाव्यम् ॥ अत्र कृत्स्न-

१. आत्मा हि सामान्यतो निखिललोकालोकवर्त्तिपदार्थानां सम्यक् परिच्छेदनिपुणः, परं च कर्मपटला-वृत्ततज्ज्ञानत्वादस्मदादीनां विषयेषु संशयाऽज्ञानविपर्यया अतीतादिविप्रकृष्टादिपदार्थेष्वसम्यक्प्रतीतिश्चाविर्भवति, निःशेषतया ज्ञानावरणादिकर्ममलापगमे च प्रतिबन्धकाभावेन निखिलपदार्थज्ञानस्वभावतायां न कोऽपि विरोध इति भावः ॥ २. एवं सुखस्वरूपोऽप्यात्मा, यथा संसारिणः सुखदुःखे परस्परानुषक्ते न तथा मुक्तात्मनः, दुःखमूलस्य शरीरस्याभावात्, आत्मस्वरूपत्वाच्च सुखस्य । न चेदं सुखं दुःखाभावरूपम्, मुख्ये बाधकाभावात् रोगान्मुक्तोऽहं सुखी जात इत्यादौ सुखीति पदस्य पौनरुक्त्यापत्तेः ईदृशजडरूपात्मतत्त्वस्य मोक्षस्य पुंसामु-पादेयत्वासंभवात् सांसारिकसुखस्य दुःखरूपत्वादेवात्यन्तिकसुखविशेषलिप्सयैव मुमुक्षूणां प्रवृत्तेश्चेत्यभिप्रायेणाह-एवं सुखादिस्वरूपत्वमपि भाव्यमिति ॥

कर्मविमुक्त्याऽऽत्मनस्स्वात्मन्यवस्थानमित्यनेन सङ्ग्रहनयेन मुक्तिरुक्ता, तेन ह्यावरणोच्छित्त्या व्यङ्ग्यं सुखं मुक्तिरिष्यते, संसारदशायां जीवस्वभावस्य सेन्द्रियदेहाद्यपेक्षाकारणस्वरूपावरणेनाच्छाद्यमानत्वात् प्रदीपस्यापवरकावस्थितपदार्थप्रकाशकत्वस्वभावस्येव तदावारकबृहच्छरावादिना । तदपगमे तु प्रदीपस्येव जीवस्यापि विशिष्टप्रकाशस्वभावोऽयत्नसिद्ध एवेति । न च शरीराद्यभावे ज्ञानसुखादीनामभावप्रसङ्ग इति वाच्यमप्रयोजकत्वात्, अन्यथा शरावाद्यभावे प्रदीपादेरभावप्रसङ्गस्स्यात्, न च शरावादेः प्रदीपाद्यजनकत्वान्न दोष इति वाच्यम्, तथाभूतप्रदीपपरिणत्यजनकत्वे शरावादेस्तदनावारकत्वप्रसङ्गात् । व्यवहारनयेन तु स्वीकृतपुंस्त्रीशरीरस्यात्मनस्सम्यग्ज्ञानक्रियाभ्यां साध्यः कर्मणां क्षयो मुक्तिरिष्यते, अन्वयव्यतिरेकाभ्यां तयोस्तं प्रति कारणत्वात्, न च कर्मक्षयस्य मुक्तित्वेऽपुमर्थत्वं स्यादिति वाच्यम्, मुक्तेस्साक्षात् दुःखहेतुनाशोपायेच्छाविषयत्वेन परमपुरुषार्थत्वाविरोधात् । दुःखे हि द्वेषे तद्धेतून् नियमेन द्वेष्टि ततस्तन्नाशहेतुषु ज्ञानादिषु प्रवर्त्तते, ततो नाशोपायेच्छा जायत इति । न च सम्यग्ज्ञानक्रियाभ्यामित्युक्तं तत्र युक्तं सम्यग्दर्शनस्यापि हेतुत्वादिति वाच्यम् द्वयोरप्यनयोर्ज्ञानदर्शनयोस्सहचारित्वात् । ननु स्वीकृतपुंस्त्रीशरीरस्यात्मन इत्युक्तं तत्र स्वीकृतपुंशरीरस्य तु सम्यग्ज्ञानक्रियासम्भवाद्युक्तं मोक्षाधिकारित्वं स्त्रीणान्तु न तथा, तासां ज्ञानदर्शनयोस्संभवेऽपि चारित्रासंभवात्, वस्त्रपरिभोगस्यावश्यकत्वात्, अन्यथा विवृताङ्ग्यस्ताः पुरुषाणामभिभवनीया लोके गर्हणीयाश्च भवेयुः, वस्त्रपरिभोगे च परिग्रहवत्त्वेन संयमाभाव एव स्यादिति चेन्न, वस्त्रसंसर्गमात्रस्य परिग्रहत्वासंभवात्, मूर्च्छाविशिष्टस्यैव तादृशस्य परिग्रहत्वात्, अन्यथा भरतचक्रवर्त्तिनो निष्परिग्रहत्ववर्णनं केवलोत्पादश्चासंगतं स्यात्, जिनकल्पप्रतिपन्नस्य कस्यचित् साधोस्तुषारकणानुषक्ते शीते पतति सति केनाप्यविषह्यमद्य शीतमिति विचिन्त्य तस्य शिरसि वस्त्रे प्रक्षिप्ते परिग्रहत्वापातप्रसङ्गात्, तासामपि सम्यग्दर्शनादिप्रकर्षसम्भवाच्चेति दिक् । स च सम्यग्[१]ज्ञानक्रियाभ्यां भवति, क्रियारहितस्य ज्ञानस्य तद्रहितायाः क्रियाया

१. ननु ज्ञानमेव प्रधानं मोक्षकारणं न क्रिया, तस्या अपि ज्ञानकार्यत्वात्, ज्ञानं हि मोक्षं प्रति कारणं, तदपान्तरालभाविनां सर्वसंयमक्रियादीनामपि, तस्मात्तदेव मोक्षं प्रति प्रधानं कारणमिति चेन्न ज्ञानस्य परम्परयोपकारकत्वे क्रियाया एवानन्तर्येण प्रधानकारणत्वापत्तेः, अव्यवधानेन यदुपकारकं तस्यैव प्रधान कारणत्वात्, युगपत्कार्योत्पत्तौ द्वयोरप्यनुकूलत्वे द्वयोरपि प्राधान्यस्यौचित्यात्, अपान्तराले भवन्त्या अपि क्रियाया मोक्षासाधनत्वे केवलादपि ज्ञानान्मोक्षापत्तेः, अकारणस्यानपेक्षणीयत्वात् । द्वयोरपि सहचारित्वे च कथमेकं ज्ञानं कारणं भवेन्न क्रिया, न च क्रियैव कारणं भवतु न ज्ञानमिति वाच्यम्, तथासत्युन्मत्तादिक्रियातोऽपि मोक्षापत्तेः, तस्माज्ज्ञानक्रियोभयात् मुक्तिरिति भावः ॥

वाऽसमर्थत्वात्, न च प्रत्येकं कारणताविरहे कथं समुदाये कारणत्वमिति वाच्यम्, प्रत्येकं देशोपकारित्वात् समुदायस्य च सम्पूर्णोपकारित्वादिति दिक् ॥

ननु धर्माधर्मयोर्मुक्तौ तावदात्यन्तिकी निवृत्तिर्युक्ता, अन्यथा तदनुपपत्तेः, तन्निवृत्तौ च तत्फलभूतानां बुद्ध्यादीनामपि निवृत्तिरावश्यकी निमित्तापाये नैमित्तिकस्याप्यपायात्, मुक्तस्यात्मनोऽन्तःकरणसंयोगाभावेन न तत्कार्यस्य बुद्ध्यादेरुत्पत्तिः, तथाचाशेषविशेषगुण-निवृत्तिरुक्तौ सिद्ध्यत्येवेति चेन्नेष्टापत्तेः, को हि निवारयति मुक्तावदृष्टहेतुकानां आत्मान्तः-करणसंयोगजानाञ्च बुद्ध्यादीनां निवृत्तिम्, किन्तु कर्मक्षयहेतुकानां प्रशमसुखानन्तज्ञानादीनां निवृत्तिमेव निवारयामः, तथा च मुक्तौ कथञ्चिद् बुद्ध्यादिविशेषगुणानां निवृत्तिं कथञ्चिद-निवृत्तिर्व्यवतिष्ठते । न च ज्ञानत्वावच्छिन्न एवादृष्टान्तः करणादिहेतुत्वान्मुक्तौ तदजन्यज्ञाना-द्यनुपपत्तिरिति वक्तुं युक्तम्, परैरीश्वरज्ञानादिव्यावृत्तये जन्यत्वस्य कार्यतावच्छेदककोटौ दानात्, तस्य च ध्वंसप्रतियोगिरूपत्वेन । ध्वंसाप्रतियोगिज्ञानादीनां मुक्तावनुपपत्त्य भावात् । न च जन्यत्वेन ज्ञानादीनां मुक्तावपि ध्वंस आवश्यक इति वाच्यम् । जन्यत्वेन ध्वंसहेतुत्वे मानाभावात्, प्रतियोगिनो विशिष्टय हेतुत्वेऽपि मुक्तज्ञानादीनां ध्वंसाहेतुत्वकल्पन एव लाघवात् । न चोपयोगस्य संसारदशायामन्तर्मुहूर्त्तादिकालनाश्यत्वदर्शनान्मुक्तावपि कालान्नाशप्रसङ्ग इति वाच्यम् । केवलज्ञानादीनां कालानाश्यत्वादुपयोगस्य क्षणिकत्वेऽपि प्रवाहतस्तदानन्त्यस्य च सिद्धान्तसिद्धत्वात् । वस्तुतस्तु अदृष्टान्तःकरणसंयोगकर्मक्षयादयो न ज्ञानोत्पत्तौ निमित्तभूताः । अपि तु आविर्भावतिरोभावावेति पूर्वमेवोक्तम् । न चात्मनो बुद्ध्यादिगुणाः कदाचिदुच्छिद्यन्ते, सन्तानरूपेण जायमानत्वात् प्रदीपवत्, अमीषां जन्मनो निरन्तरं सर्वानुभवसिद्धत्वान्नासिद्धिः, साध्यविपर्ययेण व्याप्तेरसिद्ध्या न विरुद्धः, विपक्षे गगनादौ हेतोरसत्त्वेन च नानैकान्तिक इति वाच्यम् । विकल्पासहत्वात्, सन्तानपदेन पितृपुत्रपौत्रादिक्रमेण पुरुषसम्प्रदायो गोत्राद्यपरनामा सन्तानो विवक्षितः, उत उपदानोपादेयभावेनोत्तरोत्तरकार्यपरम्परोत्पादः, अथवा सामान्येन सजातीयकार्यकारणप्रवाह इति, तत्र नाद्यस्तस्य पुरुषेष्वेव प्रसिद्ध्या गुणादौ तदसम्भवात् । न द्वितीयः, तेषामात्मोपादेयत्वेन स्वीकृततया परस्परमुपादानोपादेयभावानङ्गीकारात् । न द्वितीयः, तेषामात्मोपादेयत्वेन स्वीकृततया परस्परमुपादानोपादेयभावानङ्गीकारात् । नान्त्यो बुद्ध्यादिभ्यो विजातीयानामिच्छादीनामप्युत्पत्तिदर्शनेन सजातीयकार्यकारणोत्पत्त्यभावात् । स्मृत्यादीनाञ्च भवदभिप्रायेणाप्रमाणतया विजातीयानामपि सम्यग्ज्ञानादिभ्यस्संस्कारोद्बोधद्वारेणोत्पत्तेः । पाकजपरमाणुरूपादीनाञ्चैवंविधसन्तानरूपेणोत्पत्तावपि भवताऽत्यन्तोच्छेदानभ्युपगमात्, संसारस्य

चैवं रूपस्याप्यत्यन्तोच्छेदाभावेन व्यभिचारात्, मुक्तावनित्यबुद्ध्यादीनामत्यन्तोच्छेदस्यास्माभिरपि स्वीकृतत्वेन सिद्धसाधनाच्च ॥ तथा स्वस्वरूपे चैतन्यमात्रेऽवस्थानमात्मनो मोक्ष इति कपिलमतमपि प्रमाणबाधितं, चैतन्यविशेषेऽनन्तज्ञानादौ स्वरूपेऽवस्थानस्य मोक्षत्वसाधनात् । न ह्यनन्तज्ञानादिकमात्मनोऽस्वरूपं सर्वज्ञत्वादिविरोधात् । प्रधानस्य सर्वज्ञत्वादिस्वरूपं नात्मन इति चेन्न, तस्याचेतनत्वादाकाशादिवत्, ज्ञानादेरप्यचेतनत्वादचेतनप्रधानस्वभावत्वं युक्तमेवेति चेत्कुतस्तदचेतनत्वसिद्धिः, अचेतना ज्ञानादय उत्पत्तिमत्त्वाद् घटवदित्यनुमानादिति चेन्न, हेतोर्बुद्धिनिष्ठप्रतिबिम्बहेतुबिम्बचैतन्यलक्षणेनानुभवेन व्यभिचारात्, तस्य चेतनत्वेऽप्युत्पत्तिमत्त्वात् । न च कथमुत्पत्तिमाननुभव इति वाच्यम्, बुद्ध्यादिवत्परापेक्षत्वात् । परापेक्षो ह्यसौ बुद्ध्यध्यवसायापेक्षत्वात्, बुद्धिप्रतिबिम्बितमर्थं पुरुषश्चेतयत इति वचनात् । बुद्ध्यध्यवसितार्थानपेक्षत्वेऽनुभवस्य सर्वत्र सर्वदा सर्वस्य पुंसोऽनुभवप्रसङ्गात्, सर्वदा सर्वदर्शित्वापत्तेस्तदुपायानुष्ठानवैयर्थ्यमेव स्यात्, यदि पुनरनुभवसामान्यमात्मनो नित्यमनुत्पत्तिमदेवेति मतं तदा ज्ञानादि सामान्यमपि नित्यत्वादनुत्पत्तिमद्भवेदिति तव हेतुरसिद्धः । न च ज्ञानादिविशेषाणामुत्पत्तिमत्त्वान्नासिद्ध इति वाच्यम्, तर्ह्यनुभवविशेषाणामप्युत्पत्तिमत्त्वाद्व्यभिचारापत्तेः । न चानुभवस्य न विशेषास्सन्तीति वाच्यं, वस्तुत्वविरोधात् । सकलविशेषरहितत्वे हि खरविषाणवदनुभवोऽवस्त्वेव भवेत् । न चात्मनानेकान्तः, तस्यापि सामान्यविशेषात्मकत्वादन्यथाऽवस्तुत्वापत्तेः । कालात्ययापदिष्टश्चोत्पत्तिमत्त्वहेतुः, ज्ञानादीनां स्वसंवेदनप्रत्यक्षत्वाच्चेतनत्वप्रसिद्धेः, न च चेतनसंसर्गादचेतनस्यापि ज्ञानादेश्चेतनत्वप्रतीतिः प्रत्यक्षतो भ्रान्तैवेति वाच्यम्, शरीरादेरपि चेतनत्वप्रतीतिप्रसङ्गात् चेतनसंसर्गाविशेषात् । न च शरीराद्यसम्भवी बुद्ध्यादेरात्मना संसर्गविशेष इति वाच्यम्, कथञ्चित्तादात्म्यातिरिक्तस्य संसर्गस्याभावात् । ततो नाचेतना ज्ञानादयः स्वसंविदितत्वात्, अनुभववत्, ते स्वसंविदिताः परसंवेदनान्यथानुपपत्तेः, तथाचात्मस्वभावा ज्ञानादयः चेतनत्वादनुभववत्, इति न चैतन्यमात्रेऽवस्थानं मोक्षः, अनन्तज्ञानादिचैतन्यविशेषेऽवस्थानस्य मोक्षत्वप्रतीतेरिति ॥ नन्वत्यन्तज्ञानसन्तानोच्छेद एव मोक्षः, तथाहि बद्धस्य संसारिणो मोक्ष इति वक्तव्यं बन्धश्च रागादिभिः, स चैकान्तनित्य आत्मनि न संभवति विकारापत्तेः, तस्मान्नात्मनो बन्धो नवा मोक्षस्तयोरनुपपत्त्या च तादृशात्मनोऽभाव एव युक्तः, ज्ञानस्य कार्यतया विकारित्वेन रागादियोगेन बन्धसम्भवात् कथञ्चिद्भावनाबलेन तद्विगमाच्च मोक्ष उपपद्यते, अयमेव च तस्य मोक्षो यद्विनाश इति चेन्न,

ज्ञानस्य[१] क्षणिकत्वादुत्पत्त्यनन्तरं विनापि विनाशकं तद्विनाशात्, न च रागादिभिर्ज्ञानक्षणस्य बन्ध आपादयितुं शक्यते, एकान्तनित्यस्येव एकान्तानित्यस्याप्यविकार्यतया रागादियोग-वियोगासम्भवात् । ततो बन्धाभावात्कथं मोक्षः । ननु[२] ज्ञानस्य तदसम्भवेऽपि तत्सन्तानस्यैकत्वादक्षणिकत्वाच्च रागादियोगाद्बन्धो भावनाद्यतिशयाच्च सन्तानानुत्पत्तिलक्षणो मोक्षश्च संभवति, सन्तानश्च ज्ञानानामनादिः कार्यकारणप्रवाह इति चेन्न ज्ञानव्यतिरिक्तस्यैकस्याक्षणिकस्य परमार्थसत्तयाऽभ्युपगम्यमाने नामान्तरेणात्मनोऽभ्युपगतत्वेन तस्यैव बन्धमोक्षयोरुपपादितत्वात्, न च नित्यस्याविकार्यतया तदनुषपत्तिरिति वाच्यम् एकान्तनित्यताया निरासेन परिणामि-नित्यस्यैवास्माभिरङ्गीकारात् । तस्मादात्माभाव इति रिक्तं वचः । यद्यस्माभिरपि सन्तानस्य संवृतिसत्तयैवाभ्युपेयते तर्हि सन्तानिनां ज्ञानक्षणानामेव वस्तुसत्त्वं तेषाञ्चानेकत्वक्षणिकत्वाभ्यामेकस्यैव बन्धमोक्षयोरनुपपत्त्याऽन्यस्य बन्धोऽन्यस्य मोक्ष इति स्यात्, तथाचानुगतस्यैकस्याभावेन मोक्षप्रवृत्तिर्न स्यात्, एवं सन्तानिभ्यस्सन्तानस्याभिन्नत्वेऽपि पूर्वोक्तदोष एव । नवा सन्तानस्यानागतानुत्पादलक्षणमोक्षस्संगच्छते, ज्ञानक्षणस्य ज्ञानक्षणान्तरजननस्वभावत्वादिति ॥

श्री मोक्षनिरूपण नामक दशम किरण

अवतरणिका - આ પ્રમાણે બંધના વિનાશના ઉપાયભૂત સંવર-નિર્જરાના નિરૂપણ પછીથી બંધનું નિરૂપણ કરી, તે બંધના વિપક્ષભૂત અવસરે આવેલ મોક્ષતત્ત્વને કહે છે.

ભાવાર્થ - સમસ્ત કર્મના ક્ષયથી આત્માનું સ્વસ્વરૂપમાં અવસ્થાન, એ 'મોક્ષ' છે.

विवेचन - મૂલ કે ઉત્તર પ્રકૃતિરૂપ ભેદથી યુક્ત જે સકળ કર્મ છે, તેની જે વિમુક્તિ એટલે આત્માના પ્રદેશોમાંથી અત્યંત ક્ષય, તે સકળ કર્મવિમુક્તિથી જે આત્માનું સ્વસ્વભાવમાં અવસ્થાન-વર્તવું, તે 'મોક્ષ' કહેવાય છે.

○ વિમુક્તિ પદથી સકળ કર્મપુદ્ગલનો કર્મરૂપે ક્ષય અહીં વિવક્ષિત છે, પરંતુ દ્રવ્યરૂપે નહિ, કેમ કે-દ્રવ્યરૂપે તે પુદ્ગલદ્રવ્ય નિત્ય છે, કર્મપર્યાયરૂપે જ તેનો વિગમ છે. આત્માએ ગ્રહણ કરેલ કર્મયોગ્ય પુદ્ગલોમાં જ કર્મત્વ નામક પર્યાયની ઉત્પત્તિ થવાથી, આત્મામાંથી તે કર્મપુદ્ગલો અત્યંતરૂપે ગયે છતે, તે કર્મપુદ્ગલોમાં કર્મત્વપર્યાયનો નાશ થવાથી, કર્મપર્યાયરૂપે તે કર્મયોગ્ય પુદ્ગલોનો નાશ છે.

शंका - પૌદ્ગલિક કર્મપ્રકૃતિઓનો ક્ષય એ શું મોક્ષ છે ? અથવા ઔપશમિક-ક્ષાયોપશમિક-ઔદયિક-ક્ષાયિક-પરિણામિક ભાવોનો પણ નાશ એ શું મોક્ષ છે ?

---

१. अयं भावः वर्त्तमानज्ञानक्षणः कर्म बध्नन् न प्राग् बध्नीयात् असतो बन्धायोगात् न वा सह, सहभाविनोस्सव्येतरगोविषयाणयोरिव तदसंभवात् नापि पश्चात्, उत्पादानन्तरं निरन्वयं ध्वंसेन द्वितीयादिक्षणावस्थासंभवेन तदनुपपत्तेरिति ॥ २. ननु मा भूत् एकैकशो ज्ञानक्षणानां बन्धो रागाद्युत्पादो वा, तत्सन्तानस्य त्वेकस्य सन्ततमनुवर्त्तमानस्यासौ स्यादिति शंकते नन्विति ॥

સમાધાન - તથાચ આત્માનું (પોતાનું) જે સ્વરૂપ છે તેમાં રહેવું, એમ અહીં સમજવું. તેથી કેવળ સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શનો જીવનું સ્વરૂપ છે, તે જ્ઞાનાદિ રૂપે આત્માનું રહેવું મોક્ષ-પર્યાય છે. સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન આદિ ભાવો મોક્ષમાં ક્ષાયિક જ હોય છે. ઔપશમિક, ક્ષાયોપશમિક કે ઔદયિક ભાવોનો સર્વથા અભાવ જ એમ સૂચિત કરેલ છે.

શંકા - મોક્ષમાં આ ઔપશમિક આદિ ભાવોનો કેમ અભાવ છે ?

સમાધાન - 'સકલ કર્મ વિમુક્તિથી'-એ પદથી ઉપરોક્ત શંકાનું સમાધાન થાય છે. ખરેખર, કર્મરૂપે પુદ્ગલની સત્તા હોયે છતે ઉપશમ આદિ સંભવે છે. કર્મરૂપે પુદ્ગલની વિમુક્તિ-ક્ષય થવાથી, તે ઉપશમ આદિના આધારભૂત તે કર્મપુદ્ગલોનો સંભવ જ નથી. તે કર્મપુદ્ગલરૂપ આધારવાળો જે નથી એવો તે, ક્ષાયિક આદિ ભાવ છે જ, કેમ કે- ત્રણ પ્રકારના દર્શનમોહનીય આદિના ક્ષયથી જ કેવળ (ક્ષાયિક) સમ્યક્ત્વ આદિની સત્તા છે, એવો ભાવ છે. આ નિરૂપણથી 'સર્વથા આત્માનો અભાવ મોક્ષ છે.'- (ધર્મીરૂપ આત્મા સિવાય સદ્અનુષ્ઠાન-મોક્ષ આદિનો વિચાર અયોગ્ય થાય છે, કેમ કે- વંધ્યાપુત્રના અભાવમાં તેમાં રહેલ સુરૂપ-કુરૂપ આદિના કોઈપણ વિચાર કરતો નથી.) આવી માન્યતાનું ખંડન થાય છે, કેમ કે-મોક્ષના આધારભૂત પદાર્થ આવશ્યક છે.

શંકા - કેવળ સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શનોનો જ જો સદ્ભાવ છે, તો અનંત વીર્ય-સુખ આદિના પણ અભાવનો પ્રસંગ કેમ નહિ આવે ?

સમાધાન - તે સમ્યક્ત્વ આદિની સાથે અવિનાભાવી સહચારી હોઈ તે અનંત વીર્ય આદિનો ક્ષાયિક જ્ઞાન આદિમાં અંતર્ભાવ છે. ખરેખર, અનંત સામર્થ્યના અભાવમાં અનંતજ્ઞાન સંભવતું નથી. વળી સુખ પણ જ્ઞાનથી અતિરિક્ત (અધિક-ભિન્ન) કાંઈ નથી પરંતુ જ્ઞાનવિશેષરૂપ જ સુખ-ચિદાનંદ જ છે. આ પ્રમાણે સિદ્ધત્વ-અસ્તિત્વ આદિ ભાવો પણ કેવળ સમ્યક્ત્વ આદિની સાથે અવિનાભાવી જ છે.

○ ભવ્યત્વ તો કેવળ સમ્યક્ત્વ આદિની સિદ્ધિ હોયે છતે વિનાશશીલ હોઈ, કેવળ સમ્યક્ત્વ આદિની ઉત્પત્તિમાં ભવ્યત્વ નથી જ, એવો ભાવ છે.

શંકા - 'આત્માનો અભાવ જ મોક્ષ' છે, એ પક્ષ બરોબર છે. તથાહિ નરક-તિર્યંચ-મનુષ્ય-દેવરૂપ જ સંસાર છે, બીજો સંસાર નહીં. નારક આદિ પર્યાયથી રહિત કોઈપણ જીવ નથી, કેમ કે-કોઈપણ વખતે નારક આદિ ભિન્નરૂપે જીવની પ્રતીતિ નથી. તેથી નારક આદિ પર્યાયના નાશમાં જીવના સ્વસ્વરૂપ-પર્યાયનો નાશ થવાથી જીવનો અભાવરૂપ મોક્ષ જ કેમ પ્રાપ્ત ન થાય ?

સમાધાન - પર્યાય માત્રના નાશમાં પર્યાયી દ્રવ્યનો નાશ ઈષ્ટ નથી, કેમ કે-સોનાના કુંડલ આદિ પર્યાય માત્રના નાશમાં સોનાનો નાશ કોઈને ઈષ્ટ-સંમત નથી.

શંકા - સંસાર કર્મથી બનેલો છે, તેથી કર્મના નાશમાં સંસાર નષ્ટ થાય છે. તેવી રીતે સંસારના નાશમાં જીવનો પણ નાશ જ કેમ નહિ ?

સમાધાન - વ્યાપક કારણમાં વ્યાપ્યભૂત કાર્યનું નિવર્ત્તકપણું હોઈ કર્મરૂપ કારણનું સંસારરૂપ કાર્ય છે, તો કર્મરૂપ કારણના નાશમાં સંસારરૂપ કાર્યનો નાશ વ્યાજબી છે. પરંતુ જીવને કર્મે બનાવેલો નથી. કર્મરૂપ

કારણનું કાર્ય જીવ નથી, કેમ કે-અનાદિકાળથી જીવની પ્રવૃત્તિ છે. એથી કર્મના નાશમાં જીવનો નાશ અસંભવિત છે.

○ વળી વિકારના અભાવથી સર્વથા વિનાશી (જન્ય) ધર્મવાળો આત્મા નથી. ખરેખર, મોગર આદિથી તૂટેલા ઘડાના કપાલરૂપ વિનાશજન્ય ધર્મો દેખાય છે. તેવી રીતે જીવના વિનાશજન્ય ધર્મો દેખાતા નથી, માટે જીવનું-આત્માનું નિત્યપણું છે. તેના ધર્મ-સિદ્ધત્વરૂપ મોક્ષનું પણ નિત્યપણું છે.

શંકા - સ્વસ્વરૂપમાં અવસ્થાનરૂપ મોક્ષનું સ્વરૂપ જે કહ્યું, તે જ્ઞાનાદિ સ્વરૂપ મુક્તમાં ઘટતું નથી, કેમ કે-જ્ઞાનના કારણોનો અભાવ છે. ખરેખર, જ્ઞાન પ્રત્યે શરીર-ઇન્દ્રિય આદિ કારણ છે. મુક્તમાં તે કારણનો અભાવ હોવાથી જ્ઞાન સંભવી શકે નહીં ને ?

સમાધાન - વ્યાપ્તિની અસિદ્ધિ (અભાવ) છે. તથાહિ જ્ઞાન પ્રત્યે શરીર-ઇન્દ્રિય વગેરે કારણ કે વ્યાપક નથી, જેથી તે શરીર-ઇન્દ્રિય આદિના અભાવમાં તે જ્ઞાનનો પણ અભાવ થાય ! વળી જ્ઞાન આત્માનો સ્વભાવ હોઈ શરીર આદિના અભાવમાં પણ તે જ્ઞાનનો અભાવ નથી. તેથી 'મુક્ત જીવ છે, વળી તે જ્ઞાનરહિત છે.'-આવું વચન વિરુદ્ધ જ છે, કેમ કે- પોતાના આત્મામાં શરીરના આશ્રયે પ્રત્યક્ષ અનુભવથી જ જ્ઞાનસ્વરૂપની સિદ્ધિ છે. વળી ઇન્દ્રિયોના વ્યાપારના વિરામમાં પણ તેના વ્યાપારથી પૂર્વે પ્રાપ્ત કરેલ અર્થ (વિષય)નું સ્મરણ છે (અનુસ્મરણ છે) અને ઇન્દ્રિયોની વિદ્યમાનતામાં પણ અન્યસ્થ મન હોયે છતે વિષયનો ઉપલંભ (પ્રતીતિ-ગ્રહણ) થતો નથી.

○ નહિ જોયેલ, નહિ સાંભળેલ પણ અર્થોના વિષયોમાં તથાપ્રકારની ક્ષયોપશમની પટુતાથી વ્યાખ્યાન આદિ અવસ્થામાં કદાચિત્ સ્ફૂરણા થાય છે. તેથી સર્વદા સઘળાકાળમાં પ્રકાશ-જ્ઞાનજ્યોતિર્મય જ જીવ છે.

○ બીજી વાત એવી છે કે-સંસારી અવસ્થામાં છદ્મસ્થ જીવ કિંચિદ્ માત્ર જાણે છે, કેમ કે-ક્ષીણ અક્ષીણ આવરણના છિદ્રોથી અવભાસ છે. જેમ કે-છિદ્રવાળા ભીંત વગેરેની વચ્ચે રહેલ દીપક.

○ મુક્ત અવસ્થામાં સર્વ આવરણોના ક્ષયે સર્વ અર્થને જાણે છે-પ્રકાશે છે. જેમ કે-ભીંત વગેરેના આવરણ વગરનો પ્રદીપ. જીવમાં તે વખતે પ્રકાશ-જ્ઞાનનો અભાવ નથી. આ પ્રમાણે મુક્તિમાં જ્ઞાનસ્વરૂપ સિદ્ધ છે. (ખરેખર, આત્મા સામાન્યથી સકળ લોકાલોકમાં વર્તતા પદાર્થોને સારી રીતે જાણવા સમર્થ છે. પરંતુ કર્મ આવરણથી આચ્છાદિત તે જ્ઞાનાદિ હોવાથી, અસ્મદ્ આદિ સંસારી છદ્મસ્થ જીવોને સંશય-અજ્ઞાન-વિપર્યયો, અતીત આદિ-દૂરસ્થ પદાર્થોમાં મિથ્યાજ્ઞાન પ્રગટ થાય છે; અને સંપૂર્ણતયા જ્ઞાન આવરણ આદિ મલના વિનાશમાં પ્રતિબંધકના અભાવથી સકળ પદાર્થવિષયક જ્ઞાનસ્વરૂપમાં કોઈપણ વિરોધ નથી.) આ પ્રમાણે જેમ જ્ઞાનસ્વરૂપી આત્મા છે, તેમ સુખસ્વરૂપી આત્મા છે. આત્માનું જ્ઞાનવત્ સુખ આદિ સ્વરૂપ છે. (સુખસ્વરૂપી પણ આત્મા છે. જેમ સંસારીને સુખ-દુઃખ પરસ્પર સંબંધી છે, તેમ મુક્તિમાં નથી, કેમ કે-દુઃખના મૂળરૂપ શરીરનો અભાવ છે અને આનંદ-આત્મસ્વરૂપ છે. વળી એમ નહિ કહેવું કે- 'દુઃખાભાવરૂપ સુખ છે,' કેમ કે-મુખ્ય સુખમાં બાધકનો અભાવ હોવાથી 'રોગથી મુક્ત થયેલો હું સુખી થયો,' ઇત્યાદિમાં સુખી એવા પદમાં પુનરુક્તિના દોષની આપત્તિ આવે છે. આવા જડરૂપ આત્મતત્ત્વનો મોક્ષ બુદ્ધિશાળી પુરુષોને ઉપાદેય થતો નથી. વળી સાંસારિક સુખ દુઃખરૂપ હોવાથી જ આત્યંતિક વિશિષ્ટ સુખની ઇચ્છાથી જ મોક્ષાર્થી જીવોની પ્રવૃત્તિ છે. આવા અભિપ્રાયથી કહે છે કે-એ પ્રમાણે સુખાદિ સ્વરૂપ

પણ વિચારવું.) અહીં 'કૃત્સ્ન કર્મની વિમુક્તિ દ્વારા આત્માનું સ્વસ્વરૂપ અવસ્થાનરૂપ મોક્ષ.'-આ પ્રમાણેના સંગ્રહનયથી મુક્તિ કહેલી છે. તેથી આવરણોના ઉચ્છેદથી વ્યઙ્ગ્ય-ગમ્ય સુખ (આનંદ) મોક્ષ તરીકે ઈષ્ટ છે, કેમ કે-સંસારદશામાં આનંદરૂપ જીવસ્વભાવ ઇન્દ્રિય સહિત દેહ આદિ રૂપ અપેક્ષા-કારણસ્વરૂપ આવરણથી આચ્છાદિત કરાય છે. જેમ કે-અપવરક(રૂમ)માં રહેલ પદાર્થ પ્રકાશત્વ સ્વભાવવાળો પ્રદીપ. તે પ્રદીપના આચ્છાદક મોટા શરાવ (શરાવળા) આદિથી આચ્છાદિત કરાય છે. જેમ પ્રદીપ આચ્છાદક મોટા શરાવ આદિના અભાવમાં પ્રદીપની માફક જીવનો પણ વિશિષ્ટ પ્રકાશ (જ્ઞાન) સ્વભાવ પ્રયત્ન વગર સિદ્ધ જ છે.

શંકા - શરીર આદિના અભાવમાં જ્ઞાન, આનંદ આદિના અભાવનો પ્રસંગ કેમ નહિ આવે ?

સમાધાન - જ્ઞાન, સુખ આદિ પ્રત્યે શરીર આદિનું (વ્યાપ્તિ ગ્રાહક કાર્ય-કારણરૂપ અનુકૂલતર્કાભાવ) અપ્રયોજકપણું હોવાથી પ્રસંગ નહીં આવે.

જો શરીર આદિના અભાવમાં જ્ઞાન આદિના અભાવનો પ્રસંગ માનો, તો શરાવ આદિના અભાવમાં પ્રદીપ આદિના અભાવનો પ્રસંગ થાય !

શંકા - પ્રદીપ આદિ પ્રત્યે શરવ આદિ અજનક હોવાથી દોષ કેવી રીતે ?

સમાધાન - તથાભૂત પ્રદીપની પરિણતિના અજનક શરાવ આદિમાં પ્રદીપ પ્રત્યે અનાવારકપણાનો પ્રસંગ તો આવશે જ.

o વ્યવહારનયની અપેક્ષાએ પુરુષ અથવા સ્ત્રીના શરીરવાળા આત્માનો સમ્યગ્જ્ઞાન અને ક્રિયાથી સાધ્ય કર્મોનો ક્ષય, એ 'મોક્ષ' ઇચ્છાય છે. અન્વય-વ્યતિરેકથી કર્મક્ષય રૂપ કાર્ય પ્રત્યે સમ્યગ્જ્ઞાન-ક્રિયાનું કારણપણું.

શંકા - કર્મના ક્ષયના મુક્તિપણામાં પુરુષાર્થપણાનો અભાવ કેમ નહિ ?

સમાધાન - મુક્તિમાં, સાક્ષાત્ દુઃખના હેતુભૂત કર્મના નાશના (સમ્યગ્દર્શનાદિ) ઉપાયોથી કે (ઉપાયોની) ઇચ્છાનો વિષય હોઈ પરમ પુરુષાર્થપણું અવિરુદ્ધ છે.

ખરેખર, દુઃખ પ્રત્યે દ્વેષ થતાં દુઃખના હેતુઓ પ્રત્યે નિયમા દ્વેષ કરે છે ત્યારબાદ તે દુઃખનાશના હેતુભૂત જ્ઞાનાદિમાં પ્રવર્તે છે ત્યારપછી નાશના ઉપાયથી મોક્ષપુરુષાર્થની ઇચ્છા થાય છે.

શંકા - 'સમ્યગ્જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ'- એમ જે કહ્યું તે ઠીક નથી, કેમ કે-સમ્યગ્દર્શનનું પણ હેતુપણું છે જ ને ?

સમાધાન - આ બેમાં પણ જ્ઞાન, દર્શનનો સહચારી હોવાથી સમ્યગ્જ્ઞાનના ગ્રહણમાં સમ્યગ્દર્શનનું ગ્રહણ થઈ જાય છે.

શંકા - 'સ્વીકૃત પુરુષશરીરવાળા કે સ્ત્રીશરીરવાળા આત્માની મુક્તિ'-એવું જે વચન કહ્યું છે, ત્યાં સ્વીકાર કરેલા પુરુષશરીરવાળાને તો સમ્યગ્જ્ઞાન-ક્રિયાનો સંભવ હોવાથી મોક્ષનું અધિકારીપણું છે, પરંતુ સ્ત્રીઓને મોક્ષનો અધિકાર નથી, કેમ કે-તે સ્ત્રીઓમાં જ્ઞાન-દર્શનનો સંભવ છતાં ચારિત્રનો અસંભવ છે. વળી સ્ત્રીઓને વસ્ત્રનો સ્વીકાર આવશ્યક છે. અવસ્ત્ર સ્ત્રીઓ પુરુષોના તિરસ્કારને યોગ્ય બને છે અને લોકમાં નિંદાપાત્ર થાય ! જો વસ્ત્રનો સ્વીકાર કરે, તો પરિગ્રહવાળીમાં સંયમનો અભાવ થાય જ ને ?

સમાધાન - વસ્ત્રના સંબંધ માત્રમાં પરિગ્રહપણાનો અસંભવ છે. મૂર્છાવિશિષ્ટ વસ્ત્રાદિ જ સંસર્ગ-પરિગ્રહ કહેવાય છે.

○ જો વસ્ત્રસંબંધ માત્રને પરિગ્રહ કહેવામાં આવે, તો વસ્ત્રધારી ભરતચક્રવર્તીનું નિષ્પરિગ્રહપણાનું વર્ણન અને કેવલજ્ઞાનની ઉત્પત્તિ અસંગત થાય ! વળી જિનકલ્પના સ્વીકારનાર કોઈક સાધુના વિષયમાં તુષાર કણના સંબંધવાળી ઠંડી પડ્યે છતે, જો કોઈ આત્મા 'આજે ઠંડી અસહ્ય છે'-એમ વિચારી, તે સાધુના મસ્તક ઉપર વસ્ત્ર ફેંકે, તો તે સાધુમાં પરિગ્રહની આપત્તિનો પ્રસંગ આવી જાય !

તે સ્ત્રીઓમાં પણ સમ્યગ્જ્ઞાન-ચારિત્રના પકર્ષનો સંભવ છે. આ પ્રમાણેનું દિગ્દર્શન છે.

○ વળી તે મુક્તિ સમ્યગ્જ્ઞાન-ક્રિયાથી જ છે, કેમ કે-મોક્ષ પ્રત્યે ક્રિયારહિત કેવલ જ્ઞાનરહિત કેવલ ક્રિયા અસમર્થ-અજનક છે.

શંકા - પ્રત્યેક સમ્યગ્જ્ઞાન કે ક્રિયામાં જો કારણતા નથી, તો સમુદાયમાં કારણતા કેવી રીતે ?

સમાધાન - પ્રત્યેક સમ્યગ્જ્ઞાન કે ક્રિયા દેશ અંશથી ઉપકારક હોઈ કારણ છે અને સમુદાય સંપૂર્ણ-સર્વથા ઉપકારી હોઈ સંપૂર્ણ કારણ છે, એમ દિગ્દર્શન જાણવું.

શંકા - ધર્મ-અધર્મના ક્ષયરૂપ આત્યંતિક નિવૃત્તિ જ મુક્તિમાં યુક્તિયુક્ત છે. જો પુણ્ય-પાપની આત્યંતિક નિવૃત્તિ ન થાય, તો મુક્તિ ઘટે નહિ. વળી ધર્મ-અધર્મ રૂપ અદૃષ્ટના ક્ષયમાં ધર્માધર્મજન્ય ફળભૂત બુદ્ધિ આદિનો પણ ક્ષય આવશ્યક છે, કેમ કે-કારણના અભાવમાં કાર્યનો નાશ પણ હોય છે. મુક્ત આત્મામાં અંતઃકરણના સંયોગનો અભાવ હોવાથી અંતઃકરણ સંયોગજન્ય બુદ્ધિ આદિ રૂપ કાર્યની ઉત્પત્તિ નથી. તથાચ સકળ વિશેષ ગુણોની નિવૃત્તિ જ મોક્ષમાં સિદ્ધ થાય છે જ ને ? કેમ ?

સમાધાન - તમારી કહેલી બાબત એક અપેક્ષાએ ઈષ્ટ આપત્તિરૂપ છે. ખરેખર, અદૃષ્ટજન્ય આત્મા અને મનના સંયોગજન્ય બુદ્ધિ આદિની નિવૃત્તિને કોણ અટકાવે છે ? પરંતુ કર્મક્ષયરૂપ હેતુજન્ય પ્રશમ સુખ-અનંત જ્ઞાન-આનંદ આદિની નિવૃત્તિને (અભાવની માન્યતાને) અટકાવીએ છીએ. તથાચ મુક્તિમાં અપેક્ષાએ (ક્ષાયોપશમિક) બુદ્ધિ આદિ વિશેષ ગુણોની નિવૃત્તિ અને અપેક્ષાએ (ક્ષાયિક) અનંત જ્ઞાન-આનંદાદિની અનિવૃત્તિ (સત્તા) કાયમ રહે છે.

શંકા - જ્ઞાનત્વાચ્છિન્ન. જો જ્ઞાન માત્ર પ્રત્યે અદૃષ્ટ અંતઃકરણ આદિ હેતુ છે, તો અજન્ય (નિત્ય) જ્ઞાન આદિની ઘટમાનતા કેવી રીતે ?

સમાધાન - જૈનેતર વાદીઓએ ઈશ્વરજ્ઞાન આદિમાં વ્યાવૃત્તિ (અતિવ્યાપ્તિવારણ) માટે કાર્યતાવચ્છેદક કોટિમાં જન્યત્વનો નિવેશ કરેલ છે. અર્થાત્ જન્યજ્ઞાન માત્ર પ્રત્યે અદૃષ્ટ અંતઃકરણ આદિ હેતુ છે. તે જન્યજ્ઞાન ધ્વંશનો પ્રતિયોગી હોઈ અનિત્ય વિનાશી છે. (જે જન્ય છે, તે અનિત્ય છે.) તે જન્યજ્ઞાન ધ્વંશપ્રતિયોગી હોઈ મુક્તિમાં ભલે ન હો, પરંતુ ધ્વંશનો અપ્રતિયોગી (અનંત નિત્ય) જ્ઞાન આદિની મુક્તિમાં ઉપપત્તિ-ઘટમાનતા છે.

શંકા - જન્યત્વના કારણે જ્ઞાન આદિનો મુક્તિમાં ધ્વંશ કેમ આવશ્યક નહીં ?

समाधान - જન્યત્વમાં ધ્વંશ પ્રત્યે હેતુપણામાં પ્રમાણનો અભાવ છે. (જેમ કે-ધ્વંશ જન્ય છે પણ એનો ધ્વંશ નથી.) પ્રતિયોગીનું વિશેષે કરી હેતુપણું છતાંય મુક્તજ્ઞાન આદિમાં ધ્વંશનું અહેતુપણું છે, એવી કલ્પનામાં જ લાઘવ છે.

શંકા - ઉપયોગ, સંસારદશામાં અંતર્મુહૂર્ત્તકાળ આદિ કાળથી નાશ-ધ્વંશનો જો વિષય દેખાય છે, તો મુક્તિમાં પણ કાળથી ઉપયોગના નાશનો પ્રસંગ કેમ નહિ આવે ?

સમાધાન - કેવલજ્ઞાન આદિ ઉપયોગો કાળથી નાશના-ધ્વંશના વિષય બનતા નથી. વળી ઉપયોગ ક્ષણિક (સામાયિક) હોવા છતાં તેનું, ક્ષાયિકની પ્રવાહની અપેક્ષાએ અનંતપણું-અવિનાશીપણું (નિત્યપણું) સિદ્ધાન્તસિદ્ધ છે.

વસ્તુતઃ અદૃષ્ટ-અંતઃકરણ-સંયોગ-કર્મક્ષય આદિ, જ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્તભૂત નથી પરંતુ આવિર્ભાવ-તિરોભાવ છે, એમ પૂર્વે કહેલું જ છે.

શંકા - આત્માના બુદ્ધિ આદિ ગુણો કદાચિત્ ઉચ્છેદ વિષયવાળા થાય છે, કેમ કે- સંતાનરૂપે પેદા થાય છે. જેમ કે-પ્રદીપ.

વળી આ બુદ્ધિ આદિ ગુણોની ઉત્પત્તિ નિરંતર સર્વને અનુભવસિદ્ધ હોઈ 'અસિદ્ધિ' નામક દોષ નથી. જેમ કે - પક્ષમાં હેતુનું સત્ત્વ છે. સાધ્યના અભાવની સાથે અન્વય વ્યાપ્તિનો અભાવ હોઈ 'વિરુદ્ધ' દોષ નથી. વળી વિપક્ષભૂત ગગન આદિમાં હેતુનું અસત્ત્વ હોઈ અનૈકાન્તિક-વ્યભિચાર નામક દોષ નથી. એમ બરોબર છે ને ?

સમાધાન - વિકલ્પોને નહિ સહન કરનાર હોઈ ઉપરોક્ત કથન બરોબર નથી. તથાહિ-(૧) વિકલ્પ=શું સંતાનપદથી પિતા-પુત્ર-પૌત્ર આદિના ક્રમથી પુરુષસંપ્રદાય, ગોત્ર આદિ બીજા નામવાળો સંતાન વિવક્ષિત છે ? (૨) વિકલ્પ=ઉપાદાન-ઉપાદેય ભાવથી ઉત્તર ઉત્તર કાર્યપરંપરાનો ઉત્પાદ, સંતાનપદથી શું વિવક્ષિત છે ? (૩) વિકલ્પ=સામાન્યથી સજાતીય કાર્ય-કારણનો પ્રવાહ, શું સંતાનપદથી વિવક્ષિત છે ?

ત્યાં પ્રથમ વિકલ્પ નથી ઘટતો, કેમ કે-તે સંતાનની પુરુષોમાં જ પ્રસિદ્ધિ હોઈ, બુદ્ધિ આદિ ગુણોમાં તેનો અસંભવ છે. બીજો વિકલ્પ ઘટતો નથી, કેમ કે-તે ગુણોનો આત્માથી ઉપાદેયરૂપે સ્વીકૃત હોઈ, ગુણોનો અને આત્માનો પરસ્પર ઉપાદાન-ઉપાદેયભાવનો અસ્વીકાર છે. ત્રીજો છેલ્લો વિકલ્પ ઘટતો નથી, કેમ કે-બુદ્ધિ આદિથી વિજાતીય ઇચ્છા આદિની પણ ઉત્પત્તિ દેખાતી હોઈ, સજાતીય કાર્ય - કારણભાવની ઉત્પત્તિનો અભાવ છે. વળી સ્મૃતિ આદિ આપના મતે અપ્રમાણ છે, પણ વિજાતીય સ્મૃતિ આદિ પણ સમ્યગ્જ્ઞાન આદિથી સંસ્કારના ઉદ્બોધ (જાગૃતિ) દ્વારા ઉત્પન્ન થાય છે. વળી પાકજન્ય પરમાણુરૂપ આદિની, આવા પ્રકારના સંતાનરૂપે ઉત્પત્તિ છતાં આપે અત્યંત ઉચ્છેદનો સ્વીકાર કરેલ નથી.

વળી સંતાનરૂપવાળા સંસારના પણ અત્યંત ઉચ્છેદના અભાવની સાથે વ્યભિચાર છે. અર્થાત્ સાધ્યાભાવ ઉચ્છેદના અભાવવાળા સંસારમાં સંતાનરૂપે ઉત્પત્તિરૂપ હેતુ હોઈ, તમારા અનુમાનમાં વ્યભિચાર નામક દોષ છે. અને મુક્તિમાં અનિત્ય (છાદ્મસ્થિક) વિનાશી બુદ્ધિ આદિ ગુણોનો અત્યંત ઉચ્છેદ અમોએ પણ સ્વીકાર કરેલ છે, માટે સિદ્ધસાધન નામક દોષ છે.

તથા 'ચૈતન્ય માત્ર સ્વસ્વરૂપમાં અવસ્થાન, એ આત્માનો મોક્ષ છે.' આવો કપિલનો સિદ્ધાંત પ્રમાણથી બાધિત છે, કેમ કે-ચૈતન્યવિશેષરૂપ અનંતજ્ઞાન આદિરૂપ સ્વરૂપમાં-પૂર્ણ સ્વરૂપમાં અવસ્થાન, એ જ મોક્ષરૂપે સિદ્ધ છે. વળી અનંતજ્ઞાન આદિ આત્માનું પૂર્ણ સ્વરૂપ નથી, એમ નહિ બોલવું, કેમ કે-સર્વજ્ઞત્વ આદિ સાથે વિરોધ આવે છે.

શંકા - પ્રધાન પ્રકૃતિનું સર્વજ્ઞત્વ આદિ સ્વરૂપ છે, આત્માનું સર્વજ્ઞત્વ આદિ સ્વરૂપ નથી, તો પછી શેનો વિરોધ ?

સમાધાન - પ્રધાન પ્રકૃતિ તો અચેતન છે. જેમ કે - આકાશ આદિ માટે અચેતન પ્રકૃતિનું સર્વજ્ઞત્વ આદિ સ્વરૂપ, વિરુદ્ધ છે.

શંકા - જ્ઞાન આદિ અચેતન છે, તો તેને અચેતન પ્રકૃતિના સ્વભાવરૂપ માનીએ તો શો વાંધો ?

સમાધાન - પહેલાં જ્ઞાન આદિમાં અચેતનપણાની સિદ્ધિ કરો અને પછી બધી વાત કરો તો બહુ સારું.

વાદી - તો લો આ અચેતનપણાનું સિદ્ધિનું અનુમાન જ્ઞાન વગેરે અચેતન છે, કેમ કે-ઉત્પત્તિમાન છે. જે જે ઉત્પત્તિમાન છે, તે તે અચેતન છે. જેમ કે-ઘટ આદિ.

પ્રતિવાદી - બુદ્ધિમાં રહેલ પ્રતિબિંબ (સુખ-દુઃખ પદાર્થ આદિનું પ્રતિબિંબ)ના હેતુભૂત એ જ બુદ્ધિમાં બિંબ-પ્રતિબિંબભૂત ચૈતન્યરૂપ અનુભવની સાથે ઉત્પત્તિમત્વરૂપ હેતુનો વ્યભિચાર છે. અર્થાત્ અચેતનત્વના અભાવવાળા પ્રતિબિંબભૂત ચેતનશક્તિમાં ઉત્પત્તિરૂપ હેતુ છે. માટે તમારું અનુમાન બરોબર નથી.

શંકા - બુદ્ધિમાં પ્રતિબિંબિત ચૈતન્યરૂપ અનુભવ કેવી રીતે ઉત્પત્તિમાન છે ?

સમાધાન - બુદ્ધિ જ્ઞાન આદિની માફક પરની અપેક્ષા રાખે છે. (અનુભવ) આ ખરેખર, પરની અપેક્ષાવાળો છે, કેમ કે-બુદ્ધિના અધ્યવસાય પ્રતિબિંબની અપેક્ષા રાખે છે. 'બુદ્ધિમાં પ્રતિબિંબિત પદાર્થને પુરુષ (ચેતન) જાણે છે.'-એવું સાંખ્યોનું વચન છે.

જો દર્પણ આકારવાળી બુદ્ધિમાં પ્રતિબિંબિત અર્થની અપેક્ષા વગરનો અનુભવ માનવામાં આવે, તો તે અનુભવ સર્વ કાળમાં, સર્વ દેશમાં અને સઘળા પુરુષમાં અનુભવનો પ્રસંગ આવી જાય ! સર્વદા સર્વદર્શીપણાની આપત્તિ થાય ! સર્વદર્શીપણાના ઉપાયના અનુષ્ઠાનની નિરર્થકતા થાય !

જો વળી 'અનુભવ માત્ર આત્માનો નિત્ય છે-અનુપપત્તિવાળો છે'-એવો સિદ્ધાન્ત છે, તો સર્વ જ્ઞાનાદિ પણ નિત્ય હોઈ અનુત્પત્તિવાળું થાય ! તો ઉપરોક્ત અનુમાનમાં આપેલો આપનો હેતુ (ઉત્પત્તિ) જ્ઞાનાદિ (પક્ષ)માં અવિદ્યમાન હોઈ અસિદ્ધ થાય છે.

વાદી - જ્ઞાન આદિ વિશેષો (કેટલાક જ્ઞાનાદિ) ઉત્પત્તિમાન છે, સઘળા નહિ, તો પછી અસિદ્ધ કેવી રીતે ?

પ્રતિવાદી - તો અનુભવ વિશેષોમાં ઉત્પત્તિ હોઈ વ્યભિચારની આપત્તિ છે-અચેતનત્વના અભાવવાળા અનુભવ વિશેષોમાં ઉત્પત્તિ છે, માટે વ્યભિચરિત હેતુ છે.

वादी - અનુભવમાં વિશેષો નથી, એમ કહીએ તો શો વાંધો ?

प्रतिवादी - વસ્તુત્વની સાથે વિરોધ છે. ખરેખર, સઘળા વિશેષોથી રહિતપણાની માન્યતામાં બધેડાને શિંગડાની માફક અનુભવ અવસ્તુ જ થાય.

વળી આત્માની સાથે અનેકાન્ત (વ્યભિચાર) દોષ નથી. તે આત્મા પણ સામાન્યવિશેષ આત્મક છે. જો સામાન્યવિશેષ આત્મક ન માનવામાં આવે, તો આત્મા અવસ્તુ બને !

વળી આ ઉત્પત્તિહેતુ બાધિત છે, કેમ કે-જ્ઞાન આદિ સ્વસંવેદન (આત્માનુભવ-માનસ) રૂપ પ્રત્યક્ષ પ્રમાણથી ચેતનવાળા તરીકે પ્રસિદ્ધ છે.

शंका - ચેતના સંસર્ગ-સંબંધથી અચેતન પણ જ્ઞાનાદિમાં ચેતનપણાની પ્રતીતિ પ્રત્યક્ષથી ભ્રાંતિવાળી કેમ નહિ ?

समाधान - જો આમ છે, તો શરીર આદિમાં પણ ચેતનપણાનો પ્રસંગ આવશે, કેમ કે-ચેતનનો સંસર્ગ-સંબંધ જ છે.

शंका - શરીર આદિની સાથે અસંભવિત એવો બુદ્ધિ આદિનો આત્માની સાથે વિશિષ્ટ સંબંધ છે, તો પછી શરીર આદિમાં ચેતનપણાનો પ્રસંગ નહિ જ આવે ને ?

समाधान - કથંચિત્ તાદાત્મ્યથી અતિરિક્ત (અધિક-ભિન્ન) સંસર્ગનો અભાવ છે. સંસર્ગ બંને ઠેકાણે સમાન હોઈ જેમ જ્ઞાનાદિ, તેમ શરીર આદિ સમજવાં. તેથી જ્ઞાન અચેતન નથી, કેમ કે-સ્વસંવિદિત છે. જેમ કે-અનુભવ. તે જ્ઞાન આદિ સ્વસંવિદિત (સ્વપ્રકાશિત-પ્રકાશક) છે, કેમ કે-પરસંવેદનની સાથે વ્યાપ્તિ છે. જ્યાં પરસંવેદન છે, ત્યાં સ્વસંવેદન છે. જો સ્વસંવેદન માનવામાં આવે, તો પરસંવેદન ઘટે જ નહિ. તથાચ જ્ઞાન આદિ આત્માના સ્વભાવો છે, કેમ કે-ચેતન છે. જેમ કે-અનુભવ. માટે ચૈતન્ય માત્રમાં અવસ્થાન એ મોક્ષ નથી, કેમ કે-અનંતજ્ઞાન આદિ રૂપ વિશિષ્ટ ચૈતન્ય પરમ ચૈતન્યમાં અવસ્થાન છે. એવી જ મોક્ષપણાની પ્રતીતિ છે. બસ.

वादी - અત્યંત જ્ઞાન સંતાનનો ઉચ્છેદ જ મોક્ષ છે. તે આ પ્રમાણે-બંધવાળા સંસારીનો મોક્ષ છે, એમ કહેવાય છે. વળી બંધ રાગ આદિથી થાય છે અને તે બંધ એકાન્ત નિત્ય આત્મામાં સંભવતો નથી, કેમ કે-વિકારની આપત્તિ છે. તેથી આત્માનો બંધ કે મોક્ષ એમાંનું કાંઈ આત્મામાં નથી.

વળી બંધ કે મોક્ષની અનુપપત્તિ (અભાવ) હોઈ બદ્ધ કે મુક્ત આત્માનો અભાવ જ યુક્ત છે, કેમ કે-જ્ઞાન કાર્યપણાએ વિકારી હોઈ રાગ આદિના યોગથી, બંધના સંભવથી, જ્ઞાન બદ્ધ છે અને કથંચિત્ ભાવનાબળથી, બંધના વિનાશથી, મોક્ષ જ્ઞાનમાં ઘટમાન થાય છે, જ્ઞાનયુક્ત બને છે. આ જ તેનો (આત્માનો) મોક્ષ, જે જ્ઞાન વિનાશરૂપ છે.

प्रतिवादी - જ્ઞાન ક્ષણિક હોવાથી (અહીં આ ભાવ છે કે-વર્ત્તમાન જ્ઞાનક્ષણ કર્મ બાંધતો, પહેલાં ન બાંધે, કેમ કે-અવિદ્યમાનનો બંધ થતો નથી. અથવા સાથે ન બાંધે, કેમ કે-સાથે થનાર ડાબા-જમણા શિંગડાની માફક તેનો અસંભવ છે. પછીથી પણ બાંધતો નથી, કેમ કે-ઉત્પત્તિ પછી તરત જ નિરન્વય નાશ

થવાથી બીજા આદિ ક્ષણોની અવસ્થાનો અસંભવ હોઈ, તે જ્ઞાનમાં કર્મબંધની અઘટમાનતા છે.) ઉત્પત્તિ પછી વિનાશક વગર તે જ્ઞાનનો વિનાશ હોઈ જ્ઞાન બદ્ધ થતું નથી. વળી રાગ આદિથી જ્ઞાનક્ષણમાં બંધનું આપાદાન અશક્ય છે, કેમ કે-એકાન્ત નિત્યની માફક એકાન્તઅનિત્ય પણ વિકાર યોગ્ય નહિ હોઈ, રાગ આદિનો યોગ કે વિયોગનો અસંભવ છે. તેથી જ્ઞાનમાં બંધ નથી, તો મોક્ષ કેવી રીતે ? (ભલે, દરેક જ્ઞાનક્ષણોમાં બંધ કે રાગ આદિની ઉત્પત્તિ ન હો ! પરંતુ નિરંતર અનુવર્તમાન એક જ્ઞાનક્ષણોના સંતાનમાં આ બંધ આદિ થશે જ, એવી શંકા કરે છે. 'ननु' એ પદથી.)

शंका - જ્ઞાનમાં બંધ આદિનો અસંભવ છતાં, તે જ્ઞાનસંતાનમાં બંધાદિનો બંધ બેસશે, કેમ કે-તે સંતાન એક છે, અક્ષણિક (નિત્ય) છે. રાગ આદિના યોગથી જ્ઞાનસંતાનમાં બંધ, ભાવના આદિના અતિશયથી સંતાનની ઉત્પત્તિના અભાવરૂપ મોક્ષ સંભવ છે. વળી જ્ઞાનોનો સંતાન અનાદિ છે, કાર્ય-કારણ પ્રવાહરૂપ છે, તો તો બરોબર બંધમોક્ષ ઘટશે જ ને ?

समाधान - જ્ઞાનથી ભિન્ન જ્ઞાનસંતાન એક છે-અક્ષણિક છે. આવી રીતે પરમાર્થ સત્રૂપે સ્વીકાર કરતાં બીજા નામરૂપે આત્માનો સ્વીકાર કરાતો હોઈ, તે આત્માનો જ બંધ અને મોક્ષ યુક્તિપૂર્વક પ્રતિપાદિત કરેલ છે.

शंका - જ્ઞાનસંતાનરૂપ આત્મા નિત્ય-અવિકારી હોઈ બંધ-મોક્ષ કેવી રીતે ઘટમાન થાય ?

समाधान - એકાન્ત (સર્વથા) નિત્યતાના નિરાશપૂર્વક પરિણામી નિત્ય જ, અમોએ-જૈનોએ સ્વીકારેલ છે, માટે બદ્ધ-મુક્ત આત્માનો અભાવ છે, એ વચન નિરર્થક છે.

જો અમે પણ સંતાનને સંવૃત્તિ(કલ્પના)થી સદ્રૂપે સ્વીકારીએ, તો સંતાનસ્થ જ્ઞાનક્ષણો જ વસ્તુ સત્ થાય. તે જ્ઞાનક્ષણોમાં અનેકપણા અને ક્ષણિકપણા વડે એકમાં જ બંધ-મોક્ષની અઘટમાનતા હોઈ, અન્ય ક્ષણનો બંધ અને અન્ય ક્ષણનો મોક્ષ થઈ જાય. તથાચ અનુગત-સર્વાનુયાયી એક દ્રવ્યનો અભાવ હોવાથી મોક્ષની પ્રવૃત્તિ ન થાય. એ પ્રમાણે સંતાન અને સંતાનીઓના અભેદમાં પણ પૂર્વકથિત દોષ જ છે. અથવા સંતાનનો અનાગતમાં અનુત્પાદરૂપ મોક્ષ સંગત થતો નથી, કેમ કે-જ્ઞાનક્ષણ બીજા જ્ઞાનક્ષણોને પેદા કરવાના સ્વભાવવાળો છે. ઇતિ.

एवं स्वरूपतो मोक्षमभिधाय तत्त्वभेदपर्यायैर्व्याख्या कार्येति नियममनुसरन् तद्भेदान् प्रदर्शयितुकामः सिद्धान्ते सिद्धानां सत्पदप्ररुपणादिभिर्निरूपणदर्शनेन स्वयमपि तथैव विदधातुं सिद्धानवतारयति -

तद्वान् मुक्तः ।२।

तद्वानिति । कृत्स्नकर्मक्षयप्रयुक्तस्वस्वरूपावस्थानपर्यायवान्मुक्त इत्यर्थः । तेन पर्याय-पर्यायिणोः कथञ्चिदभेदात्सत्पदप्ररूपणादिभिस्सिद्धभेदे वाच्ये तदभिन्नमोक्षात्मकपर्यायस्याऽपि भेदः प्रज्ञापित एवेति भावः ॥

अवतरणिका - આ પ્રમાણે સ્વરૂપની અપેક્ષાએ મોક્ષનું કથન કરી 'तत्त्वभेद-पर्यायोथी व्याख्या करवी.' આ ન્યાય-નિયમને અનુસરનાર, મોક્ષના ભેદોને કહેવાની ઇચ્છાવાળા સિદ્ધાન્તમાં સિદ્ધોનું સત્પદપ્રરૂપણા આદિ નિરૂપણને જોવાથી પોતે પણ તે જ પ્રકારે કરવાને માટે સિદ્ધોને ઉતારે છે-કથે છે.

ભાવાર્થ - 'તે મોક્ષવાળો મુક્ત' કહેવાય છે.

વિવેચન - 'तद्वानिति. સકલ કર્મક્ષયજન્ય સ્વસ્વરૂપમાં અવસ્થાનરૂપ પર્યાયવાળો મુક્ત છે, એવો અર્થ છે. તેથી પર્યાય અને પર્યાયીનો કથંચિદ્ અભેદ હોવાથી, સત્પદપ્રરૂપણા આદિથી સિદ્ધોનો ભેદ વાચ્ય-કથનીય થવાથી, તે સિદ્ધોથી અભિન્ન મોક્ષરૂપ પર્યાયનો પણ ભેદ જણાવેલો જ છે, એમ ભાવ છે. તે મુક્તો કેટલા પ્રકારના છે ? આવી શંકાના જવાબમાં કહે છે કે-

तत्र मुक्ताः कतिविधा इत्यत्राह -

सोऽनुयोगद्वारैस्सिद्धान्तपप्रसिद्धैस्सत्पदप्ररूपणादिभिर्नवभिर्निरूपणादुपचारेण नवविधः ।३।

स इति । मुक्त इत्यर्थः । अनुयोगद्वारैरिति, विधिनिषेधाभ्यामर्थप्ररूपणारूपैर्व्याख्या-प्रकारैरित्यर्थः । सिद्धेषु परस्परं वस्तुतो वैलक्षण्याभावेन कथंनवविधत्वमित्याशंकाया-माहोपचारेणेति । नवभिः प्रकारैर्विचार्यमाणत्वादेव नवविधत्वं तेषां न तु वस्तुतो नवविध-त्वमिति भावः ॥

ભાવાર્થ - 'તે મુક્ત, સિદ્ધાન્તપ્રસિદ્ધ, સત્પદપ્રરૂપણા આદિ નવ અનુયોગદ્વારભૂત સત્પદપ્રરૂપણા આદિથી નિરૂપિત થવાથી ઉપચારથી નવ પ્રકારનો છે.

વિવેચન - 'स इति.' તે મુક્ત, અનયોગદ્વારોથી એટલે વિધિનિષેધપૂર્વક-અર્થપ્રરૂપણારૂપ-વ્યાખ્યાન-પ્રકારો-અંગોથી પ્રરૂપિત હોઈ નવવિધ છે.

સિદ્ધોમાં પરસ્પર વસ્તુતઃ ભેદ નહીં હોવાથી કેવી રીતે નવ પ્રકારો ઘટી શકે ? આવી આશંકામાં કહે છે કે - 'ઉપચારથી' વ્યાખ્યાના નવ (૯) અંગોથી સિદ્ધો, વિચાર-પ્રરૂપણાના વિષયભૂત હોવાથી જ નવ (૯) પ્રકારવાળા છે. પરંતુ વસ્તુતઃ સિદ્ધોમાં ભેદ નથી, એવો ભાવ છે. પહેલાં સત્પદપ્રરૂપણાને કહે છે.

तत्राद्यां सत्पदप्ररूपणामाह -

गत्यादिमार्गणाद्वारेषु सिद्धसत्ताया अनुमानेनागमेन वा निरूपणं सत्पदप्ररूपणा ।४।

गत्यादीति । सत्ताभिधायकं पदं सत्पदं तस्य प्ररूपणा सत्पदप्ररूपणा, विद्यमानार्थाभि-धायिपदस्य तत्त्वकथनमिति भावः, असत्यप्यर्थे बाह्ये शशविषाणादिपदप्रयोगात् बाह्यार्थे सत्यपि घटपदप्रयोगदर्शनान्मोक्षशब्दः सिद्धशब्दो वा घटपदवद् विद्यमानार्थाभिधायको वा शशशृङ्गवदविद्यमानार्थाभिधायको वेत्याशङ्कायामाह सिद्धसत्ताया इत्यादि । मोक्षादिशब्दस्य

विद्यमानार्थाभिधायकत्वमासोपदेशात्, असमस्तपदत्वहेतोरनुमानाद्वा निरूपणमित्यर्थः, अनुमानप्रयोगश्च मोक्षशब्दस्सिद्धशब्दो वा विद्यमानार्थाभिधायी, असमस्तत्वे सति पदत्वाद्घटादिपदवदिति । शशशृङ्गादिपदे व्यभिचारवारणाय विशेषणम् । अनर्थकवर्णसमुदाये व्यभिचारवारणाय विशेष्यम् । अत्र पदत्वं न सुप्तिङन्तत्वरूपं, द्योतकेषु निपातेषु तादृशपदत्वसत्त्वेन साध्याभावाद्व्यभिचारापत्तेः । किन्तु स्वार्थप्रत्यायने शक्तिमद्यत्पदान्तरघटितवर्णान्तरापेक्षणरहितं परस्परस्वघटितवर्णसहकारिवर्णसङ्घातरूपं तदेव चासमस्तं पदं, राजपुरुष इत्यादिसमस्ते पदत्वव्यवहारस्तु सुप्तिङन्तत्वात्, न तूक्तलक्षणतः, स्वार्थप्रत्यायने समस्तपदसमुदाये शक्त्यभावात् । यदि चैकदेशसमुदाययोः कथञ्चित्तादात्म्येन तत्रापि स्वार्थप्रत्यायनशक्तिमत्त्वं वर्त्ततेऽन्यथाऽर्थवत्त्वाभावे नामसंज्ञाऽप्रवृत्तौ विभक्त्यनुपपत्तिस्स्यादिति विभाव्यते तदापि न तस्य पदत्वं, पदान्तरघटितवर्णान्तरसापेक्षत्वात् । न च पदलक्षणे पदस्य घटितत्वेनात्माश्रयापत्तिरिति वाच्यम् । पदलक्षणे सुप्तिङन्तरूपस्य पदस्यैवान्तर्गतत्वात् । अत एव हि घटादिशब्दानां पदत्वमन्यथा घटधातूत्तरस्याप्रत्ययस्य कर्त्रर्थकत्वेन शक्तिमत्त्वात्पदत्वप्राप्तौ पदान्तरघटितवर्णान्तरापेक्षत्वेन पदत्वं न स्यात्, तथा चेदृशं पदत्वं न शशशृंगादिशब्देषु वर्त्तते पदान्तरघटितवर्णान्तरापेक्षत्वात्, अर्थवत्त्वं पुनरस्त्येव, अन्यथा नामसंज्ञाऽप्राप्त्या विभक्त्यनुत्पत्तिप्रसङ्गः स्यात्, एवञ्च मोक्षशब्दस्य योऽयं विद्यमानोऽर्थस्स एव कृत्स्नकर्मक्षयरूपो मोक्ष इति निश्चीयते । यद्यपि मोक्षशब्दस्य विमुक्तिरूपस्य कारागारान्मोक्षो जात इत्यादि प्रतीत्या प्रसिद्धिरस्ति तथापि सर्वबन्धक्षयस्यैव तत्पदस्य मुख्यार्थतया तस्य सिद्धिर्विवक्षिता, उक्तप्रतीतौ तु यत्किञ्चिद्बन्धविमुक्तिवाचकत्वं मोक्षपदस्य लाक्षणिकं, असति प्रतिबन्धके शब्दार्थसंकोचस्यान्याय्यत्वात् । अतो न सिद्धसाधनत्वापत्तिः । तथा च तादृशपर्यायवतां सिद्धानामपि विद्यमानत्वं सिद्धमेव, पर्यायमात्रस्य साधिकरणत्वादिति मन्वानो गत्यादिचतुर्दशमार्गणासु ते क्व सन्तीत्याशंकायां मनुजादिगत्यादावेव तेषां सिद्धिरिति शास्त्रतो यन्निरूपणं सैव सत्पदप्ररूपणेति दर्शयति गत्यादीत्यनेन वाक्येन । तथा च सिद्धसत्ताया अनुमानेनागमेन वा गत्यादिमार्गणाद्वारेषु सिद्धसत्ताया आगमेन निरूपणं सत्पदप्ररूपणेति योजना कार्या, प्रथमयोजनाया भावस्तु प्रदर्शित एव, द्वितीययोजनाया भावमाख्यातुं गत्यादिमार्गणा विभागेन स्वरूपेण च दर्शयति -

ભાવાર્થ - ગતિ આદિ માર્ગણાદ્વારોમાં સિદ્ધસત્તાની અનુમાનથી કે આગમથી નિરૂપણા, એ સત્પદપ્રરૂપણા.

विवेचन - સત્પદ એ સત્તાવાચક પદ છે. તેની પ્રરૂપણા સત્પદપ્રરૂપણા, વિદ્યમાન પદાર્થવાચક પદનું તત્ત્વ-કથન એવો ભાવ છે.

અવિદ્યમાન અર્થવાળા પણ બાહ્યમાં શશશૃંગ (શશલાનું શિંગડું)નો પ્રયોગ હોવાથી અને વિદ્યમાન અર્થવાળા પણ બાહ્ય અર્થમાં ઘટપદનો પ્રયોગ દેખવાથી, શું મોક્ષશબ્દ કે સિદ્ધશબ્દ ઘટપદની માફક વિદ્યમાન અર્થનો વાચક છે ? આવી શંકાના સમાધાનમાં કહે છે કે -"'સિદ્ધસત્તાયો' ઇત્યાદિ.

મોક્ષશબ્દ કે સિદ્ધશબ્દ વિદ્યમાન અર્થનો વાચક છે, કેમ કે-આપ્તના ઉપદેશરૂપ આગમપ્રમાણ છે અથવા અસમસ્ત-સમાસ વગરના શુદ્ધ પદત્વરૂપ હેતુવાળું અનુમાનપ્રમાણ છે, એવું નિરૂપણ છે.

અનુમાનનો પ્રયોગ-મોક્ષશબ્દ કે સિદ્ધશબ્દ વિદ્યમાન અર્થનો વાચક છે, કેમ કે-અસમસ્તપણું હોયે છતે પદપણું છે. જેમ કે-ઘટ આદિ પદ.

અસમસ્ત એ વિશેષણ છે અને પદ એ વિશેષ્ય છે. જો અસમસ્ત, એવું પદનું વિશેષણ ન મૂકવામાં આવે, તો સાધ્યના અભાવવાળા શશશૃંગ આદિમાં વ્યભિચારદોષ આવે છે. તેના વારણ માટે અસમસ્ત, એવું પદનું વિશેષણ કહેલ છે. એવી રીતે નિરર્થક વર્ણસમુદાયમાં વ્યભિચારના વારણ માટે પદ, એવું વિશેષ્ય કહેલ છે. અસમસ્તત્વ વિશિષ્ટપદત્વ હેતુ છે. અહીં પદત્વ એટલે વિભક્તિ અંતપણું નથી, કેમ કે-('ચ' આદિ અવ્યવો બીજા પદોની સાથે જ પ્રયોગવાળા બને છે, કેવળ પ્રયોગવાળા બનતા નથી. બીજા પદમાં સ્વીકારેલ અર્થ દ્યોતક હોઈ. જેમ કે-વૃક્ષ અને પ્લક્ષ 'ચ' આદિ અવ્યવો દ્યોતક કહેવાય છે, વાચક નહિ.) દ્યોતક નિપાતોમાં (ચ આદિ અવ્યય આદિ નિપાતોમાં) તેવું વિભક્તિ અંતપણારૂપ પદત્વ હોઈ, વિદ્યમાન અર્થવાચકત્વરૂપ સાધ્યના અભાવવાળા નિપાતોમાં વ્યભિચાર આવે છે, માટે વિભક્તિ અંતપણારૂપ પદત્વ અહીં વિવક્ષિત નથી.

અસમસ્તપદની વ્યાખ્યા-સ્વાર્થ (શબ્દના-અર્થના) પ્રત્યાયનમાં (પ્રતિપાદનમાં) યોગ્યતા નામક સહજ શક્તિવાળું જે પદાન્તરમાં રહેલ બીજા વર્ણોની અપેક્ષા વગરનું, પરસ્પર સ્વપદમાં રહેલ વર્ણોના, સહકારી-પરસ્પર સાપેક્ષ વર્ણોના સમુદાયરૂપ પદ, તે જ 'અસમસ્તપદ' તરીકે જાણવું.

'રાજપુરુષ' ઇતિ આદિ સમાસવાળા પદમાં પદત્વનો વ્યવહાર તો સુપ્-તિઙન્ત વિભક્તિ અન્તપણારૂપ પદત્વની અપેક્ષાએ સમજવાનો છે, પરંતુ પૂર્વોક્ત લક્ષણની અપેક્ષાએ નહીં; કેમ કે-શબ્દાર્થ પ્રતિપાદનની સમાસવાળા પદના સમુદાયમાં શક્તિ (યોગ્યતા નામક શક્તિ)નો અભાવ છે.

વળી જો એક દેશ (અવયવ) અને સમુદાય (અવયવી)નો કથંચિત્ તાદાત્મ્ય હોઈ, ત્યાં પણ સમસ્તપદ સમુદાયમાં સ્વાર્થ પ્રત્યાયન શક્તિ વર્તે છે. અન્યથા, અર્થવત્તાના અભાવમાં (અર્થશૂન્ય સમસ્તપદ સમુદાયમાં) નામની (અર્થવન્નામ-અર્થવાળું શબ્દરૂપ નામસંજ્ઞા કહેવાય છે.) સંજ્ઞાની અપ્રવૃત્તિ હોઈ વિભક્તિ ઘટી શકે નહિ. આવો વિચાર જ્યારે કરાય, ત્યારે પણ તે સમસ્તપદનું (પદસમુદાયનું) વિવક્ષિત પદપણું નથી ઘટતું, કેમ કે- ત્યાં બીજા પદમાં રહેલ બીજા વર્ણોની અપેક્ષા છે.

શંકા - પદના લક્ષણમાં પદ શબ્દ ઘટિત હોઈ આત્માશ્રય (स्वस्य स्वापेक्षितत्वे अनिष्टप्रसंगः तर्कदोषः) નામક દોષની આપત્તિ કેમ નહિ ? અહીં પદ પોતે પોતાના પદની અપેક્ષા રાખે છે માટે અનિષ્ટ પ્રસંગ આવે છે ને ?

समाधान - પદલક્ષણમાં સુપ્-તિઙન્ત વિભક્તિરૂપ પદનો અંતર્ભાવ હોઈ આત્માશ્રય નામક દોષ નથી. લક્ષણસ્થ પદનો અર્થ જુદો છે અને વિવક્ષિત પદનો અર્થ જુદો છે. ખરેખર, એથી જ ઘટ આદિ શબ્દોનું પદપણું છે. અન્યથા, ઘટ ધાતુથી પછી આવેલ અ પ્રત્યય કર્તારૂપ અર્થવાળો હોઈ-શક્તિમત્વ હોઈ, પદત્વની પ્રાપ્તિ થતાં, પદાન્તરમાં રહેલ વર્ણાન્તરની અપેક્ષા હોઈ પદત્વ ન થાય !

તથાચ આવું પદત્વ, શશશૃંગ આદિ શબ્દોમાં વર્તતું નથી, કેમ કે-પદાન્તરસ્થ વર્ણાન્તરની અપેક્ષા છે. વળી અર્થવત્તા તો છે જ. અન્યથા નામની સંજ્ઞાની આપત્તિ થવાથી વિભક્તિની અનુત્પત્તિનો પ્રસંગ થઈ જાય ! વળી આ પ્રમાણે મોક્ષ શબ્દનો જે આ વિદ્યમાન અર્થ છે, તે જ સકલ કર્મના ક્ષયરૂપ મોક્ષ, એ પ્રમાણે નિશ્ચિત થાય છે. જો કે વિભક્તિરૂપ મોક્ષ શબ્દની 'જેલમાંથી છૂટો થયો' ઇત્યાદિ પ્રતીતિથી પ્રસિદ્ધ છે, તો પણ તે મોક્ષપદનો સર્વ બંધ-ક્ષય જ મુખ્ય અર્થ હોઈ તેની સિદ્ધિ વિવક્ષિત છે. ઉપરોક્ત પ્રતીતિમાં તો યત્કિંચિત્ વિમુક્તિ વાચકત્વ મોક્ષપદનું લાક્ષણિક-લક્ષણાવાચક ગૌણ છે, કેમ કે-પ્રતિબંધક ન હોયે છતે શબ્દ-અર્થનો સંકોચ યુક્તિયુક્ત નથી. એથી સિદ્ધસાધનતાની આપત્તિ નથી.

તથાચ તેવા મોક્ષપર્યાયવાળા સિદ્ધોનું પણ વિદ્યમાનપણું સિદ્ધ જ છે-પર્યાય માત્ર આધારવાળા છે. આવી માન્યતાવાળા, ગતિ આદિ ચૌદ (૧૪) માર્ગણાઓમાં તે સિદ્ધો ક્યાં છે ? આવી આશંકામાં 'મનુષ્ય આદિ ગતિ આદિમાં જ તે સિદ્ધોની સિદ્ધિ છે.' આવું શાસ્ત્રથી જે નિરૂપણ, તે જ 'सत्पदप्ररूपणा.' આ પ્રમાણે 'ગતિ આદિ' એવા વાક્યથી દર્શાવે છે. તથાચ 'સિદ્ધસત્તાનું અનુમાનથી કે આગમથી'-આવું વાક્ય હોઈ, ગતિ આદિ માર્ગણાદ્વારોમાં સિદ્ધસત્તાનું આગમથી નિરૂપણરૂપ સત્પદપ્રરૂપણા રૂપી દ્વિતીય યોજના કરવી જોઈએ. અનુમાનથી સિદ્ધસત્તાના નિરૂપણરૂપ સત્પદપ્રરૂપણારૂપી પ્રથમ યોજનાનો ભાવ તો પ્રદર્શિત કરી દીધો છે. હવે બીજી યોજનાનો ભાવ કહેવા માટે ગતિ આદિ માર્ગણાઓને વિભાગ અને સ્વરૂપપૂર્વક દર્શાવે છે.

तत्र गतीन्द्रियकाययोगवेदकषायज्ञानसंयमदर्शनलेश्याभव्यसम्यक्त्वसंज्ञाहारक-रूपाश्चतुर्दश मूलभूता मार्गणाः ॥५।

तत्रेति । गतीति, गम्यते प्राप्यते स्वकर्मरजसा समाकृष्टैर्जन्तुभिरिति गतिः, तत्तन्नाम-कर्मोदयान्नारकत्वादिपर्यायपरिणतिस्तद्विपाकवेद्यकर्मप्रकृतिरपि, कारणे कार्योपचारात् । ननु सर्वेऽपि पर्याया जीवेन प्राप्यन्त इति सर्वेषामपि गतित्वप्रसङ्गो नैवं, यतो विशेषेण व्युत्पादिता अपि शब्दा रूढितो गोशब्दवत्प्रतिनियतमेवार्थं विषयीकुर्वन्तीत्यदोषः । तथा च नारकत्वादिरेवात्र शास्त्रीयरूढ्या गतिशब्दवाच्यो न ग्रामादिगमनक्रिया, नापि यानादिक्रियेतिभावः । इन्द्रियेति । इदि परमैश्वर्य इति धातोरिन्दनादिन्द्रो जीवः, आवरणाभावे सर्वविषयोपलब्धिभोगलक्षण-परमैश्वर्ययोगात्, तस्य लिङ्गं-चिह्नमविनाभाविलिङ्गसत्तासूचनात्, इन्द्रियविषयोपलम्भाद्धि ज्ञापकत्वसिद्धिस्तत्सिद्धावुपयोगलक्षणो जीव इति जीवत्वसिद्धिरिति । विषयोपलम्भाद्धि इन्द्रेण दृष्टं सृष्टं जुष्टं दत्तमिति वेन्द्रियम् । आत्मना दृष्ट्वा स्वविषये नियोजनात्,

आत्मकृतशुभाशुभकर्मणा चक्षुरादीनां सर्जनात् । इन्द्रियद्वारेणास्य विज्ञानोत्पादात्, विषयग्रहणायात्मना विषयेभ्यः समर्पणाच्च । अत्र यज्जीवलिङ्गं तत्सर्वमिन्द्रियमिति न नियमः परन्तु यदिन्द्रियं तत्तथाविधमिति, यथा ये वृक्षास्त आम्रा इति न नियमः किन्तु य आम्रास्ते वृक्षा इति । इन्द्रियविशेषचर्चा अग्रे करिष्यते । कायेति, चीयते उपचयं नीयते यथायोगमौदारिकादिवर्गणागणैर्यस्स कायः, योगेति, युज्यते इति योगो मन आदिर्धावनवल्गनादिक्रियासु वीर्यान्तरायक्षयोपशमजन्यपर्यायेण व्यापार्यमाणत्वात् तत्तत्क्रियास्वलम्बनरूपत्वाद्वीर्यशक्तिस्थामादिपदवाच्यस्सामर्थ्यविशेषो योगः । वेदेति, अङ्गोपाङ्गनिर्माणादिनामकर्मोदयजन्यशरीरवृत्त्याकारविशेषो वेदः । कषायेति कृषन्ति विलिखन्ति कर्मक्षेत्रं सुखदुःखफलयोग्यं कुर्वन्तीति कषाया औणादिक आयप्रत्ययो निपातनाच्च ऋकारस्याकारः । कलुषयन्ति शुद्धस्वभावं सन्तं जीवं कर्ममलिनं कुर्वन्तीति कषाया निपातनात्कलुषशब्दस्य कषायादेशः । कष्यन्ते बाध्यन्ते जीवा अनेनेति कषं कर्म भवो वा तस्यऽऽयो लाभ एषां यतस्ते कषायाः मोहनीयकर्मपुद्गलोदयसम्पाद्यजीवपरिणामविशेषाः क्रोधादयः । ज्ञानेति ज्ञातिर्ज्ञानं, ज्ञायते वस्तु परिच्छिद्यतेऽनेनेति ज्ञानं, यथास्थितार्थपरिच्छेदनं, यद्वा ज्ञातिर्ज्ञानमावरणक्षयाद्याविर्भूत आत्मपर्यायविशेषः, सामान्यविशेषात्मके वस्तुनि विशेषांशग्रहणप्रवणः, ज्ञायतेऽनेनास्माद्वा ज्ञानं तदावरणस्य क्षयः क्षयोपशमो वा । संयमेति, संयमनं संयमः, सावद्ययोगात्सम्यगुपरमणम्, संयम्यते नियम्यते आत्मा पापव्यापारसम्भारादनेनेति संयमः शोभना यमाः प्राणातिपातानृतभाषणादत्तादानाब्रह्मपरिग्रहविरमणलक्षणा यस्मिन्निति संयमश्चारित्रम् । दर्शनेति, दृष्टिर्दर्शनं सामान्यविशेषात्मवस्तुवृत्तिसामान्यविषयकबोधः, अनाकारात्मको बोधो वा, दृश्यतेऽनेन वा दर्शनं दर्शनावरणक्षयः क्षयोपशमो वा । लेश्येति । लिश्यते प्राणी कर्मणा यया सा लेश्या, कर्मबन्धस्थितिविधात्री, कृष्णादिद्रव्यसाचिव्यादात्मनः परिणामविशेषः । भव्येति, मुक्तियोग्यो भवतीति भव्यः परमपदयोग्यतावान् विवक्षितपर्यायेण भविष्यतीति वा भव्यः, अनादिपारिणामिकभव्यभावयोगी । सम्यक्त्वेति, सम्यक्शब्दः प्रशंसार्थोऽविरुद्धार्थो वा सम्यगित्यस्य भावः सम्यक्त्वं प्रशस्तो मोक्षाविरोधी वा प्रशमसंवेगादिलक्षण आत्मधर्मस्तत्त्वार्थश्रद्धानं वा मिथ्यात्वमोहनीयक्षयोपशमादिजन्यम् । संज्ञीति, संज्ञा भूतभवद्भाविभावस्वभावपर्यालोचनं सा विद्यते यस्य स संज्ञी, विशिष्टस्मरणादिरूपमनोविज्ञानसहितेन्द्रियपञ्चकसमन्वितः प्राणी, संज्ञा देवगुरुधर्मपरिज्ञानं सा विद्यते यस्य स संज्ञीति वा । आहारकेति, आहारणमाहारः, ओजोलोमप्रक्षेपरूपः, तमाहारयतीत्याहारकः । मूलभूता इति, उत्तरभेदा अग्रे वक्ष्यन्त इति

भावः, मार्गणा इति, मार्ग्यन्ते आभिरिति मार्गणाः, पर्यालोचनाहेतुभूता अन्वयिधर्माः, पदार्थान्वेषणस्थानानि वेत्यर्थः ॥

ભાવાર્થ - ત્યાં ૧-ગતિ, ૨-ઇન્દ્રિય, ૩-કાય, ૪-યોગ, ૫-વેદ, ૬-કષાય, ૭-જ્ઞાન, ૮-સંયમ, ૯-દર્શન, ૧૦-લેશ્યા, ૧૧-ભવ્ય, ૧૨-સમ્યક્ત્વ, ૧૩-સંજ્ઞી, ૧૪-આહારકરૂપ ચૌદ (૧૪) મૂળભૂત માર્ગણાઓ છે.

विवेचन-(૧) ગતિ-પોતાના કર્મરજથી ખેંચાયેલા પ્રાણીઓથી મેળવાય તે ગતિ. તે તે (ગતિ) નામકર્મના ઉદયથી નારકપણા આદિ પર્યાયોમાં પરિણતિ, તે કર્મના વિપાકથી અનુભવયોગ્ય કર્મપ્રકૃતિ પણ 'ગતિ' રૂપે કહેવાય છે, કેમ કે-કારણમાં કાર્યનો ઉપચાર થાય છે.

શંકા - સઘળાય પર્યાયો જીવથી પ્રાપ્ત કરાય છે, માટે સઘળાય કર્મોમાં ગતિપણાનો પ્રસંગ આવશે ને ?

સમાધાન - સઘળાય પર્યાયોમાં-કર્મોમાં ગતિપણાનો પ્રસંગ નહિ આવે, કેમ કે-વિશેષથી વ્યુત્પત્તિના વિષયવાળા બનેલા શબ્દો પણ રૂઢિથી ગો શબ્દની માફક પ્રતિનિયત અર્થને વિષય કરે છે - બતાવે છે, માટે કોઈ દોષ નથી.

○ અહીં નારકત્વ આદિ પર્યાય જ શાસ્ત્રીય રૂઢિથી (વિવક્ષા)-ગતિ શબ્દથી વાચ્યકથનયોગ્ય બને છે, પરંતુ ગ્રામ આદિ તરફની ગમનક્રિયા નહીં, વાહન-યાન આદિની ક્રિયા પણ નહીં, એવો ભાવ છે.

(૨) ઇન્દ્રિય-'ઇદિ પરમૈશ્વર્યે', ઇદિ ધાતુ, પરમૈશ્વર્યવાચક છે આવા ઇદિ ધાતુથી પરમૈશ્વર્યવાળો ઇન્દ્ર એટલે જીવ. કેમ કે-આવરણોનો અભાવ થવાથી સર્વ વિષય ઉપલબ્ધિ-સાક્ષાત્કારના ભોગ-અનુભવસ્વરૂપી પરમ ઐશ્વર્યનો યોગ છે.

તે ઇન્દ્રનું-જીવનું લિંગ-ચિહ્ન ઇન્દ્રિય છે, કેમ કે-અવિનાભાવ લિંગ હેતુની સત્તાનું સૂચન છે. ખરેખર, ઇન્દ્રિયના વિષયોનો ઉપલંભ (પ્રાપ્તિ) થવાથી વિષયગ્રાહક ઇન્દ્રિયોમાં લિંગત્વ-ગમકત્વ-આત્માના જ્ઞાપકત્વની સિદ્ધિ છે અને તેની સિદ્ધિ થતાં 'ઉપયોગ લક્ષણવાળો જીવ-આ પ્રમાણે જીવત્વની સિદ્ધિ છે. અથવા ઇન્દ્રિય એટલે ઇન્દ્રે જોયેલ ઇન્દ્રિય, કેમ કે-આત્માએ જોઈને શબ્દ આદિ રૂપ સ્વવિષયમાં નિયુક્ત કરેલ, નિત્ય સંબંધ હોઈ પ્રકર્ષથી ઉપલબ્ધિ દર્શનવાળી બનાવેલ તે ઇન્દ્રિય.

ઇન્દ્રે સર્જેલ સૃષ્ટિ તે ઇન્દ્રિય, કેમ કે-આત્માએ કરેલ શુભ-અશુભ કર્મ દ્વારા ચક્ષુ આદિનું સર્જન છે. જીવે ઉપલબ્ધિ હેતુપણાએ પરિણામાવેલ તે ઇન્દ્રિય, ઇન્દ્રે જુષ્ટ સેવેલ તે ઇન્દ્રિય, કેમ કે-ઇન્દ્રિય દ્વારા આત્મામાં વિજ્ઞાનની ઉત્પત્તિ છે. શબ્દ આદિના વ્યંજક હેતુપણાએ સેવેલ તે ઇન્દ્રિય.

ઇન્દ્રે આપેલ તે ઇન્દ્રિય. જેમ કે-વિષયના ગ્રહણ માટે આત્માએ વિષયોને આપેલ તે ઇન્દ્રિય.

અહીં જે જીવનું લિંગ-ચિહ્ન છે, તે સઘળું ઇન્દ્રિય છે એવો નિયમ નથી. જે ઇન્દ્રિય છે તે જીવલિંગ છે એવો નિયમ છે. જેમ જે વૃક્ષો છે તે આંબાના ઝાડ છે એવો નિયમ નથી, પરંતુ જે આંબાઓ છે તે વૃક્ષો છે એવો નિયમ છે. ઇન્દ્રિયની વિશેષ ચર્ચા આગળ ઉપર કરાશે.

(૩) કાય-જે યોગ પ્રમાણે ઔદારિક આદિ વર્ગણાઓથી વધે છે-પુષ્ટ થાય છે, તે કાય.

(૪) યોગ-જોડાય તે યોગ. દોડવું, વળગવું આદિ ક્રિયાઓમાં વીર્યાન્તરાયના ક્ષયોપશમજન્ય પર્યાયથી જોડાતા હોવાથી, મન આદિ યોગ, તે તે ક્રિયાઓમાં આલંબન-આધારરૂપ હોઈ વીર્ય-શક્તિ-સ્થામ આદિ પદથી વાચ્ય, વિશિષ્ટ સામર્થ્ય 'યોગ' કહેવાય છે.

(૫) વેદ-અંગોપાંગ નિર્માણ આદિ નામકર્મના ઉદયથી જન્ય શરીરમાં રહેનાર વિશિષ્ટ આકાર 'વેદ' છે.

(૬) કષાય-ખેડે તે* કષાય-કર્મક્ષેત્રને સુખ-દુઃખ ફળયોગ્ય કરે છે તે કષાય. અહીં કૃષ્ ધાતુ ઔણાદિક આય પ્રત્યય અને નિપાતથી ઋનો આકાર જાણવો.

(૭) જ્ઞાન-જાણવું તે જ્ઞાન. જે વડે વસ્તુ જણાય તે જ્ઞાન. યથાર્થ વસ્તુ પરિચ્છેદ અથવા જ્ઞાનાવરણ ક્ષય આદિથી પ્રકટ થયેલ આત્માનો વિશિષ્ટ પર્યાય. સામાન્ય-વિશેષ રૂપ વસ્તુમાં વિશેષાંશના ગ્રહણમાં તત્પર, જેના વડે કે જેનાથી જણાય, તે જ્ઞાન-જ્ઞાનાવરણનો ક્ષય કે ક્ષયોપશમ.

(૮) સંયમ-સંયમ કરવો તે સંયમ. પાપવાળા યોગથી સારી રીતે અટકવું, પાપવ્યાપારના સમુદાયથી જેના વડે આત્મા સંયમિત બને છે તે સંયમ. શોભન-યમો પ્રાણાતિપાત-અનૃતભાષણ-અદત્તાદાન-અબ્રહ્મ-અપરિગ્રહના વિરમણરૂપ યમો જેમાં છે, તે સંયમ એટલે ચારિત્ર.

(૯) દર્શન-જોવું. સામાન્ય-વિશેષ આત્મક વસ્તુમાં રહેલ સામાન્યના વિષયવાળો બોધ કે અનાકાર આત્મક બોધ જેના વડે દેખાય, તે દર્શન એટલે દર્શનાવરણનો ક્ષય કે ક્ષયોપશમ.

(૧૦) લેશ્યા-જેના વડે કર્મની સાથે પ્રાણી સંબંધિત થાય, તે લેશ્યા કર્મના બંધમાં સ્થિતિને કરનારી, કાળા વગેરે દ્રવ્યની મદદથી આત્માનો વિશિષ્ટ પરિણામ.

(૧૧) ભવ્યમાર્ગણા-મુક્તિયોગ થાય છે તે ભવ્ય-પરમપદની યોગતાવાળો અથવા વિવક્ષિત (સિદ્ધત્વ) પર્યાયથી થશે, તે ભવ્ય અનાદિ પારિણામિક, ભવ્યત્વ નામક ભાવના યોગવાળો.

(૧૨) સમ્યક્ત્વમાર્ગણા-સમ્યક્ શબ્દ પ્રશંસા અર્થવાળો કે અવિરુદ્ધ અર્થવાળો, સમ્યગ્નો ભાવ, સમ્યક્ત્વ, પ્રશસ્ત કે મોક્ષનો અવિરોધી, પ્રશમ સંવેગ આદિ લક્ષણવાળો આત્મધર્મ અથવા મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમ આદિથી જન્ય તત્ત્વાર્થની શ્રદ્ધા.

(૧૩) સંજ્ઞીમાર્ગણા-સંજ્ઞા એટલે ભૂત-વર્ત્તમાન-ભવિષ્યના ભાવના સ્વભાવની પર્યાલોચના-સમીક્ષા. તે જેની પાસે હોય, તે 'સંજ્ઞી' કહેવાય છે.

વિશિષ્ટ સ્મરણ આદિરૂપ મનોવિજ્ઞાન સહિત પાંચ ઇન્દ્રિયવાળો પ્રાણી 'સંજ્ઞી,' અથવા સુદેવ-સુગુરુ-સુધર્મનું સમ્યગ્જ્ઞાન તે સંજ્ઞા. તે સંજ્ઞાવાળો 'સંજ્ઞી' કહેવાય છે.

---

* કલુષિત કરે તે કષાય, શુદ્ધ સ્વભાવવાળા હોતા એવા આત્માને કર્મ મલિન કરે તે કષાય. કલુષ શબ્દનો કષાય આદેશનિપાતથી જાણવો. જેના વડે જીવ બાધિત થાય છે, તે કષ એટલે કર્મ કે સંસાર. તેનો આય એટલે લાભ તે કષાય. મોહનીયકર્મના પુદ્ગલના ઉદયથી જન્ય જીવ પરિણામવિશેષો ક્રોધ આદિ જાણવા.

(१४) આહારક-પુદ્ગલોનું લેવું તે આહાર અપર્યાપ્ત દશાગત ઓજસ્ આહાર, સ્પર્શન-ત્વચાટીથી લેવાતો આહાર લોમાહાર અને કોળિયારૂપે-મુખથી લેવાતો આહાર કવલાહાર-પ્રક્ષેપાહાર, એમ ત્રણ પ્રકારે જે આહાર કરે છે તે આહારક.

આ ચૌદ (૧૪) મૂળભૂત માર્ગણાઓ છે. ઉત્તરભેદો આગળ ઉપર કહેવાતા છે, એવો ભાવ છે.

માર્ગણાઓ એટલે જેના વડે શોધાય, તે માર્ગણાઓ પર્યાલોચના હેતુભૂત અન્વયી ધર્મો અથવા પદાર્થના અન્વેષણસ્થાનો.

अथोत्तरमार्गणा आचष्टे -

नरकतिर्यङ्मनुष्यदेवभेदेन चतस्रो गतिमार्गणाः ।६।

नरकेति । नरकगतितिर्यग्गतिमनुष्यगतिदेवगतिभेदेनेत्यर्थः । नरान् कायन्ति शब्दयन्ति-योग्यतानतिक्रमेण जन्तूनाकारयन्ति स्वस्वस्थान नारकाः इति पापकर्मणां यातनास्थानानि तत्र गतिस्तद्योग्यपर्यायविशेषो नारकत्वरूपः, नामस्थापनाद्रव्यक्षेत्रकालभावभेदान्नरकपद-निक्षेपाष्षोढा, तत्र नामस्थापने प्रसिद्धे, आगमतो नोआगमतश्च द्रव्यनरको द्विधा, आगमतो-ऽनुपयुक्तो ज्ञाता, नोआगमतो ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्ता इहैव भवे तिर्यग्भवे केचना-शुभकारित्वादशुभास्सत्त्वाः कालसौकरिकादयः । अथवा यानि कानिचिदशुभानि स्थानानि चारकादीनि याश्च नरकप्रतिरूपा वेदनास्तास्सर्वा अपि द्रव्यनरकतयाभिधीयन्ते यद्वा कर्मद्रव्यनोकर्मद्रव्यभेदाद्द्रव्यनरको द्वेधा, तत्र नरकवेद्यानि यानि बद्धानि कर्माणि तानि चैकभविकस्य बद्धायुष्कस्याऽभिमुखनामगोत्रस्य चाश्रयेण द्रव्यनरकरूपाणि भवन्ति । नोकर्मद्रव्यनरकास्तु इहैव येऽशुभा रूपरसगन्धशब्दस्पर्शास्ते । क्षेत्रनरकस्तु नरकावकाश-कालमहाकालरौरवमहारौरवप्रतिष्ठानाभिधानादिनरकाणां चतुरशीतिलक्षसंख्यानां विशिष्टो भूभागः कालनरकस्तु यत्र यावती स्थितिः । भावनरकाश्च ये जीवा नरकायुष्कमनुभवन्ति ते, तथा नरकप्रायोग्यकर्मोदयः । एतद्द्वितयमपि भावनरकत्वेनाभिधीयत इति । तिरोऽञ्चन्ति गच्छन्तीति तिर्यञ्चो व्युत्पत्तिनिमित्तञ्चैतत् प्रवृत्तिनिमित्तं तु तिर्यग्गतिनाम । तिर्यङ्नाम-कर्मोदयनिष्पाद्यतिर्यक्त्वलक्षणपर्यायविशेषस्तिर्यग्गतिः, मनुजगतिनामकर्मोदयसमापादित-मनुष्यत्वलक्षणपर्यायविशेषो मनुजगतिः, देवगतिनामकर्मोदयप्रभवदेवत्वलक्षणपर्यायविशेषो देवगतिरित्येवं गतिमार्गणोत्तरभेदाश्चत्वार इति भावः ॥

હવે ઉત્તરમાર્ગણાઓને કહે છે-

ભાવાર્થ - નરક-તિર્યંચ-મનુષ્ય-દેવના ભેદથી ચાર ગતિમાં માર્ગણાઓ કહેવાય છે.

विवेचन - नरकगति-तिर्यंचगति-मनुष्यगति-देवगतिना भेदथी, એવો અર્થ છે. ઉત્કૃષ્ટ પાપી નરોને (તિર્યંચોને) બોલાવે છે, એવો નરક શબ્દનો વ્યુત્પત્તિ અર્થ છે. પાપકર્મોના યાતનાસ્થાનો, ત્યાં ગતિ એટલે તેને યોગ્ય વિશિષ્ટ પર્યાય નારકત્વરૂપ છે.

નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદથી નરકપદના નિક્ષેપાઓ છ પ્રકારના છે. ત્યાં નામ અને સ્થાપના પ્રસિદ્ધ છે. આગમથી અને નોઆગમથી દ્રવ્યનરક બે પ્રકારે છે. આગમની અપેક્ષાએ ઉપયોગ વગરના નરકપદનો જ્ઞાતા, નોઆગમની અપેક્ષાએ જ્ઞ(જાણકાર)નું શરીર અને ભવ્ય (ભવિષ્યમાં જાણકાર)નું શરીર, તેનાથી ભિન્ન, આ જ ભવમાં, તિર્યંચ ભવમાં કેટલાક પાપકારી હોઈ પાપી પ્રાણીઓ. જેમ કે-કાલશૌકરિક આદિ પ્રાણીઓ, અથવા જે કોઈ અશુભ સ્થાનો જેલ વગેરે છે અને નરક સમાન જે વેદનાઓ છે, તે સઘળી પણ 'દ્રવ્યનરક' રૂપે કહેવાય છે. અથવા-

○ કર્મદ્રવ્ય અને નોકર્મદ્રવ્યના ભેદથી દ્રવ્યનરક બે પ્રકારે છે. ત્યાં નરકમાં ભોગવવાનાં જે બાંધેલાં કર્મો તે કર્મો, નામ અને ગોત્ર જેના સન્મુખ થયેલ છે, એવા એક ભવના બાંધેલા આયુષ્યની અપેક્ષાએ-આશ્રયે દ્રવ્યનરકરૂપ થાય છે.

○ નોકર્મ દ્રવ્યનરકો તો અહીં જ જે અશુભ રૂપ-રસ-ગંધ-શબ્દ-સ્પર્શો છે, તે બધા 'નોકર્મદ્રવ્ય નરક' કહેવાય છે.

ક્ષેત્રનરક-નરકાવાસરૂપ કાળ-મહા કાળ-રૌરવ-મહારૌરવ-અપ્રતિષ્ઠાન નામ આદિ રૂપ ચોરાશી (૮૪) લાખ સંખ્યાવાળા નરકાવાસોનો વિશિષ્ટ પૃથ્વીભાગ, તે ક્ષેત્રનરક.

○ કાળનરક તો જ્યાં જેટલી સ્થિતિ, તે 'કાળનરક.'

○ ભાવનરક-જે જીવો નરકના આયુષ્યને ભોગવે છે, તે જીવો ભાવનરકો કહેવાય છે, તેમજ નરકપ્રાયોગ્ય કર્મનો ઉદય આ બંને પણ ભાવનરકરૂપે કહેવાય છે.

તિર્યંચગતિ-જે તીર્છો ચાલે તે તિર્યંચ, એ વ્યુત્પત્તિજન્ય અર્થ છે. પરંતુ પ્રવૃત્તિમાં નિમિત્ત તો તિર્યંચગતિ નામકર્મ છે. તિર્યંચગતિ નામકર્મના ઉદયથી જન્ય તિર્યક્ત્વરૂપ પર્યાયવિશેષ, એ તિર્યંચગતિ છે.

મનુષ્યગતિ-મનુષ્યગતિ નામકર્મના ઉદયથી જનિત મનુષ્યત્વરૂપ પર્યાયવિશેષ, એ મનુષ્યગતિ છે.

દેવગતિ-દેવગતિ નામકર્મના ઉદયથી જન્ય દેવત્વરૂપ પર્યાયવિશેષ, એ દેવગતિ છે. આ પ્રમાણે ગતિમાર્ગણાના ચાર ભેદો છે, એવો ભાવ છે.

इन्द्रियमार्गणोत्तरभेदानाह -

एकद्वित्रिचतुःपञ्चेन्द्रियभेदेन पञ्चेन्द्रियमार्गणाः ।७।

एकेति । तत्रेन्द्रियाणि स्पर्शनरसनघ्राणचक्षुश्श्रोत्राणि, द्रव्यभावभेदेन तानि द्विविधानि, निवृत्त्युपकरणभेदेन द्रव्येन्द्रियमपि द्विविधम्, भावेन्द्रियमपि लब्ध्युपयोगभेदेन द्विविधम्, निर्वृत्तिर्नाम प्रतिविशिष्टस्संस्थानविशेषः, सापि बाह्याभ्यन्तरभेदेन द्विधा, बाह्या पर्पटिकादिरूपा

सा च विचित्रा न प्रतिरूपनियतरूपतया वक्तुं शक्यते, आभ्यन्तरनिवृत्तिस्तु सर्वेषामपि समानाकदम्बपुष्पाद्याकारा, स्पर्शनेन्द्रियस्य तु बाह्याभ्यन्तरभेदो नास्ति । उपकरणं शक्तिविशेष आभ्यन्तरनिवृत्तिनिष्ठः कथञ्चिदर्थान्तरभूतः, कथञ्चिदभेदाच्च द्रव्यादिना तस्य विघातसम्भवः । लब्धिस्तत्तदिन्द्रियविषयतस्तत्तदिन्द्रियावरणक्षयोपशमः, शेषेन्द्रियाणि लब्धिप्राप्तावेव भवन्ति, श्रोत्रादीन्द्रियस्य स्वस्वविषये शब्दादौ परिच्छेद्यव्यापार उपयोगः, स चैकस्मिन् काले एकेनैव केनापीन्द्रियेण भवति, तस्मादुपयोगमाश्रित्य सर्वेऽपि जीवा एकेन्द्रियाः, एकेन्द्रियद्वीन्द्रियादिव्यपदेशस्तु निवृत्त्युपकरणलब्धीन्द्रियाणि प्रतीत्य, एवं लब्धीन्द्रियमाश्रित्य सर्वे पृथिव्यादयोऽपि जीवाः पञ्चेन्द्रिया बकुलचम्पकतिलकविरहकादीनां वनस्पतिविशेषाणां रसनघ्राणचक्षुःश्रोत्रलक्षणेन्द्रियसम्बन्ध्युपलम्भदर्शनेन तदावरणक्षयोपशमसम्भवानुमानात्, दृश्यते हि शृङ्गारितकामिनीवदनार्पितचारुमदिरारागगण्डूषेण बकुलस्य, तिलकस्य कामिनीकटाक्षविक्षेपेण, विरहकस्य पञ्चमोद्गारश्रवणेन पुष्पपल्लवादिसम्भवः । बाह्येन्द्रियापेक्षया तु एकेन्द्रियादिव्यवहारः । न च बकुलादीनामेकैको रसनादीन्द्रियोपलम्भ एवोक्तः कथं सर्वविषयोपलम्भसम्भव इति वाच्यम्, मुख्यतया तत्सम्भवेऽपि गौणवृत्त्या शेषेन्द्रियोपलम्भसम्भवात्, शृंगारितस्वरूपतरुणीगण्डूषार्पणात् तस्याश्च तनुलतास्पर्शाधररसचन्दनादिगन्धशोभनरूपमधुरोल्लापलक्षणानां पञ्चानामपीन्द्रियविषयाणां सम्भवादिति । द्रव्येन्द्रियापेक्षया त्वेकेन्द्रियमार्गणा द्वीन्द्रियमार्गणा त्रीन्द्रियमार्गणा चतुरिन्द्रियमार्गणा पञ्चेन्द्रियमार्गणेति इन्द्रियमार्गणाः पञ्चविधा इति भावः ॥

ઇન્દ્રિયમાર્ગણાના ઉત્તરભેદોને કહે છે-

ભાવાર્થ - એક-બે-ત્રણ-ચાર-પાંચ ઇન્દ્રિયોના ભેદથી પંચેન્દ્રિયમાર્ગણા કહેવાય છે.

વિવેચન - સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર, એમ પાંચ ઇન્દ્રિયો છે અને તે દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારવાળી છે. તેમાં દ્રવ્યેન્દ્રિય પણ નિવૃત્તિ અને ઉપકરણના ભેદથી બે પ્રકારની છે અને ભાવેન્દ્રિય પણ લબ્ધિ અને ઉપયોગના ભેદથી બે પ્રકારની છે.

○ નિવૃત્તિ-વિશિષ્ટ સંસ્થાન-આકારવિશેષ. તે નિવૃત્તિ પણ બાહ્ય અને અભ્યંતરના ભેદથી બે પ્રકારની છે. બાહ્ય નિવૃત્તિ પર્પટીકા (પાપડી) આદિ રૂપ છે અને તે વિચિત્ર છે, નિયતરૂપે કહી શકાતી નથી. અભ્યંતર નિવૃત્તિ તો સર્વ જીવોની પણ સમાન શ્રોત્રેન્દ્રિય આદિની કદંબપુષ્પ આદિના આકારવાળી છે. સ્પર્શનેન્દ્રિયમાં બાહ્ય-અભ્યંતર આકારનો ભેદ નથી.

○ ઉપકરણ-અભ્યંતર નિવૃત્તિમાં રહેનાર કથંચિદ્ (અન્તર નિવૃત્તિથી) અર્થાન્તરભૂત (ભિન્ન પદાર્થરૂપ) શક્તિવિશેષ અને તે ઉપકરણનો શબ્દ આદિરૂપે પરિણત દ્રવ્ય (ભાષાવર્ગણા આદિ) આદિની સાથે કથંચિદ્ અભેદ હોવાથી (વાત-પિત્ત આદિથી) ઉપઘાતનો સંભવ છે. (ઉપઘાત હોયે છતે, અન્તર નિવૃત્તિ છતાં, તેનાથી ભિન્ન હોવાથી વિષયગ્રહણ થતું નથી.)

○ લબ્ધિ-તે તે ઇન્દ્રિયના વિષયની અપેક્ષાએ તે તે ઇન્દ્રિયાવરણ ક્ષયોપશમલબ્ધિની પ્રાપ્તિ હોય, તો જ નિવૃત્તિ-ઉપકરણ ઉપયોગ આદિરૂપ શેષ ઇન્દ્રિયો હોય છે. લબ્ધિના અભાવમાં શેષ ઇન્દ્રિયોનો અભાવ છે.

○ ઉપયોગ-લબ્ધિના સન્નિધાનથી આત્મા દ્રવ્યેન્દ્રિય નિવૃત્તિ પ્રત્યે વ્યાપાર કરે છે, તેનું નિમિત્ત લઈને આત્માનો, મનની મદદથી અર્થગ્રહણ પ્રત્યે વ્યાપાર-ઉપયોગ તે શ્રોત્ર આદિ ઇન્દ્રિયનો, પોતપોતાના વિષયમાં-શબ્દ આદિમાં પરિચ્છેદ્ય વ્યાપારરૂપ ઉપયોગ કહેવાય છે. વળી તે ઉપયોગ એક કાળ(સમય)માં કોઈપણ એક જ ઇન્દ્રિય દ્વારા હોય છે. તેથી ઉપયોગ (ઇન્દ્રિય)ની અપેક્ષાએ સઘળાય જીવો એકેન્દ્રિય છે. એકેન્દ્રિય-દ્વિન્દ્રિય આદિ વ્યવહાર તો નિવૃત્તિ-ઉપકરણ-લબ્ધિ ઇન્દ્રિયોની અપેક્ષાએ છે. એ પ્રમાણે લબ્ધિ ઇન્દ્રિયની અપેક્ષાએ સઘળા પૃથિવીકાય આદિ પણ જીવો પંચેન્દ્રિય કહેવાય છે. બકુલ-ચંપક-તિલક-વિરહક આદિ વનસ્પતિ વિશેષોમાં રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્રરૂપ ઇન્દ્રિય સંબંધી અનુભવ દેખાવાથી, તે રસનાદિ ઇન્દ્રિયાવરણ ક્ષયોપશમરૂપ લબ્ધિના સંભવનું અનુમાન છે. ખરેખર, દેખાય છે કે-સોળ શણગારવાળી કામિનીના મુખમાં રાખેલ ખુશબોદાર દારૂનો કોગળો બકુલના ઝાડ ઉપર કરવાથી પુષ્પ-પત્રોનો પ્રાદુર્ભાવ થાય છે. તિલકના ઝાડ પ્રત્યે કામિનીની કટાક્ષપૂર્વકદૃષ્ટિ ફેંકાયાથી તે પુષ્પ-પત્રોથી અલંકૃત બને છે. શિરીષના ફૂલો અને પત્રો કામિનીના પંચમ સ્વરના ઉદ્‌ગારના શ્રવણથી ખીલે છે. અહીં બાહ્ય ઇન્દ્રિયની અપેક્ષાએ તો એકેન્દ્રિય આદિ વ્યવહાર છે.

શંકા - બકુલ આદિમાં એક એક રસનાદિ ઇન્દ્રિયનો ઉપલંભ જ કહ્યો, કેમ સર્વ વિષયોનો ઉપલંભ ન કહ્યો ?

સમાધાન - મુખ્યપણે એક એક વિષયનો ઉપલંભનો સંભવ છતાં, ગૌણવૃત્તિથી શેષ ઇન્દ્રિયના ઉપલંભનો સંભવ છે, કેમ કે-શૃંગારવાળી તરૂણીએ દારૂનો કોગળો કરવાથી જેમ બકુલના ઝાડ ઉપર અસર થઈ, તેમ શરીરસ્પર્શ, અધરોષ્ઠ રસ, ચંદનાદિગંધ, સુંદર રૂપ અને મધુર સ્વરનો આલાપરૂપ પાંચ ઇન્દ્રિયવિષયોનો પણ સંભવ છે.

○ દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ તો એકેન્દ્રિયમાર્ગણા-દ્વિન્દ્રિયમાર્ગણા-ત્રિન્દ્રિયમાર્ગણા, ચૌરિન્દ્રિયમાર્ગણા અને પંચેન્દ્રિયમાર્ગણા, એમ ઇન્દ્રિયમાર્ગણા પાંચ પ્રકારની છે એવો ભાવ છે.

अथ कायमार्गणाभेदमाह-

पृथिव्यप्तेजोवायुवनस्पतित्रसभेदेन षट् कायमार्गणाः ।८।

पृथिवीति । पृथिवीकायाप्कायतेजस्कायवायुकायवनस्पतिकायत्रसकायरूपाः षडित्यर्थः । पृथिव्येव कायो यस्य सः पृथिवीकायः, स द्विविधस्सूक्ष्मबादरभेदात्, तत्र सूक्ष्मत्वं बादरत्वञ्च सूक्ष्मबादरनामकर्मोदयापेक्षं, सूक्ष्मास्सकललोकव्यापिनस्समुद्गकपर्याप्तप्रक्षिप्तगन्धावयववत्, प्रतिनियतस्थानवर्त्तिनो बादराः, सूक्ष्मपृथिवीकायिकाः पर्याप्तापर्याप्तभेदेन द्विविधाः, पर्याप्तिर्नाम पुद्गलोपचयजश्शक्तिविशेषः, तत्प्रभेदास्स्वरूपाणि च पूर्वतो विज्ञेयानि, तत्रैकेन्द्रियाणां चतस्रो

विकलेन्द्रियाणां पञ्च संज्ञिनां षडिति बोध्याः, लब्ध्या करणेन च स्वयोग्यपर्याप्तिपूर्णताभाजस्सूक्ष्मपृथिवीकायिकाः पर्याप्तसूक्ष्मपृथिवीकायिकाः, लब्ध्या करणेन वा स्वयोग्यपर्याप्तिपूर्णताविकलास्तेऽपर्याप्तसूक्ष्मपृथिवीकायिकाः, येऽपर्याप्तका एव सन्तो म्रियन्ते ते लब्ध्यपर्याप्तकाः, ये पुनश्शरीरेन्द्रियादीनि न तावन्निर्वर्त्तयन्ति, अथ चावश्यं निर्वर्त्तयिष्यन्ति ते करणापर्याप्ताः, बादरपृथिवीकायिका अपि श्लक्ष्णखरभेदतो द्विविधाः, श्लक्ष्णा चूर्णितलोष्ठकल्पा मृदुपृथिवी, तदात्मकजीवा अप्युपचारेण श्लक्ष्णबादरपृथिवीकायिका उच्यन्ते ते च कृष्णनीललोहितहारिद्रशुक्लपाण्डुपानकमृत्तिकाभेदेन सप्तविधाः । देशविशेषे धूलिरूपा सती पाण्डु इति प्रसिद्धा मृत्तिका पाण्डुमृत्तिका, जीवोप्युपचारेण तादृशः, नद्यादिपूरप्लाविते देशे पूरेऽपगते भूमौ श्लक्ष्णमृदुरूपो यो जलमलापरपर्यायः पङ्कस्सा पानकमृत्तिका, उपचारात्तद्युक्तो जीवोऽपि तथा । खरबादरपृथिवीकायिकास्तु अनेकविधा अपि मुख्यतया शर्करावालुकोपलादिभेदेन चत्वारिंशद्विधाश्शास्त्रे प्रोक्तास्ते तत एवाऽवगन्तव्याः । संक्षेपतस्तु पर्याप्तापर्याप्तभेदेन द्विविधास्ते, साकल्येन पर्याप्तीर्विशिष्टवर्णादीन् वाऽसम्प्राप्ता अपर्याप्ताः, उच्छ्वासापर्याप्त्यपर्याप्त्या मृतत्वेन स्पष्टतरवर्णादि विभागाप्राप्तेस्तद्विपरीतास्तु पर्याप्ताः ॥ आपः कायो येषां तेऽप्कायाः, तेऽपि सूक्ष्मबादरभेदेन द्विविधाः प्रत्येकश्च पर्याप्तापर्याप्तभेदतो द्विविधाः । बादराप्कायिकाः करकशीतोष्णक्षारक्षत्रकट्वम्ललवणवरुणकालोदपुष्करक्षीरघृतेक्षुरसोदादयः । तेजःकायो येषां ते तेजस्कायाः, तेऽपि पूर्ववत् सूक्ष्मबादरपर्याप्तापर्याप्तभेदेन चतुर्विधाः । शुद्धवज्राज्वालाङ्गारविद्युदुल्कामुर्मुरालातनिर्घातसंघर्षसमुत्थसूर्यकान्तमणिनिस्सृतार्चिरग्निप्रभृतिभेदतो बादरतेजस्काया भवन्ति । वायुःकायो येषान्ते वायुकायिकास्तेऽपि पूर्ववच्चतुर्धा । प्राचीनावाचीनोदीचीनदक्षिणोर्ध्वाधस्तिर्यग्विदिगनवस्थितोत्कलिकामण्डलिकागुञ्जाझंझासंवर्त्तकघनतनुशुद्धवातवातोत्कलिकावातमण्डलीभेदेन बादरवायुकायिका विज्ञेयाः । वनस्पतिः कायो येषान्ते वनस्पतिकायाः, सूक्ष्मबादरभेदभिन्नाः, पर्याप्तापर्याप्तभिन्नास्सूक्ष्मास्सर्वलोकापन्ना अचक्षुर्ग्राह्या अनेकाकाराश्च । बादरास्समासतो द्विविधाः प्रत्येकसाधारणभेदात्, पत्रपुष्पफलमूलस्कन्धादीन् प्रति प्रत्येकं जीवो येषान्ते प्रत्येकजीवाः, साधारणास्तु परस्परानुविद्धानन्तजीवसंघातरूपशरीरावस्थानास्तत्र प्रत्येकशरीरा वृक्षगुच्छगुल्मलतावल्लीपर्वतृणवलयहरितौषधिजलरुहकुहणेति द्वादशविधाः प्रत्येकजीवाः । सर्वेऽप्येते वनस्पतिजीवास्समासतष्षोढा भवन्ति, अग्रबीजमूलबीजपर्वबीजस्कन्धबीजबीजरुहसम्मूर्च्छनजभेदात् । अग्रबीजाः कुरण्टादयः, मूलबीजा उत्पलादयः, पर्वबीजा इक्ष्वादयः, स्कन्धबीजाः सल्लक्यादयः,

बीजरुहाश्शाल्यादयः, सम्मूर्छनजास्तृणादयः । सर्वोऽपि वनस्पतिकायो द्विविधः पर्याप्तापर्याप्तभेदादिति । त्रसा द्विविधाः, गतित्रसा उदारत्रसाश्चेति, तेजोवायवो गतित्रसाः सञ्चलनधर्मत्वात् परन्तु ते नात्र विवक्षिताः, त्रसनामकर्मोदयप्रभवानामेव विवक्षितत्वात् । ते चोदारत्रसा एव, उक्तञ्च तत्त्वार्थे "तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसा" इति । तेजोवाय्वोः क्रियातस्त्रसत्वं, द्वीन्द्रियादीनां लब्धित इति भावो भाष्यटीकाकृद्भिराविष्कृतः, उदारा द्वीन्द्रियत्रिन्द्रियचतुरिन्द्रियपञ्चेन्द्रियाः, व्यक्तश्वासोच्छ्वासादिप्राणयोगात्, उदारा अपि पर्याप्तापर्याप्तभेदेन द्विविधा, कृमिशंखादयो द्वीन्द्रियाः कुन्थूपिपीलिकादयस्त्रीन्द्रियाः, भ्रमरमक्षिकादयश्चतुरिन्द्रियाः, नारकतिर्यङ्मनुष्यदेवाः पञ्चेन्द्रियास्सर्वे त्रसा एव न त्वेकेन्द्रिया इव त्रसास्स्थावराश्च । तत्र नरकावासेषु भवा नारकाः । तिर्यञ्चो गवादयो जलचरस्थलचरखेचरभेदभिन्नाः । संमूर्च्छिमा गर्भजाश्चेति मनुष्या द्विविधाः, कर्मभूम्यकर्मभूम्यन्तरद्वीपेषु ये मनुष्या गर्भव्युत्क्रान्तास्ते गर्भजाः, एषां पुरीषमूत्रश्लेष्मसिंघाणवान्तपित्तशोणितशुक्रमृतशरीरपूयस्त्रीपुंसंयोगशुक्रपुद्गलविच्युतिनगरनिर्धमननिखिलापवित्रस्थानेषु ये सम्मूर्च्छितास्ते सम्मूर्च्छिमाः । एतेऽपर्याप्ता एव । संमूर्च्छिमभिन्ना मनुजास्तु पर्याप्ता अपर्याप्ता अपि । देवास्तु चतुर्निकायाः चतुर्विधोत्पत्तिस्थानत्वात् व्यन्तरज्योतिष्कवैमानिकभवनवासिभेदात् विवेचिता एते पूर्वमेव तेऽपि पर्याप्तापर्याप्तभेदभिन्ना इति दिक् ॥

હવે કાયમાર્ગણાને કહે છે -

ભાવાર્થ - પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસના ભેદથી છ (૬) કાયમાર્ગણાઓ છે.

વિવેચન - પૃથિવીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, અને ત્રસકાય રૂપ છ (૬) કાયમાર્ગણાઓ છે.

(૧) પૃથિવી એ જ જેની કાયા છે, તે 'પૃથિવીકાય' જીવ સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે પ્રકારના છે. અહીં સૂક્ષ્મપણું અને બાદરપણું સૂક્ષ્મનામકર્મ અને બાદરનામ કર્મના ઉદયની અપેક્ષાવાળું છે. સૂક્ષ્મ પૃથિવીકાય જીવો સકળ લોકમાં વ્યાપક છે. જેમ કે- ડાબડામાં પૂરેપૂરી રીતે ભરેલ સુગંધીદાર પાવડરનો અવયવ. બાદર પૃથિવીકાય જીવો નિયતસ્થાનવર્તી છે. સૂક્ષ્મ પૃથિવીકાય જીવો પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે પ્રકારના છે. પર્યાપ્તિ એટલે પુદ્ગલના સમુદાયમાંથી પેદા થયેલ વિશિષ્ટ શક્તિ. તેના પ્રભેદો અને સ્વરૂપો પૂર્વના પ્રકરણમાંથી જાણી લેવાં. ત્યાં એકેન્દ્રિયોને ચાર (૪), વિકલેન્દ્રિયોને પાંચ (૫) અને સંજ્ઞીઓને છ (૬) પર્યાપ્તિઓ જાણવી.

○ લબ્ધિ અને કરણની અપેક્ષાએ સ્વયોગ્ય પર્યાપ્તિની પૂર્ણતાવાળા સૂક્ષ્મ પૃથ્વીકાયિક તે 'પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો,' લબ્ધિથી કે કરણથી સ્વયોગ્ય પર્યાપ્તિઓની પૂર્ણતાથી રહિત તે 'અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો' અને અપર્યાપ્તા જ હોતા મરે છે તે 'લબ્ધિ અપર્યાપ્ત જીવો' કહેવાય છે. વળી જેઓએ

જ્યાં સુધી શરીર, ઇન્દ્રિય આદિ બનાવ્યા નથી પરંતુ હવે પછી જેઓ અવશ્ય બનાવશે, તે જીવો 'કરણ અપર્યાપ્ત' કહેવાય છે.

○ બાદર પૃથ્વીકાયિક જીવો પણ શ્લક્ષણ અને ખરના ભેદથી બે પ્રકારના છે.

○ શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક જીવો=ચૂરો કરેલ-બારીકમાં બારીક કરેલ ઢેફાના જેવી પૃથ્વી મૃદુપૃથ્વી સમજવી.

○ મૃદુપૃથ્વીરૂપ જીવો પણ ઉપચારથી શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક કહેવાય છે. વળી તેઓ કાળી, ભૂરી, રાતી, પીળી અને સફેદ માટી, તેમજ અમુક દેશમાં ઉત્પન્ન થતી ધૂળરૂપ માટી પાંડુમૃત્તિકા જેવા છે. જીવ પણ ઉપચારથી તેવો ગણાય છે. નદી વગેરેમાં પૂર આવ્યા પછી તેના કાંઠે બારીક કોમલરૂપ જલમલ જેનું બીજું નામ છે, તેવો પંકકાદવ, તે 'પાનમૃત્તિકા.' ઉપચારથી તેનાથી યુક્ત જીવ પણ 'પાનકમૃત્તિકા' કહેવાય છે.

○ ખર, બાદર, પૃથ્વીકાયિક જીવો અનેક પ્રકારના હોવા છતાં મુખ્યત્વે શર્કરા, વાલુકા, ઉપલ આદિના ભેદે ચાલીશ (૪૦) પ્રકારના શાસ્ત્રમાં કહેલા છે. તે બધા તે શાસ્ત્રમાંથી જ જાણવા. સંક્ષેપથી તો તેઓ પર્યાપ્ત-અપર્યાપ્તના ભેદે બે પ્રકારના છે. પરિપૂર્ણપણે પર્યાપ્તિઓને કે વિશિષ્ટ વર્ણ આદિને નહિ પામેલા અપર્યાપ્ત છે, કેમ કે-ઉચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ નહીં કરીને મરેલા છે. અથવા સ્પષ્ટતર વર્ણ આદિના વિભાગની અપ્રાપ્તિ છે. તેનાથી વિપરીતો પરિપૂર્ણપણે પર્યાપ્તિઓને કે વિશિષ્ટ વર્ણ આદિને પામેલા પર્યાપ્ત છે.

(૨) પાણીરૂપી કાયવાળા જીવો 'અપ્કાય' કહેવાય છે. તે પણ સૂક્ષ્મ અને બાદરના ભેદે બે પ્રકારના છે. દરેક પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે પ્રકારના બાદર અપ્કાયિક જીવો છે. જેમ કે-કરા, ઠંડુ જળ, ગરમ જળ (સ્વભાવથી ઉના પાણીના કુંડો વગેરેનું જળ), ખારું જળ, ખાટું જળ, કડવું જળ, લવણ, વરૂણ-કાલોદધિ, પુષ્કર, ક્ષીર, ઘૃત, ઇક્ષુરસોદધિ આદિ સમુદ્રોના જળો.

(૩) અગ્નિરૂપી કાયાવાળા જીવો 'તેજસ્કાય' કહેવાય છે. તેઓ પણ પૂર્વની માફક સૂક્ષ્મ-બાદર અને પર્યાપ્ત-અપર્યાપ્તના ભેદથી ચાર પ્રકારના છે. જેમ કે-શુદ્ધ અગ્નિ, વજ્રનો અગ્નિ, ભડકો, જ્વાળારૂપ અગ્નિ અંગાર (સળગતો કોલસો)નો અગ્નિ, વિજળીનો અગ્નિ, ઉલ્કાનો (કવચિત્ કવચિત્ આકાશમાંથી જે અગ્નિ ઝરે છે અને જેના મોટા લીસોટા પડે છે તેનો અગ્નિ, મુર્મુર-ભાઠાનો અગ્નિ, છાણાનો અગ્નિ (ભરસાડ), અલાત-કોલસાનો અગ્નિ, નિર્ઘાતથી થતો (પવન સાથે અથડાવાથી થતો સ્ફુલિંગ-તણખા) અને સંઘર્ષથી (અરણિના લાકડાં ઘસવાથી) ઉત્પન્ન થતો અગ્નિ, જંગલમાં વાંસ પરસ્પર અથડાવાથી-ઘસાવાથી ઉત્પન્ન થતો અગ્નિ, સૂર્યકાન્ત મણિના પ્રયોગથી અગ્નિ, ઇત્યાદિ અનેક ભેદથી બાદર તેજસ્કાય થાય છે.

(૪) પૂર્વનો, પશ્ચિમનો, ઉત્તરનો અને દક્ષિણનો વાયુ, ઉંચે-નીચે-તીર્છો વાતો વાયુ, ચાર ખૂણાનો વાયુ, અનવસ્થિત રીતે વાતો વાયુ, ઉત્કલિકા વાયુ (જે રહી રહીને વાય અને જેનાથી ધૂળમાં રેખાઓ પડે છે તે વાયુ), મંડલિક વાયુ (જે માંડલાકારે વાય અને પાંદડાં વગેરેને મંડલાકારે-ગોળ ગોળ ચકાવો લેતાં ભમાવે તે), ગુંજાવાત-ગંજારવ કરતો વાયુ, ઝંઝાવાત-વર્ષાઋતુમાં નીકળતો તોફાની વાયુ, સંવર્તક-તણખલા

વગેરેને ઉંચે ચડાવીને ભમાવે તે ઘનવાત=ઘાટો વાયુ, તનુવાત=પાતળો વાયુ; આ સર્વ વાયુ પૃથિવી આદિના આધાર ઘનોદધિની નીચે હોય છે. ઇત્યાદિ ભેદથી બાદર વાયુકાયિક જીવો જાણવા.

(૫) વનસ્પતિરૂપી કાયાવાળા જીવો 'વનસ્પતિકાય' કહેવાય છે. તે સૂક્ષ્મ અને બાદર ભેદવાળા પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદવાળા છે.

○ સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો સર્વલોકવ્યાપ્ત, ચક્ષુથી અગ્રાહ્ય (અદૃશ્ય) અને અનેક આકારવાળા છે.

○ બાદર વનસ્પતિકાય જીવો સંક્ષેપમાં પ્રત્યેક અને સાધારણના ભેદથી બે પ્રકારના છે. (અ) પ્રત્યેક જીવો પાંદડાં, ફૂલ, ફળ, મૂળ, સ્કંધ આદિ પ્રત્યે, પ્રત્યેક એક એક જીવવાળા દરેક હોય છે. તે જીવો પ્રત્યેક જીવો કહેવાય છે, કેમ કે-તેઓના એક શરીરમાં એક જીવ હોય છે. (આ) સાધારણ જીવો-પરસ્પર સમાઈને સાથે રહેલા, અનંત જીવોના સમુદાય રૂપ એક શરીરમાં રહેવાના સ્વભાવવાળા જીવો, સાધારણ જીવો-અનંતકાય જીવો કહેવાય છે.

○ ત્યાં પ્રત્યેક શરીરવાળા વનસ્પતિકાય જીવો-(૧) વૃક્ષ=આંબો, લીંમડો, પીંપળો, વડ વગેરે વૃક્ષ. (૨) ગુચ્છ=જેનાં પાંદડાં ગુચ્છારૂપ હોય તે. જેમ કે-બીજોરૂં-રીંગણાં વગેરે. (૩) ગુલ્મ=જેમાં થડનો વિકાસ ન હોય પણ નીચેથી ડાળીઓ ફૂટે, તે ગુલ્મ કહેવાય છે. જેમ કે-ગુલાબ, જૂઈ, મોગરો વગેરે. (૪) લતા=જે વૃક્ષ કે સ્તંભ વગેરેના આધાર ઉપર ચડે, તેને લતા કહે છે. જેમ કે-ચંપકલતા, પદ્મલતા ઇત્યાદિ.

(૫) વલ્લી=વેલા. મોટાભાગે ભોંય ઉપર પથરાય તે વેલા કહેવાય છે. જેમ કે-કાકડીનો વેલો, દુધીનો વેલો. (૬) પર્વગ=જેમાં પર્વ અને ગાંઠ હોય તે પર્વગ કહેવાય છે. જેમ કે- શેરડી, વાંસ, નેતર વગેરે.

(૭) તૃણ=ઘાસ. જેમ કે-ઘો, ડાભ વગેરે. (૮) વલય=જેની છાલ ગોળ હોય તે વલય કહેવાય છે. જેમ કે-લવિંગ, સોપારી, ખજૂર વગેરે.

(૯) હરિત=શાકભાજી. (૧૦) ઔષધિ=ધાન્યવર્ગ. જેમ કે-ડાંગર, ઘઉં વગેરે.

(૧૧) જલરૂહ=જેમ કે- પદ્મ, કુમુદ, સૂર્યવિકાસી કે ચંદ્રવિકાસી કમળ વગેરે કમળજાતિ. (૧૨) કુહણ=ભૂમિને ફોડીને નીકળનારી વનસ્પતિ કુહણ કહેવાય છે. જેમ કે- ભૂચ્છત્ર વગેરે. આ પ્રમાણે બાર પ્રકારના પ્રત્યેક વનસ્પતિકાય જીવો છે.

બધાય વનસ્પતિકાય જીવો સંક્ષેપમાં છ (૬) પ્રકારના છે. જેમ કે-(૧) અગ્રબીજ-ડાળ નાખવાથી ઉગનાર ઝાડ. જેમ કે-કુરંટ. (પીળો-કાંટા અશળિયો નામનું ઝાડ.)

(૨) મૂલજ-ઉત્પલ, સુરણ વગેરે મૂલ-કંદમાંથી ઉત્પન્ન થનાર છે.

(૩) પર્વબીજ-શેરડી, વાંસ વગેરે પર્વ-ગાંઠમાંથી ઉત્પન્ન થનારા છે.

(૪) સ્કંધ બીજ-સલ્લકી, વડ વગેરે સ્કંધમાંથી ઉત્પન્ન થનારા છે.

(૫) બીજરૂહ-ડાંગર, ષષ્ટિક, મગ વગેરે બીજમાંથી ઉત્પન્ન થનારા છે.

(૬) સંમૂર્ચ્છનજ-ઘાસ, ભૂમિચ્છત્ર વગેરે પોતાની મેળે ઉત્પન્ન થનાર છે. વનસ્પતિકાયની આ પ્રમાણે છ (૬) મૂળ જાતિઓ છે. સઘળાય વનસ્પતિકાય જીવો પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે પ્રકારના છે.

(૬) ત્રસકાય=ત્રસ જીવો ગતિત્રસ અને ઉદારત્રસના ભેદથી બે પ્રકારના છે. (૧) અગ્નિકાય અને વાયુકાય ગતિત્રસ કહેવાય છે, કેમ કે-તે બંનેનો સ્વભાવ ચાલવાનો છે, કુદરતી રીતે ચાલે છે. પરંતુ તે ગતિત્રસોની અહીં વિવક્ષા નથી, કેમ કે-ત્રસનામકર્મના ઉદયજન્ય લબ્ધિત્રસ જીવોનો અધિકાર છે. તે લબ્ધિત્રસ જીવો ઉદાર ત્રસો જ છે. વળી તત્ત્વાર્થમાં કહ્યું છે કે - 'तेजोवायु द्विन्द्रियादयश्च त्रसाः' ઇતિ. તેજ અને વાયુનું ક્રિયાની અપેક્ષાએ ત્રસપણું છે. ત્રસનામકર્મના ઉદયરૂપ લબ્ધિની અપેક્ષાએ દ્વિન્દ્રિય આદિનું ત્રસપણું છે. આવો ભાવ ભાષ્યટીકાકારોએ પ્રગટ કરેલ છે.

અહીં ઉદાર એટલે દ્વિન્દ્રિય-ત્રિન્દ્રિય-ચતુરિન્દ્રિય-પંચેન્દ્રિય જીવો સમજવા, કેમ કે-વ્યક્ત-પરિસ્ફુટ શ્વાસોચ્છ્વાસ આદિ પ્રાણોનો યોગ છે. ત્રસો પણ પર્યાપ્ત-અપર્યાપ્તના ભેદથી બે પ્રકારના છે.

○ દ્વિન્દ્રિય-કૃમિ (પેટમાં, ફોડલામાં, હરશ વગેરેમાં થનારા) કરમિયા, શંખ વગેરે બે ઇન્દ્રિયોવાળા જીવો કહેવાય છે.

○ ત્રિન્દ્રિય-કુંથુ-કંથવા. તે બહુ જ બારીક ધોળા રંગના જીવો હોય છે. પિપીલીકા-કીડી વગેરે ત્રણ ઇન્દ્રિયવાળા જીવો કહેવાય છે.

○ ચતુરિન્દ્રિય-ભમરા, માખી વગેરે ચાર ઇન્દ્રિયવાળા જીવો કહેવાય છે.

○ પંચેન્દ્રિય-નારકી, તિર્યંચો, મનુષ્યો અને દેવો પંચેન્દ્રિય જીવો કહેવાય છે. સઘળા ત્રસો જ ઉદારત્રસો-લબ્ધિત્રસો જ છે, પરંતુ એકેન્દ્રિયોની માફક ગતિત્રસ અને સ્થાવરો નથી.

○ ત્યાં નરકાવાસોમાં ઉત્પન્ન થનારા નારકો કહેવાય છે.

○ તિર્યંચો, જલચર-પાણીમાં ચાલનારા મત્સ્ય આદિ.

○ સ્થલચર-ભૂમિમાં ચાલનારા ચતુષ્પદ ગાય વગેરે; ઉરપરિસર્પ, સાપ વગેરે; નોળિયા વગેરે ભૂજપરિસર્પ, ખેચર-પોપટ વગેરે રોમજ પક્ષી, ચામાચીડિયાં વગેરે ચર્મજપક્ષી જાણવા.

મનુષ્યો-ગર્ભજ અને સંમૂર્ચ્છિમ ભેદથી બે પ્રકારના મનુષ્યો છે કર્મભૂમિમાં-અકર્મભૂમિમાં-અંતરદ્વીપમાં જન્મેલા મનુષ્યો છે તે બધાય ગર્ભજ છે. આ મનુષ્યોના વિષ્ટામાં, મૂત્રમાં, કફમાં, નાસિકાના મેલમાં, વમનમાં, પિત્તમાં, પરૂમાં, લોહીમાં, વીર્યમાં, વીર્યના સુકાઈ ગયેલા પુદ્ગલો ભીના થાય તેમાં, જીવ વગરના મૃતકલેવરમાં, સ્ત્રી-પુરુષોના સંયોગમાં, નગરની ખાળમાં અને સર્વ અપવિત્ર સ્થાનોમાં પેદા થયેલા સંમૂર્ચ્છિમ મનુષ્યો કહેવાય છે. તે અપર્યાપ્ત હોય છે, અંતર્મુહૂર્ત્ત આયુષ્યવાળા હોય છે અને અત્યંત સૂક્ષ્મ હોઈ આપણે જોઈ શકતા નથી.

○ સંમૂર્ચ્છિમ સિવાયના ગર્ભજમનુષ્યો પર્યાપ્ત હોય છે અને અપર્યાપ્ત પણ હોય છે.

○ દેવો તો ચતુર્નિકાય=ચાર નિકાય(વાસ કે સંઘ)વાળા કહેવાય છે, કેમ કે-ચારેય દેવોના ઉત્પત્તિસ્થાનો ચાર પ્રકારના છે. જેમ કે-વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, ભવનપતિના ભેદથી ચાર જાતિના દેવો છે. આ દેવોનું વિવેચન પહેલા કરી દીધું છે. તે દેવો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત-કરણ અપર્યાપ્તના ભેદવાળા છે.

योगमार्गणाभेदमाह –

मनोवाक्कायास्तिस्त्रो योगमार्गणाः ।९।

मन इति । मनःप्रायोग्याणि द्रव्याण्यात्मप्रदेशैः कायय़ोगेनादाय मनस्त्वेन परिणमितानि वस्तुचिन्ताप्रवर्त्तकानि च मनांसि तैस्सहकारिकारणभूतैस्सहितो जीववीर्यविशेषो मनोयोगः । सत्यादिभेदतस्स चतुर्विधः । भाषापुद्गलग्रहणोत्तरं भाषापरिणाममापन्नाः पुद्गला वागित्युच्यन्ते, तत्सहकारिकारणको योगो जीवशक्तिविशेषो वाग्योगः, सोऽपि पूर्ववदेव चतुर्विधः । केवलं कायावष्टम्भजन्यस्सामर्थ्यविशेषः कायय़ोगः । स चौदारिकादिभेदेन सप्तविधः । अवान्तरभेदानां स्वरूपाण्यन्यत्र पूर्वे वा द्रष्टव्यानि ॥

હવે યોગની માર્ગણાના ભેદને કહે છે-

ભાવાર્થ - મન, વચન અને કાયા એ ત્રણ યોગમાર્ગણાઓ છે.

વિવેચન - મનપ્રાયોગ્ય દ્રવ્યોને આત્માના પ્રદેશોની સાથે કાયયોગથી ગ્રહણ કરીને મનપણાએ પરિણમાવેલા અને વસ્તુવિષયક ચિંતાની પ્રવૃત્તિમાં કારણભૂત મન દ્રવ્યમનો કહેવાય છે. તે સહકારી કારણભૂત દ્રવ્યમનોથી સહિત વિશિષ્ટ જીવવીર્ય 'મનોયોગ' કહેવાય છે. તે સત્ય આદિના ભેદથી ચાર પ્રકારનો છે.

○ ભાષાના પુદ્ગલના ગ્રહણ પછી ભાષાપરિણામને પામેલા પુદ્ગલો 'વાફ્' તરીકે કહેવાય છે. તે દ્રવ્યવાણીના સહકારી કારણવાળો, વિશિષ્ટ જીવશક્તિરૂપ યોગ 'વાગ્યોગ' કહેવાય છે. તે વાગ્યોગ પણ પૂર્વની માફક જ ચાર પ્રકારનો છે.

○ કેવળ કાયાના આલંબનથી જન્ય વિશિષ્ટ સામર્થ્ય 'કાયયોગ' કહેવાય છે. તે ઔદારિક આદિના ભેદથી સાત (૭) પ્રકારનો છે. પેટાભેદોના સ્વરૂપો બીજે ઠેકાણે કે પૂર્વમાં જોવાં.

अथ वेदमार्गणाभेदमाचष्टे –

पुंस्त्रीनपुंसकभेदेन तिस्त्रो वेदमार्गणाः ।१०।

पुमिति । त्रयोऽपि वेदा[१] द्रव्यभावभेदेन द्विविधाः । पुरुषादेः स्त्र्याद्यभिलाषो भाववेदो निर्माणाङ्गोपाङ्गादिनामकर्मजन्यः पुरुषस्य श्मश्रूकूर्चशिश्नादिविशिष्टो द्रव्यपुरुषवेदः, स्त्रियः-स्तनयोनिनिर्लोममुखादिविशिष्टाकारो द्रव्यस्त्रीवेदः, एतदुभयविलक्षणाकारो द्रव्यनपुंसकवेदः ॥

---

१. पुरुषवेदो निरन्तरं भवन् जघन्यतोऽन्तर्मुहूर्त्तमुत्कर्षतस्सातिरेकसागरोपमशतपृथक्त्वं । स्त्रीवेदो जघन्येनैकस्समयः । उत्कर्षतः पल्योपमशतं पूर्वकोटिपृथक्त्वञ्च, नपुंसकवेदो जघन्यत एकस्समयः, उत्कर्षतोऽनन्ताद्धा ॥

હવે વેદમાર્ગણાના ભેદને કહે છે-

ભાવાર્થ - પું-સ્ત્રી-નપુંસકના ભેદથી ત્રણ વેદમાર્ગણાઓ છે.

વિવેચન - ત્રણ પણ વેદો દ્રવ્ય અને ભાવથી બે પ્રકારનો છે. પુરુષનો સ્ત્રી પ્રત્યે અભિલાષ પુંવેદ, સ્ત્રીનો પુરુષ પ્રત્યે અભિલાષ સ્ત્રીવેદ અને નપુંસકનો સ્ત્રી-પુરુષ પ્રત્યે અભિલાષ નપુંસકવેદ, એ ભાવવેદ કહેવાય છે.

○ નિર્માણ - અંગોપાંગ આદિનામકર્મજન્ય-પુરુષનો દાઢી, મૂંછ, પુરુષચિહ્ન આદિ વિશિષ્ટ આકાર દ્રવ્યપુરુષવેદ છે. સ્ત્રીનો સ્તન, સ્ત્રીચિહ્ન, કેશ વગરના મુખ આદિથી વિશિષ્ટ આકાર દ્રવ્યસ્ત્રીવેદ છે. આ બંનેથી વિલક્ષણ આકાર દ્રવ્યનપુંસકવેદ છે.

कषायमार्गणाभेदमभिधत्ते -

क्रोधमानमायालोभरूपाश्चतस्रः कषायमार्गणाः ।११।

क्रोधेति । चतुःप्रतिष्ठितः क्रोधः, यथाहि स्वयमाचरितमैहिकमामुष्मिकं प्रत्यपायमवबुद्ध्य यदा कश्चिदात्मन एवोपरि क्रुध्यति तदा स क्रोध आत्मप्रतिष्ठितः । यदा पर उदीरयत्याक्रोशादिना कोपं तदा किल तद्विषये क्रोध उपजायत इति स परप्रतिष्ठितः । यदा कश्चित्तथाविधापराधादात्मपरविषयक्रोधमाधत्ते स उभयाश्रितः, यदा तु स्वयं दुश्चरणमाक्रोशादिकञ्च कारणं विना केवलक्रोधवेदनीयादुपजायते स हि नात्मप्रतिष्ठितः, स्वयं दुश्चरणानाचरणेनात्मविषयत्वाभावात्, न परप्रतिष्ठितः परस्यापि निरपराधित्वात्, अत एव नोभयप्रतिष्ठितः, अतोऽप्रतिष्ठित इति, एवं मानादयोऽपि । अनन्तानुबन्ध्यादिभेदाः पूर्वमेवोक्ताः, तथा आभोगनिर्वर्त्तितानाभोगनिर्वर्तितोपशान्तानुपशान्तभेदतोऽपि ते चतुर्धा भवन्ति, यदा यस्यापराधं सम्यगवबुध्य कोपकारणञ्च व्यवहारतः पुष्टमवलम्ब्य नान्यथाऽस्य शिक्षोपजायत इत्याभोग्यकोपञ्च विधत्ते तदा स कोप आभोगनिर्वर्तितः । यदा त्वेवमेव तथाविधमुहूर्त्तवशाद्गुणदोषविचारणाशून्यः परवशीभूय कोपं कुरुते तदा स कोपोऽनाभोगनिर्वर्तितः, अनुदयावस्थ उपशान्तो निर्निमित्तमुदयावस्थोऽनुपशान्तः । अनन्तानुबन्धिक्रोधादयः सम्यग्दर्शनसहभाविक्षमादिस्वरूपोपशमादिचरणलब्धप्रतिबन्धिनः, चारित्रमोहनीयत्वात्, न चोपशमादिभिरेव चारित्री, अल्पत्वाद्यथैककार्षापणो न धनपतिः किन्तु महता मूलगुणादिरूपेण चारित्री मनःसंज्ञया संज्ञिवत्, अत एव त्रिविधं दर्शनमोहनीयं पञ्चविंशतिविधं चारित्रमोहनीयम् । न च

१. પુરુષવેદ નિરંતર થતો જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાતિરેક બસોથી નવસો સાગરોપમ; સ્ત્રીવેદ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી સો પલ્યોપમ અને પૂર્વકોટિ પૃથક્ત્વ; તથા નપુંસકવેદ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અનંત અદ્ધા (કાળ.)

चारित्रावारकस्य सम्यक्त्वावारकत्वानुपपत्तिस्तथा च सप्तविधं दर्शनमोहनीयमेकविंशतिविधञ्च चारित्रमोहनीयमिति वाच्यम्, अनन्तानुबन्धिभिरेव सम्यक्त्वे आवृते मिथ्यात्वस्य वैयर्थ्यापत्तेः, आवृतस्याप्यावरणेऽनवस्थानात्, तस्माद्यथा कषायाणां केवलज्ञानावारकत्वेऽपि कषायक्षयः केवलज्ञानकारणतयोच्यते तस्मिन् सत्येव तस्य भावात्, तथानन्तानुबन्धिषूदितेषु न मिथ्यात्वं क्षयोपशममुपयाति तदभावाच्च न सम्यक्त्वमिति सम्यक्त्वसहचार्युपशमादिगुणावारकत्व-मनन्तानुबन्धिनां, सम्यग्दर्शनमोहनीयस्य क्वचित्सप्तविधत्वकथनन्तु सम्यक्त्वसहचारिगुणेषु[1] सम्यक्त्वोपचारात् । देशविरत्यावारका अप्रत्याख्यानाः, सर्वविरतिघातिनः प्रत्याख्यानाः, संज्वलना यथाख्यातचारित्रावारकाः ॥

કષાયમાર્ગણાના ભેદનું કથન-

ભાવાર્થ - ક્રોધ-માન-માયા-લોભરૂપ ચાર કષાયમાર્ગણાઓ છે.

વિવેચન - ચારમાં પ્રતિષ્ઠિત ક્રોધ છે. તથાહિ પોતે આચરેલ આલોક સંબંધી-પરલોક સંબંધી વિરુદ્ધ-અનિષ્ટ કર્ત્તવ્યને જાણી જ્યારે કોઈ એક, પોતાના જ ઉપર ગુસ્સો કરે છે, ત્યારે તે ૧-ક્રોધ 'આત્મપ્રતિષ્ઠિત' થાય છે. જ્યારે આક્રોશ આદિથી બીજો કોપની ઉદીરણા કરે છે, ત્યારે ખરેખર, તે બીજા ઉપર ક્રોધ થાય છે. તે ક્રોધ ૨-પરપ્રતિષ્ઠિત છે.

જ્યારે કોઈ એક, તથાપ્રકારના અપરાધથી આત્મવિષયક-પરવિષયક ક્રોધને કરે છે, તે ૩-સ્વ-પર આશ્રિત ક્રોધ છે. જ્યારે પોતે દુષ્ટ આચરણ અને આક્રોશ વગેરે રૂપ કારણ વગર, કેવળ ક્રોધમોહનીયના ઉદયથી થાય છે, ત્યારે ખરેખર, તે ક્રોધ આત્મપ્રતિષ્ઠિત નથી; કેમ કે-બીજો પણ નિરપરાધી છે. એથી જ ઉભય પ્રતિષ્ઠિત નથી. એથી તે ક્રોધ ૪-'અપ્રતિષ્ઠિત' તરીકે કહેવાય છે. એ પ્રમાણે માન વગેરે કષાયો પણ સમજવાં.

વળી અનંતાનુબંધી આદિ ભેદો પહેલાં જ કહેલા છે. તેમજ આભોગ નિવર્તિત, અનાભોગનિવર્તિત, ઉપશાન્ત અને અનુપશાન્તના ભેદથી પણ તે કષાયો ચાર પ્રકારના છે.

○ જ્યારે જેના અપરાધને સારી રીતે જાણી, પુષ્ટ અવલંબન તરીકે વ્યવહારથી કોપનું કારણ જાણી, અન્ય પ્રકારે શિક્ષા નથી થવાની; આ પ્રમાણે જોઈને કોપને કરે છે, ત્યારે તે કોપ 'આભોગનિવર્તિત' કહેવાય છે.

○ જ્યારે એ પ્રમાણે જ તથાવિધ મુહૂર્ત્ત-કાળવશે, ગુણ-દોષની વિચારણાથી રહિત-પરવશ બની કોપ કરે છે, ત્યારે તે કોપ 'અનાભોગનિવર્તિત' કહેવાય છે.

○ ઉદયની અવસ્થા વગરનો 'ઉપશાન્ત ક્રોધ' કહેવાય છે.

○ કારણ વગર ઉદયની અવસ્થાવાળો ક્રોધ 'અનુપશાન્ત' કહેવાય છે.

---

१. शमसंवेगनिर्वेदानुकम्पास्तिक्येषु ॥

○ અનંતાનુબંધી ક્રોધ વગેરે, સમ્યગ્દર્શનની સાથે થનાર, ક્ષમા આદિ સ્વરૂપવાળા ઉપશમ આદિ રૂપ ચારિત્રના અંશના પ્રતિબંધક છે, કેમ કે-ચારિત્રમોહનીય છે.

શંકા - ઉપશમ આદિથી સમકિતી, ચારિત્રી કહેવાશે જ ને ?

સમાધાન - અલ્પતા હોઈ ચારિત્રી કહેવાય નહીં. જેમ કે- એક કાર્ષા પણ (કોડીરૂપિયાવાળો) ધનપતિ કહેવાતો નથી.

પરંતુ મહાન મૂલગુણ મહાવ્રત આદિ રૂપથી ચારિત્રી કહેવાય છે. જેમ કે-મનની સંજ્ઞાથી સંજ્ઞી કહેવાય છે.

એથી જ ત્રણ પ્રકારનું દર્શનમોહનીય, પચીશ (૨૫) પ્રકારનું ચારિત્રમોહનીય છે.

શંકા - ચારિત્રના આવારકમાં સમ્યક્ત્વના આવારકપણાની અઘટમાનતા છે અને તે પ્રકારે જો માનો, તો સાત (૭) પ્રકારનું દર્શનમોહનીય અને એકવીશ (૨૧) પ્રકારનું ચારિત્રમોહનીય થશે જ ને ?

સમાધાન - અનંતાનુબંધીઓથી જ સમ્યક્ત્વ આવૃત્ત થવાથી મિથ્યાત્વમાં નિરર્થકપણાની આપત્તિ આવશે !

આવૃત્તમાં પણ આવરણ માનવાથી અનવસ્થા નામક દોષ છે. તેથી જેમ કષાયોનું કેવલજ્ઞાન પ્રત્યે અનાવારકપણું છતાં કષાયનો ક્ષય, કેવલજ્ઞાન પ્રત્યે કારણપણાએ કહેવાય છે, કેમ કે-તે કષાયક્ષય હોયે છતે જ તે કેવલજ્ઞાન હોય છે. તેવી રીતે અનંતાનુબંધીઓનો ઉદય હોયે છતે મિથ્યાત્વનો ક્ષયોપશમ થતો નથી અને મિથ્યાત્વના ક્ષયોપશમનો અભાવ થવાથી સમ્યક્ત્વ થતું નથી. માટે સમ્યક્ત્વસહચારી ઉપશમ આદિ ગુણોનું આવારકપણું અનંતાનુબંધીઓમાં માનેલું છે. સમ્યગ્દર્શનમોહનીયનું (ક્ષયોપશમ સમ્યક્ત્વનું) કવચિત્ સાત પ્રકારપણાનું કથન તો સમ્યક્ત્વસહચારી (શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય અથવા સાત રૂચિરૂપ) ગુણોમાં સમ્યક્ત્વના ઉપચારની અપેક્ષાએ છે.

○ દેશવિરતિના આવારકો અપ્રત્યાખ્યાન કષાયો છે.

○ સર્વવિરતિના ઘાતકો પ્રત્યાખ્યાની કષાયો છે.

○ યથાખ્યાતચારિત્રના આવારકો સંજ્વલન કષાયો છે.

सम्प्रति ज्ञानमार्गणाभेदमाह –

मतिश्रुतावधिमनःपर्यवकेवलमत्यज्ञानश्रुताज्ञानविभङ्गज्ञानभेदादष्टौ ज्ञानमार्गणाः । मिथ्यादृष्टीनां मतिश्रुतावधयः क्रमेण मत्यज्ञानश्रुताज्ञानविभङ्गज्ञानान्युच्यन्ते । अत्र पञ्चविधत्वेऽपि ज्ञानानामन्वेषणाप्रस्तावे आद्यत्रयविपरीतानामपि मत्यज्ञानादीनां ज्ञानत्वेन ग्रहणादष्टविधत्वं ज्ञानमार्गणाया बोध्यम् । मनःपर्यवकेवलयोस्तु वैपरीत्याभाव एव । अग्रे संयमादिष्वप्येवमेव वैपरीत्येन मार्गणा विज्ञेयाः ।१२।

मतीति । ज्ञायन्ते परिच्छिद्यन्ते अर्था अनेनास्मिन्नस्माद्वेति ज्ञानं, ज्ञानदर्शनावरणयोः क्षयः क्षयोपशमो वा, ज्ञातिर्वा ज्ञानं, आवरणद्वयक्षयाद्याविर्भूत आत्मपर्यायविशेषः, विशेषांशग्राहको ज्ञानपञ्चकाज्ञानत्रयरूपः । ननु सकलमपीदं ज्ञानं ज्ञप्त्येकस्वभावं ज्ञप्त्येकस्वभावत्वस्य सर्वत्राविशेषेण किं कृतोऽयं पञ्चधाऽष्टधा वा भेदः, न च वार्त्तमानिकं वस्तु मतेः, त्रिकालविषयः परिणामो ध्वनिगोचरः श्रुतस्य, रूपिद्रव्याण्यवधेः, मनोद्रव्याणि मनःपर्यवस्य, समस्तपर्यायान्वितं सर्वं वस्तु विषयः केवलस्येति ज्ञेयभेदस्तत्कृतो ज्ञानभेद इति वाच्यं केवलज्ञानस्य बहुभेदत्वापत्तेः, वार्त्तमानिकादिवस्तूनां तत्राऽपि ज्ञेयत्वादन्यथा तदविषयत्वे तस्य केवलिनोऽसर्वज्ञत्वापत्तिप्रसङ्गः[१], न च यादृशी प्रतिपत्तिर्मत्यादिज्ञानस्य न तादृशी श्रुतादिज्ञानस्येति प्रतिपत्तिप्रकारभेदाद्भेद इति वाच्यम्, एकस्मिन्नपि ज्ञाने तत्तद्देशकालपुरुषस्वरूपभेदेनानन्तभेदप्रसक्तेः प्रतिपत्तिप्रकारस्यानन्त्यात् । न चावारकाणां मतिज्ञानावरणादीनां भेदाद्भेद इति वाच्यम्, ज्ञानस्यैकत्वे आवारकाणां पञ्चधात्वानुपपत्तेः, आवार्यापेक्षं ह्यावारकं, आवार्यञ्च ज्ञानं ज्ञप्तिरूपत्वादेकमत आवारकं कथं पञ्चधा भवेत् । न च स्वभावादेव पञ्चधात्वं स्वभावे च न पर्यनुयोग[२] इति वाच्यम्, भगवतस्सर्वज्ञत्वहानिप्रसङ्गात्, ज्ञानस्यात्मधर्मत्वेन मत्यादीनां स्वाभाविकत्वेन च क्षीणावरणस्यापि तद्भावप्रसक्त्याऽस्मदादिवत्तस्यासर्वज्ञत्वं स्यात्, यदि केवलज्ञानभावतस्समस्तवस्तुपरिच्छेदात्रासर्वज्ञत्वमित्युच्यते तदापि केवलोपयोगविरहकाले मतिज्ञानोपयोगसम्भवेन देशतः परिच्छेदेन तदा तस्यासर्वज्ञत्वं बलादापतत्येव । न च तस्य तदुपयोग एव न भविष्यतीति वाच्यम्, आत्मनः स्वभावत्वेन तस्यापि क्रमेणोपयोगस्य निवारयितुमशक्यत्वात्, केवलज्ञानान्तरं केवलदर्शनोपयोगवत्, ततः केवलज्ञानोपयोगकाले सर्वज्ञत्वं मत्यादिज्ञानोपयोगकालेऽसर्वज्ञत्वमापद्यते, न चैतदिष्टं, तस्माज्ज्ञानं असकलसंज्ञितं सकलसंज्ञितमिति द्विभेदमेव, अवग्रहज्ञानादारभ्य यावदुत्कर्षप्राप्तपरमावधिज्ञानं तावत्सकलमप्येकं, तच्चासकलसंज्ञितमशेषवस्तुविषयत्वाभावात्, अपरञ्च केवलिनस्तच्च सकलसंज्ञितमिति चेदुच्यते, ज्ञानानां ज्ञप्त्येकस्वभावत्वं सामान्यतो वा विशेषतो वा भवताऽभ्युपगम्यते ? नाद्यस्सिद्धसाध्यतया तस्य बाधकत्वायोगात् बोधरूपतयाऽस्माभिरपि सकलज्ञानस्याप्येकत्वाभ्युपगमात्, नापि द्वितीयोऽसिद्धत्वात्, स्वसंवेदनप्रत्यक्षेण प्रतिप्राणि ज्ञानस्योत्कर्षापकर्षदर्शनाद्विशेषत एकत्वानुपलम्भात् । न चोत्कर्षापकर्षमात्रभेददर्शनेन यदि ज्ञानस्य भेदस्तर्हि

---

२. मत्यादिज्ञानविषयजातस्य तेनाग्रहणादिति भावः ॥ ३. नहि कोऽप्येवं पर्यनुयुंक्ते कथं घट एव जलाहरणं करोति न पट इतीति भावः ॥

प्रतिप्राणि देशकालापेक्षयोत्कर्षापकर्षयोरनेकविधत्वेन ज्ञानस्यानेकविधत्वमेव प्राप्तं न तु पञ्चविधत्वमिति वाच्यम्, परिस्थूलनिमित्तभेदतः पञ्चधात्वस्य प्रतिपादनात् । तथाहि सकलघातिक्षयो निमित्तं केवलज्ञानस्य, मनःपर्यवज्ञानस्य त्वमर्षौषध्यादिलब्ध्युपेतस्य प्रमादलेशेनाप्यकलङ्कितस्य विशिष्टाध्यवसायानुगतोऽप्रमादः, अवधिज्ञानस्य पुनस्तथाविधानिन्द्रियरूपिद्रव्यसाक्षादवगमननिबन्धनः क्षयोपशमविशेषः, मतिश्रुतयोस्तु लक्षणभेद इति । ज्ञेयभेदमात्रतो ज्ञानस्य भेदानभ्युपगमान्न तत्पक्षोक्तदोषः, एकेनाप्यवग्रहादिना बहुविधवस्तुग्रहणोपलम्भात् । नापि प्रतिपत्तिप्रकारभेदकृतो दोषस्सम्भवति देशकालाद्यपेक्षया ज्ञानानामानन्त्येऽपि परिस्थूलनिमित्तभेदेन व्यवस्थापितज्ञानपञ्चकेभ्योऽनतिरिक्तत्वात् तज्जातीयत्वानतिक्रमणात् । परिस्थूलनिमित्तभेदमधिकृत्य ज्ञानानां भेदव्यवस्थापनाच्च नावरणभेदप्रयुक्तदोषस्यावकाश इति । न चैवं व्यवस्थापिता ज्ञानभेदा ज्ञानस्यात्मभूता अनात्मभूता वा, आत्मभूतत्वे क्षीणावरणेऽपि तद्भावप्रसङ्गः, अनात्मभूतत्वे न ते पारमार्थिकाः, ततः कथमावार्यापेक्षो वास्तव आवारकभेद इति वाच्यम्, वस्तुतत्त्वापरिज्ञानात् । इह हि सकलघनपटलविनिर्मुक्तशारददिनमणिरिव समन्ततस्समस्तवस्तुस्तोमप्रकाशनैकस्वभावो जीवः, तस्य च तथाभूतस्वभावः केवलज्ञानमिति व्यपदिश्यते । स च यद्यपि सर्वघातिना केवलज्ञानावरणेनाव्रियते तथापि तस्यानन्ततमो भागो नित्योद्घाटित एव । ततस्तस्य केवलज्ञानावरणावृतस्य घनपटलाच्छादितस्येव सूर्यस्य यो मन्दप्रकाशस्सोऽपान्तरालावस्थितमतिज्ञानाद्यावरणक्षयोपशमभेदसम्पादितं नानात्वं भजते मतिज्ञानावरणक्षयोपशमजनितो मन्दप्रकाशो मतिज्ञानं, श्रुतज्ञानावरणक्षयोपशमजनितस्स श्रुतज्ञानमित्यादिरूपेण । तत आत्मस्वभावभूता मत्यादयो भेदाः, ते च प्रवचनोपदर्शितपरिस्थूलनिमित्तभेदतः पञ्चसंख्याः, तदपेक्षमावारकमपि पञ्चधेति न विरुद्ध्यते । न चैवमात्मस्वभावभूतत्वे क्षीणावरणस्यापि तद्भावप्रसङ्गः, यत एते मतिज्ञानावरणादिक्षयोपशमरूपोपाधिसम्पादितसत्ताकास्ततः कथं ते तथारूपक्षयोपशमाभावे भवितुमर्हन्ति, नहि सूर्यस्य घनपटलावृतस्य मन्दः प्रकाशः कटकुड्याद्यावरणविवरभेदोपाधिसम्पादितस्सकलघनपटलकटकुड्याद्यावरणापगमे सूर्यस्य ते तथारूपा मन्दप्रकाशभेदा भवन्ति । यथा वा जन्मादयो भावा जीवस्यात्मभूता अपि कर्मोपाधिसम्पादितसत्ताकत्वात्तदभावे न सन्ति तद्वन्मत्यादयो भेदा जीवस्यात्मभूता अपि मतिज्ञानावरणादिक्षयोपशमसापेक्षत्वात्तदभावे केवलिनो न भवन्ति ततो नासर्वज्ञत्वदोषः । यदपि मतिज्ञानादिविषयस्य केवलज्ञानाविषयत्वेऽसर्वज्ञत्वापत्तिरुक्ता सापि न सम्भवति, तद्विषयत्वेन तस्याग्रहेऽपि केवलज्ञानेन तद्ग्रहणात्, मत्यादिज्ञानमात्रनिरूपितत्वेन

ज्ञेयतायाः, केवलज्ञानस्याभावेऽपि न तावताऽसर्वज्ञत्वापत्तिः, अल्पास्पष्टज्ञानाभावमात्रेण सर्वज्ञत्वाक्षतेः, कार्पदिकमात्रधनाभाववतोमहर्द्धिकस्य निर्धनित्वाभाववदिति दिक् ॥ मत्यादिज्ञानलक्षणादीन्यग्रे वक्ष्यन्ते ॥ ननु किं सर्वेषामेव जीवानां ज्ञानानि मत्यादीनि भवन्तीत्यत्राह मिथ्यादृष्टीनामिति । मिथ्यादृष्टीनां मतिज्ञानं श्रुतज्ञानमवधिज्ञानञ्च मत्यज्ञानं श्रुताज्ञानं विभङ्गज्ञानमित्युच्यते विपर्ययत्वात्, प्रमाणाभासत्वेन तेषां ज्ञानान्यज्ञानानि, दर्शनमोहनीयोदयप्रयुक्तमिथ्यादर्शनपरिणामेन सह वृत्तित्वान्मतिश्रुतावधयोऽज्ञानत्वं भजन्ते । ननु यथार्थपरिच्छेदित्वं ज्ञानत्वमयथार्थपरिच्छेदित्वमज्ञानत्वं तदुभयं च मिथोविरोधि, शीतोष्णवत् तत्कथमेकस्मिन्नेव मतिज्ञानादौ तदुभयसम्भवः, मैवमाधारदोषात्, दृश्यते हि कटुकालाबूभाजने निहितं दुग्धं स्वगुणं परित्यजति तथा मत्यादीन्यपि मिथ्यादृष्टिभाजनगतानि दुःष्यन्ति पारिणमिकशक्तिविशेषात् न च रूपादिविषयोपलब्धिव्यभिचाराभावात्तेषां विपर्ययाभावः, यथैव हि मतिज्ञानेन सम्यग्दृष्टयो रूपादीनुपलभन्ते तथैव मिथ्यादृष्टयोऽपि मतिज्ञानेन, यथैव घटादिषु रूपादीन् श्रुतेन निश्चिन्वन्त्युपदिशन्ति च परेभ्यस्सम्यग्दृष्टयस्तथा मिथ्यादृष्टयोऽपि श्रुतज्ञानेन, यथैवावधिना रूपिणोऽर्थानवगच्छन्ति तथैव विभङ्गेनापीति वाच्यम् । विद्यमानाविद्यमानार्थयोर्यथावदवबोधाभावेन तादृशोपलब्धेर्यादृच्छिकत्वात्, उन्मत्तोपलब्धिवत् । उन्मत्तो हि दोषोदयात्कदाचिल्लोष्ठं सुवर्णमिति सुवर्णं लोष्ठमिति जानाति कदाचिच्च लोष्ठं लोष्ठमिति सुवर्णं सुवर्णमिति च, तथैव मिथ्यादर्शनोदयात् वस्तुनोऽनेकान्तात्मकस्यैकान्तात्मकत्वं कर्तृरहितं जगत्सकर्तृकञ्च जानात्यतो यथार्थबोधाभावेन कदाचित्तस्योपलब्धेर्यथार्थरूपादिविषयकत्वेऽपि अज्ञानमेवेति भावः । एवन्तर्ह्यष्टविधत्वं ज्ञानानामत्र कथमुक्तमित्यत्राहात्रेति मार्गणाप्रकरण इत्यर्थः । पञ्चविधत्वेऽपि ज्ञानानामिति । शब्दनयमते सर्वजीवानां चेतनास्वभावत्वात् ज्ञस्वभावत्वाच्च न कश्चिन्मिथ्यादृष्टिरज्ञो वा जीवो विद्यते, अत एव मत्यज्ञानादयो विपर्यया न सन्ति तस्मात्पञ्चविधत्वमेव ज्ञानानां तन्मतेनेति भावः । नैगमादिनयेन तु मत्यज्ञानादीनामप्यर्थपरिच्छेदकत्वेन ज्ञानत्वात्तन्मताश्रयेणात्र ज्ञानानामष्टविधत्वमुक्तमित्याशयेनाहान्वेषणाप्रस्ताव इति । आद्यत्रयेति मतिश्रुतावधीत्यर्थः । ज्ञानत्वेन ग्रहणादिति, अर्थपरिच्छेदित्वादिति भावः । ननु ज्ञानादिषु किमर्थमज्ञानादिविपरीतग्रहणमिति चेदुच्यते चतुर्दशस्वपि मार्गणास्थानेषु प्रत्येकं सर्वसंसारिकसत्त्वसंग्रहार्थमितीत्याशयेन बोध्यमित्युक्तम् । मनःपर्यवकेवलयोर्विपरीतताऽस्ति नवेत्यत्राह मन इति । निर्मूलतो मिथ्यात्वस्य क्षयेण केवलस्य क्षयोपशमोपशमाभ्याञ्च मनःपर्यवस्य जायमानत्वादिति भावः । विपरीतानामपि

मार्गणासु ग्रहणमन्यत्राप्यतिदिशति अग्र इति वक्ष्यमाणासु मार्गणास्वित्यर्थः, कासु मार्गणास्वित्यत्राह संयमादिष्वपीति, आदिना भव्यसम्यक्त्वाहारकाणां ग्रहणम् । एवमेवेति, ज्ञानमार्गणायामुक्तप्रकारेणैवेत्यर्थः, वैपरीत्येनेति, तत्तद्विपरीतघटिता इत्यर्थः ॥

હવે જ્ઞાનમાર્ગણાના ભેદને કહે છે-

ભાવાર્થ - મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન-કેવલજ્ઞાન-મતિ અજ્ઞાન-શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાનના ભેદથી આઠ (૮) જ્ઞાનમાર્ગણાઓ છે. મિથ્યાદૃષ્ટિઓના મતિજ્ઞાન 'મતિ અજ્ઞાન,' શ્રુતજ્ઞાન 'શ્રુત અજ્ઞાન' અને અવધિજ્ઞાન 'વિભંગજ્ઞાન' તરીકે કહેવાય છે. અહીં જ્ઞાનો પાંચ પ્રકારના છતાં, જ્ઞાનોની અન્વેષણાના પ્રસંગમાં પહેલાંના ત્રણ જ્ઞાનોથી વિપરીત પણ મતિ અજ્ઞાન આદિને જ્ઞાનપણે ગ્રહણ કરેલ હોઈ, જ્ઞાનમાર્ગણા આઠ પ્રકારની જાણવી. મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનમાં તો વિપરીતપણાનો અભાવ જ છે. આગળ સંયમ આદિમાં પણ આ પ્રમાણે જ વિપરીતપણાએ માર્ગણાઓ જાણવી.

વિવેચન - જેના વડે જેમાં જેનાથી અર્થો જ્ઞાત થાય છે, તે જ્ઞાન, અથવા જ્ઞાન-દર્શનાવરણનો ક્ષય કે ક્ષયોપશમ જ્ઞાન, અથવા જાણવું તે જ્ઞાન, એમ વ્યુત્પત્યર્થો ત્રણ થાય છે. જ્ઞાન-દર્શન આવરણરૂપ બે આવરણના ક્ષય આદિથી આવિર્ભૂત, વિશિષ્ટ આત્મપર્યાય, વિશેષભૂત અંશને ગ્રહણ કરનાર, પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનરૂપ આઠ (૮) જ્ઞાનમાર્ગણાઓ કહેવાય છે.

પૂર્વપક્ષ-

પૂર્વપક્ષ-સઘળુંય પણ જ્ઞાન જ્ઞપ્તિ(જાણવું-જણાવવું)રૂપ એકસ્વભાવવાળું છે. જ્ઞપ્તિ એકસ્વભાવપણું સર્વ જ્ઞાનમાં વિશેષ વગર રહેતું હોવાથી, જ્ઞાનોમાં કયા કારણથી આ ભેદ પાંચ પ્રકારનો છે કે આઠ (૮) પ્રકારનો છે ?

શંકા - મતિજ્ઞાનનો વિષય વર્તમાનકાળની વસ્તુ છે. શ્રુતજ્ઞાનનો વિષય, ત્રણ કાળની વસ્તુ, અક્ષરપરિપાટીપૂર્વક, શ્રુતગ્રંથના અનુસારે સર્વ પર્યાય વગરના સર્વ દ્રવ્યો છે. અવધિજ્ઞાનનો વિષય રૂપી દ્રવ્યો છે. મનઃપર્યવજ્ઞાનનો વિષય મનોદ્રવ્યો છે. કેવલજ્ઞાનનો વિષય સર્વ પર્યાય સમન્વિત સર્વ વસ્તુ છે. આ પ્રમાણે જ્ઞેયવિષયનો ભેદ છે. તો જ્ઞેય વિષયભેદથી કરેલો જ્ઞાનભેદ કેમ નહિ ?

ઉત્તર - જો જ્ઞેયભેદથી જ્ઞાનનો ભેદ માનો, તો કેવલજ્ઞાન બહુ-અનંત ભેદવાળું થશે એવી આપત્તિ આવશે, કેમ કે-વર્તમાનિક આદિ વસ્તુઓ ત્યાં-કેવલજ્ઞાનમાં પણ જ્ઞેય છે. જો વર્તમાનિક આદિ વસ્તુઓ કેવલજ્ઞાનમાં જ્ઞેય ન માનવામાં આવે, તો મતિજ્ઞાન આદિ વિષય સમૂહના અગ્રહણથી તે કેવલીમાં અસર્વજ્ઞપણાની આપત્તિનો પ્રસંગ આવશે જ, માટે વિષયભેદકૃત જ્ઞાનભેદ નથી.

શંકા - જેવી પ્રતિપત્તિ મતિ આદિ જ્ઞાનની છે, તેવી પ્રતિપત્તિ શ્રુત આદિ જ્ઞાનની નથી, માટે પ્રતિપત્તિના પ્રકારના ભેદથી જ્ઞાનોમાં ભેદ કેમ નહીં ?

ઉત્તર - એક પણ જ્ઞાનમાં તે તે દેશ-કાળ-પુરુષ-સ્વરૂપના ભેદથી અનંતા ભેદોનો પ્રસંગ થવાથી પ્રતિપત્તિના પ્રકારો અનંત થાય ! માટે પ્રતિપત્તિભેદકૃત જ્ઞાનનો ભેદ નથી.

શંકા - આવારક-આચ્છાદક-મતિજ્ઞાન આવરણ આદિના ભેદથી જ્ઞાનોમાં ભેદ કેમ નહીં ?

ઉત્તર - જો જ્ઞાન એક છે, તો પાંચ પ્રકારના આવારકોની અઘટમાનતા છે. વળી ખરેખર, આવાર્ય(જ્ઞાન)ની અપેક્ષાવાળું આવારક હોય છે અને આવાર્ય-આચ્છાદનયોગ્ય જ્ઞાન જ્ઞપ્તિરૂપ હોઈ એક છે. એથી આવારકો પાંચ પ્રકારના કેવી રીતે હોઈ શકે ? માટે આવારકભેદકૃત આવાર્ય જ્ઞાનભેદ નથી.

શંકા - જ્ઞાનોમાં પંચવિધપણું સ્વભાવથી જ છે અને સ્વભાવમાં પ્રશ્ન નથી. જેમ કે- કોઈ પણ એમ પ્રશ્ન નથી કરતો કે- આ ઘડો કેમ પાણી લાવે છે અને કપડું કેમ લાવતું નથી ? તો સ્વભાવકૃત ભેદ જ્ઞાનોમાં થશે જ ને ?

ઉત્તર - જો સ્વભાવકૃત ભેદ જ્ઞાનોમાં માનવામાં આવે, તો ભગવંતમાં સર્વજ્ઞપણાની હાનિ-ભંગનો પ્રસંગ આવશે ! જ્ઞાન આત્માનો ધર્મ હોઈ અને મતિ આદિ જ્ઞાનનો સ્વાભાવિક હોઈ, ક્ષીણ આવરણવાળામાં પણ મતિ આદિ જ્ઞાનોનો પ્રસંગ થવાથી અસ્મદ્-છદ્મસ્થ આદિની માફક ભગવંતમાં અસર્વજ્ઞપણું થાય ! જ્યારે કેવલજ્ઞાનના ભાવથી સમસ્ત વસ્તુનું જ્ઞાન હોવાથી અસર્વજ્ઞપણું નથી એમ કહેવાય, ત્યારે પણ કેવળ ઉપયોગના અભાવકાળમાં મતિજ્ઞાનના ઉપયોગનો સંભવ હોઈ, અંશથી જ્ઞાન થવાથી, તે વખતે તે ભગવંતમાં અસર્વજ્ઞપણું બળાત્કારથી આવશે જ.

શંકા - તે કેવળીને તે મતિજ્ઞાનનો ઉપયોગ થશે જ નહીં ને ?

ઉત્તર - આત્માનો સ્વભાવ હોઈ ક્રમથી તે મતિજ્ઞાનનો ઉપયોગ નિવારવાને માટે અશક્ય છે. જેમ કે- કેવલજ્ઞાન પછી કેવલદર્શનનો ઉપયોગ, તેથી કેવલજ્ઞાનના ઉપયોગકાળમાં સર્વજ્ઞપણું, મતિ આદિ જ્ઞાનના ઉપયોગકાળમાં અસર્વજ્ઞપણું આપત્તિવાળું થાય છે, અને આ ઇષ્ટ નથી, તેથી જ્ઞાન અસકલ સંજ્ઞાવાળું અને સકલ સંજ્ઞાવાળું-એમ બે ભેદવાળું માનવું જોઈએ. અવગ્રહજ્ઞાનથી માંડી ઉત્કર્ષ પ્રાપ્ત પરમ અવધિજ્ઞાન પર્યંતનું જ્ઞાન સઘળુંય એક છે અને તે અસકલ સંજ્ઞાવાળું છે, કેમ કે-સમસ્ત વસ્તુ વિષયરૂપે નથી. વળી બીજું તે જ્ઞાન કેવળીને સકલ સંજ્ઞાવાળું છે. આવી રીતે પૂર્વપક્ષ પૂરો થાય છે.

ઉત્તરપક્ષ-

ઉત્તરપક્ષ- તમોને અમારા બે પ્રશ્નો છે કે-તમો જ્ઞાનોનું જ્ઞપ્તિ એકસ્વભાવપણું સામાન્યથી માનો છો કે વિશેષથી ? જો સામાન્યથી જ્ઞાનોનું જ્ઞપ્તિ એકસ્વભાવપણા રૂપ પ્રથમ પક્ષ કહો, તો સિદ્ધસાધ્યતા નામનો દોષ છે, કેમ કે-બાધકતાના અભાવથી બોધરૂપે અમે પણ સકલ જ્ઞાનમાં પણ તે જ્ઞપ્તિ એકસ્વભાવપણાની અપેક્ષાએ એકપણું માનેલ છે. બીજા પક્ષરૂપે વિશેષથી તે જ્ઞાનોમાં જ્ઞપ્તિ એકસ્વભાવપણું માનવામાં અસિદ્ધિ નામક દોષ છે, કેમ કે-સ્વસંવેદન પ્રત્યક્ષ પ્રમાણથી પ્રત્યેક પ્રાણીમાં જ્ઞાનનો ઉત્કર્ષ-અપકર્ષ દેખાય છે, વિશેષથી એકપણાની પ્રતીતિનો અભાવ છે.

શંકા - ઉત્કર્ષ-અપકર્ષ માત્રના ભેદ દેખાવાથી જો જ્ઞાનનો ભેદ છે, તો પ્રત્યેક પ્રાણીમાં દેશ-કાળની અપેક્ષાએ ઉત્કર્ષ-અપકર્ષો અનેક પ્રકારવાળા થતા હોઈ જ્ઞાનનું અનેકવિધપણું પ્રાપ્ત થાય છે. કેવી રીતે પંચવિધપણું ?

સમાધાન - પરિસ્થૂલ-મહાન નિમિત્તના ભેદથી જ્ઞાનોનું પંચવિધપણું પ્રતિપાદન છે. તે આ પ્રમાણે- કેવલજ્ઞાન પ્રત્યે પરિસ્થૂલ-મહાન નિમિત્ત સકળ ઘાતીકર્મનો ક્ષય છે. મનઃપર્યવજ્ઞાન પ્રત્યે પરિસ્થૂલ નિમિત્ત આમર્ષ-ઔષધિ આદિ લબ્ધિસંપન્ન, પ્રમાદના લેશથી પણ અકલંકિત આત્માનો વિશિષ્ટ અધ્યવસાય અનુગત પ્રમાદનો અભાવ છે. અવધિજ્ઞાન પ્રત્યે પરિસ્થૂલ નિમિત્ત તથાવિધ અનિન્દ્રિય (મન) અને રૂપીદ્રવ્યના સાક્ષાત્ જ્ઞાનની પ્રાપ્તિમાં મૂળ કારણભૂત વિશિષ્ટ ક્ષયોપશમ છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં લક્ષણભેદ સ્થૂલ નિમિત્ત છે.

○ માત્ર-કેવળ જ્ઞેયભેદથી જ્ઞાનના ભેદનો અસ્વીકાર હોવાથી તેના પક્ષમાં કહેલ દોષ નથી, કેમ કે-એક એવા પણ અવગ્રહ આદિથી બહુવિધ વસ્તુના ગ્રહણની પ્રતીતિ છે.

○ પ્રતિપત્તિ પ્રકારના ભેદથી કરેલ દોષ પણ સંભવતો નથી, કેમ કે-દેશ-કાળ-આદિની અપેક્ષાએ જ્ઞાનોનું અનંતપણું છતાં પરિસ્થૂલ નિમિત્તના ભેદથી વ્યવસ્થાપિત પાંચ જ્ઞાનોથી ભિન્ન નથી-અભિન્ન છે. જ્ઞાનત્વજાતિ અબાધિત છે.

○ પરિસ્થૂલ નિમિત્તભેદના અધિકારે જ્ઞાનોની ભેદની વ્યવસ્થા થવાથી આવરણભેદજન્ય પૂર્વપક્ષોક્ત દોષનો અવકાશ નથી.

શંકા - આ પ્રમાણે વ્યવસ્થાપિત જ્ઞાનભેદો જ્ઞાનના સ્વભાવરૂપ છે કે અસ્વભાવરૂપ છે ? જો સ્વભાવભૂત કહો, તો ક્ષીણ આવરણવાળામાં પણ જ્ઞાનભેદોના સંભવનો પ્રસંગ આવે ! જો અસ્વભાવભૂત કહો, તો તે જ્ઞાનભેદો પારમાર્થિક-વાસ્તવિક નથી. તેથી આવાર્યજ્ઞાનની અપેક્ષાવાળો આવારકનો ભેદ વાસ્તવિક કેવી રીતે ?

સમાધાન - તમારું આ કથન વસ્તુતત્ત્વના પરિજ્ઞાનના અભાવથી કહેલ છે. તથાહિ-ખરેખર, અહીં સમસ્ત મેઘસમુદાયથી સર્વથા રહિત શરદૃતુ સંબંધી સૂર્યના જેવો ચારેય બાજુથી સમસ્ત વસ્તુસમુદાયના પ્રકાશનના એકસ્વભાવવાળો જીવ છે અને તે જીવનો તથાભૂત સ્વભાવ તરીકે કેવલજ્ઞાન છે એમ કહેવાય છે.

○ વળી તે કેવલજ્ઞાનરૂપ તથાભૂત સ્વભાવ, જો કે સર્વઘાતી એવા કેવલજ્ઞાનાવરણ વડે આવૃત્ત થાય છે, તો પણ તે કેવલજ્ઞાનનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો જ હોય છે. તેથી મેઘમાળાથી આચ્છાદિત સૂર્યનો જેમ મંદ પ્રકાશ, તેમ કેવલજ્ઞાનાવરણથી આવૃત્ત તે કેવલજ્ઞાનનો તે મંદ પ્રકાશ, અંતરાલમાં રહેલ મતિજ્ઞાન આદિના આવરણના ક્ષયોપશમના ભેદથી કરેલ અનેકપણાને પામે છે. મતિજ્ઞાનના આવરણના ક્ષયોપશમથી થયેલ મંદપ્રકાશ મતિજ્ઞાન કહેવાય છે. શ્રુતજ્ઞાનના આવરણના ક્ષયોપશમથી થયેલ તે મંદ પ્રકાશ શ્રુતજ્ઞાન તરીકે કહેવાય છે. તે તે આવરણના ક્ષયોપશમથી મંદ પ્રકાશ વિશેષરૂપ અવધિજ્ઞાન આદિ કહેવાય છે, તેથી આત્માના સ્વભાવભૂત મતિ આદિરૂપ ભેદો છે અને તે ભેદો શ્રી જિનેન્દ્રપ્રવચનમાં ઉપદર્શિત પરિસ્થૂલ નિમિત્તના ભેદથી પાંચ સંખ્યાવાળા છે. તે પાંચ સંખ્યાવાળા જ્ઞાનભેદરૂપ આવાર્યની અપેક્ષાવાળું આવારક પણ પાંચ (૫) પ્રકારનું છે, એમાં કોઈ જાતનો વિરોધ નથી. વળી આ પ્રમાણે આત્માના સ્વભાવભૂત હોઈ ક્ષીણ આવરણવાળામાં પણ મતિ આદિના ભાવનો પ્રસંગ પણ નહીં આવે, કેમ કે-આ મતિ આદિ જ્ઞાનભેદો મતિજ્ઞાન આવરણ આદિ ક્ષયોપશમરૂપ ઉપાધિ(સંબંધ)થી કરેલ સત્તાવાળાઓ

છે. માટે તથાવિધ ક્ષયોપશમના અભાવમાં તે મતિ આદિ ભેદો કેવી રીતે સંભવી શકે ? અર્થાત્ સંભવી શકતા નથી. જેમ કે-મેઘમાળાથી આચ્છાદિત સૂર્યનો મંદ પ્રકાશ, સાદડી-ભીંત આદિ આવરણના વિવર-છિદ્રોના ભેદરૂપ ઉપાધિથી કરેલ (થયેલ) છે. સકળ મેઘવાળા સાદડી-ભીંત આદિ આવરણોના અભાવમાં સૂર્યના તે, તથારૂપ મંદ પ્રકાશના ભેદો હોતા નથી. અથવા જેમ જન્મ આદિ ભાવો, જીવના આત્મભૂત હોવા છતાં કર્મની ઉપાધિ(સંબંધ)થી કરેલ સત્તાવાળા છે. તેથી કર્મરૂપ ઉપાધિના અભાવમાં જન્મ આદિ ભાવો નથી હોતા, તેમ મતિ આદિ ભાવો કે ભેદો જીવના આત્મભૂત છતાં મતિજ્ઞાનાવરણ આદિના ક્ષયોપશમરૂપ ઉપાધિની અપેક્ષાવાળાઓ છે. તેથી મતિજ્ઞાન આવરણ આદિના ક્ષયોપશમરૂપ ઉપાધિના અભાવમાં કેવલીને તે હોતા નથી, માટે પૂર્વપક્ષોક્ત અસર્વજ્ઞતાનો દોષ નથી આવતો. વળી જે મતિજ્ઞાન આદિના વિષયમાં કેવલજ્ઞાનની અવિષયતામાં અસર્વજ્ઞપણાની આપત્તિ કહેલી હતી તે પણ સંભવતી નથી, કેમ કે-મતિજ્ઞાન આદિના વિષયને મતિજ્ઞાન આદિના વિષયપણાની અપેક્ષાએ નહીં ગ્રહણ હોવા છતાં, કેવલજ્ઞાન વડે કેવલજ્ઞાન વિષયપણાએ, તે સઘળા મતિજ્ઞાનાદિ વિષયોનું ગ્રહણ કરેલ છે. મતિ આદિ જ્ઞાન નિરૂપિતપણાની અપેક્ષાએ જ્ઞેયતાનો (વિષયતાનો) કેવલજ્ઞાનમાં અભાવ છતાં, તેટલા માત્રથી (કેવલજ્ઞાન માત્ર નિરૂપિત જ્ઞેયતા સર્વ જ્ઞેયમાં હોઈ) અસર્વજ્ઞતાની આપત્તિ નથી, કેમ કે-અલ્પ-અસ્પષ્ટ જ્ઞાનના અભાવ માત્રથી સર્વજ્ઞતામાં ક્ષતિ નથી. જેમ કે-કોડી માત્રરૂપ ધનના અભાવવાળા મહર્દ્ધિકમાં નિર્ધનતાનો અભાવ. આ પ્રમાણે દિગ્દર્શન કરાવેલ છે.

○ મતિ આદિ જ્ઞાનના લક્ષણો આગળ ઉપર કહેવાશે.

શંકા - શું સઘળા જ જીવોને મતિ આદિ જ્ઞાનો હોય છે ?

સમાધાન - આના જવાબમાં કહે છે કે - 'મિથ્યાદૃષ્ટિઓને' ઇત્યાદિ. અર્થાત્ મિથ્યાદૃષ્ટિઓનું મતિજ્ઞાન મતિઅજ્ઞાન તરીકે, શ્રુતજ્ઞાન શ્રુતઅજ્ઞાન તરીકે અને અવધિજ્ઞાન વિભંગજ્ઞાન તરીકે કહેવાય છે, કેમ કે-વિપર્યય છે. પ્રમાણ આભાસરૂપ હોઈ તે મિથ્યાદૃષ્ટિઓના જ્ઞાનો અજ્ઞાનો (મિથ્યા-વિપરીત જ્ઞાનો) થાય છે, કેમ કે-દર્શનમોહનીયકર્મના ઉદયજન્ય મિથ્યાદર્શનની સાથે વર્તમાન હોઈ, મતિ-શ્રુત-અવધિજ્ઞાનો અજ્ઞાનતાને પામે છે.

શંકા - યથાર્થ પરિચ્છેદી જ્ઞાન અને અયથાર્થ પરિચ્છેદી અજ્ઞાન, તે જ્ઞાન-અજ્ઞાન બંને પરસ્પર વિરોધી છે, માટે જ્યાં શીત ત્યાં ઉષ્ણ નહીં અને જ્યાં ઉષ્ણ ત્યાં શીત નહીં, એમ વિરોધી શીત-ઉષ્ણતાની માફક એક જ મતિજ્ઞાન આદિમાં મતિજ્ઞાન-મતિઅજ્ઞાન એમ બંનેનો સંભવ કેવી રીતે ?

સમાધાન - અમે એમ નથી કહેતા કે - 'એક જ આધારમાં જ્ઞાન અને અજ્ઞાન એમ બંને રહે છે.' પરંતુ સમ્યગ્દૃષ્ટિરૂપ આધારમાં જ્ઞાન છે અને મિથ્યાદૃષ્ટિરૂપ આધારમાં અજ્ઞાન છે. મિથ્યાદૃષ્ટિરૂપ આધારમાં મિથ્યાત્વના દોષના કારણે જ્ઞાન અજ્ઞાન બને છે. ખરેખર, એવું દેખાય છે કે-જેમ આધારના દોષથી કડવા તુંબડારૂપ ભાજનમાં નાખેલું દૂધ પોતાના ગુણને છોડી દે છે, તેમ મિથ્યાદૃષ્ટિરૂપ ભાજન-આધારમાં ગયેલ મતિ આદિ જ્ઞાનો પણ દૂષિત-દોષવાળા બને છે, કેમ કે-વિશિષ્ટ પારિણામિક (પરિણામની) શક્તિ છે.

शंका - રૂપ આદિ વિષયોની ઉપલબ્ધિ, સાક્ષાત્કાર કે પ્રતીતિમાં વ્યભિચારનો અભાવ હોવાથી, તે રૂપ આદિ વિષયક મતિજ્ઞાન આદિમાં વિપર્યયનો અભાવ છે. જેવી રીતે સમ્યગ્દષ્ટિઓ મતિજ્ઞાનથી રૂપ આદિને જાણે છે (મેળવે છે), તેવી રીતે મિથ્યાદષ્ટિઓ પણ મતિજ્ઞાનથી જાણે છે-મેળવે છે. જેવી રીતે સમ્યગ્દષ્ટિઓ શ્રુતજ્ઞાનથી ઘટાદિમાં રૂપ આદિનો નિશ્ચય કરે છે અને બીજાઓને ઉપદેશે છે, તેવી રીતે મિથ્યાદષ્ટિઓ પણ શ્રુતજ્ઞાનથી નિશ્ચય કરે છે અને બીજાઓને ઉપદેશે છે. જેવી રીતે સમ્યગ્દષ્ટિઓ અવધિજ્ઞાનથી રૂપી પદાર્થોને જાણે છે, તેવી રીતે વિભંગજ્ઞાનથી મિથ્યાદષ્ટિઓ જાણે છે. તો એકને જ્ઞાન અને બીજાને અજ્ઞાન એમ કેમ કહેવાય છે ?

समाधान - વિદ્યમાન અને અવિદ્યમાન પદાર્થોમાં યથાર્થ જ્ઞાનના અભાવથી, સત્ને અસત્ અને અસત્ને સત્, એવી પ્રતીતિ-ઉપલબ્ધિ-સાક્ષાત્કારરૂપ ઉપલબ્ધિ અજ્ઞાનરૂપ છે, કેમ કે-તે અર્થની ઉપલબ્ધિ યાદચ્છિક છે-પર્યાલોચના વગરની છે. જેમ કે-ઉન્મત્તની ઉપલબ્ધિ.

જેમ વાયુ-પિશાચ આદિથી પકડાયેલો ઉન્મત્ત, પૂર્વકૃત કર્મોના ઉદયથી ઉપહત ઇન્દ્રિય-મનવાળો થયેલો, કદાચ ઢેફાને સોના તરીકે અને સોનાને ઢેફારૂપે વિપરીતપણે જાણે છે, કદાચ ઢેફાને ઢેફા તરીકે અને સોનાને સોનારૂપે પણ જાણે છે, તેમ મિથ્યાદર્શન રૂપ કર્મના ઉદયથી હણાયેલ આત્મા, અનેકાન્ત આત્મક વસ્તુને એકાન્ત આત્મકરૂપે-કર્તા વગરના જગતને કર્તાવાળારૂપે જાણે છે. એ કારણથી યથાર્થ તત્ત્વ સંબંધી બોધના અભાવથી, કદાચ તે મિથ્યાદષ્ટિની ઉપલબ્ધિ-પ્રતીતિ યથાર્થ રૂપ-સ્પર્શ આદિ વિષયવાળી છતાં, મતિ આદિ જ્ઞાનો અજ્ઞાનરૂપ કહેવામાં કશો વાંધો નથી, કેમ કે-જ્ઞાનના હેય-હાન-ઉપાદેય-ઉપાદાનરૂપ ફળના અભાવથી અજ્ઞાન કહેવાય છે. (સર્વનયસંમત શ્રી જિનેન્દ્રપ્રવચનાનુસારી બોધ, એ યથાર્થ બોધ કહેવાય છે, કે જે સમ્યગ્દષ્ટિઓમાં પ્રાપ્ત થાય છે.)

शंका - જો આમ છે, તો જ્ઞાનો આઠ (૮) પ્રકારના છે એમ કેમ કહ્યું છે ?

समाधान - આના જવાબમાં કહે છે કે - 'अत्र' ઇતિ. આ માર્ગણાના પ્રકરણમાં અર્થાત્ જ્ઞાનોનું પંચવિધપણું હોવા છતાં માર્ગણાના પ્રકરણની અપેક્ષાએ આઠ પ્રકારના જ્ઞાનો ગણાવેલ છે.

શબ્દનયમતની અપેક્ષાએ સર્વ જીવોનો ચેતનાસ્વભાવ હોઈ જ્ઞ (જ્ઞાયક) સ્વભાવ હોઈ, કોઈ મિથ્યાદષ્ટિ કે અજ્ઞાની જીવ નથી. એથી જ મતિઅજ્ઞાન આદિરૂપ વિપર્યયો નથી. તેથી તે શબ્દનયમતની અપેક્ષાએ જ્ઞાનો પાંચ પ્રકારના છે, એવો ભાવ છે. નૈગમ આદિ નયની અપેક્ષાએ મતિઅજ્ઞાન આદિ અર્થગ્રાહકપણાએ જ્ઞાનરૂપ હોઈ, તે નૈગમ આદિ નયની અપેક્ષાએ અહીં જ્ઞાનો આઠ પ્રકારના છે, એમ કહેલ છે. એવા આશયથી કહે છે કે-માર્ગણા-અન્વેષણના પ્રસ્તાવમાં 'અન્વેષણા પ્રસ્તાવે' ઇતિ. 'आद्यत्रय' ઇતિ. મતિ-શ્રુત-અવધિરૂપ-ત્રણ જ્ઞાનોથી વિપરીત પણ મતિઅજ્ઞાન આદિનું જ્ઞાનપણે અર્થગ્રાહકની અપેક્ષાએ ગ્રહણ કરવાથી જ્ઞાનમાર્ગણા આઠ પ્રકારની છે, એમ જાણવું.

शंका - જ્ઞાન આદિમાં વિપરીત અજ્ઞાન આદિનું કેમ ગ્રહણ કર્યું છે ?

समाधान - ચૌદ પણ માર્ગણાસ્થાનોમાં દરેક સર્વ સંસારી જીવના સંગ્રહ માટે વિપરીત જ્ઞાન આદિનું ગ્રહણ કરેલ છે, એવા આશયથી 'बोध्यम्'-એમ કહેલું છે.

શંકા - મનઃપર્યવજ્ઞાનમાં અને કેવલજ્ઞાનમાં વિપરીતતા છે કે નહીં ?

સમાધાન - સર્વથા મિથ્યાત્વનો ક્ષય હોવાથી-ક્ષાયિક સમ્યક્ત્વ હોવાથી કેવલજ્ઞાનમાં વિપરીતતા નથી. મિથ્યાત્વનો ઉપશમ કે ક્ષયોપશમ હોવાથી અપ્રમત્ત મનુષ્ય સંયતરૂપ સ્વામીના મનઃપર્યવજ્ઞાનમાં વિપરીતતા નથી.

અહીં વિપરીતોનું પણ માર્ગણાઓમાં ગ્રહણ બીજા ઠેકાણે પણ અતિદેશ કરે છે કે – 'अग्रे' ઇતિ. આગળ ઉપર કહેવાતી સંયમ આદિ માર્ગણાઓમાં. અહીં આદિ પદથી ભવ્ય-સમ્યક્ત્વ-આહારકોનું ગ્રહણ કરવું. 'એવમેવ' ઇતિ. જ્ઞાનમાર્ગણામાં કહેલા પ્રકારથી બીજે ઠેકાણે તે તે વિપરીત-ઘટિત માર્ગણાઓ જાણવી.

अथ चारित्रमार्गणाभेदमाचष्टे –

सामायिकछेदोपस्थापनपरिहारविशुद्धिसूक्ष्मसम्परायययथाख्यातदेशविरत्यविरतिरूपास्सप्त चारित्रमार्गणाः ।१३।

सामायिकेति । निरूपितानि पूर्वमेवैतानि पञ्च चारित्राणि लक्षणभेदद्वारैः । देशविरतिस्तु सावद्ययोगस्यैकादिव्रतविषये स्थूलसावद्ययोगादौ विरतिविशिष्टं चारित्रम् । पञ्चाणुव्रतानि त्रीणि गुणव्रतानि चत्वारि शिक्षापदव्रतानीति द्वादशप्रकारा देशविरतस्य भवन्ति, एषां विस्तरस्तु अन्यत्र विलोकनीयः । चारित्रविपरीताऽविरतिर्मार्गणोपयोगित्वात्संगृहीता ॥

હવે ચારિત્રમાર્ગણાના ભેદને કહે છે-

ભાવાર્થ - સામાયિક, છેદોપસ્થાન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ અને અવિરતિરૂપ સાત (૭) ચારિત્રમાર્ગણાઓ છે.

વિવેચન - सामायिकेति. આ પાંચ (૫) ચારિત્રોનું નિરૂપણ, લક્ષણ અને ભેદોના દ્વારોથી પહેલાં કરી દીધેલ છે.

દેશવિરતિ-સાવદ્યયોગના એક આદિ વ્રતના વિષયમાં સ્થૂલ સાવદ્યયોગ આદિમાં વિરતિવિશિષ્ટ ચારિત્ર, એ 'દેશવિરતિ' કહેવાય છે. પાંચ (૫) અણુવ્રતો, ત્રણ (૩) ગુણવ્રતો અને ચાર (૪) શિક્ષાપદવ્રતો-એમ બાર પ્રકારવાળી વિરતિ દેશવિરતિને હોય છે. આ બાર વ્રતોનો વિસ્તાર બીજા ગ્રંથમાં જોવો. ચારિત્રથી વિપરીત અવિરતિ, અહીં માર્ગણામાં ઉપયોગી હોવાથી સંગ્રહ કરેલ છે.

दर्शनमार्गणाभेदमाह –

चक्षुरचक्षुरवधिकेवलभेदेन चतस्रो दर्शनमार्गणाः ।१४।

चक्षुरिति । दर्शनावरणक्षयोपशमादिजं सामान्यमात्रग्रहणं दर्शनं । इन्द्रियावरणक्षयोपशमाद्द्रव्येन्द्रियानुपघाताच्च चक्षुर्दर्शनलब्धिमतो जीवस्य घटादिषु चाक्षुषं दर्शनं चक्षुर्दर्शनम् ।

सामान्यविषयत्वेऽपि चास्य घटादिविशेषाभिधानं तत्सामान्यविशेषयोः कथंचिदभेदादेकान्तेन विशेषेभ्यो व्यतिरिक्तस्य सामान्यस्याग्रहणख्यापनार्थम् । 'निर्विशेषं विशेषाणां ग्रहो दर्शनमुच्यते' इत्यभिधानात् । चक्षुर्वर्जशेषेन्द्रियचतुष्टयं मनश्चाचक्षुरुच्यते, अचक्षुर्दर्शनमिन्द्रियावरणक्षयोपशमाद्द्रव्येन्द्रियानुपघाताच्चाचक्षुर्दर्शनलब्धिमतो जीवस्य विषय संश्लिष्टतासम्बन्धेन भवति । एतादृशसम्बन्धाभावादेव जायमानत्वाच्चक्षुर्दर्शनस्य पृथगुक्तिः, इतरेन्द्रियाणां प्राप्यकारित्वात् । मनसस्त्वप्राप्यकारित्वेऽपि प्राप्यकारीन्द्रियवर्गस्य तदनुसरणीयस्य बहुत्वादचक्षुर्दर्शनान्तर्गतं तद्बोद्धव्यम् । अवधिदर्शनावरणक्षयोपशमसमुद्भूतावधिदर्शनलब्धिमतो जीवस्यावधिदर्शनं सर्वरूपिद्रव्येषु भवति, न पुनः सर्वपर्यायेषु शास्त्रेऽवधेरुत्कृष्टतोऽप्येकवस्तुगतसंख्येयासंख्येयान्यतरपर्यायविषयत्वस्यैवोक्तत्वात् । जघन्यतस्तु रूपरसगन्धस्पर्शलक्षणाश्चत्वारः पर्यायास्तस्य विषयाः । ननु पर्याया विशेषा उच्यन्ते न च दर्शनं विशेषविषयं भवितुमर्हति ज्ञानस्यैव तद्विषयत्वात्, तत्कथमवधिदर्शनविषयाः पर्याया भवितुमर्हन्तीति चेत्सत्यं, केवलं पर्यायैरपि घटशरावोदञ्चनादिभिर्मृदादिसमान्यमेव तथाविशिष्यते पुनस्ते नैकान्तेन व्यतिरिच्यन्ते, अतो मुख्यतस्सामान्यं गुणीभूतास्तु विशेषा अप्यस्य विषयीभवन्तीति । केवलदर्शनिनस्तदावरणक्षयाविर्भूततल्लब्धिमतो जीवस्य सर्वद्रव्येषु मूर्तामूर्तेषु सर्वपर्यायेषु च सकलदृश्यविषयत्वेन परिपूर्णात्मकं केवलदर्शनं भवति । मनःपर्यवज्ञानन्तु तथाविधक्षयोपशमपाटवात् सर्वदा विशेषानेव गृह्णदुत्पद्यते न सामान्यम्, अतस्तद्दर्शनं नोक्तम् ॥

दर्शनमार्गणा भेदनुं वर्णन-

भावार्थ - चक्षु, अचक्षु, अवधि अने केवलना भेदथी चार (४) दर्शनमार्गणाओ छे.

विवेचन - दर्शन आवरणना क्षयोपशम आदिथी जन्य सामान्य मात्रनुं ग्रहण, ए 'दर्शन' कहेवाय छे.

(१) चक्षुदर्शन-ईन्द्रिय आवरणना क्षयोपशमथी अने द्रव्येन्द्रियना उपघातना अभावथी चक्षुदर्शनलब्धिवाळा जीवनुं घट आदि पदार्थोमां चक्षु द्वारा देखवुं, ते 'चक्षुदर्शन' कहेवाय छे. वळी आ चक्षुदर्शन सामान्य विषयवाळुं होवा छतां घट आदि विशेषनुं कथन, ते सामान्य अने विशेषनो कथंचित् अभेद होवाथी एकान्तथी विशेषोथी भिन्न सामान्यना अग्रहणना जणाववा माटे छे, केम के-शास्त्रनुं वचन छे के-'निर्विशेष सामान्य रीते (द्रव्यरूपे) विशेषोनुं-पदार्थोनुं ग्रहण दर्शन कहेवाय छे.

(२) अचक्षुदर्शन-चक्षु सिवायनी बाकीनी चार ईन्द्रियो अने मन, ए 'अचक्षु' तरीके कहेवाय छे. ईन्द्रिय आवरणना क्षयोपशमथी, द्रव्येन्द्रियना उपघातना अभावथी अचक्षुदर्शन लब्धिवाळा जीवनुं विषयना संश्लेषरूप संबंधथी अचक्षु द्वारा दर्शन, ए 'अचक्षुदर्शन' कहेवाय छे.

○ આવા-વિષય સંશ્લેષ (સંયોગ)રૂપ સંબંધના અભાવથી જ પેદા થનાર હોવાથી 'ચક્ષુદર્શન'નું પૃથગ્-અલગ કથન કરેલું છે. જેમ કે-ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારીરૂપે માનેલ છે.

○ મનનું તો અપ્રાપ્યકારીપણું હોવાછતાં મનના અનુસારે-ઇસારે વર્તનારી પ્રાપ્યકારી ઇન્દ્રિયવર્ગની સંખ્યા ઘણી હોવાથી અચક્ષુદર્શનના અન્તર્ગત તે મન (મનોદર્શન) જાણવું. અથવા મન તો અનિન્દ્રિય છે. અનિન્દ્રિય દર્શનનો સંગ્રહ અચક્ષુદર્શનપદથી થઈ શકે છે.

(૩) અવધિદર્શન-અવધિદર્શનાવરણના ક્ષયોપશમથી પ્રકટેલ અવધિદર્શનની લબ્ધિવાળા જીવનું અવધિદર્શન સઘળા રૂપીદ્રવ્યોમાં થાય છે, પરંતુ સર્વ પર્યાયોમાં નહીં, કેમ કે-શાસ્ત્રમાં, અવધિમાં ઉત્કૃષ્ટથી પણ એક વસ્તુમાં રહેલ સંખ્યાતા કે અસંખ્યાતા પર્યાયોની વિષયતાનું કથન છે. જઘન્યથી તો તે અવધિના રસ-રૂપ-ગંધ-સ્પર્શરૂપ ચાર (૪) ગુણરૂપ પર્યાયો વિષય તરીકે છે.

શંકા - પર્યાયો વિશેષ તરીકે કહેવાય છે. વળી દર્શન વિશેષના વિષયવાળું બની શકતું નથી, કેમ કે-જ્ઞાન જ વિશેષના વિષયવાળું છે. તો કેવી રીતે અવધિદર્શનના વિષય તરીકે પર્યાયો થઈ શકે ?

સમાધાન - તમારું કહેવું સત્ય છે, પરંતુ માટી વગેરે સામાન્ય ઘટ-શરાવ-ઢાંકણાં વગેરે પર્યાયોથી પણ તથારૂપે વિશિષ્ટ થાય છે. વળી તે એકાન્તથી ઘટ-શરાવ-ઢાકણું વગેરે પર્યાયો, માટી વગેરે સામાન્ય દ્રવ્યથી ભિન્ન નથી-અભિન્ન છે. મુખ્યથી સામાન્ય, (દ્રવ્ય) ગૌણરૂપે-અપ્રધાનભૂત વિશેષો પણ આ અવધિદર્શનના વિષયો બને છે.

(૪) કેવલદર્શન-કેવલદર્શન આવરણના ક્ષયથી પ્રકટેલ કેવલદર્શન લબ્ધિવાળા કેવલદર્શની જીવનું, સર્વ મૂર્ત્ત-અમૂર્ત્ત દ્રવ્યોમાં અને સર્વ પર્યાયોમાં સકલ દશ્ય પદાર્થની વિષયતા હોઈ પરિપૂર્ણરૂપ કેવલદર્શન હોય છે.

[જે પદાર્થો સામાન્યધર્મને ગૌણ કરી વિશેષધર્મ વિશિષ્ટરૂપે જ્ઞાનથી જણાય છે, તે જ પદાર્થો વિષમતા-વિશેષધર્મોને ગૌણ કરી સમતા-સામાન્યધર્મોથી વિશિષ્ટ પ્રધાનરૂપે દર્શનથી ગમ્ય થાય છે-દેખાય છે, કેમ કે-જીવનો સ્વભાવ છે.]

મનઃપર્યવજ્ઞાન તો તથાપ્રકારની ક્ષયોપશમની પટુતાથી સર્વદા મુખ્યતઃ પર્યાયોને જ ગ્રહણ કરતું ઉત્પન્ન થાય છે, માટે મનઃપર્યવ સામાન્યદર્શન નથી. એથી મનઃપર્યયનું દર્શન કહેલું નથી.

सम्प्रति लेश्यामार्गणाभेदमाख्याति –

कृष्णनीलकापोततेजःपद्मशुक्लभेदेन षड् लेश्यामार्गणाः ।१५।

कृष्णेति । लिश्यते प्राणी कर्मणा यया सा लेश्या, कृष्णादिद्रव्यसहकारबलेनात्मनः परिणामविशेषः । अत्र विशेषतो यद्वक्तव्यं तत्पूर्वमेवादर्शितम् ॥

હવે લેશ્યામાર્ગણાના ભેદને કહે છે-

ભાવાર્થ - કૃષ્ણ-નીલ-કાપોત-તેજઃ-પદ્મ-શુકલના ભેદથી છ (૬) લેશ્યામાર્ગણાઓ છે.

विवेचन - જેના વડે કર્મની સાથે આત્મા સંબંધવાળો બને છે, તે 'લેશ્યા' કહેવાય છે. કાળા વગેરે દ્રવ્યોની મદદથી આત્માનો વિશિષ્ટ પરિણામ, એ 'લેશ્યા'નું લક્ષણ છે. અહીં વિશેષથી જે કહેવાનું તે પહેલાં દર્શાવેલ છે.

लेश्यानां स्वरूपाण्यादर्शयितुमुपक्रमते -

अल्पफलाय फलिन आमूलं विनाशकरणाध्यवसायः कृष्णलेश्या । यथा फलग्रहणार्थं वृक्षच्छेदाध्यवसायः ।१६।

अल्पेति । भावलेश्या द्विधा विशुद्धाविशुद्धभेदात्, अकलुषद्रव्यसम्पर्कजन्यात्मपरिणामो विशुद्धलेश्या । कलुषद्रव्यसम्पर्कजन्यात्मपरिणामोऽविशुद्धलेश्या । विशुद्धा कषायाणां क्षयेणोपशमेन च जायत इति द्विधा, अविशुद्धापि रागविषया द्वेषविषया चेति द्विधा, तेजः-पद्मशुक्ला विशुद्धलेश्याः कृष्णनीलकापोता अविशुद्धलेश्याः । तेजआदीनां विशुद्धलेश्यात्वमेकान्तविशुद्धिमाश्रित्योक्तं तेन तेजः पद्मशुक्लानां क्षायोपशमिकत्वेऽपि न क्षतिः । आसां लक्षणानि तु तत्तद्द्रव्यसाचिव्यजनिताध्यवसाया एव । मूले तु संक्लेशविशोधिपरिणामप्रदर्शनद्वारा तत्स्वरूपाणि प्रदर्शितानि । पञ्चाश्रवप्रमत्तो मनोगुप्त्यादिरहितः पृथ्वीकायादिषु तदुपमर्दकत्वादेरविरतः तीव्रसावद्यव्यापारपरिणतो गुणदोषपर्यालोचनारहितोऽत्यन्तमैहिकामुष्मिकापायशंकाविकलो नृशंसोऽनिगृहीतेन्द्रियो जीवः कृष्णलेश्यायामेव परिणमेदिति भावः । संक्लेशमेवोदाहरणेनाविष्करोति यथेति ॥

લેશ્યાઓના સ્વરૂપોનું દર્શન-

ભાવાર્થ - અલ્પફળ માટે મૂળથી ફળવાળા-વૃક્ષોનો વિનાશ કરવાનો અધ્યવસાય, એ 'કૃષ્ણલેશ્યા' કહેવાય છે. જેમ કે-ફળ લેવા માટે વૃક્ષના છેદનનો આશય.

વિવેચન - ભાવલેશ્યા વિશુદ્ધ અને અવિશુદ્ધના ભેદથી બે પ્રકારવાળી છે. (૧) વિશુદ્ધલેશ્યા=નિર્મળ દ્રવ્યોના સંબંધથી જન્ય આત્માનો પરિણામ, એ 'વિશુદ્ધલેશ્યા.' (૨) અવિશુદ્ધલેશ્યા=મલિન દ્રવ્યોના સંબંધથી થનારો આત્માનો પરિણામ, એ 'વિશુદ્ધલેશ્યા.'

વિશુદ્ધલેશ્યા, કષાયોના ક્ષયથી અને ઉપશમથી એમ બે પ્રકારે થાય છે. અવિશુદ્ધલેશ્યા પણ રાગવિષયવાળી અને દ્વેષવિષયવાળી એમ બે પ્રકારની છે.

○ તેજસ્-પદ્મ-શુકલલેશ્યાઓ 'વિશુદ્ધલેશ્યાઓ' કહેવાય છે.

---

१. लक्षणन्तु पञ्चाश्रवप्रमत्तत्वादिरेव इतरेषां भावकृष्णलेश्यासद्भावस्योपदर्शकत्वात्, यो हि यत्सद्भाव एव भवति स तस्य लक्षणं यथौष्ण्यमग्नेः । अस्या जघन्या स्थितिर्मुहूर्त्तार्धम्, अन्तर्मुहूर्त्ताधिकानि त्रयस्त्रिंशत्सागरोपमाणि स्थितिरुत्कृष्टा भवति । सप्तमनारकापेक्षयेयं बोध्या ॥

કૃષ્ણ-નીલ-કાપોતલેશ્યાઓ 'અવિશુદ્ધ લેશ્યાઓ' કહેવાય છે.

○ તેજોલેશ્યા આદિનું વિશુદ્ધલેશ્યાપણું એકાન્ત વિશુદ્ધની અપેક્ષાએ કહેલ છે, તેથી તેજ-પદ્મ-શુકલલેશ્યાઓનું ક્ષાયોપશમિકપણું છતાં ક્ષતિ નથી.

આ લેશ્યાઓનાં લક્ષણો, તે તે દ્રવ્યોના સહકારથી પેદા થનારા અધ્યવસાયો જ છે.

મૂળમાં તો સંકલેશ (કષાય) અને વિશોધિના પરિણામોના પ્રદર્શન દ્વારા તેના સ્વરૂપો દર્શાવેલા છે.

લક્ષણો=હિંસા આદિ પાંચ આશ્રવોમાં પ્રમત્ત, મનોગુપ્તિ આદિથી રહિત, પૃથ્વીકાય આદિના ઉપમર્દન આદિથી નહીં અટકેલો, તીવ્ર સાવદ્ય વ્યાપારમાં ઓતપ્રોત, ગુણ-દોષોના વિચાર-વિવેક વગરનો, અત્યંત આલોક કે પરલોકના અપાય-દુઃખની શંકા વગરનો, નિર્દય-ક્રૂર, ઇન્દ્રિયોને આધીન એવો જીવ, ભાવરૂપ કૃષ્ણલેશ્યામાં પરિણમે છે. [કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ અર્ધમુહૂર્ત્ત અને સાતમી નારકીની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અધિક એવી તેત્રીશ (૩૩) સાગરોપમની છે.]

नीललेश्यां स्वरूपयति -

ભાવાર્થ - ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પરિણામિકના ભેદથી પાંચ (૫) ભાવો છે. કર્મોના ઉપશમથી ઔપશમિક, ક્ષયથી ક્ષાયિક, ક્ષયોપશમથી ક્ષાયોપશમિક, ઉદયથી ઔદયિક અને સ્વભાવના અવસ્થાનથી પારિણામિક જાણવાં. આ ભાવો પૈકી સિદ્ધો કયા ભાવમાં વર્તે છે, એવો એ ભાવદ્વાર છે. તે સિદ્ધોના જ્ઞાન અને દર્શન ક્ષાયિક ભાવવાળા છે અને જીવત્વ પારિણામિક ભાવવાળું છે, એમ એ ભાવો છે.

વિવેચન - તે ભાવોનું સ્વરૂપવર્ણન કરે છે કે - 'कर्मणामिति.' કર્મોની નહીં પેદા થયેલી પોતાની શક્તિ, તે ઉપશમ કહેવાય છે.

○ તે ઉપશમથી થયેલો ભાવ 'ઔપશમિક' કહેવાય છે. તે ઔપશમિકભાવ સમ્યક્ત્વ અને ચારિત્રના ભેદથી બે પ્રકારનો છે, કેમ કે-દર્શનમોહનીયના ઉપશમથી ઔપશમિક સમ્યક્ત્વ અને ચારિત્રમોહનીયના ઉપશમથી ઔપશમિક ચારિત્ર, એમ બે ભેદો છે.

○ 'क्षयेणेति.' કર્મોના અત્યંત ઉચ્છેદરૂપ ક્ષયથી બનેલો ભાવ 'ક્ષાયિક' કહેવાય છે. તે ક્ષાયિકભાવ જ્ઞાન-દર્શન-દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય-સમ્યક્ત્વ-ચારિત્રના ભેદથી નવ (૯) પ્રકારનો છે, કેમ કે-કેવલજ્ઞાનાવરણીય, કેવલદર્શનાવરણીય, પાંચ અંતરાય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મોના ક્ષયથી પેદા થયેલ આ ભાવો છે.

○ 'क्षयोपशमाभ्यामिति' - કર્મોના એકદેશથી ક્ષય દ્વારા અને એકદેશથી ઉપશમ દ્વારા-ક્ષયોપશમ દ્વારા પેદા થયેલ ભાવ 'ક્ષાયોપશમિક' કહેવાય છે. તે ક્ષાયોપશમિક ભાવ ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન, પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમના ભેદથી અઢાર (૧૮) પ્રકારવાળો છે, કેમ કે-તે તે કર્મોના ક્ષયોપશમથી જન્ય છે.

○ उदयेनेति-દ્રવ્ય-ક્ષેત્ર આદિ નિમિત્તોથી જન્ય કર્મફળની પ્રાપ્તિરૂપ ઉદયથી થયેલો ભાવ 'ઔદયિક' કહેવાય છે. તે ઔદયિકભાવ ચાર ગતિ, ચાર કષાય, ત્રણ વેદ, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયતત્વ, અસિદ્ધત્વ અને છ લેશ્યાના ભેદથી એકવીશ (૨૧) પ્રકારનો છે, કેમ કે-તે તે કર્મોના ઉદયથી પેદા થયેલ છે.

○ પરિણામિક-દ્રવ્યરૂપ જીવના સ્વરૂપ લાભ માત્ર હેતુવાળો (જ્ઞાપક) પરિણામ જ 'પારિણામિક' કહેવાય છે. જીવવર્તી અસાધારણ ધર્મ-વૈશેષિક ધર્મજીવત્વ-ભવ્યત્વ-અભવ્યત્વ છે. જીવમાં જ જીવભાવરૂપ જીવત્વ અસંખ્યાત પ્રદેશો અને ચેતના છે. ભવ્ય (ભાવી) છે સિદ્ધિ જેની, એ ભવ્ય કહેવાય છે. ઉત્તરપદના લોપથી ભીમ આદિ શબ્દની માફક ભવ્યમાં જ ભવ્યત્વ (સિદ્ધિ) છે. અભવ્ય એટલે સિદ્ધિગમન માટે અયોગ્ય કદાચિત પણ જે સિદ્ધ થનારો નથી, તે અભવ્યમાં જ અભવ્યત્વ (અસિદ્ધિ) છે. આ જીવના જીવત્વ આદિ ત્રણ ભાવો સ્વાભાવિક-કુદરતી છે, કર્મે કરેલા નથી, અનાદિ પારિણામિક ભાવો છે. પારિણામિક ભાવ અનાદિ પ્રસિદ્ધ છે, કેમ કે-સકળ પર્યાયરાશિની અભિમુખતાને પામનારો (મૂલ) સર્વ ભાવોનો આધાર છે-ભાવોમાં પ્રધાનભૂત છે.

○ જ્ઞાન-દર્શન આદિ ક્ષાયિકભાવમાં જીવત્વરૂપ પારિણામિક ભાવમાં સિદ્ધોનું રહેવું છે. ભવ્યત્વ આદિમાં સિદ્ધો નથી, કેમ કે-ભવ્યત્વ આદિનો અભાવ છે. એવા અભિપ્રાયથી કહે છે કે - 'तेषामिति'-'भावद्वयमिति.' અર્થાત્ તે સિદ્ધોને ક્ષાયિક અને પારિણામિકરૂપ બે ભાવો હોય છે.

अधुनाऽल्पबहुत्वद्वारमाह -

कतमस्मिन् वेदे सिद्धा अल्पाः कतमस्मिंश्च बहव इति विचारोऽल्पबहुत्वद्वारम् । नपुंसके स्तोकाः स्त्रीपुरुषयोः क्रमतः संख्येयगुणा विज्ञेयाः ।३४।

कतमस्मिन्निति । पुंस्त्रीनपुंसकभेदभिन्ने वेदे कुत्राल्पाः कुत्र वा बहव इत्याशङ्कायां यो विचारस्तदल्पबहुत्वद्वारमित्यर्थः, यद्यपि सिद्धानां पूर्वमवेदत्वमुक्तं तथा चायं विचारो न सम्भवति तथाप्यव्यवहितपूर्वनयापेक्षयाऽयं विचारो बोध्यः । उत्तरयति नपुंसक इति नपुंसके सर्वस्तोकाः, स्त्रीवेदे संख्येयगुणास्तेभ्योऽपि पुरुषसिद्धास्संख्येयगुणा इत्यर्थः । पुरुषाणामष्टशतं स्त्रीणां विंशतिर्दश नपुंसकानाम्, इदञ्च ये पुरुषेभ्य उद्धृताः पुरुषा एव जायन्ते तेषामष्टशतं बोध्यम्, ये च पुरुषेभ्य उद्धृताः स्त्रियो नपुंसका वा जायन्ते ये च स्त्रीभ्य उद्धृताः पुरुषा नपुंसका वा जायन्ते ये तु नपुंसकेभ्यः उद्धृता नपुंसकाः पुरुषास्स्त्रियो वा जायन्तेऽष्टस्वेतेषु भङ्गेषु प्रत्येकं दश दश भवन्तीति भावः । अत्र पुनस्ते सिद्धा अव्यवहितपूर्वपर्यायनयावलम्बनेन क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रबद्धज्ञानावगाहान्तरसंख्याल्पबहुत्वैर्विचार्यन्ते, तत्र तीर्थलिङ्गबुद्ध-द्वाराण्याश्रित्य मूलकृदेवानुपदं विवेचयति शेषापेक्षया तूच्यते क्षेत्रतस्सार्धद्वितीयद्वीपसमुद्र-द्वयलक्षणे मनुष्यक्षेत्रे[१] तिर्यग्लोके सिद्धत्वं लभते जन्मसंहरणापेक्षया, अधोलोकेऽधोलौकिकेषु ग्रामेषु, ऊर्ध्वलोके तु पाण्डुकवनादौ, तीर्थकृतः पुनः पञ्चदशसु कर्मभूमिषु न शेषासु, व्याघातासम्भवादिति । कालतः-उत्सर्पिण्यां जन्माङ्गीकृत्य द्वितीयतृतीयचतुर्थारकेषु, सिद्धिगमन्तु तृतीयचतुर्थयोरेव, अवसर्पिण्यान्तु तृतीयचतुर्थपञ्चमारकेषु सिद्ध्यति तत्र जातस्य सर्वथा सिद्ध्यनर्हत्वात्, व्याघातापेक्षया तु त्रिष्वप्युत्सर्पिण्यादिषु सिद्ध्यति । तीर्थकृतां पुनरवसर्पिण्यामुत्सर्पिण्याञ्च जन्म सिद्धिगमनं च सुषमदुष्षमादुष्षमसुषमारूपयोरेवारक-योर्वेदितव्यम्[२] । गतितः-मनुष्यगतावेव न शेषासु प्रोक्तमेवेदं मूले । व्यवहितप्राक्तन-

१. तत्रापि निर्व्याघातेन पञ्चदशसु कर्मभूमिषु व्याघातेन समुद्रनदीवर्षधरपर्वतादावपि विज्ञेयम् ॥ २. यथा भगवान् ऋषभस्वामी सुषमदुःषमारकपर्यन्ते समुदपादि, एकोननवतिपक्षेषु शेषेषु सिद्धिमगमत्, वर्धमानस्वामी तु भगवान् दुःषमसुषमारकपर्यन्तेषु एकोननवतिपक्षेषु शेषेषु सिद्धिसौधमध्यमध्यास्तेति ॥ उत्सर्पिण्यां चतुर्विंशति-तमस्तीर्थकरस्सुषमदुष्षामायामेकोननवतिपक्षेषु व्यतिक्रान्तेषु जन्मासादयति, एकोननवतिपक्षाधिकचतुरशीतिपूर्व-लक्षातिक्रमे च सिद्ध्यतीति ॥

पर्यायनयाङ्गीकारेण तु सामान्यतश्चतसृभ्योऽपि गतिभ्यः । चारित्रद्वारमाश्रित्य पूर्वमेवोक्तम् । ज्ञानद्वारापेक्षयापि तथैव । अवगाहनातः-उत्कर्षेण पञ्चविंशत्यधिकपञ्चधनुश्शतप्रमाणायामवगाहनायां सिद्ध्यन्ति, यथा मरुदेवीकालवर्त्तिनः, मरुदेव्यामपि यथोक्तप्रमाणावगाहना[१] द्रष्टव्या, जघन्येन द्विहस्तप्रमाणायाम्, यथा वा मनककूर्मसुतादीनाम् । तीर्थकृतान्तु जघन्यावगाहना सप्तहस्तप्रमाणा महावीरवत् । उत्कृष्टा पञ्चधनुश्शतमाना नाभेयवत्, शेषास्त्वजघन्योत्कृष्टाः । अन्तरतः-जघन्यत एकसमयः, उत्कृष्टतः षण्मासाः, निरन्तरञ्च जघन्यतो द्वौ समयौ, उत्कृष्टतोऽष्टौ समयाः, संख्यातः-जघन्यत एकस्मिन् समये एकस्सिद्ध्यति, उत्कर्षेणाष्टाधिकं शतम् । तथा चास्मिन् भरतक्षेत्रेऽस्यामवसर्पिण्यां भगवतो नाभेयस्य निर्वाणसमये श्रूयतेऽष्टोत्तरं शतमेकसमयेन सिद्धम् । अल्पबहुत्वतः-युगपत् द्वित्र्यादिकाः सिद्धाः स्तोका एकका: सिद्धाः संख्येयगुणा इति संक्षेपतः प्रदर्शितानि द्वाराणि, विस्तरतस्तु सिद्धप्राभृतादौ द्रष्टव्यानि ॥

હવે અલ્પબહુત્વદ્વાર કહે છે-

ભાવાર્થ - કયા વેદમાં સિદ્ધો અલ્પ છે અને કયા વેદમાં ઘણા છે ?-આવો વિચાર, એ 'અલ્પબહુત્વદ્વાર' છે. નપુંસકમાં થોડા, તેમજ સ્ત્રી અને પુરુષોમાં ક્રમથી સંખ્યાતગુણા જાણવા.

વિવેચન - પુરુષ, સ્ત્રી અને નપુંસકભેદવાળા વેદમાંથી કયા વેદમાં અલ્પ અને કયા વેદમાં ઘણા ?, આવી શંકામાં જે વિચાર, તે 'અલ્પબહુત્વદ્વાર' કહેવાય છે. જો કે-પહેલાં સિદ્ધોનું વેદરહિતપણું કહેલું છે એટલે આ વિચાર સંભવી શકતો નથી, તો પણ અવ્યવહિત પૂર્વનય(પૂર્વભાવ પ્રજ્ઞાપનીય નય)ની અપેક્ષાએ આ વિચાર જાણવો.

આ અલ્પબહુત્વદ્વારમાં આ શંકાનો જવાબ આપે છે કે-'નપુંસકે' ઈતિ. નપુંસક લિંગવાળા સહુથી થોડા સિદ્ધો થયેલા હોય છે. (અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે-૧૦ પ્રકારના જન્મનપુંસકોને ચારિત્રનો અભાવ છે, તેથી તેઓ મોક્ષે જઈ શકતા નથી. પરંતુ જન્મ્યા બાદ કૃત્રિમ રીતે થયેલા ૬ પ્રકારના નપુંસકોને ચારિત્રનો લાભ હોવાથી તેઓ મોક્ષે જઈ શકે છે.) સ્ત્રીવેદમાં સંખ્યાતગુણા અને તેના કરતાં પુરુષસિદ્ધો સંખ્યાતગુણા હોય છે.

પુરુષલિંગીઓ સમકાળમાં ૧૦૮, સ્ત્રીલિંગીઓ ૨૦ અને નપુંસકલિંગીઓ ૧૦ મોક્ષે જઈ શકે છે. વળી આ કથન, જેઓ-

૦ પુરુષોથી ઉદ્ધૃત (પ્રતિબુદ્ધ થયેલા) પુરુષો જ મોક્ષે જાય છે. તેવા ૧-પુરુષસિદ્ધોની ૧૦૮ સંખ્યા જાણવી.

१: नाभिकुलकरपत्नी मरुदेवी, नाभेश्च शरीरप्रमाणं पञ्चधनुःशतानि पञ्चविंशत्यधिकानि यावदासीत्, तत्पत्नीत्वेऽपि तस्याः प्रमाणतस्तदपेक्षया किञ्चिन्न्यूनत्वमेवेति सम्प्रदायः कियता न्यूनाधिक्येऽपि समत्वातिदेशानामागमे दर्शनेनाबाधकत्वात् । अथवा तस्या हस्तिस्कन्धाधिरूढायास्सिद्धत्वात् हस्तिस्कन्धाधिरूढानाञ्च संकुचिताङ्गत्वेन नोक्तावगाहनाया विरोधः उक्तञ्च 'अहवा संकोयओ सिद्धा' इति ॥

○ જેઓ પુરુષોથી ઉદ્‌ધૃત (પ્રતિબુદ્ધ) ૨-સ્ત્રીઓ કે ૩-નપુંસકો થાય છે.

○ જેઓ સ્ત્રીઓથી ઉદ્‌ધૃત (પ્રતિબુદ્ધ) ૪-પુરુષો કે-નુપંસકો થાય છે.

○ જેઓ નપુંસકોથી ઉદ્‌ધૃત ૬-નપુંસકો, ૭-પુરુષો કે ૮-સ્ત્રીઓ થાય છે.

આ આઠ ભાંગા-પ્રકારમાં દરેક દશ દશ (૧૦) સિદ્ધ થાય છે. વળી તે સિદ્ધો, અવ્યવહિત પૂર્વનયની અપેક્ષાએ ક્ષેત્ર-કાળ-ગતિ-લિંગ-તીર્થ-ચારિત્ર-બુદ્ધ-જ્ઞાન-અવગાહ-અંતર-અલ્પબહુત્વદ્વારોથી વિચારાય છે. ત્યાં તીર્થ-લિંગ-બુદ્ધદ્વારોને આશ્રીને મૂલકાર જ, હવે પછી-આ સૂત્રપદની પછી વિવેચન કરનાર છે. શેષની અપેક્ષાએ તો કહેવાય છે.

ક્ષેત્રની અપેક્ષાએ અઢી દ્વીપ અને બે સમુદ્રરૂપ તિચ્છાલોકના વિભાગરૂપ મનુષ્યક્ષેત્રમાં (ત્યાં પણ નિર્વ્યાઘાતથી પંદર કર્મભૂમિઓમાં વ્યાઘાતથી સમુદ્ર-નદી-વર્ષધર પર્વત આદિમાં પણ) જન્મ-સંહરણની અપેક્ષાએ સિદ્ધપણું પામે છે. જન્મની અપેક્ષાએ પંદર કર્મભૂમિઓમાં જન્મેલો મોક્ષે જઈ શકે છે.

સંહરણની અપેક્ષાએ તો અધોલોકમાં-અધોલૌકિક ગામોમાં, ઊર્ધ્વલોકમાં તો પાંડુકવન આદિમાં મનુષ્યક્ષેત્રમાં મોક્ષે જઈ શકે છે. તીર્થંકરો તો કર્મભૂમિઓમાં મોક્ષે જાય છે, બીજી જગ્યાએ નહીં, કેમ કે-વ્યાઘાતનો અભાવ છે.

○ કાળની અપેક્ષાએ તો ઉત્સર્પિણીમાં જન્મની અપેક્ષાએ બીજા-ત્રીજા-ચોથા આરાઓમાં જ સિદ્ધ થઈ શકે છે.

○ અવસર્પિણીમાં ત્રીજા-ચોથા-પાંચમા આરાઓમાં સિદ્ધ થઈ શકે છે પરંતુ વિશેષતા એ છે કે-ચોથા આરામાં જન્મેલો પાંચમા આરામાં સિદ્ધ થઈ શકે છે પણ પાંચમા આરામાં જન્મેલો પાંચમા આરામાં મોક્ષે જઈ શકતો નથી, કેમ કે-પાંચમા આરામાં જન્મેલાની સર્વથા સિદ્ધિની યોગ્યતા નથી હોતી. વ્યાઘાત-સંહરણની અપેક્ષાએ તો અવસર્પિણીમાં-ઉત્સર્પિણીમાં અને નોઅવસર્પિણી-ઉત્સર્પિણીરૂપ ત્રણ કાળોમાં સિદ્ધ થઈ શકે છે.

વળી તીર્થંકરોની અપેક્ષાએ અવસર્પિણીમાં અને ઉત્સર્પિણીમાં જન્મ અને સિદ્ધિગમન સુષમદુઃષમા-દુષમાસુષમારૂપ ત્રીજા-ચોથા આરાઓમાં જ જાણવું. [જેમ ભગવાન શ્રી ઋષભદેવસ્વામી સુષમ-દુઃષમારૂપ ત્રીજા આરાના અંતે જન્મ્યા, નેવ્યાશી (૮૯) પખવાડિયાં બાકી રહ્યે છતે સિદ્ધિસૌધમાં ગયા. શ્રી વર્ધમાનસ્વામી ભગવાન તો દુઃષમસુષમારૂપ ચોથા આરાના અંતમાં નેવ્યાશી (૮૯) પખવાડિયાં બાકી રહ્યે છતે સિદ્ધિસૌધમાં ગયા. ઉત્સર્પિણીમાં ચોવીશમા તીર્થંકર, સુષમદુઃષમારૂપ આરામાં નેવ્યાશી (૮૯) પખવાડિયાં ગયા પછી જન્મ પામે છે અને નેવ્યાશી (૮૯) પખવાડિયાંથી અધિક ચોરાશી (૮૪) લાખ પૂર્વના ગયા પછી સિદ્ધ થાય છે.]

○ ગતિની અપેક્ષાએ મનુષ્યગતિમાં મોક્ષ હોય છે, શેષગતિઓમાં તે હોતો નથી. આ વસ્તુ મૂળમાં કહી દીધેલ જ છે. વ્યવહિત-અતીતકાલિન પૂર્વના પર્યાયનયના સ્વીકારની અપેક્ષાએ તો સામાન્યથી ચાર ગતિઓમાંથી મોક્ષે જઈ શકે છે.

○ ચારિત્રદ્વારની આશ્રીને પહેલાં જ કહી દીધેલું છે.

○ જ્ઞાનદ્વારની અપેક્ષાએ પણ તેમજ જાણવું.

અવગાહનાદ્વારની અપેક્ષાએ ઉત્કૃષ્ટથી પચીશ (૨૫) ધનુષ્યથી અધિક પાંચસો ધનુષ્યની પ્રમાણવાળી અવગાહનામાં (શરીરની ઉંચાઈમાં) સિદ્ધ થઈ શકે છે, જેમ કે-મરૂદેવીકાળવર્તી જીવો મરૂદેવીમાં પણ પૂર્વોક્ત પ્રમાણવાળી અવગાહના જાણવી.

જઘન્યથી બે હાથના પ્રમાણવાળી અવગાહનામાં સિદ્ધ થઈ શકે છે. જેમ કે-વામન (ઠીંગણા) કૂર્માપુત્ર વગેરે.

તીર્થંકરોની તો જઘન્ય અવગાહના સાત (૭) હાથપ્રમાણવાળી છે. જેમ કે-ભગવાન શ્રી મહાવીરદેવ.

ઉત્કૃષ્ટ પાંચસો (૫૦૦) ધનુષ્યપ્રમાણવાળી અવગાહના છે. જેમ કે-ભગવાન શ્રી આદિનાથ. બાકીના તીર્થંકરો તો જઘન્ય નહીં અને ઉત્કૃષ્ટ નહીં પણ મધ્યમ અવગાહનાવાળા હોય છે.

○ અંતરની અપેક્ષાએ (ત્યાં અંતર એટલે એક વર્તમાન સમયમાં સિદ્ધ થયો, ત્યારબાદ બીજો કેટલા કાળે સિદ્ધ થશે. આ પ્રમાણે સિદ્ધિનો ગમનશૂન્યકાળ 'અંતર' કહેવાય છે. વચલો કાળ, અનંતર એટલે છેલ્લાનો વ્યવચ્છેદ-નિરંતર) જઘન્યથી અંતર (કાળ) એક સમય અને ઉત્કૃષ્ટથી છ મહિનાઓ છે.

નિરંતરતાની અપેક્ષાએ જઘન્યથી બે સમય અને ઉત્કૃષ્ટથી આઠ સમયો (નિરંતર કાળ) છે.

○ સંખ્યાની અપેક્ષાએ જઘન્યથી એક સમયમાં એક સિદ્ધ થાય છે અને ઉત્કૃષ્ટથી એકસોઆઠ (૧૦૮) સિદ્ધ થાય છે. તથાચ આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ભગવાન શ્રી ઋષભદેવના નિર્વાણ સમયમાં ૧૦૮ એક સમયમાં સિદ્ધ થયેલા સંભળાય છે.

○ અલ્પબહુત્વની અપેક્ષાએ એકીસાથે બે, ત્રણ આદિ સિદ્ધો થયેલા થોડા છે. એકેકએકલા સિદ્ધ થયેલા સંખ્યાતગુણા છે. આ પ્રમાણે સંક્ષેપથી દ્વારો દર્શાવ્યા છે. વિસ્તારથી તો સિદ્ધપ્રાભૃત આદિમાં જોવા.

હવે તીર્થ, લિંગ અને બુદ્ધદ્વારોને ફરીથી બીજા પ્રકારે સિદ્ધોને કહે છે.

अथ तीर्थलिङ्गबुद्धद्वाराणि मनसि कृत्य पुनः प्रकारान्तरेण सिद्धानाह –

सिद्धा अपि जिनाजिनतीर्थातीर्थगृहिलिङ्गान्यलिङ्गस्वलिङ्गस्त्रीलिङ्गपुरुषलिङ्गनपुंसकलिङ्गप्रत्येकबुद्धस्वयम्बुद्धबुद्धबोधितैकानेकसिद्धभेदेन पञ्चदशविधाः ।३५।

सिद्धा इति । अयम्भावः, सिद्धानामयं भेदो न वास्तविकः कृत्स्नकर्मक्षयस्य केवलज्ञानादीनाञ्च सर्वत्राविशेषात् किन्तु सिद्धत्वप्रासिपूर्वकालीनभवावस्थामाश्रित्य वाच्यः[२] । तत्राप्येते नासंकीर्णाः, जिनाजिनरूपे, तीर्थातीर्थरूपे, एकानेकरूपे वा भेदद्वये, गृहिलिङ्गान्य-

२. अत्रेदं बोध्यम् सिद्धकेवलज्ञानं हि द्विविधं, अनन्तरसिद्धकेवलज्ञानं परम्परसिद्धकेवलज्ञानञ्चेति । सिद्धत्वप्रथमसमये वर्त्तमानस्य केवलज्ञानमाद्यं, विवक्षितसिद्धत्वप्रथमसमयाद् द्वितीयादिषु समयेषु अनन्तामद्धां यावद्वर्तमानानां केवलज्ञानं द्वितीयम् । तत्रानन्तरसिद्धकेवलज्ञानं पञ्चदशविधं, तच्च सिद्धत्वप्राप्त्यव्यवहितपूर्वकालीनभवावस्थामाश्रित्य सिद्धाः पञ्चदशविधाः प्रोक्ताः । परम्परसिद्धकेवलज्ञानन्त्वनेकविधं, तच्चाप्रथमसमयसिद्धद्विसमयसिद्धत्रिसमयसिद्धचतुस्समयसिद्धादिभेदतो भाव्यमिति ॥

लिङ्गस्वलिङ्गरूपे स्त्रीलिङ्गपुरुषलिङ्गनपुंसकलिङ्गरूपे, प्रत्येकबुद्धस्वयम्बुद्धबुद्धबोधितरूपे वा भेदत्रये शेषभेदानामन्तर्भावात्, किन्तु विशेषपरिज्ञानार्थमेव ग्रन्थारम्भ इति ॥

तीर्थ-लिंग-बुद्धद्वारोने कहे छे-

भावार्थ - सिद्धो पण जिन-अजिन-तीर्थ-अतीर्थ-गृहिलिंग-अन्यलिंग-स्वलिंग-स्त्रीलिंग-पुरुषलिंग-नपुंसकलिंग-प्रत्येकबुद्ध-स्वयंबुद्ध-बुद्धबोधित-एक अने अनेक रूप सिद्धोना भेदथी पंदर प्रकारना छे.

विवेचन - अहीं आ भाव छे के-सिद्धोना आ भेद वास्तविक नथी, केम के-सकळ कर्मनो क्षय अने केवलज्ञान आदि गुणो सघळा सिद्धोमां समान छे. परंतु सिद्धत्वनी प्राप्तिथी पूर्वकालिन संसार अवस्थाने आश्रीने भेद कहेवायोग्य छे. [अहीं आ जाणवानुं छे के-खरेखर, सिद्ध-केवलज्ञान बे प्रकारनुं छे. एक अनंतरसिद्ध केवलज्ञान अने बीजुं परंपरसिद्ध केवलज्ञान. (१) सिद्धत्वना प्रथम समयमां वर्तमाननुं केवलज्ञान पहेला नंबरनुं छे अने (२) विवक्षित-सिद्धत्वना प्रथम समयथी मांडी द्वितीय आदि समयोमां ठेठ अनंतकाळ सुधी वर्तमानोनुं केवलज्ञान परंपरसिद्ध केवलज्ञान छे. त्यां अनंतरसिद्ध केवलज्ञान पंदर प्रकारनुं छे अने ते सिद्धत्व प्राप्तिना अव्यवहित पूर्वकालिन भवनी अवस्थानी अपेक्षाओ सिद्धो पंदर प्रकारना कहेला छे. परंपरसिद्ध केवलज्ञान तो अनेक प्रकारनुं छे अने ते अप्रथम समयसिद्ध, द्विसमय-त्रिसमयसिद्ध, चतुःसमयसिद्ध आदि भेदथी भावबुं.] त्यां पण आ भेदो अमुक अमुकमां समावेश पामता नथी एम नहीं, पामे छे. जेम के- जिन-अजिनरूप बे भेदमां, तीर्थ-अतीर्थरूप बे भेदमां, अथवा एक-अनेकरूप बे भेदमां, गृहिलिंग-अन्यलिंग-स्वलिंगरूप त्रण भेदमां, स्त्रीलिंग-पुरुषलिंग-नपुंसकलिंगरूप त्रण भेदमां, अथवा प्रत्येकबुद्ध-स्वयंबुद्ध-बुद्धबोधितरूप त्रण भेदमां. बाकीना सर्व भेदोनो समावेश थाय छे. परंतु विशेष परिज्ञान माटे ज ग्रंथनो आरंभ छे, एम जाणवुं.

अथ जिनाजिनसिद्धानाह -

अनुभूततीर्थंकरनामविपाकोदयजन्यसमृद्धयो मुक्ता जिनसिद्धाः । यथा ऋषभादयः, अननुभूततीर्थंकरनामविपाकोदयजन्यसमृद्धयो मुक्ता अजिनसिद्धाः । यथा पुण्डरीकगणधरादयः ।३६।

अनुभूतेति स्पष्टम् । अजिनसिद्धानाह अननुभूतेति । स्पष्टम् ॥

हवे जिनसिद्ध-अजिनसिद्ध भेदोने कहे छे-

भावार्थ - तीर्थंकरनामकर्मना विपाकरूप उदयथी जन्य समृद्धि-परमैश्वर्यनो अनुभव करनारा, मुक्तिओ गयेला 'जिनसिद्ध' कहेवाय छे. जेम के-श्री ऋषभ जिनेश्वर आदि, तीर्थंकरनामकर्मना विपाकरूप उदयथी जन्य परम ऐश्वर्यनो अनुभव नहि करनारा मुक्तिओ गयेला 'अजिनसिद्ध' कहेवाय छे. जेम के-पुंडरीक गणधर आदि.

विवेचन - अहीं स्पष्ट छे, माटे टीका नथी.

तीर्थातीर्थसिद्धानाह -

प्रवर्त्तिते तीर्थे मुक्तास्तीर्थसिद्धाः । यथा गणधारिणः । अर्वाक् तीर्थस्थापनाया एव मुक्ता अतीर्थसिद्धाः । यथा मरुदेवा ।३७।

प्रवर्त्तित इति । संसारापारवारांनिधिस्तीर्यतेऽनेनेति तीर्थं प्रवचनं परमगुरुप्रणीतं यथावस्थितसकलजीवाजीवादिपदार्थप्ररूपकम्, तच्च न निराधारं भवितुमर्हतीति कृत्वा संघः प्रथमगणधरो वा तदिति वेदितव्यं, तस्मिन्नुत्पन्ने ये सिद्धास्ते तीर्थसिद्धा इत्यर्थः । निदर्शनमाह यथेति । अतीर्थसिद्धानाहार्वागिति । तीर्थस्याभावोऽतीर्थं, अभावश्चात्रानुत्पादो व्यवच्छेदो वा विवक्षितः । तस्मिन् सति ये सिद्धास्तेऽतीर्थसिद्धाः । तत्र तीर्थस्यानुत्पादे सिद्धानां निदर्शनमाह-यथेति । नहि मरुदेव्यादिसिद्धिगमनकाले तीर्थमुत्पन्नमासीत् किन्तु केवलज्ञानावासिं प्रभोर्निशम्य पुत्रवियोगेन रुदतीं पटलावृतनेत्रां तां वारणस्कन्ध आरोप्य वन्दनार्थं प्रचलिते भरते दूरादेव दिव्यनिध्वानं निशम्य प्रहृष्टान्तरङ्गा हर्षाश्रुणा दूरीकृतचक्षुरावरणा विभुवैभवं दृष्ट्वाऽचिन्तयत् पुत्रस्नेहेन मया नेत्रे गततेजस्के कृते, नानेन कमपि संदिष्टमिति, पुत्रस्नेहं विधूय विरक्ता घातिकर्मक्षयोदितकेवलज्ञाना वारणस्कन्ध एव सा सिद्धिमुपयाताऽतस्तीर्थसंस्थापनपूर्वं मुक्तिगमनादतीर्थसिद्धेति भावः ।

अथैतेषां सत्पदप्ररूपणा द्रव्यकालान्तराण्याश्रित्य परम्परयाल्पबहुत्वस्य विचारे क्रियमाणे तीर्थकरतीर्थे तीर्थकरीतीर्थेऽतीर्थे च सिद्ध्यन्त्येते, युगपदेकसमयेनोत्कर्षतस्तीर्थकृतश्चत्वारस्सिद्ध्यन्त, अष्टशतमतीर्थकृतां विंशतिस्स्त्रीणां द्वे तीर्थकर्यौ । तीर्थकरतीर्थे तीर्थकरीतीर्थे वाऽतीर्थकरसिद्धा उत्कृष्टतोऽष्टौ समयान् तीर्थकरास्तीर्थकर्यश्च द्वौ द्वौ समयौ निरन्तरं सिद्ध्यन्ति । तीर्थकृतः पूर्वसहस्रपृथक्त्वमुत्कर्षतोऽन्तरं, तीर्थकरीणामनन्तः कालः, अतीर्थकराणां साधिकं वर्षं नोतीर्थसिद्धानां संख्येयानि वर्षसहस्राणि नोतीर्थसिद्धाः प्रत्येकबुद्धाः । जघन्यतस्सर्वत्रापि समयः । सर्वस्तोकाः तीर्थकरीसिद्धाः, ततस्तीर्थकरीतीर्थे प्रत्येकबुद्धसिद्धास्संख्येयगुणाः, तेभ्योऽपि तीर्थकरीतीर्थेऽतीर्थकरीसिद्धा संख्येयगुणाः, तेभ्योऽपि तीर्थकरीतीर्थेऽतीर्थकरसिद्धास्संख्येयगुणाः, तेभ्यस्तीर्थकरसिद्धा अनन्तगुणाः तेभ्योऽपि तीर्थकरतीर्थे प्रत्येकबुद्धसिद्धाः संख्येयगुणाः, तेभ्योऽपि तीर्थकरतीर्थे साध्वीसिद्धाः संख्येयगुणाः, तेभ्योऽपि तीर्थकरतीर्थेऽतीर्थकरसिद्धाः संख्येयगुणा इति ॥

१. तीर्थस्य व्यवच्छेदश्च चन्द्रप्रभस्वामिसुविधिस्वाम्यपान्तराले, तत्र ये जातिस्मरणादिनाऽपवर्गमवाप्य सिद्धास्ते तीर्थव्यवच्छेदसिद्धा इत्यपि बोध्यम् ।

तीर्थसिद्ध-अतीर्थसिद्धोनुं कथन-

ભાવાર્થ - તીર્થની સ્થાપના પછી મુક્ત થયેલા 'તીર્થસિદ્ધ' કહેવાય છે. જેમ કે-ગણધરો. તીર્થસ્થાપના પહેલાં મુક્ત થયેલાં 'અતીર્થસિદ્ધો' કહેવાય છે જેમ કે-મરૂદેવા.

વિવેચન - જેના દ્વારા અપાર સંસારસાગર તરાય, તે 'તીર્થ' કહેવાય છે. તીર્થ એટલે પરમગુરુપ્રણીત પ્રવચન યથાર્થ સકલ જીવ-અજીવ આદિ પદાર્થપ્રરૂપક છે અને તે આધાર વગરનું ન હોઈ શકે, એ અપેક્ષાએ શ્રી જૈનશાસનના આધારભૂત પ્રથમ ગણધર કે સંઘ જ તીર્થરૂપ જાણવું. તે તીર્થ ઉત્પન્ન થયા પછી જે સિદ્ધ થયા, તે 'તીર્થસિદ્ધો' છે. જેમ કે-ગણધરો.

અતીર્થસિદ્ધોને કહે છે કે-અતીર્થ એટલે તીર્થનો અભાવ. અને અભાવ એટલે ઉત્પત્તિનો અભાવ કે વ્યવચ્છેદ વિવક્ષિત છે. તે અતીર્થ હોયે છતે જે સિદ્ધ થયેલા, તે 'અતીર્થસિદ્ધો' છે ત્યાં તીર્થની ઉત્પત્તિના અભાવમાં સિદ્ધોના દૃષ્ટાન્તને કહે છે. જેમ કે-મરૂદેવા. મરૂદેવી આદિના સિદ્ધિના ગમનકાળમાં તીર્થ ઉત્પન્ન નહોતું થયું, પરંતુ પ્રભુના કેવલજ્ઞાનની પ્રાપ્તિ સાંભળી, સ્વપુત્રના વિયોગથી રડતી, પટલથી આવૃત્ત નેત્રવાળી, તે મરૂદેવીમાતાને હાથીના સ્કંધ ઉપર બેસાડી, વંદન માટે ચાલેલ ભરતજી થયે છતે, દૂરથી દિવ્ય ધ્વનિને સાંભળી હર્ષિત હૃદયવાળી, હર્ષના આંસુથી દૂર થયેલ ચક્ષુના આવરણવાળી મરૂદેવીમાતા, વિભુના વૈભવને જોઈ વિચારવા લાગી કે-'મેં પુત્રના સ્નેહથી બે આંખો તેજોહીન કરી નાંખી, આ ઋષભે તો સંદેશો કોઈ જ્ઞાતનો મોકલ્યો જ નહીં.' આ પ્રમાણે વિચારીને પુત્રસ્નેહને દૂર કરી, વૈરાગ્યવાળી માતા, ઘાતીકર્મના ક્ષયથી કેવલજ્ઞાનવાળી, હાથીના સ્કંધ ઉપર જ તે મરૂદેવા માતાજી મોક્ષમાં પહોંચી ગયા. તેથી તીર્થસ્થાપના પહેલાં જ મુક્તિગમન થવાથી 'અતીર્થસિદ્ધા' કહેવાય છે. વળી તીર્થનો વ્યવચ્છેદ શ્રીચંદ્રપ્રભસ્વામી અને શ્રી સુવિધિનાથસ્વામીના વચગાળામાં થયો હતો. ત્યાં જેઓ જાતિસ્મરણ આદિથી મોક્ષ પામી સિદ્ધ થયેલા છે, તેઓ પણ 'અતીર્થસિદ્ધો' કહેવાય છે.

○ આ સિદ્ધોની સત્પદપ્રરૂપણા, દ્રવ્ય-કાળ-અંતરોની અપેક્ષાએ, પરંપરાએ અલ્પબહુત્વનો વિચાર કરતાં તીર્થંકરતીર્થમાં, તીર્થકરીતીર્થમાં અને અતીર્થમાં આ તીર્થસિદ્ધો-અતીર્થસિદ્ધો સિદ્ધ થાય છે.

○ એકીસાથે સમયમાં ઉત્કર્ષથી ચાર તીર્થંકરો સિદ્ધ થાય છે.

○ અતીર્થંકરો ૧૦૮, સ્ત્રીઓ ૨૦ અને તીર્થંકરીઓ ૨ સિદ્ધ થાય છે.

○ તીર્થંકરતીર્થમાં અથવા તીર્થંકરીતીર્થમાં અતીર્થંકર સિદ્ધો, ઉત્કૃષ્ટથી આઠ (૮) સમય સુધી તીર્થંકરો અને તીર્થકરીઓ બે બે સમય સુધી નિરંતરતાથી સિદ્ધ થાય છે.

○ તીર્થંકરનો હજાર પૂર્વપૃથકત્વ (૨ થી ૯ સંખ્યાવાચક શબ્દ પૃથકત્વ છે.) ઉત્કર્ષથી અંતર છે.

તીર્થકરીઓનો અનંતકાળ સુધીનું અંતર છે, અતીર્થંકરોનો અધિક સહિત એક વર્ષ સુધીનું અંતર છે અને નોતીર્થસિદ્ધોનો સંખ્યાતા હજાર વર્ષોનું અંતર છે. નોતીર્થસિદ્ધ એટલે પ્રત્યેકબુદ્ધો સમજવા. જઘન્યથી સર્વત્ર પણ સમય છે.

○ સહુથી થોડા તીર્થકરી સિદ્ધો છે. તેના કરતાં તીર્થકરીના તીર્થમાં પ્રત્યેકબુદ્ધ સિદ્ધો સંખ્યાતગુણા છે. તેઓ કરતાં પણ તીર્થકરીના તીર્થમાં અતીર્થંકરી સિદ્ધો સંખ્યાતગુણા છે. તેઓ કરતાં પણ તીર્થકરીતીર્થમાં

અતીર્થંકર સિદ્ધો સંખ્યાતગુણા છે. તેઓ કરતાં પણ તીર્થકર સિદ્ધો અનંતગુણા છે. તેઓ કરતાં પણ તીર્થકરતીર્થમાં પ્રત્યેકબુદ્ધ સિદ્ધો સંખ્યાતગુણા છે. તેઓ કરતાં પણ તીર્થકરતીર્થમાં સાધ્વીસિદ્ધો સંખ્યાતગુણા છે. તેઓ કરતાં પણ તીર્થકરતીર્થમાં અતીર્થંકરસિદ્ધો સંખ્યાતગુણા છે. ઇતિ.

अथ गृहिलिङ्गसिद्धानाह -

पूर्वभवाऽऽसेवितसर्वविरतिसामर्थ्यजन्यकेवलज्ञान ज्ञानप्राप्त्यूर्ध्वं बहुलायुषोऽभावाद्गृहस्थावस्थायामेवान्तर्मुहूर्त्ताभ्यन्तरे मुक्ता गृहिलिङ्गसिद्धाः । यथा भरतचक्रीत्युच्यते ।३८।

पूर्वभवेति । लिङ्गं त्रिविधं पुंस्त्रीनपुंसकभेदात्, अथवा द्विविधं द्रव्यभावभेदात् । तत्र द्रव्यलिङ्गं त्रिविधं गृहिलिङ्गमन्यलिङ्ग स्वलिङ्गञ्चेति, एतत्सर्वापेक्षया क्रमेण विचार्यते तत्र प्रथमं गृहिलिङ्गं वक्ति पूर्वेत्यादिना । गृहिणां लिङ्गं दीर्घकेशकच्छबन्धादि गृहिलिङ्गम् । भावलिङ्गं श्रुतज्ञानक्षायिकसम्यक्त्वचरणानि तेषु च वर्त्तमाननयचिन्तया किञ्चिदनुवर्तते किञ्चिन्निवर्तते क्षायिकसम्यक्त्वमनुवर्तते श्रुतचरणे तु निवर्त्तते न तद्विना कस्यचित्सिद्धत्वमित्यभिप्रेत्याव्यवहितप्राग्जन्मनि तददर्शनेऽपि तत्पूर्वजन्मापेक्षया द्रव्यचारित्रसत्त्वमेतज्जन्मनि च ज्ञानसत्त्वं सूचयन्नत्र गृहिलिङ्गसिद्धत्वं व्याख्यत् । दृष्टान्तमाह यथेति । केवलज्ञानोत्पत्त्यपेक्षया निदर्शनमिदं, उत्पन्नकेवलानामवश्यं मोक्षनियमात् । अन्यथा केवलप्राप्त्यनन्तरं देवार्पितसाधुद्रव्यलिङ्गस्य धारणपूर्वकं विहरणेन भव्यप्रतिबोधस्य शास्त्रे श्रुतस्य विरोधापत्तेः, अत एवोच्यत इत्युक्तम् । अत्र निरुपचरितनिदर्शनं तु मरुदेवीप्रभृतयः ॥

હવે ગૃહિલિંગ સિદ્ધોને કહે છે-

ભાવાર્થ - પૂર્વભવમાં આરાધેલ સર્વવિરતિના સામર્થ્યથી જન્ય કેવલજ્ઞાનવાળાઓ, જ્ઞાનપ્રાપ્તિ પછી ઘણા આયુષ્યનો અભાવ હોવાથી ગૃહસ્થ અવસ્થામાં જ, અંતર્મુહૂર્તમાં મુક્ત થયેલા 'ગૃહિલિંગ સિદ્ધો' કહેવાય છે. જેમ કે-ભરતચક્રવર્તી.

વિવેચન - લિંગ, પુરુષ-સ્ત્રી-નપુંસકના ભેદથી ત્રણ પ્રકારનું છે, અથવા દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનું છે. દ્રવ્યલિંગ, ગૃહિલિંગ-અન્યલિંગ-સ્વલિંગના ભેદથી ત્રણ પ્રકારનું છે. આ સઘળાની અપેક્ષાએ કર્મથી વિચારાય છે. ત્યાં પહેલાં ગૃહિલિંગ કહે છે કે-'પૂર્વ' ઇત્યાદિ. અર્થાત્ ગૃહસ્થોનું લાંબા કેશ, કાછડી-કચ્છોટો બાંધવો વગેરે રૂપ જે લિંગ, તે 'ગૃહિલિંગ' કહેવાય છે.

ભાવલિંગ-શ્રુતજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ અને ચારિત્રો ભાવલિંગ કહેવાય છે. વળી તેઓ પૈકી વર્તમાન નયના વિચારથી પાછળ ક્ષાયિક સમ્યક્ત્વ અનુગામી થાય છે. શ્રુત, ચારિત્ર અટકી જાય છે-સહચારી થતા નથી પરંતુ તેના સિવાય સિદ્ધપણું નથી. આવો અભિપ્રાય રાખીને અવ્યવહિત પૂર્વજન્મમાં તે

શ્રુત, ચારિત્રના દર્શન નહીં હોવા છતાં, તેના પૂર્વજન્મની અપેક્ષાએ દ્રવ્યચારિત્રની સત્તા અને ચાલુ જન્મમાં જ્ઞાનની સત્તાનું સૂચના કરનારે અહીં ગૃહિલિંગ સિદ્ધપણાની વ્યાખ્યા કરેલ છે. દૃષ્ટાન્તને કહે છે કે-'યથેતિ.' કેવલજ્ઞાનની ઉત્પત્તિની અપેક્ષાએ આ દૃષ્ટાન્ત છે, કેમ કે-કેવલીઓનો અવશ્ય મોક્ષનો નિયમ છે. અન્યથા (નહીંતર) કેવલપ્રાપ્તિ પછી દેવે આપેલા સાધુના વેશના ધારણપૂર્વક વિહાર કરી ભવ્ય જીવોનો પ્રતિબોધ, જે શાસ્ત્રમાં સાંભળેલ છે તેની સાથે વિરોધ આવી જાય !

અહીં નિરૂપચરિત દૃષ્ટાન્ત તો મરૂદેવી વગેરેનું જાણવું.

अन्यलिङ्गसिद्धानाह -

भवान्तराऽऽसेवितसर्वविरतिजन्यकेवलज्ञाना अल्पायुष्कास्सन्तस्तापसादिलिङ्गेनान्तर्मुहूर्त्तान्तरे मुक्ता अन्यलिङ्गसिद्धाः । यथा वल्कलचीरी ।३९।

भवान्तरेति । आदिना भौतपरिव्राजकादितीर्थान्तरीयलिङ्गं ग्राह्यम् । स्पष्टं । दृष्टान्तमाह यथेति । प्रसन्नचन्द्रर्षेर्भ्राताऽयं स्वपितुस्समीपे वसन् वृक्षत्वगादिपरिवसनो गुणनिष्पन्नाभिधानः पितुस्तुम्बीं प्रतिलेख्यमानां कदाचित्समीक्ष्य समुत्पन्नजातिस्मृतिः पूर्वभवासेवितसर्वविरतिमहिम्नाऽत्र समधिगतकेवलज्ञानो मुक्तिं तल्लिङ्ग एव प्रपन्न इति तस्यान्यलिङ्गसिद्धत्वं, भावापेक्षया स्वलिङ्गसिद्धत्वञ्च विज्ञेयम् ॥

અન્યલિંગ સિદ્ધોને કહે છે-

ભાવાર્થ - ભવાન્તરમાં આરાધેલ સર્વવિરતિજન્ય કેવલજ્ઞાનવાળાઓ, અલ્પ આયુષ્યવાળાઓ, તાપસ આદિના વેશથી અંતર્મુહૂર્ત્તમાં સિદ્ધ થયેલા 'અન્યલિંગ સિદ્ધો' કહેવાય છે. જેમ કે-વલ્કલચીરી.

વિવેચન - અહીં આદિ પદથી ભૌત-પરિવ્રાજક આદિ તીર્થાન્તરિયોનું લિંગ (વેશ) ગ્રહણ કરવું સ્પષ્ટ છે. જેમ કે-વલ્કલચીરી. પ્રસન્નચંદ્ર ઋષિના ભાઈ, પોતાના પિતાની પાસે રહેતાં વૃક્ષની છાલ વગેરે વસ્ત્ર પહેરનાર, ગુણસિદ્ધ નામવાળા વલ્કલચીરી, પિતા વડે પડિલેહણ કરાતી કદાચ તુંબડીને જોઈને જાતિસ્મરણજ્ઞાનની ઉત્પત્તિવાળા, પૂર્વભવમાં આરાધેલ સર્વવિરતિના મહિમાથી અહીં કેવલજ્ઞાનની ઉત્પત્તિવાળા બની, તે તાપસના વેશમાં જ મુક્તિએ ગયા. આ પ્રમાણે તે વલ્કલચીરીનું અન્યલિંગ સિદ્ધપણું છે અને ભાવની અપેક્ષાએ સ્વલિંગ સિદ્ધપણું જાણવું.

स्वलिङ्गसिद्धानाह -

रत्नत्रयवन्तो रजोहरणादिलिङ्गेन युक्ता मुक्तास्स्वलिङ्गसिद्धाः । यथा साधवः ।४०।

रत्नत्रयेति । स्पष्टम् । निदर्शनमाह यथेति । शास्त्रोदितमूलोत्तरगुणयुक्ता न तदुणरहिताः केवलं भिक्षाचरा इति भावः । तत्र गृहिलिङ्ग एकसमय उत्कृष्टतश्चत्वारः अन्यलिङ्गे दश, स्वलिङ्गेऽष्टशतं सिद्धयन्ति । निरन्तरञ्च स्वलिङ्गेऽष्टौ समयाः अन्यलिङ्गे चत्वारस्समयाः,

गृहिलिङ्गे द्वौ समयौ । अन्तरन्तु सर्वेष्वपि जघन्यत एकस्समयः, उत्कर्षेणान्यलिङ्गे गृहिलिङ्गे च प्रत्येकं संख्येयानि वर्षसहस्राणि, स्वलिङ्गे साधिकं वर्षम् । गृहिलिङ्गसिद्धास्सर्वस्तोकाः तेभ्योऽप्यन्यलिङ्गसिद्धा असंख्येयगुणाः, तेभ्योऽपि स्वलिङ्गसिद्धा असंख्येयगुणा इति ॥

स्वलिंग सिद्धोने कहे छे-

भावार्थ - त्रण रत्नवाळाओ, रजोहरण आदि वेशथी युक्त, मुक्त थयेला 'स्वलिंग सिद्धो' कहेवाय छे. जेम के-साधुओ.

विवेचन - शास्त्रकथित मूल-उत्तरगुणथी युक्त, नहीं के ते गुणरहित मात्र भिक्षाचरो, एवो भाव समजवो.

○ त्यां गृहिलिंगमां एक समयमां उत्कृष्टथी चार (४), अन्यलिंगमां दश (१०) अने स्वलिंगमां एकसोआठ (१०८) सिद्ध थाय छे. निरंतरतानी अपेक्षाओ स्वलिंगमां आठ (८) समयो सुधी, अन्यलिंगमां चार (४) समयो सुधी अने गृहिलिंगमां बे समयो सुधी सिद्ध थाय छे.

○ अंतर तो सघळाओमां जघन्यथी एक समय छे, उत्कृष्टथी अन्यलिंगमां अने गृहिलिंगमां (दरेकमां) संख्याता हजारो वर्षो छे तथा स्वलिंगमां साधिक एक वर्ष छे.

○ गृहिलिंग सिद्धो सहुथी थोडा छे. तेओ करतां पण अन्यलिंग सिद्धो असंख्यातगुणा छे. तेओ करतां पण स्वलिंग सिद्धो असंख्यातगुणा छे.

अथ स्त्रीलिङ्गसिद्धानाचष्टे –

सम्यग्दर्शनादिमहिम्ना स्त्रीशरीरान्मुक्तास्त्रीलिङ्गसिद्धाः । यथा चन्दनाप्रभृतयः । रत्नत्रयेण पुरुषशरीरान्मुक्ताः पुरुषलिङ्गसिद्धाः । यथा गौतमगणधरादयः । कृत्स्नकर्मक्षयान्नपुंसकशरीरान्मुक्ता नपुंसकलिङ्गसिद्धाः । यथा गाङ्गेयः ।४१।

सम्यगिति । अत्र स्त्रीलिङ्गादिकं शरीरनिर्वृत्तिरूपं न तु वेदो नेपथ्यं वा, वेदसत्वे सिद्धत्वाभावात् । स्पष्टं मूलं, निदर्शनमाह यथेति । पुरुषलिङ्गसिद्धानाह रत्नत्रयेणेति स्पष्टम् । दृष्टान्तमाह-यथेति । नपुंसकलिङ्गसिद्धानाह कृत्स्नेति स्पष्टम्, निदर्शनमाह यथेति ॥

१. मूले सम्यग्दर्शनादिमहिम्नेति पदेन स्त्रीणामपि प्रवचनार्थाभिरुचिः षडावश्यककालिकोत्कालिकादिभेदभिन्नं श्रुतं सप्तदशविधसंयमस्याकलङ्कतया धारणं दुर्धरब्रह्मचर्यपालनं मासक्षपणादितपोऽनुष्ठानञ्च वर्त्तत इति सूचितम् । न च स्त्रीणां रत्नत्रयसम्भवेऽपि न तत्सम्भवमात्रं मुक्तिप्रापकं, किन्तु प्रकर्षप्राप्तमन्यथा दीक्षानन्तरमेव सर्वेषां मुक्तिपदप्राप्तिप्रसक्तेः, तत्प्रकर्षश्च स्त्रीणामसम्भवीति वाच्यम्, तासां तत्प्रकर्षासम्भवग्राहकप्रमाणाभावात् । न च स्वभावत एव स्त्रीत्वेन रत्नत्रयप्रकर्षो विरुद्धयते, आतपेन छायेवेति वाच्यम्, अदृष्टेन सह विरोधावधारणासम्भवात्, यस्मादनन्तरं मोक्षपदप्राप्तिस्स हि रत्नत्रयप्रकर्षः, स चायोग्यवस्था चरमसमये, अयोग्यवस्था चास्माद्दशामप्रत्यक्षेति । न च सर्वोत्कृष्टपदप्राप्तिसर्वोत्कृष्टाध्यवसायेन भवति, सर्वोत्कृष्टञ्च दुःखस्थानं सुखस्थानञ्च,

હવે સ્ત્રીલિંગ સિદ્ધો કહે છે-

ભાવાર્થ - સમ્યગ્દર્શન આદિના મહિમાથી, સ્ત્રીશરીરથી મુક્ત થયેલા 'સ્ત્રીલિંગ સિદ્ધો' કહેવાય છે. જેમ કે-ચંદના વગેરે.

ત્રણ રત્નોથી, પુરુષ શરીરથી સિદ્ધ થયેલ 'પુરુષલિંગ સિદ્ધો' કહેવાય છે. જેમ કે- ગૌતમ ગણધર વગેરે.

સકલ કર્મના ક્ષયથી નપુંસક શરીરથી મુક્ત થયેલા 'નપુંસકલિંગ સિદ્ધો' કહેવાય છે. જેમ કે-ગાંગેય.

વિવેચન - અહીં સ્ત્રીલિંગ આદિ, શરીરની આકૃતિરૂપ જાણવું, પરંતુ વેદ કે વેષરૂપ નહીં કેમ કે-વેદની સત્તામાં સિદ્ધપણાનો અભાવ છે. મૂલ સ્પષ્ટ છે. [મૂલમાં 'સમ્યગ્દર્શન આદિ મહિમાથી'- એ પદથી સ્ત્રીઓને પણ પ્રવચનના અર્થની રુચિ, છ આવશ્યક, કાલિક-ઉત્કાલિક આદિ ભેદવાળું શ્રુતજ્ઞાન, સત્તર (૧૭) પ્રકારનું અકલંકપણે સંયમનું ધારણ કરવું, દુર્ધર બ્રહ્મચર્યનું પાલન તેમજ માસક્ષપણ આદિ તપનું આવરણ હોય છે, એમ સૂચિત કરેલ છે.]

શંકા - સ્ત્રીઓમાં પણ રત્નોનો સંભવ છતાં, તેનો સંભવ માત્ર મુક્તિપ્રાપક થતો નથી પરંતુ ઉત્કૃષ્ટ કોટિની રત્નત્રયી મુક્તિપ્રાપક બને છે. જો એમ ન હોય, તો દીક્ષાની સાથે જ સર્વ જીવોની મુક્તિપદની પ્રાપ્તિનો પ્રસંગ આવી જાય ! અને રત્નત્રયીનો ઉત્કર્ષ સ્ત્રીઓમાં અસંભવિત છે.

સમાધાન - તે સ્ત્રીઓમાં રત્નત્રયીના ઉત્કર્ષના અસંભવના ગ્રાહકપ્રમાણનો અભાવ હોવાથી સ્ત્રીઓમાં રત્નત્રયીનો ઉત્કર્ષ છે જ.

શંકા - જેમ આતપની સાથે સ્વભાવથી જ છાયા વિરુદ્ધ છે, તેમ સ્ત્રીપણાની સાથે રત્નત્રયીનો પ્રકર્ષ વિરુદ્ધ જ છે.

સમાધાન - છાયા અને આતપ તો દૃષ્ટ છે, જ્યારે નહીં દેખાયેલા સ્ત્રીપણાની સાથે અદૃષ્ટ રત્નત્રયીપ્રકર્ષના વિરોધના નિશ્ચયનો અસંભવ છે. ખરેખર, જેના પછી તરત જ મોક્ષપદની પ્રાપ્તિ, તે રત્નત્રયીનો પ્રકર્ષ કહેવાય છે અને તે રત્નત્રયીનો પ્રકર્ષ અયોગી અવસ્થાના છેલ્લા સમયમાં હોય છે. અયોગી અવસ્થા અમારા જેવા છદ્મસ્થોને પ્રત્યક્ષદૃષ્ટ નથી.

सर्वोत्कृष्टदुःखस्थाने सप्तमनरकपृथिव्यां स्त्रीणां गमनं निषिद्धं शास्त्रे, तासां तथाविधाध्यवसायविरहात् अत एव चानुमीयते तासामुत्कृष्टाध्यवसायविरहात्सर्वोत्कृष्टसुखस्थानं निर्वाणं नास्तीति वाच्यम्, स्त्रीणां निःश्रेयसं प्रति सर्वोत्कृष्टमनोवीर्यपरिणत्यभावनिश्चायकप्रमाणाभावात्, नहि भूमिकर्षणादिकं कर्त्तुमशक्नुवतश्शास्त्रावगाहनेऽपि सामर्थ्याभावो निश्चेतुं पार्यते, प्रत्यक्षविरोधात् । न च सम्मूर्च्छिमादिषूभयमपि प्रति सर्वोत्कृष्टमनोवीर्यपरिणत्यभावो दृष्ट इत्यत्रापि तथानुमीयत इति वाच्यम्, बहिर्व्याप्तिमात्रेण हेतोर्गमकत्वाभावात्, अन्तर्व्याप्त्या हि गमकः, सा च प्रतिबन्धबलात्सिद्ध्यति न चात्र सोऽस्ति, सप्तमपृथिवीगमनस्य निर्वाणगमनहेतुत्वाभावात्, चरमशरीरिणां सप्तमपृथिवीगमनमन्तरेणैव निर्वाणगमनाच्च, सम्मूर्च्छिमादीनान्तु भवस्वाभाव्यादेव यथावत्सम्यग्दर्शनादि-प्रतिपत्त्यसंभवेन निर्वाणगमनाभावः । भुजपरिसर्पपक्षिचतुष्पदोरगाणां यथाक्रममधो यावद् द्वितीयतृतीयचतुर्थ-पञ्चमपृथिवीगमनेऽप्यूर्ध्वं सर्वोषामुत्कर्षतो यावत्सहस्रारं गमनात् नाधोगतिविषये मनोवीर्यपरिणतिवैषम्ये ऊर्द्ध्वगतावपि तद्वैषम्यमनुमातुं शक्यत इति ॥

शंका - सर्वोत्कृष्ट पदनी प्राप्ति सर्वोत्कृष्ट अध्यवसायथी थाय छे अने सर्वोत्कृष्ट दुःखस्थान अने सुखस्थान छे. सर्वोत्कृष्ट दुःखस्थानरूप सातमी नारकीमां स्त्रीओनुं गमन निषिद्ध छे. शास्त्रमां कह्युं छे के - ते स्त्रीओने तथाविध अध्यवसायनो अभाव छे, एथी ज अनुमान कराय छे के-ते स्त्रीओने उत्कृष्ट अध्यवसायना अभावथी सर्वोत्कृष्ट सुखस्थानरूप मोक्ष नथी.

समाधान - स्त्रीओना मोक्ष प्रत्ये सर्वोत्कृष्ट मनोवीर्य परिणतिना अभावना निश्चायक प्रमाणनो अभाव छे. वळी एम कहेवाय के-जे भूमि खोदवानी शक्ति वगरनो छे, ते शास्त्रावगाहनमां पण शक्ति वगरनो छे, केम के-प्रत्यक्षनो विरोध छे.

शंका - संमूर्च्छिम आदिमां उत्कृष्ट सुखस्थान-दुःखस्थान प्रत्ये पण सर्वोत्कृष्ट मनोवीर्य परिणतिनो अभाव दृष्ट छे. एथी अहीं प्रकृतमां पण तेवी रीते अनुमान कराय तो शो वांधो ?

समाधान - बहिर्व्याप्ति मात्रथी हेतु गमक थतो नथी, परंतु अंतर्व्याप्तिथी ज हेतु गमक थाय छे. ते अंतर्व्याप्ति प्रतिबंध(अन्वय व्यतिरेक अन्यथानुपपत्ति)ना बळथी सिद्ध थाय छे. अहीं ते प्रतिबंध नथी, केम के-निर्वाणगमन प्रत्ये सप्तम पृथ्वीगमनमां हेतुपणानो अभाव छे, केम के-चरमशरीरीओ सातमी नारकीमां गमन कर्या सिवाय ज निर्वाणमां जाय छे. वळी संमूर्च्छिम आदिमां तो भवना स्वभावना कारणे ज यथार्थ सम्यग्दर्शन आदिना प्रतिपत्तिनो असंभव होई मोक्षगमननो असंभव छे. वळी भूजपरिसर्प-पक्षी-चतुष्पद-उरपरिसर्पोनुं क्रमसर नीचे, बीजी नारकी-त्रीजी नारकी-चोथी नारकी अने पांचमी नारकीमां गमन होवा छतां, ऊंचे ते सघळा भूजपरिसर्प आदि चारेयनुं उत्कर्षथी आठमा सहस्रार देवलोक सुधी गमन होवाथी, अधोगतिना विषयमां मनोवीर्य परिणतिमां विषमता छे. परंतु उर्ध्वगतिमां पण ते वैषम्यनुं अनुमान न करी शकाय, केम के-समानता छे. दृष्टान्तने कहे छे के-'यथेति.' जेम के-चंदना वगेरे.

प्रत्येकबुद्धसिद्धानाचष्टे -

एकनिमित्तमात्रदर्शनजन्यवैराग्यास्तत्कालसम्प्राप्तरत्नत्रया मुक्ताः प्रत्येकबुद्धसिद्धाः। यथा करकण्डुद्विमुखनमिराजर्षिप्रभृतयः ।४२।

उपदेशेति । बुद्धैराचार्यादिभिर्बोधितास्सन्तो ये सिद्धास्ते प्रत्येकबुद्धसिद्धा इति भावः, निदर्शनमाह यथेत । बाह्यवृषभादिप्रत्ययसापेक्षा करकण्ड्वादीनां बोधिः । एषां जघन्यत उपधिर्द्विविध उत्कर्षेण नवविधः प्रावरणवर्जः, तथा पूर्वाधीतं श्रुतं नियमतो भवति, तच्च जघन्यत एकादशाङ्गानि, उत्कृष्टतः किञ्चिन्न्यूनानि दशपूर्वाणि, लिङ्गं तेभ्यः कदाचिद्देवता प्रयच्छति कदाचिच्च लिङ्गरहिता अपि भवन्ति ॥

प्रत्येकबुद्ध सिद्धोने कहे छे-

भावार्थ - एक मात्र बाह्य निमित्तना दर्शनथी जन्य वैराग्यवाळा, तत्काळ रत्नत्रयीने पामेलाओ, मुक्त थनारा 'प्रत्येकबुद्ध सिद्धो' कहेवाय छे. जेम के-करकंडू-द्विमुख-नमिराजर्षि वगेरे.

विवेचन - જેઓ બાહ્ય નિમિત્તની અપેક્ષા રાખી બુદ્ધ થાય છે, તેઓ 'પ્રત્યેકબુદ્ધો' કહેવાય છે. તે બાહ્ય નિમિત્તથી જાગેલાઓ હોતા જે સિદ્ધ થાય છે, તે પ્રત્યેકબુદ્ધ સિદ્ધો છે. દૃષ્ટાન્તને કહે છે કે-'યથેતિ.' બહારના ઋષભ આદિ નિમિત્તની અપેક્ષાવાળી કરકંડૂ આદિની બોધિ છે આ પ્રત્યેકબુદ્ધોની ઉપધિ જઘન્યથી બે પ્રકારની છે અને ઉત્કૃષ્ટથી પ્રાવરણ સિવાયની નવ પ્રકારની છે. તેવી રીતે પૂર્વે અભ્યસ્ત કરેલું શ્રુત નિયમથી હોય છે અને તે શ્રુત જઘન્યથી અગિયાર (૧૧) અંગો છે તથા ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન દશ (૧૦) પૂર્વો છે. તે પ્રત્યેકબુદ્ધોને કદાચિત્ દેવ વેષ આપે છે અને કદાચિત્ વેષ વગરના પણ હોય છે.

स्वयम्बुद्धसिद्धानाह -

निमित्तदर्शनमन्तरा बोधप्राप्तिपूर्वकं केवलिनो मुक्तास्स्वयम्बुद्धसिद्धाः । यथा कपिलादयः ।४३।

निमित्तेति । स्वयम्बुद्धा बाह्यप्रत्ययमन्तरेण स्वयमेव निजजातिस्मरणादिना बुद्धाः, ते च तीर्थकरास्तीर्थकरव्यतिरिक्ताश्च, एषामुपधिर्द्वादशविध एव पात्रादिकः । पूर्वाधीतं श्रुतञ्च भवति न वा, यदि भवति ततो लिङ्गं देवता वा प्रयच्छति, गुरुसन्निधिं गत्वा वा प्रतिपद्यन्ते, यदि चैकाकिनो विहरणसमर्था इच्छा च तेषां तथारूपा जायते तत एकाकिनो विहरन्ति, अन्यथा गच्छवासेऽवतिष्ठन्ते । अथ पूर्वाधीतं श्रुतं न भवति तर्हि नियमादुरुसन्निधिं गत्वा लिङ्गं प्रतिपद्यन्ते गच्छञ्चावश्यं न मुञ्चन्ति, एतत्सर्वं तीर्थकरव्यतिरिक्तानां बोध्यम्, दृष्टान्तमाह यथेति ॥

स्वयंबुद्ध सिद्धोनुं कथन-

भावार्थ - નિમિત્તદર્શન સિવાય, બોધની પ્રાપ્તિપૂર્વક કેવલીઓ, મુક્ત થયેલા 'સ્વયંબુદ્ધ સિદ્ધો' કહેવાય છે. જેમ કે-કપિલ આદિ.

विवेचन - સ્વયંબુદ્ધો, બાહ્ય નિમિત્ત વગર પોતે જ પોતાના જાતિસ્મરણ આદિથી બોધિ પામેલાઓ હોય છે અને તેઓ તીર્થંકર સિવાયના હોય છે. આ સ્વયંબુદ્ધોની ઉપધિ, પાત્ર વગેરે બાર પ્રકારની હોય છે. પૂર્વ અભ્યસ્તશ્રુત હોય ખરું કે ન પણ હોય. જો શ્રુત હોય છે, તો તેઓને દેવ વેષ આપે છે અથવા ગુરુ પાસે જઈ વેષને સ્વીકારે છે. વળી તેઓ એકલા વિહાર કરવા માટે સમર્થ હોય છે અને જો તેવી ઇચ્છા થાય તો તેઓ એકલા વિચરે છે, નહિ તો ગચ્છાવાસમાં રહે છે. જો પૂર્વ અધિત શ્રુત ન હોય, તો નિયમથી તેઓ ગુરુ પાસે જઈ વેષને સ્વીકારે છે અને ગચ્છને અવશ્ય છોડતા નથી. આ બધું તીર્થંકર સિવાયના સ્વયંબુદ્ધોમાં જાણવું. જેમ કે-કપિલ વગેરે.

बुद्धबोधितसिद्धानाह -

उपदेशजन्यप्रतिबोधा अवाप्तरत्नत्रया मुक्ता बुद्धबोधितसिद्धाः । यथा जम्बूस्वामिप्रभृतयः ।४४।

उपदेशेति । बुद्धैराचार्यादिभिर्बोधितास्सन्तो ये सिद्धास्ते बुद्धबोधितसिद्धा इति भावः दृष्टान्तं दर्शयति यथेति ॥

બુદ્ધબોધિત સિદ્ધોનું વર્ણન-

ભાવાર્થ - ઉપદેશથી જન્ય પ્રતિબોધવાળા, રત્નત્રયીને પામનારાઓ, મુક્ત થયેલા 'બુદ્ધબોધિત સિદ્ધો' કહેવાય છે. જેમ કે-જંબૂસ્વામી વગેરે.

વિવેચન - બુદ્ધ એટલે આચાર્ય વગેરેથી બોધવાળા હોતા જેઓ સિદ્ધ થયા, તેઓ 'બુદ્ધબોધિત સિદ્ધો' છે. જેમ કે-જંબૂસ્વામી વગેરે.

एकसिद्धानाह -

इतरानवाप्तमुक्तिकैकसमयावाप्तमुक्तिका एकसिद्धाः । यथा श्रीमहावीर स्वामिनः । एकस्मिन् समयेऽनेकैस्सह मुक्ता अनेकसिद्धाः । यथा ऋषभदेवाद्याः ॥ इति मोक्षतत्त्वनिरूपणम् ।४५।

इतरेति । एकस्मित्रेकस्मिन् समये एकका एव सन्तो ये सिद्धास्त एकसिद्धा इत्यर्थः, निदर्शनमाह यथेति । अनेकसिद्धानाह एकस्मिन्निति । एकस्मिन् समयेऽनेके सिद्धा अनेकसिद्धा इत्यर्थः । दृष्टान्तमाह-यथेति । मोक्षतत्त्वं निगमयति इतीति ॥

એક સિદ્ધોનું વર્ણન-

ભાવાર્થ - બીજાઓની સાથે મુક્તિ નહીં પામનારા, એક સમયમાં એકલા જ મુક્તિને પામેલાઓ 'એક સિદ્ધો' કહેવાય છે. જેમ કે-શ્રી મહાવીરસ્વામી. એક સમયમાં અનેકોની સાથે મુક્ત થયેલા 'અનેક સિદ્ધો' કહેવાય છે. જેમ કે-શ્રી ઋષભદેવ વગેરે.

આ પ્રમાણે મોક્ષતત્ત્વનું નિરૂપણ પૂર્ણ થાય છે.

વિવેચન - એક સમયમાં એકલા જ હોતા જેઓ સિદ્ધ થયેલા છે, તેઓ 'એકસિદ્ધો' કહેવાય છે. એક સમયમાં અનેક (ઉત્કૃષ્ટથી ૧૦૮) સિદ્ધ થાય છે, તેઓ 'અનેકસિદ્ધો' કહેવાય છે.

મોક્ષતત્ત્વનો ઉપસંહાર કરે છે કે - 'इतीति.'આ પ્રમાણે મોક્ષતત્ત્વનું નિરૂપણ સમાપ્ત થાય છે.

मुक्त्युपायभूतां सम्यक्श्रद्धां निगमयति -

सम्यक्श्रद्धा यथाशास्त्रं सविभागा सलक्षणा ।
संक्षेपेण समाख्याता स्यान्मोदाय विपश्चिताम् ।४६।

---

१. उत्कृष्टतोऽष्टोत्तरशतसंख्या वेदितव्या ॥

सम्यक्श्रद्धेति । प्रशंसार्थे सम्यगिति निपातस्तत्त्वञ्च श्रद्धायां यथावस्थितार्थपरिच्छेदित्वं परापेक्षामन्तरोपजायमानत्वं वा, अथवा समञ्चति सर्वान् द्रव्यपर्यायान् व्याप्नोतीति सम्यक् द्रव्यपर्यायनयद्वयापेक्षया जीवादयोऽर्थास्तत्र यदा दृष्टिः प्रवर्त्तते तदा रुचिरूपां श्रद्धामञ्चति अतः सम्यक्, द्रव्यपर्यायनयद्वयापेक्षया जीवादयोऽर्थास्तत्र यदा दृष्टिः प्रवर्त्तते तदा रुचिरूपां श्रद्धामञ्चति अतः सम्यक्, सा चासौ श्रद्धा च सम्यक्श्रद्धा अविपरीतार्थग्राहिणी रुचिरित्यर्थः । समाख्यातेत्यग्रेतनेनान्वयः । कथं समाख्यातेत्यत्राह सविभागा सलक्षणेति **लक्षणविभागाभ्यां** निरूपितेति भावः । निरूपणेऽस्मिन् श्रोतृजनग्राह्यतासम्पादनाय प्रामाणिकत्वमस्याविष्करोति, यथाशास्त्रमिति । शास्त्रमनुसृत्यैव प्रोक्ता न तु कल्पनयेति भावः । ग्रन्थस्यास्य प्रणयने हेतुं दर्शयति संक्षेपेणेति । आगमानामतिविस्तृतत्वेन व्युत्पन्नकल्पानां सुगमतया **आगमार्थ**-बोधार्थमयं प्रयास इति भावः । तदिदं प्ररूपणं शास्त्रानुसारित्वात्सङ्ग्रहरूपत्वाच्च विपश्चितां विवेचनाचतुराणां परित्यक्तमनोमालिन्यानां मोदायानन्दाय भवेदेवेत्याशयमाह स्यान्मोदाय विपश्चितामिति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार**श्रीमद्विजयकमलसूरीश्वर**-
चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा**-
विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाश**
व्याख्यायां मोक्षनिरूपणनामा
दशमः किरणः समाप्तः
॥ समाप्तोऽयं सम्यक्श्रद्धाख्यः प्रथमो भागः ॥

મુક્તિના ઉપાયભૂત સમ્યક્ શ્રદ્ધાનો ઉપસંહાર કરે છે કે-

મૂલ - લક્ષણ અને વિભાગપૂર્વક, શાસ્ત્ર અનુસારે, સંક્ષેપથી નિરૂપિત કરેલી, સમ્યક્ શ્રદ્ધા, પંડિતોના આનંદ માટે થાઓ.

'सम्यक्श्रद्धेति' અહીં 'સમ્યક્' અવ્યય પ્રશંસાવાચક છે. શ્રદ્ધામાં સમ્યક્પણું એટલે યથાર્થ પદાર્થનું જ્ઞાન છે અથવા બીજાની અપેક્ષા સિવાયની ઉત્પત્તિ છે. અથવા સર્વ દ્રવ્યપર્યાયોને વ્યાપ્ત થાય તે 'સમ્યક્' દ્રવ્ય અને પર્યાયરૂપ બે નયોની અપેક્ષાએ જીવ વગેરે પદાર્થો છે. ત્યાં જ્યારે દૃષ્ટિ પ્રવર્તે છે, ત્યારે રુચિરૂપ શ્રદ્ધા વ્યાપે છે. એથી સમ્યક્ કહેવાય છે.

સમ્યક્ એવી શ્રદ્ધા-સમ્યક્ શ્રદ્ધા, અવિપરીત અર્થને ગ્રહણ કરનારી રુચિ, એવો અર્થ છે.

'समाख्याता' આ પ્રમાણેના આગળના પદની સાથે અન્વય છે. તે કેવી રીતે કહેલી છે ? તો કહે છે કે - 'सविभागासलक्षणेति.' લક્ષણ અને વિભાગથી નિરૂપિત કરેલી છે, એવો ભાવ છે. આ નિરૂપણમાં શ્રોતાજનની ગ્રાહ્યતાના સંપાદન માટે આના પ્રમાણિકપણાનો આવિષ્કાર કરે છે કે - 'यथाशास्त्रमिति.' આ સમ્યક્ શ્રદ્ધા શાસ્ત્ર અનુસારે નિરૂપિત કરેલી છે પરંતુ મતિકલ્પનાથી નહીં, એમ જાણવું.

આ ગ્રંથની રચનામાં હેતુને દર્શાવે છે કે - 'संक्षेपेणेति.' આગમોનો મતિ વિસ્તાર હોવાથી, જ્ઞાની આત્માઓને સુગમતાપૂર્વક આગમના અર્થના બોધ માટે આ પ્રયાસ છે, એવો ભાવ છે તેથી આ પ્રરૂપણા શાસ્ત્ર અનુસાર હોઈ, સંગ્રહરૂપ હોઈ, મનની મલિનતા વગરના વિવેચનમાં ચતુર પંડિતજનોના આનંદ માટે થશે જ.

ઇતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સ્થાપિત ભક્તિરસવાળા તેઓશ્રીના પટ્ટધર શ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'तत्त्वन्यायविभाकर'**ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામની વ્યાખ્યામાં-ટીકામાં મોક્ષ'નિરૂપણ' નામનું દસમું કિરણ સમાપ્ત થયેલ છે.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિ**એ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **દસમું કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

સમ્યક્શ્રદ્ધા નામનો આ પ્રથમ ભાગ સમાપ્ત થયો

● દશમું કિરણ સમાપ્ત ●

तत्त्वन्यायविभाकर प्रथम खण्ड

शुद्धि पत्रक

पृष्ठ नं.	पंक्ति नं.	अशुद्ध	शुद्ध
४	३	परमगुरुप	परमगुरूप
४	१३	विस्वर	विकस्वर
७	८	पुनद्विविधम्	पुनर्द्विविधम्
७	९	भव्यासत्त्वा	भव्यसत्त्वा
१९	११	मुच्लृ मोचन	मृच्लृ मोचने
२८	६	संजरनिर्ज रे,	संवरनिजरि,
२८	२३	तत्त्वेणु	तत्त्वेषु
३४	१	भूतावयव भेद	भूतावयवभेद
३४	१	द्वित्व बहुत्वा पेक्षया	द्वित्वबहुत्वापेक्षया
३४	१	शैत्रश्च	चैत्रश्च
३४	२	धवखदिर पलाशम्	धवखदिरपलाशम्
३९	१	बोधकर्षट्	बोधकर्षट्
४९	१२	'निरथिक'	'निरयत्रिक'
४७	२३	प्रवर्त्तते	प्रवर्त्तन्ते
५२	१०-११	क्रियावान	क्रियावान्
५६	१	गूढत्वासशरीर	गूढत्वसशरीर
५६	१६	करणाक-रणयोः	करणाकरणयोः
५६	१७	नित्यात्मानभ्युपगमे	नित्यात्मानमभ्युपगमे
७१	२	अल्पास्वत्वात्	अल्पस्वरत्वात्
८३	३	शरीरेन्द्रियो छ्वास भाषा	शरीरेन्द्रियोच्छ्वासभाषा
८४	१३	क्रियावान	क्रियावान्
९०	२३	बंध्वा	बंदध्वा
९१	१	विवेचान	विवेचन
९३	७	'न अखन्ति'	'न अरवन्ति'
९४	१४	अंगर	अंगार
९५	१	त्रिन्द्रिय	त्रीन्द्रिय
१०७	२०	गतिमत्व	गतिमत्त्व
११७	१८	अवाग्गाह	अवगाह
१२३	१३	जूर्ड	जूर्ड
१२९	५	'व्यावहारिक'	'व्यवहारिक'
१३३	१४	'अपरोक्ष धर्म'	'अपरोऽधर्म-'
१३६	१३	परिस्वन्द भूयस्त्व ज्ञान तो	परिस्पन्दभूयस्त्व-ज्ञानतो
१५६	१९	यथाऽऽकाशादयः	यथाऽऽकाशाद्यः
१८७	१९	छेडाय छे,	छोडाय छे,
१९१	७	त्याहङ्कमानीति /	त्याहेमानीति /
१९४	१	सहनन्	संहनन
१९९	१६	कांठामां	कोठामां
२११	२५	ग्रैवभवजीवितं	ग्रैवभवजीवितं
२१५	१५	चक्रधरमादीना	चक्रधरादीना
२२२	१०	हेतु ताडवसर	हेतुताऽवसर
२२२	११	कार्यैक्यं	कार्यैक्यं
२३५	२५	असवधानयोः	असमवधानयोः
२५९	१२	आक्षेपक	आपेक्षक
२६४	२	ज्ञवज्ञज्ञ	ज्ञवज्ञज्ञ
२६७	४	चारित्रीणमपि	चारित्रिणमपि
२७२	९	बीभत्स	बीभत्स
२८३	७/८	नाभेरूर्ध्व	नाभेरुर्ध्व
२८५	४	ताने वाह	तानेवाह
२९६	२१	कापटयेति	कापट्येति
३११	१५	यावदियम ॥	यावदियम् ॥
३२६	१	कर्माश्लेक्ष्यतितम्	कर्माश्लेक्ष्यति तम्
३४९	१६	भवांतर	भावान्तर
३५९	७	कृथन	क्रथन

पृष्ठ नं.	पंक्ति नं.	अशुद्ध	शुद्ध
३६४	२०	निव्यापारास्तिष्ठत	निर्व्यापारास्तिष्ठत
३८१	३	अविधिवाळा	अवधिवाळा
३८१	१७	सभायिक	सामायिक
३८१	१७	ઈ ક ષ્	ઈકષ્
४०४	२	आस्वादने	सास्वादने
४३८	१	उ्प्	उद्
४४७	११	नाव्यामि/	नाव्यामिः/
४५१	२०	सलायमान	चलायमान
४६६	१	देहपालजन्य	देहपालनजन्य
४९१	६	'धे-वृ', 'धि-वु'	'धेवृ', 'धिवु'
४९४	१८	कर्म भूम्यां	कर्मभूम्यां
४९५	२०	जन्मसद्भावा-भ्यां	जन्मसद्भावाभ्यां
५०२	६	सरीर	शरीर
५०७	८	त्रायत्रिंश	त्रायस्त्रिंश
५१०	९	पर्यवोपेता	पर्यायोपेता
५१२	२२	पतित्वं'	पतितत्त्वं'
५१५	१५	यताख्याताश्च	यथाख्याताश्च
५१८	६	होवे	होते
५२२	२	'अयुर्वर्ज'	'आयुर्वर्ज'
५२२	१८	'अष्टा'विति	'अष्टा'विति
५२४	२५	श्रेतत्त्वं	श्रेत्तत्त्वं
५२५	२६	'छेदोपस्थापनियत्वं'	'छेदोपस्थापनीयत्वं'
५२६	११	'श्रेणिप्रतिपातेनं'	'श्रेणिप्रतिपातेन'
५३०	२०	प्रतिभवमैकस्यौ	प्रतिभवमेकस्यै
५३४	२५	न्यूयन	न्यून
५३७	२१	चापूर्या	चापूर्या
५४१	३	तदुग्रस्य	तद्ग्रयस्य
५४२	२	यथाख्या-तास्तु	यथाख्यातास्तु
५४४	१०	सातमु	सातभा
५४७	१९	'प्रदेशोदयेन चं'	'प्रदेशोदयेन च'
५५०	५	प्रकारकनां	प्रकारनां
५५०	५	पम	पन्न
५६२	२५	तच्चाऽऽऽलोचन	तच्चाऽऽलोचन
५६४	२५	पादपोंछन	पादप्रोञ्छन
५६६	५	ईर्यामां,	ईर्यामां,
५६६	१६	निश्रयो	निश्चयो
५७२	२०	अशातना	आशातना
५८०	७	परमाणुवाणु	परिमाणवाणुं
५८२	७	अति	अर्त्ति
५८३	२, ७	'आर्त्त'	'आर्त्तध्यान'
५८६	२५	प्रच्छन	पृच्छन
५९२	१९	'पृथकत्ववितर्क'	'पृथक्त्ववितर्क'
५९७	२५,२६,२९	'पृथकत्ववितर्क'	'पृथक्त्ववितर्क'
५९८	१	'अनत्येद्दे'	'अन्त्येद्दे'
५९९	१२,१३,१५	पृथकत्ववितर्क	पृथक्त्ववितर्क
६२६	१६	परिपकवदशाने	परिपक्वदशाने
६२९	१६	(१२) प्रदोप	(१२) प्रदोष
६४४	९	आवरकत्व	आवारकत्व
६५४	२४	वर्त्तिनीभ्यसस्थितिभ्यः	वर्त्तिनीभ्यस्थितिभ्यः
६६१	२७	तस्मिञ्जापगते	तस्मिञ्जापगते
६६२	१९	सङ्क्रमापवर्त्तने	संक्रमसंक्रमणापवर्त्तने
६६७	१३	'कर्मपुद्गनाम्'	'कर्मपुद्गलानाम्'
६७८	२	होये	होते
६७८	८	'सुभेति'	'सुभेति'
६८१	१५	देवतिर्यङ	देवतिर्यङ्
६८१	१६	नरकादिगतो निर्गन्तुमिच्छतो	नरकादिगते निर्गन्तुमिच्छतो
६८७	१२	'शोधन्न'	'शोधन्नम्'
६९०	२	व्यङ्ग्यं	व्यङ्ग्यं
६९०	१५	विवृत्ताङ्ग्यस्ताः	विवृत्ताङ्ग्यस्ताः
६९१	६	निवृत्तस्तौ	निवृत्तिर्मुक्तौ
६९१	१३	विशिष्टहेतुत्वेऽपि	वैशिष्ट्यहेतुत्वेऽपि
६९६	४	अपवश्यक(३म)मां	अपवरक (३म) मां
६९७	७	पकर्षनो	प्रकर्षनो
७०२	३	कथे छे.	कहे छे.

पृष्ठ नं.	पंक्ति नं.	अशुद्ध	शुद्ध
७०२	५	'तद्वानित्ति.	'तद्वानिति.
७०२	१०	पप्रसिद्धै	प्रसिद्धै
७०४	१५	अव्यवो	अवयवो
७०५	३	शक्तिमत्व	शक्तिमत्त्व
७०६	६	तत्त्वक्रियास्वलम्बन	तत्त्वक्रियास्वालम्बन
७१२	२२	त्रिन्द्रियमार्गणा	त्रीन्द्रियमार्गणा
७१३	१३	उच्छासा	उच्छ्वासा
७१४	५	त्रिन्द्रिय	त्रीन्द्रिय
७१५	७	कोमलरप	कोमलरूप
७१५	२८	गंजारव	गुंजारव
७१६	२४	अशणियो	अशेणियो
७१७	४,५,७,८	द्विन्द्रिया	द्वीन्द्रिया
७१७	७, १०	त्रिन्द्रिय	त्रीन्द्रिय
७२१	४	कार्षा पण	कार्षापण
७३६	८	वियोजनाध्यवसाय	वियोजनाध्यवसायः
७३७	२	प्रदेशावगाढत्वञ्च	प्रदेशानगाढत्वञ्च
७४०	३,४,५,९	मृतपिंड	मृत्पिंड
७४६	१	नियत कालीयः	नियतकालीयः
७४७	१७	द्विन्द्रिय	द्वीन्द्रिय
७४९	१	(शोधनोमां)	(स्थानोमां)
७५३	१	असंख्यचाकाशेति	असंख्येयाकाशेति
७५३	२५	वागाहना	वगाहना
७५५	१	'व्यक्तपेक्षयेति'	'व्यक्त्यपेक्षयेति'
७५६	९	भावनाह	भावानाह
७६०	२८	अतीतकालिन	आतीतकालीन
७६२	७,१२	अतीतकालिन	आतीतकालीन
७६४	११	थये	गये
७६६	१७	कदाच	क्यारे'क
७७३	५	मति	अति
७७३	१५	दसमुं	दसमा

पृष्ठ नं.	पंक्ति नं.	अशुद्ध	शुद्ध
७२	७	द्रव्यमान	द्रव्यमन
१२२	४	चारामि	चरामि
१२२	१३	वर्त्तमानानां	वर्त्तना
१२९	५	જન્ય	જન્ય
१४६	१५	देवोत्पादोन	देवोत्पादन
२६४	१९	किन्त	किन्तु
३०३	२	सूत्र-११	सू.१२, सू.१३मुं समजवुं. सू.११, सू.१२ लेवुं.
३०३	४	व्यापृति	व्यावृति
३३०	२६	कषायदयो	कषायोदय
३४२	२६	सये	समये
३५०	१४	यदुदया	यदुदय
३९९	१२	अपाप	पाप
४०८	३	कमिदं	किमिदं
४०८	६	ता वन्नेयं	तावन्नेयं
४४६	१४	चूडवद्वित्व	चूडवद्वि-
४६०	१८	छे.	छे, नवमा गुणस्थानक सुधी.
४६६	२	रंग	रंक
५४६	१२	विधाक	विपाक
५७७	१९	प्रशस्त, अध्यवसाय	प्रशस्तअध्यवसाय
६१९	१३	कल्पयोग	काययोग
६४१	९	यावत्य	यावन्त्य
६४३	२८	संख्यात	असंख्यात
६४७	२२	ह्राव	ह्रास
७२२	नोंध	२, ७	१, २
७२३	३	त्वमर्थी	त्वामर्थी
७५४	२१	जातिमाश्रत्येति	जातमाश्रित्येति

પ્રસ્તુત ગ્રન્થનો રસાસ્વાદ

આ ગ્રંથમાં 'તત્ત્વ' અને 'ન્યાય'—આ બે વિષયો ઉપર પ્રકાશ ફેલાવવામાં આવ્યો છે, કે જેથી ગ્રંથને 'વિભાકર' સુર્યની ઉપમા અપાયેલ છે. જો કે 'ન્યાય' એ જ્ઞાનનું નિરુપણ છે અને જ્ઞાનનિરુપણ જીવ તત્ત્વાંતર્ગત છે, માટે તત્ત્વથી તે ભિન્ન છે. તેમ ગ્રંથના નામનો ધ્વનિ પ્રગટિત થતો નથી, પણ નવ તત્ત્વોમાં પ્રધાન તત્ત્વ જીવ છે. જીવનું પ્રધાન લક્ષણ જ્ઞાન છે અને જ્ઞાનસ્વરૂપ ન્યાય જ્ઞાનનો એક મહત્ત્વનો વિભાગ છે તેમ સૂચન કરવામાં આવ્યું છે. માટે જ ગ્રંથનું નામ **'તત્ત્વન્યાયવિભાકર'** હોવા છતાં તત્ત્વ અને ન્યાય એવા બે વિભાગ ન કરતાં ગ્રંથકારે જ્ઞાન, દર્શન અને ચારિત્ર—એમ ત્રણ વિભાગ કર્યા છે. તેમાં પ્રથમ બે વિભાગમાં વિભાજિત છે.

રચના - આ ગ્રંથની રચના અંગે પણ એક નાનો ઈતિહાસ છે. પૂ. મુનિ શ્રી પ્રભાવવિજયજી મહારાજે એક દિવસ સ્વ. પૂ. ગુરુદેવને વિનંતિ કરી કે-આપશ્રી કોઈ મારા જેવા અલ્પમતિ જીવોને બોધ થાય, તે માટે કોઈક સુંદર ગ્રંથ બનાવી આપવાની કૃપા કરો.

સરલ હૃદયી સ્વ. પૂ. ગુરુદેવે શિષ્યની તે વિનંતિ માન્ય રાખી. સ્વ-પરદર્શનનાં ગંભીર ઉંડાણ સુધી પહોચી ગયેલ પૂ. ગુરુદેવ એક અપ્રતિમ સ્મૃતિશક્તિના ખજાના હતા. ગ્રંથનું નિર્માણ એક અસાધારણ વાત છે. એક સામાન્ય લેખક પણ સંખ્યાબંધ પુસ્તકો ઉથલાવતો હોય છે, જ્યારે પૂ. ગુરુદેવ આ ગ્રંથ નિર્માણ કરતા હતા, ત્યારે કોઈ ગ્રંથ તેમને જોવા માંગ્યો હોય તેવું મને યાદ નથી. મોટાભાગના સૂત્રો તેઓ રાતના જ બનાવતા અને દિવસના કોઈની પાસે લખાવી દેતા. ગ્રંથકર્તા આચાર્યશ્રીની આ એક અજોડ સફળતા છે અને સ્મૃતિશક્તિનો એક અનુપમ પૂરાવો છે.

તેઓશ્રીના જીવનની કેટલીક વિશિષ્ટતાઓ તેઓશ્રીના સાહિત્યસર્જનમાં પણ ઉતર્યા વગર રહે નહિ, માટે પણ તે વ્યક્તિત્વની સ્પષ્ટતા કરવી યોગ્ય છે.

૧. સૌ પ્રથમ તેઓશ્રીને પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજ (આત્મારામજી મ.) પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વરજી** મહારાજ જેવા ગુરુ અને પ્રગુરુ પ્રાપ્ત થયા હતા, કે જેઓશ્રીમાં રહેલ શાસનપ્રેમ અને સત્યગવેષણ તેઓશ્રીમાં સહજ રીતે સંક્રાન્ત થયા હતા.

૨. વ્યાખ્યાનની અજોડ શક્તિએ વાદવિવાદનાં અનેકાનેક પ્રસંગો પ્રાપ્ત કરાવ્યા હતા, કે જેથી દાર્શનિક જ્ઞાન અત્યંત પુષ્ટ બને તેમાં કોઈ આશ્ચર્ય ન ગણાય.

૩. સ્મૃતિ અને સ્વાધ્યાય સમતા વડે જીવતા આગમની ગરજ સારવા તેઓશ્રી શક્તિમાન હતા.

૪. તેઓશ્રીની સ્વભાવગત સરળતા પ્રત્યેક ક્ષેત્રમાં વિસ્તાર પામી હતી, કે જેના દર્શન ગ્રંથરચનામાં પણ થાય છે.

૫. સહજ કાવ્યશક્તિ પણ તેઓશ્રીના ગ્રંથમાં દેખાયા વિના ન રહી શકે.

KIRIT GRAPHICS-09898490091